# उपदेश रहस्य



महोपाध्याय यशोविजय

શ્રી શંખેશ્વરપાર્શ્વનાથાય નમઃ
શ્રી આદીશ્વર-પાર્શ્વનાથાય નમઃ

# ઉપદેશરહસ્ય

(સ્વોપજ્ઞટીકા તથા ગુજરાતી તાત્પર્યાર્થ સહિત)


: કર્ત્તા :

ન્યાયવિશારદ ન્યાયાચાર્યશાસનપ્રભાવક

**महोपाध्याय यशोविजय गणिवर्य**

(વિ.સં. ૧૬૬૦-૧૭૪૩)


: પ્રેરક :

ઉગ્રતપસ્વી-સન્માર્ગપ્રકાશક-ભવ્યજીવોદ્ધારક

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ**


: પ્રકાશક :

**અંધેરી ગુજરાતી જૈન સંઘ**

શ્રી આદિપાર્શ્વ જિનાલય

કરમચંદ જૈન પૌષધશાળા

ઈર્લાબ્રીજ, વિલેપાર્લે, મુંબઈ-૫૬.

ફોન : ૨૬૭૧૨૬૩૧

**પ્રથમાવૃત્તિ :** વિ.સં. ૨૦૩૯

**દ્વિતીયાવૃત્તિ :** વિ.સં. ૨૦૬૧

**મૂલ્ય રૂપિયા ૨૨૫-૦૦**

**(સર્વાધિકાર શ્રમણપ્રધાન શ્રી જૈનસંઘને આધીન)**

**: ધન્યવાદ :**

આ પુસ્તક પ્રકાશિત કરવાનો તમામ લાભ શ્રેયસ્કર
અંધેરી-ગુજરાતી જૈન સંઘના જ્ઞાનનિધિમાંથી કરવામાં આવેલ છે.

**પ્રાપ્તિસ્થાન**

૧. સરસ્વતી પુસ્તક ભંડાર
રતનપોળ, અમદાવાદ.

૨. **પ્રકાશક :** શ્રી આદિપાર્શ્વ જિનાલય, કરમચંદ જૈન પૌષધશાળા, ઈર્લાબ્રીજ, વિલેપાર્લે, મુંબઈ-૫૬. ફોન : ૨૬૭૧૨૬૩૧

**મુદ્રણસ્થાન :** **કિરીટ ગ્રાફીક્સ,** ૨૦૯, આનંદ શોપીંગ સેન્ટર, રતનપોળ, અમદાવાદ-૧.
ફોન : ૨૫૩૫૨૬૦૨



આદિપાર્શ્વજિનાલયનાં પ્રાચીન આદીશ્વર ભગવાન

શ્રેયસ્કર શ્રી અંધેરી ગુજરાતી જૈન સંઘ-ઈર્લાતીર્થ-વિલેપાર્લે-મુંબઈ
(અમદાવાદ - હાંલ્લાપોળના જૈન દેરાસરના ભોંયરામાંથી પ્રાપ્ત થયા.)

# પ્રકાશકનું અન્તઃસ્ફુરણ

## (પ્રથમાવૃત્તિમાંથી)

નવસર્જન કરતાં પણ પુનર્નિર્માણનો આનંદ અનેરો હોય છે. અમારું અંતર પણ આજે એવા જ કોઈ અદ્‌ભુત આનંદથી પ્રફુલ્લિત બન્યું છે. વાચકવર્ગના કરકમલમાં ગુર્જર તાત્પર્યાર્થ સહિત **ઉપદેશ રહસ્ય ગ્રન્થ** સમર્પણ કરીને અમે કંઈક ધન્યતાનો અનુભવ કરી રહ્યા છીએ.

વર્ષો પૂર્વે આ ગ્રન્થનું પ્રકાશન મનસુખભાઈ ભગુભાઈ ટ્રસ્ટ અમદાવાદની સંસ્થા તરફથી થયેલ જેમાં મૂળ શ્લોક અને સ્વોપજ્ઞવૃત્તિ છપાયેલ. ત્યારબાદ કમલ પ્રકાશન (અમદાવાદ) સંસ્થા તરફથી તે જ ગ્રન્થનું માત્ર પુનર્મુદ્રણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ એ ગ્રન્થની વધુ ઉપયોગિતાને લક્ષ્યમાં લઈ અમારી સંસ્થા તરફથી સરળ ગુજરાતી સ્પષ્ટીકરણ સાથે તેને પ્રકાશિત કરવાની યોજના ઘડાઈ. ગુજરાતી સ્પષ્ટીકરણની સાથે સાથે પાઠ સંશોધનની પણ ઘણી આવશ્યકતા હતી. આ કાર્ય માટે અમારા સંઘ તરફથી શ્રી જિતેન્દ્રભાઈ તથા શ્રી હર્ષદભાઈએ મુંબઈ શ્રીપાલનગરમાં બિરાજમાન પૂજ્યપાદ ન્યાયવિશારદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબને અરજ કરી. પૂજ્યશ્રી શાસનોન્નતિના અનેકવિધ કાર્યો અને જવાબદારીમાં વ્યસ્ત હતાં. છતાં પણ આ કાર્ય ઘણું જ ઉપયોગી હોવાથી તેઓશ્રીએ આ વિષય પર પૂરતું ધ્યાન આપી અમને આ ગ્રન્થના પ્રકાશન માટે પ્રોત્સાહિત કર્યા તથા તેઓશ્રીના પ્રશિષ્યરત્ન બહુશ્રુત ગીતાર્થ પૂ. પં. શ્રી જયઘોષવિજયજી મહારાજના શિષ્ય પૂ. મુનિ શ્રી જયસુંદરવિજયજી વિગેરેને આ કાર્ય સાંગોપાંગ પાર પાડવા માટે તેમજ ગુજરાતી સ્પષ્ટીકરણ તૈયાર કરી આપવા માટે સૂચના કરી. મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજય મહારાજની શાસ્ત્રપૂત કલમમાંથી અવતરેલા ગ્રન્થનું પાઠસંશોધન અને ગુજરાતી ભાષામાં તેના ભાવોનું સ્પષ્ટીકરણ-આ બે કાર્ય કરી આપવા માટે પૂજ્ય આચાર્યદેવશ્રીના શુભાશીર્વાદ સાથે પૂ. મુનિશ્રીએ મંગલ પ્રારંભ કરી દીધો. શ્રી હર્ષદભાઈ પોતે પણ આ વિષયના અભ્યાસી અને જિજ્ઞાસુ હોઈ પૂજ્ય મુનિશ્રી પાસે રોજ શ્રીપાલનગર જતાં. બે-ત્રણ કલાક સુધી ગ્રન્થના વિષયો ઉપર સુંદર છણાવટ થતી અને પછી શ્રી હર્ષદભાઈ પૂ. મુનિશ્રી બોલે તે પ્રમાણે લખી લઈ ગુજરાતી તાત્પર્યાર્થને નિરાકારપણામાંથી સાકાર ભાવમાં લાવી રહ્યા હતા. લગભગ ૧/૩ ભાગ આ રીતે લખાઈ ગયા બાદ પૂ. આચાર્ય દેવશ્રીનો વિહાર ચાલુ થતાં શ્રી હર્ષદભાઈને લેખનકાર્યની અનુકૂળતા ન રહેતાં જિજ્ઞાસુ પૂ. મુનિરાજશ્રી ભુવનસુંદરવિજયજી મહારાજે લેખનકાર્ય સંભાળી લીધું અને આ રીતે પૂજ્યપાદ આચાર્યદેવશ્રીના મુંબઈના અવસ્થાન દરમ્યાન સંપૂર્ણ ગ્રન્થ સુંદર રીતે લખાઈને તૈયાર થઈ ગયો પૂર્વમુદ્રિતપ્રતમાં જ્યાં જ્યાં અશુદ્ધિઓ હતી તે બધી જ

લગભગ તે દરમ્યાન સુધારી લેવામાં આવી. આ માટે કોઈ પ્રાચીન હસ્તપ્રતની તપાસ કરતાં અમદાવાદ-લા.દ. વિદ્યામંદિર તરફથી અમને લગભગ ૨૫૦ વર્ષ પ્રાચીન સુંદર સુવાચ્ય હસ્તપ્રત મળી ગઈ. જેથી પાઠશુદ્ધિમાં ઘણી જ અનુકૂળતા થઈ ગઈ, તેમજ તેને કારણે અર્થનું સ્પષ્ટીકરણ કરવામાં પણ ઘણી જ સરળતા રહી. મૂળશ્લોક, સ્વોપજ્ઞ ટીકા અને ગુજરાતી તાત્પર્યાર્થ સર્વાંગ સંપૂર્ણ પ્રાયઃ થઈ ગયા બાદ ઉપયુક્ત ટીપ્પણો વગેરે જોડીને આ ગ્રન્થ મુદ્રણાલયમાં મુદ્રણ માટે સોંપાયો અને તેનું મુદ્રણ સંપૂર્ણ થઈ ગયા બાદ પૂ. મુનિશ્રીએ પોતે તૈયાર કરેલ પ્રસ્તાવના આદિ સાથે સુંદર બાઈન્ડીંગ કરાવી આજે ચતુર્વિધ શ્રી સંઘની સેવામાં આ ગ્રન્થનું પ્રકાશન પ્રસ્તુત કરવા અમે ભાગ્યશાળી બન્યા છીએ.

ચારિત્રસમ્રાટ કર્મસાહિત્યનિષ્ણાત સિદ્ધાન્ત મહોદધિ સ્વ. પૂજયપાદ પ.પૂ. આચાર્યભગવંત શ્રીમદ્ વિજય **પ્રેમસૂરીશ્વરજી** મ.સા.નું અત્રે અમે ખૂબ જ આદરથી સ્મરણ કરીએ છીએ. કારણકે તે પૂજયપુરુષની અમારા સંઘ ઉપર જે કૃપાદૃષ્ટિ વર્ષી છે અને જે ઉપકાર વર્ષા થઈ છે તેનું ઋણ ચૂકવવા અમે અસમર્થ છીએ. તેઓશ્રીના પટ્ટાલંકાર, ૧૦૮ વર્ધમાનતપની ઓળીના આરાધક પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી** મ.સા.નો પણ અમે જેટલો ઉપકાર માનીએ એટલો ઓછો છે. તેઓશ્રીના શુભ આશિર્વાદ પ્રસ્તુત ગ્રન્થ પ્રકાશન સફળતાને વર્યું છે. તેઓશ્રીના શિષ્યરત્ન પૂ. પ. મુનિરાજ **શ્રીધર્મઘોષ વિજયજી** મહારાજના શિષ્યરત્ન બહુશ્રુત વિદ્વાન પંન્યાસ **શ્રી જયઘોષવિજયજી** મ. સાહેબની અમીદૃષ્ટિએ અમને ઘણાં જ પ્રોત્સાહિત કર્યા છે. કર્મગ્રન્થ વિશારદ પ.પૂ. મુનિરાજશ્રી **જયશેખરવિજય** ગણિવર્યનું પણ અમે આ પ્રસંગે ભાવભર્યું સ્મરણ કરીએ છીએ. તેઓશ્રીએ પૂજયપાદ આચાર્યદેવશ્રીની સૂચના મુજબ ગુજરાતી તાત્પર્યાર્થનું સાદ્યન્ત અવલોકન કરીને ગ્રન્થસુવર્ણને શુદ્ધ અને દેદીપ્યમાન બનાવી આપવાનો મહાન અનુગ્રહ કરેલ છે. પ.પૂ. શાન્તમૂર્તિ મુનિરાજશ્રી **પ્રદ્યુમ્નવિજય** ગણિવર્યને આ ક્ષણે અવશ્ય સબહુમાન યાદ કરવા ઘટે જેઓએ પ્રુફ સંશોધન આદિમાં અકલ્પ્ય સહાય કરીને અમને ખૂબ જ ઉપકૃત કર્યા છે. પૂ. મુનિરાજશ્રી **ભુવનસુંદર** વિ. મહારાજે ગ્રન્થ લેખનકાર્યમાં જે સહકાર આપ્યો છે તેનું મૂલ્યાંકન કરી શકાય તેમ નથી. (પ્રથમાવૃત્તિનું) સંસ્કૃત અને ગુજરાતી વિભાગનું સુંદર અને શીઘ્ર મુદ્રણ કાર્ય કરાવી આપનાર સરસ્વતી પુસ્તક ભંડાર સંસ્થાના સંચાલકનો અમે આ તકે આભાર માનીએ છીએ.

પૂર્વે અમારા સંઘમાં ચાતુર્માસ રહી ગયેલ વિદ્વદ્રત્ન પ.પૂ. સ્વ. આચાર્યશ્રી ધર્મધુરંધરસૂરિમહારાજની સત્પ્રેરણાથી ઉપકૃત બનેલા અમારા સંઘની હરહંમેશ એક શુભ ભાવના રહી છે કે જૈન શાસ્ત્રગ્રન્થો સુંદર રીતે તૈયાર કરાવી અભ્યાસી મુમુક્ષુ વર્ગને તથા સાધુ-સાધ્વી મહારાજને સુપરત કરવા જેથી ચતુર્વિધ સંઘમાં સમ્યગ્જ્ઞાનમૂલક મોક્ષમાર્ગની આરાધના વધુ તેજસ્વી બને. આ પ્રકાશન સાથે એ શુભ કામના કંઈક અંશે સફળ બન્યાનો અમને આનંદ છે અને ભવિષ્યમાં પૂજયપાદ સુજ્ઞ મુનિભગવંતો-આચાર્યભગવંતોનો

આશિર્વાદ અમને મળતો રહે અને એક પછી એક સુંદર પ્રકાશન કરવા અમે સફળ બન્યા જ કરીએ એવી અંતરની અભિલાષા રાખીએ છીએ. શ્રી જૈન સંઘમાં સાતક્ષેત્રની સુંદરતમ વ્યવસ્થા છે. શ્રી જૈન શાસ્ત્રગ્રન્થોના પ્રકાશન કાર્યમાં જ્ઞાન ખાતાના ભંડોળનો સદુપયોગ અવિરત ચાલુ છે. પ્રસ્તુત પ્રકાશન પણ અમારા સંઘના આ જ્ઞાન ખાતાને જ આભારી છે.

જિનવચન સ્વાધ્યાય એક મહાન્ આભ્યન્તર તપ છે. ચતુર્વિધશ્રી સંઘમાં પ્રસ્તુત-ગ્રન્થના સ્વાધ્યાય દ્વારા એ મહાન્ તપની સાધના ઝળહળતી બને એ જ મંગલ કામના.

प्रीयन्ताम् गुरवः । —અંધેરી (ગુજરાતી) જૈન સંઘ —કરમચંદ જૈન પૌષધશાળા વિલેપાર્લે-મુંબઈ.

## (ઉપદેશપદ-ઉપદેશરહસ્ય અંગે ઉદ્બોધન)

ભગવાન હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા સાહેબનો મહાકાય ગ્રન્થ ઉપદેશપદ.

અદ્ભુત છે એમાં પદાર્થોનું નિરુપણ; મનોહર છે એમાં દૃષ્ટાંતોનું સંકલન; અનોખી છે એમાં અધ્યાત્મની સરગમ...... વીતરાગ સર્વજ્ઞભગવંતોની આજ્ઞાને જ વાંચો, જુઓ, સ્પર્શો અને એને જ આત્માના પ્રદેશ-પ્રદેશમાં રમાડી દો..... આજ્ઞા જ ખાઓ, આજ્ઞા જ પીઓ, આજ્ઞા જ પચાવો, આજ્ઞા પાલનનું જ જીવન, આજ્ઞા પાલનમાં જ મરણ..... આજ્ઞાયોગની મસ્તીમાં મુક્તિનેય ભૂલી જવાય એવી વર્ણનાતીત આનંદપળોની સ્પર્શના કરો. આ છે ઉપદેશપદનું રહસ્ય. ભગવાન યશોવિજયજી મહારાજે એ મહાકાય ગ્રન્થમાંથી આ રહસ્યને જ તારવી લીધું. એનો જ બન્યો છે આ ઉપદેશરહસ્ય ગ્રન્થ. સાધનાના વિશુદ્ધ પંથે સફળ પ્રયાણ કરવાની ઈચ્છાવાળા મુમુક્ષુએ આ ગ્રન્થરત્નના પદાર્થોને આત્મસાત્ કરવા જ પડશે. પ્રવચનોમાં શુદ્ધ શાસ્ત્રીય પ્રરૂપણા જાળવી રાખવા માટે પ્રવચનકારોએ આ ગ્રન્થનું મંથન કર્યે જ છૂટકો છે. **ચન્દ્રશેખરવિજય** - (પૂર્વ આવૃત્તિમાંથી ટૂંકાવીને સાભાર)

### : બીજી આવૃત્તિ પ્રસંગે :

૨૧ વર્ષ બાદ કંઈક સુધારા-વધારા સાથે બીજી નવી આવૃત્તિનું પ્રકાશન કરતાં અનહદ આનંદનો અનુભવ થઈ રહ્યો છે. લગભગ તમામ સમુદાયોમાં પ્રથમ આવૃત્તિને અકલ્પ્ય આવકાર પ્રાપ્ત થયો હતો. ત્યારબાદ બીજા પણ અનેક શાસ્ત્રગ્રન્થોનું અવિરત પ્રકાશન કરતા રહેવાનો અમૂલ્ય લાભ પ.પૂ. સ્વ. આ. શ્રી ભુવનભાનુ સૂ. મ. સા. ની કૃપાથી મળી રહ્યો છે. અમો સૌ તે બદલ તેમના ઋણી છીએ.

આ બીજી આવૃત્તિમાં જે જ્ઞાનસારના ચૂંટેલા શ્લોકો અને તેનો સ્વોપજ્ઞ ટબો બોક્સ મેટરની અંદર ઉપદેશ (પ્રકરણ) પુરું થાય તે પછી વધતી જગ્યાએ મુકેલા છે તે ખુબ જ સુંદર, મનનીય છે અને તે માટે પ.પૂ.આ. શ્રી વિજય પ્રદ્યુમ્ન સૂ. મહારાજે જે સ્તુત્ય પ્રયાસ કર્યો છે તેની અમે અનુમોદના કરીએ છીએ. - પ્રકાશક

# અંતરંગ અનાવરણ

## (પ્રસ્તાવના)

### (જૈન શાસનની મહત્તા)

સમગ્ર વિશ્વના કલ્યાણની ભાવનાથી ઓતપ્રોત પરમતારક તરણ-તારણ જિનેશ્વરદેવોએ ઉત્તમોત્તમ-અજોડ બેનમૂન મોક્ષલક્ષી જૈનશાસનની વિશ્વમાનવને ભેટ અર્પણ કરી. આધિ-વ્યાધિ અને ઉપાધિઓથી ઉભગેલા અને દુખ-ત્રાસ કષ્ટોથી કંટાળેલા એવા સમગ્ર માનવોને હાર્દિક આશ્વાસન મળ્યું. મહાસાગરમાં ડૂબકી ખાતા અને અસહ્ય ગૂંગળામણ અનુભવતા ત્રાહિત આત્માઓને હેમખેમ કિનારે લઈ જનાર જહાજ લાધ્યું. વિષમતાઓથી ગીચોગીચ અંધકાર વ્યાપ્ત એવા વિકરાળ જંગલમાં ગુમરાહ બનેલા પથિકોને પ્રકાશનું પુનિત કિરણ દેખાવા માંડ્યું. સંસારના નાના-મોટા સૌ જીવોને અભયનું વરદાન મળ્યું, જ્ઞાનનું સુધાપાન મળ્યું, અનેકોને મુક્તિનું બાદશાહી સન્માન મળ્યું.

૨૫૦૦ વર્ષ પૂર્વે જગત્‌ને પ્રભુ મહાવીરનું શીતલ શરણ મળ્યું. અનેક રાજા-મહારાજાઓ, બ્રાહ્મણ-ક્ષત્રિય-વૈશ્ય-શૂદ્ર અઢારે કોમના માનવો અંદરોઅંદરના વેરઝેર અને ભેદભાવને ભૂલીને, ઇર્ષ્યા અને મત્સરના દુર્ભાવોને દફનાવીને, અહંકારની ભેખડો ચીરીને ભગવાનની ચરણ સેવામાં લયલીન થઈ ગયા. દેહ અને દુનીયાના સૌંદર્યનો મોહ છોડીને આત્મસૌંદર્યના આશક બની ગયા. આંતરશત્રુઓનો ઘોર પરાજય કરી આત્મસામ્રાજ્યના ભોક્તા બની ગયા.

### (જિનેશ્વર દેવોની અદ્‌ભુત વાણી)

પ્રભુની વાણીનો કોઈ અજબ મહિમા અને ગજબ પ્રભાવ છે. શેરડીનો સાંઠો ગમે એટલો જુનો થાય તો પણ એની મધુરતા નીત નવી જ હોય છે. તેમ આ પ્રભુવાણી શાસ્ત્રોમાં ગુંથાણી એ ખરેખર સુધાની સરવાણી જ છે. અનેકાનેક ક્રુર-નિર્દય અને પાપાત્માઓ આ પ્રભુવાણીની નિર્મળ સરિતામાં સ્નાન કરી વિશ્વવિખ્યાત સંત બની ગયા. ભ્રષ્ટાચાર અને દુરાચારની બદીઓથી ખદબદતા કંઈક દુરાત્માઓના જીવનમાં પ્રભુવાણીની ગંગાએ સદાચાર અને સદ્‌વિચારના ઉદ્યાન પુષ્પિત અને પલ્લવિત કર્યા.

પ્રભુ મહાવીરે પ્રગટાવેલી એ મહાન્ શાસન જ્યોતમાં સતત ઘી પૂરવાનું કાર્ય ચાલુ રાખીને તેમના પટ્ટશિષ્યો-અગ્યાર ગણધરભગવંતોએ એ જ્યોતને ઝળહળતી રાખી. તેમના ખરેખરા વારસદાર પૂર્વાચાર્ય ભગવંતોએ આત્મ-બલિદાનની સતત તૈયારી સાથે એ જ્યોતના તેજનું અનેક ઝંઝાવાતો અને તોફાનોમાં સંરક્ષણ કર્યું.

## (જૈનસાહિત્યની વિશેષતા અને ઉપયોગિતા)

પ્રભુની વાણીને અક્ષરમય દેહમાં ગૂંથી લેનાર જૈનસાહિત્ય એ વિશ્વની મહાન્ આધ્યાત્મિક મૂડી છે—અમૂલ્ય ઝવેરાત છે. આ ઝવેરાતના ખજાનામાં જેટલી વિવિધતા છે અને જે મોહકતા છે એ કદાચ દુનિયાના કોઈ ચક્રવર્તી માંધાતા સમ્રાટના ખજાનામાં પણ ભાગ્યે જ જોવા મળશે. વસ્તુ જેટલી કીમતી અને દુર્લભ એટલી એને મેળવવાની લાયકાત પણ ઊંચી કક્ષાની જોઈએ, ન હોય તો કેળવવી પણ જોઈએ. જૈન સાહિત્યની ઉપાસના માત્ર વિદ્વત્તાનો શોખ કેળવવા માટે નથી, મહાપંડિતની કીર્ત્તિ અને વાહવાહ મેળવવા માટે નથી, સત્યની નિર્મળ સરિતામાં અસત્યની મલીન નીકો ભેળવવા માટે નથી કિન્તુ આત્મિક સુખની મઝા લૂંટવા માટે છે, સદ્‌ગુણોના પુષ્પો ચૂંટવા માટે છે, વૈરાગ્ય અને અધ્યાત્મના સંસ્કારો ઘૂંટવા માટે છે.

જાજ્વલ્યમાન વ્યક્તિત્વવાળા અનેક મહાન્ પૂર્વાચાર્યોએ જૈનસાહિત્યના શણગાર અને અલંકારો ઘડવામાં કોઈ કચાશ રાખી નથી. એ પૂર્વાચાર્ય ભગવંતોની પરંપરાને અનુસરીને મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજય મહારાજે જૈનસાહિત્યની શ્રીવૃદ્ધિમાં જે બહુમૂલ્ય ફાળો નોંધાવ્યો છે તે યુગોના યુગો સુધી અવિસ્મરણીય બને એવો છે. પ્રસ્તુત ગ્રન્થ **'ઉપદેશરહસ્ય'** પણ તેઓશ્રીની જ શાસ્ત્રપૂત કલમે આલેખાયેલ એક મહાન્ દસ્તાવેજની ગરજ સારે એવો છે જેમાં જૈનશાસનનો સારભૂત ઉપદેશ તથા તેને પ્રવાહિત કરવામાં રાખવા યોગ્ય સાવધાની વગેરે વિષયો ઉપર સુંદર તલસ્પર્શી-માર્મિક-તર્કબદ્ધ છણાવટ હૃદયમાં સ્પન્દનો જગાડી જાય એવી છે.

## (ઉપદેશ : પરોપકારનું અમોઘ ઔષધ)

ઉપદેશસાહિત્ય જૈનસાહિત્યનું એક અવિભાજ્ય અંગ છે. આધ્યાત્મિક સિદ્ધિઓને આત્મસાત્ કરી ચૂકેલા મહાપુરુષોના જીવનમાં એક મહત્ત્વનો તબક્કો હોય છે પરોપકારનો. સર્વજીવોને પોતપોતાના આત્માની સર્વોચ્ચ ઉન્નતિ સાધવાની તકનું સંપાદન કરી આપવા તુલ્ય બીજો કોઈ શ્રેષ્ઠ પરોપકાર નથી. ઉચ્ચ કક્ષાના મહાપુરુષો સ્વોપકાર કરતાં પણ વધુ પરોપકારના રસીયા હોય છે એ વિશ્વમાનવનું મહાન સૌભાગ્ય છે સાથે આશ્ચર્ય પણ. કોઈ પણ જીવને બળાત્કારે આત્મહિતમાં પ્રવર્ત્તાવવાનું અશક્ય તો નહીં કિન્તુ દુઃશક્ય તો જરૂર હોય છે. એટલે જ એ મહાપુરુષો બળાત્કારથી જીવોને આત્મહિતમાં જોડવાનું મુનાસીબ નહીં માનતાં સદુપદેશ દ્વારા સન્માર્ગને ચીંધવામાં જ કર્તવ્યની ઈતિશ્રી સમજે છે. સદુપદેશ એ જ ખરેખર પરોપકારનો રામબાણ ઉપાય છે. ગાળો દેનારનું પણ કલ્યાણ ઈચ્છનારા શ્રી તીર્થંકર ભગવંતોએ દુષ્ટ-શિષ્ટ સર્વ લોકોને સદુપદેશનું જ અમૃતપાન કરાવ્યું છે. પ્રભુ

મહાવીરની સૂક્ષ્મબોધગમ્ય એવી તત્ત્વવાણીના એક એક શબ્દો પણ ઉપદેશના ધ્વનિથી વણાયેલા હતા. તેઓશ્રીના હસ્તદીક્ષિત મુનિશ્રી **ધર્મદાસગણીએ** પણ સંસારી પુત્રને પ્રતિબોધ કરવા **ઉપદેશમાલા** ગ્રન્થ રચી સંભળાવ્યો હતો. આગમેતર સાહિત્યમાં ઉપદેશમાલા પ્રાચીનમાં પ્રાચીન ઉપદેશ ગ્રન્થ મનાય છે. તેની પ્રામાણિકતામાં કોઈને સંદેહ નથી અને તેની ભવ્યતામાં કોઈ ખામી પણ નથી. એના એક એક શ્લોક આત્માના પ્રદેશોમાં જાગૃતિના આંદોલનો જગાડી જનારા અને જીવનક્રાન્તિનાં સૂર છેડી જનારા છે.

ત્યારબાદ બીજા અનેક ઉપદેશ ગ્રન્થો એક પછી એક રચાતા ગયા અને ભવ્યત્માઓ એનો ઉપદેશ ઝીલતા પણ ગયા. ઉપદેશપદ, ઉપમિતિભવપ્રપંચકથા, ઉપદેશસાર, ઉપદેશચિંતામણિ, ઉપદેશશતક, ઉપદેશરત્નાકર, ઉપદેશતરંગિણી, ઉપદેશસપ્તતિ, ઉપદેશપ્રાસાદ આ બધા ગ્રન્થો તો સાક્ષાત્ ઉપદેશથી જ ભરેલા છે પણ બીજા ય અનેક ગ્રન્થોમાં સીધી યા આડકતરી રીતે પાનાઓના પાનાં ભરીને ઉપદેશ સંગૃહીત થયેલો છે. કથાના માધ્યમે અનેકવિધ સદ્બોધ પીરસનારા અનેકાનેક કથાગ્રન્થો પણ જ્ઞાનભંડારો શોભાવી રહ્યા છે. આ તમામ ઔપદેશિક ગ્રન્થોમાં માનવજીવનને ઉન્નત બનાવવા માટે અને નિર્મળ કરવા માટે સદ્ગુણોના પુષ્પોની સુવાસથી મઘમઘતું બનાવવા માટે સમર્થ વિપુલ સામગ્રીના ભંડાર ભર્યા પડ્યા છે.

ઉપદેશ આપવાને અધિકારી કોણ ? ઉપદેશ કોને અપાય ? કેવો અપાય ? કયા વિષયનો અપાય ? કઈ કક્ષાનો અપાય ? કઈ ભૂમિકા ઉપર ઉપદેશ અપાય ? આ વિષયોનું પણ સ્પષ્ટીકરણ કરતાં અનેક ગ્રન્થો જૈન વાઙ્મયમાં મોજુદ છે. સૂત્રકૃતાંગ સૂત્ર, ષોડશક સૂત્ર, યોગશતક વગેરે અનેક ગ્રન્થોમાં આ બાબતનું સુંદર નિરૂપણ કરવામાં આવ્યું છે.

### (ઉપદેશની વહેતી રહેલી નિર્મળ સરિતા)

જૈનશાસનની એક મહાન્ બલિહારી છે કે શ્રી સર્વજ્ઞ તીર્થંકર પરમાત્માએ પોતાના કાળમાં જે ઉપદેશ આપ્યો એ જ ઉપદેશ મહદંશે તેઓની પુનિત પરંપરામાં થયેલા શ્રી પૂર્વાચાર્ય ભગવન્તો એ સતત પ્રવાહિત રાખ્યો. તે ઉપદેશની શુદ્ધિ યથાવત્ જળવાઈ રહે તે માટે પણ ભગીરથ પુરુષાર્થ ખેડ્યો. અંજલિમાં રહેલું જળ કાળક્રમે ટીપે ટીપે ક્ષીણ થતું જવા છતાં પણ નિર્મળતાને ટકાવી રાખે તેવું જ શ્રી તીર્થંકર પરમાત્માના ઉપદેશનું છે જેની નિર્મળતા આજ સુધી ટકી રહી છે. 'ઉપદેશ રહસ્ય' ગ્રન્થ મહોપાધ્યાય શ્રી યશોવિજય મહારાજની અણમોલ ભેટ છે. આ ગ્રન્થનો લગભગ સંપૂર્ણ દેહ તેઓશ્રીએ તર્કસમ્રાટ આચાર્યશ્રી હરિભદ્રસૂરિમહારાજ વિરચિત 'ઉપદેશપદ' ગ્રન્થ અન્તર્ગત વિપુલ સામગ્રી લઈને ઘડેલો છે. જો કે પંચાશક-યોગબિંદુ વગેરે બીજા પણ અનેક ગ્રન્થોનું દોહન આ ગ્રન્થમાં

સંગૃહીત કરી લેવામાં આવ્યું છે. તે દરેક વિષય ઉપર લગભગ અલગ અલગ દૃષ્ટાન્તો પણ આપેલા છે. વ્યાખ્યાતૃ-ચૂડામણિ શ્રી મુનિચંદ્રસૂરિ મહારાજે લગભગ ૮૦૦-૯૦૦ વર્ષ પૂર્વે આ ગ્રન્થ ઉપર વિસ્તૃત વ્યાખ્યાની મનોહર રચના કરેલી છે જેનાથી એ ગ્રન્થના વિષય ઉપર વિશદ પ્રકાશ પથરાયો છે. શ્રી ઉપાધ્યાયજી મહારાજે ઉપદેશપદ ગ્રન્થ અન્તર્ગત દૃષ્ટાન્તોને સ્પર્શ્યા વિના શેષ ઘણા અંશને 'ઉપદેશ રહસ્ય'માં સમાવી લીધો છે. આ પ્રકારના કાર્યમાં તેમની દૃષ્ટિ તો એ જ હશે કે જેઓ તત્ત્વરુચિ હોય તેમને અલ્પ શબ્દોમાં ઉપદેશપદ ગ્રન્થનો સારાંશ ઉપલબ્ધ થઈ જાય. શ્રી ઉપાધ્યાયજી મહારાજની દૃષ્ટિમાં કેટલી દીર્ઘદર્શિતા, સારગ્રાહકતા અને સમયજ્ઞતા રહેલી છે તે તો એમના સમગ્ર ગ્રન્થોનું અવલોકન કરનારથી પ્રચ્છન્ન નથી.

## (મહોપાધ્યાય જીવન કવન)

મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજય મહારાજ એટલે જૈનશાસનના ઉદ્યાનનું એક મઘમઘતું ખિલખિલાટ કરતું પુષ્પ. એના અણુએ અણુએ સંયમની સુવાસ અને સ્વાધ્યાયનું નીતરતું સૌન્દર્ય કોઈપણ શાસ્ત્રપ્રેમીને મુગ્ધ કરી દે તેવું છે. જૈનશાસનની આ દિવ્ય વિભૂતિ હવે તો જૈન-જૈનેતર વિદ્વાનોમાં સુવિખ્યાત છે. વિક્રમની ૧૭-૧૮ મી સદીએ આ મહાપુરુષની જીવંત ગૌરવગાથાનું સૌભાગ્ય માણ્યું છે.

## (સંક્ષિપ્ત જીવન પરિચય)

ઉત્તર ગુજરાતમાં પાટણની પાસે આવેલું 'કનોડા' ગામ આજે પણ હયાત છે. ત્યાં **નારાયણ** શ્રેષ્ઠી રહેતા હતા. શેઠના પત્નીનું નામ **સૌભાગ્યદેવી.** પતિ-પત્ની સદાચારી અને ધર્મનિષ્ઠ હતા. એમને બે પુત્ર થયા. મોટાનું નામ 'જશવંત' અને નાનાનું નામ 'પદ્મસિંહ' પાડ્યું.

જશવંતની બુદ્ધિ સૂક્ષ્મ હતી. બાળક હોવા છતાં પ્રજ્ઞા તરુણ હતી. નાનપણથી જ એમાં અનેક ગુણો ઝળકતા હતા. એ કાળના પ્રખર વિદ્વાન મુનિરાજ શ્રી **નયવિજયજી** વિહાર કરતા કરતા વિ.સં. ૧૬૮૮ માં પાટણ પાસે **કનોડા** ગામમાં પધાર્યા. **કનોડાની** જનતા શ્રી નયવિજયજીની જ્ઞાન વૈરાગ્યભરી વાણી સાંભળીને મુગ્ધ બની ગઈ. નારાયણ શ્રેષ્ઠી પણ ઉપદેશ સાંભળવા પરિવાર સાથે ગયેલ. મુનિવરનો ઉપદેશ તો સહુએ સાંભળ્યો, પરંતુ બાળ જશવંતના મન પર મુનિવરની વાણીની જેવી ઘેરી અસર થઈ એવી બીજા કોઈ ઉપર ન થઈ. જશવંતના અંતરમાં પડેલા જન્મ જન્માંતરના ત્યાગ-વૈરાગ્યના સંસ્કાર જાગ્રત થઈ ગયા. સંસારનો ત્યાગ કરી સાધુજીવનના સ્વાંગ સજાવવાની ભાવના એણે પોતાના માતા-પિતા પાસે વ્યક્ત કરી. શ્રી નયવિજયજીએ પણ જશવંતની બુદ્ધિપ્રતિભા અને

સંસ્કારિતા જોઈને નારાયણ શ્રેષ્ઠિ અને સૌભાગ્ય દેવીને કહ્યું : 'ભાગ્યશાળી ! મહાન સદ્‌ભાગ્ય છે તમારું કે આવા પુત્રરત્નની તમને પ્રાપ્તિ થઈ છે. બાળક જશવંત ભલે ઉંમરમાં નાનો દેખાતો હોય પરંતુ એનો આત્મા નાનો નથી. એનો આત્મ મહાન છે. જો તમે પુત્રમોહને દૂર કરી જશવંતને સાધનાના માર્ગે જવાની રજા આપશો તો આ તેજસ્વી બાળક ભવિષ્યમાં ભારતની ભવ્યવિભૂતિ બનશે. હજારો અને લાખ્ખો મનુષ્યોનો ઉદ્ધારક બની શકશે...' એમ મારું અંતર કહે છે.

ગુરુદેવની વાણી સાંભળીને નારાયણ અને સૌભાગ્યદેવીની આંખો ભીની થઈ ગઈ. એ આંસુ હર્ષનાં હતાં અને શોકનાં પણ. પોતાનો પુત્ર મહાન સાધક બની અનેક જીવોનું કલ્યાણ કરે, ભગવાન તીર્થંકર દેવના ધર્મશાસનને દીપાવે એ કલ્પના એમને હર્ષવિભોર બનાવતી હતી, પરંતુ આવો વિનયી, હસમુખો અને બુદ્ધિમાન પુત્ર ઘર છોડી, માતા-પિતા, સ્નેહી-સ્વજનો સહુને છોડીને ચાલ્યો જાય એ વિચારે એમને ઉદાસ પણ બનાવી દીધા. એમનું મન દ્વિધામાં પડી ગયું.

શ્રી નયવિજયજી તો ત્યાંથી વિહાર કરીને પાટણ પધાર્યા, તેમણે ચાતુર્માસ પાટણમાં કર્યું.

## (તેજસ્વી બાળક જશવંતની દીક્ષા)

આ બાજુ કનોડામાં જશવન્તને ચેન નહોતું. ગુરુદેવની સૌમ્ય અને વાત્સલ્યભરી મૂર્તિ એની નજરમાંથી ખસતી નહોતી. એનું મન ગુરુદેવના સાન્નિધ્યમાં જવા માટે તલસી રહ્યું હતું. ખાવા પીવામાં કે રમત-ગમતમાંથી એનો રસ ઊડી ગયો. એનું હૃદય પણ ઉદાસ બની ગયું. આંખો રડી રહી હતી. પોતાના પ્યારા પુત્રની, દીક્ષા માટે ઉત્કટ તમન્ના જોઈને માતા-પિતાના હૃદયમાં પણ પરિવર્તન આવ્યું. જશવંતને લઈને તેઓ શ્રીનયવિજયજી પાસે પાટણ પહોંચ્યા. અને થોડાક જ સમય બાદ પાટણમાં જશવંતની દીક્ષા થઈ. જશવંતનું નામ પડ્યું **'મુનિ યશોવિજય'**. નાનાભાઈ પદ્‌મસિંહે પણ મોટાભાઈના પગલે પ્રયાણ કર્યું. એણે પણ સંસારનો ત્યાગ કરી મુનિજીવન સ્વીકાર્યું અને **'મુનિ પદ્મવિજય'** બન્યા. રામ અને લક્ષ્મણની જેમ યશોવિજય અને પદ્મવિજયની જોડી દીપી ઉઠી. દીક્ષા લઈને બન્ને ભાઈઓ ગુરુસેવા અને જ્ઞાનાભ્યાસમાં લીન બની ગયા. દિવસ ને રાત એમના સાધનાના ચક્રો ગતિમાન બન્યા.

## (વિદ્યાભ્યાસમાં તીવ્ર પ્રગતિ)

વિ.સં. ૧૬૯૯ માં તેઓ અમદાવાદ પધાર્યા. ત્યાં ગુરુઆજ્ઞાથી એમણે જાહેરમાં જનતાને અપૂર્વ સ્મરણશક્તિનો પરિચય આપતા અવધાન કલાના પ્રયોગો કરી બતાવ્યા.

યશોવિજયજીની તેજસ્વી પ્રતિભા જોઈને શ્રેષ્ઠિરત્ન **ધનજી સૂરા** અત્યંત પ્રભાવિત થયા. ગુરુદેવ શ્રી નયવિજયજી પાસે આવીને તેમણે વિનંતી કરી; 'ગુરુદેવ' શ્રી યશોવિજયજી સુયોગ્ય પાત્ર છે. બુદ્ધિમાન અને ગુણવાન છે, બીજા હેમચંદ્રસૂરિ થઈ શકે એવા છે. આપ એમને કાશી મોકલો અને ષડ્દર્શનનો અભ્યાસ કરાવો.'

'ભાગ્યવંત ! તમારી વાત તો સાચી, હું પણ ઇચ્છું છું કે યશોવિજયજી વિદ્યાધામ કાશીમાં જઈને વધુ અધ્યયન કરે તો સારું, પણ કાશીના ભટ્ટાચાર્ય પૈસા લીધા વિના ભણાવતા નથી એ તમને ખબર છે ?'

'ગુરુદેવ ! આપ એની જરાયે ચિંતા ન કરો. યશોવિજયજીને કાશી મોકલવામાં અને અધ્યયન કરાવવામાં જે કાંઈ પણ ખર્ચ થાય તેની આપ ચિંતા જ છોડી દો. મારી સંપત્તિનો સદુપયોગ થશે. આવો લાભ મને મળે ક્યાંથી ?.....' અને એક દિવસ મુનિ યશોવિજયજીએ કાશી તરફ પ્રયાણ કર્યું. કાશી જઈને તેમણે ષડ્દર્શનના પ્રકાંડ વેત્તા ભટ્ટાચાર્ય પાસે અધ્યયન શરૂ કર્યું. એ ભટ્ટાચાર્ય પાસે બીજા ૭૦૦ શિષ્યો વિવિધ શાસ્ત્રોનો અને દર્શનોનો અભ્યાસ કરતા હતા. તેજસ્વી બુદ્ધિપ્રતિભા ધરાવતા શ્રી યશોવિજયજી શીઘ્રગતિએ ન્યાય-વૈશેષિક, સાંખ્ય-યોગ, મીમાંસા, વેદાંત અને બૌદ્ધદર્શન આદિનું તલસ્પર્શી જ્ઞાન પ્રાપ્ત કર્યું. 'તત્ત્વચિન્તામણી' જેવા સાગરસમા ન્યાયશાસ્ત્રના મહાનગ્રન્થોનું પણ અવગાહન કર્યું. બીજી બાજુ જૈન દર્શનના સિદ્ધાંતોનું પરિશીલન પણ ચાલુ જ હતું. સ્યાદ્વાદ દૃષ્ટિએ બધા દર્શનોનું વાસ્તવિક બારિક નિરીક્ષણ પણ કરતા રહ્યા. કાશીના શ્રેષ્ઠ વિદ્વાનોમાં એમની ગણના થવા લાગી.

## (ન્યાય વિશારદ પદની ભીતરમાં)

એ જમાનો વાદ-વિવાદનો હતો. એક વખત એક વિદ્વાન સંન્યાસીએ મોટા આડંબર સાથે કાશીમાં આવીને વિદ્વાનોને વાદ માટે પડકાર ફેંક્યો. કાશીમાંથી જ્યારે વાદ કરવા કોઈ જૈનેતર વિદ્વાન તૈયાર ન થયા, કાશીની ઈજ્જત લૂંટાવાની અણી ઉપર હતી ત્યારે શ્રી યશોવિજયજીએ એ પડકાર ઝીલી લીધો. વાદ પ્રારંભ થયો અને અંતે સ્યાદ્વાદનો વિજય વાવટો ફરકાવવા સાથે યશોવિજયજીએ એ વાદકુશળ સંન્યાસીને હરાવીને વિદ્વત્સભાને વિસ્મિત કરી દીધી. કાશીના વિદ્વાનોએ અને જનતાએ મળીને એમની વિજયયાત્રા કાઢી અને ભારે સન્માનપૂર્વક એમને **'ન્યાયવિશારદ'**ની ગૌરવપૂર્ણ ઉપાધિ પ્રદાન કરી. કાશીના વિદ્વાનોએ જૈનમુનિનું સન્માન કર્યું હોય એવો આ પહેલો જ પ્રસંગ હતો.

કાશીમાં ત્રણ વર્ષ રહીને પછી તેઓ આગ્રા પધાર્યા. ત્યાં પણ એક સમર્થ વિદ્વાન હતા. તેમની પાસે ૪ વર્ષ રહીને યશોવિજયજીએ વિવિધ શાસ્ત્રોનો અને દર્શનોનો વધુ

ઊંડો અભ્યાસ કર્યો. વધુ ને વધુ જ્ઞાન મેળવતા ગયા. આગ્રાથી વિહાર કરીને પછી ગુજરાતમાં પધાર્યા.

એમની ઉજ્જવળ યશોગાથા સર્વત્ર પ્રસરવા લાગી. અનેક વિદ્વાનો, પંડિતો, જિજ્ઞાસુઓ, વાદીઓ, ભોજકો અને યાચકો એમની પાસે આવવા લાગ્યા. એમના દર્શન કરી...એમનો સત્સંગ કરી, ધન્યતા અનુભવી રહ્યા. અમદાવાદમાં યશોવિજયજીનું આગમન થયું અને **નાગોરી ધર્મશાળા** યશોવિજયજીના આગમનથી જાણે એક જીવંત તીર્થધામ સમી બની ગઈ.

ગુજરાતનો મોગલ સુબો મહોબતખાન પણ યશોવિજયજીની પ્રશંસા સાંભળી એમના દર્શને ગયો. ખાનની પ્રાર્થનાથી યશોવિજયજીએ ૧૮ અદ્ભુત અવધાનપ્રયોગો કરી બતાવ્યા. સુબો ખૂબ જ પ્રસન્ન અને પ્રભાવિત બન્યો. જિનશાસનનો પ્રભાવ પોળે પોળે ગૂંજતો થયો.

તે સમયે તપગચ્છાધિપતિ તરીકે આચાર્ય શ્રી **વિજયદેવસૂરિજી** હતા. સંઘે પૂજ્ય આચાર્યશ્રીને વિનંતિ કરી કે 'જ્ઞાનના સાગર અને મહાન પ્રભાવક એવા શ્રી યશોવિજયજીને ઉપાધ્યાય પદે સ્થાપિત કરો એમ સંઘ ઇચ્છે છે.' આચાર્યશ્રીએ પણ તેમાં પોતાની સંમતિ આપી. શ્રી યશોવિજયજીએ જ્ઞાન-ધ્યાનની સાથે સાથે વીસ-સ્થાનક તપની પણ આરાધના કરી. સંયમશુદ્ધિ અને આત્મવિકાસને વેગવંતા બનાવ્યા. વિ.સં. ૧૭૧૮માં શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાયપદથી અલંકૃત બન્યા. આચાર્યપદનો તેઓએ સ્વયં ઈનકાર કર્યો હતો એવો પ્રઘોષ છે.

વર્ષોની અખંડ જ્ઞાનસાધના અને જીવનના વિવિધ અનુભવોના પરિપાક રૂપે એક એકથી ચડીયાતા ગ્રંથરત્નોનું સર્જન તેઓ કરતા ગયા. એ ગ્રંથ રત્નોનો પ્રકાશ અનેક જિજ્ઞાસુઓના અંતરને અજવાળવા લાગ્યો... અનેક મુમુક્ષુઓને સ્પષ્ટ માર્ગદર્શન કરાવતો રહ્યો. અખંડ જ્ઞાનોપાસના અને વિપુલ સાહિત્ય સર્જનને કારણે ઉપાધ્યાય શ્રી યશોવિજયજી લોકોમાં 'લઘુહરિભદ્ર' તરીકે પ્રસિદ્ધ બન્યા. જીવનના અંત સુધી એમનું એ લોકકલ્યાણનું અને સાહિત્ય સર્જનનું કાર્ય ચાલતું જ રહ્યું. લગભગ અઢી દાયકા સુધી ઉપાધ્યાયપદે રહીને તેઓએ જિનશાસનને જયવંતું રાખ્યું.

વિ.સં. ૧૭૪૩નું ચાતુર્માસ તેઓએ **ડભોઈ** (ગુજરાત)માં કર્યું અને ત્યાં જ અનશન કરીને સમાધિમૃત્યુને વર્યા. આજે પણ ડભોઈ શ્રીમદ્ યશોવિજયજીની સ્વર્ગવાસ ભૂમિ પર સ્તુપ (સમાધિ મંદિર) વિદ્યમાન છે અને કહેવાય છે કે એમનો સ્વર્ગવાસ દિવસ આવે ત્યારે ઘણીવાર ત્યાં વાતાવરણમાંથી અદશ્ય રીતે ન્યાયનો ધ્વનિ પ્રકટ થતો સાંભળવામાં આવતો હતો.

'જૈનેતરશાસ્ત્રોની વાતોનો જૈનદર્શનમાં યથાસ્થાન યથોચિતપણે અવતાર કરતાં ન આવડે તો મુનિનો પણ વૈરાગ હજુ અપરિપક્વ છે—જ્ઞાનગર્ભિત નથી,' આ હકીકતને તેઓએ **અધ્યાત્મસાર**માં મુખરિત કરી છે, સ્વજીવનમાં ઊતારીને ! તે કાળે વિદ્યમાન કોઈપણ જૈનેતરશાસ્ત્રોમાંથી ભાગ્યે જ કોઈ ગ્રન્થનું અધ્યયન તેઓએ બાકી રાખ્યું હશે. મુનિપણાની મર્યાદાઓને સાચવવા સાથે ઔચિત્યપૂર્વક છએ દર્શન શાસ્ત્રોનું તલસ્પર્શી ઊંડું જ્ઞાન પ્રાપ્ત કરીને માત્ર એનો પોપટપાઠ કર્યો ન હતો પરંતુ જૈનદર્શનના અને અન્ય દર્શનોના પદાર્થોને તીક્ષ્ણબુદ્ધિના ત્રાજવે તોલીને દરેકની બરાબર ચકાસણી કરી સત્યાસત્યની સાચી પરખ કરીને તેઓ વર્તમાનકાળમાં ચાલી પડેલી હાસ્યાસ્પદ તુલના (કે જેમાં માત્ર સત્યાસત્યની પરખ કરવાને બદલે બેમાં કેટલું સામ્ય છે તે જ તોલી લેવાય છે અને સત્યાંશ પ્રત્યે ઉપેક્ષા દાખવવામાં આવે છે એવી તુલના) કરનાર પંડીતાભિમાનીઓને સાચી દિશા ચીંધી ગયા છે. ખેદની વાત છે કે મોટા ભાગના આજના પંડિતો આવા ઉત્તમ તુલનામાર્ગને છોડીને કોઈક વિચિત્ર તુલનાની ખાઈમાં ઊતરી પડ્યા છે, જેને તુલના નહીં કહેતાં માત્ર સામ્ય-અન્વેષણ કહેવું વધુ ઉચિત લેખાય.

ઉપાધ્યાયજીની બહુમુખી પ્રતિભાએ સાહિત્યનો ભાગ્યે જ કોઈ વિષય અણખેડો રાખ્યો હોય તેમ લાગે છે. જો કે તેમના બધા ગ્રન્થો આજે ઉપલબ્ધ નથી. તેઓશ્રીએ જે વિપુલ સાહિત્યસર્જન કર્યું છે એમાંથી ઘણાં જ થોડા ગ્રન્થો ઉપલબ્ધ થાય છે-પરંતુ એટલાનો ય આજે અભ્યાસ કરનાર ઘણાં જ ઓછા છે. આગમ ન્યાય-પ્રકરણ-યોગ-અધ્યાત્મ-વાદ-કથા-કાવ્ય વગેરે અનેક સાહિત્યની શાખાઓમાં તેમનું પ્રદાન અમૂલ્ય છે. વળી ગુજરાતી ભાષામાં પણ સ્તવન-સજ્ઝાય-રાસ-ટબો વગેરે વિપુલ પ્રમાણમાં સાહિત્ય રચના કરીને તેઓએ ગુર્જર ભાષાની શ્રીમાં પણ નોંધપાત્ર ઊમેરો કર્યો છે.

તેઓશ્રીને જ્યારે મહાયોગી આનંદઘન મહારાજનો ભેટો થયો ત્યારે ધરતી બે મહાન સીતારાઓનું મધુર મિલન અનુભવી ધન્ય બની હતી. મહાયોગીનો ભેટો થતાં બીજા સંતપુરુષના હૃદયમાં કેવી હર્ષની ઊર્મિઓ જાગે છે તેનું શ્રી ઉપાધ્યાયજીએ 'આનંદઘન અષ્ટપદી'માં જે હૃદયંગમ વર્ણન કર્યું છે તેનાથી તેઓનો હાર્દિક ગુણાનુરાગ સ્હેજે વ્યક્ત થઈ જાય છે.

ઉપાધ્યાયજી મહારાજે કટ્ટર પ્રતિપક્ષી દિગંબરોના અને બીજા પણ વૈદિકોના ગ્રન્થો ઉપર વિવરણો લખીને તેમના ઉદાર તેમજ સારગ્રાહી વ્યક્તિત્વનો પરિચય આપ્યો છે. સાથે સાથે તે તે ગ્રન્થોના અસંગત અંશો ઉપર જે માર્મિક સમીક્ષા મૂકી છે તેનાથી તેમની ન્યાયપ્રિયતા પણ ઝળકી ઊઠી છે.

ભાષા ઉપર તો શ્રીમદ્‌નો કાબુ દાદ માગી લે એવો છે. વિશાળ સાહિત્ય ભંડારમાં એક પણ ક્રિયાપદ કે નામના રૂપનો અનુચિત, અસંગત કે વિપરીત પ્રયોગ જોવા મળે નહી. લખવા બેઠા પછી તેઓ લેખનના વિષયમાં એટલા તો તલ્લીન થઈ જતાં હશે કે ખાવા-પીવાનું કે આજુબાજુની દુનિયાનું તેઓ ભાન જ ભૂલી જતાં હશે. છતાં પણ તેમના ફળદ્રુપ ભેજામાં વિજળીના વેગે જે અદ્‌ભુત કલ્પનાઓના તરંગો આવીને પસાર થઈ ગયા હશે તે બધા પોતે ગ્રન્થારૂઢ નહીં કરી શક્યા હોય. કારણકે ભેજુ ચાલે વિજળીની ઝડપે અને હાથ ચાલે ઘોડાની ઝડપે, કઈ રીતે મેળ મળે !

**'રહસ્ય'** પદાંકિત ૧૦૮ ગ્રન્થોનું નિર્માણ કરવાનો આ મહાપુરુષે દઢસંકલ્પ વ્યક્ત કર્યો છે. સ્યાદ્‌વાદ રહસ્ય, ભાષા-રહસ્ય વગેરે તથા આ ઉપદેશરહસ્ય ગ્રન્થ જોતાં અને બીજા પણ વાદરહસ્ય વગેરે નામોલ્લેખો જોતાં તેઓશ્રીનો એ દઢ સંકલ્પ નિષ્ફળ ગ઼યો હોય એમ માનવા મન તૈયાર નથી.

તેઓશ્રીના સમગ્ર સાહિત્યનું આલોકન કરવા નથી તો આજે એટલી શક્તિ કે નથી એટલી સ્ફૂર્તિ. ઉપલબ્ધ તમામ ગ્રન્થોનો અતિસંક્ષિપ્ત પરિચય આ જ ગ્રન્થમાં અન્યત્ર મુદ્રિત કર્યો હોવાથી જ્ઞાનપિપાસુઓ તેની કાંઈક ઝાંખી કરી શકશે ! ઉપદેશ રહસ્ય ગ્રન્થના વિષયમાં થોડો વિસ્તાર અસ્થાને નહીં લેખાય.

# ઉપદેશરહસ્યનો ઉપદેશસાર

ઉપદેશરહસ્ય ગ્રન્થમાં લગભગ ઘણો ખરો વિષય ઉપદેશપદમાંથી સારરૂપે શ્રી ઉપાધ્યાયજી મહારાજે વિશિષ્ટ અલંકારોથી શણગારીને ઉદ્ધૃત કર્યો છે.

મનુષ્યપણાની દુર્લભતા વગેરેનું સૂચન કરી ઉપાધ્યાયજી મહારાજે સૌ પ્રથમ મહત્ત્વનો એક મુદ્દો એ ઉપાડ્યો છે કે પરમ ધર્મ શું ? અહિંસા કે જિનાજ્ઞાનું પાલન ? સામાન્ય ધાર્મિક વૃત્તિવાળા લોકો અહિંસાને જ પરમ ધર્મ સમજતા હોય છે. પરંતુ ખેદની વાત એ છે કે તેઓ અહિંસા અને હિંસાનું વાસ્તવિક સ્વરૂપ સમજતા હોતા નથી અને તેથી ક્યારેક અહિંસાને હિંસામાં ખતવતા હોય છે તો ક્યારેક હિંસાને અહિંસા સમજી બેસે છે. બુદ્ધિજીવીમાં અગ્રેસર ગણાતા માંધાતાઓ પણ અહીં ઘણીવાર ગોથું ખાઈ જતાં હોય છે. જૈનશાસનની અહિંસામાં મૂઢતાને સ્થાન નથી. દર્દીને બચાવવા માટે કુશળ ચિકિત્સક પોતાના અભ્યાસ અને અનુભવ અનુસાર નાછૂટકે કદાચ ઝેરી ઇંજેક્શન આપે તો કોઈ તેને હિંસક ગણતું નથી, ત્યારે બીજાને મારી નાંખવાના આશયથી ઝેરનું પડીકું આપવામાં ગફલત થઈ જતાં કોઈ સાકરનું પડિકું આપી દે તો પણ તે હિંસક જ છે-આ તો સુવિદિત છે. એટલે કોઈપણ પ્રક્રિયામાં લોહી રેડાયું - ન રેડાયું એટલા બાહ્ય દેખાવ ઉપરથી હિંસા-અહિંસાની મ્હોરછાપ મારી દેવાય નહીં. કુમારપાળ-વસ્તુપાળ-તેજપાળ વગેરેએ ખુનખાર યુદ્ધો ખેલ્યા હોવા છતાં તેઓ અહિંસાના પૂજારી ગણાયા છે. શૌર્યને દેશવટો દઈ નમાલા બની રાજ્યની માંગણી કરીને અહિંસાના નામે એ રીતે રાજ્ય મેળવવામાં આવે કે જેના દુષ્પરિણામે દેશભરમાં હિંસક રમખાણો ફાટી નિકળે અને હજારોનું લોહી રેડાય તથા ઉત્તરોત્તર તેની પરંપરા પણ ચાલુ રહે એવા નમાલા માંગણવેડાથી રાજ્યનો ટૂકડો અહિંસાના નામે મેળવનારને મૂઢ લોકો ભલે અહિંસાના અભિનવ પ્રયોગરૂપે નવાજે પરંતુ જૈનશાસને તેને ક્યારેય અહિંસારૂપે બિરદાવી નથી, બિરદાવી શકાય પણ નહીં. ત્યારે ખરેખર અહિંસા એ શું ચીજ છે એ સમજાવવા માટે ઉપાધ્યાયજીએ જિનાજ્ઞા ઉપર ભાર મુક્યો છે. જિનાજ્ઞા યથાર્થ રીતે સમજ્યા વિના અહિંસાની યથાર્થતાનો બોધ અશક્ય હોવાથી ઉપાધ્યાયજી મહારાજે શ્રી જિનાજ્ઞાનું યથાર્થ બોધ સહ પાલન એજ પરમધર્મ જણાવ્યો છે. માટે જ અહિંસાના પાલન કરતાં પણ જૈનશાસનમાં આગમશાસ્ત્ર વિહિત માર્ગના આચરણને વધુ મહત્ત્વનું ગણવામાં આવ્યું છે. શુદ્ધ અહિંસાનું પાલન પરિણામશુદ્ધિ પર અવલંબે છે અને શાસ્ત્રોક્તમાર્ગના બહુમાન વિના પરિણામની શુદ્ધતાનું સંપાદન શક્ય નથી. વળી જૈનશાસનમાં એકલી ખોખરી પરિણામ શુદ્ધિનું પણ મહત્ત્વ આંકવામાં આવ્યું નથી કારણ કે તે ક્યારેક ઉન્માર્ગે દોરી જાય છે. દા.ત. 'તમે તમારા પરિણામ શુદ્ધ રાખો પછી આખું

ગામ બાળી મૂકો તો પણ તમે નિર્દોષ છો, હિંસક નથી' આવી માન્યતા અહિંસા નહીં પણ ઉન્મત્ત અહિંસા છે. શાસ્ત્રાભ્યાસાદિ શુદ્ધ પરિણામના બહિરંગ હેતુઓ છે અને મિથ્યાત્વાદિ મોહનીયકર્મનો ક્ષયોપશમ અંતરંગ અને મુખ્ય હેતુ છે. એટલે તીક્ષ્ણપ્રજ્ઞાના અભાવે બહિરંગ શાસ્ત્રાભ્યાસાદિ ન હોવા છતાં મિથ્યાત્વાદિનો ક્ષયોપશમ હોવાના કારણે માષતુષ આદિ મુનિઓમાં ચારિત્રનો સદ્ભાવ માન્ય રખાયો છે. (જુઓ પૃ. ૧૨-૧૩)

## (ભાવગર્ભિત ક્રિયા માટે જ્ઞાનસંપાદનની જરૂર)

'तथा प्रयतितव्यं कर्मक्लेशाभावो यथा भवत्येष परमार्थः' આ વાચકવર્યના વચનાનુસાર જૈનશાસનમાં તમામ પ્રવૃત્તિનું મુખ્ય ધ્યેય કર્મ-ક્લેશના અભાવનું સંપાદન છે. ભાવશૂન્ય કેવળ બાહ્ય ક્રિયાઓથી કર્મક્ષય આત્યન્તિક થતો નથી. ભાવગર્ભિત ક્રિયાઓ માટે શાસ્ત્રીય જ્ઞાનસંપાદનની જરૂર છે. ગુરૂપરતંત્રતા વિના શાસ્ત્રોના જટિલ અને ગંભીર પદાર્થોનું જ્ઞાન શક્ય નથી. આ માટે આચારાંગ-સૂત્રની સાક્ષીએ ગુરુકુળવાસનું ખૂબ જ મહત્ત્વ દર્શાવવામાં આવ્યું છે. સ્વચ્છંદ યતિઓના ગુરુપરતંત્રતા વિનાના કષ્ટભરપૂર આચરણને સખત શબ્દોમાં વખોડી કાઢવામાં આવ્યું છે, કારણ કે પરિણામની વક્રતા જ તેઓને સ્વચ્છંદ બનવામાં પ્રેરતી હોય છે. હિતપ્રાપ્તિ માટે ઋજુ પરિણામ હોવો જોઈએ. આત્માના ઋજુ પરિણામને પારખવા માટે નિસર્ગતઃ માર્ગાનુસારીપણું, તત્ત્વશ્રદ્ધા, સુખબોધ્યતા, ક્રિયામાં અપ્રમાદ, ગુણાનુરાગ અને શક્યાનુષ્ઠાન-પ્રવૃત્તિ આ બધા લક્ષણો જણાવ્યા છે. (જુઓ પૃ. ૨૦-૨૧-૨૨)

## (એકાકી વિહાર સમીક્ષા)

'ગુરુકુળવાસને વધારે પડતું મહત્ત્વ આપવામાં એકાકી વિહારનો સાવ ઉચ્છેદ થઈ જશે' આવી ડરામણી વાતો સામે ઉપાધ્યાયજીએ ખૂબ જ નિર્ભયતા દર્શાવી છે. તેઓએ અનેક યુક્તિઓ-દલીલો અને શાસ્ત્રવચનો ટાંકી ટાંકીને સ્પષ્ટ ઉદ્ઘોષ કર્યો છે કે ગીતાર્થને પણ સામાન્ય સંયોગોમાં એકલા વિચરવાની અનુજ્ઞા નથી તો અગીતાર્થની તો પછી વાત જ ક્યાં ? મોટા સમુદાય સાથે રહેવામાં ક્લેશ-કજીયા અને દોષિત ગોચરી વગેરેના બહાના કાઢીને સમુદાયથી અલગ પડી વિચરનારા સ્વચ્છંદ યતિઓ સામે તેઓએ લાલબત્તી ધરી છે. એકાકીપણે અલગ વિચરવામાં તેના કરતાં પણ વધુ ખતરનાક દોષો (જુઓ પૃ. ૨૬) દર્શાવીને એકાકી વિહારની ઝાટકણી કાઢી છે. સ્વચ્છંદ એકાકી વિહારનું સમર્થન કરવા માટે 'इक्को वि पावाइं विवज्जयंतो विहरेज्ज कामेसु असज्जमाणो' આ દશવૈકાલિક ચૂલિકા સૂત્રનું ઓઠું પકડનારાઓને તે સૂત્રનું રહસ્યભૂત તાત્પર્ય તેઓએ ઘણા જ પ્રેમથી સમજાવતાં કહ્યું છે કે અત્યંત આપવાદિક સ્થિતિમાં ગીતાર્થને એકાકી વિચરવાની છૂટ આપવા સાથે એ જ સૂત્રમાં સૂત્રકારે ચેતવણીના પણ સૂર કાઢ્યા છે કે 'જો જો એમાં ક્યાંક કોઈ ગુપ્ત પાપ પેસી

ન જાય કે કામસંગ અર્થાત્ વિષય આકર્ષણ સ્પર્શી ન જાય.' ગુરુકુલવાસત્યાગીને 'હું જે કરું છું તે આજ્ઞામુજબનું છે' એવું સંવેદન થતું હોય તો તે સ્પષ્ટ મિથ્યાભિમાન હોવાનું જણાવ્યું છે. કપરાકાળમાં અત્યંતકુશીલ સાથે રહેવાનો પ્રસંગ ઉપસ્થિત હોય અથવા સંયમ દુરારાધ્ય હોય ત્યારે જ એકલા વિહાર કરવાની છૂટ છે એ સ્પષ્ટતા સરસ કરી છે. (જુઓ પૃ. ૩૧)

## (સૂત્ર-અર્થ ઉભયનું પ્રામાણ્ય)

એકાકી વિહાર સૂચક ઉત્તરાધ્યયન સૂત્રગાથા ઉપર વિસ્તારથી ચર્ચા-છણાવટ કરવા ઉપર જ્યારે કોઈ અકળાઈને કહે છે કે સીધા સાદા અર્થવાળા સૂત્રને કેમ આવુ ચૂંથવામાં આવે છે ત્યારે એના ઉત્તરમાં ઉપાધ્યાયજીએ નવો મુદ્દો ઉપાડ્યો છે-કે માત્ર સૂત્ર જ પ્રમાણ છે કે સૂત્ર-અર્થ ઉભય પ્રમાણ છે ? એકલા સૂત્રને તો કોઈ કાળે પ્રમાણ માની શકાય જ નહીં કારણ કે શબ્દથી પરસ્પર વિરોધી ભાસે એવા બે સૂત્રમાંથી કોને પ્રમાણ કરવું એ મોટો સવાલ ઊભો થાય ! એટલે ઉપાધ્યાયજી મહારાજે સિદ્ધાન્ત તારવીને દર્શાવ્યું છે કે સુવિહિત આચાર્યનિર્મિત નિર્યુક્તિ-ચૂર્ણિ-ભાષ્ય આદિ સમગ્ર વિવરણ ગ્રન્થોના પરસ્પર સંવાદથી સૂત્રનો જે અર્થ ફલિત થાય તે અર્થ અને તેનું સૂચક સૂત્ર, ઉભય પ્રમાણ છે-કેવળસૂત્ર પ્રમાણ નથી કે સ્વમતિકલ્પિત અર્થ પણ પ્રમાણ નથી. પુરુષ અને પડછાયો જેમ એક બીજાને સંલગ્ન છે તેમ સૂત્ર અને અર્થ પણ એકબીજાને સંલગ્ન જ છે.

## (પ્રધાન-અપ્રધાન દ્રવ્યચારિત્રની સ્પષ્ટતા)

સ્વચ્છંદવિહારમાં દેશારાધકતા કેમ નહીં ? - આ શંકાનું સમાધાન તેઓનું ચારિત્ર દ્રવ્યચારિત્રરૂપ ગણીને કર્યું છે. આ પ્રસંગે દ્રવ્ય શબ્દના અપ્રધાન અને પ્રધાન એવા બે અર્થ ઉપર વિસ્તારથી વિચાર કરવામાં આવ્યો છે. જેઓને ગ્રન્થિભેદ થયો નથી તેમજ અપુનર્બંધકભાવ પણ પ્રાપ્ત થયો નથી. તેવા અભવ્ય જીવો અથવા સકૃદ્બંધક માર્ગાભિમુખ કે માર્ગપતિત જીવોનું ચારિત્ર અપ્રધાનદ્રવ્ય ચારિત્ર છે અર્થાત્ જેનું મુખ્ય નોંધપાત્ર કોઈ વિશેષ ફળ નથી, માત્ર કષ્ટાચરણરૂપ છે. જેઓ અપુનર્બંધક અવસ્થામાં આવી ગયા છે અથવા આગળ પણ વધ્યા છે તેઓનું ચારિત્ર પાલન ભાવવિકલ હોય તો પણ ભાવસાધક છે એટલે કે પ્રધાનદ્રવ્યાજ્ઞાપાલનરૂપ છે. (જુઓ પૃ. ૪૧-૪૨)

યદ્યપિ શ્રી અભયદેવ સૂરિ મહારાજની ચૈત્ય૦પંચાશકવૃત્તિના મતને અનુસરીને માર્ગાભિમુખ અને માર્ગપતિતને અહીં પ્રધાન દ્રવ્ય ચરિત્ર કહ્યું નથી પરંતુ બીજા સંપ્રદાય મુજબ તે બંને અપુનર્બંધકની અવસ્થા વિશેષરૂપ જ જણાવ્યા હોવાથી તેમની ભગવદ્આજ્ઞાબોધયોગ્યતા યોગબિંદુવૃત્તિમાં સ્પષ્ટ જણાવી છે. (જુઓ પૃ. ૧૩૬-૧૩૭). સકૃદ્ બંધક આદિનું દ્રવ્યાજ્ઞાપાલન પ્રધાન ન હોવાના ચાર લિંગો ગાથા ૧૯માં બતાવ્યા

છે. ૧. સૂત્રાર્થનું પર્યાલોચન ન હોવું, ૨. ગુણબહુમાન ન હોવું, ૩. અપ્રાપ્તપૂર્વતાનો હરખ ન હોવો અને ૪. વિધિનો ભંગ થાય તેની કોઈ અરેરાટી ન હોવી. આ ચાર કારણે તેઓનું દ્રવ્યાજ્ઞાપાલન મુખ્ય ન હોવા છતાં તેમાં સર્વથા પ્રાધાન્યનો વ્યવચ્છેદ પણ કર્યો નથી કારણ કે ગુરુપરતંત્રતા દ્વારા કુગ્રહવિરહનું સંપાદન કરવામાં દ્રવ્યાજ્ઞાપાલન ખૂબ જ ઉપયોગી છે. (જુઓ ગાથા ૨૧) **આનાથી એક હકીકતની ખૂબ જ સ્પષ્ટતા થઈ જાય છે કે ભાવશૂન્યપણે થતી દ્રવ્યક્રિયાઓને વખોડવામાં કાંઈ જ સાર નથી.** દરેક જીવોની કક્ષા એકસરખી હોતી નથી. મોટા ભાગના જીવો આદિધાર્મિક અવસ્થામાં દ્રવ્યક્રિયાના પાલનથી જ આગળ વધતા જોવાય છે. તે અવસ્થામાં કુગ્રહવિરહ થવો એ પણ દ્રવ્યક્રિયાની એક મહાન્ સિદ્ધિ છે. વિવેકહીન પણે, ઉન્મત્તપણે દ્રવ્યક્રિયાઓ થતી જોઈને કદાચ એકવાર અકળામણ થઈ જાય તો એનો ઉપાય તો એ જ છે કે તે ક્રિયાઓ કરનારમાં વિવેક જાગે અને ઉન્માદ ભાગે એ માટે પ્રયત્નશીલ બનવું.

પ્રધાન દ્રવ્યજ્ઞાપાલનને યોગ્ય આત્માઓ અપુનર્બંધક, સમ્યગ્દૃષ્ટિ, દેશવિરત અને સર્વવિરત છે. ભાવથી સમ્યગ્દૃષ્ટિ વગેરે હોય તેવા આત્માઓના આજ્ઞાપાલનને ભાવાત્મક નહીં બતાવતા દ્રવ્યાત્મક કહેવાનું શું કારણ એવી જિજ્ઞાસાના સમાધાનમાં જણાવાયું છે કે તેઓનું નિમ્નકક્ષાનું આજ્ઞાપાલન ઉત્તરોત્તર ચડતી કક્ષાવાળી ભાવાજ્ઞાના પાલનમાં હેતુભૂત હોવાથી તેને દ્રવ્યાજ્ઞાપાલનરૂપે કહેવામાં કાંઈ અજુગતું નથી. (જુઓ પૃ. ૫૭-૫૮)

## (દ્રવ્યાજ્ઞાનું અપરંપાર મહત્ત્વ)

ભાવથી જ ભાવવૃદ્ધિ થવાનો નિયમ હોવાથી દ્રવ્યાજ્ઞા મહત્ત્વશૂન્ય છે—આવી શંકાને નિર્મૂળ કરવા માટે ભાવને પરિણામી કારણરૂપે અને દ્રવ્યાજ્ઞાને નિમિત્ત કારણરૂપે દર્શાવ્યા છે. અહીં બીજાધાનને ભાવપ્રાપ્તિના દ્વારરૂપે કહી વિવિધ યોગબીજોનું વર્ણન કર્યું છે-જેમાં ભાવાજ્ઞાના બહુમાનને પ્રધાન ગણાવ્યું છે. દ્રવ્યસ્તવ પણ ભાવાજ્ઞામાં બહુમાન જગાડનાર હોવાથી ભગવદનુમત છે આ હકીકતની સિદ્ધિ ખૂબ જ વિસ્તારથી દર્શાવી છે. તેમાં જેઓ સૂત્રસમ્મતિ સ્વીકારતા નથી તેઓ માટે અનુમાન પ્રયોગ દર્શાવવામાં આવ્યો છે— 'જિનભવનાદિનિર્માણનો યોગ્ય-પ્રજ્ઞાપ્ય જીવો સમક્ષ પણ પ્રભુએ નિષેધ કર્યો નથી, માટે દ્રવ્યસ્તવ ભગવાને સંમત છે. જે જે ભગવાનને સમ્મત ન હતું તેનો યોગ્ય-પ્રજ્ઞાપ્ય જીવો સમક્ષ ભગવાને સ્પષ્ટ નિષેધ કર્યો છે. દા.ત. કામભોગ.' 'अरहंतचेइआणं' સૂત્રથી જિનચૈત્યના ગૃહસ્થો દ્વારા વંદન-પૂજન આદિ સિદ્ધ થાય છે અને સાધુઓને કાયોત્સર્ગ દ્વારા તેની અનુમોદનાનું વિધાન પણ ફલિત થાય છે. અહીં અપ્કાયની વિરાધના વગેરેની અનુમતિ થઈ જવાના દોષ ઊભા થવાની દલીલ શ્રી ઉપાધ્યાયજીએ નકારી કાઢી છે.

અપ્કાયની વિરાધના કરી આવનાર બાલમુનિ અઈમુત્તાને કાંઈ પણ ઠપકો નહીં આપતા બીજાઓને તેની આશાતના ન કરવાનું કહેનાર ભગવાનને અપ્કાયની વિરાધનામાં અનુમતિ આપનાર કઈ રીતે કહી શકાય ? ! ગજસુકુમાળને સ્મશાનમાં કાયોત્સર્ગ કરવાની છૂટ આપનાર નેમનાથ ભગવાનને સોમીલ સસરાએ કરેલા મસ્તકદાહના ઉપસર્ગની પીડામાં અનુમતિ આપનારા કઈ રીતે ગણી શકાય ? ! જો અહીં માત્ર નિર્જરા-અનુકુળ પ્રવૃત્તિ અંશમાં જ અનુમતિ હોવાનું સમાધાન કરીએ તો દ્રવ્યસ્તવમાં પણ નિર્જરા-અનુકુળ પ્રવૃત્તિની જ અનુમોદના કરાતી હોવાથી કોઈ દોષ રહેતો નથી. (જુઓ પૃ. ૬૯)

### (દ્રવ્યસ્તવમાં વિરાધનાનો કોઈ દોષ નથી)

દ્રવ્યસ્તવમાં થતી અપ્કાયાદિની વિરાધનાને હિંસારૂપ જણાવી ત્યાજ્ય ગણાવનાર મતને અહીં પાપિષ્ઠમત જણાવ્યો છે. કારણ કે સંયમ માટે સાધુને નદી ઉતરવી પડે ત્યારે અપ્કાયની વિરાધના થતી હોવા છતાંય કોઈ જ મૂર્તિપૂજા વિરોધીઓએ તેને હિંસાત્મક પ્રવૃત્તિ કહેવાની હામ ભીડી નથી. સ્થાનાંગ આદિ સૂત્રમાં નદી ઉતરવા માટે સ્પષ્ટ અનુજ્ઞા છે: (પૃ. ૭૧-૭૨)

વર્તમાનકાળમાં હજારો પુષ્પોની અંગરચનાના સમયે હિંસા...હિંસા...નો હોબાળો મચાવી મૂકનારા અજ્ઞાની કટાર લેખકોને ઉપાધ્યાયજીની આ સચોટ દલીલ ગળે ઉતરશે કે કેમ એ તો શંકિત જ છે. પરંતુ વર્તમાનકાળે ગમે તેવા સંયમી મુનિ કે દૃઢધર્મી શ્રાવક પણ પોતાના સાધુધર્મ કે શ્રાવકધર્મની આરાધના વેળાએ સ્થાવરકાયની હિંસાથી અલિપ્ત રહેતા હોય એવું છાતી ઠોકીને સિદ્ધ કરી શકે તેમ છે જ નહીં, તો પછી સદ્ભાવપોષક અને ભાવોલ્લાસવર્ધક અંગરચના વગેરેને કેમ હિંસા અને વિરાધનાના નામે વખોડતા હશે એ તો એમનું અંતર તપાસીએ તો જ જાણી શકાય !

### (મુનિઓને દ્રવ્યસ્તવની અનુમોદના આવશ્યક)

'દ્રવ્યસ્તવની અનુમોદના જો સાધુઓને કરવાની હોય તો પછી મુનિઓ સાક્ષાત્ દ્રવ્યસ્તવ કરવા બેસી જાય તો શું વાંધો ?' આવી શંકાને વજુદ વગરની જણાવી છે કારણકે મુનિઓ ભાવસ્તવારૂઢ હોવાથી તેઓ દ્રવ્યસ્તવાન્તર્ગત શુભભાવની અનુમોદના કરી પોતાના શુભ ભાવો પુષ્ટ કરે છે—એટલે સાક્ષાત્ દ્રવ્યસ્તવ કરવાની તેમને જરૂર જ નથી, તેમજ અધિકાર પણ નથી, કારણકે તેઓને સર્વસાવદ્યયોગના પચ્ચક્ખાણ છે. 'તો પછી શ્રાવકો પણ માત્ર ભાવસ્તવ જ ચાલુ કરે અને દ્રવ્યસ્તવ છોડી દે તો શું વાંધો ?' આવી પણ દલીલને અહીં અવકાશ નથી કારણ કે જો શ્રાવકો સંસારત્યાગ કરી સર્વસાવદ્યયોગનો ત્યાગ કરી મુનિઓની જેમ જ કેવળ ભાવસ્તવારૂઢ થઈ જાય તો એ તો ઇષ્ટ જ છે પણ બધા શ્રાવકો

માટે એ શક્ય જ નથી-અને મુનિપણું લીધા વિના કેવળ ભાવસ્તવમાં સ્થિરતા રહેવી એ અતિદુષ્કર છે એટલે 'બાવાના બે ય બગડ્યા' જેવી દશા થાય એના કરતાં તો દ્રવ્યસ્તવના પ્રશસ્ત માધ્યમથી ભાવસ્તવમાં સ્થિર થવા પ્રયત્નશીલ રહે એ જ ડહાપણ ભરેલું છે.

## (દ્રવ્યસ્તવના ઉપદેશની પદ્ધતિ)

દ્રવ્યસ્તવ મુનિઓ સાક્ષાત્ તો ન કરે પરંતુ બીજાઓને તે કરવાનો ઉપદેશ આપી શકે કે નહીં ? આ એક સરસ વિચારણીય મુદ્દો ગાથા ૩૬ થી રજૂ કર્યો છે. આ મુદ્દાની છણાવટનો મુખ્ય સૂર તો એ જ છે કે સાધુથી 'તું તાજા ફૂલ લઈ આવ... પાણીનો કળશ ભરી લાવ... દીવો પેટાવ... ધૂપ સળગાવ...' વગેરે પૂજામાં સાક્ષાત્ પ્રવર્તક વચનો બોલાય નહીં, કારણકે સાધુઓને આજ્ઞાપની ભાષામાં બોલવાનો નિષેધ છે. પ્રજ્ઞાપની ભાષા વિહિત છે. એટલે સાધુઓ ગૃહસ્થો સમક્ષ દ્રવ્યસ્તવના શુભ ફળનું વર્ણન કરે, શ્રોતાઓ ફલાર્થી હોવાથી સ્વયં દ્રવ્યસ્તવમાં પ્રવૃત્ત થાય. દેવોએ જ્યારે નાટકો દેખાડવા માટે ભગવાન મહાવીરની સમવસરણમાં અનુમતિ માંગી ત્યારે દેવો માટે દ્રવ્યસ્તવસ્વરૂપ નાટક પ્રભુને ઈષ્ટ હોવા છતાં ભગવાને સાક્ષાત્ પ્રવર્ત્તક કે અનુમતિસૂચક 'યથાસુખ' શબ્દપ્રયોગ ન કર્યો, નિષેધ પણ ન કર્યો. આ સંદર્ભમાં 'યથાસુખં' શબ્દનો અર્થ પણ સ્પષ્ટ થઈ જાય છે. જે કાર્યમાં સાક્ષાત્ પર પ્રવૃત્તિ ઈષ્ટ હોય તે કાર્યમાં અનુમતિને સૂચવવા 'યથાસુખં' શબ્દ પ્રયોગ થાય. અન્યત્ર ન થાય. દા.ત. સંયમગ્રહણમાં અનુમતિ આપતી વખતે ભગવાને 'યથાસુખં' પ્રયોગ કરેલ. (જુઓ પૃ. ૮૪)

જે મુનિઓ મુનિપણાની મર્યાદા બહાર જઈ, વજસ્વામી મહારાજે પુષ્પપૂજાનો સર્વથા ઉચ્છેદ ન થાય એ માટે લબ્ધિ દ્વારા અન્યત્ર જઈ ઢગલાબંધ પુષ્પો લાવવાની કરેલી પ્રવૃત્તિને ઓઠા તરીકે પકડીને સ્વયં દ્રવ્યસ્તવમાં પ્રવૃત્તિ કરતા થઈ ગયા છે તેવાઓને ભગ્નપરિણામીરૂપે ઓળખાવવામાં આવ્યા છે. તાત્પર્ય, મુનિઓ માટે દ્રવ્યસ્તવમાં સ્વયં પ્રવૃત્તિ કર્ત્તવ્યરૂપ નથી અને તેમાં વજસ્વામીનું દૃષ્ટાન્ત અનુકરણીય પણ નથી.

## (અપ્રધાન દ્રવ્યાજ્ઞા અનુમોદનીય નહીં)

અહીં ધ્યાનમાં રાખવાયોગ્ય બાબત એ છે કે અનુમોદના ભાવાજ્ઞા અને પ્રધાનદ્રવ્યાજ્ઞા બેની જ હોય. અપ્રધાન દ્રવ્યાજ્ઞા એ અનુમોદનીય નથી. દ્રવ્ય અને ભાવની ચતુર્ભંગી કરીએ તો દ્રવ્યશૂન્ય ભાવ અને ભાવશૂન્ય દ્રવ્ય આ બેમાં સૂર્યપ્રકાશ અને ખદ્યોતપ્રભા જેટલું અંતર દર્શાવવામાં આવ્યું છે. અર્થાત્ દ્રવ્યશૂન્યભાવ મહોરછાપ વિનાની સુવર્ણમહોર છે તો ભાવશૂન્ય દ્રવ્ય મહોરછાપવાળું કૂટ દ્રવ્ય એટલે કે ખોટા રૂપિયા જેવું છે. આ રીતે ભાવાજ્ઞાનું તો પુષ્કળ મહત્ત્વ છે. આ ભાવાજ્ઞાનો પ્રારંભ સમ્યગ્દષ્ટિથી માંડીને માનવામાં આવ્યો છે.

તે પૂર્વે નહીં. અહીં ખૂબ જ ભારપૂર્વક દર્શાવ્યું છે કે વાસ્તવમાં સન્માર્ગપ્રવૃત્તિ એ જ આત્માના સ્વભાવરૂપ છે. જ્યારે ઉન્માર્ગ પ્રવૃત્તિ મિથ્યાત્વાદિકર્મજનિત છે. 'સન્માર્ગપ્રવૃત્તિ સ્વભાવરૂપ હોય તો ગુણસ્થાનકોના ક્રમની વ્યવસ્થા કેમ ઘટે ?' આવી શંકાનું જ્ઞાનનયના અવલમ્બનથી સમાધાન કર્યું છે. આ સમાધાનમાં એક વાત ખુબ સુંદર સ્પષ્ટ કરી છે કે જિનપ્રવચન સર્વનયાત્મક હોવા છતાં તે તે વિષયનું પ્રાધાન્ય દર્શાવવા માટે કોઈ એક નયનું અવલમ્બન કરવામાં કોઈ દોષ નથી. (જુઓ પૃ. ૯૫-૯૬-૯૭).

## (શુદ્ધાજ્ઞાયોગથી વિઘ્નો પર વિજય)

સન્માર્ગ પ્રવૃત્તિમાં વિઘ્ન ન આવે એવું ભાગ્યે જ બને. કંટકવિઘ્ન-જ્વરવિઘ્ન-મોહવિઘ્ન આ ત્રણ બાહ્ય દૃષ્ટાન્તથી અધ્યાત્મ માર્ગમાં કેવા જઘન્ય-ઉત્કૃષ્ટ વિઘ્નો આવે છે તે મેઘકુમાર-દહનસૂર અને અર્હદ્દત્તના ઉદાહરણથી સારું સ્પષ્ટ કર્યું છે. 'સારા કામમાં સો વિઘન' આ ઉક્તિ અનુસાર વિઘ્નની સંભાવના ઉત્કટ હોવાથી સાધકે સદા અપ્રમત્તભાવે શુદ્ધ આજ્ઞાયોગમાં વર્તવું જરૂરી છે. સાધકાત્મા જો એમાં સાવધાન હોય તો રુદ્રવિપાકી કર્મ પણ નિર્બળ બની જાય છે, ફળીભૂત થતું નથી. બાહ્યનિમિત્તો તુલ્ય હોવા છતાં એક વ્યક્તિ રોગ-ઉત્પત્તિના કારણો અંગે સાવધાની રાખે છે તો રોગથી બચી જાય છે જ્યારે અન્ય વ્યક્તિ રોગકારણોનું જ સેવન કરે છે તો તે રોગથી ઘેરાય છે. જોકે નિશ્ચયનય અહીં નિમિત્તતુલ્યતા સ્વીકારવા તૈયાર નથી કિંતુ વ્યવહારનયથી નિમિત્તતુલ્યતાનું કથન ઉચિત છે. વ્યવહારનય પણ તત્ત્વપ્રતિપત્તિનું મહત્ત્વનું અંગ છે. તેના અવલંબને શુદ્ધાજ્ઞાયોગરૂપ પુરુષાર્થથી અનિયતસ્વભાવના કર્મને ઉપક્રમ લાગી શકે છે.

## (પુરુષાર્થવાદ અને ભાગ્યવાદની ચર્ચા)

જૈનમતની આ વિશેષતા છે કે બાંધેલું દરેક કર્મ અવશ્ય ભોગવવું જ પડે એવો અહીં એકાંત નિયમ નથી. શિથિલબંધ અને દઢબંધ એમ બે રીતે કર્મ બંધાતું હોવાથી શિથિલબંધે બંધાયેલું કર્મ એના વિરોધી પુરુષાર્થથી હતપ્રભાવ થઈ જાય છે. (જુઓ પૃ. ૧૦૨) તાત્પર્ય એ છે કે જૈનશાસનમાં કર્મ અને પુરુષાર્થ ઉભયની સમાન મુખ્યતા છે. આ મુદ્દા ઉપર ઉપાધ્યાયજી મહારાજે ખૂબ જ સુંદર મીમાંસા રજુ કરી છે. જોકે બત્રીશ-બત્રીશી ગ્રન્થમાં ૧૭મી દૈવ-પુરુષકાર બત્રીશીમાં પણ ખૂબ ઊંડાણથી છણાવટ કરી છે પરંતુ ત્યાં પણ ૮મા શ્લો. ની ટીકામાં ઉપદેશરહસ્યની ભલામણ કરતા લખ્યું છે કે 'विपंचितोऽयमर्थ उपदेशपदप्रसिद्ध उपदेशरहस्येऽस्माभिः ।' દૈવ કાષ્ટસમાન છે અને પુરુષાર્થ પ્રતિમાતુલ્ય છે' આ બાબતનું વધુ સ્પષ્ટીકરણ બત્રીશીમાં ખુબ જ સુંદર કર્યું છે. દૈવ અને પુરુષકારની તુલ્યતાનો વિષય યોગબિંદુ ગ્રન્થ (શ્લો. ૩૧૮ થી ૩૩૯)માં શ્રી હરિભદ્રસૂરિમહારાજે સુંદર

રીતે વર્ણવેલો છે. મોક્ષ પણ કર્મવિભાગરૂપ હોવાથી કર્મજનિત છે આ હકીકત અહીં ઉપદેશરહસ્યમાં વિશેષ સ્પષ્ટ કરી છે. અમુક કાર્ય ભાગ્યફલિત અને અમુક કાર્ય પુરુષાર્થ ફલિત એવા લોકપ્રસિદ્ધ વ્યવહાર કરવા માટેનું બીજ ભાગ્યપ્રચુરતા અને પુરુષાર્થપ્રચુરતા હોવાનું જણાવાયું છે. 'અમુક કાર્ય ભાગ્યથી નહીં પણ પુરુષાર્થથી ફળ્યુ' આવા પણ લોકપ્રસિદ્ધ વ્યવહારની ઉપપત્તિ અલ્પતાર્થમાં અભાવની વિવક્ષા કરીને થઈ શકે છે. અર્થાત્ પુરુષાર્થ પુષ્કળ હોય અને ભાગ્ય ઘણું મંદ-અલ્પ હોય તો 'ભાગ્ય છે જ નહિ' એવી વિવક્ષા કરીને ઉપરોક્ત વ્યવહાર થઈ શકે છે.

### (શુભાનુબંધ અને અશુભાનુબંધનું મૂળ)

પરિશુદ્ધ આજ્ઞાયોગ મોક્ષ પુરુષાર્થ રૂપ હોવાથી ગ્રન્થકારે તેના અનુસરણ ઉપર ખૂબ જ ભાર મુક્યો છે. કારણ કે એનાથી શુભ અનુબંધની પરંપરા સર્જાય છે. પ્રારંભિક આજ્ઞાયોગ સમ્યગ્ દર્શન રૂપ છે અને એ સાનુબંધ હોય તો જ ઉત્તરોત્તર નિર્મળતા વધે છે. સાનુબંધ આજ્ઞાયોગ અધ્યાત્મ પ્રવર્ત્તક છે અને તે વિનાની ક્રિયાને તનુમળ સમાન લેખવામાં આવી છે. સાનુબંધ આજ્ઞાયોગ ગ્રન્થિભેદ વિના આવે નહીં. જ્ઞાન ઓછું હોય તો પણ ગ્રન્થિભેદ સહિત હોય તો પૂર્ણ કહેવામાં વાંધો નથી. કારણ કે તેનાથી જ અશુભ અનુબંધોનો વિચ્છેદ થાય છે, પછી ભલે તત્કાળ પ્રવૃત્તિ દ્રવ્યથી અસત્ હોય (જુઓ પૃ. ૧૨૯) અશુભ અનુબંધો ક્લેશનું મૂળ છે, એના પ્રભાવે ઘણા આત્માઓ ૧૪ પૂર્વી થયા પછી પણ પડીને અનંત સંસારી થયા છે. અશુભ અનુબંધો માત્ર નિયતિના પરિપાકથી જ તૂટે એવું કાંઈ નથી. જિનાજ્ઞાની દિશામાં શુભ પ્રયત્નથી અશુભાનુબંધો તોડી શકાય છે.

આજ્ઞાયોગ ઔષધ તુલ્ય છે એટલે એને યોગ્ય કાળ-અકાળનો પણ વિચાર કરવો જોઈએ. જીવ મિથ્યાત્વની ઘનિષ્ઠ અસર હેઠળ હોય ત્યારે આજ્ઞાયોગ સફળ થતો નથી. અપુનર્બંધકાદિ અવસ્થામાં તથાભવ્યત્વના પરિપાકથી બીજાધાનાદિ યોગ્યતા પ્રાપ્ત થાય છે. જો કે આ વ્યવહાર નયનો મત છે. આ રીતે દીક્ષાનો અધિકૃત કાળ પણ શ્રી પંચાશક શાસ્ત્રમાં ચરમપુદ્ગલ પરાવર્ત્તજ ઉપદેશ્યો છે. નિશ્ચય નયની દૃષ્ટિએ તો છેલ્લો અર્ધ પુદ્ગલ પરાવર્ત્ત કાળ જ યોગ્ય છે. અર્થાત્ ગ્રન્થિભેદ થયા પછી જ આજ્ઞાયોગનો અવસર પ્રાપ્ત થાય છે. અકાળે આજ્ઞાયોગથી કદાચ ગ્રૈવેયક દેવલોકનું સુખ મળી જાય તો પણ પરિણામે તો દુર્ગતિ જ ઊભી થાય છે એટલે એવા ગ્રૈવેયક સુખની પણ કોઈ કીંમત નથી (જુઓ પૃ. ૧૩૮-૧૩૯).

### (બહિરંગ સુખ અને અંતરંગ સુખની તરતમતા)

આ પ્રસંગે અંતરંગ સુખની તાત્ત્વિકતા અને બહિરંગ સુખની આભાસિકતા ઉપર ખૂબ જ સુંદર છણાવટ કરવામાં આવી છે. મિથ્યાદૃષ્ટિનું સુખ એ વાસ્તવમાં સુખ જ નથી

પણ દુઃખ રૂપ છે આ હકીકત ઉપર વિશદ પ્રકાશ પાડીને શ્રી ઉપાધ્યાયજીએ ઘણો જ ઉપકાર કર્યો છે. આખા શરીરમાં અણુએ અણુએ કાતીલ ઝેર વ્યાપી ગયું હોય ત્યારે બાહ્ય સુખની ભરપૂર અને બહુમૂલ્ય સામગ્રી દુઃખ-પીડામાં વધારો જ કરે છે તેમ મિથ્યાત્વનું ઝેર આત્માના પ્રદેશે વ્યાપેલું હોય ત્યારે મિથ્યાદષ્ટિને બાહ્ય સુખ સામગ્રીથી પણ સુખ શેનું હોય ? શરદ ઋતુના તાપમાં કોઈ જળાશયનું પાણી ગરમ થાય તો પણ સપાટી ઉપર જ, અંદર તો ઠંડીની ઠંડી જ હોય છે તેમ બાહ્ય વિષયના સંપર્કથી મિથ્યા દૃષ્ટિને સુખ લાગતું હોય તો તે માત્ર સપાટીની ગરમી જેવું, પણ અંદર તો ભારોભાર દુઃખ જ હોય. અંધ પુરુષ જેમ દર્શનસુખ અનુભવતો નથી તેમ ગાઢ મિથ્યાત્વથી અંધ હોય તે પણ સુખચેન અનુભવી શકતો નથી, કારણ કે એને અનંતાનુબંધીના ઉદયથી તૃષ્ણાની પીડા જ ભયંકર હોય છે. વળી મિથ્યાદષ્ટિનું જ્ઞાન પણ અજ્ઞાનરૂપ હોવાથી એ અજ્ઞાન મૂર્તિને અજ્ઞાન જનિત દુખાનુભવ જ હોય, સુખનું તો વળી નામ-નિશાન ક્યાંથી હોય ?

સમ્યગ્દષ્ટિ જીવને આત્મસ્વભાવના નિર્મળ દર્શનથી જે અંતરંગ સુખસંવેદન થાય છે. તે અલૌકિક હોય છે. (જુઓ પૃ. ૧૪૩) વળી તે પરાધીન હોતું નથી, વિષય સુખ કરતાં ચઢીયાતી કક્ષાનું હોય છે, વિષયસંપર્કની એમાં જરૂર પણ રહેતી નથી. પાણી જેમ દૂધમાં ભળી જાય તેમ બાહ્યવિષયસુખ અંતરંગસુખના પ્રવાહમાં ભળી જાય છે. આવા સુખનું ટીપું પણ મિથ્યાદષ્ટિને હોતું નથી. દૃષ્ટિ જ જો તિમિરનાશક હોય તો પછી જેમ દીવાની જરૂર રહેતી નથી, તેમ નિરુપાધિકભાવથી આત્મા જ સ્વયં સુખરૂપે પરિણમ્યા પછી બાહ્યવિષયસંપર્કની પણ કોઈ જરૂર રહેતી નથી. આવા અંતરંગ સુખની પ્રાપ્તિમાં આજ્ઞાયોગ મહત્ત્વનું સાધન છે.

### (અભિગ્રહ પાલનની આવશ્યકતા)

આજ્ઞાયોગમાં અવિરત પ્રવૃત્ત રહેવા માટે તીવ્ર અભિગ્રહોનું પાલન ખાસ જરૂરી છે. મુમુક્ષુઓને ક્ષણવાર પણ અભિગ્રહ વિના રહેવું ઇચ્છનીય નથી. અભિગ્રહો એ અપ્રમત્તદશાની કેળવણી છે. લેવા કરતાં પણ તેનું પાલન વધુ કઠિન છે. "વૃષ્ટિ થાય તો મારે ઉપવાસ કરવો" આવો અભિગ્રહ લીધા પછી વૃષ્ટિ કદાચ ન થાય અને ઉપવાસ ન કરવો પડે તો પણ તે કરવા માટેની તૈયારી સતત હોવાથી નિર્જરાલાભ અખંડિત રહે છે. ગ્રન્થકારે આ સંબંધમાં અભિનવ શ્રેષ્ઠી અને જીરણશેઠનો દાખલો ટાંક્યો છે. જીરણશેઠની તીવ્ર ઝંખના હતી કે પ્રભુ મારે ત્યાં પધારીને પારણું કરે પરંતુ ભગવાન મહાવીરે ચોમાસી તપનું પારણું અભિનવશેઠને ત્યાં કર્યું. ત્યારબાદ જ્યારે કેવલીભગવંત ગામમાં પધાર્યા અને લોકોએ પૂછ્યું કે આ નગરમાં કોણ કૃતપુણ્ય છે ? ત્યારે જીરણશેઠનું નામ કેવલીએ દીધું,

કારણકે પ્રભુ પધાર્યા નહીં છતાં પણ પારણા સંબંધી પોતાની ભાવના તીવ્ર હતી. ગ્રન્થકારે એ ભાવના-મનોરથને જ અભિગ્રહ રૂપ જણાવ્યો છે. પચ્ચક્ખાણ ન કર્યા હોવા છતાં પણ એ અભિગ્રહ જ હતો એ દર્શાવવા માટે ઇચ્છા, પ્રવૃત્તિ, સ્થૈર્ય અને સિદ્ધિ આવા અભિગ્રહના ચાર ભેદો જણાવ્યા છે. અહીં તીવ્ર ઇચ્છારૂપ અભિગ્રહ હોવાનું સ્પષ્ટ છે.

યામુન રાજર્ષિના દૃષ્ટાન્ત (પૃ. ૧૫૨)થી જણાવ્યું છે કે આ અભિગ્રહો ભારે ખતરનાક પાપોનો પણ અંત લાવનાર છે. કષાયથી પાપકર્મોની બંધસ્થિતિ દીર્ઘ અને તીવ્ર રસવાળી બંધાય છે પણ શુભ ભાવરૂપ અભિગ્રહો તેને તોડી નાંખવામાં ઘણના ઘાનું કામ કરે છે.

## (ઉપદેશની યથાસ્થાન ઉપયોગિતા)

ઉપદેશ સર્વત્ર ઉપયોગી હોતો નથી. તીવ્રવેગે ભમી રહેલા દંડથી ઘુમાવવાનો કાંઈ અર્થ નથી તેમ જેઓના કર્મનિર્જરાના ચક્રો તીવ્રગતિથી ઘુમી રહ્યા છે તેઓને ઉપદેશ દેવાની ચેષ્ટા તો હાસ્યાસ્પદ છે. ઉપદેશ તો જેઓ હજુ ધર્મમાર્ગે ગતિશૂન્ય છે તેઓને તથા જેઓ મંદગતિવાળા છે તેઓની તીવ્ર પ્રગતિ કરાવવા માટે અથવા જ્યાં છે ત્યાંથી નીચે ન પડે-સ્થિર રહે તે માટે ઉપયોગી છે. વળી વગર ઉપદેશે પણ ઘણા આત્માઓ ધર્મમાર્ગે પ્રગતિ કરતા હોય છે, પણ એનો અર્થ એ નથી કે ઉપદેશ નકામો છે. અર્થાત્ ઉપદેશની કારણતામાં કોઈ વ્યભિચાર શંકા ઉઠાવે તો તેનું અહીં સુંદર સમાધાન આપ્યું છે. દંડવિના પણ ચક્ર ફેરવી શકાય છે એટલા માત્રથી 'દંડ ઘટનું કારણ નથી' એમ કહી શકાય નહીં. ચક્ર ઘૂમાવનાર વાયુ આદિમાં સાધારણ દંડત્વજાતિ માનવાવાળાનું અહીં ખંડન કરવામાં આવ્યું છે, કારણકે એમાં પ્રત્યક્ષબાધ-સાંકર્ય વગેરે દોષ ઊભા થાય છે. (જુઓ પૃ. ૧૫૯)

## (ગુણદોષના વિચારથી તાત્ત્વિક નિવૃત્તિ)

નિવૃત્તિનું તાત્ત્વિક સ્વરૂપ ગાથા ૮૨માં દેખાડતા કહ્યું છે કે જ્ઞાન-દર્શનથી યુક્ત હોય અને ભાવિકર્તવ્ય વિષે સાવધાન હોય, ગુણદોષના અલ્પબહુત્વ વિષે સભાન હોય ત્યારે પાપોથી તાત્ત્વિક નિવૃત્તિ થાય છે. ગુણદોષના અલ્પબહુત્વ વિષે સભાનતાનું તાત્પર્ય એ છે કે—પૂર્વ સંચિત દુષ્કર્મોના ક્ષય વિના તો છૂટકારો જ નથી હવે એ ઉદયમાં આવે ત્યારે ઘોર ઉપસર્ગો અને આપત્તિઓ આવીને ઊભી રહે ત્યારે શું કરવું ? ગ્રન્થકાર કહે છે કે જો એની સામે ઝઝુમવાની શક્તિ હોય તો ઝુકી જવાની કાંઈ જરૂર નથી, તેને બરોબર સહી લેવાથી અપાર કર્મનિર્જરા થાય છે. જો સંઘયણ બળ આદિના અભાવે સંઘર્ષશક્તિ ન હોય તો શાસ્ત્રોક્ત વિધિપૂર્વક રોગ વિગેરેમાં ચિકિત્સા કરી લેવી જોઈએ જેથી સંયમ યોગો સીદાય નહીં, આર્ત્તધ્યાનમાં પડાય નહીં. પુષ્ટ કારણો હોય ત્યારે અપવાદ માર્ગનું સેવન પણ નિર્જરા ફલક જ હોય છે. અપુષ્ટ આલંબને અપવાદ માર્ગનું સેવન કર્મબંધ ફલક થાય છે. પુષ્ટ

અને અપુષ્ટ આલંબનનો વિવેક ગુણ સ્થાન પરિણામ પ્રભાવે જીવને પ્રાયઃ સ્વતઃ પ્રાદુર્ભૂત થાય છે. તેના કારણે અનાભોગ પણ મુનિને માર્ગાનુસરણમાં બાધક બનતો નથી. ગાઢ કષ્ટો આવે તો પણ પ્રાયઃ મુનિઓ પોતાની શક્તિ ગોપવતા નથી. પ્રતિકૂળ સંયોગોમાં બાહ્ય ક્રિયાઓનું પાલન કદાચ શિથિલ થઈ જાય તો પણ અભ્યંતર ભાવ ટકી રહે છે. પ્રતિકૂળ સંયોગોમાં ભાવ ટકાવી રાખવા એ ઘણું જ દુષ્કર છે.

**(ઉત્તમ ચારિત્ર વર્ત્તમાનકાળે વિદ્યમાન)**

શું આવું ઉત્તમ ચારિત્ર વર્તમાન કાળે હોતું હશે ? આવી શંકા ઘણાને મુંઝવે છે. ત્યારે ઉત્તમ ચારિત્ર પાળનારા સાધુઓ આજે પણ છે-આવી દૃઢ શ્રદ્ધા ઉપા૦ યશોવિજય મહારાજે ગાથા ૯૧માં વ્યક્ત કરી છે. વર્ત્તમાન કાળમાં સાધુધર્મના અસ્તિત્વમાં વિશ્વાસ ગુમાવી બેઠેલા અને ઉન્માર્ગની નિકટ જઈ રહેલા ઘણાં ભવ્યાત્માઓને આમાંથી ઘણું ઘણું સમજવા મળે એવું છે. કુશંકાઓ ટાળી શકાય તેમ છે. દરેક સાધુઓને વ્હેમ અને અવિશ્વાસની દૃષ્ટિથી જોનારાઓ માટે શ્રી ઉપાધ્યાયજી મહારાજની આ ગાથા લાલબત્તી સમાન છે. સંભવ છે કે તે મુનિઓની ક્યાંક સ્ખલના પણ થતી હોય કિંતુ સુયોગ્ય સાધુઓ એવા કદાગ્રહી હોતા નથી કે તેઓની ભૂલ કોઈ યોગ્ય વ્યક્તિ દેખાડે તો તેનો સ્વીકાર કરવાને બદલે બચાવ જ કર્યા કરે. જેઓ ખરેખર કદાગ્રહી હોય છે તેઓ તો ભારેકર્મીપણાને કારણે, જે કરવાનું છે એ છોડી દઈ તુચ્છ સ્વકલ્પિત બાહ્ય યોગમાં જ રાચે માચે છે તેઓ તો દયાપાત્ર છે. એ અજ્ઞાનીઓ 'અમે કઠોર ચારિત્રનું પાલન કરનારા' એવા મિથ્યાભિમાનમાં સત્ત્વહીનપણે ઉન્મત્તની જેમ ડગલે ને પગલે ઠોકર ખાઈને પડતા હોય છે. ઉત્સૂત્ર ભાષણના કટુવિપાકથી તેઓ ગભરાતા હોતા નથી. વળી જે **મધ્યમ લોકોને એવી તત્ત્વ દૃષ્ટિ હોતી નથી, માત્ર બહારના ભપકાથી અંજાઈ જાય છે તેવાઓને ભેગા કરીને ભરમાવવા માટે સુસાધુઓની નિંદા એજ કદાગ્રહીઓની જીવિકા બની જાય છે.** ઉપદેશ દેવાની તેવાઓને ઘેલછા તો ઘણી હોય છે પણ **સૂત્રકૃતાંગ**માં એના માટે શું વિધાન છે તે જાણવાની તો ફુરસદ જ ક્યાંથી હોય ? !! મહાપાપની ભાગીદારી કેવળ એમના નસીબમાં હોય છે. ઉપાધ્યાયજી મહારાજે સૂત્રકૃતાંગનો એ સમસ્ત વિધિ અહીં ટીકામાં ઉદ્ધૃત કર્યો છે. જે દરેક ઉપદેશક માટે અવશ્ય જ્ઞાતવ્ય છે. આ પ્રકરણમાં એક વિશેષ સ્પષ્ટતા એ દર્શાવી છે કે અનેકાન્તવાદના બોધ વગરનું સમ્યક્ત્વ દ્રવ્યસમ્યક્ત્વ છે. (જુઓ પૃ. ૧૮૮).

**(સમ્યગ્દર્શનનાં પ્રાણ સ્યાદ્વાદ)**

સ્યાદ્વાદ બોધને સમ્યક્ત્વના બીજ રૂપે ઓળખાવ્યો છે. સ્યાદ્વાદ જ સમ્યગ્દર્શનના પ્રાણ છે. સૂત્રાકૃતાંગના અનાચાર શ્રુત અધ્યયનની ગાથાઓ ઉદ્ધૃત કરીને એકાન્તપ્રરૂપણા

ટાળવા માટે મહત્ત્વનું માર્ગદર્શન પુરું પાડ્યું છે. સ્યાદ્વાદ એ જ જિન પ્રવચનનો સાર છે. એના બોધ વિના ચારિત્રને પણ અહીં અસાર કહી દીધું છે. (જુઓ પૃ. ૧૯૭) આચારાંગ ના 'જં સમ્મં...' સૂત્રથી અભિવ્યક્ત સમ્યક્ત્વ અને સાધુતાના એકીકરણમાં પણ ઉપાધ્યાયજીએ સાધુતા એટલે 'સ્યાદ્વાદ-પરિકર્મિત બુદ્ધિ જનિત તીવ્ર રુચિવિષયભૂત આત્મામાં રમણતા' આવો અર્થ કરી સ્યાદ્વાદની મહત્તા સ્થાપિત કરી છે. આવા સ્યાદ્વાદને ન જાણનારા અગીતાર્થ ઉપદેશકોની ચેષ્ટાને અહીં સાફ શબ્દોમાં નાટ્યચેષ્ટા સાથે સરખાવી દીધી છે. (જુઓ પૃ. ૨૦૦) એ જ રીતે સાધુએ ગુરુકુલવાસ ત્યજી દીધા પછી તેની નિર્દોષ ભિક્ષાવૃત્તિનું પણ કાંઈ મહત્ત્વ અંકાતું નથી.

સાધુઓ માટે અવસરોચિત કૃત્યોની પ્રધાનતા છે. અનવસરે કરાતો ઉપવાસ પણ સારો નથી કારણ કે સાધારણ રીતે તો ઉપવાસ આઠમ-ચૌદશ વગેરે પર્વદિનોનું વિશેષ કર્ત્તવ્ય છે. જ્યારે એકાશન એ નિત્ય કર્તવ્ય છે. શ્લો. ૧૦૭-૮ માં આની સુંદર છણાવટ કરી છે.

ક્રિયાનો ઉત્કર્ષ શ્રદ્ધાની તીવ્રતા પર અવલંબિત છે. ગુણદોષના લાઘવ-ગૌરવને બરાબર જાણીને સંસાર પર વૈરાગ્ય ભાવ રાખી સ્વાધ્યાયાદિમાં લાગી જવાથી શ્રદ્ધા તીવ્ર બને છે, વળી એ તીવ્ર શ્રદ્ધાથી જ્ઞાનાવરણાદિ કર્મનો વિશિષ્ટ ક્ષયોપશમ થાય છે. આ રીતે જ્ઞાન-શ્રદ્ધા અને ક્રિયાની અન્યોન્ય પુષ્ટિ થવાથી પાપબંધ અટકી જતાં ક્રમે કરી જીવ પરમપદને પ્રાપ્ત કરે છે. પણ ક્યારેક વચમાં નડતર રૂપે નિકાચિત પાપ કર્મનો ઉદય આવી જાય તો **સ્કંદક** આચાર્યની જેમ પતન પણ થાય છે. પણ બધાને એવું થતું નથી. આ સ્થળે પાપબંધ અટકી જવાની વાતના સંબંધમાં ગ્રન્થકારે પતંજલી વગેરેનો કહેલો **અકરણનિયમ** યાદ કર્યો છે. વળી તેના સમર્થનમાં ગ્રન્થકારે એક વાત બહુ સારી સ્પષ્ટ કરી છે કે અન્ય મતમાં પણ જે યુક્તિયુક્ત કથન હોય, જૈન શાસ્ત્રો સાથે એકલા અર્થથી અથવા સૂત્રાર્થ ઉભયથી મળતું આવતું હોય તે જરાય અયુક્ત માનવું નહીં. આ રીતે યુક્તિયુક્ત હોવા છતાં 'આ તો બીજાએ કહેલું છે' એમ કહીને તેના પર દ્વેષ વ્યક્ત કરે અથવા એકાન્તવાદનો ભય કોઈ પ્રદર્શિત કરે તો ગ્રન્થકારે તેમાં અજ્ઞાનનો મહિમા જાહેર કર્યો છે. (જુઓ શ્લો.૧૧૨).

### (અકરણનિયમ : પ્રારંભ અને પરાકાષ્ટા)

અકરણ નિયમ એટલે પાપમાં પુનઃ પ્રવૃત્તિનો ઉચ્છેદ. દેશવિરતિ ગુણ સ્થાનકે તેનો પ્રારંભ જણાવાયો છે. ભાવ સાધુઓએ સમસ્ત પાપ ત્યાગની પ્રતિજ્ઞા કરી હોવાથી તેઓનો અકરણ નિયમ વિશિષ્ટ કોટિનો હોય છે. ક્ષપક શ્રેણિમાં મોહનીયના ક્ષય પછી આ અકરણ નિયમ પરાકાષ્ટાએ પહોંચે છે, તેના પ્રભાવે વીતરાગના જીવનમાં કોઈ પણ નિંદ્ય પ્રવૃત્તિને લેશ પણ પ્રવેશ મળતો નથી. રાગદ્વેષ ગર્ભિત પ્રવૃત્તિ જ નિંદ્ય છે. વીતરાગને રાગ-દ્વેષ ન

હોવાથી નિંદ્ય પ્રવૃત્તિ ક્યાંથી હોય ? આ તબક્કે રાગ-દ્વેષના અભાવમાં અપ્રમત્તથી માંડી સયોગી કેવલી સુધી કેવળ યોગ જન્ય તમામ પ્રવૃત્તિઓની નિર્દોષતા ઘણા વિસ્તારથી સિદ્ધ કરવામાં આવી છે, જેમાં કલ્પભાષ્યમાં વસ્ત્રછેદન ક્રિયાને ઉદ્દેશીને આલેખાયેલ સમસ્ત વાદસ્થળનો અહીં સમાવેશ કર્યો છે. એમાં હિંસાને લગતી દ્રવ્ય-ભાવની ચતુર્ભંગી મનનીય છે. 'અકરણનિયમ માત્ર ક્ષીણમોહીને જ હોય, એથી નીચે ન હોય' આ શંકાનું સુંદર સમાધાન શ્લો. ૧૧૮માં રજુ કર્યું છે. આ પ્રસંગે કલ્પભાષ્યની ગાથાઓને અનુસરીને કર્મબંધની વિચિત્રતાના કારણો ઉપર સુંદર મીમાંસા રજુ કરવામાં આવી છે. 'અપવાદ પદે થતી વિરાધના નિર્જરાહેતુ થાય છે' એ મહત્ત્વની બાબતનું ઉપાધ્યાયજીએ અહીં સ્મરણ કરાવ્યું છે.

'ભાવરહિત કેવળ દ્રવ્ય હિંસા ગર્હણીય નથી અને ક્ષીણમોહીને સંજ્વલન ઉદય ન હોવાથી કાંઈ નિંદ્ય હોતું નથી' એની સામે એક પ્રશ્ન ઉપસ્થિત થયો કે કેવળ દ્રવ્ય હિંસા તત્વતઃ ગર્હણીય ન હોવા છતાં પણ લોકમાં ગર્હણીય છે તેનું કેમ ? એના ઉત્તરમાં ગ્રન્થકારે જણાવ્યું કે શિષ્ટ લોકો ક્યારેય એની નિંદા કરતા નથી કારણ કે સામાયિક ઉચિત પ્રવૃત્તિથી ઓતપ્રોત હોય છે. જેનું પચ્ચક્ખાણ કર્યું હોય તેનો ભંગ ગર્હણીય છે. ક્ષીણમોહને દ્રવ્ય હિંસામાં તે હોતો નથી, બાકી અશિષ્ટ લોકો નિંદા કરે તો તેની કોઈ કીમત નથી. કારણ શિષ્ટ બાહ્ય બ્રાહ્મણો કે દિગંબરો પોતપોતાની માન્યતા મુજબના વીતરાગ દેવ ન હોવાથી તેમની ઘણી નિંદા કરે છે પણ તે તો સારહીન છે. કોઈપણ જાતના અભિનિવેશ વિના શ્રી ઉપાધ્યાયજી મહારાજે ભારપૂર્વક ઘોષણા કરી છે કે લાખો પ્રયત્ન કરવા છતાં પણ જિન વચનને અસત્ય ઠરાવી શકાતું નથી. (જુઓ પૃ. ૨૩૭).

**(યતના, ઉત્સર્ગ-અપવાદ, પ્રતિસેવા આદિ)**

અકરણનિયમના પ્રકરણનો ઉપસંહાર કરીને ગ્રન્થકારે એના અભ્યાસ માટે ઉપદેશ કરતાં જણાવ્યું છે કે જયણાથી વર્તતા ભાવસાધુઓને આ કાળે પણ તેનો અભ્યાસ ઉચિત છે. આ પ્રસંગે યતનાનું લક્ષણ કર્યું છે-આપત્કાળે બહુતર અસત્પ્રવૃત્તિ નિવારક આજ્ઞાનુસારી ચેષ્ટા એજ યતના છે. અમુક વિષયમાં અમુક પ્રકારની જયણા પાળવાની જરૂર છે-આવું જ્ઞાન પણ શાસ્ત્રાભ્યાસીને દુર્લભ નથી. જે વિષયમાં જયણાથી અપવાદ સેવાય છે તે વિષય ઉત્સર્ગમાર્ગે તો નિષિદ્ધ જ હોય છે. એટલે એનાથી એ ફલિત થાય છે કે જૈન મતમાં એકાન્તે ન તો કોઈ નિષેધ છે કે ન તો વિધાન છે. આ સ્થળે ગ્રન્થકારે દર્પિક-કલ્પિક, પ્રતિસેવાના આ બે વિભાગની સુંદર રજુઆત કરી છે. (પૃ-૨૪૫) મૈથુનમાં કલ્પિક પ્રતિસેવા ન હોવાથી ઉત્સર્ગઅપવાદની સર્વવ્યાપકતામાં બાધ આવવાની શંકાનું પણ સુંદર સમાધાન જણાવ્યું છે.

આ સ્થળે 'મૈથુનપ્રવૃત્તિ સર્વથા નિર્દોષ હોતી જ નથી' આ બાબત ખૂબ જ ભારપૂર્વક રજુ કરી છે. (પૃ. ૨૪૬) મૈથુનમાં એકાન્તે નિષેધ હોય તો ઉત્સર્ગ અને અપવાદની વ્યાપકતાના ભંગની ઉઠાવાયેલી આપત્તિને ગ્રંથકારે વધાવી જ લીધી છે. અન્ય બાબતોમાં પ્રાયશ્ચિત્ત ન આવે તેવું અપવાદ પદ હોય છે જ્યારે મૈથુનમાં એવું અપવાદપદ છે કે જેમાં પ્રાયશ્ચિત્ત આવે જ. એટલે એ વિષયમાં સૂત્રે ક્યાંય પણ અનુજ્ઞા આપતું વિધાન કર્યું નથી. (પૃ. ૨૪૯)

શાસ્ત્રોક્ત વિધાન કોને કહેવાય ? આ પ્રશ્નનું શ્લો. ૧૩૩માં સુંદર સમાધાન કર્યું છે કે-દોષાનુબંધી ન હોવા સાથે હિતકર પ્રવૃત્તિમાં પ્રવર્ત્તક હોય તેમ જ. અર્થતઃ જેની સાથે નિષેધ પણ સંકળાયેલો હોય જ તે સૂત્રોક્ત વિધાન કહેવાય. આવું ન હોય તે ઉત્સૂત્ર વિધાનરૂપે ફલિત થાય છે. આ પ્રસંગે ગ્રન્થકારે ઉત્સર્ગાદિ છ પ્રકારના સૂત્રોનો ઉપન્યાસ કરી તેના અલૌકિક પ્રામાણ્યને છતું કર્યું છે. તે સાથે જણાવી દીધું છે કે રાગદ્વેષગર્ભિત અનુષ્ઠાન નિર્દોષ હોઈ શકતું નથી, તે છતાં પણ જયણાનું પાલન થયું હોય તો પ્રાયશ્ચિત્ત ઘણું અલ્પ આવે છે.

મૈથુનના એકાન્તે નિષેધમાં ઉત્સર્ગાપવાદની તુલ્ય સંખ્યાની અનુપપત્તિની આશંકા ટાળવા ગ્રંથકારે જણાવ્યું છે કે યતના વગર મૈથુન સેવનમાં જે પ્રાયશ્ચિત્ત આવે તેના કરતાં જુદા જ પ્રકારનું પ્રાયશ્ચિત્ત યતનાના સ્થળે પ્રાપ્ત થતું હોવાથી યતનાસ્થલીય મૈથુન કિંચિત્ અપવાદરૂપ થઈ જવાથી ઊંચા-નીચાની જેમ ઉત્સર્ગ અને અપવાદની તુલ્ય સંખ્યા સંગત થાય છે. અને આ પ્રકારના તાત્પર્યમાં જ 'जावइया उस्सग्गा'૦ એ સૂત્રથી ઉત્સર્ગ-અપવાદની અન્યોન્ય વ્યાપકતા દર્શાવી હોવાનું સિદ્ધ થાય છે. અનુકૂળ દ્રવ્યક્ષેત્રાદિમાં ઉત્સર્ગનું પાલન અને પ્રતિકૂળ દ્રવ્યાદિમાં અપવાદસેવન સ્વસ્વસ્થાને ઉચિત છે. એટલે જ જિનેશ્વરદેવે એકાન્તે ક્યાંય પણ કશાનું વિધાન કે નિષેધ નહીં કરતા પ્રયોજનાનુસાર નિર્દંભપણે ઉત્સર્ગ-અપવાદના પાલનનો ઉપદેશ કર્યો છે. (જુઓ પૃ. ૨૫૫-૨૫૬)

મોક્ષના યોગો-ઉપાયો અસંખ્ય હોવાથી એક-એકનું પ્રતિપાદન કરવા જાય તો ક્યારે પાર આવે ? એટલે 'રોગ ટાળે તે ઔષધ' એ ન્યાયે મોક્ષોપાયનું સામાન્ય લક્ષણ જણાવી દીધું છે કે જેનાથી દોષનો નિરોધ થાય અને પૂર્વસંચિત કર્મની નિર્જરા થાય તે બધા ય મોક્ષોપાયરૂપ છે. (પૃ. ૨૫૬-૨૫૭) કોઈ એવી શંકા કરે કે ઉત્સર્ગ-અપવાદભાવે શાસ્ત્રવચનોની વ્યવસ્થા કરીને પણ જો વિરોધ પરિહાર શક્ય હોય તો પછી જૈનેતર વેદાદિ શાસ્ત્રોમાં પણ તે શક્ય હોવાથી આપવાદિક યજ્ઞીયહિંસાના વિધાનો પણ પ્રમાણભૂત થઈ જશે-તો આવી શંકાનો સચોટ રદીયો આપતા ગ્રન્થકારે સાફ જણાવી દીધું છે કે જૈનવચનોમાં જે રીતે સ્વસ્વ ઉચિત સ્થાને ઉત્સર્ગ અને અપવાદને રજુ કરાયા છે તે પ્રમાણે વેદાદિ

વચનોમાં રજુઆત ન હોવાથી, ત્યાં તો વિના પ્રયોજન હિંસાદિના વિધાનો હોવાથી જૈન અને જૈનેતર વેદાદિ વચનોમાં ધરતીને આકાશ જેટલું અંતર છે. (પૃ. ૨૫૮) વળી જૈનશાસ્ત્રોમાં અપવાદસ્થાને જે જયણા દર્શાવી છે તેની તો ગંધ પણ વૈદિક વચનોમાં છે નહીં.

## (આચરણાનું પણ આજ્ઞાવત્ પ્રામાણ્ય)

જયણા પણ આજ્ઞાનુસારી હોય તે પ્રમાણ, તો આચરણા મુજબની જયણા પ્રમાણ ખરી કે નહીં ? તેના ઉત્તરમાં ગ્રન્થકારે જણાવ્યું છે કે અવિરુદ્ધ આચરણા આજ્ઞામય જ છે અર્થાત્ પ્રમાણ છે, પરંતુ આચરણાના નામે દુઃષમકાળ વગેરેના બહાના કાઢીને પોતાના પ્રમાદાચરણને માર્ગરૂપે જાહેર કરનારા અસંવિગ્નજનોની આચરણા પ્રમાણભૂત નથી. (પૃ. ૨૬૩) ભાદરવા સુદ ચોથની સંવત્સરીની જેમ અશઠપણે સવિગ્નગીતાર્થ પુરુષે મૂલોત્તરગુણ વિરોધી ન હોય તેવી જે આચારણા પ્રવર્ત્તાવી હોય તેમજ અન્ય તેવા જ ગીતાર્થોએ તેનું નિવારણ નહીં કરતાં સમર્થન કર્યું હોય તે જ આચરણા અવિરુદ્ધ અર્થાત્ પ્રમાણભૂત કહી શકાય. આ પ્રસંગે ગ્રન્થકારે સ્વપક્ષી પણ મસ્તકમુંડોથી ચેતતા રહેવા ખાસ ભલામણ કરી છે.

જિનવચનથી ઉલટા ચાલનારાઓ પ્રત્યે પણ ગ્રન્થકારે દ્વેષ ન રાખવા જણાવ્યું છે- તેમને જોતાં વેંતજ ઊકળી ઊઠવું, એમની કોઈ પ્રશંસા આદિની વાત સહન ન થવી કે પછી એની નિંદાટીકા કરવી-ઈત્યાદિમાં અરુચિ દર્શાવીને એ બાબતમાં નહીં ઉતરવાની પૂ. ઉપા. મહારાજની સલાહ વર્ત્તમાનમાં ખાસ ધ્યાન દેવા યોગ્ય કહેવાય. (જુઓ. પૃ. ૨૬૫) અસંવિગ્નો સાથે રહેવામાં ભયસ્થાનો તો ઘણા જ છે કિંતુ એવાની સાથે રહેવું જ પડે એવા સંયોગો ઊભા થયા હોય ત્યારે શી રીતે રહેવું તેનું ગ્રન્થકારે ખુબ જ સચોટ અને સુંદર માર્ગદર્શન પુરું પાડ્યું છે જે આજે આંતરિક મુંઝવણ અનુભવતા સંયમના ખપી સંવિગ્ન સાધુઓને માટે ઘણું કીમતી છે. (પૃ. ૨૬૭)

શ્લો. ૧૫૦થી ગ્રન્થકારે 'સદ્‌ગુરુ' તત્ત્વની મીમાંસાનું પ્રકરણ શરૂ કર્યું છે. ઉત્સર્ગાપવાદ જ્ઞાતા હોય, ક્રિયોદ્યમી હોય, પ્રવચનનો દૃઢ અનુરાગ હોય, સ્વ સમય પ્રજ્ઞાપક હોય, પરિણત હોય અને પ્રજ્ઞાવાન્ હોય તેને સદ્‌ગુરુ ગણાવ્યા છે. આ ગુણોથી વિયુક્ત હોવા છતાં ગુરુ તરીકે પ્રસિદ્ધ થયેલાની ગ્રન્થકારે સખત રીતે ઝાટકણી કાઢી છે. (પૃ. ૨૭૨) **ઉપદેશ માળા** અને **સમ્મતિ** ગ્રન્થના આધારે સ્પષ્ટ જણાવી દીધું છે કે જે શાસ્ત્રથી પરિણત ન હોય તે ગમે એવો હોય તો પણ સિદ્ધાન્તનો દુશ્મન છે. (પૃ. ૨૭૩). બીજી બાજુ ઉપરોક્ત ગુણયુક્ત સદ્‌ગુરુની સેવાથી થતા સૂત્રાર્થ પ્રાપ્તિના લાભ દ્વારા આજ્ઞાયોગની પ્રાપ્તિ પણ વખાણી છે. અહીં એમને સૂત્ર કરતાં પણ અર્થના મહત્ત્વ ઉપર વધુ ભાર મૂક્યો છે. વળી સૂત્રના ખરા અર્થની સ્પષ્ટતા માટે પદાર્થ-વાક્યાર્થ-મહાવાક્યાર્થ અને ઐદમ્પર્યાર્થ આ

ચાર અર્થનું સુંદર સ્પષ્ટીકરણ **ઉપદેશપદ** અને **ષોડશક** ગ્રન્થના આધારે વિસ્તારથી જણાવ્યું છે. (પૃ. ૨૭૮-૨૮૭). એમાં અંતે **'આજ્ઞા એ જ સાર છે'** આ નવનીત તારવી બતાવ્યું છે.

ઉપરોક્ત ચાર પ્રકારના અર્થથી બોધની પરિપૂર્ણતા થવાનું જણાવતાં ગ્રન્થકારે શ્રુતજ્ઞાન-ચિંતાજ્ઞાન અને ભાવના જ્ઞાન આ ત્રણ ઉપર સુંદર પ્રકાશ પાથર્યો છે. પદાર્થાદિ ક્રમ કલ્પિત હોવાની આનુષંગિક શંકાઓનું સરસ નિરાકરણ રજુ કર્યું છે. (પૃ. ૨૮૮-૨૯૫) ધર્મના જ્ઞાની ઉપાસકો અત્યલ્પ હોવાથી એની લઘુતા થવાની શંકાના ઉત્તરમાં જણાવાયું છે કે ખરેખર તો ઘણું કાર્ય ધર્મથી જ સિદ્ધ થતું હોવાથી **ધર્મ જ બહુપરિગૃહીત છે.** આ હકીકતનું અહીં સુંદર ઉપપાદન કર્યું છે. (પૃ. ૨૯૭) ધર્મની આરાધનાથી શીઘ્ર મુક્તિપ્રયાણ થાય છે માટે તેમાં સદા અપ્રમત્ત બનવું ખૂબ જરૂરી છે આમ જણાવીને ગ્રન્થકારે અપ્રમાદ કેળવવા પર ઘણો ભાર મૂક્યો છે. (પૃ. ૩૦૦)

### (તથાભવ્યત્વમૂલક કાર્યવૈચિત્ર્ય)

ધર્માનુષ્ઠાનના વિષયમાં જુદા જુદા મતની યોગ્યાયોગ્યતા પરના વિચારમાં ગ્રન્થકારે 'તથાભવ્યત્વ' પદાર્થ ઉપર ખુબજ સુંદર પ્રકાશ પાથર્યો છે. (ઉપદેશ ૪૧) ભાવભેદથી વિચિત્ર ફલ પ્રાપ્તિના પ્રધાન હેતુરૂપે ગ્રન્થકારે તથાભવ્યત્વનું સમર્થન કર્યું છે. તથાભવ્યત્વ એ સ્વભાવવૈચિત્ર્યરૂપ છે અને એના કારણે જ જુદા જુદા જીવોના જુદા કાળે મોક્ષગમન આદિની ઉપપત્તિ થવાનું દર્શાવ્યું છે. જિનસિદ્ધ-અજિનસિદ્ધ આદિ ભેદો પણ તથાભવ્યત્વમૂલક જ છે - આ હકીકતના ભારપૂર્વક સમર્થનમાં ગ્રન્થકારે વિશેષતઃ કાર્યકારણભાવનું વિસ્તારથી સમર્થન કર્યું છે. તથાભવ્યત્વનું એ રીતે સમર્થન કર્યા પછી પણ સમુદયવાદ ગૌણ ન બને તે માટે ગ્રન્થકારે પુનઃ પુરુષાર્થ પર ભાર મૂક્યો છે. (પૃ. ૩૧૭)

પુરુષાર્થ પણ, માત્ર બહિરંગ નહીં પણ અંતરંગ પણ હોવો જોઈએ એ બતાવતા ગ્રન્થકારે અંતરંગ પ્રયત્નરૂપ અધ્યાત્મધ્યાન યોગને સર્વ શાસ્ત્રના ઉપનિષદ્‌રૂપે નવાજ્યો છે. અધ્યાત્મધ્યાનયોગથી આંતરિક આનંદવૃદ્ધિ ભગવતી સૂત્રના આધારે સુંદર સ્પષ્ટ કરી છે. નિશ્ચયનયથી એવા ઉત્તમ અધ્યાત્મધ્યાનયોગની પ્રાપ્તિનો ઉપાય તદાવરણક્ષયોપશમ છે, કિન્તુ વ્યવહારથી એની પ્રાપ્તિના ઉપાયરૂપે કલ્યાણ મિત્રનો યોગ વગેરે ૧૫ પ્રકારના ઉપાયો દર્શાવવામાં આવ્યા છે અને એ ૧૫ ઉપાયોના વર્ણનમાં (જુઓ ઉપ. ૪૩) ગ્રન્થ સમાપ્ત કરતાં ગ્રન્થકારે અંતિમ ઉપદેશરૂપે વાત્સલ્યગર્ભિતવાણીમાં જણાવ્યું છે કે 'તે તે રીતે વર્ત્તવું કે જેથી શીઘ્ર રાગ-દ્વેષનો વિલય થાય.' તે પછી ગ્રન્થકારે પૂ. ગુરુદેવોની પ્રશસ્તિ રચીને ગ્રન્થ સમાપ્ત કર્યો છે. (ત્યારબાદ પૂ. ઉપા. મહારાજના રચેલા ગ્રન્થોના સંક્ષિપ્ત વિવરણનું પરિશિષ્ટ તથા અધ્યયનોપયોગી અન્ય પરિશિષ્ટો મૂકવામાં આવ્યા છે.)

ટૂંકમાં કહીએ તો પૂ. ઉપા. મહારાજે આ ગ્રન્થની રચના કરીને વર્ત્તમાનકાલીન મોક્ષાર્થી આત્માઓ ઉપર અનહદ ઉપકાર કર્યો છે જે શબ્દાતીત છે.

## (ઉપકાર સ્મૃતિમાલા)

પ્રસ્તુત ગ્રન્થના સંપાદન, ગુર્જર આલેખન, મુદ્રણ, પ્રકાશન આદિ સર્વ કાર્યોમાં કોઈ એક વિશિષ્ટ ઉપકારપરંપરા જો આદિથી અંત સુધી અન્વિત રહી હોય તો તે છે આર્ય દેશભૂષણ-જૈનશાસનશણગાર-અણગારશિરોમણિ ચારિત્રસમ્રાટ સિદ્ધાન્તમહોદધિ કર્મસાહિત્ય નિષ્ણાત સ્વ. વિદ્વત્પૂજ્ય વિબુધવંદ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય **પ્રેમસૂરીશ્વરજી** મહારાજ સાહેબની, જેમની અમીદૃષ્ટિએ હજારો મારા જેવા પાપાત્માઓને પુનિત કર્યા છે, વાત્સલ્યના અમૃતપાન કરાવ્યા છે અને મોક્ષમાર્ગે પ્રગતિ સાધવા માટે જરૂરી બધી જ સામગ્રીની ઉત્તમભેટ આપી ગયા છે. તેઓશ્રીનો જેટલો ઉપકાર માનીએ એટલો ઓછો છે.

એ જ વિરાટ વ્યક્તિત્વની ક્ષિતિજ ઉપર ઉદિત થયેલા, તપ-ત્યાગના તેજથી ઝળહળતા, અનેક ભવ્યાત્માઓની અંતરગુફામાં વ્યાપેલા તિમિરનો ધ્વંસ કરતા, જ્ઞાન-ધ્યાન અને શ્રમણપણાના તેજસ્વી કિરણોથી શોભતા, ભવ્યજીવકમલોનો વિકાસ કરતા ન્યાયવિશારદ ઉગ્રવિહારી પ.પૂ. આચાર્યદેવશ્રીમદ્ વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજ સાહેબે પ્રસ્તુતગ્રન્થના ગુર્જર આલેખનમાં પુનીત પ્રેરણા સાથે બહુમૂલ્ય માર્ગદર્શન કરીને ખરેખર અવિસ્મરણીય અગણિત ઉપકારો કર્યા છે જેનું કોઈ રીતે વળતર પણ વળી શકે તેમ નથી. આ પૂજ્ય ગુરુભગવંતે દીક્ષા-શિક્ષાની ઉત્તમ ભેટ આપી મારા જેવા પામરને આ ગ્રન્થ લેખનમાં પ્રોત્સાહિત કર્યો ન હોત તો મારાથી આ કાર્ય શક્ય બન્યું ન હોત.

આ મહાપુરુષના શિષ્યરત્ન શાંતમૂર્તિ સ્વ. પૂ. ગુરુદેવશ્રી **ધર્મઘોષ વિ.મ.**ને પણ અત્રે અવશ્ય યાદ કરવા જોઈએ જેઓએ ઉત્તમ સાધુતાના અજોડ આદર્શને સ્વાનુભૂતિથી અમારી સમક્ષ ઉપસ્થિત કરી સ્વાધ્યાયમાં વારંવાર શુભ પ્રેરણાઓ પ્રવાહિત કરેલ છે.

આ મહાપુરુષના સંસારી પુત્ર અને સાધુપણામાં શિષ્યપદને અજવાળનાર સકલસંઘમાં બહુશ્રુત-ગીતાર્થ અને અજોડ આમગવેત્તા તરીકે ખ્યાતિપ્રાપ્ત ગાંભીર્યનિધિ સમતાસાગર પ.પૂ. ગુરુદેવપંન્યાસ શ્રીમદ્ **જયઘોષ વિજયમહારાજે** આદિથી અંત સુધી પ્રસ્તુતગ્રન્થ તપાસી આપીને અનેકાનેક સુધારાઓ સૂચિત કરી આ ગ્રન્થરત્નના શુદ્ધિકરણમાં કીમતી સમયનો ભોગ આપીને જે ઉપકાર કર્યો છે તેનું મૂલ્યાંકન થઈ શકે તેમ નથી.

ન્યાયવિદગ્રણી-સ્વાધ્યાયરસિક-નિડરવકતા પ.પૂ.સ્વ. આચાર્ય શ્રીમદ્ **મુક્તિચંદ્રસૂરીશ્વરજી** મ.સા. મુંબઈ-વાલકેશ્વર શ્રીપાલનગરના વ્યાખ્યાનગૃહમાં પાટ પર બિરાજ્યા છે અને ૩.+૨. ની લખેલી ફુલસ્કેપ પાનાની ફાઈલ હાથમાં લઈ ગંભીર નિરીક્ષણ

કરી રહ્યા છે-આ દશ્ય સ્મૃતિપટ પર આજે ઉપસી આવતા મન આનંદવિભોર થઈ રહ્યું છે. ખેદની હકીકત છે કે આ સ્વનિરીક્ષિત ગ્રન્થ મુદ્રિત થયા પછી જોવાને તેઓ આજે આ ધરતી ઉપર ઉપસ્થિત નથી. તે છતાં પણ તેઓએ આ ગ્રન્થને અલ્પાંશે તપાસી આપી જે પ્રોત્સાહનની સરિતા વહેતી કરી તેના પરિણામે આજે આ ગ્રન્થ પલ્લવિત અને પુષ્પિત થયો છે.

ઉદારચરિત-ભગવદ્ભક્તિરસિક-કર્મસાહિત્યાલેખક પ.પૂ. મુનિરાજશ્રી **જયશેખરવિજય** મહારાજે આદિથી અંત સુધી પ્રસ્તુત ગ્રન્થના ગુર્જરાલેખનને તપાસી આપી અનેક સુધારા વધારા આદિ સૂચવીને આ ગ્રન્થની વિશુદ્ધિમાં વધારો કરાવ્યો છે તે પણ સવિશેષ ઉલ્લેખનીય છે. આવો ઉપકાર તેઓશ્રી તરફથી વારંવાર ચાલુ રહે એવી ભાવના વર્તી રહી છે.

પ.પૂ. શાસન સમ્રાટના સમુદાયમાં નામાંકિત વિદ્વદ્રત્ન **પૂ. મુનિરાજશ્રી પ્રદ્યુમ્નવિજય** ગણિવર્યએ આ ગ્રન્થ મુદ્રણમાં અપાયો ત્યારથી માંડીને ખૂબ ઊંડો સ્વરસવાહી ઉત્સાહ દાખવી પ્રુફ સંશોધન અને પરિમાર્જનમાં જે નિઃસ્વાર્થ ફાળો નોંધાવ્યો છે તથા વાચકજશની પ્રસાદી રૂપે ટૂંકા ટૂંકા ચોકઠાઓ ગોઠવી ગ્રન્થની સુંદરતા અને ઉપાદેયતામાં વધારો કર્યો છે તે યાવદ્ ગ્રન્થ નહીં વિસરાય.

હાલ હિંડૌન સીટી (રાજસ્થાન) તરફ વિચરી ત્યાંની પ્રજામાં જૈનધર્મની સુવાસ ફેલાવી રહેલા મુનિરાજશ્રી **ભુવનસુંદર** વિજયજીને ધન્યાવાદ આપીએ એટલા ઓછા છે-જેમણે કુશળતાથી આ ગ્રંથનું લેખન કાર્ય કરી આપી કર્મનિજરા સાથે સુકૃતનું ઉપાર્જન કર્યું છે.

આ ઉપરાંત પ્રત્યક્ષ-પરોક્ષ રીતે જેમણે જેમણે આ ગ્રન્થના ગુર્જર આલેખનમાં સહાય કરી છે તે સૌ ધન્યવાદને પાત્ર છે.

પ્રસ્તુત ગ્રન્થ વિદ્વાનોના હાથમાં આવતાં તેઓને જે કાંઈ ત્રુટિ દેખાય તેનું સંશોધન કરે એવી નમ્ર પ્રાર્થના.

પ્રાન્તે, પ્રસ્તુત ગ્રન્થરત્નના સ્વાધ્યાયથી મોક્ષાર્થી આત્માઓ આત્મશ્રેયમાં પ્રગતિ કરે એજ શુભેચ્છા.

(પહેલી આવૃત્તિમાંથી ઉદ્ધૃત ઉપદેશસાર સમાપ્ત)

**— જયસુંદર વિજય**

અક્ષયતૃતીયા-૨૦૩૮

# શ્રદ્ધાંજલી

(જેઓએ અમારા સંઘમાં ચાતુર્માસ કરી અમોને શાસ્ત્રાભ્યાસમાં રસ લેતા કર્યા, તથા જેમની શાસ્ત્રમુદ્રણની પ્રારંભિક પ્રેરણાના પ્રભાવે પ્રસ્તુત ગ્રન્થના પ્રકાશન માટે અમે કટિબદ્ધ બન્યા તેવા એક સંઘાગ્રણીનો અલ્પ પરિચય-**પ્રકાશકો તરફથી**)

પ.પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય **ધર્મધુરંધર સૂરીશ્વરજી** મ.સા.નો જન્મ વિ.સં. ૧૯૭૫ની સાલમાં ભાવનગર મુકામે થયો હતો. સંવત ૧૯૮૮માં ૧૪ વર્ષની કિશોરવયે દીક્ષા લીધી હતી.

ત્યારબાદ તેઓશ્રીએ વ્યાકરણ-સાહિત્ય-ન્યાય-જ્યોતિષ અને આગમ ગ્રંથોનો સુંદર અભ્યાસ કર્યો હતો.

*પંચ પ્રતિક્રમણ સૂત્ર ઉપર 'પ્રબોધ ટીકા'-'નમસ્કાર સ્વાધ્યાય (પ્રાકૃત-સંસ્કૃત* વિભાગ)', ઉપા. યશો વિજયજીકૃત 'દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ'-વ્યાકરણ ગ્રંથ "શ્રી સિદ્ધ હેમચંદ્ર શબ્દાનુશાસન બૃહદ્વૃત્તિ" આદિ ગ્રંથોના તેઓશ્રી સંપાદક-સંશોધક અથવા અનુવાદક હતા. વ્યાકરણના સૂત્રો ઉપર જ્ઞાન સાથે ગમ્મત પડે તેવું 'લક્ષણ વિલાસ' સાવચૂરિ પુસ્તક, 'શંબલ', 'વિમર્શ', અને 'ઉન્મેષ' આદિ વૈવિધ્યપૂર્ણ વિચારોની નોંધપોથી, આદિ અનેક ગ્રંથોના લેખક હતા. તેઓશ્રી કવિ પણ હતા. ભરહેસર બાહુબલિની સજ્જાયમાં આવેલા સર્વ સતીઓ અને મહાપુરુષોના ચરિત્રકાવ્યોની રચના તેઓશ્રીના 'સ્વાધ્યાય રત્નાવલિ ખંડ-૧-૨' માં જોવા મળે છે. આમ તેઓશ્રીએ શ્રુતજ્ઞાનના ક્ષેત્રમાં મહત્ત્વપૂર્ણ ફાળો નોંધાવ્યો છે.

તેઓશ્રી અતિસહિષ્ણુ અને વૈયાવચ્ચપરાયણ હતા. સંસારી સંબંધે પિતા અને દીક્ષા પર્યાયમાં સ્વગુરુ પ.પૂ. **પં. પુણ્યવિજયજી** મ.સા. ઘણીવાર ગુસ્સે થઈ જતા અને બે કડવાં શબ્દ કહેતા. છતાં પણ તેઓશ્રી પ્રેમાળ રહી, સ્વસ્થ ચિત્તે તેમની સતત સેવા કરતા. સમાજની અગ્રગણ્ય વ્યક્તિ સાથે ચર્ચા કરતા હોય, પરંતુ પૂ. પુણ્યવિજયજી મ.સા. બુમ પાડી બોલાવે કે તરત બધું અધવચ્ચે પડતું મૂકી વૈયાવચ્ચ કરવા ઊભા થઈજતા. આ પ્રસંગ નિહાળતા, માતા પિતાને કાવડમાં બેસાડી જાત્રાએ નિકળેલા શ્રવણકુમારની યાદ આવ્યા વિના રહે નહીં.

તેઓશ્રી 'સવિ જીવકરું શાસન રસિ'ની ભાવનાવાળા હતા. તેથી બાળક કે વૃદ્ધ, ગરીબ કે તવંગર, અભણ કે વિદ્વાન, આસ્તિક કે નાસ્તિક, એમ કોઈ પણ જીવની ઉપેક્ષા કરતાં નહિ અને સર્વે જીવોમાં રહેલ અભેદનું ઔચિત્યપૂર્ણ દર્શન કરતા. પાલિતાણામાં

આઠ વર્ષના બાળકને રોહિણીયા ચોરની વાર્તા કહેવાની શરૂ કરી અને પાંચ જ મિનીટમાં બોરીવલીના અગ્રગણ્ય ટ્રસ્ટી મહત્ત્વના કામે તેઓશ્રીની પાસે આવીને બેઠા. પરંતુ અર્ધોકલાક સુધી લાંબી વાર્તા સંભળાવ્યા બાદ જ તેઓશ્રીએ ટ્રસ્ટી સાથે ચર્ચા શરૂ કરી. આમ તેઓ આબાલવૃદ્ધ દરેકની સાથે સૌમ્ય અને મધુર વ્યવહાર જાળવતા. આજના વિષમકાળમાં આવા પ્રકારની ચિત્તની સ્થિરતાનું દર્શન ખરેખર દુર્લભ છે.

અંતકાળ પર્યન્ત સતત કાર્યરત રહી કેન્સર જેવું અસાધ્ય પીડાકારી દર્દ તેઓશ્રીએ સમતાપૂર્વક સહન કર્યું. આ પરિસ્થિતિ તેઓશ્રીમાં રહેલ વીરતાની સૂચક છે.

તેમજ પાલીતાણામાં આવેલ દેવલોક સમાન કેસરીયાજી વીર પરંપરા મંદિર-જ્ઞાન મંદિર-ઉપાશ્રય, ધર્મશાળા, અને ભોજનશાળા આદિ તેઓશ્રીની ભવ્ય પ્રેરણાના જ્વલંત ઉદાહરણો છે. ઉપર્યુક્ત તેમજ અન્ય પ્રકારે તેઓશ્રીએ શ્રવણ-મનન અને નિદિધ્યાસનપૂર્વક આત્માનો અદ્ભુત ઉત્કર્ષ સાધ્યો હતો. તેઓશ્રી દૃઢ શ્રદ્ધા, પ્રજ્ઞા અને ઉચ્ચતમ ચારિત્રના ઉપાસક હતા.

વિશિષ્ટ સાધુ પર્યાય, અનેકાનેક ઉપકાર અને ઉત્તમ માર્ગદર્શનને કારણે તેઓશ્રીની કીર્તિધ્વજા દીર્ઘકાળ સુધી ફરકતી રહે એ શુભેચ્છા.

અંતે આવા પ્રાતઃસ્મરણીય ગુરુ પ્રતિ અમારા કોટીકોટી વિનમ્ર પ્રણામ—

(પ્રથમ આવૃત્તિમાંથી ઉદ્ધૃત) શ્રી અંધેરી ગુજરાતી જૈન સંઘ વતી

**હર્ષદ સંઘવી**

# मार्ग मंजुषानी चावी

## આલેખક-પૂ. મુનિરાજશ્રી પ્રદ્યુમ્ન વિજય ગણિવર્ય

પૂજ્યપાદ ઉપાધ્યાયજી મહારાજશ્રી **યશોવિજયજી મહારાજે** ઉપદેશ રહસ્ય નો ટબો લખ્યો હોય તો કેવો લખ્યો હોય ! પૂ.ઉપા.મ. ના રચેલા ટબાની કલ્પના પણ કેવી મધુર છે. સુખદ છે. ટબો. હા. મિતાક્ષરી ટબો. સામાન્ય રીતે તેઓશ્રીની કથન શૈલીને સંસ્કૃત ભાષા વધુ માફક આવે. તેઓશ્રી વિશાળ અર્થ ગુચ્છને સમાવતી લાઘવી શબ્દ શૈલીના સ્વામી હતા. તેઓને કહેવાનું ઘણું રહેતું તેની સામે બાજુ સમય અને ગ્રન્થની મર્યાદા સતત નજર સામે રહેતી તેથી તેઓશ્રી સંસ્કૃતમાં થોડાંજ શબ્દોમાં મોટા અર્થનો સંકેત આપતાં-ઈંગિત આપતાં. આ શક્તિ-ક્ષમતા સંસ્કૃત ભાષામાં છેજ. પણ તેઓનું ભાષા-પ્રભુત્વ કેવું કે ગુજરાતી જેવી ભાષા પાસેથી પણ તેઓશ્રીએ સંસ્કૃતભાષા જેવું જ કામ લીધું. કામ કાઢ્યું. આ વાતની પ્રતીતિ તેઓશ્રીના જ્ઞાનસાર ટબો, દ્રવ્ય ગુણ પર્યાયના રાસનો ટબો, સમ્યક્ત્વષટ્સ્થાન ચઉપઈનો ટબો અને ધર્મ પરીક્ષાનો વિચારબિન્દુ ટબો. આ બધા ગ્રન્થો જેણે જોયા હોય તેને થયા વિના નહીં રહે. ગૂઢ રહસ્યને ગણત્રીના જ શબ્દો દ્વારા ખુલ્લું કરી દે. વાચક જે પંક્તિના રહસ્યને પામવા મૂંઝાતો હોય તે રહસ્યને એક જ નાની લીટી લખી નિઃશંક કરી દે. એ લીટી કે એ શબ્દો ચાવી જેવા છે. તાળુ તો કેવું લાંબુ પહોળું હોય છે. પણ તેને ખોલનાર ચાવી. ચાવી તો નાની હોય. એ નાની પણ ચાવી તાળાને સ્હેલાઈથી ખોલી દે. તેવું જાદુ તેઓની કલમમાં છે.

આપણને ઉપદેશ રહસ્યનો ટબો નહીં પણ ગુજરાતી ભાષાનું વિવરણ મળે છે. હા. તે પૂ. ઉપાધ્યાયજી મ. ના હાથે નહીં પણ તેઓ પ્રત્યે અથાગભક્તિ ધરાવનારની કલમે મળે છે. તે પણ ગૌરવની વાત છે. ઉપદેશ રહસ્યનું ગુજરાતી વિવરણ એ જિનાજ્ઞા તત્ત્વપ્રેમીવાચકો માટે સુખદ અને રોમાંચક સમાચાર છે;

સંસ્કૃત-પ્રાકૃતભાષા નિબદ્ધ નાના મોટા ગ્રન્થોનો ગુજરાતીમાં અનુવાદ એ આપણે ત્યાં નવી વાત નથી. સંખ્યાબંધ ગ્રંથોનો ગુજરાતી અનુવાદ, ભાષાંતર, રૂપાંતર આજે સુલભ છે. એ અનુવાદિત ગ્રન્થોની લાંબી યાદીમાં સામાન્ય ધન્યકુમાર ચરિત્ર(ગદ્ય) જેવા કતા ગ્રંથોથી લઈ આગમ ગ્રંથો, વિશેષાવશ્યક ભાષ્ય જેવા ગ્રંથો અને હમણાં હમણાં છેલ્લે છેલ્લે તો આચાર્યશ્રી હેમસાગર સૂરિજી મહારાજે તો અનુવાદની હારમાળા ભેટ ધરી દીધી.

તાર્કિકગ્રંથોના પણ અનુવાદ થયા છે પણ પૂજ્યપાદ ઉપાધ્યાયજી મહારાજનાં નવ્યન્યાયની શૈલીએ લખાયેલા મર્મગ્રંથનાં સફળ અનુવાદ એ સહેલું કાર્ય નથી. એ રીતે

આ અનુવાદને સફળ અનુવાદ કહી શકાય. આ અનુવાદ નવી ભાત પાડે છે.સફળ અનુવાદ એ દુરારાધ્ય કળા છે એવું આ ગ્રંથ જોતાં લાગે છે. મૂળ ગ્રંથ સાથે અનુવાદ આપવાથી વાચકવર્ગને ઘણી સુગમતા રહે પણ અનુવાદકને-વિવરણ-કારને ઘણી સજ્જતા રાખવી પડે. વાચક તુર્ત તુલના કરી શકે.

મૂળગ્રંથ પ્રાકૃતમાં. ટીકા સંસ્કૃતમાં. શૈલી નવ્યન્યાયની. લખનાર પૂ. ઉપાધ્યાયજી મ. આધાર પૂજ્ય હરિભદ્રસૂરિજી મહારાજનો મહાકાય ગ્રન્થ ઉપદેશપદ. વિષયઃ સિદ્ધાંતનો, ઉપદેશ વિષયક, ઉપદેશના અધિકારી ઉપદેશની શૈલી ઉપદેશકની યોગ્યતા વગેરે અને સ્વકથનની પુષ્ટિ અર્થે પ્રાચીન અનેક ગ્રંથોની પાઠકંડિકાઓ. આ બધાનું રસાળ શૈલીમાં ગુજરાતી ભાષામાં વિવરણ એ એક કસોટી છે. તેમાં વિવરણકાર ઉત્તીર્ણ થયા છે, પાર પામ્યા છે.

પૂજ્યપાદ ઉપાધ્યાયજી મહારાજે ઉપદેશપદના વિષયોને વધુ સુવાચ્ય શૈલીમાં આ ગ્રંથમાં રજૂ કર્યા છે. ઉપદેશરહસ્ય એ ઉપદેશપદનો સારોદ્ધાર લાગે છતાં આ ગ્રંથ નિરૂપણની દૃષ્ટિએ મૌલિક છે. સ્વતંત્ર છે. સાચેજ તેઓશ્રી પ્રાચીન ગ્રંથોની પી-પચાવીને નવીન ગ્રંથ નીપજાવવાનાં વરદાનને વરેલાં છે.

જે રીતે આગમ ગ્રન્થોનાં ગૂઢભાવોને પૂજ્યપાદશ્રી અભયદેવસૂરિજી મહારાજે, પૂજ્યપાદ શ્રીમલયગિરીજી મહારાજે, પૂજ્યપાદ શ્રી હરિભદ્રસૂરિજી મહારાજે, આગમ ગ્રંથો ઉપર टीका, विवरण, લખીને, આપણી મતિને યોગ્ય લખીને તે રહસ્યો છતાં કર્યા. જો તે પ્રમાણે તે તે મહાપુરુષોએ મહોપકારનું કાર્ય આપણાં ઉપર કરુણા લાવીને ન કર્યું હોત તો આગમ ગ્રંથો આપણાં માટે કોઈ અણઉકેલ ભાષામાં કે લિપિમાં લખાયેલા ગ્રંથો થઈ જાય. નિર્યુક્તિ-ભાષ્ય. ચૂર્ણી મંદમતિ જીવોના બોધ કાજે અપૂરતાં છે.

તે રીતે પૂજ્યપાદ ઉપાધ્યાયજી મહારાજે ભગવદ્ માર્ગની ગૂંચો, દ્વિધાઓ, ભ્રમણાઓને નિર્ભ્રાન્ત રીતે સ્પષ્ટ કરી માર્ગ અંકે કરી આપ્યો. નહીંતર આ જૈન શાસ્ત્ર સ્યાદ્વાદ દરિયામાં નિશ્ચય-વ્યવહાર, વિધિ-નિષેધ, ઉત્સર્ગમાર્ગ અને અપવાદ માર્ગ, જ્ઞાન નય અને ક્રિયાનય, વગેરે માર્ગોનું વિવિધ નયની દૃષ્ટિએ એવું એવું નિરૂપણ મળે. ભલભલાને દ્વિધા થાય, મૂંઝવણ થાય. સામાન્ય સાધક તો અટવાઈ જાય. અને સાચી જ વાત છે કે સ્યાદવાદ શૈલીનો પણ જો સમ્યક્ ઉપયોગ કરતાં ન આવડે તો ભ્રમણા વધી જાય. 'सुगृहीतं च कर्तव्यम्' એ ન્યાયે સ્યાદ્વાદની શૈલી સપ્તભંગી અને સાતનય, નિક્ષેપા વગેરેનું પૂર્વાપર દોષ રહિત સમ્યક્ જ્ઞાન અને તેનું યથાસ્થાન પ્રયોજનકૌશલ હોય તો વિશ્વની કોઈ પણ દ્વિધાનો ઉકેલ રમત વાતમાં આવી શકે.

એવી સ્યાદ્વાદ પરિપૂર્ણ રોચક શૈલીમાં આ ગ્રંથ લખાયો છે.

કોઈપણ શ્રમણે ઉપદેશ દાન દેવાની કળા હસ્તગત કરવા માટે એટલે કે ભવ્ ભીરુ ગીતાર્થ મુનિવરે પણ સ્વપર કલ્યાણ કાજે ઉપદેશક બનતાં પહેલાં આ ગ્રંથનો અભ્યાસ અવશ્ય કરવો જોઈએ. માર્ગદર્શકની જવાબદારીનો વિચાર કરીએ ત્યારે ખ્યાલ આવે કે ઉપદેશકમાં કેવી અને કેટલી સજ્જતા અપેક્ષિત છે. યથાર્થ ઉપદેશક થવું તે ઘણું અઘરું કાર્ય છે.

ઉપદેશની પેલી વ્યાખ્યાજ કહે છે ને કે उपदेशः स्वयंपरित्यागः । ઉપદેશ જેનો દેવો હોય તેનું આચરણ ઉપદેશકમાં હોવું જોઈએ. પરમાત્માનો સંદેશો ભવ્ય જીવો સુધી પહોંચાડનારમાં પણ અપેક્ષિત યોગ્યતા નાની સૂની ન ચાલે. માર્ગનો બોધ, માર્ગની વફાદારી, માર્ગની પ્રીતિ અને પ્રતીતિ, જરૂરી ગણાય છે. ઉપદેશ ઝીલવા માટે પણ पन्नवणिज्ज (सुखबोध्यता) ગુણ બહુ મહત્ત્વનો છે.

માર્ગદિશક ઉપકાર કરી શકે તો કેવો કરી શકે અને અયોગ્યના હાથે અવળી અસરથી નુકશાન પણ કેવું નોંતરી શકે તે બન્ને બાબતો આ કાળમાં સોદાહરણ સ્પષ્ટ છે.

અનુવાદ-વિવરણમાં જે વિભાગ પાડવામાં આવ્યા છે તેથી ઘણી સુગમતા રહે છે. આ ગ્રન્થને સારી રીતે વાંચવાની ભદ્રભાવના હતી. પ્રારંભ પણ કરેલો પણ ક્યાંક ક્યાંક એવા ગ્રંથિસ્થળો આવ્યા તેથી અટકી જવાયું. હવે તો બધાં જ પદાર્થો નિર્મળજળમાં પડેલ પદાર્થની જેમ દીવા જેવા દેખાય છે. મુનિરાજશ્રી **જયસુંદરવિજયજી** શ્રુત જ્ઞાનના પરમરસીયા છે પૂજ્યપાદ ઉપાધ્યાયજી મહારાજના આવાંજ રહસ્યાંકિત ગ્રંથો ગુજરાતીમાં ઉતારે તેવું કોણ નહીં ઇચ્છે ! હું પણ તેવી ઇચ્છા વ્યક્ત કરી વિરમું છું.

ફાગણવદિ તેરસ સં.૨૦૩૮ — **—મુનિ પ્રદ્યુમ્નવિજય ગણી.**

શ્રી કુંભારીયાજી તીર્થ

॥ નમો નમઃ શ્રીગુરુ નેમિસૂરયે ॥

# બીજી આવૃત્તિવેળાની શુભકામના

શ્રી નયવિજય વિબુધ પય સેવક ઉપાધ્યાય શ્રી યશોવિજયજી રચિત ઉપદેશ રહસ્યની આ બીજી આવૃત્તિ છે.

આચાર્ય શ્રી જયસુંદરસૂરિ મહારાજ(તે કાળે મુનિ જયસુંદરવિજય)ના ગૂર્જર અનુવાદ સહિતની આ બીજી આવૃત્તિ પહેલાં પહેલી આવૃત્તિ પ્રકાશિત થઈ હતી તે પછીના ઠીક ઠીક વર્ષો વીત્યા અને બીજી આવૃત્તિનો અવસર આવ્યો છે.

વર્તમાન શ્રીસંઘમાં નવા નવા પૂજ્ય સાધુ ભગવંતો, સાધ્વીજી મહારાજો આજ-કાલ પૂજ્ય ઉપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજ રચિત ગ્રન્થોનું પઠન-પાઠન વિશેષરૂપમાં કરતા હોય તેમ જણાય છે અને તે આનંદ પામવા જેવી ઘટના છે અને ઉપાધ્યાયજી મહારાજના ગ્રન્થો પ્રભુના માર્ગનો શુદ્ધ-બોધ-સીધો બોધ કરાવનારા છે તેમને જે જેટલું સ્પષ્ટ જણાયું હોય તેટલું તેઓ નિરૂપે છે તેમણે ક્યાંક વિસ્તાર કર્યો હોય છે અને ક્યાંક પૂરવણી કરી હોય છે પણ મૂળ વિચાર તો કોઈને કોઈ પૂર્વાચાર્ય મહારાજનો હોય છે. પહેલાં વિસ્તાર જોઈએ....શ્રી સિદ્ધસેન દિવાકરજીએ સંમતિ તર્ક નામના ગ્રન્થમાં એક વાત મૂકી છે.

चरणकरणप्पहाणा स समय परसमय मुक्कवावारा ।
चरणकरणस्स सारं णिच्छयसुद्धं ण याणंति ॥

તેઓશ્રીએ આ વાતને મહત્ત્વની ગણી તેથી આ ગ્રન્થમાં પણ તેના ઉપર વ્યાખ્યા કરી તો ગુજરાતીમાં સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપાઈના બાલાવબોધમાં પણ તે જ વાત થોડા વિસ્તાર સાથે કરી છે વળી એ વાત દ્રવ્યગુણ પર્યાયના રાસના બાલાવબોધમાં પણ આ પ્રીચનગાથા અને તેનું અર્થઘટન મળે છે. આ તો એક માત્ર દૃષ્ટાંત છે.

હવે પૂરવણીનું એક દૃષ્ટાંત જોઈએ. ण्ङ्ग णषङ्ू □षङ्ॅ शङमां એક સ્થાને શ્રી હરિભદ્રસૂરિ મહારાજે "બિંબ મોટું હોય સુરૂપ હોય સુવર્ણ આદિનું હોય તેનાથી વિશિષ્ટ ફળ મળે છે તેવું નથી તમારા હૃદયનો આશય-ભવ કેવો છે તેના ઉપર આધાર છે. ૭/૧૨" શ્રી હરિભદ્રસૂરિ મહારાજની કલમ છે. તેથી તેઓએ વ્યવહાર ભાષ્યની ગાથા દ્વારા વ્યવહારનયની વાત મૂકી. ગાથા -૨૬૩૫.

*लक्खणजुत्ता पडिमा पासादिमासमत्तऽलंकारा ।*
*पल्हायइ जह व मणं तह णिज्जर मो वियाणाहि ।।*

*આ રીતે વિસ્તાર અને પુરવણીની કુશળતાં તેઓમાં દેખાય છે. જે વિરલ છે. આ મહાપુરુષની એકાદ રચના જીવનમાં જરૂર ભણવી જોઈએ. આત્મસાત્ કરવી જોઈએ.*

*આ ગ્રન્થનો પણ એ રીતે જ સ્વાધ્યાય સકલ શ્રીસંઘ વારંવાર કરે-કરાવે-પ્રસારે એ જ એક શુભકામના સાથે.*

*લક્ષ્મીવર્ધક ઉપાશ્રય,*
*અષાઢ સુદિ -૧ (૨૦૬૧)*
*ગુરુવાર, પુષ્યનક્ષત્ર*
*ગિરિરાજ મંડન આદીશ્વરદાદા*
*અભિષેક દિવસ (૨૦૪૪)*

***શ્રી નેમિઅમૃત-દેવ-હેમચન્દ્રસૂરિ શિષ્ય***
***પ્રદ્યુમ્નસૂરિ***

# ઉપદેશરહસ્યે વિષયનિર્દેશિકા


| પૃષ્ઠ | વિષય |
|---|---|
| | ટીકાનું મંગળાચરણ તથા |
| ૨ | પ્રારમ્ભિક ઉત્થાનિકા |
| ૩ | મૂળગ્રન્થમાં મંગળ-પ્રયોજન-અભિધેય |
| ૪ | ગુરુપર્વક્રમ શબ્દનું તાત્પર્ય |
| | **ઉપદેશ ૧** |
| ૬ | જિનાજ્ઞા પરમો ધર્મઃ |
| ૬ | અહિંસા પરમો ધર્મઃ-શંકા |
| ૭ | આગમ પ્રામાણ્યમાં અવિશ્વાસની આશંકા |
| ૮ | આજ્ઞાબાહ્ય અહિંસાનો અનાદર |
| ૯ | અજ્ઞાનગર્ભિત હોય તે અહિંસા નહીં |
| ૯ | હેતુ-સ્વરૂપ-અનુબંધથી હિંસા અને શુદ્ધ અહિંસા |
| ૧૦ | અહિંસાદેશકતા વચનવિશ્વાસનું બીજ નથી |
| ૧૦ | આપ્તભાષિત હોય તે વિશ્વસનીય |
| ૧૧ | સંવાદીજાતીયતાથી આપ્તોક્તત્વનો નિર્ણય |
| ૧૧ | મહાજન પરિગ્રહથી આપ્તોક્તત્વનો નિર્ણય |
| | **ઉપદેશ ૨** |
| ૧૨ | આજ્ઞામુજબ પરિણામ શુદ્ધ કરો |
| ૧૩ | ઉચ્છૃંખલ પરિણામ સુંદર નથી |
| ૧૩ | જિનવચનને ઉવેખનારને લાભ નથી |
| ૧૪ | સ્વચ્છંદ પરિણામથી નુકશાન |
| ૧૪ | સંસારમોચક મતની હેયતા |
| ૧૪ | માર્ગાનુસરણથી શુદ્ધ પરિણામ |
| ૧૫ | શુદ્ધ પરિણામ ઉદ્ભવ હેતુ |
| ૧૬ | માષતુષ વગેરે મુનિઓમાં વિપર્યાસનો અભાવ |
| ૧૬ | માષતુષ મુનિવરનું દૃષ્ટાન્ત |
| ૧૬ | મિથ્યાજ્ઞાન દોષની પ્રબળતા |
| ૧૭ | ક્લેશનો દ્વિવિધ ક્ષય |
| ૧૭ | જ્ઞાનશૂન્ય ક્રિયા અને ક્લેશક્ષય |
| ૧૮ | જ્ઞાનના પ્રભાવે થતો ક્લેશક્ષય |

૧૮ ગુરુપરતંત્ર હોય તે માર્ગાનુસારી
૧૯ મોહગર્ભિત ક્રિયા કષ્ટમાત્ર ફલક
૨૦ આજ્ઞાનિરપેક્ષ આચરણ કષ્ટમાત્ર
૨૦ ગચ્છવાસમાં ગુણ લાભ
૨૧ સંનિપાત અને મોહ
૨૧ ગુરુકુલવાસ વિના ભિક્ષાશુદ્ધિ પણ કષ્ટ
૨૨ અવક્રગામી પરિણામનો મહિમા
૨૩ ઋજુચારી (સરળ) જીવનાં લક્ષણો
૨૪ માર્ગાનુસારિતા, શ્રદ્ધા, સુખબોધ્યતા
૨૫ ક્રિયાતત્પરતા-શક્યપ્રવૃત્તિ

**ઉપદેશ ૩**

૨૭ એકલવિહારીપણું ઇચ્છનીય નથી
૨૭ ગચ્છબાહ્ય તે આજ્ઞાબાહ્ય
૨૮ એકાકીવિહાર બોધક સૂત્રનું તાત્પર્ય
૨૮ પાપવર્જન અને વિષયમાં અનાસક્તિ અગીતાર્થ માટે શક્ય નથી
૨૯ પ્રથમ જ્ઞાન, પછી દયા
૨૯ એકાકીવિહાર સૂત્ર આપવાદિક
૩૦ વિપક્ષબાધક સૂત્રવચન
૩૧ એકાકીવિહારમાં દોષપરંપરા

**ઉપદેશ ૪**

૩૨ ગુરુકુળવાસઃ આચારાંગનો પ્રથમ ઉદ્‌ઘોષ
૩૨ ગુરુકુળવાસ — આજ્ઞારુચિ
૩૩ ગુરુકુળત્યાગીને આજ્ઞારુચિપણાનું આભાસિક સંવેદન
૩૪ અજાતકલ્પ-અસમાપ્તકલ્પીને અધિકારવિરહ
૩૫ ગીતાર્થને એકાકી વિહારના સંયોગો

**ઉપદેશ ૫**

૩૭ સૂત્ર અને અર્થ ઉભય પ્રમાણ છે
૩૮ છાયા-છાયાવાન્ જેવો સૂત્ર-અર્થનો સંબંધ
૩૮ સૂત્ર અર્થાનુગામી છે
૩૮ બૃહત્ કલ્પભાષ્યમાં સૂત્રાર્થ ઉભયની મહત્તા
૩૯ કાલિક શ્રુતમાં અનુયોગને અવકાશ
૩૯ શ્રુતને આશ્રયિને ૩ પ્રત્યનીકો
૪૦ ભગવતી સૂત્રના વિરોધની શંકા

૪૧ સ્વચ્છંદ વિહારીમાં દેશચારિત્ર કેમ નહીં ?
૪૨ ભગવતી સૂત્રોક્ત દેશારાધકતાનું રહસ્ય
૪૩ દેશ-આરાધકપણાની સ્વતંત્ર પરિભાષા
૪૩ દ્રવ્યચારિત્રીમાં સર્વારાધકતા માન્ય ખરી ?
૪૪ ચારિત્રભંગે જ્ઞાનદર્શન ભંગમાં વિકલ્પ

**ઉપદેશ ૬**

૪૫ અપ્રધાન દ્રવ્યાજ્ઞાપાલન મોક્ષાંગ નથી
૪૫ દ્રવ્ય શબ્દનો પ્રથમ અર્થ અપ્રાધાન્ય
૪૬ દ્રવ્ય શબ્દનો દ્વિતીય અર્થ ભાવસાધકતા
૪૬ યોગ્યતાના ત્રણ પ્રકાર
૪૭ ગ્રન્થિદેશવર્ત્તી જીવોને અપ્રધાન આરાધના
૪૮ ગ્રન્થિગત સકૃદ્બંધક આદિ જીવોનાં લક્ષણો
૪૯ દ્રવ્યાજ્ઞાપાલન જણાવતાં ચાર લિંગો
૫૧ ઉપયોગ વિનાની ક્રિયાઓ અપ્રધાન
૫૨ ઉપયોગ શૂન્ય દ્રવ્યસ્તવની નિષ્ફળતાની શંકા
૫૨ અભિનવશ્રાદ્ધ વગેરેની ધર્મકૃત્યમાં પ્રવૃત્તિની શંકા
૫૩ અપ્રધાનદ્રવ્યસ્તવ પણ કુગ્રહવિરહ માટે જરૂરી
૫૪ સકૃદ્બંધક આદિની દ્રવ્યાજ્ઞા ભાવસાધક કેમ નહીં ?
૫૫ રૂપ પરિવર્ત્તન વિના કાર્યની અસિદ્ધિ

**ઉપદેશ ૭**

૫૬ મોક્ષમાં જવાને યોગ્ય આત્માઓ
૫૬ અપુનર્બંધક જીવનાં લક્ષણો
૫૭ સમ્યગ્દર્શનનાં શુભ ચિહ્નો
૫૯ દેશવિરતિ લાભની શક્યતા ક્યારે ?
૬૦ દેશવિરતિની ઓળખાણ અને ભંગપ્રકાર
૬૦ પહેલા વિભાગમાં ૭ ભાંગા
૬૧ બીજા વિભાગમાં ૨૧ ભાંગા
૬૧ ત્રીજા વિભાગમાં ૨૧ ભાંગા
૬૨ અતીત કાળની અપેક્ષાએ ભંગોપપત્તિ
૬૩ વર્ત્તમાન-ભાવિ કાળની ભંગોપપત્તિ
૬૩ મૃષાવાદ વિરમણાદિ વ્રતમાં પણ ૧૪૭ ભંગ
૬૫ સર્વવિરતિની કઠોર સાધના
૬૬ ભાવાજ્ઞા સંપાદક દ્રવ્યાજ્ઞા કઈ રીતે ?

ઉપદેશ ૮

૬૮ દ્રવ્યાજ્ઞાનું મહત્ત્વ અપરંપાર છે
૬૮ ભાવથી જ ભાવપ્રસૂતિની શંકા
૬૯ આત્મસ્વભાવભૂત ભાવમાં પરિણામીકારણ ભાવ
૭૦ દ્રવ્યાજ્ઞા ભાવનું પ્રબળ નિમિત્ત કારણ
૭૦ બીજાધાન ભાવસંપત્તિનું દ્વાર બને છે
૭૧ બીજાધાન એટલે ભાવાજ્ઞાનું બહુમાન
૭૨ ૧૬ યોગબીજનો સંચય
૭૩ બહુમાનનું પ્રાધાન્ય
૭૩ દ્રવ્યાજ્ઞાનું બહુમાન પણ જરૂરી

ઉપદેશ ૯

૭૪ દ્રવ્યસ્તવ આદરણીય છે
૭૪ દ્રવ્યસ્તવમાં ભગવાનની સમ્મતિ
૭૪ સમવસરણમાં બલિ ઉપહારનો અનિષેધ
૭૫ દ્રવ્યસ્તવમાં સમ્મતિસાધક અનુમાન
૭૫ યોગ્ય-પ્રજ્ઞાપ્ય વિશેષણોની સાર્થકતા
૭૬ દ્રવ્યસ્તવાનુમોદનનું મુનિઓનું કર્તવ્ય
૭૮ દ્રવ્યસ્તવની અનુમોદના નિર્દોષ છે
૭૮ બાળમુનિ મહર્ષિ અઈમુત્તક
૭૯ દ્રવ્યસ્તવાનુમોદનમાં હિંસાનુમોદનની શંકા
૮૦ ગજસુકુમારના દૃષ્ટાન્તથી સમાધાન
૮૦ ગજસુકુમારને સ્મશાનમાં કાઉસગ્ગની અનુજ્ઞા
૮૦ નિર્જરાનુકુળ વ્યાપારમાં અનુમતિની શંકાનો સમાન ઉત્તર
૮૧ ભાવાનુમતિદ્વારક દ્રવ્યસ્તવાનુમતિમાં કુશંકા
૮૨ ઉત્તર-દ્રવ્યસ્તવમાં હિંસાની વાત અયુક્ત
૮૩ દ્રવ્યસ્તવ અધર્મરૂપ માનવામાં મોટો બાધ
૮૩ પાંચ કારણે નદી ઉતરવાની અનુજ્ઞા
૮૪ તેમાં ધર્મપ્રાપ્તિનો ઉદ્દેશ અબાધિત
૮૫ કૃપાદૃષ્ટાન્તથી દ્રવ્યસ્તવનું સમર્થન
૮૬ દ્રવ્યસ્તવમાં શાસ્ત્રની પૂર્ણ સમ્મતિ
૮૭ મહાનિશીથાનુસારે દ્રવ્યસ્તવનું પ્રામાણ્ય
૮૮ દ્રવ્યસ્તવ અર્થદંડરૂપ નથી

**ઉપદેશ ૧૦**
૮૯ મુનિઓ દ્રવ્યસ્તવની અનુમોદના કરે
૯૦ શાસ્ત્રોમાં દર્શાવેલ ચૈત્યવૈયાવચ્ચ
૯૦ વિનયના બાવન ભેદ-પ્રભેદ
૯૧ વૈયાવચ્ચ સંપાદનનો અધિકારી
૯૧ તપસંયમમાં પ્રવૃત્તિથી સર્વની આરાધના
૯૧ સાધુઓને સાક્ષાત્ દ્રવ્યસ્તવ પ્રવૃત્તિની આપત્તિ નથી
૯૨ સાધુઓને સાક્ષાત્ દ્રવ્યસ્તવ અનુચિત
૯૩ ભાવસ્તવ સાક્ષાત્ કર્મક્ષયસંપાદક છે
૯૪ શ્રાવકજીવનમાં દ્રવ્યસ્તવની મુખ્યતા છે.
૯૪ દ્રવ્યસ્તવમાં માયા અને આરંભનો ભય અયોગ્ય
૯૫ દ્રવ્યસ્તવ અનુમોદનાની નિર્બાધ સિદ્ધિ
**ઉપદેશ ૧૧**
૯૬ મુનિઓએ વાણીમાં રાખવાયોગ્ય સંયમ
૯૬ દ્રવ્યસ્તવફલદર્શક ભાષા પ્રજ્ઞાપની હોય
૯૭ શ્રી ઉમાસ્વાતિજીના વચનો કારક કે જ્ઞાપક ?
૯૮ વજ્રસ્વામીજીનું દૃષ્ટાન્ત અનુકરણીય નહીં
૯૮ 'યથાસુખ' એટલે ઉચિત પ્રવૃત્તિમાં પૂર્ણ સમ્મતિ
૯૯ દ્રવ્યસ્તવની અનુમોદના બીનજરૂરી હોવાની શંકાનું નિવારણ
૯૯ વિરતિરૂપ હોય તેજ અનુમોદનીય એવો એકાન્ત નથી
૧૦૦ બીજાધાન વિશુદ્ધ દ્રવ્યાજ્ઞાનો ઉપસંહાર
૧૦૧ અપ્રધાન દ્રવ્યક્રિયા ઉપાદેય નથી
૧૦૨ નોઆગમતઃ ભાવાજ્ઞા બાહ્યક્રિયાનિરપેક્ષ
૧૦૩ બાહ્યક્રિયા-અનુષ્ઠાનો દ્રવ્યાજ્ઞારૂપ હોવામાં અવિરોધ
૧૦૩ દ્રવ્ય અને ભાવની અદ્‌ભુત ચતુર્ભંગી
૧૦૪ એક બીજાથી શૂન્ય ભાવ-ક્રિયામાં અંતર
**ઉપદેશ ૧૨**
૧૦૫ ભાવાજ્ઞાની તાત્ત્વિક અનુભૂતિ
૧૦૫ સમ્યગ્‌દૃષ્ટિથી ભાવાજ્ઞાનો પ્રારંભ
૧૦૫ સમ્યગ્‌દર્શન ગુણનો ચમત્કાર
૧૦૬ સમ્યગ્‌દૃષ્ટિની સ્વભાવતઃ હિતપ્રવૃત્તિ
૧૦૬ મિથ્યાજ્ઞાનથી મમત્વબુદ્ધિ

૧૦૭ સન્માર્ગપ્રવૃત્તિ આત્માનો તાત્ત્વિક સ્વભાવ
૧૦૮ રત્નત્રય ઔપાધિક હોય તો શાશ્વત કાળ ન ટકે
૧૦૯ ભૂતકાળમાં પણ રત્નત્રયસ્વભાવ વિદ્યમાન
૧૦૯ ગુણસ્થાનવ્યવસ્થા અજ્ઞાનવિલય પર અવલંબિત
૧૧૦ પાપવિરામ વગેરે ગુણો જ્ઞાનની પરિપક્વતારૂપ
૧૧૦ મોક્ષપુરુષાર્થના ઉચ્છેદની શંકાનું નિવારણ

**ઉપદેશ ૧૩**

૧૧૨ વિઘ્નો આવે તો નમતું જોખવું નહીં
૧૧૨ મેઘકુમાર-દહનસુર-અર્હદ્દત્તના ત્રણ દૃષ્ટાન્તો
૧૧૩ અતિચાર દોષના વર્જનમાં પ્રયત્ન જરૂરી
૧૧૪ સમાનકર્મ છતાં ફળમાં તરતમતાનું રહસ્ય
૧૧૫ નિમિત્તતુલ્યતામાં વ્યવહાર-નિશ્ચય નય
૧૧૬ મોક્ષપ્રાપ્તિનું પ્રધાન અંગ વ્યવહાર નય
૧૧૬ ક્લિષ્ટકર્મબંધની નિષ્ફળતા વિષે ઉહાપોહ
૧૧૭ અનિયત સ્વભાવવાળા કર્મ પર પુરુષાર્થની અસર
૧૧૮ નિશ્ચય વિના પણ સંભાવનાથી પ્રવૃત્તિ

**ઉપદેશ ૧૪**

૧૧૯ સર્વત્ર કર્મ અને પુરુષાર્થનો સ્યાદ્વાદ
૧૧૯ કર્મ અને પુરુષાર્થ ઉભયનું તુલ્ય મહત્ત્વ
૧૨૦ પ્રતિમા યોગ્ય કાષ્ટખંડનો નિર્ણય કઈ રીતે ?
૧૨૧ પુરુષાર્થની હેતુતામાં ઉદ્ભવતી શંકા
૧૨૧ કાર્યાનુપહિત યોગ્યતામાં યોગ્યતાવ્યવહાર પ્રમાણ
૧૨૨ કર્મ પુરુષાર્થને તાણી લાવે ? શંકા
૧૨૩ અધ્યાત્મભેદ પ્રયોજક દૈવભેદ
૧૨૩ પુરુષાર્થની પ્રધાનતામાં સમાન યુક્તિઓ
૧૨૪ કર્મ-પુરુષાર્થ બંનેની પરંપરા પરિણામી
૧૨૫ પુરુષાર્થવાદમાં અન્ય કારણોની વ્યર્થતાની શંકા
૧૨૫ કર્મવાદમાં સમાન દોષની આપત્તિ
૧૨૬ પુરુષાર્થવાદમાં ઈશ્વરકર્તૃત્વની શંકા-સમાધાન
૧૨૭ મોક્ષ પણ કર્મજનિત છે
૧૨૮ મોક્ષ પ્રાપ્તિમાં વિલંબનું શું કારણ ?
૧૨૮ લોકસમ્મત વ્યવહાર અનુપપત્તિની શંકા

૧૨૯ ગૌણ-મુખ્ય ભાવથી વ્યવહારભેદની ઉપપત્તિ
૧૩૧ અલ્પત્વ-બહુત્વથી ગૌણમુખ્યનો વ્યવહાર શી રીતે ?
૧૩૨ ઉત્કટ-અનુત્કટનો ભેદ પણ વ્યર્થ (શંકા)
૧૩૩ પુરુષાર્થની ઉત્કટતામાં ગર્ભિત અભિપ્રાય
૧૩૪ દૈવજનિતત્વજાતિકલ્પનામાં સરળતાની શંકા-ઉત્તર
૧૩૫ લૌકિક વ્યવહારની પારમાર્થિકતામાં શંકા
૧૩૬ અભિમાનરૂપ વ્યવહાર પણ અપ્રયોજન-ઉત્તર
૧૩૭ નયોનું પરસ્પર ખંડન સ્વવિષયની મુખ્યતા માટે
**ઉપદેશ ૧૫**
૧૩૮ પરિશુદ્ધ આજ્ઞાયોગ આદરણીય છે
૧૩૮ કાજળ-પ્રદીપના દષ્ટાન્તથી અનુબંધની ઓળખાણ
૧૩૯ દર્શનશુદ્ધિ અને અધ્યાત્મગર્ભિત ક્રિયાની મહત્તા
૧૩૯ યોગસંગ્રહમાં દૃષ્ટિશુદ્ધિ પર મૂકેલો ભાર
૧૪૦ અધ્યાત્મ વિણ જે ક્રિયા તે તનુમળ તોલે
૧૪૧ ગ્રન્થિભેદથી શુદ્ધાજ્ઞાયોગનો અધિકાર
૧૪૨ વેધરહિત રત્નમાં ગુણાધાન અશક્ય
૧૪૨ સૂત્રયોગ દ્રવ્યથી અસત્, ભાવથી સત્
૧૪૩ સમ્યગ્દૃષ્ટિને મુખ્ય દ્રવ્ય સૂત્રયોગ
૧૪૪ મિથ્યાદૃષ્ટિને દ્રવ્યથી સૂત્રજ્ઞાન બાળક જેવું
૧૪૫ ભિન્નગ્રંથિ જીવના અલ્પજ્ઞાનમાં ય પૂર્ણતા
૧૪૬ સુદ એકમના ચંદ્રના દૃષ્ટાન્ત પર શંકા-સમાધાન
**ઉપદેશ ૧૬**
૧૪૮ અશુભ અનુબંધો ક્લેશનું મૂળ
૧૪૯ અશુભ અનુબંધથી અનંત સંસાર પરિભ્રમણ
૧૫૦ અનંતકાળના અંતરમાં શાસ્ત્રસમ્મતિ
૧૫૧ અશુભાનુબંધવિચ્છેદ પુરુષાર્થસાધ્ય ન હોવાની શંકા
૧૫૧ ઉપયોગ શૂન્યતામાં દ્રવ્યાવશ્યક
૧૫૨ અશુભાનુબંધ તોડવાના શાસ્ત્રીય ઉપાયો
૧૫૩ અપ્રમત્તભાવની આત્યન્તિક મહત્તા
૧૫૩ નિષ્ફળતાના ખંડીયેરોમાંથી સફળતાનું નિર્માણ
૧૫૪ ક્ષયોપશમભાવના અનુષ્ઠાનની પ્રશંસા

ઉપદેશ ૧૭

૧૫૫ કાળ પાક્યા વિના આજ્ઞાયોગ નિષ્ફળ

૧૫૬ આજ્ઞાયોગની સફળતા માટે ઉચિત-અનુચિત કાળ

૧૫૭ અપુનર્બંધક-માર્ગાભિમુખ-માર્ગપતિત

૧૫૮ નિશ્ચયનયમતે ગ્રન્થિભેદ પછી આજ્ઞાયોગ

૧૫૯ અભવ્યાદિને ગ્રૈવેયેક સુખોનું મૂળ બાહ્ય ક્રિયા

૧૬૦ નરકપાતના અનિષ્ટ ફળની સંભાવના

ઉપદેશ ૧૮

૧૬૧ સમ્યગ્દષ્ટિ-મિથ્યાદષ્ટિના સુખદુખનો વિચાર

૧૬૧ ગ્રૈવેયકનું પણ સુખ ઔપચારિક-આભાસિક-ક્ષણિક

૧૬૨ ઝેર પ્રસર્યા પછી ચંદન વિલેપનાદિથી પણ દુખ

૧૬૨ અંધપુરુષવત્ મિથ્યાદષ્ટિને સુખ ક્યાંથી ?

૧૬૩ ઇન્દ્રિયજનકસુખની દુખરૂપતા

૧૬૪ અનંતાનુબંધી કષાયથી તૃષ્ણાની કાતીલ પીડા

૧૬૪ મિથ્યાદષ્ટિનું જ્ઞાન પણ અભિશાપ

૧૬૫ સમ્યગ્દષ્ટિનું સુખ સ્વાધીન-સહજ-અકથ્ય

૧૬૬ આત્મદર્શનના સુખની શ્રેષ્ઠતા

૧૬૭ અંતરંગ સુખ માટે વિષયસંપર્ક બિનજરૂરી

૧૬૮ અંતરંગ સુખમાં બાહ્યસુખનું જોડાણ

૧૬૮ બાહ્ય-અંતરંગસુખનું સહાવસ્થાન અવિરુદ્ધ

૧૬૯ મિથ્યાદષ્ટિ-સમ્યગ્દષ્ટિના બાહ્યસુખમાં પણ અંતર

૧૭૦ મિથ્યાદષ્ટિનો પુણ્યબંધ પણ પ્રાયઃ પાપાનુબંધી

ઉપદેશ ૧૯

૧૭૧ અભિગ્રહઃ મુમુક્ષુઓનું નિત્ય કર્તવ્ય

૧૭૧ અભિગ્રહોથી પ્રમાદ પર ઝળહળતો વિજય

૧૭૧ અભિગ્રહ લેવો અઘરો : પાળવો વધુ અઘરો

૧૭૨ અભિગ્રહથી વિપુલનિર્જરા

૧૭૩ જીરણશેઠનો મનોરથ એ જ અભિગ્રહ

૧૭૪ ઇચ્છાદિ ચાર ભેદે યમ અને અભિગ્રહ

૧૭૪ ફળમુખે અભિગ્રહોની સ્તવના

૧૭૫ યામુનરાજર્ષિનું દષ્ટાન્ત

૧૭૬ શુભયોગથી અશુભબંધસ્થિતિનો વિનાશ

૧૭૭ કષાયથી શુભયોગના નાશની શંકા અને સમાધાન
૧૭૭ મિથ્યાદષ્ટિને શુભયોગનું સ્વરૂપ સમજાય નહીં
૧૭૮ સમ્યગ્દષ્ટિ જ સાચું જોઈ શકે
ઉપદેશ ૨૦
૧૭૯ ક્વચિત્ સફળતા, ક્વચિત્ નિષ્ફળતા
૧૭૯ ગુણસ્થાનકના આરંભ માટે ઉપદેશ સફળ
૧૮૦ સ્થિરાત્માઓ માટે ઉપદેશ નિરુપયોગી
૧૮૧ ઉપદેશની સર્વથા નિષ્ફળતા અંગે શંકા-સમાધાન
૧૮૨ ઉપદેશની હેતુતામાં વ્યભિચાર શંકાનો ઉત્તર
ઘટોત્પત્તિ માટે દંડસંબંધી પ્રવૃત્તિની ઉચ્છેદ શંકાનો ઉત્તર
૧૮૩ તૃણ-અરણિ-મણિ ન્યાયે કાર્ય-કારણભાવ
૧૮૩ દંડત્વ જાતિ વાયુ આદિ સાધારણ ન હોઈ શકે
૧૮૩ ગુણસ્થાન પ્રાદુર્ભાવમાં દ્વારઘટિતરૂપે ઉપદેશની હેતુતા
૧૮૪ ગુણસ્થાન પ્રવૃત્તિમાં ઉપદેશ અન્યથાસિદ્ધ નથી
૧૮૪ સૂત્રાર્થ ગ્રહણના ઉપદેશમાં વિરોધનો પરિહાર
૧૮૬ અપ્રાપ્ત ગુણપ્રાપ્તિ માટે સૂત્રાર્થ પોરસીનો ઉપદેશ સફળ
ઉપદેશ ૨૧
૧૮૭ શ્રદ્ધા-જ્ઞાન વિના આચરણ સફળ ન થાય
૧૮૭ હિંસાદિ પાપોથી તાત્ત્વિક નિવૃત્તિ ક્યારે ?
૧૮૮ જ્ઞાન-દર્શન વિના તાત્ત્વિક પાપનિવૃત્તિ ન હોય
૧૮૯ ઉપસર્ગો સહન કરો અથવા વિધિથી પ્રતિકાર
૧૯૦ ગ્લાનચિકિત્સા સૂત્રમાં દર્શાવેલ વિધિ
૧૯૧ અપવાદમાર્ગના પાલનમાં આરાધનાની શંકા-સમાધાન
૧૯૨ ધર્મમાં સર્વત્ર માયાત્યાગ
૧૯૩ કપટથી અપવાદ સેવનમાં નિર્જરા ન થાય
૧૯૩ ગુણસ્થાનના પ્રભાવે વિવેકનો પુનીત ઉદય
૧૯૪ ક્વચિત્ અનાભોગથી વિપરીત શ્રદ્ધામાં ગુણ સુરક્ષિત
૧૯૫ સદન્ધન્યાયથી સન્માર્ગગમન
ઉપદેશ ૨૨
૧૯૬ પ્રતિકૂળ સંયોગોમાં પણ ભાવ અખંડ રાખી શકાય
૧૯૬ પ્રતિકૂળ સંયોગોમાં સાધુતા ટકી રહેવાની શંકાનું સમાધાન
૧૯૭ સુભટ વગેરેનો અભંગ ઉત્સાહ
૧૯૯ ભ્રમરને માલતી પુષ્પની જેમ મુનિને શુભયોગનું ગાઢ આકર્ષણ
૨૦૦ અભ્યંતર ભાવાત્મક પ્રવૃત્તિનો અવિચ્છેદ

ઉપદેશ ૨૩
૨૦૧ સુવિહિત સાધુઓ આજે પણ વિદ્યમાન છે
૨૦૧ ઉત્તમ ચારિત્રની વર્ત્તમાનકાળમાં યોજના
૨૦૨ ચારિત્રના સદ્ભાવમાં અસદ્ગ્રહ નિરવકાશ
૨૦૩ ક્રિયાનિરોધને બદલે શુભાનુષ્ઠાનનો ઉપદેશ શા માટે ?
૨૦૩ શુભક્રિયાઓ જ પરંપરાએ મોક્ષપ્રાપક છે
૨૦૪ સ્વાધ્યાયથી મનોવૃત્તિ ઉપર ભારે અંકુશ
૨૦૫ સ્વચ્છંદ યતિઓનું આચરણ ખેદજનક
૨૦૫ સ્વચ્છંદ યતિઓનું ડગલેને પગલે પતન
૨૦૭ કદાગ્રહી યતિઓની ઉત્સૂત્રભાષણ પ્રવૃત્તિ
૨૦૮ સ્વપ્રશંસા અને પરનિંદા એ કદાગ્રહીઓનું જીવનવ્રત
ઉપદેશ ૨૪
૨૦૯ સ્યાદ્વાદગર્ભિત દેશનાવિધિનું પાલન આવશ્યક
૨૦૯ સૂત્રકૃત અંગમાં ઉપદેશની પરિપાટી
૨૧૦ સૂત્રના ઉપદેશમાં ઉદ્ધતાઈનો પરિહાર
૨૧૦ ઉપદેશમાં કર્કશવચન અને શુષ્કચર્ચા ન જોઈએ
૨૧૧ તાત્પર્યનિરૂપણ-શ્રોતૃરુચિ-સૂત્રવિભાગ વગેરેની સાવધાની
૨૧૨ ગ્રહણશિક્ષા-આસેવનશિક્ષા વિધિવગેરેનો આદર-કાળજી
૨૧૩ અપસિદ્ધાન્ત-પ્રચ્છન્નભાષિતાનો ત્યાગ
૨૧૩ સૂત્રવફાદારી અને ઋણમુક્તિ ઉદ્દેશ
૨૧૪ શુદ્ધસૂત્ર-યોગોદ્વહન, આજ્ઞાગાહ્ય-હેતુગ્રાહ્ય પદાર્થ
૨૧૪ વિભજ્યવાદ અને વિસ્તારત્યાગ-બે કઈ રીતે ?
૨૧૬ સ્યાદ્વાદ પરિજ્ઞાન વિના સમ્યક્ત્વ ન હોય
૨૧૬ આજ્ઞારુચિનું સમ્યક્ત્વ દ્રવ્યથી હોય
ઉપદેશ ૨૫
૨૧૭ સ્યાદ્વાદ સમ્યક્ત્વનું બીજ
૨૧૭ સ્યાદ્વાદ સમ્યગ્દર્શનના પ્રાણ
૨૧૭ નિત્ય-અનિત્ય એકાન્તદષ્ટિનો ત્યાગ
૨૧૮ એકાન્તવાદમાં વ્યવહાર ન ઘટે
૨૧૯ સ્યાદ્વાદમાં પણ એકાન્તની શંકાનું સમાધાન
૨૨૦ ભિન્ન ભિન્ન અંશે એકાન્તની શંકાનું સમાધાન
૨૨૧ ભવ્યજીવશૂન્ય થવાની શંકાનું સમાધાન

૨૨૧ સર્વજીવમાં એકાન્તભેદની શંકાનું સમાધાન
૨૨૧ ગ્રન્થિભેદાસામર્થ્યની શંકાનું સમાધાન
૨૨૧ સર્વજ્ઞ શાશ્વત હોવાની શંકાનું સમાધાન
૨૨૨ કર્મબંધમાં તફાવત પરિણામાદિ સાપેક્ષ
૨૨૩ આધાકર્મભોજીને પણ કર્મબંધમાં ભજના
૨૨૪ ભેદ-અભેદ, અવ્યક્ત-વ્યક્ત, આદિનો એકાન્ત નથી
**ઉપદેશ ૨૬**
૨૨૬ સ્યાદ્વાદનો અપાર મહિમા
૨૨૬ સ્યાદ્વાદબોધ પ્રવચનનું કારણ અને કાર્ય
૨૨૭ સંક્ષિપ્ત જૈન યતિ-આચાર
૨૨૮ સ્વપરસિદ્ધાન્ત મીમાંસા વિનાનું આચારપાલન મૂલ્યહીન
૨૨૯ સમ્યક્ત્વ અને ચારિત્રનો વ્યાપ્ય-વ્યાપક ભાવ
૨૨૯ સ્યાદ્વાદ જાણ્યા વિના ઉપદેશ એક આત્મવિડંબના
૨૩૧ ગુરુકુળવાસ વિના આહારશુદ્ધિની કાળજી નકામી
**ઉપદેશ ૨૭**
૨૩૩ નિત્ય એકાશન તપ પ્રશસ્ત છે
૨૩૪ અન્યકર્ત્તવ્યો ત્યજીને ઉપવાસ ન કરવો
૨૩૪ દશવૈકાલિકમાં નિત્ય એકાશનની પ્રશંસા
૨૩૫ પારણામાં નિત્યતપના ભંગની શંકા-સમાધાન
૨૩૬ એકાસણું નૈમિત્તિક તપ હોવાની શંકાનું સમાધાન
૨૩૭ એકાસણું ગૌણ કર્ત્તવ્ય-શંકાનું સમાધાન
**ઉપદેશ ૨૮**
૨૩૮ તીવ્રશ્રદ્ધા માટે સ્વાધ્યાય વગેરેનો આદર
૨૩૯ જ્ઞાનથી શ્રદ્ધા વધે અને ક્રિયા સુધરે
૨૩૯ અશુભકર્મબંધવિચ્છેદ : પરમપદસ્વામિત્વ
૨૪૦ સત્ક્રિયાથી અકરણ નિયમ
૨૪૧ સત્ક્રિયાના અભ્યાસથી પાપપ્રવૃત્તિ નિરોધ
૨૪૧ જૈન-જૈનેતર વચનોની સરખામણી
૨૪૨ સંવાદી જૈનેતર વચનોનું પ્રામાણ્ય
**ઉપદેશ ૨૯**
૨૪૪ છતી સામગ્રીએ પાપ નહીં કરવાનો પ્રશસ્ત નિયમ
૨૪૪ દેશવિરતિગુણસ્થાને અકરણનિયમ પ્રારંભ

૨૪૫ અકરણનિયમની પુષ્ટિમાં કૃશરોગીનું દૃષ્ટાન્ત
૨૪૫ ચતુર્થગુણસ્થાનકે પ્રારંભ કેમ નહીં ?
૨૪૬ અનંતાનુબંધી કષાયના અનુદયમાં પણ વિરતિ નહીં
૨૪૭ ક્ષપકશ્રેણિમાં જડમૂળથી કર્મનો ક્ષય
૨૪૮ વિતરાગીની પ્રવૃત્તિ અનિંદ્ય જ હોય
૨૪૯ વિતરાગીની સર્વ પ્રવૃત્તિ નિર્દોષ જ હોય
ઉપદેશ ૩૦
૨૫૦ કેવળ યોગજન્ય પ્રવૃત્તિ દોષિત નથી
૨૫૦ કલ્પભાષ્યને અનુસરીને વસ્ત્રછેદમીમાંસા
૨૫૦ ૩૯૨૨/૨૩ કલ્પ. ગાથાઓનું વિવરણ
૨૫૧ ૩૯૨૪/૨૫ ગાથાઓનું વિવરણ
૨૫૨ ૩૯૨૬/૨૭ ગાથાઓનું વિવરણ
૨૫૩ ૩૯૨૮/૨૯ ગાથાઓનું વિવરણ
૨૫૪ ૩૯૩૦/૩૧ ગાથાઓનું વિવરણ
૨૫૫ ૩૯૩૨ ગાથાઓનું વિવરણ
૨૫૬ ૩૯૩૩/૩૪ ગાથાઓનું વિવરણ
૨૫૮ ક્ષીણમોહ ગુણસ્થાને અકરણનિયમની પૂર્ણતા
ઉપદેશ ૩૧
૨૬૦ કેવળ દ્રવ્યહિંસા દોષકારક નથી
૨૬૦ શુદ્ધયતિને નિષ્ફળ
૨૬૧ દ્રવ્યપરિણામ ત્યાગથી અકરણનિયમની વિશેષતા નથી
૨૬૨ કર્મબંધની તરતમતામાં ભાગ ભજવનાર તત્ત્વો
૨૬૩ અધિકરણના પ્રકારો નિર્વર્ત્તનાદિ
૨૬૫ વીર્યની તરતમતાથી કર્મબંધની તરતમતા
૨૬૬ દ્રવ્યપરિગ્રહની જેમ દ્રવ્યાશ્રવપરિણામ નિર્દોષ
૨૬૭ અપવાદપદની વિરાધનાથી પણ નિર્જરા
ઉપદેશ ૩૨
૨૬૮ વીતરાગની પ્રવૃત્તિ નિંદ્ય ન હોય
૨૬૮ અતિચારમૂળ સંજ્વલનકષાયનો વીતરાગીને અભાવ
૨૬૯ સમભાવની હાજરીમાં સદા ઉચિત પ્રવૃત્તિ
૨૭૦ ક્ષીણમોહને તત્ત્વતઃ પચ્ચક્ખાણનો ભંગ ન હોય
૨૭૨ અશિષ્ટ પુરુષો વડે કરાતી નિંદા સારહીન છે
૨૭૩ જે જિન ભાખ્યું તે નવિ અન્યથા

**ઉપદેશ ૩૩**

૨૭૫ જયણા સાધુજીવનના પ્રાણ
૨૭૫ મોહક્ષીણ થયે અકરણનિયમની પૂર્ણતા
૨૭૬ પ્રભુ તુજ શાસન જગજયવંતુ
૨૭૬ જયણા=નિષિદ્ધ પ્રવૃત્તિના આપવાદિક સેવન પર અંકુશ
૨૭૭ ઉત્સર્ગમાર્ગે થતી આરાધના સ્વયં જયણા
૨૭૮ શાસ્ત્રાભ્યાસથી જયણાયોગ્ય દ્રવ્યક્ષેત્રાદિની પરખ
૨૭૯ એષણીયજ્ઞાનવત્ જયણાયોગ્ય સંયોગો સુજ્ઞેય
૨૮૦ અનેષણીયના વિવેકની અશક્યતાનો નિષેધ

**ઉપદેશ ૩૪**

૨૮૧ આચાર પાલનમાં એકાન્ત ત્યાજ્ય
૨૮૧ એકાન્તે વિધિ-નિષેધનો પરિહાર
૨૮૨ દર્પિક-કલ્પિક પ્રતિસેવાના લક્ષણો
૨૮૨ દર્પિક-કલ્પિક પ્રતિસેવામાં કોઈ ભેદ ન હોવાની શંકાનું સમાધાન
૨૮૪ કલ્પિક-દર્પિક પ્રતિસેવામાં ક્રમશઃ આરાધના-વિરાધના
૨૮૪ ગીતાર્થાદિ ચાર પદોથી ૧૬ કે ૩૨ ભાંગા
૨૮૫ ઉત્સર્ગ-અપવાદની વ્યાપકતા પર શંકા-સમાધાન
૨૮૬ અપવાદપદની સાક્ષાત્ અનુજ્ઞા કેમ નહીં ? સમાધાન
૨૮૭ નિર્દોષ હિતકર પ્રવૃત્તિમાં સૂત્ર-અનુજ્ઞાનું સ્વરૂપ
૨૮૮ ઉત્સર્ગ વગેરે છ પ્રકારનાં સૂત્રો
૨૮૯ જૈન શાસ્ત્રોનું લોકોત્તર પ્રામાણ્ય
૨૮૯ ભગવદ્વચનમાં પૂર્ણતા
૨૯૦ રાગદ્વેષગર્ભિત અનુષ્ઠાન નિર્દોષ ન હોય

**ઉપદેશ ૩૫**

૨૯૧ ઉત્સર્ગ-અપવાદની તુલ્યતા અને ઔચિત્ય
૨૯૧ જયણાની અપેક્ષાએ ઉભયની તુલ્યતા
૨૯૧ ઊંચા-નીચાની જેમ ઉત્સર્ગ-અપવાદની સાપેક્ષપ્રતીતિ
૨૯૨ ઉત્સર્ગ-અપવાદ અન્યોન્ય વ્યાપ્ય-વ્યાપક
૨૯૩ ઉત્સર્ગ-અપવાદના ઉચિત સંયોગો
૨૯૪ માતૃસ્થાનસ્પર્શ ન થાય એની સાવધાની
૨૯૫ દોષ બાળે અને કર્મ ટાળે તે મોક્ષનો ઉપાય
૨૯૫ કલ્પ્ય પણ અકલ્પ્ય બને

૨૯૬ જૈન જૈનેતર વચનોમાં સમાનતાની શંકા
૨૯૭ જૈનેતર વચનોમાં સ્થાન-ઔચિત્યનો અભાવ-ઉત્તર
૨૯૭ ઉત્સર્ગ-અપવાદનાં સ્વસ્થાન-પરસ્થાન
૨૯૮ જૈનેતર ઉત્સર્ગ-અપવાદ અંગે શંકા
૨૯૯ જૈનેતર મતમાં જયણાને સ્થાન નથી
૩૦૦ જૈનેતરોની સ્વશાસ્ત્રશ્રદ્ધા અસદ્ગ્રહરૂપ
૩૦૦ યજ્ઞાદિ કામ્યકર્મમાં ભાવશુદ્ધિનો અસંભવ
૩૦૧ જે રીતે ઘણું કાર્ય સરે તે રીતે પ્રવર્ત્તવું

**ઉપદેશ ૩૬**

૩૦૨ વિરુદ્ધ આચરણા તે આજ્ઞા નથી
૩૦૨ અસંવિગ્નાચરણા અસદાલંબન પ્રેરિત
૩૦૩ અવિરુદ્ધાચરણાનું લક્ષણ
૩૦૩ અશઠ આચરણા પ્રમાણ ગણાય
૩૦૩ સ્વપક્ષી મસ્તકમુંડોથી સતત ચેતતાં રહેવું
૩૦૪ આજ્ઞાશુદ્ધ સાધુ શ્રાવકોમાં બહુમાન
૩૦૪ દ્વેષથી માધ્યસ્થ્ય હાનિની શંકા
૩૦૫ નિર્ગુણ પ્રત્યે સમચિત્ત રહીએ-ઉત્તર
૩૦૫ ભાવ ઉપઘાત ન થાય એની તકેદારી
૩૦૬ અસંવિગ્ન જન સહવાસમાં ભયસ્થાનો
૩૦૭ પૂર્ણરાજ અને સુબુદ્ધિ મંત્રીનું દૃષ્ટાન્ત
૩૦૮ કુવૃષ્ટિન્યાયે અસંવિગ્નોનું અનુવર્ત્તન
૩૦૯ દૃષ્ટાન્તનો ઉપનય
૩૧૦ ગુરુનિયોગથી આજ્ઞાયોગ દ્વારા આત્મરક્ષા

**ઉપદેશ ૩૭**

૩૧૧ સદ્ગુરુને ઓળખવાના લક્ષણો
૩૧૧ હેતુવાદ અને આગમવાદની વિશેષતા
૩૧૨ નામધારી ગુરુઓથી સાવધ રહેવાની જરૂર
૩૧૩ ઘણું ભણવા છતાં સિદ્ધાન્તનો દુશ્મન !
૩૧૪ સદ્ગુરુસેવાથી સૂત્રાર્થ લાભ
૩૧૫ સૂત્રથી પણ વધુ મહત્ત્વ અર્થનું
૩૧૬ પદાર્થ-વાક્યાર્થાદિ ચાર પ્રકાર
૩૧૭ ભાગી છૂટેલા પુરુષ દ્વારા માર્ગાન્વેષણ

ઉપદેશ ૩૮
૩૧૮ પરિપૂર્ણ અર્થોપલબ્ધિનાં મહત્ત્વપૂર્ણ અંગોઃપદાર્થાદિ
૩૧૮ પદાર્થાદિ ચારનું સહમિલનથી કાર્યકારિત્વ
૩૧૯ 'પુરતઃ તિષ્ઠતિ વૃક્ષઃ' વાક્યમાં પદાર્થાદિ
૩૨૦ 'સર્વે ભૂતા ન હન્તવ્યાઃ' વાક્યમાં પદાર્થાદિ
૩૨૧ આજ્ઞા ધર્મનો સાર-ઐદંપર્યાર્થ
૩૨૨ જિનાલયનિર્માણ વિધિ
૩૨૨ 'ग्रंथं त्यजेत्' વાક્યમાં પદાર્થાદિ
૩૨૪ 'तपोध्यानादि कुर्यात्' વાક્યમાં પદાર્થાદિ
૩૨૫ 'દાનપ્રશંસા-નિષેધમાં પ્રાણવધ-વૃત્તિભંગ'-પદાર્થાદિ
૩૨૬ સૂત્રકૃતાંગમાં દાનપ્રશંસાદિનો અર્થ
૩૨૭ અનુકમ્પાદાનનો અનિષેધ
ઉપદેશ ૩૯
૩૨૯ પૂર્ણતા માટે ચિંતાજ્ઞાન અને ભાવનાજ્ઞાન
૩૩૦ પદાર્થાદિક્રમથી વ્યાખ્યા ન થાય તો અપૂર્ણતા
૩૩૦ વાક્યાર્થાદિબોધ શ્રુતજ્ઞાનરૂપ કઈ રીતે ?
૩૩૧ મતિજ્ઞાનના ભેદથી શ્રુતજ્ઞાનમાં ષટ્સ્થાન
૩૩૨ વાક્યાર્થાદિ પ્રતીતિની શ્રુતજ્ઞાનાત્મકતાનું સમર્થન
૩૩૪ બુદ્ધિ વિકાસથી ચિન્તા-ભાવના જ્ઞાનની પ્રાપ્તિ
૩૩૪ છદ્મસ્થ જ્ઞાનોપયોગનો કાળ દીર્ઘ છે
૩૩૫ પદાર્થાદિ ક્રમ કલ્પિત હોવાની આશંકા
૩૩૬ એકાનેકરૂપે શાબ્દબોધ અનુભવસિદ્ધ
ઉપદેશ ૪૦
૩૩૮ તત્ત્વજ્ઞસૂચિત પ્રવૃત્તિ જ આદરણીય
૩૩૯ બહુજન પ્રવૃત્તિ ઉપાદેયતા પ્રયોજક નથી
૩૪૦ ભવભયથી કઠોર આચારપાલન શક્ય
૩૪૧ ધર્મપ્રવૃત્તિમાં નિકાચિત મોહનો પ્રતિબંધ
૩૪૨ અપ્રમાદને પ્રાધાન્ય આપવાનું કારણ
૩૪૩ કાલ પ્રતિકૂળ છતાં ધર્મમાં ઉદ્યમ
ઉપદેશ ૪૧
૩૪૫ અનુષ્ઠાન વૈચિત્ર્યમાં તથાભવ્યત્વનો પ્રભાવ
૩૪૫ સતતાભ્યાસ-વિષયાભ્યાસ-ભાવાભ્યાસ
૩૪૬ અપુનર્બન્ધકાદિને આશ્રયીને ત્રણેની સાર્થકતા

૩૪૭ તથાભવ્યત્વસ્વરૂપ મીમાંસા
૩૪૮ જીવોનો વિચિત્ર સ્વભાવ તે તથાભવ્યત્વ
૩૪૯ તથાભવ્યત્વની કાર્યતાવચ્છેદકતા પર શંકા-સમાધાન
૩૫૧ વિશેષ કાર્ય-કારણભાવ ગ્રહનું સમર્થન
૩૫૨ સામાન્યતઃ કાર્ય-કારણભાવગ્રહની આશંકા
૩૫૩ કાર્યવૈચિત્ર્ય પ્રયોજક તથાભવ્યત્વ
૩૫૩ પુરુષાર્થ નિષ્ફળતાની શંકાનો ઉચ્છેદ
૩૫૪ અભવ્યજીવોની મુક્તિ થવાની આપાત્તિનું સમાધાન
૩૫૫ ઉપદેશપદ શ્લોક ૧૦૦૦ થી ૧૦૧૦
૩૫૭ ધીરપુરુષોની સંયમયોગમાં અખંડ પ્રવૃત્તિ

**ઉપદેશ ૪૨**

૩૫૮ સકલયોગશાસ્ત્રનો સાર અધ્યાત્મ-ધ્યાનયોગ
૩૫૮ અધ્યાત્મ અને ધ્યાનયોગનું સ્વરૂપ
૩૫૯ ધ્યાન અને સમભાવમાં જીવન્મુક્ત દશા
૩૬૦ ભગવતીસૂત્રમાં તેજોલેશ્યાની વૃદ્ધિ
૩૬૦ ભગવતીસૂત્રનો આલાપક
૩૬૨ નિશ્ચય-વ્યવહારથી અધ્યાત્મ-ધ્યાનનો ઉપયોગ

**ઉપદેશ ૪૩**

૩૬૩ કલ્યાણમિત્ર યોગ આદિ ૧૫ ઉપાયો
૩૬૩ કલ્યાણમિત્રયોગ, જિનવચનશ્રવણ, અર્થધારણ
૩૬૩ પરોપકાર, પરપીડાત્યાગ, વિષયસેવનત્યાગ, ભવસ્વરૂપચિન્તા
૩૬૫ પૂજ્યપૂજા, નિંદાત્યાગ, લોકાનુવર્ત્તન, ગુણાનુરાગ
૩૬૬ નિર્ગુણમાં માધ્યસ્થ્ય, કુશીલઅસંસર્ગ, પ્રમાદવર્જન
૩૬૬ ૧૫મો ઉપાય-સહજ આત્મસ્વરૂપની ભાવના
૩૬૭ હું શરીરાદિથી અન્ય છું-ભાવના
૩૬૮ શુદ્ધ-બુદ્ધ આત્મસ્વરૂપનું ધ્યાન
૩૬૮ ગ્રન્થકાર મહર્ષિનો અંતિમ ઉપદેશ
૩૬૯ ગ્રન્થરચના હેતુ અને અંતિમ અભિલાષા
૩૭૦ ટીકાકાર મહર્ષિનું અંતિમ મંગલ-પ્રશસ્તિ
૩૭૦ પરિશિષ્ટ ૧ ઉપા. યશોવિજયકૃત ગ્રન્થ પરિચય
૩૭૫ પરિશિષ્ટ ૨ ઉ.ર. મૂલગાથાનો અકારાદિક્રમ
૩૭૮ પરિશિષ્ટ ૩ ઉ.ર. અને ઉપદેશપદના સમાન શ્લોકોની તાલિકા
૩૭૯ પરિશિષ્ટ ૪ ટીકામાં ઉલ્લિખિત સાક્ષિવાક્યાંશોનો અકારાદિક્રમ
૩૮૪ પરિશિષ્ટ ૫

ऐँ नमः

श्री शंखेश्वरपार्श्वनाथाय नमः

श्रीमद् विजयप्रेमसूरीश्वरसद्गुरुभ्यो नमः

श्रीमद् विजयभुवनभानुसूरिसद्गुरुभ्यो नमः

तर्कसम्राट् सर्वशास्त्रविशारद

म हा म हो पा ध्या य श्री य शो वि ज य वि र चि त

# उ प दे श र ह स्य

આ અદ્ભુત ગ્રન્થના રચયિતા મહામહોપાધ્યાય ન્યાયાચાર્ય શ્રીમદ્ યશોવિજયજી મહારાજ છે. વિ.સં. ૧૬૬૦ થી વિ.સં. ૧૭૪૩ના ગાળામાં આ મહાપુરુષ જૈન શાસનમાં સુપ્રસિદ્ધ હતા. જૈનેતર નવ્યન્યાય અને પ્રાચીન ન્યાયના વિષયમાં તેઓશ્રીની વિદ્વત્તા અજોડ હતી. તે ઉપરાંત છએ દર્શનો અને જૈન દર્શનના તેઓશ્રી પારગામી ધુરંધર તાર્કિક વિદ્વાન હતા. તેઓએ આગમિક-દાર્શનિક વિષયોનું સ્પષ્ટીકરણ કરતા અનેક ગ્રન્થો રચ્યા છે. ઉપદેશના વિષયમાં તેઓશ્રીએ આ 'ઉપદેશ રહસ્ય' નામના અદ્ભુત ગ્રન્થની રચના કરી છે. તેમાં આર્યા છંદમાં પ્રાકૃત ભાષામાં ૨૦૩ મૂળગાથાની રચના છે અને તેના ઉપર સુંદર વિવરણ તેઓશ્રીની જ તર્કગર્ભિત કલમે આલેખાયું છે. તેમના વાક્યે વાક્યે જૈન શાસન પ્રત્યેની તેમની અપૂર્વ નિષ્ઠા, જૈન દર્શન-ધર્મશાસ્ત્રના તલસ્પર્શી અધ્યયનની પ્રૌઢતા, પ્રત્યેક હકીકતને તર્કશાસ્ત્રની કઠિન કસોટી દ્વારા ચકાસવાની નિપુણતા, તેમજ સ્વ કે પર દર્શનનાં સાપેક્ષ સત્યોનું બેનમૂન સમર્થન કરવાની કુશળતા વાચકોનાં ચિત્તને અપૂર્વ આહ્લાદ ઉપજાવે એવી છે. એઓશ્રીના બીજા અનેક ગ્રન્થોની માફક આ ગ્રન્થ પણ સરળતાથી સમજાય તેવો ન હોવાથી તેના સારાંશનું સંકલન કરીને ગ્રન્થના વિષયને સરળતાથી સમજી શકાય તે જાતનો તાત્પર્યાર્થ તૈયાર કરી તેને અનુવાદરૂપે મુમુક્ષુઓ-વિદ્વાનો અને ધર્મપ્રેમી સજ્જનોના કરકમલમાં પ્રસ્તુત કરવાનો આ નમ્ર પ્રયાસ છે.

# ઉપદેશરહસ્ય

## -: મંગલાચરણ :-

('કોઈ પણ શુભ કાર્યના આરંભમાં ઇષ્ટદેવનું સ્મરણ કરવું' એ શિષ્ટાચારને અનુસરીને શ્રી યશોવિજયજી ઉપાધ્યાય મહારાજ સ્વનિર્મિત વિવરણના આરંભમાં શ્રુતદેવતા સરસ્વતી દેવીના બીજ ઐંકારથી ગર્ભિત મંગળ શ્લોક પ્રસ્તુત કરે છે-)

**( विवरण ) ऐँकारकलितरूपां स्मृत्वा वाग्देवतां विबुधवन्द्याम् ।**
**निजमुपदेशरहस्यं विवृणोमि गभीरमर्थेन ॥ १ ॥**

વિવૃતિના આ મંગળ શ્લોકમાં ગ્રંથકારશ્રીએ પંડિતોને વંદ્ય શ્રુતદેવતાનું સ્મરણ કર્યું છે. 'ऐँ' કારથી અર્થાત્ 'ऐँ' બીજના એકાગ્ર જાપથી આ શ્રુતદેવતાના સ્વરૂપને પોતે કળી શક્યા છે-સાક્ષાત્ કરી શક્યા છે, તેમજ 'ऐँ कार' શ્રુતદેવતાનું વાચક બીજ છે; આ અર્થનું સૂચન 'ऐँकारकलितरूपां' એવા વિશેષણથી કર્યું છે. विबुधवन्द्या એ વિશેષણ સૂચવે છે કે શ્રુતજ્ઞાનના પ્રકાશ માટે ધુરંધર પંડિતો પણ તેની ઉપાસના કરે છે અને ભક્તિથી શિર ઝુકાવે છે. તેનું સ્મરણ કરીને ગ્રંથકારે અર્થગંભીર **'ઉપદેશરહસ્ય'** નામના પોતાના જ બનાવેલા ગ્રન્થનું વિવરણ કરવાની ભાવના વ્યક્ત કરી છે. પ્રસ્તુત શ્લોકમાં 'વાગ્દેવતા' શબ્દથી ભગવાનની વાણીનું પણ સ્મરણ અભીષ્ટ છે, અને તે ભગવાનની વાણીનું સ્વરૂપ અર્થાત્ માહાત્મ્ય અથવા આગમ શાસ્ત્રોનાં ગૂઢાર્થો 'ऐँ' કારના જાપથી સારી રીતે જાણી શકાય છે. પૂ. ઉપાધ્યાયજી પણ, વારાણસીમાં ગંગા નદીના તટ પર ऐँ કારનો જાપ કરીને સાક્ષાત્ કરેલ શ્રુતદેવતાના આશીર્વાદથી, ભગવદ્વાણી સ્વરૂપ જિનાગમનું હાર્દ પ્રાપ્ત કરવામાં સફળ થયા હતા. તેઓ જે આશયથી પ્રસ્તુત ગ્રન્થ રચી રહ્યા છે તેને ભૂમિકામાં વ્યક્ત કરે છે—

**इह हि विपुलपुण्यप्राग्भारलभ्यमवाप्य मनुजत्वं, संसेव्य च गुरुकुलवासं, परिज्ञाय च प्रवचनानुयोगं सम्यक् स्वपरहितार्थितया मार्गोपदेशाय प्रयतितव्यमित्ययमुपक्रमस्त-त्रेयमाद्यगाथा-**

**પ્રારમ્ભિક ઉત્થાનિકા :-**

ચતુર્ગતિમય આ સંસારમાં વિપુલ પુણ્યરાશિના સંચય વિના દુર્લભ એવું *મનુષ્યપણું

---

* શાસ્ત્રગ્રન્થોમાં મનુષ્યપણું એટલે કે માનવતાને દુર્લભ બતાવવામાં આવે છે. એમાં માનવતા એટલે મનુષ્યભવ સમજવાનો છે, નહીં કે જેને આજે માનવતા ધર્મરૂપે સંબોધવામાં આવે છે તે. કારણ, માનવતાધર્મની વર્તમાનકાળમાં કોઈ સ્પષ્ટ વ્યાખ્યા નથી, અને જો ન્યાયસમ્પન્નતા વગેરે માર્ગાનુસારી ગુણો માનવતાધર્મના અર્થરૂપે ઘટાવવામાં આવે કે જેમાં માનવની માનવ વગેરે જીવો પ્રત્યે સહાનુભૂતિ વગેરેનો સમાવેશ થાય છે, તો આ પ્રકારની માનવતા મનુષ્યભવ કરતાં પણ ઉત્તરોત્તર આર્યદેશ-આર્યકુળ વગેરે કરતાં પણ વધુ દુર્લભ છે તેથી પ્રાથમિકપણે દુર્લભરૂપે તેની ગણતરી કરી લેવાનો કાંઈ અર્થ નથી. જો એને જ પ્રાથમિક દુર્લભ માની લઈએ તો પછી મનુષ્યત્વ કરતાં પણ આર્યદેશ વગેરેની વધુ દુર્લભતા બતાવી છે તે અસંગત થઈ જાય.

પ્રાપ્ત થયા પછી ગુરુકુળવાસમાં રહી સદ્ગુરુઓની ચરણોપાસના કરવી જોઈએ. એ કરીને, જિન પ્રવચનના અનુયોગને અર્થાત્ વિસ્તૃત ગૂઢાર્થોને યથાર્થપણે જાણવા જોઈએ, એ જાણીને એટલે કે એમાંથી ઉચિતનો આદર અને અનુચિતનો ત્યાગ કરવા રૂપે સમજીને સ્વ અને પર ઉભયનું કલ્યાણ ઇચ્છનારા મુમુક્ષુ આત્માઓએ સન્માર્ગના ઉપદેશમાં ઉચિત ઉદ્યમ કરવો જોઈએ. ગ્રન્થકાર મહર્ષિ પણ સ્વ-પરના કલ્યાણ નિમિત્તે ગ્રંથનો આરંભ કરે છે. તેની પ્રથમ ગાથા આ પ્રમાણે છે–

**( मूलम् ) नमिऊण वद्धमाणं वुच्छं भविआण बोहणट्ठाए ।**
**सम्मं गुरूवइट्ठं उवएसरहस्समुक्किट्ठं ॥ १ ॥**

**શ્લોકાર્થ :-** શ્રી વર્ધમાનસ્વામીને નમસ્કાર કરીને ભવ્ય જીવોને પ્રતિબોધ કરવા માટે શ્રેષ્ઠ અને સમ્યક્ પ્રકારે ગુરુથી ઉપદિષ્ટ ઉપદેશના રહસ્યને કહીશ. ॥ ૧ ॥

**नमिऊणत्ति** नत्वा=तत्त्वतः स्वाभेदेनान्तर्भूतध्यातृध्येयभावेन प्रणिधाय, **वर्द्धमानं** = वर्त्तमानतीर्थाधिपतित्वेनासन्नोपकारिणं गर्भावतारसमयमारभ्यैव प्रवर्द्धमानधनधान्यादिविपुलविभवमनुविभाव्य प्रमुदिताभ्यां मातापितृभ्यां दत्तवर्द्धमानाभिधानं चरमतीर्थंकरं, अनेन निर्विघ्नग्रन्थपरिसमाप्तये शिष्टाचारपरिपालनाय च मङ्गलमुपनिबद्धम्, **वक्ष्ये** = प्रतिपादयिष्यामि, उपदेशस्य = हितप्रवृत्त्यनुकूलवाक्यस्य, **रहस्य**मुपनिषद्भूतमित्युत्तरेण योगः, अनेनाभिधेयमुक्तम् । कीदृशमित्याह - **सम्यक्** = सूत्रोक्तविधिना, **गुरुभि**रनुयोगवृद्धैः, **उपदिष्ट**मुपदर्शितं, अनेन गुरुवाचनोपगतसूत्रमूलतया तात्त्विकत्वमस्यावेदितं भवति, गुरुपर्वक्रमलक्षणश्च सम्बन्धः सूचितो भवति, एवं सोऽयं प्रतिपाद्य-प्रतिपादकभावसम्बन्धोऽपि सामर्थ्याद् गम्यते । पुनः कीदृशमित्याह - **उत्कृष्ट**मागमैकाधिकारिकत्वेन मुमुक्षूपादेयत्वादितरग्रन्थातिशयितम्, अनेनाधिकारी प्रत्यपादि । किमर्थमित्याह - **भव्यानां** = भगवद्बहुमानितयासन्नसिद्धिकानां दुःषमाकालदोषवशादनतिसूक्ष्मधियां दुरवबोधविप्रकीर्णतत्तत्प्रवचनार्थानां तत्त्वजिज्ञासूनां, **बोधनार्थं** सङ्कुलितकतिपयोपादेयार्थपरिज्ञानार्थं, अनेन प्रयोजनमुक्तं, परमप्रयोजनस्य मोक्षस्याविशेषेऽपि सङ्कुलिततथाविधार्थतत्त्वपरिच्छेदस्यास्य विशेषप्रयोजनत्वात् ॥ १ ॥

**તાત્પર્યાર્થ :-** નમન ક્રિયાનો અર્થ એ છે કે ધ્યાતા અને ધ્યેયનો ભેદભાવ ગૌણ બને તે રીતે આત્માથી અભિન્ન ભાવે પરમાત્માનું તાત્ત્વિક પ્રણિધાન કરવું. **વર્ધમાન** શબ્દથી વર્તમાન તીર્થના અધિપતિ હોવાના કારણે નિકટના ઉપકારી, અંતિમ તીર્થંકર, મહાવીર સ્વામી અભિપ્રેત છે. તેઓ ગર્ભમાં આવ્યા ત્યારથી માંડીને ધનધાન્ય વગેરે વિપુલ સમૃદ્ધિની અસાધારણ વૃદ્ધિ થતી જોઈને આનંદિત બનેલાં માતા ત્રિશલાદેવી અને પિતા સિદ્ધાર્થ રાજાએ

તેમનું **વર્ધમાન** એવું નામ પાડ્યું હતું. તેમને નમસ્કાર કરવાથી નિર્વિઘ્ને ગ્રંથસમાપ્તિના હેતુભૂત અને શિષ્ટાચારના પાલનરૂપ *મંગળાચરણ થયું.

ઉપદેશ એટલે એવું વાક્ય કે વાક્યસમૂહ કે જે શ્રોતાને અહિતથી નિવૃત્ત થઈ હિતમાં પ્રવર્તવાની પ્રેરણા આપે. 'ઉપદેશના રહસ્યને કહીશ' એનો અર્થ 'રહસ્યમય ઉપદેશને કહીશ' એવો સમજવો. આનાથી આ ગ્રંથમાં મુખ્યપણે પ્રતિપાદનનો વિષય રહસ્યમય ઉપદેશ છે એ સૂચિત થાય છે.

આ ઉપદેશ, આગમસૂત્રમાં બતાવેલા વિધિ પ્રમાણે વિસ્તૃત ગૂઢાર્થના ઉપદેશક શિષ્ટમાન્ય પૂર્વાચાર્યોએ કહ્યા મુજબ જ કરવાનો છે. આ રીતે આ ઉપદેશ શિષ્ટ પૂર્વાચાર્યોની વાચના-પરંપરાથી પ્રાપ્ત થયેલ જે સૂત્રાર્થ, તન્મૂલક હોવાથી તેની તાત્ત્વિકતામાં કોઈ સંદેહ નથી એ જણાવ્યું. અને તેનાથી 卐ગુરુપર્વક્રમ અર્થાત્ ગુરુપરંપરારૂપ સંબંધનું પણ સૂચન થાય છે. આ ઉપદેશ ભગવાન મહાવીર સ્વામીથી સુદૂરકાળવર્તી આપણને પ્રાપ્ત થવામાં પરંપરાગત ગુરુઓરૂપી (પર્વ=) સંધિસ્થાન કારણભૂત છે એ તો પ્રસિદ્ધ જ છે. આ ગ્રન્થ રહસ્યભૂત ઉપદેશનો પ્રતિપાદક છે અને તેનો પ્રતિપાદ્ય વિષય રહસ્યભૂત ઉપદેશ છે. આ રીતે ગ્રંથ અને એના વિષયને કોઈ મેળ નથી એમ નહિ, પરંતુ પ્રતિપાદ્ય-પ્રતિપાદક ભાવ સંબંધ છે અને તે પ્રકરણ આદિના +સામર્થ્યથી જાણી શકાય છે.

---

* મંગળનું શું પ્રયોજન છે તે સ્યાદ્વાદ કલ્પલતા નામના ગ્રન્થમાં પૂ. ઉપાધ્યાયજી મહારાજે પ્રારંભમાં વિસ્તારથી દર્શાવ્યું છે. તેમજ વધુ વિસ્તારથી જાણવા માટે **મંગળવાદ** નામના સ્વનિર્મિત ગ્રન્થની ભલામણ પણ ત્યાં કરી છે.

卐 **ગુરુપર્વક્રમ** શબ્દનું તાત્પર્ય એ છે કે ભગવાન મહાવીરસ્વામી સાથે જંબૂસ્વામીનો સંબંધ કરાવનાર પર્વ એટલે કે સંધિસ્થાનરૂપ સુધર્મસ્વામી હતા. તે રીતે પ્રભવસ્વામી સાથે સુધર્મસ્વામીનો સંબંધ જોડવામાં જંબૂસ્વામી પર્વ રૂપ હતા. એ રીતે આપણી અને ભગવાન મહાવીરસ્વામી મધ્યે સંબંધ સ્થાપિત કરનાર સુધર્મસ્વામી વગેરે પૂર્વાચાર્ય ગુરુઓ પર્વરૂપ બન્યા. આ રીતે પર્વરૂપ બનેલા ગુરુઓની પરંપરાથી આપણો સંબંધ ભગવાન મહાવીરસ્વામી સાથે સ્થાપિત થાય છે. એ જ રીતે ભગવાન મહાવીરસ્વામીના ઉપદેશ અને પ્રસ્તુત ગ્રન્થકારના ઉપદેશ વચ્ચે પણ પર્વરૂપ પૂર્વાચાર્ય ગુરુઓના ઉપદેશની પરંપરા સંબંધ સ્થાપિત કરે છે. આ રીતે ગુરુપરંપરાગત ઉપદેશમૂલક હોવાથી આ ગ્રન્થકારના ઉપદેશમાં પણ પ્રમાણિકતાનો સંદેહ રહેતો નથી.

\+ सामर्थ्यम् : पृथगर्थानां पदानां विशिष्टार्थोपस्थितिजनकत्वम् । - અભિધેયસૂચક શ્લોકમાં લખાયેલા પદોમાંથી એક પણ પદ પ્રતિપાદ્ય-પ્રતિપાદકભાવ સંબંધનું વાચક નથી. પરંતુ બધાં જ પદો પરસ્પર ભિન્ન અર્થ ધરાવે છે. તે છતાં પણ મણકાની જેમ પ્રારંભિક અભિધેયસૂચક શ્લોકરૂપી માળામાં ગુંથાઈને જેમ વિશિષ્ટ વાક્યાર્થ ફલિત કરે છે તેમ ગ્રન્થગત પ્રતિપાદ્ય-પ્રતિપાદકભાવ સંબંધને પણ ઉપસ્થિત કરે છે. (સંબંધનાં અન્ય એક અર્થ માટે જુઓ યોગદષ્ટિ૦ શ્લો.૧ ની ટીકા.)

પ્રસ્તુત ગ્રંથનો અધિકારી મુમુક્ષુ છે. કારણ કે આગમના અધ્યયનનો અધિકારી મુમુક્ષુ જ હોય છે અને પ્રસ્તુત ગ્રંથ પણ આગમ સંબંધી જ એક વિષયનું વ્યુત્પાદન કરી રહ્યો છે. અર્થાત્ જે આગમ અધ્યયનનો અધિકારી છે તે જ આ ગ્રંથનો અધિકારી છે. મુમુક્ષુ દ્વારા ઉપાદેય હોવાથી આ ગ્રંથ બીજા અર્થશાસ્ત્ર આદિ કરતાં વધારે ચઢિયાતી કક્ષાનો હોઈ શ્રેષ્ઠ છે.

**પ્રયોજન :-** જે આત્માઓ ભગવાન ઉપર બહુમાનભાવવાળા અને મોક્ષથી નિકટ છે, પરંતુ પાંચમા આરાના કાળદોષથી નિપુણ બુદ્ધિ ન હોવાથી, છુટા છુટા વેરાયેલા તે તે શાસ્ત્રોના અર્થોને જાણવાને સમર્થ નથી તેવા તત્ત્વજિજ્ઞાસુ ભવ્ય જીવોને એકત્ર સંકલિત કેટલાક જાણવા યોગ્ય અતિ મહત્ત્વના પદાર્થોનો સુંદર બોધ થાય, તે આ ગ્રંથરચનાનું પ્રયોજન છે. **જો કે સામાન્યપણે મુખ્ય પ્રયોજન મોક્ષ જ હોય છે, તો પણ ભવ્ય જીવોને પ્રતિબોધ થાય એ પણ એક વિશેષ પ્રયોજન હોવામાં કોઈ બાધ નથી. ॥ ૧ ॥**

**जागर्ति ज्ञानदृष्टिश्चे-त्तृष्णाकृष्णाहिजांगुली ।**
**पूर्णानंदस्य तत्किंस्याद्दैन्य-वृश्चिकवेदना ।।४।। (ज्ञानसार १/४)**

જો તૃષ્ણારૂપ કૃષ્ણ સર્પના ઝેરનો નાશ કરવામાં અંગુલી વિદ્યા સમાન પૂર્ણતાજ્ઞાનની દૃષ્ટિ જાગૃત થાય છે તો પૂર્ણાનન્દમય આત્માને દીનતારૂપ વીંછીની વેદના કેમ હોય ?

પૂર્ણતા જ્ઞાનની દૃષ્ટિ તૃષ્ણાનો નાશ કરે છે, અપૂર્ણને તૃષ્ણા વધે છે. જેનાથી સર્પના વિષની પીડાનો નાશ થાય, તેનાથી વીંછીની પીડાનો નાશ કેમ ન થાય ? જે પૂર્ણ હોય તે તૃષ્ણાથી દીન ન હોય એ ભાવાર્થ છે.

## ઉપદેશ ૧ - જિનાજ્ઞા પરમો ધર્મઃ

प्रतिज्ञातमेवाह -

**लद्धूण माणुसत्तं सुदुल्लहं वीयरागपण्णत्ते ।**
**धम्मे पवट्टियव्वं निउणेहिं सुत्तणीईए ॥ २ ॥**

પૂર્વ સૂચના અનુસાર ઉપદેશનો આરંભ કરતાં કહે છે :-

**શ્લોકાર્થ :-** સુદુર્લભ મનુષ્યભવ પ્રાપ્ત કર્યા બાદ બુદ્ધિશાળીઓએ સૂત્રોક્ત નીતિ પ્રમાણે વીતરાગભાષિત ધર્મ આદરવો જોઈએ. ॥ ૨ ॥

**लब्ध्वा** = प्रकृतितनुकषायत्वादिगुणसमाजेनावाप्य, **सुदुर्लभ**मज्ञानप्रमाददोषप्रभवप्रतिपातेन सुदीर्घैकेन्द्रियादिकायस्थित्यवगुण्ठितसंसारचक्रवालपरिभ्रमणान्तरिततया समयप्रसिद्धैश्चोल्लकपाशकादि-दृष्टान्तैरतिदुरासादपुनरुत्पत्तिकम्, **मनुजत्वं** = धर्मश्रवणादिसामग्र्युपहितं नरभवम्, **वीतरागप्रज्ञप्ते**= सर्वज्ञभाषिते, **धर्मे** = तपश्चरणाद्यनुष्ठाने, **प्रवर्त्तितव्यं** = यथाशक्त्युद्यमो विधेयो, **निपुणै**र्धर्मपरीक्षा-दक्षैः, **सूत्रनीत्या** = सूत्राज्ञानतिक्रमेण, आज्ञाव्याकोपस्य महापायनिबन्धनत्वात् ॥ २ ॥

**તાત્પર્યાર્થ :-** શાસ્ત્રમાં **ચોલ્લક** અને **પાશક** વગેરે દશ દૃષ્ટાંતથી મનુષ્યભવની પુનઃ પ્રાપ્તિ અત્યંત દુર્લભ દર્શાવી છે, કારણ કે અજ્ઞાન અને પ્રમાદ દોષ વશાત્ મનુષ્યભવમાંથી એકવાર પતન થયા બાદ એકેન્દ્રિય આદિભવનાં શરીરોમાં અનંત કાળચક્ર જેટલા અતિદીર્ઘ કાળના કારાવાસથી વ્યાપ્ત સંસાર-ચક્રમાં સંભવતઃ અનેકવાર પરિભ્રમણ કરવું પડે છે. સ્વાભાવિક કષાયમંદતા આદિ ગુણગણ દ્વારા લભ્ય, ધર્મશ્રવણ વગેરે સામગ્રીથી ભરપૂર અને દુર્લભ આ મનુષ્યભવને પ્રાપ્ત કરીને, ધર્મ-પરીક્ષામાં કુશળ આત્માઓએ સર્વજ્ઞ કથિત તપશ્ચર્યા આદિ ધર્માનુષ્ઠાનમાં યથાશક્તિ પ્રયત્ન કરવો જોઈએ અને તે પણ સૂત્રની આજ્ઞાનું ઉલ્લંઘન ન થાય તે રીતે, કારણ કે સૂત્રાજ્ઞાનું ઉલ્લંઘન મહાદોષનું કારણ છે. ॥ ૨ ॥

**('અહિંસા પરમો ધર્મઃ' શંકા)**

આ શ્લોકમાં પ્રથમ ઉપદેશ સૂત્રાજ્ઞા પ્રમાણે વર્તવાનો આપ્યો. તેના ઉપર પ્રતિવાદી આક્ષેપ કરે છે કે 'આગમ એજ બળવાન પ્રમાણ છે' એવું તમારું અભિમાન હોવાથી તમે જે સૂત્રાજ્ઞાનું જ અવલંબન કરવાનો આગ્રહ રાખો છો તે શોભાસ્પદ નથી. આક્ષેપકારનો અભિપ્રાય આ પ્રમાણે છે -

अथागमप्रमाणे बलवत्त्वाभिमानिनामेव भवतां सूत्रनीत्यवलम्बनाग्रहः, स च न शोभन इत्यभिप्रायवान् परः शङ्कते –

**नणु विप्पडिसिद्धेसुं वयणेसुं कस्स होइ वीसासो ।**
**सो धम्मो कायव्वो जत्थ अहिंसा परमरम्मा ॥ ३ ॥**

**શ્લોકાર્થ :-** પરસ્પર વિરોધી (આગમ) વચનોમાં કોને વિશ્વાસ હોય ? જ્યાં પરમરમ્ય અહિંસા હોય તે ધર્મ આદરવો. ॥ ૩ ॥

**नन्वित्याक्षेपे, विप्रतिषिद्धेषु**-सर्वदर्शनिनां परस्परमसम्मतेषु, **वचनेषु**-स्वस्वागमरूपेषु, **कस्य** नाम मध्यस्थस्य पुंसः, **भवतु विश्वासः**-प्रामाण्यप्रतिपत्तिरूपः, न च विश्वासाऽविषयीभूतं वचनं प्रवृत्तिमाधातुमुत्सहते, न च स्वपरिग्रहमात्रं विश्वासनिमित्तं भवितुमर्हति, अतात्त्विकविश्वास-स्यापि ततो माध्यस्थ्यप्रतिबद्धतयानुत्थानात्, अन्यथा जैनवाक्यादिव कापिलादिवाक्यादपि प्रामाणिकाः किं न प्रवर्त्तेरन् ? कथं तर्ह्यामुष्मिकी प्रवृत्तिरित्यत आह-**स धर्मः कर्त्तव्यो यत्राहिंसा**= जीवदया **परमरम्या**-सूक्ष्माभोगपूर्विका, 'प्रतिपादिता भवति'इति वाक्यशेषः । इत्थं च शुद्धाऽहिंसादेशकत्वमेव वचनविश्वासबीजमिति भावः । युक्तं चैतत्, अन्यैरप्यङ्गीकृतत्वात् । तदाहुः—

"श्रूयतां धर्मसर्वस्वं श्रुत्वा चैवावधार्यताम् ।
आत्मनः प्रतिकूलानि परेषां न समाचरेत्" इति [चाणक्यनीति १-७] ॥ ३ ॥

**તાત્પર્યાર્થ :-** પરસ્પરને અમાન્ય તે તે દાર્શનિકોનાં પોતપોતાનાં આગમ શાસ્ત્રોમાં પ્રામાણ્યનો સ્વીકાર ક્યો મધ્યસ્થ પુરુષ કરે ? અવિશ્વસનીય વચન દ્વારા ક્યારે પણ પ્રવૃત્તિમાં ઉત્સાહ જાગતો નથી. પોતે અમુક સ્વીકાર્યું એટલા માત્રથી તે બધા માટે વિશ્વાસપાત્ર બની જતું નથી. માધ્યસ્થ્યના કારણે 'અમુકે આ સ્વીકાર્યું છે માટે વિશ્વાસપાત્ર છે' તેવો અતાત્ત્વિક વિશ્વાસ પણ માધ્યસ્થ્ય પ્રતિબંધક હોવાથી મધ્યસ્થોને ઉદ્‌ભવી શકતો નથી, તાત્ત્વિક તો દૂર રહ્યો. મધ્યસ્થ પુરુષને 'અમુક વ્યક્તિનું વચન પ્રમાણ અને બીજાનું અપ્રમાણ' એવો પક્ષપાત પણ હોતો નથી, તેથી 'આ વચન અમુકનું છે માટે પ્રમાણભૂત છે' તેવો અતાત્ત્વિક પણ વિશ્વાસ એને ક્યાંથી થાય ? છતાં પણ જો થાય એમ માનીએ તો પ્રામાણિક પુરુષો માત્ર જૈન વાક્યમાં શું કરવા વિશ્વાસ કરે ? સાંખ્યમત પ્રવર્ત્તક કપિલ વગેરેનાં વાક્યમાં શું કરવા વિશ્વાસ ન કરે ? એના આધારે ધર્મપ્રવૃત્તિ કેમ ન કરે ?

શંકાકારને કોઈ એમ પૂછતું હોય કે પરલોકનાં હિત માટે આગમના ઉપદેશ વિના કોઈ પ્રવર્તશે શી રીતે ? તો તેનો જવાબ એ છે કે જે ધર્મશાસ્ત્રમાં સૂક્ષ્મ વિચારો પૂર્વક જીવદયાનું પ્રતિપાદન હોય તેવા ધર્મશાસ્ત્રમાં વિશ્વાસ રાખીને તેમાં ઉપદેશેલો ધર્મ આચરવો. તાત્પર્ય એ છે કે શુદ્ધ અહિંસાની પ્રરૂપણા એ જ વચનમાં વિશ્વાસનું બીજ છે. આમાં કાંઈ અજુગતું પણ નથી, કારણ કે બીજાઓએ પણ આ પ્રમાણે સ્વીકાર્યું છે. દા.ત. **ચાણક્ય નીતિ**માં (૧/૭) કહ્યું છે કે —"ધર્મનું 'સર્વસ્વ' (સાર) સાંભળો, અને સાંભળીને બરાબર

ધ્યાનમાં લો કે જે "સ્વને (સ્વ પ્રત્યે હિંસા વગેરે) પ્રતિકૂળ છે તે અન્ય પ્રતિ આચરવું નહિ". નિષ્કર્ષ એ છે કે 'પોતાને પ્રતિકૂળ હિંસાદિ બીજા પ્રત્યે ન આચરવા' એ જ શુદ્ધધર્મ છે અને એનું પ્રતિપાદન જે શાસ્ત્રમાં થાય તે બધાં શાસ્ત્રો પ્રમાણ, પણ 'અમુક જ પ્રમાણ' એમ નહિ માનવું. આ શંકાનું સમાધાન કરતાં જણાવે છે કે–

एतत् प्रतिविधातुमाह–

**भण्णइ, आणाबज्झा लोगुत्तरणीइओ ण उ अहिंसा ।**
**सा णज्जइ सुत्ताओ हेउसरूवाणुबंधेहिं ॥ ४ ॥**

**શ્લોકાર્થ** :- આજ્ઞાબાહ્ય અહિંસા લોકોત્તર ન્યાયે અહિંસા જ નથી. લોકોત્તર ન્યાયથી અહિંસા તેના હેતુઓ, સ્વરૂપ અને અનુબંધથી સૂત્ર દ્વારા જાણી શકાય છે. ॥ ૪ ॥

**भण्यते**-ऽत्रोत्तरं दीयते, **आज्ञाबाह्या** सूत्रविषयस्वतन्त्रविश्वासाऽप्रयोज्यप्रवृत्तिका, **अहिंसैव** तावल्लोकोत्तरनीतितो **न** भवति, प्रासुकपुष्पफलशैवलादिभोजिनां विजनारण्यवासिनां बालतपस्विनां स्वच्छन्दाऽगीतार्थानां लोकोत्तरयतीनां च गुरुकुलवासतद्विनयकरणशास्त्राभ्यासादिवर्जितायाः केवलायास्तस्याः लोकमूलत्वेन लौकिकत्वानपायात् । तदाह भगवान् **हरिभद्रसूरिः**-

[१]धम्मट्ठाणमहिंसा सारो एसोत्ति उज्जमइ एत्तो ।
सव्वपरिच्चाएणं एगो इह लोगनीईए ॥ [उपदेशपदे-१८३] त्ति

न चेयं संसारसागरनिस्तारतरी, लौकिकानुष्ठानस्य संसाराऽविनाभावित्वात् । कथं तर्हि शुद्धाऽहिंसा ज्ञायते इत्यत्राह-**सा शुद्धाऽहिंसा हेतुस्वरूपानुबन्धैः सूत्रात्** सर्वज्ञवचनात् **ज्ञायते,** तथाहि – **हेतुतस्तावदयतनाऽपरपर्यायात्** प्रमादात्, **स्वरूपतश्च** प्राणव्यपरोपणतः, **अनुबन्धतश्च** पापकर्म्मबन्धार्जितदुखलक्षणात्, इह हिंसा प्रतीयते । तथा च सूत्रम्–[दशवैकालिके]

[२]अजयं चरमाणो अ पाणभूयाइं हिंसइ ।
बंधई पावयं कम्मं तं से होइ कडुअं फलं ॥ ४-२ ॥ इति ।

एतद्वैलक्षण्यं चाहिंसायां योजनीयं, यतनाया **हेतुत्वात्** परप्राणाव्यपरोपणस्य **स्वरूपत्वादा**-त्यन्तिकसुखलाभस्य **चानुबन्धत्वात्** । तथा च 'शुद्धाहिंसाप्रतीतिविश्वासो वचनविश्वासात्तद्वि-श्वासश्चाहिंसाधीविश्वासादित्यन्योन्याश्रयान्नाहिंसादेशकत्वं वचनविश्वासे बीजमिति स्वातन्त्र्येणैवागमस्य परलोकविधौ प्रवर्त्तकत्वाद्बलवत्त्वमव्याहतमिति फलितम् । यथोक्तम्–[योगबिन्दौ]

परलोकविधौ शास्त्रात् प्रायो नान्यदपेक्षते ।
आसन्नभव्यो मतिमान् श्रद्धाधनसमन्वितः ॥ २२१ ॥

---

१ धर्मस्थानमहिंसा सार एष इति उद्यच्छति इतः । सर्वपरित्यागेनैक इह लोकनीत्या ॥ १८३ ॥ इति
२ अयतं चरंश्च प्राणभूतानि हिनस्ति । बध्नाति पापकं कर्म तत्तस्य भवति कटुकं फलमिति ॥ ४, २ ॥

पापामयौषधं शास्त्रं शास्त्रं पुण्यनिबन्धनम् ।
चक्षुः सर्वत्रगं शास्त्रं शास्त्रं सर्वार्थसाधनम् ॥ २२२ ॥

विश्वासबीजं चात्राऽऽप्तोक्तत्वमेव, रागद्वेषमोहानामेवानृतवचनबीजत्वेन तत्क्षयवतो भगवतो वचनस्यानृतत्वशङ्कानुपपत्तेः ।

तदुवाच **वाचकमुख्यः—**

रागाद्वा द्वेषाद्वा मोहाद्वा वाक्यमुच्यते ह्यनृतम् ।
यस्य तु नैते दोषास्तस्यानृतकारणं किं स्यात् ॥ [इति]

आप्तोक्तत्वं च महाजनपरिग्रहात् संवादिजातीयत्वाद्वा सुग्रहमिति **विपश्चितमन्यत्र** ॥ ४ ॥

**(અજ્ઞાનગર્ભિત હોય તે અહિંસા નહીં)**

**તાત્પર્યાર્થ :-** સમાધાનનું તાત્પર્ય એ છે કે, આજ્ઞાબાહ્ય એટલે કે જે અહિંસા પ્રવૃત્તિ, સૂત્રનાં વિષય ઉપર તટસ્થ યુક્તિઓથી પૂર્વાપર વિચાર કરવા દ્વારા ઉત્પન્ન થયેલા પ્રમાણ્યબોધરૂપી વિશ્વાસથી પ્રેરિત હોવાને બદલે દેખાદેખી અથવા સ્વચ્છંદથી પ્રેરિત છે તે અહિંસા લોકોત્તર ન્યાયે અહિંસા જ નથી. નિર્જીવ પુષ્પ, ફળ, સેવાળ વગેરે ખાઈને જીવનારા, એકાંત નિર્જન વનમાં વાસ કરનારા અજ્ઞાની તપસ્વીઓ, તેમજ સ્વચ્છન્દપણે વિચરનારા અગીતાર્થ જૈનયતિઓ, આ બધાનું, ગુરુકુળવાસ-વડીલ ગુરુઓનો વિનય તેમજ શાસ્ત્રાભ્યાસ વગેરેથી નિરપેક્ષ એવું અહિંસાપાલન લોકસંજ્ઞામૂલક હોવાથી લૌકિક અહિંસા છે, પણ લોકોત્તર અહિંસા નથી. ભગવાન શ્રી **હરિભદ્રસૂરિ** મહારાજે પણ કહ્યું છે કે-

"લોકહેરીને અનુસરીને, 'અહિંસા એ જ સારભૂત ધર્મ છે' એમ સમજીને કેટલાક અજ્ઞાનીઓ સર્વત્યાગ કરીને લૌકિક અહિંસામાં મચી પડે છે."

પણ આ પ્રકારની અજ્ઞાનગર્ભિત અહિંસાને સંસારસાગરથી પાર ઉતારનાર નૌકા ન કહી શકાય, કારણ કે લૌકિક અનુષ્ઠાન સંસાર સાથે ગાઢ દોસ્તીથી સંકળાયેલું છે.

**(હેતુ-સ્વરૂપ-અનુબંધથી હિંસા અને શુદ્ધ અહિંસા)**

**પ્રશ્ન—**તો પછી શુદ્ધ અહિંસા કેવી રીતે જાણવી ?

**ઉત્તર—**સર્વજ્ઞકથિત સૂત્રને અનુસરીને, ૧. હેતુ ૨. સ્વરૂપ અને ૩. અનુબંધ આ ત્રણ પ્રકારે અહિંસાની શુદ્ધિ તપાસવી જોઈએ. અહિંસા હિંસાવિરોધી છે એટલે હિંસાના ત્રણ પ્રકાર જાણવાથી અહિંસાના ૩ પ્રકાર જાણી શકાય. હિંસાના ત્રણ પ્રકાર આ રીતે- *પ્રમાદ

* તત્ત્વાર્થસૂત્રમાં પ્રમાદના ત્રણ પ્રકાર કહ્યા છે-
૧. સ્મૃતિઅનવસ્થાન :- વિકથા વગેરેના કારણે ચિત્ત વ્યાકુળ થઈ જવાથી કર્તવ્યનું વિસ્મરણ થઈ જવું.
૨. કુશળનો અનાદર :- ઉત્સાહના અભાવે શાસ્ત્રવિહિત શુભ અનુષ્ઠાનોનું પાલન ન કરવું.
૩. યોગદુષ્પ્રણિધાન :- મન-વચન-કાયાથી બધી જ શુભ પ્રવૃત્તિઓ આર્ત્તધ્યાનપૂર્વક અર્થાત્ ઉદ્વેગપૂર્વક કરવી. [તત્ત્વાર્થસૂત્ર - અ. ૭. સૂ. ૨૮ સ્વોપજ્ઞભાષ્યની શ્રી સિદ્ધસેનસૂરિકૃત ટીકાને અનુસરીને. પ્રકાશક-દે. લા. પુ. ફંડ-ભા. ૨ પૃષ્ઠ ૧૨૩]

કે જેને જૈન પરિભાષામાં અયતના કહે છે તે હિંસાનો હેતુ છે, પ્રાણ વિનાશ હિંસાનું સ્વરૂપ છે, અને પાપકર્મના બંધથી ભાવિમાં પ્રાપ્ત થતાં દુઃખો એ હિંસાનો અનુબંધ=ફળ છે. આ ત્રણ રીતે હિંસા જાણી શકાય છે. **દશવૈકાલિક** સૂત્રના ચોથા અધ્યયનમાં કહ્યું છે કે– "અયતનાથી ફરનારો પ્રાણ અને ભૂત વગેરે જીવોની હિંસા કરે છે તેનાથી પાપકર્મનો બંધ કરે છે કે જે કડવાં ફળ આપે છે."

શુદ્ધ અહિંસામાં ઉપરોક્ત હિંસાથી વિપરીત યોજના કરવી, તે એ રીતે કે યતના એ અહિંસાનો હેતુ છે, પરકીય પ્રાણવિનાશથી નિવૃત્ત થવું એ અહિંસાનું સ્વરૂપ છે અને આત્યન્તિક મોક્ષસુખનો સાક્ષાત્ કે પરંપરાએ લાભ એ અહિંસાનો અનુબંધ છે.

### (અહિંસા-દેશકતા વચનવિશ્વાસનું બીજ નથી)

અહિંસાદેશકતા એ વચન-વિશ્વાસમાં પ્રયોજક નથી, કારણકે તેમાં અન્યોન્યાશ્રય દોષ બેઠો છે. વચનમાં વિશ્વાસ ઉત્પન્ન થાય તો પ્રસ્તુત અહિંસા શુદ્ધ છે એવી ખાતરી કે વિશ્વાસ થાય અને શુદ્ધઅહિંસાપ્રતિપાદકતાનો વિશ્વાસ કે નિશ્ચય થાય તો એ વચનમાં વિશ્વાસ થાય. આ બધાનો સાર એ છે કે આગમશાસ્ત્ર સ્વતંત્રપણે પારલૌકિક અનુષ્ઠાનમાં પ્રવર્તક છે, નહિ કે અહિંસાદેશકતાના જ્ઞાનથી પ્રયુક્ત વિશ્વાસ, માટે આગમ એટલે કે જિનાજ્ઞા બળવાન છે. **યોગબિંદુ**માં કહ્યું છે કે-

શ્રદ્ધારૂપ ધનથી યુક્ત, બુદ્ધિશાળી અને નિકટમાં મુક્તિગામી જીવને પારલૌકિક અનુષ્ઠાનમાં પ્રાયઃ શાસ્ત્ર સિવાય બીજાની જરૂર રહેતી નથી. ॥ ૨૨૧ ॥

શાસ્ત્ર પાપરોગનું ઔષધ છે, પુણ્યનું સર્જન કરનાર છે. સર્વદિશા અભિમુખ નેત્ર છે અને સર્વ અર્થનું સાધન શાસ્ત્ર છે. ॥ ૨૨૨ ॥

### (આપ્તભાષિત હોય તે વિશ્વસનીય)

**પ્રશ્ન**–જે આગમને સ્વતંત્રપણે પ્રવર્તક માનવામાં આવે છે તે આગમમાં વિશ્વાસનું બીજ જો શુદ્ધ અહિંસાદેશકત્વ નથી તો શું છે ?

**ઉત્તર**–આગમશાસ્ત્રમાં વિશ્વાસનું બીજ 'એના ઉપદેશક પુરુષ આપ્ત હોવા' તે છે. અસત્ય ભાષણમાં કારણ રાગ, દ્વેષ અને મોહ છે. તેના સંપૂર્ણ વિજેતા જિનેશ્વર દેવ જ ખરા આપ્ત છે એટલે તેમનાં વચનમાં અસત્યપણાની શંકાને અવકાશ જ નથી. વાચક-શિરોમણિ શ્રીમદ્ **ઉમાસ્વાતિ** મહારાજે પણ કહ્યું છે કે-

"રાગ, દ્વેષ કે મોહથી જૂઠાં વાક્યો બોલાય છે. જેમાં આ ત્રણ દોષ નથી તેને જુઠું બોલવાનું પ્રયોજન શું હોય ? (અર્થાત્ નથી.)"

**પ્રશ્ન**—અમુક આગમના પ્રણેતા આપ્ત જ છે તેમાં પ્રમાણ શું ?

**ઉત્તર**—મહાજન એટલે કે શિષ્ટ પુરુષોમાં આદરણીય હોવાથી તેમજ *સંવાદી વચનોની સજાતીયતા હોવાથી અમુક આગમશાસ્ત્ર સાક્ષાત્ કે પરંપરાએ આપ્તનું ભાખેલું છે એમ કહી શકાય. આ વિષય ઉપર બીજા ગ્રંથમાં પુષ્ક્ળ વિચાર કરેલ છે. ॥ ૪ ॥

---

* ભગવાનનાં જે વચનોમાં અન્ય પ્રમાણથી સંવાદ ઉપલબ્ધ થાય છે તે વચનો સંવાદી કહેવાય. તે સંવાદી વચનનાં ભાષક ભગવાનનાં અન્ય વચનો કે જેમાં તાત્કાલિક અન્ય પ્રમાણથી સંવાદ ન પણ મળે પરંતુ વિસંવાદ પણ ન હોય, તે સંવાદીજાતીય વચનો કહેવાય. દા.ત. સૂર્યચન્દ્રગ્રહણ પ્રતિપાદક આગમિક વચનોમાં પ્રત્યક્ષ પ્રમાણથી સંવાદ ઉપલબ્ધ છે માટે જ ભગવાનનાં બીજાં વચનો પણ સંવાદી હોવાં જોઈએ. કારણ કે તે પણ ભગવાનભાષિત છે. આ રીતે વચનમાં સંવાદી જાતીયતા પણ આપ્તભાષિતપણું સિદ્ધ કરે છે.

**स्वभावसुखमग्नस्य जगत्तत्त्वावलोकिनः ।**
**कर्तृत्वं नान्यभावानां साक्षित्वमवशिष्यते ।। ३ ।। (ज्ञानसार २/३)**

સહજાનંદમાં મગ્ન થયેલા અને જગતના તત્ત્વનું-સ્યાદ્વાદ વડે શુદ્ધ સ્વરૂપનું પરીક્ષણ કરીને અવલોકન કરનાર આત્માને અન્ય ભાવોનું પોતાના આત્માથી ભિન્ન બીજા પદાર્થોનું કર્તાપણું નથી, પણ સાક્ષીપણું બાકી રહે છે.

માટી વગેરે ભાવો ઘટાદિરૂપે પરિણમે છે તેમાં કુંભાર વગેરે સાક્ષી માત્ર છે, તો તે કેમ અભિમાન રાખે કે અમે ઘટાદિ પદાર્થના કર્તા છીએ. તેવી રીતે ભાષાવર્ગણાદ્રવ્ય વર્ણપણે, વર્ણ પદપણે, પદ વાક્યપણે, વાક્ય મહાવાક્યપણે અને મહાવાક્ય ગ્રન્થપણે પરિણમે છે, તેમાં ગ્રન્થકાર સાક્ષી માત્ર છે, તો તે કેમ અભિમાન રાખે કે 'હું ગ્રન્થકર્તા છું' ? સર્વ દ્રવ્યો સ્વ સ્વ પરિણામના કર્તા છે, પર પરિણામનો કોઈ કર્તા નથી. એ ભાવનાએ અન્યભાવોનું કર્તાપણું નથી, પણ સાક્ષીપણું છે.

## ઉપદેશ ૨-આજ્ઞા મુજબ પરિણામ શુદ્ધ કરો.

ननु किमिह कालविलम्बोचितप्रयासकारिणा सूत्राभ्यासेन ? अहिंसोपायेनैव पिण्डविशुद्ध्येषणादिना परिणामविशुद्ध्य निस्तारोपपत्तेस्तावन्मात्रपरिज्ञानस्य च स्वच्छन्दतयाऽप्युपपत्तेः किं गुरुकुलवासादिप्रयासेन ? इत्याशंक्याह–

**પ્રશ્ન–**દીર્ઘકાળ વીતી જાય તેવો પ્રયાસ કરાવનાર સૂત્રાભ્યાસની જરૂર શી છે ? સંસારથી નિસ્તાર તો પરિણામની વિશુદ્ધિથી થાય છે અને પરિણામવિશુદ્ધિ અહિંસાના ઉપાયભૂત વિશુદ્ધ પિંડગ્રહણ અને એષણાસમિતિ વગેરેથી પણ શક્ય છે. *પિંડવિશુદ્ધિ અને એષણાસમિતિ આદિનું જ્ઞાન તો જાતે વાંચી લઈને પણ થઈ શકે છે, તો પછી ગુરુકુળવાસ વગેરે લમણાકૂટની શી જરૂર ? (ગુરુકુળવાસ જ બિનજરૂરી હોવાથી ગુરુવિનયની તો જરૂર જ ક્યાં રહી ?)

ઉત્તર–

**परिणामो वि अ णियमा आणाबज्झो ण सुंदरो भणिओ ।**
**तित्थयरेऽबहुमाणासग्गहदुट्ठो त्ति तंतंमि ॥ ५ ॥**

**શ્લોકાર્થ :-** પરિણામ પણ જો આજ્ઞાનુસારી ન હોય તો તીર્થંકરમાં અનાદર અને અસદ્આગ્રહથી કલંકિત હોવાથી શાસ્ત્રમાં તેને નિયમા અશોભન કહ્યો છે. ॥ ૫ ॥

**आज्ञाबाह्यः**-स्वेच्छामात्रप्रवृत्तः, **परिणामोऽपि**-प्रस्तावाज्जीवरक्षणादिविषयशुभान्तःकरणपरिणतिरूपोऽपि, **नियमाद्**-निश्चयेन, **न सुन्दरः**-कुशलानुबन्धी, **भणितः**-प्रतिपादितः, **तीर्थंकरे**-आज्ञादातरि सर्वज्ञे, **बहुः**-स्वात्मापेक्षया बलीयान् **मानो**-मननं बहुमानस्तद्विपरीतोऽबहुमानोऽभक्तिपरिणाम इति यावत्, ततो योऽसद्ग्रहस्तदाहितविपर्ययवासनारूपस्तेन दुष्टः इति हेतोः **तन्त्रे**-भगवत्प्रवचने ।

न हि यो यद्वचननिरपेक्षः प्रवर्त्तते स तत्र बहुमानवान् भवति यथा कापिलादिः सुगतशिवादौ। जिनवचननिरपेक्षश्च गुरुकुलवासादिपरित्यागेन शुद्धपिण्डैषणादिकारी स्वच्छन्दसाधुरिति न भवति भगवद्बहुमानी । न च तद्वासनाविरहितः शुभोऽपि परिणामः परमार्थतः सुन्दरः, पङ्काविलजलस्थानीयत्वेन विशुद्ध्यनङ्गत्वात् यदाहुः-[षोडशके २।१२-१४]

वचनाराधनया खलु धर्मस्तद्बाधया त्वधर्म इति ।
इदमत्र धर्मगुह्यं सर्वस्वं चैतदेवास्य ॥ १ ॥

---

* **પિંડવિશુદ્ધિ** એટલે સાધુને ગ્રહણયોગ્ય આહાર વગેરે પિંડ સંબંધી 'આધાકર્મ' વગેરે ૪૨ દોષોનું વર્જન કરવું.
**એષણાસમિતિ :-** એટલે તે જ આહાર વગેરે પિંડનું અન્વેષણ કરવું, ગ્રહણ કરવું અને ઉપભોગકાળે ભોજનક્રિયા સંબંધી દોષોનું વર્જન કરવું.

अस्मिन् हृदयस्थे सति हृदयस्थस्तत्त्वतो मुनीन्द्र इति ।
हृदयस्थिते च तस्मिन् नियमात् सर्वार्थसंसिद्धिः ॥ २ ॥ इति ।

अत एव भगवदबहुमानगर्भतया स्वच्छन्दयतिपरिणामः संसारमोचकादिपरिणामवत् प्रत्यपायबहुलतयाऽशुभ एव निर्णीतः । तदाहुः-[उपदेशपदे]

[३]गलमच्छभवविमोअगविसन्नभोईण जारिसो एसो ।
मोहा सुहोवि असुहो तप्फलओ एवमेसोवि ॥ १८८ ॥ इति ।

**(ઉચ્છૃંખલ પરિણામ સુંદર નથી.)**

**તાત્પર્યાર્થ :-** જિનાજ્ઞા નિરપેક્ષ એટલે કે સ્વચ્છંદપણે પ્રગટ થયેલો જીવરક્ષા વગેરે ધર્માચરણનો સારો દેખાતો માનસિક પરિણામ પણ પરંપરાએ સુંદર નથી. તેનું કારણ એ છે કે, સ્વચ્છંદી જીવને 'આજ્ઞાકારક સર્વજ્ઞ તીર્થંકરોમાં પોતાના આત્માની અપેક્ષાએ વધારે ઊંચી કક્ષાનાં માન-સન્માન-બહુમાન વગેરે હોવાં જોઈએ' તે હોતાં નથી. ઉલટું, એને બદલે અભક્તિ એટલે કે અનાદરનો અધ્યવસાય હોય છે. આ અનાદરના અધ્યવસાયથી વિપરીતવાસના રૂપ અસદ્ગ્રહનો જન્મ થાય છે. આ અસદ્ગ્રહથી તેનો સારો દેખાતો પરિણામ મલિન બની જવાથી જિનપ્રવચનમાં તેને વખાણ્યો નથી. જે આત્મા જેના વચનથી નિરપેક્ષપણે એટલે કે તેને અવગણીને પ્રવૃત્તિ કરે તેને તે વ્યક્તિમાં બહુમાન હોઈ શકતું નથી. દા.ત. સાંખ્યમતના અનુયાયીઓને સાંખ્યમતના આદ્યપ્રવર્તક કપિલઋષિમાં બહુમાન હોય છે પરંતુ બુદ્ધ કે મહાદેવમાં બહુમાન હોતું નથી માટે તેઓ પોતાની પ્રવૃત્તિમાં બુદ્ધ કે મહાદેવના વચનની ઉપેક્ષા જ કરતા હોય છે.

**(જિનવચન ઉવેખનારને લાભ નથી.)**

ગુરુકુળવાસનો ત્યાગ કરીને પિંડવિશુદ્ધિ વગેરે લોકોત્તર અનુષ્ઠાનમાં પ્રયત્ન કરનાર સ્વચ્છંદી સાધુ જિનવચનની ઉપેક્ષા કરતો હોવાથી ભગવાન પ્રત્યે બહુમાનવાળો હોઈ શકતો નથી. ભગવાનના બહુમાનની ભાવના ન હોવાના કારણે તેનો સારો દેખાતો-ગણાતો પરિણામ પણ તાત્ત્વિક દૃષ્ટિએ સુંદર નથી. જેમ સ્વયં શુદ્ધ મનાતું જલ પણ કાદવના મિશ્રણથી મલિન બને છે અને બીજાને પણ મલિન બનાવે છે તે જ રીતે જિનવચનની ઉપેક્ષારૂપ કાદવથી મલિન બનેલો શુભ પરિણામ અધ્યવસાયોની વિશુદ્ધિનું કારણ બનતો નથી.

શ્રી **હરિભદ્રસૂરિ**એ ષોડશકમાં કહ્યું છે કે-"વચનની આરાધનાથી જ ધર્મ થાય છે, અને વચનને ઉવેખવાથી અધર્મ ઉત્પન્ન થાય છે, આ જ ધર્મનું રહસ્ય છે અને આ જ ધર્મનું સર્વસ્વ છે."

---

३ गलमत्स्यभवविमोचकविषान्नभोजिनः यादृश एषः । मोहात् शुभोऽप्यशुभः तत्फलत एवमेषोऽपीति ॥

"ભગવાનનું વચન હૃદયમાં સ્થિર થયું હોય તો જ મુનિઓમાં ઇન્દ્ર સમાન પરમાત્મા પરમાર્થથી હૃદયમાં સ્થિર થાય છે. પરમાત્મા જ્યારે હૃદયમાં બિરાજમાન થાય છે ત્યારે અવશ્ય સર્વ પ્રયોજનો સિદ્ધ થાય છે."

**(સ્વચ્છંદ પરિણામથી નુકસાન)**

માટે જ પૂર્વાચાર્યોએ આ પ્રમાણે નિર્ણય કર્યો છે કે 'સ્વચ્છંદ સાધુઓનાં અધ્યવસાયો *સંસારમોચક વગેરે મતના પાખંડીઓના અધ્યવસાયની જેમ પરમાત્મા પ્રત્યેના બહુમાન વિનાના હોવાથી અને ભવિષ્યમાં નુકસાન ગર્ભિત હોવાથી અશુભ જ છે.' ઉપદેશપદમાં કહ્યું છે કે-

"ગલ એટલે કે માછલાં પકડવાના કાંટા ઉપર લાગેલું માંસ ખાવાને લલચાયેલો મત્સ્ય, સંસારમોચક પાખંડી અને ઝેરમિશ્રિત ભોજન ખાનાર રોગી પુરુષ - આ ત્રણેયનો પોતપોતાનો પ્રયત્ન પોતાને દેખાવમાં શુભ સ્વહિતકારક લાગતો હોવા છતાં પણ મોહ-અજ્ઞાન ગર્ભિત હોવાથી પરિણામે અશુભ સ્વ-અહિતકર્તા છે. તેવી જ રીતે આ પણ સ્વચ્છંદ સાધુનો પરિણામ અશુભ સમજવો." ॥ ૫ ॥

नन्वेवं शुद्धः परिणामो विशिष्टश्रुतोपयोगादेवेति माषतुषादीनां तदनुपपत्तिरिति शुद्धपरिणामहेतुमुपदर्शयन्नाह-

**શંકા**-તમારા પ્રતિપાદનનો સાર એ થયો કે 'વિશિષ્ટ શ્રુતજ્ઞાન કે શાસ્ત્રાભ્યાસ દ્વારા આત્માને ભાવિત કરવાથી જ પરિણામની શુદ્ધિ થાય છે.' તો પછી જેઓ થોડું પણ ભણેલા ન હતા તેવા માષતુષ વગેરે મુનિઓને શુદ્ધ પરિણામ ન હોવાની આપત્તિ આવશે. છઠ્ઠા શ્લોકમાં શુદ્ધ પરિણામના હેતુઓ દર્શાવવા દ્વારા ઉપરોક્ત શંકાનો ગ્રંથકાર ઉત્તર આપે છે-

**सुद्धो सुओवओगा मग्गणुसारित्तओ अ केसिं चि ।**
**जायइ गलिए नियमा मिच्छत्तकए विवज्जासे ॥ ६ ॥**

**શ્લોકાર્થ :-** "મિથ્યાત્વ જનિત ભ્રમણાઓ જ્યારે અવશ્ય ટળી જાય છે ત્યારે જ શુદ્ધ પરિણામ ઉત્પન્ન થાય છે. તે ક્યાં તો શ્રુતજ્ઞાનના ઉપયોગથી અથવા કેટલાકને માર્ગાનુસારિતાએ થાય છે." ॥ ૬ ॥

**शुद्धः**=परिणामः **श्रुतोपयोगात्**=प्रवचनज्ञानाद्बहूनाम्, **केषाञ्चिच्च** माषतुषप्रभृतीनाम् **मार्गानुसारित्वतः**, मार्गश्चेतसोऽवक्रगमनं भुजङ्गमनलिकायानतुल्यो विशिष्टगुणस्थानावाप्तिप्रगुणः स्वरसवाही जीवपरिणतिविशेषस्तदनुसरणशीलत्वात् **जायते**=उत्पद्यते, बहुविशेषावधारणक्षम-

* સંસાર મોચક મતની માન્યતાઓ જાણવા માટે જુઓ શ્રાવકપ્રજ્ઞપ્તિ ગાથા ૧૩૩ થી ૧૬૩. આ મત એવો છે કે - દુઃખથી પીડાતા-રીબાતા-તરફડિયાં મારતા જીવને મારી નાંખવામાં ધર્મ છે. કારણકે એથી તેનો સંસારનાં દુઃખથી છુટકારો થાય છે. ધર્મી પુરુષ સામાનું દુઃખ જોઈ તો ન જ શકે. માટે દુઃખે રીબાતાને મારી નાંખવો જોઈએ. શ્રાવકપ્રજ્ઞપ્તિમાં આનું ખંડન પણ કરેલું છે.

श्रुतज्ञानादिव मार्गानुसारित्वाहितशुभौघसंज्ञानादपि रौद्रसंसारदु:खनिस्तारकगुरुकुलवास-बहुमानाद्भगवद्बहुमानाद् भगवद्भक्तिवासनोपपत्तेः, दृश्यन्ते हि बहिर्बहुश्रुतमपठन्तोऽप्यतितीक्ष्ण-सूक्ष्मप्रज्ञतया बहुपाठकस्थूलप्रज्ञपुरुषानुपलब्धं तत्त्वमुपलभमानाः कतिपये ।

नन्वेवं गुरुविषययाथार्थ्यज्ञानावरणविगमात्तत्तत्त्वज्ञानोपपत्तावपि माषतुषादीनां शेषतत्त्व-विषयविभ्रमसद्भावाद् कथमेकान्तशुद्धपरिणामोपपत्तिरित्यत आह— **गलिते**=व्यपगते, **नियमात्**= निश्चयतः मिथ्यात्वकृते **विपर्यासेऽसद्ग्रहे** । तथा च मिथ्यात्वाभावान्न तेषां विपरीतवासनाऽऽहितः शेषतत्त्वविषयोऽपि विभ्रमः, तथा क्रियाव्यत्ययहेतुकषायविशेषाभावाच्च न तथाविधक्रियानुपपत्तिः, निबिडजडिमजनितानाभोगश्च नात्मगुणं दूषयितुमलं, संशयानध्यवसायापेक्षया विपर्यासदोषस्यैव बलीयस्त्वात् । तदाहुः—

"न मिथ्यात्वसमः शत्रुर्न मिथ्यात्वसमं विषम् ।
न मिथ्यात्वसमो रोगो न मिथ्यात्वसमं तमः ॥"

इति न किञ्चिद् दुष्टम् ॥ ६ ॥

ननु मार्गानुसारित्वं स्वाभिप्रेतसामाचारीनिष्ठानामेव न त्वन्येषामित्याग्रहमात्रमित्यत आह—

### (શુદ્ધ પરિણામ ઉદ્ભવ હેતુ)

**તાત્પર્યાર્થ** :- આ કથનનું તાત્પર્ય એ છે કે મિથ્યાત્વ નિવૃત્ત થયા બાદ જે શુદ્ધ પરિણામ ઉત્પન્ન થાય છે તે મોટા ભાગના જીવોને શાસ્ત્રના પરિશીલનથી જ ઉત્પન્ન થાય છે, પરંતુ માષતુષ મુનિ જેવા કેટલાક એવા પણ જીવો હોય છે જેઓને જ્ઞાનાવરણનો તીવ્ર ક્ષયોપશમ ન હોવા છતાં પણ તેમના સ્વાભાવિક રીતે માર્ગને અનુસરવાના વલણથી શુદ્ધ પરિણામની પ્રાપ્તિ થાય છે. અહીં માર્ગ એટલે ચિત્તની સહજ અવક્રગામિતા, એટલે કે જીવનો એક વિશિષ્ટ પરિણામ કે જે સ્વાભાવિક રીતે ઉત્પન્ન થયેલો હોય છે, ઉત્તરોત્તર ચઢિયાતા ગુણસ્થાનકોની પ્રાપ્તિમાં અનુકૂળ હોય છે અને તદ્દન ઋજુ હોય છે. સર્પ જેમ નળીના એક છેડેથી પેસીને બીજા છેડે નીકળવા માટે પોતાની વક્રતા છોડી સીધો બની જાય છે તે રીતે માર્ગાનુસારિતાનો પરિણામ ઋજુતાગર્ભિત હોય છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે જેમ અનેક સૂક્ષ્મ પદાર્થોનો નિર્ણય કરવામાં સમર્થ એવા સૂત્રજ્ઞાનથી પરમાત્મા તરફ ભક્તિભાવ ઉત્પન્ન થાય છે, તેમ માર્ગાનુસારિતા ગર્ભિત પ્રશસ્ત ઓઘસંજ્ઞાથી, તેમજ ભયંકર સંસારનાં દુ:ખોથી મુક્ત કરનાર ગુરુકુળવાસના બહુમાનથી પણ પરમાત્મા પ્રત્યે બહુમાન અને ભક્તિભાવ ઉત્પન્ન થાય છે. સ્પષ્ટ દેખાય છે કે કેટલાક વિદ્વાનો બહારથી દેખાવમાં ઘણો શાસ્ત્રાભ્યાસ કરનારા ન હોવા છતાં પણ અતિ તીક્ષ્ણ અને સૂક્ષ્મ પ્રજ્ઞાથી એવું રહસ્ય શોધી કાઢે છે કે જે બહાર દેખાવમાં ઘણું જાણનારા પણ સ્થૂળ બુદ્ધિવાળાને ઉપલબ્ધ થતું નથી.

## (માષતુષ વગેરે મુનિઓમાં વિપર્યાસનો અભાવ)

**પ્રશ્ન**—ગુરુના વિષયમાં યથાર્થજ્ઞાન ન થવા દેનાર કર્મનો ક્ષયોપશમ થવાથી ગુરુ અંગેની યથાર્થ ઓળખાણ થઈ શકે, પરંતુ બાકીના તત્ત્વભૂત વિષયોમાં વિપર્યાસ સંભવિત છે તો પછી *માષતુષમુનિ વગેરેને એકાંતે શુદ્ધ કહી શકાય તેવા પરિણામની પ્રાપ્તિ શી રીતે થઈ?

**ઉત્તર**—મિથ્યાત્વજનિત અસદ્ગ્રહ નિઃસંદેહપણે ટળી જવાથી શુદ્ધ પરિણામની પ્રાપ્તિ થઈ. તાત્પર્ય એ છે કે માષતુષ મુનિ વગેરેને મિથ્યાત્વનો વિપાકોદય ન હોવાથી બાકીના તત્ત્વભૂત વિષયોમાં પણ વિપરીત વાસનાજનિત વિભ્રમ હોતો નથી, તેમજ તેમને મોક્ષસાધક ક્રિયાનો પણ અભાવ હોતો નથી, કારણ, ક્રિયામાં અવિધિ વગેરે વૈપરીત્ય થવામાં એક પ્રકારનો કષાય ભાગ ભજવે છે. આ કષાય માષતુષ મુનિ વગેરેમાં ન હોવાથી તેમને મોક્ષ સાધક ક્રિયા પણ હોઈ શકે છે.

**પ્રશ્ન**—ગાઢ જ્ઞાનાવરણ કર્મના ઉદય રૂપ જડતા હોવાના કારણે વારંવાર અનાભોગ કે વિસ્મૃતિ થઈ જવાનો સંભવ છે, તો શું એનાથી આત્માના ગુણો મલિન નહીં થતા હોય?

**ઉત્તર**—ના, વિપર્યાસ એટલે કે મિથ્યાજ્ઞાન રૂપ દોષ જેટલો પ્રબળ છે, સંશય કે અનધ્યવસાય (અનુપયોગ) એટલા પ્રબળ દોષ નથી. કહ્યું છે કે-

"મિથ્યાત્વ જેવો બીજો કોઈ દુશ્મન નથી, મિથ્યાત્વ જેવું કોઈ ઝેર નથી, મિથ્યાત્વ જેવો કોઈ રોગ નથી, અને મિથ્યાત્વ જેવો કોઈ અંધકાર નથી."

આ રીતે માષતુષ મુનિ વગેરે દૃષ્ટાન્તમાં કોઈ દોષને અવકાશ નથી.

**પ્રશ્ન**—'આપણને માન્ય હોય એ સામાચારીનું પાલન કરનારા માર્ગાનુસારી અને ન કરનારા માર્ગાનુસારી નહિ' એ આગ્રહ કહેવાય કે બીજું કંઈ?

---

* **માષતુષ મુનિરાજ** :- કોઈ એક ગચ્છમાં એક આચાર્ય અનેક શિષ્યોને ભણાવે છે. તેમના ભાઈસાધુ વિશિષ્ટ શ્રુતજ્ઞાની ન હોવાથી નિદ્રા વગેરેમાં સમય પસાર કરે છે. શિષ્યવર્ગની અનેક શંકા-કુશંકાઓનું નિરાકરણ કરતાં કરતાં એક વાર આચાર્ય કંટાળ્યા. મનમાં વિચારે છે 'આ ભાઈમુનિને કેટલી નિરાંત છે, આરામથી ઊંઘે છે, ત્યારે હતભાગી મને ક્ષણવાર પણ આરામ નહીં.' આ અવસરે જ્ઞાનની અવગણનાથી આચાર્યે ઉગ્ર જ્ઞાનાવરણ કર્મનો બંધ કર્યો. દેહત્યાગ કરી દેવલોકમાં એક ભવ કરીને મનુષ્યભવમાં અવતર્યા. સાધુપુરુષોના સત્સંગથી વૈરાગ્ય જાગ્રત થતાં પ્રતિબોધ કરનાર સદ્ગુરુ સમીપે દીક્ષા લીધી. ગુરુદેવની નિશ્રામાં સામાયિકશ્રુતનું અધ્યયન કરતી વેળાએ પૂર્વે બાંધેલું જ્ઞાનાવરણીય કર્મ ઉદયમાં આવ્યું. સબહુમાન નિરંતર અભ્યાસ અને પરિશ્રમ કરવા છતાં એક પદ પણ ગોખી શક્યા નહીં. એ જોઈ ગુરુદેવે સંક્ષેપથી સામાયિક સૂત્રનો અર્થ સમજાવવા 'मा रुष्य मा तुष्य' એવાં માત્ર બે પદ ગોખવા કહ્યું. ઘણી ભક્તિપૂર્વક ગોખવા છતાં બે પદ યાદ રહેતાં નથી. મહાપ્રયત્ને ગોખ્યું ત્યારે 'माषतुष' એટલું યાદ રહ્યું. એટલે એમને બધા 'माषतुष' નામે સંબોધવા લાગ્યા. અન્ય સાધુઓ તેમની ભૂલ સુધારે તો સરળ હૃદયે સહર્ષ સ્વીકારી લેતા. આ રીતે ગુરુભક્તિ અને આદરના પ્રભાવે કાળક્રમે કેવળજ્ઞાની થઈ મોક્ષે ગયા.

**ઉત્તર**—તાત્ત્વિક ક્લેશક્ષય પ્રયોજક જ્ઞાનનું ચિહ્ન આજ્ઞાપાલન છે અને આજ્ઞાપાલક હોય તે જ માર્ગાનુસારી છે-આ ઉત્તર સ્પષ્ટ કરવા માટે શ્લોક ૭ માં જણાવે છે કે-

***मंडुक्कचुण्णकप्पो किरिआजणिओ वओ किलेसाणं ।**
**तद्दड्ढचुण्णकप्पो नाणकओ तं च आणाए ॥ ७ ॥**

**શ્લોકાર્થ** :- ક્રિયાના પાલનથી થતો ક્લેશક્ષય દેડકાના સાદા ચૂર્ણ જેવો છે, જ્યારે જ્ઞાન દ્વારા થતો ક્લેશક્ષય ભસ્મીભૂત થયેલા દેડકાના ચૂર્ણ જેવો છે અને જ્ઞાન આજ્ઞાના પાલનથી પ્રતીત થાય છે. ॥ ૭ ॥

**क्रियाजनितो**=वितथक्रियाभ्यासमात्रोत्पादितः, **क्लेशानां**-दुःखानाम्, **व्ययो**-ऽपगमः, तथाविधसामग्रीलाभभाव्युत्पत्तिकत्वेन जीवबीजतया **मण्डूकचूर्णकल्पः**-पुनर्भविष्यत्तथा-परिणामभेकातिसूक्ष्मक्षोदतुल्यः । आज्ञाबाह्यानां क्रियामात्रकालभाविभ्यां प्रबलविपर्यासाभ्यां रागद्वेषाभ्यां पापानुबन्धिनः सातवेदनीयादेः कर्मणो बन्धे मिथ्यात्वमोहनीयस्यापि नियमतो बन्धाद् भवान्तरप्राप्तौ तत्पुण्यविपाके समुदीर्णमिथ्यात्वमोहानां हिताहितकृत्येषु मूढतामुपगतानां प्रागुपात्तकर्मस्थितिक्षये निःपारनरकपारावारमज्जनोपपत्तेः । **ज्ञानकृतश्च** क्लेशानां व्यय**स्तद्दग्धचूर्ण-कल्पः**-पावकप्लुष्टभेकचूर्णकल्पः, निर्बीजत्वात्, ज्ञानस्य निरनुबन्धाशुभप्रकृत्युपहितपुण्यानु-बन्धिपुण्यहेतुक्रियाकारिणः आनुषङ्गिकसुखभोगद्वारा निरवशेषदुःखक्षयहेतुत्वात् । तच्च ज्ञान**माज्ञया**= गुरुपारतन्त्र्यलक्षणया प्रतीयते, तस्या गुर्वादिविषयाऽविपर्याससज्ञानकार्यत्वात् । इत्थं च यद्यन्येऽपि मार्गानुसारिणः स्युस्तदा क्रियामात्रे स्वच्छन्दतया नानुरक्ताः स्युः, किन्तु ज्ञानार्थितया गुरुपार-तन्त्र्यमेवाश्रयेयुरिति फलितम् ॥ ७ ॥

नन्वेवमाज्ञयैव ज्ञानव्यवस्थितौ कथं परेषां तद्विना मासक्षपणादिविशिष्टक्रिया, कथं वा स्वपक्षबद्धोद्धुरादराणामपि प्रेत्यहिताय प्रवर्त्तमानानां प्रशमो दृश्यत इत्याशङ्क्याह—

### (જ્ઞાનશૂન્યક્રિયા અને ક્લેશક્ષય)

**તાત્પર્યાર્થ** :- આશય એ છે કે વિતથક્રિયા એટલે કે સ્વચ્છંદતાથી કરવામાં આવતી વારંવારની વિપરીત ક્રિયાથી દુઃખનો ક્ષય તો થાય છે, પરંતુ આત્યંતિક થતો નથી. અનુકૂળ સામગ્રી એકત્રિત થઈ જતાં ફરી દુઃખોની હારમાળા ચાલુ થાય છે. દા.ત. સાદું દેડકાનું ચૂર્ણ. સાદા દેડકાના ચૂર્ણમાંથી તાત્કાલિક દેડકાની ઉત્પત્તિ ન થતી હોવા છતાં પણ ઉત્પત્તિની યોગ્યતા અક્ષત હોવાથી જળ અને કાદવ વગેરેનો સહયોગ પ્રાપ્ત થતાં તેમાંથી અગણિત દેડકાંઓની ઉત્પત્તિ થઈ જાય છે. આજ્ઞા નિરપેક્ષ ક્રિયા કરનારા સ્વચ્છંદ યતિઓ જે કાળે જે ક્રિયાનું પાલન કરે છે તે કાળે તે ક્રિયાઓ જ્ઞાનશૂન્ય હોવાથી પ્રબળ વિપર્યાસ રૂપ

* उपदेशपदे १९१ गाथाऽत्रानुसन्धेया ॥

રાગદ્વેષની હાજરીમાં પાપાનુબંધી સાતાવેદનીય વગેરે પુણ્યનો બંધ કરાવે છે. એટલે કે તેઓ ક્રિયાનિમિત્તક સાતાવેદનીયનો બંધ કરતા હોવા છતાં પણ અજ્ઞાનપ્રયુક્ત પ્રબળ વિપર્યાસ રૂપ રાગ-દ્વેષના કારણે મિથ્યાત્વ મોહનીયનો બંધ પણ અવશ્ય કરતા હોય છે. મૃત્યુ પછીના ભવોમાં તે પુણ્યનો વિપાક-ઉદય થવા સાથે મિથ્યાત્વ મોહનીયનો ઉદય પણ અવશ્ય થાય છે. તેનાથી હિતકર કૃત્ય અને અહિતકર કૃત્યનો વિવેક ચુકી જવાય છે અને મૂઢતા પેદા થાય છે, તથા પુણ્ય કર્મની સ્થિતિનો ક્ષય થતાં મોહનીયજનિત મૂઢતાથી અપાર નરકપારાવારમાં પતન થાય છે. તેથી તેને સાદા મંડૂક ચૂર્ણ સમાન કહ્યો છે.

### (જ્ઞાનના પ્રભાવે થતો ક્લેશક્ષય)

પરિપક્વ જ્ઞાનથી જે દુઃખક્ષય થાય છે તે અગ્નિથી ભસ્મીભૂત થયેલા દેડકાના ચૂર્ણ જેવો છે. એટલે કે તેમાં પુનર્ ઉત્પત્તિની યોગ્યતા નષ્ટ થઈ જાય છે. પરિપક્વ જ્ઞાન એવી ક્રિયાને ઉત્પન્ન કરવાને સમર્થ છે કે જે ક્રિયાથી અત્યંત શુભ પુણ્યાનુબંધી પુણ્યનો બંધ થાય, જો કે સાથે સાથે દશમા ગુણઠાણા સુધી જ્ઞાનાવરણીય આદિ અશુભ પ્રકૃતિઓનો બંધ અવશ્યંભાવી છે, તો પણ તે નિરનુબંધ હોવાથી એટલે કે અશુભ ફળની પરંપરાસર્જક ન હોવાથી અકિંચિત્કર છે. આવા અકિંચિત્કર નિરનુબંધ અશુભપ્રકૃતિબંધ સહભાવી પુણ્યાનુબંધી પુણ્યના હેતુભૂત સત્ક્રિયાને પ્રગટાવનાર પરિપક્વ જ્ઞાન સર્વ દુઃખોના વિનાશનો હેતુ છે; જો કે વચમાં આનુષંગિક ભોગલાભ પણ પ્રાપ્ત થાય છે. તાત્પર્ય એ છે કે તેવા જ્ઞાન દ્વારા જે પુણ્યબંધ થાય છે તેનાથી જીવને જ્યાં સુધી મોક્ષ ન થાય ત્યાં સુધી સદ્ગતિઓમાં દેવલોકના સુખ વગેરેની પ્રાપ્તિ પણ થાય છે, પરંતુ તે સુખભોગમાં જ્ઞાનીઆત્મા ઉદાસીન=જલકમલવત્ નિર્લેપ રહેતો હોવાથી નવો કર્મનો બંધ બહુ જ અલ્પ થાય છે. આ રીતે ઘણા થોડા ભવોમાં જ્ઞાનીઆત્માને મોક્ષ પ્રાપ્ત થતાં સર્વ દુઃખનો કાયમી ઉચ્છેદ થાય છે, માટે જ્ઞાનકૃત દુઃખક્ષય ભસ્મીભૂત થયેલા દેડકાના ચૂર્ણ જેવો છે. તેમાં જેમ પુનઃ જીવોત્પત્તિ થવાની યોગ્યતા રહેતી નથી એમ જ્ઞાનકૃત દુઃખક્ષય પછી પુનઃ દુઃખોત્પત્તિ અટકી જાય છે.

### (ગુરુપરતંત્ર હોય તે માર્ગાનુસારી)

અમુક વ્યક્તિમાં આ પ્રકારનું જ્ઞાન હોવાનું ચિહ્ન ગુરુપરતંત્રતાસ્વરૂપ આજ્ઞાપાલન છે. કારણકે ગુરુ વગેરેના વિષયમાં આભ્રાન્ત જ્ઞાન હોય તો જ તેમની પરતંત્રતાનો સ્વીકાર થાય છે. સારાંશ એ છે કે અમને માન્ય સામાચારીનું પાલન કરવા ન કરવા માત્રથી માર્ગાનુસારિતા હોવા ન હોવાનું અમે કહેતા નથી, પરંતુ અમારો કહેવાનો આશય એ છે કે જેઓ માર્ગાનુસારી હોય તેઓ સ્વચ્છંદપણે જ્ઞાનશૂન્ય ક્રિયામાં અનુરક્ત હોય નહિ પણ

જ્ઞાનના અર્થી હોય અને તે માટે ગુરુઓની પરતંત્રતાનો એટલે કે ગુરુકુળવાસનો આશ્રય લેનારા હોય.

**પ્રશ્ન**—તમારા કહેવા પ્રમાણે તો ગુરુપરતંત્રતા રૂપ આજ્ઞાનું પાલન હોય તો જ જ્ઞાનનો સદ્ભાવ હોય, તો જેઓ ગુરુપરતંત્ર નથી તેવાઓ જે મહિના મહિનાના ઉપવાસ વગેરે વિશિષ્ટ ધર્મક્રિયા કરતા દેખાય છે, તેમજ જેમને પોતાની માન્યતામાં જ અત્યંત આદરની ગાંઠ બંધાયેલી છે તેવાઓની પારલૌકિક હિત માટેની પ્રવૃત્તિમાં જે પ્રશમભાવ એટલે કે અલ્પકષાયતા જોવામાં આવે છે, તે શું જ્ઞાન વિના જ હોય છે ? સમજ્યા વિના જ હોય છે ? આ પ્રશ્નનો ઉત્તર નીચેના શ્લોકમાં મળી રહેશે.

**किरियावि खेयमित्तं मोहकया हंदि होइ अण्णेसिं ।**
**सम्मोहसत्थयाए पसमो परिणामओ मोहो ॥ ८ ॥**

**શ્લોકાર્થ** :- બીજાઓની મોહગર્ભિત ક્રિયા પણ ખરેખર કષ્ટ માત્ર ફલક છે. તેમજ ભરચક મોહની સુષુપ્ત અવસ્થાના કારણે દેખાતો બાહ્ય પ્રશમ છે તે પરિણામે મુગ્ધતા જ છે. ॥ ८ ॥

**क्रियाऽपि**-मासक्षपणादिका, **अन्येषामाज्ञाबाह्यानाम्**, **मोहकृता**-मृगतृष्णायामुदकभ्रमवतां प्रवृत्तिरिव प्रबलमोहमूलविपर्यासधीजनिता **खेदमात्रं**-फलानुपहितश्रमरूपैव । परलोकानुपायेऽपि तदर्थितया प्रवर्तमानानां बाह्यानां दोषाभासं पर्यालोच्य बहुगुणकलितमपि गुरुकुलवासं परित्यजतां स्वच्छन्दयतीनां च मोहपारवश्यानपायात् । तदिदमुक्तम्—[पंचाशके-११]

[४]पायं अभिन्नगंठीतमा उ तह दुक्करंपि कुव्वंता ।
बज्झा व ण ते साहू धंखाहरणेण विण्णेया ॥ ३८ ॥ इति ॥

तथा **सम्मोहस्वस्थतया**-रागद्वेषमोहसन्निपातलक्षणव्याधेरनुद्रेकावस्थालक्षणया हेतुभूतया, **प्रशमो** रागद्वेषमन्दतालक्षणः, **परिणामतः**-आयतिफलयोग्यतालक्षणात्, **मोहो**ऽधिकदोषरूपः ।

यथा हि वातपित्तश्लेष्मसंक्षोभजनितव्याधेर्देहादनुत्तारेऽपि कुतोऽपि वेलाबलादनुद्रेकावस्थायां मन्दतापि पुनरधिकसंक्षोभप्रयोजकतया तत्त्वतो दोषरूपैव, तथा निर्बीजत्वं निर्बीजत्वाभिमुख्यं वा विना मोहपरिणत्यवस्थाविशेषकृता रागद्वेषमन्दतापि दोषरूपैव, तदाहुः —[उपदेशपदे]

[५]जो मंदरागदोसो परिणामो सुद्धओ तओ होइ ।
मोहम्मि य पबलम्मि ण मंदया हंदि एएसिं ॥ १८९ ॥

---

४ प्रायोऽभिन्नग्रन्थितमास्तु तथा दुष्करमपि कुर्वन्तः । बाह्या इव न ते साधवो ध्वांक्षाहरणेन विज्ञेयाः ॥

५ यो मन्दरागद्वेषः परिणामः शुद्धकस्ततो भवति । मोहे च प्रबले न मन्दता हन्दि एतेषाम् ॥

[६]सम्मोहसत्थयाए जहाहिओ हंत दुक्खपरिणामो ।
आणाबज्झसमाओ एयारिसओ उ विन्नेओ ॥ १९० ॥ त्ति

इत्थं च परेषां क्रियाप्रशमयोर्मोहहेतुकत्वान्न ज्ञानकार्यत्वमिति व्यवस्थितम् ॥ ८ ॥

अथ स्वच्छन्दचारिणां सर्वापि क्रिया कथं श्रममात्रं, गुरुकुलवासादिपरित्यागक्रियाया भ्रमहेतुकत्वेऽपि शुद्धाहारग्रहणादिक्रियाया अतथात्वात्, त्यक्तक्रियांशे च भगवद्वचनाऽबहुमानेऽपीतरांशे तदयोगादबहुमतांशेऽपीतरेषामिव दृढतरविपर्यासाऽयोगाच्चेत्याशङ्क्याह—

**(આજ્ઞાનિરપેક્ષ આચરણ કષ્ટમાત્ર)**

**તાત્પર્યાર્થ :-** આજ્ઞાનિરપેક્ષ સ્વચ્છંદ યતિઓની મહિના મહિનાના ઉપવાસ વગેરે ધર્મક્રિયા પણ પ્રબલ મોહમૂલક બુદ્ધિવિપર્યાસ પ્રેરિત હોવાથી નિષ્ફળ પરિશ્રમ કરવા રૂપ છે. દા.ત. ઝાંઝવાના નીરમાં જલની ભ્રમણાથી તે પીવા માટે થતી દોડવાની પ્રવૃત્તિ. તે જેમ ભ્રમમૂલક હોવાથી નિષ્ફળ અને કષ્ટદાયક છે. તે રીતે માસખમણ (૧ મહિનાના ઉપવાસ) આદિ ક્રિયા પણ મોહસ્વરૂપ ભ્રમમૂલક હોવાથી નિષ્ફળ અને કષ્ટદાયક છે. સ્વચ્છંદ યતિઓ પરલોકહિતના અર્થી હશે, પરંતુ પારલૌકિક હિતના સચોટ ઉપાયોને સમજ્યા વિના જ પોતાની મતિકલ્પનાથી માસક્ષપણ વગેરે ક્રિયામાં પ્રવૃત્ત થાય છે, ત્યારે જ્ઞાનશૂન્ય આવી ક્રિયા એ ખરેખર પારલૌકિક હિતના ઉપાય રૂપ નથી. પારલૌકિક હિતનો વાસ્તવિક ઉપાય ગુરુકુળવાસ છે કે જે ઘણા સદ્ગુણોનું નિવાસસ્થાન છે. છતાંય સ્વચ્છંદ યતિઓ તેમાં પોતાની મતિકલ્પનાથી કાલ્પનિક *દોષોનું આરોપણ કરીને તેનો ત્યાગ કરે

६ सम्मोहस्वस्थतया यथाधिको हन्त दुःखपरिणामः । आज्ञाबाह्यसमायः एतादृशस्तु विज्ञेय इति ॥

* ગચ્છમાં સાધુઓ ઘણા હોય, ગામમાં ઘર થોડાં હોય એટલે નિર્દોષ આહાર-પાણી વગેરે મળે નહીં, ગચ્છમાં સાજા-માંદા ઘણા હોય. તેમની સેવામાંથી ઊંચા અવાય નહિ, ગચ્છમાં ઘણા સાધુઓ સ્વાધ્યાય કરતા હોય ત્યારે કોલાહલ ઘણો લાગે એટલે સ્વકાર્યમાં મન એકાગ્ર થાય નહિ- આવા બધા કાલ્પનિક દોષોનું આરોપણ કરીને સ્વચ્છંદ યતિઓ ગુરુકુળવાસનો ત્યાગ કરે છે. તેઓ એ નથી જાણતા કે ગુરુકુળમાં રહેવાથી ઘણા લાભ અનાયાસ પ્રાપ્ત થતા હોય છે. દા.ત. વડિલ જ્ઞાનવૃદ્ધ અનુભવી ગુરુવર્ગની વૈયાવચ્ચ-વિનય-ભક્તિ વગેરે દ્વારા મહાન કર્મનિર્જરા ઉપરાંત પરસ્પરના અનેક પ્રકારના જ્ઞાનવર્ધક અનુભવોની સચોટ માહિતી મળતી હોય છે. એમાં બુદ્ધિનો સુંદર વિકાસ થાય છે. 'અવસરે કેમ વર્તાય ?' આ બાબતનું સચોટ અને અસરકારક અનુભવજ્ઞાન ગચ્છમાં રહેવાથી જ પ્રાપ્ત થાય છે. જ્ઞાનવૃદ્ધ સાધુઓ પાસે અભ્યાસની ઉત્તમ તક મળે છે. લઘુ મુનિઓનું સ્થિરીકરણ, વાત્સલ્ય વગેરે દ્વારા દર્શનાચારનું પાલન થાય છે. પોતે ભણેલું બીજાને ભણાવવાથી વધુ દૃઢ થાય. તદુપરાંત, બ્રહ્મચર્ય વગેરે કઠોર મહાવ્રતોનું પાલન ગચ્છવાસથી અત્યંત સરળ બની જાય છે વગેરે વગેરે જે ઘણા ઘણા લાભ ગુરુકુળવાસના મહિમાથી પ્રાપ્ત થાય છે એની સરખામણીમાં પૂર્વોક્ત કાલ્પનિક દોષો તુચ્છ બુદ્ધિની નીપજ છે. સરખાવો- ૩૫૦ ગાથાનું સ્તવન ઢાળ : ૫.

છે. આ રીતે ઉપાયનો ત્યાગ કરે છે અને અનુપાયમાં પ્રવૃત્ત થાય છે તેનાથી તેમની અસંદિગ્ધ મોહમૂઢતા વ્યક્ત થાય છે. શ્રીપંચાશકમાં કહ્યું છે કે—

'જે સાધુઓ આજ્ઞા નિરપેક્ષ થઈને દુષ્કર તપશ્ચર્યા વગેરે પણ કરે છે, તેઓની અન્ધકારમય મોહની ગ્રંથિ પણ પ્રાયઃ ભેદાઈ હોવાની શક્યતા નથી. દા.ત. કાગડાઓ જેમ શીતળ અને ગંભીર જળકુંડનો ત્યાગ કરી છીછરા ખાબોચિયામાં મઝા માણે છે તે રીતે તે સ્વચ્છંદ સાધુઓ પણ ગુરુકુળવાસનો ત્યાગ કરીને છીછરા ખાબોચિયા જેવી નિષ્ફળ ક્રિયાઓમાં હિત સમજે છે. (૧૧-૩૮)

**(સંન્નિપાત અને મોહ)**

તેઓનો ઉપશમભાવ એટલે કે રાગ-દ્વેષની મંદતાનો પરિણામ પણ સન્નિપાત નામના વ્યાધિ તુલ્ય રાગ-દ્વેષ અને મોહની સુષુપ્ત અવસ્થા, જેને માટે મૂળ શ્લોકમાં 'સંમોહસ્વસ્થતા' એવો શબ્દપ્રયોગ કર્યો છે, તેનાથી પ્રેરિત હોવાથી એ ઉપશમ ભાવ ભવિષ્યમાં પ્રાપ્ત થનારા કડવા ફળની યોગ્યતાથી વણાયેલ હોવાથી પરિણામે અધિક દોષજનક છે એમ લાગ્યા વિના રહેતું નથી. વાત પિત્ત અને કફ આ ત્રણ ધાતુઓના ઉગ્ર વૈષમ્યથી ઉત્પન્ન થયેલો સન્નિપાત નામનો વ્યાધિ શરીરમાંથી નિર્મૂળ ન થયો હોય પણ ગમે તે કારણે કાળના પ્રભાવે દબાઈ ગયો હોય તો તે વ્યાધિની મંદતા પણ આગામી કાળમાં વધારે ને વધારે ધાતુવૈષમ્ય ઉત્તેજક હોવાથી હકીકતમાં દોષ રૂપ જ છે. તે જ રીતે જ્યાં સુધી મોહ નિર્મૂળ થયો નથી અથવા તો નિર્મૂળ થવાની તૈયારીમાં નથી ત્યાં સુધી ઉપર ઉપરથી દેખાતી રાગ અને દ્વેષની મંદતા પણ મોહનો એક પ્રકારનો ચાળો જ છે માટે તે દોષ રૂપ જ છે. ઉપદેશપદમાં કહ્યું છે કે—

"જે પરિણામમાં રાગ અને દ્વેષ મંદ એટલે નિર્બીજ થઈ ગયા હોય કે નિર્બીજ થવાને અભિમુખ હોય તે પરિણામ શુદ્ધ છે. પ્રબળ મોહની હાજરીમાં રાગદ્વેષની મંદતા હોતી નથી. (પ્ર. — કેટલાક મિથ્યા દૃષ્ટિને ઉપશમ ભાવ દેખાય છે. તે કેવો જાણવો ? ઉત્તર—) સન્નિપાત વ્યાધિમાં કવચિત્ સ્વસ્થતા જેમ વધુ દુઃખનું કારણ છે તે જ રીતે આજ્ઞાબાહ્ય ઉપશમભાવ પણ દુઃખનું કારણ જાણવો."

આ રીતે સિદ્ધ થાય છે કે સ્વચ્છંદ યતિઓની ક્રિયા અને ઉપશમભાવ પણ મોહગર્ભિત હોવાથી પરિપક્વ જ્ઞાનમૂલક નથી. ॥ ૮ ॥

**(ગુરુકુળવાસ વિના ભિક્ષાશુદ્ધિ પણ કષ્ટ !)**

**પ્રશ્ન :-** સ્વચ્છંદ યતિઓની ગુરુકુળવાસત્યાગ વગેરે ક્રિયા ભ્રમમૂલક હોવા છતાં શુદ્ધ આહાર ગ્રહણ વગેરે તો ભ્રમમૂલક હોતાં નથી, તેમજ જે ક્રિયાઓનું પાલન છોડી દીધું છે

તે ક્રિયાઓનાં પ્રતિપાદક ભગવદ્વચનોમાં બહુમાન ન હોવા છતાં અપરિત્યક્ત શુદ્ધ આહાર ગ્રહણ વગેરે ક્રિયાઓનાં પ્રતિપાદક ભગવદ્વચનોમાં તો બહુમાન હોય છે, વળી જે અંશમાં બહુમાન નથી તે અંશમાં પણ અન્યદર્શની મિથ્યાદષ્ટિઓની જેમ ગાઢ વિપર્યાસ બુદ્ધિનો અંધાપો હોતો નથી, તો પછી તેઓની બધીજ ક્રિયાઓને કષ્ટમાત્રફલક શી રીતે કહેવાય ? આ પ્રશ્નનો ઉત્તર નીચે પ્રમાણે :-

**तेसिं अवंकगामी परिणामो णत्थि तेण किरिआए ।**
**अन्नाणे बहुपडणं ववहारा णिच्छया णियमा ॥ ९ ॥**

**શ્લોકાર્થ :-** તેઓનો પરિણામ અવક્રગામી ન હોવાથી તેમની ક્રિયાઓ વ્યવહાર નયથી મોટે ભાગે અજ્ઞાનમાં જ ખતવાય છે, અને નિશ્ચય નયથી અવશ્ય અજ્ઞાનમૂલક છે. ॥૯॥

**तेषामाज्ञाबाह्यानाम्, अवक्रगामी**=स्वरसत ऋजुमार्गाभिमुखः **परिणामः** क्षयोपशंम-विशेषोपनतः नास्ति । तेन क्रियायाः व्यवहाराद्=व्यवहारनयमाश्रित्य अज्ञाने बहुपतनं=बहुषु स्थलेषूत्सर्गापवादादिपर्यालोचनाऽसम्भवेन विपर्यासोपपत्तेः, स्तोकस्य तु न भवत्यपि व्यवहारतस्तत्र पतनम्, आपाततः श्रुतसंवादात् । **निश्चयतः**=निश्चयनयमाश्रित्य, **नियमात्**=सर्वथैव तत्क्रियाया अज्ञाने पतनम्, आपाततः श्रुतसंवादिन्या अपि तत्क्रियायाः क्षयोपशमविशेषसहकार्यभावेन विशिष्टनिर्जरा प्रत्यप्रत्यलत्वेनाकिञ्चित्करत्वात् । इत्थं च [उपदेशमालायाम्]

[७]अपरिच्छिअसुअणिहसस्स केवलमभिन्नसुत्तचारिस्स ।
सव्वुज्जमेण वि कयं अन्नाणतवे बहुं पडई ॥ ४१५ ॥

इत्याद्यागममनुसृत्य तेषु स्तोकज्ञानसम्भावनया न व्यामोहो विधेयः, मार्गानुसारित्वाभावे दोषस्य मृदुमध्यादिभावेऽपि मार्गानुसारिफलानुपपत्तेः ॥ ९ ॥

अथ कीदृशोऽवक्रगामी स्यादित्याह—

**(અવક્રગામી પરિણામનો મહિમા)**

**તાત્પર્યાર્થ :-** આશય એ છે કે આજ્ઞાબાહ્ય સ્વચ્છંદ યતિઓને મોહનો અપેક્ષિત ક્ષયોપશમ ન હોવાથી સ્વાભાવિક રીતે જે સરળ માર્ગાભિમુખ પરિણામ હોવા જોઈએ તે હોતા નથી. એટલે વ્યવહારનયની દૃષ્ટિએ, અનેક પ્રસંગોમાં ઉત્સર્ગ અને અપવાદમાંથી કોણ ક્યાં બળવાન છે તેનો યોગ્ય વિચાર જ ન કરવાથી બુદ્ધિમાં વિપર્યાસ થવાને કારણે તેઓની ક્રિયાઓ અજ્ઞાનના ખાતે જ જમા થાય છે. 'વ્યવહારનયની દૃષ્ટિએ' એમ કહેવાનો આશય એ છે કે કોઈક કોઈક સ્વચ્છંદ યતિઓની પ્રવૃત્તિમાં ઉપર ઉપરથી શાસ્ત્રનું સમર્થન

---

७ अपरिच्छिन्नश्रुतनिकषस्य केवलमभिन्नसूत्रचारिणः । सर्वोद्यमेनापि कृतं अज्ञानतपसि बहु पतति ॥

પ્રાપ્ત થવાથી તેની તે પ્રવૃત્તિઓ અજ્ઞાનમૂલક હોય એમ જણાતું નથી. પરંતુ નિશ્ચય નયની દૃષ્ટિએ જોઈએ તો તે સઘળી ક્રિયાઓ અજ્ઞાનના ખાતે જ જમા થાય છે કારણ કે ઉપર ઉપરથી તે ક્રિયાઓમાં શાસ્ત્રનું સમર્થન ભાસતું હોવા છતાં પણ વિશિષ્ટ નિર્જરામાં સહાયભૂત જોઈએ એવો મોહનો ક્ષયોપશમ ન હોવાથી જ્ઞાની પુરુષો શ્વાસોચ્છ્વાસમાં જેવી ઉચ્ચ કોટિની નિર્જરા કરે છે તેવી નિર્જરા કરવા માટે તે ક્રિયાઓ પ્રત્યલ અર્થાત્ સમર્થ નથી. આ રીતે-

"જેને શ્રુતજ્ઞાનના રહસ્યનો યથાર્થ પરિચય નથી અને જે ફક્ત અભિન્નસૂત્ર એટલે કે અર્થનો ઊંડાણથી નિર્ણય કર્યા વિના જ માત્ર ઉપર ઉપરથી જ સૂત્રનો જે અર્થ ભાસે તેને જ બરાબર માની લેનાર છે તેવા ક્રિયાતત્પર આજ્ઞાત્યાગી યતિનું ઘણી મહેનતથી કરેલું અનુષ્ઠાન પણ મોટે ભાગે અજ્ઞાન તપશ્ચર્યા સમાન છે."- (ઉ.મા. ૪૧૫)

આ ઉપદેશમાલાના આગમવાક્યને ધ્યાનમાં રાખીને તે સ્વચ્છંદ યતિઓના દેખાતા થોડા થોડા જ્ઞાનની સંભાવનાથી મુંઝાઈ જવાની જરૂર નથી. કારણ કે જ્યાં સુધી માર્ગાનુસારિતા નથી ત્યાં સુધી દોષો ચાહે મન્દ, મધ્યમ કે ઉત્કટ હોય તો પણ માર્ગાનુસારિપણાનું જે ફળ વિશિષ્ટ નિર્જરા વગેરે મળવું જોઈએ તે તેને પ્રાપ્ત થતું નથી. ॥ ૯ ॥

**પ્રશ્ન** :- અવક્રગામી કેવો હોય ? પ્રશ્નનું તાત્પર્ય એ છે કે ઋજુચારીનાં લક્ષણો કયાં કયાં છે ? ઉત્તર :-

***[१]मग्गणुसारी [२]सड्ढो [३]पन्नवणिज्जो [४]कियावरो चेव ।**
**[५]गुणरागी जो [६]सक्कं आरभइ अवंकगामी सो ॥ १० ॥**

**શ્લોકાર્થ** :- જે માર્ગાનુસારી હોય, શ્રદ્ધાવાન હોય, સુખબોધ્ય હોય, ક્રિયામાં તત્પર હોય, ગુણાનુરાગી હોય અને શક્યમાં ઉદ્યમવંત હોય તે અવક્રગામી છે. ॥ ૧૦ ॥

[१]**मार्गानुसारी**=निसर्गतस्तत्त्वानुकूलप्रवृत्तिरपायहेतुक्लिष्टकर्मविघ्नोपशमात्, एष चाभिलषितावाप्तिं प्रत्यवन्ध्यकारणं कान्तारगतप्रतिनियतपुरप्राप्तियोग्यतायुक्तान्धस्येव, न चैवं श्रुतातिशयानुपयोगप्रसङ्गः, विशिष्य तत्त्वप्रतिपत्तौ तदुपयोगात्, योग्यतामात्रस्य च तत्त्वविषयौघसंज्ञानमात्रहेतुत्वात्, दृश्यते हि नीलादिधीयोग्यतामात्रात्तदतिशयाच्च नीलादिविषयकसामान्यविशेषधीविशेष इति ।

तथा [२]**श्राद्धः**=तत्त्वं प्रति श्रद्धावान्, स्वप्रत्यनीकक्लेशह्रासातिशयावाप्तव्यमहानिधानग्रहणविधानोपदेशश्रद्धालुनरवत्, विहितानुष्ठानरुचिर्वा । अत एव हेतुद्वयात् [३]**प्रज्ञापनीयः**= कथञ्चिदनाभोगादन्यथाप्रवृत्तौ तथाविधगीतार्थेन सम्बोधयितुं शक्यत्वात्तथाविधकर्मक्षयोपशमाद्विद्यमानाऽसदभिनिवेशः प्राप्तव्यमहानिधिग्रहणान्यथाप्रवृत्तसुकरसम्बोधननरवत् । तथाऽत एव हेतोः

* उपदेशपदे १९९ गाथाऽत्रानुसंधेया ।

[४]**क्रियापरः**=चारित्रमोहनीयकर्मक्षयोपशमजनित-मुक्तिसाधनानुष्ठानकरणपरायणः, तथाविधनिधान-ग्रहणव्यापृतपुरुषवत् चः समुच्चये, **एवो**ऽवधारणे ।

तथा [५]**गुणरागी**=विशुद्धाध्यवसायतया स्वगतेषु परगतेषु वा गुणेषु ज्ञानादिषु रागः प्रमोदो यस्यास्त्यसौ, मत्सरविरोधिपरिणामवानित्यर्थः । इदं हि गुणलाभानुबन्धेऽवन्ध्यं **बीजं**, प्रतिबन्धकस्य मत्सरस्यापगमात्=[६]तथा यः **शक्यं**=स्वकृतिसाध्यं गुरुबालग्लानादिविषयवैयावृत्त्याद्यनुष्ठान**मारभते** न त्वशक्यं, अशक्यारम्भस्योत्तरकालमावश्यकपरिहाणिशरीरग्लान्यादिजनकत्वेनोत्तरोत्तरशुभानुबन्धानुवृत्त्यनुपपत्तेः, 'आज्ञाशुद्धं प्रेक्षापूर्वकं स्वसाध्यानुष्ठानं हि सुवर्णघटसदृशम्, तद्विपरीतं च मृन्मयघटसदृशं निरनुबन्धत्वात्' इति हि समयविदः । शक्यमारभत इत्युक्त्या नाशक्यमारभते न च शक्ये प्रमाद्यतीत्यपि लभ्यते । **सोऽवक्रगामी**, नान्यः क्रियामात्रपर इति । इत्थं च आज्ञापारतन्त्र्यं विना न शुद्धिरिति व्यवस्थितम् ॥ १० ॥

## (અવક્રગામીનું લક્ષણ)

**તાત્પર્યાર્થ :- (૧) માર્ગાનુસારી :-** આનો વિશેષાર્થ એ છે કે જે માર્ગાનુસારી હોય છે તેના નુકસાનકારક ક્લિષ્ટ કર્મોરૂપી વિઘ્નો શાંત થઈ ગયા હોવાથી સહજ રીતે તત્ત્વને અનુકૂળ જ તેની પ્રવૃત્તિ હોય છે. કોઈ પણ અભિલષિત વસ્તુની પ્રાપ્તિમાં અવન્ધ્ય કારણ એટલે કે રામબાણ ઉપાય હોય તો તે વિઘ્નભૂત ક્લિષ્ટ કર્મોનો અપચય=હ્રાસ છે. દા.ત. અટવીમાં પડેલા અંધપુરુષની અમુક નિશ્ચિત નગરમાં પહોંચવાની યોગ્યતા.* જેમ એ યોગ્યતાના અભાવમાં તે અંધપુરુષ કોઈ પણ રીતે નગરમાં પહોંચી શકતો નથી. તે જ રીતે વિઘ્નભૂત કર્મોના હ્રાસ વિના ઇષ્ટ વસ્તુની પ્રાપ્તિ પણ અશક્ય છે.

**પ્રશ્ન :-** ક્લિષ્ટ કર્મનો હ્રાસ જો ઇષ્ટ પ્રાપ્તિનું મુખ્ય કારણ હોય તો પછી વિશિષ્ટ પ્રકારના શ્રુતાભ્યાસની શી જરૂર ?

**ઉત્તર :-** સામાન્યતઃ તત્ત્વની પ્રાપ્તિમાં ક્લિષ્ટ કર્મનો વિલય હેતુ છે પરંતુ વિશેષ પ્રકારની તત્ત્વપ્રાપ્તિ થવામાં શ્રુતાભ્યાસ ઘણો જરૂરી છે. ક્લિષ્ટ કર્મના વિલયરૂપ યોગ્યતા તો માત્ર તાત્ત્વિક વિષયોની ઓઘસંજ્ઞામાત્રમાં એટલે કે સામાન્ય ઝાંખીમાં જ હેતુ છે. લોકમાં પણ દેખાય છે કે બાળક વગેરેને નીલ આદિ પદાર્થનું જ્ઞાન કરવા માટે નેત્ર રૂપ સામાન્ય સાધન વિદ્યમાન હોવા છતાં પણ વિશેષ પ્રકારની બુદ્ધિ ન હોવાથી નીલ આદિ પદાર્થના વિષયમાં સામાન્ય કક્ષાનો બોધ થાય છે, જ્યારે સુજ્ઞ પુરુષોને વિશિષ્ટ પ્રકારનો બુદ્ધિ અતિશય હોવાથી નીલ આદિ પદાર્થનો વિશિષ્ટ કક્ષાનો બોધ થાય છે.

---

* અંધપુરુષની નગરમાં પહોંચવાની યોગ્યતા એટલે કે તેને માર્ગવેત્તામાં વિશ્વાસ હોય. તેમજ જે બાજુ તેને દોરવામાં આવે તે દિશામાં ચાલવાનો પ્રયત્ન કરે અને ધીરજ જાળવી રાખે.

(૨) **શ્રદ્ધા :-** અવક્રગામીનું બીજું લક્ષણ શ્રદ્ધા કહ્યું છે. તત્ત્વમાં વિશ્વાસ ધરાવનાર, અથવા શાસ્ત્રવિહિત અનુષ્ઠાનોના પાલનમાં રુચિ ધરાવનાર તે શ્રદ્ધાળુ કહેવાય. વિઘ્નભૂત ક્લિષ્ટ કર્મોના વિશિષ્ટ પ્રકારના વિલયથી પ્રાપ્ત થનાર કોઈક ભૂમિઅંતર્ગત મહાનિધિને ગ્રહણ કરવા માટે જે મનુષ્ય ઉત્સુક હોય છે તે મનુષ્યને તે મહાનિધિને ગ્રહણ કરવાના ઉપદેશમાં જેમ અટલ વિશ્વાસ હોય છે અને જરૂરી વિધિવિધાનોનાં પાલનમાં સાવધાની હોય છે તે રીતે વિશિષ્ટ પ્રકારની નિર્જરાના ઉપાયમાં અવક્રગામી જીવને અટલ વિશ્વાસ હોય છે. અથવા શાસ્ત્રવિહિત અનુષ્ઠાનો-ઉપાયોને આદરવામાં તત્પરતા હોવી તે શ્રદ્ધા છે.

(૩) **સુખબોધ્ય :-** જે મનુષ્ય માર્ગાનુસારી અને શ્રદ્ધાળુ હોય છે તે સુખબોધ્ય પણ હોય છે. સુખબોધ્યનો અર્થ એ છે કે કદાચિત્ યથાર્થ જ્ઞાનના અભાવમાં માર્ગથી વેગળો જઈ રહ્યો હોય અને કોઈક જ્ઞાની ગીતાર્થ તેને સન્માર્ગમાં લાવવા માટે તેની ભૂલ બતાવે તો પોતે ઝટ તેનો સ્વીકાર કરે અને પુનઃ માર્ગ પર આવવા પ્રયત્ન કરે. તાત્પર્યાર્થ એ છે કે મિથ્યાત્વ સહચરિત માનકષાયનો જોઈએ એવો ક્ષયોપશમ હોવાથી ‘હું જે કરું છું તે બરાબર છે’ એવો અસદઆગ્રહ તેને હોતો નથી. દા.ત. ખરેખર મેળવવા યોગ્ય લાગેલા મહાનિધિના ગ્રહણમાં કોઈ મનુષ્ય જાણકારી ન હોવાથી ઊલટી રીતે પ્રવૃત્તિ કરી રહ્યો છે, પણ જો તે સરળ હોય છે તો બીજાના કહેવાથી સહેલાઈથી પાછો વળી જાય છે.

(૪) **ક્રિયાતત્પર :-** જે મનુષ્ય સુખબોધ્ય હોય છે તે ક્રિયામાં પણ જોડાય છે એટલે કે ચારિત્ર્યમોહનીયકર્મનો ક્ષયોપશમ થવાથી મુક્તિસાધક ધર્માનુષ્ઠાનોમાં સક્રિયપણે ઉલ્લાસ સાથે ભાગ લેતો થાય છે. દા.ત. મહાનિધિને ગ્રહણ કરવા માટે સક્રિય બનેલો પુરુષ.

(૫) **ગુણાનુરાગી :-** અવક્રગામી જીવ ગુણાનુરાગી હોય છે. તેનો અધ્યવસાય વિશુદ્ધ હોવાથી સ્વ કે પરમાં રહેલા જ્ઞાનાદિ ગુણો જોઈને તેના અંતરમાં આનંદની ઊર્મિઓ ઊછળે છે, પરંતુ મત્સર કે ઈર્ષ્યાને ત્યાં અવકાશ હોતો નથી. સદ્‌ગુણોના લાભમાં મત્સર કે ઈર્ષ્યા પ્રબળ વિરોધી છે. ગુણાનુરાગી જીવમાં તે ન હોવાથી તેને સદ્‌ગુણોની પ્રાપ્તિ થવામાં ગુણાનુરાગ સફળ અને સચોટ કારણ બને છે.

(૬) **શક્યપ્રવૃત્તિ :-** અવક્રગામી જીવ, શક્ય = પોતાના પ્રયત્નથી સાધ્ય હોય તેવાં જ અનુષ્ઠાનોમાં, દા.ત. ગુરુદેવ, બાલવયસ્ક કે ગ્લાન વગેરે મહાત્માઓની સેવામાં, ઉદ્યમ કરે છે, નહિ કે અશક્ય કાર્યમાં. અશક્ય કાર્યમાં ઉદ્યમ કરવાથી ભાવિમાં પોતાનાં આવશ્યક કર્તવ્યો સીદાય છે, બાકી રહી જાય છે, શારીરિક શક્તિ વેડફાઈને ઘસાઈ જાય છે, અને તેથી શુભ કાર્યોની ઉત્તરોત્તર પરંપરા ચાલુ રહેતી નથી. જિનાજ્ઞા અનુસારી અને બુદ્ધિપૂર્વક કરવામાં આવતાં શક્ય અનુષ્ઠાનો સુવર્ણના કળશ જેવા છે, કારણ કે શુભાનુબંધી છે. જ્યારે

જિનાજ્ઞા-અનુસારી ન હોય એવા વગર વિચાર્યે કરવામાં આવતાં અશક્ય પ્રાયઃ અનુષ્ઠાનો *માટીના ઘડા જેવાં છે, કે જે દિવસે દિવસે ઘસાઈને આખરે નાશ પામે છે. અર્થાત્ શુભાનુબંધી હોતા નથી. તેથી શાસ્ત્રજ્ઞ પુરુષો શક્ય કાર્યમાં જ ઉદ્યમ કરે છે, પણ અશક્યમાં ઉદ્યમ કરતા નથી. એટલું જ નહિ, શક્યમાં પ્રમાદ પણ કરતા નથી.

આ રીતે જે ઉપરોક્ત માર્ગાનુસારિતા વગેરે ગુણો ધરાવતો હોય તે અવક્રગામી છે, જેમ તેમ મરજી મુજબ ક્રિયા કરનાર નહિ. ઉપરોક્ત રીતે જિનાજ્ઞાની પરતંત્રતા વિના શુદ્ધિ નથી એ સૂત્ર નિર્વિવાદ સિદ્ધ થાય છે.

---

* સુવર્ણકળશ અને માટીના ઘડામાં તફાવત એ છે કે સુવર્ણ દીર્ઘકાળે પણ એવું ને એવું રહેતું હોય છે અને દિન-પ્રતિદિન તેને જોઈ જોઈને આનંદ ઊપજતો જાય છે જ્યારે માટીનો ઘડો દિવસે દિવસે ક્ષીણ થતો જાય છે - અણગમતો થાય છે અને આખરે ઘસાઈને ફૂટી જાય છે.

**अंतर्गतं महाशल्यमस्थैर्यं यदि नोद्धृतम् ।**
**क्रियौषधस्य को दोषस्तदा गुणमयच्छतः ।।४।। (ज्ञानसार ३/४)**

જો હૃદયમાં રહેલા મહાશલ્યરૂપ અસ્થિરપણું દૂર કર્યું નથી, તો પછી ગુણ નહિ કરનાર ક્રિયા રૂપ ઔષધનો શો દોષ છે ? શલ્ય અન્તર્ગત હોય તો ઔષધ ગુણકારક ન થાય તે ઔષધનો દોષ નથી, પણ શલ્યનો દોષ છે, માટે શલ્ય કાઢવું જોઈએ.

## ઉપદેશ ૩ - એકલવિહારીપણું ઇચ્છનીય નથી

नन्वेवमेकाकिविहार उत्सीदेदेवेत्यत आह–

**प्रश्न :-** જો ગુરુકુળવાસને આટલું બધું મહત્ત્વ આપી દેવામાં આવે તો એકાકીપણે વિહારનો ઉચ્છેદ જ થઈ જશે. તો પછી શાસ્ત્રમાં તેનો ક્યાંક ક્યાંક નિર્દેશ મળે છે તે શી રીતે સંગત થશે ? પ્રશ્નનો ઉત્તર નીચે મુજબ :-

**एत्तोऽपन्नवणिज्जा असक्कमेगागिचारमिच्छंता ।**
**आणाबज्झा णेया, सुत्तं गीयत्थविसयं तु ॥ ११ ॥**

**શ્લોકાર્થ :-** "એકાકીપણે વિહરવાનું સૂત્ર ગીતાર્થ માટે છે. જે અગીતાર્થ સાધુઓ અશક્ય પ્રાયઃ એકાકી વિહારને પસંદ કરે છે અને જાતે સુખબોધ્ય નથી તેઓ આજ્ઞાબાહ્ય છે." ॥ ૧૧ ॥

**इत** आज्ञापारतन्त्र्यस्यैव चारित्राङ्गत्वात्, अप्रज्ञापनीयाः=गुरुकुलवासत्यागो नोचित इति दृढनिर्बन्धेनापि गीतार्थैर्बोधयितुमशक्याः, अशक्यं=तथाविधज्ञानाभावेन स्वतन्त्रतयाऽलभ्यचारित्रशुद्धिकम्, एकाकिचारं= एकाकिविहारम् इच्छन्तः=प्रार्थयमानाः, 'कलहादिहेतुतया नोचितः समुदायवास' इति विपर्यस्तधीदुष्टान्तःकरणत्वात् आज्ञाबाह्या ज्ञेयाः ।

[८]"अप्पागमो किलिस्सइ जइ वि करेइ अइदुक्करं च तवं ।
सुंदरबुद्धीइ कयं बहुअं पि ण सुंदरं होइ ॥" [उपदेशमाला ४१४]

इत्यादिवचनात्सुन्दरपरिणामस्यापि तेषां तत्त्वतो दुष्टत्वात् । ननु एवं–

[९]न यालभिज्जा णिउणं सहायं गुणाहिअं वा गुणओ समं वा ।
इक्कोवि पावाइं विवज्जयंतो विहरेज्ज कामेसु असज्जमाणो ॥ इति [द० वै० चूलिका २-१०, उत्तरा० ३२-५] सूत्रोक्तैकाकिविहारविरोध इत्यत आह-सूत्रं तूपदर्शितं गीतार्थविषयं, तस्य पुष्टालम्बनं विना एकाकिविहारानभ्यनुज्ञानात् ॥ ११ ॥

कथं गीतार्थविषयत्वमुक्तं सूत्रस्येति समर्थयति–

**તાત્પર્યાર્થ :-** જિનાજ્ઞાને તાબે રહેવું, વફાદાર રહેવું, એ ચારિત્ર્યનું મહત્ત્વનું અંગ છે. ગીતાર્થ પુરુષો ઘણો ભાર દઈને સમજાવે કે ગુરુકુળવાસનો ત્યાગ કરવો ઉચિત નથી

८ अल्पागमः क्लिश्यति यद्यपि करोत्यतिदुष्करं च तपः ।
सुन्दरबुद्ध्या कृतं बहुकमपि न सुन्दरं भवति ॥

९ न चालभते निपुणं सहायं गुणाधिकं वा गुणतः समं वा ।
एकोपि पापानि विवर्जयन् सन् विहरेत् कामेष्वसजमानः ॥

કારણ કે તેના ત્યાગમાં ઘણાં ભયસ્થાનો છે તો પણ જેઓ સમજે નહિ, માને નહિ અને અશક્ય, એટલે કે જરૂરી જ્ઞાન ન હોવાથી તેમજ સ્વચ્છંદપણાના કારણે ચારિત્રશુદ્ધિની જેમાં શક્યતા નથી તેવા, એકાકીપણે વિહારની જેઓ હોંશ રાખે છે, તેઓનું ચિત્ત "સમુદાયમાં રહેવાથી તો કલેશ, ઝગડા વગેરે થયા કરતા હોવાથી સમુદાયવાસ અનુચિત છે" એવી ગાઢ મિથ્યાબુદ્ધિથી દૂષિત થયેલુ હોવાથી તેઓ આજ્ઞાબાહ્ય છે તેમાં શંકાને કોઈ સ્થાન નથી.

"અલ્પશ્રુત પુરુષ ઘણો દુષ્કર તપ કરે તો પણ રીબાય છે કારણ કે ઘણા એવા કામ છે કે જે શુભાશયથી કરવામાં આવતાં હોવા છતાં પણ શુભફલક હોતાં નથી."

(ઉપદેશમાલા-૪૧૪)

**ઉપદેશમાલા**ના આ વચનથી એ સ્પષ્ટ થાય છે કે આજ્ઞાને તરછોડીને ચાલનારાઓનો સુંદર પરિણામ પણ હકીકતમાં દૂષિત જ છે.

## (એકાકીવિહાર બોધક સૂત્રનું તાત્પર્ય)

**શંકા :-** જો આ રીતે ગુરુકુળવાસને વધારે પડતું મહત્ત્વ આપી દેવામાં આવે તો એકાકી વિહાર પ્રતિપાદક સૂત્ર સાથે ઘર્ષણ ઊભું થશે. **ઉત્તરાધ્યયન** સૂત્રમાં કહ્યું છે કે–

"ગુણોમાં ચઢિયાતા નિપુણ પુરુષની અથવા સમાન ગુણી પુરુષની યોગ્ય સહાય ન મળે તો વિષયોમાં આસક્ત ન થઈ જવાય તે રીતે પાપોથી દૂર રહીને એકલા પણ વિહાર કરવો" (ઉત્તરાધ્યયન ૩૨-૫)

**ઉત્તર :-** પ્રસ્તુત સૂત્રવચન ગીતાર્થોને લગતું હોવાથી, ખાસ કારણ વિના ગીતાર્થને પણ સ્વચ્છંદપણે એકાકી વિચરવાની અનુજ્ઞા આપતું નથી.

**પ્રશ્ન :-** પૂર્વોક્ત સૂત્ર વચન ગીતાર્થને જ લગતું છે એ શી રીતે માની શકાય ? આ પ્રશ્નનો ઉત્તર :-

**पावं विवज्जयंतो कामेसु तहा असज्जमाणो य ।**
**णागीयो 'अन्नाणी किं काही'च्चाइवयणाओ ॥ १२ ॥**

**શ્લોકાર્થ :-** 'પાપથી દૂર રહેવું,' અને 'વિષયોમાં આસક્ત ન થવું' એ અગીતાર્થ માટે શક્ય નથી. 'અજ્ઞાની શું કરશે ?....' વગેરે સૂત્ર વચનથી આ સ્પષ્ટ થાય છે. ॥ ૧૨ ॥

उक्तसूत्रे हि पापवर्जनं कामासङ्गश्चापवादिकैकाकिविहारेऽधिकारिविशेषणतयोक्तौ, न चागीतो 'भीमो भीमसेन' इति न्यायादगीतार्थः पापं वर्जयन् तथा कामेष्वसजमानो भवति । कुत इत्याह– **"अन्नाणी किं काही०"** इत्यादिवचनात् ।

उक्तं हि सूत्रे–[द० वै० ४-१०]

[१०]पढमं नाणं तओ दया एवं चिट्ठइ सव्वसंजओ ।
अन्नाणी किं काही किं वा नाही छेयपावगं ॥

इति ग्रन्थेनाऽगीतार्थस्य पापाऽपरिज्ञानम्, न च तत्परिज्ञानविरहे तस्य तद्वर्जनं सम्भवति, न च तदभावे कामाऽनासङ्गोऽपि, तस्य तत्त्वतो ज्ञाननिर्वर्त्तनीयत्वात्, अतो विशेषणान्यथा-नुपपत्त्यैवास्य विशेषविषयत्वमावश्यकम् ॥ १२ ॥

**(પ્રથમ જ્ઞાન, પછી દયા)**

**તાત્પર્યાર્થ :-** ઉત્તરનો આશય એ છે કે 'न यालभिज्जा' સૂત્રમાં જે એકાકી વિહારનું વિધાન છે તે આપવાદિક છે અને તેના અધિકારી પુરુષનાં બે વિશેષણ કહ્યાં છે, (૧) પાપથી દૂર રહે અને (૨) વિષયોમાં આસક્ત ન થાય. 'ભીમસેન' માટે જેમ 'ભીમ' એવો ટૂંકો શબ્દ વપરાય છે તેવી રીતે મૂળ શ્લોકમાં અગીતાર્થ માટે અગીત શબ્દ વાપર્યો છે. અગીતાર્થ પુરુષને 'પાપથી દૂર રહેવું અને વિષયોમાં અનાસક્ત રહેવું' આ બે વાત બની શકે એવી નથી. તે 'अन्नाणी किं काही' એ સૂત્ર વચનથી જાણી શકાય છે. સૂત્રનો આશય એ છે કે 'સર્વ સંમત એટલે કે સર્વપાપત્યાગી મુનિ શ્રુતજ્ઞાનને પ્રધાન કરીને દયા અહિંસા વગેરે આચારોનું પાલન કરે છે.' એટલે કે શ્રુતજ્ઞાનનું મહત્ત્વ પ્રથમ શ્રેણીમાં છે અને દયાનું મહત્ત્વ દ્વિતીય શ્રેણીમાં છે. એટલે જે તદ્દન અજ્ઞાની છે, શ્રુતનાં મર્મોનો જાણકાર નથી તે દયા કે સંયમનું પાલન શી રીતે કરશે ? અને પોતાના દોષોને શી રીતે ઓળખશે ? આવા આશયવાળા તે સૂત્રથી 'અગીતાર્થને પાપની યથાર્થ ઓળખાણ હોતી નથી' એ ફલિત થાય છે. પાપની ઓળખાણ ન હોવાથી પાપનું વર્જન થવું અસંભવિત છે અને પાપવર્જનના અભાવમાં વિષયોમાં અનાસક્તભાવ પણ સંભવિત નથી. કારણ કે હકીકતમાં આસક્તિની નિવૃત્તિ પરિપક્વ જ્ઞાનથી થનારી છે. નિષ્કર્ષ એ છે કે એકાકી વિહારના અધિકારીના જે બે વિશેષણો સૂચવ્યાં છે તે ગીતાર્થ વિના બીજાને લાગુ પડે તેવાં ન હોવાથી 'न यालभिज्जा.' સૂત્ર ગીતાર્થને લગતું છે - એ સિદ્ધ થાય છે. ॥ ૧૨ ॥

विपक्षे दोषमाह–

**પ્રશ્ન :-** એકાકીવિહારસૂત્રને આપવાદિક ન માનીએ અને તેમાં પણ જે બે વિશેષણ છે તેને અધિકારી સૂચક તરીકે ન સમજતાં સામાન્યતઃ ઔપદેશિક વચન માનવામાં આવે તો અગીતાર્થને માટે પણ તે સૂત્ર લાગુ કરવામાં કોઈ દોષ છે ? ઉત્તર :-

---

१० प्रथमं ज्ञानं ततो दया एवं तिष्ठति सर्वसंयतः ।
अज्ञानी किं करिष्यति किं वा ज्ञास्यति छेदपावकम् ॥

**अण्णह विरुज्झए किर गीअण्णविहारवज्जणप्पमुहं ।**
**गीअम्मि वि उचियमिणं तयण्णलाभंतरायम्मि ॥ १३ ॥**

**શ્લોકાર્થ :-** "અન્યથા અગીતાર્થને વિહારનો નિષેધ વગેરે અસંગત થઈ જાય છે, માટે ગીતાર્થને અંતરાયના કારણે સ્વતુલ્ય અન્યની સહાય ન મળે તો એકાકીવિહાર ઉચિત છે."

**अन्यथो**क्तसूत्रस्य गीतार्थाऽविषयकत्वे, **विरुद्ध्यते**=ऽसङ्गतार्थं भवति, **किल, गीतान्य-विहारो**= गीतार्थानिश्रिताऽगीतार्थविहारस्तद्**वर्जनप्रमुखम्** । तथाहि–[ओघनिर्युक्ति-१२१]

[11]गीयत्थो य विहारो बीयो गीयत्थनिस्सितो भणिओ ।
इतो तइअविहारो नाणुन्नाओ जिणवरेहिं ॥

इत्यादिना गीतार्थतन्निश्रातिरिक्तविहारो निषिद्धः, तथा-[पंचाशके ११।३१]

[12]एगाणियस्स दोसा इत्थी साणे तहेव पडिणीए ।
भिक्खविसोहि महव्वय तम्हा सबिइज्जए गमणं ॥ [ओ. नि. ४१२]

इत्यादिना एकाकिनः सतो भिक्षाटने स्त्रीकृतसंक्षोमे इच्छानिच्छाकृताऽविशुद्धिः, सहायाभावाऽ-शङ्कितश्वादिपराभवः, एकाकितापर्यालोचनकृतप्रत्यनीकाभिभवः, युगपद् गृहत्रयस्य भिक्षाग्रहणे एककस्योपयोगकरणेऽशक्तत्वात्तदशुद्धिः, तत एव च प्राणातिपातविराधना, निमित्तप्रश्ने च निःशङ्कतया तद्भणने मृषावादः, विप्रकीर्णद्रव्यदर्शने जिघृक्षादिभावाददत्तादानम्, स्त्रीमुख-निरीक्षणादौ मैथुनम्, तत्र स्नेहात् परिग्रह इति दोषकदम्बकम् यतः तस्मात्सद्वितीयस्यैव गमन-मनुज्ञातम्, बहुकालभाविनि विहारे चैतद्विशेषत एव युज्यते ।

### (વિપક્ષ કલ્પનાનું બાધક સૂત્રવચન)

**તાત્પર્યાર્થ :-** જો 'न यालभिज्जा' સૂત્રને ગીતાર્થોને બદલે અગીતાર્થોને લાગુ પાડવામાં આવે તો ગીતાર્થની નિશ્રા વિના સ્વતંત્રપણે અગીતાર્થોનો વિહાર શાસ્ત્રમાં નિષેધ્યો છે તેની સાથે વિરોધ આવે. અર્થાત્ તે શાસ્ત્ર નિરર્થક થઈ જાય. નિષેધક સૂત્ર આ પ્રમાણે છે-

"જિનેશ્વરોએ ગીતાર્થનો અને ગીતાર્થની નિશ્રામાં રહેનારનો વિહાર ઉચિત ગણાવ્યો છે. આ બે સિવાય ત્રીજા વિહારની અનુજ્ઞા આપી નથી."

આ **ઓઘનિર્યુક્તિ** સૂત્રવચનથી એ ફલિત થાય છે કે ગીતાર્થ થયા વિના સ્વતંત્રપણે વિચરી શકાય નહિ, અને ગીતાર્થની નિશ્રામાં રહીને જ વિચરવું જોઈએ. તેમજ એકલા વિચરવામાં શાસ્ત્રકારોએ ઘણા ઘણા દોષો સૂચવ્યા છે તે દોષો સૂચવનાર ગાથાનો અર્થ સામાન્યતઃ આ પ્રમાણે છે–

---

११ गीतार्थश्च विहारो द्वितीयो गीतार्थनिश्रितो भणितः । इतस्तृतीयविहारो नानुज्ञातो जिनवरैः ॥
१२ एकाकिनो दोषाः, स्त्री श्वा तथैव प्रत्यनीकः । भिक्षाविशुद्धिर्महाव्रतानि, तस्मात्सद्वितीयके गमनम् ॥

## (એકાકી વિહારમાં દોષપરંપરા)

"એકાકી વિહરનારને સ્ત્રી, કૂતરાં, વિરોધીઓ, ભિક્ષાની અશુદ્ધિ, મહાવ્રતવિરોધના દોષો ઊભા થાય છે માટે સદ્વિતીય વિચરવું જોઈએ." સ્ત્રી વગેરેથી દોષો એ રીતે લાગે છે કે એકાકી વિચરનારને ભિક્ષા લેવા પણ એકલા જ જવું પડે તેમાં રૂપવાન સ્ત્રી વગેરે જોઈને ચિત્ત ચલિત થાય અને પોતે ઇચ્છે કે ન ઇચ્છે તો પણ ગણિકા વગેરેથી વ્રતો મલિન થવા સંભવ છે. પોતાની સાથે કોઈ સહાયક ન હોવાથી નિર્ભયપણે કૂતરાં વગેરે પશુઓ પાછળ પડી હેરાન કરે. વળી તેને એકાકી જોઈને, લાગ જોઈને બેઠેલા વિરોધીઓને હેરાન કરવાની તક મળી જાય છે. ભિક્ષા ગ્રહણ કરવામાં જો બે જણ હોય તો એક જગ્યાએ એક સાધુ ભિક્ષા લે ત્યારે તેની સમીપમાં બીજા ત્રીજા ઘરમાં 'ગોચરી દોષિત તો થતી નથીને' તેની તપાસ બીજો સાધુ હોય તો કરી શકે, અને તેથી ભિક્ષાની શુદ્ધિ જળવાઈ રહે. પરંતુ એકલાને માટે તે અશક્ય છે. અર્થાત્ આધાકર્મ આદિ દોષથી દૂષિત ગોચરી પણ પ્રાપ્ત થવાની શક્યતા રહે છે જેમાં પ્રાણાતિપાતવિરમણવ્રતની વિરાધના સ્પષ્ટ છે. સાધુઓને પોતાને ઉદ્દેશીને બનાવેલા આહારપાણી ન લેવાની ભગવાનની આજ્ઞા છે. જો તે લેવામાં આવે તો સાધુને માટે આરંભ સમારંભમાં અર્થાત્ ષટ્જીવનિકાયની હિંસામાં ગૃહસ્થ પ્રવૃત્ત થાય તે હિંસાનો અનુમોદના દોષ સાધુને પણ લાગે. વળી કોઈ ભાવિ ભાગ્યોદય સંબંધી પ્રશ્ન પૂછે અને સાથે બીજા કોઈ સાધુ ન હોય તો કીર્તિ વગેરેની કામનાથી સાચો ખોટો જેવો આવડે તેવો નિરપેક્ષપણે ઉત્તર આપવામાં મૃષાવાદનો દોષ લાગે, કારણ કે તેના કથન પ્રમાણે વર્તવા ભાવિ બંધાયેલું નથી. એ જ રીતે એકાકી વિહારમાં રસ્તા આદિ ઉપર કોઈક અજાણી વ્યક્તિનું ઘરેણું વગેરે પડી ગયેલું હોય અને આજુબાજુ કોઈ જ ન હોય તો ઉઠાવી લેવાની ઇચ્છા ઝટ થઈ આવે એટલે અદત્તાદાનનો દોષ લાગે.

સ્ત્રીઓનાં મુખનું નિરીક્ષણ કરવામાં કોઈ રોકટોક કરનાર ન હોવાથી નિર્ભયપણે નિરીક્ષણ કરે તેથી મૈથુનનો દોષ લાગે. તેમજ એકલા સાધુને લોકોની સાથે ગાઢ પરિચયમાં આવવામાં અને છૂટથી વાતોચીતો કરવામાં કોઈ અટકાવનાર ન હોવાથી સ્ત્રીઓ અને બાળકો વગેરે ઉપર સ્નેહ ઊછળી આવતાં પરિગ્રહનો દોષ લાગવાની પૂરેપૂરી શક્યતા છે. આ બધા જ દોષની પરંપરા એકાકી વિહાર સાથે ગાઢપણે સંકળાયેલી હોવાથી, જૈનશાસનમાં બીજા સાધુઓની સાથે રહીને જ ભિક્ષા સ્થંડિલ આદિ માટે વિચરવાની શાસ્ત્રાજ્ઞા છે. ઘણા દીર્ઘકાળના લાંબા લાંબા વિહાર વસવાટ આદિ હોય ત્યારે તો ખાસ કરીને બીજા સાધુઓની સાથે રહીને જ વિહાર કરવો જોઈએ, નહિ તો ચોર લુંટારા વગેરે તથા જંગલી પશુઓના ઘોર ઉપદ્રવનો સામનો કરવો પડે.

किञ्च–'सुअं मे आउस्संतेणं भगवया एवमक्खायं'[१३]

इत्याचारप्रथमसूत्रेपि 'श्रुतं मया वसता गुरुकुले भगवतैवमाख्यातमि'त्यर्थात्सर्वसमाचारस्यादौ निरूपितत्वेन गुरुकुलवासस्यैव प्रकृष्टाज्ञारूपत्वं निश्चीयते । यदाह-

[१४]एसा य परा आणा, पयडा जं गुरुकुलं न मोत्तव्वं ।
आयारपढमसुत्ते, एत्तो च्चिय दंसिअं एयं ॥ [पंचाशके ११।१३]

इत्थं चाज्ञारुचित्वस्य गुरुकुलवासव्याप्यत्वं प्रतीयते, तदुभयपरिणामयोर्हेतुहेतुमद्भावात्, अत एव गुरुकुलवासाभावे आज्ञारुचित्वस्याप्यभावः । तदाह-[पंचाशके-११]

[१५]एयम्मि परिच्चत्ते, आणा खलु भगवओ परिच्चत्ता ।
तीए अ परिच्चागे, दोह्नवि लोगाण चाउत्ति ॥ १४ ॥

[१६]ता न चरणपरिणामे एयं असमंजसं इह होइ ।
आसण्णसिद्धिआणं जीवाणं, तहा य भणिअमिणं ॥ १५ ॥

[१७]नाणस्स होइ भागी थिरयरओ दंसणे चरित्ते य ।
धन्ना आवकहाए गुरुकुलवासं ण मुंचंति ॥ १६ ॥ त्ति

**શ્રી આચારાંગ** સૂત્રના પહેલાં જ સૂત્રમાં સુધર્માસ્વામી જંબૂસ્વામીને કહી રહ્યા છે કે 'ગુરુકુલવાસમાં રહીને મેં સાભળ્યું છે કે-'ભગવાને આમ કહ્યું હતું.' તેનાથી પણ એ સૂચિત થાય છે કે ગુરુનિશ્રામાં રહેવું તે પ્રધાનમાં પ્રધાન આજ્ઞા છે, કારણ કે સાધુઓના આચારનું નિરૂપણ કરનારા આચારાંગસૂત્રના પહેલા જ સૂત્રમાં તેના ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. 'एसा य परा आणा' કહીને **પંચાશક**ની ગાથામાં પણ કહ્યું છે કે-

'આ જ પ્રગટપણે શ્રેષ્ઠ આજ્ઞા છે કે ગુરુનિશ્રાનો ત્યાગ કરવો નહીં, એ જ કારણથી આચારાંગના પ્રથમ સૂત્રમાં પણ ગુરુકુળવાસ ફરમાવ્યો છે.'

### (ગુરુકુળવાસ - આજ્ઞારુચિ)

આ રીતે એક વાત સ્પષ્ટ થાય છે કે આજ્ઞારુચિપણું ગુરુકુળવાસનું અવિનાભાવી ચિહ્ન હોવાથી જો ગુરુકુળવાસ હોય તો જ આજ્ઞારુચિપણું હોય. કારણ કે ગુરુકુળવાસમાં રહેવાથી

१३ श्रुतं मयाऽऽवसता, भगवतैवमाख्यातम् ॥

१४ एषा च परा आज्ञा प्रकटा यद् गुरुकुलं न मोक्तव्यम् । आचारप्रथमसूत्रे अत एव दर्शितमेतत् ॥

१५ एतस्मिन् परित्यक्ते, आज्ञा खलु भगवतः परित्यक्ता । तस्याश्च परित्यागे, द्वयोरपि लोकयोस्त्याग इति ॥

१६ तस्मान्न चरणपरिणामे एतदसमञ्जसमिह भवति । आसन्नसिद्धिकानां जीवानां तथा च भणितमिदम् ॥

१७ ज्ञानस्य भवति भागी, स्थिरतरको दर्शने चरित्रे च । धन्या यावत्कथं गुरुकुलवासं न मुञ्चन्ति । इति ॥

આજ્ઞાની સ્પષ્ટ ઓળખ અને આજ્ઞામાં તીવ્રરુચિ ઉત્પન્ન થાય છે. આજ્ઞારુચિ એ કાર્ય છે અને ગુરુકુળવાસ એ કારણ છે આ રીતનો કાર્ય-કારણભાવ ગુરુકુળવાસ અને આજ્ઞારુચિ વચ્ચે હોવાથી ગુરુકુળવાસના અભાવમાં આજ્ઞામાં રુચિ પ્રગટતી નથી. દા.ત. અગ્નિ ધૂમનું કારણ હોવાથી અગ્નિ વિના ધૂમ પ્રગટ થતો નથી. શ્રી **પંચાશક**માં કહ્યું છે કે-"આ ગુરુકુળવાસનો ત્યાગ કરવાથી ભગવાનની આજ્ઞાનો પણ ત્યાગ થઈ જાય છે અને આજ્ઞાનો ત્યાગ કરવાથી ઇહલોક અને પરલોકમાં નુકસાન થાય છે." ચારિત્રનો વાસ્તવિક પરિણામ હોય તો ગુરુકુળવાસત્યાગરૂપ અનુચિત કાર્ય હોઈ શકતું નથી. નિકટમાં મુક્તિગામી જીવોને ઉદ્દેશીને કહ્યું પણ છે કે-"જેઓ આજીવન ગુરુકુળવાસનો ત્યાગ કરતા નથી તેઓ ધન્યવાદને પાત્ર છે, જ્ઞાનના ભાજન થાય છે અને દર્શન અને ચારિત્રમાં વધુને વધુ સ્થિર થાય છે."

न चैवं गुरुकुलवासत्यागिनां स्वस्मिन्नाज्ञारुचित्वस्वसंवेदनानुपपत्तिः, स्वाज्ञारुचौ भगवदाज्ञारुचित्वभ्रमात्तदुपपत्तेः । अपि च कुलवध्वादिज्ञातैरपि तत्र तत्र प्रवचने गुरुकुलवासाऽत्याग एव दृढीक्रियते । तत्र निवसतामेव बाह्यानुष्ठानाभावेऽपि सदुपदेशश्रवणादिजनितसंवेगस्य क्षमादिगुणप्रकर्षस्य सुविहितसहायतया ब्रह्मचर्यगुप्तिविशुद्धेर्गुरुवैयावृत्त्यादिजनितमहानिर्जरालाभस्य च सम्भवात् । अपि चाऽजातकल्पवतामगीतार्थानां जातकल्पवतां गीतार्थानामपि ऋतुबद्धकाले पञ्चभ्यो वर्षासु च ग्लानत्वादिसम्भवात् सप्तभ्यो न्यूनतयाऽसमाप्तानामुत्सर्गतस्तत्क्षेत्रगतशिष्यभक्तपानवस्त्रपात्रादिविषयागमप्रसिद्धाऽऽभाव्यनिषेध उक्तः । तदाह-[११ पंचाशके]

[१८]जाओ अ अजाओ अ, दुविहो कप्पो अ होइ विण्णेओ ।
इक्किक्को पुण दुविहो, समत्तकप्पो अ असमत्तो ॥ २७ ॥

[१९]गीयत्थ जायकप्पो, अगगीओ खलु भवे अजाओ अ ।
पणग समत्तकप्पो तदूणगो होइ असमत्तो ॥ २८ ॥

[२०]उउबद्धे, वासासु य सत्त समत्तो तदूणगो इयरो ।
असमत्ताजायाणं ओहेण ण होइ आहव्वं ॥ २३ ॥ ति

न चेतत्सर्वमुक्तसूत्रेणाऽगीतार्थविहारानुज्ञाने सङ्गच्छत इति ।

**(ગુરુકુલ ત્યાગીને આજ્ઞારુચિપણાનું આભાસિક સંવેદન)**

**પ્રશ્ન** :- જેઓએ ગુરુકુળવાસનો સદંતર ત્યાગ કર્યો છે તેઓને પોતાની ધાર્મિક પ્રવૃત્તિઓમાં "હું જે આ કરું છું તે આજ્ઞાનુસારી છે" તે જાતના આજ્ઞારુચિપણાનું સંવેદન અનુભવસિદ્ધ છે તો એ શી રીતે સંગત થઈ શકશે ?

---

१८ जातश्चाजातश्च द्विविधः कल्पश्च भवति विज्ञेयः । एकैकः पुनर्द्विविधः समाप्तकल्पश्चासमाप्तः ॥

१९ गीतार्थो जातकल्पः, अगीतार्थः खलु भवेदजातश्च । पञ्चकःसमाप्तकल्पः, तदूनको भवत्यसमाप्तः ॥

२० ऋतुबद्धे, वर्षासु च सप्त समाप्तः तदूनक इतरः । असमाप्ताजातानां ओघे न भवति आभाव्यम् । इति ॥

**ઉત્તર** :- ગુરુકુળવાસ ત્યાગીને પોતાની ધાર્મિક પ્રવૃત્તિઓમાં ભગવદ્આજ્ઞા રુચિનો અનુભવ થાય છે તે પ્રમાત્મક નહિ કિન્તુ ભ્રમાત્મક છે. ખરેખર તો પોતે પોતાની જ ઇચ્છારૂપ આજ્ઞાને આગળ કરીને પ્રવૃત્તિ કરે છે. કિન્તુ એ એમ માને છે કે ભગવદ્આજ્ઞાને મુખ્ય કરીને પ્રવૃત્તિ કરું છું. આ રીતે સ્વઆજ્ઞારુચિમાં ભગવદ્આજ્ઞારુચિપણાનું ભ્રમાત્મક સંવેદન થાય છે. દા.ત. રજ્જુમાં સર્પની બુદ્ધિ. એટલે ગુરુકુળવાસત્યાગીને પણ ભ્રમાત્મક ભગવદ્આજ્ઞાની રુચિનું સંવેદન થતું હોય તે ઉપરોક્ત રીતે ઘટી શકે છે. કુળવધૂ વગેરેના દૃષ્ટાંતથી પણ તે તે શાસ્ત્રમાં ગુરુકુળવાસ ન ત્યજવા ઉપર જ ઘણો ભાર મૂકવામાં આવ્યો છે. ગુરુકુળવાસમાં રહેવાથી જ, કદાચ, શક્તિ-સંયોગના અભાવે બાહ્ય ક્રિયાઓ ન થઈ શકે તો પણ સદુપદેશના શ્રવણથી તીવ્ર સંવેગ અર્થાત્ મુક્તિનો અભિલાષ પ્રગટ થાય છે, ક્ષમા વગેરે ગુણોમાં વૃદ્ધિ થાય છે, સુવિહિત એટલે કે શુદ્ધ અનુષ્ઠાન આચરનારા મુનિઓની સહાયથી બ્રહ્મચર્ય અને તેની મર્યાદાઓનું પાલન વિશુદ્ધપણે થાય છે, તેમજ ગુરુ-વડીલ વગેરેની વૈયાવચ્ચની મહાન નિર્જરાનો લાભ પણ સંભવિત છે.

## (અજાતકલ્પી-અસમાપ્તકલ્પીને અધિકારવિરહ)

વળી અજાતકલ્પી એટલે કે અગીતાર્થ, અને જાતકલ્પી એટલે કે ગીતાર્થોને પણ કાર્તિક સુદ પૂનમથી અષાઢ સુદ ચૌદશ સુધીના આઠ મહિનાના ગાળામાં પાંચ સાધુથી ન્યૂન સંખ્યામાં વિચરવાની મનાઈ કરેલી છે. તેમજ વર્ષાકાળ એટલે ચોમાસામાં સાતથી ન્યૂન સંખ્યામાં રહેવાની મનાઈ છે. વર્ષાકાળમાં પાંચને બદલે સાતની સંખ્યાના કથનનું કારણ એ છે કે પાંચમાં બે-ચાર સાધુ માંદા પડે તો બાકીના એક બે સાધુ સેવા વગેરે તમામ કાર્યમાં પહોંચી વળે નહિ, અને ચોમાસામાં વિહારની મનાઈ હોવાથી બીજા ક્ષેત્રમાંથી સાધુ આવી પણ શકે નહિ. સંખ્યા વધુ હોય તો તમામ કાર્યમાં પહોંચી વળાય માટે શાસ્ત્રકારોએ ઓછામાં ઓછી સાતની સંખ્યા જણાવી છે. વર્ષાકાળમાં સાત અને શેષકાળમાં પાંચથી ન્યૂન સંખ્યા હોય તેને અસમાપ્તકલ્પ કહેવાય. આ અસમાપ્તકલ્પવાળાને જે ક્ષેત્રમાં તેઓ રહ્યા હોય તે ક્ષેત્રમાંથી પ્રાપ્ત થયેલ શિષ્ય, આહારપાણી, વસ્ત્ર-પાત્ર વગેરે ચીજોની માલિકીનો ઉત્સર્ગમાર્ગે સ્પષ્ટ નિષેધ કરેલો છે. અર્થાત્ એ બધા પર તેનો કોઈ અધિકાર હોઈ શકે નહિ. આ હકીકત આગમમાં પ્રસિદ્ધ છે-શ્રી પંચાશક શાસ્ત્રમાં કહ્યું છે કે-

'જાત અને અજાત એમ બે પ્રકારનો કલ્પ જાણવો. તે દરેકના સમાપ્તકલ્પ અને અસમાપ્તકલ્પ એવા બે ભેદ છે. ગીતાર્થને જાતકલ્પ કહેવાય અને અગીતાર્થને અજાતકલ્પ કહેવાય. શેષકાળમાં પાંચ સાધુઓનો સમાપ્તકલ્પ કહેવાય અને પાંચથી ઓછા સાધુઓનો અસમાપ્તકલ્પ કહેવાય. વર્ષાકાળમાં સાત સાધુઓનો સમાપ્તકલ્પ અને સાતથી ઓછાનો

અસમાપ્તકલ્પ કહેવાય. અજાતકલ્પ અને અસમાપ્ત કલ્પવાળા સાધુને ઉત્સર્ગમાર્ગે માલિકી હોતી નથી' 'न यालभिज्जा' એ સૂત્રથી 'અગીતાર્થોને પણ એકલા વિચરવાની છૂટ છે' તે અર્થ માનવામાં આવે તો ઉપર સૂચવેલ પંચાશકના કથન સાથે મેળ બેસે નહિ.

**गीतेऽपि**=गीतार्थेऽप्युचितमिदमुक्तसूत्रम्, **तदन्यस्य**=गीतार्थान्यस्य स्वाहीनगुणवतः **लाभः**=प्राप्तिः **तदन्तराये**=तद्विघ्ने, अन्यथा ससहायताया एव युक्तत्वात्, यतोऽभिधीयते - [पंचकल्पभाष्ये]

[21]कालम्मि संकिलिट्ठे छक्कायदयावरोऽवि संविग्गो ।
जयजोगीणमलंभे पणगन्नयरेण संवसइ ॥ १७४९ ॥

पार्श्वस्थावसन्न-कुशील-संसक्त-यथाच्छन्दाभिधानां पञ्चानां साधूनामेकतरेण सह वसतीत्यर्थः । इत्थं च यतयोग्यप्राप्तेर्निमित्तत्वमपि कदाचिदपोद्यत इति । नातिशयितदुःसङ्गत्यागादिकारणं विना गीतार्थस्याप्येकाकिनो विहारोऽनुज्ञातः, तथाविधकारणे तु गीतार्थ एकाक्यपि विहरेत्, अगीतार्थस्तु न सर्वथेति सिद्धम् ॥ १३ ॥

## (ગીતાર્થને એકાકી વિહારના સંયોગો)

મૂળ ૧૩મી ગાથાના ઉત્તરાર્ધનો તાત્પર્યાર્થ એ છે કે ગીતાર્થને પણ 'न यालभिज्जा०' એ સૂત્રનો વિષય ત્યારે જ લાગુ પડે જો પોતાનાથી અન્યૂન ગુણવાળા અન્ય ગીતાર્થનો સથવારો મળવામાં કોઈક જોરદાર વિઘ્ન હોય. સહાય પ્રાપ્ત થઈ શકે એમ હોય તો અન્ય ગીતાર્થની સાથે જ વિચરવું જોઈએ. કારણ કે **પંચકલ્પ ભાષ્ય**માં કહ્યું છે કે-

કાળ સંક્લિષ્ટ (કપરો) હોવાથી અર્થાત્ ગીતાર્થ સંવિગ્ન મહાત્માઓની વિરલતા હોવાથી યતનાશીલ સાધુઓનો સંયોગ ન હોય તો ષડ્જીવનિકાયની દયામાં તત્પર સંવિગ્ન સાધુ પણ પાંચમાંથી અનુક્રમે કોઈ પણ એકની સાથે સહવાસ કરે.' પાંચમાંથી એટલે કે (૧) પાર્શ્વસ્થ (૨) અવસન્ન (૩) કુશીલ (૪) સંસક્ત અને (૫) યથાચ્છન્દ નામના પાંચ પ્રકારના અવન્દ્ય સાધુઓમાંથી ગમે તે એકની સાથે વિચરે. આ રીતે આ સૂત્રમાં કપરા કાળમાં યતનાશીલ યોગીનો અલાભ એ પાર્શ્વસ્થ આદિ પાંચ પ્રકારના સાધુઓ સાથેના સહવાસનું નિમિત્ત દર્શાવવામાં આવ્યું છે, પરંતુ કદાચિત્ કપરોકાળ ન હોય તો 'न यालभिज्जा०' સૂત્રથી તેમાં અપવાદ દર્શાવીને પાર્શ્વસ્થાદિ સાથે સહવાસમાં તેના નિમિત્તપણાનો નિષેધ કરવામાં આવે છે. અર્થાત્ સંકટકાળમાં તો યતનાશીલ યોગીનો અલાભ એવું પુષ્ટકારણ છે જેથી સંવિગ્ન સાધુને પણ પાંચની સાથે રહેવા બાધ્ય થવું પડે,

२१ काले संक्लिष्टे षट्कायदयापरोऽपि संविग्नः । यतयोगिनामलाभे पञ्चकान्यतरेण संवसति ॥

પરંતુ 'न यालभिज्जा०' સૂત્ર એ સૂચવે છે કે કાળ જો કપરો ન હોય અથવા યતનાશીલ યોગીનો સાથ ન મળે એ એવું પુષ્ટકારણ નથી કે જેથી પાંચની સાથે રહેવા બાધ્ય થવું પડે. એટલે આ કપરા કાળમાં ઉત્સર્ગ માર્ગે તો અત્યંત દુઃસંગનો ત્યાગ વગેરે કારણ ન હોય તો ગીતાર્થને પણ એકલા વિચરવાની અનુજ્ઞા નથી. પરંતુ જેની સાથે રહેવું પડ્યું છે તે અત્યંત કુશીલ હોય અને તેના સંગથી સંયમ દુરારાધ્ય હોય તો 'न यालभिज्जा०' સૂત્રાનુસારે તેવાનો સાથ છોડીને ગીતાર્થ સાધુ એકલો પણ વિચરે પણ અગીતાર્થને તો એકલા વિચરવું કોઈ પણ રીતે સંગત નથી એ સિદ્ધ થાય છે. ॥ ૧૩ ॥

**शुद्धात्मद्रव्यमेवाहं शुद्धज्ञानं गुणो मम ।**
**नान्योहं न ममान्ये चेत्यदो मोहास्त्रमुल्बणम् ।।२।। (ज्ञानसार ४/२)**

શુદ્ધ-નિજસત્તારૂપે રહેલ આત્મદ્રવ્ય જ હું છું, વિભાવે કરીને અશુદ્ધ નથી. એ સંબંધે કહ્યું છે કે–

"मग्गणगुणठाणेहिं चउदस य हवंति तह य असुद्धणया
विण्णेया संसारी सव्वे सुद्धा उ सुद्धणया" ॥

"અશુદ્ધ નયની દૃષ્ટિથી માર્ગણાસ્થાનક અને ગુણસ્થાનકની અપેક્ષાએ ચૌદ પ્રકારના સંસારી જીવો છે અને શુદ્ધનયની અપેક્ષાથી બધા જીવો શુદ્ધ છે."

શુદ્ધ જ્ઞાન-કેવળજ્ઞાન જ મારો ગુણ છે. તેથી હું બીજો નથી, તેમ બીજા ધર્માસ્તિકાયાદિ પાંચ દ્રવ્યો મારા નથી, એ ધ્યાવવું તે મોહને હણવાનું આકરું શસ્ત્ર છે.

## ઉપદેશ ૫ - સૂત્ર અને અર્થ ઉભય પ્રમાણ છે.

ननु स्फुटार्थं सूत्रं किमित्येवं युक्त्या व्याकुलीक्रियत इत्यत आह-

**શંકા :-** 'न यालभिज्जा' સૂત્રનો અર્થ તદ્દન સ્પષ્ટ છે તેને આવી બધી યુક્તિઓથી શા માટે ડહોળવામાં આવી રહ્યો છે ? ઉત્તર :-

**सुत्तं अत्थणिबद्धं छाया छायावओ जह णिबद्धा ।**
**तेणं केवलसुत्ते अणुरत्तो होइ पडिणीओ ॥ १४ ॥**

**શ્લોકાર્થ :-** જેમ પડછાયો તેના આશ્રય સાથે ગાઢપણે સંકળાયેલો છે તે જ રીતે સૂત્ર અર્થ સાથે સંકળાયેલું છે તેથી કેવળસૂત્રનો આગ્રહી પ્રત્યનીક છે. ॥ ૧૪ ॥

सूत्रम् अर्थस्य=निर्युक्तिभाष्यादिव्याख्यानस्य निबद्धं=परतन्त्रम्, यथा छाया छायावतः पुरुषस्य निबद्धा=परतन्त्रा, छायागमनागमनयोर्नियमतः स्वाश्रयगमनागमनानुविधायित्वात्, एवं हि सूत्रमप्यर्थपर्यालोचनप्राप्यतात्पर्य एव प्रमाणं नान्यथा, अतिप्रसंगादिना प्रामाण्यस्य निश्चेतुमशक्यत्वात्, इति भवत्यर्थप्रामाण्याधीनप्रामाण्यकत्वात्सूत्रमर्थनिबद्धम् । तदुक्तं **बृहत्कल्पभाष्ये-**

[२२]छाया जहा छायवतो णिबद्धा संपट्ठिए जाति ठिते य ठाति ।
अत्थो तहा गच्छति पज्जवेसु सुत्तंपि अत्थाणुचरं तहेव ॥ ३६२८ ॥

[२३]विही व सुत्ते तहिं वारणा वा उभयं च इत्थं ति विकोवणट्ठा ॥ ३६२९ उ० ॥

[२४]उस्सग्गउ णेव सुअं पमाणं न वाऽपमाणं कुसला वयंति ॥
अंधो अ पंगुं वहए स चावि कहेइ दोण्हंपि हिताय पंथं ॥ ३६३० ॥ इति ।

अपि च यथाश्रुतस्यैव सूत्रस्य प्रामाण्येऽनुयोगक्रमवैयर्थ्यप्रसङ्गः । तदाहुः-[११ पंचाशके] [बृ. क. भा. ३३१५]

[२५]जं जह सुत्ते भणियं तहेव जइ तव्विआलणा णत्थि ।
किं कालिआणुओगो दिट्ठो दिट्ठिप्पहाणेहिं ॥ ३४ ॥ ति

इत्थमनभ्युपगच्छतामपायमुपदर्शयति-**तेन**=सूत्रस्यार्थनिबद्धत्वेन, केवलसूत्रे अनुरक्तः=सूत्रमेवैकं नः प्रमाणं नान्यदिति भूतायत्त इव पूत्कुर्वन् भवति प्रत्यनीकः, अर्थप्रामाण्य-

---

२२ छाया यथा छायावतो निबद्धा संप्रस्थिते याति स्थिते च तिष्ठति ।
अर्थस्तथा गच्छति पर्यायेषु सूत्रमपि अर्थानुचरं तथैव ॥

२३ विधिर्वा सूत्रे तत्र वारणा वा । उभयं च इत्थमिति विकोपनार्थाः ॥

२४ उत्सर्गतो नैव श्रुतं प्रमाणं न वाऽप्रमाणं कुशला वदन्ति ।
अन्धश्च पङ्गुं वहते स चापि कथयति द्वावपि हिताय पन्थानमिति ॥ ३६३० ॥

२५ यद् यथा सूत्रे भणितं तथैव यदि तद्विचारणा नास्ति । किं कालिकानुयोगो दृष्टो दृष्टिप्रधानैरिति ॥

मनभ्युपगच्छतोऽपि श्रुतं प्रति प्रत्यनीकताभिधानम् । तथा च **व्याख्याप्रज्ञप्तिसूत्रम्**-[भाग २, श. ८, उ. ८, सू. ३३९]

[२६]सुअं पडुच्च कइ पडिणीआ पण्णत्ता-गोयमा ! तओ पडिणीआ पण्णत्ता, तं जहा-सुत्तपडिणीए, अत्थपडिणीए, तदुभयपडिणीएत्ति ॥

## (સૂત્ર અર્થાનુગામી છે.)

**તાત્પર્યાર્થ :-** મૂળ સૂત્ર ઉપર રચાયેલાં નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ વગેરે ગ્રંથો સુવિસ્તૃત અર્થનું વિવરણ કરનારા છે અને સૂત્ર તે સુવિસ્તૃત અર્થને પરતંત્ર છે, એટલે કે તે વિશાળ અર્થને લક્ષમાં રાખીને સૂત્રકાર સૂત્રની રચના કરે છે. દા.ત. પુરુષનો પડછાયો પુરુષને આધીન છે કારણ કે પડછાયાનું ગમનાગમન પુરુષનાં ગમનાગમનને આભારી છે. આ દૃષ્ટાંતનો સારાંશ એ છે કે નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ વગેરે વ્યાખ્યા ગ્રંથોના આધારે જે તાત્પર્ય ફલિત થાય તે તાત્પર્યના વિષયભૂત અર્થમાં સૂત્ર પ્રમાણ છે, પણ યથાશ્રુત (ઉપરછલ્લા) અર્થમાં નહિ. જો યથાશ્રુત અર્થમાં જ સૂત્રને પ્રમાણ માની લેવામાં આવે તો આપત્તિ ઊભી થાય છે. આપત્તિ એ થાય છે કે વેદ વગેરેનાં સૂત્રોને પણ જૈનોએ યથાશ્રુત અર્થમાં જ પ્રમાણ માનવાં પડશે, અને તો પછી ભગવાને ઇન્દ્રભૂતિ વગેરેને યથાશ્રુત અર્થનો ત્યાગ કરીને વિશિષ્ટ અર્થમાં વેદસૂત્રના પ્રામાણ્યને યુક્તિયુક્ત દર્શાવ્યું તે અસંગત થઈ જશે. આ અતિપ્રસંગદોષના કારણે કોઈ પણ જૈન સૂત્રને અંગે પણ તે યથાશ્રુત અર્થમાં પ્રમાણ છે. તેવો નિશ્ચય થવો અશક્ય છે.

## (બૃહત્કલ્પભાષ્યમાં સૂત્રાર્થ ઉભયની મહત્તા)

આ રીતે સૂત્રનું પ્રામાણ્ય અર્થપ્રામાણ્યને પરાધીન હોવાથી સૂત્ર પોતે અર્થને પરતંત્ર છે તે સિદ્ધ થાય છે. **બૃહત્કલ્પભાષ્ય** (ગાથા ૩૬૨૮)માં કહ્યું છે કે-"છાયા જેમ છાયાવાન પુરુષને પરતંત્ર છે (કારણ કે) તે ચાલે તો ચાલે છે, અને તે સ્થિર રહે તો સ્થિર રહે છે તેજ રીતે અર્થ પર્યાયોને અનુસરે છે અને સૂત્ર અર્થને અનુસરે છે. 'શિષ્ય બુદ્ધિને તેજસ્વી બનાવવા માટે સૂત્રકારો કોઈક સૂત્ર વિધાયક બનાવે છે, કોઈક નિષેધક બનાવે છે જ્યારે કોઈક સૂત્ર વિધિનિષેધ ઉભય પ્રતિપાદક બનાવે છે.' ઉત્સર્ગ માર્ગે કોઈ પણ સૂત્ર (નિરપેક્ષ-પણે) પ્રમાણ પણ નથી તેમજ અપ્રમાણ પણ નથી. કુશળ પુરુષોનું કહેવું એ છે કે પ્રકરણ આદિથી જે અર્થ બંધબેસતો હોય તે અર્થમાં સૂત્ર પ્રમાણ છે અને જે અર્થ બાધિત હોય તે અર્થમાં સૂત્ર અપ્રમાણ છે. જેમ અંધ પુરુષ પાંગળા પુરુષને નગરપ્રાપ્તિ માટે પોતાના ખભા

---

२६ श्रुतं प्रतीत्य कति प्रत्यनीकाः प्रज्ञप्ताः-गौतम ! त्रयः प्रत्यनीकाः प्रज्ञप्ताः तद्यथा-सूत्रप्रत्यनीकः, अर्थप्रत्यनीकः तदुभयप्रत्यनीक इति ।

ઉપર બેસાડી વહન કરે છે અને પાંગળો પુરુષ પણ પોતાના અને અંધ પુરુષના હિત માટે માર્ગ કથન કરે છે, તે જ રીતે સૂત્ર અર્થને વહન કરે છે અને અર્થ સૂત્રને દિક્સૂચન કરે છે. આ રીતે પરસ્પર સંકળાયેલા સૂત્ર અને અર્થ દ્વારા માર્ગનું પ્રતિપાદન થાય છે."

**(કાલિકશ્રુતમાં અનુયોગને અવકાશ)**

વળી, જો યથાશ્રુત અર્થમાં જ સૂત્રને પ્રમાણ માનવામાં આવે તો દ્રવ્યાનુયોગઆદિના ક્રમથી અને ઉપક્રમ આદિ દ્વારના ક્રમથી સૂત્રનો અનુયોગ એટલે કે વ્યાખ્યા કરવાનો પ્રયાસ વ્યર્થ બની જશે. **પંચાશક** શાસ્ત્રમાં કહ્યું છે કે-

'સૂત્રમાં જે પ્રમાણે જે કહ્યું છે તે તેમજ (સ્વીકારવાનું) હોય, તેના ઉપર કોઈ પણ પ્રશ્નને અવકાશ જ ન હોય તો દૃષ્ટિપ્રધાન એટલે કે નિપુણદૃષ્ટિવાળા પૂર્વાચાર્યોએ શા માટે કાલિકશ્રુતનો અનુયોગ કરવાનો નિર્દેશ કર્યો' ?

જેઓ ઉપરોક્ત હકીકત સ્વીકારતા નથી તેઓને અનિષ્ટ પ્રાપ્તિનું સૂચન કરતાં ઉત્તરાર્ધમાં કહે છે કે-સૂત્ર અર્થને પરતંત્ર હોવાથી પિશાચગ્રસ્ત પુરુષની જેમ 'અમારે તો એક માત્ર સૂત્ર જ પ્રમાણ છે; બીજું નિર્યુક્તિ વગેરે નહિ' એવા પોકળ પોકારો કર્યા કરનાર શાસ્ત્રનો દુશ્મન થઈ રહ્યો છે. કારણ કે જે વ્યક્તિ અર્થનું પ્રામાણ્ય ન સ્વીકારે તેને શ્રુતનો પણ શત્રુ કહ્યો છે. શ્રીભગવતી સૂત્રમાં કહ્યું છે કે-

'શ્રુત્રને આશ્રયીને કેટલા પ્રત્યનીક કહ્યા છે ? હે ગૌતમ ! ત્રણ પ્રત્યનીક કહ્યા છે. ૧. સૂત્ર-પ્રત્યનીક, ૨. અર્થ પ્રત્યનીક અને ૩. સૂત્રાર્થ ઉભય-પ્રત્યનીક.'

यथाश्रुतार्थविपर्ययाभ्युपगममात्रादेवार्थप्रत्यनीकत्वमिति **पामरः** । तन्न, "**सुत्तत्थो खलु पढमो**" (बृ. क. भा. २०९) इत्याद्युक्तक्रमवतोऽर्थस्य क्काप्यंशेऽप्रामाण्याभ्युपगमे प्रत्यनीकताऽनपायादिति । तथा चार्थप्रत्यनीकताया निबिडज्ञानावरणकर्मबन्धहेतुत्वात्तामुत्सृज्योपदर्शितसूत्रार्थे न शङ्का विधेया ॥ १४ ॥

કોઈક પામરને એમ કહેવાનું મન થાય કે 'અર્થ-પ્રત્યનીક એટલે નિર્યુક્તિ આદિના અર્થનો પ્રત્યનીક એમ નહિ, પણ યથાશ્રુત અર્થથી ઉલટું માને તે.' પણ એ બરાબર નથી. કારણ કે શ્રુતના અભ્યાસ માટે જે ક્રમ શાસ્ત્રમાં બતાવ્યો છે તેમાં "પ્રથમ વાચનામાં સૂત્રાર્થમાત્રનું કથન હોય, દ્વિતીય વાચનામાં નિર્યુક્તિમિશ્રિત અર્થનું પ્રદાન હોય, અને તૃતીય વાચનામાં નિરવશેષ અર્થનું પ્રદાન હોય" એમ કહ્યું છે. આ ક્રમમાં બતાવેલા અર્થના કોઈ પણ અંશને પ્રમાણ ન માનવાથી પ્રત્યનીકપણું આવે જ આવે.

સારાંશ એ છે કે નિબિડ જ્ઞાનાવરણકર્મબંધનાં હેતુભૂત અર્થના પ્રત્યનીકપણાનો ત્યાગ કરવો અને न यालभिज्जा સૂત્રનો જે અર્થ યુક્તિપૂર્વક દર્શાવવામાં આવ્યો છે તેમાં શંકા રાખવી નહિ. ॥ ૧૪ ॥

नन्वेवं स्वाधीनविहारिणश्चारित्रनिषेधे **भगवत्युक्तविरोध:** इति शङ्कते-

ઉપરોક્ત રીતે સ્વતંત્રપણે વિચરનાર સાધુને ચારિત્ર હોવાનો નિષેધ કરવામાં ભગવતી સૂત્ર સાથે વિરોધની શંકા ઉદ્ભવે છે - (આ શંકા વિસ્તૃત છે. એનો ઉત્તર શ્લો. ૧૬માં આવશે.) **શંકા :-**

**'जो सीलवं असुअवं सो देसाराहगो' कहं एवं ।**
**जन्नाणेऽणुट्ठाणं पुण्णं इहरा य णोदेसो ॥ १५ ॥**

**શ્લોકાર્થ :-** "જે શીલવાન છે પણ શ્રુતવાન નથી તે દેશઆરાધક છે' (આ ભગવતી સૂત્રનું વચન) શી રીતે ઘટશે ? કારણ કે જો જ્ઞાન હોય તો અનુષ્ઠાન પૂર્ણ બને છે અને જ્ઞાન હોય જ નહિ તો આંશિક ચારિત્રનો પણ સંભવ નથી." ॥ ૧૫ ॥

य: **शीलवानु**द्यतानुष्ठानसम्पन्न:, तथा**ऽश्रुतवान्**=भावतोऽनधिगतश्रुतज्ञान:, **स देशाराधक**-श्चारित्ररूपदेशपालनपर: । **कथमेवम**परतन्त्रस्य चारित्रनिषेधे युज्यते ? **यद्**=यस्मात् कारणाद् **ज्ञाने सत्यनुष्ठानं** पूर्णं= रत्नत्रयसमुदायास्कन्दितमेव सम्भवति, अल्पश्रुतानाममि माषतुषादीनां गुरुपारतन्त्र्येण रत्नत्रयसाम्राज्योपपत्ते:, बहुश्रुतापेक्षयाऽल्पश्रुतानुष्ठानस्य देशत्वे चाऽऽकेवलिन: देशाराधकत्वाऽ-विश्रामप्रसङ्गात् । न चात्र निश्चयनयसूक्ष्मेक्षिकास्ति येन सर्वसंवर एव तद्विश्रामोपपत्ताविष्टापत्ति: कर्तुं शक्या, तदानीं श्रुतशीलसन्निपाताऽयोगात् ।

**इतरथा च**=ज्ञानाभावे च नो देशस्तदनुष्ठानं युज्यते, यत्रैव हि विशकलिते यत्समुदायघटकरूपं प्रतीयते, तत्रैव तद्देशत्वं नान्यत्र, यथा विशकलितगुडादौ मदिराद्यवयवगतस्वादविशेषवत्तया प्रतीयमाने मदिरादिदेशत्वं, नान्यत्र यथा सिकतादौ, न च प्रकृते रत्नसमुदायघटकचारित्ररूपं पारतन्त्र्यलक्षणमपरतन्त्रशीले सम्भवतीति कथं तत्र देशत्वम् ?

[२७]इत्थं च-"तत्थ णं जे से पढमे पुरिसजाए से णं पुरिसे सीलवं असुअवं उवरए अविण्णातधम्मे, एस णं गोयमा मए पुरिसे देसाराहए पण्णत्ते ॥ [भगवतीसूत्र श. ८, उ. १०, सू. ३५४] इति भागवतवचनादपरन्त्रस्याप्यनन्यगत्या चारित्रमुपेयमिति भाव: ॥ १५ ॥

**(સ્વચ્છંદવિહારીમાં દેશચારિત્ર કેમ નહીં ?)**

**તાત્પર્યાર્થ :-** શંકાકારનું તાત્પર્ય એ છે કે જે ઉદ્યત અનુષ્ઠાનસંપન્ન છે પણ પારમાર્થિક શ્રુતજ્ઞાનરહિત છે તે દેશ આરાધક એટલે કે જ્ઞાનદર્શનચારિત્ર રૂપ સમગ્ર આરાધનાના એક અંશ રૂપ ચારિત્રનો પાલક છે. ગુરુપરતંત્રતા રહિત સાધુમાં શ્રુતજ્ઞાન ન હોવા છતાં પણ ઉદ્યત અનુષ્ઠાન જો સ્પષ્ટ દેખાય તો તેમાં ચારિત્રનો નિષેધ કરવો શી રીતે વ્યાજબી ગણાય ?

---

२७ इत्थं च-तत्र य: स प्रथम: पुरुषजात: स पुरुष: शीलवान् अश्रुतवान् उपरत: अविज्ञातधर्मा, एष गौतम ! मया पुरुष: देशाराधक: प्रज्ञप्त: ॥

વ્યાજબી ન હોવાનું કારણ એ છે કે જો તેમાં શ્રુતજ્ઞાન હોય તો તેનું અનુષ્ઠાન સંપૂર્ણ એટલે કે રત્નત્રયસમુદાયથી યુક્ત જ બની જવાથી તે સર્વ આરાધક જ બની જશે; જે સ્વચ્છંદ વિહારીમાં માન્ય નથી. માષતુષ વગેરે મુનિઓમાં ઘણું શ્રુતજ્ઞાન ન હોવા છતાં પણ 'મારે ગુર્વાજ્ઞા પ્રમાણે વર્તવું જોઈએ' એ જાતનું જ્ઞાન હોવાથી તેઓને સંપૂર્ણ રત્નત્રયનું સામ્રાજ્ય આબાધિત છે. જો બહુશ્રુત સાધુઓના જ્ઞાનની અપેક્ષાએ માષતુષ આદિ મુનિઓનું અનુષ્ઠાન અલ્પશ્રુતપૂર્વકનું હોવાથી તેમને સર્વ આરાધક માનવાને બદલે દેશ-આરાધક માનવામાં આવે તો તેમનાથી અધિક શ્રુતજ્ઞાનવાળા, ક્ષીણમોહ ગુણસ્થાન પર્યન્તવર્તી બહુશ્રુત મુનિઓમાં પણ દેશઆરાધકતા માનવાની જ આપત્તિ આવશે. કારણ કે તેઓનું શ્રુતજ્ઞાન પણ તેમનાથી ચઢિયાતા કેવળજ્ઞાનીના જ્ઞાન કરતાં અલ્પ જ છે. કદાચિત્ નિશ્ચયનયનું અવલંબન કરીને અહીં ઈષ્ટાપત્તિ કરી લેવામાં આવે, તો તે પણ શક્ય નથી. કારણ કે અહીં નિશ્ચયનયની સૂક્ષ્મ દૃષ્ટિને અવકાશ નથી. નિશ્ચયનયની દૃષ્ટિએ તો સર્વસંવર રૂપ ચારિત્રનું અનુષ્ઠાન ચૌદમા ગુણસ્થાનકે છે પણ કેવળજ્ઞાનની હાજરીમાં ત્યાં શ્રુતજ્ઞાન તો છે નહિ, એટલે સર્વ-આરાધક કોઈ રહેશે જ નહિ. સ્વતંત્રવિહારીમાં જો જ્ઞાનનો સર્વથા અભાવ હોય તો તેનું ઉદ્યત અનુષ્ઠાન દેશરૂપ પણ ઘટી શકશે નહિ અને તેથી તેમાં દેશઆરાધકપણાની અવ્યાપ્તિનો દોષ આવશે. સર્વથા જ્ઞાનાભાવમાં આંશિક અનુષ્ઠાન પણ ન ઘટી શકવાનું કારણ એ છે કે કોઈ પણ વસ્તુ સમુદાયથી વેગળી હોવા છતાં પણ સમુદાયના એક અંગરૂપે સ્પષ્ટ જણાઈ આવતી હોય તો જ તેને તે સમુદાયના અંશ રૂપે કહી શકાય. દા.ત. ગોળ વગેરે ખાદ્ય ચીજોનાં મિશ્રણથી બનતી મદિરામાં જે એક વિશિષ્ટ પ્રકારના રસની અનુભૂતિ થાય છે તે જ વિશિષ્ટ રસનો આંશિક અનુભવ ગોળમાં થાય છે, કિંતુ રેતીના કણમાં થતો નથી એટલે ગોળને મદિરાનું અંગ માનવામાં આવે છે પણ રેતીના કણને નહિ. ચાલુ પ્રકરણમાં રત્નત્રયના સમુદાયના અંગભૂત ચારિત્રને ગુરુપારતંત્ર્ય સ્વરૂપ જ માનવામાં આવે તો તે ગુરુપારતંત્ર્ય સ્વાધીનવિહારીમાં છે જ નહિ, તો પછી તેમાં દેશઆરાધકતા શી રીતે ઘટશે ? (इत्थं च=) સ્વાધીન વિહારીમાં ગુરુપારતંત્ર્ય સ્વરૂપ ચારિત્ર દેશ રૂપે ઘટી શકે તેમ ન હોવાથી, 'तत्थ णं जे से.' ઇત્યાદિ **ભગવતીસૂત્ર** ૮ મું શતક, ૧૦ મા ઉદ્દેશના ૩૫૪ મા સૂત્ર વચન પ્રમાણે અનિચ્છાએ પણ, ઉદ્યતઅનુષ્ઠાનરૂપ ચારિત્ર સ્વાધીન વિહારીમાં દેશરૂપે સ્વીકારવું જ જોઈએ. જેથી તેમાં દેશ-આરાધકપણાની અવ્યાપ્તિ થાય નહિ. 'तत्थ णं जे से' સૂત્રનો અર્થ આ પ્રમાણે છે -

"તેમાં જે પ્રથમ પ્રકારના પુરુષ છે તેઓ શીલવાન એટલે કે પાપવિરત છે, પણ શ્રુતવાન એટલે કે ધર્મના જ્ઞાતા નથી. હે ગૌતમ ! આ પુરુષોને મેં દેશ-આરાધક કહ્યા છે." ॥ ૧૫ ॥

समाधत्ते-

આ વિસ્તૃત શંકાનો ઉત્તર નીચે મુજબ જાણવો.

**भन्नइ दव्वाराहणमेयं सुत्तं पडुच्च दट्ठव्वं ।**
**सो पुण दव्वपयत्थो दुविहो इह सुत्तणीईए ॥ १६ ॥**

**શ્લોકાર્થ :-** ઉત્તર : "દ્રવ્ય આરાધનાને ઉદ્દેશીને તે સૂત્ર સમજવું અને અહીં, સૂત્રનીતિએ દ્રવ્ય પદાર્થ બે પ્રકારનો છે." ॥ ૧૬ ॥

**भण्यते**ऽत्रोत्तरं दीयते-**एत**च्छीलवतो अश्रुतवतो देशाराधकत्वप्रतिपादकं **व्याख्याप्रज्ञप्तिसूत्रं**, **द्रव्याराधनां** बाह्यतपश्चरणाद्यनुष्ठानपालनाम्, **प्रतीत्य**=आश्रित्य, **द्रष्टव्यं**=निर्णेयम्, समुदयनिष्पन्नस्य पारतन्त्र्यरूपस्योभयासाधारण्येऽपि बाह्यक्रियात्वस्योभयसाधारणत्वेन देशत्वानपायात्, न खलु गुडादावपि समुदयनिष्पन्नद्रवत्वविशेषादिरूपाऽभावेऽप्युभयदशासाधारणविवेच्याऽविवेच्य-भाववर्जितस्वादविशेषभाव मात्रान्मदिरादिदेशत्वं व्याहन्यते ।

**(ભગવતી સૂત્રોક્ત દેશારાધકતાનું રહસ્ય)**

**સમાધાન :-** શંકાનો ઉત્તર એ છે કે શ્રુતજ્ઞાનરહિત શીલવાનને દેશ-આરાધક બતાવનાર **ભગવતીસૂત્ર** 'બાહ્ય તપશ્ચર્યાદિ અનુષ્ઠાનના પાલન' અર્થાત્ 'દ્રવ્ય આરાધના'ને ઉદ્દેશીને કહેવાયેલું છે એમ સમજવું. રત્નત્રય સમુદાયના અંગભૂત ગુરુપરતંત્રતા ઉભય સાધારણ નથી. અર્થાત્ ભાવ ચારિત્રીમાં છે પણ દ્રવ્ય ચારિત્રીમાં નથી એટલે ગુરુપરતંત્રતાસ્વરૂપ જ્ઞાનને આશ્રયીને અશ્રુતવાન શીલવાનમાં દેશ આરાધકત્વ ભલે ન ઘટે, પણ બાહ્યક્રિયારૂપ અનુષ્ઠાન બન્નેમાં સાધારણ હોવાથી દેશ-આરાધકતા ઘટી શકશે. ગોળ વગેરેમાં મદિરાની જેમ સમુદાયભાવનિષ્પન્ન પ્રવાહીપણું વગેરે ન હોવા છતાં પણ મદિરા અને ગોળ એ બન્નેમાં સામાન્યભાવ એવો સ્વાદવિશેષ હોવાથી અલગ ગોળમાં પણ મદિરાનું દેશપણું હણાતું નથી, ફરક માત્ર એટલો છે કે મદિરાની સરખામણીમાં 'આ સ્વાદ આવા પ્રકારનો (મદીરા જેવો) છે અથવા આવા પ્રકારનો નથી' એમ ગોળના સ્વાદ માટે કશું કહી શકાતું નથી અર્થાત્ ગોળનો તે સ્વાદ વિવિચ્ય-અવિવેચ્યભાવથી વર્જિત હોય છે.

यदि च समुदायपृथग्भूते देशव्यवहारो नास्त्येवेत्यभिमानस्तदाऽस्तु त्रिषु मध्ये द्रव्यत एकपालनं पारिभाषिकमेव देशाराधकत्वम् । न चैवं श्रुतमात्रसम्पन्नेऽपि देशाराधकत्वप्रसङ्गः, तत्र प्राप्तदेशापालनतदप्राप्तान्यतररूपदेशविराधकत्वस्यैव परिभाषणात्, स्वतन्त्रपरिभाषाया अपर्यनुयोज्य-त्वात् । तदाह **भगवतीवृत्तिकारः**-"देसविराहए"त्ति देशं=स्तोकमंशं ज्ञानदर्शनचारित्ररूपस्य मोक्षमार्गस्य तृतीयभागरूपं चारित्रं विराधयतीत्यर्थः, प्राप्तस्य तस्यापालनादप्राप्तेर्वेति । न चैवं श्रुतवतो द्रव्यचारित्रप्राप्तौ सर्वाराधकत्वप्रसङ्गः, तद्वतो भावचारित्रस्यैव प्राप्तेः, श्रुतशब्देन तात्त्विकज्ञान-दर्शनयोरेव ग्रहणात् । इदमपि व्यवहारनयमतेन, एतन्नये भग्नचारित्रस्यापि कस्यचित्पश्चात्तापादि-

लिङ्गकश्रुतपरिणामाऽभङ्गाभ्युपगमात् । निश्चयनयमते तु चरणभङ्गे श्रुतभङ्गोऽप्यावश्यकः, श्रुतफलस्य विरमणादेरभावे श्रुतस्य सत्त्वेऽप्यसत्कल्पत्वात् । तदिदमुक्तमागमे-[११ पंचा.]

[२८]णिच्छयणयस्स चरणस्सुवघाए नाणदंसणवहोवि ।
ववहारस्स उ चरणे हयम्मि भयणा उ सेसाणं ॥ ४५ ॥ त्ति

भजनां पुनरत्रेत्थं विवेचयन्ति वृद्धाः-[११ पंचाशके ४६-४७॥]
[२९]एवं च अभिणिवेसा चरणविघाए न नाणमाइआ । तप्पडिसिद्धासेवणमोहासद्दहणभावेहिं ॥
अणभिणिवेसाओ पुण विवज्जया होंति तव्विघाए वि ।
तक्कज्जुवलंभाओ पच्छायावाइभावेण इति ॥

**(દેશ આરાધકપણાની સ્વતંત્ર પરિભાષા)**

વસ્તુસ્થિતિ આ પ્રમાણે હોવા છતાં પણ 'સમુદાયથી અલગ રહેલી વસ્તુમાં દેશપણાનો વ્યવહાર ન જ કરી શકાય' તેવો જ આગ્રહ હોય તો દેશ-આરાધકપણાની બીજી પણ આ એક પરિભાષા છે-'ત્રણમાંથી એકનું દ્રવ્યથી પાલન કરવું.'

**શંકા :-** આ પરિભાષા પ્રમાણે તો જે શ્રુતમાત્રસંપન્ન છે તે પણ રત્નત્રયમાંથી એક શ્રુતજ્ઞાનનો ધારક હોવાથી તેમાં દેશ-આરાધકપણાની અતિવ્યાપ્તિ થશે.

**ઉત્તર :-** પ્રસ્તુત શ્રુતજ્ઞાનીનો સમાવેશ એક અન્ય પરિભાષાથી દેશ-વિરાધકમાં કર્યો હોવાથી તેમાં દેશ-આરાધકપણાનો અતિપ્રસંગ નહિ થાય, દેશવિરાધકની પરિભાષા આ પ્રમાણે છે-'સ્વીકારેલા અર્થાત્ પ્રતિજ્ઞાત વ્રત-નિયમ અનુષ્ઠાનનું પાલન ન કરવું અથવા તે વ્રતાદિ અનુષ્ઠાનનો સ્વીકાર (=પ્રતિજ્ઞા) જ ન કરવો.' આ જાતની સ્વતંત્ર પરિભાષા સૂત્રકારની પોતાની જ હોવાથી 'તે આમ જ કેમ ?' એવા પ્રશ્નને અવકાશ નથી. **ભગવતીસૂત્રના** વૃત્તિકાર શ્રીમદ્ અભયદેવસૂરિ મહારાજે 'દેશ વિરાહએ' એ સૂત્રઅંશની વ્યાખ્યામાં કહ્યું છે કે દેશ એટલે થોડો અંશ (પ્રસ્તુતમાં) જ્ઞાન, દર્શન, ચારિત્રાત્મક મોક્ષમાર્ગના ત્રીજા ભાગરૂપ ચારિત્ર, એની વિરાધના કરનાર તે દેશવિરાધક એટલે કે વ્રતાદિ સ્વીકાર્યા પછી પ્રમાદથી એનું પાલન જ ન કરે અથવા શક્તિના અભાવે સ્વીકાર જ ન કરે.

**(દ્રવ્યચારિત્રીમાં સર્વારાધકતા માન્ય ખરી ?)**

**શંકા :-** જો આ જાતની પારિભાષિક દેશઆરાધકતા માનીએ તો જે શ્રુતજ્ઞાનવાન છે અને દ્રવ્યથી ચારિત્રનું પાલન પણ કરે છે તેમાં સર્વ-આરાધકપણાનો અતિપ્રસંગ થશે.

**ઉત્તર :-** શ્રુતજ્ઞાની હોય અને દ્રવ્યથી ચારિત્રી હોય એ પરસ્પર વિરુદ્ધ છે કારણ કે

---

२८ निश्चयनयस्य चरणस्योपघाते ज्ञानदर्शनवधोऽपि । व्यवहारस्य तु चरणे हते भजना तु शेषाणाम् इति ॥

२९ एवं चाभिनिवेशात् चरणविघाते न ज्ञानादयः । तत्प्रतिषिद्धाऽऽसेवनमोहाऽश्रद्धानभावैः ॥
अनभिनिवेशात्पुनर्विपर्ययात् भवति तद्विघातेऽपि । तत्कार्योपलम्भात्पश्चात्तापादिभावेन ॥

શ્રુતજ્ઞાનીનું ચારિત્ર જ્ઞાનગર્ભિત હોવાથી ભાવચારિત્ર જ હોય, શ્રુત શબ્દનો અર્થ જ 'તાત્ત્વિક જ્ઞાન અને તાત્ત્વિક દર્શન' અહીં વિવક્ષિત છે. આ કથનનું તાત્પર્ય એ છે કે ચારિત્રનું પાલન કરનાર સમ્યગ્ દૃષ્ટિ અને સમ્યગ્ જ્ઞાની હોય તો તેનું ચારિત્ર સમ્યક્ચારિત્રરૂપ હોવાથી ભાવચારિત્ર પ્રાપ્ત થાય છે, પરંતુ જે શ્રુતજ્ઞાની છે પણ શીલવાન નથી તેને વ્યવહારનયથી દેશ-વિરાધક કહેવામાં આવે છે. આ નયની દૃષ્ટિમાં કોઈક જીવ ચારિત્રથી પતિત થવા છતાં પણ જો તેને તેનો પશ્ચાત્તાપભાવ હોય તો તેનો શ્રુતજ્ઞાનનો પરિણામ સલામત રહે છે, જ્યારે નિશ્ચયનયના મતે ચારિત્રનો ભંગ થયા પછી તે શ્રુતજ્ઞાનના પરિણામનો ભંગ પણ અવશ્ય થાય છે કારણ કે શ્રુતજ્ઞાનનું ફળ પાપવિરામ છે, ફળ ન આપે એવું શ્રુતજ્ઞાન, હોય તો પણ વાંઝિયા આંબા જેવું નિરર્થક છે. આગમમાં પણ કહ્યું છે કે-

'નિશ્ચયનયના અભિપ્રાયથી ચારિત્રનો ઉપઘાત થયા પછી જ્ઞાન અને દર્શનનો પણ વિઘાત થાય છે, વ્યવહારનયના મતે ચારિત્રનો વિઘાત થવા છતાં પણ જ્ઞાન-દર્શનનો વિઘાત થવામાં ભજનાને અવકાશ રહે છે.'

ભજના એટલે વિકલ્પ. પૂર્વાચાર્યોએ આ વિકલ્પનું વિવરણ નીચે મુજબ કર્યું છે- ચારિત્રનો વિઘાત જો અભિનિવેશથી થયો હોય તો જ્ઞાન અને દર્શનનો વિઘાત અવશ્ય થાય છે. કારણ કે નિષિદ્ધનું આચરણ ચારિત્રવિરોધી છે, પ્રતિષિદ્ધનો મોહ એટલે કે અજ્ઞાન જ્ઞાનવિરોધી છે અને પ્રતિષેધમાં અશ્રદ્ધા દર્શનવિરોધી છે, આ ત્રણેય અભિનિવેશવાળામાં હોય છે, તેનાથી વિપરીત, અનભિનિવેશથી ચારિત્રનો ભંગ થયો હોય તો જ્ઞાન-દર્શનનો ભંગ નથી પણ થતો, કારણ કે ચારિત્રનો ઘાત થવા છતાં પણ જ્ઞાનાદિના કાર્યરૂપ પશ્ચાત્તાપ આદિ ભાવનો ઉપલંભ થાય છે.

न चात्र प्रस्तावादुभयोरेकरूपेणैव ग्रहणं युक्तं, अर्थापत्त्या द्रव्यशीलस्यैव ग्रहणौचित्यादिति दिक् । द्रव्यपदार्थं विवेचयितुमाह-**स** द्रव्याराधनाघटकः पुनः द्रव्यपदार्थः **द्विविधो**=द्विप्रकारः **इह**=जगति सूत्रनीत्या ज्ञातव्यः ॥ १६ ॥

**શંકા** :- સર્વઆરાધકની પરિભાષામાં દ્રવ્ય અને ભાવ ઉભય ચારિત્રનું ગ્રહણ હોવાથી દેશ આરાધકની પરિભાષાના પ્રસંગમાં પણ 'શીલ' શબ્દથી સામાન્યચારિત્ર રૂપે તે બન્નેનું ગ્રહણ કરવું જોઈએ. શંકાકારને સ્વાધીનવિહારીમાં ભાવ ચારિત્રનો નિષેધ ઇષ્ટ ન હોવાથી આ પ્રકારની શંકા કરેલી છે.

**ઉત્તર** :- અર્થાપત્તિથી અત્રે દ્રવ્યચારિત્રનું ગ્રહણ કરવામાં જ ઔચિત્ય છે. જ્ઞાનપૂર્વકનું ચારિત્ર તે જ ભાવચારિત્ર છે. દેશ-આરાધકમાં 'જ્ઞાનપૂર્વકતા' રૂપ વિશેષણ ન હોવાથી તેનું ચારિત્ર ભાવચારિત્રરૂપ ન હોઈ શકે એટલે કે દ્રવ્યચારિત્ર હોઈ શકે. મૂળ શ્લોકના ઉત્તરાર્ધમાં જણાવ્યા પ્રમાણે દ્રવ્યઆરાધનામાં પ્રયુક્ત 'દ્રવ્ય' શબ્દનો અર્થ બે પ્રકારે કહ્યો છે તે સૂત્ર નીતિથી એટલે કે સૂત્ર પરિશીલનથી જાણવા યોગ્ય છે. ॥ ૧૬ ॥

## ઉપદેશ ૯ - અપ્રધાન દ્રવ્યાજ્ઞાપાલન મોક્ષાંગ નથી

द्वैविध्यमेव दर्शयति-

'દ્રવ્ય' શબ્દના બે અર્થ છે-

**एगो अप्पाहन्ने अण्णो पुण होइ भावजोग्गत्ते ।**
**पढमो गंठिगयाणं बितिओऽपुणबंधगाइणं ॥ १७ ॥**

**શ્લોકાર્થ :-** એક અર્થ અપ્રાધાન્ય છે અને બીજો અર્થ ભાવ પ્રતિ યોગ્યતા. પ્રથમ અર્થ ગ્રંથિસ્થાને રહેલા જીવોને લગતો છે અને બીજો અપુનર્બંધક આદિને છે. ॥ ૧૭ ॥

एको द्रव्यपदार्थः अप्राधान्ये=मुख्यपदार्थाभावलक्षणे वर्त्तते, अप्राधान्यमात्रस्यापेक्षिकत्वेनाऽव्यवस्थिततत्वात्, यथा आचार्यलक्षणाभाववत्तयाऽङ्गारमर्दको द्रव्याचार्य इति व्यपदिश्यते । तदाह- [६ पंचाशके १३-उपदेशपदे २५४]

[30]अप्पाहन्ने वि इहं कत्थइ दिट्ठो उ दव्वसद्दोत्ति ।
अंगारमद्दगो जह दव्वायरिओ सयाऽभव्वो ॥ त्ति

**(દ્રવ્ય શબ્દનો પ્રથમ અર્થ અપ્રાધાન્ય)**

**તાત્પર્યાર્થ :-** દ્રવ્ય પદનો પ્રથમ અર્થ અપ્રાધાન્ય એટલે કે મુખ્ય પદાર્થનો અભાવ. જો કે અપ્રાધાન્યનો શબ્દાર્થ પ્રધાનપણાનો અભાવ એવો થાય, પરંતુ તે અર્થ નહિ લેતાં મુખ્ય પદાર્થનો અભાવ એ અર્થ લેવાનું કારણ એ છે કે માત્ર પ્રધાનપણાનો અભાવ વક્તાની ઈચ્છાને સાપેક્ષ હોવાથી અવ્યવસ્થિત એટલે કે અનિશ્ચિત સ્વરૂપવાળો છે. દા.ત. અંગારમર્દક નામના અભવ્ય જૈનાચાર્યને શાસ્ત્રમાં દ્રવ્યાચાર્ય કહ્યા છે-તેનું કારણ એ નથી કે તેમના કાળમાં તેમનાથી ચઢિયાતા અધિક તેજસ્વી બીજા કોઈ આચાર્ય વિદ્યમાન હતા, પરંતુ તેમનામાં આચાર્યપણાનાં કોઈ લક્ષણ જ ન હતાં, પંચાશકમાં કહ્યું છે કે-

"શાસ્ત્રમાં ક્યાંક દ્રવ્ય શબ્દ અપ્રાધાન્ય અર્થમાં પણ પ્રયુક્ત થયેલો છે. દા.ત. સદા અભવ્ય અંગારમર્દકને દ્રવ્યાચાર્ય કહ્યા છે."

अन्यः पुनर्भवति **भावयोग्यत्वे**=फलजननयोग्यत्वे, यथा मृत्पिण्डो घटजननयोग्यः सन् द्रव्यघट इति व्यपदिश्यते, सुश्रावकश्च साधुगुणप्रतिपत्तियोग्यो द्रव्यसाधुरिति, साधुश्च देवभावप्रतिपत्तियोग्यो द्रव्यदेव इति । तदाह-[६-पंचाशके]

[31]मिउपिंडो दव्वघडो सुसावगो तह य दव्वसाहुत्ति ।
साहू अ दव्वदेवो एमाइ सुए जओ भणिअं ॥ ११ ॥ इति ।

---

३० अप्राधान्येऽपीह कुत्रचिद् दृष्टस्तु द्रव्यशब्द इति । अङ्गारमर्दको यथा द्रव्याचार्यः सदाऽभव्य इति ॥
३१ मृत्पिण्डो द्रव्यघटः सुश्रावकस्तथा च द्रव्यसाधुरिति । साधुश्च द्रव्यदेव एवमादि श्रुते यतो भणितम् ॥

## (દ્રવ્ય શબ્દનો દ્વિતીય અર્થ ભાવસાધકતા)

દ્રવ્ય શબ્દનો બીજો અર્થ 'ફળને ઉત્પન્ન કરવાની યોગ્યતા' છે, જેને ન્યાયમતમાં સ્વરૂપ-યોગ્યતા કહેવામાં આવે છે. સ્વરૂપયોગ્યતા એટલે કે कारणतावच्छेदकधर्मवत्त्व, દા.ત. માટીનો પિંડ ઘટરૂપ કાર્યને ઉત્પન્ન કરવાની યોગ્યતા ધરાવે છે એટલે કે ઘટમાં રહેલી કાર્યતાની સાપેક્ષ માટીપિંડમાં રહેલી કારણતાનો અવચ્છેદક એટલે કે નિયંત્રક મૃત્પિંડત્વ ધર્મ છે. કારણતા અવચ્છેદક ધર્મ મૃત્પિંડત્વ છે અને તદ્વાન મૃત્પિંડ છે માટે મૃત્પિંડને ઘટ પ્રતિ સ્વરૂપયોગ્ય કહેવાય. જૈન પરિભાષામાં દ્રવ્ય શબ્દનો પ્રયોગ આ અર્થમાં થતો હોવાથી મૃત્પિંડને દ્રવ્યઘટ કહેવાય છે. તે જ રીતે સાધુના ગુણોને સ્વીકારવાની યોગ્યતા ધરાવનાર ગૃહસ્થ સુશ્રાવકને દ્રવ્યસાધુ કહેવામાં આવે છે, અને દેવપણે ઉત્પન્ન થવાની યોગ્યતા ધરાવનાર સાધુને દ્રવ્યદેવ કહેવામાં આવે છે. **પંચાશક** નામના શાસ્ત્રમાં કહ્યું છે કે

"માટીનો પિંડ એ દ્રવ્ય ઘટ છે, સુશ્રાવક એ દ્રવ્ય સાધુ છે અને સાધુ તે દ્રવ્યદેવ છે, એ પ્રમાણે શ્રુતમાં કહ્યું છે".

एतच्च योग्यत्वमेकभविकबद्धायुष्काभिमुखनामगोत्रलक्षणं नयभेदतो विचित्रं द्रष्टव्यम् । तथाहि-नैगमसंग्रहव्यवहारा एव त्रिविधं योग्यत्वमिच्छन्ति, स्थूलदृष्टित्वात् । दृश्यते हि स्थूलदृशां कारणे कार्योपचारं कृत्वा इत्थं व्यपदेशप्रवृत्तिः, यथा राज्यार्हकुमारे राजशब्दस्य घृतप्रक्षेपयोग्ये च घटे घृतघटशब्दस्येति । ऋजुसूत्रस्तु द्विविधमेवेच्छति बद्धायुष्कमभिमुखनामगोत्रं च, पूर्वनयेभ्यो विशुद्धत्वादाद्यस्यातिव्यवहितत्वेनातिप्रसक्तत्वात् । शब्दादयस्तु त्रयो विशुद्धतरत्वाद् द्वितीयमप्यतिव्यवहितं न मन्यन्ते, अतिप्रसङ्गभयादेकमेव चरमभेदमिच्छन्तीति ।

## (યોગ્યતાના ત્રણ પ્રકાર)

સાધુમાં જે દેવપણાની યોગ્યતા કહી છે તે જુદા જુદા નયથી ભિન્ન ભિન્ન ત્રણ પ્રકારની કહી છે. ૧. એકભવિકતા ૨. બદ્ધાયુષ્કતા અને ૩. અભિમુખનામગોત્રભાવ. (૧) એકભવિકતા એટલે જેણે વર્તમાન ભવમાં દેવગતિનું આયુષ્ય બાંધ્યું ન હોય પરંતુ અનંતરભવમાં દેવગતિમાં જવાની યોગ્યતા ધરાવે તે એકભવિક દ્રવ્યદેવ કહેવાય. (૨) જેણે દેવગતિના આયુષ્યનો વર્તમાન ભવમાં બંધ કરી દીધો છે તે બદ્ધાયુષ્ક દ્રવ્યદેવ કહેવાય. (૩) દેવ આયુષ્યનો બંધ કર્યા પછી વર્તમાન ભવના છેલ્લા અંતર્મુહૂર્તમાં દેવગતિમાં ઉદયમાં આવનારી નામકર્મની પ્રકૃતિઓ અને ગોત્રકર્મ ફલાભિમુખ બન્યા હોય તેવો જીવ અભિમુખનામગોત્ર દ્રવ્યદેવ કહેવાય. ભિન્ન ભિન્ન નયોની અપેક્ષાએ દેવભવની યોગ્યતા ઉપરોક્ત રીતે ભિન્ન ભિન્ન છે. નૈગમ, સંગ્રહ અને વ્યવહાર નયને ત્રણે પ્રકારની યોગ્યતા સ્વીકાર્ય છે કારણ કે આ ત્રણ નયની દૃષ્ટિ સ્થૂળ છે. સ્થૂળદૃષ્ટિવાળા પુરુષો કારણમાં કાર્યનો

ઉપચાર કરીને પૂર્વોક્ત ત્રણેય રીતે વ્યવહાર કરતા દેખાય છે. દા.ત. ભવિષ્યમાં રાજા બનવાને યોગ્ય રાજકુમારને રાજા શબ્દથી સંબોધન કરવામાં આવે છે, અને ઘી ભરી શકાય એવા ઘડામાં આ ઘીનો ઘડો છે એવો શબ્દપ્રયોગ કરવામાં આવે છે. ઋજુસૂત્રનયવાદીને દ્વિતીય અને તૃતીય પ્રકારની યોગ્યતા જ સ્વીકાર્ય છે. નૈગમ આદિ ત્રણ નયથી પણ વધુ વધુ વિશુદ્ધ વસ્તુને ગ્રહણ કરવાનો સ્વભાવ આ નયનો હોવાથી એકભવિકતા રૂપ યોગ્યતા તેને માન્ય નથી, કારણ કે દેવભવથી અતિશય દૂર કાળમાં જો યોગ્યતા માનવામાં આવે તો તેની પૂર્વના બીજા ત્રીજા ભવોમાં પણ માનવી પડે. શબ્દાદિ ત્રણ નય ઋજુસૂત્ર નય કરતાં પણ વધુ વિશુદ્ધ વસ્તુને સ્પર્શતા હોવાથી તૃતીય પ્રકારની યોગ્યતા જ સ્વીકારે છે, કારણ કે તેની દૃષ્ટિમાં આયુષ્ય બંધ અને દેવભવ વચ્ચેનું અંતર બહુ લાંબુ છે. એટલે પૂર્વોક્ત રીતે જ અતિપ્રસંગનો ભય હોવાથી અત્યંત નિકટ રહેલી ચરણઅંતર્મુહૂર્તકાલીન યોગ્યતા જ તેને સ્વીકાર્ય છે.

तदिदमुक्तमुपदेशपदे—[३२]अन्नो पुण जोगत्ते चित्ते णयभेदओ मुणेअव्वो । (२५५) त्ति

द्वयोर्द्रव्याराधनयोः स्वामिविभागमुपदर्शयति-प्रथमोऽप्राधान्यवृत्तिः द्रव्यपदार्थः ग्रन्थिरिव ग्रन्थिर्घनरागद्वेषपरिणामः, तदाह भाष्यकारः- [वि. आ. भाष्ये]

[३३]गंठित्ति सुदुब्भेओ कक्खड-घण-रूढ-गूढगंठिव्व ।
जीवस्स कम्मजणिओ घणरागद्दोसपरिणामो ॥ ११९५ ॥ त्ति

**तं गताः**=तं प्राप्तास्तेषाम्, अतिव्यवहितकालवर्त्तित्वेन तेषां भावाराधनजननोचितपर्यायरूप-योग्यताया अभावात् । द्वितीयो योग्यत्ववृत्तिर्द्रव्यपदार्थः पुनरपुनर्बन्धकादीनाम्, तेषामासन्नसिद्धिकत्वेन भावाज्ञाजननपरिणतिरूपयोग्यताया अव्याहतत्वात् ॥ १७ ॥

ઉપદેશપદમાં કહ્યું છે કે—"દ્રવ્ય શબ્દનો બીજો અર્થ યોગ્યતા છે જે જુદા જુદા નયોના અભિપ્રાયથી ભિન્ન ભિન્ન જાણવી."

### (ગ્રન્થિદેશવર્ત્તી જીવોને અપ્રધાન આરાધના)

મૂળ શ્લોકના ઉત્તરાર્ધમાં બે પ્રકારના અર્થવાળી દ્રવ્ય આરાધનાનો કર્ત્તાવિભાગ દર્શાવ્યો છે તે આ પ્રમાણે છે—પ્રથમ અપ્રાધાન્ય રૂપ દ્રવ્યઆરાધના ગ્રંથિગત જીવોને આશ્રયીને હોય છે. ગ્રંથિ એટલે સઘન રાગદ્વેષનો પરિણામ. શ્રી **જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે વિશેષાવશ્યક ભાષ્યમાં** કહ્યું છે કે-"ગ્રંથિ એટલે અત્યંત દુર્ભેદ્ય, કર્કશ, ઘન, રૂઢ અને ગૂઢ ગાંઠની જેમ જીવનો કર્મજનિત સઘન રાગદ્વેષનો પરિણામ છે." આવા ઘન રાગ-દ્વેષ

---

३२ अन्यः पुनर्योग्यत्वे चित्रे नयभेदतो ज्ञातव्य ॥ इति

३३ ग्रन्थिरिति सुदुर्भेदः कर्कश-घन-रूढ-गूढ-ग्रन्थिवत् । जीवस्य कर्मजनितो घनरागद्वेषपरिणाम ॥ इति

પરિણામને પ્રાપ્ત થયેલા જીવો ભાવ આરાધનાથી અત્યંત દૂરકાલવર્તી હોવાથી તેઓમાં ભાવ આરાધનાનો દીપ પ્રગટ કરનાર અનુકૂળ પર્યાયરૂપ તેલનો એટલે કે યોગ્યતાનો અભાવ છે. બીજો દ્રવ્ય પદાર્થ યોગ્યતા છે. યોગ્યતાવિશિષ્ટ દ્રવ્ય આરાધનાના સ્વામી અપુનર્બંધક આદિ છે. કારણ કે તેઓ નિકટમાં મુક્તિગામી હોવાથી તેઓમાં પારમાર્થિક આજ્ઞાપાલન ઉત્પન્ન કરનાર પરિણામ રૂપ યોગ્યતા અબાધિત છે.

अथ के ते ग्रन्थिगताः ? कथं च तेषां द्रव्याराधनसम्भवः ? इत्याह-

ગ્રંથિનું નિરૂપણ કર્યા બાદ હવે કયા જીવો ગ્રંથિગત કહેવાય છે અને તેમને અપ્રધાન દ્રવ્ય આરાધનનો સંભવ કઈ રીતે છે તેનું નિરૂપણ આ પ્રમાણે છે-

**गंठिगया सइबंधग मग्गाभिमुहा य मग्गपडिआ य ।**
**तह अभविआ य तेसिं पूआदथ्थेण दव्वाणा ॥ १८ ॥**

**શ્લોકાર્થ :-** 'સકૃત્ બંધક, માર્ગઅભિમુખ, માર્ગપતિત અને પૂજાદિના અર્થી કેટલાક અભવ્ય જીવો ગ્રંથિ દેશે આવેલા હોય છે, તેઓને દ્રવ્યથી આજ્ઞાનું પાલન હોય છે.' ॥૧૮॥

**ग्रन्थिगताश्चात्रेमेऽधिकृताः**, अपुनर्बन्धकस्य पृथग्निर्दिष्टत्वेन **गोबलीवर्दन्यायेन** तदतिरिक्तत्वलाभात्, [1]**सकृद्बन्धका** ये नाम यथाप्रवृत्तकरणेन ग्रन्थिप्रदेशमागता अप्यभिन्नग्रन्थयः सकृदेवोत्कृष्टां सागरोपमकोटाकोटीसप्ततिलक्षणां स्थितिं भन्त्स्यन्ति, [2]**मार्गाभिमुखाश्च** क्षयोपशमविशेषमार्गरूपनगरनिकटस्थाः, [3]**मार्गपतिताश्चा**व्यवधानतो बहिर्भूताः, तथेति समुच्चये, च पुनरर्थे, [4]**अभव्याः** कदापि मुक्तिगमनाऽयोग्याः, तेषां पूजाद्यर्थं तीर्थङ्करादिपूजादर्शनात्तत्प्राप्त्याद्यर्थम् द्रव्याज्ञा= द्रव्यचारित्रग्रहणरूपा भवति । तथा चोक्तं परमपूज्यैः-[वि. आ. भा.-१२१६]

[34]तित्थंकराइपूअं दट्ठूणण्णेण वावि कज्जेण । सुअसामाइअलाभो होज्ज अभव्वस्स गंठिम्मित्ति ॥ १८ ॥

## (સકૃદ્બન્ધક વગેરે જીવોનાં લક્ષણો)

**તાત્પર્યાર્થ :-** ગ્રંથિદેશે આવેલા જીવો પ્રસ્તુત અપ્રધાન દ્રવ્ય આરાધનામાં ઉલ્લેખિત કરવામાં આવ્યા છે. જો કે ગ્રંથિગત જીવોમાં તો અપુનર્બંધક જીવોનો પણ સમાવેશ થઈ જાય છે પરંતુ ૧૭મા શ્લોકમાં પ્રધાન દ્રવ્ય આરાધનાના સત્તાધીશ રૂપે તેઓનો અલગ નિર્દેશ કરેલો હોવાથી 'ગોબલીવર્દ' ન્યાયે અપુનર્બંધક સિવાયના ગ્રંથિગત જીવોનું ગ્રહણ પ્રાપ્ત થાય છે. गोबलिवर्द ન્યાયનું તાત્પર્ય એ છે કે ગોજાતીય વિષે કોઈક સામાન્ય નિર્દેશ કરાયા બાદ બળદ માટે અલગ નિર્દેશ કરવામાં આવે ત્યારે પ્રથમ સામાન્ય નિર્દેશ બળદ ભિન્ન માદા ગાયને લાગુ પડે. તે રીતે અત્રે સમજવું.

---

३४ तीर्थङ्करादिपूजां दृष्ट्वाऽन्येन वापि कार्येण । श्रुतसामायिकलाभो भवेदभव्यस्य ग्रन्थाविति ॥

(૧) સકૃત્બંધક એટલે જે જીવો યથાપ્રવૃત્તકરણ નામના પરિણામ વિશેષથી ગ્રંથિ પ્રદેશે આવેલા છે પરંતુ ગ્રંથિભેદ કર્યો નથી અને તે કરવા પહેલાં માત્ર એકવાર સંક્લેશને આધીન થઈને ઉત્કૃષ્ટ ૭૦ કોડાકોડી સાગરોપમ મોહનીય કર્મનો સ્થિતિબંધ કરશે.

(૨) માર્ગાભિમુખ એટલે, મોહનીય કર્મના વિશિષ્ટ પ્રકારના ક્ષયોપશમરૂપ જે માર્ગ તે માર્ગરૂપી નગરની નજીક આવી પહોંચેલા જીવો.

(૩) માર્ગપતિત એટલે ઉપરોક્ત માર્ગરૂપ નગરની સીમા ઉપર આવી પહોંચેલા જીવો કે જેઓએ હજુ માર્ગમાં પ્રવેશ કર્યો નથી પરંતુ બહાર જ છે.

(૪) અભવ્ય એટલે મોક્ષમાં જવાને અયોગ્ય જીવો. કેટલાક અભવ્ય જીવો તીર્થંકર આદિની સુરાસુરનરેન્દ્રકૃત પૂજાને જોઈને જાતે પણ તે રીતે પૂજાવા માટે દ્રવ્યથી આજ્ઞાનું પાલન કરે છે. અર્થાત્ બાહ્ય રીતે ચારિત્રના વેષ વગેરેને સ્વીકારી ભાવશૂન્યપણે તેનું પાલન કરે છે. પરમપૂજ્ય શ્રી જિનભદ્રગણિક્ષમાશ્રમણે કહ્યું છે કે-

"તીર્થંકર આદિની પૂજાને જોઈને અથવા અન્ય કોઈ પ્રયોજનથી ગ્રંથિદેશે આવેલા અભવ્ય જીવને શ્રુત સામાયિકનો લાભ થાય છે."

ઉપરોક્ત ચારેય પ્રકારના જીવોને અપ્રધાન દ્રવ્ય આરાધનાનો સંભવ છે. ॥ ૧૮ ॥

द्रव्याज्ञाया लिङ्गान्याह-

દ્રવ્યથી આજ્ઞાપાલનનાં ચિહ્નો આ પ્રમાણે છે-

***लिंगाइं होंति तीसे ण तदत्थालोअणं न गुणरागो ।**
**नापत्तपुव्वहरिसो विहिभंगे णो भवभयं च ॥ १९ ॥**

**શ્લોકાર્થ :-** ૧. આજ્ઞાના અર્થની વિચારણાનો અભાવ. ૨. ગુણાનુરાગનો અભાવ. ૩. અપ્રાપ્તપૂર્વતાના હર્ષનો અભાવ અને ૪. વિધિના ભંગમાં ભવભ્રમણના ભયનો અભાવ. દ્રવ્યથી આજ્ઞાપાલનનાં આ ચાર ચિહ્નો છે ! ॥ ૧૯ ॥

**लिङ्गानि**=व्याप्यानि **भवन्ति तस्या** द्रव्याज्ञायाः, [१]**न तदर्थालोचनम्**=आज्ञाविधायक-सामायिकादिसूत्रार्थपर्यालोचनाभावः, तथा, [२]**न**=नैव, **गुणरागः**=सामायिकाद्युपदेशके भगवति सामायिकादिसूत्रे सामायिकाद्यर्थे च यथास्थितपरमहितोपदेशकत्वान्यसमयविलक्षण-सुनिश्चितप्रामाण्यकत्वापवर्गैकफलकृत्वादिगुणबहुमानलक्षणः, तथा, [३]**न अप्राप्तपूर्वहर्षः**=विस्मयान्राऽपूर्वप्राप्तविलक्षणप्रमोदः, 'न खल्वनादिभवे पर्यटता मया कदापीदं दरिद्रेण महानिधान-मिव पारमेश्वरमनुष्ठानं प्राप्तम्, इदानीं च तदुपलम्भात् कृतार्थोऽस्मी'त्यादिप्रशंसाद्यभिव्यङ्ग्यः, तथा, [४]**विधिभङ्गे**=प्रमादतो विधिपरित्यागे, **न भवभयं** च=संसारत्रासश्चेति ॥१९॥

* तृतीयपंचाशकनवमोपदेशपद २५७ श्लोकाभ्यां सह अयं श्लोकः समानार्थोऽनुसंधातव्यः ।

**(દ્રવ્યાજ્ઞાપાલન જણાવતાં ચાર લિંગો)**

**તાત્પર્યાર્થ :-** દ્રવ્યાજ્ઞાને જો વ્યાપક કહીએ તો ઉપરોક્ત ચાર તેના લિંગ એટલે કે વ્યાપ્ય છે. (A) તેમાં પ્રથમ છે અર્થનું અનાલોચન, એટલે કે આજ્ઞા પ્રતિપાદક જે સામાયિક વગેરે સૂત્રો છે તેના અર્થ ઉપર વિચાર કરવાની તૈયારી જ ન હોવી. (B) ગુણાનુરાગ એટલે (૧) સામાયિક આદિના ઉપદેશક ભગવાનમાં 'વાસ્તવિક અને શ્રેષ્ઠ હિતના ઉપદેશક છે' તે પ્રકારનું બહુમાન, (૨) સામાયિક આદિ સૂત્રમાં 'અન્ય વૈદિક આગમ વગેરેથી વિલક્ષણતા એટલે કે, વૈદિક આગમમાં પ્રામાણ્યનો અભાવ છે જ્યારે જૈન સૂત્રમાં પ્રશસ્તનિશ્ચયવિષયભૂત પ્રામાણ્ય છે, એ પ્રકારનું બહુમાન અને (૩) સામાયિક આદિ સૂત્રના અર્થમાં 'મોક્ષફળને આપનાર છે' એ પ્રકારનું બહુમાન હોવું જોઈએ. પરંતુ અપ્રધાન દ્રવ્યઆરાધનામાં તેવા પ્રકારનું બહુમાન હોતું નથી. (C) તથા 'અનાદિ ભવપરંપરામાં ભટકી રહેલા દરિદ્ર એવા મારા જીવને મહાનિધાન તુલ્ય પરમેશ્વર ઉપદિષ્ટ અનુષ્ઠાન આરાધવાનું સદ્ભાગ્ય પૂર્વે ક્યારેય પ્રાપ્ત થયું નથી તે વર્તમાનમાં પ્રાપ્ત થવાથી ખરેખર હું કૃતાર્થ બન્યો' ! એ પ્રકારની પ્રશંસા આદિથી અભિવ્યંગ્ય આશ્ચર્ય-ગર્ભિત અપ્રાપ્તપૂર્વતાનો આનંદ હોવો જોઈએ તે હોતો નથી. (D) આળસથી વિધિનું પાલન ન થાય ત્યારે અથવા વિધિનું ઉલ્લંઘન થાય ત્યારે 'અરેરે ! આનાથી તો મારો સંસાર ઘટવાને બદલે વધશે' એ પ્રકારનો ત્રાસ કે ભય હોવો જોઈએ પરંતુ અપ્રધાન દ્રવ્યાજ્ઞાના આરાધકમાં તે હોતો નથી. ॥ ૧૯ ॥

तदर्थानालोचनादिषु द्रव्याज्ञालिङ्गेष्वन्तर्वृत्त्यापि सोपपत्तिकं द्रव्यपदप्रवृत्तिमुपदर्शयन्नाह-

અર્થનું અનાલોચન વગેરે દ્રવ્યઆજ્ઞાના બાહ્ય લિંગોમાં અન્તર્વૃત્તિ એટલે કે આંતરિક ચિહ્નો દ્વારા પણ દ્રવ્ય પદની પ્રવૃત્તિ યોગ્ય છે-તેનું સયુક્તિક પ્રતિપાદન આ પ્રમાણે છે-

**एए खु अणुवओगा एत्तो च्चिय हंदि अप्पहाणत्तं ।**
**जमणुवओगभवाओ णंताओ हुंति किरियाओ ॥ २० ॥**

**શ્લોકાર્થ :-** આ તદર્થ અનાલોચન વગેરે અનુપયોગ રૂપ છે અને તેથી જ અપ્રધાન છે કારણકે અનુપયોગપૂર્વકની ક્રિયાઓ અનંતવાર થવી સંભવિત છે. ॥ ૨૦ ॥

**एते** तदर्थानालोचनादयः **'खु'** इति निश्चये, **अनुपयोगाः**=उपयोगप्रतिपक्षपरिणामविशेषाः, इत्थं च "अनुपयोगो द्रव्यमिति" वचनादन्तर्वृत्त्या द्रव्यपदप्रवृत्तिरविरुद्धा, विशेषाभावे सामान्याऽभावात् । **इत एव**=अनुपयोगसद्भावादेव, **हन्दी**त्युपदर्शने, **अप्रधानत्वम्** प्रकृतक्रियाया इति शेषः, उपयुक्तद्रव्यक्रियाया एव भावक्रियाप्राप्तिहेतुत्वादिति भावः । विपक्षे बाधकमाह- **यद्**=यस्मात्कारणात्, **अनुपयोगभवा**=उपयोगाऽपूर्विकाः **क्रियाः अनन्ताः**=अपरिमिताः **भवन्ति** अभव्यानामप्यनन्तशो जैनक्रियासाध्यग्रैवेयकोपपातश्रवणात्, न चैवं प्रधानहेतोः फलाऽसन्निधानं युज्यत इति ॥ २० ॥

## (ઉપયોગ વિનાની ક્રિયાઓ અપ્રધાન છે)

**તાત્પર્યાર્થ :-** તદર્થઅનાલોચન વગેરે બાહ્ય દ્રવ્ય આજ્ઞાના લિંગો માનસિક અનુસંધાનરૂપ ઉપયોગના વિરોધી પરિણામ છે. આ રીતે 'ઉપયોગશૂન્ય અનુષ્ઠાન દ્રવ્યરૂપ છે' એ વચનાનુસારે અન્તરંગ રીતે પણ દ્રવ્યપદની પ્રવૃત્તિમાં કોઈ વિરોધ નથી. કારણકે ઉપયોગ રૂપ વિશેષના અભાવમાં તે અનુષ્ઠાન સામાન્ય અનુષ્ઠાનરૂપ પણ નથી. ઉપયોગવિરોધી પરિણામ રૂપ હોવાના કારણે જ તદર્થઅનાલોચન વગેરે બાહ્ય લિંગો દ્વારા પ્રસ્તુત સકૃતબંધક આદિની ક્રિયા અપ્રધાન છે તે સિદ્ધ થાય છે. કથનનું તાત્પર્ય એ છે કે ઉપયોગપૂર્વકની દ્રવ્ય ક્રિયા જ ભાવગર્ભિત ક્રિયાની પ્રાપ્તિમાં હેતુ છે.

**શંકા :-** ઉપયોગશૂન્ય દ્રવ્યક્રિયાથી પણ ભાવક્રિયાની પ્રાપ્તિ માનીએ તો કાંઈ બાધક ખરું ?

**ઉત્તર :-** હા, ઉપયોગશૂન્ય દ્રવ્યક્રિયા અનંત વાર હોઈ શકે છે, કારણકે શાસ્ત્રમાં અભવ્ય જીવોને અનંતવાર નવમા ગ્રૈવેયક દેવલોકની પ્રાપ્તિ સંભળાય છે કે જે જૈનચારિત્રક્રિયાથી જ સાધ્ય છે, જો આ ઉપયોગ રહિત ક્રિયાથી પણ ભાવક્રિયાની પ્રાપ્તિ થતી હોય તો તેની સંખ્યા અનંત હોત નહિ. કારણ કે બે-ચાર વાર, કે સંખ્યાત-અસંખ્યાત વાર કરવાથી જ તેની પ્રાપ્તિ થઈ જાત. પરંતુ થતી નથી તે જ દર્શાવે છે કે તે અનંતવાર કરેલી ક્રિયા ભાવગર્ભિતક્રિયારૂપ ફળની પ્રાપ્તિમાં પ્રધાનપણે હેતુભૂત નથી. પ્રધાનપણે જે હેતુભૂત હોય તે નિષ્ફળ જાય નહિ. ॥ ૨૦ ॥

**नन्वेवं** तथाविधोपयोगशून्यो गृहस्थानां द्रव्यस्तवो निष्फल एव स्यात्, **अथात्रे**ष्टापत्तिरेव आज्ञारागाऽभावाद्भावस्तवाऽहेतुत्वेन **तन्नद्रव्यत्**वाभावात्, सद्विषयगामित्वेन भोगविशेषहेतुत्वेऽपि तस्य मोक्षहेतुत्वाऽभावेनाऽप्रधानत्वेनैव द्रव्यत्वव्यवस्थितेः, तदिदमुक्तम् - [६ पंचाशके]

[35]जं पुण एयविउत्तं एगंतेणेव भावसुण्णंति । तं विसयम्मि वि ण तओ भावत्थयाहेउतो णेयं ॥९॥

[36]अप्पाहण्णा एवं इमस्स दव्वत्थयत्तमविरुद्धं । आणाबज्झत्तणओ न होइ मुक्खंगया णवरं ॥१४॥

[37]भोगदिफलविसेसो उ अत्थि एत्तो वि विसयभेदेण ।
तुच्छो उ तगो जह्मा हवदि पगारंतरेणावि ॥ १५ ॥ इति ।

इति **चेत् ?** तथाप्यभिनवश्राद्धानां तदर्थालोचनादिविरहिणां प्रासङ्गिकद्रव्यस्तवादौ मुग्धश्राद्धादीनां रोहिण्यादितपसि अनत्यासन्नसिद्धिकानां मार्गप्रवेशार्थं सुविहितानुज्ञाते दीक्षाग्रहणादौ च प्रवृत्तिः कथमुपद्येतेत्यत आह-

---

३५ यत्पुनरेतद्वियुक्तमेकान्तेनैव भावशून्यमिति । तद्विषयेऽपि न ततो भावस्तवाहेतुतो ज्ञेयम् ॥

३६ अप्राधान्यादेवमस्य द्रव्यस्तवत्वमविरुद्धम् । आज्ञाबाह्यत्वतो न भवति मोक्षांगता नवरम् ॥

३७ भोगादिफलविशेषस्त्वस्तीतोऽपि विषयभेदेन । तुच्छस्तु तको यस्मात् भवति प्रकारान्तरेणाऽपि

**શંકા :-** ઉપયોગશૂન્ય ક્રિયા ભાવક્રિયાની પ્રાપ્તિમાં હેતુ નથી એમ માનવામાં આવે તો ગૃહસ્થો દ્વારા તેવા પ્રકારના ઉપયોગશૂન્યપણે કરવામાં આવતો દ્રવ્યસ્તવ મોક્ષફળની અપેક્ષાએ સર્વથા નિષ્ફળ બની જશે. {જો આના ઉત્તરમાં સિદ્ધાંત પક્ષ તરફથી એમ કહેવામાં આવે કે-ગૃહસ્થોનો દ્રવ્યસ્તવ નિષ્ફળ જ છે, એમાં તો ભાવતું હતું ને વૈદ્યે કહ્યા જેવું થવાથી અનિષ્ટ કાંઈ નથી, કારણ કે તેને આજ્ઞાનો રાગ નથી, તેથી ભાવસ્તવના હેતુભૂત ન હોવાથી ભાવસાધક દ્રવ્યત્વનો અભાવ છે. પ્રશસ્ત વીતરાગ આદિ વિષયક હોવાથી તે અનુષ્ઠાન ભોગવિશેષની પ્રાપ્તિમાં હેતુભૂત હોવા છતાં પણ મોક્ષના હેતુભૂત નથી તેથી તેનું દ્રવ્યત્વ ભાવજનનયોગ્યતા પ્રયુક્ત નથી પરંતુ અપ્રધાન્ય પ્રયુક્ત છે. આ જ પ્રમાણે **પંચાશક** શાસ્ત્રમાં પણ કહ્યું છે કે-

"ઔચિત્યશૂન્ય અને એકાંતે ભાવશૂન્ય અનુષ્ઠાન તે પ્રશસ્ત વીતરાગ આદિ વિષયક હોવા છતાં પણ ભાવસ્તવના હેતુભૂત ન હોવાથી પ્રધાન દ્રવ્યસ્તવરૂપ નથી."

"અપ્રધાનતાને કારણે તેને દ્રવ્યસ્તવ કહેવામાં કોઈ વિરોધ નથી કિંતુ આજ્ઞાબાહ્ય હોવાથી મોક્ષનું અંગ નથી !"

"તેનાથી જે ભોગાદિ ફળવિશેષની પ્રાપ્તિ થાય છે તેમાં વિષયભેદ એટલે કે પ્રશસ્ત આલંબન વિશેષકારણ છે પરંતુ તે ભોગાદિફળની પ્રાપ્તિ અન્ય અનેક ઉપાયોથી સુલભ હોવાથી તે માટેનો દ્રવ્યસ્તવ તુચ્છ છે."}

કિંતુ આ ઉત્તર માન્ય રાખવામાં આવે તો પણ તદર્થઆલોચન આદિ રહિત એવા નૂતન શ્રદ્ધાળુઓની પ્રસંગવિશેષમાં દ્રવ્યસ્તવમાં પ્રવૃત્તિ, મુગ્ધ એટલે કે અપરિપક્વ બુદ્ધિવાળા શ્રદ્ધાળુઓની રોહિણી આદિ તપમાં પ્રવૃત્તિ, અને જે જીવો અત્યંત નિકટમાં મુક્તિગામી નથી એવા જીવોને માર્ગમાં લાવવા માટે સુવિહિતોને માન્ય એવી દીક્ષાગ્રહણમાં પ્રવૃત્તિ, આ બધી શાસ્ત્રવિહિત પ્રવૃત્તિઓ શી રીતે સંગત થશે ? શંકાકારનું તાત્પર્ય એ છે કે અપ્રધાન દ્રવ્યસ્તવ સર્વથા તુચ્છ છે તો પછી સુવિહિતો તરફથી રોહિણી ઇત્યાદિ તપ વગેરેનો ઉપદેશ શા માટે કરવામાં આવે છે ? આ શંકાનો ઉત્તર શ્લો. ૨૧ માં દર્શાવ્યા પ્રમાણે છે-

**पाहण्णं वि य इत्थं कुग्गहविरहाउ गुरुनिओगेणं ।**
**तहवि हु मुक्खफलं पइ अप्पाहण्णं वि अविरुद्धं ॥ २१ ॥**

**શ્લોકાર્થ :-** 'ઉપરોક્ત દ્રવ્ય આજ્ઞામાં ગુરુ પારતંત્ર્ય દ્વારા કુગ્રહ વિરહ થતો હોવાથી પ્રાધાન્ય છે તો પણ મોક્ષફળને આશ્રયીને અપ્રધાન્ય પણ અવિરુદ્ધ છે' ॥ ૨૧ ॥

**प्राधान्यमप्यत्र** द्रव्याज्ञायाम् **गुरुनियोगेन**=गुरुपारतन्त्र्येण, **कुग्रहविरहाद्**=असद्ग्रहपरित्यागाद् भवति, अभिनवश्राद्धानामपि यथाकथञ्चित् द्रव्यस्तवादिप्रवृत्त्यादिनाऽत्यारम्भाऽसद्ग्रहान्निवृत्तेर्मुग्धश्राद्धादीनामपि रोहिण्यादितपसि तत्तद्देवताद्युद्देशेनाध्युपपन्नतया प्रवृत्तौ मुग्धतासहकृतानुषङ्गिककषायनिरोधब्रह्मजिनपूजादिपरिणामेन मार्गानुसारिभावप्राप्तावसद्ग्रहनिवृत्तेः । तदाह- [१९ पंचाशके]

[३८]एवं पडिवत्तीए एत्तो मग्गाणुसारिभावाओ । चरणं विहियं बहवे पत्ता जीवा महाभागा ॥२७॥ इति ।

## (અપ્રધાન દ્રવ્યસ્તવ કુગ્રહવિરહ સંપાદનહેતુ)

**તાત્પર્યાર્થ :-** ઉપરોક્ત દ્રવ્ય આજ્ઞાના પાલનમાં પ્રાધાન્ય પણ છે કારણ કે તેમાં ગુરુની પરતંત્રતા સ્વીકારવી પડે છે અને તેથી અસદ્ગ્રહ દૂર થવાની પૂરેપૂરી શક્યતા છે. જેમકે નૂતન શ્રદ્ધાળુઓ જેમ તેમ કરીને પણ દ્રવ્યસ્તવમાં પ્રવૃત્ત થાય તો તેનાથી મહાઆરંભ સમારંભ રૂપ અસદ્ગ્રહની નિવૃત્તિ થાય છે. અપરિપક્વ બુદ્ધિવાળા શ્રદ્ધાળુઓ તે તે દેવતા આદિને ઉદ્દેશીને અધ્યુપપન્ન એટલે કે સરાગી અર્થાત્ ભોગાર્થી હોવાથી રોહિણી વગેરે તપમાં પ્રવૃત્તિ કરે છે, તેમાં મુગ્ધતા હોવા સાથે આનુષંગિક કષાયોનો નિરોધ, બ્રહ્મચર્યનું પાલન, જિનપૂજા આદિનું પાલન કરવાનું હોવાથી તેના પરિણામ દ્વારા માર્ગાનુસારી ભાવની પ્રાપ્તિ થતાં ઉન્માર્ગાનુસારિતા રૂપ અસદ્ગ્રહ નિવૃત્ત થાય છે. **પંચાશક** શાસ્ત્રમાં કહ્યું છે કે-

'આ જાતની પ્રતિપત્તિ એટલે કે તપશ્ચર્યાઆદિથી માર્ગાનુસારી ભાવની પ્રાપ્તિ થાય છે અને તેનાથી ઘણા ભાગ્યશાળી જીવો ભગવદ્આજ્ઞા મુજબનું ચારિત્ર પ્રાપ્ત કરી ગયા.'

मार्गप्रवेशार्थं ग्राहितदीक्षाया अपि द्रव्यसम्यक्त्वारोपपूर्वकसदभ्याससहकृतायाः सकृद्बन्धकादीनामन्यसमयाभ्यासवासनाऽऽहितासद्ग्रहतिरस्करणक्षमत्वात् । तदाह - [२ पंचाशके]

[३९]दिक्खाविहाणमेअं भाविज्जंतं तु तंतणीईए । सइअपुणबंधगाणं कुग्गहविरहं लहुं कुणइ ॥४४॥ त्ति

**तथापि मुख्यफलं** भावाज्ञाराधनं **प्रत्यप्राधान्यमप्यविरुद्धम्** ।

अयमर्थ :- यद्यप्यत्राऽसद्ग्रहपरित्यागफलापेक्षया योग्यतयैव द्रव्यत्वं तथापि भावाज्ञाराधनं प्रति तत्त्वतोऽप्रधानतयैव तथात्वम्, घटं प्रति कुम्भकारेण कुम्भकारपितुरिव, सम्यग्दर्शनादिकं प्रत्यसद्ग्रहपरित्यागेनान्यथासिद्ध्या द्रव्यदीक्षाया हेतुत्वाऽयोगादिति । **नन्वसद्ग्रहपरित्याग**द्वाराऽपुनर्बन्धकादीनामिव, सकृद्बन्धकादीनामपि द्रव्याज्ञाया योग्यतया हेतुत्वमविरुद्धम्, व्यापारेण व्यापारिणोऽन्यथासिद्ध्ययोगात्, अन्यथाऽपुनर्बन्धकीयद्रव्याज्ञाया अप्यहेतुत्वादिति **चेत् ?** सत्यम्,

---

३८ एवं प्रतिपत्त्यैतस्मान्मार्गानुसारिभावात् । चरणं विहितं बहवः प्राप्ता जीवा महाभागाः ॥

३९ दीक्षाविधानमेतद्भाव्यमानं तु तन्त्रनीत्या । सकृदपुनर्बन्धकानां कुग्रहविरहं लघु करोति ॥

तथापि व्यवधानाऽव्यवधानाभ्यामेव समयप्रतिनियताभ्यां योग्याऽयोग्यत्वव्यवस्थितेः फलसन्निधाना-ऽसन्निधानयोर्हेतुभेदप्रयोज्यत्वेन तद्‌भेदव्यवस्थितेश्च सर्वथा स्वरूपपरावृत्तिं विना सहकारियोग्यताया अप्यनुपपत्तेः, विवेचितं चेदं **स्याद्वादकल्पलता**यामिति नेह प्रयासः ॥ २१ ॥

માર્ગે લાવવા માટે જે દીક્ષા આપવામાં આવે છે તે દ્રવ્યસમ્યક્ત્વના આરોપપૂર્વકની હોવાથી અને સત્ક્રિયાના અભ્યાસરૂપ હોવાથી તેના સહકાર દ્વારા સકૃદ્‌બંધક આદિ જીવોને મિથ્યાદષ્ટિઓના શાસ્ત્રના અભ્યાસથી જનિત વાસનાથી ઉત્પન્ન થતાં અસદ્‌ગ્રહને દૂર કરવામાં શક્તિશાળી છે. પંચાશક શાસ્ત્રમાં કહ્યું છે કે—

શાસ્ત્રોક્ત નીતિએ આ પ્રકારના દીક્ષાવિધાનની ભાવનાથી સકૃદ્‌બંધક અને અપુનર્બંધક જીવોનો કુગ્રહ સત્વર દૂર થાય છે.

ઉપરોક્ત રીતે કુગ્રહવિરહસંપાદનમાં સકૃદ્‌બંધક આદિની દ્રવ્યાજ્ઞાપાલનની પ્રધાનતા હોવા છતાં પણ મુખ્યફળ કે જે ભાવાજ્ઞાનું આરાધન છે તેના પ્રત્યે તેનું કોઈ મહત્ત્વ ન હોવામાં વિરોધ નથી. તાત્પર્ય એ છે કે પ્રાધાન્ય-અપ્રાધાન્યના વિચારમાં સકૃત્ બંધક આદિની દ્રવ્યાજ્ઞા અસદ્‌ગ્રહના ત્યાગરૂપી ફળની અપેક્ષાએ યોગ્ય એટલે કે અસદ્‌ગ્રહત્યાગજનક હોવાથી પ્રધાન દ્રવ્યતા છે તો પણ પરમાર્થ દૃષ્ટિએ ભાવાજ્ઞાની આરાધનામાં તે સાવ નિરુપયોગી હોવાથી અપ્રધાન છે. અને તેથી ભાવજનનયોગ્યતા રૂપ દ્રવ્યત્વ નથી, પરંતુ અપ્રધાન દ્રવ્યત્વ છે. દા.ત. ઘટ પ્રત્યે કુંભાર સર્વથા યોગ્ય છે, કિંતુ કુંભકારનો પિતા ઘટનિરૂપિત યોગ્યતાવાન્ નથી. અર્થાત્ કુંભકાર જેમ ઘટ પ્રત્યે હેતુતા ધરાવે છે એવી મુખ્ય હેતુતા કુંભકારના પિતામાં નથી, કિંતુ પરંપરાએ અત્યંત ગૌણ હેતુતા છે. તે જ રીતે સમ્યગ્ દર્શન આદિમાં અસદ્‌ગ્રહપરિત્યાગ જ હેતુ છે, દ્રવ્યદીક્ષા તો અસદ્‌ગ્રહપરિત્યાગ કરાવીને કૃતકૃત્ય બની જવાથી સમ્યગ્ દર્શન પ્રતિ અન્યથા સિદ્ધ થઈ જવાથી તેના નિયત હેતુરૂપ નથી.

### (સકૃદ્‌બંધક આદિની દ્રવ્યાજ્ઞા ભાવસાધક કેમ નહીં ?)

**શંકા :-** અપુનર્બંધક આદિની દ્રવ્યાજ્ઞામાં ભાવજનન યોગ્યતા માનવામાં આવી છે. ત્યાં પણ અસદ્‌ગ્રહના ત્યાગ વિના તો તે નથી જ થવાની. જો અસદ્‌ગ્રહ ત્યાગના માધ્યમે અપુનર્બંધકની દ્રવ્યાજ્ઞાને ભાવસાધક માનવામાં આવે તો સકૃત્‌બંધક આદિની દ્રવ્યાજ્ઞાને પણ અસદ્‌ગ્રહ પરિત્યાગ દ્વારા ભાવસાધક માનવામાં કોઈ વિરોધ નથી. કારણ કે વ્યાપાર દ્વારા વ્યાપારી અન્યથાસિદ્ધ થઈ જતો નથી. દા.ત. ચક્રભ્રમણ રૂપ વ્યાપાર દ્વારા વ્યાપારી દંડ, ઘટરૂપ કાર્ય પ્રતિ અન્યથાસિદ્ધ માનવામાં આવતો નથી. આમ ન માનીએ તો અપુનર્બંધકની દ્રવ્યાજ્ઞા પણ ભાવસાધક રહેશે નહિ. કારણ કે, ત્યાં પણ અસદ્‌ગ્રહના ત્યાગ વિના ભાવ સિદ્ધ થવાનો નથી. **સમાધાન :-** માત્ર અસદ્‌ગ્રહના ત્યાગ દ્વારા જ હેતુતા

માનવાની હોય તો ઉપરોક્ત રીતે કોઈ બાધ નથી કિંતુ શાસ્ત્રમાં જેને સમ્યગ્દર્શનથી દૂર કહેલો છે તેની દ્રવ્યાજ્ઞા અયોગ્ય છે, અને શાસ્ત્ર દૃષ્ટિએ જે સમ્યગ્ દર્શનની નજીક છે તેની દ્રવ્યાજ્ઞા યોગ્ય છે આ પ્રકારની વ્યવસ્થા છે. અત્રે સમ્યગ્દર્શનનું દૂરત્વ-સમીપત્વ કાળકૃત ન સમજવું, કિંતુ પ્રક્રિયાકૃત સમજવું, અર્થાત્ અપુનર્બંધક ને સમ્યગ્દર્શનની પ્રાપ્તિમાં અલ્પપ્રક્રિયામાંથી પસાર થવાનું છે જ્યારે સકૃત્બંધક આદિને વધુ પ્રક્રિયામાંથી પસાર થવાનું છે. તે એ રીતે કે એકવાર ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધશે, વળી તેને અંતઃકોટાકોટી સ્થિતિમાં લાવશે ત્યારે તેનામાં સમ્યગ્ દર્શન પ્રાપ્ત કરવાની યોગ્યતા પ્રગટશે. હેતુ એકસરખા દેખાવા છતાં પણ ફળની સત્વર પ્રાપ્તિ અને વિલંબથી પ્રાપ્તિ થતી હોય તો માનવું જ પડે કે તે હેતુઓમાં કાંઈક ભેદ છે, તો અહીં પણ સકૃત્બંધકને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ દૂર અને અપુનર્બંધકને નજીક હોવાથી બન્નેની દ્રવ્યાજ્ઞા ભિન્ન ભિન્ન છે.

**(રૂપ બદલાયા વિના કાર્ય અસિદ્ધ)**

આ રીતે હેતુઓમાં ભેદ માનવામાં ન આવે અર્થાત્ સહકારી-યોગ્યહેતુ રૂપે જે અભિપ્રેત છે તેના તે જ હેતુ દ્વારા પૂર્વમાં અસંપન્નકાર્ય ઉત્તરકાળમાં સંપન્ન થાય છે, ત્યાં તે હેતુમાં કિંચિત્ સ્વરૂપનું પરિવર્તન માનવામાં ન આવે તો તેમાં સહકારી રૂપે યોગ્યતા પણ ઘટી શકશે નહિ. કારણ કે નિષ્ક્રિય અવસ્થામાં દંડ અને અન્ય પથ્થર વગેરે ઉદાસીન પદાર્થોમાં કોઈ તફાવત રહેશે નહિ. તફાવત રાખવો હોય તો માનવું પડે કે સ્વરૂપપરાવૃત્તિ દ્વારા નિષ્ક્રિય દંડ સક્રિય બનીને ઘટ ઉત્પન્ન કરી શકે છે, પરંતુ પથ્થર નહિ, માટે ઘટ પ્રતિ દંડ સહકારીયોગ્ય હેતુ કહી શકાય, પરંતુ પથ્થર નહિ. આ વિષયનું વધુ વિવરણ **શાસ્ત્રવાર્તા સમુચ્ચય** ગ્રંથની ટીકા **સ્યાદ્વાદકલ્પલતા**માં વિસ્તારથી કરવામાં આવ્યું હોવાથી અહીં અધિક પ્રયાસ કર્યો નથી. ॥ ૨૧ ॥

**स्वभावलाभसंस्कारकारणं ज्ञानमिष्यते ।**
**ध्यांध्यमात्रमतस्त्वन्यत्तथा चोक्तं महात्मना ।।३।। (ज्ञानसार ५/३)**

આત્મસ્વભાવની પ્રાપ્તિના સંસ્કાર-વાસનાનું કારણભૂત જ્ઞાન ઇચ્છીએ છીએ, એટલે થોડાંઘણાં વીતરાગ વચનથી વિચારણા થતાં વીતરાગનું સ્મરણ થવાથી આત્મામાં તદ્રૂપતાનું કારણભૂત જ્ઞાન ઇચ્છવા યોગ્ય છે. આ સિવાય બીજું જે અધિક ભણવું તે બુદ્ધિનું અંધપણું છે. તે જ પ્રમાણે મહાત્માએ (પતંજલિ ઋષિએ) કહ્યું છે. અહીં પતંજલિ ઋષિને પ્રથમ યોગની દૃષ્ટિથી મહાત્મા કહેલ છે.

## ઉપદેશ ૭ - મોક્ષમાં જવાને યોગ્ય આત્માઓ

अथ केऽपुनर्बन्धकादयः कथं च तेषां योग्यतया द्रव्याज्ञासम्भव इति गाथापञ्चकेनाह–

**[१. अपुनर्बन्धकः]**

**જિજ્ઞાસા :-** ભાવ યોગ્યતાના અધિકારી અપુનર્બંધક આદિ કેવા હોય, અને કઈ રીતે તેમનામાં યોગ્યતાવિશિષ્ટ દ્રવ્યાજ્ઞાનો સંભવ છે ? આ જિજ્ઞાસાના સમાધાનમાં ક્રમશઃ પાંચ શ્લોક કહ્યા છે-

**सो अपुणबंधगो जो णो पावं कुणइ तिव्वभावेणं ।**
**बहुमण्णइ णेव भवं सेवइ सव्वत्थ उचियठिइं ॥ २२ ॥**

**શ્લોકાર્થ :-** 'જે જીવ તીવ્રભાવે પાપ ન કરે, ભવનું બહુમાન ન ધરે, અને સર્વત્ર ઉચિત સ્થિતિનું સેવન કરે તે અપુનર્બંધક છે.' ॥ ૨૨ ॥

**सोऽपुनर्बन्धकः**=ग्रन्थिप्रदेशागतः सन् पुनरुत्कृष्टस्थित्यबन्धौपयिकयोग्यतावान्, **यः** पापमशुद्ध कर्म, तत्कारणत्वाद्धिंसाद्यपि, **तीव्रभावेन**=गाढसंक्लिष्टपरिणामेन, **न करोति**=न विधत्ते अत्यन्तोत्कट**मिथ्यात्वादिक्षयोपशमेन** लब्धात्मनैर्मल्यविशेषत्वात् तीव्रेतिविशेषणादापन्नमतीव्रभावात् करोत्यपि तथाविधकर्मदोषात्। तथा **नैव बहु मन्यते**=उत्कटेच्छाविषयीकरोति **भवं**=संसारम्, तत्र सुखस्य दुःखानुबन्धित्वेनाऽनिष्टत्वप्रतिसन्धानात् **तदा( था )** सर्वत्र=मातापितृदेवातिथिप्रभृतिषु उचित-**स्थितिं**=देशकालावस्थापेक्षया घटमानप्रतिपत्तिरूपाम् **सेवते**=भजते, कर्मलाघवेन मार्गानुसारिताभिमुखत्वात् ॥ २२ ॥

### (અપુનર્બંધક જીવનાં લક્ષણો)

**તાત્પર્યાર્થ :-** અપુનર્બંધક તેને કહેવાય કે જે ગ્રંથિપ્રદેશે આવેલો હોય અને તેમાં પુનઃ ઉત્કૃષ્ટ સ્થિતિબંધ થવાની શક્યતાનો અભાવ હોય, અર્થાત્ જ્યાં સુધી સંસારમાં હોય ત્યાં સુધી પુનઃ ક્યારે પણ ઉત્કૃષ્ટ સ્થિતિનો બંધ કરે નહિ. (૧) વળી જે તીવ્રભાવે પાપ કરે નહિ, એટલે કે અશુભકર્મનો બંધ ન કરે, તેમજ અશુભ કર્મના હેતુ-ભૂત હિંસાદિનું અત્યંત ગાઢ સંક્લિષ્ટ પરિણામથી સેવન કરે નહિ. અપુનર્બંધક જીવને અત્યંત તીવ્ર મિથ્યાત્વ વગેરે મોહનીયજનિત દોષોનો ક્ષયોપશમ થયો હોવાથી આત્મામાં જે વિશેષ પ્રકારની નિર્મળતા પ્રાપ્ત થઈ છે તેના કારણે તેને પાપ કરવાની તીવ્ર બુદ્ધિ થતી નથી. પાપ નથી જ કરતાં એમ નહિ, તેવા પ્રકારના અશુભ કર્મોદયના દોષે પાપ કરે પણ ખરો, પણ તે અનુત્કટ ભાવથી, ઉત્કટ ભાવથી નહિ. આ દર્શાવવા માટે મૂળ ગાથામાં 'તીવ્ર' વિશેષણનો પ્રયોગ કર્યો છે. તથા (૨) અપુનર્બંધક જીવ સંસાર પર બહુમાનનો ભાવ રાખતો નથી, એટલે કે

સંસારના સુખમાં તેની ઉત્કટ ઈચ્છા હોતી નથી, કારણ કે 'સંસાર સુખ ભાવી દુઃખની પરંપરાનું સર્જક છે' આ અનિષ્ટનો તેને ઘણે અંશે ખ્યાલ છે. તથા (૩) માતા, પિતા, દેવ અને અતિથિ વગેરે સર્વત્ર ઉચિત મર્યાદાનું પાલન કરે છે, અર્થાત્ જે દેશમાં જે વખતે જેવી અવસ્થામાં જે પ્રકારની મર્યાદાનું પાલન 'ઉચિત' હોય તે પાળે છે. કારણ કે, કર્મના ભારથી ઘણે અંશે હળવો થયો હોવાથી તે માર્ગાનુસારિતાથી વિમુખ હોતો નથી પરંતુ અભિમુખ જ હોય છે. ॥ ૨૨ ॥

અપુનર્બંધક આદિમાં બીજો સમ્યગ્દૃષ્ટિ છે તેના લિઙ્ગો આ બીજાશ્લોક દ્વારા જણાવાય છે. [२ सम्यग्दृष्टिः]

**सुस्सूसइ अणुरज्जइ धम्मे णियमेण कुणइ जहसत्ति ।**
**गुरुदेवाणं भत्तिं सम्मद्दिट्ठी इमो भणिओ ॥ २३ ॥**

**શ્લોકાર્થ :-** ધર્મશ્રવણ કરવાને ઇચ્છે છે, તથા ધર્મનું પાલન કરવાને ઇચ્છે છે, અને શક્તિ છુપાવ્યા વિના ગુરુ અને દેવની ભક્તિ અવશ્ય કરે છે તે જીવને સમ્યગ્દૃષ્ટિ કહ્યો છે"

**शुश्रूषति**=धर्मं श्रोतुमिच्छति, धर्मश्रवणेच्छा चेह जिज्ञासोत्तरकालभाविनी तरुणीसमालिङ्गित-रागज्ञतरुणकिन्नरगेयशुश्रूषाधिका ग्राह्या, यदाह-[षोडशके ११-३]

"यूनो वैदग्ध्यवतः कान्तायुक्तस्य कामिनोऽपि दृढम् । किन्नरगेयश्रवणादधिको धर्मश्रुतौ रागः" ॥ इति ।

**(સમ્યગ્દર્શનનાં શુભ ચિહ્નો)**

**તાત્પર્યાર્થ :-** સમ્યગ્દર્શનની હાજરીમાં જીવને ધર્મની જિજ્ઞાસા અને *ધર્મશ્રવણની તીવ્ર ઇચ્છા ઉત્પન્ન થાય છે. યુવતીથી આલિંગિત હોય અને રાગરાગિણીના જાણકાર હોય તેવા યુવાન પુરુષને કિન્નર જાતિના દેવોના ગીતગાન જે અતિ રમ્ય હોય છે, તે સાંભળવાની જેટલી તીવ્ર ઇચ્છા હોય તેના કરતાં પણ વધુ તીવ્ર ઇચ્છા સમ્યગ્દૃષ્ટિ જીવને ધર્મશ્રવણ કરવાની હોય. કહ્યું છે કે-'બુદ્ધિશાળી, અને પત્નીયુક્ત કામી યુવાનને કિન્નરોનાં ગીત સાંભળવામાં જે રસ હોય તેના કરતાં પણ વધુ રસ સમ્યગ્દૃષ્ટિને ધર્મશ્રવણ કરવામાં હોય.'

---

* શુશ્રૂષા આદિ ત્રણ અન્વય-વ્યતિરેકી લિંગ છે. શુશ્રૂષા આદિ ત્રણ હોય તો જ સમ્યગ્દર્શન હોય અને તે ત્રણ ન હોય તો સમ્યગ્દર્શન ન જ હોય. અહીં અગ્નિ અને ધૂમનું ઉદાહરણ લેવાનું નથી કારણ કે ધૂમ હોય તો અગ્નિ અવશ્ય હોય પણ ધૂમના અભાવમાં અગ્નિ ન જ હોય એવું નથી, હોય પણ ખરો. સામાન્યતઃ લેવું હોય તો આર્દ્રઈંધનસંયોગવિશિષ્ટ અગ્નિ અને ધૂમનું દૃષ્ટાન્ત લઈ શકાય. ધૂમ હોય તો આર્દ્રઇન્ધનસંયોગવિશિષ્ટ અગ્નિ અવશ્ય હોય અને ધૂમ ન હોય તો તે પણ ન હોય.

तथा, **धर्मे**=कुशलानुष्ठाने **अनुरज्यति**=सामग्रीवैकल्यात्तदकरणेऽपि तथैव चित्ताभिलाष-मनुबध्नाति कान्तारातीतदरिद्रब्राह्मणहविःपूर्णभोजनाभिलाषादप्यधिकम् । तथा, **यथाशक्ति**=स्वयोगसमाधानमनतिक्रम्य न पुनरसद्ग्रहेण, **गुरुदेवानां**=धर्माचार्यपरमाराध्यानाम्, **भक्तिं**=वैयावृत्त्या-दिप्रतिपत्तिरूपाम्, **नियमेन**=नियोगेन अवश्यं मयैतद् गुरुकार्यं देवकार्यं वा कर्तव्यमित्यविच्छिन्ना-मिनिवेशलक्षणेन, गुणश्रद्धालुमनुष्यचिन्तामणिवैयावृत्त्यनियमाधिकेन करोति, **अयमीदृग्गुणयुक्तः सम्यग्दृष्टिः भणितः**=प्रतिपादितः, शुश्रूषादीनां सम्यग्दर्शनलिङ्गत्वात्, व्रतप्रतिपत्तेश्च भजनाप्राप्तत्वेन नात्र ग्रहणम्, सम्यक्त्वप्रतिपत्त्युत्तरमप्रतिपातेन श्रावकत्वप्राप्त्यन्तरकालस्य पल्योपमपृथक्-(क्त्व)मानस्य कस्यचिदतिशयितवीर्योल्लासेन शीघ्रमपवर्त्तनेऽपि बहूनां यथोक्तान्तरोपपत्तेः, देवादिभवे च यावतीं स्थितिं क्षपयति तावत्या एव भवस्वाभाव्यादधिकाया अर्जनेन बह्वन्तरभावात् । तदिदमाह-[१ पंचाशके]

[४०]सुस्सूस धम्मराओ गुरुदेवाणं जहासमाहीए ।
वेयावच्चे णियमो वयपडिवत्ती य भयणाओ ॥ ४ त्ति ॥ २३ ॥

તથા સમ્યગ્દષ્ટિ જીવને શુભ અનુષ્ઠાન રૂપ ધર્મના પાલનમાં પૂર્ણ અનુરાગ હોય છે, અર્થાત્ સમય વગેરે સામગ્રીના અભાવમાં ધર્મપાલન ન થઈ શકે તો પણ તે કરવાની માનસિક ઇચ્છા સાનુબંધ હોય છે. બ્રાહ્મણ હોય, દરિદ્ર હોય, જંગલ ઊતરીને આવ્યો હોય એટલે ઘણો થાકી ગયો હોય એવા પુરુષને ઘીથી ભરપૂર ભોજન કરવાની જેવી ઇચ્છા હોય તેના કરતાં પણ વધુ તીવ્ર ઇચ્છા સમ્યગ્દૃષ્ટિને ધર્મપાલનની હોય. તથા શક્તિ ન હોય તો પણ 'હું તો કરવાનો જ' એવો કદાગ્રહ રાખ્યા વિના શક્તિ પ્રમાણે એટલે કે મન, વચન અને કાયાના યોગોને અસમાધિ ન થાય તે રીતે ગુરુ-ધર્માચાર્ય અને પરમઆરાધ્ય દેવની ભક્તિ-વૈયાવચ્ચ વગેરે કર્તવ્યનું પાલન અવશ્ય કરે છે. અવશ્ય કરે એટલે કે 'પ્રસ્તુત ગુરુની ભક્તિ કે દેવની ભક્તિ મારે અવશ્ય કરવી જોઈએ' આ પ્રકારની ભાવના નિરંતર હોય. દા.ત. જે મનુષ્યોને ચિંતામણિ રત્નના પ્રભાવમાં પૂર્ણ શ્રદ્ધા છે તે મનુષ્ય ચિંતામણિની ઉપાસના કરવામાં જેવી દઢ ભાવના સેવે છે તેનાથી પણ વધુ દઢ ભાવના સમ્યગ્દૃષ્ટિ જીવને દેવ-ગુરુની ભક્તિમાં હોય છે. ઉપરોક્ત શુશ્રૂષા વગેરેને સમ્યગદર્શનનાં લિંગ કહ્યાં છે, કિંતુ વ્રતના સ્વીકારને સમ્યગ્ દર્શનનું લિંગ કહ્યું નથી, કારણ કે તેમાં ભજના (વિકલ્પ) છે, અર્થાત્ સમ્યગ્દર્શન પ્રાપ્તિ પછી કોઈક જીવ ભાવથી વ્રતનો સ્વીકાર કરે પણ ખરો અને ન પણ કરે. 'કયો જીવ કરે અને કયો જીવ ન કરે ?' તે વ્યવસ્થા આ પ્રમાણે છે-

---

४० शुश्रूषा धर्मरागो गुरुदेवानां यथासमाधि । वैयावृत्त्ये नियमो व्रतप्रतिपत्तिश्च भजनात इति ॥

**(દેશવિરતિ લાભની શક્યતા)**

સમ્યક્ત્વ પ્રાપ્ત થયા બાદ તે સતત જળવાઈ રહે ત્યારે, સમ્યગ્દર્શનપ્રાપ્તિ માટે જેમ અંતઃકોટાકોટિ સાગરોપમથી અધિક સમગ્ર કર્મસ્થિતિનો હ્રાસ કારણભૂત છે તેમ, ભાવથી દેશવિરતિની પ્રાપ્તિમાં અંતઃકોટાકોટી કર્મસ્થિતિમાં પણ બેથી નવ પલ્યોપમ સ્થિતિનો હ્રાસ કારણભૂત છે. તે હ્રાસ થવાની શક્યતા બે પ્રકારે છે-કોઈક જીવ સાતિશય વીર્યોલ્લાસથી ૨ થી ૯ પલ્યોપમ સ્થિતિની અપવર્તના (=હ્રાસ) સત્વર કરે તો તાત્કાલિક ભાવગર્ભિત દેશવિરતિની પ્રાપ્તિ તેને થાય છે, પરંતુ આવું બહુ ઓછાને બને, મોટા ભાગના જીવોને તો ૨ થી ૯ પલ્યોપમનો કાલ પસાર થાય ત્યારે તેટલી કર્મસ્થિતિનો હ્રાસ થાય છે અને ભાવથી દેશવિરતિ પામે છે.

**શંકા :-** સમ્યક્ત્વ યુક્ત જીવ નવ પલ્યોપમથી વધુ આયુષ્યવાળા દેવભવમાં ઉત્પન્ન થાય તો તેને બેથી નવ પલ્યોપમની સ્થિતિનો હ્રાસ સહજ રીતે થઈ જવાથી શું દેશવિરતિ પ્રાપ્ત થશે ? દેવભવમાં તો દેશવિરતિ હોય જ નહિ. તો પછી દેશવિરતિની પ્રાપ્તિમાં બતાવેલ કાલપ્રમાણ શી રીતે ઘટશે ?

**સમાધાન :-** દેવભવમાં દેશવિરતિની પ્રાપ્તિ હોય જ નહિ, તો પણ, ત્યાં બેથી નવ પલ્યોપમ કર્મસ્થિતિનો હ્રાસ થવાથી દેશવિરતિનો ઉદય થવાની આપત્તિ નથી. કારણ કે, ભવસ્વભાવથી જ દેવભવમાં ચારિત્ર મોહનીય કર્મની જેટલી સ્થિતિનો હ્રાસ કરે, લગભગ તેટલી જ સ્થિતિનો નવો બંધ પણ કરે છે. તેથી દેશવિરતિની પ્રાપ્તિમાં આવશ્યક બેથી નવ પલ્યોપમ સ્થિતિનો હ્રાસ સંભવ નથી.

**પંચાશક** શાસ્ત્રમાં કહ્યું છે કે-

'શુશ્રૂષા, ધર્મરાગ અને યથાસમાધિ દેવ ગુરુની વૈયાવચ્ચનો નિયમ આ ત્રણ સમ્યગ્ દર્શનનાં લિઙ્ગ છે. (જ્યારે) દેશવિરતિની પ્રાપ્તિમાં વિકલ્પ છે.' ॥ ૨૩ ॥

અપુનર્બંધક આદિમાં ત્રીજા નંબરે દેશચારિત્રી છે તેનું સ્વરૂપ ત્રીજા શ્લોકથી કહે છે-

**[ देशविरतः ]**

**पच्चक्खाणविहाणं जाणंतो थूलपावओ विरओ ।**
**आणासुद्धे जोगे वट्टंतो देसचारित्ती ॥ २४ ॥**

**શ્લોકાર્થ :-** પચ્ચક્ખાણના વિધાનનો જાણકાર હોય અને સ્થૂળ પાપથી વિરત હોય તથા આજ્ઞાશુદ્ધ યોગમાં વર્તતો હોય તે દેશચારિત્રી જાણવો. ॥ ૨૪ ॥

**प्रत्याख्यानविधानं**=भङ्गकदम्बकोपेतं प्रत्याख्यानप्रकारम्, **जानन्नु**पयुज्य परिच्छिन्दन् सन्, **स्थूलपापतो**=नीरागस्त्रसजन्तूनां सङ्कल्पपूर्वकनिरपेक्षहिंसादिरूपात् **विरतो**=निवृत्तः । भङ्गकदम्बकं

चात्रेत्थं भावनीयम्, स्थूलप्राणातिपातं प्रत्याचक्षाणः श्रमणोपासकस्तावदतीतं प्रतिक्रामति=निन्दाद्वारेण ततो निवर्त्तत इत्यर्थः, प्रत्युत्पन्नं च संवृणोति=न करोतीत्यर्थः अनागतं च प्रत्याख्याति=न करिष्यामीत्यादिप्रतिज्ञाविषयीकुरूत इत्यर्थः, तत्र प्रत्येकमेकोनपञ्चाशद्विकल्पाः, कृतकारितानुमतमध्ये त्रिविधद्विविधैकविधप्रत्याख्येयेषु मनोवाक्कायकरणमध्यात् त्रिद्व्येकसंयोगेन प्रत्येकं त्रिधा भिद्यमानेषु एकत्रित्रित्रिनवनवत्रिनवनवभङ्गानामुत्पत्तेः । तदाह-

## (દેશવિરતિની ઓળખાણ અને ભંગપ્રકાર)

**તાત્પર્યાર્થ :-** પચ્ચક્ખાણનું વિધાન એટલે દેશવિરતિ સ્વીકારના જેટલા ભંગ-પ્રકાર છે તેને યથાયોગ્ય સમજવા સાથે જે જીવ સ્થૂળ પાપોથી એટલે કે 'નિરપરાધી જીવોની સંકલ્પપૂર્વક નિષ્ઠુરપણે હિંસા' વગેરે પાપોથી, પ્રતિજ્ઞાપૂર્વક નિવૃત્ત હોય તે દેશથી ચારિત્રી છે. દેશવિરતિના ભેદસમૂહોનું સ્વરૂપ આ પ્રમાણે જાણવું-સ્થૂળ પ્રાણાતિપાતનું પ્રત્યાખ્યાન કરનાર શ્રાવક ભૂતકાળમાં થઈ ગયેલી હિંસાની નિંદા કરવા દ્વારા તેનું પ્રતિક્રમણ કરે છે એટલે કે હિંસાથી પાછો ફરે છે. વર્તમાનકાળમાં પોતાથી સંભવિત હિંસાનું સંવરણ-નિવારણ કરે છે, અર્થાત્ વર્તમાનકાળમાં હિંસા ન થાય તેની સાવધાની રાખે છે. ભવિષ્યકાલીન પાપને નહિ કરવાની પ્રતિજ્ઞા કરે છે. આ પ્રત્યેકમાં ઓગણપચાસ વિકલ્પો થાય છે. તે આ રીતે - ઉપરોક્ત રીતે પ્રાણાતિપાત ૧ કરવો નહિ, ૨ કરાવવો નહિ, ૩ કરવામાં અનુમતિ આપવી નહિ, આ ત્રણેયનું પચ્ચક્ખાણ મન, વચન અને કાયા રૂપ ત્રણેય કરણથી કરવામાં આવે તો પ્રથમ ભાંગાની નિષ્પત્તિ થાય. મન અને વચનથી કરવું નહિ, કરાવવું નહિ અને કરવામાં અનુમતિ આપવી નહિ આ બીજા ભાંગાની નિષ્પત્તિ થઈ. મન-વચન જોડકાની જેમ વચન-કાયાના જોડકાથી અને મન-કાયાના જોડકાથી ત્રીજા અને ચોથા ભાંગાની નિષ્પત્તિ બીજા ભાંગાની જેમ થાય, અર્થાત્, કરણના દ્વિક સંયોગથી ત્રણ ભાંગા નિષ્પન્ન થયા. હવે મનથી કરવું નહિ કરાવવું નહિ અને કરવામાં અનુમતિ આપવી નહિ, આ પાંચમો ભાંગો થયો. મનને બદલે વચન અને કાયાને અલગ અલગ લઈએ તો છઠ્ઠા અને સાતમા ભાંગાની નિષ્પત્તિ પાંચમા ભાંગાની જેમ થાય. અર્થાત્ મન વગેરે અલગ અલગ એક એક કરણથી ત્રણ ભાંગા નિષ્પન્ન થયા. આમ પ્રથમ વિભાગમાં [1]કૃત [2]કારિત અને [3]અનુમોદિતના સમુદિત ભાંગા સાથે મન, વચન અને કાયાને સમુદિત રીતે, જોડકાથી અને અલગ અલગ રીતે જોડવાથી **પ્રથમ વિભાગ**માં ૧+૩+૩=૭ ભાંગા થયા.

(A) મન, વચન અને કાયા એ ત્રણેથી [1]કરવું નહિ અને [2]કરાવવું નહિ, આવો એક ભાંગો થયો, એ જ રીતે [1]કરાવવું નહિ અને [2]કરવામાં અનુમતિ આપવી નહિ એ બીજો ભાંગો થયો અને [1]કરવું નહિ અને કરવામાં અનુમતિ આપવી નહિ એ ત્રીજો ભાંગો થયો અર્થાત્ કૃતાદિના દ્વિક સંયોગથી મન વગેરે સમુદિતકરણ સાથે ત્રણ ભાંગા થયા.

(B) [१]મન અને વચનથી કરવું નહિ અને કરાવવું નહિ આ પ્રથમ ભાંગો થયો. એ જ રીતે કરાવવું નહિ અને કરવામાં અનુમતિ આપવી નહિ એમ બીજો ભાંગો થયો અને કરવું નહિ અને કરવામાં અનુમતિ આપવી નહિ એ ત્રીજો ભાંગો થયો. જેમ આ ત્રણ મન અને વચનના જોડકાથી થયા એ જ રીતે વચન અને કાયાના જોડકાથી ત્રણ ભાંગા અને મન અને કાયાના જોડકાથી ત્રણ ભાંગા એમ કુલ મળીને કરણના જોડકા સાથે કૃતાદિના યુગલને જોડવાથી ૯ ભાંગા નિષ્પન્ન થાય.

(C) કૃતાદિના ત્રણ જોડકા સાથે ક્રમશઃ એક એક કરણને જોડવાથી ઉપરોક્ત પદ્ધતિ પ્રમાણે બીજા નવ ભાંગા થાય. દા.ત. મનથી કરવું નહિ અને કરાવવું નહિ એમ પહેલો ભાંગો, એ રીતે વચન અને કાયાથી બીજા બે ભાંગા અને કારિત-અનુમતના જોડકા સાથે તેમજ કૃત-અનુમતના જોડકા સાથે બીજા ત્રણ ભાંગા થાય.

ઉપરોક્ત રીતે **બીજા વિભાગમાં** ૩+૯+૯=૨૧ ભાંગા થયા.

ત્રીજા વિભાગમાં અલગ અલગ કૃતાદિ ત્રણને મન, વચન અને કાયા સાથે સમુદિત રીતે જોડવાથી ત્રણ ભાંગા પ્રાપ્ત થાય. અલગ અલગ કૃતાદિ ત્રણને કરણના ત્રણ જોડકા સાથે જોડવાથી ૩x૩=૯ ભાંગા પ્રાપ્ત થાય અને અલગ અલગ કૃતાદિ ત્રણને અલગ અલગ ત્રણ કરણ સાથે જોડવાથી ૩x૩=૯ ભાંગા પ્રાપ્ત થાય. આમ **ત્રીજા વિભાગમાં** ૩+૯+૯=૨૧ ભાંગા થયા.

આમ ત્રણે વિભાગના ૭+૨૧+૨૧=૪૯ કુલ ભાંગા થયા.

શાસ્ત્રીય પરિભાષામાં કૃત વગેરે ત્રણ યોગ કહેવાય છે, અને મન વગેરે ત્રણ કરણ કહેવાય છે. કહ્યું છે કે-

[४१]तिण्णि तिया तिण्णि दुया तिण्णि य इक्का हवंति जोगेसु ।
तिदुएक्कं तिदुएक्कं तिदुएक्कं चेति करणाइं" ॥श्रा० प्र० ३३०॥

[४२]एगो तिण्णि य तियगा दो नवगा तह य तिण्णि नव नव य ।
भंगनवगस्स एवं भंगा एगूणपण्णासं ॥ [ ]

'ત્રણ ત્રિક જોડકા, ત્રણ દ્વિક જોડા અને ત્રણ એક એક (એવા ત્રણ વિભાગ) યોગમાં પાડીએ, અને ત્રણ બે એક, ત્રણ બે એક, અને ત્રણ બે એક એવા ત્રણ વિભાગ કરણમાં પાડીએ તો એક અને ત્રણ ત્રિક, બે નવડા, અને ત્રણ, નવ, નવ આ ક્રમથી નવ ભાંગાના કુલ ભંગ ૪૯ થાય છે.'

---

૪૧ त्रयस्त्रिकास्त्रयो द्विकास्त्रयश्च एक्का भवन्ति योगेषु । त्रिद्व्येकं त्रिद्व्येकं त्रिद्व्येकं चेति करणानि ॥

૪૨ एकास्त्रयश्च त्रिका द्वौ नवकौ तथा च त्रयो नव नव च । भङ्गनवकस्य एवं भङ्गा एकोनपञ्चाशत् ॥

| | | | |
|---|---|---|---|
| योग | ३३३ | २२२ | १११ |
| करण | ३२१ | ३२१ | ३२१ |
| परिणाम | १३३ | ३९९ | ३९९ |

एवं सर्वमीलने सप्तचत्वारिंशदधिकं भङ्गकशतं भवति, एकोनपञ्चाशतां त्रिगुणितानामेतावतां भावात्। तत्रातीतकालमपेक्ष्य मनसा कृताद्वा 'हतोऽहं येन मया तदासौ न हत' इत्येवमनुध्यानाद्विरमणम्, इतरस्याऽसत्त्वेन निवर्त्तयितुमशक्यत्वात्, मनसा कारिताच्च विरमणं 'हन्त न युक्तं कृतं यदसौ परेण न घातित' इति चिन्तनात्, मनसानुमताच्च विरमणं हताद्यनुस्मरणेन तदनुमोदनात् । एवं वचसा तथाविध-वचनप्रवर्त्तनात्, कायेन च तथाविधाङ्गविकारकरणात्, अथवा कृतादीनां मनःप्रभृतिना निन्दनेन तदनुमोदननिषेधान्निवृत्तिः, अन्यथा तन्निन्दनाभावे तदनुमोदनाऽनिवृत्तेः कृतादेः क्रियमाणा-दितुल्यतापत्तेः । वर्त्तमानकालमपेक्ष्य भावना च सुगमैव । भविष्यत्कालमपेक्ष्य तु मनसाऽकरणं हनिष्याम्येनमित्यचिन्तनात्, अकारणं च घातयिष्याम्येनमित्यचिन्तनात् अननुमतिश्च भाविनं वधमनुश्रुत्य हर्षाऽकरणात्, एवं वाचा कायेन च तथाविधचेष्टाभिस्तत्तन्निवृत्तिर्भाव्या । **अथ** कायवाङ्मनसां यथाक्रमं करणकारणानुमतय एव सम्भवन्ति न कारणादीनीति **चेत्? न,** वक्तृविवक्षाधीनविकल्पतल्पगतकारणादिभेदस्यापि दुष्परिहरत्वात्, कर्मबन्धविशेषप्रयोजक-प्रयत्नभेदस्य, प्रामाणिकत्वाच्च, अत एव कथं मनसा करणादीति प्रश्ने यथा वाक्काययोरित्येव सिद्धान्तितं वृद्धैः । तथा चाहुः-[ **श्रावक प्रज्ञप्ति** ]

[४३]आह कहं पुण मणसा करणं कारावणं अणुमई अ ।
जह वइतणुजोगेहिं करणाई तह भवे मणसा ॥ ३३६ ॥

[४४]तयहीणत्ता वयतणुकरणाईणं च अहव मणकरणं ।
सावज्जजोगमणणं पण्णत्तं वीयरागेहिं ॥ ३३७ ॥

[४५]कारवणं पुण मणसा चिंतेइ कारउ एस सावज्जं ।
चिंतेइ अ काऊणं सुकयं अणुमई होइ ॥ ३३८ ॥ त्ति

ઉપરોક્ત રીતે પ્રાપ્ત થતા ૪૯ ભાંગા અતીત, અનાગત અને વર્તમાનકાળની અપેક્ષાએ ૪૯ ને ત્રણે ગુણવાથી ૧૪૭ કુલ ભાંગા થાય. તેમાં અતીતકાળની અપેક્ષાએ મનથી કૃત પાપની નિવૃત્તિ એટલે કે 'મ્હેં એને તે વખતે મારી ન નાંખ્યો, તે બહુ ખરાબ કર્યું' એ પ્રકારનું ચિંતન ન કરવું. એ જાતના ચિંતનથી નિવૃત્તિ એ જ અતીત કાળનાં પાપની અપેક્ષાએ સંગત છે, કારણ કે, ભૂતકાળનાં પાપનું વર્તમાન કાળમાં મનથી કરણ બીજી કોઈ રીતે સર્વથા અસત્ એટલે કે અસંભવિત હોવાથી તેની નિવૃત્તિ જ અશક્ય છે.

---

४३ आह कथं पुनर्मनसा करणं कारापणमनुमतिश्च । यथा वाक्तनुयोगाभ्यां करणादि तथा भवेन्मनसा ॥

४४ तदधीनत्वाद्वचस्तनुकरणादीनां चाथवा मनःकरणम् । सावद्ययोगमननं प्रज्ञप्तं वीतरागैः ॥

४५ कारापणं पुनर्मनसा चिन्तयति कारयतु एष सावद्यम् । चिन्तयति च कारापयित्वा सुकृतमनुमतिर्भवतीति ॥

ભૂતકાળની અપેક્ષાએ મન દ્વારા પાપ કરવાથી નિવૃત્તિ એટલે કે 'મ્હેં તે વખતે તેને મરાવી ન નાંખ્યો તે બહુ સારુ ન કર્યું' આ જાતનું ચિંતન ન કરવું. તે જ રીતે મન દ્વારા ભૂતકાલીન પાપની અનુમતિથી નિવૃત્ત થવું એટલે કે ભૂતકાળમાં કોઈકની હત્યાને યાદ કરી ખુશ ન થવું. ભૂતકાલીન પાપની વર્તમાનકાળમાં વચનથી કરણની નિવૃત્તિ, એટલે કે 'હું કેવો અભાગિયો, કે મ્હેં તેને તે વખતે મારી ન નાંખ્યો' આ રીતનું વચન ઉચ્ચારવું નહિ. કાયાથી ભૂતકાલીન પાપના કરણથી નિવૃત્તિ એટલે ઉપરોક્ત વાક્યના ભાવાર્થને સૂચવનાર કાયચેષ્ટા ન કરવી અથવા ભૂતકાળમાં કૃત કારિત કે અનુમોદિત પાપની મન, વચન અને કાયાથી વર્તમાનકાળમાં નિંદા કરવી. આ નિંદાથી ભૂતકાલીન પાપના અનુમોદનનો નિષેધ થાય છે અને તે રીતે ભૂતકાલીન પાપથી નિવૃત્તિ થાય છે. જો આ રીતે નિંદા કરવામાં ન આવે તો વર્તમાનકાળે ભૂતકાલીન પાપની અનુમોદનાથી નિવૃત્તિ ન થવાથી એ પાપ વર્તમાનમાં કર્યું હોય એવું જ થઈને ઊભું રહે છે.

વર્તમાનકાળની અપેક્ષાએ ભાવના સ્પષ્ટ છે, તે આ રીતે-વર્તમાનકાળમાં મન, વચન, અને કાયાથી હિંસા કરવી નહિ, કરાવવી નહિ અને કરનારની અનુમોદના (પ્રશંસા) કરવી નહિ. ભવિષ્યકાળની અપેક્ષાએ હિંસાથી નિવૃત્તિ એટલે 'હું હિંસા કરીશ' એ જાતનો મનથી વિચાર કરવો નહિ; 'હું તેને મરાવીશ' એ જાતનો વિચાર મનથી કરાવવા રૂપ છે તેનાથી નિવૃત્તિ એટલે તે જાતનો વિચાર ન કરવો; ભવિષ્યકાળમાં થનારી કોઈક હત્યાને વિચારીને હર્ષ કરવો તે અનુમતિ રૂપ છે તેનાથી નિવૃત્તિ એટલે તેવો હર્ષ ન કરવો. એ જ રીતે ભવિષ્યકાળની અપેક્ષાએ વચન દ્વારા કૃતાદિ હિંસાથી નિવૃત્તિ એટલે 'હું ઘાત કરીશ' એવું બોલવું નહિ; 'હું ઘાત કરાવીશ' એવું બોલવું નહિ, અને 'તેની હત્યાથી મને ઘણો આનંદ થશે' એ રીતે વચનથી હર્ષ વ્યક્ત કરવો નહિ. ભવિષ્યકાળની અપેક્ષાએ કાયાથી કૃતાદિ હિંસાની નિવૃત્તિ એટલે 'હું ઘાત કરીશ' એવો અર્થ આંગળીના સંકેત વગેરેથી વ્યક્ત કરવો નહિ; 'હું ઘાત કરાવીશ એવો અર્થ કાયાના સંકેત દ્વારા વ્યક્ત કરવો નહિ અને 'તે મરી જાય તો સારું' એ જાતનો હર્ષ કાયાના સંકેત દ્વારા વ્યક્ત કરવો નહિ.

**શંકા** :- કાયા દ્વારા હિંસાનું કરણ સંભવિત છે; પરંતુ કરાવવાપણું અને અનુમોદના સંભવિત નથી, તેજ રીતે વચન દ્વારા હિંસા કરાવવી સંભવિત છે, પરંતુ હિંસા કરવી, કે વચન દ્વારા હિંસાથી ખુશ થવું એ સંભવિત નથી, અને મન દ્વારા હિંસાના વિચારથી ખુશ થવું એ સંભવિત છે કિંતુ હિંસા કરવી અને કરાવવી એ સંભવિત નથી. શંકાનું તાત્પર્ય એ છે કે હિંસા કરવામાં કાયા પ્રધાન છે, હિંસા કરાવવામાં વચનનો વ્યાપાર મુખ્ય છે અને હિંસાના વિચારથી ખુશ થવામાં મનનો વ્યાપાર મુખ્ય છે.

**સમાધાન** :- વક્તાની વિવક્ષા પ્રમાણેના પૂર્વોક્ત રીતે બતાવેલા વિકલ્પોમાં કરાવવા આદિ ભેદનો સમાવેશ કોઈ પણ રીતે ઉવેખી શકાય તેમ નથી તેમજ વિશેષ પ્રકારના કર્મબંધમાં મન, વચન, અને કાયાના ભિન્ન ભિન્ન પ્રકારના પ્રયત્ન કારણીભૂત છે તે શાસ્ત્રપ્રમાણથી સિદ્ધ છે. આશય એ છે કે કાયાથી કરાવવું કે અનુમોદવું વગેરે કદાચ સાક્ષાત્ ન થઈ શકે તો મનમાં બીજાં પાસે પાપ કરાવવાને અનુકૂળ સ્વકાયચેષ્ટાની કલ્પના કરવાથી કરાવવું અને અનુમોદવું એ બન્ને ઘટી શકે છે. અને તેથીજ બાહ્ય જગતમાં કોઈ જીવનો વધ કાયા દ્વારા કર્યો ન હોય છતાં પણ મનમાં તે પ્રકારની કલ્પના કરવાથી પણ વિશેષ પ્રકારનો કર્મબંધ થાય છે અને માટે જ 'મનથી કરવું વગેરે કઈ રીતે સંગત છે' ? તે પ્રશ્નના ઉત્તરમાં જ્ઞાનવૃદ્ધ પૂર્વાચાર્યોએ નિર્ણયાત્મક સિદ્ધાંત આપતા કહ્યું છે કે-'જેમ વચન અને કાયાથી કરવું, કરાવવું વગેરે ઘટે છે તે જ રીતે મનથી પણ કરવું, કરાવવું સંગત છે.'

શાસ્ત્રમાં પણ કહ્યું છે કે-

'**પ્રશ્ન** :- મનથી કરવું, કરાવવું અને અનુમોદવું કઈ રીતે શક્ય છે ?

**ઉત્તર** :- જેમ વચન અને શરીરના યોગથી કરવું, કરાવવું વગેરે શક્ય છે તે રીતે મનથી પણ કરવું વગેરે શક્ય છે.

અથવા વચનયોગ અને કાયયોગ સ્વતંત્ર નહિ કિંતુ મનને પરાધીન હોવાથી વચન-કાયાથી કરવા વગેરેમાં મનથી પણ કરવા આદિનો સમાવેશ થઈ જાય છે. મનથી કરવું એટલે સપાપ યોગનું ચિંતન કરવું, એ પ્રમાણે વીતરાગ ભગવંતોએ કહ્યું છે.

મનથી કરાવવું એટલે 'અમુક વ્યક્તિ પાપ કરે' એ પ્રમાણે ચિંતવવું અને પાપ કરીને 'આ ઘણું સારું કર્યું' તે પ્રમાણે ચિંતવવું તે મનથી અનુમતિ કહેવાય !

एवं मृषावादादिविरमणेऽपि सप्तचत्वारिंशदधिकभङ्गशतसद्भावात् पञ्चस्वणुव्रतेषु सप्तशतानि पञ्चत्रिंशदधिकानि भङ्गकानां भवन्तीति । एतत्परिज्ञानेनैव श्रमणोपासकानामाजीवकोपासकेभ्य उत्कर्षात् प्रत्याख्यानविधानज्ञानं मुख्यविशेषणमुपात्तम् । तथा चोक्तं **भगवत्याम्**-[भा.२, श.८, उ. ५, सू. ३२९]

[४६]एते खलु एरिसगा समणोवासगा भवंति । णो खलु एरिसगा आजीविओवासगा भवंति ॥ त्ति

अत्र खल्वीदृशत्वनिषेध आजीवकोपासकानामुक्तार्थाऽपरिज्ञानाद्विवृत इति । तथा **आज्ञाशुद्धे**=शुद्धाज्ञाबहुमानगर्भिते **योगे**=आवश्यकानुष्ठाने वर्त्तमान आज्ञाभङ्गात् कृतान्तकोपादिव बिभ्यद् **देशचारित्री**= व्रतश्रावको भवति ॥ २४ ॥

४६ एते खलु एतादृशाः श्रमणोपासका भवन्ति । न खलु एतादृशा आजीविकोपासका भवन्तीति ॥

પ્રાણાતિપાતવિરમણ વ્રતમાં જે રીતે ૧૪૭ ભાંગાની નિષ્પત્તિ થાય છે તેજ રીતે મૃષાવાદ વિરમણ વગેરે વ્રતમાં પણ ૧૪૭, ૧૪૭ ભંગો નિષ્પન્ન થાય છે. પાંચ અણુવ્રતમાં ૧૪૭x૫=૭૩૫ ભંગો નિષ્પન્ન થાય. આ સમગ્ર ભાંગાઓનું પરિજ્ઞાન તે જ શ્રમણોપાસક અને આજીવક સંપ્રદાયના ઉપાસકો વચ્ચે મોટી ભેદરેખા રૂપ છે.

આજીવક ઉપાસકો કરતાં શ્રમણોપાસકોનો ઉત્કર્ષ બતાવવા માટે 'પચ્ચક્ખાણના પ્રકારોનો જ્ઞાતા' એવું મુખ્ય વિશેષણ પ્રસ્તુત મૂળ શ્લોકના પૂર્વાર્ધમાં યોજવામાં આવ્યું છે. શ્રી **ભગવતી સૂત્ર**માં કહ્યું છે કે 'આ પ્રકારના શ્રમણોપાસકો હોય છે પણ આજીવકઉપાસકો આ પ્રકારના હોતા નથી.' આ સૂત્રનાં વિવરણમાં 'આજીવક ઉપાસકો આ પ્રકારના હોતા નથી' એ અંશની વ્યાખ્યામાં હેતુરૂપે ૭૩૫ ભંગોનું અજ્ઞાન દર્શાવ્યું છે. શ્લોકના ઉત્તરાર્ધનું તાત્પર્ય એ છે કે જે શુદ્ધ આજ્ઞામાં બહુમાનપૂર્વક આવશ્યક અનુષ્ઠાનોમાં રચ્યોપચ્યો હોય અને જમરાજના ગુસ્સાની જેમ અર્થાત્ મોતની જેમ આજ્ઞાભંગથી ડરતો હોય તે દેશચારિત્રી એટલે કે વ્રતશ્રાવક કહેવાય. ॥ ૨૪॥

**[ सर्वविरतः ]**

અપુનર્બંધક આદિમાં ચોથા સર્વચારિત્રીનાં લક્ષણો ચોથા શ્લોકથી જણાવે છે.

**णाऊण परिहरंतो सव्वं सावज्जजोगमुज्जुत्तो ।**
**पंचसमिओ तिगुत्तो सव्वचरित्ती महासत्तो ॥ २५ ॥**

**શ્લોકાર્થ** :- સર્વસાવદ્ય યોગને જાણવાપૂર્વક ત્યાગ કરનાર, ઉપરોક્ત પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનું પાલન કરનાર, મહાસત્ત્વશાલી આત્મા સર્વચારિત્રી છે. ॥ ૨૫ ॥

**ज्ञात्वा** उपादेयशुद्धात्मस्वभावप्रतिपन्थ्यशुभोपयोगनिमित्ततया हेयत्वेन विविच्य **सर्वं**=स्थूल-विषयत्वाद् व्यवच्छेदेकवर्जितत्वेन निरवशेषम् **सावद्ययोगं**=प्राणातिपातादिपापव्यापारम् **परिहरन्**= त्रिविधं त्रिविधेन प्रत्याचक्षाणः, **उद्युक्तः**=स्वाभिलषितवनिताविशेषप्रासावान्तरालिकं शीतादिकष्टसहनं कामीव मुक्तौ दृढानुरागितया तत्प्रासावन्तरालिकमुपस्थितं परीषहोपसर्गचक्रमगणयन् मुक्त्युपाया-नुसरणे दृढाभ्यासवान्, तथा **पञ्चभिरीर्यादिभिः समितः तिसृभिर्मनोगुप्त्यादिभिर्गुप्तो** भवति **चारित्री**= सर्वविरतः, **महासत्त्वोऽ**मरनरपर्षदक्षोभ्याज्ञारुचित्वावगुण्ठितयोगस्थैर्यगुणवत्त्वात् ॥ २५ ॥

**(સર્વવિરતિની કઠોર સાધના)**

**તાત્પર્યાર્થ** :- 'આત્માનો શુદ્ધ સ્વભાવ એ જ ઉપાદેય છે તેના વિરોધી અશુભ ઉપયોગમાં કારણભૂત હોવાથી પ્રાણાતિપાત વગેરે પાપયોગ ત્યાજ્ય છે' આ પ્રમાણે પાપયોગનું સ્વરૂપ જાણીને સમગ્ર એટલે કે નિરવશેષ જેમાંથી કોઈ પણ પાપ બાકાત ન રહે તે પ્રકારનું, એટલે કે, સૂક્ષ્મ પાપોને બાકાત રાખનાર સ્થૂલવિષયત્વાદિવ્યવચ્છેદક-વિશેષણરહિત એવા સર્વસાવદ્ય-યોગનું ત્રિવિધ પચ્ચક્ખાણ અર્થાત્ પ્રતિજ્ઞાપૂર્વક ત્યાગ

કરનાર સર્વ ચારિત્રી છે. આ સર્વચારિત્રી મુક્તિના ઉપાયોને અનુસરવા દૃઢ અભ્યાસી હોય છે. જેમ કામી પુરુષને પોતાની પ્રેયસીમાં દૃઢ અનુરાગ હોય છે અને તેથી તેને પ્રાપ્ત કરવા માટે અધવચ્ચે ઠંડી-ગરમી વગેરે જે કાંઈ કષ્ટ સહન કરવું પડે તે બધું જ વેઠે છે તે જ રીતે સર્વ-ચારિત્રી મુક્તિમાં દૃઢ અનુરાગી હોવાથી મુક્તિ પ્રાપ્ત કરવા માટે વચગાળામાં ઉપસ્થિત થતા પરીષહ-કષ્ટ અને ઉપસર્ગોના સમૂહોને ગણકાર્યા વિના જ મુક્તિના ઉપાયોને અનુસરે છે.

તથા સર્વચારિત્રી પાંચ ઈર્યા વગેરે સમિતિ અને ત્રણ ગુપ્તિનું પાલન કરવામાં તત્પર હોય છે. ઈર્યાસમિતિ (=સાવધાનીપૂર્વક ચાલવું) ભાષાસમિતિ (=સાવધાનીપૂર્વક બોલવું) એષણાસમિતિ (=સાવધાનીપૂર્વક ઉપયોગી ચીજ પ્રાપ્ત કરવી) આદાન નિક્ષેપ સમિતિ (=કોઈ પણ ચીજ લેતાં કે મૂકતાં સાવધાની રાખવી) અને પરિષ્ઠાપનિકા સમિતિ (=બિનજરૂરી વસ્તુનો સાવધાનીપૂર્વક વિધિસર ત્યાગ કરવો) આ પાંચ સમિતિ કહેવાય છે. સમિતિ એટલે સ્વપરને અહાનિકર ચેષ્ટા. મનોગુપ્તિ (=અશુભ મનનો નિગ્રહ) વચન ગુપ્તિ (=વાણીનો નિગ્રહ), અને કાય ગુપ્તિ (=શારીરિક નિગ્રહ) આ ત્રણ ગુપ્તિ કહેવાય છે. ગુપ્તિ એટલે બિનજરૂરી અશુભ મન, વચન અને કાયાની પ્રવૃત્તિ ઉપર નિયંત્રણ. સર્વચારિત્રી આત્મા મહાસત્ત્વશાળી હોય છે. સત્ત્વશાળી તે કહેવાય કે જે અક્ષોભ્ય હોય અને અંગીકૃત કાર્યમાં નિશ્ચલ-અડગ હોય. સર્વચારિત્રી આત્મા દેવ-મનુષ્યની સભામાં પણ ક્ષોભ પામતો નથી, તેમજ જિનાજ્ઞામાં સંપૂર્ણપણે રુચિવાન હોય છે. તેના પ્રત્યેક સંયમ યોગો, આજ્ઞારુચિથી ઓતપ્રોત હોય છે, આજ્ઞારુચિગર્ભિત સંયમયોગોમાં તે પર્વત જેવો અડગ હોય છે. ॥ ૨૫ ॥

ભાવાજ્ઞાસંપાદનમાં અપુનર્બંધક આદિ જીવોની દ્રવ્યાજ્ઞા જે રીતે યોગ્ય છે તે પાંચમા શ્લોક (૨૬) થી કહે છે-

**एएसिं दव्वाणा भावाणाजणणजोग्गयाए उ ।**
**थोवावि हु जं सुद्धा बीआहाणेण पुण्णफला ॥ २६ ॥**

**શ્લોકાર્થ :-** આ આત્માઓની દ્રવ્યાજ્ઞા ભાવાજ્ઞાને જન્માવવાની લાયકાતવાળી હોવાના કારણે જ નાનકડી હોય તો પણ બીજાધાન શુદ્ધિ દ્વારા સંપૂર્ણ ફલદાયિની થાય છે. ॥ ૨૬ ॥

**एतेषा**मपुनर्बन्धकादीनां सर्वविरतपर्यन्तानाम्, **द्रव्याज्ञा**=स्वस्वोचितबाह्यानुष्ठानरूपा **भावाज्ञाजननयोग्यतया** तु, तुरेवकारार्थः, भावाज्ञाजननयोग्यतयैव नान्यथा, नन्वेवं भावाज्ञालाभात् प्रागपुनर्बन्धकस्य द्रव्याज्ञोपपत्तावपि तदुत्तरमविरतसम्यग्दृष्ट्यादीनां तदनुपपत्तिः सिद्धासिद्धावस्थयोः फलतद्योग्यतयोर्विरोधादित्याशंक्याह-**स्तोकापि**=अल्पापि, **यद्**=यस्मात्कारणात्, **बीजाधानेन शुद्धा** सती **पूर्णफला**=उत्कृष्टाज्ञाजननी भवत्याज्ञेति योगः । एवं चाविरतसम्यग्दृष्ट्यादीनाम-प्यनुत्कृष्टाज्ञासम्भवेप्युत्तरोत्तरोत्कृष्टाज्ञाजननान्न द्रव्याज्ञानुपपत्तिरिति भावः ॥ २६ ॥

**(ભાવાજ્ઞાસંપાદક દ્રવ્યાજ્ઞા)**

**તાત્પર્યાર્થ :-** અપુનર્બંધકથી સર્વવિરત સુધીના આત્માઓની દ્રવ્યાજ્ઞા એટલે કે પોતપોતાની દશાને ઉચિત બાહ્ય અનુષ્ઠાન રૂપ ક્રિયા ભાવાજ્ઞાજનનયોગ્ય હોય છે. તેથી જ ભાવાજ્ઞા સંપાદક થાય છે. જો તે ભાવાજ્ઞાજનનમાં યોગ્ય ન હોય તો પૂર્ણફલદાયક બને નહિ.

**શંકા :-** બાહ્ય અનુષ્ઠાનરૂપ દ્રવ્યાજ્ઞાથી અપુનર્બંધક જીવને ભવિષ્યમાં સમ્યગ્ દર્શન અને ચારિત્રરૂપ ભાવાજ્ઞાની પ્રાપ્તિ થતી હોવાથી તેની બાહ્યક્રિયા પ્રધાન દ્રવ્યાજ્ઞા સ્વરૂપ છે તે બરોબર છે, પરંતુ અવિરત સમ્યગ્દષ્ટિ, દેશ ચારિત્રી અને સર્વ ચારિત્રીની બાહ્ય અનુષ્ઠાન ક્રિયાને દ્રવ્યાજ્ઞા રૂપ કહેવી યુક્તિયુક્ત નથી. કારણ કે જો ભાવાજ્ઞા તે તે ગુણસ્થાનકમાં સિદ્ધ અવસ્થામાં જ હોય તો હવે પુનઃ ફળસિદ્ધિ વિરુદ્ધ છે, એટલે કે એકવાર ફળ આવી ગયા પછી પુનઃ ફળની પ્રાપ્તિ અસંભવિત છે. દા.ત. એકવાર જે આત્મા મુક્તિ પામ્યો તેની પુનઃ મુક્તિ અસંભવિત છે. અગર એમ કહેવામાં આવે કે ચોથા પાંચમા છઠ્ઠા ગુણસ્થાનકમાં ભાવાજ્ઞા સિદ્ધ થઈ નથી તો પણ, તે બાહ્ય અનુષ્ઠાન ભાવાજ્ઞાજનન-યોગ્યતાવિશિષ્ટદ્રવ્યાજ્ઞારૂપ માનવામાં વિરોધ છે. આશય એ છે કે ચોથા, પાંચમા અને છઠ્ઠા ગુણસ્થાનકમાં ભાવપ્રાપ્તિની સંપૂર્ણ સામગ્રી છે અને બાહ્ય અનુષ્ઠાન પણ છે, છતાં પણ ભાવાજ્ઞા અસિદ્ધ ત્યારે જ હોઈ શકે કે જ્યારે તે બાહ્ય અનુષ્ઠાન રૂપ દ્રવ્યાજ્ઞા પ્રધાન નહિ પણ અપ્રધાન હોય. દા.ત. મેળવણ મેળવ્યા પછી દહીં બનવાના પૂર્ણ સંયોગો હોવા છતાં પણ જો દહીં ન બને તો માનવું જોઈએ કે તે દૂધમાં દહીં બનવાની યોગ્યતાનો અભાવ છે. અર્થાત્ એ દૂધ લોટ અને પાણીના મિશ્રણ જેવું છે પણ વાસ્તવિક દૂધ નથી. એ જ રીતે ચોથા વગેરે ગુણસ્થાનકનું અસ્તિત્વ છે અને બાહ્ય અનુષ્ઠાન પણ છે તો ભાવાજ્ઞા હોવી જ જોઈએ.

**સમાધાન :-** અપુનર્બંધક વગેરેની થોડી પણ બાહ્ય ક્રિયા બીજાધાન દ્વારા શુદ્ધ હોવા સાથે ઉત્કૃષ્ટ કક્ષાની ભાવાજ્ઞાની સંપાદક છે માટે કોઈ વિરોધ નથી. આશય એ છે કે સમ્યગ્દષ્ટિ આદિને ભાવ સિદ્ધ હોવા છતાં પણ ફળ સાથે વિરોધ નથી કારણ કે સિદ્ધભાવ જઘન્ય કક્ષાનો છે જ્યારે ઉત્કૃષ્ટ ભાવાજ્ઞારૂપ ફળ તો હજુ સાધ્ય કોટિમાં છે, તેની સાધક હોવાથી સમ્યગ્દષ્ટિ વગેરેની બાહ્ય ક્રિયા પ્રધાન દ્રવ્યાજ્ઞા રૂપ માનવામાં વિરોધ નથી. નિષ્કર્ષ એ આવ્યો કે અવિરતસમ્યગ્દષ્ટિ આદિને દ્રવ્ય ક્રિયા સાથે અનુત્કૃષ્ટ આજ્ઞા રૂપ ભાવાજ્ઞા હોવા છતાં પણ ઉત્કૃષ્ટ આજ્ઞા રૂપ ભાવાજ્ઞા તાત્કાલિક ન હોવાથી ઉત્તરોત્તર તેનું સંપાદન કરવા દ્વારા તેની દ્રવ્યક્રિયા પણ પ્રધાન દ્રવ્યાજ્ઞા છે એમ કહેવું-એવો વ્યપદેશ કરવો એ યુક્તિયુક્ત છે. ॥ ૨૬ ॥

## ઉપદેશ ૮ - દ્રવ્યાજ્ઞાનું મહત્ત્વ અપરંપાર છે.

**अथ** भाव एव भावाभिवृद्धिहेतुः-सइ संजाओ भावो पायं भावंतरं तओ कुणइ[४७] ॥ इति [पंचाशक ३-११] वचनात् । जीवविशेषोत्कृष्टभावेऽनुत्कृष्टभावसञ्चयस्य हेतुत्वावधारणात्, अत एवामृते देहगतमात्रे देहसौष्ठवारोग्यादिकमिवान्तर्गतशुभभावसद्भाव एव भक्तिवृद्ध्यादिकम् अन्यैरप्युक्तम्, तदाह-[पंचाशक ३-१२]

[४८]अमए देहगए जह अपरिणयम्मि वि सुभा उ भावत्ति । तह मोक्खहेउ अमए अण्णेहि वि हंदि णिद्दिट्ठा ॥

द्रव्याज्ञोत्कर्षस्य तु न भावाज्ञोत्कर्षहेतुत्वम्, स्तोकाया अपि प्रणिधानशुद्धायास्तस्या भावोत्कर्षहेतुत्वात्, अत एव मासकल्पविहारादावत्यन्ताऽशक्तौ संस्तारपरावर्त्तादिनापि विशिष्टगुणलाभाऽप्रच्यवमुपदिशन्ति । तदाहुः-[उपदेशपदे]

[४९]संथारपरावत्तं अभिग्गहं चेव चित्तरूवं तु । एत्तो उ कुसलबुद्धी विहारपडिमादिसु करेंति ॥२२३॥

तथा च कथमपुनर्बन्धकादौ द्रव्याज्ञाविशेषस्तदविशेषेऽपि भावविशेषात् फलविशेषाऽविरोधादित्याशङ्क्याह-

### (ભાવથી જ ભાવ પ્રસૂતિ-શંકા)

**શંકા :-** "દ્રવ્યાજ્ઞાને ભાવાજ્ઞાના ઉત્કર્ષમાં હેતુ માનવામાં આવે છે તે બરોબર નથી. કારણ કે ભાવ જ ભાવની અભિવૃદ્ધિમાં હેતુ છે. **પંચાશક** શાસ્ત્રમાં કહ્યું છે કે-

'એકવાર ઉત્પન્ન થયેલો ભાવ ઘણું કરીને વિશિષ્ટ પ્રશસ્ત ભાવને ઉત્પન્ન કરે છે.'

જીવવિશેષને એટલે કે અપુનર્બંધક આદિ જીવોને ઉત્કૃષ્ટભાવની પ્રાપ્તિમાં સંચિત કરેલો અનુત્કૃષ્ટ ભાવ હેતુરૂપે પ્રસિદ્ધ છે, અને તેથી જ બીજાઓએ પણ કહ્યું છે કે-જેમ અમૃતની ધારા દેહમાં જવામાત્રથી દેહની સુંદરતા-આરોગ્ય વગેરે ઉત્પન્ન થાય છે તે જ રીતે આત્મામાં શુભ ભાવની સત્તા હોય તો જ, ભક્તિભાવ વગેરેમાં વૃદ્ધિ થાય છે.

**પંચાશક** શાસ્ત્રમાં બીજાઓનો આ મત જણાવતાં કહ્યું છે કે-

'જેમ અમૃત ધાતુઓ સાથે એકમેક ન થયું હોવા છતાં પણ દેહમાં પ્રવેશવા માત્રથી શરીરના શુભ પર્યાયને ઉત્પન્ન કરે છે તે જ રીતેં મોક્ષના હેતુભૂત (અપુનર્બંધક અવસ્થા ઉચિત શુભ ભાવ રૂપ) અમૃત પ્રાપ્ત થવાથી ભક્તિ વગેરે શુભ ભાવની વૃદ્ધિ થાય છે. આ પ્રમાણે પાતંજલ આદિ શાસ્ત્રકારોએ પણ કહ્યું છે.'

---

૪૭ सकृत्सञ्जातो भावः प्रायो भावान्तरं ततः करोति ॥

૪૮ अमृते देहगते यथाऽपरिणतेऽपि शुभास्तु भावा इति । तथा मोक्षहेतुरमृतेऽन्यैरपि हन्दि निर्दिष्टः ॥

૪૯ संस्तारपरावर्त्तं अभिग्रहं चैव चित्ररूपं तु । इतस्तु कुशलबुद्धिः विहारप्रतिमादिषु कुर्वन्ति ॥

શંકાનો નિષ્કર્ષ એ છે કે દ્રવ્યાજ્ઞાનો ઉત્કર્ષ ભાવાજ્ઞાઉત્કર્ષમાં હેતુભૂત નથી, કિંતુ પ્રણિધાનવિશુદ્ધ અલ્પ પણ ભાવાજ્ઞા એ જ ભાવના ઉત્કર્ષમાં હેતુ છે. માટે જ સાધુને માસકલ્પ વિહાર કરવાની શક્તિ અત્યંત ક્ષીણ થઈ ગઈ હોય તો સ્થાનનું પરાવર્તન કરવા વગેરે દ્વારા પણ વિશિષ્ટ ગુણનો લાભ અબાધિત રહે છે. **ઉપદેશ પદ** શાસ્ત્રમાં કહ્યું છે કે- 'એટલા માટે જ (અલ્પ પણ ઉચિત પ્રવૃત્તિ સંપૂર્ણ અનુષ્ઠાન સાધક હોવાના કારણે જ ) નિપુણ બુદ્ધિ સાધુઓ વિહાર અને પ્રતિમા-(વિશેષ પ્રકારનો કાયોત્સર્ગ) વગેરેમાં *સંસ્તારક પરાવર્તન રૂપ વિચિત્ર અભિગ્રહનું પાલન કરે છે.' જો હકીકત આ રીતે છે તો પછી અપુનર્બંધક આદિને વિશેષ પ્રકારની દ્રવ્યાજ્ઞા હોય છે એમ કહેવાનો શો અર્થ ? કારણ કે દ્રવ્યાજ્ઞા સામાન્ય હોય કે વિશેષ હોય, વિશેષ પ્રકારનું ફળ વિશેષ પ્રકારના ભાવથી જ પ્રાપ્ત થવામાં કોઈ વિરોધ નથી." - ઉપરોક્ત સમસ્ત શંકાનું સમાધાન આ પ્રમાણે છે-

**जइवि हु आयसभावे भावे परिणामिकारणं भावो ।**
**बीआहाणविसुद्धा तहवि णिमित्तं खु दव्वाणा ॥ २७ ॥**

**શ્લોકાર્થ** :- યદ્યપિ આત્મસ્વભાવ સ્વરૂપ ભાવ જ ભાવનું પરિણામી કારણ છે તો પણ બીજાધાનવિશુદ્ધ દ્રવ્યાજ્ઞા ભાવમાં નિમિત્ત રૂપ છે. ॥ ૨૭ ॥

**यद्यपि, आत्मस्वभावे**=द्रव्यार्थतया तादात्म्यवृत्तिमजहति भावे **परिणामिकारणं भाव** एव, घटं प्रति मृत्पिण्डस्येव कार्यरूपतया परिणमतः कारणस्य परिणामिकारणत्वात्, न तु द्रव्याज्ञा, कायपुद्गलादिपरिणामरूपायास्तस्या भावपरिणत्ययोगात्, औदयिकी हि सा क्षायोपशमिकश्च भाव इत्यनयोः परिणामिपरिणामकभावो दूरोत्सारित एव । **तथापि 'खु'** इति निश्चये, **बीजाधानविशुद्धा द्रव्याज्ञा निमित्तं**=निमित्तकारणम् । इत्थमपि ह्यस्या उत्कर्ष उपपद्यत एव, निश्चयतो बीजाधानेनान्ततो व्यक्तिविशेषरूपस्यैवातिशयस्य जननात्, उत्कृष्टफलाऽजनकरूपपरित्यागं विनोत्कृष्टफलजनकत्वा-नुपपत्तेः, उत्कर्षाक्षेपकत्वाच्च । अत एव घटादिविशेषे दण्डादिविशेषोऽपीष्यत एव, कुर्वद्रूपत्वेन हेतुत्वात् । अस्तु वा बीजाधानमेव द्रव्याज्ञायां विशेषः, बीजाधानविशिष्टक्रियात्वेनैव शुद्धभाव-हेतुत्वात्तद्विशेषस्य च भावविशेषादेवोपपत्तेः, क्रियायामपि तत्सम्बन्धादेव विशिष्टत्व-व्यवहारोपपत्तेरित्यन्यत्र विस्तरः ॥ २७ ॥

* સંથારા પરાવર્ત્તનનો આશય એ છે કે સાધુને એક સ્થાને વર્ષાકાળ સિવાય એક માસથી અધિક રહેવાનું હોતું નથી, પરંતુ કાળદોષથી અથવા ક્ષેત્રદોષથી જ્ઞાનાદિવૃદ્ધિ થવાની શક્યતા બીજી રીતે ન હોય ત્યારે વર્ષોપર્યન્ત એક જ ગામમાં રહેવું પડે તો તે ગામના નવ વિભાગ પાડીને એક એક વિભાગમાં એક એક માસ પૂરો કરી બીજા વિભાગમાં જાય અર્થાત્ આવાસનું પરાવર્ત્તન કરે. કદાચ એવી શક્યતા ન હોય તો છેવટે એક જ આવાસમાં નવ વિભાગ પાડીને પોતાની બેઠકનું વારાફરતી પરાવર્ત્તન કરે. તેને શાસ્ત્રમાં સંસ્તારક પરાવર્ત્તન કહેવામાં આવે છે. આ રીતે પણ માસકલ્પની આરાધના અપૂર્ણ રહી જતી નથી.

**(દ્રવ્યાજ્ઞા પ્રબળ નિમિત્તકારણ છે)**

**તાત્પર્યાર્થ :-** દ્રવ્યાર્થિક નયની દૃષ્ટિએ આત્મા અને ભાવ વચ્ચે તાદાત્મ્ય સંબંધ છે, એટલે આત્મસ્વભાવથી ભિન્નતા ન ધરાવનાર જે ભાવ છે તેનું પરિણામી કારણ ભાવ જ હોઈ શકે. દા.ત. ઘટનું પરિણામી કારણ માટીનો પિંડ જ છે. જે કારણ ઉત્તર કાળમાં કાર્ય સ્વરૂપે પરિણમે તે જ પરિણામી કારણ કહેવાય છે. દ્રવ્યાજ્ઞા ભાવ રૂપે પરિણમવાને લાયક જ નથી, કારણ કે દ્રવ્યાજ્ઞા એટલે બાહ્ય અનુષ્ઠાન અને તે શારીરિક પુદ્ગલોના પરિણામસ્વરૂપ છે. ચેતનના ભાવરૂપ=પર્યાયરૂપ નથી. કાયાકાર પુદ્ગલ પરિણામ (=દ્રવ્યાજ્ઞા) કર્મના ઉદયથી નિષ્પન્ન થતો હોવાથી ઔદયિકભાવ રૂપ છે જ્યારે મોક્ષપ્રાપક શુભભાવ ક્ષાયોપશમિક (અથવા ક્ષાયિક) ભાવ સ્વરૂપ છે એટલે તે બે વચ્ચે પરિણામી-પરિણામ ભાવ અર્થાત્ દ્રવ્યાજ્ઞા પરિણામી અને ભાવાજ્ઞા તેનો પરિણામ આ જાતના સંબંધની સંભાવના નથી.

**(બીજાધાન ભાવસંપત્તિનું દ્વાર બને છે)**

દ્રવ્યાજ્ઞા ઉપરોક્ત રીતે ભાવમાં પરિણામીકારણ ન હોવા છતાં પણ બીજાધાનથી વિશુદ્ધ દ્રવ્યાજ્ઞા શુદ્ધ ભાવમાં નિમિત્ત કારણ હોઈ શકે છે. તેથી નિમિત્ત કારણરૂપ દ્રવ્યાજ્ઞા દ્વારા ભાવાજ્ઞાનો ઉત્કર્ષ થવો યુક્તિયુક્ત જ છે. યુક્તિ એ છે કે દ્રવ્યાજ્ઞા દ્વારા બીજાધાન થાય છે અને અંતે વિશેષ પ્રકારની ભાવવ્યક્તિ રૂપ અતિશયને અવશ્ય ઉત્પન્ન કરે છે. જ્યાં સુધી દ્રવ્યાજ્ઞામાં ઉત્કૃષ્ટફળઅજનકતા રૂપ નિષ્ક્રિયતા છે તે ખંખેરાઈ જાય નહિ ત્યાં સુધી ઉત્કૃષ્ટફળજનકતા રૂપ સક્રિયતા પણ અશક્ય હોવાથી ભાવાજ્ઞા સ્વરૂપ ઉત્કર્ષ પ્રાપ્ત કરવા માટે દ્રવ્યાજ્ઞાને પણ ઉત્કૃષ્ટતાની શ્રેણીમાં આવવું પડે છે. કાર્યના ઉત્કર્ષમાં કારણનો ઉત્કર્ષ હેતુભૂત હોવાથી જ વિશિષ્ટ પ્રકારના ઘટ વગેરે ઉત્પન્ન કરવા માટે વિશિષ્ટ પ્રકારની દંડ આદિ સામગ્રી પણ ઇચ્છવામાં આવે છે. કારણ કે, પ્રત્યેક કારણ સક્રિયપણે જ ફળજનક બને છે. સારાંશ એ છે કે ઉત્કૃષ્ટફળજનકતા રૂપ વિશેષથી વિશિષ્ટ દ્રવ્યાજ્ઞા ઉત્કૃષ્ટભાવાજ્ઞા-સંપાદનમાં નિમિત્ત છે. અથવા બીજનું આધાન એજ દ્રવ્યાજ્ઞામાં વિશેષ રૂપ છે કારણ કે બીજાધાન રૂપ વિશેષથી વિશિષ્ટ દ્રવ્યક્રિયા જ શુદ્ધભાવમાં હેતુ છે. માત્ર ક્રિયા શુદ્ધ ભાવમાં હેતુ નથી. વિશિષ્ટ પ્રકારની ક્રિયાની ઉત્પત્તિ પણ ભાવ વિના થતી નથી. કારણ કે અમુક ક્રિયા વિશિષ્ટ પ્રકારની છે એવો વ્યવહાર પણ તે ક્રિયા ભાવપૂર્વકની હોવાથી જ થાય છે. તાત્પર્ય એ છે કે સામાન્ય ક્રિયાથી સામાન્ય ભાવ પ્રાપ્ત થાય છે, સામાન્ય ભાવથી ક્રિયા વિશુદ્ધ બને છે, વિશુદ્ધ બનેલી તે ક્રિયાથી વળી વિશુદ્ધ કોટીના ભાવ ઉત્પન્ન થાય છે. અન્ય ગ્રંથોમાં આ વિષયનો વધુ વિસ્તાર કર્યો છે. ॥ ૨૭ ॥

बीजाधानेनैव द्रव्याज्ञाया भावाज्ञाजननयोग्यत्वमित्युक्तम्, अतो बीजाधानस्वरूपमेव निरूपयति-

પૂર્વ શ્લોકમાં બીજાધાનના માધ્યમે જ દ્રવ્યાજ્ઞા ભાવાજ્ઞા ઉત્પન્ન કરવામાં યોગ્ય છે એમ દર્શાવ્યું, તેમાં બીજાધાનનું સ્વરૂપ આ પ્રમાણે છે-

**बीआहाणं इहइं भावाणाए उ होइ बहुमाणो ।**
**तक्कारणेवि अत्था जं दव्वथओ वि सदणुमओ ॥ २८ ॥**

**શ્લોકાર્થ :-** 'પ્રસ્તુતમાં બીજાધાન એટલે ભાવાજ્ઞામાં બહુમાન હોવું. અર્થાત્ ભાવાજ્ઞાના કારણભૂત દ્રવ્યાજ્ઞાનું પણ બહુમાન હોવું. કારણ કે દ્રવ્યસ્તવ પણ સત્ પુરુષોને અભિમત છે.' ॥૨૮॥

**बीजाधानम् 'इहइं'** ति अत्र प्रक्रमे, **भावाज्ञायास्तु,** तुरेवकारार्थः, भावाज्ञाया एव भवति **बहुमानः**= उपादेयत्वज्ञानरूपश्रद्धाजनितः प्रमोदोऽनुमोदनाख्यः, शालिमुद्गादिबीजवपनं विना सुवृष्टेरपि क्षेत्रे शस्यस्येव एनं विना हेतुसहस्रादप्यात्मनि धर्मोत्पत्तेरयोगात्, यदाह-[उपदेशपदे]

[50]अकए बीजक्खेवे जहा सुवासे वि न भवई सस्सं ।
तह धम्मबीयविरहे न सुस्समाए वि तस्सस्सं ॥ २२४ ॥

## (ભાવાજ્ઞાનું બહુમાન તે બીજાધાન)

**તાત્પર્યાર્થ :-** દ્રવ્યાજ્ઞા જે બીજાધાન દ્વારા ભાવાજ્ઞાનું કારણ બને છે તે બીજાધાન પ્રસ્તુત પ્રકરણમાં ભાવાજ્ઞા પ્રત્યેના બહુમાનસ્વરૂપ અભિમત છે. ઉપાદેયપણાની બુદ્ધિ રૂપ જે શ્રદ્ધા, તે શ્રદ્ધાથી ઉત્પન્ન થતો અનુમોદના નામનો હર્ષ, તે બહુમાન છે. જેમ ડાંગર, મગ વગેરેના બીજનું વાવેતર ન કર્યું હોય તો વૃષ્ટિ ગમે તેટલી સારી થાય તો પણ ખેતરમાં ધાન્યોત્પત્તિ થતી નથી, તેમ ભાવાજ્ઞાના બહુમાન વિના બીજા હજારો હેતુ વિદ્યમાન હોવા છતાં પણ જ્ઞાન-દર્શન-ચારિત્ર રૂપ ધર્મની ઉત્પત્તિ થતી નથી.

**ઉપદેશપદ શાસ્ત્ર**માં પણ આ પ્રમાણે જ કહ્યું છે-'બીજ વાવ્યા વિના વૃષ્ટિ સારી થવા છતાં પણ જેમ ધાન્યોત્પત્તિ થતી નથી તેમ ધર્મબીજના વિરહમાં સુષમકાળમાં પણ ધર્મરૂપ ધાન્યની ઉત્પત્તિ થતી નથી."

'સુષમા'-એક પ્રકારનો કાળવિભાગ છે, જે કાળવિભાગમાં તીર્થંકરોનાં જન્મ વગેરે કલ્યાણકોના મહોત્સવો ઉજવાય છે તે કાળને સુષમા કહેવાય છે. ('સુંદર સમા એટલે કે વર્ષ' આટલો જ અર્થ અહીં વિવક્ષિત છે એટલે પારિભાષિક બીજા આરાનો કાળ સમજવો નહીં.)

---

૫૦ अकृते बीजक्षेपे यथा सुवर्षायामपि न भवति शस्यम् । तथा धर्मबीजविरहे न सुषमायामपि तत्शस्यम् ॥

यद्यपि शास्त्रान्तरेऽन्यान्यपि धर्मबीजानि पठितानि, तथाहि-[योगदृष्टि०]

"जिनेषु कुशलं चित्तं तन्नमस्कार एव च । प्रणामादि च संशुद्धं धर्मबीजमनुत्तमम् ॥२२॥
उपादेयधियात्यन्तं संज्ञाविष्कम्भणान्वितम् । फलाभिसन्धिरहितं संशुद्धं चैतदीदृशम् ॥२५॥
आचार्यादिष्वपि ह्येतद्विशुद्धं भावयोगिषु । वैयावृत्त्यं च विधिवच्छुद्धाशयविशेषतः ॥२६॥
भवोद्वेगश्च सहजो द्रव्याभिग्रहपालनम् । तथा सिद्धान्तमाश्रित्य विधिना लेखनादि च ॥२७॥
***रचना** पूजना दानं श्रवणं वचनोद्ग्रहः । प्रकाशनाथ स्वाध्यायश्चिंतना भावनेति च ॥२८॥
दुःखितेषु दयात्यन्तमद्वेषो गुणवत्सु च । औचित्यासेवनं चैवं सर्वत्रैवाविशेषतः ॥३२॥" इत्यादि ।

## (૧૯ યોગબીજનો સંચય)

યોગદૃષ્ટિસમુચ્ચયમાં બીજા પણ ધર્મબીજો કહ્યાં છે, તે આ પ્રમાણે-

[1]જિનેશ્વર દેવના વિષયમાં કુશળ ચિત્ત, તેઓને (વાચિક) નમસ્કાર, અને, કાયિક પ્રણામ વગેરે શુદ્ધ કક્ષાનું શ્રેષ્ઠ બીજ છે. ઉપાદેયપણાની બુદ્ધિથી અત્યંત ગર્ભિત હોય, આહાર આદિની સંજ્ઞા (=ઝંખના)ને રોકનાર હોય અને ફળાકાંક્ષાથી શૂન્ય હોય તે ધર્મબીજ શુદ્ધ કક્ષાનું કહેવાય. [2]ભાવયોગી આચાર્ય વગેરેમાં પણ વિશુદ્ધ પ્રકારનું કુશળ ચિત્ત વગેરે તથા વિશિષ્ટ પ્રકારના શુદ્ધ આશય ગર્ભિત અને વિધિયુક્ત વૈયાવચ્ચ (=સેવા) એ પણ ધર્મબીજ છે, [3]સંસાર પ્રત્યે સહજ અરુચિ, [4]દ્રવ્ય અભિગ્રહોનું પાલન, અને [5]વિધિપૂર્વક શાસ્ત્રોને લખાવવાં વગેરે કૃત્ય પણ ધર્મબીજ છે. 'વગેરે' શબ્દથી [6]શાસ્ત્ર રચાવવું, [7]તેની પૂજા કરવી, [8]શ્રમણોને તેનું દાન કરવું, [9]તેઓની પાસે તેનું શ્રવણ કરવું, [10]જાતે વાંચવું, [11]વિધિપૂર્વક તેનું ગ્રહણ કરવું, [12]ભવ્યજીવો સમક્ષ તેનાં અર્થનું પ્રકાશન (પ્રજ્ઞાપન) કરવું, [13]સ્વાધ્યાય કરવો, [14]ચિંતન કરવું અને [15]ભાવના ભાવવી ઇત્યાદિ અભિપ્રેત છે. [16]તેમજ દુઃખીઓ પ્રત્યે અત્યંત દયા, ગુણવાનોમાં અદ્વેષ, અને સામાન્યતઃ સર્વ કર્તવ્યોમાં ઔચિત્યનું પાલન આ પણ ધર્મબીજ છે.

तथाप्यत्र मुख्यत्वादव्यभिचारित्वाच्च भावाज्ञाबहुमान एव गृहीतः । अत **एवोपदेशपदे**ऽपि, बीजाधानार्थिनामतिशयेनात्रैव प्रयत्नः कर्तव्यतयोपदिष्टः । तदुक्तम्-[उपदेशपदे]

[51]ता एअम्मि पयत्तो ओहेणं वीयरागवयणम्मि । बहुमाणो कायव्वो धीरेहिं, कयं पसंगेणं ॥२३४॥

अत्र '**ओघेन**=सामान्येन **वीतरागवचने**=वीतरागप्रतिपादितेऽपुनर्बन्धकचेष्टाप्रभृत्ययोगिकेवलिपर्यवसाने तत्तच्छुद्धसामाचारे, **बहुमानो**=भावप्रतिबन्धः क्षयोपशमवैचित्र्यात्मृदुमध्याधिमात्रः कर्त्तव्यः' इति विवृतम् ।

---

* 'लेखना पूजना' इति यो. दृ. समुच्चये

५१ तस्मात् एतस्मिन् प्रयत्नः ओघेन वीतरागवचने । बहुमानः कर्त्तव्यो धीरैः कृतं प्रसंगेन ॥

## (બહુમાનનું પ્રાધાન્ય)

યદ્યપિ ઉપરોક્ત બધા ધર્મબીજ છે તો પણ પ્રસ્તુત શ્લોકમાં ભાવાજ્ઞાબહુમાનને જ ધર્મબીજ દર્શાવવામાં આવ્યું છે કારણ કે તે મુખ્ય છે અને અવશ્ય સ્વકાર્યસાધક છે. આ હેતુથી **ઉપદેશપદ**માં પણ બીજાધાનના અર્થીઓને બહુમાનમાં જ અતિશય પ્રયત્ન કરવાનું ફરમાવ્યું છે. કહ્યું છે કે-'તેથી (બીજાધાનનું ઘણું મહત્ત્વ હોવાથી) તેમાં જ ધીર પુરુષોએ પ્રયત્ન કરવા યોગ્ય છે. ધીર પુરુષોએ સામાન્યતઃ વીતરાગના વચનમાં જ બહુમાન રૂપ પ્રયત્ન કરવો જોઈએ. પ્રાસંગિક વાત પૂર્ણ થઈ.' આ શ્લોકની વ્યાખ્યા આ પ્રમાણે કરવામાં આવી છે-'સામાન્યતઃ વીતરાગના વચનમાં' એટલે કે વીતરાગ કથિત સમગ્ર અપુનર્બંધકની ક્રિયાથી માંડીને અયોગી કેવલી સુધીના તે તે શુદ્ધ અને સમ્યગ્ આચારમાં બહુમાન એટલે કે વિચિત્ર ક્ષયોપશમથી અલ્પ, મધ્ય કે અધિક માત્રા યુક્ત ભાવનું અનુસંધાન કરવું જોઈએ."

भावाज्ञाया एव बहुमानस्य बीजाधानत्वे तद्योग्यद्रव्याज्ञाया अपि बहुमानस्य व्यवच्छेदप्रसङ्ग-भयादाह-**तत्कारणेऽपि**=भावाज्ञाकारणेऽपि, **अर्थात्**=इष्टोपायत्वात् बहुमानो बीजाधानं भवतीति योगः । **यद्**=यस्मात्, द्रव्यस्तवोऽपि पुष्पादिना भगवत्पूजादिलक्षणो गृहिणामाचारोऽपि, **सतां**= तीर्थकरादीनामनुमतोऽनुमोदनाविषयः। तदिदमाह-[६ पंचाशके ३३-३४]

[५२]जो चेव भावलेसो सो चेव य भगवओ बहुमओ उ । ण तओ विणेयरेणं ति अत्थओ सो वि एमेव ॥

[५३]कज्जं इच्छंतेण अणंतरं कारणं पि इट्ठं तु ।
जह आहारजतित्त इच्छंतेणेह आहारोत्ति [पंचवस्तु १२१५-१६] ॥ २८ ॥

**શંકા** :- ભાવાજ્ઞાનું જ બહુમાન બીજાધાનસ્વરૂપ હોય તો ભાવોત્પાદક દ્રવ્યાજ્ઞાના બહુમાનનો ઉચ્છેદ થશે. આ શંકાના **સમાધાન** માટે મૂળ શ્લોકના ઉત્તરાર્ધમાં કહ્યું છે કે- ભાવાજ્ઞામાં જ બહુમાન સૂચક કથનનો ઐદંપર્યાર્થ વિચારતા દ્રવ્યાજ્ઞા એ ભાવાજ્ઞા રૂપ ઇષ્ટનો ઉપાય હોવાથી તેનું બહુમાન પણ બીજાધાન સ્વરૂપ છે, એ ફલિત થાય છે.

**પંચવસ્તુ** શાસ્ત્રમાં કહ્યું છે કે-(પૂર્વપક્ષઃ) દ્રવ્યસ્તવમાં રહેલો આંશિક ભાવ જ ભગવાનને સંમત છે. (નહિ કે દ્રવ્યસ્તવ). સિદ્ધાન્તપક્ષ :- આંશિક ભાવ પણ દ્રવ્યસ્તવ વિના અસિદ્ધ હોવાથી દ્રવ્યસ્તવ પણ ભગવાનને સંમત છે. કાર્યાર્થીને અનંતર કારણ પણ ઇષ્ટ જ હોય છે. દા.ત. ભોજનજન્યતૃપ્તિના અર્થીને ભોજન'

---

५२ यश्चैव भावलेशः स एव च भगवतो बहुमतस्तु । न तको विनेतरेणेत्यर्थतः सोऽप्येवमेव ॥

५३ कार्यमिच्छता अनन्तरं कारणमपि इष्टं तु । यथाहारजतृप्तिमिच्छतेह आहार इति ॥

## ઉપદેશ ૯ - દ્રવ્યસ્તવ આદરણીય છે

द्रव्यस्तवस्य सदनुमतत्वमेव तन्त्रगर्भयुक्त्योपपादयन्नाह-

દ્રવ્યસ્તવ સત્ પુરુષોને અનુમત છે એની સિદ્ધિમાં શાસ્ત્રગર્ભિત યુક્તિ આ પ્રમાણે છે-

**एयं च णेयमेवं विसए अणिसेहओ जिणिंदस्स ।**
**चेइअपूअणवत्तियकाउस्सग्गा य साहूणं ॥ २९ ॥**

**શ્લોકાર્થ :-** આ દ્રવ્યસ્તવમાં સત્ પુરુષોની સંમતિ બરાબર છે, કારણ કે તેના વિષયરૂપ દ્રવ્યસ્તવનું જિનેન્દ્રોએ નિવારણ કર્યું નથી અને સાધુઓને પણ ચૈત્યની પૂજાથી સંપાદ્ય લાભ મેળવવા માટે કાયોત્સર્ગ કરવાનું કહ્યું છે. ॥ ૨૯ ॥

**एतच्च**=द्रव्यस्तवस्य सदनुमतत्वम्, **एवं**=इत्थमेव **ज्ञेयं** नान्यथा, कुत इत्याह-**विषये**= बल्युपहारादौ जिनप्रासादादौ च विधेये राज-राजामात्यभरतादौ योग्यप्रज्ञाप्ये **जिनेन्द्रस्य**=तीर्थकृतः, **अनिषेधाद्**= अनिवारणात् । इत्थं चात्रायं प्रयोगो द्रष्टव्यः-'द्रव्यस्तवो भगवदनुमतिविषयः, योग्यप्रज्ञाप्ये भगवदनिवारितत्वात्, यन्नैव तन्नैवम्, यथा कामादयः' । जमालिविहारादावनेकशः पृष्टस्यापि भगवतस्तूष्णीम्भावेन व्यभिचारपरिहारार्थं 'योग्यप्रज्ञाप्ये' इति विशेषणम्, यदि च भगवानेनं नान्वमोदयिष्यत्तदा निराकरिष्यत्, अन्यथाऽयोग्ये निषेध्यमनिषेध्योपदेशान्तरदाने तदनुमतिप्रसङ्गात्, इत्थमेव सर्वविरतिमनुद्दिश्य प्रथमत एव देशविरतिपथोपदेशे क्रमभङ्गव्यवस्थितेः इति विपक्षबाधकस्तर्कः । तददमाह-[६ पंचाशके ३१ । पंचवस्तु १२१३]

[54]ओसरणे बलिमादी ण चेह जं भगवया वि पडिसिद्धं ।
ता एस अणुण्णाओ उचिआणं गम्मती तेण ॥ तथा-

[६ पंचाशके ३५-३६] [पंचवस्तु-१२१७-१८]

[55]जिणभवणकारणादि वि भरहाईण ण निवारिअं तेणं ।
जह तेसिं चिय कामा सल्लविसादीहिं णाएहिं ॥
[56]ता तं पि अणुमयं चिय अप्पडिसेहाउ तंतजुत्तीए ।
इय सेसाण वि एत्थं अणुमोअणमाइ ण विरुद्धं ॥

### (સમવસરણમાં બલિઉપહારનો અનિષેધ)

**તાત્પર્યાર્થ :-** આ દ્રવ્યસ્તવ સત્પુરુષોને અનુમત છે એમ જે પૂર્વે કહ્યું છે તેમાં મીનમેખ ફેર નથી તેનું કારણ આ પ્રમાણે છે-તીર્થંકર ભગવાને લાયક અને સુખબોધ્ય રાજા કે મંત્રી

---

૫૪ अवसरणे बल्यादि न चेह यद्भगवतापि प्रतिषिद्धम् । तस्मादेषोऽनुज्ञात उचितानां गम्यते तेन ॥

૫૫ जिनभवनकारणाद्यपि भरतादीनां न निवारितं तेन । यथा तेषामेव कामाः शल्यविषादिभिर्ज्ञातैः ॥

૫૬ तस्मात् तदप्यनुमतं चैव अप्रतिषेधात्तन्त्रयुक्त्वा । इति शेषाणामपि अत्र अनुमोदनादि न विरुद्धम् ॥

દ્વારા સમવસરણમાં કરવામાં આવતા બલિના ઉપહાર વગેરેનો ક્યારેય નિષેધ કર્યો નથી. તેમજ ભરત ચક્રવર્તી વગેરેએ બનાવેલા જિનમંદિરોના નિર્માણનો પણ નિષેધ કર્યો નથી. આ પ્રસંગે પંચાવયવી અનુમાન વાક્યનો પ્રયોગ આ પ્રમાણે છે-દ્રવ્યસ્તવ ભગવાનને સંમત છે, કારણ કે યોગ્ય અને પ્રજ્ઞાપ્ય વ્યક્તિઓ સમક્ષ પણ ભગવાને તેનો નિષેધ કર્યો નથી, જે ભગવાનને સંમત ન હતું તેનો યોગ્ય અને પ્રજ્ઞાપ્ય જીવો સમક્ષ ભગવાને અનિષેધ કર્યો નથી કિંતુ નિષેધ જ કર્યો છે, દા.ત. કામભોગ વગેરે. દ્રવ્યસ્તવનો ભગવાને યોગ્ય અને પ્રજ્ઞાપ્ય વ્યક્તિ સમક્ષ પણ નિષેધ કર્યો નથી, માટે તે ભગવાનને સંમત છે.

**(યોગ્ય-પ્રજ્ઞાપ્ય વિશેષણોની સાર્થકતા)**

પ્રસ્તુત અનુમાન પ્રયોગમાં જો 'યોગ્ય' 'પ્રજ્ઞાપ્ય' એવું વિશેષણ હેતુમાં ત્યજી દેવામાં આવે તો અનૈકાન્તિક દોષ લાગે, કારણ કે જમાલિને વિહાર કરવામાં ભાવિ અનિષ્ટ હોવાના કારણે ભગવાનની સંમતિ ન હતી, પણ યોગ્યતાના અભાવે ભગવાને તેનો નિષેધ પણ કર્યો ન હતો, એટલે 'ભગવાને નિષેધ કર્યો ન હોવાથી' આટલો જ હેતુપ્રયોગ કરવામાં આવે તો અનુમાન દૂષિત થાય. પ્રસ્તુત અનુમાનમાં તર્ક એ છે કે 'જો દ્રવ્યસ્તવ ભગવાનને સંમત ન હોત તો યોગ્ય અને પ્રજ્ઞાપ્ય આત્માઓ આગળ ભગવાને તેનો અવશ્ય નિષેધ કર્યો હોત.' કદાચ અહીં એવી વિપક્ષની શંકા કરવામાં આવે કે ભગવાને યોગ્ય અને પ્રજ્ઞાપ્ય સમક્ષ ભલે દ્રવ્યસ્તવનો નિષેધ ન કર્યો હોય તો પણ તે ભગવાનને અસંમત છે એમ માનવામાં કોઈ બાધક તર્ક છે ? તો તેવી વિપક્ષની શંકામાં બાધક તર્ક આ પ્રમાણે છે-જો યોગ્ય આત્મા સમક્ષ નિષેધ કરવાયોગ્ય ક્રિયાનો નિષેધ કર્યા વિના જ ભગવાન બીજા વિષયના ઉપદેશમાં પ્રવૃત્ત થાય તો યોગ્ય સમક્ષ નિષેધ્યનો નિષેધ ન કરવાને કારણે તેમાં સંમતિનો અનિષ્ટ પ્રસંગ ઊભો થાય. આ બાબત પરથી સિદ્ધ થાય છે કે નિષેધ્ય ક્રિયાનો યોગ્ય વ્યક્તિ સમક્ષ ભગવાન નિષેધ કર્યા વિના રહે નહિ. દ્રવ્યસ્તવનો નિષેધ ન કર્યો હોવાથી તેમાં ભગવાનની સંમતિ સિદ્ધ થાય છે. માટે જ તો સર્વવિરતિનો ઉપદેશ કર્યા વિના પહેલેથી જ દેશવિરતિ માર્ગનો ઉપદેશ કરવામાં શાસ્ત્ર પ્રસિદ્ધ ક્રમનું ઉલ્લંઘન થવાની વ્યવસ્થા અર્થાત્ આપત્તિ બતાવી છે. તાત્પર્ય એ છે કે સાધુધર્મનો ઉપદેશ કર્યા વિના પહેલેથી જ શ્રાવકધર્મનો ઉપદેશ કરનારને સ્થાવરકાયની હિંસામાં સંમતિનો દોષ લાગે છે. **પંચવસ્તુ** અને **પંચાશક** શાસ્ત્રમાં કહ્યું છે કે-"સમવસરણમાં બલિનો ઉપહાર વગેરે કરવાનો નિષેધ ભગવાને પણ કર્યો નથી, તે કારણે બલિ આદિ કરવારૂપ-દ્રવ્યસ્તવ તદ્‌યોગ્ય ગૃહસ્થોની અપેક્ષાએ ભગવાનને સંમત હતો તે જણાઈ આવે છે. તથા, ભગવાને ભરત ચક્રવર્તી વગેરેને જિનમંદિર બંધાવવા વગેરેનો નિષેધ પણ કર્યો નથી, જ્યારે તે જ ભરત વગેરેને "કામભોગ શલ્ય છે, ઝેર છે, દંષ્ટ્રાવિષ સાપ સમાન છે, કામ ભોગને ઇચ્છનારાઓ ઇચ્છા

પૂરી થયા વિના જ દુર્ગતિમાં જાય છે" આમ કહીને હાનિ દર્શાવવા દ્વારા કામભોગનો નિષેધ કર્યો છે' આ રીતે જિનમંદિરનિર્માણ વગેરેનો નિષેધ કર્યો ન હોવાથી શાસ્ત્રીય યુક્તિથી તેમાં ભગવાનની સંમતિ પ્રકટ થાય છે. શાસ્ત્રીય યુક્તિ આ પ્રમાણે છે-'જો તે પણ ભગવાનને અસંમત હોત તો કામભોગના નિષેધ મુજબ જિનમંદિરનિર્માણ વગેરેનો પણ નિષેધ ભરત ચક્રવર્તી વગેરેને કર્યો હોત. આ જ યુક્તિથી માત્ર ભગવાનને જ નહિ પરંતુ સાધુઓને પણ દ્રવ્યસ્તવની અનુમોદના વગેરે સંગત છે."

**च**=पुन:, चैत्यपूजनप्रत्ययिककायोत्सर्गात् साधूनामिदमित्थमेव विज्ञेयम् । "**अरहंतचेइआणं वंदणवत्तिआए पूअणवत्तिआए, सक्कारवत्तिआए**" इत्यादि सूत्रं हि अर्हच्चैत्यानां वन्दनपूजन-सत्कारादिना यो लाभ: स ममेत: कायोत्सर्गाद्भवत्वित्येतत्प्रार्थनापरं व्यवस्थितम्, तत्र पूजा माल्यादिभि:, सत्कारश्च वस्त्रादिभि: । अन्ये तु विपर्ययेण व्याचक्षते । द्विधापि द्रव्यस्तवस्यानुमोदनं साधूनां प्राप्तं, कायोत्सर्गसमकक्षतयोपादेयत्वधिया तत्रात्यन्तिकोत्साहोदयात् । तदिदमाह-[६ पंचाशके २८-२९-३०] [पंचवस्तु १२१०-११-१२]

[५७]जइणो वि हु दव्वत्थयभेदो अणुमोअणेण अत्थित्ति । एयं च एत्थ णेयं इय सुद्धं तंतजुत्तीए ॥

[५८]तंतम्मि वंदणपूअणसक्कारहेउ उस्सग्गो । जइणो वि हु णिद्दिट्ठो ते पुण दव्वत्थअसरूवे ॥

[५९]मल्लादिएहिं पूआ सक्कारो पवरवत्थमाईहिं । अण्णे विवज्जओ इह दुहा वि दव्वत्थओ एत्थ ॥२९॥

### (દ્રવ્યસ્તવની અનુમોદના મુનિઓનું કર્તવ્ય)

મૂળ શ્લોકના ઉત્તરાર્ધનું તાત્પર્ય આ પ્રમાણે છે. અરિહંતચૈત્યના પૂજન આદિ નિમિત્તક લાભ પ્રાપ્તિ અર્થે સાધુઓને પણ કાયોત્સર્ગ કરવાનું સૂચવવામાં આવ્યું છે, એનાથી પણ ઉપરોક્ત હકીકત પુષ્ટ થાય છે 'अरहंतचेइयाणं वंदणवत्तिआए, पूअणवत्तिआए, सक्कारवत्तिआए' ઇત્યાદિ સૂત્રનો વ્યવસ્થિત અર્થ એ છે કે 'જિનમંદિરોનાં વંદન, પૂજન, સત્કાર વગેરે દ્વારા જે લાભ પ્રાપ્ત થાય છે તે લાભ પ્રસ્તુત કાયોત્સર્ગ દ્વારા મને પણ પ્રાપ્ત થાઓ' એ પ્રકારની પ્રાર્થના કરવી. પૂજા પુષ્પ વગેરેથી કરવામાં આવે છે, સત્કાર વસ્ત્ર વગેરેથી કરવામાં આવે છે, બીજો એવો પણ મત છે કે પુષ્પ વગેરેથી કરવામાં આવે તેને સત્કાર કહેવાય, વસ્ત્ર વગેરેથી કરવામાં આવે તે પૂજા કહેવાય. બન્ને અર્થમાં સાધુઓને કાયોત્સર્ગ દ્વારા દ્રવ્યસ્તવની અનુમોદના કર્તવ્ય રૂપે પ્રાપ્ત થાય છે. કારણ કે ઉપરોક્ત રીતે દ્રવ્યસ્તવ કાયોત્સર્ગ સમકક્ષ સિદ્ધ થતો હોવાથી તેના અનુમોદનમાં ઉપાદેયપણાની બુદ્ધિ

---

૫૭ यतेरपि खलु द्रव्यस्तवभेद: अनुमोदनेन अस्तीति । एतच्चात्र ज्ञेयं इति शुद्धं तन्त्रयुक्त्या ॥

૫૮ तन्त्र वन्दनपूजनसत्कारहेतुरुत्सर्ग: । यतेरपि खलु निर्दिष्ट: ते पुन: द्रव्यस्तवस्वरूपा: ॥

૫૯ माल्यादिक: पूजा सत्कार: प्रवरवस्त्रादिभि: । अन्ये विपर्यय इह द्विधापि द्रव्यस्तवोऽत्र ॥

થવામાં કોઈ બાધ રહેતો નથી. એટલે સહજપણે દ્રવ્યસ્તવના અનુમોદનમાં અત્યંત ઉત્સાહ જાગે છે. **પંચવસ્તુ** અને **પંચાશક** શાસ્ત્રમાં કહ્યું છે કે "ભાવસ્તવારૂઢ સાધુને પણ અનુમોદના દ્વારા દ્રવ્યસ્તવનો પ્રકાર વિદ્યમાન છે. શાસ્ત્રગર્ભિત યુક્તિથી નિર્દોષ રીતે આ વિષય જાણવા યોગ્ય છે" "ચૈત્યવંદન શાસ્ત્રમાં વંદન, પૂજન અને સત્કારના નિમિત્તે સાધુને પણ કાયોત્સર્ગ કરવાનો નિર્દેશ કર્યો છે-અને એ પૂજન સત્કાર દ્રવ્યસ્તવ રૂપ છે. ગૂંથેલા પુષ્પ વગેરેથી થાય તે પૂજા કહેવાય અને મૂલ્યવાન વસ્ત્ર વગેરેથી થાય તે સત્કાર કહેવાય. બીજા આચાર્યોના મતે પુષ્પાદિથી સત્કાર અને વસ્ત્રાદિથી પૂજા કહી છે, બન્ને મતમાં બન્ને દ્રવ્યસ્તવ રૂપ અભિપ્રેત છે"

नन्वेवमारम्भानुमतिप्रसङ्गो द्रव्यस्तवस्य पृथिव्याद्युपमर्दननान्तरीयकत्वादित्याशङ्क्याह-

**શંકા** :- જો આ રીતે દ્રવ્યસ્તવને અનુમોદનીય માનવામાં આવે તો પૃથ્વીકાય વગેરે જીવોની હિંસામાં અનુમતિનો દોષ ઊભો થશે. કારણ કે, હિંસા વિના દ્રવ્યસ્તવ થઈ શકવાનો નથી.

**ण य आरंभाणुमई एत्थं भावस्स चेव बहुमाणा ।**
**खलिअचरणाइमुत्तयबहुमाणे सा भवे इहरा ॥ ३० ॥**

**શ્લોકાર્થ** :- **ઉત્તર** : દ્રવ્યસ્તવ અંતર્ગત ભાવનું જ બહુમાન હોવાથી હિંસાની અનુમતિનો દોષ લાગતો નથી. અન્યથા આચરણમાં સ્ખલના પામેલ **અતિમુક્તક** બાળમુનિના બહુમાનમાં પણ આરંભની અનુમતિનો દોષ લાગશે. ॥ ૩૦ ॥

**न चात्र**=द्रव्यस्तवानुमोदने आरम्भानुमतिः, कुत इत्याह-**भावस्य चैव बहुमानात्,** साक्षात् खल्वनुमोदनीयत्वं भावस्यैव, तद्द्वारा तु द्रव्यस्तवस्येति तदनुमोदनेऽपि फलतो भावस्यैवानुमोदनान्नारम्भानुमतिस्तस्य, तदफलकत्वात् । विपक्षे बाधकमाह-**इतरथा**=भावविशेषमुपादायारम्भवदनुमतावारम्भानुमत्यभ्युपगम्यमानायाम् **स्खलितचरणस्य**=बहिर्गतस्य सतो वर्षति मेघे पालिबन्धेन जले पतद्ग्रहं निधाय तरन्तीं नावमिव सलिलं प्रेक्षितवतः 'षट्कायोपमर्दनान्नायं चारित्रधर्मस्य योग्यो बाल' इति स्थविरैर्निन्दितस्य विराधितचारित्र**स्यातिमुक्तकस्य बहुमाने**= 'भगवच्चरणकमलसमीपमुपागतानां स्थविराणां पुरश्चरमशरीरी खल्वयं तेन न हीलनीयः किन्तु महानिधानमिवाऽग्लान्या विधिना परिपालनीय' इति भगवत्कृतप्रशंसालक्षणे, सा आरम्भानुमतिः भवेत्तदानींतनतदीयभावस्यारम्भनियतत्वात् । **अथ** तत्रारम्भदोषमुपेक्ष्यासन्नसिद्धिकपरिणामानुबद्धं तदीयजीवद्रव्यमेव भगवतानुमतमिति **चेत् ?** प्रकृतेऽपि तमुपेक्ष्य शुद्धभावानुबद्धं द्रव्यस्तवस्वरूपमनुमोदयतः को दोष इति निभालनीयं सूक्ष्मदृशा ॥ ३० ॥

## (દ્રવ્યસ્તવની અનુમોદના નિર્દોષ છે.)

**તાત્પર્યાર્થ :-** સાધુઓને કાયોત્સર્ગ દ્વારા દ્રવ્યસ્તવની અનુમોદનામાં ગર્ભિત રીતે આરંભ એટલે કે હિંસાની અનુમોદના થઈ જવાની આપત્તિ નથી કારણ કે, કાયોત્સર્ગ દ્વારા દ્રવ્યસ્તવ અંતર્ગત માત્ર ભાવનું જ બહુમાન અભિપ્રેત છે. એટલે કે સાક્ષાત્ અનુમોદનાના વિષયરૂપે ભાવ જ અભિપ્રેત છે જ્યારે દ્રવ્યસ્તવ તો ભાવ દ્વારા અર્થાત્ ભાવસ્તવસંપાદક હોવાથી પરંપરાએ અનુમોદનાનો વિષય બને છે, તેથી દ્રવ્યસ્તવની અનુમોદનામાં પણ ગર્ભિત રીતે તો ભાવની જ અનુમોદના છે, નહિ કે આરંભની અનુમોદના. ભાવ એ આરંભનું ફળ નથી કે જેથી કાર્યરૂપ ભાવની અનુમોદનામાં આરંભની કારણવિધયા અનુમોદનાને અવસર મળે. જો આમ માનવામાં ન આવે અર્થાત્ ભાવવિશેષને પકડીને આરંભવાનની અનુમતિમાં આરંભની અનુમતિ ભારપૂર્વક દર્શાવવામાં આવે તો તે અતિમુક્તક બાળમુનિના બહુમાનમાં ભગવાનને પણ વિરાધનાની અનુમતિનો દોષ ઊભો થશે. તે આ રીતે-

## (બાળમુનિ મહર્ષિ અઇમુત્ત)

જ્યારે અતિમુક્તક બાળમુનિ અન્ય સ્થવિર મુનિઓ સાથે બહાર ગયા હોય છે, ત્યારે પાછા વળતાં માર્ગમાં વૃષ્ટિ થાય છે. તે વખતે ચારે બાજુ માટીની પાળ બાંધીને અતિમુક્તક બાળમુનિ પોતાના પાત્રાને પાણીમાં તરવા મૂકે છે, અને કુતૂહલથી નૌકાની જેમ તરતું જોયા કરે છે. ત્યારે સહવર્તી સ્થવિર મુનિઓ ષટ્કાયની વિરાધના કરતો હોવાથી આ બાળક ચારિત્ર ધર્મને અયોગ્ય છે એ જાતની નિંદા કરે છે. જ્યારે તેઓ ભગવાનના ચરણકમળમાં ઉપસ્થિત થાય છે ત્યારે ચારિત્રની વિરાધના કરનાર તે બાળમુનિના સંબંધમાં ભગવાન સ્થવિરોને કહે છે કે 'આ બાળક ચરમશરીરી-તદ્ભવમુક્તિગામી છે માટે એની આશાતના નહીં કરતા; પણ કંટાળ્યા વિના વિધિપૂર્વક મહાનિધાનની જેમ પરિપાલન કરવા યોગ્ય છે.' આ રીતે ભગવાને તે બાળમુનિની પ્રશંસા કરી તેમાં પણ શંકાકારના મતે ગર્ભિત રીતે વિરાધનાની અનુમતિનો દોષ લાગવો જોઈએ, કારણ કે જ્યારે તે બાાળમુનિને સ્થવિરોએ તેમ કરતાં અટકાવ્યો ત્યારે તેને પોતાની ભૂલના પશ્ચાત્તાપનો ભાવ ઉદ્ભવ્યો, એટલે સમવસરણમાં આ પશ્ચાત્તાપના ભાવને અનુલક્ષીને ભગવાને તેની જે પ્રશંસા કરી તેના વિષયભૂત તત્કાલીન પશ્ચાત્તાપનો ભાવ પૂર્વોક્ત વિરાધનાને અવિનાભાવી હતો એટલે કે પ્રસ્તુત પશ્ચાત્તાપભાવના ઉદ્ભવમાં નિમિત્ત તો વિરાધના હતી. તો શું ભગવાને તેની વિરાધનાની અનુમોદના કરી એમ કહેવું વ્યાજબી છે ? !!

## (દ્રવ્યસ્તવાનુમોદનમાં હિંસાનુમોદનની શંકા)

**પૂર્વપક્ષી** :- ઉપરોક્ત દૃષ્ટાંતમાં ભગવાને આરંભ દોષની પ્રશંસા નહિ કરતાં માત્ર ઉપેક્ષા જ કરી છે, જ્યારે નિકટમાં સિદ્ધિગમનયોગ્યતાના પરિણામ વિશિષ્ટ બાળમુનિના જીવદ્રવ્યની જ અનુમોદના કરી છે, એટલે વિરાધનાની અનુમોદના કરી એમ કહેવું વ્યાજબી નથી.

**સિદ્ધાન્તપક્ષી** :- પ્રસ્તુત દ્રવ્યસ્તવના વિષયમાં પણ એમ કહેવામાં આવે છે કે આરંભની ઉપેક્ષા કરીને શુદ્ધ ભાવ વિશિષ્ટ દ્રવ્યસ્તવના સ્વરૂપની જ સાધુઓ અનુમોદના કરે છે, નહિ કે આરંભની. આમાં કયો દોષ છે એ સૂક્ષ્મદૃષ્ટિથી વિચારો (અર્થાત્ કોઈ દોષ નથી.) ॥ ૩૦ ॥

नन्वतिमुक्तकेऽनुमोद्योपेक्षयोः पारिणामिकभावारम्भयोर्भेदान्मा भूदेकानुमोदन इतरानुमोदनम्, प्रकृते तु द्रव्यस्तवस्यैव स्नानपुष्पार्चनकृष्णागुरुधूपादिपूर्वापरक्रियाकदम्बकात्मकस्य जलादिजीव-प्राणत्यागानुकूलव्यापारत्वादेकानुमोदन इतरानुमोदनमावश्यकमित्याशङ्क्य प्रसङ्गान्तरमाह-

**પૂર્વપક્ષી** :- ભગવાનની અનુમોદનાનો વિષય આસન્નસિદ્ધિક પરિણામસ્વરૂપ પરિણામિક ભાવ છે. જ્યારે ઉપેક્ષાનો વિષય આરંભ એ વિરાધના સ્વરૂપ છે. આમ બે વચ્ચે તફાવત હોવાથી એકના અનુમોદનમાં બીજાની અનુમોદનાનો પ્રસંગ અસંભવિત છે જ્યારે પ્રસ્તુતમાં સ્નાન, પુષ્પ પૂજા, કાળાગરૂ ધૂપ, વગેરે ક્રમિક ક્રિયાઓના સમૂહરૂપ દ્રવ્યસ્તવ પાણી (અપ્કાય) વગેરેના પ્રાણવિનાશમાં અનુકૂળ વ્યાપાર રૂપ છે. એટલે દ્રવ્યસ્તવની અનુમોદનામાં ગર્ભિત રીતે હિંસાની અનુમોદના ટાળી ટળે એમ નથી. પૂર્વપક્ષીના ઉપરોક્ત વક્તવ્ય સમક્ષ ગ્રંથકાર બીજું ઉદાહરણ દર્શાવે છે-

**सोमिलदाहाणुमई अवि जिणवरणेमिणा कया होइ ।**
**गयसुकुमालमसाणट्ठाणं अणुमण्णमाणेण ॥ ३१ ॥**

**શ્લોકાર્થ** :- ગજસુકુમાર મુનિને સ્મશાનમાં જઈને ઉભા રહેવાની અનુમતિ આપવા દ્વારા **શ્રીનેમિનાથ** જિનેશ્વર દેવની, સોમિલ સસરાએ કરેલ દાહમાં પણ અનુમતિ થઈ જશે. ॥ ૩૧ ॥

**अपि** पुनरेवमारम्भानुमतावभ्युपगम्यमानायाम् **जिनवर-नेमिना**=केवलिमुख्येन **नेमिनाथेन**, **सोमिल**दाहस्य='निजपुत्रीपरित्यागानुसन्धानप्रज्वलितरोषाग्निना श्वसुरेण **सोमिलेन** कृतस्य भगवन्तं नेमिनाथमापृच्छ्य विपुलनिर्जरालाभार्थितया स्मशाने कृतकायोत्सर्गस्य मेरोरिव निःप्रकम्पस्य **गज-सुकुमारस्य** तीव्राङ्गारभृतमृत्तिकापालिबन्धेन मस्तकदाहस्य' अनुमतिः कृता भवेत्, किम्भूतेन, **गज-सुकुमारस्मशानस्थानमनुमन्यमानेन**, एतदीयं स्मशानस्थानमेव हि शिरोदहनानुकूलव्यापारः, तदभावे **सोमिल**व्यापारानुपपत्तेः, तथा च तदनुमोदने तदीयशिरोदहनानुकूलव्यापारस्याप्यनुमतिप्रसक्तिः,

'**यदि चात्र** निर्जरानुकूलव्यापारत्वेनैवानुमतिस्तदीयतद्व्यापारत्वादिना वा, न तु रूपान्तरेण, दण्डादौ घटसाधनत्वादिना वा घटादिविषयकेच्छाजन्येच्छाविषयत्वेऽपि द्रव्यत्वादिना तदभाववदुपपत्तेरिति **विभाव्यते**, तदा प्रकृतेऽपि तुल्यम्, द्रव्यस्तवस्यापि जिनपूजात्वादिनैवानुमतेः ॥३१॥

## (ગજસુકુમારને સ્મશાને કાઉસ્સગ્ગની અનુજ્ઞા)

**તાત્પર્યાર્થ** :- જો આરંભવાનની અનુમતિમાં આરંભની પણ અનુમતિ સ્વીકારવામાં આવે તો શ્રીનેમિનાથ જિનેશ્વરને પણ શિરોદાહમાં અનુમતિ દીધાનો દોષ પૂર્વપક્ષીના મતે ઊભો થશે. તે આ પ્રમાણે-શ્રીકૃષ્ણવાસુદેવના નાનાભાઈ ગજસુકુમારે નેમિનાથ ભગવાનની દેશના સાંભળીને પોતાની યુવાન પત્નીનો ત્યાગ કરી દીક્ષા લીધી. દીક્ષા લીધા બાદ વિપુલ કર્મનિર્જરાના લાભ માટે સ્મશાનમાં જઈને કાયોત્સર્ગમાં ઊભા રહેવાને ભગવાન પાસે આજ્ઞા માંગી. મસ્તકદાહનો ઘોર ઉપસર્ગ થવાનો છે તેવું જાણનારા ભગવાને અનુજ્ઞા આપી પણ ખરી. ગજસુકુમારમુનિ સ્મશાનમાં જઈ કાયોત્સર્ગ મુદ્રામાં ધ્યાનમાં તલ્લીન બની ઊભા રહી ગયા. તેમના સોમિલ નામના સસરાને આ વાતની જાણ થતાં તે ગુસ્સે ભરાયા. પોતાની પુત્રી બીચારી રખડતી થઈ ગઈ એ એમના ગુસ્સાનું કારણ હતું. તેમણે સ્મશાનમાં આવીને મેરુની જેમ નિશ્ચલ અડગ ઊભા રહેલા ગજસુકુમાર મુનિને માથે ભીની માટીની પાળ કરી તેમાં બળતા અંગારા ભર્યા. ગજસુકુમાર મુનિએ ઉપશાંત રહીને ઘોર વેદના સહન કરી, કેવળજ્ઞાન પામ્યા, જો ભગવાને અનુજ્ઞા ન આપી હોત તો સોમિલ સસરાને આવી ઘોર પીડા ઉપજાવવાની તક મળી ન હોત. પરંતુ ભગવાને તેમ ન કરતાં સ્મશાનમાં જઈ ઊભા રહેવામાં ભાવિ કેવળજ્ઞાનના લાભને જોઈને અનુમતિ આપી. સ્મશાનમાં અવસ્થાન એ જ અત્રે મસ્તકદહનાનુકૂળ વ્યાપાર છે એટલે સ્મશાન જઈ ઊભા રહેવાની અનુમતિમાં, મસ્તકદાહવ્યાપારમાં પણ ભગવાનની અનુમતિ થઈ જવાનો દોષ પૂર્વપક્ષીના મતમાં લાગશે.

## (નિર્જરાઅનુકૂળ વ્યાપારમાં અનુમતિની શંકાનો સમાન ઉત્તર)

**પૂર્વપક્ષ** :- સ્મશાનમાં અવસ્થાન નિર્જરાનુકૂળ વ્યાપાર હોવાથી તે રૂપે જ તેમાં ભગવાનની અનુમતિ માનવામાં આવે, અથવા તો ગજસુકુમારના માત્ર સ્મશાનઅવસ્થાન અનુકૂળ વ્યાપારત્વને જ મુખ્ય કરીને અનુમતિ માનવામાં આવે તો ઉપરોક્ત દોષને અવકાશ નથી. કારણ કે, બીજા રૂપે એટલે કે 'શિરોદહનઅનુકૂળવ્યાપારત્વ' રૂપે અનુમતિ માનવામાં જ તે દોષનો સંભવ છે. જેમ ઘટસાધનત્વરૂપપુરસ્કારેણ જ દંડમાં ઘટાર્થીની ઇચ્છા હોય છે. તાત્પર્ય એ છે કે ઘટાર્થીને સાક્ષાત્ દંડની ઇચ્છા હોતી નથી કિંતુ ઘટની ઇચ્છા હોય છે. દંડ એ ઘટનું કારણ હોવાથી ઘટના ઇચ્છુકને પરંપરાએ દંડમાં પણ ઇચ્છા ઉત્પન્ન થાય

છે, એ ઇચ્છાનો વિષય દંડ બને છે. આ પ્રકારની ઇચ્છાવિષયતામાં પ્રયોજક ઘટની કારણતા જ છે પણ દ્રવ્યત્વ આદિ નથી. દ્રવ્યસ્વરૂપ હોવાને કારણે ઘટાર્થીને દંડની ઇચ્છા નથી પરંતુ ઘટનું સાધન હોવાના કારણે ઘટાર્થીને દંડની ઇચ્છા હોય છે. એ જ રીતે પ્રસ્તુતમાં શિરોદહનાનુકૂળ વ્યાપાર હોવાને કારણે ભગવાનની અનુમતિ નથી પરંતુ *નિર્જરાનુકૂળવ્યાપાર હોવાથી ભગવાને તેમાં અનુમતિ આપી છે.*

**સિદ્ધાંત પક્ષ :-** પૂર્વપક્ષીમાં જો આટલી વિચારક્ષમતા હોય તો પ્રકૃતમાં પણ તે જ રીતે વિચાર દર્શાવીને આરંભમાં અનુમતિના દોષને *ટાળી શકાય છે. કારણ કે સાધુઓ* દ્રવ્યસ્તવની અનુમોદના દ્રવ્યસ્તવ ભગવાનની પૂજા સ્વરૂપ હોવાથી કરે છે, નહિ કે સ્થાવર કાયની હિંસારૂપ હોવાથી, એટલે આરંભની અનુમતિના દોષને અવકાશ નથી. ॥ ૩૧ ॥

नन्वत्र भावानुमतिद्वारकानुमतिर्न युक्ता धर्मजनकत्वभ्रममूलकप्रवृत्तिविषयत्वेनास्य धर्मार्थ-हिंसात्वेन धर्माऽजनकत्वादिति पापिष्ठमतमाशङ्क्य निराकुर्वन्नाह-

**શંકા :-** ભાવઅનુમતિ દ્વારા દ્રવ્યસ્તવમાં અનુમતિ સિદ્ધ કરવાની ચેષ્ટા અયુક્ત છે, તેનું કારણ એ છે કે દ્રવ્યસ્તવ ધર્મજનક ન હોવા છતાં પણ તેવી ભ્રમણા થઈ જવાથી લોકો તેમાં પ્રવૃત્ત થાય છે. વાસ્તવમાં તો આ દ્રવ્યસ્તવ ધર્મ માટે થતી હિંસા રૂપ હોવાથી ખરેખર ધર્મજનક નહિ પરંતુ અધર્મજનક છે. પ્રસ્તુત શંકામાં સ્પષ્ટ જણાય છે કે શંકાકારને દ્રવ્યસ્તવ પ્રત્યે ભારોભાર દ્વેષ છે. એટલે આવા પાપિષ્ઠ મતનું નિરાકરણ રજુ કરતાં કહે છે કે-

**ण य धम्मट्ठा हिंसा एसो सावज्जओ सरूवेण ।**
**अण्णह पुट्ठालंबण णइउत्ताराइ विहडिज्जा ॥ ३२ ॥**

**શ્લોકાર્થ :-** આ દ્રવ્યસ્તવ ધર્મના પ્રયોજનથી કરવામાં આવતી હિંસા હિંસાસ્વરૂપ નથી કારણકે તે માત્ર સ્વરૂપથી સાવદ્ય છે. અન્યથા સબળ કારણે નદી ઊતરવાનું વિધાન પણ અસંગત થાય. ॥ ૩૨ ॥

**न च एषो** द्रव्यस्तवो **धर्मार्था हिंसा,** कुत इत्यत्र हेतुगर्भं विशेषणमाह-सावद्य एव सावद्यकः स्वार्थे कप्रत्ययः, **स्वरूपेण,** अवधारणफलत्वाद्वाक्यस्य स्वरूपेणैव सावद्यो यत इत्यर्थः, अनुबन्धतस्तु निरवद्य एवायम्, भगवद्गतचरणादिगुणबहुमानगर्भत्वेन चरणप्रत्तिपत्तिहेतुत्वात्, अत एवास्या भावस्तवानुविद्धत्वमिष्यते, आज्ञापरतन्त्रत्वाल्लौकिक-कुप्रावचनिक-द्रव्यस्तवापेक्षयाऽधिकौ-दार्यौचित्यादिगुणयोगितया विशिष्टोन्नतिनिमित्तत्वाच्च । तदाह-[६-पंचाशके]

[६०]दव्वत्थओ वि एवं आणापरतंतभावलेसेण ।
समणुगओ च्चिय णेओऽहिगारिणो सुपरिसुद्धो त्ति ॥४६॥

६० द्रव्यस्तवोऽपि एवं आज्ञापरतन्त्रभावलेशेन । समनुगत एव ज्ञेयः अधिकारिणः सुपरिशुद्ध इति ॥

[૬૧]लोगे सलाहणिज्जो विसेसजोगाउ उण्णइणिमित्तं ।
जो सासणस्स जायइ सो णेओ सुपरिसुद्धो ॥४७॥

**(દ્રવ્યસ્તવમાં હિંસાની વાત અયુક્ત છે.)**

**તાત્પર્યાર્થ :-** જેમ વૈદિકો પુણ્યના ઉદ્દેશથી હિંસાત્મક યજ્ઞ-યાગમાં પ્રવૃત્ત થાય છે તેવું પ્રસ્તુતમાં દ્રવ્યસ્તવમાં નથી. ધર્મ માટે પણ જિનપૂજા આદિ શુભ અનુષ્ઠાનમાં પ્રવૃત્તિ કરવામાં આવે છે નહિ કે હિંસામાં. આ પ્રવૃત્તિમાં હિંસા કરવાનો ઉદ્દેશ ન હોવા છતાં પણ આનુષંગિક રીતે સ્થાવરકાયની-હિંસા થઈ જાય છે તે એક અલગ વાત છે, કારણકે, દ્રવ્યસ્તવ સ્વરૂપમાત્રથી જ એટલે કે દેખાવમાં જ સપાપ છે. પરંતુ એના પરિણામનો વિચાર કરીએ તો બીલકુલ નિર્દોષ છે. પૂજનીય ભગવાનમાં રહેલાં ચારિત્ર વગેરે ઉત્તમ કક્ષાના સદ્‌ગુણો પ્રત્યેના બહુમાનથી ગર્ભિત હોવાના કારણે દ્રવ્યસ્તવ પરંપરાએ ચારિત્રના અંગીકારમાં હેતુભૂત બને છે. દ્રવ્યસ્તવ કરનારને ભાવિમાં ચારિત્રની પ્રાપ્તિ થાય એ માટે દ્રવ્યસ્તવમાં ભાવસ્તવનો અનુવેધ પણ શાસ્ત્રકારોએ ઈષ્ટ માન્યો છે. તેનું કારણ એ છે કે-આજ્ઞાને સમર્પિત બન્યા વગર ભાવસ્તવથી અનુવિદ્ધ દ્રવ્યસ્તવ ઉદ્‌ભવી શકતો નથી. તેમજ ભાવસ્તવ અનુવિદ્ધ દ્રવ્યસ્તવમાં પ્રવર્તનાર આત્મા અન્ય લૌકિક કે કુતીર્થિકો દ્વારા કરવામાં આવતા દ્રવ્યસ્તવમાં જે ઉદારતા અને ઔચિત્યપાલન હોય એના કરતાં પણ વધુ ઉદારતા અને ઔચિત્યપાલન કરવા આદિ રૂપ ગુણના યોગથી તેનો દ્રવ્યસ્તવ શાસનની વિશિષ્ટ પ્રકારની ઉન્નતિનું નિમિત્ત બને છે. **પંચાશક** શાસ્ત્રમાં કહ્યું છે કે- (૬-૪૭/૪૮)

"અધિકૃત આત્માનો સુપરિશુદ્ધ એવો દ્રવ્યસ્તવ-પણ આજ્ઞા પ્રત્યેના સમર્પણ-ભાવલેશથી સંબદ્ધ જ જાણવો" "પરિશુદ્ધ દ્રવ્યસ્તવ તે છે કે જે વિશેષયોગ એટલે કે વધુ ઉદારતા અને ઔચિત્યના યોગે લોકમાં પ્રશંસાપાત્ર બને છે અને એ રીતે શાસનની ઉન્નતિમાં નિમિત્ત થાય છે."

विपक्षे बाधकमाह-अन्यथा अनुबन्धतो निरवद्यस्यापि स्वरूपतः सावद्यस्य हिंसात्वे, पुष्टालम्बने भयपरिहारादिपुष्टकारणार्थं विहितं नद्युत्तारादि विघटेत, नद्युत्तारादेरपि जलादिजीवविराधनामयत्वेन स्वरूपतः सावद्यत्वात्, विहितं च नद्युत्तारादिकमुत्सर्गतो निषिद्धमप्यपवादतः प्रवचने, तथा च **स्थानांगसूत्रम्**-[५।२।४१२]

[૬૨]"नो कप्पइ णिग्गंथाण वा णिग्गंथीण वा इमाओ उद्दिट्ठाओ गणिआओ विअंजिआओ पंचमहण्णवाओ महाणईओ अंतो मासस्स दुक्खुत्तो वा तिक्खुत्तो वा उत्तरित्तए वा संतरित्तए

६१ लोके श्लाघनीयो विशेषयोगादुन्नतिनिमित्तम् । यः शासनस्य जायते स ज्ञेयः सुपरिशुद्ध इति ॥

६२ नो कल्पते निर्ग्रन्थानां वा निर्ग्रन्थीनां वा इमा उद्दिष्टा गणिता व्यञ्जिता पंचमहार्णवा महानद्यः अन्तोमासस्य द्विःकृत्वो वा त्रिकृत्वो वा उत्तरितुं वा सन्तरिन्तुं वा । तद्यथा-गंगा यमुना सरयू इरावती मही । पञ्चभिः स्थानैः कल्पन्ते, तद्यथा-भये वा दुर्भिक्षे वा प्रव्यथेत वा क्वचित् उदकौघे वा आगच्छति महता वा अनार्यैरिति ॥

वा। तं जहा-गंगा जउणा सरउ एरावई मही । पंचहि ट्ठाणेहि कप्पंति, तं जहा=भयंसि वा दुब्भिक्खंसि वा पव्वहेज्ज व णं कोई दओघंसि वा एज्जमाणंसि महया वा अणारिएसुत्ति ॥"

भयंसित्ति भये राजप्रत्यनीकादेः सकाशादुपध्यपहारविषये १, दुर्भिक्षे भिक्षाऽभावे २, पव्वहेज्जत्ति प्रव्यथेतान्तर्भूतकारितार्थत्वात् प्रवाहयेत् क्वचित् प्रत्यनीकस्ततः ३, दओघंसित्ति उदकौघे वा गङ्गादीनामुन्मार्गगामित्वेनागच्छति महता वा 'आटोपेनेति शेषः' अणारिएसु त्ति विभक्ति-व्यत्ययादनार्यैर्म्लेच्छादिभिर्जीवितचारित्रापहारिभिः, अभिभूतानामिति शेषः ५ । 'भयादिपरिहारार्थ-त्वादत्र न धर्मार्थहिंसात्वमि'ति चेत् ? न, फलतस्तस्यापि धर्मार्थत्वात्, अन्यथा शरीराद्यर्थत्वेन श्रामण्यव्याघातात्, साक्षाद् ज्ञानादिधर्मार्थमपि वर्षासु ग्रामानुग्रामविहारादिकं प्राग्निषिद्धमप्यपोदितं श्रूयते एव । तथा **चार्षम्**-[६३]"णो कप्पइ णिग्गंथाण वा णिग्गंथीण वा पढमपाउसंसि गामाणुगामं दूइज्जित्तए । पंचहिं ठ्ठाणेहिं कप्पइ, तं जहा-नाणठ्ठयाए १, दंसणठ्ठयाए २, चरित्तठ्ठयाए ३, आयरिअउवज्झाए वा से वीसुंभेज्जा ४, आयरियउवज्झायाण वा बहियावेयावच्चकरणयाए ५ ॥" [स्थानांगे ५।२।४१३] इत्यादि । "विहितत्वान्नात्र हिंसात्वम्, प्रमादयोगेन प्राणव्यपरोपणस्यैव तल्लक्षणत्वात्, अन्यथाऽतिप्रसङ्गादावश्यकक्रिययापि कदाचित् प्राणव्यापत्तिसम्भवात्, न चात्र प्रमादोऽस्ति । अज्ञानरूपस्य विधिस्खलनकृतयोगदुःप्रणिधानादिरूपस्य वा तस्याऽपरिदृश्य-मानत्वादि" ति चेत् ? तुल्यमिदमन्यत्र समाधानम् ॥ ३२ ॥

### (દ્રવ્યસ્તવ અધર્મરૂપ માનવામાં મોટો બાધ)

એવો વિપક્ષ ઊભો કરવામાં આવે કે માત્ર સ્વરૂપથી જ સાવદ્ય એવો પણ દ્રવ્યસ્તવ હિંસારૂપ હોવાથી અધર્મજનક જ છે-તો તેમાં ઘણો મોટો વાંધો ઊભો થાય. તે આ રીતે કે જે અનુષ્ઠાન પરિણામે નિષ્પાપ હોય પણ સ્વરૂપથી-દેખાવમાં પાપસંલગ્ન હોય તે અનુષ્ઠાન હિંસારૂપ હોવાથી ત્યાજ્ય જ હોય તો ભયમુક્ત થવા માટે કે બીજા કોઈ સબળ પ્રયોજનથી સચિત્ત અપ્કાયથી ભરપૂર નદી ઊતરવાની આપવાદિક શાસ્ત્રાજ્ઞા વ્યર્થ બની જશે. કારણકે, અહીં પણ અપ્કાયના જીવોની વિરાધના હોવાથી સ્વરૂપ તો સાવદ્ય છે, જ્યારે સ્વરૂપથી સાવદ્ય એવા આ નદીઉત્તરણ વગેરે ઉત્સર્ગ માર્ગે આગમમાં નિષેધ્યા હોવા છતાં પણ અપવાદે તેના વિધાન સૂચવ્યા છે. દા.ત. **સ્થાનાંગ** સૂત્રમાં કહ્યું છે કે-

### (પાંચ કારણોએ નદી ઉતરવાની અનુજ્ઞા)

નિર્ગ્રંથ કે નિર્ગ્રંથીઓને ઉદ્દેશવામાં આવેલી, ગણાવવામાં આવેલી, પ્રકટપણે કહેલી, મહાસમુદ્ર સમાન પાંચ મહાનદીઓ એક માસમાં બે વાર કે ત્રણ વાર ઊતરવી કે પાર

---

६३ नो कल्पते निर्ग्रन्थानां वा निर्ग्रन्थीनां वा ग्रामानुग्रामं द्रोतुम । पंचभिः स्थानैः कल्पते । तद्यथा-ज्ञानार्थतया १ दर्शनार्थतया २ चारित्रार्थतया ३ आचार्योपाध्यायं वा तस्य विष्वग्भवेत् (विश्रम्भेत) ४ आचार्योपाध्यायानां वा बहिर्वैयावृत्त्यकरणतायै५ ॥

કરવી કલ્પે નહિ. તેનાં નામ આ પ્રમાણે-ગંગા, યમુના, સરયૂ, ઐરાવતી અને મહી. (અપવાદે) પાંચ કારણે કલ્પે-તે (પાંચ કારણ) આ પ્રમાણે (૧) ભય, (૨) દુષ્કાળ, (૩) પ્રવ્યથન થાય, (૪) નદીનું પૂર આવે, અને (૫) અનાર્યોથી અભિભવ.

પાંચ કારણોની વિશેષ સમજૂતી આ પ્રમાણે -

(૧) દુષ્ટ રાજા અથવા પ્રત્યનીક એટલે કે શત્રુઓ, ઉપકરણો લૂંટી લેવા પ્રવૃત્ત થવાનો ભય ઉત્પન્ન થયો હોય.

(૨) વૃષ્ટિના અભાવે કે બીજા કોઈ કારણસર દુષ્કાળ પડવાથી ભિક્ષા દુર્લભ થઈ ગઈ હોય.

(૩) સૂત્રમાં 'पव्वहेज्ज' ક્રિયાપદ પ્રેરકનું રૂપ ન હોવા છતાં પણ પ્રેરણા રૂપ અર્થ ગર્ભિત હોવાથી 'प्रवाहयेत्' એવું ક્રિયાપદ સમજવું, તેનો અર્થ એ છે કે 'કોઈક શત્રુ નદીમાં તાણી જાય.'

(૪) ગંગા વગેરે કોઈક નદી અતિવૃષ્ટિના કારણે ધસમસતા વેગથી ઊભરાઈ જાય અને ઉન્માર્ગગામી બનીને તેનું પૂર નગરમાં પ્રવેશે ત્યારે પૂરને પાર કરી સલામત સ્થળમાં પહોંચી જવું પડે.

(૫) સૂત્રમાં 'अणारिएसु' પદમાં સપ્તમી વિભક્તિ છે. તેના અર્થનું ત્રીજી વિભક્તિના અર્થમાં પરાવર્તન કરવાથી પાંચમું કારણ-પ્રાણ કે ચારિત્રનો વિનાશ કરનાર મ્લેચ્છ જાતિના દુષ્ટ અનાર્ય પુરુષો દ્વારા હેરાનગતિ થતી હોય.

આ પાંચ કારણોએ સાધુને નદી ઊતરવાની શાસ્ત્રીય છૂટ છે.

**પૂર્વપક્ષી :-** ઉપરોક્ત સૂત્રમાં ધર્મપ્રાપ્તિના ઉદ્દેશથી જલગત જીવોની હિંસાનું પ્રતિપાદન કરવામાં આવ્યું નથી, પરંતુ ભય વગેરેને દૂર કરવા માટે માત્ર નદી ઊતરવાનું વિધાન છે.

**(ધર્મપ્રાપ્તિનો ઉદ્દેશ અબાધિત છે)**

**સિદ્ધાન્તી :-** પૂર્વપક્ષીનું કથન યુક્ત નથી, કારણકે પરિણામનો વિચાર કરીએ તો નદી ઉત્તરણ પરંપરાએ ચારિત્રરૂપ ધર્મની રક્ષા અને વૃદ્ધિ માટે જ છે, એને બદલે જો માત્ર શરીરનું રક્ષણ જ કરવા માટે નદી ઊતરવાની હોય તો સાધુતાને પણ હાનિ પહોંચે. કારણકે માત્ર શરીરના રક્ષણમાં મૂર્ચ્છા સમાયેલી છે. એટલે નદી ઊતરવાની પ્રવૃત્તિ પરંપરાએ ધર્મ માટે છે એ સિદ્ધ થાય છે. વળી જ્ઞાનાદિ ધર્મની વૃદ્ધિ માટે વર્ષાકાળમાં એક ગામથી બીજે ગામ વિહાર કરવાની છૂટ શાસ્ત્રમાં પણ સાક્ષાત્ આપેલી છે, જેનો ઉત્સર્ગ માર્ગે તે પૂર્વે એકવાર નિષેધ કરાયેલો છે. દા.ત. **સ્થાનાંગ સૂત્રમાં** કહ્યું છે કે-

'નિર્ગ્રંથ કે નિર્ગ્રંથીઓને (વર્ષાકાળમાં) એક ગામથી બીજે ગામ વિચરવું કલ્પે નહિ. (અપવાદે) પાંચ કારણથી કલ્પે. તે આ પ્રમાણે-(૧) જ્ઞાન માટે (૨) દર્શન માટે (૩) ચારિત્ર માટે (૪) પોતાના આચાર્ય કે ઉપાધ્યાય સ્વર્ગવાસી બને અથવા પોતે આચાર્યનો વિશ્વાસપાત્ર હોવાથી તેમનું કોઈ અતિ જરૂરી કાર્ય કરવા માટે અને (૫) વર્ષાક્ષેત્રની બહાર રહેલા આચાર્ય કે ઉપાધ્યાયનું (વૈયાવચ્ચ) સેવાકૃત્ય બજાવવા માટે.

**પૂર્વપક્ષ** :- ઉપરોક્ત પ્રવૃત્તિ શાસ્ત્રવિહિત હોવાથી તેને હિંસારૂપ કહી શકાય નહિ. કારણકે હિંસાનું લક્ષણ-પ્રમાદને આધીન થઈ પ્રાણનો વિઘાત કરવો તે છે. જો શાસ્ત્રવિહિત પ્રમાદશૂન્ય પ્રવૃત્તિને પણ હિંસા કહેવામાં આવે તો અતિપ્રસંગ એ થશે કે જ્યાં આવશ્યક ક્રિયા દ્વારા પણ ક્યારેક પ્રાણઘાત થઈ જવાનો સંભવ છે ત્યાં પ્રમાદ તો છે જ નહિ, કારણ કે પ્રમાદ હોય તો ક્યાં તો અજ્ઞાન રૂપ હોય ક્યાં તો વિધિનું ઉલ્લંઘન કરાવનાર મનવચનકાયાના દુષ્પ્રણિધાન (ચંચળતા) રૂપ હોય. પરંતુ પ્રસ્તુત જે આવશ્યક ક્રિયા છે એમાં બેમાંથી એકેય પ્રમાદનું દર્શન થતું નથી, તો શું એ પણ હિંસામાં ખતવી શકાશે ?

**સિદ્ધાન્તી** :- ઉપરોક્ત પ્રકારનું સમાધાન દ્રવ્યસ્તવમાં પણ તુલ્ય સમજવું. સિદ્ધાન્તીનો આશય એ છે કે જિનપૂજા આદિ દ્રવ્યસ્તવ પણ તે તે કક્ષામાં શાસ્ત્રવિહિત હોવાથી તેમ જ તેમાં ઉપરોક્ત પ્રકારનો પ્રમાદ ન હોવાથી હિંસા રૂપ નથી. ॥ ૩૨ ॥

विहितत्वमेवात्र समर्थयन्नाह-

દ્રવ્યસ્તવ શાસ્ત્રવિહિત છે તેનું સમર્થન આ પ્રમાણે છ-

**जुत्तो य इमो भणिओ विरयाविरयाण कूवणाएण ।**
**समयम्मि अण्णहा पुण निवडिज्जा अत्थदंडम्मि ॥ ३३ ॥**

**શ્લોકાર્થ** :- શાસ્ત્રમાં કૂવાના દૃષ્ટાન્તથી વિરતાવિરતોને દ્રવ્યસ્તવ યુક્ત કહ્યો છે. અન્યથા અર્થદંડમાં તેનો સમાવેશ થઈ જાય. ॥ ૩૩ ॥

**युक्त**श्चेष्टफलश्च, **अयं** द्रव्यस्तवः, **विरताविरतानां**=देशसंयमवताम्, **कूपज्ञातेन**=कूपदृष्टान्तेन, **समये**=जिनप्रवचने । तथा **चाऽऽवश्यकनिर्युक्तिग्रन्थ** :-

[६४]"अकसिणपवत्तगाणं विरयाविरयाण एस खलु जुत्तो ।
संसारपयणुकरणे दव्वत्थए कूवदिट्ठंतो" [भाष्यगाथा १०४] त्ति

अस्या अर्थः [६ पंचाशक ४२ टीकायां]-अकृत्स्नमपरिपूर्णं संयमं प्रवर्त्तयन्ति विदधति ये तेऽकृत्स्नप्रवर्त्तकास्तेषाम्, अत एव विरताश्च ते निवृत्ताः स्थूलादिविशेषणेभ्यः प्राणातिपातादिभ्योऽविरताश्चानिवृत्ताः सूक्ष्मादिविशेषणेभ्यस्तेभ्य एवेति विरताविरतास्तेषाम्, एष द्रव्यस्तवः,

६४ अकृत्स्नप्रवर्त्तकानां विरताविरतानामेव खलु युक्तः । संसारप्रतनुकरणे द्रव्यस्तवे कूपदृष्टान्तः ॥

खलुरवधारणे भिन्नक्रमश्च, युक्त एव=सङ्गत एव, किम्फलोऽयमित्याह-संसारं भवं प्रतनुमल्पं करोतीति संसारप्रतनुकरण:, इह च विशेषणस्य परनिपात: सिद्धसेनाचार्य इत्यादाविव न दुष्ट:, लुप्तभावप्रत्ययत्वाद्वा संसारप्रतनुताकरण इति द्रष्टव्यम् । ननु कथञ्चित् सावद्यतया सदोषत्वेनानाश्रयणीयत्वादस्य कथं संसारप्रतनुकारित्वमित्याशङ्क्याह-द्रव्यस्तवे आश्रयणीयतया साधयितुमिष्टे, कूपदृष्टान्तोऽवटखननदृष्टान्त: । यथाहि तत्खनने श्रमपिपासादिदोषसम्भवेऽप्यग्रे स्वादुजलप्रादुर्भूतौ तदपनयनपूर्वकगुणान्तरदर्शनान्नायुक्तत्वं तथा द्रव्यस्तवेऽपि पृथिव्याद्यारम्भप्रभवदोषापनयनपूर्वकगुणान्तरदर्शनान्न तथात्वम् । तथा **महानिशीथ**-श्रुतस्कंधेऽप्युक्तम्-

[६५]अकसिणपवत्तगाणं विरयाविरयाण एस खलु जुत्तो ।
जे कसिण संजमविऊ पुप्फाइ न कप्पए तेसिं ॥ [३।३८]

इत्यादि । तथा-

[६६]काउं पि जिणाययणेहिं मंडियं सयलमेइणीवट्टं ।
दाणाइचउक्केण वि सुट्ठु वि गच्छिज्ज अच्चुअं ॥३।५७॥ न परओ ॥इत्यपि ।

## (દ્રવ્યસ્તવમાં શાસ્ત્રની પૂર્ણ સમ્મતિ છે.)

**તાત્પર્યાર્થ :-** જૈન પ્રવચનમાં કૂવાનું દૃષ્ટાન્ત આપીને દેશચારિત્રી એવા શ્રાવકો ને આ દ્રવ્યસ્તવ ઇષ્ટ ફળનો એટલે કે સર્વવિરતિ આદિ ફળનો સંપાદક કહ્યો છે. અહીં ઉપલક્ષણથી અવિરત સમ્યગ્ દૃષ્ટિ આદિ પણ અધિકૃત છે તે સમજી લેવું.

**આવશ્યક નિર્યુક્તિ** શાસ્ત્રમાં 'अकसिणपवत्तगाणं.' ગાથામાં આ પ્રમાણે જ કહેવામાં આવ્યું છે. ગાથાનો અર્થ આ પ્રમાણે છે-

અકૃત્સ્ન એટલે કે અપૂર્ણ સંયમમાં પ્રવર્તનાર અર્થાત્ એનું પાલન કરનાર, તેઓને અકૃત્સ્ન પ્રવર્તક કહેવાય. અકૃત્સ્ન પ્રવર્તક હોવાથી જ જેઓ સ્થૂળ આદિ વિશેષણ વિશિષ્ટ પ્રાણાતિપાત આદિથી વિરત એટલે કે નિવૃત્ત છે પણ સૂક્ષ્મ આદિ વિશેષણ વિશિષ્ટ પ્રાણાતિપાતથી જેઓ અવિરત છે અર્થાત્ નિવૃત્ત નથી તેથી તેઓ વિરતાવિરત કહેવાય. (નિર્યુક્તિ-ભાષ્ય ગાથામાં खलु શબ્દ जुत्तो પદ પછી જોડવો અને તેનો અર્થ અવધારણ છે.) તેઓને આ દ્રવ્યસ્તવ સંગત-ઉચિત જ છે. કારણ કે તેનાથી સંસાર અલ્પ થાય છે. નિર્યુક્તિ ભાષ્ય ગાથામાં 'संसारप्रतनु' આ પદમાં प्रतनु વિશેષણ પહેલા વાપરવાને બદલે પછી વાપર્યું છે પરંતુ તેમાં કોઈ દોષ નથી કારણ કે શિષ્ટગ્રંથોમાં આવા ઘણા પ્રયોગો જોવામાં આવે છે. દા.ત.-'સિદ્ધસેનાચાર્ય, હરિભદ્રાચાર્ય, હેમચંદ્રાચાર્ય'. આમાં આચાર્યપદ વિશેષણરૂપ હોવા છતાં પણ તેને પછી વાપર્યું છે. અથવા તેનું બીજું સમાધાન એ પણ છે

---

૬૫ अकृत्स्नप्रवर्त्तकानां विरताविरतानामेष खलु युक्त: । ये कृत्स्नसंयमविद: पुष्पादि न कल्पते तेषाम् ॥

૬૬ कृत्वापि जिनायतनै: मण्डितं सकलमेदिनीवर्त्तम् ॥ दानादिचतुष्केनापि सुष्ठ्वपि गच्छेत् अच्युतम् ॥ न रत: ॥

કે 'प्रतनु' શબ્દથી ભાવ અર્થમાં લાગતા 'ता' પ્રત્યયનો લોપ થયેલો છે એટલે સંસારની પ્રતનુતા (=અલ્પતા) કરનાર છે એમ સમજવું. અહીં કોઈ શંકા કરે કે-'દ્રવ્યસ્તવ સપાપ હોવાથી સદોષ છે અને સદોષ હોવાથી આદરવા યોગ્ય નથી તો તેનાથી સંસારની અલ્પતા શી રીતે થાય ?'-આ શંકાના ઉત્તરમાં, દ્રવ્યસ્તવમાં આદરણીયતા રૂપ સાધ્ય સિદ્ધ કરવા માટે કૂપ ખનનનું દૃષ્ટાંત છે. દૃષ્ટાંતનું તાત્પર્ય એ છે કે જેમ કૂવાને ખોદવામાં પરિશ્રમ અને ભૂખતરસ વગેરે દોષનો સંભવ હોવા છતાં પણ ભાવિમાં સ્વાદિષ્ટ જળ પ્રાપ્ત થાય ત્યારે તે દોષો દૂર થઈ જાય છે, તદુપરાંત આરોગ્ય વગેરે બીજા પણ લાભો થતા દેખાય છે તેથી તેને લોકમાં અયોગ્ય ગણવામાં આવતું નથી, તે જ રીતે દ્રવ્યસ્તવમાં પણ પૃથ્વીકાય આદિની હિંસા વગેરે દોષ દૂર થાય છે અને ઉપર ઉપરના ગુણસ્થાનકોની પ્રાપ્તિરૂપ બીજા અનેક લાભો પ્રાપ્ત થતા દેખાય છે અને તેથી તે આદરણીય છે.

**મહાનિશીથ** શ્રુતસ્કંધમાં પણ કહ્યું છે કે-

'અપૂર્ણ સંયમનું પાલન કરનાર દેશવિરતિધરોને દ્રવ્યસ્તવ યોગ્ય જ છે, પણ સંપૂર્ણ સંયમમાં પ્રવર્તનારા વિદ્વાનોને નહિ, કારણકે તેઓને પુષ્પાદિ (ને સ્પર્શવું પણ) કલ્પે નહિ.'

તથા દેશ ચારિત્ર કરતાં સર્વ ચારિત્ર ચઢિયાતી કક્ષાનું છે તે દર્શાવવા 'काऊंपि.' ગાથામાં કહ્યું છે કે-

'સકળ પૃથ્વીમંડળને જિનાલયોથી સુશોભિત કરે કે દાનાદિ ચતુષ્કની આરાધના કરે તો પણ (દેશવિરતિધર) બારમા અચ્યુત દેવલોકથી ઉપર જતા નથી.'

तत्र द्रव्यस्तवाच्चारित्रमुत्कर्षयितुं प्रतिपादयता तस्यानन्तर्येणाच्युतप्राप्तिफलकत्वं दानादि-चतुष्कसमकक्षत्वं तत्प्राणत्वं वा प्रतिपादितं भवतीति विमुच्याऽसद्ग्रहं रहसि पर्यालोचनीयम् । महानिशीथादेरप्रामाण्ये च गतमाचारादिप्रामाण्येनापि, विरोधस्य सर्वत्रोट्टङ्कयितुं समाधातुं वा शक्यत्वात् । यदि च नैवमिष्यते तदाऽऽह, **'अन्यथा पुनर्निपतेदयमर्थदण्डेन'** । तथा च **सूत्रकृतांगे** [श्रु. २ अ. २] **क्रियास्थानाध्ययने** [सूत्र १७]-"पढमे दंडसमादाणे अट्ठदंडवत्तिएत्ति आहिज्जइ से जहा णामए केइ पुरिसे आयहेउं वा, णाइहेउं वा, अगारहेउं वा, परिवारहेउं वा, मित्तहेउं वा, नागहेउं वा, भूयहेउं वा, जक्खहेउं वा तं दंडं तसथावरेहिं पाणेहिं सयमेव णिसिरइ[६७]"॥ इत्याद्यर्थ-दण्डप्रदिपादनाधिकारे जिनप्रतिमाया अपि नागादितुल्यतया ग्रहप्रसङ्गः, न चोपलक्षणात्तद्ग्रहोऽस्त्ये-वेति वाच्यम् असदृशस्योपलक्षयितुमशक्यत्वात्, अत एवान्यत्र चैत्याद्यर्थमाश्रवाभिधानस्थले चैत्यादिपदेनान्यप्रतिमादिकमेवोत्प्रेक्षयन्ति चक्षुष्मन्त इति भावः ॥३३॥

---

६७ प्रथमं दण्डसमादानं अर्थदण्डप्रत्यय इत्याख्यायते, तद्यथा नाम कश्चित्पुरुष आत्महेतुं वा ज्ञातिहेतुं वा आगारहेतुं वा परिवारहेतुं वा मित्रहेतुं वा नागहेतुं वा भूतहेतुं वा यक्षहेतुं वा तं दण्डं त्रसस्थावरैः प्राणिभिः (=त्रसस्थावरेषु प्राणिषु) स्वयमेव निसृजति ॥

એ ગાથાઓમાં દ્રવ્ય-સ્તવ કરતાં ચારિત્રના ઉત્કર્ષનું પ્રતિપાદન થયું છે તેમાં ગર્ભિત રીતે દ્રવ્યસ્તવ દ્વારા તે પછીના ભવમાં અચ્યુત દેવલોકની પ્રાપ્તિ રૂપ ફળ દર્શાવાયું છે તેમ જ દ્રવ્યસ્તવ દાનાદિ સમકક્ષ છે તથા વિરતાવિરતધર્મના પ્રાણ રૂપ છે એમ ગર્ભિત રીતે સૂચવાયું છે. અસદ્ગ્રહ છોડીને પૂર્વપક્ષીએ એકાંતમાં બેસીને પૂર્વોક્ત રીતે વિચારવું જરૂરી છે. જો **મહાનિશીથ** સૂત્રને પ્રમાણભૂત માનવામાં ન આવે તો **'આચાર'** આદિ સૂત્રને પણ પ્રમાણ માનવાનો કાંઈ અર્થ નથી. કારણકે વિરોધની શંકા, કુશંકા અને તેનું સમાધાન જેમ **આચારાંગ** આદિ સૂત્રમાં શક્ય છે તેમ સર્વત્ર **મહાનિશીથ** આદિમાં પણ શક્ય છે.

### (દ્રવ્યસ્તવ એ અર્થદંડ રૂપ નથી.)

જો દ્રવ્યસ્તવને પૂર્વોક્ત રીતે માન્ય ન રખાય તો મૂળ શ્લોકના ઉત્તરાર્ધમાં કહ્યા મુજબ તેનો સમાવેશ અર્થદંડમાં કરવો પડે પણ તે કર્યો નથી. **સૂત્રકૃતાંગ** નામના બીજા અંગ સૂત્રમાં **ક્રિયાસ્થાન** અધ્યયનમાં અર્થદંડની સ્પષ્ટતા કરતા કહ્યું છે કે-

'પ્રથમ દંડસમાદાન અર્થદંડ નિમિત્તે કહ્યું છે. દા.ત. કોઈ પુરુષ પોતાને માટે, સ્વજન માટે, ગૃહ માટે, પરિવાર માટે, મિત્ર માટે, નાગ માટે, ભૂત માટે, યક્ષ માટે, તે દંડને જાતે જ ત્રસ સ્થાવર જીવો ઉપર નાંખે છે. (એટલે કે ત્રસાદિ જીવોની હિંસા કરે છે.)'

આ સૂત્રમાં અર્થદંડના પ્રતિપાદનના અધિકારમાં જો દ્રવ્યસ્તવ અર્થદંડ સ્વરૂપ હોત તો નાગ, ભૂત કે યક્ષ હેતુક દંડની સમાનતા થઈ જવાથી જિનપ્રતિમાનું પણ આ સૂત્રમાં ગ્રહણ કર્યું હોત. પણ તે કરવામાં આવ્યું નથી એ જ દર્શાવે છે કે દ્રવ્યસ્તવ ઉપાદેય છે.

**પૂર્વપક્ષી :-** ઉપલક્ષણથી જિન પ્રતિમાનું પણ ગ્રહણ અત્રે કરવાનું જ છે. આશય એ છે કે જેમ 'કાગડાથી દહીંનું રક્ષણ કરજો'. આવા નિર્દેશમાં 'કાગડા' શબ્દથી માત્ર કાગડાનું જ ગ્રહણ નહિ પરંતુ દહીંવિનાશક બિલાડી વગેરે જે જે હોય તે તે બધાનું ગ્રહણ અભિપ્રેત છે તે જ રીતે સૂત્રમાં નાગાદિથી જિનપ્રતિમા પણ ગ્રહણ કરવામાં વાંધો નથી.

**સિદ્ધાન્તપક્ષી :-** ઉપરોક્ત વાત બરોબર નથી કારણ કે ઉપલક્ષણથી સર્વત્ર સમાન અર્થનું જ ગ્રહણ થઈ શકે, પરંતુ અસમાન અર્થનું ગ્રહણ થઈ શકે નહિ. જેમ કાગડો દહીંવિનાશક છે તેમ બીજાં બિલાડી વગેરે દહીંવિનાશક હોવાથી ત્યાં અભિપ્રેત છે. તે જ રીતે નાગાદિ હેતુક અર્થદંડ મિથ્યાત્વવર્ધક છે તેમ જિનપ્રતિમાની પૂજામાં થતી હિંસા મિથ્યાત્વવર્ધક નથી કિંતુ મિથ્યાત્વઉચ્છેદક છે.

સવિધિ જિનપૂજામાં થઈ જતી હિંસા, અનુબંધથી સાવદ્ય ન હોવાના કારણે જ, કોઈક અન્ય શાસ્ત્રમાં ચૈત્ય વગેરે માટે થતી પ્રવૃત્તિ આસ્રવ રૂપ કહી છે તે સ્થળમાં પણ બુદ્ધિમાન પુરુષો ચૈત્ય વગેરે પદથી 'મિથ્યાદૃષ્ટિ દેવની પ્રતિમા' (મુખ્યત્વે બુદ્ધપ્રતિમા) એવો જ અર્થ ઘટાવે છે. ॥ ૩૩ ॥

## ઉપદેશ ૧૦ - મુનિઓ દ્રવ્યસ્તવની અનુમોદના કરે.

यतीनां द्रव्यस्तवानुमतौ वचनान्तरमाह-

સાધુઓને દ્રવ્યસ્તવની અનુમતિનો અધિકાર છે તેમાં એક વધુ સાક્ષી વચન આ પ્રમાણે છે-

**चेइयवेयावच्चं जं सुअमुवयारिओ अ जो विणओ ।**
**सो दव्वत्थओ णियमा तेण जई तमणुमण्णंति ॥ ३४ ॥**

**શ્લોકાર્થ :-** 'ચૈત્યની જે વૈયાવચ્ચ કહી છે તેમજ (તીર્થંકરમાં) ઔપચારિક વિનય કહ્યો છે તે અવશ્ય દ્રવ્યસ્તવ રૂપ જ છે. તેથી સાધુઓની તેમાં અનુમતિ હોય છે.' ॥૩૪॥

चैत्यवैयावृत्त्यं यत् श्रुतम्-"अह केरिसए पुण आराहए वयमिणं* जे से उवहि-भत्तपाण-संगहदाणकुसले अच्चंतबाल-दुब्बल-बुड्ढ-खवगे पवत्तयायरिअ-उवज्झाए सेहे साहम्मिए तवस्सी-कुल-गण-संघ-चेइयट्ठे य निज्जरट्ठी वेयावच्चं अणिस्सियं दसविहं बहुविहं पकरेइत्ति[६८]॥" **प्रश्नव्याकरणे** [तृतीयद्वारे अ. ८ सू. २६] यश्चौपचारिको विनयः श्रुतो विनयसमाध्ध्ययनादौ, तत्र हि ज्ञानदर्शनचारित्रोपचारभेदाच्चतुर्विधो विनय उक्तस्तत्र चोपचारो लोकव्यवहारः पूजा वा प्रयोजनमस्यौपचारिको भक्तिरूपः स च,

[६९]"तित्थयर-सिद्ध-कुल-गण-संघ-किरिय-धम्म-नाण-नाणीणं । आयरिय-थेरु-वज्झाय-गणीणं तेरस पयाणि ॥

अणासायणा य भत्ती बहुमाणो तह य वण्णसंजलणा । तित्थयराइ तेरस चउगुणा होंति बावण्णा ।" इति [आ. नि. ३२५-३२६] गाथाद्वयोक्तक्रमेण द्विपंचाशद्भेदो भवति । प्रकृते च तीर्थकृद्विषयोऽयं ग्राह्यः स नियमाद् द्रव्यस्तवश्चैत्यवैयावृत्त्यस्य तीर्थकृदुपचारस्य वा तत्त्वतस्तद्रूप-त्वात्तेन यतयस्तद्द्रव्यस्तवमनुमन्यंते तदनुमतेरेव तत्संपादनार्थत्वात् । अत एव- [ ]

"आयरियउवज्झायथेरतवस्सीगिलाणसेहाणं । साहम्मियकुलगणसंघसंगयं तमिह कायव्वं[७०]॥".

---

* अदत्तादानविरमणव्रतमिदम्

६८ अथ कीदृशः पुनराराधयति व्रतमिदम्, यः स उपधिभक्तपानसंग्रहदानकुशलः अत्यन्तबालदुर्बलवृद्धक्षपके प्रवर्त्तकाचार्योपाध्याये शैक्षे साधर्मिके तपस्विकुलगणसंघे चैत्यार्थश्च निर्जरार्थी वैयावृत्त्यं अनिश्रितं दशविधं बहुविधं प्रकरोतीति ।

६९ तीर्थकरसिद्धकुलगणसंघक्रियाधर्मज्ञानज्ञानिनां । आचार्यस्थविरोपाध्यायगणिनां त्रयोदशपदानि ॥
अनाशातना च भक्तिः बहुमानस्तथा च वर्णसंज्वलनम् । तीर्थकरादित्रयोदश चतुर्गुणा भवन्ति द्विपंचाशत् ॥

७० आचार्योपाध्यायस्थविरतपस्विग्लानशैक्षाणाम् । साधर्मिककुलगणसंघसंगतं तदिह कर्त्तव्यम् ।

इति गाथोक्तदिशा दशविधस्यान्नपानादिदानभेदेनानेकप्रकारस्यानिश्रितस्य वैयावृत्यस्य करणेऽधिकारिणोऽत्यंतबालाद्यर्थकनिर्जरार्थित्वमधिकारिविशेषणमुक्तम्, 'चेइअट्ठे य' इत्यत्र सप्तमीप्रयोगादेतासां योऽर्थः प्रयोजनं स तथा, तत्र च निर्जरार्थी कर्मक्षयकाम इति व्याख्यानाद्-भवति च यत्किञ्चिच्छुद्धयोगव्यापारे चैत्यादिकृत्यसंपत्तिः, यदुक्तं **निर्युक्तिकृता**-[आव. नि. ११०१]

[७१]"चेइयकुलगणसंघे आयरिआणं च पवयणसुएसु ।
सव्वेसु वि तेण कयं तवसंजममुज्जमंतेणं" ॥ इति ।

अत्र च विशिष्टस्य प्रायो मिथोऽन्तर्भावात्, यच्चाधिकारीविशेषणघटकम्, तन्नियमादनुमोद्यमेव संपाद्यमेव चेति सर्वमवदातम् ॥ ३४ ॥

**તાત્પર્યાર્થ :- પ્રશ્નવ્યાકરણ** નામના દશમા અંગસૂત્રમાં અદત્તાદાન વિરમણ વ્રતના અધિકારમાં ચૈત્યની વૈયાવચ્ચ સૂચવેલી છે તે આ પ્રમાણે-'કેવા જીવો આ (અદત્તાદાન વિરમણ) વ્રતને આરાધે છે ? (ઉત્તર–) જેઓ ઉપધિ, ભોજન (અને) પાનકનો સંગ્રહ તથા દાન કરવાની વિધિના જાણકાર છે તેમ જ અત્યંત બાલ, દુર્બલ, વૃદ્ધ, ક્ષપક (=મોટી મોટી તપશ્ચર્યા કરનાર), પ્રવર્તક, આચાર્ય, ઉપાધ્યાય, શૈક્ષ (=અભિનવ દીક્ષિત), સાધર્મિક, તપસ્વી, કુલ, ગણ, સંઘ અને ચૈત્યનું કાર્ય સિદ્ધ કરવા માટે જે નિર્જરાનો અર્થી અનિશ્રિતપણે (=આકાંક્ષા રહિતપણે) અનેકરીતે દશપ્રકારની વૈયાવચ્ચ કરે છે. (તે ત્રીજા વ્રતને આરાધી શકે છે.)'

**(વિનયના બાવન ભેદ-પ્રભેદ)**

શ્રી **દશવૈકાલિક** સૂત્રમાં **વિનયસમાધિ** નામના અધ્યયનમાં ઔપચારિક વિનય દર્શાવ્યો છે. તે અધ્યયનમાં ચાર પ્રકારનો વિનય કહ્યો છે. ૧. જ્ઞાનવિનય, ૨. દર્શનવિનય, ૩. ચારિત્રવિનય અને ૪. ઔપચારિક વિનય. લોકવ્યવહાર અથવા પૂજાના પ્રયોજનથી કરવામાં આવતો ભક્તિરૂપ વિનય ઔપચારિક વિનય કહેવાય. નિર્યુક્તિના ગાથાયુગલમાં આ વિનયના બાવનભેદ દર્શાવ્યા છે. તેની ગણના આ પ્રમાણે-૧. તીર્થંકર, ૨. સિદ્ધ, ૩. કુલ, ૪. ગણ, ૫. સંઘ, ૬. ક્રિયા, ૭. ધર્મ, ૮. જ્ઞાન, ૯. જ્ઞાની, ૧૦. આચાર્ય, ૧૧. સ્થવિર, ૧૨. ઉપાધ્યાય અને ૧૩. ગણી. આ તેરે તેર પદની ૧. આશાતનાનો ત્યાગ, ૨. ભક્તિ, ૩. બહુમાન અને ૪. પ્રશંસા. તીર્થંકરાદિ તેર પદને ઉપરોક્ત ચાર પદ સાથે ગુણવાથી બાવન ભેદ પ્રાપ્ત થાય છે.

પ્રસ્તુતમાં આ વિનય તીર્થંકરના વિષયમાં પણ લેવાનો છે, કે જે અવશ્ય દ્રવ્યસ્તવ રૂપ જ હોઈ શકે, કારણ કે પરમાર્થ દૃષ્ટિએ ચૈત્યની વૈયાવચ્ચ કે તીર્થંકરનો ઔપચારિક

---

७१ चैत्यकुलगणसंघे आचार्याणां च प्रवचनश्रुतेषु । सर्वेष्वपि तेन कृतं तपःसंयममुद्यच्छता ॥

વિનય (તેમની ગેરહાજરીમાં તો ખાસ) દ્રવ્યસ્તવ રૂપ જ છે. તેથી જ સાધુઓની દ્રવ્યસ્તવમાં અનુમતિ ઉચિત છે કારણ કે દ્રવ્યસ્તવમાં અનુમતિ એ જ વાસ્તવમાં ચૈત્ય આદિ વૈયાવચ્ચના સંપાદન રૂપ છે.

**(વૈયાવચ્ચ સંપાદનનો અધિકારી)**

આ જ કારણે 'આયરિય' ઇત્યાદિ ગાથામાં સૂચિત દિશા અનુસારે ૧. આચાર્ય, ૨. ઉપાધ્યાય, ૩. સ્થવિર, ૪. તપસ્વી, ૫. બીમાર, ૬. અભિનવ દીક્ષિત, ૭. સાધર્મિક, ૮. કુલ, ૯. ગણ અને ૧૦. સંઘ. આ દશેનું અન્ન પાન વગેરે દાનના ભેદોથી અનેક પ્રકારનું વૈયાવચ્ચ અનિશ્રિતપણે કરવામાં તે જ અધિકારી છે જે અત્યંત બાલ વગેરેનાં આવશ્યક કૃત્યોનું સંપાદન કરવા દ્વારા નિર્જરાનો અર્થી છે, એવું વિશેષણ વાપરવામાં આવ્યું છે. પ્રશ્ન વ્યાકરણ સૂત્રના 'ચેઈયટ્ઠે ય' આ પદમાં રહેલી સપ્તમી વિભક્તિના પ્રયોગથી ચૈત્ય વગેરેનો જે અર્થ એટલે કે પ્રયોજન (આવશ્યક કૃત્ય) તેનું સંપાદન કરવામાં કર્મક્ષયની કામનાવાળો હોય' આ જાતની વ્યાખ્યા કરવાથી ઉપરોક્ત વિશેષણ યથાર્થ છે એ જણાઈ આવે છે. વળી અવસર ઉચિત કોઈ એક તપ કે સંયમયોગમાં શુદ્ધ મન, વચન અને કાયાથી પ્રવૃત્તિ કરવા દ્વારા ચૈત્યાદિ કૃત્યનું સંપાદન થાય છે. નિર્યુક્તિકાર શ્રીભદ્રબાહુસ્વામીએ પણ કહ્યું છે કે-

'તપ અને સંયમ યોગની અંદર જે ઉદ્યમ કરે છે તે ચૈત્ય, કુલ, ગણ, સંઘ, આચાર્ય, પ્રવચન અને શ્રુત આ બધાની આરાધનાનો સંપાદક છે.'

આ શ્લોકમાં જણાવ્યા પ્રમાણે ચૈત્યાદિ વિશિષ્ટ કૃત્યનો પ્રાયઃ તપ અને સંયમમાં પરસ્પર સમાવેશ થઈ જતો હોવાથી અવસરોચિત કોઈપણ શુદ્ધ યોગના પાલનમાં ચૈત્યાદિ કૃત્યનું સંપાદન પ્રાપ્ત થઈ જાય છે. વળી આચાર્ય વગેરે દસના વૈયાવચ્ચના અધિકારીનું જે વિશેષણ છે તેમાં ચૈત્ય કૃત્યના સંપાદન દ્વારા નિર્જરાર્થિતા પણ અંગરૂપ હોવાથી જયાંસુધી એનું સંપાદન અને અનુમોદન ઉચિત માનવામાં ન આવે ત્યાંસુધી આચાર્યાદિ દસની વૈયાવચ્ચનો અધિકાર પ્રાપ્ત ન થાય, માટે તે અવશ્ય સંપાદ્ય અને અનુમોદ્ય છે તે નિઃસંશય સિદ્ધ થાય છે. ॥ ૩૪ ॥

નન્વનુમોદ્યત્વેઽસ્ય સાક્ષાત્કર્તવ્યત્વમપિ ન કથમિત્યાશઙ્કાયામાહ-

**શંકા** :- જો દ્રવ્યસ્તવ સાધુઓને અનુમોદ્ય હોય તો પછી સાક્ષાત્ કેમ કરવામાં આવતો નથી ? એનો જવાબ આ પ્રમાણે છે-

**सक्खाउ संजयाणं भावपहाणत्तओ ण सो जुत्तो ।**
**भावो अ तयणुमोअणमेत्तो तं चेव जुत्तयरं ॥ ३५ ॥**

**શ્લોકાર્થ :-** સંયતો ભાવપ્રધાન હોવાથી તેઓને સાક્ષાત્ દ્રવ્યસ્તવ કરવો યુક્ત નથી. દ્રવ્યસ્તવનું અનુમોદન ભાવ સ્વરૂપ છે માટે તે અત્યંત ઉચિત જ છે. ॥ ૩૫ ॥

**साक्षात्तु**=स्वयंकरणतः **पुनः संयतानां**=सर्वविरतानाम्, **नासौ द्रव्यस्तवः युक्तः**, कुत इत्याह **भावप्रधानत्वात्**=द्रव्यस्तवफलीभूतैकांतशुद्धपरिणामपरप्रवृत्तिकत्वात्, स्नानाद्यधिकारित्वाभावेन तदनुपपत्तेः 'कार्यार्थं तदप्याश्रीयतां को दोष' इति चेत् ? न, तदुपपत्तौ स्वरूपतः सावद्यस्याश्रयितुमयुक्तत्वात्, न खलु भुजाभ्यां नदीं तरीतुं समर्थास्तदुत्तरणार्थ कंटकादियुक्तं काष्ठमाद्रियते, न चौषधं विनैवाचिरेण रोगोपशमयोग्यतावंतो दीर्घकालभाविरोगोपशमहेतुभूते कटुकौषधपानक्षारशिरावेधादावादृता भवन्ति, द्रव्यस्तवतो हि पुण्यानुबंधिपुण्योपलंभात् सुदेवत्वसुमानुषत्वादिलाभक्रमेणैव कर्मक्षयः, भावस्तवात्तु आहत्यैवेति । तदिदमाह- [पंचाशके-६ । २१-२२-२३-२४]

[७२]"असुहतरंडुत्तरणप्पाओ दव्वत्थओऽसमत्तोय । नदिमाइसु परो पुण समत्थ बाहुत्तरणकप्पो ॥

[७३]कडुगोसहादिजोगा मंथररोगसमसण्णिहो वावि । पढमो विणोसहणं तक्खयतुल्लो अ बितिओ त्थ ॥

[७४]पढमाउ कुसलबंधो तस्स विवागेण सुगइमादीआ । तत्तो परंपराए बितिओ वि हु होइ कालेण ॥

[७५]चरणपडिवत्तिरूवो थोअव्वोचियपवित्तिगुरुओ उ । संपुण्णाणाकरणं कयकिच्चे हंदि उचियं तु ॥"

## (સાક્ષાત્ દ્રવ્યસ્તવ સાધુઓને અનુચિત)

**તાત્પર્યાર્થ :-** સર્વવિરતિવાળા સાધુઓને જાતે દ્રવ્યસ્તવ કરવો ઉચિત નથી. કારણ કે સર્વવિરતિ એટલે કે ચારિત્ર ભાવપ્રધાન ધર્મરૂપ છે. અર્થાત્ દ્રવ્યસ્તવથી સંપાદ્ય એકાંત શુદ્ધ પરિણામથી ઓતપ્રોત પ્રવૃત્તિમય છે. જો પોતે દ્રવ્યસ્તવ સાક્ષાત્ કરવા બેસે તો તેને સ્નાન પણ કરવું પડે અને સ્નાન કરવાનો અધિકાર ચારિત્રીને નથી, એટલે તેઓને સાક્ષાત દ્રવ્યસ્તવ કર્તવ્યરૂપે પ્રાપ્ત થતો નથી.

**પ્રશ્ન :-** જ્યારે દ્રવ્યસ્તવ અનુમોદ્ય જ છે તો દ્રવ્યસ્તવ કરવા માટે સ્નાન પણ કરવામાં આવે તો શું દોષ ?

**ઉત્તર :-** દ્રવ્યસ્તવ કરવા માટે સ્વરૂપથી સાવદ્ય એવા સ્નાનનો આશ્રય કરવો ચારિત્રી માટે યુક્ત નથી કારણ કે તેને ત્રિવિધ ત્રિવિધે કોઈપણ જીવની હિંસા નહિ કરવાની પ્રતિજ્ઞા છે. જો સ્નાન કરવામાં આવે તો આ પ્રતિજ્ઞા ખંડિત થાય અને પ્રતિજ્ઞા ખંડિત થવાથી ચારિત્ર રૂપ ભાવ ખંડિત થાય. દા.ત. બાહુથી નદી તરવાની શક્તિવાળા પરાક્રમીઓ નદી

---

૭૨ असुखतरंडोत्तरणप्रायो द्रव्यस्तवोऽसमस्तश्च । नद्यादिषु परः पुनः समर्थो बाहुत्तरणकल्पः ॥

૭૩ कटुकौषधादियोगान्मंथररोगशमसन्निभो वापिः । प्रथमो विनौषधेन तत्क्षयतुल्यश्च द्वितीयोऽत्र ॥

૭૪ प्रथमतः कुशलबन्धः तस्य विपाकेन सुगत्यादयः । ततः परम्परया द्वितीयोऽपि खलु भवति कालेन ॥

૭૫ चरणप्रतिपत्तिरूपः स्तोतव्योचितप्रवृत्तिगुरूकस्तु । सम्पूर्णाज्ञाकरण कृतकृत्ये हन्दि उचितं तु ॥

તરવા માટે કાંટાવાળા કાષ્ટની મદદ સ્વીકારતા નથી. જેઓ ઔષધ વિના જ શીઘ્ર રોગ શાંતિની યોગ્યતાવાળા છે તેઓ કડવાં ઔષધનું પાન, ક્ષાર કે શિરોવેધ (ઓપરેશન) ઇત્યાદિ ઉપચારમાં પ્રવૃત્ત થતાં નથી કારણ કે આ ઉપચારો લાંબા કાળે રોગ શાંતિના હેતુભૂત છે.

**(ભાવસ્તવ સાક્ષાત્ કર્મક્ષય સંપાદક છે)**

વળી બીજી ધ્યાન દેવા યોગ્ય હકીકત એ છે કે દ્રવ્યસ્તવથી પુણ્યાનુબંધી પુણ્ય પ્રાપ્ત થાય અને તેનાથી સારી દેવગતિ મળે, ત્યારપછી પ્રશસ્ત માનવભવ વગેરે ધર્મસામગ્રી પ્રાપ્ત થાય અને તેના દ્વારા ધર્મઆરાધનાથી કર્મક્ષય થાય. આમ દ્રવ્યસ્તવથી પરંપરાએ કર્મક્ષય થાય છે જ્યારે ભાવસ્તવથી સાક્ષાત્ કર્મક્ષય થાય છે.

**પંચાશક** (૬) શાસ્ત્રમાં પણ કહ્યું છે કે-

"દ્રવ્યસ્તવ એ નદી પાર કરવા માટે અસુખકર એટલે કે દુઃખોત્પાદક કંટકાદિથી વ્યાપ્ત તરણ્ડ અર્થાત્ કાષ્ટખંડ જેવો છે અને તાત્કાલિક સિદ્ધિ પ્રાપ્ત કરાવવામાં સમર્થ પણ નથી. જ્યારે ભાવસ્તવ બાહ્ય દ્રવ્ય નિરપેક્ષ આત્મપરિણામ સ્વરૂપ હોવાથી બે હાથના બળે જ નદી પાર કરવા તુલ્ય છે અને તાત્કાલિક સિદ્ધિ પ્રાપક પણ છે. ॥ ૨૧ ॥

અથવા દ્રવ્યસ્તવ દીર્ઘકાલે રોગ શાંત કરનાર કડવાં ઔષધ આદિના પ્રયોગ કરવા તુલ્ય છે. જ્યારે બીજો ભાવસ્તવ ઔષધ આદિ વિના જ રોગશમન તુલ્ય છે. ॥ ૨૨ ॥

દ્રવ્યસ્તવથી પુણ્યાનુબંધી પુણ્યકર્મનો બંધ થાય, જેના વિપાકોદયથી સદ્ગતિ આદિ પ્રાપ્ત થાય છે અને સદ્ગતિથી પરંપરાએ કેટલાક કાળ પછી ભાવસ્તવ પ્રાપ્ત થાય છે. ॥૨૩॥

ભાવસ્તવ ચારિત્રના અંગીકાર રૂપ છે તેથી દ્રવ્યસ્તવ કરતાં ચઢિયાતો છે કારણ કે સંપૂર્ણ આજ્ઞાનું પાલન તે જ કૃતકૃત્ય એવા વીતરાગ ભગવાનને વિષે ઉચિત જ છે. ॥૨૪॥"

न चैवं निरवद्यत्वाद्भावप्रधानत्वं श्रावकस्याप्याश्रयणीयम्, कथञ्चिदाज्ञाकरणगुणपरिज्ञानेऽपि चारित्रमोहनीयकर्मविपाकप्राबल्यात्तत्क्रियाया हालाहलव्याप्तपुरुषव्यापारसदृशत्वेन गुणीभूतभावत्वात्, चिकित्सार्हतया द्रव्यप्रधानत्वाच्च । न चेदेवं, भावमात्रादेव तेषां कृतार्थत्वे सुपात्रदानादिकमपि विच्छिद्येत । 'तद्विधानकाले तदविधानं दोषाये'ति चेत् ? प्रकृतेऽप्येतत् किं नालोचयसि ? 'आरंभभयान्नालोचयामी'ति चेत् ? विधिभक्तिमतामितो भगवदर्चनादिदर्शनाद्बहवः प्रतिबुद्ध्य शिवं यास्यंतो षड्जीवनिकायं रक्षिष्यन्तीत्यादिपर्यालोचनजनितसमुल्लासानां नास्त्येव तदवकाशः, इतरेषां च भग्नचित्ततया न क्वाप्यधिकार इति विभावनीयम् । तदेवं संयतानामकर्त्तव्यो द्रव्यस्तवो गृहिणां च कर्त्तव्य इति व्यवस्थितम् । ननु यद् यस्याऽकर्त्तव्यं न तत्तस्यानुमोद्यं, यथा धार्मिकाणां हिंसादिकं, इति कथं द्रव्यस्तवस्याकर्त्तव्यत्वे यतीनामनुमोद्यत्वमित्यत्राह-**भावश्च तदनुमोदनं**=द्रव्यस्तवानु-

मोदनम्, सुकृतानुमोदनस्य चारित्रप्राणत्वात्, **अतस्तच्च** एवस्य भिन्नक्रमत्वात् **युक्ततरमेव** अतिशयेन युक्तमेव ततो भावप्रधानत्वाभंगात्, प्रत्युत ततस्तदुपचयाद् भावधारयैव गुणश्रेण्यभिवृद्धेः ।

[७६]"अविशुद्धस्स ण वड्ढइ गुणसेढी तत्तिया ट्ठाई" ॥ इति [उ.माला श्लो. ६५] वचनात् ।

उक्तानुमानं च स्वातंत्र्येण सुपात्रदान एव व्यभिचारि, द्रव्याभावेन तस्य यतीनामकर्त्तव्यत्वेऽप्यनुमोद्यत्वादिति भावः ॥ ३५ ॥

### (શ્રાવકજીવનમાં દ્રવ્યસ્તવની મુખ્યતા)

'ભાવસ્તવ નિષ્પાપ હોવાથી શ્રાવકે પણ ભાવપ્રધાન થવું જોઈએ અર્થાત્ ભાવને જ મુખ્યતા આપવી જોઈએ નહિ કે દ્રવ્યસ્તવને' આવું માનવાની જરૂર નથી. તેનું કારણ એ છે કે શ્રાવકને યેનકેન પ્રકારેણ સંપૂર્ણ આજ્ઞાના પાલનથી થતા લાભનું જ્ઞાન થઈ જાય તો પણ તેની ભાવસ્તવ અંગેની ક્રિયામાં ભાવની મુખ્યતા રહી શકતી નથી. તેનું કારણ એ છે કે તેને ચારિત્ર મોહનીય કર્મનો પ્રબળ ઉદય પ્રતિબંધક છે. જેમ શરીરમાં ઝેર વ્યાપી ગયા પછી તે પુરુષની સકળ ક્રિયા અસ્તવ્યસ્તપણે થતી હોવાથી તે ક્રિયાનું ધ્યેય સિદ્ધ થતું નથી, તે જ રીતે ચારિત્ર મોહનીય કર્મના કારણે શ્રાવકની ક્રિયા પણ ભાવપૂર્ણ બનતી નથી અર્થાત્ ગૌણ બની જાય છે અને તેથી જ જેમ ઝેરથી વ્યાપ્ત પુરુષની ક્રિયા ચિકિત્સાને પાત્ર બને છે તે જ રીતે શ્રાવકની ક્રિયા પણ ચારિત્રમોહનીયનો રોગ ટાળવા માટે ચિકિત્સાના સાધનરૂપ દ્રવ્યસ્તવનો વિષય બને છે. આ રીતે શ્રાવકની ક્રિયા દ્રવ્યપ્રધાન હોવાથી દ્રવ્યસ્તવની મુખ્યતા સિદ્ધ થાય છે.

જો શ્રાવક અવસ્થામાં દ્રવ્યસ્તવને પ્રધાન કરવાને બદલે માત્ર ભાવથી જ સંતોષ માની લેવામાં આવે તો સુપાત્ર દાન આદિ અનુષ્ઠાનો પણ નામશેષ થઈ જશે કારણ કે ત્યાં માત્ર ભાવથી સંતોષ લઈ શકાશે.

**પૂર્વપક્ષી** :- સુપાત્રદાનના અવસરે સુપાત્ર દાન કરવાને બદલે ભાવમાત્રથી સંતોષ માનવામાં માયા વગેરે દોષને અવકાશ છે માટે શ્રાવકે સુપાત્ર દાન કરવું જ જોઈએ.

### (દ્રવ્યસ્તવમાં માયા અને આરંભનો ભય અયોગ્ય છે)

**સિદ્ધાન્તી** :- દ્રવ્યસ્તવની બાબતમાં પણ એ જ રીતે શા માટે વિચારાતું નથી કે શ્રાવક અવસ્થામાં દ્રવ્યસ્તવનો અવસર હોવા છતાં પણ જો તે ન કરે તો માયા વગેરે દોષ લાગશે.

**પૂર્વપક્ષી** :- દ્રવ્યસ્તવમાં આરંભનો ભય હોવાથી તે પ્રમાણે ત્યાં વિચાર આવતો નથી.

**સિદ્ધાન્તી** :- એવો આરંભનો ભય સેવવો વ્યર્થ છે, કારણ કે, જેઓ વિચારે છે કે- 'વિધિપૂર્વક ભક્તિ કરનારા શ્રાવકો દ્વારા કરવામાં આવતી ભગવત્પૂજા વગેરેને જોઈને

---

૭૬ अविशुद्धस्य न वर्धते गुणश्रेणिः तावती तिष्ठति ।

ઘણાં જીવો પ્રતિબોધ પામી મોક્ષમાં જઈને ષડ્જીવનિકાયને પોતાના તરફથી સદાને માટે પીડામુક્ત કરશે'-તેઓને આ પ્રકારના વિચારથી ભાવ ઉલ્લાસ ઉત્પન્ન થાય છે એટલે આવા ભાવ ઉલ્લાસવાળાને આરંભના ભયનો અવકાશ નથી. અને જેઓને આવો વિચાર જ આવતો નથી તેઓ ભગ્ન પરિણામી હોવાથી એટલે કે પ્રત્યેક ક્રિયામાં ઉત્સાહરહિત હોવાથી કોઈ પણ અનુષ્ઠાનમાં અધિકાર ધરાવતા નથી.

ઉપરોક્ત રીતે દ્રવ્યસ્તવ ગૃહસ્થો માટે કર્તવ્ય છે પણ સાધુઓ માટે કર્તવ્યરૂપ નથી એ સિદ્ધ થાય છે.

## (દ્રવ્યસ્તવની અનુમોદનાની નિર્બાધ સિદ્ધિ)

**શંકા :-** દ્રવ્યસ્તવ સાધુઓને અનુમોદવા યોગ્ય નથી. તેનો હેતુ એવો વ્યાપ્ય-વ્યાપક ભાવ છે કે-'જે જેને માટે અકર્તવ્ય હોય તે તેને માટે અનુમોદ્ય ન હોય.' દા.ત. ધર્મપરાયણ આત્માઓ માટે હિંસા વગેરે જેમ કર્તવ્ય નથી તેમ અનુમોદ્ય પણ નથી. તો પછી અકર્તવ્યરૂપ દ્રવ્યસ્તવ સાધુઓને અનુમોદ્ય કઈ રીતે બને ? આ શંકાના **ઉત્તરમાં** મૂળ શ્લોકના ઉત્તરાર્ધમાં કહ્યું છે કે દ્રવ્યસ્તવનું અનુમોદન સ્વતઃ ભાવ સ્વરૂપ છે, કારણ કે તે સુકૃત અનુમોદનરૂપ છે અને સુકૃત અનુમોદના ચારિત્રનો પ્રાણ છે. માટે સાધુઓને દ્રવ્યસ્તવની અનુમોદના અત્યંત ઉચિત જ છે. તેના દ્વારા ભાવપ્રધાનતાનો ભંગ થતો નથી ઉલટો ભાવનો ઉપચય એટલે કે પુષ્ટિ થાય છે. ગુણશ્રેણિની અભિવૃદ્ધિમાં ભાવની ધારા જ હેતુભૂત છે. આશય એ છે કે પુષ્ટ થયેલા ભાવથી જ ઉત્તર ઉત્તર ગુણની શ્રેણિમાં વૃદ્ધિ થાય છે. અને ભાવની પુષ્ટિ સુકૃતની અનુમોદનાથી થાય છે. દ્રવ્યસ્તવ પણ સુકૃત રૂપ જ છે. તેથી સાધુઓને તેના અનુમોદનમાં કોઈ દોષ નથી. સુકૃતની અનુમોદના કરવાને બદલે જે નિંદા કરે છે તેને ભાવની શુદ્ધિ થતી નથી. **ઉપદેશમાલામાં** (શ્લો. ૬૫) કહ્યું છે કે-

'પરિણામની વિશુદ્ધિ વિના ગુણશ્રેણિ વધતી નથી પણ એટલી ને એટલી રહે છે.'

વળી પૂર્વપક્ષીએ જે અનુમાન દર્શાવ્યું છે તે સ્વતંત્રપણે સુપાત્ર દાનના સ્થળમાં જ અનૈકાન્તિક દોષયુક્ત છે, કારણ કે સાધુઓ પાસે દાન કરવા યોગ્ય દ્રવ્ય રાખવાનું પણ ન હોવાથી તેમને માટે સુપાત્ર દાન કર્તવ્ય નથી, કિંતુ સુપાત્ર દાન તેમને અનુમોદનીય તો છે જ. ॥ ૩૫ ॥

## ઉપદેશ ૧૧ - મુનિઓએ વાણીમાં રાખવા યોગ્ય સંયમ

यत एवं द्रव्यस्तवानुमोदनमेव साधोर्युक्तमत इयं व्यवस्थोपपद्यत इत्याह-

દ્રવ્યસ્તવનું માત્ર અનુમોદન જ સાધુઓને યુક્ત છે, તેથી જ શાસ્ત્રકારોએ કરેલી વ્યવસ્થા જે નીચે દર્શાવી છે તે સંગત થાય છે-

**एत्तोच्चिय पण्णवणी तप्फलभासा ण चेव आणमणी ।**

**ण य पुट्ठस्स भगवओ भासा इच्छाणुलोमा य ॥ ३६ ॥**

**શ્લોકાર્થ :-** 'તેથી જ (દ્રવ્યસ્તવનું અનુમોદન માત્ર સાધુને યુક્ત હોવાથી) તેનું ફળ દર્શાવનારી ભાષા પ્રજ્ઞાપની જ અનુમત છે પરંતુ આજ્ઞાપની નહિ જ. નાટક માટે પૂછવામાં આવતાં ભગવાને ઇચ્છાનુલોમ ભાષાનો પ્રયોગ કર્યો નહિ.' ॥ ૩૬ ॥

**इत एव**=साधोर्द्रव्यस्तवानुमोदनमात्रस्य युक्तत्वादेव, **तत्फलभाषा**=द्रव्यस्तवफलप्रतिपादिका गीः, **प्रज्ञापनी**=श्रद्धातिशयजनकफलज्ञापनमात्रपरा, **न चैवाज्ञापनी**='त्वं प्रासादार्थं पृथिवीं खन, जलादिकं वाऽऽनये'त्याद्यभिलापेन द्रव्यस्तवाङ्गकर्त्तव्यतादेशकतया साक्षात् प्रवर्तिका । **अथ-**

यस्तृणमयीमपि कुटीं कुर्याद्दद्यात्तथैकमपि पुष्पम् । भक्त्या परमगुरुभ्यः पुण्योन्मानं कुतस्तस्य ॥
जिनभवनं जिनबिंबं जिनपूजां जिनमतं च यः कुर्यात् । तस्य नरामरशिवसुखफलानि करपल्लवस्थानि ॥

इत्यादि**वाचकमुख्य**वचनानां कारकत्वमेव प्रतिभाति न तु ज्ञापकत्वमिति **चेत् ? न,** फल-ज्ञापनमात्रतात्पर्यकेभ्य एतेभ्यः फलार्थिनां श्रोतॄणां स्वत एव प्रवृत्तेः, 'श्रोतार इतो द्रव्यस्तवे प्रवर्त्तन्ताम्'इति तात्पर्याभावेन फलतोऽपि साक्षादप्रवर्त्तकत्वात् । यदि पुनः साक्षात् परप्रवर्त्तनयाप्येतानि वचनान्यदुष्टानि स्युः तदा साक्षादेव तत्र तत्प्रवर्त्तनमपि विधेयं स्यात्, तथा च **वज्रस्वामि**चरिता-लंबनस्य पुष्टत्वमेव स्यात्, अपुष्टत्वं च तस्य श्रूयते **वंदनकनिर्युक्तौ,** एतस्य भग्नशुभपरिणामा-लंबनतयोपदिष्टत्वात्, तथाहि - [आव. नि. ११७९।११८०]

[७७]चेइअकुलगणसंघे अन्नं वा किं पि काउ निस्साणं । अहवा वि अज्जवइरे तो सेवेंती अकरणिज्जं ।
चेइअपूआ किं वइरसामिणा मुणिअपुव्वसारेणं न कया पूरीआइ तओ मोक्खंगं सा वि साहूणं ॥

इति । **न च**=नैव **पृष्टस्य**=नाटकादिकं प्रदर्शयामीत्यादिगिरा देवादिना पर्यनुयुक्तस्य **भगवतः** चारित्रग्रहणादिप्रश्नस्थल इवेच्छानुलोमा च भाषा 'यथासुखमि'त्याद्याकारा प्रवर्त्तते, तस्या निसर्गत आप्तेष्टसाधनताज्ञापकत्वेन "इष्टं वैद्योपदिष्टम्" इति न्यायात् साक्षात्प्रवृत्तिहेतुप्रायत्वात् ॥ ३६ ॥

---

७७ चैत्यकुलगणसंघान् अन्यद्वा किमपि कृत्वा निश्राणम् । अथवाऽपि आर्यवज्रः तस्मात् सेवन्त्यकरणीयम् ॥
चैत्यपूजा किं वज्रस्वामिना ज्ञातपूर्वसारेण । न कृता पूरिकायां ? ततो मोक्षाङ्गं सापि साधूनाम् ॥

**તાત્પર્યાર્થ :-** જૈન સાધુઓને દ્રવ્યસ્તવની માત્ર અનુમોદના કરવાનો જ અધિકાર છે પરંતુ અન્ય વ્યક્તિને સાક્ષાત્ પ્રવર્તાવવાનો અધિકાર નથી. માટે જ ગૃહસ્થ શ્રોતાઓને સમસ્ત દ્રવ્યસ્તવનું ફળ દર્શાવવા માટે પ્રજ્ઞાપની ભાષાનો પ્રયોગ કરવાનો અધિકાર છે, પરંતુ આજ્ઞાપની ભાષાનો પ્રયોગ કરવાનો અધિકાર નથી. જો સાક્ષાત્ પ્રવર્તાવવાનો અધિકાર હોતે તો આજ્ઞાપની ભાષાનો નિષેધ કર્યો ન હોત. પ્રસ્તુત શાસ્ત્રમાં પ્રજ્ઞાપની શબ્દનું તાત્પર્ય છે-'અતિશય શ્રદ્ધા ઉત્પાદક, દ્રવ્યસ્તવના ફળનું પ્રતિપાદન માત્ર કરનારી ભાષા.' આજ્ઞાપની ભાષાનું તાત્પર્ય છે-'તું મંદિર બનાવવા માટે ભૂમિ ખોદ' અથવા 'પાણી લાવ' વગેરે કહેવા દ્વારા દ્રવ્યસ્તવના અંગભૂત ભૂમિખનન વગેરે કર્તવ્યનો સ્પષ્ટ આદેશ કરીને તેમાં સાક્ષાત્ પ્રવર્ત્તાવનારી ભાષા.

### (શ્રી ઉમાસ્વાતિજીનાં વચનો કારક કે જ્ઞાપક ?)

**પૂર્વપક્ષ :-** વાચક મુખ્ય શ્રી ઉમાસ્વાતિનાં આ પ્રમાણે વચનો ઉપલબ્ધ થાય છે કે -

'પરમ ગુરુ શ્રી તીર્થંકર દેવની ભક્તિથી તેમના મંદિર સ્વરૂપ એક ઘાસની ઝૂંપડી પણ જે બનાવે, અને માત્ર એક પુષ્પ પણ ભક્તિથી ચઢાવે તેને બંધાતા પુણ્યની સીમા જ ક્યાંથી હોય.'

'જે આત્મા જિનમંદિર, જિનપ્રતિમા, જિનપૂજા કે જિનાગમ રચાવે; મનુષ્યગતિ, દેવગતિ અને મોક્ષગતિનાં સુખો તેના હાથવેંતમાં રહેલાં છે.'

આ વચનોમાં તો સાક્ષાત્ પ્રવર્ત્તકત્વ હોય તેમ જ દેખાય છે પણ ફળનું પ્રતિપાદન માત્ર હોય તેમ જણાતું નથી.

**ઉત્તરપક્ષ :-** વાચકશ્રીનાં વચનો એ ફળનું પ્રતિપાદન માત્ર કરવાના તાત્પર્યવાળાં જણાય છે નહિ કે સાક્ષાત્ પ્રવર્તક. અને જેઓ ફળની આકાંક્ષા રાખતા હોય તેઓ ઉપરોક્ત ફળ પ્રતિપાદક વચનો સાંભળીને સ્વયં પ્રવૃત્ત થાય છે. 'શ્રોતાઓ ફળશ્રવણ કરીને દ્રવ્યસ્તવમાં એટલે કે દ્રવ્યસ્તવ અંતર્ગત આરંભમાં પ્રવૃત્ત થાય' એવું તાત્પર્ય પણ ઉપદેશકનું ન હોવાથી ફળ પ્રતિપાદન દ્વારા પણ તે પ્રવર્તક નથી, અને તેથી તે વચનો કારક રૂપ નથી પરંતુ જ્ઞાપક છે. જો ઉપરોક્ત વચનોને સાક્ષાત્ પરપ્રવર્તકતાના તાત્પર્યમાં પણ નિર્દોષ માનવામાં આવે તો સાધુને તેમાં સાક્ષાત્ પ્રવૃત્તિ કરવામાં પણ કોઈ દોષ રહેશે નહિ. અર્થાત્ દ્રવ્યસ્તવ પણ સાધુઓને માટે કર્તવ્ય રૂપ બની જશે.

**પ્રશ્ન :-** દ્રવ્યસ્તવ સાક્ષાત્ કર્તવ્યરૂપ બની જાય તો તેમાં બાધક શું છે ?

### (વજ્રસ્વામીજીનું દૃષ્ટાન્ત અનુકરણીય નહીં)

**ઉત્તર :-** બાધક એ છે કે સાક્ષાત્ દ્રવ્યસ્તવની પ્રવૃત્તિમાં વજ્રસ્વામીનું દષ્ટાન્ત

પકડવાની પ્રવૃત્તિ પણ પુષ્ટ અર્થાત્ ઉચિત થઈ જશે જયારે વંદનક નિર્યુક્તિમાં તે પ્રવૃત્તિને અપુષ્ટ કહેવામાં આવી છે, અર્થાત્ તે પ્રવૃત્તિની ગર્હા કરવામાં આવી છે કારણ કે જેના શુભ પરિણામ ખંડિત થયા છે તેવા શિથિલાચારીઓ જ વજ્રસ્વામીના દૃષ્ટાન્તનું ઓઠું પકડનારા છે એમ નિર્યુક્તિકારે જણાવ્યું છે, તે આ પ્રમાણે-

'ચૈત્ય, કુલ, ગણ, સંઘ અથવા બીજું કોઈ પણ બહાનું શોધીને કે પછી આર્ય વજ્રસ્વામીનું દૃષ્ટાન્ત પકડીને (ભગ્નપરિણામી જીવો) અકૃત્યમાં (ચૈત્યાદિ અંગેના સાવદ્ય કાર્યોમાં) પ્રવૃત્ત થાય છે.' (તેઓ અસૂયાપૂર્વક કહે છે કે) 'શું પૂર્વના સારના જ્ઞાતા શ્રી વજ્રસ્વામી મહારાજે પુરિકા નગરીમાં ચૈત્ય પૂજા કરી ન હતી ? !' માટે તે સાધુઓને પણ મોક્ષનું અંગ જ છે.'

(શિથિલાચારીઓએ પકડેલા આ બહાનાનું નિર્યુક્તિકારે ૧૧૮૧ વગેરે ગાથાઓમાં સુંદર સમાધાન કર્યું છે.)

**('યથાસુખ' એટલે ઉચિત પ્રવૃત્તિમાં પૂર્ણ સમ્મતિ)**

મૂળ શ્લોકના ઉત્તરાર્ધનો આશય એ છે કે-

દ્રવ્યસ્તવનું માત્ર અનુમોદન યુક્ત હોવાથી બીજી પણ એક વ્યવસ્થા સંગત થાય છે કે જયારે ભગવાનની વાણીથી પ્રતિબોધ પામેલો કોઈ પુણ્યશાળી ચારિત્ર સ્વીકારવા માટે ભગવાનની અનુમતિ માંગતો પ્રશ્ન કરે તો ત્યાં પ્રશ્નકારની ઈચ્છાને અનુકૂળ 'યથાસુખમ્' (જેમ તમને સુખ ઊપજે તેમ કરો) એવી ભાષામાં ઉત્તર આપે છે જે પ્રશ્નકારને ચારિત્ર-ગ્રહણમાં પ્રવર્તવાની સાક્ષાત્ પ્રેરણા આપે છે. પરંતુ દેવોએ જયારે ભગવાન સમક્ષ સમવસરણમાં નાટક કરવાની આજ્ઞા માંગી ત્યારે ભગવાને 'યથાસુખમ્' એમ પણ ન કહ્યું અને નિષેધ પણ ન કર્યો, કિન્તુ મૌન રહ્યા. જો નિષેધ કરે તો ભક્તિ દ્વારા પુણ્યાનુબંધી પુણ્યના ઉપાર્જનમાં અંતરાય થાય. અને 'યથાસુખમ્' કહે તો દ્રવ્યસ્તવમાં સાક્ષાત્ પ્રવૃત્તિ થાય. આમ ભગવાનના મૌનમાં ગર્ભિત રીતે દ્રવ્યસ્તવનું અનુમોદન સમજીને દેવતાઓએ ભક્તિ નાટકો કર્યાં. 'યથાસુખમ્' એ ભાષા સહજપણે આપ્તપુરુષને ઇષ્ટ એવા મોક્ષની સાધનતાને જણાવનાર હોવાથી, 'ભાવતું હતું અને વૈદ્યે કહ્યું' એ ન્યાયે પ્રાયઃ સાક્ષાત્ પ્રવૃત્તિમાં હેતુરૂપ બને છે. તાત્પર્ય એ છે કે જેમ રોગીને જે વસ્તુ ભાવે છે તે માટે વૈદ્યને પૂછતાં વૈદ્ય પણ તે ખાવાની સલાહ આપે છે એ રીતે તે વસ્તુને ખાવામાં વૈદ્યની સલાહ સાક્ષાત્ પ્રવર્તક બને છે, તે રીતે પ્રસ્તુતમાં પણ પ્રશ્નકારની ઈચ્છા ચારિત્ર લેવાની હોય અને ભગવાનને તે અંગે પ્રશ્ન કરે તો ભગવાન પણ તેની ઈચ્છાને અનુકૂળ 'યથાસુખમ્' એવા જવાબ આપે છે કે જેથી પ્રશ્નકારને સાક્ષાત્ દીક્ષા લેવાની પ્રેરણા મળે છે. ॥ ૩૬ ॥

**(દ્રવ્યસ્તવની અનુમોદના બિનજરૂરી હોવાની શંકાનું નિવારણ)**

अथ हीनत्वादेव नानुमोद्यत्वं द्रव्यस्तवस्य साधूनामित्याशङ्काशेषं परिहरन्नाह-

**શંકા :-** ભાવસ્તવ અત્યંત ઊંચી કક્ષાનો છે જયારે તેની અપેક્ષાએ દ્રવ્યસ્તવ અત્યન્ત નિમ્ન કક્ષાનો છે. સાધુઓ પોતે ભાવસ્તવની ઉચ્ચકક્ષામાં આરૂઢ થયા હોવાથી દ્રવ્યસ્તવની અનુમોદના તેમના માટે બિનજરૂરી હોઈ અકર્તવ્ય છે.

**अह हीणं दव्वत्थयं अणुमण्णिज्जा ण संजओ त्ति मई ।**
**ता कस्सवि सुहजोगं तित्थयरो णाणुमण्णिज्जा ॥ ३७ ॥**

**શ્લોકાર્થ :-** જો તમારી બુદ્ધિ એમ કહેતી હોય કે ઊતરતી કક્ષાનો હોવાથી દ્રવ્યસ્તવ સાધુએ અનુમોદવાનો ન હોય તો, તીર્થંકર કોઈના પણ શુભયોગની અનુમોદના જ કરશે નહિ. ॥ ૩૭ ॥

**अथे**त्युपन्यासे, (संयतः) यदि **हीनं**=स्वयोगापेक्षया तुच्छं **द्रव्यस्तवं नानुमन्येतेति मतिस्ते,** तत्कस्यापि शुभयोगं तीर्थंकरो नानुमन्येत, अधस्तनगुणस्थानवर्त्तिनां सर्वेषामपि शुभयोगस्य तीर्थकरापेक्षया हीनत्वात् । विरतिरूपत्वमेव तदनुमोद्यतायां प्रयोजकमिति तु यद्यादृियते तदा द्रव्यस्तवस्याप्यसदा-रंभनिवृत्तिरूपत्वात् किमिति नानुमोद्यत्वम् ?! वस्तुत आज्ञाशुद्धत्वमेव तथा, तीर्थकरनामकर्माश्रव-रूपस्य सम्यक्त्वस्यापि तथात्वात्, तच्चात्राक्षतमेवेत्यवसेयम् ॥ ३७ ॥

**તાત્પર્યાર્થ :-** પૂર્વપક્ષીનો અભિપ્રાય જો એવો હોય કે દ્રવ્યસ્તવ તો અત્યન્ત નીચી કક્ષાનો છે. દ્રવ્યસ્તવનો ઉદ્દેશ તો ભાવસ્તવની પ્રાપ્તિ જ છે અને તે તો સાધુઓને પ્રાપ્ત થયેલ જ છે પછી બિનજરૂરી દ્રવ્યસ્તવની અનુમોદના કરવાનું પ્રયોજન જ શું ? અર્થાત્ કે તે ન કરવી જોઈએ. તો ખરેખર પૂર્વપક્ષીનો ઉપરોક્ત અભિપ્રાય ઉચિત નથી. એનું કારણ એ છે કે દ્રવ્યસ્તવ તેમને માટે કર્તવ્યરૂપ ભલે ન હોય પરંતુ તેની અનુમોદના ભાવને પુષ્ટ કરનારી હોવાથી અને ભાવપુષ્ટિ સાધુને પણ ઇચ્છનીય હોવાથી તેની અનુમોદના કરવામાં સાધુને કોઈ દોષ નથી પણ લાભ જ છે. પછી ભલે તે ઊતરતી કક્ષાનો હોય. જો એવો આગ્રહ રાખવામાં આવે કે જે પોતાના શુભયોગની અપેક્ષાએ હીન હોય તેની અનુમોદના ન થાય તો તીર્થંકરોના શુભયોગની અપેક્ષાએ નીચેના બારમા-અગિયારમા વગેરે ગુણસ્થાનકોમાં વર્તતા કોઈ પણ આત્માના શુભયોગની કેવલિભગવંતો અનુમોદના કરી શકશે નહિ કારણ કે તીર્થંકરની અપેક્ષાએ તેઓનો શુભયોગ એ અત્યન્ત ઊતરતી કક્ષાનો છે.

**(વિરતિરૂપ હોય તે જ અનુમોદનીય-એવું એકાન્તે નહીં.)**

જો એમ કહેવામાં આવે કે "જે વિરતિરૂપ શુભયોગ હોય તે જ અનુમોદનીય છે અર્થાત્ અનુમોદનામાં પ્રયોજક વિરતિરૂપ શુભયોગ જ છે" તો એ પણ દ્રવ્યસ્તવની

અનુમોદનામાં બાધારૂપ બનતું નથી કારણ કે દ્રવ્યસ્તવ ગૃહસ્થને દ્રવ્યસ્તવ ક્રિયાકાળ દરમ્યાન સાંસારિક કાર્યોમાં થતા અશુભ આરંભ (હિંસા વગેરે)થી બચાવનાર છે એટલે તે અંશમાં દ્રવ્યસ્તવ પણ આંશિક વિરતિરૂપ માનવામાં વાંધો નથી, તો પછી તેની અનુમોદના કરવામાં શું વાંધો હોઈ શકે ? જો કે ખરી રીતે તો 'જે વિરતિરૂપ હોય તે જ અનુમોદનીય' એવું માનવા યોગ્ય જ નથી પણ જે અનુષ્ઠાન આજ્ઞાશુદ્ધ હોય અર્થાત્ જિનાજ્ઞારૂપી ગળણીમાંથી ગળાઈને વિશુદ્ધ બન્યું હોય તે અનુમોદનીય છે. સમ્યક્ત્વ પણ આજ્ઞાશુદ્ધ હોવાના કારણે જ અનુમોદનીય છે નહિ કે વિરતિરૂપ હોવાના કારણે. કારણકે સમ્યક્ત્વ તો તીર્થંકરનામકર્મના આશ્રવમાં વિશેષતઃ હેતુરૂપ છે તેથી તેને વિરતિરૂપ કહેવાનો કાંઈ અર્થ જ નથી. વિરતિરૂપ ન હોવા છતાં પણ આજ્ઞાશુદ્ધ હોવાને કારણે જેમ સમ્યક્ત્વ અનુમોદનીય છે તે જ રીતે દ્રવ્યસ્તવમાં પણ આજ્ઞાશુદ્ધિ અખંડિત હોવાથી દ્રવ્યસ્તવની અનુમોદના સર્વથા નિર્દોષ છે. ॥ ૩૭ ॥

## (બીજાધાન વિશુદ્ધ દ્રવ્યાજ્ઞાનો ઉપસંહાર)

उपसंहरन्नाह-

**अलमेत्थ पसंगेणं दोण्हवि अणुमोअणाई आणाणं ।**
**बीआहाणविसुद्धा दव्वाणा होइ णायव्वा ॥ ३८ ॥**

**શ્લોકાર્થ** :- ઘણું કહેવાથી સર્યું, દ્રવ્યાજ્ઞા અને ભાવાજ્ઞા એ બન્નેની અનુમોદનાથી દ્રવ્યાજ્ઞા બીજાધાનવિશુદ્ધ બને છે તે સમજી રાખવું. ॥ ૩૮ ॥

**अलमत्र**=प्रकृतविचारे **प्रसंगेन**=आनुषंगिकविस्तरेण, **द्वयोरपि**=प्रधानद्रव्यभावसंगतयोः **आज्ञयोः अनुमोदनया बीजाधानविशुद्धा द्रव्याज्ञा भवति ज्ञातव्या,** बीजीभूतया तयाऽपुनर्बंधका-द्युचितभावजननप्रधानद्रव्याज्ञायाः प्रेत्योपपत्तेः । द्वयोरित्युक्त्याऽप्रधानाज्ञानुमोदनायाः प्रत्यपायबहु-लत्वमेव सूच्यते, तथा च **हरिभद्राचार्यवचनम्**-[पंचाशके ११-३९]

[७८]तेसिं बहुमाणेणं उम्मग्गणुमोअणा अणिट्ठफला । तम्हा तित्थयराणाट्ठिएसु जुत्तोत्थ बहुमाणो ॥ त्ति

यदि च परंपरया भावाज्ञाप्रयोजकतया साऽप्यनुमोद्या स्यात् तदा निगोदभावादेरपि स्वोपमर्द-पूर्वकपरिणामांतरव्यवहिततत्परिणामप्रयोजकतयाऽनुमोद्यत्वप्रसक्तिरित्यवसेयम् ॥ ३८ ॥

**तात्पर्यार्थ** :- દ્રવ્યસ્તવ પણ અનુમોદનીય છે તે બાબત સિદ્ધ કરવા ઘણો વિચાર કર્યો. હવે કહેવાનું એ છે કે શ્લોક-૨૬ માં બીજાધાન વિશુદ્ધ દ્રવ્યાજ્ઞા (સ્વસ્વ કક્ષા ઉચિત બાહ્ય ધર્મક્રિયા) ભાવાજ્ઞા સંપાદક છે એમ જે કહેવામાં આવ્યું હતું તેમ જ શ્લોક-૨૮માં ભાવાજ્ઞા

---

૭૮ तेषां बहुमानेनोन्मार्गानुमोदनाऽनिष्टफला । तस्मात्तीर्थकराज्ञास्थितेषु युक्तोऽत्र बहुमान इति ॥

પ્રત્યે બહુમાન અર્થાત્ પ્રમોદ અને અનુમોદના એ બીજાધાન રૂપ છે એમ કહ્યું હતું તે જ હકીકતનો અહીં ઉપસંહાર કરવામાં આવ્યો છે. પ્રધાન દ્રવ્યાજ્ઞા અને ભાવાજ્ઞા એ બન્નેની અનુમોદના કરવાથી દ્રવ્યાજ્ઞા બીજાધાન વિશુદ્ધ બને છે. આશય એ છે કે બીજરૂપ ન બનતી દ્રવ્યક્રિયાથી ભવાંતરમાં ભાવસંપાદક દ્રવ્યાજ્ઞા પ્રાપ્ત થતી નથી પરંતુ દ્રવ્યક્રિયા અને ભાવ, એ બન્નેની અનુમોદનાથી વિશુદ્ધ અને બીજ સ્વરૂપ બનેલી દ્રવ્યા જ્ઞાથી જ ભવાંતરમાં અપુનર્બંધક વિગેરે ઉચિત ભાવ સંપાદક પ્રધાન દ્રવ્યાજ્ઞાનો ઉદય થાય છે.

ખાસ સૂચવવાનું એ છે કે અનુમોદના માત્ર બેની જ કરવાની કહી પણ અપ્રધાન દ્રવ્યાજ્ઞાની અનુમોદના કરવાનું કહ્યું નહિ, કારણ કે તે ઘણું નુકસાન કરનારી છે.

આચાર્યશ્રી હરિભદ્રસૂરિ મહારાજ **પંચાશક શાસ્ત્ર**માં જણાવે છે કે-"તેમના (ગુરુકુલવાસત્યાગીઓના) બહુમાનથી ઉન્માર્ગની અનુમોદના થાય છે કે જે અનિષ્ટફળ દાયક છે માટે તીર્થંકરની આજ્ઞામાં વર્તનારા યોગ્ય આત્મા ઉપર જ બહુમાન કરવું ઉચિત છે."

**(અપ્રધાન દ્રવ્યક્રિયા ઉપાદેય નથી)**

એમ કહેવામાં આવે છે કે-"પ્રધાન દ્રવ્યક્રિયાની જેમ અપ્રધાન દ્રવ્યક્રિયા ભાવમાં સાક્ષાત્ પ્રયોજક ભલે ન હોય પરંતુ પરંપરાએ પ્રયોજક માનવામાં વાંધો નથી માટે તે પણ અનુમોદવી જોઈએ." તો એ બરાબર નથી, કારણકે પરંપરાએ જો અપ્રધાન દ્રવ્યક્રિયાને પ્રયોજક માનવામાં આવે તો નિગોદ અવસ્થામાં આત્માનો જે પ્રકારનો ભાવ છે તેને પણ આત્માના ચરમાવર્તકાલીન શુભપરિણામમાં પરંપરાએ પ્રયોજક માનીને તેને પણ અનુમોદવાની આપત્તિ આવશે. પ્રયોજક એટલે સાક્ષાત્ અથવા પરંપરાએ કાર્યોત્પત્તિમાં અનુકૂળ બનનાર. નિગોદવર્તી જીવનો ભાવ પણ જાતે નષ્ટ થઈ અન્ય પરિણામોના વ્યવધાનથી દીર્ઘકાલભાવી શુભપરિણામમાં અનુકૂળતા કરી આપે છે. જો એ નષ્ટ જ ન થયો હોત તો ભાવીમાં શુભ પરિણામને ઉત્પન્ન થવાનો અવકાશ શી રીતે મળત ? આમ પોતાની જાતનું બલિદાન આપીને અન્ય પરિણામોથી વ્યવહિત એવા શુભપરિણામમાં નિગોદ ભાવ પણ અનુકૂળ થતો હોઈ તેને અનુમોદવાની આપત્તિ આવીને ઊભી રહે છે. ॥ ૩૮ ॥

अथ क्रियायां विधिशुद्धोपयोगयोगादेव द्रव्याज्ञायाः प्राधान्यमुपपद्यते-[पंचाशके ३।१०]
[७९]वेलाइविहाणम्मी तग्गयचित्ताइणा य विन्नेओ । तव्वुड्ढिभावभावेहिं तह य दव्वेयरविसेसो ॥
इति वचनात् तथा च आगमदेशे क्रियारूपभावे आगमनिषेधान्नोआगमतो भावाज्ञात्वमेव युक्तम्, नोशब्दस्य देशनिषेधार्थत्वात्, न तु द्रव्याज्ञात्वमित्याशङ्कायामाह-

---

७९ वेलादिविधाने तद्गतचित्तादिना च विज्ञेयः । तद्वृद्धिभावाभावैस्तथा च द्रव्येतरविशेषः ॥

**શંકા** :- દ્રવ્યાજ્ઞા અને ભાવાજ્ઞા એ બેના અનુમોદન રૂપ બીજાધાનથી વિશુદ્ધ બાહ્ય ક્રિયાને પ્રધાન દ્રવ્યાજ્ઞા કહેવામાં આવી તે બરોબર લાગતું નથી. જે બાહ્યક્રિયા શુદ્ધવિધિ-પૂર્વક અને ઉપયોગપૂર્વક કરવામાં આવે તેને જ પ્રધાન દ્રવ્યાજ્ઞા કહેવી જોઈએ. **પંચાશક શાસ્ત્ર**માં (૩/૧૦) પણ કહ્યું છે કે-

'વેળા (=કાળ) સાચવવાપૂર્વક અને નહિ સાચવવાપૂર્વક વિધિનું પાલન હોવું અને ન હોવું, ક્રિયામાં મનોયોગ હોવો અને ન હોવો, અને બાહ્ય ક્રિયાની ઉત્તરોત્તર વૃદ્ધિ અને હાનિથી ક્રમશઃ ભાવાજ્ઞા અને દ્રવ્યાજ્ઞાનો તફાવત પારખવો.'

આ રીતે, જે દ્રવ્યાજ્ઞાને અપ્રધાન કહેવામાં આવી છે તે પણ 'નોઆગમથી ભાવાજ્ઞા છે' એમ કહીએ તો કાંઈ અયુક્ત નથી. 'નો' શબ્દ અહીં આંશિક નિષેધાર્થક છે; સર્વથા નિષેધાર્થક નથી. તાત્પર્ય એ છે કે એને પણ પ્રધાન દ્રવ્યાજ્ઞા માનવી જોઈએ, નહીં કે અપ્રધાન દ્રવ્યાજ્ઞા. કારણ કે, આગમ એક દેશભૂત ક્રિયારૂપ ભાવ હોય અને બીજા અંશોમાં આગમ નિષેધ હોય તો તેને નોઆગમતઃ ભાવાજ્ઞારૂપ માની શકાય છે. **ઉત્તર—**

**नोआगमभावाणा एसा णो बज्झकिरियमहिगिच्च ।**
**दव्वेण य भावेण य छेयत्तं जं सुए भणिअं ॥ ३९ ॥**

**શ્લોકાર્થ** :- 'ઉપરોક્ત દ્રવ્યાજ્ઞા બાહ્યક્રિયાને આશ્રયીને નોઆગમતઃ ભાવાજ્ઞા નથી. શાસ્ત્રમાં દ્રવ્ય અને ભાવ ઉભયના યોગથી છેકપણું (અર્થાત્ વ્યવહાર ઉપયોગીપણું) કહ્યું છે. ॥ ૩૯ ॥

**एषा**=अधिकृतद्रव्याज्ञा **नो**=नैव **बाह्यक्रियामधिकृत्य नोआगमभावाज्ञा,** अंतर्वृत्त्या जीवपरिणामरूपायाः क्रियाया भावत्वेऽपि, बहिर्वृत्त्या शरीरपरिणामरूपायास्तस्या द्रव्यत्वाऽविरोधात्। एतच्चेत्थमेव **यद्**=यस्मात् **श्रुते**=आवश्यकनिर्युक्त्यादिलक्षणे **द्रव्येण भावेन च छेकत्वं**=वंदनया संपूर्णफलप्रयोजकत्वलक्षणं भणितम्, तथा च तद्ग्रन्थः-[आ. नि. ११३८-११३९]

[८०]रूप्पं टंकं विसमाहयक्खरं णवि य रूवगो छेयो । दोण्हं वि समाओगे रूवो छेयत्तणमुवेइ ॥

[८१]रूप्पं पत्तेयबुहा टंकं जे लिंगधारिणो समणा । दव्वस्स य भावस्स य छेओ समणो समाओगे ॥ त्ति।

अत्र द्रव्यभावसमायोगवतः टंकयुक्तरूप्यस्थानीयप्रथमभंगपतितस्य वंदना मोक्षफलतया एकान्तशुद्धैव । द्रव्यानुपेतस्य भाववतः टंकानालिखितरूप्यस्थानीयद्वितीयभंगपतितस्यापि मोक्षाभ्युदयफलसाधकत्वात्तथैव भावप्राधान्यात्, आह च-

---

८० रूप्यं टंकं विषमाहताक्षरं नापि च रूप्यकश्छेकः । द्वयोरपि समायोगे रूप्यं छेकत्वमुपैति ।

८१ रूप्यं प्रत्येकबुद्धाः टंकं ये लिङ्गधारिणः श्रमणाः । द्रव्यस्य च भावस्य च छेकः श्रमणः समायोगे ॥ इति

*"क्रियाशून्यश्च यो भावो भावशून्या च या क्रिया । अनयोरंतरं ज्ञेयं भानुखद्योतयोरिव ॥" इति ।

भावविहीनद्रव्यक्रियावतः टंकलिखितभिन्नद्रव्यस्थानीयतृतीयभंगपतितस्योभयहीनस्य मुद्रामात्रस्थानीयचतुर्थभंगपतितस्य च प्रायः क्लिष्टसत्त्वानां संभवतीति कुदेवत्वादिप्रयोजकतयाऽनिष्टफलैव ।

**अन्ये** त्वाहुः, नाममात्रेणार्हत्यप्यन्त्यभंगद्वयवंदना लौकिक्येव, लौकिकवंदनायाः फलस्यैवैतस्याः फलत्वात् । यदि चेयं जैनी स्यात्, तदा विध्यविध्यासेवनसहकारिभ्यामिष्टानिष्टार्थफला स्यात्, तस्यास्तत्स्वभावत्वात्, न चेतोऽविध्यासेवनेऽपि साक्षादनिष्टफलं पश्यामः, ततो जैनीवदाभासमानाऽपीयं लौकिक्येवेति । अत्र प्रथमभंगे भावसत्त्वेऽपि द्रव्याऽप्रच्यवाभिधानादुपयुक्तानामपि द्रव्याज्ञा नायुक्तेति फलितम् ॥ ३९ ॥

**(બાહ્ય ક્રિયા-અનુષ્ઠાનો દ્રવ્યાજ્ઞારૂપ હોવામાં અવિરોધ)**

**તાત્પર્યાર્થ :-** સિદ્ધાન્ત પક્ષ તરફથી બતાવવામાં આવેલ (અપ્રધાન) દ્રવ્યાજ્ઞા શંકાકારને નોઆગમતઃ ભાવાજ્ઞા રૂપે અભિપ્રેત હોવા છતાં પણ વાસ્તવમાં બાહ્યક્રિયાને આશ્રયીને (=અર્થાત્ જ્યાં સુધી બાહ્યક્રિયાને લાગેવળગે છે ત્યાં સુધી) નોઆગમતઃ ભાવાજ્ઞા રૂપ નથી. આભ્યંતર રીતે જીવપરિણામ સ્વરૂપ જે ધર્મક્રિયા છે તે ભાવાત્મક હોવા છતાં પણ બાહ્ય રીતે શારીરિક ક્રિયારૂપ જે અનુષ્ઠાન છે તે તો દ્રવ્યરૂપે જ અવિરુદ્ધ છે, પણ ભાવરૂપે નહિ. આ બાબતમાં કોઈ વૈપરીત્ય નથી કારણ કે આવશ્યક નિર્યુક્તિ અને પંચાશક વગેરેમાં દ્રવ્ય અને ભાવ ઉભયગર્ભિત વંદનાને જ છેક એટલે કે સંપૂર્ણ ફળ નિષ્પાદક કહી છે. તે ગ્રંથવચનનું તાત્પર્ય આ પ્રમાણે છે-

**(દ્રવ્ય અને ભાવની અદ્ભુત ચતુર્ભંગી)**

રૂપ્ય (=ધાતુ) શુદ્ધ હોય અને છાપના અક્ષરો સમપણે ટંકાયેલા હોય (પ્રથમ ભંગ), રૂપ્ય શુદ્ધ હોય પણ અક્ષરો વિષમપણે ટંકાયેલા હોય (દ્વિતીય ભંગ), રૂપ્ય અશુદ્ધ હોય અક્ષરો સમપણે ટંકાયેલા હોય (તૃતીય ભંગ), અને ઉભય અશુદ્ધ હોય (ચતુર્થ ભંગ). આ પ્રકારની ચતુર્ભંગીમાં ત્રીજા, ચોથા ભંગમાંનો રૂપિયો લૌકિક વ્યવહાર રૂપ ફળ સંપાદક બનતો નથી. પરંતુ બન્નેના સમાયોગમાં પ્રથમ ભંગવર્તી રૂપિયો (ઉપલક્ષણથી ક્યારેક દ્વિતીય ભંગવર્તી રૂપિયો પણ) સંપૂર્ણ ફળ પ્રયોજક થાય છે.

---

* 'तात्त्विकः पक्षपातश्च' इति प्रथमपादाऽसमानोऽयं श्लोकः २२३ योगदृष्टौ० । भावपदस्थाने च 'ज्ञान' पदं ज्ञानसारप्रशस्तौ ।

પ્રસ્તુતમાં શુદ્ધ રૂપ્યસ્થાનીય પ્રત્યેકબુદ્ધ આત્માઓ છે અને ટંક સ્થાનમાં લિંગધારી શ્રમણો છે. દ્રવ્ય અને ભાવ એટલે કે બાહ્ય ક્રિયા અને આંતરિક શુભ પરિણામ ઉભયના સમાયોગથી સાધક યતિ સંપૂર્ણ મોક્ષફળ પ્રાપ્ત કરે છે.

અહીં સમજવા યોગ્ય એ છે કે દ્રવ્ય અને ભાવ ઉભયના યોગવાળા ટંકયુક્ત રૂપ્ય સ્થાનીય પ્રથમ ભંગવર્તી સાધુને કરવામાં આવતી વંદના મોક્ષફલક હોવાથી એકાન્તે શુદ્ધ જ છે. બાહ્યક્રિયારૂપ દ્રવ્યના અભાવમાં કેવળ ભાવયુક્ત ટંકશૂન્યરૂપ્ય સ્થાનીય દ્વિતીય ભંગવર્તી સાધુ છે. તેને કરવામાં આવતી વંદના પણ મોક્ષરૂપ અભ્યુદય ફળ સાધક હોવાથી એકાંતે શુદ્ધ જ છે કારણ કે ક્રિયા કરતાં ભાવનું ઘણું મહત્ત્વ છે. કહ્યું છે કે-

"જેટલું અંતર સૂર્ય અને આગિયાના પ્રકાશમાં છે તેટલું અંતર ક્રિયાશૂન્ય ભાવ અને ભાવશૂન્ય ક્રિયા એ બે વચ્ચે જાણવું."

ભાવશૂન્ય દ્રવ્ય ક્રિયાવાળા ટંકયુક્તઅશુદ્ધરૂપ્યસ્થાનીય તૃતીયભંગવર્તી અને દ્રવ્ય અને ભાવ ઉભયરહિતમુદ્રામાત્રસ્થાનીય ચતુર્થ ભંગવર્તી સાધુને કરવામાં આવતી વંદના અનિષ્ટ ફળદાયક છે કારણ કે સંક્લિષ્ટ પરિણામવાળા જીવને જ તેવા સાધુને વંદન કરવાનું મન થાય, બીજાને નહિ. તેથી કુદેવ, કુગુરુ વગેરે મિથ્યાત્વપોષક હોવાથી તેને ઇષ્ટફલક કહી શકાય નહિ.

આ વિષયમાં બીજાઓનો મત આ પ્રમાણે છે કે નામમાત્રથી અરિહંતને પણ કરવામાં આવતી તૃતીય અને ચતુર્થ ભંગ સંબંધી વંદના એ જૈન શાસનની વંદના રૂપ નથી કિંતુ લૌકિક વંદનક્રિયારૂપ છે. કારણ કે જે ફળ લૌકિક વંદનાનું છે તે જ તેનું પણ ફળ છે. તે વંદના જૈન શાસનની ન હોવાનું કારણ એ છે કે જૈન વંદના વિધિપૂર્વક કરવામાં આવે તો ઇષ્ટફળ સંપાદક અને વિપરીત વિધિથી કરવામાં આવે તો અનિષ્ટ ફળદાયક બને છે એ તેનો સ્વભાવ છે. પૂર્વોક્ત વંદના અવિધિથી કરવામાં આવે તો પણ સાક્ષાત્ તેનું કોઈ અનિષ્ટફળ દેખાતું નથી માટે બાહ્ય દેખાવમાં જૈન શાસનની વંદના રૂપ ભાસતી હોવા છતાં પણ તે લૌકિકી જ છે.

સાર એ છે કે ઉપયોગપૂર્વકની ક્રિયા હોવા છતાં પણ તેને દ્રવ્યાજ્ઞા કહેવામાં કશું અજુગતું નથી, કારણ કે પૂર્વોક્ત પ્રથમ ભંગમાં ભાવ વિદ્યમાન હોવા છતાં પણ દ્રવ્યની વિદ્યમાનતા પણ જરૂરી લેખવામાં આવી છે. ॥ ૩૯ ॥

## ઉપદેશ ૧૨-ભાવાજ્ઞાની તાત્ત્વિક અનુભૂતિ

उक्ता सप्रसङ्गं द्रव्याज्ञा, अथोपादेयां भावाज्ञां निरूपयति-

વિસ્તારથી દ્રવ્યાજ્ઞાનું નિરૂપણ કર્યું હવે આદરણીય ભાવાજ્ઞાનું નિરૂપણ શરૂ થાય છે-

**भावाणा पुण जायइ सम्मद्दिट्ठिस्स मूलमहिगिच्च ।**
**कज्जाकज्जे णाओ पवट्टइ तओ हिए पायं ॥ ४० ॥**

**શ્લોકાર્થ :-** ભાવાજ્ઞાનો આરંભ સમ્યગ્ દૃષ્ટિ જીવથી માંડીને થાય છે. તેનાથી કાર્ય અને અકાર્યનો નિશ્ચય થવાથી પ્રાયઃ હિતમાં જ પ્રવૃત્તિ થાય છે. ॥ ૪૦ ॥

**भावाज्ञा पुनर्जायते सम्यग्दृष्टेः मूलं**=आदिम् **अधिकृत्य,** तदनंतरमेव प्रशमसंवेगनिर्वेदानुकंपास्तिक्यरूपमोक्षपुरप्राप्तिसार्थोपलब्धेः, ततः **कार्याकार्ये**=इहलोकपरलोकयोर्हिताहिते नीतिव्यवहार-कुनीतिपरद्रव्यापहारादिलक्षणे **ज्ञात्वा**=इहलोकपरलोकयोः शुभाशुभफलत्वेन निश्चित्य, **प्रायो हिते प्रवर्त्तते,** असति प्रतिबंधे निर्वेदप्राणस्य तस्य हित एवोत्कटेच्छाजननस्वभावत्वात्, तद्गुणप्राबल्य-प्रयोज्यप्रयत्नस्य विरत्यावरककर्मस्थित्यपवर्त्तनप्रवणत्वाच्च ॥ ४० ॥

**તાત્પર્યાર્થ :-** પ્રથમ ગુણસ્થાનકમાં ભાવાજ્ઞાનું અસ્તિત્વ હોતું નથી પરંતુ પ્રધાનપણે દ્રવ્યાજ્ઞા જ હોય છે. બીજું અને ત્રીજું ગુણસ્થાનક મુખ્યતયા ચોથા ગુણસ્થાનકથી પડનારને જ પ્રાપ્ત થાય છે. એટલે આધ્યાત્મિક ઉત્થાનની દૃષ્ટિએ પહેલા ગુણસ્થાનક પછી બીજે નંબરે ચોથું ગુણસ્થાનક પ્રાપ્ત થાય છે. આ ગુણસ્થાનકમાં સમ્યગ્દર્શન નામના મૌલિક ગુણની પ્રાપ્તિ થતી હોવાથી તે જીવને સમ્યગ્દૃષ્ટિ કહેવામાં આવે છે અને અહીંથી જ ભાવાજ્ઞાનો પ્રાદુર્ભાવ થવા માંડે છે. મોક્ષનગરની પ્રાપ્તિ માટે જે આવશ્યક સામગ્રી છે-(૧) પ્રશમ (૨) સંવેગ (૩) નિર્વેદ (૪) અનુકંપા (૫) આસ્તિકપણું, આ પાંચેયની ઉપલબ્ધિ સમ્યગ્ દર્શન પ્રાપ્ત થયા પછી જ થાય છે.

### (સમ્યગ્દર્શન ગુણનો ચમત્કાર)

સમ્યગ્દર્શનના પ્રભાવે જીવને કાર્ય અને અકાર્યનું વાસ્તવિક ભાન થાય છે. 'નીતિ-ન્યાય-પ્રામાણિકતા તેમજ સદ્વ્યવહારનું પાલન એ કર્તવ્ય છે અને તે ઇહલોક અને પરલોકમાં ભલું કરનાર અર્થાત્ શુભફળ પ્રદાયક છે, તેમ જ કુનીતિ-ઠગાઈ-પરદ્રવ્યહરણ વિગેરે અકર્તવ્ય છે અને તે ઇહલોક પરલોકમાં જીવનું ભૂંડું કરનાર અર્થાત્ કડવા ફળ સંપાદક છે.' આ સત્ય તેના હૃદયમાં બરાબર ઠસી જાય છે. આ સત્ય હૈયામાં વસવાથી પ્રાયઃ તે હિતમાં જ પ્રવૃત્ત થાય છે. આશય એ છે કે કોઈ વિઘ્ન ન હોય તો સમ્યગ્દર્શનનો એ પ્રભાવ છે કે જેનાથી આત્માને હિતની જ ઉત્કૃષ્ટ ઇચ્છાનો પ્રાદુર્ભાવ થાય. કારણ કે ભવનિર્વેદ સમ્યગ્દર્શનના પ્રાણભૂત છે. સમ્યગ્દર્શનની હાજરીમાં ભવનિર્વેદ એટલે કે

સંસારના તમામ સુખ ઉપર નફરત હોવાથી મોક્ષસુખ રૂપ હિતની જ ઇચ્છાનો પ્રાદુર્ભાવ થવાને અવકાશ છે. વળી પ્રબળ સમ્યગ્દર્શન ગુણથી એવા શુભ પ્રયત્નનો ઉદય થાય છે કે જે દેશવિરતિ અને સર્વવિરતિના આવારક કર્મોની દીર્ઘ સ્થિતિમાં ઘટાડો કરે છે અર્થાત્ આવારક કર્મસ્થિતિ પલ્યોપમ પૃથક્ત્વ કે સાગરોપમ શતપૃથક્ત્વ જેટલી વધુ ન્યૂન થવાના પરિણામે દેશવિરતિ અને સર્વવિરતિ ધર્મનો ઉદય થાય છે. ॥ ૪૦ ॥

अपि च मार्गप्रवृत्तिस्वभावस्य जीवस्योन्मार्गप्रवृत्तिहेतुमिथ्यात्वांध्यनिवृत्तौ स्वभावत एव हिते प्रवृत्तिरित्युपपादयति-

જીવને ઉન્માર્ગમાં તાણી જનાર મિથ્યાત્વરૂપ અંધત્વ છે. ચોથા ગુણસ્થાનકમાં મિથ્યાત્વનો ઉદય નિવૃત્ત થવાથી મોક્ષસુખ રૂપ હિતના ઉપાયોમાં સ્વાભાવિક રીતે જીવની પ્રવૃત્તિ થાય છે, કારણ કે જ્ઞાન-દર્શન-ચારિત્ર એ મોક્ષનો ઉપાય છે-માર્ગ છે અને જીવનો સ્વભાવ પણ છે, એટલે 'સહજ રીતે જ માર્ગાનુકૂલ પ્રવૃત્તિ કરવી એ જીવનો સ્વભાવ છે'- આ હકીકતનું શ્લોક ૪૧માં સમર્થન કરવામાં આવ્યું છે-

**परपरिणामुम्मग्गे चत्ते लद्धे अ नाणदीवम्मि ।**
**मग्गम्मि जं पवट्टइ एस सहावो हि जीवस्स ॥ ४१ ॥**

**શ્લોકાર્થ :-** પરકીય પરિણામ સ્વરૂપ ઉન્માર્ગનો ત્યાગ અને જ્ઞાનદીપનો આવિર્ભાવ થયે છતે માર્ગમાં જે પ્રવૃત્તિ થાય છે તે જીવનો સ્વભાવ જ છે. ॥ ૪૧ ॥

**परपरिणामे**=लौकिक-कुप्रावचनिक-वासनाजनित-स्वाभेदस्वीयत्वादिज्ञानरूपे तज्जनिताध्या-सिकपरद्रव्यसंबंधरूपे च **उन्मार्गे त्यक्ते** सति, **लब्धे** च ज्ञानदीपे, **मार्गे**=स्वात्मप्रतिबंधमात्रविश्रांत-श्रामण्यरूपे **यत् प्रवर्त्तते एष स्वभावो हि जीवस्य,** न खलु जपाकुसुम-तापिच्छोपरागजनितपाट-लिमकालिमविलये स्फटिकस्य प्रादुर्भवन्ती शुद्धतापि न स्वाभाविकी, अन्यानधीनत्वात्, एवं ज्ञान-दर्शनचारित्ररूपमार्गस्वभावस्यात्मनोऽपि कर्मोपाधिकरागद्वेषविलये प्रादुर्भवन्ती मार्गप्रवृत्तिरपि नाऽ-स्वाभाविकी तत एव, अन्यथा जन्यत्वेनाऽपारमार्थिकतया निवृत्त्यावश्यकत्वेऽनिर्मोक्षापातात्। न हि यत्पराधीनं रूपं तत्तन्निवृत्तावप्यनुवर्त्तते, यथा स्फटिकोपरागो जपाकुसुमादिनिवृत्ताविति भावः ॥४१॥

**તાત્પર્યાર્થ :-** ઉન્માર્ગ અભિમુખતા (=ઉન્માર્ગગામી વલણ) અને અજ્ઞાનનો અંધાપો આ બે ઉન્માર્ગની પ્રવૃત્તિમાં મુખ્ય હેતુ રૂપ છે. ઉન્માર્ગ અભિમુખતા પરપરિણામ રૂપ છે. પરપરિણામના બે સ્વરૂપ છે. (૧) (ભ્રમ) જ્ઞાનરૂપ અને (૨) પરદ્રવ્યસંબંધ રૂપ.

**(મિથ્યાજ્ઞાનથી મમત્વબુદ્ધિ)**

**જ્ઞાનરૂપ :-** અનાદિકાળથી પ્રવર્તમાન શરીરતાદાત્મ્ય બુદ્ધિજનક સર્વલોક સાધારણ સંસ્કાર લૌકિકવાસના રૂપ છે. આ લૌકિક વાસનાના પ્રભાવે આત્માથી ભિન્ન એવા પણ

શરીરમાં આત્માના અત્યંત અભેદનું મિથ્યાજ્ઞાન પ્રવર્તે છે. તેમજ પરકીય (પૌદ્ગલિક) ધનસંપત્તિ વગેરેમાં મમત્વબુદ્ધિ ઉત્પન્ન થાય છે. કુપ્રવચન એટલે અલ્પજ્ઞ-અનાપ્ત પુરુષ ઉપદિષ્ટ શાસ્ત્ર, આ પ્રકારના શાસ્ત્રના અધ્યયનથી ઉત્પન્ન "આત્મા એકાન્તે નિત્ય છે અથવા ક્ષણિક છે" આવી મિથ્યાબુદ્ધિ ઉત્પન્ન કરનાર દઢ સંસ્કારોને કુપ્રાવચનિક વાસના કહેવાય છે. આ વાસનાથી એકાન્ત નિત્યત્વ અથવા એકાન્ત અનિત્યત્વનો આત્મામાં અભેદભ્રમ સર્જાય છે તેમજ કુપ્રવચન નિર્દિષ્ટ સ્વર્ગાદિના સુખનાં સાધનોમાં મમત્વબુદ્ધિ ઉત્પન્ન થાય છે.

ઉપરોક્ત રીતે ઉન્માર્ગ અભિમુખતાત્મક પરપરિણામનું સ્વરૂપ મિથ્યાજ્ઞાન રૂપ છે.

**પરદ્રવ્યસંબંધ :-** આ મિથ્યાજ્ઞાન મોહનીયકર્મરૂપ પરદ્રવ્યના સંબંધથી ઉત્પન્ન થાય છે, તેમ જ નૂતન કર્મબંધને ઉત્પન્ન કરે છે. માટે તે લૌકિક કુપ્રાવચનિક વાસનાજનિત સંબંધ રૂપ પણ છે. પણ આ સંબંધ વાસ્તવિક નહિ કિન્તુ આધ્યાસિક અર્થાત્ અપારમાર્થિક છે. આશય એ છે કે તે સંબંધ અનશ્વર નહિ પણ નશ્વર છે.

**(સન્માર્ગ પ્રવૃત્તિ આત્માનો તાત્ત્વિક સ્વભાવ છે)**

ચતુર્થ ગુણસ્થાનકમાં ઉપરોક્ત પરપરિણામ સ્વરૂપ ઉન્માર્ગગામી વલણ ટળવાથી તેમજ તત્ત્વનો તત્ત્વરૂપે અને અતત્ત્વનો અતત્ત્વરૂપે નિશ્ચય=જ્ઞાનદીપનો પ્રાદુર્ભાવ થયે અજ્ઞાનનો અંધાપો ટળવાથી આત્માની સન્માર્ગમાં જ જે પ્રવૃત્તિ થાય છે તે આત્માનો સ્વભાવ છે. અહીં સન્માર્ગનું તાત્પર્ય "શરીરથી ભિન્ન એવા આત્મામાં જ રમણતા રૂપ શ્રમણભાવ"માં છે.

સ્ફટિકમાં સ્વભાવથી જ વિશુદ્ધિગુણ રહેલો છે પરંતુ ક્યારેક જાસુદનું ફૂલ અથવા તમાલપત્રના સાંનિધ્યથી તેમાં રક્તતા અને કાલિમાનો ઔપાધિક સંસર્ગ થતો હોવા છતાં પણ ઉપાધિ દૂર થવાથી તેનો વિલય અવશ્ય થાય છે. ત્યારે તેમાં શુદ્ધતાનો પ્રાદુર્ભાવ થતો દેખાય છે પણ વાસ્તવમાં ઢંકાઈ ગયેલ શુદ્ધતાનું જ અનાવરણ થાય છે. જો તેને કૃત્રિમ માનવામાં આવે તો કૃત્રિમ વિશુદ્ધિના હેતુઓ શોધવા પડે અર્થાત્ હેતુઓને આધીન વિશુદ્ધિ માનવી પડે પણ તેમ ન હોવાથી પ્રગટ થતી શુદ્ધતા કૃત્રિમ નહિ પણ સ્વાભાવિક જ સિદ્ધ થાય છે. એ જ રીતે માર્ગાનુકૂલ પ્રવૃત્તિ પણ આત્માના સ્વભાવરૂપ જ છે. ઉપાધિભૂત કર્મના કારણે પ્રગટ થયેલ રાગદ્વેષાત્મક વૈભાવિક સ્વરૂપના વિલયથી તે પ્રગટ થાય છે કારણ કે જ્ઞાનદર્શન અને ચારિત્રનો સુમેળ એ જ માર્ગ છે અને જ્ઞાનદર્શનચારિત્ર એ આત્માના સ્વભાવરૂપ છે એટલે કર્મરૂપ ઉપાધિના કારણે તેનું આવરણ થવા છતાં પણ કર્મરૂપ ઉપાધિ નાબૂદ થયે તે સ્વભાવરૂપે પ્રગટ થાય છે.

## (રત્નત્રય ઔપાધિક હોય તો શાશ્વતકાળ ટકે નહીં)

જો જ્ઞાનદર્શનચારિત્ર સ્વાભાવિક નહિ પણ ઔપાધિક હોત તો પ્રતિબંધક કર્મનો વિલય થયા પછી પણ અન્ય હેતુઓના વિલંબમાં તેની ઉત્પત્તિમાં પણ વિલંબનો સંભવ છે પરંતુ જ્ઞાનદર્શન ચારિત્ર ઔપાધિક નથી અર્થાત્ હેતુઓને આધીન નથી તેથી જ પ્રતિબંધકના અભાવમાં સ્વતઃ સ્ફુરાયમાણ થાય છે. જ્ઞાનદર્શનચારિત્રને જીવના સ્વભાવ રૂપ માનવાને બદલે હેતુઓને પરાધીન ઉત્પત્તિવાળા માનવામાં આવે તો બીજી પણ એક સમસ્યા એ છે કે પ્રત્યેક જન્યભાવ પારમાર્થિક નહિ પરંતુ અવશ્ય નિવર્તમાન અર્થાત્ નાશવંત હોવાથી કર્મથી મુક્ત થયા પછી પ્રગટ થયેલ જ્ઞાનદર્શનચારિત્ર પણ નષ્ટ થઈ જશે અર્થાત્ પુનઃ અજ્ઞાન દશારૂપ સંસાર અવસ્થાનો પ્રાદુર્ભાવ થઈ જતાં મુક્ત અવસ્થા સમાપ્ત થઈ જશે. પ્રકૃતિનો એ નિયમ છે કે જે સ્વરૂપ પરાધીન અર્થાત્ હેતુ સાપેક્ષ હોય તે હેતુઓ નિવૃત્ત થતા અવશ્ય નિવૃત્ત થાય. દા.ત. સ્ફટિકમાં રક્તતા જાસુદપુષ્પને આધીન હોવાથી જાસુદપુષ્પનું સાંનિધ્ય ન હોય ત્યારે, લાલાશની નિવૃત્તિ અવશ્ય થાય છે. ॥ ૪૧ ॥

ननु यदि मार्गप्रवृत्तिरात्मनः स्वभाव एव तदा प्रागपि तत्प्रसङ्ग इति शङ्कते-

અત્રે 'માર્ગ પ્રવૃત્તિ જો આત્માના સ્વભાવ રૂપ જ હોય તો ભૂતકાળમાં પણ માર્ગ-પ્રવૃત્તિરૂપ સ્વભાવનું અસ્તિત્વ અબાધિત માનવું પડશે' એવી શંકાને અવકાશ છે. શ્લોક-૪૨ માં આવી શંકાનું ઉત્થાન કરી અને તેનું સમાધાન કર્યું છે-

**कह एस पुरा चत्तो ? णो चत्तो तेण णिच्चमुत्तेण ।**
**अन्नाणविलयमेत्तं चित्तं तु कमेण णिच्छयओ ॥ ४२ ॥**

**શ્લોકાર્થ :-** (પ્રશ્ન) ભૂતકાળમાં પૂર્વોક્ત સ્વભાવ ત્યજાયેલો કેમ હોય છે ? (ઉત્તર) નિત્યમુક્ત એવા આત્માએ પૂર્વોક્ત સ્વભાવ ત્યજ્યો જ નથી. નિશ્ચયનયની દૃષ્ટિએ ક્રમશઃ અજ્ઞાનનો ભિન્નભિન્ન માત્રામાં વિલય થાય છે. ॥ ૪૨ ॥

**कथमेषः**=मार्गप्रवृत्तिस्वभावः **पुरा**=मिथ्यादृष्ट्यादिदशायाम् त्यक्तः ? स्वभावत्यागे स्वभाववतोऽवस्थानानुपपत्तेः । समाधत्ते **न त्यक्तः तेन** आत्मनाऽधिकृतः स्वभावः, कीदृशेन **नित्यमुक्तेन**=सदा परद्रव्यपृथग्भूतटंकोत्कीर्णस्वभाववता, बहिर्वृत्त्या परद्रव्यसंबंधेऽप्यंतर्वृत्त्या पुष्करपत्रवत्तस्य सर्वदा निर्लेपत्वात् । कथं तर्हि गुणस्थानक्रमव्यवस्था, कथं वा मुक्त्यर्थं प्रवृत्तिः प्राप्तस्य प्राप्त्ययोगात् ? इत्यत्राह-**चित्रं**=प्रातिस्विकगुणस्थाननियतम्, **अज्ञानविलयमात्रं तु क्रमेण**=गुणस्थानारोहानुक्रमेण **निश्चयतो**=ज्ञाननयमवलंब्येष्यते, मृदुमध्याधिमात्राज्ञानविशेषनाशादेव तत् क्रमोपपत्तेः, अन्यथा तन्मूलकमिथ्यात्वादिपरिणामनाशक्रियानुपपत्तेः । विरत्यादीनां तु गुणानां ज्ञानकाष्ठारूपत्वेनाभिव्यङ्ग्यत्वमेव, मुक्त्यर्थं प्रवृत्तिस्तु कंठगतचामीकरन्यायेनानवाप्तत्वज्ञानादेव । न चैवं सम्यग्दृष्टेस्तदनु-

पपत्तिः, मुक्तिभवसाम्यपरिणतज्ञानादेव तदाहितवासनानिवृत्तेः तदर्थमेव च प्राक् प्रवृत्त्युपयोगात् । न चैवं ज्ञाननयावलंबनमन्याय्यम्, **सर्वनयात्मके भगवत्प्रवचने यथोपयोगमधिकृतनयाव-लंबनस्या-ऽदुष्टत्वात्,** विपश्चितं चेदं **[ स्याद्‌वाद ] कल्पलतायाम्** ॥ ४२ ॥

**તાત્પર્યાર્થ :-** પ્રશ્નકારનું તાત્પર્ય એ છે કે અનાદિકાલીન મિથ્યાદષ્ટિ અવસ્થામાં માર્ગપ્રવૃત્તિરૂપ સ્વભાવ ક્યાં ચાલ્યો ગયો હતો ? મિથ્યાદષ્ટિ અવસ્થામાં તેનો અભાવ માનવામાં આવે તો જીવનું જ અસ્તિત્વ જોખમાઈ જાય, કારણ કે સ્વભાવ નથી અને સ્વભાવનો આશ્રય વિદ્યમાન છે એમ કહેવાનો કોઈ અર્થ જ નથી. કારણ કે સ્વભાવની ગેરહાજરીમાં સ્વભાવવાન્ પણ ન જ હોય.

**(રત્નત્રય સ્વભાવ ભૂતકાળમાં પણ વિદ્યમાન)**

આ શંકાનું સમાધાન એ છે કે આત્મા નિત્યમુક્ત હોવાથી અનાદિકાળથી જ્ઞાનદર્શન ચારિત્ર રૂપ સ્વભાવ અસ્તિત્વમાં જ છે, તેનો ત્યાગ આત્માએ ક્યારેય કર્યો જ નથી. નિત્યમુક્ત કહેવાનું તાત્પર્ય એ છે કે જેમ પત્થર ટાંકણાથી એકવાર અમુક આકારમાં કોતરાઈ ગયા બાદ તે આકારરૂપ સ્વભાવ જ્યાં સુધી પત્થર હોય ત્યાં સુધી અવસ્થિત રહે છે. કદાચ તેના ઉપર અન્ય દ્રવ્ય રૂપ ચુનાના થર જામી જવાથી ઢંકાઈ જાય તો પણ પોતે પર દ્રવ્ય ચુનાથી અલગ હોવાથી તે સદા તે આકારમાં અવસ્થિત જ હોય છે. તેવી જ રીતે આત્મા પણ અનાદિકાળથી જ્ઞાનદર્શનચારિત્ર રૂપ સ્વભાવના આકારમાં અવસ્થિત જ હોય છે. કર્મરૂપ પર દ્રવ્યોના સંપર્કથી ઉપર ઉપરથી બાહ્યદષ્ટિએ લેપાયેલો ભાસવા છતાં પણ ઊંડાણથી તપાસીએ તો સર્વથા કમળપત્રવત્ નિર્લેપ જ છે. જેમ કમળની પાંખડીઓ જળના સંપર્કથી ભીંજાતી નથી તે જ રીતે આત્મા પણ કર્મના સંબંધથી લેપાતો નથી.

**શંકા :-** જો જ્ઞાનદર્શન ચારિત્ર રૂપ સ્વભાવ અનાદિકાળથી અવસ્થિત જ હોય તો પહેલું-ચોથું-પાંચમુ વગેરે ગુણસ્થાનકોના ક્રમની વ્યવસ્થા કઈ રીતે સંગત થશે ? તેમ જ આત્મા નિત્યમુક્ત હોવાથી પ્રાપ્ત વસ્તુની પુનઃ પ્રાપ્તિ અસંગત હોવાથી મુક્તિની પ્રાપ્તિ માટે પુરુષાર્થ કોણ કરશે ?

**(ગુણસ્થાનકોની વ્યવસ્થા અજ્ઞાનવિલય પર અવલંબિત છે.)**

**ઉત્તર :-** મૂળ શ્લોકના ઉત્તરાર્ધમાં પ્રસ્તુત શંકાનું સમાધાન કર્યું છે, જેનું તાત્પર્ય એ છે કે ગુણસ્થાનકોના ક્રમની વ્યવસ્થા જ્ઞાનાદિ ગુણોની વૃદ્ધિને લક્ષમાં રાખીને કરવામાં આવી નથી કારણ કે મિથ્યાદષ્ટિને ૯ પૂર્વ સુધીનું જ્ઞાન હોઈ શકે છે જ્યારે તેનાથી ચઢિયાતા સમ્યગ્દષ્ટિ વગેરેને તે નથી પણ હોતું. નિશ્ચયનયની દષ્ટિએ એટલે કે જ્ઞાનનયને અવલંબીને વિચાર કરવામાં આવે તો એમ કહી શકાય કે ગુણસ્થાન ક્રમની વ્યવસ્થા તે તે ગુણસ્થાનકોમાં

અજ્ઞાનાત્મક દોષના થતા ક્રમિક નાશને લક્ષમાં રાખીને કરવામાં આવી છે. નીચે નીચેનાં ગુણસ્થાનકોમાં અજ્ઞાનનો વિલય અલ્પમાત્રામાં હોય છે. મધ્યવર્તી ગુણસ્થાનકોમાં તે મધ્યમ માત્રામાં હોય છે અને ઉપર ઉપરનાં ગુણસ્થાનકોમાં અધિકમાત્રામાં હોય છે. આ રીતે અજ્ઞાનનો વધુ ને વધુ વિલય થવાથી ક્રમશઃ ઉપર ઉપરનાં ગુણસ્થાનકોની પ્રાપ્તિ સંગત થાય છે. અજ્ઞાનના ક્રમિક વિલયને બદલે જ્ઞાનવૃદ્ધિને આશ્રયીને ગુણસ્થાનક વૃદ્ધિ માનવામાં આવે તો ઉપર ઉપરના ગુણસ્થાનકોમાં મિથ્યાત્વ, અવિરતિ વગેરે પરિણામનો વિલય નહિ માની શકાય. કારણ મિથ્યાત્વ આદિ પરિણામનું મૂળ અજ્ઞાન છે. ઉપર ઉપરનાં ગુણસ્થાનકોમાં જ્ઞાન ભલે વધે પણ અજ્ઞાન તદવસ્થ હોય ત્યાં સુધી મિથ્યાત્વ વગેરેની નિવૃત્તિ કઈ રીતે થઈ શકે ?

**પ્રશ્ન :-** જ્ઞાનનયનું અવલંબન કર્યા પછી પાંચમા વગેરે ગુણસ્થાનકોમાં વિરતિ આદિ ગુણનો પ્રાદુર્ભાવ કઈ રીતે સંગત થશે ? પ્રશ્નનું તાત્પર્ય એ છે કે અજ્ઞાનના વિલયથી જ્ઞાનરૂપ ગુણના ઉદયની સંભાવના થઈ શકે, પરંતુ વિરતિ રૂપ ચારિત્ર ગુણનો ઉદય ન માની શકાય.

### (પાપવિરામ વગેરે ગુણો પણ જ્ઞાનની પરિપક્વતા રૂપ છે)

**સમાધાન :-** જ્ઞાનનયના મતે વિરતિ વગેરે ગુણો પણ પરિપક્વ જ્ઞાન દશા રૂપ જ છે. એટલે અજ્ઞાનના વિલયથી વિરતિ ગુણની પ્રાપ્તિમાં કોઈ દોષ નથી.

**પ્રશ્ન :-** વિરતિને પરિપકવજ્ઞાન દશા રૂપ માનવા છતાં પણ અનાદિકાળથી જ્ઞાનસ્વભાવ આત્મામાં અવસ્થિત જ હોવાથી પાંચમા, છઠ્ઠા ગુણસ્થાનકમાં તેની ઉત્પત્તિ કઈ રીતે સંગત થાય ?

**ઉત્તર :-** અનાદિ કાળથી જ્ઞાનસ્વભાવ આત્મામાં પરિપક્વ જ્ઞાન દશા રૂપ વિરતિ અવસ્થિત હોવા છતાં અપ્રગટ અવસ્થામાં હોય છે જેની અભિવ્યક્તિ પાંચમા, છઠ્ઠા ગુણસ્થાનકોમાં થાય છે, એમ માનવામાં કોઈ દોષ નથી. મોક્ષપ્રાપ્તિ માટે પુરુષાર્થને અવકાશ ન હોવાનો દોષ પણ જ્ઞાનાદિસ્વભાવ રૂપ આત્મા માનવામાં નથી. વસ્તુ પ્રાપ્ત હોવા છતાં પણ અપ્રાપ્તિનો ભ્રમ થઈ જવાની દશામાં પ્રાપ્તિ અંગેના પુરુષાર્થને અવકાશ છે જ. દા.ત. ગળામાં સુવર્ણની માળા પહેરેલી હોવા છતાં પણ કોઈકવાર તેના અભાવનો ભ્રમ થઈ જવાથી તેની શોધાશોધ થાય છે. અહીં 'કેડમાં છોકરું અને ગામમાં શોધે' એ કહેવત પણ અનુરૂપ લાગે છે.

### (મોક્ષ પુરુષાર્થના ઉચ્છેદની શંકાનું નિરાકરણ)

"સમ્યગ્દૃષ્ટિ જીવનું જ્ઞાન પણ સમ્યગ્જ્ઞાન રૂપ હોવાથી તેમ જ 'મારો આત્મા જ્ઞાનાદિ સ્વભાવવાળો છે' તેવો બોધ હોવાથી તેને તો મોક્ષની અપ્રાપ્તિનો ભ્રમ રહેવાનો

પણ સંભવ નથી માટે તેને મોક્ષ પુરુષાર્થ કરવાનો રહેશે નહિ" - આવી શંકા કરવાની જરૂર નથી કારણ કે ચતુર્થ ગુણસ્થાનકમાં મોક્ષપ્રાપ્તિના વિષયમાં શાસ્ત્રીય કે બૌદ્ધિક જ્ઞાન હોવા છતાં પણ મુક્તિદશાની અનુભૂતિ ન હોવાથી અપ્રાપ્તિના ભ્રમને અવકાશ છે. આ ભ્રમજનક અનાદિ કાલીન વાસનાની નિવૃત્તિ માત્ર શાસ્ત્રીય સમજ પર નિર્ભર નથી, પરંતુ મુક્તિદશા અને સંસારદશા એ બન્નેમાં પરાકાષ્ઠાએ પહોંચેલા સમભાવથી પરિણતજ્ઞાનથી જ તેની નિવૃત્તિ થાય છે. આવી દશા પ્રાયઃ સાતમા ગુણસ્થાનકમાં જ પ્રાપ્ત થતી હોવાથી નીચેનાં ગુણસ્થાનકોમાં ઉપરોક્ત દશાની પ્રાપ્તિ માટે સમ્યક્પ્રવૃત્તિ ઘણી ઘણી જરૂરી છે.

**શંકા** :- જૈન પ્રવચનમાં જ્ઞાનનય અને ક્રિયાનય ઉભયના અવલંબનને જ ઉચિત લેખવામાં આવ્યું છે જ્યારે પૂર્વોક્ત નિરૂપણ જ્ઞાનનયને અવલંબીને જ કરવામાં આવ્યું છે તે કઈ રીતે ઉચિત ગણાય ?

**ઉત્તર** :- ભગવાનની દેશના સર્વનય ગર્ભિત હોવા છતાં પણ ઉપયોગ મુજબ અર્થાત્ તે તે વિષયનું પ્રાધાન્ય દર્શાવવા માટે પોતપોતાના વિષયમાં મહત્ત્વ ધરાવનાર એક એક નયનું અવલંબન કરવામાં કોઈ દોષ નથી. આ વિષયનું વધુ સ્પષ્ટીકરણ **'સ્યાદ્વાદ કલ્પલતા'**માં કરેલ છે. ॥ ૪૨ ॥

**विकल्पविषयोत्तीर्णः स्वभावालंबनः सदा ।**
**ज्ञानस्य परिपाको यः स शमः परिकीर्तितः ।।१।। (ज्ञानसार ६/१)**

ચિત્તના વિભ્રમરૂપ વિકલ્પના વિષયથી (ઇષ્ટપણા અને અનિષ્ટપણાની કલ્પનાથી) નિવૃત્ત થયેલ અને નિરન્તર આત્માના શુદ્ધ સ્વરૂપનું આલંબન જેને છે એવો જ્ઞાનનો પરિપાક-શુદ્ધ પરિણામ તે શમ કહેવાય છે. એથી જ તેને અધ્યાત્મ, ભાવના, ધ્યાન, સમતા અને વૃત્તિક્ષય એ પાંચ પ્રકારના યોગમાં સમતા નામે ચોથો યોગનો ભેદ કહ્યો છે.

ચિત્તના વિભ્રમરૂપ વિકલ્પના વિષયના શુભાશુભ સંકલ્પોના વિસ્તારથી નિવૃત્ત થયેલ. અનન્ત ગુણ અને પર્યાયયુક્ત, સમ્યગ્જ્ઞાન, દર્શન અને ચારિત્રસ્વરૂપ આત્માનો શુદ્ધ સ્વભાવ જેનું આલંબન છે એવો ઉપયોગલક્ષણ જ્ઞાનનો પરિપાક-પ્રૌઢ અવસ્થા તે શમ કહેવાય છે. એથી આત્માના સ્વભાવને જોનાર, આત્માના સ્વભાવને જાણનાર, આત્મસ્વભાવમાં જ રમણ કરનાર, આત્મસ્વભાવમાં વિશ્રાન્તિસ્થિરતા કરનાર, આત્મસ્વભાવનો આસ્વાદ-અનુભવ કરનાર અને શુદ્ધતત્ત્વની પરિણતિયુક્ત આત્માના ઉપયોગરૂપ જ્ઞાનનો પરિણામ શમ છે એ જણાવ્યું. અહીં શ્રીહરિભદ્રાચાર્યે યોગના પાંચ પ્રકાર કહ્યા છે-૧ અધ્યાત્મયોગ, ૨ ભાવનાયોગ, ૩ ધ્યાનયોગ, ૪ સમતાયોગ અને ૫ વૃત્તિસંક્ષયયોગ. ઉચિત પ્રવૃત્તિવાળા વ્રતધારીનું શાસ્ત્રથી મૈત્રી વગેરે ભાવસહિત જીવાદિ તત્ત્વનું ચિંતન તે ૧ અધ્યાત્મયોગ. અધ્યાત્મનો જ પ્રતિદિવસ વૃદ્ધિ પામતો અભ્યાસ અને કામક્રોધાદિ રૂપ અશુભ અભ્યાસથી નિવૃત્તિ તે ૨ ભાવનાયોગ. પ્રશસ્ત એક પદાર્થના વિષયવાળો સ્થિર દીવાના સમાન, સૂક્ષ્મ ઉપયોગ સહિત બોધ તે ૩ ધ્યાનયોગ. અજ્ઞાનથી કલ્પેલા ઇષ્ટપણા અને અનિષ્ટપણાની કલ્પનાનો ત્યાગ કરીને શુભ અને અશુભ વિષયોનો સમાનપણે વિચાર કરવો તે સમતાયોગ, અન્ય દ્રવ્યના સંયોગથી થયેલો મન દ્વારા વિકલ્પરૂપ અને શરીર દ્વારા પરિસ્પન્દ-ચલન ક્રિયારૂપ વૃત્તિઓને ફરીથી ન ઉત્પન્ન થાય તે રીતે નિરોધ કરવો તે વૃત્તિ-સંક્ષયયોગ.

## ઉપદેશ ૧૩ - વિઘ્નો આવે તો નમતું જોખવું નહીં

ननु सम्यग्दशो भावाज्ञायां मार्गप्रवृत्त्युपपत्तौ सर्वेषां कालाऽवैषम्येन मुक्तिप्राप्तिप्रसङ्ग इत्यत आह-

**શંકા :-** સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનકમાં ભાવાજ્ઞાની પ્રાપ્તિ થયે છતે માર્ગપ્રવૃત્તિનો આરંભ પણ થઈ જતો હોવાથી બધાં જ સમ્યગ્દૃષ્ટિ જીવોને એક સરખા કાળના અંતરથી મોક્ષ પ્રાપ્ત થવો જોઈએ ત્યારે એના બદલે કોઈક જીવને સમ્યક્ દર્શન થયા પછી દીર્ઘકાળે અને બીજાને અલ્પકાળે મોક્ષપ્રાપ્તિ થાય છે એવું કેમ ?

**पडिबंधो वि य एत्थं कंटकजरमोहसन्निभो भणिओ ।**
**तंते तव्विगमेणं मुक्खपुरे गमणमइरेणं ॥ ४३ ॥**

**શ્લોકાર્થ :-** (ઉત્તર-) શાસ્ત્રમાં કહ્યું છે કે ભાવાજ્ઞામાં પણ કંટક-જ્વર-મોહ-વિઘ્ન સમાન પ્રતિબંધ આવે છે તેના નાશથી મોક્ષનગરી તરફ ત્વરાથી ગમન થાય છે. ॥ ૪૩ ॥

**'प्रतिबन्धोऽपि'** विसामग्रीकृतकालविलंबरूपः, **'अत्र'** भावाज्ञायाम्, पाटलिपुरादौ प्रस्थितस्य पथिकस्येवावश्यं वेद्यकर्मपाशात् **कंटकज्वरमोहसन्निभो मेघकुमार-दहनसुराऽर्हद्दत्तानामिव** सन्निहितदूरदूरतरावधिकत्वात् **'भणितः' तन्त्रे=उपदेशपदादौ;** देशसौराज्यसुभिक्षत्वादिगुणपरिज्ञानवतः पथिकस्य कंटकादित इव मोक्षविषयकाजरामरत्वादिगुणपरिज्ञानवतः सम्यग्दशः सुखशीलत्वमायोन्माद-शबलानुष्ठानादसदभ्यासवतो मृदुमध्याधिमात्रप्रतिबन्धोपपत्तेः । **तद्विगमेन**=उक्तप्रतिबन्धविगमेन, मोक्षपुरे **अचिरेण**=अविलंबेन, गमनं संपद्यते, असति प्रतिबन्धे भावाज्ञाया मुक्तिप्रापकस्वभावत्वात् ॥ ४३ ॥

**તાત્પર્યાર્થ :-** સમ્યગ્દર્શન ગુણસ્થાનકમાં ભાવાજ્ઞાની પ્રાપ્તિ હોવા છતાં પણ જોઈએ તેવી આરાધનાની સામગ્રી પ્રાપ્ત ન થવાના કારણે કાલવિલંબ રૂપ પ્રતિબંધ પણ ઉપસ્થિત થાય છે. જેમ પાટલીપુર નગર તરફ પ્રયાણ કરી રહેલા કોઈ મુસાફરને પગમાં કાંટો વાગી જાય અથવા તાવ આવી જાય કે દિશામોહ થઈ જાય તો ધારેલા સ્થાને પહોંચવામાં ઉત્તરોત્તર વધુ ને વધુ વિલંબ થાય છે. કંટક વિઘ્નથી અલ્પ વિલંબ થાય છે. જ્વર વિઘ્નથી વધુ વિલંબ થાય છે અને દિશાનું ભાન ન રહે તો સૌથી વધુ વિલંબ થવાની શક્યતા છે. એવી જ રીતે અવશ્ય ભોગવવા પડે તેવા નિકાચિત કર્મના ગાઢ ઉદયથી ચતુર્થ ગુણસ્થાનકવર્તી જીવને પણ ક્યારેક આરાધનાની સામગ્રી ન મળવાથી મોક્ષપ્રાપ્તિમાં વિલંબ થાય છે.

### (મેઘકુમાર-દહનસુર-અર્હદ્દત્ત-ત્રણ દૃષ્ટાન્તો)

**ઉપદેશપદ** નામના શાસ્ત્રમાં આ૦ શ્રી **હરિભદ્રસૂરિ** મહારાજે કંટક વિઘ્નના ઉપનયમાં

**મેઘકુમારનું**, જ્વરવિઘ્નના ઉપનયમાં **દહનસુરનું** અને મોહવિઘ્નના ઉપનયમાં **અર્હદ્દત્તનું** દષ્ટાંત આપીને ઉપરોક્ત બાબત પર પ્રકાશ પાડ્યો છે.

*(૧) મેઘકુમારને દીક્ષા લીધા બાદ પ્રથમરાત્રિએ ઘેર જવાનો વિચાર આવ્યો પરંતુ સવારે ભગવાનના સદુપદેશથી સત્વર સંયમમાં સ્થિર થઈ ગયા.*

(૨) દહનનામના દેવે પૂર્વભવમાં સંયમની ક્રિયાઓમાં કરેલા માયાગર્ભિત વૈપરીત્યના કારણે મોક્ષપ્રાપ્તિ વચ્ચે અનેક ભવોનું અંતર થયું.

(૩) **અર્હદ્દત્ત** પૂર્વભવમાં સદ્‌ગુરુએ સમર્પિત કરેલા ચારિત્રધર્મમાં "ચારિત્ર ઘણું સારું પણ બળજબરીથી આપ્યું તે ઠીક નહિ" એવો દુર્વિચાર કરીને દુર્લભબોધિપણું પામ્યા અને તેથી અન્યભવમાં સાક્ષાત્ દેવતાએ આવીને ત્રણ ત્રણવાર પ્રતિબોધ કરવા છતાં પણ અસર થઈ નહિ.

ગન્તવ્ય દેશમાં સુંદર રાજવ્યવસ્થા, સુકાળ વગેરે ગુણોનું જ્ઞાન હોવા છતાં પણ જેમ કાંટા વગેરેથી મુસાફરને ત્યાં પહોંચવામાં અલ્પ, મધ્યમ કે અધિક કાળનો વિલંબ થાય છે. એ જ રીતે મોક્ષમાં જન્મ-જરા-મરણ વગેરે કોઈ દુઃખ નથી એમ જાણવા છતાં પણ ત્યાં જવા માટે સજ્જ થયેલા સમ્યગ્દષ્ટિને સુખશીલતા, માયાનો ઉન્માદ અને અવિધિથી ડહોળાયેલી ક્રિયાઓ વગેરેના અસદ્ અભ્યાસથી અલ્પ, મધ્ય કે તીવ્ર માત્રામાં મોક્ષપ્રાપ્તિનો વિલંબ થાય છે.

ભાવાજ્ઞાનો એ સ્વભાવ છે કે વિઘ્નના અભાવમાં મુક્તિ પ્રાપ્ત કરાવે, એટલે ઉપરોક્ત પ્રકારનાં વિઘ્નો ટળી જાય ત્યારે સમ્યગ્દષ્ટિ જીવનું મોક્ષ તરફ વેગવંત ગમન થાય છે. ॥૪૩॥

**(અતિચારદોષના વર્જનમાં પ્રયત્ન ખાસ જરૂરી)**

यत एवं भावाज्ञावतोऽपि प्रतिबन्धः सम्भवी अतोऽत्रातिशयितत्वं कर्त्तव्यतयोपदिशन्नाह-

ભાવાજ્ઞા શિરોધાર્ય કરનારને પણ ઉપરોક્ત પ્રકારનું વિઘ્ન આવવાનો સંભવ હોવાથી આરાધનામાં જે ખાસ ધ્યાન દેવા યોગ્ય બાબત છે તેનું મંગળ સૂચન શ્લોક ૪૪માં કર્યું છે-

**एवं णाऊण सया बुहेण होअव्वमप्पमत्तेण ।**
**परिसुद्धाणाजोगे कम्मं णो फलइ रुद्दंपि ॥ ४४ ॥**

**શ્લોકાર્થ** :- પૂર્વોક્ત હકીકત જાણીને ડાહ્યા પુરુષે પરિશુદ્ધ આજ્ઞાયોગમાં અપ્રમત્ત થવું જોઈએ જેથી ભયાનક કર્મ પણ ફલીભૂત થાય નહિ. ॥ ૪૪ ॥

**एवं**=भावाज्ञाप्राप्तावपि प्रतिबन्धस्य कटुकविपाकतां ज्ञात्वा, **सदा**=सर्वदा, **बुधेन**=मुक्तिमार्गप्रवृत्तिलक्षेण **भवितव्यमप्रमत्तेन**=सर्वातिचारपरिहारपरायणेन, इत्थमेवाज्ञाशुद्ध्युपपत्तेः । ततः किं स्यादित्याह-**परिशुद्धाज्ञायोगे**=दीर्घकालाऽऽदरनैरंतर्यासेवितविशुद्धाज्ञासंपत्तौ **कर्म**=निकाचनावस्थाम-

प्राप्तं ज्ञानावरणादिकं, **रौद्रमपि**=नरकादिविडंबनादायकत्वेन दारुणमपि, **न फलति**=न स्वविपाकेन विपच्यते । यथा हि नक्तं स्वच्छंदप्रसरा अपि शशांककरा भगवतो रवेरुदये निष्फलत्वमेव बिभ्रति तथास्वाभाव्यनियमात्, तथा परिशुद्धाज्ञाभ्यासादात्ममात्रप्रतिबद्धमानसानामत्यन्तनिर्गुणभवभ्रान्ति-परिश्रान्तानां दारुणपरिणाममिथ्यात्वादिनिमित्तोपात्तमप्यशुद्धं कर्म न स्वफलमुपधातुं समर्थं स्यादिति ॥४४॥

**तात्पर्यार्थ** :- ભાવાજ્ઞાની પ્રાપ્તિ થયા પછી પણ કડવાં ફળ ચખાડનાર વિઘ્નોને અવકાશ છે એ એક નક્કર સત્ય હોવાથી મોક્ષમાર્ગની આરાધનામાં કુશળ બુદ્ધિમાન પુરુષે જરાપણ અતિચારરૂપ ડાઘ આરાધનામાં ન લાગે તેની કાળજીવાળા થવું જોઈએ. તો જ વિશુદ્ધ કક્ષાની આજ્ઞારાધના સંપન્ન થાય છે. દીર્ઘકાળ સુધી નિરંતર આદરપૂર્વક વિશુદ્ધ આજ્ઞાના પાલનથી નરકગતિનાં કડવાં ફળ આપવાની યોગ્યતાવાળા ભયાનક જ્ઞાનાવરણ વગેરે કર્મો પણ જો નિકાચિત ન બંધાયાં હોય તો ફળ આપ્યા વિના જ ખરી પડે છે. તેમનો પ્રભાવ નષ્ટ થાય છે. રાત્રિમાં ચંદ્રનાં કિરણો કોઈપણ જાતની રોકટોક વિના સ્વચ્છંદપણે ફેલાઈ રહ્યાં હોય છે, પરંતુ પ્રભાતે સૂર્યનારાયણનો ઉદય થતાં હતપ્રભાવ બની જાય છે. એનો સ્વભાવ જ એ જાતનો, એ જ રીતે માત્ર એક પોતાના આત્મામાં જ ચિત્તને રમતું રાખનાર અને અત્યંત નિર્ગુણ સંસારમાં અનાદિકાળથી આંટા ફેરા મારી મારીને કંટાળી ગયેલા જે સમ્યગ્દૃષ્ટિ જીવો છે તેઓએ ક્વચિત્ ભયાનક પરિણામ લાવનાર મિથ્યાત્વ વગેરે નિમિત્તોથી અશુદ્ધ કર્મ ઉપાર્જ્યું હોવા છતાં પણ વિશુદ્ધ કોટીના આજ્ઞાપાલનના અભ્યાસથી હતપ્રભાવ બની ગયેલું તે કર્મ પોતાનું ફળ આપવામાં શક્તિહીન બની જાય છે. ॥ ૪૪ ॥

### (સમાન કર્મ છતાં ફળમાં તરતમતાનું રહસ્ય)

एतदेव प्रतिवस्तूपमया भावयति-

પરિશુદ્ધ આજ્ઞાયોગથી રુદ્રવિપાકી કર્મ નિષ્ફળ બની જાય છે અને વિપરીત અભ્યાસથી તે જ કર્મને ફલિત થવાનો અવસર મળી જાય છે. આ તથ્યને ભાવિત કરવા માટે ગ્રંથકાર દૃષ્ટાંત દર્શાવે છે-

**जह तुल्लनिमित्ताणं दीसइ वाही तहा समाही अ ।**
**परिहारेयरभावा तहेव एयंपि दट्ठव्वं ॥ ४५ ॥**

**શ્લોકાર્થ** :- એક સરખું નિમિત્ત હોવા છતાં પણ કારણોના પરિહારથી રોગનો અનુદ્ભવ અને કારણોના સેવનથી રોગનો ઉદ્ભવ થતો દેખાય છે. તે જ રીતે પ્રસ્તુતમાં પણ જાણવું. ॥ ૪૫ ॥

यथा **तुल्यनिमित्तयोः**=बहुसदृशतायामेकत्वप्रतिपत्तिहेतुना व्यवहारनयादेशेनैकभोजनादिभुजो, निश्चयत एवं वक्तुमशक्यत्वात्-

"नाकारणं भवेत् कार्यं नान्यकारणकारणम् । अन्यथा न व्यवस्था स्यात्कार्यकारणयोः क्वचित् ॥

इति ग्रन्थेन तेन कार्यभेदे कारणभेदाभ्युपगमात् । तददिदमुक्तं-

[८२]"ववहारओ णिमित्तं तुल्लं एसो वि एत्थ तत्तंगं ।

एत्तो पवित्तिओ खलु णिच्छयणय-भावजोगाओ ॥' त्ति" [उप० पद-३२६]

**व्याधिस्तथा समाधिश्च दृश्यते**, कथमित्याह **परिहारः**=उपस्थितरोगनिदानाजीर्णादिपरित्यागः, **इतरश्च** अपरिहारः, **तद्भावात्**=तद्योगात्, तथा एतदपि उपस्थितकर्मव्याधौ तदभिवृद्धिनिबंधना-विध्यासेवने तत्साफल्यं, तत्परित्यागे च तद्वैफल्याद् भावारोग्यमिति द्रष्टव्यम् । यो हि यन्निमित्तो दोषः स तत्प्रतिपक्षाऽऽसेवात एव निवर्त्तते, यथा शीतासेवनादुत्पन्नं जाड्यमुष्णसेवात इति ॥४५॥

**તાત્પર્યાર્થ :-** બે પુરુષ એક જ સરખું ભોજન કરે છે, બીજે દિવસે સહેજ અજીર્ણ જેવું લાગતાં એક પુરુષ ચેતી જાય છે અન અજીર્ણને રોગની પૂર્વાવસ્થારૂપ સમજીને રોગ ઉત્પન્ન ન થાય તે માટે અપથ્યનો કે અતિમાત્રાએ આહારનો ત્યાગ અને ઉપવાસ વગેરે આરોગ્યના નિયમોનું સેવન કરે છે તેમજ રોગ પેદા થાય તેવા અતિભોજન વગેરે કારણોનો ત્યાગ કરે છે. તો તેનું અજીર્ણ ટળી જાય છે અને સંભવિત રોગની ઉત્પત્તિ થતી નથી.

જ્યારે બીજો પુરુષ તે અજીર્ણરૂપ ચિહ્નથી ચેતી જવાને બદલે વધારે ને વધારે ખા ખા કરે છે, તેમ જ પથ્ય કે અપથ્યનું ભાન રાખતો નથી.સ્વાદલોલુપતાને કારણે રોગનાં કારણોથી દૂર રહી શકતો નથી તો તેને રોગોત્પત્તિ થાય છે.

**(નિમિત્તતુલ્યતા અંગે વ્યવહારનય-નિશ્ચયનયની દૃષ્ટિ)**

પ્રસ્તુત દૃષ્ટાંતમાં બન્ને પુરુષને રોગની ઉત્પત્તિમાં નિમિત્તની તુલ્યતા (એક સરખું ભોજન) જણાવી છે તે વ્યવહારનયના અભિપ્રાયથી. કારણ કે વ્યવહાર નયથી ઘણા અંશમાં તુલ્યતા હોય તો બે વસ્તુમાં એકત્વની બુદ્ધિ અવિરુદ્ધ છે. જ્યારે નિશ્ચયનયથી નિમિત્તની તુલ્યતાનું કથન અશક્ય છે. કારણ કે નિશ્ચયનયનો અભિપ્રાય એ છે કે કાર્ય જો અલગ અલગ હોય તો તેનાં કારણ પણ અલગ જ હોય પરંતુ સરખાં ન હોય. આ અભિપ્રાયનું બીજ જે ગ્રંથવચન છે તેનું તાત્પર્ય આ પ્રમાણે છે-"કાર્ય કદાપિ કારણના અભાવમાં ઉત્પન્ન થાય નહિ તેમ જ જે કાર્યનાં જે કારણો પ્રસિદ્ધ છે તેથી અન્ય=બીજા કાર્યનાં કારણોથી પણ પ્રસ્તુત કાર્યની ઉત્પત્તિ થતી નથી. (દા.ત. - ઘટનાં કારણો માટી વગેરે છે તેનાથી વસ્ત્રની ઉત્પત્તિ થતી નથી પરંતુ તંતુ વગેરે કારણથી જ વસ્ત્ર ઉત્પન્ન થાય છે.) જો વિના કારણ કે અન્ય કાર્યનાં કારણોથી પણ અભિપ્રેતકાર્યની સિદ્ધિ થતી હોય તો 'તંતુ વગેરે સામગ્રીથી જ વસ્ત્ર વગેરેની ઉત્પત્તિ થાય છે, બીજાથી નહીં' આવી કાર્ય-કારણ ભાવની વ્યવસ્થા તૂટી પડે." આ હેતુથી એકને રોગોદ્ભવ અને બીજાને અનુદ્ભવ રૂપ અલગ અલગ કાર્યમાં નિમિત્તની તુલ્યતા નિશ્ચય નયને અમાન્ય છે પરંતુ વ્યવહાર નયને માન્ય છે.

---

८२ व्यवहारतो निमित्तं तुल्यमेषोऽप्यत्र तत्त्वाङ्गम् । इतः प्रवृत्तितः खलु निश्चयनयभावयोगात् ॥ इति

**ઉપદેશપદ**-શાસ્ત્રમાં (ગાથા ૩૨૬) કહ્યું છે કે-"વ્યવહાર નયથી નિમિત્ત તુલ્યતાનું કથન ઉચિત છે કારણ કે વ્યવહારનય પણ તત્ત્વપ્રાપ્તિનું મહત્ત્વનું અંગ છે. કારણ કે વ્યવહારનયને અનુસરીને પ્રવર્તવાથી જ નિશ્ચયનયસાધ્ય ફળનો યોગ થાય છે."

**(મોક્ષપ્રાપ્તિનું પ્રધાન અંગ વ્યવહારનય છે)**

આશય એ છે કે જેમ કોઈ ખેડૂત દિવ્યદૃષ્ટિથી અવશ્યભાવી ફળનો નિશ્ચય કરીને ખેતી કરે છે તેમ 'સારો વરસાદ પડશે અને આપણે મહેનત બરાબર કરશું તો અન્ન જરૂર પાકશે' એવા વ્યાવહારિક નિર્ણયથી જે ખેડૂત ખેતીમાં પ્રવર્તે છે, તે બન્નેને ફળપ્રાપ્તિ એકસરખી થાય છે. તે જ રીતે વ્યવહારનયને આશ્રયીને મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિ કરનાર પણ તેવું જ ફળ મેળવે છે જેવું નિશ્ચયનયથી પ્રવર્તનાર મેળવે છે.

પ્રસ્તુતમાં પણ સમજવું જોઈએ કે પૂર્વે બંધાઈ ચૂકેલા કર્મ રૂપ ક્ષુદ્ર વ્યાધિમાં અભિવૃદ્ધિ કરનાર અવિધિ વગેરેનું આસેવન કરવામાં આવે તો તે કર્મ અવશ્ય કડવા ફળનું સર્જન કરે છે અને જો અવિધિ આદિનો સાવધાનીપૂર્વક પરિહાર કરવામાં આવે તો તે કર્મોનો પ્રભાવ નષ્ટ થઈ જવાથી ભાવ આરોગ્યની પ્રાપ્તિ થાય છે. સામાન્ય રીતે એવો નિયમ છે કે કોઈ પણ દોષ જે નિમિત્તોથી ઉદ્ભવે કે વૃદ્ધિંગત થાય તે નિમિત્તોના વિરોધી નિમિત્તોનું સેવન કરવાથી તે દોષની નિવૃત્તિ થાય છે. દા.ત. ઠંડીના સેવનથી આવેલી જડતા (સુસ્તી) ગરમીના સેવનથી નાબૂદ થાય છે. ॥ ૩૫ ॥

**(ક્લિષ્ટ કર્મબંધની નિષ્ફળતા અંગે ઊહાપોહ)**

तदेवं परिशुद्धाज्ञायोगस्य दुष्टकर्मोपक्रमहेतुत्वमित्युक्तम् । तत्र च स्वभावत एव लाघवं भवतीत्येकांतप्रतिक्षेपायास्यैव पुरुषकारत्वं विधातुं कर्मणोऽवश्यवेद्यत्वनियमेनोक्तार्थानुपपत्तिशङ्कां च परिहर्त्तुमाह-

પરિશુદ્ધ આજ્ઞાયોગ દુષ્ટ કર્મને નિષ્ફળ બનાવવામાં કારણભૂત છે એમ જે કહેવામાં આવ્યું છે તેમાં કોઈનો એવો વિરોધ હોય કે-"દુષ્ટકર્મ પોતાના સ્વભાવથી જ નિષ્ફળ બની જાય છે એમ માનવામાં લાઘવ (સરળતા) છે, જ્યારે પરિશુદ્ધ આજ્ઞા યોગથી દુષ્ટકર્મની નિષ્ફળતા માનવામાં ગૌરવ (ક્લિષ્ટતા) છે." તો આવા એકાન્તિક વિરોધનો પરિહાર[1], તેમ જ પરિશુદ્ધ આજ્ઞાયોગ એ જ પુરુષાર્થ રૂપ છે તેવું નિરૂપણ[2] અને "બંધાયેલું કર્મ અવશ્ય ભોગવવું જ પડે તેમ હોવાથી પુરુષાર્થ દ્વારા કર્મની નિષ્ફળતા અસંભવિત છે" એવી શંકાનું નિરાકરણ[3], આ ત્રણ પ્રયોજન શ્લોક ૪૫માં સ્પષ્ટ કરવામાં આવ્યાં છે-

**एसो य पुरिसगारो ण धावणाई गयाणुगइओ अ ।**
**अणिययसहावकम्मे एसो अ उवक्कमणहेऊ ॥ ४६ ॥**

**શ્લોકાર્થ :-** ગતાનુગતિક ક્રિયા કે ખોટી દોડધામ મોક્ષપુરુષાર્થરૂપ નથી કિન્તુ પરિશુદ્ધ આજ્ઞાયોગ જ મોક્ષપુરુષાર્થ રૂપ છે. જે કર્મ ફળપ્રદાનમાં અનિયત હોય છે તેને નિષ્ફળ બનાવવામાં તે હેતુરૂપ છે. ॥ ૪૬ ॥

**एष च**=परिशुद्धाज्ञायोगलक्षणः **पुरुषकारः**=आत्मव्यापारः, कर्मोपक्रमलक्षणं फलं प्रति द्रष्टव्यः, **न धावनादिः लौकिकः**, आदिना वल्गनादिग्रहः, न वा **गतानुगतिकः** अंधपरंपरानुपाती, 'इत्थमेवास्मदीयैः समाचरितमि'त्यभिग्रहाभिनिवेशपेशलोऽज्ञानिनां पाखंडिनां जैनाभासानां वा दुःषमाकालादिकदालंबनग्रहणप्रवणानामविध्युपजीविनां संबन्धी, ततः कर्मानुबन्धस्यैवानुवृत्तेः । तथा **एष चानियतस्वभावे**=फलदानं प्रत्यनियतरूपे **कर्मणि उपक्रमहेतुः** ।

तेन-''नाभुक्तं क्षीयते कर्म कल्पकोटिशतैरपि । अवश्यमेव भोक्तव्यं कृतं कर्म शुभाशुभम् ॥'' [ ]

इति सर्वलोकप्रवादश्रवणान्न भयं विधेयम् । द्विविधं हि जीवाः प्रथमतः कर्म बध्नन्ति, **एकं** शिथिलपरिणामतया फलं प्रत्यनियतरूपं, **द्वितीयं** चात्यंतदृढपरिणामनिबद्धतयाऽवश्यं स्वफलसंपादकम् । तत्र प्रथमस्य तत्तद्रव्यादिसामग्रीमपेक्ष्य प्रतीकारसहत्वात्तादृशासद्वेद्यायशःकीर्ति-लाभान्तरायादिकर्मोपक्रमे प्रकृतसामर्थ्यान्न विरोध इति । यथा चैतत्तत्त्वं तथा विपश्चित**मध्यात्मम-तपरीक्षायाम् । न चैवं** स्वस्मिन्नुपक्रमणीयं कर्मानिश्चिन्वतो नाशार्थिनः नाश्याऽनिश्चये प्रवृत्त्य-नुपपत्तिरिति **शङ्कनीयं,** बलवतो नाश्यस्य संशयेऽपि सर्पादिदंशजन्यविषसंशये तन्नाशार्थं भेषजपानादाविव विघ्नसंशयेऽपि तन्नाशार्थं मंगलकरणादाविव वा प्रवृत्त्यविरोधात् । अदृष्टजप्रवृत्तौ नाश्यनिश्चयानपेक्षाविरोध इत्यन्ये ॥ ४६ ॥

**તાત્પર્યાર્થ :-** પરિશુદ્ધાજ્ઞાયોગ એ જ મોક્ષસાધક આત્મવ્યાપાર રૂપ છે, નહિ કે સંસારના પ્રયોજનથી કરવામાં આવતી દોડધામ કે સંભાષણ. જે અજ્ઞાની પાખંડીઓ અંધ પરંપરાને અનુસરીને 'અમારા પૂર્વજો આમ જ કરતા હતા માટે અમે પણ એમ જ કરીશું' આવો કદાગ્રહ રાખીને પોતાના કુલધર્મ વગેરેનું પાલન કરે છે તે મોક્ષસાધક ક્રિયા નથી. તે જ રીતે કેટલાક વેષધારી જૈનો દુષમકાળ-પાંચમા આરાનું ખોટું આલંબન પકડી લેવામાં તત્પર હોય છે તેઓની ઇરાદાપૂર્વકની અવિધિયુક્ત ક્રિયાઓ પણ મોક્ષસાધક નથી. કારણ કે તેવી અંધ પરંપરાગત અથવા અવિધિપ્રધાન ક્રિયાઓથી માત્ર કર્મબંધની જ પરંપરા સર્જાય છે.[1]

**(અનિયત સ્વભાવી કર્મના વિનાશમાં પુરુષાર્થ સફળ)**

જે કર્મ અનિયત સ્વભાવવાળું છે-અવશ્ય ફળનું સર્જન કરે જ, તેવું નથી એવા કર્મને હતપ્રભાવ બનાવવા માટે પરિશુદ્ધાજ્ઞાયોગ રૂપ પુરુષકાર પર્યાપ્ત છે. લોકમાં જે એવો પ્રવાદ સંભળાય છે-''અબજો યુગ પસાર થઈ જાય તો પણ પૂર્વસંચિત કર્મ ભોગવ્યા વિના ક્ષીણ થતું નથી. શુભ હોય કે અશુભ હોય પણ એકવાર કરેલું કર્મ ભવિષ્યમાં અવશ્ય ભોગવવું

જ પડે છે."-આવા પ્રવાદથી નિરાશ થઈ જવાની જરૂર નથી. જૈન શાસનમાં કર્મ અને ફળનો સંબંધ નીચે પ્રમાણે છે.

જીવો પહેલેથી જ કર્મબંધ બે પ્રકારે કરે છે. એક બંધસર્જક પરિણામ શિથિલ હોવાથી તેનાથી બંધાયેલા કર્મને મજબૂત બનાવનાર અથવા ફલાભિમુખ કરનાર સામગ્રીનો યોગ ન થાય તો ફલ પ્રત્યે અકિંચિત્કર રહે અને જો તેવી સામગ્રીનો યોગ થાય તો ફળ આપે પણ ખરા, દા.ત. સાધ્ય રોગ. જ્યારે બીજા પ્રકારના કર્મ એવા હોય છે કે જે પહેલેથી જ અત્યંત દઢ તીવ્ર પરિણામથી બાંધેલા હોવાથી તેનું ફળ આપ્યા વિના રહેતા નથી. તેને સ્વપ્રભાવથી જ ફલાભિમુખ કરનાર સામગ્રી પણ અવશ્ય મળી જ રહે છે. દા.ત. અસાધ્યરોગ.

આ બે પ્રકારમાં બીજા પ્રકારનું નિકાચિત કર્મ તો અવશ્ય ભોગવવાનું જ રહે છે પરંતુ પહેલા પ્રકારનું કર્મ તેનાથી વિરોધી દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ-ભવ વગેરે સામગ્રી દ્વારા પ્રતિકારને યોગ્ય હોય છે. એટલે એવા અનિકાચિત બંધાયેલા અશાતાવેદનીય, અપયશ, અપકીર્તિ લાભાંતરાય વગેરે કર્મોને નિષ્ફળ બનાવવામાં પરિશુદ્ધ આજ્ઞાયોગ મહત્ત્વનો ભાગ ભજવે છે. એમાં વિરોધને કોઈ અવકાશ નથી. આ તાત્ત્વિક વિષયનું વધુ સ્પષ્ટ નિરૂપણ **"આધ્યાત્મમતપરીક્ષા"** નામના ગ્રંથમાં ગ્રંથકારે પોતે જ કર્યું છે.

### (નિશ્ચય વિના પણ સંભાવનાથી પ્રવૃત્તિ શક્ય)

**શંકા** :- પરિશુદ્ધાજ્ઞાયોગથી ઉપક્રમયોગ્ય કર્મનો નાશ શક્ય હોય તો પણ પોતાના આત્મામાં એવાં કર્મો બંધાયેલાં હોવાનો નિશ્ચય કરવાની કોઈ સાધન-સામગ્રી ન હોવાથી વિનાશયોગ્ય કર્મનો નિશ્ચય અશક્યપ્રાયઃ છે એટલે કોણ તેનો નાશ કરવા માટે ઉદ્યમવંત થશે ? તાત્પર્ય, એવી પ્રવૃત્તિનો ઉચ્છેદ થઈ જશે.

**સમાધાન** :- બળવાન અનિષ્ટ પ્રયોજક અશુભ નિમિત્તની શંકા પણ તેના નાશની પ્રવૃત્તિમાં પ્રેરક છે. રાત્રે અંધારામાં કાંઈક કરડી ગયું હોય ત્યારે સાપ જ કરડ્યો છે એવો નિશ્ચય ન હોવા છતાં પણ સાપના ઝેરની શંકા ઉદ્ભવતાં તેનો નાશ કરવા માટે તે વ્યક્તિની પ્રવૃત્તિ થતી દેખાય છે. એ જ રીતે ગ્રંથસમાપ્તિ વગેરેમાં બાધક વિઘ્ન (અશુભ કર્મ)નો નિશ્ચય ન હોવા છતાં પણ તેની સંભાવના હોવાથી તેની ઉપશાંતિ માટે મંગલાચરણ વગેરેનો પ્રયત્ન કરાય છે. આમાં કાંઈ વિરોધ જેવું નથી. સારાંશ એ છે કે ઉપક્રમ યોગ્ય કર્મનો નિશ્ચય ન હોવા છતાં પણ તેની ઉગ્ર સંભાવના-સંશય હોવાથી તેના નાશ માટેની પ્રવૃત્તિનો ઉચ્છેદ થવાની આપત્તિ નથી.

ઉપરોક્ત વિષયોમાં અન્ય ગ્રંથકારનો અભિપ્રાય એ છે કે ઉપક્રમયોગ્ય કર્મોનો નાશ કરવાની પ્રવૃત્તિમાં મુખ્યતાએ અનુકૂળ અદૃષ્ટ જ કારણ છે એટલે તેમાં વિનાશ્યના નિશ્ચયની કોઈ અપેક્ષા જ નહિ હોવાથી પૂર્વશંકિત વિરોધને કોઈ અવકાશ જ નથી. ॥ ૪૬ ॥

## ઉપદેશ ૧૪ - સર્વત્ર કર્મ અને પુરુષાર્થનો સ્યાદ્વાદ છે

नन्वेवमपि परिशुद्धाज्ञायोगोऽदृष्टपरिपाकादेव, तुल्यसाधनानामप्यन्यतमस्यैवोदयात्, तथा च 'तद्धेतो॰'रिति न्यायाददृष्टमेव फलहेतुरस्त्वित्याशंकां परिहरन्नाह–

શ્લોક ૪૭માં જે પૂર્વપક્ષનું નિરાકરણ કરવામાં આવનાર છે તે પૂર્વપક્ષનો અભિપ્રાય આ પ્રમાણે છે-

ઉપક્રમયોગ્ય કર્મોના વિનાશમાં પરિશુદ્ધ આજ્ઞાયોગને હેતુરૂપે દર્શાવેલ છે, પરંતુ પરિશુદ્ધ આજ્ઞાયોગ પણ તેના બાધક અદૃષ્ટની નિવૃત્તિ અને સાધક અદૃષ્ટના પરિપાક વિના કઈ રીતે હોઈ શકે ? પરિશુદ્ધ આજ્ઞાયોગસંપાદક બાહ્ય સાધનસામગ્રી અનેક આત્માઓને તુલ્ય હોવા છતાં પણ કોઈકના જ જીવનમાં પરિશુદ્ધ આજ્ઞાયોગનો ઉદય થાય છે. એનાથી એ ફલિત થાય છે કે ઉપક્રમ યોગ્ય કર્મના વિનાશમાં હેતુરૂપે માનવામાં આવેલ પરિશુદ્ધ આજ્ઞાયોગ પણ અનુકૂળ અદૃષ્ટના ઉદયથી જ સંપન્ન થાય છે. તો પછી "तद्धेतोरेवास्तु किं तेन ?" આ ન્યાય, જેનું તાત્પર્ય એ છે કે 'અમુક કાર્યોત્પત્તિમાં હેતુરૂપે જે અભિપ્રેત છે તેના પણ હેતુની એટલે કે હેતુના હેતુની પણ આવશ્યકતા માનવી પડે તો પછી તે હેતુના હેતુને જ તે કાર્ય પ્રત્યે સીધી કારણતા માનવી, વચમાં અન્યને હેતુ માનવાથી શો લાભ ?' આ ન્યાયથી ઉપક્રમ યોગ્ય કર્મના વિનાશમાં પણ અનુકૂળ અદૃષ્ટના પરિપાકને જ કારણ માનવાનું રહે છે, વચમાં પરિશુદ્ધાજ્ઞાયોગને કારણ માનવાની જરૂર નથી.

ઉપરોક્ત પૂર્વપક્ષનું નિરાકરણ નીચે મુજબ છે-

**एवं तुल्लबलत्तं उववण्णं दइवपुरिसगाराणं ।**
**अण्णोण्णसमणुविद्धा जं दोवि फलं पसाहंति ॥ ४७ ॥**

**શ્લોકાર્થ :-** એ રીતે (તમારા કહેવા મુજબ) તો દૈવ અને પુરુષકાર બન્નેનું તુલ્ય બળ સિદ્ધ થાય છે કારણ કે પરસ્પર મેળથી જ ફળની સિદ્ધિ થાય છે. ॥ ૪૭ ॥

**एवं**=उक्तरीत्या, **दैवपुरुषकारयोः तुल्यबलत्वं**=समप्राधान्येनैककार्यहेतुत्वलक्षणं उपपन्नं भवति, **यद्**=यस्मात् द्वावप्येतौ **अन्योन्यसमनुविद्धौ**=परस्परोपगृहीतौ **फलं प्रसाधयतः**, कर्मलक्षणस्य दैवस्य स्वरूपयोग्यताया आत्मवीर्यरूपस्य च पुरुषकारस्य सहकारियोग्यताया घटकत्वात् ॥४७॥

### (કર્મ અને પુરુષાર્થ ઉભયનું તુલ્ય મહત્ત્વ)

**તાત્પર્યાર્થ :-** પૂર્વપક્ષીના કહ્યા મુજબ અદૃષ્ટના પરિપાકની પણ જો આવશ્યકતા સિદ્ધ થતી હોય તો તેનો અર્થ એ નથી કે પરિશુદ્ધ આજ્ઞાયોગ નિરર્થક છે. કારણ કે અનુકૂળ કર્મ પણ પુરુષકારના અભાવમાં પાંગળું હોવાથી જેટલું મહત્ત્વ અનુકૂળ કર્મનું છે તેટલું જ

પુરુષાર્થનું પણ સિદ્ધ થાય છે. એટલે ઉપક્રમણીય કર્મના વિનાશમાં દૈવ અને પુરુષકાર બન્નેનું સમાન પ્રાધાન્ય સિદ્ધ થાય છે. એકના અભાવમાં બીજાની હાજરીથી ફળસિદ્ધિ ન થતી હોવાથી બન્ને પરસ્પર ભેગા થઈ એકબીજાને સહાયક બનવા દ્વારા જ ફળને ઉત્પન્ન કરે છે. તેમાં વિશેષતા એ છે કે દૈવની કારણતા સ્વરૂપયોગ્યતા રૂપ કારણતાના અંગભૂત છે જ્યારે આત્માના વીર્યરૂપ પુરુષાર્થની કારણતા સહકારીયોગ્યતા રૂપ કારણતાના અંગભૂત છે. આશય એ છે કે કર્મના નાશમાં કર્મ પોતે વિનાશયોગ્ય સ્વરૂપવાળું હોવાથી તેનો વિનાશ શક્ય બને છે અને પરિશુદ્ધ આજ્ઞાયોગ સહાયક બનતો હોવાથી સહકારી કારણરૂપે તે કર્મના નાશમાં પ્રયોજક બને છે. ॥૪૭॥

एतदेव भावयति-

શ્લોક-૪૮માં ઉપરોક્ત હકીકત કાષ્ઠ અને પ્રતિમાના દૃષ્ટાંતથી વધારે સ્પષ્ટ કરવામાં આવી છે-

**दारुसमं खलु दइवं पडिमातुल्लो अ पुरिसगारोत्ति ।**
**दइवेण फलक्खेवे अइप्पसंगो हवे पयडो ॥ ४८ ॥**

**શ્લોકાર્થ** :- દૈવ (ભાગ્યકર્મ) કાષ્ઠસ્થાનીય છે અને પુરુષાર્થ પ્રતિમાસ્થાનીય છે. દૈવમાત્રથી જ ફળનિષ્પત્તિ થવામાં અતિપ્રસંગદોષનો ઉદ્ભવ થાય છે. ॥૪૮॥

**दारुसमं**=प्रतिमादलभूतकाष्ठसमं, **खलु**-निश्चये **दैवं**, तत्र प्रत्यक्षानुमानादिना दिव्यदृशा व्यवहारदृशा च फलयोग्यतानिश्चयात्, **प्रतिमातुल्यश्च**=प्रतिमानिष्पादनक्रियासदृशश्च **पुरुषकारः**, '**इतिः**' पादपूरणे प्रागुक्तोपपत्तिहेत्वर्थो वा । **न च** "शक्तयः सर्वभावानां कार्यार्थापत्तिगोचरा" इति वचनात् कार्यानुपहितयोग्यतायां मानाभावात् किमजागलस्तनायमानेन पुरुषकारेणेति **शङ्कनीयं**, कुतोऽपि हेतोः प्रतिमानुत्पत्तावपि दारुदले शब्दज्ञानप्रवृत्तिरूपस्य योग्यत्वव्यवहारस्याऽयोग्यत्व व्यवहारविलक्षणस्याऽऽगोपालाङ्गनाप्रसिद्धत्वेन पराकर्त्तुमशक्यत्वात् । अत एव न दैवस्यैव प्राधान्यमित्याह-**दैवेन**=कर्मणा, **फलाक्षेपे**=पुरुषाकरमनपेक्ष्य फलजननेऽभ्युपगम्यमाने, **अतिप्रसङ्गो**=अनवाप्ताङ्गेऽपि मोक्षफलापत्तिलक्षणः, भवेत् **प्रकटः**=सर्वलोकसिद्धः ॥ ४८ ॥

### (પ્રતિમાયોગ્ય કાષ્ટખંડનો નિર્ણય કઈ રીતે ?)

**તાત્પર્યાર્થ** :- જેમ કાષ્ટખંડ પ્રતિમાની નિષ્પત્તિમાં ઉપાદાન કારણતા રૂપ યોગ્યતા ધરાવનાર છે તે જ રીતે દેવ પણ તે તે ફળને ઉત્પન્ન કરવાની યોગ્યતા ધરાવે છે. આ યોગ્યતાનો નિશ્ચય કાષ્ટમાંથી બનતી પ્રતિમાને પ્રત્યક્ષ જોઈને અથવા વર્તમાનદૃષ્ટકાષ્ટખંડમાં પૂર્વદૃષ્ટપ્રતિમાભાવપરિણતકાષ્ટખંડના દૃષ્ટાંતથી અનુમાન કરીને અથવા આપ્તપુરુષના ઉપદેશથી થઈ શકે છે. તે ઉપરાંત દિવ્યજ્ઞાનથી ભાવિમાં ઉત્પન્ન થનાર પ્રતિમાનું દર્શન

કરીને પણ પ્રસ્તુત કાષ્ટખંડમાં પ્રતિમાયોગ્યતાનો નિર્ણય થઈ શકે છે. લૌકિક વ્યવહારથી પણ પ્રતિમા બનાવવા માટે ઉપયોગમાં લેવાતા વિવિધ પ્રકારના કાષ્ટખંડોને જોઈને પ્રસ્તુત કોઈ એક કાષ્ટખંડમાં પ્રતિમાયોગ્યતાનો નિર્ણય ઉદ્‌ભવી શકે છે. પુરુષાર્થ, પ્રતિમા બનાવવા માટે કરવામાં આવતી ક્રિયા તુલ્ય છે. મૂળ શ્લોકમાં 'इति' શબ્દનો પ્રયોગ પાદપૂર્તિ અર્થે કરવામાં આવ્યો છે અથવા "પૂર્વશ્લોકના કથનને સિદ્ધ કરવા માટે પ્રસ્તુત શ્લોકનું કથન હેતુ રૂપ છે" તેમ દર્શાવવા માટે કરવામાં આવ્યો છે.

### (પુરુષાર્થની હેતુતામાં ઉદ્‌ભવતી શંકા)

**શંકા :-** કાર્યથી અનુપહિત યોગ્યતા માનવામાં કોઈ પ્રમાણ નથી. કહેવાનો ભાવ એ છે કે "સર્વ પદાર્થોમાં રહેલી કાર્યોત્પાદક શક્તિઓ કાર્યભૂત પદાર્થોની ઉત્પત્તિથી જ અનુમેય છે." આ તાત્પર્યવાળા 'शक्तयः........' ઇત્યાદિ વચનના આધારે કાર્યથી અવિશિષ્ટ એટલે કે જે કારણથી કાર્ય અનુત્પન્ન છે તેવા કારણમાં તે કાર્યની યોગ્યતા માની શકાય તેવી ન હોવાથી, કોઈપણ કારણમાં એવી જ યોગ્યતા માનવી જોઈએ કે જેનાથી ફળનિષ્પત્તિ અવશ્ય થાય જ. વસ્તુસ્થિતિ આ પ્રમાણે હોવાથી કાર્યની ઉત્પત્તિમાં બકરીના ગળામાં રહેલા આંચળ જેવી દેખાતી પણ દૂધ ન આપનારી લટકતી કોથળી જેવા નિરર્થક પુરુષાર્થને હેતુ માનવાની જરૂર જ નથી. તેનું કારણ એ છે કે કારણ જ એ પ્રકારની યોગ્યતા ધરાવે છે કે જેનાથી ફળ અવશ્ય ઉત્પન્ન થાય એટલે એવા કારણથી કાર્ય અવશ્ય નિષ્પન્ન થનાર હોવાથી પુરુષાર્થને હેતુ માનવામાં ગૌરવ દોષ છે.

### (કાર્યાનુપહિત યોગ્યતામાં યોગ્યતાવ્યવહાર પ્રમાણ છે)

**સમાધાન :-** કોઈ પરિસ્થિતિમાં અર્થાત્ સામગ્રી વૈકલ્યના કાળમાં કોઈક કાષ્ટખંડથી પ્રતિમાની ઉત્પત્તિ થઈ ન હોય તો પણ "આ કાષ્ટખંડ પ્રતિમાને યોગ્ય છે" એવા શબ્દોની પ્રવૃત્તિરૂપ યોગ્યતાનો વ્યવહાર અને 'આ કાષ્ટખંડ પ્રતિમા બનવાની યોગ્યતાવાળું છે' એવા આકારના જ્ઞાનની પ્રવૃત્તિરૂપ યોગ્યતાનો વ્યવહાર વિદ્વાનોથી માંડીને અલ્પબુદ્ધિવાળી ગોવાલણો સુધી ખૂબ જ પ્રસિદ્ધ છે. વળી આ યોગ્યતાનો વ્યવહાર "તંતુઓ પ્રતિમા બનવાની યોગ્યતાવાળા નથી." આવા પ્રકારના અયોગ્યતા વ્યવહારથી અત્યંત વિલક્ષણ હોવાથી એ કાષ્ટખંડની પ્રતિમાયોગ્યતાનો અપલાપ થઈ શકે તેમ નથી. સારાંશ એ છે કે કાર્યાનુપહિત યોગ્યતામાં પ્રમાણ ન હોવાની વાત અપ્રામાણિક છે. કારણ કે પૂર્વોક્ત યોગ્યતાનો વ્યવહાર જ તેમાં સાધક પ્રમાણ રૂપ છે.

ઉપરોક્ત વિવેચનથી એકલું દૈવ જ પ્રધાન નથી એ પણ સિદ્ધ થાય છે. જો એકલા ભાગ્યથી જ ફલનિષ્પત્તિની શક્યતા હોય અને તેમાં પુરુષાર્થની કોઈ અપેક્ષા જ ન હોય

તો મોક્ષે જવાની યોગ્યતા ધરાવનાર ભવ્ય જીવ તેની યોગ્યતાના પરિપાકથી કોઈપણ જાતના પુરુષાર્થ વગર જ જિનાજ્ઞાના પાલન વિના મુક્તિમાં પહોંચી જવાની આપત્તિ આવશે. જે સર્વલોક વિરુદ્ધ છે. ॥ ૪૮ ॥

**(કર્મ પુરુષાર્થને તાણી લાવનારું હોય તો ? શંકા)**

अथ न दैवमात्रमेव फलहेतुर्येनातिप्रसङ्गः स्यात्, किन्तु विशिष्टदैवमेव तथेति शङ्कते-

**શંકા :-** માત્ર સામાન્ય પ્રકારના દૈવને વિવક્ષિત ફળમાં હેતુરૂપ માનવામાં આવે તો ઉપર દર્શાવેલ દોષને અવકાશ છે. પરંતુ વિશિષ્ટ પ્રકારના અર્થાત્ જરૂર હોય તો પુરુષાર્થને ગળે પકડીને ખેંચી લાવે એવા દૈવને હેતુ માનવાથી કોઈ દોષને અવકાશ નથી. શ્લોક ૪૯ ના પહેલા ત્રણ પાદમાં આ શંકાનું ઉત્થાન કરીને ચોથા પાદમાં તેનું સમાધાન કરવામાં આવ્યું છે.

**अह तं विसिट्ठमेवं तेण न दाणाइभेअणुववत्ती ।**
**अक्खिवइ पुरिसगारं तं नणु अण्णत्थ तुल्लमिणं ॥ ४९ ॥**

**શ્લોકાર્થ :-** (શંકા) વિશિષ્ટ દૈવને ફળહેતુ માનવાથી દાનાદિ ભેદે ફળભેદ અઘટિત નથી, તે વિશિષ્ટ દૈવ જ પુરુષાર્થને ખેંચી લાવનાર છે. (સમાધાન) પુરુષાર્થમાં પણ દલીલ સમાન છે. ॥ ૪૯ ॥

**अथ तद्**=दैवं, **विशिष्टं**=विलक्षणशक्तिमदेव **एवं**=अधिकृतफलहेतुः, तेन **दानादेः** सकाशात्-आदिना हिंसादिग्रहः-यो **भेदः** पुण्यपापोत्कर्षापकर्षलक्षणः, तदनुपपत्तिर्न भवति, सर्वास्तिकसम्मततदनुपपत्तिर्हि 'प्रकृतिरेवैकाकारा शुभाशुभरूपासु क्रियासु व्याप्रियत' इति निर्युक्तिक-**सांख्यमत**मास्थितानां पुरुषकारवादिभिर्दातुं शक्येत, अध्यात्मभेदं विना तदनुपपत्तेः, तथा च पठन्ति ते-[योगदृष्टि०-११८]

"अभिसन्धेः फलं भिन्नमनुष्ठाने समेऽपि हि । परमोऽतः स एवेह वारीव कृषिकर्मणि ॥" इति।

यदि चोत्कृष्टापकृष्टशुभाशुभानुबंध्यात्मकारिदैवभेद एवेष्यते तदा नायं दोषावकाश इति एत-देवाह-**तद्**=अधिकृतदैवं, **पुरुषकारं**=नियताभिसंधिकप्रयत्नरूपम्, **आक्षिपति**=नियतफलजननाय व्यापारयति। **समाधत्ते,** नन्वित्यक्षमायाम्, **अन्यत्र**=पुरुषकारे, **तुल्यमिदं**=शक्यं ह्येतद् पुरुषकार-वादिनापि वक्तुं, 'पुरुषकार एव तथास्वभावत्वात् कर्मोपक्रम्य शुभमशुभं वा फलं जनयती'ति। दैवेन पुरुषकारस्येव तेन दैवस्यापि किंकरवद्गले गृहीत्वा व्यापारयितुं शक्यत्वाद् । तददिमाह-[उप० पद-३४७]

[८३]"तारिसयं चिय अहतं सुहाणुबंधे अज्झप्पकारित्ति । पुरिसस्स एरिसत्ते तदुवक्कमणम्मि को दोसो"॥४९॥

८३ तादृशं चैवाहतं शुभानुबन्धमध्यात्मकारीति । पुरुषस्यैतादृशत्वे तदुपक्रमणे को दोषः ॥

**તાત્પર્યાર્થ :-** પૂર્વશ્લોકમાં એકલા દૈવને કારણ માનવાથી પુરુષાર્થ વિના જ મોક્ષપ્રાપ્તિ થઈ જવાનો જે દોષ બતાવવામાં આવ્યો હતો તેને અવકાશ નથી. કારણ કે વિશિષ્ટ શક્તિ વગરના દૈવથી ફળપ્રાપ્તિ અસંભવિત હોવા છતાં પણ પુરુષાર્થને બળપૂર્વક અનુકૂળ બનાવીને ફળનો આવિર્ભાવ કરનાર વિશિષ્ટ શક્તિવાળા દૈવને એકમાત્ર હેતુ માની શકાય છે. એવી શંકા કરવામાં આવે કે-"કર્મ જ જો પુરુષાર્થ આક્ષેપક હોય તો દાન વગેરે શુભ ક્રિયાથી શુભ ફલક પુણ્યનો ઉત્કર્ષ અને પાપનો અપકર્ષ તેમજ હિંસાદિ ક્રિયાથી અશુભ ફલક પાપનો ઉત્કર્ષ અને પુણ્યનો અપકર્ષ કે જે સર્વ આસ્તિકમતોને સંમત છે તે કઈ રીતે ઘટશે ?" તો તેનું સમાધાન એ છે કે આ દોષને દૈવવાદીના મતમાં અવકાશ નથી પરંતુ યુક્તિબાહ્ય સાંખ્ય મતમાં આસ્થા ધરાવનારાઓને તે આપત્તિરૂપ છે. કારણ કે તેઓના મતમાં સર્વથા એકાકાર પ્રકૃતિ જ સર્વ શુભાશુભ ક્રિયાઓની સૂત્રધાર છે જે નિર્યુક્તિક છે. અધ્યાત્મના અર્થાત્ અધ્યવસાયના ભેદ વિના એકાકાર પ્રકૃતિથી પરસ્પર વિરુદ્ધ શુભાશુભ ક્રિયાઓ અસંભવિત છે. તેઓ કહે છે કે-"અનુષ્ઠાન એકસરખું હોવા છતાં પણ 'અભિસંધિ=આશય' ભિન્નભિન્ન હોવાથી ફળ પણ જુદું જુદું ઉત્પન્ન થાય છે. માટે ફળભેદમાં આશય-ભેદની જ મુખ્યતા છે. દા.ત. કૃષિની ક્રિયા સમાન હોવા છતાં પણ એક સ્થાને ઉચિત જળવૃષ્ટિ અને અન્યત્ર તેના અભાવથી ધાન્યોત્પત્તિમાં તફાવત પડે છે." (જુઓ-યોગદષ્ટિ સમુચ્ચય શ્લો. ૧૧૮.)

દૈવવાદીના મતે તો ઉત્કૃષ્ટ કે અપકૃષ્ટ શુભાનુબંધિ કે અશુભાનુબંધિ અધ્યાત્મભેદ=અધ્યવસાય ભેદનું પ્રયોજક દૈવ જ ભિન્ન ભિન્ન હોવાથી દાનક્રિયા અને હિંસાદિ ક્રિયાથી ભિન્ન ભિન્ન પુણ્ય-પાપ કર્મના ઉદ્ભવમાં કોઈ દોષને અવકાશ નથી. કારણ કે શુભાશુભ પુણ્ય-પાપના ઉત્કર્ષ-અપકર્ષના પ્રયોજક દૈવ પોતાના સામર્થ્યથી તદનુકૂલ નિયત અધ્યવસાય ગર્ભિત પુરુષાર્થને પણ વિવક્ષિત ફળના ઉદ્ભવ માટે અવશ્ય ખેંચી લાવીને કામે વળગાડે છે.

## (પુરુષાર્થની પ્રધાનતામાં સમાન યુક્તિઓ)

દૈવવાદીના પ્રતિવાદ રૂપે ગ્રંથકારના કથનનું તાત્પર્ય એ છે કે પુરુષાર્થને ગૌણ કરીને દેવની મુખ્યતા દર્શાવવા માટે દૈવવાદીએ જે યુક્તિઓ અને દલીલોનો આશરો લીધો છે, તે જ યુક્તિઓ દ્વારા પુરુષાર્થવાદી પણ એમ કહી શકે છે કે પુરુષકાર જ બળવાન છે. અને વિશિષ્ટ શક્તિગર્ભિત સ્વભાવવાળો પુરુષાર્થ બળપૂર્વક દૈવ પર ઉપક્રમ લગાડી સ્વપ્રયોજ્ય ફળમાં અનુકૂળ બનાવીને તે તે ફળોને ઉત્પન્ન કરે છે. દૈવવાદીએ પુરુષાર્થને કિંકરનું સ્થાન આપી દૈવને માલિકનું સ્થાન આપ્યું છે, તેમ પુરુષાર્થવાદી પણ કહી શકે છે કે પુરુષાર્થ માલિક બનીને ચાકર જેવા દેવને ગળે પકડીને કામે લગાડવા સમર્થ છે. ઉપદેશપદ શાસ્ત્રમાં કહ્યું છે કે-

(પૂર્વપક્ષ)-"અધ્યવસાયની ભિન્નતાની જેમ દૈવપણ શુભાનુબંધિ કે અશુભાનુબંધિ ચિત્તપરિણામનું કારણ છે."

(ઉત્તરપક્ષ) "પુરુષને (પુરુષાર્થને) પણ તેવા વિચિત્ર સ્વભાવવાળો માનીને કર્મનો ઉપક્રમ સિદ્ધ કરવામાં આવે તો શું દોષ છે ?" ॥૪૯॥

**(કર્મ અને પુરુષાર્થ ઉભયની પરંપરા પરિણમનશીલ છે)**

एतदेव भावयति-

શ્લોક-૫૦માં ઉપરોક્ત હકીકતને વધુ સ્પષ્ટ કરવામાં આવી છે-

**जह कम्मसंतई इह तह तह परिणामिणित्ति मण्णंति ।**
**तह पुरिसगारधारा जुत्ता परिणामिणी वोत्तुं ॥ ५० ॥**

**શ્લોકાર્થ :-** જેમ કર્મપરંપરાને તે તે રૂપે પરિણમનશીલ માનવામાં આવી છે. તેમ પુરુષાર્થની પરંપરાને પણ પરિણમનશીલ કહેવી યુક્ત છે. ॥૫૦॥

**यथा कर्मसंततिः** स्वहेतोर्लब्धातिशया एकाश्रया कर्मपरिणामश्रेणी तथा तथा **परिणामिनी**=स्वाश्रयाऽपृथग्भूतप्रतिनियतफलजननी-**इति** मन्यन्ते कर्मवादिनः, तथा **पुरुषकारधारा**=जीवव्यापार-संततिः, **युक्ता परिणामिनी** प्रतिनियतफलजननी **वक्तुम्,** उत्तरोत्तरपुरुषकारे पूर्वपूर्वपुरुषकारादतिशयाधानोपपत्तेः **अथैवं** पुरुषकारस्य तत्तत्फलं प्रति विलक्षणशक्तिमत्त्वेन हेतुत्वे पुरुषकारत्वेन सामान्यहेतुत्वभंगप्रसङ्गः । किंचैतादृशशक्तिकल्पनमुदासीनपदार्थेऽपि सुवचम्, अपि चैवं तत्क्षण-विशिष्टकार्ये तत्क्षणस्य हेतुत्वात् स्वाश्रितकार्ये चाश्रयस्य तथात्वादनतिप्रसङ्गात् कारणान्तरविलय-प्रसङ्ग इति **चेत् ?** कर्मवादेऽपि तुल्यमेतदखिलदूषणजालम् । **यदि च** "व्यवहारादिना कर्मत्वेनैव कर्मणो जन्यमात्रहेतुत्वस्वीकारान्न दोषः, हेत्वन्तरोपनिपातेन फलविशेषोपपत्तेरिति" **विभाव्यते** तदा पुरुषकारेऽपि तुल्यमेतत्, सर्वत्र कालादिकलापजन्यत्वस्य **संमत्या**दिसिद्धत्वात्, न चैवं द्व्यणुकादिहेतुपुरुषकाराश्रयतयेश्वरसिद्ध्यापत्तिः, तद्धेतुकर्माश्रयतयाऽपि पुरुषान्तरसिद्ध्यापत्तेः, संबंधविशेषेण शक्तिविशेषेण वा जीवगतकर्मणा एव सकलकार्योपपत्तौ त्वन्यत्राप्येवं सुवचत्वादित्यन्यत्र विस्तरः ॥५०॥

**તાત્પર્યાર્થ :-** કર્મવાદીઓની માન્યતા એવી છે કે સ્વોત્પાદક હેતુઓથી વિશિષ્ટ શક્તિ-યુક્ત ઉત્પન્ન થનાર કર્મપરિણામની પરંપરા પોતે જે આશ્રય (આત્મ)માં ઉત્પન્ન થઈ છે તે જ આશ્રયમાં અપૃથગ્ભાવે અમુક ચોક્કસ પ્રકારના ફળને જન્મ આપે છે. તેના પ્રતિપક્ષરૂપે પુરુષાર્થવાદીઓ પણ કહી શકે છે કે આત્માના પુરુષાર્થની પરંપરા કર્મની જેમ જ તે તે આત્મામાં અમુક ચોક્કસ પ્રકારના ફળને જન્મ આપે છે એમ માનવામાં કોઈ દોષ નથી.

કારણ કે પૂર્વ પૂર્વકાળના પુરુષાર્થથી ઉત્પન્ન થતા ઉત્તર ઉત્તર પુરુષાર્થોમાં વિશિષ્ટ પ્રકારની શક્તિનું આધાન થાય છે અને તેનાથી અમુક ચોક્કસ પ્રકારનું ફળ ઉદ્ભવી શકે છે.

## (પુરુષાર્થવાદમાં અન્ય કારણોની કારણતાના વિલયની શંકા)

**શંકા :-** વિલક્ષણ શક્તિ દ્વારા પૂર્વોક્ત રીતે પુરુષાર્થને તે તે ફળ પ્રત્યે કારણ માનવામાં આવે તો તેનો અર્થ એ થયો કે અમુક શક્તિથી અમુક પુરુષાર્થ અમુક ફળનો ઉત્પાદક છે, જ્યારે અન્ય પુરુષાર્થ અન્ય શક્તિથી અન્ય ફળનો ઉત્પાદક છે. આમ તે તે પુરુષાર્થ અને તે તે ફળ વચ્ચે વ્યક્તિગત કાર્યકારણ ભાવનો સ્વીકાર થાય છે. પરંતુ એમાં પુરુષાર્થ અને ફળ વચ્ચે સામાન્યતઃ કાર્યકારણભાવ માનવાની આવશ્યકતા ન રહેવાથી તેનો વિલય થઈ જવાની આપત્તિ આવશે. વળી, વિશિષ્ટ શક્તિની પુરુષાર્થમાં કલ્પના કરીને તેના દ્વારા કાર્યકારણભાવની જે રીતે ઉપપત્તિ કરવામાં આવી છે એ રીતે ઉદાસીન (નિષ્ક્રિય) પદાર્થમાં પણ વિશિષ્ટ શક્તિની કલ્પના કરીને કાર્યકારણભાવની કલ્પના કરી શકાય છે, જેથી કારણરૂપે અનભિપ્રેત ઉદાસીન પદાર્થોથી પણ કાર્યોત્પત્તિ થવાનો દોષ સાવકાશ છે. વળી, જે રીતે વિશિષ્ટ શક્તિ દ્વારા કાર્યકારણભાવની કલ્પના કરવામાં આવી છે તે જ રીતે એક એવો પણ કાર્યકારણભાવ કલ્પી શકાય છે કે તે તે ક્ષણમાં ઉદ્ભવતાં કાર્યોમાં તે તે ક્ષણ જ હેતુ છે કારણ કે અન્ય સામગ્રી પૂર્વક્ષણોમાં વિદ્યમાન હોવા છતાં પણ કાર્યોત્પત્તિ તે તે ક્ષણમાં જ થાય છે.-"તત્ ક્ષણ તે ક્ષણમાં ઉદ્ભવતાં સર્વકાર્યો પ્રત્યે સાધારણ હોવાથી તંતુમાં ઘટોત્પત્તિ અને માટીમાં પટોત્પત્તિની" શંકાને અત્રે સ્થાન નથી, કારણ કે જે આશ્રયમાં કાર્ય ઉત્પન્ન થાય છે તે આશ્રય પણ તે કાર્યમાં હેતુભૂત છે. આ રીતે માનવામાં કોઈ અતિપ્રસંગ ન હોવાથી તત્ ક્ષણ અને આશ્રય સિવાયનાં બાકીનાં બધાં જ કારણોની કારણતાનો વિલય થવાનો દોષ પુરુષાર્થવાદીના મતમાં પ્રસક્ત થાય છે.

## (કર્મવાદમાં સમાન દોષની આપત્તિ)

**સમાધાન :-** જે દોષારોપણ કર્મવાદી તરફથી પુરુષાર્થવાદી પર કરવામાં આવ્યું છે તે બધું જ કર્મવાદી પર પણ સમાન છે. કારણ કે કર્મવાદીએ પણ પૂર્વે કહ્યું છે કે ભિન્ન ભિન્ન ફળ ભિન્ન ભિન્ન શક્તિવાળા દૈવથી ઉદ્ભવે છે. એટલે વિલક્ષણ શક્તિથી દૈવને હેતુ માનવામાં સામાન્યતઃ દૈવ અને ફળ વચ્ચે કાર્યકારણભાવનો ભંગ વગેરે દોષો પ્રસક્ત થવામાં કોઈ બાધક નથી.

જો તેના બચાવમાં કહેવામાં આવે કે "વ્યવહાર દૃષ્ટિથી પ્રત્યેક જન્યભાવમાં સામાન્યરૂપે એટલે કે કર્મત્વ ધર્મ પુરસ્કારેણ કર્મ હેતુ છે. જેવી જેવી અન્ય સામગ્રીનો સહકાર કર્મને પ્રાપ્ત થાય છે તેવા તેવા ભિન્ન ફળનો પ્રાદુર્ભાવ થાય છે. દા.ત.-માટી એકસરખી

હોવા છતાં પણ કુંભારની પોતાની જુદી જુદી ઇચ્છા પ્રમાણે જુદી જુદી ક્રિયાથી જુદા જુદા ઘડો-કોડિયું-કુંડી વિગેરે કાર્યો ઉત્પન્ન થાય છે.'' તો આવો બચાવ પુરુષાર્થવાદીના મતમાં પણ સુશક્ય છે. સારાંશ કર્મ અને પુરુષાર્થ બન્નેનું મહત્ત્વ સરખું છે. વળી જૈનદર્શનમાં તો માત્ર કર્મ કે પુરુષાર્થ નહિ પરંતુ કાળ-સ્વભાવ-ભવિતવ્યતા-કર્મ અને પુરુષાર્થ આ પાંચેયના સમુદાયથી પ્રત્યેક કાર્યની સિદ્ધિનો સિદ્ધાંત **સન્મતિતર્ક** વગેરે મહાશાસ્ત્રમાં દર્શાવેલ છે.

### (પુરુષાર્થવાદમાં ઇશ્વરકર્તૃત્વની આપત્તિ અને સમાધાન)

**શંકા :-** જન્યભાવ માત્ર પ્રત્યે જો પુરુષકારને હેતુ માનવામાં આવે તો જૈનમતે પણ જગત્કર્તા ઈશ્વરની સિદ્ધિ થવાની આપત્તિ આવશે કારણ કે બે પરમાણુના સંયોગથી ઉત્પન્ન થતો દ્વયણુક પણ જન્યભાવ જ છે. તેની ઉત્પત્તિ માટે પરમાણુમાં સંયોગજનક ક્રિયા પણ જન્યભાવ છે. પરમાણુ અલ્પજ્ઞ એવા જીવાત્માના પ્રત્યક્ષ તેમ જ પ્રયત્નનો વિષય ન હોવાથી જેને એ પરમાણુનું પણ પ્રત્યક્ષ જ્ઞાન હોય એવા ઈશ્વરની, પરમાણુ ક્રિયાના ઉત્પાદક પ્રયત્નના આશ્રયરૂપે સિદ્ધિ માનવી પડશે.

**સમાધાન :-** જો ઉપરોક્ત રીતે પરમાણુમાં ક્રિયા ઉત્પન્ન કરવા માટે જીવાત્માથી ભિન્ન ઈશ્વરની કલ્પના કરીએ તો ઈશ્વરનો તે પ્રયત્ન અને ક્રિયા પણ કાદાચિત્ક હોવાથી જન્યભાવ બની જતાં તેના હેતુરૂપે અન્ય પ્રયત્નવાન ઈશ્વરાત્માની કલ્પના કરવા જતાં અનવસ્થાદોષ પ્રસક્ત થાય છે. એટલે જૈનમતે ઈશ્વર માનવાની આપત્તિ નથી.卐

'તો પછી દ્વયણુક ઉત્પાદક ક્રિયા પરમાણુમાં કઈ રીતે ઉત્પન્ન થશે ?' આ પ્રશ્નનું નિરાકરણ એ છે કે જીવાત્મગત અદૃષ્ટ વડે જ એક વિશિષ્ટ સંબંધથી અથવા શક્તિવિશેષ દ્વારા વિશ્વવર્તી સકલકાર્યની ઉત્પત્તિ માનવાથી અન્ય ઈશ્વરની કલ્પના કરવાની જરૂર નહિ પડે એવું જો ઈશ્વરવાદીનું તાત્પર્ય હોય તો તે જૈનમતમાં ઈશ્વર ન માનવા છતાં પણ માત્ર

---

卐 આ. શ્રી અભયશેખર સૂરિજી અહીં આ રીતે અર્થ કરવાનું જણાવે છે - (પુરુષાર્થવાદીએ આપેલું) *સમાધાન-આ આપત્તિ તો કર્મવાદીને પણ આ જ રીતે આવશે. તે આ રીતે - તમે જન્યમાત્ર પ્રત્યે* કર્મને કારણ માન્યું છે. માટે દ્વયણુક વગેરે પ્રત્યે પણ કર્મને કારણ કહેવું પડશે. વળી દ્વયણુક વગેરે જીવાત્માના ઉપભોગ વિષય બનતા નથી. એટલે એ કર્મના આશ્રય તરીકે પુરુષાન્તર = જીવાત્મભિન્ન આત્મા = ઈશ્વરની સિદ્ધિ તમારે પણ માનવી પડશે. કર્મવાદી આપત્તિનો બચાવ એ રીતે કરે કે અમુક ચોક્કસ સંબંધથી કે ચોક્કસ પ્રકારની શક્તિથી જીવાત્માનું કર્મ જ દ્વયણુક વગેરે બધા કાર્યો પ્રત્યે ભાગ ભજવે છે. માટે એ કર્મના આશ્રય તરીકે ઈશ્વર સિદ્ધ થવાની આપત્તિ આવતી નથી.

(પુરુષાર્થવાદીનો) ઉત્તર : આ જ વાત પુરુષકારમાં પણ સમાન રીતે લાગુ પડે છે. એટલે જીવાત્માનો પુરુષાર્થ જ સંબંધ વિશેષ કે શક્તિ વિશેષથી દ્વયણુકાદિ પ્રત્યે કારણ બને છે. માટે એના આશ્રય તરીકે ઈશ્વર સિદ્ધ થવાની આપત્તિ નથી.

આ વિષયનો વધુ વિસ્તાર અન્ય ગ્રન્થમાં કર્યો છે.

અદૃષ્ટની શક્તિ માનવા દ્વારા સંગત થઈ શકે છે. એટલે ઈશ્વરની કલ્પના કરવાની આપત્તિને અવકાશ નથી. ॥ ૫૦ ॥

**(મોક્ષ પણ કર્મજનિત છે)**

उपसंहरन्नाह-

**तम्हा उ दोवि हेऊ अविसेसेणं परोप्परं मिलिआ ।**
**मोक्खोवि कम्मजणिओ विभागरूवो जमेयस्स ॥ ५१ ॥**

**શ્લોકાર્થ :-** પૂર્વોક્ત રીતે ફલોત્પત્તિમાં પરસ્પર મીલિત દૈવ અને પુરુષકાર સમાન રીતે હેતુ છે. મોક્ષમાં પણ કર્મહેતુ છે કારણ કે મોક્ષ કર્મના વિભાગરૂપ છે. ॥ ૫૧ ॥

तस्मात् **द्वावपि**=दैवपुरुषकारौ हेतुफलजनकौ, **अविशेषेण**=समप्राधान्येन, **परस्परं मिलितौ**= अन्योन्यमुपगृहीतौ । ननु नानयोर्नियतं परस्परमिलनमस्ति, मोक्षे व्यभिचारात्, धर्माधर्मक्षयरूपत्वेन तत्र कर्मणोऽव्यापारादित्यत्राह-**मोक्षोऽपि कर्मजनितो, यद्**=यस्माद् **एतस्य**=कर्मणो **विभागरूपः** खल्वयम्, स चात्मानुयोगिकः कर्मप्रतियोगिकश्चेति । कर्माप्यत्र प्रतियोगितया हेतुरेव, वस्तुतः पूर्वकृतस्य तावद्व्यापारसंबंधेन मुक्तिहेतुत्वं नानुपपन्नम्, व्यवहारेण तपःसंयमनिर्ग्रन्थप्रवचनानां त्रयाणामेवांतर्बहिर्वृत्त्या दैवपुरुषकाररूपेण हेतुत्वानुज्ञानात् । तथा च **आगमः**-[आव० नि० ७८९]

[८४]"तव संजमो अणुमओ णिग्गंथपावयणं च ववहारो ॥"

समयस्यावधिनियामकत्वाच्च नातिप्रसङ्ग इति, तदिदमाह-

[८५]"उभयतहाभावो पुण सम्मओ णवरं" ॥ इति ॥ [उप० पद ३४९] ॥ ५१ ॥

**તાત્પર્યાર્થ :-** પૂર્વશ્લોકમાં દૈવની જેમ પુરુષકારનું પણ મહત્ત્વ દર્શાવવામાં આવ્યું છે. તેનાથી એ સિદ્ધ થાય છે કે પ્રત્યેક કાર્યની ઉત્પત્તિમાં દૈવ અને પુરુષકાર એકબીજાને મદદ કરવા દ્વારા સમ પ્રાધાન્યથી પોતાનો ફાળો નોંધાવે છે.

**શંકા :-** 'દૈવ અને પુરુષકાર બન્ને પરસ્પર મળીને કાર્ય ઉત્પન્ન કરે છે.' એવો કોઈ નિયમ નથી કારણ કે મોક્ષરૂપ કાર્યની ઉત્પત્તિમાં પુરુષાર્થ જ પ્રધાન છે, કર્મ તો નાશ અભિમુખ હોવાથી તેને મોક્ષમાં હેતુ કઈ રીતે મનાય ? વસ્તુસ્થિતિ તો એ છે કે મોક્ષ પોતે જ પુણ્ય અને પાપ ઉભય કર્મના ક્ષયરૂપ હોવાથી તેમાં કર્મની હેતુતા અસંભવિત છે.

**સમાધાન :-** મોક્ષ પણ કર્મજનિત જ છે એમ કહેવામાં કોઈ દોષ નથી. તેનું કારણ એ છે કે સમગ્ર કર્મનો આત્માથી વિભાગ થવો એ જ મોક્ષ છે. જેમ કર્મ અને આત્માનો

---

८४ तपः संयमोऽनुमतो निर्ग्रन्थप्रवचनं च व्यवहारः ।

८५ उभयतथाभावः पुनः सम्मतो नवरमिति ॥

સંયોગ આત્મા-કર્મ ઉભય જનિત છે તે જ રીતે આત્મા અને કર્મનો વિભાગ પણ ઉભય જનિત જ હોઈ શકે છે. સંયોગ અને વિભાગમાં આત્મા અનુયોગી છે અને કર્મ પ્રતિયોગી છે. એટલે અનુયોગિતા સંબંધથી આત્માની જેમ પ્રતિયોગિતા સંબંધથી કર્મને પણ સંયોગ અને વિભાગ ઉભયમાં હેતુરૂપે માનવું જ જોઈએ.

વસ્તુસ્થિતિ તો એ છે કે મોક્ષાનુકૂલ પુરુષાર્થ વગેરે સામગ્રીના સંપાદનમાં અનુકૂળ પૂર્વકૃત અદૃષ્ટ પણ એક હેતુ હોવાથી અનુકૂળ સામગ્રી સંપાદનરૂપ વ્યાપાર દ્વારા મોક્ષ પ્રત્યે કર્મની હેતુતા સિદ્ધ થાય છે. વ્યવહારનયની દૃષ્ટિએ તપ, સંયમ અને નિર્ગ્રન્થ પ્રવચન (=શ્રુત-સામયિક) આ ત્રણેયની મોક્ષ પ્રત્યે હેતુતા સ્વીકારવામાં આવી છે. તેમાં સૂક્ષ્મ દૃષ્ટિથી જોઈએ તો તપ વગેરે ત્રણેય અંતરંગ રીતે પુરુષાર્થરૂપે અને બહિરંગરૂપે કર્મરૂપે કારણ હોવાનું સંમત છે. આ રીતે દૈવ અને પુરુષકાર ઉભયની મોક્ષહેતુતા સિદ્ધ થાય છે. **આવશ્યકનિર્યુક્તિ શાસ્ત્રમાં** કહ્યું છે કે-

"વ્યવહારનયના મતે તપ-સંયમ અને નિર્ગ્રન્થ પ્રવચન આ ત્રણેય મોક્ષના હેતુરૂપે અભિમત છે."

### (મોક્ષપ્રાપ્તિમાં વિલંબનું કારણ ?)

**શંકા :-** પુરુષાર્થ અને કર્મ ઉભયથી મોક્ષ માનવામાં આવે તો અમુક જ અવસરે બે ભેગા થાય છે અને ત્યારે જ મોક્ષ થાય છે અને તે પૂર્વે દીર્ઘ અનાદિકાળમાં બેનું મિલન થઈને મોક્ષ કેમ થતો નથી ? અર્થાત્ બેના મિલનમાં ત્રીજા કોઈ તત્ત્વની અપેક્ષાના અભાવમાં ગમે ત્યારે ગમે તે જીવનો મોક્ષ પ્રસક્ત થાય છે.

**સમાધાન :-** અવધિ એટલે કે દૈવ અને પુરુષાર્થ વગેરે સામગ્રીના મિલનમાં કાળ નિયામક હોવાથી શંકિત દોષને અવકાશ નથી. જે જીવનો મોક્ષે જવાનો કાળ જ્યારે પાકે છે ત્યારે જ તેને તે તે સામગ્રીનું સાન્નિધ્ય પ્રાપ્ત થવાથી ગમે તે કાળે ગમે તે જીવનો મોક્ષ થઈ જવાની કોઈ આપત્તિ નથી. નિયત જીવનો મોક્ષ નિયતકાળે જ થશે. **ઉપદેશપદ શાસ્ત્ર**માં કહ્યું છે કે-"ન્યાયશાસ્ત્રના જાણકારોને દૈવ અને પુરુષકાર બે મળીને પ્રત્યેક કાર્યની સિદ્ધિ સંમત છે." ॥ ૫૧ ॥

नन्वेवं सर्वं कार्यं स्याद्दैवकृतम्, स्याच्च पुरुषकारकृतमिति स्याद्वाद एव सिद्धः, तथा च कथं सर्वलोकसम्मतो विविक्तव्यवहारः ? इत्याशङ्क्याह–

**શંકા :-** પૂર્વોક્ત રીતે સર્વકાર્યોને આશ્રયીને દૈવ અને પુરુષકારની હેતુતાનો સ્યાદ્વાદ સિદ્ધ થાય છે. એટલે સર્વકાર્ય કથંચિત્ દૈવથી ઉત્પન્ન થાય છે અને કથંચિત્ પુરુષકારથી

ઉત્પન્ન થાય છે. આવો જ વ્યવહાર પ્રમાણસિદ્ધ બને છે, તો પછી અમુક કાર્ય ભાગ્યથી ફળ્યું અને અમુક કાર્ય પુરુષાર્થથી ફળ્યું આવો સર્વલોકસંમત પૃથગ્ પૃથગ્ વ્યવહાર અસંગત થઈ જવાની આપત્તિ આવશે.

શંકાનું સમાધાન હવેની ગાથામાં કરવામાં આવ્યું છે-

**ववहारो पुण एत्थ गुणप्पहाणत्तणेण पविभत्तो ।**
**'कज्जमिणं दइवकयं एयं पुण पुरिसजणियं'ति ॥ ५२ ॥**

**શ્લોકાર્થ :-** 'આ કાર્ય ભાગ્યથી ફળ્યું અને પેલું કાર્ય પુરુષાર્થથી ફળ્યું' આવો પૃથગ્ વ્યવહાર ગૌણ-મુખ્ય ભાવને આશ્રયીને થાય છે. ॥ ૫૨ ॥

**'इदं कार्यं दैवकृतं एतच्च पुनः पुरुषजनितं**=पुरुषकारकृतम्,' **इति व्यवहारः पुनरत्र** विषये **गुणप्रधानत्वेन**=अन्यतराल्पत्वबहुत्वलक्षणेन **प्रविभक्तो**=भिन्नविषयतया व्यवस्थितः । तथाहि- अल्प-प्रयाससाहाय्येन फलमुपनयमानेन कर्मणा जनितं दैवकृतमिति व्यपदिश्यते, बहुप्रयाससाहाय्येन फलमुपनयमानेन च तेन जनितं पुरुषकारकृतमिति, अथवा अल्पकर्मसहकृतपुरुषकारजन्यं पुरुष-कारकृतमिति व्यपदिश्यते, बहुकर्मसहकृतपुरुषकारजन्यं च दैवकृतमिति, विनिगमकाभावादित्थं प्रज्ञापनयोर्भेदात्, व्यवहारनयव्युत्पत्तिविशेषाच्चैवं विशेष्योपस्थितेः, सामान्यशब्दानामपि क्वचिद्वि-शेषपरत्वसंभवात् ।

तदिदमाह- [उपदेशपदे]

[८६]"ववहारो वि हु दोण्हवि इह पाहण्णादिणिप्फन्नो [णियुत्तो] ॥ ३४९ ॥
जमुदग्गं थेवेणं कम्मपरिणामयासेण । [कम्मं परिणमइ इह पयासेण]
तं दइवं विवरीयं तु पुरिसगारो मुणेयव्वो ॥ ३५० ॥

[८७]अहवप्पकम्महेऊ ववसाओ होई पुरिसगारो त्ति ।
बहुकम्मणिमित्तो उण अव्ववसाओ दइवो त्ति ॥ ३५१ ॥

**(ગૌણ-મુખ્ય ભાવને અવલંબીને વ્યવહારભેદની ઉપપત્તિ)**

**તાત્પર્યાર્થ :-** જૈનદર્શનના સર્વ સિદ્ધાંતોમાં સ્યાદ્વાદનો સિદ્ધાંત વણાયેલો હોવાથી સર્વ કાર્ય કથંચિત્ દૈવકૃત અને કથંચિત્ પુરુષાર્થકૃત છે તેવો પંડિતજન પ્રસિદ્ધ વ્યવહાર માન્ય

८६ व्यवहारोऽपि खलु द्वयोरपि इह प्राधान्यादिनिष्पन्नः [नियुक्तः] ॥
यदुदग्रं स्तोकेन कर्मपरिणामायासेन ॥ [कर्म परिणमतीह प्रयासेन]
तद्दैवं विपरीतं तु पुरुषकारो ज्ञातव्यः ॥

८७ अथवाल्पकर्महेतुर्व्यवसायो भवति पुरुषकार इति । बहुकर्मनिमित्तं पुनरव्यवसायो दैवमिति ॥

છે તેનો અર્થ એવો નથી કે સર્વલોક સંમત પૃથક્ત્વ વ્યવહાર અમાન્ય છે. કારણકે જૈનદર્શનમાં તેની પણ બે પ્રકારે ઉચિત વ્યવસ્થા ગૌણ-મુખ્ય ભાવને દૃષ્ટિ સમક્ષ રાખીને કરવામાં આવેલી છે. તે આ પ્રમાણે–

(૧) અલ્પપ્રયત્ન સહકૃત કર્મથી જ્યાં ફળનો આવિર્ભાવ થાય છે ત્યાં તે ફળ કર્મથી નિપજ્યું તેવો લોકમાં વ્યવહાર થાય છે અને અધિક પ્રયત્ન સહકૃત કર્મથી જ્યાં ફળનો આવિર્ભાવ થાય છે ત્યાં તે ફળ પુરુષાર્થથી નિપજ્યું તેવો વ્યવહાર લોકમાં થાય છે. અથવા (૨) દુર્બળ કર્મ સહકૃત પુરુષાર્થથી નિપજતું ફળ પુરુષાર્થથી નિપજ્યું તેવો લોકમાં વ્યવહાર થાય છે. અને સબળકર્મ સહકૃત પુરુષાર્થજન્ય ફળમાં આ ફળ કર્મથી નિપજ્યું એવો વ્યવહાર લોકમાં થાય છે. તાત્પર્ય એ છે કે જ્યાં ઓછી મહેનતે અવિલંબે ફળ પ્રાપ્ત થતું દેખાય છે ત્યાં કર્મને પ્રધાન અને પુરુષાર્થને ગૌણ માનવામાં આવે છે અને જ્યાં ઘણી મહેનતે અને ઘણા વિલંબે ફળની પ્રાપ્તિ થાય ત્યાં પુરુષાર્થ પ્રધાન અને કર્મ ગૌણ છે.

| **વિશેષણ** | | **વિશેષ્ય** | **લોકવ્યવહાર** |
|---|---|---|---|
| ૧. અલ્પ પ્રયત્ન | થી | વિશિષ્ટ કર્મ | કર્મકૃત |
| ૨. અધિક પ્રયત્ન | થી | વિશિષ્ટ કર્મ | પ્રયત્ન-પુરુષાર્થકૃત |
| ૩. અલ્પ કર્મ | થી | વિશિષ્ટ પ્રયત્ન | પ્રયત્ન-પુરુષાર્થકૃત |
| ૪. અધિક કર્મ | થી | વિશિષ્ટ પ્રયત્ન | કર્મકૃત |

૧ તથા ૨ ભાંગામાં કર્મ એ વિશેષ્ય છે અને પ્રયત્ન વિશેષણ છે. જ્યારે ૩ તથા ૪ ભાંગામાં પ્રયત્ન વિશેષ્ય છે અને કર્મ વિશેષણ છે. આ બે પ્રકારના વિશેષણ-વિશેષ્ય-ભાવનું પ્રજ્ઞાપન એટલે કે પ્રરૂપણામાં કોઈપણ એક પ્રકારને બિનજરૂરી ઠરાવી શકાય તેમ નથી કારણ કે બન્ને પ્રકારમાં વિનિગમક=અન્યતર પક્ષસાધક કોઈ વિશેષ યુક્તિ નથી. વળી વ્યવહાર નયની વ્યુત્પત્તિ એટલે કે કાર્યકારણભાવ અંગેના વિચિત્ર અભિપ્રાયથી એક પ્રકારમાં વિશેષ્યરૂપે કર્મની ઉપસ્થિતિ અને અન્ય પ્રકારમાં વિશેષ્યરૂપે પુરુષાર્થની ઉપસ્થિતિ થવામાં કોઈ અનુપપત્તિ નથી. કોઈક ફળ કર્મથી નિપજ્યું એવા લોકપ્રસિદ્ધ શાબ્દિક વ્યવહારનો અર્થ એ છે કે ગૌણ પુરુષાર્થ વિશિષ્ટ કર્મથી તે ફળની નિષ્પત્તિ થઈ છે. તેમ જ કોઈક ફળ પુરુષાર્થથી નિપજ્યું તેવા લોકપ્રસિદ્ધ શાબ્દિક વ્યવહારનો અર્થ એ છે કે ગૌણકર્મ વિશિષ્ટ પુરુષાર્થથી તે ફળની નિષ્પત્તિ થઈ છે. અહીં સામાન્ય કર્મશબ્દથી ગૌણપુરુષાર્થ વિશિષ્ટકર્મ અને સામાન્ય પુરુષાર્થ શબ્દથી ગૌણકર્મ વિશિષ્ટ પુરુષાર્થ એવો વિશેષ અર્થ લેવામાં આવ્યો છે તેમાં કોઈ દોષ નથી કારણ કે લોકવ્યવહારમાં અનેક પ્રસંગોમાં વિશેષ અર્થના અભિપ્રાયથી સામાન્ય શબ્દોનો પ્રયોગ કરવામાં આવતો હોય

છે. દા.ત.-ઘટ શબ્દ અને કળશ શબ્દનો અર્થ તુલ્ય હોવા છતાં પણ જળનો સંગ્રહ કરવાના સાધનમાં ઘટ શબ્દનો પ્રયોગ થાય છે. ભગવાન વગેરેને અભિષેક કરવા માટે વપરાતા સાધનમાં કળશ શબ્દનો પ્રયોગ થાય છે. દૈવ અને પુરુષાર્થના લૌકિક વ્યવહાર અંગે **ઉપદેશપદશાસ્ત્રમાં** પણ કહ્યું છે કે-

"દૈવ અને પુરુષકાર બન્નેનો પૃથગ્ પૃથગ્ વ્યવહાર પ્રધાન-ગૌણ ભાવ નિષ્પન્ન છે. (શ્લોક-૩૪૯) ઉગ્રરસવાળું જે કર્મ અલ્પકાળે અને (અલ્પ) પ્રયાસથી ફળીભૂત થાય છે ત્યાં દૈવની મુખ્યતા છે. અને એથી ઉલટું હોય તો પુરુષાર્થની મુખ્યતા સમજવી. (૩૫૦) અથવા અલ્પકર્મથી ઉદ્યમ સફળ બને ત્યાં પુરુષાર્થની મુખ્યતા છે અને કર્મ ઘણું હોવાથી અલ્પ પુરુષાર્થ પણ સફળ બને ત્યાં કર્મની મુખ્યતા છે. (૩૫૧)

**नन्वल्पत्वं** बहुत्वं वा न प्रकृतव्यवहारांगम्, अल्पस्याप्युत्कटस्य स्वकार्यक्षमत्वात्, बहोरप्यनुत्कटस्याऽकिञ्चित्करत्वात्, व्यपदिश्यते च बहुतरेणापि प्रयत्नेन जनिते दरिद्रकुरूपकुशीलोपहतेन्द्रियधिग्जातीयराज्यलाभादौ दैवकृतत्वव्यपदेशः, 'तत्र दैवस्यैव बहुत्वं कल्प्यत इति न दोष' इति चेत् ? न, कार्यगतविशेषाऽसिद्धौ तदसिद्धेः, 'उत्कटत्वस्य तु परिणामविशेषप्रयोज्यस्यानपायत्वात्, बहुत्वाल्पत्वपदाभ्यामुत्कटत्वानुत्कटत्वे एवोच्येते इति को दोष' इति चेत् ? न, तथापि कालान्तरीयप्रयत्नापेक्षयोत्कटेनेदानींतनाल्पदैवेन जनिते दैवकृतत्वव्यपदेशापत्तेः । 'इदानींतनत्वस्य प्रयत्नविशेषणत्वान्न दोष' इति चेत् ? न, तथापि परकीयप्रयत्नमादाय तद्दोषतादवस्थ्यात् । 'स्वसमानाधिकरणत्वस्यापि विशेषणान्न दोष' इति चेत् ? न, तथापि कालान्तरीयदैवमादाय तद्दोषतादवस्थ्यात्, 'स्वसमानकालीनत्वस्यापि विशेषणत्वान्न दोष' इति चेत् ? न, तथापीतरावधारणार्थप्रतिषेधानुपपत्तेः, न दैवकृतमित्यत्र स्वसमानाधिकरणस्वसमानकालीनपुरुषकाराधिकदैवस्याऽप्रसिद्धत्वेन तज्जनितत्वस्य निषेद्धुमशक्यत्वादिति **चेत् ?**

### (અલ્પત્વ-બહુત્વ ગૌણમુખ્ય વ્યવહાર પ્રયોજક કઈ રીતે ? - પૂર્વપક્ષ)

**પૂર્વપક્ષ :-** કર્મ કે પુરુષાર્થમાં અલ્પત્વ કે બહુત્વ "અમુક કાર્ય કર્મથી અને અન્યકાર્ય પુરુષાર્થથી ફળ્યું" એવા ઉપરોક્ત લોકવ્યવહારમાં પ્રયોજક નથી. તેનું કારણ એ છે કે અલ્પ પણ ઉત્કટ=બળવાન હોય તો પોતાનું કાર્ય કરવા માટે સમર્થ હોય છે અને બહુ પણ અનુત્કટ=નિર્બળ હોય તો પોતાનું કાર્ય કરવામાં અસમર્થ હોય છે. જે મનુષ્ય દરિદ્ર, કદરૂપો, કુશીલ, અપંગ અને નીચ કુળમાં ઉત્પન્ન થયો હોય તેને ઘણી ભારે મહેનતથી રાજ્યપ્રાપ્તિ થાય તો પણ તે તેને "નસીબથી મળ્યું" એમ જ કહેવાય છે. કારણ કે આવો માણસ ગમે તેટલી મહેનત કરે તો પણ રાજ્યપ્રાપ્તિ તેને માટે પ્રાયઃ અસંભાવ્ય હોય છે. આ સ્થળે "પુરુષાર્થ કરતાં દૈવ જ ઘણું છે એવી કલ્પના કરીએ તો સૂચિત દોષ નહિ લાગે" એવા

બચાવને અવકાશ નથી. કારણ કે જ્યાં સુધી કાર્યમાં દૈવકૃત વિશેષતા સિદ્ધ કરવામાં ન આવે ત્યાં સુધી દૈવનું બહુત્વ અસિદ્ધ છે. આશય એ છે કે દૈવ જો ઘણું હોય તો કાર્યમાં અણધાર્યો ને ઓચિંતો લાભ વગેરે વિશેષતા અવશ્ય દેખાય, પૂર્વોક્ત દરિદ્ર પુરુષમાં તેનાથી વિપરીતતા હોવાથી તે સ્થળે દૈવ-બહુત્વની કલ્પનાને અવકાશ નથી. અર્થાત્ તે સ્થળે દૈવ ઘણું નથી પણ અલ્પ હોવા છતાં ઉત્કટ હોવાની સંભાવના છે. દૈવગત ઉત્કટત્વમાં પ્રયોજક 'દૈવ ઉત્પાદક વિશિષ્ટ પ્રકારનો પરિણામ' હોવાથી કાર્યગત વિશેષની અસિદ્ધિ હોવા છતાં પણ ઉત્કટત્વની સંભાવનામાં કોઈ બાધ નથી. તાત્પર્ય એ છે કે બહુત્વનું અનુમાન કરાવનારી કાર્યગત વિશેષતા ઉપલબ્ધિયોગ્ય હોવાથી તેની અનુપલબ્ધિમાં બહુત્વની કલ્પના અશક્ય છે. જ્યારે ઉત્કટત્વનું અનુમાન કરાવનારો પરિણામવિશેષ ભૂતકાલીન હોવાથી ઉપલબ્ધિને અયોગ્ય છે. તેથી તેની અનુપલબ્ધિમાં પણ દૈવગત ઉત્કટત્વની સંભાવનામાં કોઈ બાધ નથી.

### (ઉત્કટ-અનુત્કટનો ભેદ પણ વ્યર્થ)

હવે જો સંખ્યારૂપ અલ્પ-બહુત્વનો ત્યાગ કરીને ઉત્કટત્વ અને અનુત્કટત્વરૂપ બહુત્વ અને અલ્પત્વને પૂર્વોક્ત લોકવ્યવહારમાં પ્રયોજક માનવામાં આવે, તો પણ નિસ્તાર નથી કારણ કે ઉત્કટત્વ અને અનુત્કટત્વ સાપેક્ષ પદાર્થ છે. જે કાર્ય સ્થળે તત્ કાર્ય સંપાદક તત્કાલીન પ્રયત્નથી દૈવ અનુત્કટ=અલ્પ હોય તે કાર્ય સ્થળે પણ તે દૈવમાં કાલાન્તરીય=અન્યકાલીન પ્રયત્ન કરતાં ઉત્કટતા સંભવિત હોવાથી તે કાર્યમાં દૈવની મુખ્યતાનો વ્યવહાર થવાની આપત્તિ આવશે. આ આપત્તિમાંથી બચવા પ્રયત્નમાં સ્વસમાનકાલીનત્વ અથવા 'एततकालीनत्व' વિશેષણ લગાવીને કહેવામાં આવે કે 'જે સ્થળે એતત્કાલીન પ્રયત્નથી અનુત્કટ એવા દૈવથી કાર્ય ઉત્પન્ન થયું હોય તે કાર્ય પ્રયત્નજનિત માનવું' તો પણ નિસ્તાર નથી કારણ કે સ્વસમાન કાલીનત્વ અથવા એતત્ કાલીનત્વ વિશેષણથી એતત્કાલીન અન્ય વ્યક્તિના પ્રયત્નનું પણ ગ્રહણ થઈ શકે છે. અને તેમ થવાથી તે જ કાળે વિદ્યમાન અન્ય વ્યક્તિના અનુત્કટ પ્રયત્ન કરતા પ્રસ્તુત કાર્ય સંપાદક દૈવમાં ઉત્કટતા સંભવિત હોવાથી પૂર્વોક્ત આપત્તિ જેમની તેમ જ ઊભી રહે છે. જો આ આપત્તિમાંથી બચવા દૈવમાં 'સ્વસમાનાધિકરણત્વ' વિશેષણ ઉમેરીને કહેવામાં આવે કે "જે કાર્યસ્થળે જે વ્યક્તિના તે જ કાળના પ્રયત્ન કરતા તે જ વ્યક્તિનું દૈવ અનુત્કટ હોય તે કાર્યમાં પ્રયત્ન જનિતત્વનો વ્યવહાર કરવો." તો પણ છુટકારો નથી. કારણ કે પ્રયત્નજનિત છે એવું અવધારણ કરવા માટે 'તેવા પ્રકારના દૈવથી જનિત નથી' એવો નિષેધ પણ અવશ્ય કરવો જ પડે, પણ તે શક્ય નથી એનું કારણ એ છે કે 'તેવા પ્રકારના દૈવથી જનિત નથી' એ વાક્યપ્રયોગનો અર્થ એ થાય કે સ્વસમાનાધિકરણ સ્વસમાનકાલીન પુરુષકારથી ઉત્કટ એવા દૈવથી અજનિત છે. અહીં જે પ્રયત્નજન્ય કાર્ય છે તે કાર્ય સંપાદક દૈવ

સ્વસમાનાધિકરણ સ્વસમાનકાલીન પુરુષાર્થથી અનુત્કટ છે અને તત્કાર્યમાં અસંપાદક જે દૈવ છે તે બધા તત્કાર્યસંપાદક પુરુષકારથી કાં તો અસમાનાધિકરણ છે કાં તો અસમાનકાલીન છે. એટલે તત્ કાર્ય સંપાદક દૈવથી સમાનાધિકરણ અને સમાનકાલીન પુરુષાર્થથી અધિક ઉત્કટ દૈવ અપ્રસિદ્ધ હોવાથી 'તેવા પ્રકારના દૈવથી પ્રસ્તુત કાર્ય જનિત નથી' એવો તત્જનિતત્વનો નિષેધ થઈ શકે તેમ નથી.

अत्र ब्रूमः प्रकृते एतत्कार्यजनकदैवे निरुक्तपुरुषकाराधिकत्वाभावान्वयात् कार्यविशेषापेक्ष-निरुक्ताधिक्याऽबाधाद्वा न दोषः, एकस्यापि भावस्य द्रव्याद्यपेक्षया विचित्रत्वात्तथैव वस्तुस्थितेः शबलत्वेनानांशिकस्याप्यांशिकत्वाविरोधात् । **यत्तु** दैवजनितत्वादिकं चैत्रप्रभवत्वादिवज्जातिविशेष एवेति **तन्न,** सर्वत्रैव दिव्यदृशा तदवधारणात्, 'व्यावहारिकं तद्भिन्नमेवे'ति चेत् ? न, व्यवहारस्य विषयसंकोचमात्रेणैवोपपादनादधिककल्पनायां मानाभावात् ॥ ५२ ॥

## (પુરુષાર્થની ઉત્કટતામાં ગર્ભિત અભિપ્રાય-ઉત્તરપક્ષ)

**ઉત્તરપક્ષ :-** 'न दैवकृतं' એવા વાક્યપ્રયોગથી જે નિષેધ કરવો છે તે તેવા પ્રકારના દૈવમાં જનિતત્વનો અભાવ દર્શાવવા માટે નહિ પરંતુ તત્કાર્ય સંપાદક દૈવમાં સ્વસમાનાધિકરણ સ્વસમાનકાલીન પ્રયત્નથી ઉત્કટત્વનો નિષેધ અભિપ્રેત છે, જે બાધિત નથી.

અથવા બીજું એ પણ સમાધાન છે કે પ્રસ્તુત કાર્યની અપેક્ષાએ પ્રસ્તુત કાર્ય સંપાદક દૈવમાં સ્વસમાનાધિકરણ સ્વસમાનકાલીન પુરુષકારની અપેક્ષાએ અધિકતા બાધિત હોવા છતાં પણ અન્ય કાર્યની અપેક્ષાએ તે જ દૈવમાં તેવા જ પ્રકારના પુરુષાર્થથી અધિકતા સ્વીકારવામાં કોઈ બાધ નથી. તાત્પર્ય એ છે કે જે મોક્ષાદિ કાર્યની અપેક્ષાએ એમ કહેવામાં આવે છે કે આ કાર્ય પુરુષકારકૃત છે પરંતુ દૈવકૃત નથી ત્યાં સ્વસમાનાધિકરણ સ્વસમાનકાલીન પુરુષકાર કરતાં તાત્કાલીન દૈવમાં આધિક્ય ન હોવા છતાં પણ સ્વર્ગાદિ કાર્યની અપેક્ષાએ તે જ પુરુષકાર કરતાં તે જ દૈવમાં આધિક્યની સંભાવનામાં બાધ નથી. એટલે મોક્ષાદિ કાર્યમાં પણ સ્વસમાનાધિકરણ સ્વસમાનકાલીન પુરુષકાર અધિક દૈવની અપ્રસિદ્ધિ વગેરે કોઈ દોષની સંભાવના રહેતી નથી. એક જ પદાર્થ પણ ભિન્ન ભિન્ન દ્રવ્યક્ષેત્ર કાલ વગેરેની અપેક્ષાએ ભિન્ન ભિન્ન પ્રકારનો હોઈ શકે છે. વસ્તુસ્થિતિ પણ એ પ્રકારની જ છે. એટલે એક જ દૈવની અંદર પ્રસ્તુત કાર્યની અપેક્ષાએ અધિકતાનો અભાવ અને અન્યકાર્યની અપેક્ષાએ અધિકતા બન્ને સ્વીકાર્ય છે. પ્રત્યેક વસ્તુ પરસ્પર વિરુદ્ધ અનંત ધર્મોથી આક્રાન્ત હોવાથી કથંચિત્ નિરંશ=નિરવયવ વસ્તુને પણ કથંચિત્ સાંશ=સાવયવ સ્વીકારવામાં કોઈ વિરોધ નથી.

જેઓ કહે છે-'પૂર્વોક્ત પારિભાષિક દૈવજનિતત્વ સ્વીકારવાની જરૂર નથી, "આ કાર્ય ચૈત્રનું છે" એ પ્રકારના વ્યવહારથી સિદ્ધ જાતિવિશેષ ચૈત્રજન્યત્વની જેમ દૈવજનિતત્વ પણ જાતિવિશેષ રૂપ જ છે'-તે બરાબર નથી. કારણ કે યોગી પુરુષોએ દિવ્યદષ્ટિથી 'આ કાર્ય દૈવજનિત છે' એવા સમગ્ર વ્યવહારમાં પૂર્વોક્ત પારિભાષિક દૈવજનિતત્વનો જ નિર્ણય કરેલો છે.

**(દૈવજનિતત્વ જાતિવિશેષની કલ્પનામાં સરળતાની શંકા અને ઉત્તર)**

**પૂર્વપક્ષી :-** દિવ્યદષ્ટિથી નિશ્ચિત કરવામાં આવેલ પૂર્વોક્ત પારિભાષિક દૈવજનિતત્વ એ કોઈ લૌકિક વ્યવહારમાં ઉપયોગી ન હોવાથી જાતિવિશેષ રૂપ દૈવજનિતત્વને માનવામાં જ શ્રેય છે. કારણ કે જાતિસ્વરૂપ દૈવજનિતત્વ પારિભાષિક જનિતત્વ કરતાં ભિન્ન હોવાથી 'ન દૈવકૃતમ્' એવો વ્યવહાર સરળતાથી ઉપપન્ન થઈ શકે છે.

**ઉત્તરપક્ષી :-** માત્ર લોકવ્યવહાર ઉપપન્ન કરવા માટે પારિભાષિક દૈવજનિતત્વનો ત્યાગ કરીને વધારામાં જાતિવિશેષ રૂપ દૈવજનિતત્વની કલ્પના કરવામાં કોઈ પ્રમાણ નથી, કારણ કે 'ન દૈવકૃત' એવા વ્યવહારની ઉપપત્તિ દૈવકૃત શબ્દના અર્થમાં સંકોચ કરીને થઈ શકે છે. આશય એ છે કે "દૈવથી જ ઉત્પન્ન થયેલ" એવા વિશાળ અર્થમાં સામાન્ય રીતે પ્રયોજવામાં આવતા દૈવકૃત શબ્દનો "અલ્પપુરુષકાર સહકૃત દૈવથી જ ઉત્પન્ન થયેલ" એવો અર્થસંકોચ કરવાથી જ લોકવ્યવહાર ઉપપન્ન થઈ શકે છે. એટલે "આ કાર્ય દૈવકૃત છે" એવો શાબ્દિક વ્યવહાર જ્યાં કરવામાં આવે ત્યાં 'આ કાર્ય માત્ર દૈવથી જ ઉત્પન્ન થયેલ છે' એવો અર્થ નહિ સમજતાં 'અલ્પ પ્રયાસ સહકૃત દૈવજનિત આ કાર્ય છે' એવો અર્થ સમજવો જોઈએ. એ જ રીતે આ કાર્ય પુરુષકારકૃત છે એવા વ્યવહારમાં પણ સમજી લેવું. ॥૫૨॥

प्रकारान्तरेण व्यवहारमुपपादयन्नाह—

હવે એક અન્ય પ્રકારે પૂર્વોક્ત વ્યવહારની ઉપપત્તિ આ ગાથામાં કરવામાં આવી છે.

**अहवाभिमाणमत्तं ववहारो ण य ण एस तच्चंगं ।**
**णियविसयदीवणत्थं इच्छाजणिओ जमभिमाणो ॥ ५३ ॥**

**શ્લોકાર્થ :-** અથવા, (પૂર્વોક્ત) વ્યવહાર અભિમાનમાત્ર છે. (પણ એટલા માત્રથી) તે તત્ત્વનું અંગ નથી એમ નહિ. કારણ કે અભિમાન સ્વવિષયને પ્રગટ કરવા માટે સ્વેચ્છાએ કરાયેલું છે. ॥ ૫૩ ॥

**अथवा अभिमानमात्रं**=इतरनिषेधांशे बाधितविषय एव **व्यवहारो** 'दैवकृतमिदं न तु पुरुषकारकृतमि'त्यादिलक्षणः । नन्वेवमुभयनयसमाजरूपस्याद्वादवाक्यजन्यसमूहालंबनज्ञानविरोधित्वाद-

पारमार्थिकोऽयं स्यादित्यत्राह-**न चैष व्यवहारो न तत्त्वांगं, यद्**=यस्मात् **अभिमानः**=प्रकृत-भ्रमलक्षणः **निजविषयस्य**=अल्पाभावविवक्षालक्षणस्य स्वसाध्यस्य **दीपनार्थं**=आविर्भावाय **इच्छा-जनितः**=स्वरससिद्धः ।

**તાત્પર્યાર્થ :-** આ કાર્ય દૈવકૃત છે પરંતુ પુરુષાર્થકૃત નથી એવા પ્રકારનો વ્યવહાર અભિમાન સ્વરૂપ છે. અહીં અભિમાન શબ્દથી એ સૂચિત કરવું છે કે પ્રસ્તુત વ્યવહાર પુરુષકારના નિષેધાંશમાં બાધિત છે. જૈનમતે પ્રત્યેક કાર્યમાં ગૌણ-મુખ્યભાવે દૈવપુરુષકાર ઉભયજનિતત્વ હોવાથી પુરુષકારજનિતત્વનો નિષેધ અપ્રામાણિક છે. છતાં પણ લોકમાં તે થાય છે એટલે ગ્રંથકારે તેને અભિમાન રૂપે ઓળખાવ્યો છે. અભિમાન હંમેશાં ભ્રમજ્ઞાનાત્મક હોય છે. પરંતુ અત્રે અન્ય ભ્રમજ્ઞાન અને અભિમાનમાં તફાવત એ છે કે ભ્રમ દોષજનિત હોય છે, જ્યારે અભિમાન પ્રયોજનવિશેષને અનુલક્ષીને ઇચ્છાજનિત હોય છે.

### (લૌકિક વ્યવહારની પારમાર્થિકતામાં શંકા)

**શંકા :-** જ્ઞાનનય અને ક્રિયાનય અથવા નિશ્ચયનય અને વ્યવહારનય ઉભયના *સંમિલન રૂપ સ્યાદ્વાદનો વાક્યપ્રયોગ પૂર્વે દર્શાવ્યા અનુસાર 'પ્રત્યેક કાર્ય એક અપેક્ષાએ* દૈવકૃત છે અને અન્ય અપેક્ષાએ પુરુષાર્થકૃત છે.' આવા પ્રકારનો હોય છે. આ સ્યાદ્વાદવાક્યથી જે જ્ઞાન ઉત્પન્ન થાય છે તે સમૂહાલંબન રૂપ હોય છે. જે જ્ઞાનમાં અનેક વિષયો મુખ્યવિશેષ્યરૂપે ભાસે તેને સમૂહ (અનેક) આલંબન (વિષયક) જ્ઞાન કહેવાય છે. દા.ત. 'જળ અને કમળ' એવું જ્ઞાન જળ-કમળ ઉભયને મુખ્યતાએ વિષય કરતું હોવાથી તે સમૂહાલંબન જ્ઞાન કહેવાય પણ 'કમળવાળું જળ' આવું જ્ઞાન સમૂહાલંબન ન કહેવાય કારણ કે એમાં જળ મુખ્ય વિશેષ્યરૂપે ભાસમાન છે, જ્યારે કમળ જળના વિશેષણરૂપે ભાસે છે. "नानामुख्यविशेष्यताशालि ज्ञानं समूहालंबनम्=ભિન્ન ભિન્ન મુખ્ય વિશેષ્યતા ધરાવનાર જ્ઞાન સમૂહાલંબન છે" એવી એની તર્કશાસ્ત્રીય વ્યાખ્યા છે. પ્રસ્તુતમાં પણ પૂર્વોક્ત સ્યાદ્વાદવાક્યથી જે જ્ઞાન થાય છે તેમાં દૈવ અને પુરુષકાર ઉભય મુખ્ય વિશેષ્યરૂપે ભાસમાન હોવાથી તે સમૂહાલંબનરૂપ છે. જો પૂર્વોક્ત લૌકિક વ્યવહારને અભિમાનરૂપે ઓળખાવવામાં આવે તો તે તત્ત્વનું અંગ નહિ બની શકે, કારણ કે તે સ્યાદ્વાદવાક્યજન્ય સમૂહાલંબન જ્ઞાનમાં વિરોધી છે. અને વિરોધી હોવાથી અપારમાર્થિક છે. વિરોધી એ રીતે કે-'તદભાવવત્તાનો નિશ્ચય તદ્વત્તાજ્ઞાનમાં પ્રતિબંધક છે' તેવી સામાન્ય વ્યાપ્તિ હોવાથી લૌકિક વ્યવહારથી પુરુષકારકૃતત્વના અભાવનો નિશ્ચય થયા પછી સ્યાદ્વાદવાક્યથી પુરુષકારકૃતત્વના જ્ઞાનનો ઉદય નહિ થઈ શકે. આમ સ્યાદ્વાદવાક્યજન્યજ્ઞાનમાં વિરોધી બનવાથી પૂર્વોક્ત લૌકિક વ્યવહાર અપારમાર્થિક બની જવાની આપત્તિ આવશે.

## (અભિમાનરૂપ વ્યવહાર પણ સપ્રયોજન છે—ઉત્તર)

**સમાધાન** :- ઉપરોક્ત શંકાના સમાધાનમાં શ્લોકના ઉત્તરાર્ધમાં ગ્રંથકારશ્રી જણાવે છે કે 'न तु पुरुषकारकृतम्' આવો વ્યવહાર અભિમાનરૂપ એટલે કે ભ્રમાત્મક હોવા છતાં પણ અપારમાર્થિક નથી, તે પણ સપ્રયોજન છે. "જે સ્થળે પુરુષકાર અલ્પ હોય ત્યાં તેની અભાવરૂપે જ વિવક્ષા કરવી" આવા પોતાના અભિપ્રાયને વ્યક્ત કરવા માટે પુરુષકાર-નિષેધાંશમાં બાધની જાણકારી હોવા છતાં સ્વેચ્છાએ 'न तु पुरुषकारकृतम्' એવો વ્યવહાર પ્રયોગ કરવામાં આવે છે. લોકોના સંસ્કારો મુખ્યપણે વ્યવહારનયથી ઘૂંટાયેલા હોય છે.

व्यवहारनयाऽऽहितवासनावंतो हि क्वचन कार्ये दैवजनितत्वं प्रतिसंदधानास्तुल्यवित्तिवेद्यतयाऽल्पप्रयत्नजन्यत्वमपि प्रतिसंदधति, ततोऽल्पाभाववचनस्य स्वसंप्रदायसिद्धत्वेनेष्टतया तत्साधनतया ज्ञातं तत्र तदभावज्ञानमिच्छन्ति, ततश्चेष्टतत्साधनसंकल्पप्रवृत्तौ तथा जानन्ति-इतीच्छाजन्यमाभासिकं तदभावज्ञानं न तज्ज्ञानप्रतिबंधकम्, अनाहार्यतदभाववत्ताज्ञानस्यैव तद्वत्ताज्ञानप्रतिबन्धकत्वावधारणात् । युक्तं चैतत्, इत्थमेव स्वविषयप्राधान्यस्य संभवात्, आभासिकावधारणस्यैव प्राधान्यपदार्थत्वात् । इत्थमेव नयानामितरनयार्थनिराकरणमुपपद्यते, अन्यथेतरांशप्रतिक्षेपित्वेन दुर्नयत्वापत्तेरिति विवेचितं **नयरहस्ये** ॥ ५३ ॥

વ્યવહારનયથી ઘૂંટાયેલા સંસ્કારવાળા લોકોને જે કાર્યમાં દૈવ ઉત્કટ હોવાથી દૈવજનિતત્વનું અનુસંધાન થાય છે, તેની સાથે સાથે જ અલ્પ પ્રયત્ન જન્યત્વનું પણ અનુસંધાન થતું હોય છે, જેમ દીર્ઘતાના જ્ઞાનમાં હ્રસ્વત્વનું અનુસંધાન હોય છે તે રીતે, કારણકે તે ઉભય પરસ્પર સાપેક્ષ હોવાથી સમાન જ્ઞાનના વિષય હોય છે. તાત્પર્ય એ છે કે પરસ્પર સાપેક્ષ હોવાથી જેમ દીર્ઘતા કે હ્રસ્વતાના અનુસંધાન વિના અનુક્રમે હ્રસ્વતા કે દીર્ઘતાનું ભાન અશક્ય પ્રાયઃ હોય છે, ભલે તે વસ્તુ આપણા લક્ષમાં તાત્કાલિક ન આવે. તેવી જ રીતે અલ્પપ્રયત્ન જન્યત્વના અનુસંધાન વિના દૈવજનિતત્વનું જ્ઞાન પણ ઉદ્ભવી શકતું નથી. જે સ્થળે એકની અપેક્ષાએ અલ્પત્વ હોય તે સ્થળે તેની અલ્પતા વ્યક્ત કરવા માટે તેના અભાવનો પ્રતિપાદક વચનપ્રયોગ લૌકિક પરંપરા સિદ્ધ હોવાથી વ્યવહારકર્તાને તેવા પ્રકારનો વચનપ્રયોગ ઇષ્ટ હોય છે. તે જાણે છે કે જે અભાવ પ્રતિપાદક વચનપ્રયોગ મને ઇષ્ટ છે, તેનું સાધન અભાવનું જ્ઞાન છે, અને તેથી તે વ્યવહારકર્તાને અલ્પ પ્રયત્ન સ્થળે પ્રયત્નના અભાવનું જ્ઞાન કરવાની ઇચ્છા થાય છે, પછી ઇષ્ટ એવા તે વચનપ્રયોગના સાધનભૂત અભાવજ્ઞાનનો સંકલ્પ પ્રવર્તવાથી 'આ કાર્યમાં પ્રયત્ન જન્યત્વનો અભાવ છે' એવું જ્ઞાન ઉત્પન્ન થાય છે. આ રીતે પ્રયત્ન જન્યત્વના અભાવનું જ્ઞાન ઇચ્છાજન્ય અર્થાત્ કૃત્રિમ રીતે કરવામાં આવેલું હોવાથી તે પૂર્વોક્ત સ્યાદ્વાદવાક્યજન્ય જ્ઞાનનું વિરોધી નથી અને તેથી જ તેવા જ્ઞાનથી પ્રયુક્ત વ્યવહાર અપારમાર્થિક બનવાની આપત્તિને પણ અવકાશ નથી.

પૂર્વે જે પ્રતિબધ્ય-પ્રતિબંધકભાવની વ્યાપ્તિ દર્શાવવામાં આવી છે-"તદભાવવત્તાનો નિશ્ચય તદ્વત્તા જ્ઞાનમાં પ્રતિબંધક છે." તે અપૂર્ણ છે. કારણ કે 'ખરેખર આ મારો પુત્ર નથી' એવું પુત્રત્વાભાવનું જ્ઞાન હોવા છતાં પણ દત્તક લીધેલા પુત્રમાં સ્વેચ્છાએ પુત્રત્વનું જ્ઞાન પ્રવર્તતું હોય છે. અહીં પુત્રત્વનો બાધનિશ્ચય હોવા છતાં પણ ઇચ્છાવિશેષની ઉત્તેજનાથી પુત્રપણાનું આભાસિક જ્ઞાન ઉત્પન્ન થાય છે. આવા બાધકાલીન ઇચ્છાવિશેષથી ઉત્પન્ન થયેલા જ્ઞાનને તર્કશાસ્ત્રની પરિભાષામાં 'आहार्य' કહેવાય છે. આ આહાર્ય અભાવવત્તાનું જ્ઞાન તદ્વત્તાજ્ઞાનમાં પ્રતિબંધક હોતું નથી. એટલે જ, 'અનાહાર્ય તદભાવવત્તાનો નિશ્ચય તદ્વત્તાજ્ઞાનમાં પ્રતિબંધક છે.' એવો પ્રતિબધ્ય-પ્રતિબંધક ભાવ જ વિદ્વાનોને માન્ય છે. પ્રસ્તુતમાં પણ પુરુષકાર જન્યત્વઅભાવનું જ્ઞાન અનાહાર્ય (=ઇચ્છાઅજન્ય)ન હોવાથી પૂર્વોક્ત સ્યાદ્વાદવાક્યજન્ય જ્ઞાનમાં પ્રતિબંધક બની શકે તેમ નથી તે સમજાય તેવું છે.

**(નયોનું પરસ્પર ખંડન સ્વવિષયની મુખ્યતા માટે)**

ઇચ્છામુજબ ઉત્પન્ન થયેલ જ્ઞાનથી અલ્પ પ્રયત્ન સ્થળમાં પ્રયત્નઅભાવના પ્રતિપાદનનો વ્યવહાર જૈનમતે અયુક્ત પણ નથી, કારણ કે પોતપોતાના વિષયના પ્રાધાન્યનું ઉપદર્શન આ રીતે જ સંભવિત બને છે. અવધારણ એટલે વ્યવચ્છેદ, જે ધર્મનું જ્યાં અસ્તિત્વ હોય ત્યાં તેનો વ્યવચ્છેદ બાધિત હોવા છતાં પણ 'અન્ય વિષયના મહત્ત્વને ધ્યાન પર લાવવા માટે આહાર્યજ્ઞાન દ્વારા તે ધર્મનો આભાસિક વ્યવચ્છેદ કરવો' તેનું જ નામ પ્રાધાન્ય. શાસ્ત્રોમાં સ્થળે સ્થળે જ્ઞાનનયથી ક્રિયાનું અને ક્રિયાનયથી જ્ઞાનનું, નિશ્ચયનયથી વ્યવહારનું અને વ્યવહારનયથી નિશ્ચયનું નિરાકરણ કરવામાં આવ્યું છે તે પણ ઉપરોક્ત પ્રકારના ગર્ભિત અભિપ્રાયથી સંગત થાય છે. તે તે નયના વિષયનું પ્રાધાન્ય દર્શાવવાનો અભિપ્રાય ન હોય અને માત્ર અન્ય નયના વિષયનો પ્રતિક્ષેપ કરવાનું જ તાત્પર્ય હોય તો તે નય 'નય' ન રહેતાં દુર્નય બની જાય. આ વિષયનું વધુ સ્પષ્ટીકરણ પૂ. ઉપાધ્યાયજી મહારાજે **નયરહસ્ય** નામના સ્વરચિત ગ્રંથમાં કરેલું છે. ॥ ૫૩ ॥

## ઉપદેશ ૧૫ - પરિશુદ્ધ આજ્ઞાયોગ આદરણીય છે

तदेवमाज्ञायोगत उभयसाम्राज्यसिद्धेः स एव श्रेयानिति विशिष्टफलमुखेनोपदिशति–

મોક્ષરૂપ કાર્યસિદ્ધિ માટે આત્મામાં દૈવ અને પુરુષકાર ઉભયનું સામ્રાજ્ય આવશ્યક છે. પરિશુદ્ધ આજ્ઞાયોગ રૂપ પુરુષકારના અભાવમાં એ સામ્રાજ્ય અધૂરું રહે છે. એટલે કે પરિશુદ્ધ આજ્ઞાયોગથી જ ઉભયસામ્રાજ્યની પૂર્ણતા હોવાથી પરિશુદ્ધ આજ્ઞાયોગ જ શ્રેયસ્કર છે. શ્લોક-૫૪માં વિશિષ્ટ ફળના નિરૂપણ દ્વારા આ બાબતનો ઉપદેશ કરવામાં આવ્યો છે-

**तम्हा आणाजोगो अणुसरियव्वो बुहेहिं जं एसो ।**
**कज्जलमिवप्पईवो अणुबंधइ उत्तरं धम्मं ॥ ५४ ॥**

**શ્લોકાર્થ :-** પૂર્વોક્ત કારણે બુદ્ધિશાળીઓએ આજ્ઞાયોગ અનુસરવો જોઈએ કારણ કે પ્રદીપથી કાજળની જેમ તેનાથી ઉત્તરધર્મ સાનુબંધ બને છે. ॥ ૫૪ ॥

**तस्मात्**-उभयसाम्राज्यनियतत्वात्, **आज्ञायोगोऽनुसर्त्तव्यो बुधैः**-मोक्षोपायानुसरणनिपुणैः, क्षणमप्यत्र न प्रमादो विधेय इति यावत्, **यद्**-यस्मात्, **एष**-सम्यग्दर्शनकालीन आज्ञायोगः, **प्रदीपः कज्जलमिव उत्तरं धर्मं**-देशविरत्याद्यनुष्ठानम्, **अनुबध्नाति**=संतत्या सन्निधापयति । प्रदीपस्थानीयं हि सम्यग्दर्शनम् प्रकाशकत्वात्; कज्जलस्थानीयं चोतरधर्मम् भावचक्षुर्निर्मलताधायकत्वात्; निर्वातस्थाननिवेशोचितश्चाज्ञायोगः, ततः कार्यानुबंधाऽविच्छेदादित्यवधेयम् ॥ ५४ ॥

**તાત્પર્યાર્થ :-** પરિશુદ્ધ આજ્ઞાયોગ વિના ઉભયનું સામ્રાજ્ય અધૂરું હોવાથી જેઓ મુક્તિના ઉપાયોને અનુસરવામાં દૃઢ ઇચ્છા અને નિપુણ બુદ્ધિવાળા છે, તેઓએ પરિશુદ્ધ આજ્ઞાયોગમાં જ પ્રયત્નશીલ થવું જોઈએ. ક્ષણમાત્ર પણ તેમાં પ્રમાદ કરવો જોઈએ નહિ. એનું અન્ય વિશેષ કારણ એ પણ છે કે સમ્યગ્દર્શન રૂપી દીવાથી ઝળહળતો પરિશુદ્ધ આજ્ઞાયોગ ઉત્તરોત્તર દેશવિરતિ આદિ ધાર્મિક અનુષ્ઠાનોની પરંપરા સર્જે છે. જેમ પવન વગેરેના ઝપાટા ન લાગે તેવા ફાનસ વગેરે સ્થાનમાં મૂકેલ દીવો પોતે વસ્તુનો પ્રકાશક છે તે ઉપરાંત દૃષ્ટિને વધુ નિર્મળ કરનાર કાજળ પણ તેનાથી ઉદ્‌ભવે છે. તે જ રીતે દીવાના સ્થાને સમ્યગ્દર્શન છે. કાજળના સ્થાને ઉત્તરોત્તર પ્રગટ થતો દેશવિરતિ વગેરે ધર્મ છે અને નિર્વાત સ્થાનમાં પ્રદીપ સ્થાપન તુલ્ય પરિશુદ્ધ આજ્ઞાયોગ છે. તાત્પર્ય એ છે કે પરિશુદ્ધ આજ્ઞાયોગ સમ્યગ્દર્શનના દીવાને વિષયકષાયોના વંટોળિયાથી સુરક્ષિત રાખે છે-ઝળહળતો રાખે છે જેનાથી ઉત્તરોત્તર વિશુદ્ધ ધર્માનુષ્ઠાનોનો પ્રાદુર્ભાવ થતો જાય છે. ॥ ૫૪ ॥

उक्तमेव स्वपरसमयसंमत्या द्रढयति–

## (દર્શનશુદ્ધિ અને અધ્યાત્મગર્ભિત ક્રિયાની મહત્તા)

ઉપરોક્ત કથનને શ્લોક-૫૫માં જૈનશાસ્ત્ર અને જૈનેતરશાસ્ત્ર ઉભયની સંમતિ દર્શાવવાપૂર્વક પુષ્ટ કરવામાં આવ્યું છે–

**एत्तो उ *जोगसुद्धी गंभीरा जोगसंगहेसु सुआ ।**
**अज्झप्पबद्धमूला अण्णेहिं वि उवगया किरिया ॥ ५५ ॥**

**શ્લોકાર્થ :-** પૂર્વોક્ત કારણે જ યોગસંગ્રહોમાં દર્શનશુદ્ધિને ગંભીર ગણવામાં આવી છે તથા જૈનેતરોએ પણ અધ્યાત્મથી બદ્ધમૂળ ક્રિયાનો અંગીકાર કર્યો છે. ॥ ૫૫ ॥

**इतस्तु**=इत एवाज्ञायोगपूर्वकानुष्ठानस्य सानुबन्धत्वाद्धेतोः, **दृष्टिशुद्धिः**=सम्यग्दर्शननिर्मलता, **गंभीरा**=अनुद्घाटमहानिधानमिवाऽपरिकलनीयसारा, **योगसंग्रहेषु**=साधुजनानुष्ठानसंग्राहकसिद्धांतालापकेषु+ द्वात्रिंशत्संख्येषु **श्रुता**=श्रवणगोचरीकृता तथा **अन्यैरपि**-तीर्थान्तरीयैरपि **अध्यात्मतो**=वचनानुसारिमैत्र्यादिभावसंयुक्तचित्तात्मकात्, **बद्धमूला**=सुघटितभूमिका **क्रिया उपगता,** अध्यात्मविरहितायास्तस्या अबद्धमूलप्रासादरचनाया इव विपरीतफलत्वात् । युक्तं चैतदपि, अन्यथा क्रियाभेदाभावेन दूरभव्याऽऽसन्नभव्यादिभेदभाजां सत्त्वानां धर्मस्थानविशुद्धिभेदानुपपत्तेः ॥ ५५ ॥

**તાત્પર્યાર્થ :-** પરિશુદ્ધ આજ્ઞાયોગ સમ્યગ્દર્શન સંરક્ષક હોવાથી તેનાથી ઓતપ્રોત થયેલું અનુષ્ઠાન ઉત્તરોત્તર વિશિષ્ટ પ્રકારના ધર્મને જન્મ આપે છે. તે કારણથી જ **સાધુપ્રતિક્રમણ સૂત્ર ('पगामसिज्जाए' सूत्र)**ના 'बत्तीसाए जोगसंगहेहिं' આ પદની વ્યાખ્યા કરતા નિર્યુક્તિકાર શ્રી ભદ્રબાહુસ્વામીએ સાધુઓને માટે આચરણીય ૩૨ પ્રકારના અનુષ્ઠાનના સંગ્રાહક સૈદ્ધાંતિક પ્રકરણોમાં સમ્યગ્દર્શનની નિર્મળતાને ધૂળથી ઢંકાયેલા મહાનિધિની જેમ ગુપ્ત રહસ્યવાળી જણાવી છે. અન્ય તીર્થના ઉપાસકોએ પણ સ્વીકાર્યું છે કે 'મોક્ષ માટેની ક્રિયા શાસ્ત્રાનુસારી મૈત્રી-પ્રમોદ-કરુણા વગેરે ભાવોથી રંગાયેલા ચિત્તસ્વરૂપ અધ્યાત્મથી દૃઢપણે રચાયેલ ભૂમિકા પર પ્રતિષ્ઠિત હોવી જોઈએ. જેમ નબળા પાયા પર મહેલની રચનાથી નુકસાન થાય છે. એજ રીતે અધ્યાત્મશૂન્ય ક્રિયાથી પણ મોહવૃદ્ધિ વગેરે નુકસાન થાય છે.' જૈન શાસ્ત્રો અને અન્ય તીર્થિકોનું આ કથન અયુક્ત પણ નથી કારણ કે સમ્યગ્દર્શન શૂન્ય અથવા અધ્યાત્મશૂન્ય ક્રિયા અને સમ્યગ્દર્શન કે અધ્યાત્મથી ગર્ભિત ક્રિયા આ બે ક્રિયા વચ્ચે જો કોઈ તફાવત જ ન હોય તો દૂરભવ્ય (દીર્ઘકાળે મુક્તિગામી) આસન્નભવ્ય (નિકટમાં મુક્તિગામી) અને ચરમ શરીરી (તદ્ભવ મુક્તિગામી) વગેરે ભિન્ન ભિન્ન પ્રકારના જીવોનાં ધર્માનુષ્ઠાનોમાં જે વિશુદ્ધિભેદ હોય છે તે સંગત થાય નહિ. આશય એ છે કે તે તે જીવોની બાહ્યક્રિયા દેખાવમાં એકસરખી હોવા છતાં પણ આંતરિક પરિણામની વિશુદ્ધિમાં ઘણો મોટો તફાવત હોય છે તેનું કારણ સમ્યગ્દર્શન કે અધ્યાત્મ છે. ॥ ૫૫ ॥

---

* टीकानुसारेणात्र 'दिट्ठिसुद्धी' पदं भावनीयम् ।

\+ ''आलोयणा निरवलावे आवईसु दढधम्मया'' इत्यादि श्लोकपञ्चकोक्तेषु ।

अथ किदृशमिदं कुतश्च जन्यत इत्याह–

**(અધ્યાતમ વિણ જે ક્રિયા તે તનુમળ તોલે)**

શ્લોક-૫૬માં અધ્યાત્મનું સ્વરૂપ અને અધ્યાત્મના હેતુઓનું નિદર્શન કરવામાં આવ્યું છે.

**जेण विरहिआ किरिआ तणुगयरेणूवमा तमज्झप्पं ।**
**अणुबंधप्पहाणाउ सुद्धाणाजोगओ लब्भं ॥ ५६ ॥**

**શ્લોકાર્થ :-** જેના અભાવમાં બાહ્યક્રિયા શરીર પર લાગેલી ધૂળ સમાન છે તે શુદ્ધ ભાવ અધ્યાત્મ છે. અનુબંધ પ્રધાન એવા શુદ્ધાજ્ઞાયોગથી અધ્યાત્મનો આવિર્ભાવ થાય છે. ॥૫૬॥

**येन विरहिता क्रिया** बाह्यानुष्ठानात्मिका, **तनुगतरेणूपमा** शरीररूढरजोराशिवदसदभिनिवेश-ग्रस्तत्वेन मालिन्यकारितयाऽत्यन्ततुच्छा, **तत्**=क्रियाया ध्यानोपस्काररूपपरमविशुद्धिजनकताया घटकं **अध्यात्मम्, अनुबन्धप्रधानात्**=उत्तरोत्तरधर्म संतत्यविच्छेदकारिणः **शुद्धाज्ञायोगाल्लभ्यम्** ॥५६॥

**તાત્પર્યાર્થ :-** જેમ આમ્રફળનો સાર મધુર રસ છે, તે વિનાનું આમ્રફળ તુચ્છ છે. એ જ રીતે ક્રિયાનો સાર અધ્યાત્મ છે. આધ્યાત્મ વિનાની ક્રિયા પણ તુચ્છ છે. અધ્યાત્મશૂન્ય બાહ્યઅનુષ્ઠાનમાત્ર રૂપ ક્રિયા શરીર પર ચોંટેલી ધૂળ જેવી છે. જેમ તે ધૂળથી શરીર મેલું થાય છે, તેમ અધ્યાત્મશૂન્ય બાહ્યક્રિયા કદાગ્રહગ્રસ્ત હોવાથી આત્માને મલિન કરે છે. માટે તે અત્યંત તુચ્છ છે. અધ્યાત્મ ક્રિયાગતધ્યાનપુષ્ટિસ્વરૂપ પરમવિશુદ્ધિ જનકતાનું મહત્ત્વનું અંગ છે. આશય એ છે કે ક્રિયાથી વિશુદ્ધિનો જન્મ થાય છે પણ તે અધ્યાત્મગર્ભિત હોય તો જ. એટલે ક્રિયા દ્વારા ધ્યાનપુષ્ટિરૂપ વિશુદ્ધિના ઉદયમાં મહત્ત્વનો ભાગ ભજવનાર જે છે તે અધ્યાત્મ છે. આ અધ્યાત્મની પ્રાપ્તિ ઉત્તરોત્તર વિશુદ્ધ અવિચ્છિન્ન ધર્મપરંપરા સર્જક શુદ્ધઆજ્ઞાયોગથી થાય છે. ॥ ૫૬ ॥

नन्वयं केषां भवति, 'सम्यग्दशामित्युक्तमेवे'ति चेत् ? किमत्र नियामकं, शुद्धाज्ञाया आर्हतश्रुतरूपायाः प्रागपि लाभसंभवादत आह–

**શંકા :-** આ શુદ્ધ આજ્ઞાયોગનો અધિકારી કોણ ? આ પ્રશ્નના જવાબમાં સમ્યગ્ દૃષ્ટિને જ અધિકારી કહી શકાય તેમ નથી. કારણ કે તેમાં કોઈ નિયામક નથી. જો જિનોપદિષ્ટ શાસ્ત્ર જ શુદ્ધ આજ્ઞારૂપ હોય તો સમ્યગ્દર્શનથી નિમ્નકક્ષામાં રહેલા પ્રથમ ગુણસ્થાનકવર્તી જીવોને પણ તે ઘટી શકે છે. કારણ કે તેઓ પણ શ્રુતાભ્યાસી હોય છે, તો પછી અધિકારી કોને કહેવો ?

શ્લોક ૫૭માં ઉપરોક્ત શંકાનું સમાધાન કર્યું છે.

**गंठिम्मि अभिन्नम्मी एसो पुण तत्तओ ण जीवाणं ।**
**नाणफलाभावाओ अन्नाणगुणा जओ भणियं ॥ ५७ ॥**

**(ગ્રંથિભેદથી શુદ્ધાજ્ઞાયોગનો અધિકાર)**

**સમાધાન :-** ગ્રંથિભેદ ન થયો હોય તો પરમાર્થથી જીવોને શુદ્ધાજ્ઞાયોગની પ્રાપ્તિ થતી નથી. જ્ઞાનનું ફળ ન બેસવાથી અને અજ્ઞાનગુણનો અધિકાર (પ્રભાવ) વધવાથી તે સિદ્ધ થાય છે. કહ્યું પણ છે કે – ॥ ૫૭ ॥

**ग्रन्थौ**=घनरागद्वेषपरिणामलक्षणे **अभिन्ने**=अपूर्वकरणवज्रेणाऽकृतच्छिद्रे, **एष**=शुद्धाज्ञायोगः, **तत्त्वतो**ऽन्तर्वृत्त्या **न** भवति **जीवानां**, कुत इत्याह-**ज्ञानफलाभावात्**=शब्दार्थमात्रगोचरश्रुतज्ञान-सत्त्वेऽपि सूक्ष्मोहेन तत्वविचारणाभावात्, तद्धि तत् फलम् । तदाहुः-'बुद्धेः फलं तत्त्वविचारणं चे'ति, ततोऽ**ज्ञानगुणा**द्धेयोपादेयविवेकशून्यत्वरूपतद्गुणसाम्राज्यात् । उक्तार्थे संमतिं प्रदर्शयति 'यतो भणितं' आगमे- ॥ ५७ ॥

**તાત્પર્યાર્થ :-** પ્રથમ ગુણસ્થાનકમાં તાત્ત્વિક શુદ્ધ આજ્ઞાયોગ સંભવતો નથી. જ્યાં સુધી અપૂર્વકરણ નામના વજ્રતુલ્ય શુદ્ધ પરિણામવિશેષથી અત્યંત ઉગ્ર રાગ-દ્વેષરૂપી ગ્રન્થિ ભેદાય નહિ ત્યાં સુધી બાહ્યદૃષ્ટિએ જૈનશાસ્ત્રનો અભ્યાસ ઘણો થઈ ગયો હોવા છતાં પણ શુદ્ધાજ્ઞા-યોગ સંપ્રાપ્તિ થતી નથી. શુદ્ધઆજ્ઞાયોગ પ્રાપ્ત થયો છે એ જાણવાનું ચિહ્ન છે "જ્ઞાનફળપ્રાપ્તિ અને અજ્ઞાનનો હ્રાસ." ગ્રંથિભેદના અભાવમાં શાસ્ત્રના અભ્યાસથી શબ્દાર્થમાત્રનું સામાન્ય શ્રુતજ્ઞાન હોવા છતાં સૂક્ષ્મ ઊહાપોહ દ્વારા કરવા લાયક તત્ત્વની વિચારણા યથાર્થ થઈ શકતી નથી. તત્ત્વવિચારણા એ જ્ઞાનનું ફળ છે. કહ્યું છે કે-'બુદ્ધિનું ફળ તત્ત્વવિચારણા છે.'

ગ્રંથિભેદ ન થયો હોય ત્યાં સુધી આત્મામાં અજ્ઞાનનું સામ્રાજ્ય છવાયેલું હોય છે. 'શું અહિતકારક છે ? અને શું હિતકારક છે ?' તેનું તે દશામાં ભાન ન હોવાથી અહિતનો ત્યાગ અને હિતનો આદર કરવાનો વિવેક તેને હોતો નથી. આગમમાં પણ છિદ્ર વિનાના રત્નનું ઉદાહરણ ઉપરોક્ત કથનમાં સંમતિ સૂચક છે. ॥ ૫૭ ॥

**वेहपरिणामरहिए न गुणाहाणमिह होइ रयणम्मि ।**
**जह तह सुत्ताहाणं न भावओऽ भिन्नगंठिम्मि ॥ ५८ ॥** [उप. पद-३७१]

**શ્લોકાર્થ :-** વેધપરિણામશૂન્ય રત્નમાં ગુણનું આધાન અશક્ય છે. તેમ અભિન્નગ્રંથિ જીવમાં સૂત્રનો વિન્યાસ અતાત્ત્વિક છે. ॥ ૫૮ ॥

**वेधपरिणामरहिते**=ऽपातितमध्यच्छिद्रे प्रयोगपाटवादपि **न**=नैव, **गुणाधानं**=सूत्रतन्तुप्रवेशः इह भवति **रत्ने**=पद्मरागादौ **यथा, तथा सूत्राधानं**=पारगतोदितागमन्यासलक्षणण् **न**=नैव **भावतः**=

तत्त्ववृत्त्याऽ**भिन्नग्रंथे** जीवे, तत्राद्यापि सूत्राधानस्य सद्बोधसंपादकसामर्थ्याभावात्, तत्संपादनेन च तस्याऽविकलस्वरूपलाभसंभवादिति ॥ ५८ ॥

**तात्पर्यार्थ** :- વેધ એટલે છિદ્ર પાડવું. પદ્મરાગ વગેરે રત્નોની અનેક જાત છે. આ રત્નોમાં જ્યાં સુધી છિદ્ર પાડવામાં ન આવ્યું હોય ત્યાં સુધી ગમે તેટલી મથામણ કરે તો પણ તેમાં સૂત્રતંતુનો પ્રવેશ કરાવી શકાતો નથી. તે જ રીતે જ્યાં સુધી આત્માની નિબિડ રાગદ્વેષની ગ્રંથિમાં છિદ્ર પડે નહિ અર્થાત્ એ ગાંઠ ભેદાય નહીં ત્યાં સુધી જિનોપદિષ્ટ આગમસૂત્રની તાત્ત્વિક સ્પર્શના તેને થતી નથી. તે આત્મામાં તથાભૂત યોગ્યતા પ્રગટી ન હોવાથી સૂત્રાભ્યાસ સદ્બોધનો પ્રાદુર્ભાવ કરવામાં નિષ્ફળ બને છે. જ્યાં સૂત્રાભ્યાસ દ્વારા સદ્બોધનો પ્રાદુર્ભાવ થાય ત્યાં જ આગમસૂત્રની તાત્ત્વિક સ્પર્શનાને અવકાશ છે. ॥ ૫૮ ॥

एतदेव सोदाहरणं भावयति–

શ્લોક ૫૯માં શૈશવકાલીન જ્ઞાનના દૃષ્ટાંતથી ઉપરોક્ત વૃત્તાંતનું સમર્થન કરવામાં આવ્યું છે.

**इह दव्वसुत्तजोगा पायमसंता य भावओ संता ।**
**बालस्स बालभावे जह नाणं जह य तव्विगमे ॥ ५९ ॥**

**શ્લોકાર્થ** :- દ્રવ્યથી સૂત્રયોગો ઘણું કરીને અતાત્ત્વિક હોય છે અને ભાવથી સૂત્રયોગ તાત્ત્વિક હોય છે. જેમ શૈશવમાં અને તરુણાવસ્થામાં બાળકનું જ્ઞાન. ॥ ૫૯ ॥

**'इह द्रव्यसूत्रयोगाः प्रायोऽसन्तः,'** मणौ वेधपरिणामरहितेन गुणेन योगानामिव तत्प्रयोजनार्थिभिः पुम्भिः संपाद्यमानानामपि तेषां बाह्यरूपतया मध्यप्रवेशविरहात्, स्वच्छन्दतया मतिव्यापारेणेव जतुप्रभृतिना श्लेषद्रव्येण रत्नस्य संयोजने छायाविनाशस्येव मूलतो भ्रंशस्य संभवात्तदन्तरेण च तत्र तस्यावस्थानस्थैर्याभावात्, प्रायोग्रहणेन चैतज्ज्ञापयति–यदपुनर्बंधकादीनामाज्ञारुचीनां द्रव्यसूत्रयोगोऽपि व्यवहारेण तात्त्विकः, शुद्धबोधलाभावन्ध्यहेतुत्वादिति, यथोक्तं **योगबिंदौ** [३६९]–"अपुनर्बन्धकस्यायं व्यवहारेण तात्त्विक" इत्यादि । **चः** पुनरर्थो भिन्नक्रमश्च, **भावत** इत्युत्तरं योज्यते, भावतश्च अविरतसम्यग्दृष्ट्यादीनां द्रव्यसूत्रयोगा भिन्नग्रंथितया मध्यप्रविष्टत्वेनावस्थानस्थैर्यात् **सन्तः**=परमार्थसन्तो, निश्चयतो व्यवहारतश्च तात्त्विकत्वात् । येषामपि मरुदेव्यादीनां व्यवहारतो नोपलभ्यन्त एते, तेषामपि निश्चयात् एतत्सत्त्वमभ्युपगन्तव्यम्, तत्फलस्य संपन्नत्वात्, अत एव 'आद्ये पूर्वविद' [तत्त्वार्थ ९-४०] इत्यादिकमुपपद्यते, केवलज्ञानप्राप्तियोग्यतयाऽनुमीयमानस्याद्यशुक्लद्वयस्य तत्र भावतः पूर्ववित्त्वं विनाऽसंभवात्, अन्यथा सूत्रार्थानुपपत्तेरित्यादिकं विवेचितं **लतादौ** । इहापि चानुपदमेव **'गंठिम्मी'**त्यादिना विवेचयिष्यते किञ्चिदित्यवधेयम् ।

**તાત્પર્યાર્થ :-** દ્રવ્યથી એટલે કે અપ્રધાન એવા સૂત્રાભ્યાસ વગેરે યોગો, હોય તો પણ અસત્તુલ્ય અર્થાત્ ન હોવા સમાન છે-નિષ્ફળ છે. રત્નમાં છિદ્ર ન હોય ત્યારે તેને સૂત્રતંતુ સાથે ખાસ કોઈ કામ માટે સ્વચ્છંદપણે બુદ્ધિનું પ્રદર્શન કરવા રૂપે લાખ કે ગુંદર વગેરે દ્રવ્ય દ્વારા ચોંટાડવામાં આવે તો આરપાર પ્રવેશ ન થવાના કારણે તે સૂત્રતંતુનો બાહ્યયોગ માત્ર નિરર્થક છે એટલું જ નહિ, ઉપરાંત રત્નની શોભાને નષ્ટ કરે છે. તે જ રીતે બાહ્યસૂત્રયોગ પણ પ્રાયઃ નિષ્ફળ જાય છે અને ક્યારેક મૂળથી પતન પણ કરાવે છે. વેધ પરિણામ તુલ્ય ગ્રંથીભેદના અભાવમાં સૂત્રાર્થની સ્પર્શના સ્થિર અને તીવ્ર થતી નથી. શ્લોકમાં પ્રાયઃ શબ્દ એટલા માટે મૂક્યો છે કે-અપુનર્બંધક વગેરે આજ્ઞારુચિ જીવોનો બાહ્યદ્રવ્યસૂત્રયોગ પણ વ્યવહાર નયની દૃષ્ટિમાં તાત્ત્વિક હોય છે. આજ્ઞારુચિ જીવોને વિશુદ્ધ સદ્બોધની પ્રાપ્તિમાં બાહ્યદ્રવ્યસૂત્રયોગ રામબાણ ઉપાય છે. *યોગબિંદુ શાસ્ત્રમાં કહ્યું છે કે-'તાત્ત્વિકયોગ* વ્યવહારનયની દૃષ્ટિએ અપુનર્બંધક વગેરેને હોય છે.'

**(સમ્યગ્ દૃષ્ટિને મુખ્ય દ્રવ્યસૂત્રયોગ)**

મૂળ શ્લોકમાં 'भावओ' શબ્દ પૂર્વે 'च' શબ્દ 'पुनः' શબ્દના અર્થમાં છે અને તેનો અન્વય 'भावतः' શબ્દની સાથે કરવાનો છે. ભાવથી પ્રધાનદ્રવ્યસૂત્રયોગ અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવોને પારમાર્થિક સત્ સ્વરૂપ હોય છે કારણ કે તેમની રાગદ્વેષની ગ્રંથી ભેદાઈ ગયેલી હોય છે. સછિદ્ર મણિમાં જેમ સૂત્રતંતુ પ્રવેશી શકે છે અને તે રીતનો મણિ અને સૂત્રતંતુનો યોગ સ્થિર અર્થાત્ દીર્ઘકાળ સ્થાયી બને છે. તેમ ગ્રંથી ભેદાઈ ગયા પછી દ્રવ્યસૂત્રયોગ પણ આત્મામાં સ્થિરતા પ્રાપ્ત કરે છે. નિશ્ચયનય અને વ્યવહારનય ઉભયની દૃષ્ટિએ અવિરત સમ્યગ્દૃષ્ટિ વગેરેનો 'યોગ' તાત્ત્વિક હોવાથી પારમાર્થિક સત્ સ્વરૂપ કહેવામાં કાંઈ અજુગતું નથી.

યદ્યપિ વ્યવહારથી સૂત્રયોગ અંગ-ઉપાંગ વગેરે સૂત્રોના અભ્યાસરૂપ હોવાથી છેલ્લા અંતર્મુહૂર્તમાં ગ્રંથિભેદ વગેરે મોક્ષોપયોગી અંતરંગક્રિયા સાધક મરુદેવી (પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાનની માતા)ને વ્યવહારથી સૂત્રયોગનો સંભવ નથી. તો પણ નિશ્ચયનયથી અંતરંગ ક્ષયોપશમ સ્વરૂપ તેની સત્તા માન્યા વગર છૂટકો જ નથી. કારણ કે તેનું સાધ્ય શુક્લધ્યાનરૂપ ફળ તેના વિના પ્રગટે જ નહિ અને આમ માનવામાં આવે તો જ 'આદ્યે પૂર્વવિદઃ' (અધ્યાય ૯/સૂત્ર ૩૯) એ **તત્ત્વાર્થ સૂત્ર**નો ભાષ્યપાઠ સંગત થાય. એ સૂત્રમાં જણાવ્યું છે કે શુક્લધ્યાનના પ્રથમ બે પ્રકાર ચૌદપૂર્વના જ્ઞાતા હોય તેને જ પ્રાપ્ત થાય. મરુદેવીને બાહ્યસૂત્રાભ્યાસ વિના પણ કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ તેનાથી તેમને શુક્લધ્યાનની પ્રાપ્તિનું અનુમાન સહજ થઈ શકે છે અને **તત્ત્વાર્થ** ભાષ્યપાઠ મુજબ શુક્લધ્યાનના આદ્ય બે પ્રકાર 'પૂર્વશાસ્ત્ર'ના જ્ઞાન વિના અસંભવિત હોવાથી અંતરંગ ક્ષયોપશમ રૂપ ભાવથી

ચૌદપૂર્વનું જ્ઞાન જો તેમને માનવામાં ન આવે તો ઉપરોક્ત **तत्त्वार्थ** સૂત્ર ભાષ્યપાઠ અસંગત બની જાય. આ વિષય **स्याद्वादकल्पलता** વગેરે ગ્રન્થમાં વધુ સ્પષ્ટ કર્યો છે. શ્લોક ૬૦માં પણ તેનું કંઈક વિશેષ વિવરણ ઉપલબ્ધ થશે.

उक्तार्थे दृष्टान्तमाह-**बालस्य बालभावे, यथा च तद्विगमे**=बालभावनाशेऽविकलतारुण्यप्राप्तौ, यथाहि-बालस्य बालभावेऽक्षरत्नादौ न विवेकः समुज्जृम्भते, किन्तु विषयप्रतिभासमात्रमेव भवति 'किञ्चिदिदमि'त्यादि, **तद्विगमे** च तद्गतगुणदोषादिपरिज्ञानं हानोपादानफलं स्पष्टतरमुपलभ्यते, तथाऽभिन्नग्रन्थीनां द्रव्यश्रुतप्रतिभासमात्रमेव भवति असूक्ष्मप्रज्ञत्वात्, भिन्नग्रन्थीनां तु हानोपादानफलं विशेषविषयं तत्परिपूर्णमेवेति । तदिदमाह-[उप. पद-३७३-३७४]

*"विसयपडिहासमित्तं बालस्सेवक्खररयणविसयंति । वयणाइमेसु नाणं सव्वत्थन्नाणमो णेयं ॥

भिन्ने तु इतो नाणं जहक्खररयणेसु तग्गयं चेव ॥ त्ति ॥ ५९॥

**(મિથ્યાદૃષ્ટિને દ્રવ્યથી સૂત્રજ્ઞાન બાળક જેવું)**

ઉપરોક્ત વિષયને સ્પષ્ટ કરવા માટે બાળકના ઉદાહરણનું તાત્પર્ય નીચે પ્રમાણે છે- શૈશવકાળમાં બાળકને અક્ષ (કોડી) અને રત્ન વચ્ચેના તફાવતનું જ્ઞાન હોતું નથી. પણ "આ કંઈક છે" એવું વિષયનું ઝાંખુ જ્ઞાનમાત્ર હોય છે. તે જ બાળક જ્યારે તરુણ (સમજણો) થાય છે ત્યારે અક્ષ અને રત્નના દોષ અને ગુણો વચ્ચેના તફાવતનું જ્ઞાન તેને ઉપલબ્ધ થઈ શકે છે અને તેથી કયું સંગ્રહયોગ્ય અને કયું પરિત્યાગ યોગ્ય એ પણ તેને સમજતાં વાર લાગતી નથી. એ જ રીતે સૂક્ષ્મપ્રજ્ઞા ન હોવાના કારણે ગ્રંથીભેદરહિત જીવોને દ્રવ્યથી સૂત્રોનું જ્ઞાન પ્રતિભાસમાત્ર સ્વરૂપ હોય છે જ્યારે ભિન્નગ્રંથી જીવોને સૂત્રાભ્યાસથી ત્યાજ્ય અને આદરણીયના ક્રમશઃ ત્યાગ અને આદરમાં પ્રવર્તાવે તેવું સવિશેષ પરિપૂર્ણ જ્ઞાન હોય છે.

**ઉપદેશપદ**-શાસ્ત્રમાં કહ્યું છે કે-

'બાળકને અક્ષ અને રત્નના વિષયનું વિષયપ્રતિભાસમાત્રસ્વરૂપજ્ઞાન હોય છે તેમ અભિન્નગ્રંથિ જીવોને પણ સર્વત્ર દ્રવ્યશ્રુતથી શબ્દાર્થમાત્રસ્વરૂપજ્ઞાન થાય છે, જે અજ્ઞાનતુલ્ય જ હોય છે.' ॥ ૩૭ ॥

ગ્રંથીભેદાયે છતે જે જ્ઞાન હોય છે તે અક્ષ અને રત્નના વાસ્તવિક તફાવતજ્ઞાન જેવું હોય છે. (૩૭૪ પૂર્વાર્ધ). ॥ ૫૯ ॥

---

* विषयप्रतिभासमात्रं बालस्येवाक्षरत्नविषयमिति । वचनादिषु ज्ञानं सर्वत्राऽज्ञानं ज्ञेयम् ॥
भिन्ने तु इतो ज्ञानं यथाक्षरत्नेषु तद्गतं चैवेति ॥

ननु भिन्नेऽपि ग्रन्थौ माषतुषादीनां न विशदविमर्शवशोपलब्धविशुद्धतत्त्वतया शुद्धबोधः समुज्जृम्भते अतिनिबिडजडिममग्नचित्तत्वात्ततः कथं तत्र सूत्राधानसंभव इत्यत्राह–

**જિજ્ઞાસા :-** ગ્રંથિભેદ થવા છતાં પણ અતિગાઢ જડતા (અજ્ઞાની)થી જકડાયેલા ચિત્તવાળા માષતુષ વગેરે કેટલાક મુનિઓને તીવ્ર ઊહાપોહ પૂર્વક વિશુદ્ધતત્ત્વની ઉપલબ્ધિથી ગર્ભિત શુદ્ધબોધનો ઉદય નથી પણ થતો તો તેઓને સૂત્રાધાનનો સંભવ કઈ રીતે સમજવો ?

**गंठिम्मि विभिन्नम्मी नाणं पडिबंधओ वि पडिपुण्णं ।**
**जह पाडिवओ चंदो पडिपुन्नो सुक्कपक्खम्मि ॥ ६० ॥**

**શ્લોકાર્થ :-** પ્રતિબંધ વિદ્યમાન છતાં ગ્રંથીભેદ થવાથી જ્ઞાન પરિપૂર્ણ છે. જેમ એકમનો ચંદ્ર શુક્લપક્ષમાં (ભાવિ પૂર્ણતાના ઉપચારથી) પરિપૂર્ણ હોય છે. ॥ ૬૦ ॥

**ग्रन्थौ विभिन्ने प्रतिबंधतोऽपि**=तथाविधज्ञानावरणोदयकृतविघातसंभवेऽपि **ज्ञानं प्रतिपूर्णं**= अविकलमेव [88]"तमेव सच्चं णीसंकं जं जिणेहिं पवेइअं" [आचारांगसूत्र ५-५-१६२] इत्यादि-श्रद्धानरूपया गीतार्थप्रज्ञापनीयत्वादिरूपया वा योग्यतया तुच्छस्यापि तज्ज्ञानस्य पूर्णत्वादिति भावः। स्वरूपतस्तुच्छस्यापि योग्यतया पूर्णत्वव्यपदेशे दृष्टान्तमाह-**यथा शुक्लपक्षे प्रातिपदः**=प्रतिपत्तिथि-सम्बन्धी **चन्द्रः प्रतिपूर्णः**, तदुज्ज्वलभावस्याचिरादेव संपूर्णोज्ज्वलभावसंपन्निमित्तत्वात्। तदिद-मुक्तम् [उप० पद, ३७४ उत्तरार्द्धे] [89]"पडिवयम्मि विसुद्धादिभावओ सम्मरूवं तु"।

**ननु** प्रतिपच्चन्द्रस्तावदावरणैर्विमुच्यमानः सर्वथाऽनावृततया पूर्णीभवन् योग्यतया प्रागपि तथेति वक्तुं युज्यते, प्रकृते तु नैवम्, श्रुतज्ञानस्यैव प्रवर्द्धमानस्य केवलज्ञानपरिणामात्मकपूर्णता-नुपपत्तेः, "**नट्ठम्मि अ छाउमत्थिए नाणे**[90]" [आ० नि. ४२१] इति वचनादिति **चेत्** ? स्यादेवम्, यदि सर्वथा छाद्मस्थिकज्ञानानां नाशं ब्रूमः, न चैवमस्ति, किन्तु विकलप्रकाशपरिणामेन नष्टा ध्रुवा चेतनैव केवलज्ञानतया परिणमते, इत्थमेव त्रैलक्षण्योपपत्तेरिति विभावनीयम्। इदमिह फलितं, दूरभव्यादीनां द्रव्यसूत्रयोगा द्रव्यतः सन्तोऽपि भावतोऽसन्तः, माषतुषादीनां च ते द्रव्यतोऽसन्तोऽपि भावतः सन्तः, अविरतादीनां चोभयतोऽपि सन्तः, तद्बाह्यानां चोभयतोऽप्यसन्त इति ॥ ६० ॥

**(ભિન્નગ્રન્થિજીવના અલ્પજ્ઞાનમાં ચ પૂર્ણતા)**

**તાત્પર્યાર્થ :-** (સમાધાન) તેવા પ્રકારના તીવ્ર જ્ઞાનાવરણનો ઉદય હોવાથી વિશેષજ્ઞાન-પ્રાપ્તિમાં પ્રતિબંધ હોવા છતાં પણ "જિનેશ્વરદેવ અને સદ્ગુરુની આજ્ઞા મુજબ જીવવું" આ પ્રકારનું ગ્રન્થીભેદ ઉત્તરકાલીન જે જ્ઞાન છે તે અપૂરતું નથી પરંતુ પ્રતિપૂર્ણ છે. "તે જ

८८ तदेव सत्यं निःशङ्कं यज्जिनैः प्रवेदितम् ॥
८९ प्रतिपदि विशुद्धादिभावतः सम्यग्रूपं तु ॥
९० नष्टे च छाद्मस्थिके ज्ञाने ॥

સાચું અને શંકા વિનાનું જે જિનેશ્વરોએ પ્રરૂપ્યું છે" આ પ્રકારની શ્રદ્ધારૂપ યોગ્યતા અથવા ગીતાર્થ સદ્ગુરુની આજ્ઞા પ્રમાણે વર્તનરૂપ સુખબોધ્યતાસ્વરૂપ યોગ્યતા હોવાના કારણે ભિન્ન ગ્રન્થી જીવોનું જ્ઞાન કદાચ અતિઅલ્પ હોય તો પણ પરિપૂર્ણ છે. ઘણાં વિષયોની માહિતી ન હોય એટલે કે સ્વરૂપથી તુચ્છ હોય તો પણ યોગ્યતાને અવલંબીને તેને પૂર્ણ કહેવામાં કોઈ બાધ નથી. દા.ત. - સુદ પક્ષમાં એકમનો ચંદ્રમા માત્ર એક જ કલાએ ઉજ્જવળ હોવા છતાં પણ માત્ર બીજા ૧૪ દિવસમાં જ સંપૂર્ણ ઉજ્જવળ ભાવ પ્રાપ્તિને યોગ્ય હોવાથી લોકમાં તે પૂર્ણ છે એમ કહેવાય છે. **ઉપદેશપદ** શાસ્ત્રમાં (શ્લોક ૩૭૪ ઉત્તરાર્ધમાં) પણ કહ્યું છે કે-"એકમના દિવસે (ઉત્તરોત્તર) વિશુદ્ધિભાવને કારણે તે સમ્યગ્-સ્વરૂપ જ છે." (આ ગ્રન્થમાં 'पडिवयम्मि..........' ઈત્યાદિ પાઠ ઉદ્ધૃત કરવામાં આવ્યો છે. પણ શ્રીમદ્મુનિચંદ્રસૂરિ મહારાજની **ઉપદેશપદ**ની ટીકાનુસાર થોડા ફેરફાર સાથે તે પાઠ આ રીતે છે. 'पडिबंधम्मिवि सद्धादिभावतो सम्मरूवं तु ।' તેનો અર્થ-'તથાવિધ જ્ઞાનાવરણ ઉદયથી પ્રતિબંધ હોવા છતાં પણ શ્રદ્ધાદિભાવથી ભિન્ન ગ્રંથિનું જ્ઞાન સમ્યક્સ્વરૂપ છે.)

## (દૃષ્ટાન્તના ઔચિત્ય વિષે શંકા અને સમાધાન)

**શંકા :-** સુદ એકમનો ચંદ્ર અનુક્રમે બીજ વગેરે તિથિઓમાં વધુને વધુ આવરણમુક્ત થતો પૂર્ણિમાના દિવસે સંપૂર્ણ અનાવૃત થાય છે એટલે એનો એ જ ચંદ્ર સુદ એકમ વગેરે તિથિઓમાં યોગ્યતાના કારણે પરિપૂર્ણ વ્યપદેશને યોગ્ય છે. પરંતુ જ્ઞાનના વિષયમાં એવું નથી. 'नट्ठम्मि अ छाउमत्थिए नाणे'=છાદ્મસ્થિક જ્ઞાન નષ્ટ થયા પછી (કેવળજ્ઞાનનો ઉદય થયો).' આ આવશ્યકનિર્યુક્તિનાં વચનથી એ સિદ્ધ થાય છે કે છદ્મસ્થાવસ્થાનું શ્રુતજ્ઞાન અનુક્રમે વધતાં વધતાં કેવળજ્ઞાન પરિણામાત્મક પૂર્ણતાને પ્રાપ્ત કરતું નથી, પણ શ્રુતજ્ઞાન સર્વથા નષ્ટ થાય છે અને નવા જ કેવળજ્ઞાનનો ઉદય થાય છે તો પછી ચંદ્રમા સાથે તેની સરખામણી સંગત કઈ રીતે થાય ?

**સમાધાન :-** શ્રુતજ્ઞાન સર્વથા નષ્ટ થઈ જતું હોય અને કેવળજ્ઞાનનો નવો જ ઉદય થતો હોય તો ઉપરોક્ત શંકાને અવકાશ છે. પણ વાસ્તવમાં એવું નથી. છાદ્મસ્થિક જ્ઞાનોનો સર્વથા એકાંતે વિનાશ જૈનમતનો સિદ્ધાંત નથી. જૈનસિદ્ધાંત પ્રમાણે તો આત્માના જ પર્યાય વિશેષરૂપ ચૈતન્ય કે જે છદ્મસ્થાવસ્થામાં અપૂર્ણ પ્રકાશ પરિણામસ્વરૂપ હોય છે તે જ કેવલી અવસ્થામાં અલ્પજ્ઞતાપરિણામરૂપે નષ્ટ થઈ કેવળજ્ઞાન (સર્વજ્ઞતા) પરિણામ રૂપે ઉત્પન્ન થાય છે. ચૈતન્ય રૂપ અવસ્થા તો આત્મ-અભિન્નભાવે સ્થિર રહે છે. **તત્વાર્થસૂત્રમાં** (સૂત્ર-૨૧ અધ્યાય-૫) 'उत्पादव्ययध्रौव्ययुक्तं सत्' આ પ્રમાણે પ્રત્યેક સત્ પદાર્થની વ્યાખ્યા આપવામાં આવી છે. જેનું તાત્પર્ય છે 'પ્રત્યેક સત્ પદાર્થ કોઈ એક સ્વરૂપે ઉત્પન્ન થાય છે ત્યારે પૂર્વરૂપે

નષ્ટ થાય છે પરંતુ સર્વથા નહિ અર્થાત્ અમુકરૂપે સ્થિર પણ રહે છે.' આ વ્યાખ્યાનુસાર આત્મ-અભિન્ન ચૈતન્ય અવસ્થાના વિષયમાં ઉપરોક્ત રીતે જ ઉત્પાદ, વિનાશ અને સ્થૈર્ય રૂપ ત્રૈલક્ષણ્યની સંગતિને અવકાશ છે.

**સારાંશ :-** દૂરભવ્ય વગેરે જીવોનો દ્રવ્યસૂત્રયોગ દ્રવ્યથી (અપ્રધાનપણે) વિદ્યમાન હોવા છતાં પણ પરમાર્થથી વિદ્યમાન નથી. ત્યારે માષતુષ મુનિ વગેરે ભિન્નગ્રંથીજીવોને દ્રવ્યથી (બાહ્ય દૃષ્ટિએ) દ્રવ્યસૂત્રયોગનો અભાવ છે પણ પરમાર્થથી (અંતરંગ રીતે) સદ્ભાવ છે. શેષ અવિરત સમ્યગ્દૃષ્ટિ વગેરે જીવોને દ્રવ્ય અને ભાવ ઉભયથી તેનો સદ્ભાવ છે. જ્યારે બાકીના અચરમાવર્ત્ત કાળવર્તી અનાદિ મિથ્યાદૃષ્ટિ જીવોને (યથાસંભવ) દ્રવ્ય અને ભાવ ઉભયથી તેનો અભાવ છે. ॥ ૬૦ ॥

**संयतात्मा श्रये शुद्धोपयोगं पितरं निजम् ।**
**धृतिमम्बां च पितरौ तन्मां विसृजतं ध्रुवम् ।।१।।**

**युष्माकं संगमोऽनादिर्बंधवोऽनियतात्मनाम् ।**
**ध्रुवैकरूपान् शीलादिबंधूनित्यधुना श्रये ।।२।। (ज्ञानसार ८/१-२)**

નિશ્ચયનયથી 'કરવા માંડ્યું' તે 'કર્યું' સંયમ 'ગ્રહવા માંડ્યો; તે 'ગ્રહ્યો'-એમ સંયતાત્મા એટલે સંયમને અભિમુખ થયેલો હું શુદ્ધોપયોગ-રાગદ્વેષરહિત શુદ્ધ આત્મજ્ઞાનસ્વરૂપ પોતાના પિતાનો અને ધૃતિ-આત્મરતિ રૂપ માતાનો આશ્રય કરું છું, તો હે માતાપિતા ! મને અવશ્ય છોડો.

હે બન્ધુઓ ! બન્ધુ તે શત્રુ થાય અને શત્રુ તે બન્ધુ થાય એમ અનિશ્ચિત છે આત્મા-પર્યાય જેનો એવા તમારા સંગમ-મેળો પ્રવાહથી અનાદિ છે. ધ્રુવ-નિશ્ચયથી અવિચલિત છે એક સ્વરૂપ જેઓનું એવા જે શીલ, સત્ય, શમ, દમ, સંતોષાદિ બન્ધુઓનો અવિચલિત સ્વરૂપ હોવાથી હવે આશ્રય કરું છું.

# ઉપદેશ ૧૬ - અશુભ અનુબંધો ક્લેશનું મૂળ

एतस्य पूर्णतामेव हेतुना भावयति–

શ્લોક ૬૧માં ભિન્નગ્રંથિનું અલ્પમાત્રાવાળું પણ જ્ઞાન પરિપૂર્ણ છે તેનું સહેતુક ઉદ્ભાવન કરવામાં આવ્યું છે–

**जमिणं होइ फलंगं दव्वेण असप्पवित्तिजुत्तं वि ।**
**अणुबंधच्छेयाओ सो खलु मूलं किलेसाणं ॥ ६१ ॥**

**શ્લોકાર્થ :-** દ્રવ્યથી અસત્પ્રવૃત્તિ સહચરિત હોવા છતાં પણ અનુબંધ વિચ્છેદના કારણે તે (ભિન્નગ્રંથિનું અલ્પજ્ઞાન) મોક્ષનું અંગ છે. ખરેખર અનુબંધ જ ક્લેશોનું મૂળ છે. ॥૬૧॥

**यद्**=यस्मात् **इदं** प्रतिबन्धकालीनमपि श्रद्धादिसमन्वितभिन्नग्रन्थिकज्ञानम्, **द्रव्येण**=मनोरुचि-विकलत्वलक्षणेनाप्रधानभावेन, असत्प्रवृत्त्या=प्रबलावश्यवेद्यचारित्रमोहोदयादीन्द्रियानुकूलाचरण-रूपया युक्तमपि **फलांगं**=मोक्षलक्षणफलनिमित्तं **भवति** । कुत इत्याह-**अनुबंधो** ज्ञानावरणादिपाप-प्रकृतीनां उत्तरोत्तरवृद्धिरूपस्तस्य **छेदो**ऽवस्थितप्रकृतिष्वनुबन्धजननशक्तिविघटनम्, विपर्याससाहित्या-भावेन तथाविधशक्त्युपेताग्रिमकर्माजननं वा, ततः, किं तत इत्यत आह-**सो**ऽनुबन्धः **'खलु'** निश्चये, **मूलं क्लेशानां,** विपर्यासजलाऽऽसिच्यमानानुबन्धमूला एव हि क्लेशपादपा दुःखलक्षणाय फलाय कल्प्यन्ते, सम्यग्ज्ञानदहनदह्यमानमूलास्तु त्रुटितसकलसफलदानशक्तयो वन्ध्यभावापत्त्या असत्कल्पा एव जायन्त इति, एवं चानुबन्धच्छेदे क्लेशव्यवच्छेदात् सिद्धमविकलमोक्षफलत्वमेत-ज्ज्ञानस्येति ॥ ६१ ॥

### (સમ્યગ્જ્ઞાનની ચિનગારી)

**તાત્પર્યાર્થ :-** માષતુષમુનિ વગેરે મહાત્માઓને ગ્રન્થિ ભેદાઈ ગયા પછી પણ ઉત્કટ-જ્ઞાનાવરણ કર્મના ઉદયથી બહોળા વિષયોનું જ્ઞાન ન હતું પણ જેટલું હતું એટલું પણ અનુબંધો તૂટી જવાના કારણે કર્મક્ષય માટે સમર્થ હતું. ગ્રન્થિ ભેદાઈ ગયા બાદ શ્રદ્ધા વગેરે સદ્ગુણસહચરિત જ્ઞાન તીવ્ર જ્ઞાનાવરણ કર્મના ઉદયથી અલ્પ હોય અને દ્રવ્યથી અર્થાત્ જેમાં મનનો આંતરિક ઉત્સાહ નથી એવી અપ્રધાનતાવાળી અસત્પ્રવૃત્તિ એટલે કે અવશ્ય ભોગ્ય પ્રબળ ચારિત્ર મોહનીય કર્મના ઉદયથી ઈન્દ્રિયોને અનુકૂળ વિષયભોગ સ્વરૂપ અસત્ પ્રવૃત્તિથી તે અલ્પજ્ઞાન સહચરિત હોય તો પણ મુક્તિરૂપી ફળને ઉત્પન્ન કરવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. તેનું રહસ્ય એ છે કે સત્તામાં રહેલી અશુભ પ્રકૃત્તિઓમાં જ્ઞાનાવરણ વગેરે પાપપ્રકૃતિઓની ઉત્તરોત્તર વૃદ્ધિ સ્વરૂપ અનુબંધ પ્રયોજક શક્તિ ગ્રંથિભેદના પરિણામથી પ્રાયઃ કચડાઈ જાય છે. અથવા ગ્રંથિભેદ થઈ જવાને કારણે અનાદિકાલીન

ગાઢતત્ત્વવિપર્યાસરૂપ સહકારી કારણ દૂર થવાથી પૂર્વોક્ત સ્વરૂપ અનુબંધ પ્રયોજક શક્તિવિશિષ્ટ ભાવી ઉત્પત્તિને ગ્રંથિભેદનો પરિણામ અટકાવી દે છે. આ રીતે અનુબંધરૂપી મહાવિઘ્નોનાં વાદળો વીખરાઈ જવાથી મોક્ષ પ્રગટીકરણનું કાર્ય અલ્પ પણ જ્ઞાનથી સાધ્ય બને છે. પાપકર્મનો અનુબંધ ખતરનાક છે. સઘળાય ક્લેશોનું મૂળ છે. કર્મોથી વધીને કોઈ ક્લેશ નથી. ક્લિષ્ટ કર્મોરૂપી વૃક્ષોનું મૂળ અનુબંધો છે. વિપર્યાસજળથી સિંચાઈને તે ફાલેફૂલે છે અને ત્યારે ક્લિષ્ટ કર્મો દુઃખાત્મક ફળોને જન્મ આપે છે. અલ્પ પણ સમ્યગ્જ્ઞાન (ગ્રન્થિભેદ સહચરિતજ્ઞાન) અગ્નિની ચિનગારી જેવું છે. જ્યારે આ ચિનગારી અનુબંધરૂપી મૂળોને બાળવા માંડે છે ત્યારે ક્લિષ્ટ કર્મવૃક્ષોની ફલપ્રદાનશક્તિ કુંઠિત થઈ જાય છે અને વાંઝિયા જેવા બની ગયેલાં ક્લિષ્ટ કર્મવૃક્ષો ઠૂંઠા જેવા નહીંવત્ બની જાય છે.

**સારાંશ** :- અનુબંધનો વિચ્છેદ થવાથી ક્લેશનો વિચ્છેદ અવશ્યંભાવી છે. એટલે ભિન્ન ગ્રંથિનું અલ્પજ્ઞાન પણ મોક્ષપ્રાપ્તિમાં મહત્ત્વની કામગીરી બજાવી શકે છે. ॥ ૬૧ ॥

अनुबन्धस्यैव क्लेशमूलत्वात्तद्वर्जनमुपदिशति—

**(અશુભ અનુબંધથી અનંત સંસાર-પરિભ્રમણ)**

શ્લોક ૬૨માં ક્લિષ્ટ કર્મવૃક્ષોના મૂળસ્વરૂપ અનુબંધો તોડવાના પુરુષાર્થની પ્રેરણા કરવામાં આવી છે-

**वज्जेयव्वो एसो, अण्णह धम्मो वि सबलओ होइ ।**
**एयस्स पभावेणं अणंतसंसारिआ बहवे ॥ ६२ ॥**

**શ્લોકાર્થ** :- અનુબંધનું વર્જન કરવું. નહિ તો ધર્મ મલિન થાય છે. કારણ કે ઘણા જીવો અનંતસંસાર ભમ્યા તે અનુબંધના પ્રભાવે-કારણે છે. ॥ ૬૨ ॥

**वर्जयितव्य एषः**=अशुभप्रकृत्यनुबन्धः स्वकारणीभूतासत्प्रवृत्तिनिन्दागर्हादिना साधुश्रावक-समाचारसमन्वितैः, अन्यथा=अशुभानुबन्धवर्जनाभावे, **धर्मोऽपि शबलकः**=अतिचारपंकमालिन्य-कल्मषरूपतामापन्नः भवति, महति दोषानुबन्धे हि मूलगुणादिभंगरूपे विधीयमाने धर्मः स्वरूपमेव न लभतेऽल्पातिचारानुबन्धे च भवन्नपि धर्मः शबलस्वरूप एव संभवतीति तात्पर्यम् । अधर्मस्ताव-त्तत्त्वतो भवत्येवेत्यपिशब्दार्थः । तथा **एतस्य**=अशुभानुबन्धस्य **प्रभावेण**=अप्रतिहतशक्तिकत्वेन **बहवोऽनन्तसंसारिणः** प्राप्तदर्शनाश्चतुर्दशपूर्वधरादयोऽपि इति दृश्यम्, श्रूयते हि प्राप्तदर्शनादीनामपि प्रतिपतितानां पुनस्तद्गुणलाभव्यवधानेऽनन्तः कालः समये । तदुक्तम्-[आव. नि. ८५३]

[९१]कालमणंतं च सुए अद्धापरिअट्टओ अ देसूणो । आसायणबहुलाण उक्कोसं अन्तरं होइ ॥ त्ति

९१ कालमनन्तं च श्रुते अर्धपरावर्त्तश्च देशोनः । आशातनाबहुलानां उत्कृष्टमन्तरं भवतीति ॥

स चाशुभानुबन्धमाहात्म्यं विना नोपपद्यते । न ह्यवश्यं वेद्यमशुभानुबन्धमन्तरेण प्रकृत-गुणभंगे पुनर्लब्धौ कियत्कालव्यवधाने कश्चिदन्यो हेतुरस्ति, ग्रन्थिभेदात् प्रागप्यसकृदनन्तसंसारार्जनेऽस्यैव हेतुत्वात् । तदाह-[उपदेशपद ३८६]

[९२]"गंठीओ आरओ वि हु असईबन्धो ण अण्णहा होइ । ता एसो वि हु एवं णेओ असुहाणुबंधो त्ति ॥

**તાત્પર્યાર્થ** :- સાધુધર્મ અને શ્રાવકધર્મની સામાચારીનું પાલન કરનારા મુમુક્ષુ આત્માઓએ સ્વકારણભૂત અસત્ પ્રવૃત્તિની ઉગ્રનિંદા અને ગર્હા વગેરે દ્વારા અશુભ પ્રકૃતિના અનુબંધનું ખાસ વર્જન કરવું જોઈએ. જે કોઈ ચીજની સ્વરસથી નિંદા કરવામાં આવે તે ચીજ પ્રત્યે આત્માનું આકર્ષણ મંદ પડે છે. અસત્ પ્રવૃત્તિની નિંદા-ગર્હા કરવાથી અસત્ પ્રવૃત્તિનો રસ ક્રમસર ઘટતો જાય છે. કદાચ એ તાત્કાલિક ન ઘટે તો પણ અસત્ કાર્યોમાં પ્રવર્ત્તાવનાર અશુભ પ્રકૃત્તિઓનું જોર ઘટવા માંડે છે. તેના અનુબંધો શિથિલ થાય છે. પરિણામે ઉત્તરોત્તર અશુભ પ્રકૃત્તિઓનો હ્રાસ થાય છે. અસત્ કાર્યોમાં પ્રવર્તવાનો રસ ઓછો થાય છે અને શુભાનુષ્ઠાનમાં પ્રવર્તવાનો ઉત્સાહ વધતો જાય છે.

જો અશુભાનુબંધોને તોડવાનો પ્રયાસ કરવામાં ન આવે તો પ્રથમ તો ધર્માચરણને અવકાશ જ રહેતો નથી કારણ કે અલ્પમાત્રામાં ધર્મ થઈ જાય તો પણ અતિચાર (લઘુદોષ) રૂપી પંકથી મલિનભાવવાળો થાય છે. આશય એ છે કે દોષનો અનુબંધ સબળ હોય તો મૂળગુણ અહિંસા વગેરેનો ભંગ થાય છે એટલે ધર્મનો ઉદ્ગમ જ થતો નથી. દોષનો અનુબંધ તીવ્ર ન હોય, મંદ પણ હોય તો યદ્યપિ ધર્મનો ઉદ્ગમ થાય છે પરંતુ વિશુદ્ધ ધર્મનો નહિ. અશુદ્ધ ધર્મનો જ ઉદ્ગમ થાય છે. ઉભય સ્થળે અશુભાનુબંધના કારણે પરમાર્થથી તો અધર્મનો જ જન્મ થાય છે. એકવાર સમ્યક્ત્વ પ્રાપ્ત કરીને સંયમધર્મમાં ઓતપ્રોત બની ચૌદપૂર્વ મહાશાસ્ત્રોનું પારાયણ કરનારા મહર્ષિઓને પણ પ્રમાદના ધક્કાથી ધકેલાઈને ઉન્નતિના શિખર પરથી પટકાઈને અનંતસંસારપરિભ્રમણની ખીણમાં ગબડવું પડ્યું હોય તો તેમાં મહત્ત્વનો ભાગ ભજવનાર પ્રચંડ શક્તિશાળી અશુભ પ્રકૃત્તિઓનો અનુબંધ જ છે.

**(અનંતકાળના અંતરમાં શાસ્ત્રસમ્મતિ)**

એકવાર પ્રાપ્ત થયેલા સમ્યગ્દર્શનાદિ ગુણોથી પતન પામનારા આત્માઓને ફરી તે ગુણના લાભમાં અનંતકાળનું આંતરું પડ્યું તે હકીકત શાસ્ત્રોમાં પણ ઉપલબ્ધ થાય છે. **આવશ્યક નિર્યુક્તિમાં** શ્રુતકેવલી **શ્રીભદ્રબાહુસ્વામી મહારાજ** જણાવે છે કે "ઘણી આશાતના કરનારા આત્માઓને ઉત્કૃષ્ટથી દેશોન અર્ધપુદ્ગલપરાવર્ત જેટલા અનંતકાળનું અંતર હોય છે એવું શ્રુતવચન છે."

---

९२ ग्रन्थित आरतोऽपि खलु असकृद्बन्धो नान्यथा भवति । तस्मादेषोऽपि खल्वेवं ज्ञेय अशुभानुबन्ध इति ॥

આવડું મોટું અંતર અશુભાનુબંધના પ્રભાવ વિના અઘટિત છે. અવશ્ય ભોગવવાં પડે તેવાં અશુભાનુબંધી કર્મો વિના એકવાર સમ્યગ્દર્શનથી ચ્યુત થયા પછી તેની પુનઃ *પ્રાપ્તિમાં કાળનું પૂર્વોક્ત વિશાળ અંતર પડવામાં બીજો કયો હેતુ હોઈ શકે ? ગ્રંથિભેદ પૂર્વે* પણ અનાદિકાળથી આના આ જ સંસારમાં અનંતવાર આત્માનું પરિભ્રમણ થયું, તે અશુભાનુબંધના હેતુએ જ. ઉપદેશપદ શાસ્ત્રમાં પણ કહ્યું છે કે-"ગ્રન્થિભેદ પૂર્વે પણ થયેલો અનંતવાર કર્મનો બંધ અશુભાનુબંધ વિના થયો નથી. આ અનંતવાર કર્મબંધ પણ (અશુભાનુબંધ મૂલક હોવાથી) અશુભાનુબંધ સ્વરૂપ જ જાણવો." ॥ ૬૨ ॥

### (અશુભાનુબંધવિચ્છેદ પુરુષાર્થ સાધ્ય ન હોવાની શંકા)

ननु शुद्धाज्ञायोगेऽपि चतुर्दशपूर्वधरादीनामशुभानुबन्धाऽव्यवच्छेदान्नियतिपरिपाकमात्रसाध्ये कस्तद्वर्जनप्रयास इत्याशङ्क्याह-

**શંકા :-** શુદ્ધાજ્ઞાયોગ વિદ્યમાન હોવા છતાં પણ ચૌદપૂર્વધર વગેરેને પણ અશુભાનુબંધનો વિચ્છેદ ન થવાથી અનંતસંસાર પરિભ્રમણ કરવું પડે છે તેનાથી એ ફલિત થાય છે કે અશુભાનુબંધનો વિચ્છેદ માત્ર ભવિતવ્યતાના પરિપાકથી જ સાધ્ય છે. પુરુષાર્થ સાધ્ય નથી. એટલે અશુભાનુબંધના વર્જનમાં ઉદ્યત થવાનો ઉપદેશ વ્યર્થ છે.

શ્લોક ૬૩માં આ શંકાનું સમાધાન કર્યું છે—

**एषो आणाजत्ता णासइ रोगो जहोसहपयत्ता ।**
**तप्पबलत्ते वि इमो जुत्तो अब्भासहेउत्ति ॥ ६३ ॥**

**શ્લોકાર્થ :-** ઔષધસેવનથી રોગનાશની જેમ આજ્ઞાનુકૂળ પ્રયત્નથી અશુભાનુબંધ નષ્ટ થાય છે. અશુભાનુબંધ પ્રબળ હોય તો પણ અભ્યાસ (પુનઃ પ્રાપ્તિ) હેતુ હોવાથી આજ્ઞા ગર્ભિત પ્રયત્ન યુક્તિયુક્ત છે. ॥ ૬૩ ॥

**एषोऽ**शुभानुबन्धः **आज्ञायत्नात्**=भगवदाज्ञाया नैरन्तर्यादरसेवनात् **नश्यति,** दृष्टान्तमाह- **यथा** रोग **औषधप्रयत्नात्** । न खल्वौषधं स्वरूपेणैव रोगव्यवहारच्छेदकरं, किन्तु हीनाधिकमात्रा-परिहारतदुचितान्नपानादिप्रयत्नसहकृतम्, तथाज्ञायोगोऽपि स्वरूपमात्रान्नाशुभानुबन्धविच्छेदकारी किं त्वनायतनवर्जनसदायतनसेवनाऽपूर्वज्ञानग्रहणगुरुविनयाभ्युत्थानभक्तियशोवादवैयावृत्त्यतपःसंयम-निरन्तरव्रतानुस्मरणादिप्रयत्नसहकृत एव, अत एव सर्वत्र भगवताऽप्रमाद एव पुरस्कृतः ।

[१३]"तच्चित्ते तम्मणे तल्लेस्से" [अनु. द्वार-सूत्र २७] इत्यादिनाऽप्युपयुक्तस्यैव भावावश्यकाभिधानादनुपयुक्तस्य चास्खलितादिगुणोपेतसूत्रोच्चारणेऽपि द्रव्यावश्यकाऽप्रच्यवात् ।

१३ तच्चित्तस्तन्मनास्तल्लेश्यः ॥

यदि चाद्याप्यशुभानुबन्धो न व्यवच्छिन्नस्तदाज्ञायत्नोऽपि न लब्ध एवेत्यनुमीयते, न हि कारणं स्वकार्यमनुत्पादयत् स्वरूपमेव लभते, निश्चयतस्तस्य कुर्वद्रूपत्वात् ।

नन्वेवं प्राचीनाज्ञापालनस्य निष्फलत्वमापद्येतेत्यत आह-**तत्प्रबलत्वेऽपि**=अशुभानुबन्धस्य निकाचितत्वेनोपक्रमणायोग्यत्वेऽप्यागन्तुकप्रमादयोगेनातिवृद्धत्वेऽपि वा **आज्ञायत्नोऽभ्यासहेतुः** औषधयत्न इव कुतोऽपि प्रमादात् क्रियोपचारे जातेऽनुभूते च तत्फले वेदनासहनलक्षणे पुनस्तत्प्राप्तिहेतुरिति, **युक्त**=आश्रयणीयः, तदिदमुक्तम्-[पंचाशक ३-२४]

[९४]"खाओवसमिगभावे दढजत्तकयं सुहं अणुट्ठाणं । परिवडिअं पि य हुज्जा पुणो वि तब्भाववुड्ढिकरं" ॥

अत्र स्वोत्तरसजातीयाज्ञायोगे आज्ञायोगो हेतुः प्रतिबन्धकाभावश्च सहकारीत्यादि विवेचितमन्यत्र ॥ ६३ ॥

**તાત્પર્યાર્થ :-** અશુભાનુબંધનો વિચ્છેદ માત્ર નિયતિપરિપાક સાધ્ય છે તે વાત બરાબર નથી. જિનાજ્ઞાનું આદર-બહુમાનપૂર્વક દીર્ઘકાળ સુધી લગાતાર પાલન કરવાથી અશુભાનુબંધ પણ તૂટે છે. દા.ત. ઔષધના સેવનથી રોગનો વિનાશ થાય છે. આશય એ છે કે ઔષધ લેવા માત્રથી રોગનો તાત્કાલિક વિનાશ થઈ જતો નથી. પરંતુ ઔષધ ઓછું-વધારે ન લેવાઈ જાય તેની સાવધાની રાખવાથી તેમ જ હિતકર પથ્ય પરિમિત અન્ન-પાનાદિનું સેવન કરવાથી, અને ઔષધ પણ કુશળ વૈદ્યની સલાહ મુજબ ધીરજપૂર્વક કંટાળ્યા વિના લેવામાં આવે અને અપથ્યાહારથી દૂર રહેવામાં આવે તો દુઃસાધ્ય રોગો પણ મટી ગયાનાં અનેક ઉદાહરણો છે. એ જ રીતે પ્રસ્તુતમાં પણ સમજવું. આજ્ઞાયોગ પણ સામાન્યપણે આચરવાથી અશુભાનુબંધનો ઉચ્છેદ થઈ જતો નથી. તેનો ઉચ્છેદ કરવા માટે તો-

### (અશુભાનુબંધ તોડવાના શાસ્ત્રીય ઉપાયો)

(૧) **ઓઘનિર્યુક્તિ** શાસ્ત્રમાં ગાથા ૭૬૨ થી ૭૮૪ સુધીમાં બતાવેલ અશુભસ્થાનનો ત્યાગ અને શુભ આયતનમાં નિવાસની મર્યાદાઓનું પાલન કરવું જોઈએ. (૨) રોજ રોજ અપ્રમત્તપણે નવા નવા શ્રુતજ્ઞાનનું અર્જન કરવા ઉદ્યમશીલ બનવું જોઈએ. (૩) 'ગુરુ વિના જ્ઞાન નહિ' એ દિલમાં બરાબર ધારી રાખીને જ્ઞાનદાયક સદ્ગુરુનો વિનય, તેમનું અભ્યુત્થાન, તેમની ભક્તિ, તેમના સદ્ગુણોની પ્રશંસા, તેમની સેવા વગેરે ઉચિત કર્તવ્યો હંમેશાં બજાવતા રહેવું જોઈએ. (૪) વળી જ્ઞાનાદિ ઉપાર્જનમાં બાધક જ્ઞાનાવરણાદિ કર્મની નિર્જરા (ક્ષય) માટે તપશ્ચર્યા-ખાસ કરીને યોગોદ્વહન વગેરેમાં અપ્રમત્ત થવું જોઈએ. (૫) સત્તર પ્રકારના સંયમમાં-આત્મનિગ્રહ, ઇન્દ્રિયનિરોધ, કષાયજય વગેરેમાં પ્રયત્ન કરવો

---

९४ क्षायोपशमिकभावे दृढयत्नकृतं शुभमनुष्ठानम् । परिपतितमपि च भवेत् पुनरपि तद्भाववृद्धिकरम् ॥

જોઈએ. (૬) જે પાંચ મહાવ્રત પોતે આજીવન સ્વીકાર્યા છે તે નિત્ય સ્મરણમાં રહેવા જોઈએ અને તે માટે મૂળગુણ તથા ઉત્તરગુણોના પાલનમાં અંશે પણ તેની સાવધાની રહેવી જોઈએ. તેમ જ તેમાં વૃદ્ધિ થાય તે માટે પાંચ મહાવ્રતની પચીશ ભાવનાઓનું ચિંતન-મનન કરવું જોઈએ. આ બધું હોય તો અશુભાનુબંધ તૂટવાની શક્યતા પ્રબળ બને છે.

**(અપ્રમત્તભાવની આત્યન્તિક મહત્તા)**

આનો સાર એ કે સાધુચર્યામાં સતત અપ્રમત્તભાવ કેળવવો જોઈએ. શ્રી તીર્થંકરદેવોએ પણ 'समयं गोयम ! मा पमायए' ઇત્યાદિ સાર ગર્ભિત વચનોથી શ્રી ગૌતમ સ્વામીને ઉદ્દેશીને અપ્રમાદ કેળવવાનું ફરમાવ્યું છે. **અનુયોગદ્વાર સૂત્ર**માં પણ કહ્યું છે કે જે વિહિતક્રિયા તદ્ગતચિત્ત, તદનુગતમન અને તદાકારલેશ્યાથી ભાવિત થઈને કરવામાં આવે તે ક્રિયા જ ઉપયોગપૂર્વકની છે અને ભાવનિક્ષેપે આવશ્યક સ્વરૂપ છે. આવા પ્રકારના ઉપયોગથી શૂન્ય ક્રિયા ભાવાવશ્યક સ્વરૂપ ન રહેતાં દ્રવ્યક્રિયા બની જાય છે. પછી ભલે તે ક્રિયા કરતી વખતે સૂત્રનું ઉચ્ચારણ સ્ખલિત-હીનાક્ષર વગેરે દોષોથી રહિતપણે કરવામાં આવ્યું હોય. કેટલાક ૧૪ પૂર્વધર વગેરે આત્માઓને અશુભાનુબંધનો વ્યવચ્છેદ નથી થતો એ જ સૂચવે છે કે તેઓને અત્યંત અપ્રમત્તભાવનો આજ્ઞાયોગ પ્રગટ થયો નથી. જે પદાર્થ જે કાર્યના કારણરૂપે માનવામાં આવ્યો હોય તેનાથી જો તે કાર્ય પ્રગટ ન થાય તો તેને તેનું કારણ કહેવાય જ શી રીતે ? નિશ્ચય નયની દૃષ્ટિએ તો કારણ જ તે છે કે જે કાર્યોત્પત્તિ માટે ઉદાસીન નહિ પણ સક્રિય હોય.

**શંકા :-** જો અપ્રમત્તભાવનો આજ્ઞાયોગ જ અશુભાનુબંધ વિચ્છેદક હોય તો અપ્રમત્તભાવશૂન્ય જે પ્રાથમિક આજ્ઞાપાલન છે તેને શું નિષ્ફળ માનશો ?

**(નિષ્ફળતાના ખંડિયેરોમાંથી પણ સફળતાનું નિર્માણ)**

આ શંકાનું સમાધાન મૂળ શ્લોકના ઉત્તરાર્ધમાં કર્યું છે. અશુભાનુબંધ જ્યારે નિકાચિત હોય અને તેથી આજ્ઞાપાલન દ્વારા પણ અપરિવર્ત્ય હોય અથવા એકવાર શુદ્ધાજ્ઞાયોગના પાલનનો આરંભ કર્યા બાદ અશુભાનુબંધ આગંતુક પ્રમાદયોગના કારણે વૃદ્ધિંગત થયા કરતો હોય તો એટલા માત્રથી તે આજ્ઞાપાલન નિરર્થક નથી. કિન્તુ એનાથી ફરી ભવિષ્યમાં વિશિષ્ટ પ્રકારના આજ્ઞાયોગની પ્રાપ્તિ સુલભ થાય છે. ઔષધ યત્નના દૃષ્ટાંતથી આ હકીકત વધુ સ્પષ્ટપણે સમજાય છે. જેમ કોઈ એક રોગની નિવૃત્તિ માટે એકવાર ઔષધસેવનનો આરંભ કર્યા પછી પ્રમાદ, આળસ, વિસ્મૃતિ વગેરેના કારણે ઔષધ લેવાનું રહી જાય અથવા અપથ્યાદિનું સેવન થઈ જાય, આ રીતે સમ્યક્ક્રિયા (ચિકિત્સા)નો અપચાર=વૈકલ્ય (અભાવ) થઈ જતાં તેના કટુ વિપાક અસહ્ય વેદના વગેરે અનુભવ્યા પછી પુનઃ ઔષધસેવન

તેમ જ તેમાં પૂર્ણ સાવધાની રાખવાની અભિલાષા સવિશેષ જાગૃત થાય છે. તેમ કર્મવ્યાધિની ચિકિત્સા કરવા માટે એકવાર સમ્યગ્દર્શનાદિ ગુણોનો આદર કર્યા પછી અશુભ ભવિતવ્યતાદિ કોઈ નિમિત્તથી સાધુ વગેરે શુભાલંબન પર દ્વેષ થઈ જતાં તે ગુણોથી પતન થયા બાદ તેના કડવા વિપાક રૂપે નરક વગેરે દુર્ગતિનાં દુઃખો અનુભવ્યા પછી જન્માન્તરમાં પૂર્વભવ આરાધિત સમ્યગ્દર્શન વગેરે ગુણોની સાધનામાં સવિશેષ જાગૃતિ પ્રગટ થાય છે. શ્રી **પંચાશક** શાસ્ત્રમાં (૩/૨૪) કહ્યું છે કે-

ક્ષાયોપશમિક ભાવમાં રમતા આત્માએ દૃઢ આદરપૂર્વક કરેલું પ્રશસ્ત અનુષ્ઠાન અશુભકર્મના ઉદયથી મુકાઈ જાય-છૂટી જાય તો પણ ભવિષ્યમાં ફરી શુભ અધ્યવસાયની વૃદ્ધિમાં કારણભૂત બને છે.

સારાંશ, આજ્ઞાયોગ દીપકલિકાની જેમ ઉત્તરોત્તર સજાતીય આજ્ઞાયોગના ઉદ્ભવમાં હેતુભૂત છે અને અશુભકર્મના ઉદયનો અભાવ તેમાં સહકારી કારણરૂપ છે. એટલે અશુભ કર્મોદય રૂપ પ્રતિબંધ ઉપસ્થિત થતાં પૂર્વકાલીન આજ્ઞયોગથી ભાવવૃદ્ધિ થતી અટકી જવા છતાં પણ પ્રતિબંધક દૂર થતાં તે ચાલુ થઈ જાય છે. આ વિષય અંગે અન્ય ગ્રન્થોમાં પણ વિવેચન કરેલું છે. ॥ ૬૩ ॥

**कांता मे समतैवैका ज्ञातयो मे समक्रियाः ।**
**बाह्यवर्गमिति त्यक्त्वा धर्मसंन्यासवान् भवेत्।।३।। (ज्ञानसार ८/३)**

મને એક સમતા જ વહાલી સ્ત્રી છે, બીજી સ્ત્રી નથી. સમાન ક્રિયા-આચારવાળા સાધુઓ જ મારા સગા છે, બીજા સગાનું કંઈ પણ કામ નથી. એ પ્રમાણે નિશ્ચયભાવે કરી બાહ્ય પરિવારનો ત્યાગ કરીને ગૃહસ્થની ઋદ્ધિ પ્રમુખ ઔદયિક ભાવના ધર્મનો સંન્યાસવાન્-ત્યાગવાળો થાય. અર્થાત્ ઔદયિકભાવને છોડી ક્ષયોપશમભાવવાળો થાય.

એ અતાત્ત્વિક ધર્મસંન્યાસ કહેવાય છે. તાત્ત્વિક ધર્મસંન્યાસ તો ક્ષપકશ્રેણિમાં આઠમે ગુણસ્થાનકે હોય. કહ્યું છે કે-

"द्वितीयापूर्वकरणे प्रथमस्तात्त्विको भवेत् ॥"

પ્રથમ અપૂર્વકરણ સમ્યક્ત્વલાભનું અને બીજું અપૂર્વકરણ આઠમા ગુણસ્થાનકનું જાણવું. ત્યાં પ્રથમોક્ત (સામર્થ્યયોગના પ્રથમ ભેદરૂપ) ધર્મસંન્યાસ તાત્ત્વિક-પારમાર્થિક હોય, યોગદૃષ્ટિસમુચ્ચય ગ્રન્થમાં એ જ બાબત કહેવામાં આવી છે.

(ઔદયિક ભાવના ધર્મને ત્યાગ કરવારૂપ અતાત્ત્વિક ધર્મસંન્યાસ પ્રવ્રજ્યાના અવસરે પણ હોય છે.)

## ઉપદેશ ૧૭ - કાળ પાક્યા વિના આજ્ઞાયોગ નિષ્ફળ

औषधतुल्यत्वादेवाज्ञायोगस्य कालाकालौ विभावनीयावित्याह–

આજ્ઞાયોગ ઔષધતુલ્ય છે. જેમ ઔષધ ઉચિત કાળે લેવાથી લાભ કરે છે અને અનુચિત કાળે લેવામાં આવે તો લાભ કરવાને બદલે ક્યારેક નુકસાન પણ કરે છે, તેમ આજ્ઞા યોગમાં પણ કાળ અને અકાળ તપાસવા જોઈએ. તે શ્લોક-૬૪ માં દર્શાવ્યું છે–

**एत्तो अ एत्थ णेयं कालाकालेहि सहलविहलत्तं ।**
**घणमिच्छत्तमकालो कालोऽपुणबंधगाईओ ॥ ६४ ॥**

**શ્લોકાર્થ :-** ઔષધની જેમ આજ્ઞાયોગમાં પણ કાળે સફળતા અને અકાળે નિષ્ફળતા સમજી રાખવી. ગાઢ મિથ્યાત્વનો સમય અકાળ છે અને અપુનર્બંધકાદિ દશાનો સમય યોગ્ય કાળ છે. ॥ ૬૪ ॥

**इतश्चौ**षधतुल्यत्वात् **अत्रा**=ऽऽज्ञायत्ने **कालाकालाभ्यां सफलविफलत्वं** ज्ञेयम् । यथा ह्यकालप्रयोगेऽभिनवज्वरादावौषधप्रदानं तद्व्याध्युपशमं प्रति अकिञ्चित्करत्वान्निःफलं समधिक-बाधाविधायितया विपरीतफलं वा भवति, कालप्रयोगे चानीदृशत्वात् सफलमेव, तथा संसाररोग-ग्रस्तेष्वप्याज्ञाप्रदानमकाले निष्फलं विपरीतफलं वा, काले तु फलवदेवेति । तत्र को नामाऽकाल; कश्च काल इत्याह–**घनं** महामेघावलुप्तसकलनक्षत्रादिप्रभाप्रसरभाद्रपदाद्यमावास्यामध्यभागसमुद्-भूतान्धकारवन्निबिडं **मिथ्यात्वं** तत्त्वविपर्यासलक्षणमुपचारात्तत्कालश्चरमपुद्गलपरावर्त्तव्यतिरिक्तशेष-पुद्गलपरावर्त्तलक्षण **अकालो** भगवदाज्ञौषधप्रयोगे, चरमपुद्गलपरावर्त्तलक्षणस्तु तथाभव्यत्वपरिपाकतो बीजाधानादिषु स्यादपि कालः, अत एव दीक्षाविधान**पञ्चाशके** यथाप्रवृत्तकरणेनापचितदीर्घकर्म-स्थितिकतया विशुद्ध्यमानस्यैव दीक्षाधिकारित्वमुक्तम्-[पंचाशके २।३]

[१५]"चरमंमि चेव भणिया एसा खलु पोग्गलाण परिअट्टे ।
सुद्धसहावस्स तहा विसुज्झमाणस्स जीवस्स" ॥

अत एवाह-कालस्त्व**पुनर्बन्धकादिकः**=अपुनर्बन्धकादिकाललक्षणः, तत्रापुनर्बन्धकः "पावं न तिव्वभावा कुणइ[१६]" [पंचाशक ३।४] ॥ इत्यादिलक्षणः, आदिशब्दात् मार्गाभिमुखमार्गपतितौ गृह्येते, तत्र मार्गश्चेतसोऽवक्रगमनं भुजंगमनलिकायानतुल्यः स्वरसवाही क्षयोपशमविशेषो हेतुस्वरूप-

---

१५ चरमे चैव भणिता एषा पुद्गलानां परावर्त्ते । शुद्धस्वभावस्य तथा विशुद्ध्यमानस्य जीवस्य ॥

१६ पापं न तीव्रभावात् करोति ॥
[शेषं पादत्रयमेव्] ण बहुभण्णइ भवं घोरं । उचियठिइं च सेवइ, सव्वत्थ वि अपुणबंधो त्ति ॥

फलशुद्ध्याभिमुखस्तत्र **पतितः**=प्रविष्टो भव्यविशेषो **मार्गपतित** इत्युच्यते, तदादिभावापन्नश्च **मार्गाभिमुख** इति । एतौ च चरमयथाप्रवृत्तकरणभागभाजावेव । **यद्यप्यत्र** त्रयोऽप्येकरूपा एव लभ्यन्ते, **तथापि चैत्यवंदनपञ्चाशकवृत्तौ अभयदेवसूरिभि**र्भाववंदनाधिकारितायामपुनर्बंधकवदे-तावनधिकृतौ सकृद्बंधकादिवत् पृथक्कृतौ चेत्यस्माभिरपि व्यावर्त्तमानावेतौ विवक्षाविषयीकृत्य "**गंठिगया**" इत्यादिनाऽप्रधानावुक्ताविति यथाशास्त्रं परिभावनीयं सुधीभिः ॥ ६४ ॥

**तात्पर्यार्थ :-** ઔષધની જેમ આજ્ઞાયોગના વિષયમાં પણ ઉચિતકાળમાં સફળતા અને અનુચિત કાળમાં નિષ્ફળતાની ભાવના આ પ્રમાણે છે. - તાવ આવવાનો પ્રારંભ થયો હોય તે વખતે ઔષધ લેવામાં આવે તો તે તાવ શમાવવામાં નિષ્ફળ જાય છે. ઉલ્ટું ક્યારેક પીડામાં વૃદ્ધિ કરે છે અને તાવ વધવાની મર્યાદા આવી જાય પછી ઔષધ લેવામાં આવે તો ધીમે ધીમે તાવ ઊતરી જાય છે. એ જ રીતે સંસારરૂપી મહારોગથી ઘેરાયેલા રોગી આત્માઓને અકાળે આજ્ઞાપાલન કરાવવામાં આવે તો નિષ્ફળ જાય છે અને ઉચિત કાળે કરાવાતું આજ્ઞાપાલન સંસારરૂપી રોગને ટાળવામાં સફળ થાય છે.

## (આજ્ઞાયોગની સફળતા માટે ઉચિત-અનુચિત કાળ)

શ્લોકના ઉત્તરાર્ધમાં કયો કાળ ઉચિત અને કયો અનુચિત તે દર્શાવ્યું છે. ગાઢ મિથ્યાત્વનો કાળ એ અનુચિત કાળ છે. ઘન એટલે અત્યંત ગાઢ=નિબિડ. જેમ ભાદરવા માસની અમાસની મધ્યરાત્રિએ આકાશમાં કજ્જલ શ્યામ વાદળાંઓ ભરપૂર છવાયેલાં હોય. તારા અને નક્ષત્રના પ્રકાશને ધરતી ઉપર ઊતરવાનો માર્ગ રુંધાઈ ગયો હોય ત્યારે જે ગાઢ અંધકાર છવાઈ જાય છે એની જેમ આત્મારૂપી આકાશમાં તીવ્ર જ્ઞાનાવરણાદિ કર્મોનાં વાદળો *છવાયેલાં હોય, સદ્ગુરુના ઉપદેશનાં કિરણો આત્માની ધરતીને સ્પર્શી શકે તેમ ન હોય* ત્યારે આત્મામાં તત્ત્વના વિષયમાં સંપૂર્ણ વિપર્યાસ રૂપ મિથ્યાત્વનું સામ્રાજ્ય અબાધિત હોય છે. આવું ઘન મિથ્યાત્વ ચરમાવર્તને છોડીને બાકીને બધા જ ભૂતકાલીન અનંત અચરમાવર્તોના કાળમાં લબ્ધાવકાશ હોવાથી તે તે કાળ આજ્ઞાયોગ માટે અયોગ્ય છે. તથાભવ્યત્વનો પરિપાક માત્ર ચરમાવર્તકાળમાં જ શક્ય હોઈ, બીજાધાન વગેરે માટે યોગ્ય કાળ ચરમપુદ્ગલપરાવર્ત જ સંભવી શકે છે.

**'દીક્ષાવિધાન'** નામના દ્વિતીય પંચાશકની તૃતીય ગાથામાં પણ યથાપ્રવૃત્તકરણ નામના પરિણામ વિશેષથી જે આત્માની અતિદીર્ઘ કર્મસ્થિતિ ઘણા અંશે ઘટી ગઈ છે તેવા અધ્યવ-સાયવિશુદ્ધિવાળા જીવને દીક્ષા માટે અધિકારી કહ્યો છે. તે ગાથાનો અર્થ આ પ્રમાણે છે-

ચરમપુદ્ગલપરાવર્તકાળમાં જ (દીર્ઘસ્થિતિ રૂપી કર્મમળના હ્રાસથી) શુદ્ધ સ્વભાવ-વાળા અને ઉત્તરોત્તર વિશુદ્ધિને અનુભવી રહેલા આત્માને જ દીક્ષાની યોગ્યતા કહી છે.

**(અપુનર્બંધક - માર્ગાભિમુખ માર્ગપતિતની વ્યાખ્યા)**

આ વચનને અનુસરીને પ્રસ્તુત શ્લોકના ઉત્તરાર્ધમાં અપુનર્બંધક વગેરે અવસ્થાવિશિષ્ટ કાળને જ યોગ્ય કહ્યો છે. અપુનર્બંધક જીવનાં લક્ષણો આ જ ગ્રન્થના મૂળ શ્લોક ૨૨માં ('सो अपुणबंधगो जो०) કહી ગયા છે. તેમ જ પંચાશકશાસ્ત્ર (૩/૪) માં પણ पावं ण तिव्वभावा कुणइ... આ શ્લોકમાં (તથા યોગબિંદુ શ્લો. ૧૭૮માં, યોગશતક શ્લો. ૧૩માં) દર્શાવ્યા છે. અપુનર્બંધકાદિ પદમાં આદિ શબ્દથી અપુનર્બંધક ઉપરાંત 'માર્ગાભિમુખ' તથા 'માર્ગપતિત' પણ અભિપ્રેત છે. માર્ગ એટલે ચિત્તનું અવક્રગમન. જેમ સર્પ વક્રગામી હોવા છતાં અવક્ર નલિકામાં સીધેસીધો ઋજુ બનીને પસાર થાય છે તેમ અચરમાવર્તમાં આત્માને અવક્રગમનનો ચિર અભ્યાસ હોવા છતાં ચરમાવર્તમાં મોક્ષ તરફ પ્રાયઃ સીધેસીધો ચાલ્યો જાય તેવા ક્ષયોપશમભાવાન્તર્ગત ઋજુ પરિણામને પ્રાપ્ત કરે છે. જીવના પર્યાય વિશેષ રૂપ તે ઋજુ પરિણામ જ અહીં માર્ગ શબ્દથી અભિપ્રેત છે. ઉત્તરોત્તર ચડતાં ગુણસ્થાનકોની પ્રાપ્તિ પણ તેનાથી સુલભ થાય છે. આ પરિણામ બીજાની તીવ્ર પ્રેરણા વગેરેથી નહિ પરંતુ સ્વતઃ ઉત્સાહથી ઉદ્ભવતો હોય છે. મોહનીય કર્મના ક્ષયોપશમવિશેષ રૂપ આ પરિણામને માર્ગ એટલા માટે કહ્યો છે કે તે હેતુશુદ્ધિ-સ્વરૂપશુદ્ધિ અને ફળશુદ્ધિને અભિમુખ હોય છે. તાત્પર્ય એ છે કે આ પરિણામ મોક્ષના હેતુભૂત વિશુદ્ધ આજ્ઞાયોગ તરફ, રાગદ્વેષાદિ મળરહિત શુદ્ધાત્મસ્વરૂપ તરફ અને શુદ્ધ મુક્તિસ્વરૂપ ફળ તરફ આત્માને દોરી જનાર છે.

આવા માર્ગમાં પતિત અર્થાત્ પ્રવેશેલા જીવો **માર્ગપતિત** કહેવાય અને તેનાથી આગળ આગળની ભૂમિકામાં વર્તમાન જીવ **માર્ગાભિમુખ** કહેવાય છે. આ બન્ને અંતિમ યથાપ્રવૃત્તકરણ ભાવમાં વર્તતા હોય છે. એટલે યદ્યપિ અપુનર્બંધક, માર્ગપતિત અને માર્ગાભિમુખ આ ત્રણેમાં ખાસ કોઈ વિશેષ તફાવત રહેતો નથી. તો પણ આ જ ગ્રંથમાં પૂર્વે 'गंठिगया०' (શ્લોક ૧૮) ઇત્યાદિ શ્લોકોમાં અપુનર્બંધકની ક્રિયાને પ્રધાન કહી છે, જ્યારે માર્ગાભિમુખ અને માર્ગપતિતની ક્રિયાને અપ્રધાન કહી છે. આ પ્રમાણે અપુનર્બંધકથી તેમને જુદા પાડવાનું કારણ તે પ્રકારની વિવક્ષા છે. આ વિવક્ષાનું કારણ એ છે કે નવાંગી ટીકાકાર શ્રીમદ્ અભયદેવસૂરિમહારાજે ત્રીજા ચૈત્યવંદન પંચાશકની ત્રીજી અને સાતમી ગાથાની ટીકામાં અપુનર્બંધકથી ભિન્ન સકૃદ્બંધકાદિની જેમ માર્ગાભિમુખ અને માર્ગપતિતને પણ ભાવવંદનાના અધિકારી કહ્યા નથી. અને એ રીતે તે બેને અપુનર્બંધકથી અલગ પાડ્યા છે. પ્રસ્તુત વિષય ગંભીર હોઈ* અન્ય આગમ વગેરે શાસ્ત્રોના સંદર્ભમાં બુદ્ધિમાનોએ તેનું તાત્પર્ય સમજવા પ્રયત્ન કરવો. ॥ ૬૪ ॥

* યોગબિંદુ ટીકાકારે આ બંનેને લલિતવિસ્તરા અને પંચસૂત્રટીકાના આધારે ભાવાજ્ઞાના અધિકારી બતાવ્યા છે. જુઓ. શ્લો. ૧૭૮ની ટીકા.

अयं च व्यवहारतः काल उक्तोऽथ निश्चयतस्तमाह—

વ્યવહારનયથી આજ્ઞા ઔષધનો કાળ-અકાળ જણાવ્યા પછી શ્લોક ૬૫માં નિશ્ચયનયથી તે દર્શાવાયો છે-

**णिच्छयओ पुण कालो णेओ एअस्स गंठिभेअम्मि ।**
**पोग्गलपरिअट्टद्धं जमूणमेयम्मि संसारो ॥ ६५ ॥**

**શ્લોકાર્થ :-** નિશ્ચયનયના મતે ગ્રંથિભેદ પછી જ આજ્ઞાયોગને અવસર છે કારણ કે ગ્રન્થિ ભેદાય પછી જ સંસારની અર્ધપુદ્ગલપરાવર્તકાળની ચરમસીમા નક્કી થાય છે.॥૬૫॥

**निश्चयतो**=निश्चयनयमतेन, पुनः **एतस्य**=आज्ञायोगस्य, **कालो ग्रन्थिभेदे**=अपूर्वकरणाऽनिवृत्तिकरणाभ्यां ग्रन्थिभेदसमय एव, कथमित्याह **यत्**=यस्मात् **तस्मिन्**=ग्रन्थिभेदे **ऊनं**=देशोनं **पुद्गलपरावर्त्तार्द्धं संसारः**, उत्कृष्टोऽप्येतावानेव नाधिक इत्यर्थः । तथा चात्राज्ञौषधविधानं कर्मरोगस्यादीर्घस्थितिकत्वप्रभावेन विधिना सदानुपाल्यमानं गुणाय भवति, अन्यथापि सदभ्यासहेतुतया तथैव, प्रतिबन्धस्यापि तत्त्वतः फलकालोपनायकत्वात्, तथा च पठ्यते-[ ]

"लब्ध्वा मुहूर्त्तमपि ये परिवर्जयन्ति । सम्यक्त्वरत्नमनवद्यफलप्रदायि ॥
यास्यन्ति तेऽपि न चिरं भववारिराशौ । तद्बिभ्रतां चिरतरं किमिहास्ति वाच्यम् ॥१॥" इति
अपुनर्बन्धकादीनां चानाभोगबहुलत्वेन सूक्ष्मबोधानाधायकत्वान्न तथेति पर्यवसितम् ॥ ६५ ॥

**(નિશ્ચયનયમતે ગ્રન્થિભેદ પછી આજ્ઞાયોગ)**

**તાત્પર્યાર્થ :-** ચરમ યથાપ્રવૃત્તકરણમાંથી આગળ વધીને જીવ અપૂર્વકરણ પરિણામમાં આરૂઢ થઈ તીવ્ર રાગ-દ્વેષની ગ્રન્થિ ભેદીને જ્યારે અનિવૃત્તિકરણ પરિણામમાં આવી પહોંચે છે. ત્યારે વાસ્તવિક રીતે નિશ્ચયનયના અભિપ્રાયથી આજ્ઞાયોગ રૂપી ઔષધને ગ્રહણ કરવાને લાયક બને છે, કારણ કે એકવાર ગ્રન્થિ ભેદાઈ ગયા પછી જીવને સંસારમાં વધુમાં વધુ ભમવું પડે તો પણ દેશોન અર્ધપુદ્ગલપરાવર્તકાળથી વધુ નહિ. આ રીતે એ સ્પષ્ટ થાય છે કે ગ્રન્થિભેદ ઉત્તરકાળમાં કર્મરૂપી રોગની સ્થિતિ ટૂંકાઈ જવાથી નિરંતર વિધિપૂર્વક આજ્ઞારૂપી ઔષધ સેવન ગુણકારી થાય છે. તેમ જ વિધિ અને સાતત્ય ન જળવાય તો પણ ફળના ઉદ્ગમકાળમાં પ્રતિબંધ કરનાર અશુભ કર્માનુબંધને હઠાવે છે એટલે એ રીતે વિધિરહિત અને સાતત્ય વિનાનું આજ્ઞાપાલન પણ ગુણકારી બને છે. કહ્યું પણ છે કે-

"નિર્દોષ ફળ આપનાર સમ્યક્ત્વ રત્નને જેઓ એકવાર પણ અંતર્મુહૂર્ત કાળ માટે પ્રાપ્ત કરીને ગુમાવી બેસે છે તેઓને પણ સંસારરૂપી જળનિધિમાં બહુ દીર્ઘકાળ સુધી ભટકવું પડતું નથી, તો પછી જેઓ દીર્ઘકાળ સુધી સમ્યકત્વરત્નને જાળવે તેઓની તો વાત જ શી કરવી ?"

નિશ્ચયનયના અભિપ્રાયથી અપુનર્બંધક વગેરેને આજ્ઞાયોગનો અવસર ન હોવાનું કારણ એ છે કે તે આત્માઓમાં હજુપણ અનાભોગ એટલે કે યથાર્થ બોધાનુકૂલ ક્ષયોપશમના અભાવનું સામ્રાજ્ય હોવાથી તેઓને યત્ કિંચિત્ આજ્ઞાયોગના પાલનથી પણ સૂક્ષ્મબોધ ઉદ્ભવતો નથી. ॥ ૬૫ ॥

परः प्रश्नयति–

શ્લોક ૬૬માં આજ્ઞાયોગના અકાળે પ્રયોગ અંગે ઉદ્ભવતો એક પ્રશ્ન અને તેનું સમાધાન રજૂ કરવામાં આવ્યા છે.

**एवमकालपओगे कह गेवेज्जगसुहं णु सुअसिद्धं ।**
**नणु तं जोगप्पभवं ण उ परिणामेण को दोसो ॥ ६६ ॥**

**શ્લોકાર્થ :-** (પ્રશ્ન) અકાળ પ્રયોગ કરવા છતાં પણ આગમ પ્રસિદ્ધ ગ્રૈવેયક સુખપ્રાપ્તિ કેમ ? (ઉત્તર) તે તો માત્ર ક્રિયાયોગજનિત છે પણ પરિણામજનિત નથી. તો શું દોષ છે ? ॥૬૬॥

एवमकालप्रयोगस्य गुणाऽहेतुत्वे, **अकालप्रयोगे** तथाभव्यत्वाऽपरिपाकलक्षणेऽकाले आज्ञा-योगोपक्रमलक्षणे कथं **ग्रैवेयकसुखं, नु** इति वितर्के, **श्रुतसिद्धं,** दूरभव्यानामभव्यानां चेति द्रष्टव्यं, श्रूयते च श्रुते-(वि. आ. भा. ११९२)

[१७]"तित्थंकराइपूअं दट्ठुणण्णेण वा वि कज्जेण । सुअसामाइअलाभो होज्ज अभव्वस्स गंठिम्मि ॥"

ततश्च- ( )

[१८]जे दंसणवावण्णा लिंगग्गहणं करेंति सामण्णे । तेसिं चिय उववाओ उक्कोसो जाव गेविज्जा । इति ।

अत्रोत्तरं विधीयते-**नन्विति** परपक्षाऽक्षमायाम्, **तत्** ग्रैवेयकसुखम्, दूरभव्यादीनां **योगप्रभवं**= क्रियौषधयोगमात्रजनितम्, न तु **परिणामेन** आयतिकालशुभानुबन्धेन । यथाहि सदौषधमकाल-प्रयोगात् क्षणमात्रं स्वसम्बन्धसामर्थ्यादसाध्यव्याधौ सौख्यमुपनयति, तदनन्तरं च समधिकव्या-धिप्रकोपाय संपद्यते, एवमधिकृताज्ञायोगौषधप्रयोगोऽप्यपक्वभव्यत्वानां सत्त्वानां ग्रैवेयकादिसुख-सिद्धिमात्रामाधाय पश्चात् पर्यायेण नरकादिदुर्गतिप्रवेशफलः संपद्यत इति **को दोषः** प्रकृते, न कश्चिदित्यर्थः । यदि हि परिणामतः सुखं मोक्षलक्षणतः स्यात्तदा स्यादपि व्यभिचारलक्षणो दोषः, इदं त्वापातमात्रसुखं न फलं किन्त्वानुषङ्गिकं, कृषेरिव पलालमिति भावः ॥ ६६ ॥

**(અભવ્ય આદિને ગ્રૈવેયક દેવલોકના સુખોનું મૂળ બાહ્ય ક્રિયા)**

**તાત્પર્યાર્થ :-** પૂર્વમાં કહ્યા મુજબ જો અકાળે એટલે કે તથાભવ્યત્વપરિપાક અભાવ

---

१७ तीर्थकरादिपूजां दृष्ट्वाऽन्येन वापि कार्येण । श्रुतसामायिकलाभो भवेदभव्यस्य ग्रन्थौ ॥

१८ ये दर्शनव्यापन्ना लिंगग्रहणं कुर्वन्ति श्रामण्ये । तेषामेवोपपात उत्कर्षो यावद् ग्रैवेयकम् ॥

કાળમાં આજ્ઞાયોગના પાલનથી કોઈ લાભ થતો જ ન હોય તો શાસ્ત્રમાં અભવ્ય અને દૂરંભવ્ય જીવોને પણ ચારિત્રની ક્રિયાથી ગ્રૈવેયક સુખની પ્રાપ્તિ સંભળાય છે તે સંગત કઈ રીતે થાય ? **વિશેષાવશ્યક** ભાષ્યમાં પણ કહ્યું છે કે-

'તીર્થંકર વગેરેની પૂજાને જોઈને અથવા અન્ય નિમિત્તથી ગ્રન્થિદેશે આવેલા અભવ્યને પણ શ્રુતસામાયિકનો લાભ સંભવે છે. તેમજ જેઓ સમ્યગ્ દર્શનથી પતિત થયેલા છે પણ શ્રમણલિંગને ગ્રહણ કરે છે તેઓનો પણ ઉત્કૃષ્ટ ઉપપાત ગ્રૈવેયક દેવલોક સુધી હોય છે.'

મૂળ શ્લોકમાં નનુ શબ્દથી ઉપરોક્ત પ્રશ્ન પ્રત્યે યુક્તિબાહ્યતાભાવ દાખવીને ઉત્તર આપતાં કહ્યું છે કે-"દૂરભવ્ય વગેરે જીવોને પ્રાપ્ત થતું ગ્રૈવેયકનું સુખ ભાવિમાં હિતકારક શુભ પ્રકૃતિઓના અનુબંધથી ઉદ્ભવતું નથી, પરંતુ માત્ર ક્રિયારૂપી ઔષધના સંબંધ માત્રથી પ્રગટ થનાર છે. તાત્પર્ય એ છે કે જેમ ઊંચી જાતનું ઔષધ પણ અકાળે ગ્રહણ કરવામાં આવે તો ક્ષણવાર પોતાના બાહ્ય સેવન માત્રથી અસાધ્ય વ્યાધિમાં સુખાનુભવ કરાવી દે છે, પરંતુ તે પછી રોગ વધુ જોરથી પ્રકુપિત થાય છે. તેમ પ્રસ્તુત આજ્ઞાયોગ રૂપી ઔષધનું સેવન તથા ભવ્યત્વ-પરિપાક શૂન્ય દૂરભવ્યજીવોને તેમ જ અભવ્ય જીવોને ૨૨ સાગરોપમ કે જે મોક્ષસુખના અનંતકાળની અપેક્ષાએ બિન્દુ પણ નથી, એટલા અલ્પકાળ માટે ગ્રૈવેયક દેવલોક વગેરેનાં સુખો મળી જતાં હોવા છતાં પણ ત્યાર પછીના ભવોમાં નરક વગેરે દુર્ગતિમાં પતન થાય છે. પૂર્વોક્ત પ્રશ્નનું આ સમાધાન છે જેમાં કોઈ દોષને અવકાશ નથી.. દોષને તો અવકાશ ત્યારે મળે કે જ્યારે અકાળ આજ્ઞાપ્રયોગથી મોક્ષસુખની પ્રાપ્તિ પણ શક્ય હોય. સ્વર્ગનું સુખ તો બાહ્ય દેખાવમાં સુખાભાસ તુલ્ય છે, પરિણામે દુ:ખરૂપ છે એટલે તેને મુખ્યફળ માનવાની જરૂર જ નથી. અનાજ પકાવવાના ઉદ્દેશથી થતી ખેતીમાં જેમ ઇચ્છા ન હોવા છતાં પણ બિનજરૂરી ઘાસ પણ ઉત્પન્ન થઈ જાય છે તે જ રીતે બાહ્ય ચારિત્ર ક્રિયાથી આનુષંગિક સ્વર્ગસુખની પ્રાપ્તિ માનવામાં દોષને કોઈ અવકાશ નથી. ॥૬૬॥

**स्वानुकूलां क्रियां काले ज्ञानपूर्णोप्यपेक्षते ।**
**प्रदीपः स्वप्रकाशोऽपि तैलपूर्त्यादिकं यथा ।।३।। (ज्ञानसार ९/३)**

જેમ દીવો પોતે સ્વપ્રકાશરૂપ છે, તો પણ તેલ પૂરવા વગેરે ક્રિયાની અપેક્ષા રાખે છે, તેમ પૂર્ણજ્ઞાની પણ અવસરે સ્વભાવરૂપ કાર્યને અનુકૂળ ક્રિયાની અપેક્ષા રાખે છે (અર્થાત્ પૂર્ણજ્ઞાનીને પણ અવસરે સ્વભાવને અનુકૂળ ક્રિયાની આવશ્યક્તા છે.)

## ઉપદેશ ૧૮ - સમ્યગ્દષ્ટિ-મિથ્યાદષ્ટિના સુખદુઃખનો વિચાર

वस्तुतो नेदं सुखमपीति द्रढयति–

શ્લોક ૬૭માં 'ગ્રૈવેયક વગેરે આનુષંગિક સુખો ખરેખર સુખરૂપ જ નથી' - એ ભાર દઈને સૂચવે છે–

**ण य तं पि अंतरंगं अविद्धतंबे सुवण्णवण्णोव्व ।**
**विसघारिअस्स जह वा घणचन्दणकामिणीसंगो ॥ ६७ ॥**

**શ્લોકાર્થ :-** તે સુખ પણ વેધરહિત તાંબા પર સુવર્ણના ઢોળની જેમ અંતરંગ નથી. અથવા વિષવ્યાપ્ત દેહીને ઘટ્ટચંદન રસ વિલેપન અને કામિનીના સંગ તુલ્ય તે સુખ છે.॥૬૭॥

**न च तदपि** दूरभव्यादीनामाज्ञायोगजनितं ग्रैवेयकादिसुखमपि, **अंतरंगं**=अभ्यंतरपरिणामप्राप्तम्, अंतर्दारुणमिथ्यात्वकालानलज्वलितचित्ततया बहिरेव तेषामौषधपरतन्त्रस्येव भोगात् सुखस्योत्पत्तेः, तत्र दृष्टान्तमाह-**अविद्धे**=सिद्धपारदादिनाऽकृतमध्यवेधे **ताम्रे** केनचिदौषधयोगादिना बहिर्जनितः **सुवर्णवर्ण इव**=सुवर्णसदृशवर्ण इव, तदीयजीवद्रव्यताम्रस्य शुद्धाज्ञानैरन्तर्यादरसिद्धपारदेनाविद्धमध्यत्वादाज्ञाभ्यासमात्रेण च बहिरेव वेधाद् बहिरवच्छेदेनैव सुखोत्पत्तेरन्तरवच्छेदेन तदयोगात्, बहिरिन्द्रियसुखपरिणत्यांतस्तृष्णाया एवाधानात् । दृष्टान्तान्तरमाह-**यथा वा विषघारितस्य**=हलाहलव्याप्तस्य, **घनं**=बहुलं **चंदनं कामिनी** च=युवती, तयोः **संगः** सर्वांगीणसम्बन्धः, कार्ये कारणोपचारात् तज्जन्यसुखमित्यर्थः । यथाहि तस्य तदव्यक्तीभूतं व्यक्तविषवेदनाभिभूतत्वात्तत्त्वतोऽसुखमेव, तथा हि मिथ्यादृष्टेर्मिथ्यात्वविषजनिततृष्णावेदनाभिभूतत्वाच्चक्रवर्त्यादिपदवीप्राप्तावपि तत्त्वतोऽसुखमेवेत्यर्थः ॥ ६७ ॥

**(ગ્રૈવેયક વગેરેનું સુખ ઔપચારિક-આભાસિક-ક્ષણિક છે.)**

**તાત્પર્યાર્થ :-** દૂરભવ્ય, અભવ્ય વગેરે જીવોને અપ્રધાન દ્રવ્યાજ્ઞાના પાલનથી જે ગ્રૈવેયક વગેરે સુખની પ્રાપ્તિ થાય છે, તે બહિરંગ અર્થાત્ ઔપચારિક છે. પણ અંતરંગ નથી. આભ્યંતર-નિરુપાધિક પરિણામથી ઉત્પન્ન થયેલું સુખ મોક્ષસુખની જેમ અંતરંગ=તાત્ત્વિક હોય છે. જેમ શરીરના અંગેઅંગે અસહ્ય વેદના ઉદ્ભવી હોય ત્યારે લેવામાં આવેલું ઔષધ નજીવી રાહત આપે છે, વાસ્તવિક નહિ, એ જ રીતે મિથ્યાદષ્ટિ જીવના મનોવનમાં ભીષણ મિથ્યાત્વકાળરૂપી દાવાનળની જ્વાળાઓ ભડકે બળતી હોવાથી ભોગકાલે ઉત્પન્ન થતું સુખ નજીવી રાહતનો અનુભવ કરાવે પણ વાસ્તવિક નહિ. જેમ પારા ઉપર રાસાયણિક પ્રયોગો કરીને સિદ્ધ કરેલા સુવર્ણરસ દ્વારા તાંબાના અણુએ અણુને સ્પર્શ કરાયો ન હોય પરંતુ કોઈક ઔષધ વગેરેના પ્રયોગથી અથવા ઢોળ ચડાવવાની પ્રક્રિયાથી માત્ર સોનાનો ગીલેટ અથવા સોના જેવો વર્ણ ચડાવી દેવામાં આવે તો તે માત્ર

ઉપરની સપાટીને જ સ્પર્શે છે. પરંતુ અંદર તો તાંબુ ને તાંબુ જ રહે છે. એ જ રીતે નિરંતર શુદ્ધાજ્ઞાપાલનરૂપ સિદ્ધસુવર્ણ રસ દ્વારા આત્માના પ્રદેશે પ્રદેશને ભાવિત કર્યા વિના માત્ર અનધિકૃત આજ્ઞાપાલનના અભ્યાસથી જે બાહ્યેન્દ્રિયોને સુખોત્પત્તિ થાય છે તે ઉપર ઉપરના સુવર્ણ જેવા બાહ્ય ચળકાટ સમાન બહિરંગ છે પણ અંતરંગ નથી, આભાસિક છે પણ વાસ્તવિક નથી. બાહ્ય ઇન્દ્રિયોથી જે સુખ પરિણામનો અનુભવ થાય છે તેનાથી તૃષ્ણાની આગ શાંત થવાને બદલે વધારે ભભૂકી ઊઠે છે.

અથવા જેમ શરીરના રોમેરોમમાં હળાહળ ઝેર વ્યાપી ગયું હોય ત્યારે કોઈ ઘટ્ટ ચંદનનું વિલેપન કરે અથવા પ્રિય કામિનીનું દૃઢ આલિંગન કરે તો તેનાથી ઉત્પન્ન સુખનો અનુભવ થવો તો દૂર રહ્યો, ઊલટું ઝેરની વેદના જ અનુભવાય છે. તાત્પર્ય એ છે કે તે કાળે ઝેરની અસહ્ય વેદનાના અનુભવમાં ચંદન વગેરેના સ્પર્શસુખનો અનુભવ ભળી જવાના કારણે તેનો સુખરૂપે અનુભવ થવાને બદલે દુઃખરૂપે જ અનુભવ થાય છે. તેમ મિથ્યાદૃષ્ટિ આત્માના પ્રદેશે પ્રદેશે વ્યાપેલા મિથ્યાત્વના ઝેરથી ઉત્પન્ન તૃષ્ણાની વેદના એટલી ઉગ્ર હોય છે કે ચક્રવર્તી વગેરે પદવીઓનું ઉચ્ચતમ મનુષ્યભવનું પણ સુખ સુખરૂપે વેદાતું નથી. એટલે જ તે અપારમાર્થિક છે. (અતિશય તીખું મરચું ખવાઈ ગયા બાદ ઉત્પન્ન થતી બળતરાને શાંત કરવા ગોળ ખાવામાં આવે તો તેના ગળપણનો સ્વાદ આવતો નથી અને કેવળ બળતરા ચાલુ રહે છે એ રોજિંદા અનુભવનું દૃષ્ટાંત છે.) ॥ ૬૭ ॥

दृष्टान्तान्तरमाह—

શ્લોક ૬૮માં બીજાં પણ બે ઉદાહરણો ગ્રૈવેયક સુખને સુખાભાસ દર્શાવવા માટે રજુ કર્યાં છે—

**जह वा दहस्स सारय-रविकिरणकयं जलस्स उण्हत्तं ।**
**अंधो जहा ण पासई तह न कुदिट्ठी सुहं लहइ ॥ ६८ ॥**

**શ્લોકાર્થ** :- જેમ સરોવરનું પાણી શરદઋતુમાં સૂર્યના તાપથી (માત્ર સપાટી ઉપર જ) ઉષ્માવાળું થાય છે, તથા જેમ આંધળાને કશું દેખાતું નથી તેમ મિથ્યાદૃષ્ટિને પણ સુખ મળતું નથી. ॥ ૬૮ ॥

**यथा वा ह्रदस्य शारदरविकिरणकृतं** शरत्कालीनकठोरतरणिकिरणतापाहितं **जलस्योष्णत्वं,** बहिरेव हि तदुपलभ्यते, मध्ये पुनरतिशीतलभाव एव गंभीरत्वात् । एवं हि मिथ्यादृष्टेरपि वैषयिकं बहिरेव, सुखं, अलब्धमध्यपारमिथ्यात्वयोगाच्चांतःपरिणत्या दुःखमेव । दृष्टान्तान्तरमाह-**यथान्धो न पश्यति तथा कुदृष्टिर्मिथ्यादृष्टिः सुखं न लभते,** यादृशो ह्यन्धपुरुषस्य प्रासादशय्यासनवसन-वनितादिभोगोऽनुपलब्धतत्त्वरूपस्य दिदृक्षाऽपूर्त्याऽभोगप्रायः, तथा मिथ्यादृष्टेरपि राज्यादिसुख-भोगोऽपि मिथ्यात्वदोषकृतलिप्साऽपूर्त्याऽभोगप्राय एवेति भावः ।

**नन्वेव**मिच्छाऽपूर्त्या मिथ्यादृष्टेरिच्छाविच्छेदजन्यरतिरूपसुखाभावे प्रतिपाद्यमाने, सम्यग्दृष्टेरपि न कथमयं स्यात्तस्यापि लोभाऽव्यवच्छेदादिति **चेत् ? न,** तस्य तदव्यवच्छेदेऽप्यनन्तानुबन्धि-परिणामव्यवच्छेदात्तृष्णाप्राबल्यदशायामपि सूक्ष्मतया शमसुखावस्थानात्, सर्वथा तदभावाऽयोगात्, न च कादाचित्कोऽरतिपरिणामोऽप्यस्य मिथ्यादृष्टितुल्यो, नोकषायाणां कषायानुयायित्वात् । अपि च ज्ञानमूर्तिरात्मैवेष्टविषयस्पर्शं प्राप्य सुखतया परिणमते मिथ्यादृष्टिश्च ज्ञानविपर्ययात्मेति सुखविपर्ययमेव परिणमेत् । तदाहुः- [**उपदेशपदे** ४४३-४४४]

[९९]कत्थइ न नाणमेअस्स भावओ तम्मि असइभोगो वि । अंधलयभोगतुल्लो पुव्वायरिआ तहा पाहु ॥

[१००]सदसदविसेसणाओ भवहेऊ जहिच्छिओवलंभाओ । नाणफलाभावाओ मिच्छद्दिट्ठिस्स अन्नाणं ॥ इति ।

**अथ** दुष्टावधारणत्वात्तज्ज्ञानस्य विपरीतत्वेऽपि तत्सुखस्याऽतथात्वात् कथं विपरीतत्वमिति **चेत् ? न,** सुवर्णघटापेक्षया मृन्मयघट इव कूटदलपरिणामत्वरूपस्यैव वैपरीत्यस्य संभवात् ॥६८॥

**(ઇન્દ્રિયજન્ય સુખની દુખરૂપતા)**

**તાત્પર્યાર્થ** :- શરદઋતુમાં વાતાવરણની રજ જમીન પર બેસી જાય છે અને સૂર્યનું તેજ વધે છે એટલે તેનાં કિરણોનો તાપ પણ પ્રખર હોય છે એ તાપથી સરોવરનાં પાણીની સપાટીમાં ઉષ્મા ઉત્પન્ન થઈ જાય છે. પરંતુ ઊંડાણ ઘણું હોય તો નીચેનું પાણી ઠંડું જ રહે છે. એ જ રીતે મિથ્યાદષ્ટિને બાહ્ય ઈન્દ્રિયો અને વિષયોના સંપર્કથી બાહ્ય ઈન્દ્રિયરૂપ સપાટીમાં જે સુખ ઉત્પન્ન થાય છે તે અંતરાત્મામાં થતું નથી, કારણ કે તેના આત્મામાં અપાર અને ઘોર મિથ્યાત્વનું ઊંડાણ છે કે જેમાં દુઃખ સિવાય બીજું કાંઈ છે જ નહિ, એટલે બાહ્યેન્દ્રિયોરૂપ સપાટી પરનું સુખ પણ આંતરિક પરિણતિને આશ્રયીને દુઃખરૂપે પરિણમે છે.

આંધળો માણસ સર્વશ્રેષ્ઠ રાજમહેલમાં રહેતો હોય, મખમલની પથારી અને ગાલીચા તથા રેશમી વસ્ત્રો અને સ્ત્રી વગેરેનો ઉપભોગ કરે, તો પણ નેત્રના અભાવમાં તે બધાના રૂપના દર્શનના અભાવમાં સંપૂર્ણ ઇચ્છાપૂર્તિ ન થતી હોવાથી (એટલે કે અધૂરી જ રહી ગયેલી જોવાની તીવ્ર ઇચ્છાની આકુળતા રહેતી હોવાથી) ઉપભોગજનિત સુખનો યથાર્થ અનુભવ કરી શકાતો નથી. ઉપભોગ પણ એને માટે અનુપભોગ તુલ્ય થઈ જાય છે, એ જ રીતે રાજય વગેરેના સુખનો ઉપભોગ હોવા છતાં પણ મિથ્યાદષ્ટિજીવને મિથ્યાત્વદોષરૂપ અંધાપાને કારણે ઇચ્છાપૂર્તિ ન થતી હોવાથી તે બધું જ ભોગવવા છતાં પણ ન ભોગવ્યા જેવું થઈ જાય છે.

**શંકા** :- મિથ્યાદષ્ટિની જેમ સમ્યગ્દષ્ટિ જીવને પણ લોભકષાયનો વિચ્છેદ થતો ન

---

९९ कथ्यते न ज्ञानमेतस्य भावतस्तस्मिन्नसकृद्भोगोऽपि । अन्धलकभोगतुल्यः पूर्वाचार्यास्तथा प्राहुः ॥

१०० सदसदविशेषणात् भवहेतुर्यादृच्छिकोपलम्भात् । ज्ञानफलाभावाद् मिथ्यादृष्टेरज्ञानमिति ॥

હોવાથી ઇચ્છા અતૃપ્ત જ રહે છે. ઇચ્છા અતૃપ્ત રહેવાના કારણે મિથ્યાદષ્ટિને જો ઇચ્છા-ક્ષયજન્યરતિ (નોકષાય) સ્વરૂપ સુખનો અભાવ હોય તો સમ્યગ્દષ્ટિને પણ કેમ ન હોય ?

### (અનંતાનુબંધી કષાયથી તૃષ્ણાની કાતીલ પીડા)

**સમાધાન** :- લોભાદિ ચારેય કષાયના ચાર પ્રકાર છે. (૧) અનંતાનુબંધી (૨) અપ્રત્યાખ્યાન (૩) પ્રત્યાખ્યાન (૪) સંજ્વલન. આ ચારેયમાં અનંતાનુબંધી પ્રબળ છે. સમ્યગ્દષ્ટિ આત્માને સંપૂર્ણ લોભવિચ્છેદ ન હોવા છતાં પણ અનંતાનુબંધી લોભનો વિચ્છેદ હોવાથી, અનંતાનુબંધી લોભજનિત અત્યુગ્ર તૃષ્ણાની પીડા તેને હોતી નથી. એટલે અપ્રત્યાખ્યાનાદિ લોભજનિત તૃષ્ણા ક્યારેક પ્રબળ અવસ્થામાં જાગ્રત હોય તો પણ અનંતાનુબંધી કષાયના ઘરની ન હોવાથી અંતરમાં એને અંશે-સૂક્ષ્મરૂપે ઉપશમ સુખનું સંવેદન હોય છે, એટલે રતિરૂપ સુખનો પણ સર્વથા અભાવ હોતો નથી. જ્યારે મિથ્યાદષ્ટિને અનંતાનુબંધી લોભકષાયનો વિચ્છેદ ન હોવાથી સુખનો લેશ પણ હોતો નથી. સંભવ છે કે ક્યારેક સમ્યગ્દષ્ટિને પણ તીવ્ર અરતિ થાય પણ એય મિથ્યાદષ્ટિ જેવી પ્રબળ તો નહિ જ, કારણ કે અરતિ વગેરે નોકષાય કષાયોના અનુગામી હોય છે. અનંતાનુબંધી કષાય સમ્યગ્દષ્ટિને ન હોવાથી તદનુગામી અરતિ પણ ન હોય તે સ્વાભાવિક છે.

### (મિથ્યાદૃષ્ટિનું જ્ઞાન પણ અભિશાપ સ્વરૂપ છે.)

વળી, સમ્યગ્દષ્ટિનું જ્ઞાન સમ્યગ્ જ્ઞાન સ્વરૂપ હોવાથી સમ્યગ્જ્ઞાનમૂર્તિ આત્મા ઇષ્ટ વિષયોના સંપર્કથી સુખરૂપે જ પરિણમે જ્યારે મિથ્યાદષ્ટિનું જ્ઞાન ગાઢ અજ્ઞાન સ્વરૂપ હોવાથી અજ્ઞાનમૂર્તિ મિથ્યાદષ્ટિ આત્મા ઇષ્ટ વિષયના સંપર્કમાં પણ દુઃખ રૂપે જ પરિણમે તેમાં શું આશ્ચર્ય !? જેવું ઉપાદાન તેને અનુરૂપ જ તેનો પરિણામ હોય. **ઉપદેશપદ શાસ્ત્રમાં** કહ્યું છે કે-

"મિથ્યાદષ્ટિને કોઈપણ વિષયનું સમ્યગ્જ્ઞાન હોતું નથી. તે ન હોવાના કારણે તેના ભોગ પણ અંધ પુરુષના ભોગ તુલ્ય છે." પૂર્વાચાર્યોએ (શ્રી જિનભદ્રગણી ક્ષમાશ્રમણ વગેરેએ વિશેષા. ભાષ્ય વગેરેમાં) કહ્યું છે કે-(૧) મિથ્યાદષ્ટિને સત્પદાર્થ અને અસત્ પદાર્થ મધ્યે તફાવતનું ભાન ન હોવાથી, (૨) તેનું જ્ઞાન ભવવર્ધક હોવાથી, (૩) દરેક વિષયનું જ્ઞાન મનફાવતા ઢંગનું હોવાથી અને (૪) (વિરતિરૂપ) ફળનો ઉદ્ગમ ન હોવાથી મિથ્યાદષ્ટિનું સઘળું જ્ઞાન અજ્ઞાન છે.'

**શંકા** :- મિથ્યાદષ્ટિનું જ્ઞાન તો સદોષ અવધારણ (=એકાન્ત) ગર્ભિત હોવાથી વિપરીત કહેવામાં બાધ નથી. પરંતુ તેના ઐન્દ્રિયક સુખમાં એકાન્તગર્ભિતતા અસંભવિત હોવાથી તેના સુખને વિપરીત કહેવાનું શું પ્રયોજન ?

**સમાધાન :-** જેમ કોઈ એક પ્રસંગવિશેષમાં જ્યાં સુવર્ણના જ ઘટની અપેક્ષા છે, ત્યાં માટી જેવા હલકા દ્રવ્યથી બનાવેલ ઘડો હાજર કરવામાં આવે તો ઉદ્વેગકારક થાય છે, તેમ મિથ્યાદૃષ્ટિ જેવા અધમ આત્માનું સુખ પણ માટી જેવા હલકા દ્રવ્યના પરિણામ (ઘટ) સ્વરૂપ હોવાથી તેને વિપરીત કહેવું યથાર્થ જ છે. ॥૬૮॥

उक्तार्थपरिज्ञानार्थमेव सम्यग्दृष्टिसुखस्वरूपं निरूपयति–

**(સમ્યગ્દૃષ્ટિનું સુખ સ્વાધીન-સહજ-અકથ્ય)**

મિથ્યાદૃષ્ટિ આત્માનું ભોગસુખ પણ દુઃખરૂપ છે. જ્યારે સમ્યગ્દૃષ્ટિ આત્માને સૂક્ષ્મ પ્રશમ સુખનો અનુભવ છે, એમ કહી ગયા. એનું વધુ સ્પષ્ટીકરણ કરવા માટે સમ્યગ્દૃષ્ટિનું સુખ કેવું હોય છે તેની સુંદર રજુઆત શ્લોક ૬૯માં કરી છે–

**साभाविअं खलु सुहं आयसभावस्स दंसणेऽपुव्वं ।**
**अणहीणमपडिवक्खं सम्मद्दिट्ठिस्स पसमवओ ॥ ६९ ॥**

**શ્લોકાર્થ :-** પ્રશમમગ્ન સમ્યગ્દૃષ્ટિ આત્માને આત્મસ્વરૂપના દર્શનથી અનુભવાતું અપૂર્વ સુખ સ્વાભાવિક હોવાથી અપરાધીન અને વિપક્ષરહિત હોય છે. ॥૬૯॥

**स्वाभाविकं** अविकृताभ्यन्तरपरिणतिप्रादुर्भूतम् **खलु**-निश्चये **सुखं आत्मस्वभावस्य दर्शने**=निखिलपरद्रव्यव्यावृत्तस्वत्वरूपस्य विगलितवेद्यान्तरानुभवे, **अपूर्वं**=प्रागप्राप्तजातीयं, सदा शैवलपट-लाच्छन्नहृदजलचारिणो मीनस्य कदाचित्तद्विलये राकाशशांकदर्शनजनितसुखतुल्यम् । तद्धि तन्मात्र-प्रतिबन्धविश्रान्तचित्ततयाऽत्युत्कटपरिणतिकत्वेनेतरसुखातिशायि, तथा **अनधीनं**-अपरायत्तं निरन्तर-स्वपरिणतिधारापतितत्वादित्थमपीतरकारणस्पृहौत्सुक्याभावादितरसुखातिशायित्वमव्याहतम् । तथा **अप्रतिपक्षं**, दुःखोपनिपातेऽपि स्वभावभावनाबलेनान्तरव्याहतत्वात्, इत्थमप्यन्यातिशायित्वं स्पष्टमेव। कस्येत्याह-**सम्यग्दृष्टेः प्रशमवतो**ऽनन्तानुबन्धिविलयप्रादुर्भूतप्रशमगुणभाजः ॥६९॥

**તાત્પર્યાર્થ :-** જે સુખ આત્માના અંતરંગ સ્વચ્છ પરિણામ વિકૃત થયા વિના અનુભવાય તે સુખ સ્વાભાવિક કહેવાય. અનંતાનુબંધી કષાયનો વિલય થઈ જતાં સમ્યગ્દૃષ્ટિ બનેલા આત્માના પ્રશમગુણની સુવાસ પથરાઈ જાય છે. ત્યારે આત્મસ્વરૂપનું નિર્ભેળ દર્શન થાય છે. તેમાં સકલ પરદ્રવ્યથી વિલક્ષણરૂપે માત્ર સ્વસ્વરૂપની જ અનુભૂતિ હોય છે. તેમાં અન્ય કોઈ વેદનીય વિષયના અનુભવનું મિશ્રણ હોતું નથી. આવા પ્રકારના આત્મદર્શન માટે મુમુક્ષુ આત્માઓની તીવ્ર ઝંખના હોય છે. ગ્રન્થી ભેદાઈ જતાં સમ્યગ્દર્શનના પ્રગટીકરણ સાથે જેની ઝંખના હતી એ આત્મદર્શન પ્રગટ થવાથી પૂર્વે ક્યારેય ન અનુભવ્યો હોય તેવો અપૂર્વ અને સ્વાભાવિક આનંદનો પ્રાદુર્ભાવ થાય છે. અપૂર્વ આનંદની અનુભૂતિમાં મીન=મત્સ્યનું ઉદાહરણ સુંદર છે; એકાંત જંગલમાં ચારેબાજુ

ગીચ ઝાડીની વચમાં એક સરોવર રહેલું છે. સ્થળચર પ્રાણીઓની અવરજવર ન હોવાથી પાણીની સપાટી પર લીલ અને સેવાળના થરના થર બાઝી ગયા છે. સરોવરના ઊંડા પાણીમાં સ્વચ્છપણે અનેક જળચર પ્રાણીઓ સ્વૈરવિહારની મઝા માણી રહ્યા છે. એકવાર પૂર્ણિમાની રાત્રે ચંદ્ર સોળે કળાએ ખીલ્યો છે. અચાનક વૃક્ષ ઉપરથી એક નાનું ફળ સરોવરમાં તૂટી પડ્યું. સેવાળના થરમાં બાકોરું પડ્યું. નીચેથી પસાર થઈ રહેલા એક માછલાની તે બાકોરા તરફ નજર ગઈ. બાકોરામાંથી ડોકું બહાર કાઢતાની સાથે જ પૂર્વે ક્યારેય ન જોયેલા સોળે કળાએ ખીલેલા પૂર્ણચંદ્રના અદ્ભુત દશ્યને જોઈને હૈયું નાચી ઊઠ્યું, અપૂર્વ આહ્લાદ પ્રગટ્યો. મિથ્યાત્વના પડળમાં બાકોરું પડતાં સમ્યગ્દષ્ટિ આત્માને પણ આના કરતાં કેઈ ગુણો ઊંચો આત્મચંદ્રદર્શનનો આનંદ અને આહ્લાદ પ્રગટ થાય છે.

**(આત્મદર્શનના સુખની શ્રેષ્ઠતા-ઉત્તમતા)**

આ આત્મદર્શનનું સુખ બીજા ભૌતિક સુખ કરતાં ચઢિયાતું હોય છે, કારણ કે તે સુખની અનુભૂતિકાળે મુમુક્ષુ આત્માનું ચિત્ત માત્ર એક આત્મામાં જ પ્રતિબદ્ધ=તલ્લીન થઈ ગયું હોય છે. જાણે કે અનાદિકાળના પર દ્રવ્યમાં કરેલા પરિભ્રમણથી થાકીને આત્મશય્યામાં વિશ્રામ ન કરી રહ્યું હોય ! વળી, તે કાળે આત્માની શુભ પરિણતિમાં પણ ઉત્કટતા-તીવ્રતા આવે છે. મિથ્યાદષ્ટિને ભૌતિક સુખના અનુભવકાળે આત્માની અશુભપરિણતિરૂપ વિઘ્ન ઉત્કટ હોવાથી તે સુખના અનુભવમાં જોઈએ તેવો રંગ જામતો નથી. જ્યારે આત્મદર્શન-જનિત સુખાનુભવમાં તે વિઘ્ન ન હોવાથી નિર્ભેળપણે તેનો આનંદ અનુભવી શકાય છે.

વળી, આત્મદર્શનજનિત સુખ અપરાધીન હોય છે. આત્મામાં અવિચ્છિન્નપણે વહેતી સ્વચ્છ અને સ્વાભાવિક પરિણામોની ધારામાંથી અન્યકારણનિરપેક્ષપણે પ્રગટ થતું હોવાથી આ સુખ સંપૂર્ણપણે સ્વાધીન હોય છે. આ રીતે સુખનાં અન્ય કારણો, ભૌતિક સામગ્રીની ઝંખના અને ત્વરા-ઉત્સુકતા રૂપ વ્યાકુળતા ન હોવાથી અન્ય ભૌતિક સુખો કરતાં આ સુખનું ચઢિયાતાપણું અબાધિત રહે છે.

વળી આ સુખમાં કોઈ પ્રતિપક્ષ=વિપક્ષ ન હોવાથી તે નિર્વિઘ્ને અનુભવાય છે. વિપક્ષભૂત દુઃખ ઉપસ્થિત થવા છતાં પણ આત્મસ્વરૂપ અને સદ્ગુણોની ભાવના-ચિંતન-મનન વગેરેના બળે અંતરાત્મામાં અનુભવાતા આ સુખમાં કોઈ વિપરીત અસર ઉદ્ભવતી નથી. એટલે આ રીતે પણ આ સુખનું અન્ય ભૌતિક સુખો કરતાં ચઢિયાતાપણું સ્પષ્ટ છે.॥૬૯॥

स्वाभाविकसुखस्य बाह्यकारणानपेक्षायां दृष्टान्तमाह—

શ્લોક ૭૦માં ઉદાહરણ સાથે સ્વાભાવિક સુખની બાહ્યકારણનિરપેક્ષતાનું સમર્થન કર્યું છે.

**तिमिरहरा जइ दिट्ठी जणस्स दीवेण णत्थि कायव्वं ।**
**तह सोक्खं सयमाया विसया किं तत्थ कुव्वंति ॥ ७० ॥** [प्र०सा० १-६७]

**શ્લોકાર્થ** :- જે મનુષ્યની દૃષ્ટિમાં જ અંધકારથી અપ્રતિહત શક્તિ વસેલી છે તેને દીવાની જરૂર નથી. તે જ રીતે આત્મા સ્વયંસુખમાં પરિણમ્યો તેને વિષયો શું કરે ? ॥૭૦॥

**तिमिरहरा** स्वत एवान्धकारनिकुरंबप्रसरेऽप्यलुप्तशक्तिका **यदि दृष्टिर्जनस्य** तदा **दीपेन नास्ति कर्त्तव्यं**=प्रयोजनं, तिमिरनाशमात्रप्रयोजनत्वात्तस्य । तथा **स्वयमेवात्मा सौख्यं**=सुखपरिणतो यदि सम्यग्दर्शनप्रभवप्रशमपरिष्कृतत्वात्तदा **विषयाः किं तत्र** आत्मनि **कुर्वन्ति**, तत्कार्यस्य स्वत एव जातत्वात् । इयं च **प्रवचनसार**सम्बन्धिनी गाथा [१-६७] प्रकृतोपयोगिनीति चात्र लिखिता ॥७०॥

**(અંતરંગ સુખ માટે વિષયસંપર્ક બિનજરૂરી)**

**તાત્પર્યાર્થ** :- અમાસની કાજળશ્યામ રાત્રિમાં સ્વચ્છંદપણે ગાઢ અંધકારનો સમૂહ વ્યાપેલો હોય ત્યારે પણ જે મનુષ્યની દર્શનશક્તિને વિઘાતક અસર થતી નથી પરંતુ નિર્બાધપણે દિવસની જેમ બધું જોઈ શકે છે તેને રાત્રે જોવા માટે દીવાની જરૂર રહેતી નથી. અંધકારથી નેત્રની દર્શનશક્તિને બાધ પહોંચતો હોય તો તેને દૂર કરવા માટે દીવાનું પ્રયોજન હોય. (પ્રસ્તુતમાં મૂળશ્લોકમાં તિમિરહરા શબ્દથી અંધકારનું હરણ કરનાર એવો અર્થ ભાસતો હોવા છતાં પણ ટીકામાં એવો અર્થ ન કરતાં 'ગાઢ અંધકારમાં પણ અબાધિત દર્શન શક્તિમત્તા' એવો અર્થ કરવામાં આવ્યો છે. ચાહે દૃષ્ટિ તિમિરની નાશક હોય કે તિમિરના સદ્ભાવમાં પણ જોઈ શકવાની અકુંઠિત શક્તિવાળી હોય, દીવાની જરૂર તો ન જ રહે એ તાત્પર્યમાં કાંઈ ફરક પડતો નથી.)

ઉપરોક્ત ઉદાહરણની જેમ બાહ્ય વિષયોના સંપર્કરૂપી સાકરના મિશ્રણથી ઔપાધિક સુખરૂપ માધુર્ય પ્રગટ થવાને બદલે આત્મારૂપી જળ સ્વયં સમ્યગ્દર્શનજનિત પ્રશમ ગર્ભિત મધુર અમૃતરસ સ્વરૂપ સ્વાભાવિક સુખમાં પરિણત થઈ જાય તો પછી સુખ માટે બાહ્ય વિષયોના સંપર્કની કોઈ જરૂર ખરી ? કારણ કે તેનું કાર્ય તો તેના વિના જ સિદ્ધ થઈ ચૂક્યું છે. ઔષધ વિના જ દરદી સંપૂર્ણ સાજો થઈ ગયો પછી કડવી કે ગળી દવાઓ કોણ ગળે ? પ્રસ્તુત ૭૦મી ગાથા **'પ્રવચન સાર'** ગ્રંથમાંથી પ્રસ્તુતમાં ઘણી ઉપયોગી હોવાથી અક્ષરશઃ ઉદ્ધૃત કરવામાં આવી છે. ॥૭૦॥

एवमस्याभ्यन्तरसुखे मिथ्यात्वक्षयोपशमादिजन्यज्ञानपरिणामरूपे मानसे प्रवर्त्तमाने कायिकादिकं बाह्यं सुखं कथं स्यादित्याह–

સમ્યગ્દષ્ટિ આત્માને જ્યારે મિથ્યાત્વના ક્ષયોપશમ વગેરેથી જ્ઞાનપરિણામ સ્વરૂપ માનસિક આભ્યંતર સુખ પ્રગટતું હોય છે, ત્યારે શારીરિક બાહ્ય સુખનું શું થાય છે ? તે કેવું હોય છે ? આ જિજ્ઞાસાનું સમાધાન શ્લોક-૭૧ માં પ્રસ્તુત કર્યું છે–

**अंतरधारालग्गे सुहम्मि बज्झं पि सुक्खमणुवडइ ।**
**जह नीरं खीरम्मि णिच्छयओ भिन्नरूवं तु ॥ ७१ ॥**

**શ્લોકાર્થ :-** અંતરધારાબદ્ધ સુખમાં બાહ્યસુખ પણ તદાકાર થઈ ભળી જાય છે. દા.ત. દૂધમાં પાણી. જો કે નિશ્ચયથી તો બન્ને ભિન્ન સ્વરૂપ છે. ॥૭૧॥

**अंतरधारालग्ने**=मानसपरिणतिसंततिपतिते **सुखे, बाह्यमपि** स्रक्चंदनांगनासंगादिजनितं बहिर्विच्छिन्नमपि **सौख्यमनुपतति**=एकसंतानगततया ऐक्यपरिणामं बिभर्ति, दृष्टान्तमाह-**यथा क्षीरे नीरं निश्चयत:**=परमार्थग्राहिनयमतेन **भिन्नरूपं तु**=भिन्नस्वभावमेव एकाश्रययोरपि रूपरसयोरिव बाह्यान्तरसुखपरिणामयोर्विलक्षणत्वात्, सादृश्यमात्रेणैकत्वव्यवहारात् 'कथमुभयोरेकदावस्थानमिति' चेत् ? बहिरन्तरवच्छेदभेदादनुभवसिद्धं चैतदिति विवेचितमिदमन्यत्र ॥७१॥

**(અંતરંગ સુખમાં બાહ્ય સુખનું જોડાણ)**

**તાત્પર્યાર્થ :-** બહિરંગાવચ્છિન્ન એટલે કે બાહ્યશરીરભાગ અને બાહ્યઇન્દ્રિયને આશ્રયીને ઉત્પન્ન થતું, પુષ્પમાલા-ચંદનવિલેપન-વનિતાસંગ ઇત્યાદિ બાહ્ય સામગ્રી-જન્યસુખ, માનસિક પરિણામ સ્વરૂપ સુખના પ્રવાહમાં ભળી જઈને એકપ્રવાહરૂપ બની જવાથી તદાકાર પરિણામને ધારણ કરે છે. ઘણા દૂધમાં થોડું પાણી ભળી જાય તો તેની પૃથગ્ ઉપલબ્ધિ થતી નથી. પરંતુ રૂપ-રસ વગેરે બધી રીતે દૂધ રૂપે જ પીવામાં આવે છે, અર્થાત્ દૂધરૂપે જ પરિણમી જાય છે. જો કે પરમાર્થગ્રાહી નિશ્ચયનયના મતે ત્યાં પણ દૂધ જુદું છે અને પાણી જુદું છે; તેમ બાહ્યસુખ અને આંતરિકસુખ અલગ અલગ જ છે. એક જ આધારમાં બન્ને ભેગાં થઈ જવા છતાં પણ જેમ રૂપ અને રસનું સ્વતંત્ર અસ્તિત્વ હોય છે તે જ રીતે બાહ્યસુખ અને આંતરસુખ પણ ભિન્ન ભિન્ન જ હોય છે. છતાં પણ ઘણા અંશે સરખાપણું હોય ત્યારે એકતાના વ્યવહારમાં પણ કોઈ દોષ નથી. અર્થાત્ બાહ્યસુખ અંતરસુખમાં ભળી જઈને તદાકાર બની જાય છે તેમ કહેવામાં કોઈ બાધ નથી.

**પ્રશ્ન :-** એક જ આશ્રય આત્મામાં પરસ્પર વિરૂદ્ધ બાહ્યસુખ અને આંતરિક સુખનું સમાનકાળે અવસ્થાન કઈ રીતે હોઈ શકે ?

**(બાહ્ય-અંતરંગ સુખનું સહાવસ્થાન અવિરુદ્ધ)**

**ઉત્તર :-** જેમ એક જ આશ્રયરૂપ વૃક્ષમાં શાખાની અપેક્ષાએ કપિસંયોગ અને મૂળભાગની અપેક્ષાએ કપિસંયોગાભાવનું એક જ કાળે સહાવસ્થાન અવિરુદ્ધ છે, એ જ રીતે બાહ્ય ઇન્દ્રિયાદિની અપેક્ષાએ એક જ આત્મામાં બાહ્યસુખ અને અન્તઃકરણ (મન)ની અપેક્ષાએ અંતરસુખનું સહાવસ્થાન એક જ કાળમાં હોવામાં કોઈ વિરોધ નથી. આન્તરસુખની સાથે સાથે તીર્થંકર વગેરેની મધુર દેશનાના શ્રવણેન્દ્રિય સંબદ્ધ આત્મપ્રદેશો

દ્વારા શબ્દગત માધુર્યનાં સંવેદન સ્વરૂપ બાહ્યસુખ પણ અનુભવાય છે. આ વિષયમાં વિશેષ સ્પષ્ટીકરણ અન્ય ગ્રંથોમાં કરવામાં આવ્યું છે. ॥૭૧॥

इत्थं च विलक्षणमिदमाभ्यन्तरं सुखं नास्ति मिथ्यादृशां, तत्सम्पर्काभावाच्च बाह्यमपि न तादृशमिति निगमयन्नाह–

શ્લોક ૭૨માં પૂર્વોક્ત કથનનો સારાંશ જણાવતાં કહ્યું છે કે-'વિશિષ્ટ એવું અભ્યન્તર માનસિક સુખ મિથ્યાદષ્ટિને હોતું નથી. અંતરસુખના પ્રવાહ સાથે સંપર્ક ન હોવાથી તેનું બાહ્યસુખ પણ સમ્યગ્દષ્ટિના બાહ્યસુખ સમાન હોતું નથી.

**ण य एयं अण्णेसिं बज्झं पि न हंदि तेण तत्तुल्लं ।**
**उत्तमसंगविसेसा तणं हि कणगं सुरगिरिंमि ॥ ७२ ॥**

**શ્લોકાર્થ :-** તે આંતરસુખ અન્ય=મિથ્યાદષ્ટિઓને હોતું નથી તે કારણે બાહ્યસુખ પણ તેને સમ્યગ્દષ્ટિ જેવું હોતું નથી. ઉત્તમ પદાર્થના સંગવિશેષથી મેરુગિરિ પર રહેતું તૃણ પણ સુવર્ણ કહેવાય છે. ॥૭૨॥

**न चैतत्** आभ्यन्तरं सुखं **अन्येषां**=मिथ्यादृशाम्, तथा क्षयोपशमाभावात्, तेन=आभ्यन्तरसुखाभावेन, **हंदी**त्युपदर्शने **बाह्यमपि न तत्तुल्यं**=न सम्यग्दृष्टिबाह्यसुखतुल्यम् । अविशिष्टे विशिष्टसंगजनितवैशिष्ट्ये दृष्टान्तमाह-**तृणं हि** सुरगिरावुत्तमसंगविशेषात् कनकमिति व्यपदिश्यते, एवं बाह्यसुखमपि विशिष्टान्तरसुखसंवेधादेव विशिष्येत, न चैवं मिथ्यादृष्टावस्तीति कथं तत्सुखं विशिष्यताम् ! युक्तं चैतत्, इत्थमेव तद्धेतुपुण्यप्रकृतिभेदोपपत्तेः । तदेवमकालप्रयोगाद्भवदपि मिथ्यादृशां ग्रैवेयकादिसुखं न तत्त्वतः सुखमित्युपपन्नम् ॥ ७२ ॥

**(મિથ્યાદૃષ્ટિ અને સમ્યગ્દૃષ્ટિના બાહ્યસુખમાં પણ અંતર)**

**તાત્પર્યાર્થ :-** મિથ્યાદષ્ટિ જીવોને મિથ્યાત્વમોહનીય વગેરે કર્મોનો અનુકૂળ ક્ષયોપશમ ન હોવાથી તેઓના અંતરાત્માથી જે માનસિક ઉપશમ ભાવનું સુખ હોવું જોઈએ તે તો હોતું જ નથી. મિથ્યાદષ્ટિ આત્માઓને તે ન હોવાના કારણે સમ્યગ્દષ્ટિ આત્માને જે પ્રકારનું બાહ્યસુખ હોય છે તેવું બાહ્યસુખ પણ મિથ્યાદષ્ટિઓ વેદી શકતા નથી. વિશ્વમાં કેટલાય પદાર્થો એવા હોય છે કે જે અન્ય વિશિષ્ટ પદાર્થના સંસર્ગથી જ સારા ભાસતા હોય છે. જેમ કમલદલાગ્રઅવસ્થિત જળબિન્દુ જેટલું સુશોભિત દેખાય છે તેટલું અન્યત્ર સુશોભિત લાગતું નથી. મેરુપર્વત સુવર્ણમય હોવાના કારણે તેના ઉપર ઊગી નીકળેલું ઘાસ પણ સુવર્ણના દેખાવવાળું ભાસતું હોવાથી સુવર્ણ શબ્દથી સંબોધિત થાય છે. બાહ્યસુખ પણ વિશિષ્ટ પ્રકારના અંતરંગસુખના સંપર્કવિશેષથી જ સુખરૂપે વેદાતું હોય છે. પણ મિથ્યાદષ્ટિને તો તે છે નહિ એટલે બાહ્યસુખની સામગ્રીના સદ્ભાવમાં પણ તે કઈ રીતે સુખને સુખરૂપે અનુભવી શકે ?

**(મિથ્યાદૃષ્ટિનો પુણ્યબંધ પણ પ્રાયઃ પાપાનુબંધી)**

ઉપરોક્ત નિરૂપણ બિલકુલ બરાબર છે. મિથ્યાદષ્ટિ જે પુણ્યપ્રકૃતિઓનો બંધ કરે છે તે લગભગ પાપાનુબંધી હોય છે. એ જ રીતે પ્રાયઃ મિથ્યાદષ્ટિને બંધાતું પાપ પાપાનુબંધી તથા સમ્યગ્દષ્ટિને બંધાતું પાપ પુણ્યાનુબંધી હોય છે. સમ્યગ્દષ્ટિ અને મિથ્યાદષ્ટિ વચ્ચે આ જાતના બંધમાં પડતા તફાવતના હેતુ વિચારતાં સ્પષ્ટ જણાય છે કે સમ્યગ્દષ્ટિ જીવ બાહ્ય સુખ ભોગવતો હોવા છતાં પણ અંતરંગ સુખ સંપર્કના કારણે તે સમયે પાપ કે પુણ્ય બંધાય તો પણ પ્રાયઃ પુણ્યાનુબંધી, જ્યારે મિથ્યાદષ્ટિ જીવને અંતરંગ સુખ સંપર્કના અભાવમાં બાહ્યસુખના ભોગ સમયે પાપ કે પુણ્ય બંધાય તો પણ પ્રાયઃ પાપાનુબંધી.

ઉપરોક્ત સમસ્ત કથનથી એ ફલિત થાય છે કે મિથ્યાદષ્ટિ આત્માને અકાળે આજ્ઞા-ઔષધના સેવનથી પ્રાપ્ત થતા ગ્રૈવેયકનાં સુખો પણ પરમાર્થથી સુખરૂપ નથી પણ દુઃખરૂપ છે. અંતરમાં અનેક ચિંતાઓ અને દુઃખના ધસમસતા વહેતા પ્રવાહમાં મિથ્યાદષ્ટિનું બાહ્યસુખ પણ ભળી જઈને દુઃખરૂપે પરિણમી જાય છે. શ્રીમદ્ ઉપાધ્યાયજી મહારાજે સમ્યક્ત્વની સજ્ઝાયમાં કહ્યું છે કે-'જિમ જલધિજળમાં ભળ્યું ગંગાનીર લુણપણું લહે.' ॥૭૨॥

**पुद्गलैः पुद्गलास्तृप्तिं यान्त्यात्मा पुनरात्मना ।**
**परतृप्तिसमारोपो ज्ञानिनस्तन्न युज्यते ।।५।। (ज्ञानसार १०/५)**

પુદ્ગલો વડે પુદ્ગલો ઉપચયલક્ષણ તૃપ્તિ પામે છે. વળી આત્મગુણ પરિણામથી આત્મા તૃપ્તિ પામે છે. તે કારણથી પર-પુદ્ગલની તૃપ્તિનો સમારોપ-આત્મામાં ઉપચાર અભ્રાન્ત જ્ઞાનવન્તને ઘટતો નથી. અન્ય દ્રવ્યનો ધર્મ પરમાં-અન્યમાં આરોપે તે સમ્યગ્જ્ઞાની કેમ કહેવાય ?

## ઉપદેશ ૧૯ - અભિગ્રહ : મુમુક્ષુઓનું નિત્ય કર્ત્તવ્ય

अथोपसंहरन्नाह–

**णाऊण इमं सम्मं आणाजोगे पवट्टए मइमं ।**
**तिव्वाभिग्गहधारी रक्खंतो ते सुपरिसुद्धे ॥ ७३ ॥**

**શ્લોકાર્થ :-** આ વધુ સુંદર રીતે જાણીને બુદ્ધિશાળીએ આજ્ઞાયોગમાં પ્રવૃત્તિ કરવી, તીવ્ર અભિગ્રહો ધારણ કરવા અને સુપરિશુદ્ધ અભિગ્રહોનું રક્ષણ કરવું. ॥૭૩॥

**ज्ञात्वा इदम**विध्यकालाभ्यां प्रयोगे महादोषः, **आज्ञायोगे सम्यग्**=विधिना काले च **प्रवर्त्तते**=प्रतिक्षणप्रमादलक्षणेन प्रकर्षेण वर्त्तते, **मतिमान्**=धर्मानुप्रेक्षी, अप्रमादार्थमेव तीव्रकोपवेदोदयादिकमात्मदोषं विज्ञाय क्षेत्रकालाद्यौचित्येन तन्निग्रहसमर्थवीर्ययोगे तीव्राभिग्रहधारी क्षमाशरीराप्रतिकर्मत्वाद्युत्कट्यभिग्रहणशीलः । न क्षमं हि मुमुक्षूणां क्षणमपि निरभिग्राहाणामवस्थातुं, न चाभिग्रहा ग्रहणमात्रत एव फलदायिनो भवन्ति, किन्तु परिपालनयेत्यत आह–**रक्षयन् तान्**=गृहीताभिग्रहान् **सुपरिशुद्धान्**=सर्वातिचारपरिहारेणातिनिर्मलान् ॥७३॥

### (અભિગ્રહોથી પ્રમાદ પર ઝળહળતો વિજય)

**તાત્પર્યાર્થ :-** 'અવિધિથી અને અકાળે આજ્ઞારૂપ ઔષધના સેવનથી ઘણું નુકસાન થાય છે' એ બરાબર સમજી લેવું જોઈએ અને ધર્મની અનુપ્રેક્ષામાં એટલે કે શુદ્ધ તાત્પર્ય અન્વેષક ચિંતનમાં અનુકૂળશક્તિવિશિષ્ટબુદ્ધિવાળા મહાનુભાવોએ સમ્યક્પ્રકારે વિધિપૂર્વક અને ઉચિત કાળે પ્રતિક્ષણ અપ્રમત્તપણે આજ્ઞાયોગના પાલનમાં ઉદ્યમશીલ થવાની જરૂર છે. **પ્રમાદ મનુષ્યજાતનો મહાન** શત્રુ છે. એ પ્રમાદને ખંખેરવા માટે રામબાણ ઉપાય ઉગ્રકક્ષાના અભિગ્રહોનું ગ્રહણ-પાલન વગેરે છે. તીવ્ર ગુસ્સો યા તીવ્ર વેદનો ઉદય વગેરે કયા દોષ પોતાને પજવે છે તે સૌ પ્રથમ જાણી લેવું જોઈએ અને પછી અનુકૂળ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનો વિચાર કરીને તે દોષના નિગ્રહ માટે સમર્થ શક્તિશાળીએ ઉચિત ધર્માનુષ્ઠાનની સાધનામાં અભિગ્રહધારી થવું જોઈએ. દા.ત. - 'ગમે તેવું ગુસ્સાનું કારણ હશે તો પણ હું ક્ષમા રાખીશ, અને ન રાખી શકું તો ઉપવાસ કરવો. અથવા શરીરની કોઈપણ જાતની માલીશ-પાલીશ કે શોભાદાયક સંસ્કાર, ટાપટીપ, ઠઠારો, શુશ્રૂષા વગેરે કરવા નહિ.' આવા ઉગ્ર અભિગ્રહોનું ધારણ-પાલન કરવાથી અપ્રમત્તભાવ કેળવાય છે. વળી મુમુક્ષુ આત્માઓએ ક્ષણવાર પણ અભિગ્રહ વિના રહેવું ઉચિત નથી.

### (અભિગ્રહ લેવો અઘરો : પાળવો વધારે અઘરો)

મુમુક્ષુએ ખાસ ધ્યાનમાં રાખવા જેવી બાબત એ છે કે અભિગ્રહોનું ગ્રહણ કરવા માત્રથી કલ્યાણ થઈ જતું નથી. આત્મકલ્યાણ માટે તો નાનકડા પણ અભિગ્રહને ધારણ

કર્યા પછી તેનું પરિપૂર્ણ પાલન ઘણું મહત્ત્વનું છે. માટે કહ્યું-"ગ્રહણ કરેલા અભિગ્રહોમાં કોઈપણ અતિચાર દોષો ન લાગે અને એ રીતે ઉત્તરોત્તર વિશુદ્ધ કોટીના બને તે માટે તેનું ખૂબ ખૂબ જતન કરવું." ॥૭૩॥

नन्वभिग्रहपालनेऽपि बाह्यविषयाऽसिद्धौ कथं फलप्राप्तिः स्यादित्यत आह–

**શંકા :-** અભિગ્રહો ગ્રહણ કરવા છતાં પણ જે અભિગ્રહોનો બાહ્યવિષય અસિદ્ધ છે અર્થાત્ જે વિષયના ત્યાગનો અભિગ્રહ કર્યો છે તે વિષયના સંપર્કમાં આવવાનો પ્રસંગ ઉપસ્થિત થાય તેવી શક્યતા જ ન હોય અથવા અતિ અલ્પ હોય તેવા વિષયમાં અભિગ્રહ ધારણ કરવાનું ફળ શું ? આ શંકાનું શ્લોક-૭૪માં ઉદાહરણસહિત સમાધાન કરવામાં આવ્યું છે-

**विसयम्मि अपत्ते विहु णियसत्तिप्फोरणेण फलसिद्धी ।**
**सेट्ठिदुगस्साहरणं भावेयव्वं इहं सम्मं ॥७४॥**

**શ્લોકાર્થ :-** વિષયપ્રાપ્તિ ન થવા છતાં પણ પોતાની શક્તિને ફોરવવાથી ફળસિદ્ધિ થાય છે. અહીં બે શ્રેષ્ઠીનું ઉદાહરણ બરાબર વિચારવું. ॥૭૪॥

**विषये** इष्टार्थे **अप्राप्तेऽपि** हि=प्रतिबन्धहेतोरनुपतनेऽपि हि, **निजशक्तिस्फोरणात्**=निजपराक्रमस्य नैरन्तर्येण प्रवर्त्तनात्, **फलसिद्धिः**=विपुलनिर्जरालाभः शक्त्यनिगूहनसहकृतभावस्यैव तत्त्वतः फलहेतुत्वादिष्टाप्राप्तावप्यदीनमनस्कतया शुभपरिणामानुबन्धाविच्छेदात् **इह**=प्रकृतविषये श्रेष्ठिद्विकस्य जीर्णाभिनवश्रेष्ठियुगलस्य, **आहरणं**=निदर्शनं, **सम्यग्भावयितव्यम्** । तथाहि–

**(અભિગ્રહથી વિપુલ નિર્જરા)**

**તાત્પર્યાર્થ :-** જે મનગમતા વિષયને લગતા ત્યાગનો અભિગ્રહ ધારણ કર્યો હોય, તે વિષય અંતરાયકર્મના ઉદય વગેરેને કારણે પ્રાપ્ત થવાની શક્યતા ન હોય અથવા અતિ અલ્પ હોય તો પણ તે મનગમતા વિષયનો ત્યાગ કરવા માટેના અભિગ્રહસ્વરૂપ ઉદ્યમ કરવા માટે શક્તિ ફોરવવાથી વિપુલ નિર્જરાનો લાભ થાય છે. પરમાર્થ એ છે કે ઈષ્ટ વિષય પ્રાપ્તિની શક્યતા હોય કે ન હોય, શક્તિને ગોપવ્યા વિના તેનો ત્યાગ કરવાની ભાવના જ અભિગ્રહને સફળ બનાવે છે. કારણ કે અભિગ્રહો કર્યા પછી તે મનગમતો વિષય પ્રાપ્ત ન થાય તો પણ ચિત્તમાં દૈન્યભાવનો ઉદય થતો નથી. અને તેથી શુભપરિણામની ધારા અવિચ્છિન્નપણે વહેતી રહે છે. **જીરણ શેઠ** એ **અભિનવશેઠ**ના ઉદાહરણને બરાબર વિચારવાથી પણ ઉપરોક્ત કથનનું નિર્દોષ તાત્પર્ય સમજી શકાય છે.

इह किलैकदा भगवान् श्रीमहावीरश्छद्मस्थतया विरहन् वैशाल्यां पुरि वर्षासु तस्थौ कामदेवायतने । ततश्च तं प्रतिमास्थितं मंदरमिव निःप्रकम्पं निरन्तरं लोचनगोचरीकुर्वतो **जीर्णश्रेष्ठीनो**

भक्तिरतीव प्रादुर्भूता । अन्यदा चतुर्मासकलक्षणस्य विकृष्टतपसः पारणकदिने मनोरथः प्रववृत्तेऽस्य महाभागस्य यदुत यदि भगवानद्य प्रतिलाभयति मां, तदा जनुरखिलमपि सफलं गणयामीति। एवं प्रवर्द्धमानशुभपरिणामो गृहद्वारावलोकनादिविनयपरो यावदसावास्ते तावद्भगवानप्रतिबन्धशिरोमणिरन्यत्र**अभिनवश्रेष्ठि**गृहे प्रविष्टः, दापिता च तेन स्वमाहात्म्यौचित्येन तस्मै भिक्षा । कृता च तद्गृहे संनिहितैर्जृंभकदेवैरर्हत्पारणकोचिता वसुधारावृष्टिः । ततोऽसौ लोके कृतपुण्यक इति महतीं प्रशंसा प्राप । अन्यदा **पार्श्वा**पत्यस्य केवलिनः कस्यचिदागमे तत्पुरे बहुलकुतूहलाकृष्टचेतसा लोकेन पृष्टं यदुत कतमोऽत्र पुरे कृतपुण्यो भगवन्निति, भगवता चाभिदधे **जीर्णश्रेष्ठी**ति । अत्र हि जीर्णश्रेष्ठिन इच्छारूपोऽभिग्रहः प्रवृत्तः, इच्छाप्रवृत्तिस्थैर्यसिद्धिभेदात् तस्य चतुर्द्धा परिगीतत्वात्, तदाह- [उपदेशपदे-४५६]

[१०१]"एत्थ उ मणोरहो वि य अभिग्गहो होइ णवरि विन्नेओ ।
जइ पविसइ ता भिक्खं देमि अहमिमस्स चिंतणओ ॥"

अयमपि चानवद्यः पारणकभेरीशब्दश्रवणकालं यावत्प्रवृद्धः सन् निष्ठाऽप्राप्तावपि पारम्पर्येण मोक्षफलतया संवृत्तः । इतरस्य च माहात्म्यौचित्येन दत्तदानस्याप्यभ्युत्थानादेरभावात् यादृच्छिकवसुधारादिफल एव संवृत्तः परिणाम इति ॥ ७४ ॥

## (જીરણશેઠનો મનોરથ એ જ અભિગ્રહ)

**કથાપ્રસંગ :-** એકવાર છદ્મસ્થાવસ્થામાં વિચરતા શ્રમણ ભગવાન શ્રીમહાવીરદેવ વર્ષાકાળે વૈશાલી નગરીમાં કામદેવના દેવળમાં પધાર્યા. ચારે માસ નિર્જળ ઉપવાસના અભિગ્રહસ્વરૂપ પ્રતિમા ધારણ કરીને કાયોત્સર્ગમુદ્રામાં શુભધ્યાનમાં તલ્લીન થયા છે. મેરુગિરિની જેમ અડોલપણે કાયોત્સર્ગમાં અડગ ઊભા રહેલા ભગવાનના નિત્યદર્શને **જીરણશેઠ** આવતા હતા. રોજરોજ હૃદયમાં ભક્તિભાવ વધતો જતો હતો. ચોમાસું પૂરું થવા આવ્યું. ભગવાનના ચોમાસી તપના પારણાના દિવસે આ મહાભાગ્યશાળીને મનોરથ પ્રગટ્યો. "ભગવાન પારણાના અવસરે મને પારણાનો લાભ આપીને અનુગૃહીત કરે તો મારો જન્મ સફળ થાય." આ રીતે જીરણશેઠનો શુભાધ્યવસાય વધી રહ્યો છે અને 'ક્યારે ભગવાન પધારે અને એમના દર્શનથી પાવન થાઉં' તેવા શુભભાવથી વારંવાર ગૃહદ્વારે આવીને માર્ગનું અવલોકન કર્યા કરે છે. આ ઔચિત્ય વિનયમાં એક બાજુ તે પરોવાયેલા છે, બીજીબાજુ નિર્મમ શિરોમણિ પ્રભુએ ભિક્ષા માટે **અભિનવ** નામના શ્રેષ્ઠિના ઘરમાં પગલાં કર્યાં. પોતાના વૈભવ અને માહાત્મ્યને અનુરૂપ અભિનવશેઠે ભિક્ષાદાન પણ કરાવ્યું. તે વખતે નિકટમાં રહેલા **જૂંભક** નામના દેવોએ તીર્થંકરના પારણાનો મહિમા જાણે હર્ષથી

---

१०१ अत्र तु मनोरथोऽपि च अभिग्रहो भवति नवरं विज्ञेयः । यदि प्रविशति ततो भिक्षां ददाम्यहमस्य चिन्तनतः ।

વ્યક્ત કરી રહ્યા હોય તેમ સોનૈયા વગેરેની વસુધારા વરસાવી. લોકોએ **અભિનવ શેઠ** પર 'અહો ! કેટલો પુણ્યશાળી !' વગેરે પ્રશંસા-અભિનંદનનાં પુષ્પો વરસાવ્યાં. ધ્વનિને સાંભળીને જીરણશેઠનો વધતો જતો શુભ અધ્યવસાય સંપૂર્ણતાને પ્રાપ્ત કરી શક્યો નહિ. એકવાર **શ્રી પાર્શ્વનાથ** ભગવાનની પરંપરામાં થયેલા કેવલી ભગવન્ત વિચરતાં વિચરતાં તે જ વૈશાલી નગરીમાં પધાર્યા. વિવિધ પ્રકારની આતુરતાઓ તૃપ્ત કરવા લોકોએ કેવલી ભગવન્તને પ્રશ્ન કર્યો કે-હે ભગવન્ત ! આ નગરીમાં કોણ પુણ્યશાળી છે ? કેવલી ભગવન્તે કહ્યું-'જીરણ શેઠ.'

### (ઇચ્છાદિ ચાર ભેદે યમ અને અભિગ્રહ)

આ પ્રસંગમાં જીરણ શેઠને જે મનોરથ છે તે જ ઇચ્છારૂપ અભિગ્રહ છે. યોગશતક (શ્લો. ૫-૬ તથા યોગદષ્ટિ (૨૧૫-૨૧૮) વગેરે શાસ્ત્રોમાં જે ચાર પ્રકારના ઇચ્છાદિ યમ દર્શાવ્યા છે તેનાથી એ ફલિત થાય છે કે અભિગ્રહ પણ ચાર પ્રકારના હોઈ શકે છે. (૧) ઇચ્છાભિગ્રહ (૨) પ્રવૃત્તિ અભિગ્રહ (૩) સ્થૈર્ય અભિગ્રહ અને (૪) સિદ્ધિ અભિગ્રહ. ચાર યમ પણ આ પ્રમાણે જ છે. ઉપદેશપદ શાસ્ત્રમાં (૪૫૬) કહ્યું છે કે-"અત્રે મનોરથ પણ અભિગ્રહસ્વરૂપ જાણવો કારણ કે ચિંતન 'જો પ્રવેશે તો હું ભિક્ષા વહોરાવું' એ પ્રકારનું છે." શ્રીજીરણશેઠનો મનોરથ સ્વયં નિર્દોષ હોવાની સાથે પારણા સંબંધી ભેરીવાદનના ધ્વનિ સાંભળવા પૂર્વે વધતો જતો હતો પણ તે ધ્વનિના શ્રવણથી નિષ્ઠા (સંપૂર્ણતા)ને પ્રાપ્ત ન કરી શક્યો તો પણ પરંપરાએ ભવો ઘણા ટૂંકાઈ જવાથી મોટા ફલવાળો થઈને ઊભો રહ્યો. જ્યારે અભિનવ શેઠે પોતાના વૈભવાદિ અનુસાર દાન તો દીધું પરંતુ તે દાનના અલંકારરૂપ અભ્યુત્થાન-પુલકોદ્ભેદ વગેરેના અભાવમાં માત્ર ઇહલૌકિક વસુધારા વગેરે ફળમાં જ તે દાન પરિણમ્યું. ॥ ૭૪ ॥

अभिग्रहानेवाभिष्टुवन्नाह–

શ્લોક ૭૫માં શુભ અભિગ્રહોને ફળમુખે બિરદાવવામાં આવ્યા છે–

**एएहिंतो पावं लोगे बहुअं वि पडिहयं होइ ।**
**गरलं गुरुअविआरं जह कयमंताइपडियारं ॥ ७५ ॥**

**શ્લોકાર્થ** :- લોકમાં થતા અભિગ્રહોથી ઘણું પણ પાપ મિથ્યા થાય છે. દા.ત. દારુણ વિપાકી ઝેર મંત્ર વગેરેથી હતપ્રભાવ થઈ જાય છે. ॥ ૭૫ ॥

**एतेभ्यः**=सम्यक्पालिताभिग्रहेभ्यः, **लोके**=भव्यलोके, **बहुकमपि**=प्रभूतमपि पापं **यामुन-राजस्य** ऋषिहत्यादिकर्मजनितमिव दुरदृष्टं **प्रतिहतं भवति**=फलप्रदानाऽप्रह्वं भवति । दृष्टान्तमाह- यथा **गुरुकविकारं**=मरणादिप्रबलविक्रियाकारणम्, **गरलं**=सर्पादिविषम्, **कृतो मन्त्रादिना** गारुड-

शास्त्रप्रसिद्धजांगगुलीजापादिना **प्रतीकारो** यत्र तत्तथा, अप्रतिकृतं हि विषं मारयेदेव, एवमप्रतिकृतं पापमपि नरकादिदुःखफलं प्रदर्शयेदेवाभिग्रहादिना प्रतिकृतं तु न तथेति ॥ ७५ ॥

**તાત્પર્યાર્થ :-** ભવ્યાત્માઓ દ્વારા કરવામાં આવતું અભિગ્રહોનું સુંદર પાલન અત્યંત હલકટ પાપમાંથી પણ આત્માને ઉગારે છે. તાત્પર્ય એ છે કે એકવાર અજ્ઞાનદશામાં ઘણું ભયંકર દુષ્કૃત્ય કરી બેઠા પછી નિમિત્ત વિશેષની પ્રાપ્તિથી પ્રતિબોધ પામેલો જીવ જો ઉગ્ર અભિગ્રહોનું સુંદર પાલન કરે છે તો પેલું તેનું ભયંકર પાપ પણ વિપાકોદયથી ફળીભૂત થતું નથી અને એમ જ ફલીભૂત થયા વિના નિર્જરી જાય છે. દા.ત. યામુન નામનો રાજા.

**(યામુન રાજાનું દૃષ્ટાન્ત)**

મથુરાનગરીમાં યમુના નદીના કિનારે આતાપના લઈ રહેલા દંડ નામના અણગારને જોઈને **યામુન** નામના રાજાએ અશુભકર્મના ઉદયથી મુનિની ખૂબ હીલના કરી. શુક્લધ્યાનમાં આરૂઢ થયેલા મુનિ ત્યાં જ અંતકૃત્ કેવલી થઈને મોક્ષમાં ગયા. ઈન્દ્રએ આવીને મુનિનો મહિમા કર્યો, તે જોઈને રાજાએ ઘણી લજ્જા અનુભવી. પશ્ચાત્તાપ ઘણો થયો અને આત્મહત્યા કરવા તૈયાર થયો. ઈન્દ્રે તેને તે પ્રમાણે કરતો રોક્યો અને પ્રાયશ્ચિત્ત= અપરાધશુદ્ધિ કરવા કહ્યું. રાજાએ સદ્ગુરુ પાસે ચારિત્ર સ્વીકારી ઘોર અભિગ્રહ ધારણ કર્યો કે "ભોજન પૂર્વે કે અધૂરી ભોજન ક્રિયાએ ઋષિહત્યાના પાપનું સ્મરણ થાય તો તે દિવસે ભોજન નહિ કરવું." રોજરોજ અભિગ્રહના સ્મરણ સાથે પાપનું પણ સ્મરણ થવાથી ઉપવાસ ઉપર ઉપવાસ થવા લાગ્યા. છેવટે આરાધના અને આલોચના કરીને પંડિતમરણે વૈમાનિક દેવલોકમાં ઊપન્યા. આમ પૂર્વે કરેલું તેમનું ઋષિહત્યાનું પાપ પ્રક્ષીણ થઈ ગયું.

લોકમાં પણ પ્રસિદ્ધ છે કે મંત્રશાસ્ત્ર-ગારુડશાસ્ત્રમાં સૂચવાયેલા જાંગુલી વગેરે મંત્રના જાપથી, મોતનું ફળ નિપજાવનાર ઉગ્ર સર્પના ઝેરની પણ કોઈ વિપરીત અસર થતી નથી.

**સારાંશ :-** મંત્રાદિથી પ્રતિકાર કરવામાં ન આવે તો જેમ ઝેરથી મરણ નીપજે તેમ પ્રતિકારરહિત પાપ પણ નરક વગેરે દુર્ગતિમાં તાણી જાય. પણ જો સમયસર અભિગ્રહોના સુંદર લાલનપાલન વગેરેથી યોગ્ય પ્રતિકાર થઈ જાય તો તે પાપ પણ પ્રક્ષીણ થઈ જાય છે. ॥ ૭૫ ॥

एतदेव भावयति–

શ્લોક ૭૬માં અભિગ્રહોના પાલનથી કઈ રીતે દુરિત-નાશ સંગત છે તે ભાવિત કરવામાં આવ્યું છે–

**तब्बंधठिई जाया कसायओ सा अवेइ सुहजोगे ।**
**सो पुण एत्थं गुरुओ आणासहगारिअत्तेण ॥ ७६ ॥**

**શ્લોકાર્થ :-** પાપકર્મ બંધની સ્થિતિ કષાયથી નિર્માણ થાય છે. અને શુભયોગથી નષ્ટ થાય છે. આમાં શુભયોગ જ બળવાન છે કારણ કે આજ્ઞાયોગ સહકારી છે. ॥ ૭૬ ॥

**तस्य** पापकर्मणः **बन्धस्थितिः**=बन्धाद्यवस्थानकालो जघन्यमध्यमोत्कृष्टभेदभिन्नः, **कषायात्**=यथोचितकाषायिकाध्यवसायात् **जाता**, अतः **सा शुभयोगे**ऽभिग्रहादिरूपे साधुजनयोग्यनिःकषायाऽ-ध्यवसायमये प्रवर्त्तमाने, **अपैति**=नश्यति, तैलवर्त्तिक्षयादिव दीपः । तदिदमाह- [उपदेशपदे-४७१]

[२]"कम्मं जोगणिमित्तं बज्झइ बंधट्ठिई कसायवसा । सुहजोगम्मी अकसायभावओऽवेइ तं खिप्पं ॥"

द्वयोर्भावयोस्तुल्यत्वेनैकेनापरकार्यविनाशः स्यादित्यत आह-**स पुनः**=अभिग्रहादिशुभयोगः, **अत्र**=प्रकृतकर्मनाशे, **गुरुको**=बलीयान्, **आज्ञासहकारिकत्वेन**=स्वसहायीभूताज्ञायुक्तत्वेन वह्निरिवाभिमुखतृणवनदाहेऽनुकूलपवनसहकृतत्वेनेति ध्येयम् । वस्तुतः कर्मजनितपरिणामरूपो दोषः स्वभावत एव दुर्बलः, स्वपरिणामरूपो जीवस्य शुभयोगस्तु स्वभावत एव बलीयान्, अल्पस्त्वयं कर्मोदयबहुलत्वान्न स्वाभाविक एव, अत एवात्र नाशकत्वं आज्ञायोगसहकृतत्वं च तदव्यभिचरितत्वलक्षणमिति नानुपपत्तिरिति द्रष्टव्यम् ॥ ७६ ॥

## (શુભયોગથી અશુભબંધસ્થિતિનો વિનાશ)

**તાત્પર્યાર્થ :-** બન્ધસ્થિતિ એટલે બંધાયેલા કર્મને આત્મા સાથે જોડાઈ રહેવાનો લગભગ નિશ્ચિત કાળ. ક્યારેક કર્મનો સ્થિતિબંધ જઘન્યકક્ષાનો હોય છે અર્થાત્ તે કર્મ ઓછામાં ઓછું અમુક કાળ સુધી આત્મા સાથે જોડાઈ રહેવાની યોગ્યતા ધારણ કરે છે. ક્યારેક કર્મનો સ્થિતિબંધ મધ્યમકક્ષાનો તો ક્યારેક ઉત્કૃષ્ટ કક્ષાનો પણ હોય છે. કર્મબંધના ચાર પ્રકાર છે.-પ્રકૃતિબંધ, પ્રદેશબંધ, સ્થિતિબંધ અને રસબંધ. પ્રથમ બે બંધમાં મન, વચન, કાયાના યોગ હેતુ છે. બીજા બેમાં હેતુ કષાય છે. પ્રાયઃ તીવ્રકષાયના અધ્યવસાયથી ઉત્કૃષ્ટસ્થિતિ અને તીવ્રરસ બંધાય છે, મધ્યમ કષાયથી મધ્યમ અને જઘન્ય કષાયથી જઘન્યસ્થિતિરસ બંધાય છે. ઉગ્ર અભિગ્રહ વગેરે શુભયોગો કષાયવિરોધી શુભ અધ્યવસાય સ્વરૂપ છે. અને આ શુભ અધ્યવસાયો સાધુ ધર્મના પાલનમાં પૂર્ણ કળાએ વિકસિત થનારા છે. એટલે અભિગ્રહ વગેરે સ્વરૂપ શુભયોગોના ઉદયમાં અશુભ બંધસ્થિતિ સ્વયં નિવૃત્ત થાય છે. જેમ જ્યાંસુધી તેલ પૂરવાનું ચાલુ હોય અને દિવેટ પૂરેપૂરી દગ્ધ ન થઈ હોય ત્યાં સુધી દીવો પ્રકાશે છે, પરંતુ તેલ અને દિવેટ બન્ને ક્ષીણ થઈ જતાં દીવો આપોઆપ બુઝાઈ જાય છે. એ જ રીતે કષાયથી બંધાનારી સ્થિતિ કષાયના અભાવમાં નિવૃત્ત થાય છે. **ઉપદેશપદ** (૪૭૧)માં પણ કહ્યું છે કે-

---

२ कर्म योगनिमित्तं बध्यते बन्धस्थितिः कषायवशात् । शुभयोगेऽकषायभावतोऽपैति तत् क्षिप्रम् ॥

'યોગના નિમિત્તે કર્મ બંધાય છે. બંધસ્થિતિ કષાયને આધીન છે. શુભયોગ પ્રવર્તતા કષાયના અભાવમાં બંધસ્થિતિનો વિલય થાય છે.'

### (કષાયથી શુભયોગના નાશની શંકા અને સમાધાન)

**શંકા :-** જ્યારે પક્ષ અને પ્રતિપક્ષ બન્ને તુલ્યબળવાળા હોય ત્યારે બન્ને એકબીજાના વિઘાતક થઈ જતાં કષાયથી શુભયોગનો વિનાશ થવાની સંભાવના પૂરેપૂરી ખરી કે નહિ ?

**જવાબ :-** પ્રસ્તુત પ્રકરણમાં, પાપકર્મની બંધસ્થિતિ કરતાં અભિગ્રહાદિ શુભયોગ પ્રાયઃ બળવાન જ હોય છે, કારણ કે બંધસ્થિતિહેતુભૂત કષાય નિઃસહાય છે. જ્યારે જિનાજ્ઞાનુસારી શુભયોગને જિનાજ્ઞાનો જ બળવાન ટેકો છે. દા.ત. એકબાજુ ઘાસનું વન ઊગી નીકળ્યું હોય અને બાજુમાં અગ્નિ પ્રજ્વલિત થયો હોય ત્યારે ઘાસની દિશામાં પવન ફુંકાતાં અગ્નિ ઘાસના વનને ભસ્મીભૂત કરી નાંખે છે. આ કાર્યમાં પવનની સહાયતા બળવાન છે.

વાસ્તવિક સ્થિતિ તો એ છે કે ઔપાધિક પરિણામ હંમેશાં દુર્બળ હોય છે તેના કરતાં સ્વાભાવિક પરિણામ હંમેશાં બળવાન હોય છે. કષાયનો પરિણામ આત્માના સ્વભાવરૂપ નથી પરંતુ કર્મના સંસર્ગથી ઉદ્ભવેલો હોવાથી જપાકુસુમ સંસર્ગ પ્રયુક્ત રક્તતા સમાન ઔપાધિક છે. જ્યારે શુભયોગ સ્ફટિકની આત્મીય પ્રભાની જેમ આત્માનો સ્વાભાવિક પરિણામ છે.

**શંકા :-** શુભયોગ અલ્પ હોય તો બંધસ્થિતિની નિવૃત્તિ થાય ખરી ?

**ઉત્તર :-** ન થાય, કારણ કે શુભયોગની અલ્પતા ઘણું કરીને કર્મના ઉદય પ્રયુક્ત હોવાથી અલ્પ એવો શુભયોગ અસ્વાભાવિક છે. એટલે તાત્પર્યથી, બળવાન અથવા સ્વાભાવિક પરિણામનું નિર્દોષ લક્ષણ એ ફલિત થાય છે કે જે શુભયોગ આજ્ઞાયોગથી સહકૃત હોય અને બંધસ્થિતિ અથવા કષાયનો વિનાશક હોય તે જ શુભયોગ સ્વાભાવિક અથવા બળવાન જાણવો. વ્યાપ્તિ આ રીતે ગોઠવવાથી કોઈ અસંગતિને અવકાશ નથી. ॥૭૬॥

कीदृशमिदं स्वरूपमुपलभेतेत्याह—

### (મિથ્યાદૃષ્ટિને શુભયોગનું સ્વરૂપ સમજાય નહીં)

શ્લોક ૭૭માં, શુભયોગના ઉપરોક્ત સ્વરૂપની ઉપલબ્ધિ એટલે કે જ્ઞાન કોને થાય છે ? આ પ્રશ્નનું સમાધાન કરવામાં આવ્યું છે—

**इय पासइ सज्जक्खो सम्मद्दिट्ठी उ जोगबुद्धीए ।**
**अंधो णेव कुदिट्ठि अभिन्नगंठी च जच्चंधो ॥ ७७ ॥**

**શ્લોકાર્થ :-** સશક્ત નેત્રવાળો સમ્યગ્દૃષ્ટિ આત્મા જ ધર્મબુદ્ધિથી પૂર્વોક્તસ્વરૂપને જુએ છે. જન્માન્ધ અભિન્નગ્રન્થિજીવ અથવા વિનષ્ટદૃષ્ટિ અંધપુરુષ તેને જોઈ શકતા નથી. ॥૭૭॥

**इति**=पूर्वोक्तमाज्ञासहकृतशुभयोगस्य गुरुकत्वं पश्यति **सज्जाक्षो**=भावतो निरुपहतलोचनः, **सम्यग्दृष्टिस्तु**=सम्यग्दृष्टिरेव, **योगबुद्ध्या**=धर्मवासनापरिष्कृतमत्या, **न पुनरन्धः** पश्चान्नष्ट-दृष्टिजनतुल्यः, **कुदृष्टिः**=सम्यक्त्वभ्रंशानन्तरं मिथ्यात्वमुपगतः, न च **जात्यन्धो**=जन्मप्रभृत्येव नयनव्यापारविकल-जनतुल्यः, **अभिन्नग्रन्थिः**=कदाचनाप्यव्यावृत्तमिथ्यात्वतिमिरपटलो जीवः । इदं तु ध्येयं-सम्यग्दृष्टि-राज्ञामुत्सर्गापवादादिभेदेन सम्यग्जानानोऽपि **श्रेणिका**देरिव प्रतिबन्ध-संभवाद्भजनया प्रतिपद्यत इति ॥७७॥

**તાત્પર્યાર્થ :-** આજ્ઞાયોગની સહાયવાળા અભિગ્રહાદિ શુભયોગ એ ઔદયિકભાવથી બળવાન છે આ સત્યનું દર્શન બધા જ જીવોને થતું નથી. સમ્યગ્દર્શનરૂપી સશક્ત ભાવ-નેત્રવાળા સમ્યગ્દૃષ્ટિ જીવો જ ધાર્મિક સંસ્કારો વડે કેળવાયેલી સદ્બુદ્ધિ દ્વારા તે સત્યને નિહાળી શકે છે. અનાદિકાલીન મિથ્યાદૃષ્ટિ જીવો ગ્રન્થિભેદ ન થવાના કારણે મિથ્યાત્વરૂપી અંધકારનો પડદો જેઓનો ક્યારેય ચિરાયો નથી અને તેથી સમ્યગ્દર્શનરૂપ નેત્રથી વિકળ હોય છે તેઓ જન્માન્ધ પુરુષની જેમ તે સત્યને જોઈ શકતા નથી. તેમ જ એકવાર ગ્રન્થિભેદ કર્યા પછી પણ પ્રાપ્ત કરેલું સમ્યગ્દર્શનરૂપી ભાવનેત્ર જેઓ ખોઈ બેઠા છે એવા (જન્માંન્ધ નહિ પણ પાછળથી નેત્ર ગુમાવી બેસનાર) અંધપુરુષ તુલ્ય મિથ્યાદૃષ્ટિ જીવો પણ તે સત્યને જોવાને અસમર્થ છે.

અહીં વિશેષ ધ્યાન દેવા યોગ્ય બાબત એ છે કે સમ્યગ્દૃષ્ટિ આત્માઓ ઉત્સર્ગ અને અપવાદના ભેદે આજ્ઞાયોગનું સ્વરૂપ યથાર્થપણે જાણતા હોવા છતાં પણ અમલમાં નથી મૂકી શકતા. દા.ત. શ્રેણિક અને કૃષ્ણ વગેરે. તાત્પર્ય એ છે કે સમ્યગ્દૃષ્ટિને આજ્ઞાયોગનું યથાર્થજ્ઞાન પ્રાયઃ હોય જ છે. પરંતુ વ્રતનિયમના સ્વીકારમાં વિકલ્પ છે. શ્રેણિક વગેરેની જેમ તીવ્ર ચારિત્રમોહનીયકર્મનો ઉદય પ્રતિબંધક હોય ત્યારે ન પણ સ્વીકારે, પરંતુ તેને સ્વીકારવાનો ભાવ ઉજ્જવળ હોય છે. પ્રતિબંધક ન હોય તો સમ્યગ્દૃષ્ટિ આત્મા પ્રાયઃ વ્રત સ્વીકાર્યા વિના રહેતો નથી. ॥૭૭॥

## ઉપદેશ ૨૦ - ક્વચિત્ સફળતા ક્વચિત્ નિષ્ફળતા

नन्वयमुपदेशः कं प्रति फलवान् कं प्रति वा नेत्याशङ्क्याह–

**જિજ્ઞાસા** :- અભિગ્રહ વગેરેનો ઉપદેશ કોના માટે સફળ=જરૂરી ? અને કોના માટે નિષ્ફળ=બિનજરૂરી ? આ જિજ્ઞાસાનું શ્લોક ૭૮માં સમાધાન આપવામાં આવ્યું છે.

**एसुवएसो फलवं गुणठाणारंभतिव्वया जोगे ।**
**न ठिएसु जहा दंडो चक्कम्मि सयं भमंतंमि ॥ ७८ ॥**

**શ્લોકાર્થ** :- આ ઉપદેશ ગુણસ્થાનકનો આરંભ અને તેની તીવ્રતા કરવામાં ઉપયોગી છે. ગુણસ્થાનકમાં સ્થિર થયેલાઓ માટે ઉપયોગી નથી. દા.ત. સ્વયં ફરી રહેલા ચક્ર માટે દંડ. ॥૭૮॥

**अयम**भिग्रहधरणादिप्रकारेण सम्यगाज्ञायोगप्रवृत्तिविषय **उपदेशः, फलवान्**=श्रोत्रपेक्षया फलोपहितः, गुणस्थानकानां सम्यग्दृष्ट्यादिरूपाणामारम्भस्य=प्रथमप्रवृत्तिरूपस्य तीव्रतायाश्च तथा-विधक्लिष्टकर्मोदयाद् प्रारब्धपातानां सोपक्रमकर्मणामुपरितनाध्यवसायस्थानारोहरूपाया योगे जनने, **न**=नैव **स्थितेषु**=सर्वात्मना समधिष्ठितगुणस्थानकेषु, तत्र स्वव्यापारासिद्धेः, उपदेशस्य च स्वजन्य-द्रव्याज्ञाक्रियापूर्वकगुणस्थानारम्भस्थैर्यान्यतरव्यापारसम्बन्धेनैव सम्यग्दर्शनादिहेतुत्वात् । अत्र दृष्टान्त-माह–**यथा दण्डः स्वयं भ्राम्यति चक्रे** । स हि घटजनने प्राथमिकचक्रभ्रमिद्वारा मन्दीभूतायां तस्यामुत्कटतदाधानद्वारैव सफलः स्यात् नत्वन्यथा, तदाह-[उपदेशपदे ५००]

[3]"सहकारिकारणं खलु एसो दंडोव्व चक्कभमणस्स । तम्मि तह संपयट्टे णिरत्थगो सो जह तहेसो ॥" तथा,

[4]"गुणठाणगपरिणामे संते उवएसमंतरेणावि । णो तव्वाघायपरो नियमेणं होइ जीवोत्ति ॥५०३॥

युक्तं चैतत्तथाभव्यत्वपरिपाकतो गुणस्थानपरिणामप्रवृत्तौ तदत्यन्ताराधनावशेन तदपायाभावा-त्तत्परिपाकश्चैकः कालविशेषादपरश्चोपदेशात्, फलपरिपाकवत् तस्य द्वैविध्येन व्यवस्थितत्वात् । अत एव "तन्निसर्गादधिगमाद्वा" [तत्त्वार्थ० १-४] इत्याद्युक्तमिति ॥ ७८ ॥

**તાત્પર્યાર્થ** :- 'ગચ્છવાસની મર્યાદાઓનું પાલન કરવું. સમ્યગ્ પ્રકારે આજ્ઞાયોગમાં પ્રવર્ત્તવું. ભલી પેરે અભિગ્રહોનું પાલન કરવું'-આ ઉપદેશ સર્વસામાન્યરીતે બધાને માટે ઉપયોગી નથી પરંતુ જે શ્રોતાઓ સમ્યગ્દર્શન વગેરે ગુણસ્થાનકોનો પ્રથમ પ્રથમ આરંભ કરવા અભિમુખ બન્યા હોય તેઓને આ ઉપદેશ ઘણો ઉપયોગી છે-સફળ છે. તેમ જ પતન કરાવે તેવા અહિતકારક ક્લિષ્ટકર્મના ઉદયથી સમ્યગ્દર્શન વગેરે ગુણસ્થાનકથી જેઓના

---

३ सहकारिकारणं खलु एष दण्ड इव चक्रभ्रमणस्य । तस्मिंस्तथा संप्रवृत्ते निरर्थकः स यथा तथा एषः ।

४ गुणस्थानकपरिणामे सत्युपदेशमन्तरेणापि । नो तद्व्याघातपरः नियमेन भवति जीव इति ॥

પતનનો પ્રારંભ થવા માંડ્યો હોય પરંતુ તેઓનું તે ક્લિષ્ટકર્મ નિકાચિત ન હોય તો તે ક્લિષ્ટકર્મને ઉપક્રમ લગાડીને એટલે કે નિષ્ફળ બનાવીને ઉપર ઉપરનાં અધ્યવસાયસોપાનોમાં ક્રમશઃ આત્માનું અધ્યારોહણ થાય, શુભ અધ્યવસાયો વિશુદ્ધ બને-તીવ્ર બને તે માટે પણ પ્રસ્તુત ઉપદેશ ઘણો ઉપયોગી છે.

**(સ્થિરાત્માઓ માટે ઉપદેશ નિરુપયોગી)**

જે આત્માઓ સંપૂર્ણપણે સમ્યગ્દર્શનાદિ ગુણસ્થાનકોમાં અત્યંત સ્થિર છે અથવા આત્મીય બળે ઉપર ઉપરના અધ્યવસાયોમાં અવરોહણ કરી રહ્યા છે તેવા શ્રોતાઓને પ્રસ્તુત ઉપદેશની જરૂર નથી. કારણ કે પ્રસ્તુત ઉપદેશનો એવો કોઈ પ્રભાવ નથી કે જેના દ્વારા તે આત્માઓમાં વાંછિત અસર નિપજે. ઉપદેશ બે રીતે સમ્યગ્દર્શન વગેરેમાં હેતુભૂત છે. (૧) ઉપદેશથી દ્રવ્યાજ્ઞા સ્વરૂપ બાહ્યક્રિયામાં પ્રવર્તાવવાપૂર્વક ગુણસ્થાનકના આરંભ પ્રત્યે અભિમુખ કરવા દ્વારા અથવા (૨) ગુણસ્થાનકથી પડવાની સંભાવનાવાળાને ઉપદેશથી દ્રવ્યાજ્ઞાસ્વરૂપ બાહ્યક્રિયાના પાલનમાં પ્રોત્સાહન કરવા પૂર્વક તે તે ગુણસ્થાનકમાં સ્થિરતાનું સંપાદન કરવા દ્વારા.

જે શ્રોતાઓ ગુણસ્થાનકનો શુભ પ્રારંભ કરી ચુક્યા છે અને તે તે ગુણસ્થાનકોમાં સ્થિરપણે અધ્યારૂઢ થઈ ગયા છે તેમના માટે ઉપરોક્ત બન્ને પ્રકારનો સંભવ ન હોવાથી તેમના પ્રત્યે વ્યાપારશૂન્ય ઉપદેશ નિષ્ફળ છે-નિરુપયોગી છે. દા.ત. સ્વયં ફરતું ચક્ર અને દંડ.

ઉદાહરણનું તાત્પર્ય એ છે કે ઘટની ઉત્પત્તિમાં દંડની હેતુતાનો સંભવ બે પ્રકારે છે. (૧) સ્થિરચક્રમાં પ્રથમ પ્રથમ તીવ્રભ્રમણક્રિયા ઉત્પન્ન કરવા દ્વારા અને (૨) મંદ પડી ગયેલી ગતિવાળા ચક્રમાં ભ્રમણ ક્રિયાને પુનઃ ઉત્તેજિત કરવા દ્વારા. પરંતુ મંત્રાદિના યોગે જે ચક્ર સતત વેગપૂર્વક ફરી રહ્યું હોય ત્યાં ઘટની ઉત્પત્તિ માટે દંડની કોઈ જરૂર નથી. **ઉપદેશપદ શાસ્ત્ર (૫૦૦)**માં કહ્યું છે કે-

"દંડ જેમ ચક્રભ્રમણમાં સહકારી કારણ છે તેમ ઉપદેશ પણ સહકારી કારણ જ છે. ચક્રભ્રમણ ચાલુ જ હોય તો દંડ જેમ નિરર્થક છે તેમ ઉપદેશ પણ."

તથા **શ્લોક ૫૦૩**માં કહ્યું છે કે-

"નક્કી વાત છે કે-ગુણસ્થાનકના પરિણામની વિદ્યમાનતામાં ઉપદેશ વિના પણ જીવ જાતે ગુણસ્થાનકનો વિનાશક થતો નથી."

ઉપદેશપદનું પ્રસ્તુત કથન યુક્તિપ્રયુક્ત છે. તથાભવ્યત્વ પરિપક્વ થયા પછી ગુણસ્થાનકનો પરિણામ જાગ્રત થાય છે અને એ જાગ્રત થયા પછી તેની સાવધાનીપૂર્વકની

આરાધનાના પરિણામે પતન આદિ કોઈપણ જાતના નુકસાનનો સંભવ રહેતો નથી. ગુણસ્થાનક પરિણામ પ્રયોજક તથાભવ્યત્વનો પરિપાક પણ બે રીતે થાય છે. (૧) પરિપાકયોગ્યકાળસાન્નિધ્યથી (૨) ઉપદેશથી. દા.ત. ફળ પાકવાની ક્રિયા. એ પણ બે રીતે થાય છે. (૧) આમ્રફળ ઘાસ વગેરેમાં નાંખવામાં ન આવ્યું હોય તો દીર્ઘકાળે પાકે છે. જ્યારે (૨) ઘાસમાં નાંખવામાં આવ્યું હોય તો શીઘ્ર પાકી જાય છે. આ જ હેતુથી **શ્રીતત્ત્વાર્થસૂત્ર**માં પણ સમ્યગ્દર્શનનો પ્રાદુર્ભાવ (૧) નૈસર્ગિક રીતે તથા (૨) ગુરુના ઉપદેશ વગેરેથી એમ બે રીતે સૂચિત કર્યા છે. ॥૭૮॥

नन्वेवमुपदेशं विनापि सम्यग्दर्शनादिकार्यसिद्धेस्तस्य तत्र हेतुत्वं न स्याद् व्यभिचारादित्याशङ्क्याह–

**(ઉપદેશની સર્વથા નિષ્ફળતા અંગે શંકા અને સમાધાન)**

**શંકા :-** જો ઉપદેશ વિના પણ સમ્યગ્દર્શન વગેરે ગુણસ્થાનકની સિદ્ધિ શક્ય હોય તો વ્યતિરેક વ્યભિચારના કારણે, અર્થાત્ કારણરૂપે અભિપ્રેત પદાર્થના અભાવમાં પણ કાર્યસિદ્ધિ થઈ જવાથી સમ્યગ્દર્શન વગેરે ભાવ પ્રત્યે ઉપદેશની હેતુતા ખંડિત થઈ જશે. શ્લોક ૭૯માં આ શંકાનું સતર્ક સમાધાન સુંદર રીતે કરવામાં આવ્યું છે–

**ण य एवं वभियारो कज्जविसेसा जहेव दंडस्स ।**
**दारघडियरूवेण अहवाहिगयत्थहेउत्ता ॥ ७९ ॥**

**શ્લોકાર્થ :-** દંડની જેમ કાર્ય જ ભિન્ન પ્રકારનું હોવાથી અથવા દ્વારઘટિતરૂપે પ્રસ્તુત અર્થની હેતુતા હોવાથી કોઈ વ્યભિચાર દોષને પ્રકૃતમાં અવકાશ નથી. ॥૭૯॥

**न चैवं** उपदेशं विनापि गुणस्थानप्रवृत्तौ **व्यभिचारः, कार्यविशेषात्**=कार्यगतपरिणतिभेदात्, **'यथैव दण्डस्य'**-दण्डोऽपि हि घटत्वावच्छिन्ने न हेतुर्व्यभिचारादिति तत्प्रयोज्यः परिणतिभेद एव घटे कल्पनीय एवमत्रापि । **नन्वी**दृशपरिणतिभेदानाकलने दण्डे घटहेतुत्वग्रहो न स्यादिति **चेत् ? न,** व्यभिचारग्रहस्य घटत्वावच्छेदेन कार्यताग्रहप्रतिपक्षत्वेऽपि तत्सामानाधिकरण्येन तद्ग्रहाविरोधात्, अन्यथा वह्नौ तृणादीनां हेतुत्वग्रहानुपपत्तेः । 'दण्डत्वं चक्रभ्रामकवाय्वादिसाधारणमिति न व्यभिचार' इति तु न रमणीयं, व्यवहारसाक्षिकस्य दण्डत्वस्य वाय्वादौ प्रत्यक्षबाधात्, पृथिवीत्वादिना सांकर्यात्तादृशजात्यसिद्धेश्च । **'अथवा द्वारघटितरूपेण अधिकृतार्थहेतुत्वात्'**-भ्रमिजनकत्वेन दण्डस्येव गुणस्थानारम्भ-प्रतिपातप्रतिबन्धान्यतरजनकत्वेनोपदेशस्य स्वकार्यहेतुत्वे व्यभिचाराभावात् । न चात्रा'ऽन्यं प्रती०'त्याद्यन्यथासिद्धिः, 'फलाननुगुणमन्यं प्रती०'त्यादिविवक्षाया आवश्यकत्वादिति ध्येयम् ॥७९॥

**તાત્પર્યાર્થ :-** ઉપદેશ વિના પણ ગુણસ્થાનપરિણામની પ્રવૃત્તિમાં શંકાકારે જે વ્યતિરેક વ્યભિચાર દોષની ઉદ્‌ભાવના કરી છે તે દુર્બળ છે, કારણ કે નિસર્ગથી ઉત્પન્ન થતો ગુણસ્થાનક પરિણામ જુદા જ પ્રકારનો હોય છે અને ઉપદેશથી પ્રગટ થતો ગુણસ્થાનક પરિણામ કોઈ જુદા જ પ્રકારનો હોય છે. આમ કાર્યભૂત ગતિ એટલે કે પરિણામોની પરિણતિ અર્થાત્ સ્વભાવ ભિન્ન ભિન્ન હોવાથી ઉપદેશપ્રયોજ્ય ગુણસ્થાનપ્રવૃત્તિમાં ઉપદેશની હેતુતા અખંડિતપણે જળવાઈ રહે છે. ઘટ પ્રત્યે દંડની કારણતામાં પણ દેખાય છે કે જ્યાં ચક્રભ્રમણ સ્વતઃ પ્રવૃત્ત છે અથવા દંડેતર સાધનવિશેષથી ચક્ર ઘુમાવવામાં આવે છે ત્યાં પૂર્વોક્ત પ્રકારના વ્યતિરેક વ્યભિચારથી સકલ ઘટ પ્રત્યે દંડની હેતુતા ખંડિત થાય છે છતાંપણ તે સર્વથા ખંડિત ન થાય તે માટે દંડથી ઉત્પન્ન થતા ઘટમાં વિશેષ પ્રકારનો પરિણામ (=સ્વભાવ) કલ્પવામાં આવે છે અને તેવા સ્વભાવવાળા ઘટ પ્રત્યે દંડની હેતુતા અખંડિતપણે જળવાઈ રહે છે.

**(ઘટોત્પત્તિ માટે દંડસંબંધી પ્રવૃત્તિના ઉચ્છેદની શંકાનું સમાધાન)**

**શંકા :-** ભાવિમાં ઉત્પન્ન થનાર ઘટ 'દંડ પ્રયોજ્ય સ્વભાવયુક્ત' હશે કે નહિ તેનો નિર્ણય અલ્પજ્ઞ જન માટે, અગાઉથી થઈ જવાની શક્યતા ન હોવાથી વિદ્યમાન દંડમાં અજ્ઞાત સ્વભાવવાળા ભાવિમાં ઉત્પન્ન થનાર ઘટની કારણતા છે કે નહિ તેનો નિર્ણય ઘટની ઉત્પત્તિ પૂર્વે શક્ય નથી અને તેથી ઘટની ઉત્પત્તિ માટે દંડમાં થતી પ્રવૃત્તિનો ઉચ્છેદ થશે.

**ઉત્તર :-** ઉચ્છેદ થવાની આપત્તિને અવકાશ નથી. તે આ રીતે, દંડ પ્રયોજ્ય ઘટ પ્રત્યે દંડ હેતુ છે. પરંતુ દંડથી અપ્રયોજ્ય ઘટ પ્રત્યે દંડની હેતુતા નથી. એટલે એનો અર્થ એ થયો કે સકળ ઘટમાં દંડ હેતુકતાનો અભાવ નથી. અર્થાત્ જેમાં ઘટત્વ છે તે બધામાં દંડહેતુકતા-દંડનિષ્ઠકારણતા નિરૂપિત કાર્યતાનો અભાવ નથી. પરંતુ તેમાંથી કેટલાકમાં જ દંડહેતુકતાના અભાવનો નિર્ણય છે. અમુક ઘટ વ્યક્તિઓમાં દંડહેતુકતાના અભાવનો નિર્ણય ઘટત્વાવચ્છેદેન એટલે કે સકળ ઘટમાં, દંડનિષ્ઠકારણતા નિરૂપિતકાર્યતાનો નિર્ણય કરવામાં બાધક બની શકે છે પરંતુ ઘટત્વસામાનાધિકરણ્યેન એટલે અમુક ઘટ વ્યક્તિઓમાં, દંડહેતુકતાના નિર્ણયમાં પ્રતિબંધ કરી શકે નહિ. એટલે કેટલીક ઘટ વ્યક્તિઓ પ્રત્યે દંડની પણ હેતુતાનો નિર્ણય હોવાથી પૂર્વોક્ત પ્રવૃત્તિના ઉચ્છેદની આપત્તિને કોઈ અવકાશ નથી.

દા.ત. કોઈ એક પર્વતમાં અગ્નિના અભાવનો નિર્ણય પર્વતત્વાવચ્છેદેન એટલે કે 'બધા જ પર્વતો અગ્નિવાળા છે' એવા નિર્ણયમાં વ્યાઘાત કરી શકે છે, પરંતુ પર્વતત્વ સામાનાધિકરણ્યેન એટલે કે અમુક પર્વતમાં (જે પર્વતમાં અગ્નિના અભાવનો નિર્ણય છે તેનાથી અન્ય પર્વતમાં) ધૂમ હેતુથી અગ્નિનો નિર્ણય કરવામાં વ્યાઘાત કરવાને સમર્થ નથી.

**(તૃણ-અરણિ-મણિન્યાયે કાર્યકારણભાવ)**

પરિણતિભેદજ્ઞાનના અભાવમાં દંડમાં ઘટની હેતુતાનો ગ્રહ ન થવાની જે પૂર્વે આપત્તિ દર્શાવી છે, તેની સામે એ પણ વિચારણીય છે કે અગ્નિમાં તૃણાદિની હેતુતાનો ગ્રહ પણ કઈ રીતે થશે ? આશય એ છે કે તૃણ, કાષ્ટ, સૂર્યકાન્તમણિ વગેરે વહ્નિનાં અનેક ઉત્પાદક કારણો હોય છે. દરેક તૃણાદિથી ઉત્પન્ન થતા અગ્નિમાં પણ ભિન્ન ભિન્ન વિશેષતાઓ ઉદ્ભવતી હોય છે. પરંતુ આ વિશેષતાઓનું જ્ઞાન બધાને હોય જ એવું નિશ્ચિત નથી. એટલે એવી વિશેષતાના જ્ઞાનના અભાવમાં અગ્નિમાં પણ તૃણાદિની હેતુતાનું જ્ઞાન નહિ ઉદ્ભવી શકે. પણ ઉદ્ભવે છે તે તો હકીકત છે. એટલે અગ્નિત્વસામાનાધિકરણ્યેન તૃણાદિની હેતુતાનું જ્ઞાન ત્યાં પણ સ્વીકારવું જ પડશે.

**(દંડત્વ જાતિ વાયુ આદિ સાધારણ ન માની શકાય)**

ઉપરોક્ત વિષયમાં કેટલાક વિદ્વાનો કહે છે કે "દંડત્વ જાતિ માત્ર કાષ્ટ વગેરેમાંથી નિર્મિત દંડમાં જ માનવાને બદલે ચક્રને ઘુમાવનાર વેગવાન વાયુ વગેરે બધામાં સ્વીકારી લઈએ તો પછી ઘટત્વાવચ્છેદેન કાર્યતા અને દંડત્વાવચ્છેદેન કારણતા અર્થાત્ ઘટ અને દંડના કાર્યકારણ ભાવમાં કોઈપણ જાતના વ્યભિચાર દોષને અવકાશ નથી." પરંતુ તેમનું આ કહેવું શોભાસ્પદ નથી. કારણ કે 'अयं दण्डः' એવો સર્વલોકપ્રસિદ્ધવ્યવહાર કાષ્ટાદિનિર્મિત દંડમાં જ દંડત્વના પ્રત્યક્ષ જ્ઞાનપૂર્વકનો હોવાથી તેમાં જ દંડત્વને સિદ્ધ કરે છે જ્યારે વાયુમાં 'वायुर्न दण्डः' આ પ્રમાણેનો લૌકિક વ્યવહાર થતો હોવાથી વાયુમાં દણ્ડત્વ પ્રત્યક્ષ બાધિત છે. વળી વાયુમાં જો દંડત્વ જાતિ માનવામાં આવે તો સાંકર્યરૂપ બાધકના કારણે દંડત્વ જાતિરૂપ નહિ થઈ શકે. જે બે ધર્મો ક્યાંક પરસ્પર અભાવના સમાનાધિકરણ હોય તો વળી ક્યાંક બન્ને પરસ્પરસમાનાધિકરણ પણ હોય ત્યાં સંકરદોષ પ્રસક્ત થાય છે. દંડત્વ વાયુગત પૃથ્વીત્વાભાવનું સમાનાધિકરણ છે, અને પૃથ્વીત્વ માટી-રેતી વગેરેમાં દંડત્વાભાવનું સમાનાધિકરણ છે કિન્તુ કાષ્ટનિર્મિત દંડમાં દણ્ડત્વ અને પૃથિવીત્વ પરસ્પર સમાનાધિકરણ છે એટલે દંડત્વને પૃથ્વીત્વ સાથે સાંકર્ય હોવાથી વાયુ-પૃથ્વી ઉભયસાધારણ દંડત્વજાતિ અસિદ્ધ છે.

**(ગુણસ્થાન પ્રાદુર્ભાવમાં દ્વારઘટિતરૂપે ઉપદેશની હેતુતા)**

શ્લોકના ઉત્તરાર્ધમાં વ્યભિચાર દોષનું નિવારણ કરવાનો એક અન્ય ઉપાય સૂચિત કર્યો છે. દ્વારઘટિતરૂપે ગુણસ્થાનપ્રવૃત્તિમાં ઉપદેશને હેતુ માનવામાં કોઈ દોષ રહેતો નથી. આશય એ છે કે-દંડત્વરૂપે દંડને ઘટ પ્રત્યે કારણ માનવામાં વ્યભિચાર દોષને અવકાશ છે પરંતુ ભ્રમિજનકત્વરૂપે માનવામાં કોઈ દોષ રહેતો નથી કારણ કે જે દંડ ચક્રભ્રમિજનક

હશે તે દંડથી તે ચક્રભ્રમણ દ્વારા ઘટોત્પત્તિ અવશ્યંભાવિ છે. અને જે દંડમાં ભ્રમિજનકતા નથી તે દંડને ઘટનું કારણ જ માનવામાં આવ્યો નથી એટલે એવા દંડથી ઘટની ઉત્પત્તિ ન થાય તો પણ ભ્રમિજનકત્વ રૂપે દંડ અને ઘટનો કાર્યકારણભાવ અખંડિત રહે છે.

પ્રસ્તુતમાં પણ ગુણસ્થાનકનો પ્રારંભ કરાવવો અથવા ગુણસ્થાનથી પતનમાં પ્રતિબંધ કરવો આ બેમાંથી ગમે તે એક દ્વારા જ ગુણસ્થાન પ્રવૃત્તિ અને ઉપદેશનો કાર્યકારણભાવ માનવામાં આવે તો જે ઉપદેશથી પૂર્વોક્ત બે દ્વાર ફલીભૂત ન થાય તેવા ઉપદેશથી ગુણસ્થાન પ્રવૃત્તિ ન થાય તો પણ જે ઉપદેશ બેમાંથી એક દ્વારને ઉત્પન્ન કરે તે ઉપદેશ તે દ્વારરૂપી માધ્યમથી ગુણસ્થાન પ્રવૃત્તિમાં અવશ્ય હેતુ બની શકશે.

**(ગુણસ્થાન પ્રવૃત્તિમાં ઉપદેશ અન્યથાસિદ્ધ હોવાની શંકા અને સમાધાન)**

**શંકા :-** 'अन्यं प्रति कारणतामादायैव यस्य यं प्रति कारणता ग्रहः स तं प्रति अन्यथासिद्धः' આ પ્રકારની અન્યથા સિદ્ધિથી ગ્રસ્ત હોવાથી ઉપદેશ ગુણસ્થાન-પ્રવૃત્તિમાં કારણભૂત માની શકાશે નહિ. શંકાનો આશય એ છે કે જેમ શબ્દ પ્રત્યે કારણતા ગ્રહ કર્યા વિના અન્યભાવો પ્રત્યે આકાશની હેતુતાનો ગ્રહ શક્ય બનતો ન હોવાથી ઘટાદિ અન્યભાવો પ્રત્યે ન્યાયમતે આકાશને કારણ માનવામાં આવતું નથી. એ જ રીતે ભ્રમિને ઉત્પન્ન કરીને દંડ અને ગુણસ્થાનક આરંભ આદિ વ્યાપારને ઉત્પન્ન કરીને ઉપદેશ ચરિતાર્થ થઈ જતો હોવાથી અનુક્રમે ઘટ અને ગુણસ્થાનકપ્રવૃત્તિ પ્રત્યે તે ઉભય અન્યથાસિદ્ધ છે. અન્યથાસિદ્ધ એટલે અભિપ્રેત કારણ વિના પણ કાર્યોત્પત્તિની શક્યતા હોય તેવું કારણ.

**સમાધાન :-** જો શંકિત અન્યથાસિદ્ધિથી ઉપદેશની હેતુતાનું વિઘટન કરવામાં આવે તો અદૃષ્ટ (પુણ્ય-પાપ) સ્વરૂપ વ્યાપાર દ્વારા પ્રત્યેક ધાર્મિક અનુષ્ઠાનોની સ્વર્ગહેતુતા પણ રદ થઈ જાય. એ ન થાય માટે તો તર્કશાસ્ત્રમાં "વ્યાપારથી વ્યાપારીની અન્યથાસિદ્ધિ થતી નથી." એવો મત સર્વત્ર પ્રસિદ્ધ છે. સ્વર્ગોત્પત્તિ પ્રત્યે ધર્મક્રિયાહેતુતાને સુરક્ષિત રાખવા માટે 'अन्यं प्रति....' ઇત્યાદિમાં પરિષ્કાર કરવો જરૂરી છે. તે આ પ્રમાણે 'मुख्यफलाननुकूलमन्यं प्रति कारणतामादायैव यस्य यं प्रति कारणताग्रहः, स तं प्रति अन्यथासिद्धः'=મુખ્યફળમાં પ્રયોજક ન હોય તેવા (શબ્દ) ભાવ પ્રત્યે કારણતાગ્રહ કર્યા પછી જ જેનો (આકાશનો) અન્ય (ઘટ) ભાવ પ્રત્યે કારણતા ગ્રહ શક્ય હોય તે (આકાશ) તેના (ઘટ) પ્રત્યે અન્યથાસિદ્ધ કહેવાય. આકાશની સિદ્ધિ ન્યાયમતે શબ્દના સમવાયીકારણ રૂપે જ શક્ય છે અને ઘટરૂપ ફળ પ્રત્યે શબ્દ પ્રયોજક નથી એટલે ઘટ પ્રત્યે આકાશ અન્યથાસિદ્ધ થઈ જાય છે. જ્યારે ધર્મક્રિયાથી ઉત્પન્ન થતું પુણ્ય અને ઉપદેશપ્રયુક્ત ગુણસ્થાન આરંભ આદિ અનુક્રમે સ્વર્ગોત્પત્તિ અને ગુણસ્થાનપ્રવૃત્તિમાં પ્રયોજક હોવાથી 'ફલાનનુકૂલ અન્યં પ્રતિ.' ઇત્યાદિ અન્યથાસિદ્ધિના ઘેરાવામાંથી મુક્ત છે. ॥૭૯॥

अत्र परमतमाशङ्क्य निराकुर्वन्नाह–

શ્લોક ૮૦માં ઉપરોક્ત વિષયમાં એક શંકા અને તેનું સમાધાન રજુ કર્યા છે–

**नणु एवं सुत्तत्थग्गहणुवएसो विरुज्झए सुत्ते ।**
**भन्नइ ण सो विरुज्झइ जमपत्तविसेसफलविसओ ॥ ८० ॥**

**શ્લોકાર્થ :-** (શંકા :-) ઉપરોક્ત રીતે તો સૂત્રમાં કરેલા સૂત્રાર્થગ્રહણના ઉપદેશ સાથે વિરોધ આવશે. (ઉત્તર :-) વિરોધ નહિ આવે કારણ કે તે અપ્રાપ્તપદવિશેષ ફળવિષયક છે. ॥૮૦॥

**नन्विति** प्रश्ने, **एवम**वस्थितपरिणामेषूपदेशस्य निष्फलत्वे, **सूत्रे**=सिद्धान्ते, **सूत्रार्थग्रहणोपदेशो**=यथौचित्येन नित्यं सूत्रार्थपौरुषीविधानात्मा, **विरुद्ध्यते** । द्विविधा हि श्रुतग्राहिणः, कठोरप्रज्ञास्तदितरे च, तत्र ये कठोरप्रज्ञास्ते प्रथमपौरुष्यां सूत्राध्ययनं कृत्वा द्वितीयपौरुष्यां "सुत्तत्थो खलु पढमो[५]" इत्यादिनानुयोगक्रमेण तस्यार्थमाकर्णयन्ति, ये तु न तथारूपास्ते पौरुषीद्वयेऽपि सूत्रमेव पठन्ति, कालान्तरे संपन्नप्रज्ञाप्रकर्षाश्च ते पौरुषीद्वयेऽपि सूत्रार्थग्रहणाय यत्नमाद्रियन्त इति हि सूत्रीय उपदेशः, न चायमवस्थितपरिणामेषूपदेशस्य निष्फलत्वे कथमपि फलवानिति **चेत् ? भण्यते**–अत्रोत्तरं दीयते, **न स**=प्रकृतोपदेशः **विरुद्ध्यते, यद्**=यस्मात् **'अप्राप्तविशेषफलविषयः'**-सिद्धे हि प्रतिपाद्ये सम्यग्दर्शनादौ स्वरसतस्तत्प्रवृत्तिमतः प्रति तदुपदेशो न सफलः स्यात्, अप्रवृत्त-प्रवर्त्तनात्मकत्वात्तस्य, असिद्धे तु केवलज्ञानप्राप्तिहेतावपूर्वज्ञानाभ्यासे प्रतिपाद्ये कथमिव तदुपदेशो निष्फलः स्यात् ? त त एव तदा प्रवृत्त्युपपत्तेः । तदिदमाह-[उपदेशपद ५०१-५०२]

[६]"जइ एवं किं भणिया णिच्चं सुत्तत्थपोरुसीए उ । तट्ठाणंतरविसया ***ते होंति** न तेण दोसोयं ॥५०१॥

[७]अपुव्वनाणग्गहणे णिच्चब्भासेण केवलुप्पत्ती । भणिआ सुअंभि तम्हा एवं चिय एयमवसेयं ॥" ॥५०२॥

### (સૂત્રાર્થ પોરસીનો ઉપદેશ નિષ્ફળ છે ? શંકા)

**તાત્પર્યાર્થ :-** શંકાકારનો આશય એ છે કે અવસ્થિત પરિણામવાળા તે તે ગુણસ્થાનકમાં સ્થિર બની ગયેલા આત્માઓ માટે જો ઉપદેશ સર્વથા નિષ્ફળ હોય તો પારમર્ષસિદ્ધાંતમાં ઉચિતક્રમે હરહંમેશ 'સૂત્ર પોરિસિ' અને 'અર્થ પોરિસિ' કરવાનો ઉપદેશ કર્યો છે તે પણ નિષ્ફળ થઈ જશે. અથવા તેની સાથે વિરોધ ઊભો થશે. શ્રુતાભ્યાસ કરનારા બે પ્રકારના હોય છે. એક તો એવા, જેઓની બુદ્ધિ-પ્રજ્ઞા તીક્ષ્ણ હોય અને બીજા મંદપ્રજ્ઞ હોય. જેઓની

---

५ सूत्रार्थः खलु प्रथमः ॥

६ यद्येवं किं भणिता नित्यं सूत्रार्थपौरुष्यास्तु । तत्स्थानान्तरविषयास्ते भवन्ति न तेन दोषोऽयम् ॥

* 'तत्तोत्ति' इति उपदेशपदे पाठान्तरम् ।

७ अपूर्वज्ञानग्रहणे नित्याभ्यासेन केवलोत्पत्तिः । भणिता श्रुते तस्मादेवमेवैतदवसेयम् ॥

પ્રજ્ઞા તીક્ષ્ણ હોય તેઓ દિવસના પ્રથમ પ્રહરમાં સૂત્રનું અધ્યયન કરે અને બીજા પ્રહરમાં 'सुत्थत्थो खलु पढमो....' આ આવશ્યકનિર્યુક્તિની ગાથામાં સૂચિત "પ્રથમ વાચનામાં સામાન્ય સૂત્રાર્થ, પછી બીજી વાચનામાં નિર્યુક્તિ-અર્થગર્ભિત સૂત્રાર્થ અને ત્રીજી વાચનામાં ઉક્તાનુક્ત સકળ સૂત્રાર્થ" આ પ્રકારની ત્રણ વાચનાના અનુયોગ ક્રમથી સૂત્રના અર્થનું અધ્યયન કરે. જેઓ મંદપ્રજ્ઞ હોય તેઓ પહેલા અને બીજા ઉભયપ્રહરમાં માત્ર સૂત્રનું અધ્યયન કરે અને કાલાન્તરે બુદ્ધિ પરિષ્કૃત થઈ ગયા બાદ બેઉ પોરષીમાં સૂત્રનો અર્થ ગ્રહણ કરવામાં પ્રયત્નશીલ થાય. આ પ્રકારનો સૂત્રનો ઉપદેશ સ્થિર પરિણામવાળા આત્માઓ માટે જો નિષ્ફળ હોય તો પછી તેની સફળતાનું ઉપપાદન કયા સ્થળે કરી શકાય ?

**(અપ્રાપ્ત ગુણપ્રાપ્તિ માટે સૂત્રાર્થ પોરસીનો ઉપદેશ સફળ)**

**સમાધાન :-** દ્વિતીયપ્રહરમાં સર્વ સાધુને ઉદ્દેશીને કરાયેલા અર્થગ્રહણ સંબંધી વિધાન સાથે પૂર્વોક્ત હકીકતને કોઈ વિરોધ નથી કારણ કે સ્થિર પરિણામવાળા સાધુને પણ અપ્રાપ્ત એવા અપૂર્વ ગુણની પ્રાપ્તિ માટે તે સફળ છે. જે સમ્યગ્ દર્શનાદિ ગુણ સંબંધી આચારમાં કોઈ આત્મા સ્વયંભૂ આંતરિક ઉત્સાહથી મચી પડ્યો છે, તેને તે સમ્યગ્ દર્શનાદિનો ઉપદેશ કરવામાં આવે તો તે નિષ્ફળ જવાનો પૂરેપૂરો સંભવ છે. કારણ કે જે આચારમાં પ્રવૃત્તિ સ્થગિત થઈ ગઈ હોય તે આચારમાં પ્રવર્તાવવામાં ઉપદેશ સફળ બનતો હોય છે, કિન્તુ કેવળજ્ઞાન વગેરે ગુણોની પ્રાપ્તિ કરાવનાર અપૂર્વ જ્ઞાનાભ્યાસ, નિત્ય નવાં નવાં અધ્યયન વગેરે અનુષ્ઠાનોમાં સ્થિરપરિણામીને પણ આગળ વધારવા માટે સૂત્રાર્થ પોરિસીનો ઉપદેશ અત્યંત જરૂરી છે. કારણ કે તેનાથી જ તે તે અનુષ્ઠાનોમાં પ્રવર્તવાનો તીવ્ર ઉત્સાહ અને તેમાં પ્રવૃત્તિ ઉદ્ભવે છે. **ઉપદેશપદ** (ગાથા ૫૦૧-૫૦૨) શાસ્ત્રમાં કહ્યું છે કે-

"જો ઉપદેશ નિષ્ફળ હોય તો સૂત્રાર્થપોરિસી શા માટે નિત્ય કરવાનું કહ્યું ? (ઉ૦) સ્થાનાન્તર અર્થાત્ અપૂર્વ અપૂર્વ વિશેષ (ગુણ)ની પ્રાપ્તિને ઉદ્દેશીને કહ્યું હોવાથી કોઈ દોષ નથી ॥૫૦૧॥ આગમમાં કહ્યું છે કે-અપૂર્વજ્ઞાન ગ્રહણમાં નિરંતર અભ્યાસથી કેવળજ્ઞાન પ્રગટ થાય છે-તેથી સૂત્રાર્થ પોરિસીનો ઉપદેશ સફળ જાણવો." ॥૫૦૨॥૮૦॥

**लिप्तताज्ञानसंपातप्रतिघाताय केवलम् ।**
**निर्लेपज्ञानमग्नस्य क्रिया सर्वोपयुज्यते ।।४।। (ज्ञानसार ११/४)**

નિર્લેપ જ્ઞાનમાં મગ્ન એટલે 'હું નિર્લેપ છું' એવી જ્ઞાનધારામાં આરૂઢ થયેલા યોગીની સર્વ ક્રિયાઓ વ્યુત્થાનદશામાં વ્યવહારભાવથી લિપ્તપણાના જ્ઞાનના સંપાતનું-આગમનનું નિવારણ કરવા માટે કેવળ ઉપયોગી થાય છે-કામમાં આવે છે. એ કારણથી જ ધ્યાનારૂઢને આવશ્યકાદિ ક્રિયા તેવા પ્રકારની શુદ્ધિથી આત્મધ્યાનની ધારાથી પડતા રાખવા માટે જ આલંબન કહી છે.

## ઉપદેશ ૨૧ - શ્રદ્ધા-જ્ઞાન વિના આચરણ સફળ ન થાય

ननूपदेशादुक्तव्यापाराभावेऽपि निवृत्तिसंभवादेव न निष्फलत्वं भविष्यतीत्याशङ्क्याह–

**શંકા :-** ઉપદેશથી ગુણસ્થાન આરંભ અને પતનપ્રતિબંધ આ બે દ્વારના માધ્યમે ગુણસ્થાનપ્રવૃત્તિ ન થવા છતાં પણ યત્કિંચિત્ પાપથી શ્રોતાની નિવૃત્તિ અસંભવિત ન હોવાથી આ રીતે ઉપદેશને સર્વથા નિષ્ફળ માનવાની જરૂર નથી. આ શંકાનું શ્લોક ૮૧માં સમાધાન કર્યું છે.

**गुणठाणावावारे एत्तो विरओ वि अविरओ णियमा ।**
**जह दहणो अदहंतो सत्तीए दाहगो चेव ॥ ८१ ॥**

**શ્લોકાર્થ :-** ગુણસ્થાન વ્યાપારના અભાવમાં ઉપદેશથી નિવૃત્તિ નિયમા અનિવૃત્તિ છે. ન બાળવા છતાં પણ અગ્નિ શક્તિથી તો દાહક જ હોય છે. ॥૮૧॥

**गुणस्थानाऽव्यापारे**=सम्यग्दर्शनादिगुणस्थानाऽप्रवृत्तौ, इत उपदेशात्, यथाकथञ्चिद्**विरतोऽपि**=प्राणातिपातादिभ्यो निवृत्तोऽपि, **नियमादे**कान्ततो**ऽनिवृत्त** एव, हेतुत: स्वरूपत: फलतश्च हिंसादिस्वरूपज्ञानं तन्निवृत्तिरूचिरूपं दर्शनं च विना कुतोऽपि कारणाद्दोषनिवृत्तावपि तच्छक्त्यनिवृत्त्या तत्त्वतस्तदनिवृत्ते: । अत्र दृष्टान्तमाह-यथा दहनोऽग्निर्दाहकशक्तिव्याघाताभावे कुतोऽपि वैगुण्याददहन्नपि शक्त्या दाहक एव । तदिदमाह-[उपदेशपद-५१२]

[८]जाणइ उप्पण्णरुई जइ ता दोसा णियत्तई सम्मं ।
इहरा अपवित्तीई वि अणियत्तो चेव भावेणं ॥ ८१ ॥

### (હિંસાદિ પાપોથી તાત્ત્વિક નિવૃત્તિ ક્યારે ?)

**તાત્પર્યાર્થ :-** જે ઉપદેશથી ગુણસ્થાનમાં પ્રવૃત્તિ અથવા તદનુકૂલ વ્યાપારનો ઉદ્ભવ ન થાય એ ઉપદેશથી ગમે તે રીતે પ્રાણાતિપાત વગેરે પાપથી શ્રોતાની નિવૃત્તિ થાય તો પણ પરમાર્થથી તે નિવૃત્તિ નિવૃત્તિરૂપ નથી જ. હેતુહિંસા, સ્વરૂપહિંસા અને અનુબંધ હિંસા (જેનાં સ્વરૂપનું વર્ણન પૂર્વે થઈ ચૂક્યું છે. જુઓ પૃષ્ઠ ૯મું) વગેરે હિંસાદિ સ્વરૂપના જ્ઞાન વિના અને હિંસાદિ પાપથી નિવૃત્તિ માટે રુચિ સ્વરૂપ સમ્યગ્દર્શન પેદા થયા વિના કોઈ અગમ્ય ઈહલૌકિક કે પારલૌકિક સ્વાર્થરૂપ કારણથી પ્રાણાતિપાત વગેરે દોષથી શ્રોતા ભલે ઉપરત થાય પરંતુ તે પાપ પ્રત્યેનું તેનું વલણ યથાવત્ હોવાથી અર્થાત્ પાપપ્રવૃત્તિમાં પ્રવર્તક શક્તિ અસ્ખલિત=અબાધિત હોવાથી પરમાર્થથી તો તે નિવૃત્તિનું કોઈ મહત્ત્વ નથી. દા.ત. અગ્નિમાં જે સ્વાભાવિક દાહક શક્તિ પડેલી છે તે અકબંધ હોય ત્યાં સુધી ક્યારેક તે શક્તિ

८ जानात्युत्पन्नरुचिर्यदि तस्माद्दोषाद् निवर्त्तते सम्यक् । इतरथाप्रवृत्तावपि अनिवृत्तश्चैव भावेन ॥

દબાઈ જવાના કારણે દાહ ન થાય તો પણ તે અગ્નિ દાહક જ કહેવાય છે. (એ જ રીતે દાઢનું ઝેર નિચોવાયું ન હોય ત્યાં સુધી મજબૂત રીતે જડબામાંથી પકડેલો સાપ કરડી ન શકે તો પણ તેનો ઝેરીલો સ્વભાવ નિવૃત્ત થતો નથી.) ઉપદેશપદ (ગાથા-૫૧૨) શાસ્ત્રમાં કહ્યું છે કે-

'(દોષને) બરાબર જાણે અને તેનો ત્યાગ કરવાની રુચિ ઉત્પન્ન થાય તો જ દોષથી શુદ્ધ નિવૃત્તિ થાય. અન્યથા (જ્ઞાન-શ્રદ્ધાના અભાવમાં) અપ્રવૃત્તિ હોવા છતાં પણ ભાવથી નિવૃત્તિ નથી.' ॥૮૧॥

अथ कथं तत्त्वतो निवृत्तिरित्याह–

શ્લોક ૮૨માં નિવૃત્તિનું તાત્ત્વિક સ્વરૂપ દર્શાવ્યું છે–

**तम्हा वयपरिणामे पवट्टए नाणदंसणसमग्गो ।**
**उवउत्तो परिणामे अप्पबहुत्तं वियालंतो ॥ ८२ ॥**

**શ્લોકાર્થ :-** ઉપરોક્ત હેતુથી જાગૃત વ્રત પરિણામી આત્મા જ્ઞાન-દર્શન સહિત ગૌરવ લાઘવનો વિચાર કરીને સાવધાનીપૂર્વક પરિણામમાં (આચરણીય અનુષ્ઠાનમાં) પ્રવર્તે છે. ॥૮૨॥

**तस्माद**ज्ञात्वाऽश्रद्धाय च निवृत्तस्य तत्त्वतोऽनिवृत्तत्वात्, **व्रतपरिणामे**=आभ्यन्तरव्रताध्यवसाये सति **प्रवर्त्तते ज्ञानदर्शनाभ्यां समग्रः**=सम्पूर्णः, तथा **उपयुक्तो**=दत्तावधानः, **परिणामे**=आयतिकालानुष्ठेयेऽर्थे, **अल्पबहुत्वं**=गुणदोषगतं गुरुलाघवं **विचारयन्**=शास्त्रानुसारिण्या सूक्ष्मप्रज्ञया प्रतिसंदधत् । इत्थं विचारवन्त एव हि तपोनुष्ठानादिषु सम्यक् प्रवृत्त्या विशालं फलं लभन्ते, अनीदृशास्तु लोकोत्तरपथावतारिणोऽपि अव्यावृत्तविपर्यासास्तथा प्रवर्त्तन्ते यथा स्वपरेषां दिङ्मूढनिर्यामका इवाऽकल्याणहेतवो भवन्तीति । अयं चायतिकल्याणफलानुबन्धी विचारोऽन्वयव्यतिरेकाभ्यां व्रतपरिणामनियतयोगजादृष्टसाध्य एवेति निश्चीयते ॥ ८२ ॥

### (જ્ઞાન-દર્શન વિના તાત્ત્વિક પાપનિવૃત્તિ ન હોય)

**તાત્પર્યાર્થ :-** સમ્યગ્ જ્ઞાન અને શ્રદ્ધાના અભાવમાં પાપથી નિવૃત્તિ વાસ્તવિક રીતે નિવૃત્તિરૂપ જ નથી. તેથી સમ્યગ્દર્શન અને જ્ઞાનપૂર્વક હૃદયમાં વ્રતઅનુકૂળ-અધ્યવસાય જાગૃત થાય ત્યારે અત્યંત સાવધાનીપૂર્વક, લાભ અને નુકસાન સંબંધી ગુરુ-લઘુ ભાવનો શાસ્ત્રાનુસારી વિશુદ્ધ અને સૂક્ષ્મબુદ્ધિથી પરામર્શ કરીને, ભાવિકાળમાં અત્યધિક હિતકર આરાધ્ય ક્રિયાનુષ્ઠાન વગેરેમાં પ્રવર્તે છે. મુમુક્ષુ છદ્મસ્થ પુરુષને સન્માર્ગે દર્શન માટે અનન્ય સાધન એકમાત્ર શાસ્ત્રરૂપી નેત્ર છે. તેના વિવેકપૂર્વકના ઉપયોગથી તત્કાલ ઉપસ્થિત અનેકવિધ કર્તવ્યોમાંથી કયા કર્તવ્યનું પાલન કરવાથી નુકસાન અલ્પ અને લાભ વધુ છે

અને કયા કર્તવ્યનું પાલન કરવાથી લાભ અલ્પ અને નુકસાન વધુ છે એનો બરાબર સ્થિરબુદ્ધિથી પરામર્શ કરનારા આત્માઓ તપશ્ચર્યા વગેરે અનુષ્ઠાનોમાં યથોચિતપણે પ્રવૃત્તિ કરવા દ્વારા પુષ્કળ સત્ ફળને પ્રાપ્ત કરે છે. જેઓ એ પ્રમાણે વિચાર કર્યા વિના જ લોકોત્તર જૈન શાસ્ત્રોપદિષ્ટ માર્ગનું આચરણ કરવા બેસી જાય છે તેઓનો બુદ્ધિવિપર્યાસ યથાવત્ વિદ્યમાન હોવાથી વિધિ વગેરેના વિવેકરહિતપણે તેઓ એવું બેહુદું આચરણ કરે છે કે જેથી સ્વ અને પર ઉભયનું અહિત કરનારા થાય છે. દા.ત. દિશાને સર્વથા ભૂલી ગયેલા વહાણના સંચાલકો વહાણને જે તે દિશામાં હંકાર્યે રાખે તો તે વહાણમાં રહેલા યાત્રિકો અને પોતે સમુદ્રમાં આખરે ડૂબે છે.

વ્રતનો અધ્યવસાય જાગૃત થયો હોય ત્યારે નિયતપણે ઉદયમાં આવેલા વિશિષ્ટ પ્રકારના યોગજનિત શુભકર્મથી જ ભવિષ્યમાં હિતકર શુભફલાનુબંધી એવો શાસ્ત્રાનુસારી ગુરુ-લઘુ ભાવગર્ભિત વિચાર પ્રવર્તે છે. આ હકીકત અન્વય અને વ્યતિરેક ઉભયથી સુનિશ્ચિત છે. અર્થાત્ તથાપ્રકારના શુભકર્મના ઉદયમાં જ તેવો વિચાર જાગૃત થાય છે. પણ જો તેવો શુભકર્મોનો ઉદય ન હોય તો આવો વિચાર આવતો નથી. ॥૮૨॥

अल्पबहुत्वविचारमेव दिङ्मात्रेण दर्शयति-

**(ઉપસર્ગો સહન કરવા અથવા વિધિથી પ્રતિકાર કરવો)**

માત્ર દિશા સૂચન રૂપે શ્લોક ૮૩માં ગુરુ-લઘુ ભાવનો વિચાર દર્શાવ્યો છે-

**पुव्विं दुच्चिन्नाणं कम्माणं अक्खएण णो मुक्खो ।**
**तेण खमइ उवसग्गे पडिआरं वा कुणइ विहिणा ॥८३॥**

**શ્લોકાર્થ :-** પૂર્વભવમાં બાંધેલાં કર્મો નિર્જર્યા વિના મોક્ષ નથી. તેથી ઉપસર્ગને સહન કરે છે, અથવા વિધિપૂર્વક તેનો પ્રતિકાર કરે છે. ॥૮૩॥

**पूर्वं**=भवान्तरे, **दुश्चीर्णानां**=निबिडाध्यवसायतो निकाचनावस्थां नीतानां **कर्मणां**=ज्ञानावरणा-दीनां, **अक्षयेणा**=ऽनिर्जरणेन, **नो**=नैव, **मोक्षः**=परमपुरुषार्थलाभलक्षणः संपद्यते यतः, तेन कारणेन **उपसर्गा**नुपस्थितव्याध्यादिरूपान् **क्षमते**=ऽदीनमनस्कतयाऽनुभवति, **वा**=ऽथवा, **प्रतिकारं विधिना**-

[1]"फासुअएसणिएहिं फासुअओहुद्देसिएहि कीएहि । पूइए मिस्सएहिं आहाकम्मेण जयणाए ॥"

[ ] इत्यादिकल्पादिग्रन्थोक्तग्लानचिकित्सासूत्रानुसारिणा **कुरुते**, न तु गुरुलाघवालोचन-विकलस्वविकल्पमात्रेण । अयं भावः-व्याधिविप्रयोगप्रणिधानरूपार्त्तध्यानाभावे सम्यगधिसोढव्य एव व्याधिर्मुमुक्षुणा, तस्य बुभुक्षितान्नलाभतुल्यत्वात् । तथा च पठ्यते–

१ प्रासुकैषणीयैः प्रासुकौघोद्देशिकै क्रीतैः । पूत्या मिश्रकैराधाकर्मणा यतनया ॥

[10]कंडूय भत्तखद्धा तिव्वा वियणा य अत्थि कुच्छीसु ।
कासं सासं च जरं अहियासइ सत्तवाससए ॥ [उत्तरा० नि० ८४]

आर्त्तध्यानप्रवृत्तौ संयमयोगहानौ वा विधिना प्रतिकारमपि कुर्यात्, दुर्ध्याननिषेधसद्ध्यानादराप्रमादप्रधानत्वाच्चारित्रपरिणामस्य । तदाह-[उपदेशपद-५४३]

[11]अट्टज्झाणाभावे सम्मं अहियासियव्वओ वाहि । तब्भावम्मि वि विहिणा पडियारपवत्तणं णेयम् ॥८३॥

**તાત્પર્યાર્થ :-** 'નિબિડ અધ્યવસાયથી નિકાચિતપણે બાંધેલા જ્ઞાનાવરણ વગેરે કર્મોની નિર્જરા જ્યાંસુધી કઠોર ઉપસર્ગ-પરિષહો વગેરે સહન કરીને કરવામાં ન આવે ત્યાં સુધી તેનાથી છૂટકારો થતો નથી-સર્વોચ્ચ પુરુષાર્થરૂપ મોક્ષની પ્રાપ્તિ દૂર રહે છે.' આ પ્રકારના સમ્યગ્ નિશ્ચયથી સાધુ ભગવંતો પોતાના પર આક્રમણરૂપે આવી પડેલા રોગ વગેરે ઉપસર્ગોને બરાબર સહન કરે છે અને એ સહન કરતી વખતે 'હાય-હાય ! મારે આટલું બધું સહન કરવાનું' એવું લેશમાત્ર દૈન્ય દાખવતા નથી. જો તે રોગ વગેરે ખરેખર અસહ્ય હોય તો બીજા વિકલ્પમાં વિધિપૂર્વક તેનો પ્રતિકાર કરે છે. રોગ અસહ્ય આવ્યો હોય અને વૈદ્ય વગેરે અમુક જ પ્રકારના પથ્યાહારનું સૂચન કરે તો તે પથ્યાહારનું અન્વેષણ કઈ વિધિથી સાધુ કરે તે દર્શાવતા બૃહત્કલ્પગ્રંથના 'ગ્લાનચિકિત્સા' સૂત્રમાં કહ્યું છે કે સૌ પ્રથમ બેંતાલીશ પ્રકારના દોષરહિત નિર્જીવ આહારનું અન્વેષણ કરે. જો તે પથ્યાહાર એ રીતે ઉપલબ્ધ ન થાય તો નિર્જીવ તો ખરો જ પણ ઓઘ-ઉદ્દેશિક એટલે કે જેમાં સાધુની પણ સામાન્યથી ગણતરી કરી લેવામાં આવી છે તેવા વિશાળ જનસમુદાયને ઉદ્દેશીને બનાવેલા આહારનું અન્વેષણ કરે. યદ્યપિ આમાં દોષ તો છે જ પણ ઘણો અલ્પ. એ રીતે પણ ઉપલબ્ધ ન થાય તો સાધુ મહાત્માને દાન દેવા માટે કોઈએ ખરીદી રાખ્યું હોય તેવું મેળવવા માટે અન્વેષણ કરે. તેવું પણ ન મળે તો ક્રમસર પૂતિ મિશ્ર અને આધાકર્મી દોષથી દુષ્ટ એવા પણ નિર્જીવ આહારનું યતનાપૂર્વક ગ્રહણ કરે. અને એ રીતે શાસ્ત્રોક્ત વિધિને અનુસરીને વ્યાધિનો પ્રતિકાર કરવો જોઈએ એને બદલે ગુરુ-લઘુ ભાવનો પરામર્શ કર્યા વિના જ પોતાની સ્વચ્છંદ મતિ કલ્પનાથી પ્રતિકાર ન કરે. સૂત્રનું રહસ્ય એ છે કે મુમુક્ષુ આત્માએ 'ક્યારે આ રોગ ટળે.....ક્યારે આ રોગ ટળે......' એવી માનસિક રોગવિયોગની લગનીરૂપ આર્ત્તધ્યાન ન થતું હોય તો ઉપસ્થિત રોગને અવશ્ય સહન કરે. કારણ કે ભૂખ્યો માણસ અન્ન માટે જેટલો તલસે તેના કરતાં પણ વધુ નિર્જરાર્થી મુમુક્ષુ આત્મા ઉપસર્ગોને સહન કરવા ઝંખતો હોય. કહ્યું છે કે (ઉત્તરાધ્યયનસૂત્ર નિર્યુક્તિ ગાથા-૮૪)–

---

१० कंडूकं भक्तक्षुधां तीव्रां वेदनां चाक्षिकुक्षिषु । कासं श्वासं च ज्वरमध्यासयति सप्तवर्षशतम् ॥

११ आर्त्तध्यानाभावे सम्यगध्यासितव्यो व्याधिः । तद्भावे तु विधिना प्रतिकारप्रवर्त्तनं ज्ञेयम् ॥

"(સનત્કુમાર રાજર્ષિએ) ખંજવાળ, ભોજનની ભૂખ, અક્ષિ અને કુક્ષિમાં તીવ્ર વેદના, શ્વાસ, ખાંસી (ઉધરસ), જર્જરતા, સાતસો વર્ષ સુધી સહન કર્યાં."

હવે જો તેની સહન કરવાની શક્તિ ન હોય અને આર્તધ્યાન અનિચ્છાએ પણ થઈ જતું હોય તો અથવા અતિજરૂરી વિહાર, પ્રતિક્રમણ, સ્વાધ્યાય, ગ્લાનસેવા વગેરે વિશિષ્ટ સંયમયોગો સીદાતા હોય તો પૂર્વોક્ત વિધિથી રોગનો પ્રતિકાર પણ કરે. ચારિત્રના પરિણામમાં દુર્ધ્યાનનો નિરોધ, અવિચ્છિન્નપણે શુભધ્યાનની ધારા અને અપ્રમત્તભાવ પ્રધાન છે. એટલે આર્તધ્યાન થતું હોવા છતાં પણ જો વ્યાધિનો વિધિપૂર્વક પ્રતિકાર કરવામાં ન આવે તો ચારિત્રનો પરિણામ ઘવાય. **શ્રી ઉપદેશપદશાસ્ત્ર** (૫૪૩)માં કહ્યું છે કે-

'આર્તધ્યાન ન થતું હોય તો રોગને યથોચિતપણે સહન કરવો જોઈએ અને આર્ત્તધ્યાન થતું હોય તો વિધિપૂર્વક રોગની ચિકિત્સાનું પ્રવર્તન જાણવું. ॥૮૩॥

नन्वेवमुत्सर्गतः प्रतिषिद्धायाः चिकित्साया आदरणे कथमविकलफललाभः स्यादित्यत आह–

**(અપવાદમાર્ગના પાલનમાં આરાધનાની શંકા અને સમાધાન)**

**શંકા :-** ઉત્સર્ગ માર્ગમાં જેનો નિષેધ કરવામાં આવ્યો છે તે રોગચિકિત્સાને આદરવામાં પરિપૂર્ણ ફળપ્રાપ્તિ થાય ખરી ? જે આરાધના કે નિર્જરા ઉત્સર્ગ માર્ગે રોગને સહન કરી લેવાથી થાય, અપવાદમાર્ગે તેની ચિકિત્સા કરાવવાથી તે નિર્જરા ગુમાવાય કે પ્રાપ્ત થાય ? શ્લોક ૮૪માં ઉપરોક્ત શંકાનું નિરાકરણ કર્યું છે-

**पुट्ठालंवणसेवी उवेइ मुक्खं स, माइठाणं तु ।**
**फासंतो णो धम्मे भावेणं ठिओ अधन्नोत्ति ॥ ८४ ॥**

**શ્લોકાર્થ :-** જે પુષ્ટાલંબને અપવાદમાર્ગનું સેવન કરે છે તે મોક્ષે જાય છે, માયા સેવન કરનારને પરમાર્થથી ધર્મમાં સ્થાન જ નથી. તેથી તે અભાગિયો છે. ॥૮૪॥

**स पुष्टालंबनसेवी**=ज्ञानवैयावृत्त्यादिसमर्थालंबनेनापवादपथप्रवृत्तिमान् उपैति मोक्षं, आज्ञा-शुद्धपरिणामानुबन्धाऽविच्छेदात्, यतमानस्य क्वाचित्क्या विराधनाया अप्यकिञ्चित्करत्वात् । यदवाचि **निशीथभाष्ये**-

"[१२]काहं अच्छित्ति अदुवा अधीहं तवोवहाणेसु य उज्जमिस्सं ।
गणं च नीईए वा सारइस्सं सालंबसेवी समुवेइ मुक्खं ॥"

अथ योऽपुष्टालंबनमुद्दिश्य प्रतीकारं कुर्यात्ततः किं निर्जरा स्यान्न वेत्याह-**मातृस्थानं**= मायादोषं तु **स्पृशन्** जीवः, **भावेन**=परमार्थेन, **धर्मे न स्थितः** अधन्यः, कोटित्यागेन काकिणी-

१२ करिष्यामि अच्छित्तिं अथवाऽधीष्ये तपउपधानेषु चोद्यंस्ये । गणं च नीत्या सारयिष्यामि सालंबसेवी समुपैति मोक्षम् ॥

ग्रहणप्रवृत्त इव निर्जरालाभत्यागेन पूजाख्यात्यादिस्पृहापरतयात्मद्रोहपर इति हेतोः । तात्त्विकव्रत-परिणामवतो हि नैवं विपरीतफलप्रवृत्तिकत्वं भवति तथास्वाभाव्यात् । तदिदमाह- [उपदेशपद-५४४-५४५]

[१३]"सव्वत्थ माइठाणं न पयट्टतिभावतो उ धम्मंमि । जाणंतो अप्पाणं न जाउ जीवो इहं दुहइ ॥

[१४]कोडिच्चागा काकिणीगहणं पावाण ण उण धन्नाण । धन्नो अ चरणजुत्तोति धम्मसारो सया होइ" ॥८४॥

**તાત્પર્યાર્થ** :- જ્યાંસુધી ઉત્સર્ગમાર્ગે નિર્વાહ શક્ય હોય ત્યાં સુધી મુમુક્ષુઓએ અપવાદનું સેવન કરવાનું હોય નહિ. પણ એવાં પ્રબળ કારણો ઊભાં થયાં હોય ત્યારે જ અપવાદનું સેવન વિધિસરનું કરવાનું હોય છે. દા.ત. વિચ્છેદ પામી રહેલા શ્રુતજ્ઞાનને પુનર્જીવિત કરવા માટે, અથવા પોતાના જ્ઞાનાભ્યાસને અવિચ્છિન્નપણે ટકાવી રાખવા માટે જરૂરી પથ્યાહાર ઉત્સર્ગમાર્ગથી ઉપલબ્ધ ન થાય તો અપવાદે છેવટે આધાકર્મ દોષ દૂષિત આહાર પણ ગ્રહણ કરવો પડે. એ જ રીતે ગ્લાનસાધુની વૈયાવચ્ચ માટે પણ અપવાદ સેવન કરવું પડે. આ બધા અપવાદસેવનનાં પ્રબળ કારણો ઉપસ્થિત થતાં અપવાદસેવન કરનાર પણ મોક્ષ પ્રાપ્ત કરે છે. કારણ કે જેમ ઉત્સર્ગમાર્ગના પાલનમાં "મારે લેશ પણ જિનાજ્ઞા વિપરીત આચરવું નથી પણ જિનાજ્ઞા મુજબ જ આરાધના કરવી છે." આવા આજ્ઞાશુદ્ધિગર્ભિત અધ્યવસાયની પરંપરા અખંડિત રહે છે તેમ અપવાદસેવનમાં પણ તે અખંડિત રહે છે. જતનાપૂર્વક આરાધનાની પ્રવૃત્તિમાં ક્યારેક અલ્પાંશે વિરાધના પણ થઈ જાય તો પણ-

जा जययाणस्स भवे, विराहणा सुत्तविहिसमग्गस्स । सा होइ णिज्जरफला, अज्झत्थवि-सोहिजुत्तस्स ॥

='સૂત્ર વિધિને અખંડ રાખીને યતનાપૂર્વક (સાવધાનીથી) આરાધનામાં પ્રવર્તનાર અધ્યાત્મવિશુદ્ધિયુક્ત આત્માને વિરાધના થાય તો પણ નિર્જરાફળ પ્રાપ્ત થાય છે-આ **'ઓઘનિર્યુક્તિસૂત્ર'**ના વચનપ્રમાણથી નુકસાન થવાને બદલે લાભ જ થાય છે-એમાં કોઈ સંદેહ નથી.

**શ્રી નિશીથ સૂત્ર**ના ભાષ્યમાં જણાવ્યું છે કે, "હું (સંયમ-સ્વાધ્યાય યોગોને) અખંડ રાખીશ, અથવા (નવાં નવાં સૂત્રોનું) અધ્યયન કરીશ, કે તપશ્ચર્યા અને ઉપધાનમાં ઉદ્યમ કરીશ અથવા (સૂત્રોક્ત) નીતિથી ગચ્છની સારસંભાળ વગેરે કરીશ. આવાં પુષ્ટ આલંબનોએ અપવાદ સેવન કરનાર મોક્ષમાં જાય છે."

---

१३ सर्वत्र मातृस्थानं न प्रवर्त्तते भावतस्तु धर्मे । जानन्नात्मानं न जातु जीव इह द्रुह्यति ॥

१४ कोटित्यागात् काकिणीग्रहणं पापानां न पुनर्धन्यानाम् । धन्यश्च चरणयुक्त इति धर्मसारः सदा भवति ॥

**(કપટથી અપવાદસેવનમાં લાભ વિષે શંકા અને સમાધાન)**

**શંકા :-** પુષ્ટાલંબને અપવાદસેવન કરનાર મોક્ષમાં જાય તે તો બરાબર છે, પણ અપુષ્ટાલંબન અર્થાત્ ઉત્સર્ગપાલનની શક્તિ હોવા છતાં ખોટા બહાના આગળ કરીને જે અપવાદસેવન કરે તેને નિર્જરા થાય કે નહિ ? 'माइठाणं तुं.......' ઇત્યાદિ સૂત્રાવયવથી આ શંકાનો ઉત્તર આપવામાં આવ્યો છે-

**સમાધાન :-** માતૃસ્થાન એટલે માયાવીપણું-કપટ. જે આત્માઓ કપટનો આશ્રય લઈને ખોટાં ખોટાં બહાનાં કાઢીને અપવાદના નામે જે તે દોષનું સેવન કરવા બેસી જાય એ આત્મા પરમાર્થથી ધર્મક્ષેત્રની બહાર છે. તેના જેવો બીજો કોઈ અભાગિયો નથી. કારણ કે જેમ કોઈ અબૂઝ માણસ કરોડોની સંપત્તિના બદલામાં ફૂટી કોડીનું પણ મૂલ્ય ન હોય તેવી તુચ્છ ચીજ ખરીદવા નીકળી પડે તેમ નિર્જરાના અપૂર્વલાભની ઉપેક્ષા કરીને લોકમાં પૂજાવા માટે અથવા લોકમાં પોતાની વાહવાહ કરાવવા માટેની ઝંખનાથી ખરેખર તો પોતાના આત્માનો જ દ્રોહ કરી રહ્યો છે. તાત્ત્વિક વ્રત પરિણામ જાગ્રત થયો હોય તેવો પવિત્ર આત્મા ક્યારેય પણ પૂજા કીર્તિ માટે માયા-કપટથી અપવાદ આચરતો નથી. તેનો સ્વભાવ જ તેવો ઉમદા હોય છે. **શ્રી ઉપદેશપદ** (ગાથા-૫૪૪/૫૪૫) શાસ્ત્રમાં કહ્યું છે કે-

'કોઈપણ સ્થાનમાં માયાનો આશ્રય કરવો ઉચિત નથી. ખાસ કરીને ધર્મમાં તો બિલકુલ નહિ. આ હકીકતને સમજનારો જીવ ક્યારેય પણ આત્મદ્રોહ કરતો નથી.'

'કોટી દ્રવ્યનો ત્યાગ કરીને તુચ્છ કોડીનું ગ્રહણ પાપાત્મા જ કરે છે. ભાગ્યશાળીઓ નહિ. જે ચારિત્રયુક્ત છે તે જ ખરેખર ભાગ્યશાળી છે અને તે ધર્મને જ સદા સારભૂત માનતો હોય છે.' ॥૮૪॥

एतदेव भावयति—

**(ગુણસ્થાનના પ્રભાવે વિવેકનો પુનિત ઉદય)**

**गुणठाणपरिणामे संते पाएण बुद्धिमं होइ ।**
**तत्फलमवेक्ख अन्ने नियमेण उ तारिसं बिंति ॥८५॥**

**શ્લોકાર્થ :-** ગુણસ્થાનક પરિણામ પ્રવર્ત્યે છતે ઘણું કરીને જીવ વિવેકી બને છે. બીજાઓ કહે છે કે પરિણામની દૃષ્ટિએ તે જીવો નિયમા વિવેકી જ હોય છે. ॥૮૫॥

**गुणस्थानपरिणामे**=जीवदयादिगुणप्रकर्षपरिणामे **सति**=तत्त्वतो विद्यमाने **प्रायेण बुद्धिमान्**=युक्तायुक्तविवेचनचतुरशेमुषीपरिगतः भवति जीवः, अन्ये त्वाचार्याः **तत्फलं**=बुद्धिमत्त्वफलं स्वर्गापवर्गादिप्राप्तिलक्षणं **अपेक्ष्य** नियमेनैकान्तेन **तादृशं**=बुद्धिमन्तं **ब्रुवते**

गुणस्थानपरिणामवन्तं जीवमिति दृश्यम् । संपन्ननिर्व्रणव्रतपरिणामाः प्राणिनो हि जिनभणितमिदमिति श्रद्धानाः क्वचिदर्थेऽ-नाभोगबहुलतया प्रज्ञापकदोषाद्वितथश्रद्धानवन्तोऽपि न सम्यक्त्वादि-गुणभंगभाजो जायन्ते । यथोक्तम्-[उत्तरा० नि० १६३]

[१५]"सम्मद्दिट्ठी जीवो उवइट्ठं पवयणं तु सद्दहइ ।
सद्दहइ असब्भावं अयाणमाणो गुरुनिओगा" ॥८५॥

**તાત્પર્યાર્થ** :- તે તે ગુણસ્થાનકના આચારોના બહુમાનગર્ભિત વિધિસર પાલનથી જ્યારે આત્મામાં તે તે ગુણસ્થાન પ્રાપ્તિ પ્રયોજક જીવદયા વગેરે સદ્ગુણાત્મક પરિણામ પ્રકર્ષ પ્રાપ્ત થાય છે ત્યારે મોટે ભાગે જીવ ગમાર નહિ પણ બુદ્ધિમાન હોય છે. 'શું યુક્ત છે અને શું અયુક્ત છે ?' તેનો વિચાર કરવામાં તેની બુદ્ધિ સમર્થ હોય છે. આ વિષયમાં બીજા આચાર્યોનો અભિપ્રાય જરા જુદો છે. તેઓ કહે છે કે ગુણસ્થાનકનો પરિણામ પ્રવૃત્ત થયા પછી પ્રાયઃ જીવની દુર્ગતિ થતી નથી. પણ સ્વર્ગ કે મોક્ષની પ્રાપ્તિ થાય છે કે જે બુદ્ધિમત્તાનું જ ફળ છે. એટલે પરિણામથી વિચારીએ તો ગુણસ્થાનકનો પરિણામ પ્રગટ થયા પછી જીવ અવશ્ય બુદ્ધિમાન જ હોય છે.

### (ક્વચિત્ અનાભોગથી વિપરીત શ્રદ્ધામાં પણ ગુણ સુરક્ષિત)

જે આત્માઓ નિરતિચાર (નિર્દોષ) વ્રતપરિણામથી સંપન્ન હોય છે તેઓને જૈનાગમ પ્રતિપાદિત સિદ્ધાન્તોમાં આ બધું જ ભગવાનનું ભાખેલું છે એવી મજબૂત શ્રદ્ધા હોય છે. યદ્યપિ ક્યારેક અનાભોગથી જૈન સિદ્ધાન્ત જેવા ભાસતા પણ વાસ્તવમાં જૈન ન હોય તેવા સિદ્ધાન્તવિશેષમાં પણ 'આ સિદ્ધાન્ત ભગવાનનો ભાખેલો છે' એવી વિપરીત શ્રદ્ધા અનાભોગની બહુલતાથી સમ્યગ્ જાણકારીના અભાવમાં થઈ જાય છે ખરી. પરંતુ તેમાં મુખ્ય દોષ તો તેને તેવું ભણાવનારનો હોય છે અને તેથી સરળ પરિણામી તે આત્માના સમ્યગ્દર્શન વગેરે ગુણોનો વિનાશ થતો નથી. **શ્રી ઉત્તરાધ્યયન નિર્યુક્તિ** (૧૬૩ ગાથા) શાસ્ત્રમાં કહ્યું છે કે—

"સમ્યગ્દષ્ટિ આત્મા ભગવદુપદિષ્ટ પ્રવચનમાં શ્રદ્ધા કરે છે (પણ ક્યારેક) અજાણપણામાં ગુરુના (વિતથ) ઉપદેશથી અસદ્ભૂતપદાર્થમાં પણ શ્રદ્ધા કરે છે." ॥૮૫॥

अत्रैव हेतुमाह—

'ગુરુ વગેરેના વિતથ ઉપદેશથી અજાણતાં વિપરીત શ્રદ્ધા થઈ જવા છતાં પણ પ્રવૃત્તિ માર્ગને અનુકૂળ જ રહે છે.' આ વિગતનું સદષ્ટાંત હેતુપૂર્વક શ્લોક ૮૬માં સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે—

---

१५ सम्यग्दृष्टिः जीव उपदिष्टं प्रवचनं तु श्रद्दधाति । श्रद्दधात्यसद्भावमजानन्गुरुनियोगात् ॥

**अन्धो असायरहिओ पुराणुसारी जहा सयं होइ ।**
**एवं मग्गणुसारी मुणी अणाभोगपत्तोवि ।।८६।।**

**શ્લોકાર્થ** :- જેમ અશાતા ન હોવાથી અંધપુરુષ પણ જાતે જ નગર તરફ દોરાય છે તેમ અનાભોગમાં (અણસમજમાં) પણ મુનિ (મુક્તિ) માર્ગે ચાલ્યો જાય છે. ।।૮૬।।

**असातरहितो**=ऽसद्वेद्यकर्मोदयविमुक्तः-**अन्धो**=नयनव्यापारविकलः यथा **स्वयमा**त्मना **पुरानुसारी**=मलिम्लुचादिभयपरिहारेण निरुपद्रवनगरमार्गगामी भवति, तदीयशुभादृष्टस्य तथाप्रवृत्ति-जननस्वाभाव्यात्, एवं **मुनिर्दुर्गतिपातोपद्रवयोग्यताविकलचारित्रावरणकर्मक्षयोपशमवान्, अनाभोग-प्राप्तोऽपि** क्वचिदर्थेऽनाभोगमागपि, **मार्गानुसारी**=निर्वाणपथानुकूलप्रवृत्तिर्भवति ।।८६।।

**(સદન્ધન્યાયથી સન્માર્ગગમન)**

**તાત્પર્યાર્થ** :- આંખ ફૂટી જવાના કારણે અથવા જન્મથી જ દુર્ભાગ્યે શુભાશુભ વસ્તુઓના દર્શનથી વંચિત રહ્યો છે તેવો અંધ પુરુષ પણ ઘણું કરીને રસ્તા ઉપર લાકડી ટેકતો ટેકતો સીધેસીધો ચાલ્યો જતો જોવામાં આવે છે. તીવ્ર અશાતાવેદનીય કર્મનો ઉદય ન વર્તતો હોવાના કારણે દૃષ્ટિના અભાવમાં પણ તેની માર્ગગમનની શક્તિ અબાધિત રહે છે અને તેથી જ કોઈ કારણસર નગરની બહાર જઈ ચડ્યો હોય તો પાછો લાકડીના સહારે પ્રાયઃ કોઈપણ ઉપદ્રવ વિના સીધેસીધો નગરમાં આવી પહોંચે છે. કોઈ ચોરલૂંટારાના ભયથી તે ડગી જતો નથી. આ બધામાં મુખ્ય કારણ તો તેના શુભ પુણ્યોદયનો તેવો સ્વભાવ જ છે, જેના પ્રભાવે તે ધારેલા સ્થળે નિર્વિઘ્ને પહોંચવાની પ્રવૃત્તિ કરી શકે છે. આ દૃષ્ટાંતથી સમ્યગ્દૃષ્ટિ મુનિની માર્ગાનુસારી પ્રવૃત્તિ પર પણ સુંદર પ્રકાશ પડે છે. સમ્યગ્દૃષ્ટિ મુનિને ચારિત્રાવરણ કર્મનો એવો સુંદર ક્ષયોપશમ છે કે જેના પ્રભાવે મોટાભાગે તે આત્માને દુર્ગતિપતનસ્વરૂપ ઉપદ્રવનું મોઢું જ જોવું પડે નહિ. ક્યારેક કોઈક સિદ્ધાંત અંગે તેને સમ્યગ્ જાણકારી ન પણ હોય અથવા તેની સમજમાં કાંઈક વૈપરીત્ય પણ હોય તો પણ મુક્તિમાર્ગ અનુકૂળ પ્રવૃત્તિમાં કોઈ અંતરાય આવતો નથી. એટલે પૂર્વોક્ત પ્રકારના ચારિત્રાવરણ કર્મના સુંદર ક્ષયોપશમના પ્રભાવે મુક્તિમાર્ગ ઉપર નિર્વિઘ્ને આગળ વધી શકે છે. ।।૮૬।।

**परस्पृहा महादुःखं निःस्पृहत्वं महासुखम् ।**
**एतदुक्तं समासेन लक्षणं सुखदुःखयोः ।।८।। (ज्ञानसार १२/८)**

પરની આશા-લાલસા કરવી તે મહા દુઃખ છે અને નિઃસ્પૃહપણું તે મહાસુખ છે. એ સંક્ષેપથી સુખ અને દુઃખનું લક્ષણ કહ્યું છે.

## ઉપદેશ ૨૨ - પ્રતિકૂળ સંયોગોમાં પણ ભાવ અખંડ રાખી શકાય

मुनिभावोचितप्रवृत्यन्तरमेवाह–

ઉત્સર્ગ માર્ગે નિષિદ્ધ પરંતુ અપવાદમાર્ગે અનુજ્ઞાત કરાયેલી વ્યાધિચિકિત્સાની એક પ્રવૃત્તિનું નિરૂપણ કર્યા બાદ શ્લોક ૮૭માં મુનિપણાને ઉચિત એવી અન્ય કષ્ટ સહનની પ્રવૃત્તિ દર્શાવી છે-

**मोणंमि णियं सत्तिं ण निगूहइ गाढकट्ठपत्तोऽवि ।**
**दव्वादिया ण पायं बज्झाऽभावे वि भावहरा ॥ ८७ ॥**

**શ્લોકાર્થ :-** ભયંકર કષ્ટ ઉત્પન્ન=ઉપસ્થિત થવા છતાં પણ મુનિપણામાં પોતાની શક્તિને (કોઈ) છુપાવતું નથી. (પ્રતિકૂળ) દ્રવ્યાદિ પણ બાહ્ય (અનુષ્ઠાન)નો જ અભાવ કરી શકે છે, પણ (આભ્યંતર) ભાવને હણી શકતા નથી. ॥૮૭॥

**मौने**=मुनिभावे तत्त्वतो विद्यमाने **न निजां शक्तिं**=समितिगुप्त्यादिविषयप्रयत्नरूपां **निगूहति**=आच्छादयति । **गाढमत्यन्तदुःसहकष्टं** प्राणप्रहाणादिरूपं **प्राप्तोऽपि** सत्पुरुषशिरोमणिः खल्वयं, न च सत्पुरुषाणामापद्यपि निजप्रतिज्ञाभंग उचित इति । द्रव्यादिप्रातिकूल्ये यतीनामेषणाशुद्ध्यादावध्ययनादौ च शक्तिविच्छेदात् कथं यतित्वाऽप्रच्यवः स्यादित्याशङ्क्याह-**द्रव्यादयश्च प्रायो**= बाहुल्येन, **बाह्याभावेऽपि**=कायिकादिबहिर्व्यापारव्याघातेऽपि, **भावहरा**=यतनापरिणामोपघातका न भवन्ति, प्रायोग्रहणं मन्दक्षयोपशमवति व्यभिचारवारणाय ॥८७॥

**તાત્પર્યાર્થ :-** તાત્ત્વિક મુનિપણું વિદ્યમાન હોય ત્યારે આરાધક આત્મા ગમે તેવું કષ્ટ આવે તો પણ તેને સહન કરી લે છે. સહન કરવામાં પ્રચુર નિર્જરાલાભ હોવાથી તે પોતાની શક્તિ ક્યારે પણ છુપાવતો નથી. પોતાના પ્રાણ પણ જોખમમાં મુકાય તેવા ગાઢ અને અત્યંત દુઃસહ્ય કષ્ટો વેઠવાં પડે તો પણ મુનિમહાત્માઓ સમિતિ અને ગુપ્તિ વગેરે સાધ્વાચારના પાલનનો પ્રયત્ન કર્યા વિના રહેતા નથી. ખરેખર આવા મુનિઓ સત્પુરુષોમાં શિરોમણિ હોય છે. તથા સત્પુરુષો ક્યારે પણ ગમેતેવી આપત્તિમાં પણ પોતાની સત્પ્રતિજ્ઞાનો ભંગ થવા દેતા નથી અને એ ભંગ ન થાય એ જ સત્પુરુષો માટે ઉચિત છે.

### (પ્રતિકૂળ સંયોગોમાં સાધુતા ટકી રહેવાની શંકા અને સમાધાન)

અહીં કોઈ શંકા કરે કે ક્યારેક દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ વગેરે પોતાની પ્રવૃત્તિમાં પ્રતિકૂળ થઈ જાય અને તે વખતે સાધુઓની એષણાશુદ્ધિ-સૂત્ર અધ્યયન વગેરે સાધ્વાચારપાલનની શક્તિ પણ ક્ષીણ થઈ જાય તો શું તે વખતે સાધુપણું ટકી શકે ખરું ?

શ્લોકના ઉત્તરાર્ધમાં આ શંકાના સમાધાનમાં જણાવ્યું છે કે પ્રતિકૂળ દ્રવ્ય-ક્ષેત્ર વગેરે મોટે ભાગે બાહ્ય શારીરિક ધર્મક્રિયાઓને માઠી અસર પહોંચાડી શકે છે, પરંતુ અભ્યંતર

શુભકોટીના જયણા પરિણામના વિઘાતક પ્રાયઃ થતા નથી. ચારિત્રમોહનીય કર્મનો ક્ષયોપશમ મંદ અથવા દુર્બળ હોય ત્યારે કોઈક આત્માના અભ્યંતર જયણા પરિણામ ન ટકી શકે તેવું બને. પણ એ દૃષ્ટાંતથી પ્રસ્તુત નિવેદનને કોઈ આંચ ન આવે એ માટે તો સૂત્રમાં 'પ્રાયઃ' શબ્દનો પ્રયોગ ઉચિત રીતે કરાયો છે. ॥૮૭॥

एतदेव निदर्शनेन भावयति–

શ્લોક ૮૮માં પ્રતિકૂળ દ્રવ્ય-ક્ષેત્રાદિ સંયોગોમાં પણ ભાવની અપરાવૃત્તિના વિષયમાં સુભટ વગેરેનાં દૃષ્ટાંતો સૂચિત કર્યાં છે-

**जह सम्ममुट्ठिआणं समरे कंडाइणा भडाईणं ।**
**भावो न परावत्तइ एमेव महाणुभावस्स ॥८८॥**

**શ્લોકાર્થ :-** જેમ (યુદ્ધ માટે) બરાબર સજ્જ થયેલા સુભટોને યુદ્ધમેદાનમાં બાણ વગેરે (લાગવા)થી ભાવ (યુદ્ધનો રસ) બદલાતો નથી, એ જ રીતે (પ્રસ્તુતમાં) મહાનુભાવો વિષે પણ જાણવું. ॥૮૮॥

**यथा सम्यक्**=स्वौचित्यानतिलंघनेन, **उत्थितानां**=उन्मीलिताध्यवसायानाम्, **भटादीनां**=सुभटादीनां, **समरे**=संग्रामे, **कांडादिना**=शरीरलग्नबाणादिना **भावः**=प्रतिज्ञातव्यवसायः, **न परावर्त्तते**=नान्यथा भवति, प्रत्युत स्वाम्याज्ञापालनपरायणत्वेन रतिकेलिकुपितकान्तकर्णोत्पलताडनादिवत् प्रमोदायैव भवति, **एवमेव महानुभावस्य**=वीतरागाज्ञापालनेऽत्यन्तरसिकस्य साधोर्द्रव्यादि-वैषम्येऽपि न भावः परावर्त्तते किन्तु प्रवर्द्धत इति द्रष्टव्यम् । सुभटदृष्टान्तेन द्रव्यवैषम्ये भावाऽविच्छित्तिर्निर्दर्शिता, आदिना सौराष्ट्रादिदेशोत्पन्नानामपि धीराणां मगधादिदेशगमनेऽपि धैर्याविचलनवत् सुभिक्ष इव दुर्भिक्षेऽपि दानशूराणां दानव्यसनाक्षोभवत् बुभुक्षादिव्यसनेऽपि सिंहादीनां तृणाद्यग्रासवत् क्षेत्रादि-वैषम्येऽपि भावाऽविच्छित्तिर्भावनीया ॥८८॥

### (સુભટ વગેરેનો અભંગ ઉત્સાહ)

**તાત્પર્યાર્થ :-** યુદ્ધ અંગેની મર્યાદાઓનું ઉલ્લંઘન ન થાય તેની સાવધાની સાથે યુદ્ધ કરવા માટે શસ્ત્રાદિથી સજ્જ અને ઉત્સાહિત થયેલા 'લડી જ લેવું છે' એવા અધ્યાવસાયવાળા સુભટ વગેરેને બાણ વગેરે શસ્ત્રદ્રવ્યોના જીવલેણ ઘા લાગવા છતાં પણ યુદ્ધના મેદાનમાં તેમના ઉત્સાહમાં ઓટ આવતી નથી, લડી લેવાના નિર્ણયમાં ફેર પડતો નથી. ઉલટું, જેમ રતિક્રીડામાં ગુસ્સે ભરાયેલી સ્ત્રી પ્રિયને કાનની બૂટ પકડીને હળવેથી લપડાક મારી દે તો પણ તેના પર આસક્ત થયેલા પુરુષને આનંદ ઊપજે છે. તે જ રીતે પોતાના માલિક રાજા વગેરેની આજ્ઞાનું પાલન કરવામાં વફાદાર સુભટોને પણ યુદ્ધમાં મઝા જ પડે છે. પ્રસ્તુતમાં મુનિઓ માટે પણ આમ જ સમજવું. તેઓ પણ વીતરાગ સર્વજ્ઞ

દેવાધિદેવની આજ્ઞાનું પાલન કરવામાં અત્યંત વફાદાર અને ઉત્સાહી હોવાથી વિષમ-પ્રતિકૂળ દ્રવ્ય-ક્ષેત્રાદિમાં પણ તેઓનો આરાધક ભાવ બદલાવાને બદલે વૃદ્ધિગત થાય છે. મૂળ શ્લોકમાં માત્ર બાણ વગેરે પ્રતિકૂળ દ્રવ્યનું જ ઉદાહરણ આપવામાં આવેલું છે. પરંતુ આદિ પદથી પ્રતિકૂળ ક્ષેત્ર-કાલાદિ પણ આ રીતે સૂચવાયા છે. જે મનુષ્યો સૌરાષ્ટ્ર વગેરે દેશમાં જ જન્મ્યા હોય, ઊછર્યા હોય, મોટા થયા હોય અને જિંદગી ગાળી હોય તેઓને ક્યારેક મગધ વગેરે ક્ષેત્રમાં જઈને દીર્ઘકાળ રહેવાનો પ્રસંગ ઉપસ્થિત થાય તો ત્યાં પ્રતિકૂળતા અનુભવવા છતાં પણ ધીર પુરુષોની ધીરજ અખંડિત રહે છે. લેશમાત્ર પણ ધીરજ ગુમાવતા નથી. તેવી જ રીતે પ્રતિકૂળ ક્ષેત્રમાં પણ મુનિઓનો આરાધક ભાવ અખંડિત રહે છે.

વૃષ્ટિ સારી થઈ હોય અને સમગ્ર દેશમાં સુકાળ હોય ત્યારે જેમ દાનવીર પુરુષો દાન આપવામાં પાછી પાની કરતા નથી તેમ વરસાદ ન થવાના કારણે ચારે બાજું દુષ્કાળ પડ્યો હોય અને હાહાકાર મચી ગયો હોય, પોતાનું જ પેટ ભરવામાં લોકો ગળાબૂડ થઈ ગયા હોય ત્યારે પણ જગડૂશા જેવા દાનવીર પુરુષો પોતાનો સ્વાર્થ જોયા વિના દાન આપતાં અચકાતા નથી. સુકાળની જેમ દુષ્કાળમાં પણ દાન આપવામાં શૌર્ય દાખવે છે. મુનિઓ પણ પ્રતિકૂળ કાળ ઉપસ્થિત થતાં પોતાનો આરાધક ભાવને જાળવી રાખે છે.

ગમે તેવી કકડીને ભૂખ લાગી હોય તો પણ જેમ શૂરવીર સિંહ ક્યારેય પણ ઘાસ ખાતો નથી તેમ પરિષહ વગેરે પ્રતિકૂળ ભાવાત્મક પરિસ્થિતિ ઉપસ્થિત થવા છતા પણ મુનિઓ નિંદ્ય આચરણ કરવા પ્રેરાતા નથી.

**સારાંશ :-** પ્રતિકૂળ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં મુનિઓ ધારે તો માત્ર પોતાનો શુભભાવ ટકાવી શકે છે તેટલું જ નહિ, તેની વૃદ્ધિ પણ કરી શકે છે. ॥૮૮॥

एतदेव निदर्शनान्तरेण द्रढयति—

શ્લોક ૮૯માં ભ્રમરના એક વધુ દષ્ટાંતથી ભાવ અપરાવૃત્તિનું દઢ સમર્થન કર્યું છે—

**मालइगुणणुण्णो महुअरस्स तप्पक्खवायहीणत्तं ।**
**पडिबंधेऽवि ण कइआ, एमेव मुणिस्स सुहजोगे ॥८९॥**

**શ્લોકાર્થ :-** માલતી પુષ્પની સુવાસથી આકર્ષાયેલા ભ્રમરને દુર્ભાગ્યે ક્યારેક તે ન મળે તો પણ તેનું આકર્ષણ છૂટતું નથી. એ જ રીતે મુનિઓ માટે પણ શુભયોગોમાં જાણવું.॥૮૯॥

**मालतीगुणस्य**=मालतिपरिमलचारिमानुभवैकमग्नचेतसः, **मधुकरस्य**=भ्रमरस्य, **प्रतिबन्धेऽपि**=कुतोऽपि हेतोस्तदप्राप्तावपि **तत्र**=मालत्यां यः **पक्षपातो**=बहुमाननैरन्तर्यात्मा

**तद्धीनत्वं**=तद्विकलत्वं कदाचिदपि न भवति, **एवमेव मुनेश्चरण**परिणामवतः **शुभयोगे** स्वाध्यायध्यानविनयवैयावृत्त्यमानादि-रूपे द्रव्यवैषम्यरूपे प्रतिबन्धेऽपि पक्षपातहीनत्वं न भवति, यथाशक्त्यनुष्ठानेन मातृस्थानानासेवनेन च तत्रैव चेतसः प्रतिबन्धात् ॥८९॥

**(ભ્રમરને માલતી પુષ્પની જેમ મુનિને શુભયોગનું ગાઢ આકર્ષણ)**

**તાત્પર્યાર્થ :-** પ્રતિકૂળ દ્રવ્યક્ષેત્રાદિમાં મુનિમહાત્માઓના ભાવ અખંડિત રહે છે તે ભ્રમરના દૃષ્ટાન્તથી પણ સુંદર રીતે સમજાય છે. ભમરો સુવાસપ્રિય છે. તેમ જ પરાગરજનું પાન કરવાને શોખીન હોય છે. માલતી પુષ્પમાં સુગંધ પણ ભરપૂર હોય છે અને પરાગરજ પણ. તેથી ભ્રમરોને તેનું દિન-રાત આકર્ષણ હોય છે. ક્યારેક અશુભના ઉદયે દિવસોના દિવસો સુધી માલતીનું મોઢું જોવા ન મળે તો ભમરાને તેના વિના ચેન પડતું નથી. તેને મેળવવાની ઝંખના અને તેના ગુણનું બહુમાન ભમરાના અંતરમાં ગુંજ્યા કરતા હોય છે, ક્યારેય પણ તે છૂટતું નથી. સંયમના પરિણામવાળા મુનિઓ માટે પણ આવું જ છે. સૂત્ર સ્વાધ્યાય, ધ્યાનયોગ, વિનયકૃત્ય અને વૈયાવચ્ચ વગેરે શુભાનુષ્ઠાન યોગોનો એકવાર રસાસ્વાદ કર્યા પછી મોક્ષ ન થાય ત્યાં સુધી એ બધું છોડવાનું દિલ થતું નથી. અશુભના ઉદયે પ્રતિકૂળ દ્રવ્ય-ક્ષેત્રાદિમાં પણ તે બધા શુભયોગોની આરાધના કરી લેવાની લાલચ તેઓની છૂટતી નથી. માયા ડાકણ ન સ્પર્શે તે રીતે યથાશક્તિ અને યથાઅવસર તે બધું સાધી લેવાની ઉત્સુકતામાં જ ચિત્ત પરોવાયેલું રહે છે. ॥૮૯॥

नन्वेवं शुभयोगेच्छाया अनपायेऽपि तत्र प्रवृत्त्यभावात् कथं फलसिद्धिरिच्छा हि प्रवृत्तावेवोपयुज्यते प्रवृत्तिश्च फलजनन इत्याशङ्क्याह—

**શંકા :-** ફળસિદ્ધિ માટે માત્ર શુભયોગની ઇચ્છા અખંડિત રહે એટલું જ જરૂરી નથી, શુભયોગમાં પ્રવૃત્તિ પણ જરૂરી છે કારણ કે સાધ્યની સિદ્ધિમાં પ્રવૃત્તિ હેતુ છે અને ઇચ્છા તો પ્રવૃત્તિના ઉત્થાનમાં પ્રેરક છે. સાધ્યની સિદ્ધિમાં તે કાંઈ સીધેસીધી હેતુ બની જતી નથી. તો પછી શુભયોગની ઇચ્છા અખંડિત રહે તો પણ પ્રવૃત્તિના અભાવમાં લાભ શું ? શ્લોક ૯૦માં આ શંકાનું સમાધાન પ્રસ્તુત છે—

**अपयट्टो वि पयट्टो भावेणं एस जेण तस्सत्ती ।**
**अक्खलिआ निविडाओ कम्मरवओवसमजोगाओ ॥९०॥**

**શ્લોકાર્થ :-** (બાહ્ય) પ્રવૃત્તિના અભાવમાં પણ ભાવથી (=અભ્યંતર રીતે) તો પ્રવૃત્ત જ છે. કારણ કે કર્મના ઉત્કટ ક્ષયોપશમના યોગથી પ્રવૃત્તિની શક્તિ અસ્ખલિત હોય છે. ॥૯૦॥

**अप्रवृत्तोऽपि** प्रतिबन्धात् द्रव्यक्रियायामव्यापृतोऽपि, **भावेन**=परमार्थेन **प्रवृत्त एष**=शुभभाववान्, येन कारणेन **तच्छक्तिः**=सत्प्रवृत्तिशक्तिः **अस्खलिता**=अव्याहता, **निबिडात्**=

वज्राश्मवद्दुर्भे-दात् **कर्मक्षयोपशमयोगात्**=सत्प्रवृत्तिप्रतिपन्थिचारित्रमोहनीयकर्मक्षयोपशमसम्बन्धात् । इत्थं चात्र शक्ये शक्त्यस्फोरणविनाकृतः शुभभाव एव स्वगतनिर्ज्जरालाभहेतुरबाह्यत्वाच्चैतत्फलस्य बाह्य-प्रवृत्त्यभावेऽपि न क्षतिरिति फलितम् ॥९०॥

**તાત્પર્યાર્થ :-** પ્રતિકૂળ દ્રવ્ય-ક્ષેત્ર વગેરેની માઠી અસરથી બાહ્ય દ્રવ્યક્રિયામાં પ્રવૃત્તિ (=અનુકુળ વ્યાપાર) મુનિમહાત્માઓ કરી શકતા નથી, તો પણ પ્રવર્તવાના શુભ ભાવો અખંડિત હોવાથી તાત્ત્વિક દૃષ્ટિએ જોઈએ તો સાધ્યસિદ્ધિમાં તેઓની અભ્યંતર ભાવાત્મક પ્રવૃત્તિ સતત ચાલુ જ રહે છે. કારણ કે આભ્યંતર સત્પ્રવૃત્તિમાં વિરોધી ચારિત્ર મોહનીય કર્મ છે, એના પ્રબળ-વજ્ર અને પાષાણ જેવા નક્કર ક્ષયોપશમથી તેવી સત્પ્રવૃત્તિ કરવા માટે શક્તિ અખંડિત હોય છે.

વિચાર કરતાં ઉપરોક્ત કથનનો એ ભાવાર્થ નીકળી આવે છે કે જે અનુષ્ઠાન શક્ય હોય એમાં શક્તિના અસ્ફોરણનો અભાવ અર્થાત્ તેમાં શક્તિ ફોરવ્યા વિના ન રહેવાપણું શુભભાવ સાથે ગાઢ રીતે સંકળાયેલું હોવાથી પોતાના આત્માને કર્મનિર્જરા રૂપ લાભમાં પ્રયોજક બને છે. આ લાભ બાહ્ય નહિ પણ આંતરિક ફળ રૂપ હોવાથી તેમાં મુખ્ય હેતુ પણ આંતરિક ભાવાત્મક કારણ જ હોય, બાહ્ય પ્રવૃત્તિ તો ભાવના સંપાદનમાં જ ઉપયોગી રહી એટલે તેવા ભાવની સ્વતઃ વિદ્યમાનતામાં બાહ્યપ્રવૃત્તિ ન પણ હોય તો પણ સાધ્યસિદ્ધિ થવામાં કાંઈ અટકતું નથી. ॥૯૦॥

**सुलभं वागनुच्चारं मौनमेकेंद्रियेष्वपि ।**
**पुद्गलेष्वप्रवृत्तिस्तु योगानां मौनमुत्तमम् ।।७।। (ज्ञानसार १३/७)**

વચનના નહિ ઉચ્ચારવારૂપ મૌન એકેન્દ્રિય જીવોમાં સુલભ (સુખે પામીએ તેવું) છે. પરંતુ પુદ્ગલોમાં યોગોની (મન-વચન-કાયાની) અવ્યાપારરૂપ અપ્રવૃત્તિ છે તે ઉત્કૃષ્ટ મૌન છે. એ જ મુનિનું મૌન છે.

## ઉપદેશ ૨૩ - સુવિહિત સાધુઓ આજે પણ વિદ્યમાન છે

इदानीमुदीरितं मुनिवृत्तं सांप्रतकालेऽपि योजयन्नाह–

ઘણાંને એવું ઠસી ગયું હોય છે કે આ પાંચમા આરાના પડતા કાળમાં તો આગળ દર્શાવ્યા તેવા સાધુઓ હોય જ ક્યાંથી ? આવી ઉચ્છૃંખલ કલ્પનાનો બહિષ્કાર કરતાં પૂજ્ય શ્રીમદ્ ઉપાધ્યાયજી મહારાજ વર્તમાનકાળમાં પણ તેવા સાધુઓની વિદ્યમાનતામાં પોતાની અખંડિત શુદ્ધ શ્રદ્ધા શ્લોક-૯૧માં વ્યક્ત કરી રહ્યા છે–

**एवं खु दुस्समाए समिया गुत्ता य संजमुज्जुत्ता ।**
**पन्नवणिज्जासग्गहरहिया साहू महासत्ता ॥९१॥**

**શ્લોકાર્થ :-** દુષમ કાળમાં પણ એવા સમિતિ-ગુપ્તિરત, સંયમમાં ઉદ્યત, સુખબોધ્ય અને અસદ્ગ્રહરહિત તથા મહાસત્ત્વશાળી સાધુઓ વિદ્યમાન છે. ॥૯૧॥

**एवमु**क्तप्रकारेण **'खु'** इति निश्चये, **दुःषमायां**=पंचमारकलक्षणकाले, अपिर्गम्यः तत्रापि सर्वतः प्रवृत्तनिरंकुशाऽसमञ्जसाचारायां वक्ष्यमाणलक्षणाः साधवो ज्ञातव्याः, इति वाक्यार्थसम्बन्धः । **समिताः**=ईर्यादिसमितिपरायणाः, **गुप्ताः**=संलीनमनोवाक्कायाः, **संयमे**=पञ्चाश्रवविरमणादिरूपे सप्तदशभेदे **उद्युक्ताः**=उत्तरोत्तरानुष्ठानचिकीर्षानुबद्धप्रवृत्तिमन्तः, **प्रज्ञापनीयाः**=कुतोऽप्यनाभोगात् सामाचारीतः स्खलनेऽपि संविग्नैर्गीतार्थैश्च प्रज्ञापयितुं शक्यास्ते च **तेऽसन्न**सुन्दरो **ग्रहः**= स्वविकल्पात्तथाविधागीतार्थ-प्रज्ञापकोपदेशाद् वा विपर्यस्तरूपतया शास्त्रार्थस्यावधारणं तेन **रहिताः**, तथा **महासत्त्वा**=भगवदाज्ञातो देवैरपि चालयितुमशक्याः ॥९१॥

**તાત્પર્યાર્થ :-** ગમે તેટલું કષ્ટ આવી પડે તો પણ પૂર્વે કહ્યા મુજબ શુભભાવથી ચલિત થાય નહીં એવા સાધુ મહાત્માઓ વર્તમાનકાળમાં પાંચમા આરામાં સર્વથા ન જ હોય એવું નથી. કારણ કે ભગવાનના શાસનનો સિતારો પાંચમા આરાના છેડા સુધી આ ભરતક્ષેત્રના ગગનમાં ચમકતો રહેવાનો છે. એટલે વર્તમાન કાળમાં કે જેમાં નિરંકુશ પ્રવૃત્તિઓએ માઝા મૂકી છે અને વિપરીત આચારો ફાલીફૂલી રહ્યા છે-ત્યારે પણ આ ભરતક્ષેત્રમાં (૧) ઇર્યા વગેરે પાંચ સમિતિનું પાલન કરવામાં ઉત્સાહી, (૨) મન-વચન-કાયાની ગુપ્તિત્રયથી અલંકૃત, (૩) પંચાશ્રવ પરિહાર સ્વરૂપ સત્તર પ્રકારના સંયમમાં ઉત્તરોત્તર ચઢિયાતા અનુષ્ઠાન આરાધતા જવાની ઇચ્છાથી ગાઢપણે સંકળાયેલી પ્રવૃત્તિઓમાં નિરંતર ઉદ્યમી, (૪) કોઈક અનાભોગના કારણે સામાચારીથી દૂર જઈ રહ્યા હોય ત્યારે સંવિગ્ન ગીતાર્થો તેમને પુનઃ શુદ્ધ સામાચારીની અભિમુખ કરવા પ્રયત્ન કરે તો તુરત જ પાછા વળે એવા સુખબોધ્ય અને (૫) સ્વચ્છંદમતિ કલ્પનાથી અથવા તેવા પ્રકારના અગીતાર્થ ઉપદેશકના

સલાહસૂચનથી, વિપરીતપણે શાસ્ત્રના તાત્પર્યનું અવધારણ ન કરી બેઠા હોય તેવા અર્થાત્ અસદ્ગ્રહ રહિત અને (૬) દેવો પણ જિનાજ્ઞાથી જેમને ચલિત ન કરી શકે તેવા પ્રબળ સત્ત્વશાળી સાધુમહાત્માઓ આજે પણ વિદ્યમાન હોવામાં કોઈ શંકા રાખવાની જરૂર નથી. આપણને તેવા સાધુમહાત્માનું દર્શન ન થતું હોય કે ભેટો ન થતો હોય તો તેમાં આપણું કમનસીબ જ ભાગ ભજવે છે; નહિ કે તેવા સાધુઓનો અભાવ. વળી ખરા દિલથી શોધનારને આ દુનિયામાં જોઈતું હોય તે ઘણું બધું લગભગ મળી રહેતું હોય છે. ॥૯૧॥

उक्तगुणानामुत्पत्तिबीजमाविष्कुर्वन्नाह—

ગાઢ કષ્ટ ઉપસ્થિત થવા છતાં પણ શુભાનુષ્ઠાનની શક્તિ ન છુપાવવી વગેરે પૂર્વવર્ણિત સદ્ગુણોની પ્રાપ્તિમાં મહત્ત્વનો ભાગ ભજવનાર કયું તત્ત્વ છે-આ જિજ્ઞાસાનું સમાધાન શ્લોક ૯૨માં કર્યું છે.

**णियमा णत्थि चरित्तं कइया वि हु नाणदंसणविहूणं ।**
**तम्हा तम्मि ण संते असग्गहाईण अवगासो ॥९२॥**

**શ્લોકાર્થ :-** સમ્યગ્ જ્ઞાન અને સમ્યગ્ દર્શન વિના ક્યારે પણ ચારિત્ર હોય નહિ એ નિયમ છે. એટલે ચારિત્ર હોતે છતે અસદ્ગ્રહ વગેરેને અવકાશ નથી. ॥૯૨॥

**नियमात्**=एकान्ततः, **नास्ति चारित्रं कदापि हि**-दुःषमसुषमायां दुःषमायां वा **ज्ञानदर्शनाभ्यां विहीनं**-रहितं, तस्मात्त**स्मिन्**-चारित्रे सति असद्ग्रहादीनां दोषाणां नावकाशः, ज्ञानदर्शनसामग्र्यैव तद्बीजमिथ्यात्वोच्छेदादिति भावः । अत्रासद्ग्रहस्य प्रथममभिधानात्तस्य मुख्यदोषत्वं, तत्परित्यागे चाखिलगुणलाभः सूच्यते ॥९२॥

**(ચારિત્રના સદ્ભાવમાં અસદ્ગ્રહ નિરવકાશ)**

**તાત્પર્યાર્થ :-** જૈન સિદ્ધાંત પ્રમાણે કાળ ચાહે ચોથા આરાનો હોય કે પાંચમા આરાનો હોય, સમ્યગ્ દર્શન અને સમ્યગ્ જ્ઞાનના અભાવમાં સમ્યગ્ ચારિત્રનો સદ્ભાવ ક્યારેય પણ હોતો નથી એટલે ચારિત્ર હોય તો સમ્યગ્ દર્શન ગુણ અવશ્ય હોય અને સમ્યગ્ દર્શન ગુણની વિદ્યમાનતામાં અસદ્ગ્રહ વગેરે દોષરૂપી મગતરાઓ ચારિત્રીની આજુબાજુ ફરકી શકતા નથી. સમ્યગ્દર્શન અને સમ્યગજ્ઞાન રૂપ સામગ્રીથી અસદ્ગ્રહ વગેરે દોષના બીજભૂત મિથ્યાત્વનો ઉચ્છેદ થઈ જાય છે. આ શ્લોકમાં આદિ શબ્દથી બીજા પણ દોષો અભિપ્રેત હોવા છતાં આદિ શબ્દથી તેને ગ્રહણ ન કરતાં માત્ર અસદ્ગ્રહનું જ ગ્રહણ કર્યું. તે એ સૂચવવા માટે કે અસદ્ગ્રહ બધા દોષોમાં મુખ્ય નેતા છે. એટલે જો એકમાત્ર અસદ્ગ્રહનો જ પરિત્યાગ થઈ જાય તો પૂર્વવર્ણિત સમિતિ, ગુપ્તિ, ઘોર ઉપસર્ગમાં પણ માર્ગથી અચલિતપણું વગેરે વિશ્વપૂજ્ય સદ્ગુણોની પ્રાપ્તિ થાય છે તેમ આ શ્લોકમાં ગર્ભિત રીતે સૂચવ્યું છે. ॥૯૨॥

ननु मा भूवन् चारित्रिणोऽसद्ग्रहादयश्चारित्रघातकाः परिणामाः, परं मोक्षः सर्वक्रियोपरमादिति सर्वक्रियानिरोधे साधयितुमारब्धे किमर्थं स्वाध्यायादिषु क्रियाविशेषेषु यत्नः कर्त्तव्यतयोपदिष्टः ? इत्याशङ्क्याह–

**(ક્રિયાનિરોધને બદલે શુભાનુષ્ઠાનનો ઉપદેશ શા માટે ? શંકા)**

**શંકા :-** જ્ઞાનાચાર, દર્શનાચાર અને ચારિત્રાચારમાં અવિરતપણે સંલગ્ન રહેવાથી અસદ્ગ્રહ વગેરે ચારિત્રભંજક અશુભ પરિણામોનો ઉપદ્રવ ચારિત્રીને ન થાય એ હકીકત સ્વીકારી લઈએ. પણ જ્યાં સુધી આત્મા સક્રિય હોય ત્યાં સુધી કર્મમુક્તિ નથી. ક્રિયાઓ ચાહે શુભ હોય કે અશુભ હોય, સર્વક્રિયાનો નિરોધ થાય તો જ કર્મના બંધનોથી આત્મા છૂટે. એટલે સર્વક્રિયાઓનો ત્યાગ કરવાનો ઉપદેશ આપવાને બદલે સ્વાધ્યાય વગેરે શુભાનુષ્ઠાન યોગોમાં ઉદ્યમી બનવાનો ઉપદેશ કરવાનું શું પ્રયોજન છે ? આ શંકાનું શ્લોક ૯૩માં સમાધાન કર્યું છે-

**सज्झायाइणिओगा चित्तणिरोहेण हंदि एएसिं ।**
**कल्लाणभायणत्तं पइदिणमुचियत्थचिंताए ॥९३॥**

**શ્લોકાર્થ :-** સ્વાધ્યાય વગેરમાં પ્રયત્નથી સાધુઓનું ચિત્ત એકાગ્ર બને છે. ચિત્તની એકાગ્રતાથી પ્રતિદિન ઉચિત તત્ત્વોનું ચિંતન થાય છે, એનાથી જીવ ભવિષ્યમાં કલ્યાણનું ભાજન બને છે. ॥૯૩॥

**हंदीत्युपदर्शने, एतेषां**=साधूनां **स्वाध्यायादिनियोगात्**=पापश्रुताऽवज्ञाप्रधानजिनागमाध्ययना-दिविशिष्टप्रयत्नात्, **चित्तस्य**=मनसो **निरोधे**नेतरविषयव्यावृत्त्यातदेकाग्रतालक्षणेन, **प्रतिदिनं**=प्रतिवासरं ज्ञानवृद्धौ, **उचितार्थानां**-तत्तद्द्रव्यादिसामग्र्यनुरूपोत्सर्गापवादादिरूपाणां **चिन्तया**=गुरुलाघवानुपातिनोपयोगेन, **कल्याणभाजनत्वं**=आगमिष्यद्भद्रत्वं भवति, शास्त्रार्थानुसन्धानसुनिश्चितपरिणतिकप्रवृत्तेरेव श्रेयोमूलत्वात् । तथा च स्वाध्यायादिक्रिययाऽसत्क्रियानिवृत्तिः, तस्यां च काष्ठाप्राप्तायां निर्विकल्पपरिणामाभिमुख्ये वह्नेर्दाह्यं विनाश्यानुविनाशवत् स्वयमेव स्वनाशे, मोक्षोऽप्यर्थादुपपत्स्यत इति न कश्चिद्विरोध इति फलितम् ॥९३॥

**(શુભ ક્રિયાઓ જ પરંપરાએ મોક્ષપ્રાપક છે.)**

**તાત્પર્યાર્થ :-** ચરમાવર્તમાં પણ આત્મા ખરેખર મોક્ષપ્રાપ્તિને યોગ્ય ત્યારે જ થાય છે કે જયારે ગુણદોષ અંગે ગુરુલઘુભાવનો વિવેક કરવાની સાચી સમજ અને શક્તિનો આવિર્ભાવ થાય છે. જે અવસરે જેવા પ્રકારના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ વગેરેની સામગ્રી મોજુદ હોય તે અવસરે "ઉત્સર્ગનું આચરણ ઉચિત છે કે અપવાદનું ? ઉત્સર્ગના આચરણમાં લાભ વધારે છે કે અપવાદના આચરણમાં ?" આવા પ્રકારના ગુરુ-લાઘવ ભાવાનુસારે પ્રવર્તતા સતત ઉપયોગથી આત્મા મોક્ષનગરીની અત્યંત નિકટ આવી જાય છે.

પૂર્વોક્ત પ્રકારનો ઉપયોગ સતત પ્રવૃત્ત રહે તે માટે મનના નિરોધપૂર્વક પ્રતિદિન શાસ્ત્રીય જ્ઞાન વધારવાની ઘણી ઘણી જરૂર છે. મન જ્યાં સુધી નિરુદ્ધ ન થાય ત્યાં સુધી શાસ્ત્રીય ગહન તત્ત્વો અંગેના જ્ઞાનની વૃદ્ધિ થવી દુઃશક્ય છે. ચિત્તનો નિરોધ એટલે મનમાંથી બીજા બધા બિનજરૂરી અને નુકસાનકારક અશુભ વિચારોની સાફસૂફી કરીને ચિત્તને જરૂરી તાત્ત્વિક વિષયોના ચિંતનમાં તલ્લીન-એકાગ્ર કરવું.

**(સ્વાધ્યાયથી મનોવૃત્તિઓ ઉપર ભારે અંકુશ)**

ચિત્તની આવા પ્રકારની એકાગ્રતાનું સંપાદન કરવામાં સ્વાધ્યાય રામબાણ ઉપાય છે. આત્માને ચિરભૂતકાળથી પાપશ્રુત-મિથ્યાશ્રુત જેવા કે કામસૂત્ર, પ્રેમકથાઓ, દ્યૂતશાસ્ત્ર વગેરેના અભ્યાસનો ઘણો ચસકો લાગી ગયો હોવાથી જિનપ્રણીત શાસ્ત્રોનું અધ્યયન કરવાનો રસ જાગવો બહુ કઠિન છે. પણ જ્યાંસુધી એ હરામચસકાને ફગાવીને અર્થાત્ પાપોપદેશક અને બુદ્ધિવિકારક પાપશ્રુતનો આદર કરવાનું છોડી દઈને જૈનાગમ અને તેમાંથી ઝરણાંરૂપે નીકળેલા વિવિધ પ્રકરણ શાસ્ત્રોના ગહન-માર્મિક અધ્યયનમાં આત્મા તલ્લીન ન બને, સ્વાધ્યાયયોગમાં વિશિષ્ટ પ્રયત્ન ન કરે ત્યાં સુધી ચિત્તની એકાગ્રતા દુર્લભ છે. આ રીતે સ્વાધ્યાય વગેરે અનુષ્ઠાનોનું સંયમજીવનમાં કેટલું બધું ઊંચું મહત્ત્વ છે તે સિદ્ધ થાય છે. શાસ્ત્રીય તત્ત્વોના પૂર્વાપરભાવગર્ભિત પરામર્શથી ભાવિ પરિણામનો સુનિશ્ચિતપણે વિચાર કરીને કરવામાં આવતી પ્રવૃત્તિ, એ જ કલ્યાણનું ખરું મૂળ છે. સારાંશ એ છે કે સ્વાધ્યાય વગેરે ક્રિયાનુષ્ઠાનથી અશુભ ક્રિયાનો રસ નિવૃત્ત થાય છે અને સ્વાધ્યાય વગેરે શુભયોગનો રસ જેમ જેમ પ્રકર્ષના શિખર પર ચડતો જાય તેમ તેમ નિર્વિકલ્પ અવસ્થા અર્થાત્ નિર્વિકલ્પ સમાધિભાવ વધુ ને વધુ અભિમુખ થતો જાય છે અને સાધનની ચરમ સીમાએ આવીને ઊભા રહેતા સર્વ વિકલ્પો શાંત થઈ જાય છે, સર્વ ક્રિયાઓ બંધ પડે છે. આ રીતે સ્વાધ્યાયાદિ ક્રિયાથી પરંપરાએ કર્મબંધનથી મુક્તિની પ્રાપ્તિ સુશક્ય હોવાથી પૂર્વ શંકિત વિરોધને અવકાશ નથી. જેમ ઇન્ધનને બાળી અગ્નિ પોતે પણ બુઝાઈ જાય છે તેમ અસત્ ક્રિયા વગેરે દોષરૂપી ઇન્ધનને ભસ્મીભૂત કરીને સ્વાધ્યાય વગેરે સત્ ક્રિયાઓ પણ શાંત થાય છે. ॥૯૩॥

तदेवं दुःषमायामपि गुरुपारन्त्र्येण ये स्वाध्यायादिप्रधानयोगप्रवृत्तास्तेषां यतित्वमव्याहतं, ये तु विपरीतास्तानवगणयन्नाह—

ઉપરોક્ત રીતે આ વિષમ પંચમ કાળમાં ગુરુને પરતંત્ર રહીને જેઓ સ્વાધ્યાય વગેરે મહત્ત્વપૂર્ણ યોગોમાં તલ્લીન હોય છે તેઓનું સાધુપણું અખંડિત હોવામાં કોઈ સંદેહ નથી. ત્યારે જેઓ ગુરુને છોડીને સ્વચ્છંદપણે પ્રવર્તી રહ્યા છે તેઓ અવગણના (=ઉપેક્ષા) ને પાત્ર છે તે શ્લોક ૯૪માં દર્શાવે છે—

**केइ असग्गहगहिया अमुणंता एयमत्तदोसेण ।**
**उज्झियपहाणजोगा बज्झे जोगे ठिया तुच्छे ॥९४॥**

**શ્લોકાર્થ :-** (ખેદની વાત છે કે) કદાગ્રહમાં ફસાયેલા કેટલાક પોતાના વાંકે જ ઉપરોક્ત તત્ત્વને સમજ્યા વિના પ્રધાનયોગો ત્યજીને તુચ્છ બાહ્યયોગમાં મચી પડે છે. ॥૯૪॥

**केचित् असद्ग्रहगृहीता:**=मिथ्याभिनिवेशविसंस्थुलीकृतात्मशक्तयः, **एतत्**=उचितार्थचिन्तया कल्याणभाजनत्वं, '**अमुणंत**'ति-अजानानाः, **आत्मदोषेण**-स्वार्जितेन मिथ्यात्वमोहादिकठिनकर्म-विपाकेन, **उज्झितस्त्यक्तः प्रधानयोगो**-विपुलतरनिर्जरानिबन्धनगुरुपारतन्त्र्याधीनस्वाध्याया-द्याराधनात्मा यैस्ते, **बाह्ये**-बहिर्दृष्टिमात्ररम्ये यथावत्परमगुरुवचनोपयोगशून्यतया शरीरव्यापारमात्ररूपे, **तुच्छे**ऽत्यल्पफलके, **योगे**-अनुष्ठाने, **स्थिता:**-स्वबुद्धिकल्पनया प्रवृत्ताः । ते हि परित्यक्तनर्मदातीरा मृगतृष्णायां जलभ्रमवन्तः काकबाला इव केषां न शोचनीया इति भावः ॥९४॥

**(સ્વચ્છંદ યતિઓનું આચરણ ખેદજનક છે.)**

**તાત્પર્યાર્થ :-** વિપરીત અભિનિવેશથી જેઓની આત્મશક્તિ સાવ વિકૃત (મલિન) થઈ ગઈ છે તેવા કદાગ્રહી જીવો પૂર્વબદ્ધ મિથ્યાત્વમોહનીય વગેરે કઠોર કર્મના વિપાકોદયથી 'પૂર્વોક્તપ્રકારની ઔચિત્યગર્ભિત તત્ત્વચિંતાથી જ કલ્યાણને પાત્ર બનાય છે' તે હકીકત સમજી શકતા નથી. અને તેથી જ તેઓ અતિ વિપુલ નિર્જરા લાભ કરાવનાર ગુરુપરતન્ત્રતાથી ઓતપ્રોત સ્વાધ્યાય વગેરેની આરાધના કષ્ટમય સમજીને ત્યજી દે છે. કેવળ ઉપર ઉપરથી બાહ્યદૃષ્ટિએ સારા દેખાતાં પણ અતિતુચ્છ ફળ આપનારાં બાહ્ય યોગાનુષ્ઠાનો કે જે પરમ ગુરુશ્રી તીર્થંકર પરમાત્માના સારગર્ભિત વચનોને અનુસરતા ઉપયોગથી અર્થાત્ સાવધાનીથી શૂન્ય હોવાથી માત્ર શારીરિક કષ્ટક્રિયા રૂપ જ છે, તેમાં પોતાની સ્વચ્છંદ મતિકલ્પનાથી રચ્યાપચ્યા રહે છે. એવાઓની દશા કાગડાનાં બચ્ચાંઓની જેમ ઘણી બૂરી થાય છે. નર્મદા નદીને તીરે વૃક્ષ ઉપર બેઠેલા કાગડાના બચ્ચા કોઈક અગમ્ય દ્વેષથી સમીપ રહેલા મધુર અને નિર્મળ નદીના વહેતા પાણીનો ત્યાગ કરીને દૂર દૂર દેખાતા ઝાંઝવાના નીર પ્રત્યે આકર્ષાય છે. પાણીની ભ્રમણાથી તે બાજુ દોટ મૂકે છે. તે કાગડાના બચ્ચા જેવા કેટલાક સ્વચ્છંદ સાધુઓ સર્વ તત્ત્વમાં પ્રધાન ગુરુતત્ત્વને ત્યજી દઈને પોતાને ઠીક લાગતાં ગમે તેવાં આભાસિક બાહ્યાનુષ્ઠાનોમાં આકર્ષાય છે. અને એની દિશામાં દોટ મૂકે છે. તે કયા સુજ્ઞને ખેદનો વિષય ન બને ? ॥૯૪॥

इत्थं प्रवृत्तास्ते किं कुर्वन्तीत्याह–

**(સ્વચ્છંદ યતિઓનું ડગલે ને પગલે પતન)**

ખેદ ઉપજાવે તેવી પ્રવૃત્તિ કરતા સ્વચ્છંદ સાધુઓ કેવું કેવું આચરણ કરે છે તે શ્લોક ૯૫માં વ્યક્ત કર્યું છે–

**मन्नंता अन्नाणा अप्पाणं गुरुचरित्तजोगत्थं ।**
**मत्ता इव गयसत्ता पए पए हंत निवडंति ॥९५॥**

**શ્લોકાર્થ :-** જાતે અજ્ઞાની હોવા છતાં પોતાને ઉગ્ર ચારિત્રનું પાલન કરનારા સમજે છે, આ રીતે મત્ત બનેલા અને સત્ત્વહીન તેઓ ડગલે ને પગલે પતિત થાય છે. ॥૯૫॥

**अज्ञाना**स्तत्त्वोपयोगशून्याः **आत्मानं** बाह्यव्यापारप्रवृत्तं स्वं **गुरुचरित्रयोगस्थं**=दुर्द्धरचारित्रानुष्ठानस्थितं **मन्यमानाः, मत्ता** इव वारूणीपानविगलितचेतना इव **गतसत्त्वा** निवृत्तधैर्याः **पदे पदे**=स्थाने स्थाने 'हंतेति खेदे' **निपतन्ति**=प्रस्खलन्ति । तथाहि-मत्ताः पदे पदे गात्रबन्धशिथिलीभावात् पतन्ति, एवमेतेऽपि केनचिद्विदग्धेन गंभीरसूत्रार्थं पृष्टाः सर्वं गुणमात्मन्यारोपयितुकामास्तदनुपलम्भे तत्समाधानाऽशक्ताः पदे पदे पतन्तीति ॥९५॥

**તાત્પર્યાર્થ :-** જેઓને તત્ત્વાતત્ત્વનો વિવેક જ નથી. છતાંય તેવા જીવો બાહ્ય ક્રિયાઓમાં તત્પર બનીને પોતાની જાતને ઘણા ઊંચા પ્રકારનું ઉગ્ર અને વિશુદ્ધ ચારિત્રનું પાલન કરનારા સમજી બેસે છે તેઓ ખરેખર ઉન્મત્ત છે. પ્રચુર મદ્યપાન કરીને જે જીવોનું ચૈતન્ય મૂર્છિતપ્રાયઃ થયું છે તેવા ધીરજને ખોઈ બેસનારા સત્ત્વહીન ઉન્મત્તપ્રાયઃ જીવો ડગલે ને પગલે પછડાટ અનુભવે છે તે ખરેખર ખેદ ઉપજાવે તેવી હકીકત છે. મદ્યપાનથી ઉન્મત્ત બનેલાઓ શરીરના સાંધા ઢીલા થઈ જવાથી ડગલે ને પગલે લથડિયાં ખાય છે તેમ તે સ્વચ્છંદ સાધુઓ પણ જ્યારે તેમને કોઈ વિદ્વાન ગંભીર સૂત્રોના અર્થ પૂછે ત્યારે પોતાની જાતમાં બધા જ ગુણોના અસ્તિત્ત્વનું પ્રદર્શન કરવાની ભાવનાવાળા હોવા છતાં પણ અર્થ ન આવડવાથી તેનું સમાધાન કરી શકતા નથી. આ રીતે તત્ત્વચર્ચાની ભૂમિ પર પદે પદે ધોકા ખાય છે. ॥૯૫॥

एतेषामज्ञानितामेव यथास्थितामुपदर्शयति–

શ્લોક ૯૬માં કદાગ્રહી જીવોનું વાસ્તવિક અજ્ઞાન રજુ કર્યું છે-

**जं हीणा तुल्लत्तं वहंति एए महाणुभावाणं ।**
**उस्सुत्तं भासंता बितिया सा बालया तेसिं ॥९६॥**

**શ્લોકાર્થ :-** કદાગ્રહી જીવો ગુણહીન હોવા છતાં પણ મહર્ષિઓના સમોવડિયા થવા યત્ન કરે છે અને તે માટે ઉત્સૂત્ર ભાષણ કરે છે તે તેમની બીજી બાલિશતા છે- ॥૯૬॥

**यद्**=यस्माद्धीना=अभ्यन्तरशुद्धयोगरहिताः **महानुभावानां**=बाह्याभ्यन्तरयोगे समुचितप्रवृत्तीनामागमानुसारिणां महर्षीणां तुल्यत्वं वहन्त्येते, **उत्सूत्रं**=स्वाभिप्रायिकाचारसमाधानाय सूत्रविरुद्धं **भाषमाणाः, सा तेषां द्वितीया बालता,** एका सूत्रविरुद्धाचरणारूपा, द्वितीया च महापुरुषावगणनारूपेति । तथा चागमः- [आचारांग-सूत्र १८९, पत्र २५०/२५१]

[१६]"शीलमंता उवसंता संखाए रीयमाणा ।
असीला अणुवयमाणस्स बितिया मंदस्स बालया" ॥९६॥

**(કદાગ્રહી યતિઓની ઉત્સૂત્ર ભાષણ પ્રવૃત્તિ)**

**તાત્પર્યાર્થ** :- કદાગ્રહી જીવો સૂત્ર વિરુદ્ધ આચરણ કરી રહ્યા હોય છે એ તો એક એમની બાલિશતા છે. વળી તેમની બીજી બાલિશતા એ છે કે જાતે અભ્યંતર શુદ્ધ યોગથી રહિત હોવા છતાં પણ પોતે બહુ ઊંચી જાતનું ચારિત્ર પાળે છે તેવો દેખાવ કરવા આગમ અનુસારે બાહ્ય અને અભ્યંતર ઉભય પ્રકારના યોગાનુષ્ઠાનમાં ઉચિત રીતે પ્રવર્તી રહેલા સાચા મહર્ષિઓની સાથે સ્પર્ધામાં ઊતરે છે. વળી તેઓને નીચું દેખાડવા માટે અને પોતાની ઇચ્છામુજબના આચારોનું સમર્થન કરવા માટે સૂત્રવિરુદ્ધ ભાષણ કરતાં શરમાતા નથી. આ રીતે તે મહર્ષિઓની અવગણના કરી રહ્યા છે. શ્રીમદ્ **આચારાંગ** સૂત્ર (૧૮૯)માં કહ્યું છે કે-

"જે (મહર્ષિઓ) શીલવાન છે. ઉપશમભાવમાં નિમગ્ન છે તથા સંખ્યા=સંયમમાં પરાક્રમી છે તેઓને કુશીલ કહેવા તે મંદ=બુદ્ધિહીનોની બીજી બાલિશતા છે." ॥૯૬॥

ननु कष्टानुष्ठायिनां किमर्थमेतेषां महानुभावस्पर्धानियता गुणवद्गर्हा स्यात् येन द्वितीयबालतावकाश इत्याशङ्क्याह—

**પ્રશ્ન** :- કદાગ્રહીઓ જ્યારે એક યા બીજી રીતે કષ્ટ વેઠી રહ્યા હોય છે, તો પછી તેમને મહર્ષિઓ સાથે સ્પર્ધામાં ઊતરવાની જરૂર શી પડે છે ? સ્પર્ધામાં ઊતરે તો ગુણવાનોની નિંદા કરવી જ પડે એ તો દેખીતું છે પરંતુ સ્પર્ધામાં ઊતરે જ શું કામ ? કે જેથી બીજા નંબરની બાલિશતાને અવકાશ રહે ? આ પ્રશ્નનો ઉત્તર શ્લોક ૯૭માં રજુ કર્યો છે—

**लोगो हि बज्झदिट्ठी पायं तत्तट्ठनाणपरिहीणो ।**
**तेसिं संगहहेउं तेसिं आजीविआ गरहा ॥९७॥**

**શ્લોકાર્થ** :- લોકો પ્રાયઃ તત્ત્વજ્ઞાનથી શૂન્ય હોય છે અને આપાતદર્શી હોય છે. તેઓને ભેગા કરવા માટે નિંદા એ જ તેમની કદાગ્રહીઓની આજીવિકા છે. ॥૯૭॥

**लोको**=मध्यमप्रकृतिर्लोकः, **हि**=निश्चितं बाह्यदृष्टिर्बाह्यव्यापारमात्रप्रेक्षी, तदुक्तं-[षोडशके १-२]
"बालः पश्यति लिङ्गं मध्यमबुद्धिर्विचारयति वृत्तम् । आगमतत्त्वं तु बुधः परीक्षते सर्वयत्नेन ॥२॥" इति

**प्रायो**=बाहुल्येन **तत्त्वार्थज्ञानपरिहीनः**=आगमशुद्धोत्सर्गापवादादिप्रवृत्तिपरीक्षाक्षमसूक्ष्मप्रेक्षारहितः, **तेषां संग्रहहेतोः**=स्वायत्तीकरणार्थं **तेषां**=तुच्छयोगानुष्ठायिनां **गर्हा**=स्वोत्कर्षार्थकेतरगुणवन्निन्दा **आजीविका**=जीवनवृत्तिरित्थमेव मुग्धमतीनां स्वस्थानव्यामोहोपपत्तेः ॥९७॥

---

१६ शीलवन्त उपशान्ताः संख्यया गच्छन्तः । अशीला अनुव्रजमानस्य द्वितीया मन्दस्य बालता ॥

**(સ્વપ્રશંસા અને પરનિંદા એ કદાગ્રહીઓનું જીવનવ્રત)**

**તાત્પર્યાર્થ :-** કદાગ્રહીઓને મહર્ષિઓની નિંદા કર્યા વિના ચેન જ પડે નહિ. કારણ કે લોકોને મહર્ષિઓની દિશામાંથી પરાङ્મુખ કરીને પોતાના તરફ આકર્ષવા માટે પોતાનો ઉત્કર્ષ અને મહર્ષિઓનો અપકર્ષ વ્યક્ત કર્યા વિના તેઓ કઈ રીતે રહી શકે ? લોકો તો પ્રાયઃ મધ્યમ પ્રકારના હોય છે. આપાતદર્શી અર્થાત્ બાહ્ય કષ્ટાનુષ્ઠાનો પ્રત્યે ઢળતા વલણવાળા હોય છે. **આદ્ય ષોડશક સૂત્ર**માં (શ્લોક-૨માં) કહ્યું છે કે-'બાળબુદ્ધિ જીવો માત્ર લિંગ જ જુએ છે. મધ્યમ પ્રકારની બુદ્ધિવાળા જીવો બાહ્યાચરણને મહત્ત્વનું સમજે છે. જ્યારે બુદ્ધિમાન પુરુષો આગમતત્ત્વની પરીક્ષા કરવા બધા જ પ્રયત્નો કરી છૂટે છે.' આ સૂત્રમાં જણાવ્યા પ્રમાણે લોક તો પ્રાયઃ મધ્યમબુદ્ધિ હોય છે તેમ જ મોટેભાગે તેઓને તાત્ત્વિક અર્થોની જાણકારી હોતી નથી. શાસ્ત્રની જેમાં સંપૂર્ણ સમ્મતિ હોય તેવી ઔત્સર્ગિક કે આપવાદિક પ્રવૃત્તિ અંગેના ઔચિત્ય અને અનૌચિત્યની પરીક્ષા કરવાની ત્રેવડ ધરાવનારી સૂક્ષ્મ બુદ્ધિનો છાંટો પણ તેમનામાં હોતો નથી. એવા લોકો ઉપર પોતાનો અધિકાર અને સત્તા જમાવવા માટે એક સાધનરૂપે તેઓ તુચ્છ એવા બાહ્યયોગોનું કષ્ટ વેઠે છે. વળી લોકોનું ધ્યાન પોતા તરફ ખેંચવા (કેન્દ્રિત કરવા) માટે તેઓને પોતાના ઉત્કર્ષનું પ્રદર્શન કરવાની જરૂર ઊભી થાય છે અને જ્યારે શાસ્ત્રવિહિત જિનાજ્ઞા મુજબની આચરણાઓ દ્વારા પોતાનો ઉત્કર્ષ દેખાડવામાં તેઓને નિષ્ફળતા સાંપડે છે, ત્યારે જિનાજ્ઞાપાલન કરનાર સદ્‌ગુણી મહર્ષિઓની નિંદા કરવાનો પ્રારંભ કરે છે. છેવટે એને જ પોતાની આજીવિકા બનાવે છે. આ રીતે જ તે બિચારાઓ ભોળા લોકોને પોતાના વિષયમાં વ્યામોહ અર્થાત્ ભુલાવામાં પાડી શકે છે. ॥૯૭॥

**नित्यशुच्यात्मताख्यातिरनित्याशुच्यनात्मसु ।**
**अविद्या तत्त्वधीर्विद्या योगाचार्यैः प्रकीर्तिता ।।१।। (ज्ञानसार १४/१)**

અનિત્ય એટલે આત્માથી ભિન્ન પરસંયોગને વિષે નિત્યપણાની બુદ્ધિ, તથા નવ દ્વારોથી મળને વહેતાં અશુચિ-અપવિત્ર શરીરને વિષે પવિત્રપણાની બુદ્ધિ અને આત્માથી ભિન્ન પુદ્‌ગલાદિ વિષે આત્મપણાની બુદ્ધિ એટલે અહંબુદ્ધિ તથા મમત્વબુદ્ધિ એ અવિદ્યા કહી છે. તત્ત્વબુદ્ધિ એટલે શુદ્ધ આત્મદ્રવ્યમાં નિત્યપણાની, શુચિપણાની અને આત્મપણાની બુદ્ધિરૂપ યથાર્થ જ્ઞાન તે વિદ્યા. એમ યોગદષ્ટિસંપન્ન પતંજલિપ્રમુખ યોગાચાર્યે કહ્યું છે.

## ઉપદેશ ૨૪ - સ્યાદ્વાદ ગર્ભિત દેશનાવિધિનું પાલન આવશ્યક

लोकसंग्रहार्थमितरगर्हयैवोपदेशेनाप्येतेषां महादोषत्वमित्याह–

લોકોને આકર્ષવા માટે એટલે કે લોકમનોરંજન કરવા માટે બીજાઓની નિંદાથી ગર્ભિત જે ઉપદેશ કરવામાં આવે છે તેનાથી પણ કદાગ્રહીઓ કેવા મહાદોષના ભાગીદાર બને છે તે શ્લોક ૯૮માં સવિસ્તર જણાવ્યું છે–

**अवि संकिज्जया इच्चाइसुत्तभणिअं विहिं अयाणंता ।**
**वक्खाणंता अत्थं णिस्संका ते महापावा ॥९८॥**

**શ્લોકાર્થ :-** જેઓને 'संक्किज्जया....' ઇત્યાદિ સૂત્રમાં ઉપદર્શિત વિધિની જાણકારી નથી અને બેફિકરપણે અર્થનું ભાષણ (લેક્ચર) કરે છે તેઓ મહાપાપના ભાગીદાર થાય છે. ॥૯૮॥

**अपि**=पुनः, **'संक्किज्जया' इत्यादिसूत्रभणितं विधिं अजानाना**स्तथाविधगुरु-नियोगाभावात्, **अर्थं**=सूत्रार्थं **व्याख्यानयन्तः**=स्वाभिप्रायानुसरणेनोपदिशन्तः **निःशङ्काः**-सूत्राशात-नाऽभीरवस्तेऽज्ञा-निनः **महापापाः**-पापेभ्योऽपि पापाः, नाममात्रग्रहणमपि तेषां पापायेति भावः । व्याख्यानवि-धिसूत्रं चेदं **सूत्रकृताङ्गे** चतुर्दशाध्ययने व्यवस्थितम्-[२२ तः २७ सूत्रेषु]

संकिज्जयाऽसंकियभाव भिक्खू विभज्जवायं च वियागरिज्जा ।
भासादुअं धम्मसमुट्ठितेहिं वियागरेज्जा समता सुपण्णे" ॥२२॥

**भिक्षुः**-साधुर्व्याख्यानं कुर्वन्नर्वाग्दर्शित्वादर्थनिर्णयं **प्रत्यशङ्कितभावोऽपि शंकेत** औद्धत्यं परिहरन्नहमेवास्यार्थस्य वेत्ता नापरः कश्चिदित्येवं न गर्वं कुर्वीत, तथा **विभज्यवादः**=स्याद्वादस्तं सर्वत्रास्खलितं वदेत्, तमपि भाषाद्वितयेन ब्रूयादित्याह-**भाषाद्विक**माद्यचरमलक्षणं, **धर्मे सम्यक्-संयमानुष्ठानेनोत्थिताः**-समुत्थास्तैः सह विहरन् **समतया**-रागद्वेषरहिततया **शोभनप्रज्ञः** ।

**(સૂત્રકૃત અંગમાં ઉપદેશની પરિપાટી)**

**તાત્પર્યાર્થ :-** જે ઉચ્છૃંખલ સાધુઓ સૂત્રકૃતાંગ સૂત્રમાં 'संक्किज्जया....' ઇત્યાદિ સૂત્રમાં વિસ્તારથી જણાવેલા ઉપદેશવિધિને, સુવિહિત સદ્‌ગુરુની પર્યુપાસના (આધીનતા)ના કષ્ટથી ભણ્યા નથી અને નિઃશંકપણે સૂત્રની આશાતના થવાનો ભય રાખ્યા વિના પોતાની ઇચ્છા મુજબ સીધેસીધું જ સૂત્રાર્થનું પ્રવચન કરવા બેસી જાય છે તે અજ્ઞાનીઓ સામાન્ય પાપીઓ કરતાં પણ ચઢિયાતા છે. એટલે તેમનું નામ લેવામાં પણ પાપ લાગે તેમાં નવાઈ નથી.

શ્રીમદ્ **સૂત્રકૃત** નામના બીજા અંગ સૂત્રમાં **ગ્રંથ** નામના ૧૪મા અધ્યયનમાં સૂત્ર ૨૨ થી ૨૭ માં ઉપરોક્ત હકીકત સુંદર પ્રકારે દર્શાવી છે. જે અત્રે જિજ્ઞાસુ સુસાધુઓને ઉપયોગી

હોવાથી શ્રીમદ્ શીલાંકાચાર્યની ટીકાનો સંક્ષેપ કરીને પ્રાયઃ અક્ષરશઃ ઉદ્ધૃત કરી છે. તેનો સાર નીચે મુજબ છે-

### (સૂત્રના ઉપદેશમાં ઉદ્ધતાઈનો પરિહાર)

**(સૂત્ર-૨૨)** ભિક્ષુ એટલે સાધુ સૂત્રનું વ્યાખ્યાન કરતો હોય તો સૂત્રસૂચિત અર્થના નિર્ણયમાં પોતાને કોઈ શંકા ભાવ ન રહ્યો હોવા છતાં પણ ઉદ્ધતાઈનો પરિહાર કરીને 'હું જ આ અર્થનો સંપૂર્ણ વેત્તા છું' (અથવા હું જે અર્થ કરું છું તે જ બરાબર છે.) એવું અભિમાન (=અતિ વિશ્વાસ) ન રાખતાં સાશંકપણે કરે (એટલે કે બીજા બહુશ્રુતો તેનું વ્યાખ્યાન વધારે સારી રીતે કરતા હોય તો તે પ્રત્યે પણ આદરભાવ રાખીને કરે.) કારણ કે પોતે અર્વાગ્દર્શી એટલે કે છદ્મસ્થ હોવાથી સર્વજ્ઞની અપેક્ષાએ અતિઅલ્પજ્ઞ છે - સપાટી પર રહેલા ભાવોને જ જોઈ શકે છે. તદુપરાંત સર્વત્ર અસ્ખલિતપણે પોતાની ભાષામાં સ્યાદ્વાદને વણી લઈને બોલે. વળી શુભબુદ્ધિવાળો અને ધર્મમાર્ગમાં ઉદ્યતવિહારી અન્ય સાધુની સાથે રહીને સમભાવની કેળવણી પામેલો તે સ્યાદ્વાદ પ્રતિપાદનમાં પણ 'સત્ય' અને 'ન સત્ય - ન મૃષા' આ બે જ ભાષાનો પ્રયોગ કરે. ॥૨૨॥

अणुगच्छमाणे वितहं भिजाणे तहा तहा साहू अकक्कसेणं ।
न कत्थई भास विहिंसएज्जा निरुद्धगं वावि न दीहएज्जा'' ॥२३॥

इत्थं तदुक्तमर्थ**मनुगच्छन्न**नुसंदधत् कश्चिन्मन्दमेधावितया **वितथ**मन्यथाभूतमभिजानीयात्, तं च तथा तथाऽनेन प्रकारेण साधुः 'मूर्खस्त्वमसी'त्यादिना **कर्कशेन** वचनेन न निर्भर्त्सयेत्, न वा तस्य **भाषां** दोषदुष्टामपि **विहन्याद**पशब्दाद्युद्घाटनतः, तथा **निरुद्धं** स्तोकमर्थं दीर्घवाक्यैर्कविटपि-काष्टिकान्यायेन न कथयेत्, **निरुद्धं** वा स्तोककालीनं व्याख्यानं व्याकरणतर्कादिप्रवेशनद्वारेण प्रसक्तानुप्रसक्त्या **न दीर्घयेत्**=न दीर्घकालिकं कुर्यात् ।

### (ઉપદેશમાં કર્કશ વચન અને શુષ્ક ચર્ચા ન જોઈએ.)

**સૂત્ર-૨૩ :-** મંદ બુદ્ધિવાળો કોઈક શ્રોતા અર્થનું અનુસંધાન કરતાં કરતાં વિપરીતપણે કોઈક અર્થ સમજી બેસે તો વ્યાખ્યાતા સાધુ તેને કર્કશ વચનો જેવાં કે...'તું તો સાવ મૂર્ખ છે' વગેરે કહીને ઉતારી ન પાડે. તેમ જ તે શ્રોતાએ વ્યક્ત કરેલા પ્રશ્નવચનમાં કોઈક ભાષાદોષ થઈ ગયો હોય-સદોષ ઉચ્ચારણ થઈ ગયું હોય તો તેને ઉઘાડું ન કરે. તથા અલ્પાર્થક સૂત્રને લાંબાલાંબા પણ આકડાના ઝાડના કાષ્ઠ જેવાં નિઃસાર દીર્ઘ વાક્યો વડે બહુ લંબાવી લંબાવીને કહે નહિ. અથવા અલ્પકાળમાં જેની સુંદર વ્યાખ્યા પ્રસ્તુત કરી શકાય તેવા સૂત્રની વ્યાખ્યા કરતા વ્યાકરણથી તેના શબ્દોની વ્યુત્પત્તિ દર્શાવવા દ્વારા તથા તર્કશાસ્ત્રથી તેના પર યુક્તિઓ અને પ્રયુક્તિઓ-પૂર્વપક્ષ અને ઉત્તરપક્ષ કરવા દ્વારા ખોટો સમય બગડે તે રીતે કંટાળાજનક નીરસ છણાવટમાં ઊતરી ન પડે. ॥૨૩॥

"समालवेज्जा पडिपुन्नभासी निसामिया समियाट्ठदंसी ।
आणाइसुद्धं वयणं भिउंजे अभिसंधए पावविवेग भिक्खू" ॥२४॥

यत्पुनरतिविषमत्वादल्पाक्षरैः सम्यग् नावबुद्ध्यते **तत्सम्यक्पर्**यायशब्दकथनात्तात्पर्योन्नयनाद्वा **लपेद्**=भाषेत । न च प्रागुक्तदिशा सर्वत्राल्पाक्षरैरेवोक्त्वा कृतार्थो भवेदपि तु श्रोतारमपेक्ष्य प्रतिपूर्णभाषी स्यान्निरवशेषनयादिगंभीरार्थवादी भवेत् । तथा च गुरोः सकाशाद् यथावदर्थं **निशम्य सम्यगर्थदर्शी** सन् **आज्ञया**=सर्वज्ञप्रणीतागमानुसारेण **शुद्धं**=पूर्वापराऽविरुद्धं निरवद्यं **वचन**-मभियुञ्जीत, उत्सर्गापवादयोः स्वपरसमययोश्च यथास्वं वचनमभिवदेदित्यर्थः । इत्थंभूतश्च **भिक्षुः पापविवेकं** काङ्क्षमाणो निर्दोषं वचनमभिसंधयेत् ।

## (તાત્પર્ય નિરૂપણ-શ્રોતૃરુચિ-સૂત્રવિભાગ વગેરેની સાવધાની)

**સૂત્ર ૨૪ :-** જે સૂત્રનો અર્થ અતિ કઠણ હોય અને થોડા શબ્દોથી સારી રીતે સમજી શકાય તેવો ન હોય તો તેવો અર્થ સરખે સરખા પર્યાયવાચી શબ્દો દર્શાવીને તેમ જ સરળ વાક્યરચના દ્વારા ટુકડે ટુકડે તેનો તાત્પર્યભૂત અર્થ પ્રગટ થાય તે રીતે નિરૂપણ કરે. નહિ કે પૂર્વસૂત્રમાં કહ્યું છે તેમ સર્વત્ર થોડા થોડા શબ્દોમાં કહીને છૂટી જાય. જેવો શ્રોતા હોય-કોઈ સંક્ષેપ રુચિ હોય કોઈ વિસ્તાર રુચિ હોય તો તેમાં વિસ્તાર રુચિને અનુલક્ષીને સંપૂર્ણપણે કહી શકે એટલું કહે. એટલે કે જે જે નયોનો અવતાર તેમાં સંભવિત હોય તે સઘળાય નયોને તે વિષયમાં ઉતારીને તેનો તલસ્પર્શી ઊંડાણથી બોધ થાય તેવું નિરૂપણ કરે. આવું નિરૂપણ કરવું હોય તો સદ્ગુરુના ચરણે બેસીને દરેક સૂત્રના નિર્યુક્તિ વગેરે મિશ્રિત અર્થનું સવિધિ શ્રવણ-મનન વગેરે કરે. આ રીતે શ્રવણ કર્યું હોય તો તે તે વિષયનું સ્પષ્ટ દર્શન ઉપલબ્ધ થઈ શકે. સમ્યગ્ અર્થદર્શી થયા પછી સર્વજ્ઞ ભગવંતે ભાખેલા શાસ્ત્રની આજ્ઞાને અનુસરીને પૂર્વાપર કોઈ જાતનો વિરોધ ન ઉદ્ભવે એવું વિશુદ્ધ અને નિર્દોષ નિરૂપણ કરવામાં તત્પર બને અને તેમાં પણ જે સૂત્રનું જે વિભાગમાં સ્થાન હોય તે પણ દર્શાવે અર્થાત્ ઉત્સર્ગમાર્ગનું પ્રતિપાદન કરનારું સૂત્ર હોય તો તેને ઉત્સર્ગરૂપે ઓળખાવે. એ જ રીતે અપવાદનું અપવાદરૂપે. અથવા જે નિરૂપણ સ્વસિદ્ધાંતને આશ્રયીને ઉત્તરપક્ષરૂપે હોય તેને સ્વસમય (સ્વકીય સિદ્ધાંત) રૂપે ઓળખાવે અને કોઈ સિદ્ધાંત અભ્યુપગમવાદથી અથવા પૂર્વપક્ષરૂપે શાસ્ત્રમાં કહેવાયો હોય તો તેને (પરકીય સિદ્ધાંત)રૂપે ઓળખાવે. આ રીતે નિરૂપણ કરનાર ભિક્ષુ પાપવિનાશની ઇચ્છાવાળો હોય છે એટલે જેટલાં પણ વેણ ઉચ્ચારે તેમાં નિર્દોષપણાનું ધ્યાન બરાબર રાખીને ઉચ્ચારે. ॥૨૪॥

"अहाबूइआइं सुसिक्खएज्जा जएज्जया णाइवेलं वइज्जा ।
से दिट्ठिमं दिट्ठि न लूसइज्जा से जाणइ भासिउं तं समाहिं" ॥२५॥

**यथोक्तानि** वचनानि तीर्थकृदादिभिः **सुष्ठु शिक्षेत** ग्रहणासेवनाशिक्षाभ्यां, तथा सदा तयोर्देशनायां **यतेत,** सदा यतमानोऽपि कर्त्तव्यकालवेलामुल्लंघ्य **नातिवेलं वदेत्**=परं परस्पराबाधया सर्वाः क्रियाः कुर्यादित्यर्थः । **स** एवंविधः **सम्यग्दृष्टिमान्** सम्यग्दर्शनं **न लूषयेत्**-दूषयेत्, पुरुषविशेषं ज्ञात्वा तथा वक्तव्यं यथा तस्य सम्यक्त्वं स्थिरीभवति, न पुनः शङ्कोत्पादनतो दूष्यत इति । यश्चैवंविधः **स जानाति**-अवबुध्यते **भाषितुं** तं तीर्थकरोक्तं **समाधिं**=सम्यग्दर्शन-ज्ञानचारित्राख्यं, इतरश्च भाषणायोग्य एव इति ।

**(ગ્રહણ શિક્ષા, આસેવન શિક્ષા, વિધિ વગેરેનો આદર અને કાળજી)**

**સૂત્ર ૨૫ :-** જો ઉપર કહ્યા મુજબ નિર્દોષ વક્તા બનવું હોય તો ભિક્ષુએ તીર્થંકર, ગણધર કે આચાર્ય ઉપાધ્યાય પરમેષ્ઠી પાસે ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષા પ્રાપ્ત કરવામાં આદરવંત થવું જોઈએ. ગ્રહણશિક્ષા એટલે તે તે વિષયનું વિનયાદિપૂર્વક તીર્થંકર વગેરે પાસેથી સમ્યગ્ જ્ઞાન પ્રાપ્ત કરવું અને આસેવનશિક્ષા એટલે વિનયાદિપૂર્વક ઉપાધ્યાય કે પ્રવર્તક વગેરે પાસેથી તે તે ધર્માનુષ્ઠાનોનું આચરણ શી રીતે થાય તેની પ્રાયોગિક રીતે સમ્યગ્ જાણકારી પ્રાપ્ત કરવી. આ બે પ્રકારની શિક્ષાથી સમ્યક્ શાસ્ત્રજ્ઞાન પ્રાપ્ત કર્યા બાદ યોગ્ય જીવોએ જ્યારે જ્યારે અવસર પ્રાપ્ત થાય ત્યારે ત્યારે વિધિમુજબ તેનો અમલ કરવો જોઈએ. આ રીતે ઉપદેશ કરતી વેળા ખાસ સાવધાની એ રાખવા જેવી છે કે પોતાના અન્ય કર્તવ્યોથી ચુકાય નહિ. અકાળે-કસમયે વિના અવસરે એવી રીતે ઉપદેશ કરવા બેસી જાય કે જેથી પોતાના અન્ય કર્તવ્યોનું પણ ભાન રહે નહિ તેવું ભિક્ષુ થવા દે નહિ. ભિક્ષુએ પોતાના સર્વ કર્તવ્યોનું પાલન કરવા એ ધ્યાન ખાસ રાખવાનું છે કે પરસ્પર એક અનુષ્ઠાનથી બીજા અનુષ્ઠાનને હાનિ પહોંચે નહિ. આવા પ્રકારના સમ્યગ્દૃષ્ટિ ઉપદેશકે પોતાનું કે બીજાનું સમ્યગ્દર્શન કે તેના આચારો સહેજ પણ દૂષિત થાય નહિ તેની પણ કાળજી રાખવી જોઈએ. 'સામે સાંભળવા બેઠેલો શ્રોતા કોઈ મોટો લૌકિક હોદ્દો ધરાવે છે કે પછી સામાન્ય છે, ભદ્રપ્રકૃતિ છે કે તેનાથી વિપરીત છે, જૈન છે કે જૈનેતર છે, સમ્યગ્દૃષ્ટિ છે કે મિથ્યાદૃષ્ટિ છે.' વગેરે હકીકતોને બરાબર ધ્યાનમાં લઈ એવી રીતે સ્થિરપ્રજ્ઞાથી બોલવું જોઈએ કે જેનાથી શ્રોતા ધર્મથી પરાઙ્મુખ હોય તો ધર્મસન્મુખ થાય. યાવત્ સમ્યગ્દૃષ્ટિ હોય તો તેનું સમ્યગ્દર્શન વધુ સ્થિર, દૃઢ અને નિર્મળ થાય પણ શંકાના પંકથી મલિન થાય નહિ. ઉપરોક્ત રીતે ઉપદેશનો વિધિ યથાર્થપણે જેણે જાણ્યો હોય તેને જ તીર્થંકર-પ્રરૂપિત સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર રૂપ સમાધિમાર્ગનો ઉપદેશ કરવાનો અધિકાર છે. બીજાઓ ઉપદેશ દેવા માટે લાયક નથી. ॥૨૫॥

"अलूसए नो पच्छन्नभासी नो सुत्तमन्नं च करिज्ज ताई ।
सत्थारभत्ती अणुवीइ वायं सुअं च सम्मं पडिवन्नएज्जा" ॥२६॥

**अदूषको**=ऽपसिद्धान्तव्याख्यानेन सर्वज्ञोक्तमदूषयन् **न प्रच्छन्नभाषी** भवेत्=सार्वजनीनं सिद्धान्तार्थं प्रच्छन्नभाषणेन न गोपयेत्, यदि वा प्रच्छन्नमर्थमपरिणताय न भाषेत । न च सूत्रमन्यत् स्वमतिविकल्पनतः स्वपरत्रायी कुर्वीत, **शास्तरि** या **भक्ति**स्तामनुविचिन्त्य न कदाचिदागमबाधा स्यादित्येवं पर्यालोच्य **वादं** वदेत्, **श्रुतं** चाऽऽचार्यादिभ्यः सकाशात् **सम्यक्** तदाराधनामनुवर्त्तमानोऽन्येभ्य ऋणमोक्षं प्रतिपद्यमानः **प्रतिपादयेत्** ।

**(અપસિદ્ધાન્ત-પ્રચ્છન્નભાષિતાનો ત્યાગ : સૂત્રવફાદારી અને ઋણમુક્તિઉદ્દેશ)**

**સૂત્ર ૨૬ :-** ઉપદેશક ભિક્ષુએ એ પણ ધ્યાન રાખવું જોઈએ કે ક્યાંય અપસિદ્ધાન્ત ન થઈ જાય. પહેલાં કોઈ એક સર્વજ્ઞભાષિત સિદ્ધાન્તનું પ્રતિપાદન કર્યા પછી પ્રતિપક્ષી કોઈક તેમાં મિથ્યા દોષોદ્ભાવન કરે ત્યારે સ્વસિદ્ધાન્તને ત્યજીને વિપરીત સિદ્ધાન્તનું અવલંબન કરી તેનો ઉત્તર આપવો તેને અપસિદ્ધાન્ત કહેવાય. જો અપસિદ્ધાન્ત કરે તો ભગવાનનું વચન દૂષિત થાય, ભિક્ષુ તેવું ન થવા દે. જે સિદ્ધાન્ત સર્વસાધારણ લોકોને કહેવા યોગ્ય હોય તેનું નિરૂપણ બધા સમક્ષ ન કરતાં ખાનગીમાં બે-ચાર જણને જ કહેનાર પ્રચ્છન્નભાષી છે. ભિક્ષુ એવો પ્રચ્છન્નભાષી ન હોય. અથવા છેદસૂત્ર વગેરે ગંભીર શાસ્ત્રોનો અર્થ અપરિપક્વ બુદ્ધિ કે અપરિપક્વ યોગ્યતાવાળાને બતાવે નહિ. ભિક્ષુ તો સ્વ અને પર ઉભયની અંતર શત્રુઓથી કે દુર્ગતિથી રક્ષા કરનાર હોય, એને બદલે શાસ્ત્રના અનેક સૂત્રોમાંથી પોતાને અણગમતું સૂત્ર કાઢી નાંખીને પોતાની સ્વચ્છંદ બુદ્ધિથી પોતાને અનુકૂળ નવા સૂત્રની રચના કરીને તે સ્થાને ઘુસાડી દેવાનું દુર્ગતિ સંપાદક કામ ભિક્ષુ કરે નહિ. પોતાને તે તે શાસ્ત્રીય અર્થના જે ઉપદેશક છે તેના પ્રત્યે હૃદયમાં ભક્તિભાવ ધારણ કરીને 'ઉપદેશ દેતા મારાથી સહેજ પણ આગમ વિરુદ્ધ ન બોલાઈ જાય' તેનો બરાબર વિચાર કરીને પછી જ ભિક્ષુ ઉપદેશમાં પ્રવૃત્ત થાય. વળી પોતે જે શ્રોતાઓને ઉપદેશ કરી રહ્યો છે તેમના ઉપર હું ઉપકાર કરી રહ્યો છું તેવો ગર્વ ધારણ કરે નહિ પરંતુ પોતાના આરાધ્યપાદ આચાર્ય વગેરેની આશાતના ન થાય પણ આરાધના થાય તે માટે "હું તો મારા ઉપર ધર્માચાર્યનું જે ઋણ છે તે જ આ ઉપદેશ દ્વારા ચૂકવી રહ્યો છું." આ રીતનો કૃતજ્ઞતાભાવ દાખવવાપૂર્વક બીજાઓને એ રીતે સ્પષ્ટ જણાવીને ભિક્ષુ ઉપદેશ કરે. ॥૨૬॥

"से सुद्धसुत्ते उवहाणवं च धम्मं च जे विंदति तत्थ तत्थ ।
आदेज्जवक्के कुसले वियत्ते से अरिहइ भासिउं तं समाहिं" ॥ २७ ॥

**स शुद्धसूत्रो**ऽवदातप्रवचनः, **उपधानं**=यद् यस्य सूत्रस्याभिहितं तपश्चरणं तद्वान् **धर्मं च यो विन्दति**=लभते तत्र तत्राज्ञाग्राह्यहेतुग्राह्याद्यर्थानां स्वस्वस्थाने **आदेयवाक्यो**=ग्राह्यवचनः **कुशलो**=निपुणः सदनुष्ठानादौ, **व्यक्तः**=परिस्फुटो नाऽसमीक्ष्यकारी, **सोऽर्हति तं समाधिं**

**भाषितुमिति** । न चायं विधिरगीतार्थैर्गुरुविनियोगरहितैः कष्टानुष्ठायिभिरपि कर्त्तुं शक्यते, इति विफलैव तेषामुपदे-शचेष्टेति भावः ॥९८॥

**(શુદ્ધસૂત્ર : યોગોદ્વહન : આજ્ઞાગ્રાહ્ય-હેતુગ્રાહ્ય પદાર્થ)**

**સૂત્ર ૨૭** :- તે ભિક્ષુ સૂત્રોક્ત વસ્તુની યથાર્થપણે પ્રરૂપણા કરતો હોવાથી અને વિધિસર અધ્યયન કરતો હોવાથી શુદ્ધસૂત્ર કહેવાય. જે સૂત્રના જે ઉપધાન એટલે કે તપશ્ચર્યા વગેરે કરવાના હોય તે કરવાપૂર્વક સૂત્રાધ્યયન કરે તો ઉપધાનવાહક કહેવાય. શ્રુત અને ચારિત્રધર્મનું સ્વરૂપ યથાયોગ્યપણે જાણતો હોય. જે જે આજ્ઞાગ્રાહ્ય અર્થ હોય તેનું તે મુજબ અને હેતુગ્રાહ્ય હોય તો હેતુઉપન્યાસપૂર્વક નિરૂપણ કરનારો હોય તો તેના વચનનો લોકો આદર કરે છે. ઉપરોક્ત રીતે જે ભિક્ષુ સદનુષ્ઠાનનિપુણ હોય અને પરિસ્ફુટ વિચાર-વિમર્શપૂર્વક કામ કરનાર હોય તો તે સમાધિમાર્ગનો ઉપદેશ કરવાને યોગ્ય છે. ॥૨૭॥

**ઉપસંહાર** :- ઉપરોક્ત રીતે સૂત્ર ૨૨ થી ૨૭માં જે વ્યાખ્યાનવિધિનું નિરૂપણ કર્યું છે, તે રીતે ઉપદેશ દેવાનું કાર્ય અગીતાર્થ અને ગુરુને પરતંત્ર ન રહેનારા ભિક્ષુઓ કરી શકવાને શક્તિમાન નથી. ભલેને તેઓ ગમે તેવાં કષ્ટો વેઠતા હોય. એટલે આવા ભિક્ષુઓની ઉપદેશ દેવાની મહેનત અને કષ્ટ નિષ્ફળ છે. એટલું જ નહિ વિપરીત ફળપ્રદ બને છે. (૯૮)

उक्तसूत्र एव प्रश्नप्रतिवचने प्राह–

શ્લોક ૯૮માં પૂર્વોક્ત **સૂત્રકૃત** અંગસૂત્રના વિષયમાં એક પ્રશ્નનું ઉત્થાન કરી તેનું સમાધાન કર્યું છે-

**नणु इह विभज्जवाओ आणत्तो ण य निरुद्धपत्थारो ।**
**एयं कहमविरुद्धं, भन्नइ सोआरमहिगिच्च ॥९९॥**

**શ્લોકાર્થ** :- (પ્રશ્ન :) સૂત્રમાં વિભજ્યવાદની અનુજ્ઞા કરી અને નિરુદ્ધનો વિસ્તાર ન કરવાનું કહ્યું. આ બેમાં પરસ્પર વિરોધ કેમ ન થાય ? (ઉત્તર :) શ્રોતાને આશ્રયીને (કોઈ વિરોધ નથી.) ॥૯૯॥

**नन्विह**='संकिज्जया' इत्यादिसूत्रे, **विभज्यवादः**=स्याद्वादः **आज्ञप्तः**=सर्वत्र भाषितुमनुज्ञातः, तथा **निरुद्धप्रस्तारः**=स्तोकार्थविस्तरश्च नानुज्ञातः, एतद्‌द्वयं **कथमविरुद्धं** ? स्याद्वादप्रकाशने विस्तरावश्यंभावात् ? **भण्यते**=प्रत्युत्तरं विधीयते; **श्रोतारं**=श्रोतृविशेषं अधिकृत्या**विरुद्ध**मेतत् निखिलनयचतुरं प्रपञ्चितज्ञं प्रतिपत्तारमुद्दिश्य विस्तरेण स्याद्वादप्रतिपादनात्, एकतरनयप्रियं च तमुद्दिश्य स्याद्वादप्रतिपत्तियोग्यतामाधातुं स्तोकप्रतिपादनात्तदानीमपि स्याद्वादप्रतिपादनयोग्यताया अनपायात् तथा चाह **सम्मतिकारः**-[सन्मतौ १-५४]

[१७]पुरिसज्जायं तु पडुच्च जाणओ पन्नवेज्ज अण्णयरं ।
परिकम्मणाणिमित्तं दाहेही सो विसेसंपि ॥९९॥

**तात्पर्यार्थ :-** પ્રશ્નકારનો આશય એ છે કે 'संकिज्जया.....' ઈત્યાદિ સૂત્રમાં સ્યાદ્‌વાદ-ગર્ભિત દેશના કરવાનો વિધિ દર્શાવ્યો. બીજી બાજુ સૂત્ર ૨૩માં અલ્પાર્થક સૂત્રનો દીર્ઘ વાક્યોથી વિસ્તાર કરવાની ના પાડી છે. પણ એ કઈ રીતે બને ? સ્યાદ્‌વાદગર્ભિત કથન કરવા હોય ત્યારે સપ્તનય અને સપ્તભંગી વગેરેનો વિસ્તાર અવશ્યમેવ કરવો જ પડે છે. આ પ્રશ્નના સમાધાનમાં શ્રીમદ્ ઉપાધ્યાયજી મહારાજ જણાવે છે કે જેવો શ્રોતા હોય તેવું પ્રતિપાદન કરવામાં પૂર્વોક્ત સૂત્રનું તાત્પર્ય હોવાથી પરસ્પર કોઈ વિરોધ નથી. આશય એ છે કે પ્રતિપત્તા અર્થાત્ શ્રોતાજન જો સઘળા નયોના અભિપ્રાયનો પૃથગ્ પૃથગ્ વિવેક કરવામાં ચતુર હોય તેમ જ વિસ્તાર કથનને સમજી શકે તેવો હોય તો તેવા શ્રોતાને ઉદ્દેશીને સ્યાદ્વાદથી પ્રતિપાદન કરવાની અનુજ્ઞા છે. પણ જે શ્રોતા કોઈ એકનયપ્રિય છે અને સર્વનયોના અભિપ્રાયનું વિવેચન સમજવા સમર્થ નથી તેને એકસાથે સાત નયનો અવતાર કરીને સૂત્ર વ્યાખ્યાન કરવામાં આવે તો ઉદ્વેગ કરાવનાર થાય માટે ધીમે ધીમે કેટલાક કાળે સાતે નય ગર્ભિત સ્યાદ્વાદથી કરાતા પ્રતિપાદનને સમજવાને શક્તિશાળી બને, યોગ્ય બને તે માટે એકાદ નયથી પ્રતિપાદન કરવામાં પણ કોઈ દોષ નથી. 'સ્યાદ્વાદ જ પ્રતિપાદન યોગ્ય છે અર્થાત્ પ્રત્યેક પ્રતિપાદન સ્યાદ્વાદગર્ભિતપણે જ કરવું જોઈએ'એ સ્વસિદ્ધાન્તને ઉપરોક્ત રીતે પ્રતિપાદન કરવામાં કોઈ હાનિ પહોંચતી નથી. શ્રી **सम्मतितर्क** સૂત્રમાં જણાવ્યું છે કે-'જ્ઞાતા પુરુષ વિશેષને આશ્રયીને ગમે તે એક નયનું (ઉચિત રીતે), પ્રરૂપણ કરી શકે છે. અને (શ્રોતાની) બુદ્ધિ પરીરિષ્કૃત કરવા માટે વિશેષ નયો પણ દર્શાવે છે.' ॥૯૯॥

एवं श्रोतृभेदेन स्याद्वादप्रतिपादने भजनापि भवेत् तत्परिज्ञानं विना तु सम्यक्त्वमपि न व्यवतिष्ठत इत्याह–

શ્લોક ૯૯માં દર્શાવ્યા પ્રમાણે ભિન્ન ભિન્ન પ્રકારના શ્રોતાઓને અનુલક્ષીને સ્યાદ્વાદના પ્રતિપાદનમાં પણ ભજના અર્થાત્ વિકલ્પ જાણવો. એટલે કયા શ્રોતા આગળ સ્યાદ્વાદથી પ્રતિપાદન કરવું અને કયા શ્રોતા આગળ એક નયથી વિવેચન કરવું તે અંગેનો વિવેક ન હોય તો સમ્યક્ત્વ પણ વિદ્યમાન છે તેમ કહી શકાય નહિ. આ બાબતનું નિરૂપણ શ્લોક ૧૦૦માં દર્શાવ્યું છે–

**सदसदविसेसणाओ विभज्जवायं विणा ण सम्मत्तं ।**
**जं पुण आणारुइणो तं निउणा बिंति दव्वेणं ॥१००॥**

---

१७ पुरुषजातं तु प्रतीत्य ज्ञापकः प्रज्ञापयेदन्यतरम् । परिकर्मणानिमित्तं दर्शयिष्यति स विशेषमपि ॥

**શ્લોકાર્થ :-** વિભજ્યવાદ વિના સદ્ અને અસદ્નો ભેદ કરવો શક્ય ન હોવાથી સમ્યક્ત્વ પણ ન રહે. આજ્ઞારુચિ જીવને સમ્યક્ત્વ હોય છે તે દ્રવ્યથી હોવાનું વિદ્વાનો કહે છે. ॥૧૦૦॥

**सदसदविशेषणात्**=स्वपक्षपरपक्षयोर्विधिनिषेधयोः कर्तुमशक्यत्वात्, **विभज्यवादं विना**-स्याद्वादपरिज्ञानं विना **नास्ति सम्यक्त्वं,** तथा भूतार्थज्ञानरुचिरूपत्वात्तस्याऽतथाभूतार्थज्ञानस्य च तत्त्वतोऽवग्रहादिरूपतयाऽनेकान्तविषयस्यापि तदावरणदोषेणाऽनेकान्तविषयकत्वेनानुल्लिखितस्य तथारोचयितुमशक्यत्वात् । नन्वेवं तथाविधाऽगीतार्थस्य संक्षेपरुचिसम्यक्त्वमुच्छिद्येतेत्यत आह- **यत्पुनराज्ञारुचेः**=प्रियगीतार्थाज्ञस्य मार्गानुसारिणः सम्यक्त्वं **तन्निपुणाः सिद्धसेनदिवाकर**प्रभृतयः' **द्रव्येण ब्रुवते,** स्याद्वादप्रतिपत्तियोग्यतायास्तज्जन्यनिर्जराजनककर्मक्षयोपशमरूपायास्तेष्वखंडितत्वात्, विपश्चित चेदं **स्याद्वादकल्पलतायामिति** नेह प्रतन्यते ॥१००॥

**તાત્પર્યાર્થ :-** સ્યાદ્વાદના સમ્યક્ પરિજ્ઞાન વિના સ્વસિદ્ધાન્તનું વિધિરૂપે યથાર્થ પ્રતિપાદન અને પરસિદ્ધાન્તનું નિષેધરૂપ યથાર્થ નિરૂપણ કરી શકાય તેમ ન હોવાથી *સમ્યક્ત્વ ટકી શકે નહિ કારણ કે તે સ્યાદ્વાદ મુદ્રા-અંકિતસ્વરૂપે પદાર્થોના યથાર્થજ્ઞાનની* રુચિ સ્વરૂપ હોય છે. જે જ્ઞાન સ્યાદ્વાદ મુદ્રા-અંકિતસ્વરૂપે પદાર્થોને સ્પર્શતું નથી એવું અતથાભૂત અર્થજ્ઞાન પણ પરમાર્થથી જોઈએ તો અવગ્રહ-ઈહા વગેરે (મતિજ્ઞાનના ભેદ) રૂપ હોવાથી આખરે વિષય તો અનેકાન્તનો જ છે છતાંપણ તથાપ્રકારના જ્ઞાનાવરણ કર્મ અને સમ્યગ્દર્શન આવારક મિથ્યાત્વ મોહનીય કર્મના ઉદયરૂપ દોષથી તે અતથાભૂત અર્થજ્ઞાન સ્યાદ્વાદના વિષયરૂપે અનુભવાતું ન હોવાથી સ્યાદ્વાદના વિષયરૂપે તેમાં રુચિ થવાને કોઈ અવકાશ નથી.

**શંકા :-** જો ઉપરોક્ત હકીકત શક્ય હોય તો એનો અર્થ તો એ થયો કે સ્યાદ્વાદાવલંબી વિસ્તારરુચિ હોય તેનું જ સમ્યકત્વ ટકે એટલે પછી જે મંદ ક્ષયોપશમવાળો હોવાના કારણે સંક્ષેપરુચિ હોય તેને પણ શાસ્ત્રમાં સંક્ષેપરુચિ સમ્યગ્ દર્શન હોવાનું જણાવ્યું છે તે મિથ્યા ઠરશે.

**સમાધાન :-** તે મિથ્યા નહિ ઠરે કારણ કે દ્રવ્ય સમ્યક્ત્વરૂપે સંક્ષેપરુચિ જીવને પણ સમ્યક્ત્વ હોવામાં કોઈ બાધ નથી. જે આત્મા આજ્ઞારુચિ છે, ગીતાર્થની આજ્ઞા જેને પસંદ છે-ગમે છે અને જે માર્ગાનુસારી પણ છે તેઓને દ્રવ્યસમ્યક્ત્વ હોવાનું, તર્કનિપુણ શ્રીમદ્ સિદ્ધસેનસૂરિ મહારાજે પણ કહ્યું છે. કારણ કે સ્યાદ્વાદનો અંગીકાર કરવાથી થનારી નિર્જરાના સંપાદક કર્મક્ષયોપશમ રૂપ 'સ્યાદ્વાદસ્વીકારયોગ્યતા'એ આત્માઓમાં પણ અખંડિતપણે અવસ્થિત હોય છે. આ વિષયનું સ્પષ્ટીકરણ **સ્યાદ્વાદકલ્પલતા** નામના ટીકાગ્રન્થમાં કર્યું હોવાથી અહીં તેનો વિસ્તાર કર્યો નથી. ॥૧૦૦॥

# ઉપદેશ ૨૫ - સ્યાદ્વાદ : સમ્યક્ત્વનું બીજ

विभज्यवादस्य सम्यक्त्वबीजत्वमेव सूत्रसंमत्या द्रढयति–

શ્લોક ૧૦૧માં સ્યાદ્વાદ જ સમ્યક્ત્વનું બીજ છે આ વિષયને વધુ પુષ્ટ કર્યો છે.

**अवि य अणायारसुए विभज्जवाओ विसेसिओ सम्मं ।**
**जं वुत्तोऽणायारो पत्तेयं दोहि ठाणेहिं ॥१०१॥**

**શ્લોકાર્થ :-** વળી અનાચાર શ્રુત અધ્યયનમાં સ્યાદ્વાદને વિશેષ મહત્ત્વ આપ્યું છે કારણ કે તેમાં બે સ્થાનથી અનાચાર કહ્યા છે. ॥૧૦૧॥

**अपि चाऽनाचारश्रुते**=ऽनाचारश्रुताभिधाने सूत्रकृताध्ययने **विभज्यवादः**=स्याद्वादः **सम्यग्**=याथात्म्येन **विशेषितः**=सम्यग्दर्शनप्राणत्वेन पुरस्कृतः, **यद्**=यस्मात् प्रत्येकमेकत्र धर्मिणि स्यात्-काराङ्किततेतरधर्मानुल्लेखन द्वाभ्यां स्थानाभ्यामभिधीयमानाभ्यां ज्ञायमानाभ्यां **वाऽनाचारो** दर्शनाचारे **उक्तस्तत्र** । तथाहि-[सूत्र २ तः ११]

### (સ્યાદ્‌વાદ સમ્યગ્‌દર્શનનો પ્રાણ)

**તાત્પર્યાર્થ :-** શ્રીમત્ **સૂત્રકૃત** નામના અંગસૂત્રમાં અનાચારશ્રુત નામના (જેનું બીજું નામ આચારશ્રુત પણ છે.) પાંચમા અધ્યયનમાં સ્યાદ્વાદને તેના યથાર્થ સ્વરૂપે સમ્યગ્‌દર્શન ગુણના પ્રાણરૂપે ઓળખાવ્યો છે. કારણ કે જ્યાં એક ધર્મી પદાર્થમાં સ્યાત્ પદથી અંકિતસ્વરૂપે અન્યધર્મનો પણ ઉલ્લેખ કર્યા વિના બે બે સ્થાનો કહેવાય અથવા જણાય તો તેને દર્શનાચાર રૂપ નહિ પણ અનાચાર એટલે કે જૈનેન્દ્ર આગમથી બાહ્ય આચારરૂપ કહ્યો છે. અનાચારશ્રુત અધ્યયનના બીજાથી અગિયારમા સૂત્ર સુધીનો ભાવાર્થ નીચે પ્રમાણે છે.

*"अणादीयं परिन्नाय अणवयग्गेइ वा पुणो । सासयमसासयं वावि इइ दिट्ठिं ण धारए ॥२॥

**अनादिकमप्रथमोत्पत्तिकमनवदग्रमपर्यवसानमिति वा परिज्ञाय**=एकनयदृष्ट्यावधार्य शाश्वतं **सांख्या**भिप्रायेणाप्रच्युतानुत्पन्नस्थिरैकस्वभावं सर्वं, स्वदर्शने वा सामान्यांशमवलम्ब्य सर्वमिदं शाश्वतमित्येवंभूतां **दृष्टिं न धारयेत्** । तथा विशेषपक्षमाश्रित्य वर्त्तमाननारकाः समुच्छेत्स्यन्तीत्ये-तच्च सूत्रमंगीकृत्य यत् सत्तत्सर्वमनित्यमित्येवंभूतबौद्धदर्शनाभिप्रायेण च सर्वमशाश्वतमित्येवंभूतां च **दृष्टिं न धारयेत्** । क एवं दोष इत्याह–

### (નિત્ય-અનિત્ય એકાન્ત દૃષ્ટિનો ત્યાગ)

**સૂત્ર ૨ :-** જે પદાર્થને આરંભ અર્થાત્ પ્રથમ-ઉત્પત્તિ જ નથી અને અન્ત પણ નથી એવા પદાર્થોને એક નયની દૃષ્ટિનું અવલંબન કરીને દા.ત. નિત્યવાદી સાંખ્યમતનું, બધું

* इमाः सूत्रकृताङ्गद्वितीयश्रुतस्कन्धपञ्चमाध्ययनीया दश गाथाः ग्रन्थकृतैव विवेचिता इति नानूद्यन्ते ॥

જ અવિનાશી-અનુત્પન્ન-એકમાત્રધ્રુવસ્વભાવવાળું શાશ્વત છે, અથવા આત્મીય (જૈન)દર્શન ઉપદર્શિત પદાર્થ સંબંધી સામાન્ય અંશનું અવલંબન કરીને "બધું જ શાશ્વત છે." એવી એકાંત દૃષ્ટિ રાખવી નહિ. તથા વિશેષ પર્યાયનું અવલંબન કરીને, અથવા "જે વિદ્યમાન નારકીઓ છે તેઓનો (તેના ભવનો) અંત આવશે" એવા ભાવવાળા સૂત્રને આશ્રયીને, અથવા ક્ષણિકવાદી બૌદ્ધદર્શનના અભિપ્રાયને અવલંબીને બધું જ અશાશ્વત છે, બધું જ અનિત્ય છે-એવી માન્યતા રાખવી નહિ. ॥૨॥ એવી દૃષ્ટિ રાખવામાં જે દોષ છે તે કહે છે–

"एतेहिं दोहिं ठाणेहिं ववहारो ण विज्जइ । एतेहिं दोहिं ठाणेहिं अणायारं तु जाणए ॥३॥

'सर्वं नित्यमेवानित्यमेव वा' **एताभ्यां द्वाभ्यां स्थानाभ्याम**भ्युपगम्यमानाभ्यामनयोर्वा पक्ष-**योर्व्यवहारो** लोकस्यैहिकामुष्मिकयोः कार्ययोः प्रवृत्तिनिवृत्तिलक्षणयोर्न **विद्यते** । एकान्तनित्यत्वे घटाद्यर्थं कुम्भकारादेर्मोक्षाद्यर्थं तपस्विप्रभृतीनां च प्रवृत्त्यनुपपत्तेः, एकान्ताऽनित्यत्वेऽपि लोका-नामनागतभोगार्थं धनधान्यादिसंग्रहार्थं मुमुक्षूणां च मोक्षार्थं प्रवृत्त्यनुपपत्तेरेव, नित्यानित्यत्वयोः प्रतिनियताश्रयत्ववादेऽप्येकत्र मृदादौ स्थासकुशूलघटाद्यनेककार्यार्थप्रवृत्तेरनुपपत्तेरेकस्यानेकपरिणामि-त्वविरोधात्, अत **एतयोः स्थानयोरे**कान्तत्वेनाश्रीयमाणयो**रनाचारं** मौनीन्द्रागमबाह्यत्वरूपं **जानीयात्** । **'तु'** शब्दो विशेषणार्थः, 'कथञ्चिन्नित्यानित्ये वस्तुनि व्यवहारो युज्यते' इत्येतद्विशिनष्टि, एकांशमादाय नयव्यवहारस्योभयमादाय च प्रमाणव्यवहारस्योपपत्तेः । **न चैव**मपि स्यान्नित्यमेव स्यादनित्यमेवेति च प्राप्तं, तत्राप्येवकारार्थावधारणबलाद् येनाकारेण नित्यत्वं तेन नित्यत्वमेवेत्ये-कान्ततत्वापत्तिरिति **शङ्कनीयं,** अनित्यत्वासंवलितस्य नित्यत्वव्यवच्छेदस्याप्रसिद्धेः, तत्संवलितस्य च तस्य सत्त्वे किञ्चिदपेक्षया एकान्तसंवलितानेकान्तानपायात्, तथा चाह सम्मतिकारः-

[१८]"भयणावि हु भइयव्वा जह भयणा भयइ सव्वदव्वाइं ।
एवं भयणानियमो वि होइ समयाविराहणया* ॥" [३-२७ सम्मतिसूत्रे]

## (એકાન્તવાદમાં વ્યવહાર ઘટે નહીં)

**સૂત્ર ૩ :-** ઉપરોક્ત પ્રકારનાં બે સ્થાનો માની લેવાથી વ્યવહાર સંગત થતો નથી. 'બધું જ નિત્ય છે. અથવા અનિત્ય છે.' આ બે પક્ષમાંથી કોઈ એક પક્ષ એકાન્તે સ્વીકારી લેવામાં આવે તો ઇહલૌકિક કે પારલૌકિક ફલાકાંક્ષાપૂર્વક ઉપાયમાં પ્રવૃત્તિ અને હાનિકર કૃત્યથી નિવૃત્તિ-સ્વરૂપ વ્યવહાર ઘટી શકે નહિ. જો માટી એકાન્તે નિત્ય હોય-અપરિવર્તનશીલ હોય તો તેમાંથી ઘટ બનાવવા માટે કુંભાર મહેનત કરે નહિ. એ જ રીતે આત્મા પણ જો નિત્ય અપરિવર્તનશીલ હોય તો તપસ્વી વગેરે કઠોરતપની મહેનત કરે

१८ भजनाऽपि खलु भक्तव्या यथा भजना भनक्ति सर्वद्रव्याणि । एवं भजना नियमोऽपि भवति समयाविराधनया ॥
* याविरोहेण' इति पाठान्तरम्

નહિ. વસ્તુ જો એકાન્તે અનિત્ય (ક્ષણભંગુર) હોય તો ભવિષ્યમાં સુખી થવા માટે લોકો ધનધાન્ય વગેરે સંપત્તિનો સંચય ન કરે તેમજ મુમુક્ષુ આત્માઓ મોક્ષ માટે મહેનત કરે નહિ. અમુક અમુક પદાર્થો એકાન્તે નિત્ય અને અમુક અમુક પદાર્થો એકાન્તે અનિત્ય એવો કોઈ પ્રતિનિયત વિભાગ કરવામાં આવે તો પણ પ્રવૃત્તિઅભાવની આપત્તિ ટાળી શકાતી નથી. કેમકે માટી વગેરેમાંથી ઘડો બનાવવા માટે પહેલાં થાળીઆકાર પછી કુશુલાકાર પછી ઘટાકાર વગેરે ક્રમશઃ બનાવવા માટે જે પ્રવૃત્તિ થાય છે તે નહિ ઘટી શકે. વળી નિત્યમાંથી અનિત્ય એવા જુદા જુદા પ્રકારના પરિણામોની નિષ્પત્તિ પણ કેવી રીતે થઈ શકે ? કારણ કે એકાન્ત નિત્યવસ્તુને વિવિધ પરિણામો સાથે વિરોધ છે. આ કારણથી ઉપરોક્ત બે પ્રકારના એકાન્ત સ્થાનનો આશ્રય લેવામાં આવે તો જૈનેન્દ્ર આગમથી બહિષ્કૃત થઈ જવા રૂપ અનાચાર પ્રસક્ત થાય છે. વસ્તુને જો "કથંચિત્ નિત્ય અને કથંચિત્ અનિત્ય સ્વીકારવામાં આવે તો જ પૂર્વોક્ત પ્રવૃત્તિ-નિવૃત્તિ રૂપ વ્યવહાર ઘટી શકે." આ વૃત્તાન્તનું સૂચન સૂત્રમાં 'તુ' શબ્દથી કર્યું છે. અન્ય અંશની ઉપેક્ષા ન થાય તે રીતે વસ્તુના એક અંશનું અવલંબન કરવામાં આવે તો નયાત્મક વ્યવહાર અને ઉભય અંશનું અવલંબન કરવામાં આવે તો પ્રમાણાત્મક વ્યવહાર પણ ઉપપન્ન થાય છે.

### (સ્યાદ્વાદમાં પણ એકાન્તની આપત્તિની શંકા અને સમાધાન)

**શંકા :-** પ્રમાણાત્મક વ્યવહારમાં 'स्यात् नित्यमेव, स्यात् अनित्यमेव' એવા અભિલાપમાં જે અવધારણાર્થક 'એવકાર'નો પ્રયોગ છે તેના સામર્થ્યથી વસ્તુમાં જે રૂપે નિત્યપણું છે તે રૂપે નિત્યપણું જ છે. આ જાતના એકાન્તપણાની આપત્તિ સ્યાદ્વાદમાં પણ ટાળી શકાય તેવી નથી.

**ઉત્તર :-** એવકારથી સ્યાદ્વાદમાં નિત્યત્વ કે અનિત્યત્વ ધર્મના વ્યવચ્છેદનો સંભવ નથી, કારણ કે નિત્યત્વ અસમાનાધિકરણ અનિત્યત્વ અને અને અનિત્યત્વ અસમાનાધિકરણ નિત્યત્વ જૈનમતમાં પ્રસિદ્ધ નથી. એટલે તેનો વ્યવચ્છેદ પણ અપ્રસિદ્ધ છે. એટલે 'स्यात् नित्यमेव' એ વાક્યપ્રયોગમાં અનિત્યત્વસહચારીનિત્યત્વની સત્તાનું જ વિધાન હોવાથી કિંચિદ્ અંશની અપેક્ષાએ અનિત્યનો વ્યવચ્છેદ અભિપ્રેત છે, પણ સર્વથા નહિ. એટલે આ રીતે એકાન્તાનુવિદ્ધ અનેકાન્ત સુરક્ષિત રહે છે. **શ્રીમાન્ સંમતિતર્કસૂત્રકારે** (કાંડ-૩ સૂત્ર-૨૭માં) પણ કહ્યું છે કે "જેમ અનેકાન્તસિદ્ધાન્ત સર્વદ્રવ્યોને લાગુ પડતો હોવાથી સર્વદ્રવ્યોમાં અનેકાન્તાત્મકત્વ પ્રસિદ્ધ કરે છે તેમ અનેકાન્ત સિદ્ધાન્તમાં પણ અનેકાન્ત લાગુ પડતો હોઈ તેમાં પણ અનેકાન્તાત્મકતા સિદ્ધ થાય છે." એટલે અનેકાન્તને (કથંચિત્) એકાન્તરૂપ કહેવામાં આવે તો શાસ્ત્રની કોઈ અવગણના નથી.

न चैकावच्छेदेन नित्यत्वादिकमेवेत्येवमेकान्तप्राप्तिः, गुञ्जाफले कृष्णत्वरक्तत्वयोरिव नित्यत्वानित्यत्वयोः खंडशोऽनवस्थानात्, गुडसुंठीद्रव्ययोरिवैकगोलकीकृतयोस्तयोरेकलोलीभावेनैवावस्थानात्। **एतेन** द्रव्यार्थात्वादौ नित्यत्वाद्यवच्छेदकत्वमेवेत्येवमेकान्तापत्तिरपि **निरस्ता,** पररूपादिना तत्र तदभावाच्चेत्यन्यत्र विस्तरः ।

## (ભિન્ન ભિન્ન અંશે એકાન્ત આપત્તિની શંકા અને સમાધાન)

**શંકા :-** જેમ ચણોઠીમાં અર્ધભાગ આશ્રયીને રક્તવર્ણ અને અન્ય અર્ધભાગ આશ્રયીને શ્યામવર્ણ પરસ્પરથી ભિન્ન દેશમાં એકાન્તે અવસ્થિત હોય છે એ જ રીતે દરેક વસ્તુમાં જૈનમતે એક અંશ આશ્રયીને નિત્યત્વ અને અન્યઅંશ આશ્રયીને અનિત્યત્વ પરસ્પર ભિન્ન દેશમાં અવસ્થિત હોવાથી પુનઃ એકાન્તની આપત્તિ યથાવત્ પ્રસક્ત થાય છે.

**ઉત્તર :-** જૈનમતે ચણોઠીમાં રક્ત શ્યામવર્ણની જેમ નિત્યત્વ અને અનિત્યત્વ એકવસ્તુમાં સર્વથા પરસ્પરભિન્નદેશવર્તી નથી. એટલે ચણોઠીના દૃષ્ટાંતથી જે એકાન્તની આપત્તિ દર્શાવી છે તે નિર્મૂળ છે. જૈન મતમાં તો નિત્યત્વ અને અનિત્યત્વ એક જ વસ્તુમાં પરસ્પર આક્રાન્ત થઈને તાદાત્મ્યભાવે સમાવિષ્ટ છે. જેમ સૂંઠની ગોળીમાં સૂંઠ અને ગોળ દ્રવ્ય બન્ને ભિન્નભાગવર્તી હોતા નથી પણ તેના અણુએ અણુ એકબીજા ને વ્યાપીને રહેલા હોય છે. તે રીતે સ્યાદ્વાદમાં પણ સમજી લેવું. ઉપરોક્ત નિરૂપણથી "દ્રવ્યાર્થત્વાદિમાં નિત્યત્વાદી અવચ્છેદકતા જ હોવાથી એકાન્તવાદ પ્રસક્ત થાય છે"-આવું કથન પણ નિર્મૂળ થઈ જાય છે. કારણ કે દ્રવ્યાર્થત્વાદિમાં સ્વરૂપેણ (દ્રવ્યત્વને આશ્રયીને નિત્યત્વાવચ્છેદકતા હોવા છતાં પણ પરરૂપેણ (પર્યાયત્વને આશ્રયીને) નિત્યત્વાવચ્છેદકતાનો અભાવ છે. આ વિષયનો વધુ વિસ્તાર અન્ય ગ્રન્થોમાં પણ કરેલો છે. ।।સૂત્ર-૩।।

"समुच्छिज्जिहिंति सत्थारा सव्वे पाणा अणेलिसा ।
गंठीगा वा भविस्संति सासयंति व णो वदे ॥४॥

**'सम्यग्**=निरवशेषतयो**च्छेत्स्यन्ति** सामस्त्येनोत्प्राबल्येन सेत्स्यन्ति सिद्धिं यास्यन्ति वा, **शास्तारः**-सर्वज्ञाः, **सर्वे**=निरवशेषाः सिद्धिगमनयोग्या **भव्यास्**ततश्चोत्सन्नभव्यं जगत् स्यादि'त्येवं **नो वदेत्,** तथा '**सर्वे प्राणिनोऽनीदृशाः**=परस्परं विलक्षणा एव, न कथञ्चित्तेषां सादृश्यमस्ती' त्येवमप्येकान्तेन **नो वदेत्,** यदि वा 'सर्वेषां भव्यानां सिद्धिसद्भावेऽवशिष्टाः संसारेऽनीदृशा अभव्या एव भवेयुरि'त्येवं **नो वदेत्,** तथा '**ग्रन्थिकाः**=कर्मग्रन्थिवन्त एव सर्वे भविष्यन्ती'त्येवं **नो वदेत्,** यदि वा ग्रन्थिभेदं कर्तुमसमर्था भविष्यन्तीत्येवं **नो वदेत्,** तथा **शाश्वताः**=सदाकालं स्थायिनः शास्तार इत्येवं **नो वदेत्,** यतः "एएहिं० ॥५॥"-एतयोर्द्वयोः स्थानयोर्व्यवहारो न विद्यते। तथाहि-यत्तावदुक्तं सर्वे शास्तारः क्षयं यास्यन्तीत्येतदयुक्तम्, क्षयनिबन्धनकर्मणोऽभावेन सिद्धानां

क्षयाभावाद्भवस्थकेवलिनामपि प्रवाहापेक्षया क्षयाऽयोगात् । यदप्युक्तं सर्वभव्यानां सिद्धिगमने उत्सन्नभव्यं जगत् स्यादिति, तदपि न, भव्यराशे रद्धान्ते भविष्यत्कालसमयवदानन्त्योक्तेस्तन्निर्लेपाऽसंभवात् । न च सर्वेषां भव्यानां सेत्स्यमानताभिधानात्तदापत्तिः,

**(ભવ્યજીવ શૂન્યતા-સર્વજીવભિન્નતા-ગ્રન્થિભેદાશક્તિ-સર્વજ્ઞશાશ્વતતા અઘટિત)**

**સૂત્ર ૪ તથા ૫ :-** "બધા જ સર્વજ્ઞ આત્માઓ નિરવશેષપણે વિચ્છિન્ન થઈ જશે અથવા સિદ્ધિગમનયોગ્ય બધા જીવો સંપૂર્ણપણે સિદ્ધિગતિમાં ચાલ્યા જશે તેથી જગત ભવ્ય જીવશૂન્ય બની જશે." આમ પણ કહેવાય નહિ તથા 'બધા જ પ્રાણીઓ અનીદૃશ અર્થાત્ સર્વથા પરસ્પરભિન્ન છે તેઓમાં પરસ્પર કોઈ સમાનતા નથી' એવું પણ એકાન્તે કહેવાય નહિ. અથવા 'બધા જ ભવ્ય જીવો મોક્ષમાં ચાલ્યા ગયા પછી સંસારમાં અભવ્ય જીવો જ શેષ રહેશે' એવું પણ કહેવાય નહિ. તથા 'બધા જ જીવો કર્મગ્રન્થિયુક્ત હશે અથવા ગ્રન્થિ ભેદવાને અશક્ત હશે' એમ પણ કહેવાય નહિ. તથા સર્વજ્ઞ આત્માઓ શાશ્વત એટલે કે સદાકાળ માટે સ્થાયી (અવિનાશી) રહેશે એમ પણ કહેવાય નહિ. કારણ, ઉપરોક્ત પ્રકારનાં બે બે સ્થાનોમાં વ્યવહાર ઘટી શકતો નથી તે આ રીતે—

જે એમ કહ્યું કે 'બધા જ સર્વજ્ઞ આત્માઓ વિચ્છિન્ન થઈ જશે' તે કહેવું અયુક્ત છે કારણ કે ક્ષયના હેતુભૂત કારણો ન હોવાથી સિદ્ધાત્માનો ક્ષય અસંભવિત છે. ભવસ્થ કેવલિઓનો પણ મોક્ષમાં ગમન દ્વારા સર્વથા ક્ષય નથી, કારણ કે જેમ જેમ ભવસ્થ કેવલિઓ મોક્ષે જતા જાય છે તેમ તેમ અન્ય અન્ય જીવો કેવળજ્ઞાન પ્રાપ્ત કરતા જાય છે એટલે પ્રવાહની અપેક્ષાએ ભવસ્થકેવલિઓનો પણ સંસારમાં ક્યારેય વિરહ થતો નથી. સર્વ ભવ્યજીવોના મોક્ષગમનથી જગત ભવ્યજીવશૂન્ય પણ થઈ જવાનું નથી. કારણ કે જૈન સિદ્ધાન્ત પ્રમાણે ભવ્ય જીવોનો સમૂહ ભવિષ્યકાળના સમયોની જેમ સંખ્યામાં અનંત છે. એટલે જેમ કાળનો અંત આવવાનો નથી તેમ ભવ્યજીવોનો પણ અંત આવવાનો નથી, તેઓ ખાલી થવાના નથી.

"भवति स नामातीतः प्राप्तो यो नाम वर्त्तमानत्वम् ।
एष्यंश्च नाम स भवति, यः प्राप्स्यति वर्त्तमानत्वम्" ॥ [ ]

इति वचनात् अनागतसमयानां लप्स्यमानवर्त्तमानतावत्तदुपपत्तेः, तथा नापि शाश्वता एव शास्तारः, भवस्थानां सिद्धिगमनात्, प्रवाहापेक्षया च शाश्वतत्वमतः कथंचित् शाश्वताः कथंचिदशाश्वता इति । तथा नाऽनीदृशत्वमपि सर्वेषां घटते, जात्यादिना तथात्वेऽप्यसंख्येयप्रदेशत्वादिनाऽतथात्वात्, तथोल्लसितसद्वीर्यतया केचिद्भिन्नग्रन्थयोऽपरे च न तथेत्यत्राप्येकान्तो न कान्तः, शाश्वतत्वमपि नैकान्तेन कथंचिदुच्छेदादिति एतयोः स्थानयोरेवमनाचारं जानीयात् ।

"સર્વ જીવો સિદ્ધિગતિમાં જશે" એવા શાસ્ત્રવચનથી પણ સંસાર ભવ્યજીવશૂન્ય થઈ જવાની આપત્તિ નથી. કારણ કે-"જે કાળ વર્તમાનપણાને પ્રાપ્ત થયો તે અતીત પણ બનશે. અને ભવિષ્યકાળ તે છે કે જે વર્તમાનપણાને પ્રાપ્ત કરશે.-"આ વચનથી જેમ બધો જ ભવિષ્યકાળ વર્તમાન થઈ જવાનો હોવા છતાં પણ ભવિષ્યકાળનો ક્યારેય અંત નહિ આવે એ નક્કી છે તેમ બધા જ ભવ્યજીવો મુક્તિમાં જવાના હોવા છતાં પણ તેઓનો અંત આવશે નહિ એ પણ સુનિશ્ચિત છે. વળી, સર્વજ્ઞ બધા જ શાશ્વત હોય તેવું પણ નથી કારણ કે ભવસ્થ કેવલીઓનું સિદ્ધિગમન ચાલુ જ છે. એટલે પ્રવાહની અપેક્ષાએ જ શાશ્વત કહેવાય. અર્થાત્ કથંચિત્ નિત્યતા અને કથંચિત્ અનિત્યતા સર્વજ્ઞમાં પણ સિદ્ધ થાય છે. તથા બધા જીવોમાં સમાનતા છે જ નહિ એવું પણ નહિ, એકેન્દ્રિય-બેઇન્દ્રિય વગેરે જાતિ ભિન્ન હોવા છતાં પણ પ્રત્યેક આત્માના પ્રદેશો-નિકૃષ્ટ સૂક્ષ્માંશો સંખ્યાથી તુલ્ય છે-તે અસંખ્ય જ હોય છે. સંખ્યાત પણ નહિ અને અનંત પણ નહિ. પરસ્પર એક પણ ઓછો નહિ કે વધારે પણ નહિ. વળી ગ્રન્થિભેદના વિષયમાં પણ એકાન્ત નથી કારણ કે જેઓનું વીર્ય ચરમ અર્ધપુદ્ગલપરાવર્તમાં ઉલ્લસિત થાય છે તેઓ ગ્રન્થિભેદ કરે છે અને જેઓનો સહજમળ ક્ષીણ થયો નથી તેઓ કર્મગ્રન્થિ ભેદી શકતા નથી. સર્વજ્ઞ જીવો એકાન્તે શાશ્વત છે એવું પણ નથી કારણ કે તેમનો પણ સંસારી પર્યાયે કથંચિત્ વિનાશ અભિપ્રેત છે. આ રીતે તે તે સ્થાનમાં અનાચાર અર્થાત્ જૈનેન્દ્રાગમ બાહ્યતા સ્પષ્ટ છે.

### (કર્મબંધમાં તફાવત પરિણામાદિ સાપેક્ષ)

"जे केइ खुद्दगपाणा अहवा संति महालया ।
सरिसं तेहिं वेरंति असरिसं तिय णो वदे ॥६॥

'**ये केचन क्षुद्राः**=एकेन्द्रियादयोऽल्पकाया वा **प्राणीनो अथवा महालयाः**=महाकायास्तेषां व्यापादने **सदृशं वज्रं**=कर्म **वैरं** वा विरोधलक्षणं समानतुल्यप्रदेशत्वादित्येवं **न वदेत्,** तथा **विसदृशं** तदिन्द्रियज्ञानकायानां विसदृशत्वादित्यपि न वदेत्, यतः "एएहिं० ॥७॥"=आभ्यां द्वाभ्यां स्थानाभ्यां व्यवहारो न विद्यते, यतो न वध्यानुरोधी कर्मबन्धविशेषोऽस्ति अपि तु वधकस्य तीव्रभावो मन्दभावो ज्ञानभावोऽज्ञानभावो महावीर्यत्वमल्पवीर्यत्वं च तत्र तन्त्रमिति । तदनयोः स्थानयोः प्रवृत्तस्यानाचारं विजानीयात्, भावसव्यपेक्षस्यैव कर्मबन्धविशेषस्याभ्युपगमौचित्यात् । नहि वैद्यस्यागमसव्यपेक्षस्य सम्यक्क्रियां कुर्वत आतुरविपत्तावपि वैरानुषङ्गः, सर्पबुद्ध्या रज्जुमपि घ्नातो भावदोषात् कर्मबन्धश्चेति ।

**સૂત્ર ૬-૭ :-** જે કોઈ ક્ષુદ્ર = લઘુકાય એકેન્દ્રિયાદિ જીવજંતુઓ છે અને બીજા વિરાટકાય એકેન્દ્રિયાદિ જીવો છે, તેઓની હિંસામાં આત્મપ્રદેશ સંખ્યા તુલ્ય હોવાથી સમાન

* तृतीयागाथावत् पंचम-सप्तम-नवम-एकादश गाथापाठः ।

કર્મબંધ છે અથવા વૈરાનુબંધ સમાન થાય છે-એવું પણ કહેવાય નહિ. તથા ઇન્દ્રિય અને જ્ઞાન ભિન્ન ભિન્ન હોવાથી અસમાન જ કર્મબંધ થાય તેવું પણ કહેવાય નહિ. કારણ કે આ બે સ્થાનોમાં વ્યવહાર ઘટતો નથી. તેનું કારણ એ છે કે મરનાર જીવની લઘુતા-મહાનતાના કે જ્ઞાની-અજ્ઞાનીના હિસાબે કર્મબંધમાં ખાસ વિશેષતા હોતી નથી, કિન્તુ હિંસક આત્માનો હિંસાનો પરિણામ કઠોર છે કે કોમળ છે, તે સ્વયં જ્ઞાની છે કે અજ્ઞાની છે, ઈરાદાપૂર્વક હિંસા કરી છે કે અજાણતા થઈ ગઈ છે, હિંસા કરવા માટે અલ્પ પ્રયત્ન કર્યો છે કે મહાપ્રયત્ન કર્યો છે, આ બધું કર્મબંધમાં વિશેષતા લાવનારું છે. (હિંસાના ભાવ વગેરે તુલ્ય હોય ત્યારે મરનાર એકેન્દ્રિયાદિ જીવ ભેદે પણ કર્મબંધમાં વિશેષતા સંભવિત છે તે ભૂલવા જેવું નથી.) એટલે ઉપરોક્ત બે સ્થાનમાં પણ અનાચાર જાણવો, કારણ કે કર્મબંધમાં વિશેષતા ભાવસાપેક્ષ છે-આ સિદ્ધાન્તના સ્વીકારમાં ઔચિત્ય છે. શાસ્ત્ર સાપેક્ષ રહીને વૈદ્ય સાવધાનપણે ચિકિત્સા કરે છતાં પણ (કદાચ ભૂલ થઈ જાયને) રોગી મરી જાય તો પણ વૈદ્યને કોઈ વૈરાનુબંધ હોતો નથી. જ્યારે ઝાંખા પ્રકાશમાં વાંકા-ચૂંકા પડેલા કાળાભમ્મર દોરડાને જોઈને સાપનો વ્હેમ પડે અને તેને મારી નાખવા માટે હથિયાર ઉગામે ત્યારે સર્પહિંસા વાસ્તવમાં ન હોવા છતાં પણ ક્લિષ્ટભાવના પાપે કર્મનો બંધ સખત થાય છે.

''अहाकम्माइं भुंजंति अण्णमण्णे सकम्मुणा । उवलित्ते वियाणिज्जा अणुवलित्तेत्ति वा पुणो ॥८॥''

साधुप्रधानकारणमाधायाश्रित्य **कर्माण्याधाकर्माणि ये भुंजते तानन्योन्यं**=परस्परं स्वकीयेन कर्मणा **उपलिप्तान् विजानीयादि**त्येवं न वदेत्, तथा**ऽनुपलिप्तानिति वा न वदेत्,** श्रुतानुपदेशो-पदेशाभ्यां तत्र कर्मबन्धाऽबन्धोपपत्तेः, आधाकर्मिकभोगे स्यात् कर्मबन्धः स्यान्नेति वक्तुं युक्तत्वात्। यतः ''एएहिं० ॥९॥''=आभ्यां द्वाभ्यां स्थानाभ्यां व्यवहारो न विद्यतेऽत्यन्तापद्दशायां तदग्रहणे ईर्याद्यशुद्ध्यार्त्तध्यानप्रवृत्तौ च बहुदोषप्रसङ्गात्, अन्यथा तद्भोगे षट्कायोपमर्दपापाऽनिवृत्तेः, अत आभ्यामेव स्थानाभ्यामेकान्ततो गृहीताभ्यामनाचारं विजानीयात् ।

### (આધાકર્મભોજીને પણ કર્મબંધમાં ભજનાને અવકાશ)

**સૂત્ર ૮-૯ :-** પ્રધાનપણે સાધુઓને ઉદ્દેશીને (ભોજનઆદિ) બનાવવામાં આવ્યું હોય તેને આધાકર્મ કહેવાય તે સાધુઓ માટે ત્યાજ્ય છે. બે સાધુઓ એવું આધાકર્મ અન્નાદિનું ભોજન કરે તો પરસ્પર સમાન કર્મથી બંધાય અથવા ન જ બંધાય એમ પણ કહી શકાય નહિ, કારણ કે અપવાદમાર્ગે સકારણ શાસ્ત્રવિહિત પદ્ધતિએ આધાકર્મી ખાનારને કર્મબંધ થતો નથી જ્યારે વિના કારણ આધાકર્મી ખાનારને કર્મબંધ થાય છે એટલે 'આધાકર્મિક ભોગમાં પણ કથંચિત્ કર્મબંધ થાય અને કથંચિત્ કર્મબંધ ન થાય' એમ જ કહેવું ઉચિત છે. એમ ન કહીએ તો તે બે સ્થાનોમાં વ્યવહાર ઘટી શકે નહિ કારણ કે અત્યંત આપત્તિ

કાળ હોય ત્યારે જો આધાકર્મ દોષયુક્ત આહાર લેવામાં ન આવે તો 'ઈર્યા સમિતિ' વગેરે અષ્ટપ્રવચનમાતાની શુદ્ધિ જળવાય નહિ તેમ જ આર્તધ્યાન થવાથી ઘણા દોષો ઊભાં થાય ત્યારે બીજી બાજુ એવો કોઈ આપત્તિકાળ ન હોય છતાં પણ આધાકર્મિકનો ઉપભોગ કરવામાં આવે તો ષટ્જીવનિકાયની હિંસાના પાપથી વિરતિ ભંગ થવાથી કર્મબંધ થાય છે. આ રીતે તે બે એકાન્તગૃહીત સ્થાનોમાં પણ અનાચાર જાણવો.

"जमिदं उरालमाहारं कम्मगं च तमेव य । सव्वत्थ वीरिअं अत्थि णत्थि सव्वत्थ वीरिअं ॥१०॥

**यदिदमौदारिकं तथाहारकमु**पलक्षणाद्वैक्रियं च तथा **कार्मणमु**पलक्षणात्तैजसं च **तदेव,** यदेवौदारिकादि तदेव कार्मणादीत्येवं सहचारदर्शनेन संज्ञां न निवेशयेत्, नाप्येषामात्यन्तिको भेद इति, संज्ञादिभेदाद् भिन्नदेशकालानुपलब्धेश्च । तथा **सर्वत्र** घटपटादावपरस्य **वीर्यं**=शक्ति**रस्ति** व्यक्तस्य प्रधानकार्यत्वादित्येवं संज्ञां न निवेशयेत्, **न** वा "सर्वे भावाः स्वभावेन स्वस्वभाव-व्यवस्थिता इति" प्रतिनियतशक्तित्वान्न सर्वत्र सर्वस्य वीर्य**मस्ती**त्यपि संज्ञां निवेशयेत्, सर्वथा सतोऽसतो वा कार्य-स्यानुत्पत्तेर्द्रव्यार्थतया सर्वस्यैकशक्तिमतोऽपि पर्यायार्थतया स्वमात्रमग्नशक्तित्वेनोत्पादादन्यथा नियतोपादानार्थकप्रवृत्त्यनुपपत्तेः, अत एवाह-"एएहिं०" ॥११॥ स्पष्टः । इत्थं चात्र प्रत्येकपक्षाभि-धाने सर्वत्रानाचार एव दिङ्मात्रेण दर्शित इति सर्वत्र स्याद्वादश्रद्धयैव सम्यक्त्वं व्यवस्थितम् ॥१०१॥

## (ભેદ-અભેદ, અવ્યક્ત-વ્યક્ત, શક્ત-અશક્ત, સત્-અસત્નો એકાન્ત નથી)

**સૂત્ર ૧૦-૧૧ :-** શાસ્ત્રમાં જે ઔદારિક, આહારક, વૈક્રિય, કાર્મણ અને તૈજસ એવા પાંચ પ્રકાર શરીરના દર્શાવ્યા છે તે પરસ્પર ઔદારિક આદિ (૩ની) સાથે કાર્મણ અને તૈજસ નિત્ય પ્રાયઃ સહચારી હોવાથી અને સમાન દેશકાળવર્તી હોવાથી ઔદારિક વગેરેથી ભિન્ન નથી એમ કહેવાય નહિ અને તેઓમાં સંજ્ઞાદિના ભેદથી અત્યંતભેદ છે તેમ પણ કહેવાય નહિ. એ જ રીતે પ્રધાન=અવ્યક્ત પ્રકૃતિતત્ત્વમાંથી જ સમગ્ર વ્યક્તજગતની અભિવ્યક્તિ થતી હોવાથી સમસ્ત ઘટપટાદિ કાર્યોત્પાદક સામર્થ્ય અપર એટલે કે પ્રકૃતિમાં છે તેમ પણ નિરૂપણ કરી શકાય નહિ અથવા "સ્વભાવથી જ સર્વભાવો પોતપોતાનાં ભાવ=અવસ્થામાં અવસ્થિત એટલે કે ગોઠવાયેલા છે." આ વચનને અનુસરીને દરેક પદાર્થમાં નિયતપણે ભિન્ન ભિન્ન પ્રકારની શક્તિ હોવાથી સર્વપદાર્થોને ઉત્પન્ન કરવાનું સામર્થ્ય નથી એવું પણ નિરૂપણ અશક્ય છે. કારણ કે કોઈપણ કાર્ય ઉત્પત્તિ પૂર્વે સર્વથા સત્ પણ નથી કે અસત્ પણ નથી. સર્વથા સત્ કાર્યને ઉત્પન્ન કરવાનું હોય નહિ અને જે કાર્ય સર્વથા અસત્ હોય તેને ઉત્પન્ન થવાનું હોય નહિ. એટલે વાસ્તવિકતા એ છે કે દ્રવ્યાર્થરૂપે સઘળાય પદાર્થો એકસરખી શક્તિવાળા હોવા છતાં પણ પર્યાયાર્થરૂપે બધાની

શક્તિ સ્વમાત્રનિયત છે. અને તેથી તે રૂપે જ બધા પદાર્થ ઉત્પન્ન થાય છે. જો આમ માનવામાં ન આવે તો અમુક ઘટાદિ કાર્ય માટે અમુક માટી વગેરે જ ઉપાદાન કારણનો ઉપયોગ થાય છે તે નહિ થાય. આશય એ છે કે ઉત્પત્તિ પૂર્વે કોઈપણ કાર્ય દ્રવ્યસ્વરૂપે સત્ હોવા છતાં પણ પર્યાયરૂપે અસત્ હોય છે એટલે દ્રવ્યસ્વરૂપે વસ્તુ ઉત્પન્ન થતી નથી પરંતુ કોઈ એક પર્યાયવિશેષરૂપે પ્રત્યેકવસ્તુ ઉત્પન્ન થાય છે એટલે પર્યાયરૂપે ઉત્પન્ન થતી વસ્તુની કથંચિત્ દ્રવ્યસ્વરૂપે જ ઉત્પત્તિને લક્ષમાં રાખીને કહી શકાય કે બધા જ દ્રવ્ય દ્રવ્યને ઉત્પન્ન કરવા માટે એકસરખી શક્તિવાળા છે. પરંતુ પર્યાય વિશેષને ઉત્પન્ન કરવાની શક્તિ બધાં દ્રવ્યોમાં એકસરખી હોતી નથી. પરંતુ વસ્ત્રને ઉત્પન્ન કરવાની શક્તિ સ્વ=વસ્ત્રથી કથંચિત્ અભિન્ન તંતુમાં જ મગ્ન=નિયત હોય છે. અને ઘટને ઉત્પન્ન કરવાની શક્તિ સ્વ=ઘટથી કથંચિત્ અભિન્ન મૃત્તિકા (માટી)માં જ હોય છે. જો આમ ન માનીએ તો વસ્ત્ર બનાવવા માટે લોકો તંતુનો જ ઉપાદાન કારણરૂપે ઉપયોગ કરે છે, જ્યારે ઘડો બનાવવા માટે માટીનો જ ઉપાદાન કારણરૂપે ઉપયોગ કરે છે-એ કરત નહિ.

આમાં પણ એ જ કારણ છે-એકાન્ત ગૃહીત બે સ્થાનામાં વ્યવહાર ઘટતો નથી. ઉપરોક્ત રીતે એક એક એકાન્તપક્ષના નિરૂપણમાં સર્વત્ર દિશાસૂચન રૂપે અનાચાર દર્શાવવાથી સ્યાદ્વાદમાં શ્રદ્ધા રાખવી એ જ સમ્યક્ત્વ છે એ સિદ્ધ થાય છે. ॥૧૦૧॥

**कर्म जीवं च संश्लिष्टं सर्वदा क्षीरनीरवत् ।**
**विभिन्नीकुरुते योऽसौ मुनिहंसो विवेकवान् ।।१।। (ज्ञानसार १५/१)**

દૂધ અને પાણીની પેઠે જ્ઞાનાવરણાદિ કર્મ અને જીવ સદા એકઠાં મળેલાં છે, તેને જે સાધુ-રૂપ રાજહંસ લક્ષણ આદિના ભેદથી ભિન્ન કરે તે વિવેકવંત કહેવાય છે. જીવ અને અજીવનું જે ભેદજ્ઞાન તે વિવેક.

## ઉપદેશ ૨૬ - સ્યાદ્વાદનો અપાર મહિમા

विभज्यवादमेवाभिष्टौति-

**एसो पवयणसारो सव्वं इच्चत्थमेव गणिपिडगं ।**
**एअंमि अविण्णाए विहलं चरणं जओ भणियं ॥ १०२ ॥**

**સ્યાદ્વાદની સ્તવના :-**

**શ્લોકાર્થ :-** સ્યાદ્વાદ જૈન પ્રવચનનો સાર છે. સમસ્ત ગણિપિટક સ્યાદ્વાદ સમજાવવા માટે જ છે, એટલે સ્યાદ્વાદના જ્ઞાન વિના ચારિત્ર પણ નિષ્ફળ કહ્યું છે. ॥૧૦૨॥

**एषः विभज्यवादः प्रवचनसारः**, एतद्बोधनेनैव प्रवचनस्य फलवत्त्वात् । "**एगे आया**" [*स्थानांग १-१*] इत्यादेरपि *तन्त्रपरिकर्मितमत्या एकत्वानेकत्वादिसप्तभंगीपरिकर्मितबोधस्यैवोत्पत्तेः*, एकनयावधारणे मिथ्यादृष्टिवचनाऽविशेषप्रसङ्गात् । न केवलं प्रवचनकार्यमेवायं अपि तु तत्कारणमपीत्याह-**सर्वं**=निरवशेषं **इत्यर्थकमेव**=उपदिष्टविभज्यवादार्थकमेव, **गणिपिटकं**=द्वादशाङ्गीरूपं, अर्थं हि भगवानुपदिशति सूत्रं च ततो गणधरा ग्रथ्नन्ति, स च त्रिपदीरूपः स्याद्वादमूर्तिरिति सिद्धं गणिपटिकस्य स्याद्वादहेतुकत्वं, यत एवं ततः **एतस्मिन्नविज्ञाते**=अपरिच्छिन्ने **विफलं**=असारं **चरणं**=चारित्रं, स्याद्वादरुचिरूपसम्यग्दर्शनशुद्धिशून्यत्वात् । यतो भणितं **सम्मतौ** [३-६७] **श्रीसिद्धसेनदिवाकरपादैः**-॥१०२॥

**तात्पर्यार्थ :-** સ્યાદ્વાદ જ જૈન પ્રવચનનો સાર છે. સ્યાદ્વાદને સમજાવવામાં જ પ્રવચનની સફળતા છે. **સ્થાનાંગ** સૂત્રમાં આવતા 'આત્મા એક છે' ઇત્યાદિ વાક્યોથી પણ સ્યાદ્વાદના સંસ્કારથી ઘૂંટાયેલી બુદ્ધિવાળા આત્માઓને "અપેક્ષાએ એક પણ છે, અપેક્ષાએ અનેક પણ છે".... ઇત્યાદિ સપ્તભંગી વાક્યાર્થથી ગર્ભિત જ બોધ ઉત્પન્ન થાય છે. એને બદલે જો એક જ નયના તાત્પર્યનું નિરપેક્ષપણે અવધારણ કરી લેવામાં આવે તો જૈનસૂત્ર પણ તે પ્રતિનિયત જીવ-વિશેષ માટે મિથ્યાદષ્ટિવચનતુલ્ય બની જાય છે. સ્યાદ્વાદનો બોધ પ્રવચનનું કાર્ય છે એટલું જ નહિ પ્રવચન પોતે પણ સ્યાદ્વાદહેતુક છે. આ હકીકત શ્લોકમાં દ્વિતીય પાદથી સમજાવી છે. સમસ્ત દ્વાદશાંગી કે જે ગણી એટલે કે આચાર્યોની સંપત્તિ રૂપ હોવાથી "ગણિપિટક"નામે ઓળખાય છે, તે પણ સ્યાદ્વાદઅર્થક જ છે. અર્થાત્ સ્યાદ્વાદ-મુદ્રા-અંકિત અર્થહેતુક જ છે. તે આ રીતે-ભગવાને ઉપદેશેલા જે અર્થને અનુસરીને ગણધર ભગવંતોએ સૂત્રની રચના કરી છે, તે ત્રિપદીરૂપ અર્થ પોતે જ સ્યાદ્વાદ મૂર્તિ એટલે કે સ્વાદ્વાદથી ઘડાયેલો હોય છે. એટલે તેને અનુસરીને રચાયેલ દ્વાદશાંગી સૂત્ર પણ સ્યાદ્વાદહેતુક હોય તેમાં કાંઈ આશ્ચર્ય નથી. ઉપરોક્ત નિરૂપણનો સાર એ ફલિત થાય છે કે સ્યાદ્વાદને જાણ્યા વિના ચારિત્ર પણ નિષ્ફળ છે. કારણ કે સમ્યગ્ દર્શનશુદ્ધિના પાયા

પર ચારિત્રની ઈમારત રચાય છે અને સમ્યગ્દર્શન પોતે સ્યાદ્વાદની રુચિ સ્વરૂપ છે, જે સ્યાદ્વાદના જ્ઞાન વિના ન હોય. શ્રીમદ્ સિદ્ધસેનદિવાકરસૂરિ મહારાજે **સમ્મતિ તર્ક** નામના ગ્રંથમાં (ત્રીજો કાંડ-સૂત્ર ૬૭માં) કહ્યું છે કે- ||૧૦૨||

**चरणकरणप्पहाणा ससमयपरसमयमुक्कवावारा ।**
**चरणकरणस्स सारं णिच्छयसुद्धं ण याणंति ॥१०३॥**

**શ્લોકાર્થ :-** ચરણ-કરણમાં આદરવાળા (પણ) સ્વસિદ્ધાંત-પરસિદ્ધાંત સંબંધી વ્યાપાર શૂન્ય (આત્માઓ) નિશ્ચય વિશુદ્ધ ચરણ-કરણનો સાર જાણતા નથી. ||૧૦૩||

चरणं "**वयसमणधम्मे**" त्यादिगाथोक्तसप्ततिभेदं, करणमपि "**पिंडविसोहीसमिई**" त्यादिगाथोक्तसप्ततिभेदम्, ताभ्यां **प्रधानास्**तत्र नैरन्तर्यादरवन्त इत्यर्थः, स्वसमयपरसमययोर्**मुक्तो**ऽनादृतो **व्यापारः**=स्याद्वादपरिकर्मितधिया विवेचनात्मा यैस्ते तथा 'चरणकरणानुष्ठानेनैव कृतार्था वयं, किमस्माकं तर्ककर्कशेन वादरसिकरमणीयेन स्याद्वादेन प्रयोजनमि'त्येवं ज्ञानाभ्यासाद् व्यावृत्ता इत्यर्थः, **चरणकरणस्य**=चरणकरणानुष्ठानस्य **सारं**=स्वजन्यफलोत्कर्षाङ्गम्, **निश्चयशुद्धं**=परमार्थदृष्ट्या चाऽवदातं न तु बाह्यक्रियावल्लोकदृष्ट्यैवापाततो रमणीयमित्यर्थः, **न जानन्ति**=न विचारयन्ति, तदावरणकर्मदोषात् । एवं च तेषामल्पफलमेव चरणकरणानुष्ठानमित्यर्थः ॥१०३॥

## (સંક્ષિપ્ત જૈન યતિ આચાર)

**તાત્પર્યાર્થ :-** જૈન આચાર સંહિતા પ્રમાણે જૈન આચાર બે વિભાગમાં વહેંચાયેલો છે- (૧) ચરણસિત્તરી (૨) કરણસિત્તરી. તેની સંક્ષિપ્ત સમજૂતી આ પ્રમાણે છે-

ચરણસિત્તરી સૂચક પ્રાચીન ગાથા ઓઘનિર્યુક્તિ શાસ્ત્રમાં છે.

वय समणधम्म संजम वेयावच्चं च बंभगुत्तीओ । नाणाइतियं तव कोहनिग्गहाइ चरणमेयं ॥

૫ મહાવ્રત + ક્ષમાદિ ૧૦ શ્રમણધર્મ + ૧૭ સંયમ + ૧૦ વૈયાવચ્ચ + ૯ બ્રહ્મચર્યની ગુપ્તિ + ૩ જ્ઞાનાદિ + ૧૨ તપ + ૪ ક્રોધાદિકષાય નિગ્રહ = **૭૦ પ્રકારનું ચરણ.**

**વ્યાખ્યા :-** સાધુજીવનના મૌલિક ગુણો **ચરણ** કહેવાય છે.

મૌલિકગુણોના પોષક આચારને **કરણ** કહેવાય છે.

કરણસિત્તરીની સૂચક ઓઘનિર્યુક્તિશાસ્ત્રની પ્રાચીન ગાથા -

पिंडविसोहि समिइ भावण पडिमाइ इंदियनिरोहो । पडिलेहण गुत्तिओ अभिग्गहा चेव करणं तु ॥

૪ પિંડવિશુદ્ધિ + ૫ સમિતિ + ૧૨ ભાવના + ૧૨ પ્રતિમા + ૫ ઇન્દ્રિયનિગ્રહ + ૨૫ પ્રતિલેખના + ૩ ગુપ્તિ + ૪ અભિગ્રહ = **૭૦ પ્રકારનું કરણ.**

આ ૭૦-૭૦ પ્રકારોનું વિસ્તારથી વર્ણન અન્ય જૈન આચાર શાસ્ત્રોમાં કરેલું છે.

**(સ્વપર સિદ્ધાન્ત મીમાંસા વિના આચારપાલનની કિંમત નથી)**

ઉપરોક્ત પ્રકારના ચરણ-કરણમાં જેઓ નિરંતર રચ્યા-પચ્યા રહે છે પરંતુ જૈનસિદ્ધાન્ત અને જૈનેતર સિદ્ધાન્તની સ્યાદ્વાદ પરિકર્મિત બુદ્ધિથી મીમાંસા-પરિશીલન વગેરે કરવાનું ઊંચું મૂકી દીધું છે, વળી કહેતા હોય છે કે-"આપણે ચરણ-કરણને આચરીએ એટલું ઘણું, કર્કશ (માથું પકાવી દે તેવા) તર્કોથી વણાયેલા સ્યાદ્વાદના અધ્યયનનું આપણને કાંઈ પ્રયોજન નથી. એ તો વાદરસિયાઓનું કામ, એમને માટે રુચિકર." આવું આવું કહીને જ્ઞાનાભ્યાસને અભરાઈ પર ચડાવે છે. તેઓ ચરણ-કરણનું રહસ્ય જાણતા નથી. માત્ર બાહ્યક્રિયામાં રાચનાર લોકોની દૃષ્ટિએ ઉપર ઉપરથી રમણીય નહિ કિન્તુ નિશ્ચય વિશુદ્ધ=તાત્ત્વિક અર્થાત્ પારમાર્થિક દૃષ્ટિએ આદરણીય એવો જે સાર છે અર્થાત્ ચરણ-કરણ અનુષ્ઠાનજન્ય ફળમાં ઉત્કર્ષ લાવનાર જે તત્ત્વ છે તે તેઓ જાણતા હોતા નથી. કારણ કે તેઓ દૂષિત એવા આવારકકર્મથી પીડાય છે. એટલે ચરણ-કરણના પાલનનું જે મુખ્ય ફળ આવવું જોઈએ તે આવતું નથી. નહિ જેવું ફળ તેઓ મેળવે છે. ॥૧૦૩॥

सूत्रसंमतत्वमप्यस्यार्थस्यावेदयन्नाह—

શ્લોક ૧૦૪માં **આચારાંગ સૂત્ર**ની સાક્ષી પૂર્વોક્ત **સંમતિ** સૂત્રકારના કથનમાં પ્રગટ કરી છે—

**भणियं च भगवयावि य आयारंगे इमं विसेसाओ ।**
**जं सम्मं तं मोणं जं मोणं तं च सम्मंति ॥१०४॥**

**શ્લોકાર્થ** :- ભગવાને પણ વિશેષે કરીને શ્રી આચારાંગસૂત્રમાં આ કહ્યું છે-"જે સમ્યક્ત્વ છે તે જ મૌન છે, મૌન છે તે જ સમ્યક્ત્વ છે." ॥૧૦૪॥

**भणितं च भगवतापि**=सुधर्मस्वामिनापि एतदनुपदोक्तं **आचारांगे विशिष्या**=ऽन्योन्यव्याप्यव्यापकभावमवधार्य, **यत् सम्यक्**=भावप्रधाननिर्देशात् सम्यक्त्वं, **तन्मौनं**=मुनिभावः, **यच्च** [१९]**मौनं तत्सम्यक्त्वमिति, "जं सम्मं ति पासहा तं मोणंति पासहा । जं मोणंति पासहा तं सम्मंति पासहा ॥"** [आचारंग ५-३-११५] इति हि सूत्रं व्यवस्थितम् । अत्र हि द्वयोस्तादात्म्येन व्याप्यव्यापकभावदर्शनं विधीयते, तच्च द्वयोस्तुल्यवदाराधनप्रवृत्तये "दंसणचरित्तपक्खो समणे परलोगकं-खिमि"[२०] इति वचनात् । एतच्च स्याद्वादप्रतिपत्तिरुचिरूपस्य सम्यक्त्वपदार्थत्वे स्याद्वादधीरुचिता-त्मैकप्रतिबन्धरूपस्य च मौनपदार्थत्वे घटते, तत्त्वरुचिपरपरिणतिनिवृत्त्योरित्थमेव तुल्यवदादरोपपत्तेः, अन्यथा तु नेत्थं प्रयोजनसिद्धिर्न वा व्यभिचारोद्धार इति विभावनीयम् ॥१०४॥

---

१९ यत्सम्यक्त्वमिति पश्यत तन्मौनमिति पश्यत । यन्मौनमिति पश्यत तत्सम्यक्त्वमिति पश्यत ।

२० दर्शनचारित्रपक्षः श्रमणे परलोककांक्षिणि ॥

**(સમ્યક્ત્વ અને ચારિત્રનો વ્યાપ્ય વ્યાપક ભાવ)**

**તાત્પર્યાર્થ :-** શ્રી સુધર્માસ્વામી ગણધરભગવંતે શ્રીમદ્ આચારાંગ નામના પ્રથમ અંગ સૂત્રમાં ખાસ કરીને મૌન=મુનિભાવ અને સમ્યક્ત્વનો પરસ્પર વ્યાપ્ય-વ્યાપક ભાવ સૂચવવા માટે 'જે સમ્યક્ત્વ છે તે જ મૌન જાણવું અને જે મૌન છે તે જ સમ્યક્ત્વ જાણવું.' આવા ભાવવાળું સૂત્ર (૫-૩-૧૫૫) ઉપદેશ્યું છે–

जं सम्मं ति पासहा तं मोणं ति पासहा । जं मोणं ति पासहा तं सम्मं ति पासहा ॥

આ સૂત્રમાં તાદાત્મ્યભાવે મુનિભાવ અને સમ્યક્ત્વના પરસ્પર વ્યાપ્ય-વ્યાપક ભાવનું દર્શન ઉપદેશ્યું છે. તેમાં ગર્ભિત આશય એ છે કે 'શ્રમણ તેનાથી સમ્યક્ત્વ અને મુનિભાવ ઉભયમાં એકસરખી આરાધ્યબુદ્ધિથી પ્રવૃત્ત થાય. કારણ કે સૂત્રમાં પરલોકાકાંક્ષી શ્રમણને દર્શન અને ચારિત્ર ઉભય પક્ષગ્રાહી કહ્યો છે. સમ્યક્ત્વ અને મૌન ઉભયથી તુલ્યતા ત્યારે ઘટે કે જ્યારે "સમ્યક્ત્વ એટલે સ્યાદ્વાદનો સ્વીકાર કરવાની રુચિ-ભાવના. અને મૌન એટલે સ્યાદ્વાદપરિકર્મિત બુદ્ધિજન્ય તીવ્ર રુચિના વિષયભૂત આત્મામાં જ રમણતા." આવી વ્યાખ્યા સમ્યક્ત્વ અને મૌનની કરવામાં આવે અને તો જ તત્ત્વરુચિ અને પરભાવરમણતાનિવૃત્તિ આ બેમાં એકસરખો આદરભાવ પ્રગટ થાય. અન્યથા ન તો કોઈ પ્રયોજન સિદ્ધ થાય કે ન તો વ્યભિચાર દોષનો ઉદ્ધાર થાય. તત્ત્વરુચિ સ્વરૂપ સમ્યક્ત્વ અને પરભાવ રમણતાનિવૃત્તિ સ્વરૂપ મૌન આ બેમાં પરસ્પર વ્યાપ્ય-વ્યાપકભાવની જો ઉપરોક્ત વ્યાખ્યા પ્રમાણે સંગતિ કરવામાં ન આવે તો બન્નેમાં એકસરખો-આદરભાવ જગાડવારૂપ સૂત્રકારનું પ્રયોજન સિદ્ધ થાય નહિ. વળી મૌન અને સમ્યક્ત્વની ઉપરોક્ત પ્રકારે વ્યાખ્યા કરવાથી "સામાન્ય રીતે ચારિત્રના અભાવમાં પણ ચોથા ગુણસ્થાનકે સમ્યક્ત્વ શાસ્ત્રસિદ્ધ હોવાથી પરસ્પર વ્યાપ્ય-વ્યાપકભાવ ન રહેવાથી ઊભા થતા વ્યભિચાર દોષની શંકાને પણ અવકાશ રહેતો નથી. ॥૧૦૪॥

एतदज्ञानवतां चापतन्त्राणामुपदेशो विडंबनैवेत्याह–

**(સ્યાદ્વાદ જાણ્યા વિના ઉપદેશ એક આત્મવિડંબના)**

જેઓને સ્યાદ્વાદના રહસ્યનું ભાન નથી અને ગુરુના તંત્રથી બાહ્ય છે તેઓ ઉપદેશ કરવા બેસી જાય તો તે માત્ર આત્મવિડંબના રૂપ જ છે. શ્લોક ૧૦૫માં તે આ રીતે દર્શાવ્યું છે.

**एयमिह अयाणंता उवएसरया भमंतऽगीयत्था ।**
**नडनट्टं व जणावि य तेसिं चरियं च पिच्छंति ॥१०५॥**

**શ્લોકાર્થ :-** જે અગીતાર્થ સાધુઓ સ્યાદ્વાદ જાણ્યા વિના ઉપદેશ કરે છે, લોકો પણ તેઓનાં નટચેષ્ટા જેવાં ચરિત્રને જોયા કરે છે. ॥૧૦૫॥

**एतं**=विभज्यवादं **इह**=जगति **अजानन्तो**=गुरुपारतन्त्र्याभावेनापरिच्छिन्दन्तः **उपदेशरता अगीतार्था भ्रमन्ति**=इतस्ततः पर्यटन्ति योग्यतयाऽनागतभवजाले वा संसरन्ति, न तूपदेशात्तेषां कश्चिल्लाभलेशोऽपि, **जना अपि नटनाट्यमिव तेषां चरितं** प्रेक्षन्ते कुतूहलेनैव, न तु प्रेक्षापूर्वकारिणो, अन्यथा तत्प्रेक्षणप्रवृत्त्यनुपपत्तेरिति भावः ॥१०५॥

***તાત્પર્યાર્થ :-*** ગુરુ પરતન્ત્રતા ન હોવાના કારણે સૂત્રના અધ્યયનની તક ગુમાવીને સ્યાદ્વાદનું જ્ઞાન જેઓ મેળવતા નથી અને તો પણ અગીતાર્થ અવસ્થામાં ઉપદેશ કરતા જ્યાં ત્યાં પર્યટન કર્યે રાખે છે, અથવા ભાવિ સંસારપરિભ્રમણજાળમાં સપડાવાની યોગ્યતા રૂપ કઠોર સજાના ભોગ બને છે તેઓ બીજાને ઉપદેશ દેવાથી કોઈ લાભ પ્રાપ્ત કરી શકતા નથી. વળી મજા તો જુઓ ! ! લોકો પણ ભવૈયાના ખેલની જેમ તેમનું ચરિત મનોરંજન વૃત્તિથી - કૂતુહલથી જોયા કરે છે. જ્યારે પ્રશસ્ત બુદ્ધિપૂર્વક જ કામ કરવા ટેવાયેલા બુદ્ધિશાળીઓ તેમની સામે પણ જોતા નથી. કારણ કે તેઓને એવું કુતૂહલ હોતું નથી અને કુતૂહલ ન હોય તો જોવાની પ્રવૃત્તિ થાય જ નહિ. ॥૧૦૫॥

ननु मा भूत्तेषामुपदेशो हिताय, शुद्धोञ्छादिग्रहणयत्नस्तु हितकारी स्यादित्याशङ्क्याह–

**શંકા :-** અગીતાર્થ સાધુઓએ કરેલો ઉપદેશ હિતકર ન થાય તો ભલે ન થાય પરંતુ શુદ્ધ ઊંછ=નિર્દોષ ભિક્ષાવૃત્તિથી જીવન જીવવાનો તેમનો પ્રયત્ન તો હિતકારી બનશે કે નહિ ? શ્લોક ૧૦૬માં આનું સમાધાન કરતાં કહે છે કે-

**सुद्धञ्छाईसु जत्तो गुरुकुलचागाइणा ण हियहेऊ ।**
**हंदि भुयाहिं महोअहितरणं जह पोअभंगेणं ॥१०६॥**

**શ્લોકાર્થ :-** ગુરુકુળવાસને ત્યજીને શુદ્ધ ઊંછાદિ વિષયક પ્રયત્નથી પણ ભલું થતું નથી. (કારણ કે) એ તો નૌકા ભાંગીને ભુજાબળે મહાસમુદ્ર તરવા જેવું છે. ॥૧૦૬॥

**शुद्धो**=द्विचत्वारिंशद्दोषरहित **उञ्छो**=भिक्षावृत्तिरूपः, आदिशब्दादभिग्रहादिपरिग्रहस्तेषु **यत्नः**= आदरः **गुरुकुलत्यागादिना** आदिशब्देन ज्येष्ठादिविनयवैयावृत्त्यादिपरिहारग्रहः, **न हितहेतुः**=न स्वहितार्थकारी, 'हंदीत्युपदर्शने, **यथा पोतभंगेन**=यानपात्रविनाशेन भुजाभ्यां महोदधितरणम् । यथा हि कश्चिदतिसाहसिकोऽनालोचितकारी भुजाभ्यामेव बलवतां तरणं श्रेयो नत्वबलावत्पोतावलंबनेनेति लोकवचनश्रवणोदितधृष्टभावः पोतं भङ्क्त्वा भुजाभ्यामेव समुद्रं तरन्नतिश्रान्ततया तत्रैव निमज्जति, एवं सम्यगपरिणतो मुनिरपि कश्चिद् 'गुरुकुलवासे न तथाविधा भिक्षाविशुद्धिरि'ति लोकवचनं

शृण्वन् ।* आइण्णता महागुण(?णो) कालो विसमो सपक्खओ दोसो । आइतिगभंगकेण वि गहणं भणियं पकप्पंमीति" [१६१६] **पंचकल्पभाष्य**वचनमश्रद्दधानः शुद्धोञ्छाद्यर्थं गुरुकुलवास-त्यागेन विहारमवलंबमानो बहुलदोषमग्नतयाऽतिसाहसिकः संसार एव परिभ्रमतीति ॥१०६॥

## (ગુરુકુળવાસ વિના આહારશુદ્ધિની કાળજી નકામી.)

**તાત્પર્યાર્થ** :- શાસ્ત્રમાં ભિક્ષાવૃત્તિના જે ૪૨ દોષ ગણાવ્યા છે તેમાંથી એકપણ દોષ ન લાગે તેવી કાળજી રાખવામાં આવે તેમ જ સાથે સાથે અભિગ્રહો વગેરેનું પાલન કરવામાં આવે તો પણ ગુરુક લવાસ વડીલોનો વિનય-વૈયાવચ્ચ વગેરેનો બહિષ્કાર કરનારને સ્વહિતની સિદ્ધિ થતી નથી. વહાણને ભાંગીને બે હાથે સમુદ્ર તરવો દુષ્કર છે. આશય એ છે કે કોઈક અતિસાહસિક અર્થાત્ વગરવિચાર્યે અશક્ય કાર્યમાં ઝંપલાવનાર મનુષ્ય "આપણે બળવાન તો ત્યારે ગણાઈએ કે જ્યારે બે હાથે જ સમુદ્ર તરીએ, અબળાની જેમ જહાજનું અવલંબન કરીને તરવામાં બહાદુરી નથી." આવા આવા પોકળ ડંફાસ ભરેલા વાયડા લોકોનાં ઉત્તેજક વચનો સાંભળીને ધૃષ્ટતાનું અવલંબન કરતો પોતાનું વહાણ ભાંગી નાખે અને બે હાથે અપાર સમુદ્ર તરવાની હાસ્યાસ્પદ હિંમત કરે અને ગાંડા ઉત્સાહમાં ગમે તેટલો આગળ જવા પ્રયત્ન કરે તો પણ પૂરો દશમો ભાગ પણ પાર કરી શકે નહિ અને અધવચ્ચે ઘણો થાકી ગયા પછી જળસમાધિ લેવાનો ફરજિયાત અવસર આવે. એ જ રીતે ભાવથી પરિણત થયા વિના કોઈક મુનિ પણ "ગુરુકુળમાં રહેવાથી તો એવી સુંદર ભિક્ષાવિશુદ્ધિ વગેરે જળવાય નહિ" વગેરે વગેરે ઘેલા લોકોના વચન સાંભળીને, તથા 'आइण्णता० વગેરે **પંચકલ્પભાષ્ય**ના વચન પર અવિશ્વાસથી, શુદ્ધ ભિક્ષાવૃત્તિ વગેરે માટે ગુરુકુળવાસનો ત્યાગ કરી સ્વતંત્ર વિહારનું અવલંબન કરે છે. પરંતુ બીજા ઘણા ખતરનાક દોષોનો ભોગ બને છે અને છેવટે એ સાહસિકશિરોમણિ ચોરાશીના ચક્કરમાં લપટાય છે.

'आइण्ण....०' આદિ **પંચકલ્પભાષ્ય** (ગાથા-૧૬૧૬) નો અર્થ આ પ્રમાણે છે—

'સાધુઓનો ગચ્છ બાલવૃદ્ધાદિ મુનિઓથી આકીર્ણ (વ્યાપ્ત) હોય, મહાન હોય, વળી કાળ દુર્ભિક્ષાદિ વિષમ હોય અને પાસત્થા વગેરે અસંવિગ્ન સ્વપક્ષીય લોકોથી અપમાન આદિ થવાનો સંભવ હોય ત્યારે ઉદ્ગમાદિ ત્રણના ભંગથી પણ પ્રકલ્પમાં અર્થાત્ અપવાદ પદે દોષિત અન્નાદિ ગ્રહણ કરવાનું કહ્યું છે. ॥૧૦૬॥

* आकीर्णता महान् कालो विषमः स्वपक्षतो दोषेः । आदित्रिकभंगकेनाऽपि ग्रहणं भणितं प्रकल्पे ॥

## વાચકજસની પ્રસાદી
## ગોઠડી એહશું કીજીએ

(૧) જિનવાણી જેહને મનરુચિ તે સત્યવાદી તેહિ જ શુચિ,
**ધર્મગોઠી** તેહશું કીજીએ વાચક**જસ** કહે ગુણે રીઝીએ.
ઉપાસક, અંગ, સજ્ઝાય ૫.

(૨) **ધર્મગોઠ** ધર્મીશું બાઝસે બીજું મોરનું નાચ.
અનુત્તરોપ. સજ્ઝાય ૪.

(૩) **ધર્મગોઠ** એહવાશું છાજે, જે એક જીવ દોઈ દેહા
વિપાક સૂત્ર સજ્ઝાય ૮.

(૪) ગુહ્ય ભાવ એ તેહને કહીએ, જેહશું અંતર ભાંજે જી.
જેહશું ચિત્ત પટંતર હોવે તેહશું ગુહ્ય ન છાજે જી.
યોગદષ્ટિ ઢા. ૮ ગા. ૭

*(૫) હેજ હૈયાનો ઉલ્લસે, જો બાઝે હો **ગુણવંત શું ગોઠ,***
નહીં તો મનમાંહે રહે, નવિ આવે હો તસ વાત તે હોઠ. ૪
જૈ. ગુ. સા. ૪૪૫

(૬) **જસ ગોઠે હિત ઉલ્લસે** તિહાં કહીજે હેતુ
રીઝે નહીં બૂઝે નહીં તિહાં હુઈ હેતુ અહેતુ
પ્રતિ. હે. ગ. ૩

(૭) પણ ગુણવંતારે **ગોઠે ગાજીએ**
શ્રી પદ્મપ્રભસ્તવન

(૮) **ગુણવંત ગોઠે** રે પ્રગટે પ્રેમ
શ્રી ચન્દ્રપ્રભસ્તવન

(૯) **જેણે ચતુરશ્યું ગોઠિ ન બાંધી** તેણે તો જાણું ફોકટ વાધા રે
સુગુણ મેલાવે જેહ ઉચ્છાહો મણુઅજનમનો તેહ જ લાહો
શ્રી સંભવસ્તવન

(૧૦) મળે જો સુજન સંગ દૃઢ રંગ પ્રાણી
ફળે તો સકલ કજ્જ એ **સુજસ વાણી.**
પ્રતિ. હે. ગ. સ. ઢા. ૬ ગા. ૯

## ઉપદેશ ૨૭ - નિત્ય એકાશન તપ પ્રશસ્ત છે

यथैवमेतेषां यथावसरमितरकृत्यपरित्यागादधिकगुणलाभाननुबन्धिनोऽनुष्ठानस्याविधिप्रधानत्वाच्छुद्धोञ्छादिग्रहणेनापि न हितं, तथा न केवलमुपवासेनापि तत्स्यादित्याह–

ગુરુકુલત્યાગીઓ અવસરોચિત અન્ય કર્તવ્યનો પરિત્યાગ કરે છે. અને જેમાં વિશેષ લાભની હારમાળા નથી એવા અનુષ્ઠાનોનું વિધિની પરવા કર્યા વિના સેવન કરે છે, તેઓ શુદ્ધ ભિક્ષાવૃત્તિ વગેરેનું પાલન કરે તો પણ જેમ તેમનું કોઈ હિત સધાતું નથી એમ કેવળ ઉપવાસ માટે પણ સમજવું. આ બાબત શ્લોક ૧૦૭માં સ્પષ્ટ કરે છે–

**उववासो वि य एक्को ण सुंदरो इयरकज्जचाएणं ।**
**णेमित्तिओ जमेसो णिच्चं एक्कासणं भणियं ॥१०७॥**

**શ્લોકાર્થ** :- ઇતર કર્તવ્યોને ત્યજીને કરાતો એકલો ઉપવાસ પણ સારો નથી. કારણ કે ઉપવાસ નૈમિત્તિક કર્તવ્ય છે. જ્યારે એકાશન નિત્ય કર્તવ્ય છે. ॥૧૦૭॥

**उपवासोऽपि एकः**=केवलः, **न सुंदरो**=न स्वोचितफलदायी, **इतरकार्यत्यागेन**=विनयवैयावृत्त्याद्यपरकार्यावसीदनेन, काले कृतं हि सर्वं फलवद् भवेत्, न चेतरकार्यकरणवेलायां तद्विरोध्युपवासकाल इति, एतदेवाह-**यद्**=यस्मादेष उपवासः, **नैमित्तिकः**=तथाविधनिमित्तोपनिपातसंभविकर्त्तव्यताकः, पर्वादिष्वेव तद्विधानात्, तत्र पर्वाणि चतुर्दश्यादीनि, यथोक्तं **व्यवहारभाष्ये**-

चउत्थछट्ठट्ठमकरणे अट्ठमिपक्खचउमासवरिसेसु ।
लहुओ गुरुओ लहुआ गुरुगा य कमेण बोधव्वा[२१] ॥" आदिना

[२२]"आयंके उवसग्गे तितिक्खया बंभचेरगुत्तीसु । पाणिदया तवहेउं शरीरवोच्छेअणट्ठाए ॥"
[प्रव. सारो. ७३८]

इति गाथोक्तानि कारणानि ग्राह्याणि । **एकाशनं**=प्रतिदिनमेकवारभोजनं **नित्यं**=सार्वदिनकं **भणितम्** ।

[२३]"अहो निच्चं तवोकम्मं सव्वबुद्धेहिं वन्निअं । जाव लज्जासमा वित्ती एगभत्तं च भोअणं ॥" [द. वै. ६-२३]

इति सूत्रोपदेशात् । तदिदमुक्त**मुपदेशपदे**-[६८३-६८४]

---

२१ चतुर्थषष्ठाष्टमाकरणे अष्टमीपाक्षिकचतुर्मासवर्षेषु । लघुको गुरुको लघुका गुरुकाश्च क्रमेण बोद्धव्या ।
२२ आतंके उपसर्गे तितिक्षता ब्रह्मचर्यगुप्तिषु । प्राणिदया तपोहेतोः शरीरव्युच्छेदनार्थाय ॥
२३ अहो नित्यं तपःकर्म सर्वबुद्धैर्वर्णितम् । यावल्लज्जासमा वृत्तिरेकभक्तं च भोजनम् ॥

[૨૪]"उववासो वि हु एकासणस्य चाया ण सुंदरो पायं ।
णिच्चमिणं उववासो णेमित्तगओ जओ भणिओ ॥" [६८३-६८४]

[२५]"अहो णिच्चं तवोकम्माइ सुत्तओ हंदि एवमेयंति । पडिवज्जेयव्वं खलु पव्वाइसु तव्विहाणाओ॥"

अत्र हि उक्तकारणविरहेणैकभक्तमपेक्ष्योपवासे क्रियमाणे सूत्रपौरुष्यादयः शेषसाधुसमाचारा बहुतरनिर्जराफला सीदन्तीति परिभाव्योक्तं नैमित्तिक उपवासो नित्यं त्वेकभक्तमिति । **ननु** नित्यत्वे एकाशनस्योपवासादेस्तपोविशेषपारणके द्विरशनादेश्चावसरे तदकरणे प्रत्यवायापत्तिरिति **चेन्न,** तदानीं तदनधिकारादेवाधिकाराकालीनस्य च नित्याकरणस्य प्रत्यवायाहेतुत्वात् । अत एवात्यन्तबालादेरशक्तस्य तदकरणेऽपि न प्रत्यवाय इति विभावनीयम् ॥१०७॥

**તાત્પર્યાર્થ :-** વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય વગેરે બીજા મહત્ત્વનાં જરૂરી કર્તવ્યો સીદાતાં હોય ત્યારે તેની ઉપેક્ષા કરીને પણ એકલા ઉપવાસની તપશ્ચર્યા કરવા બેસી જાય તો તેનાથી ઉપવાસનું જે ઉચિત ફળ પ્રાપ્ત થવું જોઈએ તે થતું નથી. ઉચિત કાળે યોગ્ય અવસરે કરવામાં આવતું બધું જ કાર્ય સફળ થાય છે. જે કાળે અન્ય કર્તવ્યો આરાધવાનો અવસર હોય તે કાળે તેના વિરોધી ઉપવાસ તપના અવસરને અવકાશ જ નથી. એનું કારણ એ છે કે ઉપવાસ એ દૈનિક કર્તવ્ય નથી. રોજ રોજ ઉપવાસ જ કર્યા કરવાનો ઉપદેશ શાસ્ત્રીય નથી. ઉપવાસનું કર્તવ્ય નૈમિત્તિક છે. એટલે શાસ્ત્રમાં દર્શાવેલાં નિમિત્તોને અનુલક્ષીને જ તે તે દિવસોમાં ઉપવાસ કર્તવ્યરૂપે પ્રાપ્ત થાય છે. શાસ્ત્રમાં ચતુર્દશી વગેરે પર્વતિથિઓમાં ઉપવાસનું કર્તવ્યરૂપે વિધાન કર્યું છે અને તે પર્વતિથિઓમાં જો ઉપવાસ ન કરવામાં આવે તો તે અંગે પ્રાયશ્ચિત પણ ફરમાવ્યું છે. શ્રી **વ્યવહારસૂત્ર**ના ભાષ્યમાં 'અષ્ટમી-પાક્ષિક', ચોમાસી અને સંવત્સરીના દિવસે અનુક્રમે ઉપવાસ છઠ અટ્ઠમ ન કરે તેને અનુક્રમે લઘુક વગેરે પ્રાયશ્ચિત સૂચવ્યું છે. તે ઉપરાંત બીજાં પણ ઉપવાસનાં નિમિત્તો 'આયંકે૦' ગાથામાં (પ્રવચન સારોદ્ધાર-૭૩૮) સૂચવ્યાં છે જે નીચે પ્રમાણે સમજવાના છે-

"તીવ્રરોગ, ઉપસર્ગ સહન કરવાની કેળવણી લેવા, બ્રહ્મચર્યની ગુપ્તિની રક્ષા, પ્રાણી-દયા, નિર્જરાફલક તપ અને દેહત્યાગ" આટલા પ્રયોજનોથી ઉપવાસાદિ તપની અનુજ્ઞા છે.

**(દશવૈકાલિકમાં નિત્ય એકાશનની પ્રશંસા)**

એકાશન એટલે દિવસમાં માત્ર એકવાર ભોજન કરવું. સારી યે જિંદગી સુધી આ તપ કરવામાં આવે તો તે ઘણો લાભપ્રદ છે. કારણ કે એમાં બીજા કર્તવ્યયોગો સીદાવાનો પ્રસંગ નથી. માટે જ તેને નિત્ય દૈનિક કર્તવ્યરૂપે **દશવૈકાલિક** સૂત્રમાં ઉપદેશ્યું છે. જેનો

२४ उपवासोऽपि खलु एकाशनस्य त्यागात्र सुंदरः प्रायं । नित्यमिदमुपवासो नैमित्तिको यतो भणितः ॥

२५ अहो नित्यं तपःकर्मादिसूत्रतो हन्दि एवमेतदिति । प्रतिपत्तव्यं खलु पर्वादिषु तद्विधानात् ॥

ભાવ એ છે કે-સર્વ તીર્થંકરોએ (એકાશન) તપોનુષ્ઠાન નિત્ય કહ્યું છે. લજ્જા એટલે સંયમ અને લજ્જાસમ એટલે સંયમ અવિરોધી, વૃત્તિ એટલે દેહપાલન થઈ શકે, તેવાને એક ટંક ભોજન કરવાની અનુજ્ઞા કરી છે (અધ્યયન-૬ ગાથા-૨૨)

ઉપદેશપદ શાસ્ત્રમાં (ગાથા ૬૮૩-૬૮૪) પણ કહ્યું છે કે-નિત્ય એકાશનનો ત્યાગ કરીને કરાતો ઉપવાસ પણ પ્રાયઃ સારો નથી. કારણ કે એકાશન નિત્ય કર્તવ્ય છે જ્યારે ઉપવાસને નૈમિત્તિક કહ્યો છે. પર્વતિથિ વગેરે કારણે જ ઉપવાસ કરવાનું વિધાન હોવાથી- "अहो णिच्चं तवोकम्मं..." સૂત્રમાં પણ આ પ્રમાણે જે કહ્યું છે તે સ્વીકારવું જોઈએ.

ઉપરોક્ત કથનનું તાત્પર્ય એ છે કે ઉપવાસનાં દર્શિત કારણો વિના પણ એકાશનની ઉપેક્ષા કરીને ઉપવાસ કરવામાં આવે તો સૂત્રપોરિસિ વગેરે બહુતર નિર્જરા સંપાદક સાધુઆચારો સીદાવાને અવકાશ છે માટે કહ્યું છે કે ઉપવાસ નૈમિત્તિક છે અને એકાશન નિત્યકર્મ છે.

**(પારણામાં નિત્યતપના ભંગની શંકા અને સમાધાન)**

**શંકા** :- જો એકાશન નિત્યકર્મ હોય તો ઉપવાસ વગેરે મહાન તપશ્ચર્યાના પારણે બેસણું વગેરે કરવાનો અવસર હોય ત્યારે એકાશન નહિ કરવાથી નુકસાન વેઠવું પડશે.

**સમાધાન** :- નહિ વેઠવું પડે. કારણ કે વિશેષતપનું પારણું હોય ત્યારે પણ એકાશન જ કરવું જોઈએ એવો શાસ્ત્રનો અધિકાર-ઉપદેશ નથી. એટલે જે કાળે જેનો અધિકાર જ નથી તેવા નિત્ય કર્મને ન આચરવામાં નુકસાન થતું નથી. માટે જ તો અત્યંત લઘુવયસ્ક બાળમુનિ વગેરેને તથા બિમારી વગેરેના કારણે એકાશન વગેરે કરવાને શક્તિમાન ન હોય તેવાઓને તે ન કરવામાં પણ નુકસાન નથી એમ શાસ્ત્રમાં કહ્યું છે. જેના પર બુદ્ધિશાળીઓએ ધ્યાનપૂર્વક વિચાર કરવો. ॥૧૦૭॥

अथैकभक्ते उपवासवन्नैमित्तिकत्वमाशङ्क्य समाधत्ते-

**શંકા** :- જેમ ઉપવાસ નૈમિત્તિક છે તેમ એકાશન પણ નૈમિત્તિક જ છે. આવી શંકા કોઈ વ્યક્ત કરે તો તેનો ઉત્તર શ્લોક ૧૦૮માં કહે છે કે–

**ननु कारणियं भणिअं जईण असणं जहोववासो त्ति ।**
**कह णिच्चमेगभत्तं भन्नइ णिच्चंपि तब्भावा ॥१०८॥**

**શ્લોકાર્થ** :- સાધુઓને ઉપવાસની જેમ ભોજન પણ કારણે જ કરવાનું કહ્યું છે તો પછી એકાશન નિત્યકર્મ કઈ રીતે ? ઉત્તર-કારણો નિત્ય હોવાથી. ॥૧૦૮॥

नन्वित्याक्षेपे, **कारणिकं भणितं यतीनामशनं यथोपवास**स्तितिक्षादिभिः कारणैरनशनस्येवाशनस्यापि वेदनादिकारणैरेव **स्थानांगे** [अ० ६-उ० १] विधानात् । तथा च तदभिलापः-

''छहि ठाणेहिं समणे णिग्गंथे आहारमाहारेमाणे नाइक्कमइ, तं० वेअणवेयावच्चेरियट्ठाए अ संयमट्ठाए तह पाणवत्तिआए छट्ठं पुण धम्मचिंताए त्ति[२६]॥''

इति हेतोर्निमित्तेन कर्त्तव्यतया नैमित्तिकत्वौचित्यात् **कथं नित्यमेकभक्तम्** ? **भण्यते**=अत्रोत्तरं दीयते-**नित्यमपि**=सर्वकालमपि **तद्भावादशन**कारणानां वेदनोपशमनवैयावृत्त्यादीनां सद्भावान्नित्य-मेकभक्तम् । अयं भावः-''**अहो निच्चं**'' इत्यादिसूत्रादेकभक्तस्य नित्यत्वे सिद्धे '**छहिं ठाणेहिं**' इत्यादिसूत्रस्याशनाधिकारीविधायकत्वमेवोन्नीयते, नातिक्रामत्याज्ञामित्यतोऽनधिकृतत्वनिषेधस्यैव लाभात्, नित्यमधिकारवता क्रियमाणस्य च नित्यत्वाविरोध इति न कश्चिद्दोष इति । **न च** तथापि वैयावृत्त्यादिकर्मान्तरांगत्वेनास्वतन्त्रत्वान्न नित्यकर्मत्वमस्येति **शङ्कनीयं**, वैयावृत्त्यादिकं प्रत्यनिय-तोपकारकस्याप्यस्य तपःकर्मत्वेन स्वतन्त्रफलकस्य स्वतन्त्रतयैव विधानात् । 'तथापि फलवत्त्वेनास्य नित्यत्वक्षतिरिति' चेत् ? न, फलवत्त्वेऽपि नित्यत्वाविरोधात्, ''यदकरणे प्रत्यवायस्तस्यैव नित्य-त्वात्'' इति दिक् ॥१०८॥

## (એકાસણું નૈમિત્તિક તપ હોવાની શંકા અને સમાધાન)

**તાત્પર્યાર્થ** :- શંકાકારના ભાવ એ છે કે શાસ્ત્રમાં જેમ તિતિક્ષા વગેરે કારણોથી સાધુઓને ઉપવાસ-અનશન વગેરે તપ કરવાનું કહ્યું છે તેમ ભોજન પણ **સ્થાનાંગ સૂત્ર** (છઠ્ઠા અધ્યયન-૧ ઉદ્દેશો)માં વેદના વગેરે કારણોથી જ કરવાનું વિધાન છે. તે સૂત્રનો ભાવાર્થ આ પ્રમાણે છે-'છ સ્થાનોથી અર્થાત્ પ્રયોજનોથી શ્રમણ નિર્ગ્રન્થ આહાર કરે તો (આજ્ઞાનું) અતિક્રમણ કરતો નથી. (૧) વેદના, (૨) વૈયાવચ્ચ, (૩) ઈર્યા આદિ સમિતિના પાલન માટે, (૪) સંયમપાલન માટે, (૫) પ્રાણધારણાર્થે (૬) ધર્મચિંતન માટે.' આ રીતે ભોજન નૈમિત્તિક હોવાથી એકાશન પણ નૈમિત્તિક સિદ્ધ થાય છે. તો પછી શા માટે તેને નિત્યકર્મ દર્શાવ્યું ? શ્લોકના ચોથા પાદમાં તેનો ઉત્તર આપતાં કહ્યું છે કે વેદનાશાંતિ વૈયાવચ્ચ વગેરે ભોજનનાં કારણો રોજ રોજ ઉપસ્થિત હોવાથી એકાશનને નિત્યકર્મ બતાવવામાં કોઈ દોષ નથી. આમ કહેવાનું તાત્પર્ય એ છે કે 'अहोनिच्चं तवोकम्मं...' આ સૂત્રથી એકાશનની નિત્યકર્મતા સિદ્ધ છે. એટલે 'छहिं ठाणेहिं....' ઇત્યાદિ સૂત્રથી કયા કારણે સાધુને તે નિત્યકર્મ આચરવું જોઈએ તેનો અધિકાર દર્શાવવામાં આવે છે. ''આજ્ઞાનું અતિક્રમણ કરતો નથી'' આ સૂત્રાંશથી પણ ભોજનનો અનધિકારી હોય (અર્થાત્ જેને સૂત્રોક્ત ભોજનનાં કારણો ન હોય) તેને ભોજન કરવાનો નિષેધ સૂચિત થાય છે અર્થાત્ વિના કારણે ભોજન કરવામાં આવે તો આજ્ઞા ઉલ્લંઘનનો દોષ લાગે છે, પણ કારણાત્મક અધિકારવાળો સાધુ નિત્ય એકાશન કરે તો તેમાં કોઈ વિરોધ ન હોવાથી કોઈ દોષ નથી એ સિદ્ધ થાય છે.

---

२६ षड्भिः स्थानैः श्रमणो निर्ग्रन्थः आहारमाहरन् नातिक्रमति ।
तद्यथा-वेदन वैयावृत्त्येर्यार्थाय च संयमार्थाय तथा प्राणवृत्त्या षष्ठं पुनर्धर्मचिन्तायै इति ॥

**(એકાસણું ગૌણ કર્તવ્ય હોવાની શંકા અને સમાધાન)**

**શંકા :-** જે નિત્યકર્મ હોય તેનું વિધાન સ્વતંત્રપણે-મુખ્યપણે કરેલું હોય. એકાશન તો વૈયાવચ્ચ વગેરે અન્ય કર્તવ્યોના અંગરૂપે (ટેકારૂપ) સૂચવ્યું હોવાથી તેને નિત્યકર્મ ન કહેવાય.

**ઉત્તર :-** એકાસનાનું તપ વૈયાવચ્ચ વગેરે અન્ય કર્તવ્યના અંગભૂત હોવા છતાં પણ તપશ્ચર્યાના કર્તવ્યરૂપે તેનું ફળ સ્વતંત્ર હોવાથી તેનું વિધાન ગૌણપણે નહિ કિન્તુ સ્વતંત્રપણે જ કરવામાં આવ્યું છે. આશય એ છે કે 'વૈયાવચ્ચ વગેરે કર્તવ્ય પ્રાપ્ત ન હોય તો પણ નિર્જરા માટે સાધુએ થઈ શકે ત્યાં સુધી ઓછામાં ઓછું એકાશન તો કરવું જ જોઈએ.' એવો શાસ્ત્રોપદેશ હોવાથી તે સ્વતંત્રપણે નિરૂપિત નિત્યકર્મ સિદ્ધ થાય છે.

**(વ્યાખ્યા મુજબ એકાશન નિત્યકર્મ ન હોવાની શંકા અને સમાધાન)**

**શંકા :-** તો પણ ફલોત્પાદક હોવાથી એકાશનને નિત્યકર્મ ન કહેવાય. આશય એ છે કે જૈનેતરોમાં સંધ્યોપાસના એક નિત્યકર્તવ્ય છે-નિત્ય એ રીતે કે જો તે ન કરવામાં આવે તો નુકસાન થાય. તેને ટાળવા માટે જ વૈદિક શાસ્ત્રોમાં સંધ્યોપાસના કરવાનું કહ્યું છે. અર્થાત્ તેનું કોઈ સ્વતંત્ર ફળ હોતું નથી. એ રીતે અહીં પણ એકાશનનું કાંઈ ફળ ન હોય, પણ માત્ર તે ન કરવાથી થનારા નુકસાનને ટાળવા માટે જ કરવાનું હોય, તો જ તે નિત્યકર્મ કહેવાય, અન્યથા નહીં.

**સમાધાન :-** *નિર્જરારૂપ ફલોત્પાદકતાને નિત્યકર્મતા સાથે વિરોધ નથી,* 'જે સ્વયં નિષ્ફળ હોય અને જેને ન કરવાથી નુકસાન થાય તે નિત્યકર્મ' આવી તેની વ્યાખ્યા નથી. 'જે ન કરવાથી નુકસાન થાય તે જ નિત્યકર્મ' આટલી જ નિત્યકર્મની વ્યાખ્યા છે. એટલે નિર્જરા ફળને ઉદ્દેશીને વિહિત કરેલા એકાશનને નિત્યકર્મ કહેવામાં કોઈ વિરોધ નથી. આ તો એકમાત્ર દિશાસૂચન છે. જે આવા પ્રકારની બીજી ઘણી શંકાઓને ઉપશાન્ત કરવામાં ઉપયોગી છે. ॥૧૦૮॥

**मनोवत्सो युक्तिगवीं मध्यस्थस्यानुधावति ।**
**तामाकर्षति पुच्छेन तुच्छाग्रहमनः कपिः ।।२।। (ज्ञानसार १६/२)**

મધ્યસ્થ પુરુષનો મનરૂપ વાછડો યુક્તિરૂપ ગાયની પાછળ દોડે છે. તુચ્છ આગ્રહવાળા પુરુષનો મનરૂપ વાંદરો તેને પૂંછડા વડે ખેંચે છે. જ્યાં યુક્તિ હોય ત્યાં મધ્યસ્થનું ચિત્ત આવે અને કદાગ્રહીનું ચિત્ત યુક્તિની કદર્થના કરે એ અર્થ છે.

## ઉપદેશ ૨૮ - તીવ્રશ્રદ્ધા માટે સ્વાધ્યાય વગેરેનો આદર

यत एवमुक्तप्रघट्टेनाविचारितानुष्ठाने दोषबाहुल्यमुपलभ्यते ततो गुणावहमर्थमुपदिशति–

પૂર્વે દર્શાવ્યા પ્રમાણે, સાહસિકપણે વગર વિચાર્યે કામ કરવાથી ઘણા દોષો ઊભા થાય છે. તો કઈ રીતે નુકસાન નહિ, પણ લાભ થાય તે **શ્લોક ૧૦૯ થી ૧૧૧**માં દર્શાવ્યું છે.

**तम्हा गुरूलहुभावं णाउं णिव्वेअओ पवट्टिज्जा ।**
**सज्झायाइसु सम्मं तत्तो तिव्वा हवइ सद्धा ॥१०९॥**

**શ્લોકાર્થ :-** ગુરુ-લઘુભાવ પીછાણીને નિર્વેદપૂર્વક સ્વાધ્યાય વગેરેમાં ભલી રીતે પ્રવર્તવું જોઈએ. જેથી શ્રદ્ધા તીવ્ર બને. ॥૧૦૯॥

**तस्मात्**=अन्यथा दोषदर्शनात्, **गुरुलघुभावं** गुणदोषविषयम्, **ज्ञात्वा**=शास्त्रनीत्या विमृश्य, **निर्वेदतः**=तात्त्विकसंसारनैर्गुण्यावधारणात्, **स्वाध्यायादिषु**=सूत्रपौरुषीकरणादिसाधुसमाचारेषु **सम्यक्**=क्षणमप्यप्रमादेन **प्रवर्त्तेत**, स्वाध्यायादेः प्रधानयोगत्वात् यतस्ततः **स्वाध्यायादौ** सम्यक्-प्रवृत्तेरतिगाढप्रतिबन्धाऽप्रधानबोधोपपत्तेः **तीव्रा**=अतिशयवती **श्रद्धा** भवति ॥१०९॥

**તાત્પર્યાર્થ :-** વગર વિચાર્યે પ્રવર્તવાથી થતા દોષોને ટાળવા માટે શાસ્ત્રસિદ્ધાન્તો મુજબ ભલી રીતે વિચાર કરીને તેમ જ સંસારના રંગો પ્રત્યે નૈર્ગુણ્યભાવ ધારણ કરીને અર્થાત્ ઉદાસીન બનીને સ્વાધ્યાય વગેરે-સૂત્રપોરિસિ-અર્થપોરિસિ-પૃચ્છા-પરાવર્તના વગેરે સાધુ-આચારમાં અપ્રમત્તભાવે પ્રવર્તવું જોઈએ-ઉદ્યમ કરવો જોઈએ. સ્વાધ્યાય વગેરે યોગો ઘણા મહત્ત્વના છે. તેમાં ભલી રીતે પ્રવર્તવાથી અતિગાઢ મમત્વભાવ ગૌણ બની જાય - ક્ષીણ થઈ જાય તેવો ઉત્તમ બોધ ઉદ્‌ભવે છે. અને તેનાથી શ્રદ્ધા તીવ્ર અને પુષ્ટ થાય છે. ॥૧૦૯॥

**णाए अण्णायाओ अणंतगुणिआ पवट्टए एसा ।**
**तीए किरिआतिसओ ततो विसिट्ठो खओवसमो ॥११०॥**

**શ્લોકાર્થ :-** અજ્ઞાત કરતાં જ્ઞાતમાં અનંતગુણ શ્રદ્ધા પ્રવર્તે છે. તેનાથી ક્રિયા સાતિશય બને છે. અને તેનાથી (સાતિશય ક્રિયાથી) વિશિષ્ટ ક્ષયોપશમ થાય છે. ॥૧૧૦॥

यतः **ज्ञाते** वस्तुनि **अज्ञाताद्वस्तुनः** सकाशात् **अनन्तगुणिता** श्रद्धा प्रवर्द्धते । दृश्यते ह्येक-स्मिन्नेव रत्नेऽपरिनिश्चितदारिद्र्योपशमादिमाहात्म्यानां शिक्षातो गुरूपदेशाद्वा तन्निश्चयवतां चानन्तगुणः श्रद्धाविशेषस्तद्वदिहापि भावनीयम् । **तया**=तीव्रश्रद्धया, **क्रियातिशयो** भवति । विज्ञातगुणरत्नश्रद्धया तत्पालन-पूजन-स्तवनादि-भावाप्राबल्यात्तत्परिपालनाद्यत्यन्तादरवत् साधूनामपि ज्ञातगुणक्रियाश्रद्धया तत्पालनादिविषयात्यन्तादरोपपत्तेः, **ततो विशिष्टः**=सानुबन्धः **क्षयोपशमो**=ज्ञानावरणादिकर्म-क्षयोपशमो भवति, सम्यक्चिकित्साप्रयोगादिव तथाविधरोगनिग्रह इति ॥११०॥

**(જ્ઞાનથી શ્રદ્ધા વધે ને ક્રિયાઓ સુધરે)**

**તાત્પર્યાર્થ :-** એક વસ્તુને ઊંડાણથી જાણ્યા વિના તેમાં કોઈ આપ્ત પુરુષના વચનથી જે ઓઘ શ્રદ્ધા પ્રવર્તે અને તે જ વસ્તુને ઊંડાણથી જાણ્યા પછી જ તાત્ત્વિક તીવ્ર શ્રદ્ધા પ્રવર્તે તેમાં આસમાન-જમીનનું અંતર છે. પહેલી શ્રદ્ધા કરતાં બીજી શ્રદ્ધા અનંતગુણી તીવ્ર છે. લોકવ્યવહારમાં પણ દેખાય છે કે દારિદ્રયભંજકતા આદિ મહિમા જાણ્યો ન હોય ત્યારે કોઈ એક રત્નમાં જે શ્રદ્ધા હોય તે જ રત્નમાં શિક્ષા-અભ્યાસથી અથવા જાણકાર ગુરુના ઉપદેશથી મહિમાનો પરિપૂર્ણ નિશ્ચય થયા બાદ શ્રદ્ધા અનંતગણી વધી જાય છે. જેમ જેમ ધર્મશ્રદ્ધા વધતી જાય છે તેમ તેમ ક્રિયામાં પણ ઉત્સાહ-એકાગ્રતા વગેરેની સુંદરતા વધતી જાય છે. જે રત્નના ગુણધર્મો જાણ્યા હોય તે રત્નમાં જે શ્રદ્ધા પ્રવર્તે છે તે શ્રદ્ધાથી તે રત્નની રક્ષા-પૂજન-વખાણ વગેરે કરવાનો ભાવ પ્રબળ બને છે અને ભાવ પ્રબળ થવાથી તેના પાલન વગેરેમાં મનુષ્ય અત્યંત આદરવંત થાય છે. તે જ રીતે ગુણકારિતા જાણ્યા પછી અનુષ્ઠાનમાં શ્રદ્ધા એટલી બધી વધી જાય છે કે જેથી અનુષ્ઠાનમાં આચરણ વગેરેમાં પણ સાધુઓને અત્યંત આદર પ્રગટે છે. આ રીતે ક્રિયા પણ સાતિશય બને. સાતિશય ક્રિયાથી જ્ઞાનાવરણ વગેરે કર્મોનો ઉત્તરોત્તર વિશિષ્ટ પ્રકારનો ક્ષયોપશમ થતો રહે છે. જેમ વ્યાધિની બાબતમાં વૈદ્યની સલાહ મુજબ સારી ચિકિત્સા ક્રિયા કરવામાં આવે તો હઠીલો રોગ પણ કાબુમાં આવે છે. ॥૧૧૦॥

**तत्तो पुणो ण बंधइ पायमणायारकारणं पावं ।**
**एवं विसुज्झमाणो जीवो परमं पयं लहइ ॥१११॥**

**શ્લોકાર્થ :-** ત્યારબાદ પ્રાયઃ અનાચારકારણીભૂત પાપ બંધાતું નથી અને વિશુદ્ધ થતો જીવ પરમપદ પ્રાપ્ત કરે છે. ॥૧૧૧॥

**ततः** सानुबन्धक्षयोपशमात्पुनर्द्वितीयवारं **न बध्नाति प्रायो**=बाहुल्येन **अनाचारकारणं**=नरकादिपातनिमित्तं **पापं**=क्लिष्टकर्म, सत्क्रियातः प्राक्कर्मनिर्जरावदभिनवकर्मानागमस्याप्युपपत्तेः, प्रायोग्रहणं निकाचिताऽशुभकर्मणां केषाञ्चित् स्कन्दकाचार्यादिनामिवानाचारकारणाऽशुभकर्मबन्धेन व्यभिचारवारणार्थं, ततः क्लिष्टकर्मबन्धाभावात् **विशुद्ध्यमानः**=प्रतिदिनमात्मस्वरूपनिवेशावदातायमानमना जीवः **परमं पदं**=चतुर्वर्गाभ्यर्हितं सिद्धिस्थानं लभते ॥१११॥

**(અશુભ કર્મબંધ વિચ્છેદ : પરમપદસ્વામિત્વ)**

**તાત્પર્યાર્થ :-** એકવાર સત્ શ્રદ્ધા અને સત્ ક્રિયાથી સુંદર ક્ષયોપશમ ખીલ્યા પછી પ્રાયઃ પુનઃ અનાચાર કરાવે તેવા અર્થાત્ નરક વગેરે દુર્ગતિમાં લઈ જાય તેવાં પાપો ક્લિષ્ટ કર્મો જીવ બાંધતો નથી. જેમ સત્ ક્રિયાથી પૂર્વાર્જિત કર્મો ક્ષીણ થઈ જાય છે તેમ અભિનવ

કર્મનો અંતઃપ્રવેશ પણ રુંધાઈ જાય છે, જોકે આ કથન પણ પ્રાયિક સમજવું. તે એટલા માટે કે વ્યભિચાર દોષને અવકાશ રહે નહિ. કેમકે એકવાર સત્ ક્ષયોપશમ થયા પછી પણ સ્કંદક નામના આચાર્યની જેમ કેટલાક આત્માઓને નિકાચિત કર્મના ઉદયથી અનાચારકારણીભૂત કર્મનો બંધ થાય છે પણ ખરો.

સ્કંદકાચાર્ય મહારાજનો સત્ ક્ષયોપશમ એટલો સુંદર હતો કે પાપી પાલકની ઘાણીમાં પીલાઈ રહેલા પોતાના ૫૦૦ શિષ્યોને કેવલજ્ઞાન પ્રગટ થાય તેવી સુંદર અંતિમ આરાધના કરાવી. આવો સુંદર ક્ષયોપશમ હોવા છતાં નિકાચિત અશુભ કર્મોદયના કારણે છેલ્લા એક બાળમુનિની હત્યા ન જોઈ શકવાથી હત્યારા પાલક પર ગુસ્સે ભરાયા અને ભવિષ્યમાં અનર્થની પરંપરા ઊભી કરનાર પાપ નિયાણું-'પાલકસહિત સારાય નગરને ઉજ્જડ કરવાની કુપ્રતિજ્ઞા' કરી અને આ રીતે ક્લિષ્ટકર્મનો બંધ કરી વિરાધક બન્યા.

પણ આવો નિકાચિત અશુભ કર્મનો ઉદય ન હોય તો ક્લિષ્ટકર્મનો બંધ થતો નથી, વિશુદ્ધિભાવ ઉત્તરોત્તર વધતો જાય છે અર્થાત્ રાતદિવસ આત્મસ્વરૂપની ચિંતા-વિચારણાથી ચિત્ત વધુ ને વધુ નિર્મળ બનતું જાય છે. અનુક્રમે અવસર આવી લાગતા આત્મા સર્વકર્મનો ક્ષય કરી ચારેય પુરુષાર્થમાં ઉત્તમ સિદ્ધિપદને પ્રાપ્ત કરે છે. ॥૧૧૧॥

तदेवं स्वाध्यायाभ्यासादिना विशिष्टक्षयोपशमो मोक्षबीजं संपद्यत इति सिद्धम् । एतच्च परमतेनापि संवादयन्नाह–

ઉપરોક્ત ચર્ચાથી એ સિદ્ધ થાય છે કે સ્વાધ્યાય-અભ્યાસ વગેરેથી મોક્ષહેતુભૂત વિશિષ્ટ ક્ષયોપશમ ખીલે છે. શ્લોક ૧૧૨માં બીજાઓના મત સાથે પણ તેની સંવાદિતા પ્રગટ કરી છે–

**भणिओ अकरणनियमो सक्किरियाए अओ परेहिं पि ।**
**ण य परभणिअमजुत्तं जमभिन्नं अत्थओ दिट्ठं ॥११२॥**

**શ્લોકાર્થ** :- એટલે જ બીજાઓએ પણ સત્ ક્રિયાથી (પાપ સંબંધી) અકરણનિયમ ભાખ્યો છે. (તે) અર્થથી અભિન્ન જ દેખાય છે એટલે અન્યકથિત હોવા છતાં પણ અયુક્ત નથી. ॥૧૧૨॥

**अत** उक्तस्य युक्तत्वात् **परैरपि**=पतञ्जल्यादिभिरपि, **सत्क्रियया**=भावशुद्धयोगेन, **अकरण-नियम** एकान्तपापाऽप्रवृत्तिरूपः, **भणितः**=पतञ्जल्यादिशास्त्रे प्रतिष्ठापितः, तीर्थान्तरीयोक्तत्वा-दयमप्रामाणिकः स्यादित्याशङ्कां निरसितुमाह-**न च परभणितमयुक्तं**=अनृतमेव, यदर्थत उपलक्षणाच्छब्दार्थाभ्यां च **अभिन्नं**=जिनवचनाऽविरोधि दृष्टं, तत्सर्वं प्रामाणिकमेवेति ज्ञेयम् । परसमये हि द्विधा वाक्यान्युपलभ्यन्ते, तत्र कानिचिदर्थत एवाऽभिन्नानि-[उत्तरा० २०-३६]

[२७]"अप्पा णई वेअरणी अप्पा मे कूडसामली । अप्पा कामदुहा धेणू अप्पा मे णंदणं वणं ॥

इत्यादिवाक्यैः तथा भारतोक्तानि—

"इन्द्रियाण्येव तत्सर्वं यत् स्वर्गनरकावुभौ । निगृहीतविसृष्टानि स्वर्गाय नरकाय च ॥१॥

आपदां कथितः पन्था इन्द्रियाणामसंयमः । तज्जयः संपदां मार्गो येनेष्टं तेन गम्यताम् ॥२॥ इत्यादीनि ।

कानिचिच्छब्दतोऽर्थतश्च, यथा—

"पञ्चैतानि पवित्राणि सर्वेषां धर्मचारिणाम् । अहिंसा सत्यमस्तेयं त्यागो मैथुनवर्जनम् ॥१॥इत्यादीनि।

न चैतष्वप्रामाण्यं युक्तं, अर्थाऽबाधात्, न चान्धपरंपरापतितत्वेनैतदप्रामाण्यं, सर्वस्यैव सुंदरार्थस्य दृष्टिवादमूलत्वेनातथात्वात्, वक्त्रविश्वासेनाऽविकल्पतथाकारस्याऽयोग्यत्वेऽपि विकल्प्यतथाकारेऽनौचित्याभावादित्थं विकल्पेनैव सम्यग्दृष्टिपरिगृहीतत्वात् सम्यक्श्रुतत्वोपपत्तेश्च, परप्रणीतत्वेन तदभ्युपगमादेकान्तभयं चाज्ञानविजृम्भितमेव । तदाहुः श्रीहरिभद्रसूरयः-[उप. पद ६९३-६९४]

[२८]जं अत्थओ अभिन्नं अण्णत्था सद्दओ वि तह चेव ।
तंमि पओसो मोहो विसेसओ जिणमयवियाण ॥

[२९]सव्वप्पवायमूलं दुवालसंगं जओ समक्खायं । रयणागरतुल्लं खलु तो सव्वं सुंदरं तंमि ॥११२॥

## (સત્ક્રિયાના અભ્યાસથી પાપપ્રવૃત્તિનિરોધ)

**તાત્પર્યાર્થ :-** સ્વાધ્યાયાદિ સત્ક્રિયા પાપવિરોધી છે. આ હકીકત યુક્તિયુક્ત હોવાથી બીજાઓને પણ અમાન્ય નથી. પતંજલિ વગેરે યોગશાસ્ત્રકારોએ પણ પાતંજલયોગ વગેરે શાસ્ત્રોમાં-"ભાવગર્ભિત વિશુદ્ધયોગ સ્વરૂપ સત્ક્રિયા 'પાપમાં એકાન્તે અપ્રવૃત્તિ'રૂપ અકરણ-નિયમ સંપાદક છે." આ પ્રમાણે સયુક્તિક પ્રતિપાદન કર્યું છે. કદાચ અહીં કોઈને શંકા થાય કે આ તો અન્યતીર્થિકોએ કહેલું હોવાથી પ્રમાણભૂત નથી તો તેનું નિરાકરણ કરતા શ્લોકના ઉત્તરાર્ધમાં કહ્યું છે કે બીજાઓનું કહેલું બધું જ અપ્રમાણિક છે એવું નથી. જે અર્થથી તેમ જ શબ્દાર્થ ઉભયથી અભિન્ન અભિપ્રાયવાળું અર્થાત્ જિનવચન અવિરોધી દેખાય તે બધું પ્રમાણિક જ છે તેમ સમજવું.

## (જૈન-જૈનેતર વચનોની સરખામણી)

અન્ય શાસ્ત્રોમાં બે પ્રકારનાં વાક્યો ઉપલબ્ધ થાય છે. (૧) એક તો એવા કે જે શબ્દથી ભિન્ન હોવા છતાં અર્થમાત્રથી-અભિપ્રાયમાત્રથી અભિન્ન હોય. દા.ત. ઉત્તરાધ્યયન

---

२७ आत्मा नदी वैतरणी, आत्मा मे कूटशाल्मलिः । आत्मा कामदुधा धेनुः, आत्मा मे नन्दनं वनम् ॥

२८ यदर्थतोऽभिन्नं अन्वर्थाच्छब्दतोऽपि तथा चैव । तस्मिन् प्रद्वेषो मोहो विशेषतो जिनमतस्थितानाम् ॥

२९ सर्वप्रवादमूलं द्वादशांगं यतः समाख्यातम् । रत्नाकरतुल्यं खलु तस्मात्सर्वं सुन्दरं तस्मिन् ॥

સૂત્રમાં જે કહ્યું છે કે-'આત્મા જ વૈતરણી નદી છે. (જે અતિદુર્ગંધી છે તથા નરકમાં આવેલી છે.) મારો આત્મા જ કૂટશાલ્મલી વૃક્ષ છે. આત્મા જ કામદુધા ગાય છે. અને મારો આત્મા જ નંદનવન છે.' ઈત્યાદિ આ સૂત્ર સાથે મહાભારતનાં વાક્યો સરખાવીએ તો અર્થથી અભિન્ન છે. દા.ત. મહાભારતમાં પણ કહ્યું છે કે-"જે કાંઈ સ્વર્ગ-નરક કહીએ તે બધું જ ઈન્દ્રિયો જ છે. તેનો નિગ્રહ સ્વર્ગપ્રદ છે અને ઉચ્છૃંખલતા નરકપ્રદ છે. બેકાબુ બનેલ ઈન્દ્રિયો સંકટનો માર્ગ છે અને તેનો નિગ્રહ સમ્પદાઓનો માર્ગ છે. જે પસંદ હોય તે અપનાવ-"ઈત્યાદિ મહાભારત વચનો ઉપરોક્ત ઉત્તરાધ્યયન સૂત્રના અર્થથી અભિન્ન છે. (૨) બીજાં કેટલાંક વચનો એવાં છે કે જે શબ્દથી જિનવચનને મળતાં હોય છે અને અર્થથી પણ જિનવચનને મળતાં હોય છે. દા.ત. 'બધાં જ ધર્મચારીઓ માટે આ પાંચ પવિત્ર (કૃત્યો) છે-અહિંસા, સત્ય, અસ્તેય, પરિગ્રહ ત્યાગ, અને મૈથુનવર્જન.' આ વચનો 'જીવદયા સચ્ચવયણં' ઈત્યાદિ જિનવચનો સાથે શબ્દથી પણ મળતા છે અને અર્થથી પણ મળતા છે इद्रियाण्येव तत्सर्वं ઈત્યાદિ શ્લોકમાં જે અભિપ્રાય છે-'આત્મા જ પોતાનો ઉપકાર-અપકારકર્તા છે'-તે જૈનધર્મના અભિપ્રાયને મળતો છે એટલે અર્થથી અભિન્ન કહી શકાય. पंचैतानि....' ઈત્યાદિ શ્લોક અર્થથી તો સરખો જ છે શબ્દથી પણ 'जीवदया सच्चवयणं' ઈત્યાદિ જૈનશ્લોક સાથે મળતો આવે છે. કેમકે જીવદયાનો પર્યાયવાચી શબ્દ અહિંસા છે, એ જ રીતે સત્યવચનાદિ શબ્દો સાથે સત્ય વગેરે શબ્દો પ્રાયઃ સરખે સરખા છે.

## (સંવાદી જૈનેતર વચનોનું પ્રામાણ્ય)

અર્થ અબાધિત હોય તો શબ્દભેદ હોવા છતાં પણ જૈનેતર વાક્યો અપ્રમાણ નથી. 'જૈનેતર અંધપરંપરા અન્તર્ગત હોવાથી તે વાક્યો અપ્રમાણ છે.' એમ કહેવું પણ બરાબર નથી. કારણ કે અન્ય દર્શનોમાં પણ જે કોઈ સુંદર સંગતિપૂર્ણ અર્થનું પ્રતિપાદન છે તે બધું પરંપરાએ તો દૃષ્ટિવાદમૂલક જ છે. તેથી તેને અપ્રમાણ નહિ પણ પ્રમાણભૂત જ માનવું જોઈએ. વક્તા વિશ્વાસપાત્ર ન હોવાથી તેનું વચન અપ્રમાણ છે, એમ ન કહેવાય કારણ કે તેમાં વિકલ્પ છે. વક્તા આપ્ત હોવાથી વિશ્વાસપાત્ર હોય તો તેનું વચન વિના વિકલ્પે તથાકાર સામાચારીનો વિષય હોય છે એ રીતે અવિશ્વસનીય-અનાપ્તવક્તાનું વચન વિના વિકલ્પે તથાકારને યોગ્ય ભલે ન હોય પરંતુ વિકલ્પ એટલે કે બાધિત-અબાધિતપણાનો વિચાર કર્યા પછી જો અબાધિતપણાનો નિશ્ચય થાય તો તથાકારને યોગ્ય (='તહત્તિ' કરવા લાયક) માનવામાં કોઈ ઔચિત્યભંગ નથી. મિથ્યાદૃષ્ટિ પ્રણીત વેદાદિ મિથ્યાશ્રુત સમ્યગ્ દૃષ્ટિના હાથમાં આવતાં તેને સમ્યકશ્રુતપણે પરિણમે છે તેમાં પણ પૂર્વોક્ત પ્રકારનો વિકલ્પ જ હેતુભૂત સમજવો. આશય એ છે કે સમ્યગ્ દૃષ્ટિના હાથમાં મિથ્યાશ્રુત આવતાં તે તેનો અર્થ કઈ રીતે સંગત હોઈ શકે એ બાબત ઉપર સર્વજ્ઞવચનનો વિરોધ ન આવે તેમ વિચારે

છે અને તર્કશાસ્ત્ર તથા આગમિક સિદ્ધાન્તોના સન્દર્ભમાં પોતાના પ્રશસ્ત ક્ષયોપશમથી તેનો સંગત અર્થ બેસાડી શકે છે, એટલે મિથ્યાશ્રુત પણ સમ્યગ્ દૃષ્ટિને માટે સમ્યક્ શ્રુત બની જાય છે.

બીજાઓએ એકાન્તવાદને આશ્રયીને રચેલાં વચનોને સ્વીકારવાથી એકાન્તવાદમાં સંમત થઈ જવાનો ભય તો કેવળ અજ્ઞાનનો વિલાસ છે. કારણ કે એકાન્તવાદીએ એકાન્તવાદને આશ્રયીને જે લોખંડ સમાન શ્રુતની રચના કરી હોય તેને સ્યાત્ પદના સંસ્કાર દ્વારા સિદ્ધ સુવર્ણરસરૂપી અનેકાન્તનો અનુવેધ કરીને સ્વર્ણતુલ્ય બનાવી સ્વીકારવામાં અર્થાત્ પ્રમાણ માનવામાં કોઈ દોષ નથી. **ઉપદેશપદ** શાસ્ત્રમાં (શ્લોક ૬૯૩-૬૯૪) શ્રીમદ્ **હરિભદ્રસૂરિ** મહારાજ જણાવે છે –

'જે અર્થથી અભિન્ન હોય તેમ જ અન્વર્થને (=વ્યુત્પત્તિને) આશ્રયીને શબ્દથી પણ અભિન્ન હોય તેમાં પ્રદ્વેષ કરવો તે મૂઢતા છે. ખાસ કરીને જિનમતમાં દીક્ષિત થયેલાઓને માટે.' (કારણ કે તેઓના સ્યાદ્વાદમાં પ્રત્યેક સત્યપ્રવાદને યથોચિતપણે પ્રામાણ્ય અર્પિત કરવામાં આવ્યું છે.) ॥૬૯૩॥

'કારણ કે દ્વાદશાંગીને સર્વપ્રવાદોનું ઉદ્ગમસ્થાન કહ્યું છે. રત્નાકર તુલ્ય હોવાથી તેમાં બધું જ સુંદર છે.' ॥૧૧૨॥

**चित्ते परिणतं यस्य चारित्रमकुतोभयं ।**
**अखंडज्ञानराज्यस्य तस्य साधोः कुतो भयम् ।।८।। (ज्ञानसार १७/८)**

જેનાથી કોઈને ભય નથી (અથવા જેને કોઈથી ભય નથી) એવું ચારિત્ર જેના ચિત્તમાં પરિણમેલું છે એવા અખંડ જ્ઞાનરૂપ રાજ્યવાળા સાધુને કોનાથી ભય હોય ? અર્થાત્ તેને કોઈથી પણ ભય ન હોય. પ્રશમરતિમાં કહ્યું છે કે :-

आचाराध्ययनोक्तार्थभावनाचरणगुप्तहृदयस्य ।
न तदस्ति कालविवरं यत्र क्वचनाभिभवनं स्यात् ॥ ११९ ॥

આચારાંગના અધ્યયનમાં કહેલા અર્થની ભાવના અને ચારિત્રથી જેનું મન સુરક્ષિત છે, તેને એવું કાલરૂપ છિદ્ર નથી કે જ્યાં તેનો ક્યાંય પણ પરાભવ થાય.

## ઉપદેશ ૨૯ - છતી સામગ્રીએ પાપ નહીં કરવાનો પ્રશસ્ત નિયમ

अथायमकरणनियमः कुत्र भवति कुत्र चातिरिच्यत इत्याह—

આ અકરણનિયમનો આરંભ અને ઉત્કર્ષ કયા ગુણસ્થાનકે ? આ પ્રશ્નનો ઉત્તર શ્લોક ૧૧૩માં દર્શાવ્યો છે—

**देसविरइगुणठाणे पढमो एसो उ गंठिभेअंमि ।**
**रोगिकिसत्तणतुल्लो सुसंजयाणं विसिट्ठयरो ॥११३॥**

**શ્લોકાર્થ :-** ગ્રન્થિભેદ પછી દેશવિરતિ ગુણસ્થાનકે તેનો આરંભ રોગીની કૃશતાતુલ્ય હોય છે. સુસાધુઓને તે અધિક વિશિષ્ટ હોય છે. ॥૧૧૩॥

**एषोऽ**करणनियमः=नियताऽब्रह्मसेवादिनिवृत्तिरूपः, **प्रथम**=आदिमः **ग्रन्थिभेदे**=मोहग्रन्थि-विदारणे **देशविरतिगुणस्थाने** भवति, भिन्नग्रन्थिकेन पुनरपि व्यावर्त्तितपापाऽकरणात्, कीदृश इत्याह-**रोगिकृशत्वतुल्यः** । द्विविधं हि शरीरे कार्श्यमुत्पद्यते, एकं नीरोगस्यापि दुर्भिक्षादिषु तथाविधभोजना-भावात्, अपरं च पूर्यमाणभोजनसंभवेऽपि राजयक्ष्मरोगग्रासात् । तत्र प्रथमस्य समुचितभोजनलाभेऽविकलस्तदुपचयः स्यादेव, द्वितीयस्य तु तैस्तैरुपचयकारणैरुपचर्यमाणस्यापि प्रतिदिनं हानिः, एव सामान्यक्षयोपशमप्रयोज्यं पापाऽकरणं सामग्रीलाभात् पुनरपि प्रतियोग्युन्मज्ज-नादपचययोग्यं एव, ग्रन्थिभेदकालीनविशिष्टक्षयोपशमप्रयोज्यस्तु पापाकरणनियमो द्वितीयकार्श्य-वत्प्रतिसमयमुपचययोग्य एव, तदत्यन्तनिवृत्त्या यावत् सर्वक्लेशविकलो मुक्तिलाभ इति विभावनीयम् । तदिदमुक्तम्-[उप० पद ३९५]

[३०]"पावे अकरणनियमो पायं परतन्निवित्तिकरणाओ । णेओ अ गंठिभेदे भुज्जो तयकरणरूवो उ ॥"

**नन्वेवं** चतुर्थगुणस्थान एवास्य प्राथम्यमुपपद्यते तदैव गुणश्रेणीप्रारंभेण प्राक्तनदशापेक्षया पुनः पापाऽकरणप्रारम्भात्, युक्तं चैतत् 'सम्मद्दिट्ठी जीवो' इत्यादितन्त्रसिद्धत्वादिति **चेत् ? सत्यम्,** तदा मिथ्यात्वाश्रवनिवृत्तावप्यब्रह्माद्याश्रवाऽनिवृत्त्या विरतिरूपस्य पापाऽकरणस्याऽयोगात्, अन्यथा चतुर्थपञ्चमगुणस्थानसांकर्यापातात् । **न च** विरत्यावरकानन्तानुबन्धिनिवृत्तौ तदा तदापत्तिः **शङ्कनीया**, वैयावृत्त्यादिरूपाल्पतद्भेदोपपत्तावपि पंचमादिगुणस्थानघटकतदनुपपत्तेरिति विभावनीयम् । **सुसंयतानां**=शास्त्राभ्यासपरामर्शविशदीभूतहृदयानां भावसाधूनां यावज्जीवं समस्तपापोपरमात् **विशिष्टतरो**=देशविरतिगुणस्थानस्थलीयाऽकरणनियमापेक्षयाऽधिकतरोऽकरणनियमः, भावोत्कर्षेणैव तदुत्कर्षात् । तदिदमाह-[उ० प०]

---

३० पापेऽकरणनियमः प्रायः परतन्निवृत्तिकरणात् । ज्ञेयश्च ग्रंथिभेदे भूयस्तदकरणरूपस्तु ॥

[३१]"देसविरइगुणठाणे अकरणणियमस्स एव सब्भावो ।
सव्वविरइगुणठाणे विसिट्ठतरओ इमो होइ ॥ [૭૨૯]
जं सो पहाणतरओ आसयभेओ तओ य एसो त्ति [૭૩૦] ॥११३॥

**તાત્પર્યાર્થ :-** મિથ્યાદષ્ટિ જીવને મોહગ્રન્થિનો ભેદ થતાં સમ્યગ્દર્શનનો સૂર્ય ઝળહળી ઊઠે છે. તેના પ્રકાશમાં અપ્રત્યાખ્યાનાવરણનો ક્ષયોપશમ થવા સાથે દેશવિરતિ નામના પાંચમા ગુણસ્થાનકે અબ્રહ્માદિ પાપસેવનથી પ્રતિજ્ઞાપૂર્વક નિવૃત્તિસ્વરૂપ અકરણનિયમનો પ્રારંભ થાય છે. ગ્રન્થિભેદ કહેવાનું પ્રયોજન એ છે કે એકવાર પ્રતિજ્ઞાપૂર્વક તે તે પાપોથી પરાઙ્મુખ બન્યા પછી ફરી પાપ કરવાની સામગ્રી ઉપસ્થિત થાય તો પણ તે પ્રાયઃ પાપમાં પ્રવૃત્ત થતા નથી. એટલે જ તેને કૃશરોગીની સાથે સરખાવ્યો છે.

**(અકરણનિયમની પુષ્ટિમાં કૃશરોગીનું દૃષ્ટાન્ત)**

શરીરમાં કૃશતા બે રીતે સંભવે છે. એક તો સ્વયં નીરોગી હોવા છતાં પણ દુકાળ વગેરે અવસ્થામાં પોષક ભોજન ન મળવાથી શરીર સૂકાય. બીજામાં ભોજનસામગ્રી પૂરતી હોવા છતાં પણ વિઘ્નકારક ક્ષય વગેરે રોગો લાગુ પડ્યા હોય તો પણ શરીર સૂકાય. પહેલાને જેમ જેમ ભોજનસામગ્રી મળતી જાય તેમ તેમ તેની કૃશતાનો અપચય-હ્રાસ થાય છે, શરીરનો ઉપચય-પુષ્ટિભાવ થાય છે. બીજાને ગમે તેટલી ભોજનસામગ્રી મળે તો પણ દિનપ્રતિદિન કૃશતા વધતી જાય છે. અર્થાત્ શરીર ક્ષીણ થતું જાય છે. એ જ રીતે પ્રસ્તુતમાં, સામાન્ય ક્ષયોપશમથી પાપનિવૃત્તિ થયા પછી પણ સામગ્રી પ્રાપ્ત થતાં પ્રતિયોગી પાપકરણનું પુનઃ ઉત્થાન થાય છે અને અકરણનિયમનો અપચય થાય છે. જ્યારે ગ્રન્થિ ભેદાયા પછી વિશિષ્ટ પ્રકારના અપ્રત્યાખ્યાનકષાયનો ક્ષયોપશમથી પાપ અકરણનિયમ પ્રવૃત્ત થયા પછી દિવસે દિવસે પાપસામગ્રી ઉપસ્થિત થવા છતાં પણ બીજા રોગીની કૃશતાની જેમ પાપઅપ્રવૃત્તિનો અપચય જ થતો જાય છે. તે ત્યાં સુધી કે ક્રમસર નિવૃત્તિપરિણામ પરાકાષ્ઠાએ પહોંચતા ક્ષપકશ્રેણિ, કેવળજ્ઞાન, અઘાતિકર્મક્ષય યાવત્ સર્વકલેશ રહિત મોક્ષ સુધીના લાભો પ્રાપ્ત થાય છે. શ્રી ઉપદેશપદ શાસ્ત્રમાં કહ્યું છે કે (શ્લોક ૬૯૫)–

પાપ અકરણનિયમ ગ્રન્થિભેદ થયા પછી તે તે પાપથી પ્રાયઃ નિવૃત્તિ કરાવનાર હોવાથી પુનઃ પાપના અનાચરણ સ્વરૂપ જાણવો.

**(ચતુર્થ ગુણસ્થાનકે અકરણનિયમનો પ્રારંભ કેમ નહિ ?)**

**શંકા :-** પાપઅકરણ નિયમની પ્રથમતા=શરૂઆત ચોથા ગુણસ્થાનકે પણ ઘટી શકે છે કારણ કે ગુણશ્રેણીનો પ્રારંભ થતો હોવાથી ચોથા ગુણસ્થાનકે પૂર્વતનમિથ્યાત્વગુણસ્થાનક-

---

૩૧ देशविरतिगुणस्थाने अकरणनियमस्यैव सद्भावः । सर्वविरतिगुणस्थाने विशिष्टतरोऽयं भवति । यस्मात्स प्रधानतरः आशयभेदस्ततश्चैष इति ।

અવસ્થાની અપેક્ષાએ પુનઃ પાપના અકરણની શરૂઆત થાય છે-"સમ્યગ્દૃષ્ટિ જીવ યદ્યપિ કિંચિત્ પાપ કરે તો પણ નિર્ધ્વંસપણે ન કરવાથી બંધ અલ્પ થાય છે" એ શાસ્ત્રવચનને અનુસરીને પણ ઉપરોક્ત હકીકત યુક્તિયુક્ત સિદ્ધ થાય છે.

**સમાધાન :-** શંકાકારનું કથન સાવ ખોટું નથી. મિથ્યાત્વરૂપી પાપના આશ્રવની ત્યાં નિવૃત્તિ છે જ પણ જેને વિરતિ કહેવામાં આવે છે તે અબ્રહ્માદિ પંચાશ્રવથી નિવૃત્તિ સ્વરૂપ છે અને તે ચતુર્થ ગુણસ્થાનકે ન હોવાથી ત્યાં પાપાકરણના પ્રારંભનો સ્વીકાર કરાય તેમ નથી. જો ચતુર્થગુણસ્થાનકે પણ વિરતિસ્વરૂપ પાપાકરણનિયમનો સ્વીકાર કરી લઈએ તો પછી ચોથા અને પાંચમા ગુણસ્થાનક વચ્ચે કોઈ તાત્ત્વિક તફાવત રહે જ નહિ.

**(અનંતાનુબંધી કષાયના અનુદયમાં પણ વિરતિ નથી.)**

એવી પણ શંકા કરવાની જરૂર નથી કે-"અનંતાનુબંધી ચારિત્રમોહનીય કર્મ પણ ચારિત્ર-વિરતિનું આવારક છે અને ચતુર્થગુણસ્થાનકે તેની નિવૃત્તિ પણ છે. તો એટલે અંશે ત્યાં પણ વિરતિનો સદ્ભાવ કેમ ન માનવો ?" કારણ કે અનંતાનુબંધી કષાયની નિવૃત્તિથી વૈયાવચ્ચ (સુપાત્ર સેવા) વગેરે સ્વરૂપ અલ્પ વિરતિભાવ જાગૃત થતો હોવા છતાં પાંચમા ગુણસ્થાનક માટે જરૂરી અપ્રત્યાખાનકષાય ક્ષયોપશમજન્ય પંચાશ્રવ નિવૃત્તિ સ્વરૂપ વિરતિનો સદ્ભાવ ચોથાગુણસ્થાનકે ન હોવાથી ત્યાં પાપાકરણ નિયમનો પ્રારંભ ન માની શકાય એ ધ્યાનપૂર્વક વિચારવું જોઈએ. શ્લોકના ઉત્તરાર્ધમાં જણાવ્યું છે કે પાપઅકરણનિયમનો ઉત્કર્ષ સુસંયતોને હોય છે. જેઓનું અંતઃકરણ તલસ્પર્શી શાસ્ત્રાભ્યાસના પરામર્શની પરિમલથી પવિત્ર સુવાસિત થયેલું છે તેવા ભાવસાધુઓ આજીવન પ્રતિજ્ઞાપૂર્વક સર્વ પાપોથી નિવૃત્ત થયા હોવાથી પાંચમા ગુણસ્થાનકમાં પ્રવર્તમાન પાપાકરણ નિયમની અપેક્ષાએ તેઓનો પાપાકરણ નિયમ વધુ ઉત્કર્ષશાળી હોય છે. જેમ જેમ શુભ પરિણામો ચડતા જાય તેમ તેમ પાપાકરણ નિયમ પણ ઉત્કૃષ્ટ કોટીનો બનતો જાય છે. **શ્રી ઉપદેશપદ શાસ્ત્ર**માં (ગાથા ૭૨૯-૭૩૦ પૂર્વાર્ધમાં) કહ્યું છે કે-

'અકરણનિયમનો સદ્ભાવ દેશવિરતિ ગુણસ્થાનકે હોય છે. સર્વવિરતિ ગુણસ્થાનકે એ જ વધારે ચઢિયાતો હોય છે. સર્વવિરતિ પરિણામ વિશેષ પ્રધાનતર હોય છે તેથી અકરણ નિયમ પણ તેવો જ હોય છે.' ॥૧૧૩॥

**(શ્લોક ૧૧૪માં અકરણનિયમના પ્રકર્ષનું સ્થાન અને એનું પરિણામ દર્શાવવામાં આવ્યાં છે)**

**एत्तो अकरणनियमो खीणे कम्मंमि खवगसेढीए ।**
**एत्तो अ वीयरागो कुणइ ण किंची गरहणिज्जं ॥११४॥**

**શ્લોકાર્થ :-** તેથી ક્ષપકશ્રેણિમાં કર્મ ક્ષીણ થયે (વિશિષ્ટ) અકરણ નિયમ પ્રવર્ત્તે છે અને તેથી જ વીતરાગી કંઈ પણ ઘૃણાસ્પદ કર્મ આચરતો નથી. ॥૧૧૪॥

यत एवमाशयप्रकर्षादेतत्प्रकर्षः **इतश्च**=इत एव, **क्षपकश्रेण्यां क्षीणे कर्मणि अकरणनियम**-स्तस्यां हि यत्कर्म यत्र क्षीणं तत्पुनर्न क्रियत इति **कर्मस्तवादौ** प्रसिद्धम् । एतच्च कर्मक्षय-निबन्धनाऽऽशयप्रकर्षेणाऽकरणनियमप्रकर्षादुपपद्यते, क्षायोपशमिकक्षायिकयोस्तयो-र्मिथोऽत्यन्तं विशेषात् । तदिदमाह--[उप० पदे]

[३२]"एत्तो च्चिय सेढीए णेयो सव्वत्थ वि एसो [७३० उ.] ॥"

यत एव कर्मक्षयात् कर्मप्रकृतीनां विशिष्टतरोऽकरणनियमः क्षपकश्रेण्यामुपपन्नोऽत एव तज्जन्यगर्हितप्रवृत्तेरपि तत एव तथाऽकरणनियमाद् **वीतरागः**=क्षीणमोहादिगुणस्थानवर्त्ती मुनिः, **न**=नैव **करोति** किञ्चिद्**गर्हणीयं** जीवहिंसादि, देशोनपूर्वकोटीकालं जीवन्नपि गर्हणीयव्यापारबीजभूत-कर्मक्षये गर्हणीयप्रवृत्तेरयोगात् । तदिदमाह-[उ. पदे.]

[३३]"एत्तो अ वीयरागो ण किंचिवि करेइ गरहणिज्जं तु ।
ता तत्तग्गइखवणाइकप्पओ एस विन्नेओ" ॥ (७३१)

[३४]"तह भावसंजयाणं सुव्वइ इह सुहपरंपरासिद्धी ।
सा वि हु जुज्जइ एवं ण अन्नहा चिंतणीयमिणं ॥" (७३२)

[३५]"सइगरहणिज्जवावारबीअभूअंमि हंदि कम्मंमि ।
खविए पुणो अ तस्साकरणंमि सुहपरंपरओ" ॥ (७३३)

अत्र हि क्षायिकाऽकरणनियमात् तद्गतिच्छेदसुखपरंपरावद्वीतरागस्य गर्हिताऽप्रवृत्तिर्निद-र्शितेति ॥११४॥

## (ક્ષપકશ્રેણિમાં જડમૂળથી કર્મનો ક્ષય)

**તાત્પર્યાર્થ :-** આશયના પ્રકર્ષથી અકરણનિયમ પ્રકર્ષ પ્રાપ્ત થાય છે. એટલે જ તો **કર્મસ્તવ** વગેરે ગ્રન્થમાં દર્શાવ્યું છે કે ક્ષપકશ્રેણિમાં જે જે કર્મ જે જે ગુણસ્થાનકે ક્ષીણ થાય છે તે તે કર્મ પુનઃ બંધાતું નથી અર્થાત્ તેવા તેવા કર્મબંધની જનક પાપપ્રવૃત્તિનું પુનઃ ઉત્થાન થતું નથી. કર્મક્ષયમાં હેતુભૂત જે પ્રકૃષ્ટ પરિણામ છે તેનાથી જ અકરણનિયમ પણ પ્રકૃષ્ટ કોટિનો થાય તો જ તે કર્મગ્રન્થ સંબંધી નિરૂપણ સંગત થઈ શકે છે. એનાથી એ નિષ્કર્ષ

---

३२ इतश्चैव श्रेण्यां ज्ञेयः सर्वत्राप्येषः ॥

३३ इतश्च वीतरागः न किञ्चिदपि करोति गर्हणीयन्तु । तत् तत्तद्गतिक्षपणादिकल्प एष विज्ञेयः ॥

३४ तथा भावसंयतानां श्रूयते इह सुखपरम्परासिद्धिः । सापि खलु युज्यत एवं नान्यथा चिंतनीयमिदम् ॥

३५ सदागर्हणीयव्वापारबीजभूते हन्दि कर्मणि । क्षपिते पुनश्च तस्याऽकरणे सुखपरम्परकः ॥

નીકળે છે કે ક્ષાયોપશમિક અને ક્ષાયિકભાવમાં ઘણો મોટો તફાવત છે. કારણ કે ક્ષાયોપશમિકભાવનો પાપ અકરણનિયમ ક્ષીણ થવાની સંભાવના ઊભી રહે છે. જ્યારે ક્ષાયિકભાવનો પાપઅકરણ નિયમ અક્ષીણ જ રહે છે. **ઉપદેશપદમાં** પણ કહ્યું છે કે (શ્લોક-૭૩૦ ઉત્ત.) 'પરિણામના તફાવતથી જ ક્ષપકશ્રેણિમાં સર્વકર્મોના વિષયમાં અકરણનિયમ લાગેલો હોય છે.'

## (વીતરાગીની પ્રવૃત્તિ અનિંદ્ય જ હોય)

મૂળ શ્લોકના ઉત્તરાર્ધમાં જણાવ્યું છે કે ક્ષપકશ્રેણિમાં જે જે કર્મ પ્રકૃતિઓનો ક્ષય થાય છે તે તે કર્મપ્રકૃતિઓનો વિશિષ્ટતર અકરણનિયમ સંપન્ન થતો હોવાથી તે તે કર્મથી ઉદ્ભવતી નિંદ્યપ્રવૃત્તિનો અકરણનિયમ પણ ફલિત થાય છે. અને તેથી જ ક્ષીણમોહ વગેરે ૧૨માં-૧૩મા-૧૪મા ગુણસ્થાનકમાં અવસ્થિત મુનિભગવંતો કંઈક ઓછા એક કરોડપૂર્વ વર્ષ (૧ પૂર્વ = ૭૦૫૬૦x(૧૦)$^{૯}$ વર્ષ) જીવે તો પણ નિંદાસ્પદ જીવહિંસા વગેરે પાપપ્રવૃત્તિઓ કરતા નથી. એકવાર નિંદનીય પ્રવૃત્તિના હેતુભૂત કર્મો ક્ષીણ થઈ ગયા પછી નિંદ્યપ્રવૃત્તિનો સંભવ જ નથી. શ્રી ઉપદેશપદ (શ્લોક ૭૩૧-૭૩૨-૭૩૩)માં કહ્યું છે કે તેથી જ વીતરાગ લેશમાત્ર પણ અનુચિત કરતા નથી. તેથી તે (અકરણનિયમ) તે તે ગતિના (દુર્ગતિદ્વયના) ક્ષયતુલ્ય જાણવો. તથા ભાવસાધુઓને સુખની પરંપરા સિદ્ધ થતી સંભળાય છે તે પણ આ રીતે સંગત થાય છે. આમાં વિપરીત કલ્પનાને અવકાશ નથી. સદા માટે નિંદ્ય પ્રવૃત્તિના બીજભૂત કર્મો નષ્ટ થઈ ગયા પછી તેના અકરણથી સુખની પરંપરા કરનારો થાય છે. ॥૧૧૪॥

ननु यदि सदा गर्हणीयाऽप्रवृत्तिर्वीतरागस्याभ्युपगता तदा तस्य गमनागमनशब्दादिव्यापारो न युक्तस्तस्यां ततोऽन्योन्यपुद्गलप्रेरकत्वेनापि परप्राणव्यपरोपणानुकूलत्वेन हिंसान्तर्भूततया गर्हणीयत्वाद्धिंसादयो दोषा एव हि गर्हणीया लोकानामित्याशङ्क्य समाधत्ते-

**શંકા :-** જો વીતરાગીની પ્રવૃત્તિ સદાને માટે અનિંદ્ય જ હોય તો ગમનાગમન-ભાષણ વગેરે કેવલીની ક્રિયા અનુચિત થઈ જશે. જો એ ગમનાદિ કરે તો ત્યાં રહેલા પુદ્ગલ સ્કંધોમાં સ્પન્દનો થાય અને તે સ્પંદનો બીજા જીવોનો પ્રાણવિયોગ કરવામાં અનુકૂળ હોવાથી હિંસાને અવકાશ છે. વળી લોકોમાં હિંસાદિ દોષો નિંદ્ય જ ગણાય છે. આ રીતે હિંસા અંતર્ભૂત હોવાથી ગમનાદિ ક્રિયા અનુચિત છે. આ શંકાનું સમાધાન શ્લોક ૧૧૫માં રજુ કર્યું છે.

**ण य तस्स गरहणिज्जो चेट्ठारंभोऽत्थि जोगमित्तेणं ।**
**जं अपमत्ताईणं सजोगिचरमाण णो हिंसा ॥११५॥**

**શ્લોકાર્થ :-** વીતરાગને યોગમાત્રથી (પ્રેરિત) ચેષ્ટા આરંભ નિંદ્ય નથી. કારણ કે અપ્રમત્તથી માંડીને સયોગી કેવલી સુધી હિંસાનો દોષ હોતો નથી. ॥૧૧૫॥

**न च तस्य**=वीतरागस्य **चेष्टारंभो**=गमनागमनशब्दादिव्यापारः **गर्हणीयोऽस्ति यद्**=यस्माद्, **योगमात्रेण**=रागद्वेषाऽसहचरितेन केवलयोगेन अप्रमत्तादीनां सयोगिचरमाणां जीवानां, **नो**=नैव हिंसा, तेषां योगस्य कदाचित् प्राण्युपमर्दोपहितत्वेऽपि तत्त्वतो हिंसारूपत्वाभावात्, तत्त्वतो हिंसाया एव च गर्हणीयत्वादिति भावः, व्यक्तीभविष्यति चेदमुपरिष्टात् ॥११५॥

**(વીતરાગીની સર્વ પ્રવૃત્તિઓ નિર્દોષ જ હોય)**

**તાત્પર્યાર્થ :-** વીતરાગની ગમનાગમન વગેરે પ્રવૃત્તિ સ્વરૂપ ચેષ્ટાનો આરંભ નિંદ્ય કહી શકાય તેમ નથી. જે પ્રવૃત્તિ રાગ અને દ્વેષથી ગર્ભિત હોય છે તે જ નિંદ્ય હોય છે. અપ્રમત્ત યતિથી માંડીને સયોગી કેવલી સુધીના તમામ સુસંયતોની પ્રવૃત્તિમાં રાગ-દ્વેષનો સદંતર અભાવ હોય છે એટલે રાગ-દ્વેષ રહિત માત્ર મન-વચન-કાયાના યોગોથી જ તે પ્રવૃત્તિ થાય છે કે જે નિર્દોષ હોય છે, તેમાં હિંસા હોતી નથી. સંભવ છે કે તેમના રાગદ્વેષ વિરહિત શારીરિક યોગોથી ક્યારેક કવચિત કોઈક જીવના પ્રાણનું ઉપમર્દન થાય તો પણ ત્યાં અનાભોગ પૂર્વકત્વ અથવા રાગદ્વેષપૂર્વકત્વ ન હોવાથી પરમાર્થથી તે હિંસારૂપ નથી. પારમાર્થિક હિંસા જ નિંદા પાત્ર છે. આ વિષયનું વધુ સ્પષ્ટીકરણ આગળ ઉપર કરવામાં આવશે. ॥૧૧૫॥

**गुणैर्यदि न पूर्णोऽसि कृतमात्मप्रशंसया ।**
**गुणैरेवासि पूर्णश्चेत् कृतमात्मप्रशंसया ।।१।। (ज्ञानसार १८/१)**

જો તું ગુણો વડે પૂર્ણ નથી, તો પોતાની પ્રશંસાથી સર્યું, તેથીતો ફોકટ ફુલાવાનું થાય. જો તું ગુણો વડે પૂર્ણ જ છો, તોપણ પોતાની પ્રશંસાથી સર્યું. "आचारः कुलमाख्याति" આચરણ કુલને જણાવે છે - એ ન્યાયે ગુણ સ્વયમેવ પ્રગટ થશે.

## ઉપદેશ ૩૦ - કેવળ યોગજન્ય પ્રવૃત્તિ દોષિત નથી.

नन्विदं स्वमनीषिकामात्रविजृम्भितं केन प्रमाणीक्रियतामित्याशङ्क्याह–

**આક્ષેપ :-** અપ્રમત્ત સાધુઓને તાત્ત્વિક હિંસા ન હોવાનું કથન તો તમારી સ્વતંત્ર મતિકલ્પનાનો વિલાસ છે. તેને પ્રમાણભૂત કોણ માને ? શ્લોક ૧૧૬માં આ આક્ષેપનો સચોટ રદિયો આપ્યો છે–

**भणियं च कप्पभासे वत्थच्छेयाहिगारमुद्दिस्स ।**
**एयं सुविसेसेउं पडिवज्जेअव्वमिय सम्मं ॥११६॥**

**શ્લોકાર્થ :-** વસ્ત્રછેદના વિષયને અવલંબીને **કલ્પભાષ્યમાં** સવિશેષપણે આ કહ્યું છે. તેથી તે ભલી પેરે સ્વીકારવું જોઈએ. ॥૧૧૬॥

**भणितं** चैतदनुपदोक्तम् **कल्पभाष्ये** वस्त्रच्छेदनविधानसमर्थनं हृदि निधाय **सुविशेष्य**= सपूर्वपक्षोत्तरपक्षं वितत्य, 'इति'-हेतौ सम्यक्प्रतिपत्तव्यमदः । कल्पभाष्याभिलापश्चायम्-

"*सद्दो तहिं मुच्छति छेदणा वा, धावंति ते दोवि उ जाव लोगो ।
वत्थस्स देहस्स य जो विकंपो तत्तो वि वातादि भरंति लोगं ॥" ३९२२॥

भो आचार्य ! तत्र वस्त्रे छिद्यमाने शब्दः संमूर्च्छति च्छेदनका वा सूक्ष्मावयवा उड्डीयन्ते। एते च द्वयेऽपि विनिर्गता लोकान्तं यावत् प्राप्नुवन्ति, तथा तस्य देहस्य च यो विकंपश्चलनं ततोऽपि विनिर्गता वातादयः प्रसरन्तः सकलमपि लोकमापूरयन्ति ।

**તાત્પર્યાર્થ :-** જ્યારે માપસરનું નિર્દોષ વસ્ત્ર ન મળે ત્યારે ઉપલબ્ધ લાંબા વસ્ત્રને ટૂંકું પ્રમાણસર કરવા માટે તેનો છેદ કરવાની શાસ્ત્રમાં જે અનુજ્ઞા આપી છે તેનું વિસ્તારથી સમર્થન પૂર્વપક્ષ અને ઉત્તરપક્ષના નિરૂપણ સાથે શ્રીબૃહત્કલ્પભાષ્યમાં કરેલું છે અને તે પ્રસંગે 'કેવલયોગજન્ય હિંસા એ તત્ત્વતઃ હિંસા રૂપ નથી.' તે પણ ત્યાં ભારપૂર્વક કહ્યું છે. એટલે અસંગત આક્ષેપ કરવાને બદલે તે ઉચિત નિરૂપણ વિના સંકોચે સ્વીકારી લેવું જોઈએ. શ્રીબૃહત્કલ્પભાષ્ય (ગાથા ૩૯૨ થી ૩૯૩૪)નું વસ્ત્રછેદ સંબંધી નિરૂપણ ઉપયોગી હોવાથી તેનો ભાવાર્થ અત્રે ઉદ્ધૃત કરવામાં આવે છે-

હે આચાર્ય ! વસ્ત્ર ફાડવાથી તો શબ્દો ઉત્પન્ન થાય અથવા વસ્ત્રના સૂક્ષ્મ અવયવો ઊડે અને એ બન્ને લોકના અંતસુધી પહોંચી જાય, વળી શરીર પણ હાલે. તેનાથી વાયુ પ્રેરાય અને તે પણ આખા લોકમાં વ્યાપી જાય. ॥૩૯૨૨॥

"अहिच्छसी जन्ति ण ते उ दूरं संखोभिआ तेहऽवरे वयन्ति ।
उड्ढं अहे यावि चउद्दिसिं पि पूरिंति लोगं तु खणेण सव्वं ॥" ३९२३॥

---

* एतासां (३९२२-३९३४) कल्पभाष्यगाथानामननुवादनिबन्धनं पूर्ववद्ध्येयम् ॥ एवमग्रेऽपि भाव्यम् ॥

अथाचार्य ! त्वं इच्छसि=मन्यसे, ते वस्त्रच्छेदनसमुत्थाः शब्दपक्ष्मवातादिपुद्गलाः न दूरं=लोकान्तं यान्ति, तर्हि तैः संक्षोभिताश्चालिताः सन्तोऽपरे व्रजन्ति । एवमपरापरपुद्गलप्रेरिताः पुद्गलाः प्रसरन्तः क्षणेनोर्ध्वमधस्तिर्यक् चतसृष्वपि दिक्षु सर्वमपि लोकमापूरयन्ति । यत एवमतः-

"विन्नाय आरंभमिणं सदोसं तम्हा जहालद्धमहिठिहिज्जा ।
वुत्तं सएओ खलु जाव देही ण होइ सो अंतकरी तु ताव ॥" ३९२४॥

इममनन्तरोक्तं सर्वलोकपूरणात्मकमारम्भं सदोषं=सूक्ष्मजीवविराधनया सावद्यं विज्ञाय तस्मात् कारणात् यथालब्धं वस्त्रमधितिष्ठेत्, न छेदनादि कुर्यात् । यत उक्तं भणितम्-**व्याख्याप्रज्ञप्तौ**,. यावदयं देही=जीवः सैजः=सकम्पः चेष्टावानित्यर्थः तावदसौ कर्मणो भवस्य वा अन्तकारी न भवति, तथा च तदालापकः-

"जाव णं एस जीवे सया समिअं एअइ, वेअइ, चलइ, फंदइ, घट्टइ, खुभइ, उदीरइ, तं तं भावं परिणमइ ताव णं तस्स जीवस्स अंते अंतकिरिया ण भवति[३६] ॥

હવે, હે આચાર્ય ! તમે જો એમ માનતા હો કે વસ્ત્રછેદનથી પ્રેરાયેલા કે ઊડેલા શબ્દ, સૂક્ષ્મ અવયવો અને વાયુ વગેરેના પુદ્ગલો લોકના અંત સુધી ન પહોંચી શકે તો પણ તેનાથી આંદોલિત થયેલા બીજા પુદ્ગલો અન્ય અન્ય પુદ્ગલપરંપરાને ધકેલે તેનાથી ક્ષણવારમાં ઉપર-નીચે અને ચોતરફ સારોય લોક પુરાઈ જાય. ॥૩૯૨૩॥ આ સર્વલોકપૂરણ-સ્વરૂપ દોષ આરંભ અર્થાત્ સૂક્ષ્મ જીવવિરાધના સ્વરૂપ સાવદ્ય હોવાથી વસ્ત્ર જેવું મળે તેવું જ ઉપયોગમાં લેવું જોઈએ, પણ ફાડવું ન જોઈએ. **શ્રી ભગવતીસૂત્ર**માં કહ્યું છે કે-'જ્યાં સુધી જીવ સકંપ યા ચેષ્ટાવંત છે ત્યાં સુધી કર્મનો કે ભાવનો અંત આવતો નથી.' તે સૂત્રનો ભાવ આ પ્રમાણે છે. "જ્યાં સુધી આ જીવ સદા સમિતપણે કંપે છે, ધ્રૂજે છે, હરે ફરે છે, અથડાય છે, ખળભળે છે, પ્રેરણા કરે છે, તે તે ભાવમાં પરિણમે છે, ત્યાં સુધી અંતે થનારી અંતક્રિયા જીવને થતી નથી." ॥૩૯૨૪॥

अथेत्थं भणिष्यथ-एवं तर्हि भिक्षादिनिमित्तमपि चेष्टा न विधेयेति, नैवं, यतः-

"जा यावि चिठ्ठा इरिआइआओ संपस्सहेताहिं विणा ण देहो ।
संचिठ्ठए नेवमच्छिज्जमाणे वत्थंमि संजायइ देहणासो ॥" ३९२५॥

याश्चापि चेष्टा ईर्यादिकाः संपश्यत तत्रेरणमीर्या=भिक्षासंज्ञाभूम्यादौ गमनं आदिशब्दाद्भोजन-शयनादयो गृह्यन्ते, एताभिर्विना देहः पौद्गलिकत्वान्न सन्तिष्ठते=न निर्वहति, देहमन्तरेण च संयम-स्यापि व्यवच्छेदः प्राप्नोति, वस्त्रे पुनरच्छिद्यमाने नैव देहनाशः संजायतेऽतो न तच्छेदनीयम् । किञ्च-

---

३६ यावत् एष जीवः सदा समितं एजते, वेपते, चलति, स्पन्दते, घट्टते क्षुभ्नाति, उदीरयति तं तं भावं परिणमते तावत् तस्य जीवस्य अन्ते अन्तक्रिया न भवति ॥

હવે તમે જો એમ કહેતા હો કે તો પછી ભિક્ષાદિ નિમિત્તે પણ હરવું-ફરવું જોઈએ નહિ. તો એ બરાબર નથી કારણ કે ઈર્યા વગેરે સમિતિના પાલનની જે ચેષ્ટા તમે જુઓ છો તેમાં એવું છે કે, ઈર્યા એટલે કે ભિક્ષા માટે અથવા મલોત્સર્ગ આદિ માટે ગમનક્રિયા તેમજ આદિશબ્દથી ભોજન-શયન વગેરે ક્રિયા વિના આ પૌદ્ગલિક દેહનો નિર્વાહ અશક્ય છે અને શરીરના નિર્વાહ વિના સંયમનો નિર્વાહ પણ ન થાય. જ્યારે વસ્ત્રને ફાડવામાં આવું કશું શરીરનાશ વગેરે છે નહિ. માટે વસ્ત્ર ફાડવું યોગ્ય નથી. ॥૩૯૨૫॥

जहा जहा अप्पतरो से जोगो तहा तहा अप्पतरो से बन्धो ।
निरुद्धजोगिस्स व से ण होइ अच्छिद्दपोतस्स व अंबुणाहे ॥" ३९२६॥

यथा यथा 'से'=तस्य जीवस्याल्पतरो योगस्तथा तथा 'से'=तस्याल्पतरो बन्धो भवति, यो वा निरुद्धयोगी=शैलेश्यवस्थायां सर्वथा मनोवाक्कायव्यापारविरहितः, तस्य कर्मबन्धो न भवति, दृष्टान्तमाह-अच्छिद्रपोतस्येवांबुनाथे । यथा किल निश्छिद्रप्रवहणं सलिलसंचयसंपूर्णेऽपि जलधौ वर्त्तमानं स्वल्पमपि जलं नाश्रवति, एवं निरुद्धयोगोऽपि जन्तुः कर्मवर्गणापुद्गलैरंजनचूर्णसमुद्गकवन्निरन्तरं निचितेऽपि लोके वर्त्तमानः स्वल्पीयमपि कर्म नोपादत्तेऽतः कर्मबन्धस्य योगान्वयव्यतिरेकानुविधायितया तत्परिजिहीर्षुणा वस्त्रच्छेदनादिव्यापारो न विधेयः । इत्थं परेण स्वपक्षे स्थापिते सति सूरिराह–

વળી જેમ જેમ જીવનો યોગ અલ્પ અલ્પ થતો જાય તેમ તેમ જીવને કર્મબંધ અલ્પ અલ્પ થતો જાય છે અને જ્યારે શૈલેશી અવસ્થામાં યોગનિરોધથી મન-વચન-કાયાની બધી જ ચેષ્ટાઓ બંધ પડી જાય છે ત્યારે કર્મ પણ બંધાતું નથી. દા.ત. સમુદ્રમાં છિદ્રરહિત નૌકા. સમુદ્રમાં અસીમ જળભંડાર હોવા છતાં નૌકામાં છિદ્ર ન હોવાના કારણે જળ તેમાં ભરાતું નથી તેમ યોગનિરોધ થયા પછી અંજનચૂર્ણથી ખીચોખીચ ભરેલા દાબડાની જેમ કર્મવર્ગણાના પુદ્ગલોથી ખીચોખીચ ભરેલા લોકમાં પણ વિદ્યમાન જીવને સહેજ પણ કર્મ ગ્રહણ થતું નથી. આ રીતે કર્મબંધ યોગાવલંબી છે તે અન્વય-વ્યતિરેકથી સિદ્ધ થાય છે. એટલે કર્મબંધ ટાળવા માટે વસ્ત્રછેદનક્રિયારૂપ યોગ પણ વ્યર્થ હોવાથી ટાળવો જોઈએ. ॥૩૯૨૬॥ આ રીતે પૂર્વપક્ષીએ સ્વપક્ષસ્થાપના કર્યા પછી સિદ્ધાન્તપક્ષી આચાર્ય ઉત્તરપક્ષની સ્થાપના કરે છે–

"आरंभमिट्ठो जइ आसवाय गुत्ती य सेआय तहा नु साहू ।
णो फंद वारेहि व छिज्जमाणं पतिण्णहाणी व अतोऽण्णहा ते ॥" ३९२७॥

**आरंभमिठ्ठोत्ति**, मकारोऽलाक्षणिकः, हे नोदक ! यथारंभस्त**वाश्रवाय**=कर्मोपादानायेष्टोऽभिप्रेतः, **गुप्तिश्च**=तत्परिहाररूपा **श्रेयसे**=कर्मानुपादानायाऽभिप्रेता, तथा च सति हे साधो ! मा

स्पन्दं मा वा वस्त्रं छिद्यमानं वारय । किमुक्तं भवति ? यदि वस्त्रच्छेदनमारंभतया भवता कर्मबन्ध-निबन्धनमभ्युपगम्यते, ततो येयं वस्त्रच्छेदनप्रतिषेधाय हस्तस्पन्दनात्मिका चेष्टा क्रियते यो वा तत्प्रतिषेधको ध्वनिरुच्चार्यते तावप्यारंभतया भवता न कर्त्तव्यौ, अतो=मदुक्तोपदेशादन्यथा चेत् करोषि ततस्ते प्रतिज्ञाहानिः=स्ववचनविरोधलक्षणं दूषणमापद्यत इत्यर्थः ।

હે પ્રશ્નકાર ! વસ્ત્રછેદનના આરંભમાં તને આશ્રવ અર્થાત્ કર્મબંધ ભાસતો હોય અને તેના પરિહાર સ્વરૂપ ગુપ્તિમાં કલ્યાણ અર્થાત્ કર્મનો અબંધ ભાસતો હોય તો હે સાધુ ! તું ફર ફર ન કર અથવા વસ્ત્રછેદનનું વારણ કરવા માટે બોલીશ પણ નહિ. આશય એ છે કે વસ્ત્રછેદને આરંભસ્વરૂપ જણાવીને તેનાથી તારે કર્મબંધ કહેવો હોય તો વસ્ત્રછેદન ક્રિયાનો પ્રતિષેધ કરવા માટે હાથ હલાવવાની ક્રિયા અને નિષેધ કરતો શબ્દોચ્ચાર જે તું કરે છે તે પણ આરંભ સ્વરૂપ હોવાથી તારે કરવાની જરૂર નથી. છતાંય જો તું અમારા કથનથી વિપરીત ચેષ્ટા કરે તો તને પ્રતિજ્ઞાહાનિ અર્થાત્ સ્વવચન વિરોધનો દોષ લાગશે. ॥૩૯૨૭॥

अथ ब्रवीथाः योऽयं मया वस्त्रच्छेदनप्रतिषेधको ध्वनिरुच्चार्यते स आरंभप्रतिषेधकत्वान्निर्दोष इति, अत्रोच्यते-

"अदोसवं ते जइ एस सद्दो अण्णो वि कम्हा ण भवे अदोसो ।
अहिच्छया तुज्झ सदोस एक्को एवं सती कस्स भवे न सिद्धी ॥" ३९२८

यद्येषः त्वदीयः शब्दोऽदोषवान् ततोऽन्योऽपि वस्त्रच्छेदनादिसमुत्थः शब्दः कस्माददोषो न भवेत् ? तस्यापि प्रमाणातिरिक्तपरिभोगविभूषादिदोषपरिहारहेतुत्वात् । अथेच्छया=स्वाभिप्रायेण तवैको=वस्त्रच्छेदनशब्दः सदोषोऽपरस्तु निर्दोषः, एवं सति कस्य न स्वपक्षसिद्धिर्भवेत्, सर्वस्यापि चाऽऽगाढवचनमात्रेण भवत इव स्वाभिप्रेतार्थासिद्धिर्भवेदिति भावः । ततश्चास्माभिरप्येवं वक्तुं शक्यं यदुत योऽयं वस्त्रच्छेदनसमुत्थः शब्दः स निर्दोषः शब्दत्वात् भवत्परिकल्पितनिर्दोष-शब्दवदिति । किञ्च—

જો તું એમ કહેતો હોય કે હું જે વસ્ત્રછેદનનો નિષેધ કરું છું એ તો આરંભ દોષ નિવર્તક હોવાથી નિર્દોષ છે—

તો તેનો જવાબ એ છે કે તારો શબ્દ જો તને નિર્દોષ લાગે છે તો બીજાનો વસ્ત્રછેદનજન્ય શબ્દ શા માટે નિર્દોષ લાગતો નથી. પ્રમાણાતિરિક્તપરિભોગ તથા વિભૂષાદિ દોષોના નિવર્તનનો ઉદ્દેશ તો અહીં પણ છે જ. માત્ર સ્વચ્છંદપણે માની લેવાનું હોય કે વસ્ત્રછેદન શબ્દ નિર્દોષ નથી અને તેના પ્રતિષેધક શબ્દ નિર્દોષ છે તો દુનિયામાં કોના પક્ષની સિદ્ધિ થવાની બાકી રહે ? आपके अर्थहीनवचनमात्र की तरह सभीके तथाविध वचनमात्र से अपने अपने वांछित अर्थ की सिद्धि प्रसक्त होगी । અમે પણ એમ કહી શકીએ છીએ કે

વસ્ત્રછેદનજન્ય શબ્દ શબ્દત્વહેતુથી નિર્દોષ છે. ઉદાહરણરૂપે તારો માની લીધેલો નિર્દોષ શબ્દ. ॥૩૯૨૮॥

"तं छिंदओ होज्ज सइं तु दोसो खोभाइ तं चेव जओ करेइ ।
जेऽपेहतो होंति दिणे दिणे तु संपाउणंते य णिवुज्झ ते वि ॥" ३९२९॥

यतस्तदेव वस्त्रं छिद्यमानं पुद्गलानां क्षोभादि करोति अतस्तद्वस्त्रं छिन्दतः सकृदेकवारं दोषो भवति, अच्छिद्यमाने तु वस्त्रे प्रमाणातिरिक्तं तत्प्रत्युपेक्षमाणस्य ये भूमिलोलनादयः अप्रत्युपेक्षणा दोषा दिने दिने भवन्ति, ये च तद्वस्त्रं संप्रावृण्वन्तो विभूषादयो बहवो दोषास्तानपि 'विबुध्यस्व'-अक्षिणी निमील्य सम्यङ् निरूपयेति भावः ।

વળી તે વસ્ત્રને ફાડવાથી પુદ્ગલો ધકેલાતા હોય તો તે દોષ એકવાર છે પણ વસ્ત્રને ન ફાડવાથી-પ્રમાણથી વધુ લાંબા વસ્ત્રનું પડિલેહણ-પ્રત્યુપેક્ષણ વગેરે કરવામાં જમીન સાથે ઘસડાવું વગેરે તથા અપ્રત્યુપેક્ષણ અર્થાત્ જેમ તેમ પ્રત્યુપેક્ષણરૂપ દોષો રોજ રોજ પ્રસક્ત થાય. તેમ જ તે વસ્ત્રને પહેરવાથી વિભૂષા વગેરે દોષો રોજ રોજ પ્રસક્ત થાય. આ બધું બરાબર આંખ બંધ કરી વિચારો. ॥૩૯૨૯॥

आह-यदि वस्त्रच्छेदने युष्मन्मतेनापि सकृद्दोषः संभवति ततः परिहि्रयतामसौ, गृहस्थैः स्वयोगेनैव यद्भिन्नं वस्त्रं तदेव गृह्यताम् । उच्यते-

"घेत्तव्वग भिन्नमहिच्छियं ते जा मग्गते हाणि सुतादि ताव ।
अप्पेस दोसो गुणभूतिजुत्तो प्पमाणमेवं तु जतो करेति ॥" ३९३०

अथ ते=तवेष्टं=मतं यथा चिरमपि गवेष्य भिन्नं ग्रहीतव्यं, तत उच्यते-यावत्तद् भिन्नं वस्त्रं मार्गयति तावत्तस्य श्रुतादौ=सूत्रार्थपौरुष्यादौ हानिर्भवति । अपि च य एष वस्त्रच्छेदनलक्षणो दोषः स प्रत्युपेक्षणशुद्धिविभूषापरिहारप्रभृतीनां गुणानां भूत्या=संपदा युक्तः, बहुगुणकलित इति भावः । कुत इत्याह-यतः प्रमाणमेव वस्त्रस्य तदानीं साधवः कुर्वन्ति न पुनस्ततोऽधिकं किमपि सूत्रार्थव्याघातादिकं दूषणमस्तीति ।

अथ 'जा यावि चेट्ठा इरियाइयाओ' (३९२५) इत्यादि परोक्तं परिहरन्नाह-

"आहारणीहारविहीसु जोगो सव्वो अदोसाय जहा जतस्स ।
हियाय सस्संमि व सस्सियस्स भंडस्स एयं परिकम्मणं तु ॥" ३९३१॥

यथा यतस्य=प्रयत्नपरस्य साधोराहारनीहारादिविधिविषयः सर्वोऽपि योगो भवन्मतेनाप्यदोषाय भवति, तथा भाण्डस्य=उपकरणस्य परिकर्मणमपि छेदनादिकमेवमेव यतनया क्रियमाणं निर्दोषं द्रष्टव्यम् । दृष्टान्तमाह-'हिताय सस्संमि व सस्सियस्सत्ति' शस्येन चरति **शास्यिकस्**तस्य यथा तद्विषयं परिकर्मणं निंदणनादिकं हिताय भवति तथेदमपि भाण्डपरिकर्मणम् । तथा चोक्तम्-

**પૂર્વપક્ષી :-** વસ્ત્ર છેદવાથી તમારા મતે એકવાર પણ જો દોષ હોય તો એ વસ્ત્રનો જ ત્યાગ કરોને ! ગૃહસ્થોએ પોતાના નિમિત્તે જે વસ્ત્ર માપસર કાપકૂપ કરીને રાખ્યું હોય એ જ લેવું.

**ઉત્તરપક્ષી :-** તને જો એ જ પસંદ હોય કે દીર્ઘકાળ ફરીને પણ ભિન્ન વસ્ત્ર જ શોધીને ગ્રહણ કરવું તો એ રીતે વસ્ત્રની ગવેષણા કરવામાં સૂત્રપોરિસિ - અર્થપોરિસિ વગેરે સ્વાધ્યાયને ઘણી હાનિ થાય. વળી વસ્ત્રછેદનમાં જે દોષ છે તે ઘણો અલ્પ છે જ્યારે તેમાં ગુણસંપત્તિ ઘણી છે. પડિલેહણ-પ્રત્યુપેક્ષણ વગેરે ધ્યાનપૂર્વક થાય તેમ જ વિભૂષા વગેરેનો પરિહાર થાય. આમ ઘણા ગુણો સંલગ્ન છે. કારણ કે લાંબું વસ્ત્ર ઉપલબ્ધ થયું હોય તો સાધુઓ તો પ્રમાણાતિરિક્ત દોષને ટાળવા તેને ફાડીને માપસર બનાવે છે અને બીજા કોઈ સૂત્રાર્થ સ્વાધ્યાયને વ્યાઘાત વગેરે દોષ થતા નથી. ॥૩૯૩૦॥ વળી, ઈર્યા વગેરે પૂર્વક ભિક્ષા ગ્રહણાદિ ક્રિયાથી દેહનિર્વાહ વગેરે જે જણાવ્યું હતું એ બધું સિદ્ધાંતાનુસારી નથી. તારા મતે જો જતનાપૂર્વક થઈ રહેલ આહાર-નિહારાદિ વિધિસાધક યોગ સાધુઓ માટે નિર્દોષ હોય તો જતનાપૂર્વક વસ્ત્રાદિ ઉપકરણનું કરાતું છેદનાદિ પરિકર્મ પણ ખેડૂતના દષ્ટાંતથી નિર્દોષ સમજવું જોઈએ. જેમ પાકરક્ષા માટે ખેડૂત વધારાના ફૂટી નીકળેલા ઘાસને નેંદી નાંખે છે-ઉખાડી નાંખે છે તે જ રીતે સંયમરક્ષા માટે સાધુ પણ બિનજરૂરી વસ્ત્રની લંબાઈને ફાડી નાંખે છે-ટૂંકાવી નાંખે છે. કહ્યું છે કે-

''यद्वत् शस्यहितार्थं शस्याकीर्णेऽपि विचरतः क्षेत्रे । या भवति शस्यपीडा यत्नवतः साल्पदोषाय ॥
तद्वज्जीवहितार्थं जीवाकीर्णेऽपि विचरतो लोके । या भवति जीवपीडा यत्नवतः साल्पदोषाय ॥''

'ખેડૂત જેમ પાકથી લચી પડેલા ખેતરમાં હરેફરે છે પણ તે પાકની રક્ષા માટે અને તેથી પ્રયત્નપૂર્વક હરવા-ફરવામાં પાકને થતી પીડામાં દોષ અલ્પ છે-લાભ ઘણો છે. તે જ રીતે જીવાકીર્ણ લોકમાં સાધુઓ હરેફરે છે પણ તે જીવરક્ષા માટે અને તેથી યતનાપૂર્વક હરવા-ફરવામાં જીવોને સહેજ પીડા થાય તો તેમાં પણ દોષ અલ્પ છે, લાભ ઘણો છે.' ॥૩૯૩૧॥

किञ्च-

अप्पेव सिद्धं तमजाणमाणो तं हिंसयं भाससि योगवंतं ।
दव्वेण भावेण य संविभत्ता चत्तारि भंगा खलु हिंसगत्ते ॥'' ३९३२॥

अपीत्यभ्युच्चये-अस्त्यन्यदपि वक्तव्यमिति भावः । यदेवं योगवन्तं वस्त्रच्छेदनादिव्यापार-वन्तं जीवं हिसकं त्वं भाषसे, तत् निश्चीयते सम्यक्सिद्धान्तमजानान एवं प्रलपसि । नहि सिद्धान्ते योगमात्रप्रत्ययादेव हिंसोपवर्ण्यतेऽप्रमत्तसंयतादीनां सयोगिकेवलिपर्यन्तानां योगवतामपि तदभावात् ।

कथं तर्हि सा प्रवचने प्ररूप्यत इत्याह-द्रव्येण भावेन च, संविभक्ताश्चत्वारो भंगाः खलु हिंसकत्वे भवन्ति । तथाहि-१द्रव्यतो नामैका हिंसा न भावतः, २ भावतो नामैका हिंसा न द्रव्यतः, ३एका द्रव्यतोऽपि भावतोऽपि४ एका न द्रव्यतो नापि भावतः । अथैषामेव यथाक्रमं भावनां कुर्वन्नाह–

વળી બીજું પણ સમજવા જેવું છે કે વસ્ત્રછેદનાદિ ક્રિયા કરનાર સયોગી સાધુને તું હિંસક ગણાવે છે તે પણ સિદ્ધાન્તની ભલીપેરે જાણકારી વિના જ બડબડે છે. સિદ્ધાંતમાં માત્ર યોગથી ક્યાંય પણ હિંસાનો દોષ જણાવ્યો નથી કારણ કે અપ્રમત્ત સંયતથી માંડીને સયોગિકેવલી સુધી યોગ હોવા છતાં પણ હિંસા અને હિંસાજન્ય કર્મબંધ પણ ન થવાનું પ્રસિદ્ધ છે. જૈનપ્રવચનમાં હિંસાનું વર્ણન આ રીતે છે-દ્રવ્યથી હિંસા અને ભાવથી હિંસા આ બે બોલથી હિંસકપણાને વિશે ચાર ભંગ નિષ્પન્ન થાય છે.

૧. દ્રવ્યથી હિંસા, ભાવથી નહિ.

૨. ભાવથી હિંસા, દ્રવ્યથી નહિ.

૩. દ્રવ્યથી હિંસા, ભાવથી હિંસા.

૪. ન દ્રવ્યથી, ન ભાવથી. ॥૩૯૩૨॥

આ ચાર ભંગની સમજુતી આ પ્રમાણે છે–

आहच्च हिंसा समिअस्स जा उ सा दव्वओ होइ ण मावतो उ ।
भावेण हिंसा तु असंजतस्स जे वावि सत्ते ण सदा वधेति ॥३९३३॥
संपत्ति तस्सेव सदा भविज्जा सा दव्वहिंसा खलु भावओ अ ।
अज्झत्थसुद्धस्स जहा ण होज्जा वधेण जोगो दुहतो व हिंसा ॥३९३४॥

समितस्येर्यासमितावुपयुक्तस्य, याऽऽहत्य=कदाचिदपि हिंसा भवेत्, सा द्रव्यतो हिंसा, इयं च प्रमादयोगाभावात्तत्त्वतोऽहिंसैव मन्तव्या । "प्रमत्तयोगात् प्राणव्यपरोपणं हिंसा" [तत्त्वार्थ० ७-८] इति वचनात् । भावेन भावतो या हिंसा न तु द्रव्यतः साऽसंयतस्य प्राणातिपातादेरनिवृत्तस्य, उपलक्षणत्वात् संयतस्य वाऽनुपयुक्तगमनादि कुर्वतः यानपि सत्त्वानसौ सदैव न हन्ति तानप्याश्रित्य मन्तव्या ।

[३७]"जे वि न वाविज्जंती, णियमा तेसिं पि हिंसओ सो उ ।"

इति [ओघ नि० ७५३] वचनात् । यदा तु तस्यैव प्राणव्यपरोपणसंप्राप्तिर्भवति तदा सा द्रव्यतो भावतश्च हिंसा प्रतिपतव्या, यः पुनरध्यात्मना चेतःप्रणिधानेन शुद्ध उपयुक्तगमनागमनादिक्रियाकारीत्यर्थः, तस्य यदा वधेन प्राणव्यपरोपेणेन सह योगः सम्बन्धो न भवति तदा द्विधापि द्रव्यतो भावतोऽपि च हिंसा न भवतीति भावः । तदेवं भगवत्प्रणीतप्रवचने हिंसाविषयाश्चत्वारो

३७ येऽपि न व्यापाद्यन्ते नियमात्तेषामपि हिंसकः स तु ॥

भंगा उपवर्ण्यन्ते, अत्र चाद्यभंगे हिंसायां व्याप्रियमाणकाययोगेऽपि भावत उपयुक्ततया भगवद्भिरहिंसक एवोक्तः, ततो यदुक्तं भवता वस्त्रच्छेदनव्यापारं कुर्वतो हिंसा भवतीति तत्प्रवचनरहस्यानभिज्ञतासूचकमिति ॥११६॥

(૧) સાધુ ઈર્યાસમિતિમાં સાવધાન હોય અને કદાચ જીવહિંસા થઈ જાય તો ત્યાં દ્રવ્યથી હિંસા છે પણ પ્રમત્તયોગ (બેજવાબદારીભર્યું વર્તન) ન હોવાથી તત્ત્વથી=પરમાર્થથી તો તે અહિંસા જ છે. **તત્ત્વાર્થ સૂત્ર** (અધ્યાય-૭, સૂત્ર-૮)માં પણ હિંસાનું લક્ષણ કરતાં કહ્યું છે કે-'પ્રમત્તપણે પ્રાણવિયોગ કરવો તે હિંસા છે.'

(૨) અસંયત ગૃહસ્થાદિ પ્રતિજ્ઞાપૂર્વક જીવહિંસાથી નિવૃત્ત ન થયા હોવાથી જીવોનો પ્રાણવિયોગ ન થાય તો પણ જીવોના પ્રાણરક્ષણનો ભાવ ન હોવાથી દ્રવ્યથી હિંસા નથી પણ ભાવથી હિંસા છે. ઉપલક્ષણથી સંયત હોવા છતાં અસાવધાનપણે ગમનાગમન કરનારને, ક્યારેય પણ જે (સૂક્ષ્મ એકેન્દ્રિય) જીવોની હિંસાનો સંભવ નથી તેને અનુલક્ષીને પણ "દ્રવ્યથી નહિ પણ ભાવથી હિંસા" તો તે સંયતને અવશ્ય લાગે છે. ઓઘનિર્યુક્તિ (ગાથા-૭૫૩)માં પણ કહ્યું છે કે-

'જે જીવો નિયમા ન હણાય તેવા છે તેઓનો પણ તે હિંસક છે.'

(૩) એ જ સંયતથી (તેમ જ તેવા અસંયત ગૃહસ્થથી) જીવહિંસા થઈ જાય તો ત્યાં દ્રવ્ય અને ભાવ ઉભયથી હિંસા છે.

(૪) ચિત્તપ્રણિધાન સ્વરૂપ જે અધ્યાત્મની વિશુદ્ધિથી ગર્ભિત સાવધાનપણે ગમનાગમનની ક્રિયા કરનાર આત્માના મન-વચન-કાયાના યોગો ધ્યાન વગેરેમાં એકાગ્ર સ્થિરપ્રાયઃ બની ગયા હોય ત્યારે પ્રાયઃ કોઈ જીવહિંસા થતી નથી એટલે ત્યાં દ્રવ્ય અને ભાવ ઉભયથી હિંસાનો અભાવ છે. ॥૩૯૩૩-૩૯૩૪॥

આ રીતે જિનેશ્વરદેવે ભાખેલા પ્રવચનમાં હિંસાના વિષયમાં ચાર ભંગો વર્ણવેલા છે. તેમાં પહેલા ભંગમાં કાયયોગની ચેષ્ટાથી જીવહિંસા હોવા છતાં પણ અપ્રમત્તભાવ=પૂર્ણ સાવધાની હોવાથી ભગવાને તેને ભાવથી અહિંસક કહ્યો છે, તેથી તેં જે કહ્યું કે 'વસ્ત્રછેદનની ક્રિયાથી હિંસા થાય છે' તે પ્રવચનમર્મોની સમ્યગ્ જાણકારીના અભાવનું પ્રદર્શનમાત્ર છે. ॥૧૧૬॥

ननु यद्येवमप्रमत्तादीनां सयोगिकेवलिपर्यन्तानां योगमात्रेण न हिंसा तदा गर्हणीयप्रवृत्तिप्रतिपक्षोऽकरणनियम एतेषु सर्वेष्वविशेषेणैवोच्यतां, इत्थं चात्र क्षीणमोहादिरेव मुनिरुपदेशपदवृत्त्यादौ* कथं शृंगग्राहिकया गृहीत इत्याशङ्कायामाह—

* उप० पदे श्लो० ७३१ टीका द्रष्टव्या ।

**શંકા :-** રાગદ્વેષ વિરહિત કેવળ યોગ હિંસાપ્રયોજક ન હોવાથી અપ્રમત્ત સંયતોથી માંડી સયોગી કેવલી સુધીના મુનિઓને બધાને નિરવિશેષપણે ઘૃણાસ્પદ નિંદ્યપ્રવૃત્તિના પ્રતિપક્ષભૂત અકરણનિયમ હોવાનું દર્શાવવું જોઈએ, તો પછી ક્ષીણમોહાદિ મુનિને જ ઉપદેશપદ શ્લોક ૭૩૧ અને તેની ટીકા વગેરેમાં શા માટે નામપૂર્વક ગ્રહણ કરીને અકરણનિયમ દર્શાવ્યો ? આ શંકાનું સમાધાન શ્લોક ૧૧૭માં પ્રાપ્ત થશે.

**परिणिट्ठियवयणमिणं जं एसो होइ खीणमोहंमि ।**
**उवसमसेढीए पुण एसो परिनिट्ठिओ ण हवे ॥११७॥**

**શ્લોકાર્થ :-** એ વચન પરિનિષ્ઠિત વચન છે. અકરણનિયમ ક્ષીણમોહ ગુણસ્થાનકમાં પૂર્ણતાએ પહોંચે છે, ઉપશમશ્રેણીમાં તે પરિપૂર્ણ બનતો નથી.

**यदेषो**ऽकरणनियमः **क्षीणमोहे** प्राथम्येन प्रवर्त्तत इत्युच्यते, **तत्परिनिष्ठितवचनं** क्षपकश्रेण्यामारब्धोऽयं क्षीणमोहे स्वरूपतो निष्ठां यातीत्यर्थः, अर्वाक् तु विशुद्धयमानेन निरतिचारचारित्रेणैव क्षपकश्रेण्यारोहात् फलतस्तदुपपत्तावपि यावन्न स्थितकर्मांशक्षयस्तावन्नास्य स्वरूपतो निष्ठा, कात्स्न्र्येन तादृशकर्माकरणायोगात्, कात्स्न्र्यस्यैव च निष्ठार्थत्वात्, यावच्च नेयं न तावद् गर्हणीयप्रवृत्तिकरणस्य योग्यतया निवृत्तिनिष्ठापीति द्रष्टव्यम् । फलतोऽप्यर्वाक्स्थानान्तरे व्यभिचारान्नाकरणनियम इति व्यवच्छेद्यं दर्शयति-**उपशमश्रेण्यां पुनरेषो**ऽकरणनियमः, **परिनिष्ठतो न भवेत्,** दशाविशेषे कार्याभावेपि स्वरूपतः कर्मणामनुच्छेदात् पुनः प्रतिपातावश्यकत्वात् । **तदुक्तम्**-*'*उवसाममुवणीआ'' इत्यादि [आ० नि० ११८] ।११७।*

**તાત્પર્યાર્થ :-** ક્ષીણમોહ ગુણસ્થાને પ્રથમપ્રથમ અકરણનિયમ પ્રવર્તે છે એમ જે **ઉપદેશપદ** આદિમાં કહ્યું છે તે પરિનિષ્ઠિત વચન સમજવું. તાત્પર્ય એ છે કે ક્ષપકશ્રેણીમાં તાત્ત્વિકપણે તેનો પ્રારંભ થાય છે અને ક્ષીણમોહગુણસ્થાને તે પરિપૂર્ણ બને છે. ક્ષીણમોહગુણસ્થાનક પૂર્વે ઉત્તરોત્તર વર્ધમાન વિશુદ્ધિગર્ભિત નિરતિચાર ચારિત્રના પ્રભાવે જ ક્ષપકશ્રેણીમાં આરોહણ થતું હોવાથી પરિણામને આશ્રયીને તે ગુણસ્થાનકોમાં અકરણનિયમ સંગત છે પણ અવસ્થિત (સત્તાગત) મોહનીયકર્મના અંશોનો સંપૂર્ણ ઉચ્છેદ ન હોવાથી અકરણનિયમ પણ સ્વરૂપથી અપૂર્ણ છે-પરિપૂર્ણ નથી. એટલે સંપૂર્ણપણે તેવા કર્મોનું અકરણ ત્યાં કહી શકાય તેમ નથી કારણ કે નિષ્ઠાનો અર્થ જ પરિપૂર્ણતા=સંપૂર્ણતા છે. જ્યાં સુધી સંપૂર્ણ-મોહનીયકર્મક્ષયપ્રયોજ્ય પરિપૂર્ણતા ન હોય ત્યાં સુધી ઘૃણાસ્પદ પ્રવૃત્તિકરણની યોગ્યતા રૂપે તેનો સદ્ભાવ હોવાથી તેની નિવૃત્તિની પરિપૂર્ણતા પણ નથી એ ધ્યાનપૂર્વક વિચારવાની જરૂર છે.

---

* उवसाममुवणीआ गुणमहया जिणचरितसरिसंपि पडिवायंति कसाया किं पुण सेसे सरागत्थे ? ॥११८॥

પરિણામને આશ્રયીને પણ ક્ષીણમોહથી પૂર્વગુણસ્થાનકોમાં વ્યભિચાર દોષના કારણે અકરણનિયમ વિના વિકલ્પે સ્વીકારાય તેવો નથી. તે જણાવતાં શ્લોકના ઉત્તરાર્ધમાં કહે છે કે-ઉપશમશ્રેણીમાં અકરણનિયમ પરિપૂર્ણતાને પણ પ્રાપ્ત કરી શકતો નથી. ત્યાં અગિયારમા ગુણસ્થાનકે મોહનીયકર્મની સર્વથા ઉપશાંત અવસ્થામાં ઘૃણાસ્પદ પ્રવૃત્તિ લેશમાત્ર ન હોવા છતાં પણ તેના પ્રયોજક કર્મનો સત્તામાંથી સ્વરૂપે વિચ્છેદ ન થયો હોવાથી અગિયારમા ગુણસ્થાનકથી પતન નિશ્ચિત છે. આવશ્યક નિર્યુક્તિ (ગાથા-૧૧૮) માં 'ઉપશાંત થઈ ગયેલ'... વગેરે કહ્યું છે. જેનો ભાવ એ છે કે-ઉપશમશ્રેણીમાં કષાયો ઉપશમાવ્યા પછી ગુણોથી મહાન અને વીતરાગતુલ્ય ઉપશમકને પણ પુનર્ ઉદિત થયેલા કષાયો પાડે છે તો બીજા સરાગીઓની તો વાત જ ક્યાં ? ॥૧૧૭॥

## વાચકજસની પ્રસાદી

## શુદ્ધ પ્રરૂપણા

(૧) તુજ આગમનો **શુદ્ધ પ્રરૂપક સુજસ** અમીયરસ ચાખે
૧૫૦/૧/૨૫

(૨) તુજ શાસન નય **શુદ્ધ પ્રરૂપણ**-ગુણથી શિવસુખ લહીએ-૧/૧

(૩) એહવા ગુણ ધરવા અણધીરા જો પણ **શુધુ ભાખે**
જિનશાસન શોભાવે તે પણ શુદ્ધા સંવેગ પાળી.

(૪) સાચું શુભમતિ ભાખે.

(૫) **સૂધું ભાખી જે** વળી જગમાં જિનમારગ અજુવાળે.

(૬) શુદ્ધ કથન તે ગુણમણિભરિયા

(૭) તેહ **વિશુદ્ધ કથન** બુધજનના સુરપતિ પણ ગુણ ગાવે.

(૮) **શુદ્ધ કથક હીણો** પણ સુંદર બોલે ઉપદેશમાલે.

(૯) **શુદ્ધ પ્રરૂપક સાધુ** નમીજે શરણ એહનું કીજે.

(૧૦) શુદ્ધ ક્રિયા ન કરી શકે તો તું **શુંધું** ભાખ. **શુદ્ધ પ્રરૂપક હુએ**
**કરી** જિનશાસન સ્થિતિ રાખ.

## ઉપદેશ ૩૧ - કેવળ દ્રવ્યહિંસા દોષકારક નથી.

ननु हिंसादेर्द्विधा परिणतिरेका द्रव्यतोऽपरा च भावतः, आद्या मोहनीयकर्मसत्ताजन्या, अपरा च तदुदयजन्या, तदुभयनिवृत्तिश्च मोहक्षय एवेति, क्षीणमोहस्य गर्हितमात्राऽप्रवृत्तिर्युक्तिमती न त्वन्वस्य, तस्य मोहसत्तया द्रव्यपरिणत्यप्रच्यवात्, अत एव तत्प्रच्यव एवाकरणनियमविशेषः क्षीण-मोहस्येत्याशङ्कायामाह–

**શંકા :-** હિંસાની પરિણતિ બે જાતની છે, દ્રવ્યહિંસાપરિણતિ અને ભાવહિંસાપરિણતિ. દ્રવ્ય હિંસાપરિણતિ મોહનીયકર્મની સત્તાથી પ્રેરિત છે જ્યારે બીજી મોહનીય કર્મના ઉદયથી પ્રેરિત છે. ઉભય પરિણતિની નિવૃત્તિ મોહનીયકર્મક્ષયપ્રેરિત છે. વસ્તુસ્થિતિ આ પ્રમાણે હોવાથી ક્ષીણમોહ વીતરાગીને જ 'ગર્હિતકાર્ય માત્રમાં અપ્રવૃત્તિ'નું કથન યુક્તિયુક્ત છે. બીજાઓને પૂર્વગુણસ્થાનકોમાં ગર્હિતકર્મમાં સર્વથા અપ્રવૃત્તિનું કથન યુક્તિયુક્ત નથી. કારણ કે મોહનીયકર્મ સત્તામાં હોવાથી તેમનામાંથી દ્રવ્યહિંસા પરિણતિ સર્વથા રદ થઈ નથી. અને તેથી જ દ્રવ્યહિંસાપરિણતિ રદ થયા પછી જ ક્ષીણમોહ વીતરાગીને વિશિષ્ટ પ્રકારના અકરણ-નિયમનું કથન સંગત થાય છે. શ્લોક-૧૧૮ માં આ શંકાનું સમાધાન કરવામાં આવ્યું છે-

**दव्वपरिणामचाए ण विसेसो जं ण तंमि तदवचओ ।**
**सुद्धस्स उ संपत्ती अफला सुत्तंमि पण्णत्ता ॥११८॥**

**શ્લોકાર્થ :-** દ્રવ્યહિંસાપરિણતિના ત્યાગથી (અકરણનિયમમાં) કોઈ વિશેષતા નથી. કારણકે દ્રવ્યહિંસા પરિણામ હોતે છતે તેનો અપચય નથી. શુદ્ધયતિની સંપત્તિ (=દ્રવ્યહિંસા) સૂત્રમાં નિષ્ફળ (બન્ધરહિત) કહી છે. ॥૧૧૮॥

**द्रव्यपरिणामत्यागे न विशेषः** प्रस्तुताकरणनियमस्येति दृश्यं. **यद्**=यस्मात् **तस्मिन्** द्रव्य-परिणामे सति **तदपचयो**ऽकरणनियमापकर्षः नास्ति, कथमेतदित्यत आह-**शुद्धस्य तु** ईर्याद्यु-पयुक्तस्य तु **संपत्तिः** प्राणव्यपरोपणोपधानरूपा सूत्रेऽफला कर्मबन्धफलाजननी प्रज्ञप्ता । तथा च सूत्रम्-[ओ० नि० ७४९-५०]

[३८]"उच्चालिअंमि पाए इरियासमियस्स संकमट्ठाए ।
वावज्जेज कुलिंगी मरेज्ज तं जोगमासज्ज ॥
[३९]ण हु तस्स तण्णिमित्तो बंधो सुहुमो वि देसिओ समए ।
अणवज्जो उवओगेण सव्वभावेण सो जम्हा ॥"

---

३८ उच्चालिते पादे ईर्यासमितस्य संक्रमार्थाय । व्यापद्यते कुलिंगी म्रियते तद्योगमासाद्य ॥
३९ न खलु तस्य तन्निमित्तो बन्धः सूक्ष्मोऽपि देशितः समये । अनवद्य उपयोगेन सर्वभावेन स यस्मात् ॥

न च यस्मिन् सति यदपकर्षो नास्ति तन्निवृत्तौ तदुत्कर्षो युज्यते, घटस्येव पटनिवृत्तौ । अपि च द्रव्यपरिणामत्यागोऽपि तस्य कथं श्रद्धेयः, हिंसादिसत्त्व एव रागादितीव्रमन्दताज्ञाताज्ञातभावाधिकरणवीर्यनानात्वात्, कर्म[बन्धा ?]बन्धनानात्वस्य तन्त्रे प्रतिपादनात् । तथा च **कल्पभाष्यम्**-

### (દ્રવ્ય પરિણામ ત્યાગથી અકરણનિયમની વિશેષતા નથી.)

**તાત્પર્યાર્થ :-** દ્રવ્યહિંસા પરિણતિના ત્યાગથી વિશિષ્ટ પ્રકારના અકરણનિયમની પ્રાપ્તિનું કથન યુક્તિયુક્ત નથી તેનું કારણ એ છે કે દ્રવ્યપરિણામના ત્યાગથી *અકરણનિયમની વિશેષતા ત્યારે જ કહી શકાય કે જ્યારે દ્રવ્યપરિણામની વિદ્યમાનતામાં* અકરણનિયમનો હ્રાસ પણ થતો હોય-પણ તેવું નથી. અર્થાત્ **ઓઘનિર્યુક્તિ** શાસ્ત્રમાં કહ્યા મુજબ જે ઈર્યાદિસમિતિમાં શુદ્ધપણે ઉપયુક્ત-સાવધાન છે તેને સંપત્તિ થાય એટલે કે કદાચિત અન્ય જીવનો ઔપાધિક પ્રાણવિયોગ થાય, તો પણ તે નિષ્ફળ હોય છે. કારણ કે ત્યાં કર્મબંધ સ્વરૂપ ફળનો ઉદ્ભવ નથી. **ઓઘનિર્યુક્તિના** તે સૂત્રનો ભાવાર્થ આ પ્રમાણે છે-

"ઈર્યાસમિતિમાં ઉપયુક્ત સાધુએ ચાલવા માટે પગ ઉપાડ્યા પછી કોઈક વિકલેન્દ્રિય જીવ તેની નીચે આવીને પાદનિક્ષેપના નિમિત્તે મરી જાય તો પણ શાસ્ત્રમાં તે નિમિત્તે તે સાધુને સૂક્ષ્મ પણ કર્મબંધ જણાવ્યો નથી. કારણ કે (તેને બચાવવા માટે) સર્વપ્રયત્નથી ઉપયોગવંત હોવાથી તે નિર્દોષ છે."

"જેની વિદ્યમાનતામાં જે અન્ય વસ્તુનો કોઈ અપકર્ષ ન થતો હોય તેની નિવૃત્તિથી તે વસ્તુનો કોઈ ઉત્કર્ષ પણ થતો નથી."-આ નિયમ છે.

દા.ત. પટની વિદ્યમાનતામાં ઘટને કોઈ નુકસાન નથી, તો પટની નિવૃત્તિ ન થવાથી ઘટને કોઈ લાભ થતો નથી. એ જ રીતે પ્રસ્તુતમાં દ્રવ્યહિંસા પરિણતિની વિદ્યમાનતામાં ઓઘનિર્યુક્તિના વચનના આધારે અકરણનિયમનો હ્રાસ ન હોવાથી દ્રવ્યહિંસાપરિણતિના ત્યાગથી અકરણનિયમ વિશિષ્ટ પ્રકારનો બનવાની શક્યતા નથી.

વળી, ક્ષીણમોહીને દ્રવ્યપરિણામના ત્યાગમાં પણ કયા આધારે શ્રદ્ધા રાખવી ? કર્મબંધની તરતમતા દ્રવ્યાશ્રવ પરિણામત્યાગ પ્રયુક્ત નથી કે જેથી કર્મબંધની તરતમતાથી દ્રવ્યાશ્રવપરિણતિત્યાગનું અનુમાન થઈ શકે. કર્મબંધની તરતમતાનો આધાર તો શ્રી **તત્ત્વાર્થસૂત્ર** (૬ અ.-૭ સૂત્ર)માં હિંસાદિની વિદ્યમાનતામાં રાગાદિની તીવ્રમંદતા, જ્ઞાતભાવ-અજ્ઞાતભાવ, વીર્યની તરતમતા અને અધિકરણની તરતમતા કહ્યો છે.

**કલ્પભાષ્યમાં** પણ આ જ અર્થનું પ્રતિપાદન કરતી (૩૯૩૬થી ૩૯૪૯) ગાથાઓનો સારાંશ નીચે પ્રમાણે છે-

[40]"तिव्वे मंदे णायमणाए भावाहिकरणविरिए अ ।
जह दीसति नाणत्तं तह जाणसु कम्मबंधे वि ॥" ३९३६॥

**(કર્મબંધની તરતમતામાં ભાગ ભજવનાર તત્ત્વો)**

હિંસાદિ પાપકૃત્ય આચરનારનો રાગાદિ પરિણામ તીવ્ર પણ હોય અને મંદ પણ હોય. એક હિંસા કરનારને હિંસાદિના ફલવિપાકનું અથવા મરનાર જીવનું જીવરૂપે જ્ઞાન હોય અને હિંસા કરે, બીજો એવું જાણ્યા વિના જ એમને એમ જ જીવહિંસા કરે છે. તથા ભાવ-ઔદયિક વગેરે, અધિકરણ નિવર્તનાદિ પૂર્વોક્ત પ્રકારે, વીર્ય-શારીરિક બળ અથવા બાળક કે પંડિતનું સામર્થ્ય-આ બધી તીવ્ર-મંદાદિ સ્વરૂપ ભિન્નતા રાગાદિમાં જેમ હોય છે તે જ પ્રમાણે કર્મબંધમાં પણ જાણવી. ॥૩૯૩૬॥

[41]"तिव्वेहिं होइ तिव्वो रागादीएहि उवचओ कम्मे । मंदेहि होइ मंदो मज्झिमपरिणामओ मज्झो ॥"

પાપ કરનારના રાગાદિભાવ જો તીવ્ર=સંક્લિષ્ટ પરિણામ ગર્ભિત હોય તો કર્મનો ઉપચય તીવ્ર થાય છે અને મંદ હોય તો મંદ થાય છે. મધ્યમ પરિણામથી મધ્યમ કર્મનો ઉપચય થાય છે. ॥૩૯૩૭॥

[42]जाणं करेइ एक्को हिंसमजाणमपरो अविरतो अ । तत्थ वि बंधविसेसो महंतरं देसिओ समए।

બે અવિરત છે એમાંથી એક જાણી જોઈને વિચારપૂર્વક હિંસા કરે છે. બીજો અજાણતાં કરે છે, તેમના બંધભેદમાં પણ સિદ્ધાન્તમાં ઘણું અંતર કહ્યું છે. જાણી જોઈને જીવહિંસા કરનાર તીવ્ર રસવાળું અતિઘણું કર્મ બાંધે છે, જ્યારે બીજો મંદતર વિપાકી અતિઅલ્પ કર્મબંધ કરે છે. ॥૩૯૩૮॥

[43]"विरतो पुण जो जाणं कुणइ अजाणं च अप्पमत्तो व ।
तत्थ वि अज्झत्थसमा संजायति णिज्जरा ण चओ ॥

પ્રાણાતિપાત વગેરેમાંથી નિવૃત્ત વિરતિધર, દોષ છે તેમ જાણતો હોવા છતાં પણ ગીતાર્થ હોવાથી આગાઢ દ્રવ્યક્ષેત્રાદિ પ્રયોજનમાં જોકે ફલાદિના ગ્રહણમાં હિંસા કરે છે. અથવા વિકથાદિપ્રમાદરહિત સાવધાન મુનિથી પણ અજાણપણામાં કોઈક પ્રાણીનો ઉપઘાત થઈ જાય છે તો પણ પોતપોતાના અધ્યાત્મસમાન અર્થાત્ ચિત્તપ્રણિધાનતુલ્ય નિર્જરા થાય છે. જેવો તીવ્ર-મધ્યમ કે મંદ શુભ અધ્યવસાય હોય તે મુજબ કર્મનિર્જરા થાય છે. કર્મબંધ

---

૪૦ तीव्रो मन्दो ज्ञाताज्ञातयोर्भावाधिकरणवीर्येषु च । यथा दृश्यते नानात्वं तथा जानीहि कर्मबन्धेऽपि ॥

૪૧ तीव्रैर्भवति तीव्रो रागादिभिरुपचयः कर्मणि । मन्दैर्भवति मन्दो मध्यमपरिणामतो मध्यः ॥

૪૨ जानन्करोत्येको हिंसामजानन्नपरोऽविरतश्च । तत्रापि बन्धविशेषो महदन्तरो देशितः समये ॥

૪૩ विरतः पुनर्यो जानन् करोत्यजानंश्चाऽप्रमत्तो वा । तत्राप्यध्यात्मसमा सञ्जायते निर्जरा न चयः ॥

તો સૂક્ષ્મ પણ તે નિમિત્તે થતો નથી. કારણ કે પહેલો ગીતાર્થ હોવાથી જયણાપૂર્વક ભગવાનની આજ્ઞામુજબ પ્રવર્તી રહ્યો છે. બીજો અપ્રમત્ત છે એટલે અજાણતાં પ્રાણી ઉપઘાત થવા છતાં પણ નિર્દોષ છે. ॥૩૯૩૯॥

[૪૪]"एगो खओवसमिए वट्टति भावे परो अ ओदइए ।
तत्थ वि बंधविसेसो संजायति भावणाणत्ता ॥"

એક ક્ષાયોપશમિક ભાવમાં વર્તે છે જ્યારે બીજો ઔદયિક ભાવમાં વર્તે છે. ત્યાં પણ ભાવ ભિન્ન ભિન્ન પ્રકારનો હોવાથી બંધમાં તફાવત પડે છે. જે ઔદયિક ભાવમાં વર્તતો હોય છે તે અતિ તીવ્ર કર્મબંધ કરે છે. અને જે ક્ષાયોપશમિક ભાવમાં વર્તે છે તે અતિમંદ કર્મબંધ કરે છે. ॥૩૯૪૦॥

[૪૫]"एमेव ओवसमिए खओवसमिए तहेव खइए अ ।
बन्धाबन्धविसेसो ण तुल्लबन्धा य जे बन्धी ॥"

એ જ રીતે ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિકભાવમાં પણ બંધ-અબંધમાં તફાવત છે. વળી, કર્મોનો બંધ કરનાર જીવો પણ તુલ્ય બંધક નથી પણ પ્રકૃતિ-સ્થિતિ-રસ અને પ્રદેશને આશ્રયીને અન્યોન્ય ભિન્ન ભિન્ન પ્રકારનો કર્મબંધ કરનારા છે. ॥૩૯૪૧॥

[૪૬]"अहिगरणं पुव्वुत्तं चउव्विहं तं समासओ दुविहं ।
णिव्वत्तणयाए अ संजोगे चेव णेगविहं ॥"

## (અધિકરણના પ્રકારો નિર્વર્તનાદિ)

પૂર્વે કલ્પભાષ્યના પહેલા ઉદ્દેશમાં નિર્વર્તના-નિક્ષેપણ-સંયોજના અને નિસર્જના આમ ચાર ભેદે અધિકરણ કહ્યું છે. સંક્ષેપથી તેના બે પ્રકાર છે-નિર્વર્તના અને સંયોજના. વળી બન્નેના અનેક પ્રકારો છે. ॥૩૯૪૨॥

[૪૭]एगो करेइ परसुं णिव्वत्तेइ णखछेदणं अवरो ।
कुंतकणगे य वेज्झे आरिय सूई अ अवरो उ ॥"

**નિર્વર્તના** :- એક લુહાર કુઠાર બનાવે છે બીજો નરેણી (નખકાપણી) બનાવે છે તથા એક ભાલો કે કનક-એકજાતનું બાણ કે પછી શક્તિ-શૂળ વગેરે અન્ય શરીર વેધક (પ્રાણ-ઘાતક) હથિયારો બનાવે છે, તો બીજો આરી કે સોય બનાવે છે. આ બેમાં કુઠાર-ભાલો

૪૪ एक: क्षायोपशमिके वर्तते भावे परश्चौदयिके । तत्रापि बन्धविशेष: सञ्जायते भावनानात्वात् ॥
૪૫ एवमेवौपशमिके क्षायोपशमिके तथैव क्षायिके च । बन्धाबन्धविशेषो न तुल्यबन्धकाश्च ये बन्धिन: ॥
૪૬ अधिकरणं पूर्वोक्तं चतुर्विधं (पूर्वं प्रथमोद्देशके यथा निर्वर्तना १ निक्षेपणा २ संयोजना ३ निसर्जना ४ भेदाच्चतुर्विधमुक्तं तथैव ज्ञातव्यं नवरं) तत्समासतो द्विविधम् । निर्वर्तनायां च संयोगे चैवानेकविधम् ॥
૪૭ एक: करोति परशुं निर्वर्तयति नखच्छेदनमपर: । कुन्तकणकौ च वेध्यकौ आरिकां सूचिश्चापरस्तु ॥

વગેરે બનાવનાર તીવ્ર કર્મબંધ કરે છે જ્યારે નરેણી વગેરે બનાવનારાને કર્મબંધ અલ્પ થાય છે. ॥૩૯૪૩॥

[૪૮]"सूईसुं पि विसेसो कारणसूईसु सिव्वणीसुं च ।
संगामिय परियाणिअ एमेव य जाणमाईसु ॥"

સોયામાં પણ તફાવત છે. એક કારણ સૂચિ અને બીજી સીવવાની સૂચિ (સોય). તેમાં જે નખના મૂળ વગેરેમાં ખોસીને બીજાને મારી નાખવાના ઉદ્દેશથી બનાવાય છે તે કારણ સૂચિ કહેવાય છે. તે બનાવવામાં કર્મબંધ ઘણો થાય છે. વસ્ત્ર સીવવા માટે બનાવાતી સોયોમાં કર્મબંધ અલ્પ થાય છે એ જ રીતે યાન વગેરેમાં પણ જાણવું. કોઈક યુદ્ધ માટે વાહન બનાવે છે જેના પર આરૂઢ થઈને યુદ્ધ કરી શકાય. બીજો ગમનાગમન માટે વાહન બનાવે છે. પહેલાને કર્મબંધ ઘણો છે, બીજાને અલ્પ છે. ॥૩૯૪૪॥

[૪૯]"कारगकरेंतगाणं अहिगरणं चेव तं तहा कुणई ।
जह परिणामविसेसो संजायति तेसु वत्थूसु ।

આ બધાં અધિકરણ બનાવનાર અને બનાવવા માટે આદેશ આપનારાઓને જેવી વસ્તુ તેવા સંક્લિષ્ટ અને અસંક્લિષ્ટ અધ્યવસાયો ઉત્પન્ન કરાવે છે. દા.ત. 'હું આ કુઠાર વગેરે બનાવડાવું અને એનાથી વૈરીનો નાશ કરું જેથી ટાઢક થાય.' આ રીતે તત્ત્વતઃ પરિણામની વિચિત્રતાથી જ કર્મબંધનો તફાવત છે. ॥૩૯૪૫॥

[૫૦]"संजोययते कूडं हलं पडं ओसहे य अण्णोण्णं ।
भोअणविहिं च अण्णो तत्थ वि नाणत्तगं बहुहा ॥"

**સંયોજના :-** કોઈક શિકારી પશુઓને પકડવા માટે કૂટજાળની રચના દોરીઓ બાંધીને કરે છે, બીજો ખેતર ખેડવા માટે હળનું યુગ સાથે સંયોજન કરે છે, તો ત્રીજો કોઈક બે વસ્ત્ર સીવીને જોડે છે. કોઈક વૈદ્ય હરડે વગેરે ઔષધો પરસ્પર મેળવે છે. બીજો ખાવાનો શોખીન દાળ-ભાત-ઘી વગેરેનું સંયોજન કરે છે. અહીં પણ કર્મબંધમાં ઘણો તફાવત જાણવો. કૂટજાળ રચનાનું પરિણામ સંક્લિષ્ટ હોવાથી અતિતીવ્ર કર્મબંધ થાય છે. વસ્ત્ર સીવનારને ઘણું અલ્પ થાય છે. ॥૩૯૪૬॥

[૫૧]"णिव्वत्तणा य संजोअणा य सगडाइएसु अ भवंति ।
आसज्जुत्तरकरणं णिव्वत्ती मूलकरणं तु ॥

---

૪૮ सूचीष्वपि विशेषः कारणसूचीषु सीवनीषु च । सांग्रामिकं पारियानिकमेवमेव च यानादिषु ।

૪૯ कारककुर्वतोरधिकरणं चैव तत्तथा करोति । यथा परिणामविशेषस्संजायते तेषु वस्तुषु ॥

૫૦ संयोजयति कूटं हलं पटं औषधानि चान्योन्यम् । भोजनविधिं च अन्यस्तत्रापि नानात्वकं बहुधा ॥

૫૧ निर्वर्तना च संयोजना च शकटादिकेषु च भवतः । आसाद्योत्तरकरणं निवृत्तिर्मूलकरणन्तु ॥

ક્યાંક નિર્વર્તના અને સંયોજના ઉભય હોય છે. દા.ત. ગાડાના ચક્ર વગેરે અંગોના નિષ્પાદનમાં નિર્વર્તના અધિકરણ છે અને તે જ અંગોને પરસ્પર યથોચિતપણે જોડીને ગાડુ બનાવે તે સંયોજના. સંયોજના એ ઉત્તરકરણ છે (ઉત્તરકાલીન ક્રિયારૂપ છે) તેની અપેક્ષાએ નિર્વર્તના મૂળ કરણ છે. ॥૩૯૪૭॥

[५२]"देहबलं खलु विरियं बलसरिसो चेव होइ परिणामो ।
आसज्ज देहविरियं छट्ठाणगया तु सव्वत्तो ॥"

**(વીર્યની તરતમતાથી કર્મબંધની તરતમતા)**

**વીર્યદ્વાર :-** સંઘયણના પ્રભાવે શરીરમાં ઉદ્ભવતું બળ તે વીર્ય જાણવું. બળને અનુસરીને પણ જીવનો શુભાશુભ પરિણામ પ્રવર્તે છે. છેવટના સંઘયણવાળા જીવનો શુભાશુભ પરિણામ અલ્પબળ હોવાથી મંદ જ હોય છે-તીવ્ર હોતો નથી. એટલે તેને શુભાશુભ કર્મબંધ અલ્પતર થાય છે. તેથી ઊર્ધ્વલોકમાં ચાર દેવલોકથી ઉપરના દેવલોકમાં અને અધોલોકમાં બે નરકપૃથ્વીથી નીચેની નરકમાં તેનો જન્મ થતો નથી. બીજા કિલિકા વગેરે સંઘયણમાં પણ આ રીતે સમજુતી જાણવી. આ દેહવીર્યને આશ્રયીને બધા જ સંઘયણોમાં જીવો ષટ્સ્થાન પતિત હોય છે. ॥૩૯૪૮॥

[५३]"अहवा बालाईयं तिविहं विरिअं समासओ होइ ।
बंधविसेसो तिण्हवि पंडिय बंधी अबन्धी अ ॥" ३९४९॥

અથવા સંક્ષેપથી વીર્યના બાળાદિ ત્રણ પ્રકાર છે. (૧) બાળ એટલે અસંયત. પ્રાણાતિપાત વગેરે અસંયમ આચરવામાં અસંયતનું જે વીર્ય તે બાળવીર્ય. (૨) બાળપંડિત એટલે દેશવિરત, સંયમાસંયમમાં તેનું જે વીર્ય તે બાળપંડિત વીર્ય. (૩) પંડિત એટલે કે સર્વ વિરતિધરનું સર્વસંયમમાં જે વીર્ય તે પંડિતવીર્ય. આ ત્રણેયને કર્મબંધમાં તફાવત છે. બાલવીર્યવાનને કર્મબંધ ઘણો છે. બાળપંડિતવીર્યવાનને અલ્પતર છે. પંડિતવીર્યવાનને અલ્પાતિઅલ્પ છે. પ્રમાદ વગેરે કર્મબંધના જે જે હેતુઓ જે જે ગુણસ્થાનકે જેટલા વિદ્યમાન હોય છે તેથી પંડિતને પણ અવશ્ય બંધ થાય છે. જ્યારે બીજા પંડિતને સર્વથા નથી હોતો. પ્રમત્ત સંયતથી સયોગી કેવલી સુધીના પંડિતોને બંધ છે. અયોગી કેવલી પંડિત અબંધક છે. ॥૩૯૪૯॥

यथाहि घातकचित्तबलात् पूर्वदशायामधिकरणभावपरिणतमपि शरीरादिकं घातकचित्तविगमे न दोषाय तद्वद् द्रव्याश्रवपरिणामोऽपि तथा, न चेदेवं तदोपकरणादिना द्रव्यपरिग्रहोऽपि दोषाय भविष्यति । "तत्थ अरत्तदुट्ठस्स साहूणो धम्मोवगरणं पढमो[५४]" [ ]

५२ देहबलं खलु वीर्यं बलसदृशश्चैव भवति परिणामः । आसाद्य देहवीर्यं षट्स्थानगतास्तु सर्वतः ॥
५३ अथवा बालादिकं त्रिविधं वीर्यं समासतो भवति । बन्धविशेषस्त्रयाणामपि पंडितो बन्ध्यबन्धी च ॥
५४ तत्राऽरक्तद्विष्टस्य साधोर्धर्मोपकरणं प्रथमः ॥

इतिवचनेन धर्मोपकरणस्यापि द्रव्यतः परिग्रहत्वनिर्णयात् । 'द्रव्यपरिग्रहपरिणतिर्न दोषाय द्रव्यहिंसापरिणतिस्तु दोषाये'ति तु स्वगृह एव निगद्यमानं शोभते । एतेन ततो घातकचित्ताक्षेपोऽपि निरस्तः । अथापवादं विना जानतो हिंसा दुष्टैव दृष्टा, हन्त तर्हि सौम्य ! जानतोऽपवादं विना द्रव्यपरिग्रहोऽपि किं न तथा, 'अशक्यपरिहारः स' इति चेत् ? इतरत्रापि तुल्यमेतत्, नह्युपेत्य हिंसादौ प्रवृत्तिरितरस्यापि सम्भवति । **अथ** क्षीणेऽन्तराये नाशक्यपरिहारसंभवो, धर्मोपकरणधरणं तु व्यवहारसंग्रहार्थमिति **चेत् ?** अस्तु तथा, तथापि दोषनिवारणं कुतः, रागाद्यभावादिति चेत्, एवं गमनादिप्रवृत्तावपि पुद्गलाभिघातजपरप्राणव्यपरोपणे रागादिरहितस्य किं दूषणं ? योगानामशुद्धतापत्तिरिति चेत्, न, योगानामशुद्धतायाः शुद्धताया वा स्वरूपतोऽव्यवस्थितत्वाद्रागादिसाहित्याऽसाहित्याभ्यामेव तद्व्यवस्थितेः । अत एवापवादपदप्रत्यययाया विराधनाया अपि निर्जराहेतुत्वं तत्र तत्र व्यवस्थापितम् । 'व्यवहारतोऽशुद्धा अपि योगाः कथं भगवतां सम्भवन्ती'ति चेत्, नन्वेवं व्यवहारतोऽशुद्धा नीहारादिविधयोऽपि तेषां त्यज्यन्ताम्, 'शास्त्रव्यवहारतः शुद्धा एव ते' इति चेत्, इतरेऽपि ततस्तथैवेति दिक् ॥११८॥

**(દ્રવ્ય પરિગ્રહની જેમ દ્રવ્યાશ્રવપરિણામ નિર્દોષ છે.)**

જેમ પૂર્વાવસ્થામાં ચિત્તના હિંસક પરિણામથી અધિકરણભાવમાં પરિણમી ગયેલું શરીર વગેરે, ચિત્તમાંથી હિંસક પરિણામ રદ થયા પછી દોષ આપાદક બનતું નથી, એ જ રીતે દ્રવ્યતઃ આશ્રવ પરિણામ અર્થાત્ (નદી ઊતરવા વગેરેમાં) દ્રવ્યહિંસા પણ ચિત્તમાં હિંસક પરિણામ ન હોવાથી દોષઆપાદક બનતી નથી. આમ ન માનતાં જો દ્રવ્યાશ્રવ પરિણામને દોષિત જ માની લેવામાં આવે તો ધર્મસાધક ઉપકરણ વગેરે પણ દ્રવ્યતઃ પરિગ્રહ સ્વરૂપ હોવાથી તે પણ દોષિત ઠરશે. કારણ કે 'तत्थ अरत्तदुट्ठस्स....' ઇત્યાદિ શાસ્ત્ર વચનથી ધર્મોપકરણ પણ દ્રવ્યતઃ પરિગ્રહ રૂપ છે તે સુનિશ્ચિત છે.

"દ્રવ્યતઃ પરિગ્રહપરિણામ દોષિત નથી પણ દ્રવ્યહિંસાપરિણામ દોષિત છે." આમ કહેવું યુક્તિહીન હોવાથી એ તો કેવળ પોતાના ઘરમાં કહેવું શોભે, વિદ્વાનોની સભામાં એમ કહેવું એ તો હાસ્યાસ્પદ છે. આનાથી એ દલીલનું પણ નિરાકરણ થઈ જાય છે કે- "દ્રવ્ય હિંસા પરિણતિ ચિત્તમાં હિંસકપરિણામપ્રયોજક હોવાથી દોષિત છે"-કારણ કે એનાથી એની સામે દ્રવ્ય પરિગ્રહપરિણતિ ભાવથી મૂર્છામાં પ્રયોજક બનવાની આપત્તિ ઊભી થાય છે. અપવાદ વિના જાણપણામાં થતી હિંસા જો દુષ્ટ જ હોય તો પછી અપવાદ વિના જાણપણામાં કરાતો ધર્મોપકરણનો પરિગ્રહ દુષ્ટ કેમ નહિ ? જો અહીંયાં એવી દલીલ કરવામાં આવે કે ધર્મોપકરણનો ત્યાગ કરવો અશક્ય છે તો સામે પક્ષે પણ દલીલ સરખી

છે. ધર્મસાધક દ્રવ્યહિંસાનો ત્યાગ અશક્ય છે. કારણ કે હિંસા કરવાના સંક્લિષ્ટ પરિણામથી પ્રેરાઈને ત્યાં હિંસા કરવામાં આવતી નથી, કિંતુ યોગચંચળતા આદિ કારણે જે હિંસા અવશ્યંભાવિ છે તેનો પરિહાર થઈ શકતો નથી. જો એવી દલીલ કરવામાં આવે કે 'અંતરાય કર્મ ક્ષીણ થઈ ગયા પછી જીવ ધારે તેમ કરી શકે એમ હોવાથી દ્રવ્યહિંસાનો ત્યાગ અશક્ય નથી, જ્યારે લૌકિક સભ્ય વ્યવહારના પાલન માટે ધર્મોપકરણનો ત્યાગ અશક્ય છે.' તો એ પણ બરાબર નથી કારણ કે એકવાર દ્રવ્યતઃ પરિગ્રહ સ્વરૂપ દ્રવ્યાશ્રવપરિણામને દોષિત માન્યા પછી તેનો ત્યાગ અશક્ય હોવા માત્રથી દોષનું નિવારણ થઈ જતું નથી. જો એમ કહેવામાં આવે કે ધર્મોપકરણ રાખવામાં રાગાદિભાવ ન હોવાથી ત્યાં દોષ નથી તો ગમનાગમન વગેરે પ્રવૃત્તિમાં પુદ્ગલ અભિઘાત પ્રયુક્ત પરપ્રાણવિયોગ હોવાથી રાગાદિ રહિતને શું દોષ છે ? 'તેમાં યોગો અશુદ્ધ થઈ જવાની આપત્તિ છે' તેમ કહેવું પણ બરાબર નથી કારણ કે યોગોમાં શુદ્ધતા કે અશુદ્ધતા સ્વરૂપ પ્રયુક્ત નથી (અર્થાત્ અમુક પ્રકારના યોગો શુદ્ધ અને અમુક પ્રકારના અશુદ્ધ એવી નિશ્ચિત ભેદરેખા નથી) પણ રાગાદિપૂર્વકત્વ અને તદભાવ એ જ યોગોમાં શુદ્ધિ-અશુદ્ધિ પ્રયોજક છે અને તેથી જ તો-

**(અપવાદની વિરાધનાથી પણ નિર્જરાફળ)**

जा जयमाणस्स भवे विराहणा सुत्तविहिसमग्गस्स ।
सा होइ णिज्जरफला अज्झत्थविसोहिजुत्तस्स ॥

આ વચનથી શાસ્ત્રમાં અપવાદપદે થતી વિરાધનાને પણ નિર્જરાના હેતુ રૂપે સિદ્ધ કરી દર્શાવી છે. જેને એવી શંકા થતી હોય કે-રાગાદિ પ્રયુક્ત યોગાશુદ્ધિ દ્રવ્યહિંસામાં ભલે ન હોય પરંતુ વ્યાવહારિક અશુદ્ધિ તેમાં અવગણી શકાય તેમ નથી. અને આવી વ્યાવહારિક અશુદ્ધિ કેવલી ભગવાનના યોગમાં માનવી ઉચિત ન ગણાય-તો આવી શંકાવાળાએ વ્યવહારથી અશુદ્ધ અર્થાત્ જુગુપ્સનીય એવી કેવલી ભગવાનની નીહારાદિ ચેષ્ટા પણ માનવી જોઈએ નહિ. જો તેમાં એવો બચાવ કરાય કે લોકવ્યવહારમાં નીહારાદિ ચેષ્ટા અશુદ્ધ હોવા છતાં પણ શાસ્ત્રીય વ્યવહારમાં શુદ્ધ જ છે તો આ દલીલને સામા પક્ષમાં પણ પૂર્ણ અવકાશ છે. લોકવ્યવહારથી દ્રવ્યહિંસાપ્રયોજક યોગ અશુદ્ધ મનાય તો પણ શાસ્ત્રીય વ્યવહારથી તે શુદ્ધ જ છે. આ સૂચિત દિશામુજબ દ્રવ્યમૃષાવાદ વગેરેમાં પણ સમજી લેવું. ॥૧૧૮॥

## ઉપદેશ ૩૨ - વીતરાગની પ્રવૃત્તિ નિંદ્ય ન હોય.

ननु यद्येवं द्रव्यहिंसादेर्न गर्हणीयत्वं तदा कः प्राग्गर्हणीयलेशोऽस्ति, कथं च न किञ्चिदपि गर्हणीयं क्षीणमोहस्येत्याशङ्कायामाह-

**પ્રશ્ન :-** જો આ પ્રમાણે દ્રવ્યહિંસા અનિંદ્ય હોય તો ક્ષીણમોહ ગુણસ્થાનકની પૂર્વાવસ્થામાં કોઈક નિંદ્યતાનો છાંટો છે કે નહિ ? અને ક્ષીણમોહી વીતરાગીને લેશમાત્ર પણ નિંદ્ય પ્રવૃત્તિ ન જ હોય એ કઈ રીતે ? આ પ્રશ્નનો ઉત્તર શ્લોક ૧૧૯માં પ્રસ્તુત કર્યો છે.

**सव्वे वि अ अइयारा संजलणाणं तु उदयओ हुंति ।**
**एयस्स होइ निट्ठा तयभावे वीयरागस्स ॥११९॥**

**શ્લોકાર્થ :-** બધા જ અતિચારો સંજ્વલન કષાયથી લાગે છે. વીતરાગને તે ન હોવાથી અકરણનિયમની પૂર્ણતા હોય છે. ॥૧૧૯॥

**सर्वेऽपि चातिचाराः संज्वलनानामुदयाद् भवन्ति,** चारित्रिणां हस्तिशरीरव्रणतुल्याश्चारित्र-देशभंगरूपाः, **तदभावे वीतरागस्य एतस्य**=अकरणनियमस्य **निष्ठा भवति,** कदापि लेशतोऽपि गर्हणीयाकरणात्, अत एव केवली क्षीणचारित्रावरणत्वात् निरतिचारसंयमत्वादप्रतिषेवित्वाच्च न कदाचिदपि प्राणानामातिपातयिता भवतीत्यन्यत्रोक्तं, संज्वलनोदयादिसंपाद्यायास्तत्र फलनिरपेक्ष-प्रवृत्तेरभावात् ॥११९॥

### (અતિચારમૂળ સંજ્વલન કષાયનો વીતરાગને અભાવ)

**તાત્પર્યાર્થ :-** ચારિત્રમોહનીય કર્મમાં કષાયના મુખ્ય ચાર ભેદ છે. ૧. અનંતાનુબંધી ૨. અપ્રત્યાખ્યાની ૩. પ્રત્યાખ્યાની ૪. સંજ્વલન. સંયમમાં લાગતા સૂક્ષ્મ દોષો અતિચાર કહેવાય છે. આ અતિચારો લાગવાનું કારણ છઠ્ઠા વગેરે ગુણઠાણામાં વર્તમાન સંજ્વલન કષાયનો ઉદય છે. જેમ હાથીના શરીર પર અંકુશ વગેરે હથિયારથી નાના નાના ઘા લાગ્યા હોય તેમ ચારિત્રરૂપી શરીર ઉપર પણ સંજ્વલન કષાયના ઉદયથી આંશિક ભંગ સ્વરૂપ અતિચારદોષો ઘા રૂપે લાગે છે. ક્ષપકશ્રેણિમાં દશમા ગુણસ્થાનકના અંતિમ સમયે સંજ્વલન કષાયની સત્તાનો સંપૂર્ણપણે વિચ્છેદ થાય છે એટલે એ પછીના સમયથી માંડીને તે ક્ષીણમોહ વીતરાગીને નામે ઓળખાય છે. તેમને હવે સંજ્વલન કષાયનો ઉદય પણ ન હોવાથી અતિચાર લાગતા નથી. એટલે તેઓનો અકરણનિયમ આ રીતે પરિપૂર્ણ હોવાથી લેશમાત્ર પણ નિંદ્યપ્રવૃત્તિને અવકાશ નથી. 'ચારિત્રાવરણ મોહનીય કર્મ સર્વથા ક્ષીણ થઈ ગયું હોવાથી, સંયમ નિરતિચાર હોવાથી કોઈપણ જાતની પ્રતિસેવા અર્થાત્ કોઈપણ જાતનું આપવાદિક વર્તન ન હોવાથી, કેવલી ભગવંત ક્યારેય પણ કોઈનો પ્રાણવિયોગ કરતા

નથી' એમ અન્ય શાસ્ત્રોમાં કહ્યું છે. છઠ્ઠા વગેરે ગુણસ્થાનકમાં સંજ્વલન કષાયના ઉદયથી જેવી ફળનિરપેક્ષ પ્રવૃત્તિ થતી હોય છે તેવી ફળનિરપેક્ષપ્રવૃત્તિ સંજ્વલન કષાયનો ઉદય ન હોવાથી કેવલીને હોતી નથી. ॥૧૧૯॥

ननु तथापि द्रव्यहिंसायास्तत्त्वतो गर्हणीयत्वं मा भूल्लोकगर्हणीयत्वं त्वस्त्येवेति कथं लोकगर्हणीया प्रवृत्तिः क्षीणमोहस्योपपद्यत इत्याशङ्कायां 'लोकः किमत्र शिष्टोऽशिष्टो वाभिप्रेत' इति विकल्प्याद्यविकल्पं मनसिकृत्याह—

**શંકા :-** દ્રવ્યહિંસા તત્ત્વદૃષ્ટિએ ભલે નિંદ્ય ન હોય પણ લોકદૃષ્ટિએ તો નિંદ્ય જ છે. ક્ષીણમોહ વીતરાગીને લોકનિંદ્યપ્રવૃત્તિનો સંભવ પણ કઈ રીતે ઘટી શકે ? આ શંકાના ઉત્તરમાં બે વિકલ્પ ઊભા થાય છે. લોકનિંદ્ય શબ્દમાં 'લોક' શબ્દથી શંકાકારને શિષ્ટલોક અભિપ્રેત છે કે અશિષ્ટલોક અભિપ્રેત છે ? જો શિષ્ટલોક અભિપ્રેત હોય તો તે શંકાનો ઉત્તર શ્લોક ૧૨૦માં આ પ્રમાણે જણાવ્યો છે—

**सामाइअं चिय जओ उचियपवित्तिप्पहाणमक्खायं ।**
**तो तग्गुणस्स ण हवइ कइया वि हु गरहणिज्जत्तं ॥१२०॥**

**શ્લોકાર્થ :-** સામાયિક ઉચિત પ્રવૃત્તિથી પ્રધાન હોય છે તેમ કહ્યું છે એટલે સામાયિક ગુણવાળાનું ક્યારેય પણ કાંઈપણ ગર્હણીય હોતું નથી. ॥૧૨૦॥

**सामयिकमेव** तात्त्विकं, **यतः उचितप्रवृत्तिप्रधानं** विध्याराधनयाऽगर्हणीयभंगविरोधिप्रयत्नमुख्यव्यापारं, **आख्यातं**=प्रतिपादितम्-[पंचा० ११-५]

[५५]"समभावो सामइयं तणकंचणसत्तुमित्तविसओ त्ति ।
निरभिस्सगं चित्तं उचियपवित्तिप्पहाणं च ॥"

इत्यादिना ग्रन्थेन **पञ्चाशकादौ, ततस्तद्गुणस्य**=सामायिकगुणवतः न भवति कदाचिद्गर्हणीयत्वं शिष्टलोकस्येति दृश्यम् ॥१२०॥

**તાત્પર્યાર્થ :-** જે તાત્ત્વિક સામાયિક હોય છે તેમાં ઉચિત પ્રવૃત્તિની જ પ્રધાનતા હોય છે. તાત્ત્વિક સામાયિકમાં જે મુખ ક્રિયાઓ હોય છે તે અંગેનો પ્રયત્ન અગર્હણીયતાના ભંગનો વિરોધી હોય છે અર્થાત્ સ્વપ્રવૃત્તિની અગર્હણીયતા સુરક્ષિત રહે તે માટેની સાવધાની અત્યધિક હોય છે. વિધિની આરાધના પ્રત્યે ઘણું લક્ષ્ય હોય છે. શ્રી પંચાશક શાસ્ત્રમાં (૧૧મું પંચાશક-ગાથા ૫) પણ કહ્યું છે કે તૃણ અને કાંચન, શત્રુ અને મિત્ર આ બધાં દ્વન્દ્વમાં મધ્યસ્થપણાના અધ્યવસાય સ્વરૂપ જે સમભાવ છે તે જ સ્વાભાવિક છે. સમભાવ એટલે

૫૫ समभावात् सामायिकं तृणकाञ्चनशत्रुमित्रविषय इति । निरभिष्वंगं चित्तं उचितप्रवृत्तिप्रधानं च ॥

ચિત્તમાં કોઈપણ પદાર્થ પ્રત્યે ન રાગ હોવો કે ન દ્વેષ હોવો. આનો અર્થ એ નથી કે બાહ્યપ્રવૃત્તિનો સદંતર ત્યાગ કરી દેવો. સમભાવની વિદ્યમાનતામાં ઉચિત પ્રવૃત્તિઓને મહત્ત્વનું સ્થાન હોય છે.

આ રીતે સામાયિક ગુણથી અલંકૃત પુરુષની પ્રવૃત્તિઓ ક્યારેય પણ શિષ્ટ લોકો માટે નિંદ્ય હોતી નથી. ॥૧૨૦॥

कथमित्याह—

તે કઈ રીતે ? તેની ઉપપત્તિ નીચે પ્રમાણે શ્લોક ૧૨૧માં કરી છે.

**जं खलु पच्चक्खायं तब्भंगो गरहणिज्जओ होइ ।**
**सो णत्थि तस्स; अण्णं बज्झा पुण किं ण गरहंति ॥१२१॥**

**(ક્ષીણમોહને તત્ત્વતઃ પચ્ચક્ખાણનો ભંગ ન હોય)**

**શ્લોકાર્થ** :- જે અંગે પ્રતિજ્ઞા કરી હોય તેનો ભંગ કરવો તે નિંદ્ય છે. ક્ષીણમોહને તે હોતો નથી. અને અશિષ્ટો તો તેમનું બીજું શું શું નિંદતા નથી ? ॥૧૨૧॥

**यत् 'खलु-निश्चये' प्रत्याख्यातं, तद्भंगो गर्हणीयको भवति** शिष्टानां, **सः**=प्रत्याख्यात-भंगः **तस्य**=क्षीणमोहस्य नास्ति, भावाऽभंगेन द्रव्यादिभंगेऽरक्तद्विष्टस्य प्रत्याख्यानभंगेऽभ्युपगम्यमाने धर्मोपकरणधारिणश्चारित्रिणो द्रव्यादिचतुष्टयशुद्धपरिग्रहप्रत्याख्यानानुपपत्तिरिति वदतो दिगम्बरस्य निराकरणानुपपत्तेः, निराकृतश्चायं द्रव्यादिप्रकारैर्मूर्च्छात्यागेन प्रत्याख्यानशुद्धिसमर्थनाद् **विशेषावश्यकादौ** । एवमिहापि द्रव्यादिप्रकारैः प्रमादयोगत्यागान्न प्रत्याख्यानभंगलेशोऽपीति किं न विचारयन्ति सुहृदः । अन्यविकल्पे प्राह-**बाह्याः पुनः**=अशिष्टाः पुनः **तस्य**=क्षीणमोहस्य **अन्यत् किं न गर्हन्ति,** अप्रयोजकं तद्गर्हणमिति भावः ॥१२१॥

**તાત્પર્યાર્થ** :- જે કૃત્ય ન કરવાનું પચ્ચક્ખાણ કર્યું હોય - પ્રતિજ્ઞા કરી હોય. તે પ્રતિજ્ઞાનો ભંગ કરીને તે કૃત્ય આચરવામાં આવે તો શિષ્ટપુરુષો તેને નિંદાપાત્ર ગણે છે. ક્ષીણમોહ કેવલીઓને ક્યારેય પચ્ચક્ખાણનો ભંગ હોતો નથી એ સુનિશ્ચિત છે. કારણ કે તેમનું પચ્ચક્ખાણ ભાવતઃ ભંગરહિત હોય છે. દ્રવ્યતઃ ભંગ એ વસ્તુતઃ ભંગ નથી કારણ કે તેઓ રાગદ્વેષરહિત હોય છે. રાગદ્વેષરહિત હોવા છતાં (કેવલીના કાયયોગથી થતી દ્રવ્યહિંસામાં) દ્રવ્યતઃ ભંગમાં જેઓ પચ્ચક્ખાણનો ભંગ માનતા હોય તેઓ દિગંબરમતનો પ્રતિક્ષેપ નહિ કરી શકે. 'દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી વિશુદ્ધ પરિગ્રહત્યાગનું પચ્ચક્ખાણ હોવું જોઈએ તે ધર્મસાધક ઉપકરણ ધારનાર સંયમીને સંભવી શકે નહિ'-એવા દિગમ્બરના મતનો **વિશેષાવશ્યક ભાષ્ય** વગેરે ગ્રન્થમાં જડબાતોડ જવાબ આપીને પ્રતિક્ષેપ કર્યો છે. તેમાં શ્વેતાંબરમતનું એ રીતે સમર્થન કર્યું છે કે પરિગ્રહ એટલે મૂર્છા. દિગમ્બરોને માન્ય તત્ત્વાર્થસૂત્રમાં પણ મૂર્છાને જ પરિગ્રહ કહ્યો છે.

સાતમા ગુણસ્થાનકથી ઉપર દ્રવ્યથી સચિત્ત-અચિત્ત કે મિશ્ર કોઈપણ દ્રવ્યમાં મૂર્છા હોતી નથી. ક્ષેત્રથી લોકના કોઈપણ આકાશ પ્રદેશમાં મૂર્છા હોતી નથી. કાળથી ન દિવસ કાળમાં મૂર્છા હોય છે, ન રાત્રિકાળમાં. ભાવથી ગમે તેટલું મોંઘું કે સોંઘું દ્રવ્ય હોય પણ તેમાં રાગદ્વેષગર્ભિત કોઈપણ જાતની મૂર્છા હોતી નથી. આ રીતે અપ્રમત્તાદિ ગુણસ્થાનકમાં નિઃસંદેહપણે પચ્ચક્ખાણની શુદ્ધિ વિદ્યમાન છે.

એ જ રીતે દ્રવ્યહિંસાને દોષિત ઠરાવનારા મિત્રોએ પણ વિચારવું જોઈએ કે જેમ દ્રવ્યાદિપ્રકારે મૂર્છા ન હોવાથી દ્રવ્યતઃ ધર્મોપકરણનો પરિગ્રહ હોવા છતાં પણ પચ્ચક્ખાણનો લેશમાત્ર ભંગ નથી, તે જ રીતે દ્રવ્યાદિ ચાર પ્રકારથી "પ્રમત્તયોગ પ્રયુક્ત પ્રાણવ્યપરોપણ" સ્વરૂપ હિંસા પણ અપ્રમત્તભાવમાં ન હોવાથી પચ્ચક્ખાણનો લેશમાત્ર ભંગ નથી. તેથી જ ક્ષીણમોહ વીતરાગીને કોઈપણ પ્રવૃત્તિ શિષ્ટલોકની દૃષ્ટિએ લેશમાત્ર નિંદાપાત્ર નથી.

શ્લોક ૧૨૦ની અવતરણિકામાં જે બીજો વિકલ્પ હતો તે મુજબ 'લોક શબ્દથી શંકાકારને અશિષ્ટ લોક અભિપ્રેત હોય' તો જેઓ શિષ્ટ બાહ્ય છે તેઓ તો ચાહે ક્ષીણમોહી હોય કે ગમે તે હોય કોની નિંદા કરવાની બાકી રાખે છે ! તેઓ તો માત્ર દ્રવ્યહિંસા જ નહિ બીજું પણ ઘણું ઘણું વખોડે છે. અશિષ્ટ લોકો જે નિંદા-ટીકા કરે તેની કોઈ કિંમત નથી, તેને લક્ષમાં લેવાની હોય નહિ. ॥૧૨૧॥

बाह्याः किमन्यद् गर्हन्यतीत्याह–

અશિષ્ટ લોકો કેવલીને ઉદ્દેશીને બીજી પણ જે ઘણા પ્રકારની નિંદા કરે છે તેનું નિરૂપણ શ્લોક ૧૨૨માં પ્રસ્તુત કરે છે–

**ण सयंभू स मणूसो इय अवमण्णंति माहणा देवं ।**
**इण्हिपि ण कयकिच्चो दिअंबरा कवलभोइत्ति ॥१२२॥**

**શ્લોકાર્થ** :- 'તે સ્વયંભૂ નથી, પણ તે મનુષ્ય છે'-એમ કહીને બ્રાહ્મણો દેવની અવગણના કરે છે 'અદ્યાપિ તે કવલભોજી હોવાથી કૃતકૃત્ય નથી' એમ કહીને દિગમ્બરો પણ ભગવાનની અવગણના કરે છે. ॥૧૨૨॥

**स**=भवदभिमतो वीतरागः, **न स्वयंभूर्**नानादिसिद्धसर्वज्ञः किन्तु **मनुष्यः**, तथा चास्मदादीन्नातिशेत इति भावः, **इत्येवं**प्रकारेण, **ब्राह्मणाः**=नैयायिकादयः **देवं**=भगवन्तं, **अवमन्यन्ते**=ऽवजानते। तथा **कवलभोजी**=कवलाहारी भवदभिप्रेतः सर्वज्ञः **इदानीमपि**=अभिमन्यमानसर्वज्ञताकालेऽपि **न कृतकृत्यो**=न परिनिष्ठितार्थः, स्वकीयस्यैव क्षुदादिदुःस्वस्याऽनाशात् परकीयतन्नाशने सामर्थ्याभावा-दिति दिगम्बरा देवमवमन्यन्ते । एवमन्येऽप्यन्यथावादिनः स्वस्वाभिप्रेतार्थानुपदेशिनं तमवमन्यन्त इति ॥१२२॥

## (અશિષ્ટ પુરુષો વડે કરાતી નિંદા સારહીન છે.)

**તાત્પર્યાર્થ :-** નૈયાયિક વગેરે વેદોપાસક બ્રાહ્મણો જૈનમત પ્રસિદ્ધ તીર્થંકર દેવો કે જેમના નામોલ્લેખ વેદમાં પણ સબહુમાન ઉપલબ્ધ થાય છે તેમની અવગણના કરવા માટે કહે છે કે તમારા તીર્થંકર તો અમારા વેદમાં બતાવ્યા છે તેવા અનાદિસિદ્ધ સર્વપદાર્થજ્ઞાતા નથી-અર્થાત્ સ્વયંભૂ નથી. પરંતુ અમારા અને તમારા જેવા એક મનુષ્ય માત્ર છે. મનુષ્યમાત્ર હોવાથી અમારામાં અને એમનામાં કોઈ વિશેષતા ન હોવાથી એમની ઉપાસના વ્યર્થ છે. આ રીતે નિન્દા કરે છે.

બીજીબાજુ લગભગ ૧૯૦૦ વર્ષ પૂર્વે નગ્નતાનો કદાગ્રહ રાખીને જૈનશાસનથી આપોઆપ બહાર થઈ ગયેલા શિવભૂતિ નામના યતિથી શરૂ થયેલ દિગંબર સંપ્રદાયના અનુયાયીઓનું કહેવું છે કે-"તમે (શ્વેતામ્બરો) સર્વજ્ઞ કેવલી ભગવંતોને કવલાહાર માનો છો. એટલે સર્વજ્ઞાતાકાળમાં પણ તેઓ કૃતકૃત્ય ન થયા અને જેઓને હજુ પોતાનું જ ભૂખ વગેરેનું દુઃખ વ્યુચ્છિન્ન થયું નથી તેઓ બીજાઓના તે દુઃખનો ઉચ્છેદ કરવાનું સામર્થ્ય શું ધરાવી શકવાના હતા ?" આમ કહીને તે શિષ્ટબાહ્ય લોકો કેવલી ભગવાનની નિંદા કરે છે.

બીજા પણ વિપરીતવાદીઓ ભગવાનનો ઉપદેશ પોતપોતાની સ્વચ્છંદ માન્યતાઓને પોષક અનુકૂળ ન હોવાથી પોતપોતાની માન્યતા મુજબનો ઉપદેશ ન કરનારા ભગવાનની અવગણના કરે છે. (ખરેખર આ ઘણા દુઃખની હકીકત છે.) ॥૧૨૨॥

नन्वेवमशिष्टगर्हणेन किं भगवतः कलंकसम्पर्कोऽपि भवति ? नेत्याह—

અશિષ્ટ લોકો ઉપરોક્ત પ્રકારે ભગવાનની નિંદા કરે, શું એનાથી ભગવાનને કલંકનો સ્પર્શ પણ થતો હશે ખરો ? આ જિજ્ઞાસાને શ્લોક ૧૨૩માં શાંત કરી છે.

**ण य एवं सो देवो कलंकिओ होइ दोसलेसेण ।**
**सूरो परामुसिज्जइ णाभिमुहुक्खित्तधूलीहिं ॥१२३॥**

**શ્લોકાર્થ :-** એ રીતે કાંઈ ભગવાન દોષલેશથી કલંકિત થઈ જતા નથી. સૂરજ સામે ધૂળ ઉછાળવાથી સૂરજનો પરાભવ થઈ શકતો નથી. ॥૧૨૩॥

**न चैवं** बाह्यानां गर्हणेन **स देवः कलंकितो भवति दोषलेशेन,** अपिर्गम्यते, एतदेव *प्रतिवस्तूपमया द्रढयति, **सूरः**=सूर्यः **न परामृश्यते** चौरपारदारिकादिभि**रभिमुखोत्क्षिप्ताभिर्धूलिभिः**,* यथा हि सूर्याभिमुखं प्रक्षिप्ता धूलिः स्वलोचनयोरेव व्यथायै भवति न तु सूर्यपराभवाय, एवं भगवतोऽपि कलंकदानं न भगवतो दोषाय किन्तु स्वस्यैवानन्तसंसारार्जनायेति भावः ॥१२३॥

**તાત્પર્યાર્થ :-** શિષ્ટબાહ્ય લોકો એ રીતે ભગવાનને દોષોની ભેટ આપે એનાથી કાંઈ ભગવાન કલંકિત થઈ જતા નથી. સૂર્યના દૃષ્ટાંતથી આ હકીકતની વધુ પુષ્ટિ થાય છે.

દિવસના સૂર્યના પ્રકાશની રેલમછેલ હોવાથી ચોરો અને લંપટોને પોતાના અપકૃત્ય ન કરી શકવા બદલ સંતાપ થતો હોય છે એનાથી અકળાઈને ગુસ્સામાં ને ગુસ્સામાં સૂર્ય સામે ધૂળ ઉડાડવામાં આવે તો તેનાથી કાંઈ સૂર્યનો પરાભવ થઈ જતો નથી. ઉલટું એ ઉછાળેલી ધૂળ પોતાની જ આંખમાં આવીને ભરાય છે, આંખમાં પીડા ઉત્પન્ન કરે છે અને કપડાં બગાડે છે. એ જ રીતે ભગવાનને ઉદ્દેશીને કલંક પ્રદાનની બાલીશચેષ્ટાથી ભગવાન કલંકિત થતા નથી. ઉલટું કલંક દેનારને અનંત સંસાર પરિભ્રમણ વગેરેનું ગાઢ નુકસાન થાય છે.

अत्र स्वस्याभिनिवेशशङ्कां परिहरन्नाह-

**(જે જિન ભાખ્યું તે નવિ અન્યથા)**

તમારા નિરૂપણમાં પણ અભિન્નિવેશ હોવાની સંભાવના ખરી કે નહિ ? આ ઉદ્દંડ શંકાનો શ્લોક ૧૨૪માં પ્રત્યુત્તર વાળ્યો છે.

**ण हु अत्थि अभिणिवेसो लेसेण वि अह्ममेत्थ विसयंमि ।**
**तहवि भणिमो ण तीरइ जं जिणमयमन्नहा काउं ॥१२४॥**

**શ્લોકાર્થ :-** આ વિષયમાં અમારે લેશમાત્ર પણ અભિનિવેશ નથી તો પણ કહીએ છીએ કે જિનવચનને અન્યથા કરી શકાતું નથી. ॥૧૨૪॥

**न ह्यस्त्यभिनिवेशोऽसद्ग्रहलक्षणो लेशेनाप्यत्रार्थेऽस्माकम्, तथापि भणामो यज्जिनमतमन्यथा कर्त्तुं न शक्यते,** जिनमतं चात्रेत्थमेवास्माकं व्यवस्थितमाभाति, बहुश्रुताः पुनरत्र प्रमाणम् ॥१२४॥

**તાત્પર્યાર્થ :-** 'ક્ષીણમોહીમાં લેશમાત્ર પણ નિંદ્યપ્રવૃત્તિને સ્થાન નથી.' અમારા આ પ્રતિપાદનમાં અમને કોઈ પણ જાતનો અભિનિવેશ - કદાગ્રહ કે ખોટી પકડ નથી. અમારે તો એ જ કહેવું છે કે ભગવાનના વચનને લેશમાત્ર પણ અન્યથા કરી શકાતું નથી. અર્થાત્ ખોટું પાડી શકાતું નથી. ઉપરોક્ત વિષયમાં ભગવાનનો મત પણ એ રીતે જ વ્યવસ્થિત છે એવી અમારી દૃઢ શ્રદ્ધા છે. છતાંય પૂર્વાચાર્યોનું શુભ અનુકરણ કરીને કહીએ છીએ કે આ વિષયમાં 'બહુશ્રુતો કહે તે પ્રમાણ.' ॥૧૨૪॥

## વાચકજસની પ્રસાદી

### શુદ્ધ પ્રરૂપણા (પૃ. ૨૩૨નું ચાલુ)

(૧૧) સંવેગ રંગ તરંગ ઝીલે **માર્ગશુદ્ધ કહે બુધા.**

(૧૨) ઉત્તરાધ્યયને સરળ સ્વભાવે **શુદ્ધ પ્રરૂપક દાખ્યો.**

(૧૩) **શુદ્ધ પ્રરૂપણ** ગુણ વિણ ન ઘટે તસ ભવ અરહટમાળા.

(૧૪) જે જ્ઞાન ક્રિયાનો દરિયો તે સદ્‌ગુરુ ગુણમણિ ભરીયો,
જે **શુદ્ધ પ્રરૂપક નાણી** તે પણ ઉત્તમ ગુણખાણી.

(૧૫) **જે શુદ્ધ કથક ગુણધારી** તે સદ્‌ગુરુની બલિહારી.

(૧૬) निरुपक्रमकर्मवशान्नित्यं मार्गैकदत्तदृष्टिरपि ।
चरणकरणैकशुद्धं, शुद्धं मार्गं प्ररूपयतु ।।मा० परि० ।।

### પ્રવચનાનુરાગ

(૧) अस्मादृशां प्रमादग्रस्तानां, चरणकरणहीनानाम् ।
अब्धौ पोत इवेह प्रवचनरागः शुभोपायः ॥

(૨) विषयानुबन्धबन्धुरमन्यत्र किमप्यहं फलं याचे ।
किन्त्वेकमिह जन्मनि जिनमतरागः परत्रापि ॥

(૩) તુજવચનરાગસુખ આગળે નવિ ગણું સુરનર શર્મ રે
કોડી જો કપટ કોઈ દાખવે નવિ તજું તોય તુજ ધર્મ રે. ૧૨૫-૧૧-૧૧૯

(૪) અમ્હે છું પ્રવચનના રાગી - વિપાકસૂત્ર સજ્ઝાય.

(૫) તુજ વચનરાગ સુખસાગર હું ગણું સકલ સુરમનુજ સુખ એક બિંદુ.
.... ગાજીએ એક તુજ **વચનરાગે** ૩૫૦-૧૭-૭.૮

(૬) ખાંડ ગળી, સાકર ગળી, વળી અમૃત ગળ્યું કહેવાય,
માહરે તો મન શ્રુત આગળે તે કોઈ ન આવે દાય.
૩ અંગ સજ્ઝાય ૬.

## ઉપદેશ ૩૩ - જયણા સાધુજીવનના પ્રાણ

अथैतदुपसंहरन्नाह–

પૂર્વોક્ત પ્રકરણાર્થના ઉપસંહાર સાથે શ્લોક ૧૨૫થી અકરણનિયમના અભ્યાસીઓની વિશેષતા દર્શાવવાનો પ્રારંભ કરે છે–

**एवं खीणे मोहे अकरणणियमस्स होइ परिनिट्ठा ।**
**एयस्स य अब्भासो उववज्जइ भावसाहूणं ॥१२५॥**

**શ્લોકાર્થ :-** પૂર્વોક્ત રીતે મોહ ક્ષીણ થયે છતે અકરણનિયમ પરિપૂર્ણ થાય છે. ભાવ સાધુઓમાં તેનો અભ્યાસ પણ સંગત છે. ॥૧૨૫॥

**एवमुक्तप्रकारेण अकरणनियमस्य परिनिष्ठा**=पूर्णता **क्षीणे मोहे** सति **भवति** । एतस्य चाभ्यासो भावसाधूनामुपपद्यते, आभ्यासिकभावानामभ्यासस्यैव पूर्णतोपायत्वात् ॥१२५॥

**તાત્પર્યાર્થ :-** પૂર્વે કહ્યા મુજબ બારમા ગુણસ્થાનકે ક્ષીણમોહાવસ્થામાં અકરણનિયમ પરિપૂર્ણતાને પ્રાપ્ત કરે છે. છઠ્ઠા-સાતમા ગુણસ્થાનકમાં ભાવસાધુઓ અકરણનિયમની અભ્યાસદશામાં વર્તી રહ્યા હોય છે એમ કહેવું પણ સંગત થાય છે. જે ભાવોમાં અભ્યાસની ઘણી જરૂર હોય છે તે ભાવો અભ્યાસથી જ પરિપૂર્ણતાને પ્રાપ્ત થાય છે. ॥૧૨૫॥

दुःषमाकालेऽप्येतत्संभवमुपपादयति–

દુઃષમ પંચમઆરાના કાળમાં અકરણનિયમના અસ્તિત્વમાં શ્લોક ૧૨૬ દ્વારા ગ્રંથકારશ્રી પોતાનો દૃઢ વિશ્વાસ વ્યક્ત કરે છે–

**एयंमि वि कालंमी सिद्धिफलो एस भावसाहूणं ।**
**तारिसजोगे वि सया जयणाए वट्टमाणाणं ॥१२६॥**

**શ્લોકાર્થ :-** યોગ તથાપ્રકારનો હોવા છતાં પણ સદાને માટે યતનાથી પ્રવર્તતા ભાવ સાધુઓમાં આ કાળે પણ અકરણનિયમનું અસ્તિત્વ છે કે જે (પરંપરાએ) મોક્ષફલક છે. ॥૧૨૬॥

**एतस्मिन्नपि काले** प्रायः कलहडमराऽसमाधिकारिभिः स्वपक्षगतैः परपक्षगतैश्च जनैः सर्वतः संकीर्णे दुःषमालक्षणे, **एष**=अकरणनियमाभ्यासः **भावसाधूनां**=निर्व्याजयतीनां सम्भवति **सिद्धिफलः**=परंपरया मोक्षहेतुः, **तादृशयोगेऽपि**=संहननाद्याभावेन फालानुरूपानुष्ठानेऽपि, **सदा**= सर्वकालम्, **यतनया प्रवर्त्तमानानाम्** ॥१२६॥

**(પ્રભુ તુજ શાસન જગ જયવંતુ)**

**તાત્પર્યાર્થ** :- સ્વપક્ષ અને પરપક્ષ ઉભયપક્ષે વિદ્યમાન કલહ કરનારા, અંધાધુંધી ફેલાવનારા અને અશાંતિ ફેલાવનારા લોકોથી અતિવ્યાપ્ત=ઊભરાતા આ પાંચમા આરાના દુઃષમ કાળમાં સંઘયણ વગેરેની ઉત્તમ સામગ્રી ન હોવાથી તથાવિધ યોગ ન હોવા છતાં અર્થાત્ પડતા કાળને અનુરૂપ અનુષ્ઠાન પણ અપરિપૂર્ણ હોવા છતાં સદાને માટે યતનાથી પ્રવર્તવાનો ખ્યાલ રાખનારા ભાવસાધુઓમાં આજે પણ પરંપરાએ સિદ્ધિગતિમાં લઈ જનારા અકરણનિયમનો અભ્યાસ જોવામાં આવી રહ્યો છે. (જે ઘણા આનંદની અને આશ્વાસનની વાત છે.) ॥૧૨૬॥

यतनाया एव लक्षणमाह–

શ્લોક ૧૨૭માં યતનાનું લક્ષણ તથા પ્રમાણ-કાળ અને ફળનો ઉપન્યાસ કર્યો છે–

**सा पुण बहुतरयासप्पवित्तिविणिवित्तिसाहणी चेट्ठा ।**
**आणासुद्धा णेयाऽऽवइंमि नाणाइगुणबीअं ॥१२७॥**

**શ્લોકાર્થ** :- આપત્તિકાળે આજ્ઞાગર્ભિત બહુતર અસત્ પ્રવૃત્તિનું નિવારણ કરનારી ચેષ્ટા યતના જાણવી. તે જ્ઞાનાદિ ગુણોનું બીજ છે. ॥૧૨૭॥

**सा**=यतना, पुनः **बहुतरायाः**=सुबहोर्यतनाकालभाविन्या **असत्प्रवृत्तेः**=शास्त्रनिषिद्धाचरण-रूपायास्तथाविधग्लानदुर्भिक्षकान्ताराद्यवस्थाबलसमायाताया: सकाशाद् या **विनिवृत्तिरा**त्मनो निरोधस्त-**त्साधनी**, चेष्टा परिमिताशुद्धभक्तपानाद्यासेवनरूपा, **आज्ञाशुद्धा**=निशीथादिग्रन्थोक्त-विध्यनुसारिणी **ज्ञेयाऽऽपदि** द्रव्यक्षेत्रकालवैधुर्यलक्षणायां, **ज्ञानादीनां गुणानां** जीवादितत्त्वावगम-सन्मार्गश्रद्धानसम्यक्-क्रियासेवनरूपाणां ज्ञानदर्शनचारित्राणां **बीजं**=प्रसवहेतुः । तदाह-[उप० पदे ७७१]

यया बहुतराऽसत्प्रवृत्तिविनिवृत्तिलक्षणं वस्तु । सिध्यति चेष्टया यतः सा यतनाऽज्ञया विपत्तौ ॥

जीए बहुतरासप्पवित्तिविणिवत्तिलक्खणं वत्थुं । सिज्झइ चेट्ठाइ जओ सा जयणाऽऽणाइ विवइंमि॥''

अत्र बहुतराऽसत्प्रवृत्तिविनिवृत्तिसाधकचेष्टात्वं यतनालक्षणमितरच्च प्रमाणकालफल-निरूपणम् । अथापवादयतनायामेतल्लक्षणसंभवेऽप्युसर्गयतनायामव्याप्तिस्तत्र स्वकालभाविन्या बहुतराऽयतनाया असत्त्वेन निवर्तयितुमशक्यत्वादिति **चेत्** ? न, तत्राप्यग्रिमासत्प्रवृत्तिविनिवृत्ते-स्तत्कारणविघटनरूपायाः संभवात्, अपवादयतनायामप्यग्रिमानाचारबीजक्षुद्विशेषादिकारणविघटनो-पपत्तेः, अपवादयतनाया एव वाऽस्त्वेतल्लक्षणम् ॥१२७॥

**(નિષિદ્ધ પ્રવૃત્તિના આપવાદિક સેવન પર અંકુશ=જયણા)**

**તાત્પર્યાર્થ** :- શાસ્ત્રમાં જેનો સ્પષ્ટ ઉત્સર્ગ માર્ગે નિષેધ કરેલો છે તેનું પણ આચરણ, તેવા તેવા પ્રકારની બિમારી, દુકાળ, અટવીનો માર્ગ વગેરે કારણો ઉપસ્થિત થતાં મજબુરીથી

કરવું પડે છે. જયણા એ એવી ચેષ્ટા છે કે જે આવા પ્રકારની અસત્ પ્રવૃત્તિ કરવી જ પડે એવા કાળમાં ઓછામાં ઓછી માત્રામાં તે અસત્ પ્રવૃત્તિનું સેવન કરવું પડે તે પ્રકારનું તેના ઉપર નિયંત્રણ રાખે છે. બિનજરૂરી, વધારે પડતું અસત્ પ્રવૃત્તિનું સેવન ન થાય તેની સાવધાનીપૂર્વક ચેષ્ટા તે યતના છે. દા.ત. બિમારી વગેરે કારણોમાં મર્યાદિતપણે થતું અશુદ્ધ ભક્ત-પાન વગેરેનું સેવન. જો એ બિમારી વગેરેના કાળે તે પ્રકારની જયણા રાખવામાં ન આવે તો યતનાકાળભાવી અર્થાત્ જયણાનો ત્યાગ કરીને તે કાળે થનારી અસત્ પ્રવૃત્તિના સેવન ઉપર કોઈ અંકુશ જ રહે નહિ. યતના એ અપવાદથી સેવન કરવામાં આવતી શાસ્ત્રનિષિદ્ધ વધુ પડતી અસત્ પ્રવૃત્તિનું નિવારણ કરનાર છે. આ યતના પણ આજ્ઞાગર્ભિત હોય તો જ પ્રમાણ છે. અર્થાત્ નિશીથ વગેરે છેદસૂત્રોમાં દર્શાવેલ વિધિનું અનુસરણ એ યતનામાં હોવું જોઈએ. વળી તેનું આચરણ પણ પ્રતિકૂળ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ સ્વરૂપ આપત્તિમાં કરવાનું હોય છે. આ રીતે પળાતી યતના જીવાદિતત્ત્વોના બોધસ્વરૂપ જ્ઞાન, સન્માર્ગની શ્રદ્ધા સ્વરૂપ દર્શન અને સમ્યગ્ અનુષ્ઠાન સ્વરૂપ ચારિત્ર આ રત્નત્રયીને જન્મ આપનારી ખાણ છે. **ઉપદેશપદ** શાસ્ત્રમાં (શ્લોક ૭૭૧) પણ કહ્યું છે કે-

"આપત્તિકાળે આજ્ઞાપૂર્વકની જે ચેષ્ટાથી બહુતર અસત્ પ્રવૃત્તિના નિવારણ સ્વરૂપ (અભિપ્રેત) વસ્તુની સિદ્ધિ થાય તે ચેષ્ટા જયણા છે."

અહીં એ ધ્યાન રાખવાનું છે કે યતનાનું લક્ષણ તો 'બહુતર અસત્ પ્રવૃત્તિવિનિવૃત્તિ-સાધકચેષ્ટાત્વ' એટલું જ છે. આજ્ઞાશુદ્ધ વગેરે વિશેષણો લક્ષણમાં અંતર્ભૂત નથી. કઈ યતના પ્રમાણભૂત માનવી ? તેના સેવનનો કાળ કયો ? અને તેનું ફળ શું ? આવા પ્રકારની જિજ્ઞાસાઓને તૃપ્ત કરવા માટે આજ્ઞાશુદ્ધ હોય, આપત્તિકાલીન હોય અને જ્ઞાનાદિગુણફલક જયણા હોય એમ સૂચવ્યું છે.

**શંકા** :- આ તો તમે અપવાદ પદે આચરણીય યતનાનું લક્ષણ બાંધ્યું. ઉત્સર્ગમાર્ગે આચરણીય યતનાનો આ વ્યાખ્યામાં સમાવેશ થયો નહિ. એટલે અવ્યાપ્તિનો દોષ ઊભો થયો, કારણ કે ઉત્સર્ગમાર્ગના સેવનની શક્યતાના કાળે બહુતરઅસત્પ્રવૃત્તિસ્વરૂપ અયતનાનું સેવન કરવું પડે તેવા કોઈ સંયોગો જ નથી એટલે તેના નિવારણસ્વરૂપ યતના પણ અશક્ય છે.

**સમાધાન** :- ઉત્સર્ગમાર્ગે થતી આરાધના પોતે જ જયણારૂપ છે. ઉત્સર્ગમાર્ગની આરાધનાના કાળે ભાવિમાં અસત્ પ્રવૃત્તિ આચરવી પડે તેવા સંયોગો ઊભા થાય તેનું નિવારણ કરવા દ્વારા ભાવિ અસત્ પ્રવૃત્તિના નિવારણ અંગેની સાવધાની વર્તમાનકાળે ઉત્સર્ગ માર્ગે કરાતી આરાધનામાં ગર્ભિત રીતે વિદ્યમાન છે. અપવાદકાલીન યતના પણ

ભાવિમાં અનાચાર સેવવા માટે મજબૂર કરનાર તીવ્ર ભૂખ વગેરેનું નિવારણ કરનારી હોવાથી ઉત્સર્ગ અને અપવાદ ઉભયકાલીન યતનામાં સૂચિત યતનાનું લક્ષણ ઉત્પન્ન થાય છે.

**અથવા** સૂચિત લક્ષણ માત્ર અપવાદિક યતનાનું જ જાણવું. એટલે પછી કોઈ અવ્યાપ્તિ વગેરે દોષ રહેતો નથી. ॥૧૨૭॥

ननु द्रव्याद्यापदि यतना ज्ञानादिगुणबीजमित्युक्ता, न च छद्मस्थेन यतनाविषयद्रव्यादि ज्ञातुं शक्यमित्याशङ्कायामाह—

**શંકા :-** દ્રવ્યાદિ આપત્કાળ હોય ત્યારે જાળવવામાં આવતી જયણા જ્ઞાનાદિ ગુણોને જન્મ આપે છે એમ તમે કહ્યું ખરું પણ એનું પાલન તો ખાસ કરીને છદ્મસ્થ જીવોને કરવાનું છે, ત્યારે છદ્મસ્થ પુરુષોને જેને લગતી જયણાનું પાલન કરવાનું છે તે દ્રવ્યક્ષેત્રાદિનો યથાર્થ પરિચય થવો શક્ય જ નથી એટલે જયણા પણ શક્ય ન હોવાથી જ્ઞાનાદિ ગુણનો લાભ થવાની વાત શી રીતે માની શકાય ? આ શંકાનું સમાધાન શ્લોક ૧૨૮માં કરવામાં આવ્યું છે.

**ण य एअं दुण्णेयं जं एअं साणुबंधमिणमण्णं ।**
**जं सुअपरिकम्मिअमईगीयत्थजणाणुमेयमिणं ॥१२८॥**

**(શાસ્ત્રાભ્યાસથી જયણાયોગ્ય દ્રવ્યક્ષેત્રાદિની પરખ)**

**શ્લોકાર્થ :-** આ સાનુબંધ છે, આ સાનુબંધ નથી એવું જ્ઞાન થવામાં કાંઈ દુષ્કરતા નથી. શ્રુતપરિકર્મિત મતિવાળા ગીતાર્થો આવું અનુમાન કરી શકે છે. ॥૧૨॥

**न चैतद् दुर्ज्ञेयं** यदेतद्विरुद्धद्रव्यादिकमपि सेव्यमानं **सानुबन्धम**व्यवच्छिन्नगुणप्रवाहनिमित्तं, **इदं चान्यन्नि**रनुबन्धमुच्छिन्नोत्तरोत्तरगुणप्रवाहफलमित्यर्थः, **यद्**=यस्मात्, **श्रुतपरिकार्मितमतेः**= श्रुताभ्यासोपतिष्ठमानैतद्व्याप्त्यादिविशिष्टलिंगकस्य **गीतार्थजनस्यानुमेयमेतत्**=प्रकृतद्रव्याद्यासेवनस्य सानुबन्धफलकत्वादि । यथाहि ज्योतिश्चारविशारदः सुभिक्षादिकं निपुणवैद्यश्च व्याधिविपाकादिकं शास्त्राज्जानाति तथा गीतार्थोऽपि जानीयादेव शास्त्राद् यतनाविषयमित्यर्थः ॥१२८॥

**તાત્પર્યાર્થ :-** આ પ્રવર્તમાન દ્રવ્ય-ક્ષેત્રાદિ વિરુદ્ધ છે કે અવિરુદ્ધ છે અર્થાત્ અમુક પ્રકારના દ્રવ્યાદિને આશ્રયીને જે અપવાદ સેવન કરવામાં આવે તે સાનુબંધ છે કે નિરનુબંધ છે ? એટલે કે નિરંતર ગુણલાભના પ્રવાહને ચાલુ રાખવામાં ઉપયોગી છે કે ઉત્તરોત્તર ગુણપ્રવાહને અટકાવનારા છે ? આ બધું છદ્મસ્થ માટે દુર્જ્ઞેય છે એવું નથી, કારણ કે જે ગીતાર્થ પુરુષની બુદ્ધિ શ્રુતશાસ્ત્રરૂપી સરાણ ઉપર ચડીને ધારદાર બની છે તેઓ શાસ્ત્રના અભ્યાસથી "આ દ્રવ્ય-ક્ષેત્રાદિ અમુક પ્રકારના હોવાથી લાભકારક છે (કે નુકસાનકારક છે), જે જે આવા પ્રકારના દ્રવ્યક્ષેત્રાદિ હોય છે તે લાભકારક હોય છે.(અથવા નુકસાનકારક

હોય છે.) દા.ત. અમુક દ્રવ્ય-ક્ષેત્રાદિ." આ રીતે વ્યાપ્તિ વગેરે વિશિષ્ટ લિંગ=ચિહ્નને જોઈને યતનાના વિષયભૂત અથવા અવિષયભૂત દ્રવ્યાદિને ઓળખી શકે છે. આ રીતે ગીતાર્થો પ્રકૃત દ્રવ્ય-ક્ષેત્રાદિનું આસેવન સાનુબંધ ફલક અર્થાત્ લાભકારક છે કે નહિ તેનું અનુમાન કરી શકે છે. જેમ જ્યોતિષશાસ્ત્રના જાણકારો પોતાના જ્યોતિષશાસ્ત્રના બળે જાણતા હોય છે કે સુકાળ થશે કે દુકાળ પડશે ? તેમ જ કોઈક કુશળ વૈદ્ય વૈદકશાસ્ત્રને અનુસરીને આ અમુક રોગ છે તેનો અમુક ઉપાય છે, તેનો વિપાક આવા પ્રકારનો છે વગેરે જાણી શકે છે, તેમ ગીતાર્થ પણ શાસ્ત્રને અનુસરીને પ્રકૃત દ્રવ્ય-ક્ષેત્રાદિ યતનાના વિષય છે કે નહિ તે ભલી પેરે જાણી શકે છે. ॥૧૨૮॥

**जह एसणिज्जनाणे तिविहनिमित्तोवओगसुद्धीए ।**

**तह एयंपि ण दुल्लहमुवउत्ताणं सया सुत्ते ॥१२९॥**

**(એષણીયજ્ઞાનવત્ જયણાયોગ્ય સંયોગો સુજ્ઞેય)**

**શ્લોકાર્થ :-** જેમ ત્રણ પ્રકારના નિમિત્તગત ઉપયોગની શુદ્ધિથી એષણીય વગેરેનું જ્ઞાન શક્ય છે તેમ સદા શાસ્ત્રમાં ઉપયુક્તને આ પણ (યતનાવિષયને જાણવાનું) દુર્લભ નથી. ॥૧૨૯॥

अपि च **एषणीयज्ञानं**=भक्तपानादिकल्प्यताज्ञानं यथा **त्रिविधनिमित्तात्**=कायिक-वाचिकमा-नसलक्षणात् या **उपयोगशुद्धिरु**पयोगनिर्मलता तया, **तथा एतदपि** यतनाविषयविज्ञानं, **न दुर्लभं**=न दुष्प्रापं, **सदा**=निरन्तरं **सूत्रे**=जिनवचने उपयुक्तानां यथावद्दत्तावधानानाम् ।

**ननु** सर्वत्र धर्मार्थिनो लोकस्य तदर्थपाकादिप्रवृत्तावनेषणीयबाहुल्येनैषणीयाऽनेषणीयविवेकस्य दुःशकत्वात् कथमेषणीयज्ञानमत्र दृष्टान्तत्वेनोपन्यस्तमिति **चेत् ? न,** चरणवतो जीवस्य तस्य सुज्ञानत्वात्, कदाचित् स्खलनायामप्याशयविशुद्ध्या दोषाभावात्, अन्यथा चारित्रोच्छेदापत्तेः । तदुक्तम्-[उप० पदे ७७६]

"सुत्ते तह पडिबंधा चरणवओ न खलु दुल्लहं एयं ।
न वि छलणाइ वि दोसो एवं परिणामसुद्धीए[५६]" ॥१२९॥

**તાત્પર્યાર્થ :-** જેમ કાયિક-વાચિક અને માનસિક એમ ત્રણ પ્રકારના નિમિત્તને આશ્રયીને ઉદ્ભવતા શુદ્ધ ઉપયોગથી આ ભક્ત-પાન એષણીય છે કે અનેષણીય છે તેનું જ્ઞાન અશક્ય નથી, એ જ રીતે યતનાના વિષયભૂત દ્રવ્યાદિનું જ્ઞાન પણ શુદ્ધ ઉપયોગ ગર્ભિત મન-વચન-કાયાના યોગથી દુર્લભ નથી. જેઓ સદાકાળ જિનવચનમાં ઉપયુક્ત છે, જોઈએ તેવી સાવધાનીવાળા છે તેઓને તે સુલભ જ છે.

---

૫૬ सूत्रे तथा प्रतिबन्धाच्चरणवतो न खलु दुर्लभमेतत् । नापि छलनाद्यपि दोषः एवं परिणामशुद्ध्या ॥

**શંકા :-** સર્વત્ર ગામ-નગરમાં ધર્માર્થી લોકોનો તોટો હોતો નથી. એટલે સાધુઓને આહારાદિનું દાન કરવા માટે તેઓ રસોઈ વગેરે ખાસ તૈયાર કરે એમાં કાંઈ નવાઈ નથી. આ રીતે મોટાભાગે સર્વત્ર અનેષણીય અન્નપાનની અત્યધિક સંભાવના હોવાથી અને એષણીય કે અનેષણીયનો વિવેક તેવા સ્થળમાં કરવાનું અત્યંત દુઃશક્ય હોવાથી અત્રે એષણીય આહારના જ્ઞાનનું જે દૃષ્ટાંત નિરૂપણ કરવામાં આવ્યું છે તે શી રીતે ઉચિત કહેવાય ?

**સમાધાન :-** એવું કાંઈ નથી કે સાધુઓ માટે જ બધા રસોઈની તૈયારી કરે. એટલે સંયમની ગરજવાળા સાધુઓને શાસ્ત્રસૂચિત સંકેતો દ્વારા એષણીયતાનું જ્ઞાન દુષ્કર નથી. અને બધી જ સાવધાની રાખ્યા પછી કદાચિત્ કોઈ સ્ખલના થઈ પણ જાય તો પણ નિર્દંભતા અને આશય વિશુદ્ધ હોવાથી કોઈ દોષ લાગતો નથી. જો આમ ન માનીએ તો જ્યાં સુધી આત્મા છદ્મસ્થ છે ત્યાં સુધી કોઈકને કોઈક અનાભોગાદિની સંભાવના અબાધિત હોવાથી નિર્દોષ ચારિત્રનો જ ઉચ્છેદ થવાની આપત્તિ આવશે. શ્રી ઉપદેશપદ શાસ્ત્ર (ગાથા ૭૭૬)માં પણ કહ્યું છે કે-

'પિંડનિર્યુક્તિ વગેરે સૂત્રમાં, (સંયમમાં) પ્રતિબંધ=પૂર્ણ આદર હોવાથી સંયમીને આ (એષણીયનું જ્ઞાન) દુર્લભ નથી. (એમ જણાવ્યું છે.) પરિણામ વિશુદ્ધ હોવાથી છલના થઈ જાય (અર્થાત્ ક્યાંક સાધુ ઠગાઈ જાય) તો પણ દોષ નથી.' ॥૧૨૯॥

**વાચક જશની પ્રસાદી**

नद्युत्तारादौ द्रव्यतः अप्कायारम्भसम्भवेऽपि प्रमादाभावात्

न भावतः स इति न शीलांगभंगः ॥

**તાત્પર્ય :-** નદી ઊતરવા આદિમાં દ્રવ્યથી અપ્કાયજીવોની વિરાધના થવા છતાં પ્રમત્તદશા ન હોય તો ભાવથી તે જીવોની વિરાધના નથી તેથી સાધુઓના ૧૮૦૦૦ શીલના અંગો અખંડિત રહી શકે છે.

(સ્તવપરિજ્ઞા શ્લો. ૬૪ અવચૂરિ પૃ. ૩૩)

## ઉપદેશ ૩૪ - આચારપાલનમાં એકાન્ત ત્યાજ્ય

ननु विरुद्धद्रव्यादिकमेव यतनया सेव्यमानं यदि सानुबन्धं संपद्यते तदा निषेधविधिविरोध इत्याशङ्कायामाह–

**શંકા :-** જો યતનાથી વિરુદ્ધ દ્રવ્ય-ક્ષેત્ર-કાલાદિનો નિર્વાહ કરી લેવામાં ઉત્તરોત્તર ગુણલાભનો પ્રવાહ સાનુબંધ અથવા અવિચ્છિન્ન રહેતો હોય તો પછી શાસ્ત્રમાં અશુદ્ધ અન્નપાનાદિ ગ્રહણના નિષેધ - પ્રતિપાદન સાથે વિરોધ ઊભો થશે. શ્લોક ૧૩૦માં આનું સમાધાન રજુ કર્યું છે-

**णेगंतेणाणुण्णा अत्थि णिसेहो वा कोवि विसयंमि ।**
**कप्पिअपडिसेवाए होइ णिसिद्धमणुण्णायं ॥१३०॥**

**શ્લોકાર્થ :-** (જૈન શાસનમાં) કોઈપણ વિષયમાં એકાન્તથી ન તો અનુજ્ઞા છે, ન નિષેધ છે. કલ્પિક પ્રતિસેવામાં નિષિદ્ધની પણ અનુજ્ઞા છે. ॥૧૩૦॥

**नैकान्तेन**=सर्वस्य सर्वद्रव्याद्यवच्छेदेनैव, **अनुज्ञा**=शुद्धभक्तपानादिग्रहणविधिः **विषये**=आचारविषये, न वा **कोऽपि निषेधोऽप्यस्ति,** यतः कल्पिकप्रतिसेवायां दुर्भिक्षादौ कृतयोगिनो गीता-र्थस्य परिमिताशुद्धान्नादिग्रहणरूपायां निषिद्धमप्यनुज्ञातं भवति, तदानीं तत्र तत्कृति-साध्यत्वबल-वदनिष्टाननुबन्धित्वेष्टसाधनत्वाऽबाधात् ॥१३०॥

**તાત્પર્યાર્થ :-** જૈન શાસનમાં આચારને લગતી કોઈપણ બાબતમાં એકાન્તે અર્થાત્ સર્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને આશ્રયીને તમામ બાબતમાં-શુદ્ધ અન્નપાનાદિ ગ્રહણ વગેરે બાબતમાં "આમ જ કરવું" એવું બિનજરૂરીભારપૂર્વકનું વિધાન કર્યું નથી. તે જ રીતે અશુદ્ધ અન્નપાનાદિ ગ્રહણ વગેરે બાબતમાં "આમ નહિ જ કરવું" એવો ભારપૂર્વક નિષેધ પણ કર્યો નથી કારણ કે કલ્પિક=આપવાદિક પ્રતિસેવનના અવસરે, ઉત્સર્ગમાર્ગે જેનો નિષેધ કર્યો હોય છે તેની અનુજ્ઞા પણ આપવામાં આવી છે. દુષ્કાળ વગેરેમાં તપશ્ચર્યાદિના અભ્યાસવાળા અને સૂત્રાર્થને બરાબર જાણનારા ગીતાર્થ સાધુઓ મર્યાદિત રીતે અશુદ્ધ અન્નપાનાદિ ગ્રહણ કરે તેને કલ્પિક પ્રતિસેવા કહેવાય. કોઈપણ કાર્યમાં થતી પ્રવૃત્તિ પાછળ "આ કાર્ય મારા પ્રયત્નથી સિદ્ધ થાય તેવું હોવા સાથે, ભાવિમાં બળવાન અનિષ્ટ પરિણામને જન્મ આપે તેવું નથી, અને ઇષ્ટનું સાધન છે." - આ પ્રકારનું જ્ઞાન અત્યંત ઉપયોગી છે.

દુર્ભિક્ષાદિ કાળમાં શુદ્ધ અન્નપાનાદિ અતિદુર્લભ હોય ત્યારે અશુદ્ધ અન્નપાનાદિનું ગ્રહણ શાસ્ત્રથી અનુજ્ઞાત હોવાથી બળવાન અનિષ્ટના પરિણામને જન્મ આપે તેવું હોતું નથી તેમ જ સંયમ-નિર્વાહ અને દેહ - નિર્વાહ આ બે ઇષ્ટનું અસાધન નહિ પણ સાધન

હોય છે અને દુર્ભિક્ષાદિમાં પણ સ્વસ્થ સાધુઓ પ્રયત્ન કરે તો અશુદ્ધ અન્નપાનાદિની ઉપલબ્ધિ સર્વથા અશક્ય હોતી નથી. એટલે દુર્ભિક્ષાદિમાં કૃતયોગી ગીતાર્થ સાધુની અશુદ્ધ પણ અન્નપાન ગ્રહણાદિ પ્રવૃત્તિમાં ક્યાંય બાધ કે વિરોધ નથી. ॥૧૩૦॥

अथ कल्पिकप्रतिसेवायाः प्रतियोगिग्रहेण सुग्रहत्वाद्दर्पिककल्पिकप्रतिसेवयोर्लक्षणमाह—

કલ્પિકપ્રતિસેવા વિરોધીરૂપે દર્પિકપ્રતિસેવાની સાપેક્ષ હોવાથી સ્વવિરોધી દર્પિકપ્રતિ-સેવાના પરિચયથી કલ્પિક પ્રતિસેવાની સ્પષ્ટ ઓળખાણ થાય તે માટે તે ઉભયનાં લક્ષણો શ્લો. ૧૩૧માં દર્શાવે છે.

**रागद्दोसाणुगया तु दप्पिआ कप्पिआ तु तदभावे ।**
**आराहणा उ कप्पे, विराहणा होइ दप्पेणं ॥१३१॥**

### (દર્પિક-કલ્પિક પ્રતિસેવાનાં લક્ષણો)

**શ્લોકાર્થ :-** જે પ્રતિસેવા રાગદ્વેષ અનુગત હોય તે દર્પિક કહેવાય અને રાગદ્વેષ રહિત પ્રતિસેવા કલ્પિક કહેવાય. કલ્પિકમાં આરાધના છે અને દર્પિકમાં વિરાધના છે. ॥૧૩૧॥

**रागद्वेषाभ्यां**=स्वप्रवृत्तिमूलभूताभ्याम**नुगता**=सहिता या प्रतिसेवना सा **दर्पिका,** या तु कल्पिका सा **तदभावाद्**=रागद्वेषाभावात् । **न च** स्वार्त्तध्यानातिरेकादिनिरोधार्थमेव प्रलम्बादिग्रहण इवाऽब्रह्मण्यपि कस्यचित्प्रवृत्तेरुपेयेच्छातुल्योपायेच्छापूर्वकत्वेन रागद्वेषानुगतत्वाभावादुभयसांकर्यमिति **वाच्यं**, संयमजीविताद्युपेयेच्छया प्राक् तत्र प्रवृत्तावप्यनन्तरं विषयस्वाभाव्येन विषयेच्छाया उत्कट-त्वादनुत्कटत्वाच्चोपेयेच्छायास्तत्र रागद्वेषानुगतत्वानपायात्, अत एव तत्र प्रायश्चित्तयोग्यता, तदाह— [बृ० क० भा० ४९४५]

**તાત્પર્યાર્થ :-** પ્રતિસેવાના સંભવિત બે પ્રકાર છે. દર્પિક પ્રતિસેવના અને કલ્પિક પ્રતિસેવના. જે પ્રવૃત્તિનું મૂળ રાગદ્વેષ હોય તે પ્રવૃત્તિ રાગદ્વેષ સહિત થતી હોવાથી તેને દર્પિક કહેવાય. જે પ્રવૃત્તિમાં રાગદ્વેષ અનુગત નથી, કિન્તુ સબળ પ્રયોજનને અવલંબીને કરાય છે તે પ્રવૃત્તિ કલ્પિકપ્રતિસેવના કહેવાય.

### (દર્પિક-કલ્પિકમાં કોઈ ભેદ ન રહેવાની શંકા-સમાધાન)

**શંકા :-** જેમ વધુ પડતા આર્ત્તધ્યાન વગેરે સંયમ બાધક દોષોનું નિવારણ કરવા માટે પ્રલંબ=અશુદ્ધ અન્નપાનાદિ (ફલાદિ)નું ગ્રહણ કરવામાં કલ્પિક પ્રતિસેવના માનવામાં આવે છે. તે જ રીતે વધુ પડતા આર્તધ્યાન વગેરે સંયમબાધક અનિષ્ટોનું નિવારણ કરવા માટે કોઈકની અબ્રહ્મસેવનની પ્રવૃત્તિ પણ, ઉપેય જે સંયમજીવન તેના નિર્વાહની ઇચ્છાથી જેમ ઈર્યાસમિતિ આદિ ઉપાયમાં પ્રવૃત્તિ કરાય તે જ રીતે અનિષ્ટનિવારણ ઉપાયભૂત

અબ્રહ્મસેવનની ઇચ્છાપૂર્વક અબ્રહ્મસેવનમાં પ્રવૃત્તિ શક્ય હોવાથી, રાગદ્વેષપૂર્વકની ન હોવાથી, તેને પણ કલ્પિક પ્રતિસેવના જ માનવાની આપત્તિ આવીને ઊભી રહેતાં કલ્પિક અને દર્પિક વચ્ચે કોઈ મહત્ત્વનો ભેદભાવ રહેતો જ નથી. એટલે બન્નેમાં તાત્ત્વિક ભેદાભાવરૂપ સંકર દોષ પેદા થાય છે.

**સમાધાન :-** અબ્રહ્મસેવનની પ્રવૃત્તિમાં રાગદ્વેષનો અભાવ હોવાનું કથન જ બરાબર નથી. તેનું કારણ એ છે કે અબ્રહ્મસેવનની પ્રવૃત્તિ પૂર્વે સંયમજીવનરૂપ ઉપેયને સલામત રાખવાની ભાવના કદાચ સંભવિત હોવા છતાં પણ ત્યારપછી પ્રવૃત્તિકાળે વિષયના દુષ્ટ ઝેરી સ્વભાવના કારણે સંયમ જીવનની ઇચ્છા દબાઈ જાય છે, પલાયન થઈ જાય છે. અને વિષય ઇચ્છા જ પ્રબળ બની જાય છે. એટલે તે પ્રવૃત્તિ કાળે રાગદ્વેષનું જોર વધી જવાથી તેને કલ્પિક પ્રતિસેવના ગણી શકાય નહિ. જો એ કલ્પિક પ્રતિસેવના જ હોત તો શાસ્ત્રકાર ભગવંતો તેને પ્રાયશ્ચિત યોગ્ય ગણાવત નહિ. કહ્યું છે કે (**બૃ.ક.ભ.** ગાથા ૪૯૪૫)--

"संजमजीवितहेउं कुसलेणालंबणेण वण्णेणं ।
कयमाणे तु अकिच्चं हाणीवुड्ढीव पच्छित्ते ॥"

यत्त्वत्रापि कुशलालम्बनेन प्रवर्त्तमानस्य निर्दोषत्वं गीतार्थस्य गीयते तत्संयमजीविताद्युपे-येच्छानुगतत्वेनोत्कटदोषाभावमभिप्रेत्य, न तु सर्वथा तत्र दोषाभावोऽस्ति, विषयस्वाभाव्यस्य बलवत्त्वात्, तदुक्तम्-[ ]

[५७]"जइ सव्वसो अभावो रागादीणं हवेज्ज णिद्दोसो ॥" त्ति

अत एवाह-कल्पे त्वासेव्यमाने आराधना ज्ञानादीनां भवति, दर्पेण तु तेषामेव विराधना भवति । अथ गीतार्थादिपदसत्त्वेऽकृत्यसेवापि कल्पिकैव, तदुक्तम्-[**बृ० क० भा०** ४९४६]

"સંયમ જીવનના હેતુથી કુશળ પ્રયોજનના અવલંબને અથવા અન્ય આલંબને જે અકૃત્ય સેવન કરવામાં આવે છે તેમાં પ્રાયશ્ચિતની હાનિ-વૃદ્ધિ હોય છે. (પણ સર્વથા નિર્દોષતા હોતી નથી.)"

કુશળ (પુષ્ટ=ગાઢ) આલંબનથી અકૃત્ય (અબ્રહ્મ) સેવનમાં પ્રવર્તનાર ગીતાર્થને નિર્દોષ જણાવ્યો છે તે ત્યાં સર્વથા દોષાભાવ હોવાના અભિપ્રાયથી નહિ પણ સંયમ જીવનરૂપ ઉપેયની ઇચ્છાથી આદ્યપ્રવૃત્તિ હોવાના કારણે ઉત્કટદોષ ન હોવાના અભિપ્રાયથી નિર્દોષ જણાવ્યો છે. બાકી અબ્રહ્મરૂપ વિષયનો દુષ્ટ સ્વભાવ જ એવો બળવાન છે કે જેથી તેમાં પ્રવર્તનારને રાગનું ઝેર ચઢ્યા વિના રહે જ નહિ. કહ્યું છે કે-

"સર્વથા જો રાગદ્વેષનો અભાવ હોત તો નિર્દોષ પણ હોત, (પણ એ અસંભવિત છે.)"

---

૫૭ यदि सर्वशोऽभावो रागादीनां भवेन्निर्दोष इति ॥

**(કલ્પિક-દર્પિક પ્રતિસેવામાં ક્રમશઃ આરાધના-વિરાધના)**

મૂળશ્લોકના ઉત્તરાર્ધમાં કહે છે કે કલ્પિક પ્રતિસેવામાં જ્ઞાનાદિ ગુણની આરાધના છે જ્યારે દર્પિક પ્રતિસેવનામાં જ્ઞાનાદિ ગુણની વિરાધના છે.

અહીં કોઈ એવી વિચારણા પ્રસ્તુત કરે કે–

"गीयत्थो जयणाए कडजोगी कारणंमि णिद्दोसो ।
एगेसिं गीय कडो अरत्तदुट्ठो अ जयणाए ॥"

अस्या अर्थ :- 'गीतार्थो यतनयाऽल्पतराधःस्थानप्रतिसेवारूपया कृतयोगी=तपःकर्मणि कृताभ्यासः कारणे ज्ञानादौ सेवते' एष प्रथमो भंगः । अत्र च प्रतिसेवमानः कल्पिकप्रतिसेवावानिति कृत्वा निर्दोषः, गीतार्थो यतनया कृतयोगी निष्कारणे एष द्वितीयो भंगः, अत्र सदोषः, एवं चतुर्णां पदानां षोडशभंगाः कर्त्तव्याः । एकेषां पुनराचार्याणामिह पञ्चपदानि भवन्ति, 'गीतार्थः कृतयोगी अरक्तोऽद्विष्टो यतनया सेवते' एष प्रथमो भंगः, गीतार्थः कृतयोगी अरक्तोऽद्विष्टोऽयतनया' एष द्वितीयो भंगः । एवं पञ्चभिः पदैर्द्वात्रिंशद्भंगा भवन्ति, अत्रापि प्रथमभंगे कल्पिका प्रतिसेवा मन्तव्येति, तथा च कथं कल्पिकायामाराधनैव, दर्पिकायां च विराधनैवेति **चेत् ? सत्यम्,** भाक्तोऽत्र कल्पिकत्वव्यपदेशो, वस्तुतस्तु दर्पिकैवेयमिति समर्थितमेव । अस्तु वा आपेक्षिकदर्पिककल्पिकोभयस्वभावेयं, मुख्यकल्पिकदर्पिकयोस्त्वाराधनाविराधनाफलत्वमविरुद्धम् ॥१३१॥

"ગીતાર્થ વગેરે પદની હયાતીમાં જે કાંઈ અકૃત્ય સેવન કરવામાં આવે તે બધું કલ્પિક જ છે.' 'गीयत्थो जयणाए...' ઇત્યાદિ (બૃ.ક.ભા. ગાથા ૪૯૪૬) સૂત્રમાં કહ્યા મુજબ ૧ ગીતાર્થ હોય. ૨ જયણાથી એટલે કે નિમ્નાતિનિમ્ન કક્ષાના અપરાધસ્થાનનું સેવન કરનાર હોય, ૩ કૃતયોગી અર્થાત્ તપશ્ચર્યા વગેરે કૃત્યનો અભ્યાસી હોય. અને ૪ જ્ઞાનાદિના કારણે પ્રતિસેવના કરે, તો આ પ્રમાણે પ્રથમ ભંગવર્તી પ્રતિસેવના કલ્પિકપ્રતિસેવારૂપ હોવાથી તેનું સેવન કરનાર નિર્દોષ છે. ગીતાર્થ હોય, કૃતયોગી હોય-યતનાપૂર્વક પણ નિષ્કારણે સેવન કરે તો આ દ્વિતીય ભંગવર્તી સદોષ છે. આ જ રીતે ચાર પદના પરસ્પર સંયોગથી ફલિત થતા ૧૬ ભાંગામાં પ્રથમ ભંગવર્તી નિર્દોષ સમજવો બાકીના ભાંગાઓ સદોષ જાણવા.

અન્ય આચાર્ય ભગવંતોના મત પ્રમાણે ગીતાર્થ-કૃતયોગી-યતના રાગાભાવ અને દ્વેષાભાવ આ પાંચ પદથી ૩૨ ભાંગા થાય. તેમાં ગીતાર્થ હોય-કૃતયોગી હોય-રાગદ્વેષ વિના યતનાથી સેવન કરે-આ પ્રથમ ભંગમાં કોઈ દોષ નથી અર્થાત્ કલ્પિક પ્રતિસેવના છે. જ્યારે ગીતાર્થ હોય-કૃતયોગી હોય-અરક્તદ્વિષ્ટ હોય પણ અયતનાથી સેવન કરે વગેરે દ્વિતીયાદિ ભાંગામાં કલ્પિક પ્રતિસેવા નથી. તો હવે પ્રશ્ન એ છે કે કલ્પિકમાં આરાધના જ હોય અને દર્પિકામાં વિરાધના જ હોય એમ કઈ રીતે કહી શકાય ? જે પ્રથમ ભંગવર્તી છે તે જો

અબ્રહ્મસેવન કરે તો તેમાં સર્વથા આરાધના છે એમ તો કહેવાય નહિ ત્યારે બીજી બાજુ તેની પ્રતિસેવનાને દર્પિક નહિ પણ કલ્પિક પ્રતિસેવના જણાવવામાં આવી છે.

તો આ વિચારણા સંપૂર્ણપણે સત્ય નથી પણ અર્ધસત્ય છે. પ્રથમ ભંગવર્તી સાધુની અબ્રહ્મપ્રવૃત્તિને કલ્પિક જણાવી છે ખરી પરંતુ તે કલ્પિક વ્યપદેશ ઔપચારિક છે. વાસ્તવિક રીતે તો તે દર્પિક પ્રતિસેવના જ હોવાનું શાસ્ત્રમાં સમર્થન કરેલું છે. અથવા પ્રસ્તુત અબ્રહ્મ પ્રવૃત્તિ એ (યતનાદિની) અપેક્ષાએ કલ્પિક સ્વભાવવાળી છે તો રાગદ્વેષની અપેક્ષાએ દર્પિક સ્વભાવવાળી છે અર્થાત્ સાપેક્ષ ઉભયસ્વભાવથી વણાયેલી છે. જ્યારે આરાધના-વિરાધનારૂપ જે ફળ કહ્યું છે તેમાં મુખ્યપણે જે કલ્પિક પ્રતિસેવા છે તેમાં આરાધના ફળ અને મુખ્યપણે જે દર્પિક પ્રતિસેવા છે તેમાં વિરાધના ફળ - આ વિભાગ વિરોધરહિત છે તે ખાસ ધ્યાનમાં રાખવા યોગ્ય છે. ॥૧૩૧॥

ननु यद्येवं मैथुने कल्पिकाया अभावस्तदोत्सर्गापवादयोः सर्वव्यापकत्वं न स्यादित्याशङ्का-मिष्टापत्त्या परिहरन्नाह–

**(ઉત્સર્ગ-અપવાદની વ્યાપકતા અંગે શંકા-સમાધાન)**

**શંકા :-** "जावइया उस्सग्गा, तावइया अववाया" આ સૂત્ર વચન મુજબ સમસ્ત વિધિ-નિષેધોમાં ઉત્સર્ગ અને અપવાદની વ્યાપકતા સિદ્ધ થાય છે. જો મૈથુનમાં મુખ્યપણે કલ્પિક પ્રતિસેવાનો અભાવ હોય તો ઉપરોક્ત વચન મુજબ ઉત્સર્ગ-અપવાદની સર્વવ્યાપકતા સિદ્ધ થશે નહિ. શ્લોક ૧૩૨માં શંકાકારની આ આપત્તિને વધાવી લઈને એનો પરિહાર કર્યો છે–

**कामं सव्वपदेसुं उस्सग्गववायधम्मया जुत्ता ।**
**मोत्तुं मेहुणभावं ण विणा सो रागदोसेहिं ॥१३२॥**

**શ્લોકાર્થ :-** પ્રત્યેક પદોમાં ઉત્સર્ગ-અપવાદધર્મતા સારી રીતે સમ્મત છે. પણ મૈથનુભાવમાં નહિ, કારણ કે તે રાગ-દ્વેષ વિના અશક્ય છે. ॥૧૩૨॥

**कामम**नुमतमिदमस्माकं, **सर्वेष्वपि पदेषु** मूलोत्तरगुणरूपेषु उत्सर्गापवादधर्मता युक्ता । **उत्सर्गः**=प्रतिषेधोऽ**पवादो**=ऽनुज्ञा **तद्धर्मता**=तल्लक्षणता सर्वेपु पदेषु युज्यते, तथापि **मुक्त्वा मैथुनभावम**ब्रह्माऽऽसेवनं, तत्रोत्सर्गधर्मतैव घटते नापवादधर्मता, कथमित्याह–**स** मैथुनभावः, **राग-द्वेषाभ्यां विना न** भवति अतो द्वितीयपदेऽप्यत्र नाऽप्रायश्चित्तीत्ययं विशेष इति भावः ॥१३२॥

**તાત્પર્યાર્થ :-** પ્રત્યેક મૂળગુણ અને ઉત્તરગુણની બાબતમાં જે પ્રકારનું આચરણ ઉત્સર્ગમાર્ગે નિષિદ્ધ છે, અપવાદમાર્ગે તે જ પ્રકારના આચરણની અનુજ્ઞા છે આ હકીકત માન્ય છે. ઉત્સર્ગ એટલે હાનિકારક પ્રવૃત્તિનો નિષેધ અને અપવાદ એટલે વધુ હાનિકારક પ્રવૃત્તિમાંથી બચવા માટે અલ્પહાનિકારક પ્રવૃત્તિની અનુજ્ઞા. સર્વ પદોમાં ઉત્સર્ગ-અપવાદધર્મતા વ્યાપક હોવા છતાં મૈથુન પ્રવૃત્તિનો માત્ર નિષેધ જ કરાયેલો છે. એટલે

ત્યાં ઉત્સર્ગધર્મતાને જ અવકાશ છે-પણ અનુજ્ઞાસ્વરૂપ અપવાદધર્મતાને અવકાશ નથી. કારણ કે રાગદ્વેષ વિના તે પ્રવૃત્તિ ત્રણ કાળમાં પણ શક્ય નથી અને તેથી જ અપવાદપદે આપેક્ષિક કલ્પિક મૈથુન પ્રતિસેવામાં પ્રાયશ્ચિતનું વિધાન છે, પણ પ્રાયશ્ચિતનો અભાવ નથી. "जावइया उस्सग्गा...." આ સૂત્રવચનમાં પણ એકાન્ત તો હોય જ નહિ, તો ત્યાં અનેકાન્તની શૈલીથી માનવું જોઈએ કે મૈથુનની અપેક્ષાએ જેટલા ઉત્સર્ગ છે તેટલા અપવાદ નથી. મૈથુનેતર પ્રવૃત્તિની અપેક્ષાએ જેટલા ઉત્સર્ગ છે તેટલા અપવાદ પણ છે. આ રીતે તે સૂત્રને સ્યાદ્વાદ લાગુ પડતો હોવાથી તે સૂત્રનો અર્થ પણ અબાધિત રહે છે અને અનેકાન્તવાદ વિજયી બને છે. ॥૧૩૨॥

ननु यद्यत्र प्रायश्चित्ताऽऽलिंगितमपि द्वितीयपदमस्ति तदा कथं न सूत्रानुज्ञेत्यत आह–

**(અપવાદપદની સાક્ષાત્ અનુજ્ઞા કેમ નહીં-શંકા-સમાધાન)**

**શંકા :-** જે પ્રાયશ્ચિત સાથે સંકળાયેલું હોય એવા પણ અપવાદને જો અવકાશ હોય તો પછી સૂત્રમાં તેને અંગે શા માટે અનુજ્ઞા નથી ? શ્લોક ૧૩૩માં આ શંકાનું નિરાકરણ કર્યું છે.

**णिद्दोसंमि अणुण्णा सुत्तणिबद्धा णिसेहसंविद्धा ।**
**इय पडिपुन्नत्थत्ता होइ पमाणत्तमविरुद्धं ॥१३३॥**

**શ્લોકાર્થ :-** નિર્દોષ પ્રવૃત્તિમાં જ વિધિરૂપ અનુજ્ઞા સૂત્રમાં ભાખી છે અને તે નિષેધ અનુવિદ્ધ જ હોય છે. અને તેથી જ પ્રતિપૂર્ણઅર્થપ્રતિપાદકતા સ્વરૂપ પ્રમાણત્વને તે સૂત્રવચન સાથે વિરોધ નથી. ॥૧૩૩॥

**निर्दोषे**=दोषाननुबन्धिनि, **अनुज्ञा**=विधिरूपा, **सूत्रनिबद्धा**=सूत्रोक्ता भवति । तत्र विध्यर्थ-लेशस्याप्यबाधात् *अन्यत्र कुशलालम्बनार्थकेऽपि यद्यपि फलापेक्षया न बलवदनिष्टमस्ति,* तथापि भावपूर्वकक्रियात्वेनैव मोक्षहेतुत्वात्तत्रेष्टसाधनत्वाऽयोगेन विध्यर्थताबाधान्न **सूत्रानुज्ञास्ति** । अथ निर्दोषे वस्तुनि सूत्रनिबद्धानुज्ञा कीदृशी भवतीत्याह-**निषेधसंविद्धा**=आर्थिकनिषेधसंवलितविधिबो-धजननी, स्याद्वादव्युत्पत्त्या प्रलम्बग्रहणादिनिषेधसूत्रात् कथञ्चित्प्रलम्बग्रहणादेर्निषेधे प्रतीयमाने कथञ्चित्तद्ग्रहणविधेरप्यर्थतो ज्ञानात्, एवं निषेधेऽपि विधिसंवेधो भावनीयः । तदिदमाह भाष्यकारः–

**તાત્પર્યાર્થ :-** જે પ્રવૃત્તિને આચરવામાં લાભ ઘણો હોય અને દોષ ન હોય તે પ્રવૃત્તિમાં *જ ભગવાનના વચનરૂપી સૂત્રની અનુજ્ઞા હોય છે. જે પ્રવૃત્તિ ઈષ્ટનું સાધન હોય તેનો નિર્દેશ* વાક્યપ્રયોગમાં વિધિ-लिङ् (સપ્તમી) પ્રત્યયથી કરવામાં આવે છે. એ પ્રત્યય જ ઈષ્ટસાધનતા અર્થને સૂચિત કરે છે. દા.ત. 'गुरुं अभिवादयेत्' આ વાક્યપ્રયોગમાં વિધ્યર્થ પ્રત્યયથી ગુરુનું અભિવાદન (વંદન) ઈષ્ટનું સાધન છે આ અર્થ સૂચિત થાય છે. જે નિર્દોષ પ્રવૃત્તિમાં ઈષ્ટસાધનતાનો લેશમાત્ર પણ બાધ હોતો નથી તે પ્રવૃત્તિમાં જ ભગવાનની અનુજ્ઞા પ્રવર્તે

છે. અબ્રહ્મસેવન યદ્યપિ આપેક્ષિક કલ્પિક પ્રતિસેવાના સંદર્ભમાં વધુ પડતા અનિષ્ટના નિવારણ સ્વરૂપ કુશળ આલંબનથી કરવામાં આવ્યું હોય તો તેમાં ભાવિ પરિણામની અપેક્ષાએ બળવાન અનિષ્ટના ઉદયની સંભાવના નથી, તો પણ પ્રત્યેક ક્રિયા શુભભાવપૂર્વકની હોય તો જ મોક્ષહેતુ બને છે જ્યારે અબ્રહ્મસેવન ક્રિયા શુભભાવપૂર્વકની નહિ કિન્તુ રાગદ્વેષપૂર્વકની હોવાથી તેમાં ઈષ્ટસાધનતાનો અભાવ છે એટલે વિધ્યર્થ બાધિત હોવાથી તેમાં સૂત્રની અનુજ્ઞા ન હોય એ સ્વાભાવિક છે.

**(નિર્દોષ હિતકર પ્રવૃત્તિમાં સૂત્ર-અનુજ્ઞાનું સ્વરૂપ)**

જિજ્ઞાસા થાય કે નિર્દોષ વસ્તુમાં સૂત્રની અનુજ્ઞાનું સ્વરૂપ કેવુંક હોય ? તો તેના સમાધાનમાં ગ્રંથકાર મહર્ષિ જણાવે છે કે સૂત્રોક્ત અનુજ્ઞા નિષેધથી અનુવિદ્ધ હોય છે. અર્થાત્ નિષેધ સાથે ગાઢ રીતે સંકળાયેલ હોય છે. જે સૂત્ર શબ્દશઃ અનુજ્ઞાનો બોધ આપે છે એ જ સૂત્ર અર્થતઃ નિષેધનો પણ બોધ કરાવે છે એટલે કે અર્થતઃ (આડકતરી રીતે) નિષેધથી વણાયેલ વિધ્યર્થનો બોધ સૂત્રથી થતો હોય છે. સ્યાદ્વાદના અભ્યાસથી તેના અભ્યાસીમાં જે વિશિષ્ટ બોધ સ્વરૂપ વ્યુત્પત્તિનો પ્રાદુર્ભાવ થાય છે તેનાથી પ્રલંબગ્રહણ વગેરે નિષેધ સૂત્રોથી કથંચિત્ પ્રલંબગ્રહણની અનુજ્ઞાનો પણ અવબોધ થાય છે. સૂત્રોક્ત અનુજ્ઞામાં જેમ નિષેધ વણાયેલો હોય છે તેમ સૂત્રોક્ત નિષેધમાં અનુજ્ઞા પણ વણાયેલી હોય છે તેમ જાણવું. **શ્રીબૃહત્કલ્પભાષ્યકાર** જણાવે છે કે-

[૫૮]उस्सग्गेणं भणिआणि जाणि अववायओ अ ताणि भवे ।
कारणजाएण मुणी सव्वाणि वि जाणियव्वाणि ॥३३२६॥

[૫૯]उस्सग्गेणं णिसिद्धाइं जाइ दव्वाइं संथरे मुणिणो । कारणजाए जाए सव्वाणि वि ताणि कप्पंति ॥३३२७॥

साक्षात् सूत्रनिर्देशे हि परमार्थः षोढा व्यवतिष्ठते, उत्सर्गादपवादादुत्सर्गापवादादपवादोत्सर्गादुत्सर्गोत्सर्गादपवादापवादाच्चेति, इत्थमेव यतनौपयिकप्रयोजनभेदसिद्धेः । तदुक्तम्—

[૬૦]"उस्सगसुअं किंची किंची अववाइयं हवे सुत्तं । तदुभयसुत्तं किंची सुत्तस्स गमा वहुविगप्पा ॥"३३१६॥

गमाः किञ्चिद्द्विरुच्चारणीयानि पदानि ।

'જે ઉત્સર્ગસૂત્રો કહ્યા અને અપવાદ સૂત્રો કહ્યા તે બધાં જ પ્રયોજનની વિદ્યમાનતામાં હે મુનિ ! (તમારે) જાણવાં જોઈએ.' ॥૩૩૨૬॥ 'સંસ્તરણ અવસ્થામાં મુનિઓને ઉત્સર્ગ વિધાનથી જે દ્રવ્યોનો નિષેધ કહ્યો છે તે બધાં જ દ્રવ્યો પ્રયોજનની વિદ્યમાનતામાં (ગ્રહણ કરવાને) કલ્પે છે.' ॥૩૩૨૭॥ (સંસ્તરણ અવસ્થા એટલે અનુકૂળ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ.)

---

૫૮ उत्सर्गेण भणितानि यान्यपवादतश्च तानि भवेयुः । कारणजातेन मुने ! सर्वाण्यपि ज्ञातव्यानि ॥

૫૯ उत्सर्गेण निषिद्धानि यानि द्रव्याणि संस्तरे मुनेः । कारणजाते जाते सर्वाण्यपि तानि कल्पन्ते ॥

૬૦ उत्सर्गसूत्रं किंचित्किंचिदपवादिकं भवेत्सूत्रम् ॥ तदुभयसूत्रं किंचित् सूत्रस्य गमा बहुविकल्पाः ॥

## (ઉત્સર્ગ વગેરે છ પ્રકારનાં સૂત્રો)

સૂત્રથી જે વિધિ-નિષેધનો સાક્ષાત્ નિર્દેશ કરવામાં આવે છે તેનો વાસ્તવિક પરમાર્થ છ અંશમાં વહેંચાયેલ હોય છે. (૧) ઉત્સર્ગ (૨) અપવાદ (૩) ઉત્સર્ગ-અપવાદ (૪) અપવાદ-ઉત્સર્ગ (૫) ઉત્સર્ગ-ઉત્સર્ગ (૬) અપવાદ-અપવાદ.

પરમાર્થ આ રીતે વહેંચાયેલો હોવાથી જ જયણામાં ઉપયોગી પ્રયોજનવિશેષતાનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. બૃહત્કલ્પભાષ્યમાં કહ્યું છે કે-'કોઈક ઉત્સર્ગ સૂત્ર હોય છે તો કોઈક અપવાદ સૂત્ર હોય છે. કોઈક વળી ઉત્સર્ગ-અપવાદ ઉભયસૂત્રરૂપે હોય છે. (આ રીતે) સૂત્રના ગમ અનેક પ્રકારના હોય છે. ॥૩૩૧૬॥ ગમ એટલે બે વાર બોલવાનાં કેટલાક પદો.

तत्रोत्सर्गसूत्रं' "नो कप्पइ निग्गंथाण वा निग्गंथीण वा आमे तालपलंबे अभिण्णे पडिगाहित्तए त्ति[६१]॥" प्रलम्बग्रहणनिषेधकम् ।

अपवादसूत्रं तु अध्वावमौदर्यादिषु तद्विधायकं, यथा-"कप्पइ निग्गंथाण वा निग्गंथीण वा पक्के तालपलंबे भिन्ने अभिन्ने वा पडिगाहित्तए[६२] ॥"

उत्सर्गापवादसूत्रं तु निषेधैकवाक्यतापन्नविधिपरम्, यथा "नो कप्पइ निग्गंथाण वा निग्गंथीण वा अन्नमन्नस्स मोअं आइत्तए वा आयमित्तए वा, नन्नत्थ गाढेहिं रोगायंकेहिं ॥"

अपवादोत्सर्गसूत्रं तु विध्येकवाक्यतापन्नविशेषनिषेधपरं, यथा यत्पुनर्निर्ग्रंथीनां कल्पते पक्वं प्रलंबं तद्विधिभिन्नं नाविधिभिन्नमित्यर्थकम् ।

उत्सर्गोत्सर्गसूत्रं तु निषेधोत्तरनिषेधप्रधानम्, यथा-"णो कप्पइ असणं० वा पढमाए पोरसीए पडिगाहित्ता पच्छिमं पोरसिं उवायणावित्तए, से य आहच्च उवायणाविए सिया जो तं भुंजइ भुंजंतं वा साइज्जइ से आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं उग्घाइअं[६३] ॥"

**(૧) ઉત્સર્ગ સૂત્ર :-** "નિર્ગ્રન્થ કે નિર્ગ્રન્થીઓને કાચા અને અછિન્ન તાલપ્રલંબ ગ્રહણ કરવા ન કલ્પે." - આ ભાવાર્થવાળા સૂત્રમાં પ્રલંબ (=ફલ આદિ) ગ્રહણનો નિષેધ કરાયા છે.

**(૨) અપવાદ સૂત્ર :-** 'નિર્ગ્રન્થ કે નિર્ગ્રન્થીઓને પાકી ગયેલા તાલપ્રલંબ છિન્ન હોય કે અછિન્ન હોય ગ્રહણ કરવા કલ્પે.'

આવા ભાવાર્થવાળું સૂત્ર વિકટ અટવીમાર્ગ તથા અવમોદરતા (=ઉદરપૂર્ણ થાય તેટલી ભિક્ષા ન મળવી) વગેરે કારણોએ પાકેલા તાલપ્રલંબ ગ્રહણ કરવાની અનુજ્ઞા પ્રદાન કરે છે.

---

६१ नो कल्पते निर्ग्रन्थानां वा निर्ग्रन्थीनां वा आमं तालप्रलंबं भिन्नं अभिन्नं वा प्रतिग्राहयितुं इति ॥

६२ कल्पते निर्ग्रन्थानां वा निर्ग्रन्थीनां वा पक्वं तालप्रलम्बं भिन्नमभिन्नं वा प्रतिग्राहयितुम् ॥

६३ नो कल्पतेऽशनं० वा प्रथमायां पौरुष्यां प्रतिगृहित्वा पश्चिमां पौरुष्यां उपायनापितुं, स च आहत्य उपायनापितः स्यात् यस्तं भुनक्ति भुज्यमानं वा स्वादयति स आपतति चातुर्मासिकं परिहारस्थानमुद्धातितम् ।

(૩) **ઉત્સર્ગ-અપવાદ સૂત્ર :-** આ સૂત્રમાં એક જ સંપૂર્ણ વાક્યમાં મુખ્ય અંશથી નિષેધનું પ્રતિપાદન કરવા સાથે ગૌણ વાક્યાંશથી વિધિનું પણ પ્રતિપાદન કરવામાં આવે છે. દા.ત. "નિર્ગ્રન્થ કે નિર્ગ્રન્થીઓને એકબીજાનું મૂત્ર પીવું કે પીવડાવવું કલ્પે નહિ. સિવાય કે ગાઢરોગ કે પીડાનું કારણ હોય." આવા ભાવાર્થવાળું સૂત્ર.

(૪) **અપવાદ-ઉત્સર્ગ સૂત્ર :-** આ સૂત્રમાં એક જ સંપૂર્ણ વાક્યમાં મુખ્ય અંશથી અનુજ્ઞા પ્રદાન કરવા સાથે ગૌણ વાક્યાંશથી નિષેધ કરવામાં આવે છે. દા.ત. 'નિર્ગ્રન્થીઓને પક્વ પ્રલંબનું ગ્રહણ કલ્પે છે પણ તે વિધિસર છેદાયેલું હોય તો જ. અવિધિથી છેદાયેલું હોય તે ગ્રહણ કરવું કલ્પે નહિ." આવા ભાવાર્થવાળું સૂત્ર.

(૫) **ઉત્સર્ગ-ઉત્સર્ગ સૂત્ર :-** આ સૂત્રમાં કોઈ એક પ્રવૃત્તિનો નિષેધ કરવા સાથે આનુષંગિક અન્યપ્રવૃત્તિનો પણ નિષેધ કરવામાં આવે છે. દા.ત. "નિર્ગ્રન્થ કે નિર્ગ્રન્થીઓને પ્રથમ પ્રહરમાં ગૃહીત અન્ન-પાનાદિ ચતુર્થ પ્રહરમાં રાખી મૂકવું કલ્પે નહિ. કદાચ તે રહી ગયું હોય તો જે તેનું ભક્ષણ કરે અથવા ભક્ષણ કરનારને અનુમોદન આપે તેને ચાતુર્માસિક **'ઉદ્ઘાતીમપરિહારસ્થાન'** નામનું પ્રાયશ્ચિત પ્રાપ્ત થાય." આવા ભાવાર્થવાળું સૂત્ર.

अपवादापवादसूत्रं तूत्सृष्टविध्युत्तरविधिप्रधानमिति । अर्थतस्तु सर्वत्र नियत एवेतरसंवेधः, अत एव परिपूर्णार्थप्रापकलक्षणं अर्थांशप्रापकत्वलक्षणलौकिकप्रामाण्यविलक्षणमलौकिकप्रामाण्य-मुपपद्यत इत्याह–**इत्यु**पदर्शितप्रकारेण, **परिपूर्णार्थत्वा**दुत्सर्गापवादोभयमूर्त्तिकसकलार्थप्रापकत्वात् **अविरुद्धं प्रमाणत्वं** भवति, अन्यथा त्वेकान्तोपदेशकत्वेन भगवद्वचनस्येतरवचनादविशेष एव स्यात्, मिथ्यादृष्टिपरिगृहीतानां "न हिंस्यात् सर्वभूतानि" इत्यादिवचनानामपीदृशत्वात् । 'तत्रापि प्रामाण्यं व्यवह्रियत एवे'ति चेद् ? व्यवह्रियताम्, न तु निश्चीयते । निश्चयनियामकस्याद्वादमुद्राऽभावादि-त्यवधेयम् ॥१३३॥

(૬) **અપવાદ-અપવાદ સૂત્ર :-** આ સૂત્રમાં એક જ સંપૂર્ણ વાક્ય દ્વારા પૂર્વનિષિદ્ધનું વિધાન કરવા સાથે આનુષંગિક અન્ય પણ નિષિદ્ધનું વિધાન કરવામાં આવે છે.

આ બધાં સૂત્રોમાં શબ્દપ્રયોગોથી સાક્ષાત્ ઉત્સર્ગ કે અપવાદ સૂચવાયા હોવા છતાં તાત્પર્ય તો **ઈતરસંવેધયુક્ત** અર્થાત્ વિધિ કે નિષેધથી વણાયેલ નિષેધ કે વિધાનમાં જ વિદ્યમાન હોય છે અને તેથી જ જૈનશાસ્ત્રોમાં અર્થાત્ ભગવાનના વચનમાં પરિપૂર્ણ અર્થ-બોધકત્વ સ્વરૂપ લોકોત્તર પ્રામાણ્ય અખંડિત રહે છે કે જે જૈનેતર વાક્યમાં હોતું નથી. જૈનેતર વાક્યમાં તો પરિપૂર્ણ અર્થના એકાંશની જ બોધકતા વિદ્યમાન હોય છે. એટલે તેમાં લોકોત્તર નહિ પણ લૌકિક પ્રામાણ્ય છે તેમ કહેવાય.

**(ભગવદ્વચનમાં પૂર્ણતા અને પ્રામાણ્ય)**

મૂળ શ્લોકના ઉત્તરાર્ધમાં પણ આ જ દર્શાવતાં કહ્યું છે કે ભગવાનનું વચન ઉપરોક્ત રીતે સંપૂર્ણ અર્થ એટલે કે ઉત્સર્ગ-અપવાદ ઉભયથી જેની મૂર્તિ (પ્રકૃતિ) ઘડાયેલી છે તેવા

પરિપૂર્ણાર્થનું બોધક હોવાથી ત્યાં પ્રામાણ્યના અસ્તિત્વમાં કોઈ વિરોધ નથી. જો ભગવાનના વિધાયક કે નિષેધક વચનોમાં ગર્ભિત રીતે નિષેધ કે વિધાન વણાયેલાં ન હોય તો એમનો ઉપદેશ પણ એકાન્ત ઉપદેશરૂપ બની જાય. એટલે પછી ભગવાનનાં વચનોમાં અને કુતીર્થિકોનાં વચનમાં કોઈ ઝાઝો તફાવત રહે નહિ. કારણ કે કુતીર્થિક મિથ્યાદષ્ટિઓએ માનેલા "સર્વ જીવની હિંસા કરવી નહિ" વગેરે સિદ્ધાન્તોમાં પણ એકાન્તે વિધિ કે નિષેધ સૂચવાયેલા હોય છે.

**શંકા :-** "તેઓના વચન**માં** પણ પ્રામાણ્યનો વ્યવહાર તો થાય છે તેનું શું ?"

**ઉત્તર :-** ભલેને થાય. પ્રામાણ્યનો વ્યવહાર ભલે થાય. પરંતુ નિશ્ચિતપણે તેમાં પ્રામાણ્ય છે તેમ કહેવું અશક્ય છે કારણ કે નિશ્ચિતપણે તેમાં પ્રામાણ્ય છે તેમ કહેવા માટે તેના સિદ્ધાન્તો ઉપર અત્યંત પ્રમાણભૂત એવી સ્યાદ્વાદની મહોરછાપ આવશ્યક છે કે જે ત્યાં ખરેખર નથી. આ બધું બરાબર ધ્યાનમાં લેવું. ॥૧૩૩॥

तदेवं निर्दोषे सूत्रानुज्ञेति व्यवस्थितं, तन्नियामकनिर्दोषत्वाभावस्थानमाह—

નિર્દોષ કૃત્યમાં જ સૂત્રની અનુજ્ઞા હોય છે તે ઉપરોક્ત રીતે સિદ્ધ થાય છે. શ્લોક ૧૩૪માં આડકતરી રીતે તેને વધુ દૃઢ કરનાર અર્થાત્ નિયમન કરનાર નિર્દોષત્વનો જ્યાં અભાવ છે એવું સ્થળ દર્શાવે છે-

**रागद्दोसाणुगयं नाणुट्ठाणं तु होइ णिद्दोसं ।**
**जयणाजुअंमि तंमि तु अप्पतरं होइ पच्छित्तं ॥१३४॥**

**શ્લોકાર્થ :-** રાગદ્વેષ ગર્ભિત અનુષ્ઠાન (અપકૃત્ય) નિર્દોષ ન હોય, યતનાપૂર્વકના તે અપકૃત્યમાં પ્રાયશ્ચિત્ત ઓછું હોઈ શકે. ॥૧૩૪॥

**रागद्वेषानुगतमनुष्ठानम**ब्रह्माद्यासेवनारूपं **तु न निर्दोषं भवति,** अतो न तत्र सूत्रानुज्ञेति भावः। अत्राप्यपवादपदप्रवृत्तिबीजमाह-**यतनायुते तस्मिन्**=सदोषानुष्ठाने, **अल्पतरं तु प्रायश्चित्तं भवति,** यथाऽपराधं प्रायश्चित्तप्रवृत्तेः ॥१३४॥

**તાત્પર્યાર્થ :-** અબ્રહ્મસેવન વગેરે જે અપકૃત્ય રાગદ્વેષ વગર થવું અશક્ય છે તે સર્વથા નિર્દોષ ન હોવાથી તેમાં સૂત્રની અનુજ્ઞા હોતી નથી. છતાં પણ ત્યાં અપવાદપદે પ્રવૃત્તિને જે અવકાશ છે તેનું કારણ એ છે કે તે સદોષ અનુષ્ઠાનમાં પણ જો શાસ્ત્રોક્ત સાવધાનીનું પાલન થાય તો પ્રાયશ્ચિત્ત ઘણું ઓછું આવે છે. જેવો અપરાધ હોય તેવું જ લગભગ તે કૃત્ય અંગેનું ગુરુ-લઘુ પ્રાયશ્ચિત્ત હોય છે. ॥૧૩૪॥

## ઉપદેશ ૩૫ - ઉત્સર્ગ-અપવાદની તુલ્યતા અને ઔચિત્ય

इत्थं चैतन्निषेधवाक्यं प्रत्यपवादाभावेऽपि यतनापूर्वकैतदनुष्ठानगतमनाचारविलक्षणप्रायश्चित्तबीजमपवादत्वमनपायमेवेत्युत्सर्गापवादयोः संख्यासाम्यं नानुपपन्नमित्याह–

પૂર્વોક્ત રીતે એ ફલિત થાય છે કે મૈથુનનો નિષેધ કરનારા સૂત્રવાક્ય સામે મુખ્યપણે અપવાદને અવકાશ ન હોવા છતાં પણ જે અપકૃત્યમાં શાસ્ત્રસૂચિત યતના અંગેની સાવધાની રાખવામાં આવે છે તે અપકૃત્ય અનાચારથી ભિન્ન પ્રકારનું હોવાથી તેમાં પ્રાયશ્ચિત્ત પણ અનાચાર કરતાં વિલક્ષણ એટલે કે ઘણું ઓછું હોય છે. આ પ્રકારની પ્રાયશ્ચિત્તની અલ્પતરતા એ જ ત્યાં અપવાદપણાને સાવકાશ બનાવે છે. એટલે શ્લોક ૧૨૫માં દર્શાવ્યું છે કે ઉત્સર્ગ અને અપવાદની તુલ્ય સંખ્યા પણ સંગત થાય છે–

**जयणावेक्खाइ अओ उस्सग्गववायतुल्लसंखत्तं ।**
**उववज्जइ किच्चंमि पुव्वायरिया जहा पाहु ॥१३५॥**

**શ્લોકાર્થ :-** યતનાની અપેક્ષાએ અપવાદતા હોવાથી તે કૃત્યમાં ઉત્સર્ગ-અપવાદ તુલ્ય સંખ્યાપણું સુઘટિત થાય છે. જેમકે પૂર્વાચાર્યોએ પણ કહ્યું છે – ॥૧૩૫॥

**यतनापेक्षया**=व्रतसापेक्षाल्पतरप्रतिसेवापेक्षया **अतो** यतनापूर्वकसदोषानुष्ठानस्याप्यपवादत्वात्, **उत्सर्गापवादयोः कृत्ये**ऽनुष्ठाने **तुल्यसंख्यत्व**मन्यूनाधिकत्वं **उपपद्यते**=तन्त्रनीत्या घटते, **यथा प्राहुः पूर्वाचार्याः संघदासगणिक्षमाश्रमण**प्रभृतयः ॥१३५॥

**તાત્પર્યાર્થ :-** જયણાની અપેક્ષાએ અર્થાત્ વ્રતને સાપેક્ષ રહીને થતી અલ્પતર પ્રતિસેવનાની અપેક્ષાએ શાસ્ત્રસૂચિત યતનાપૂર્વકનું સદોષ અનુષ્ઠાન અપવાદરૂપ હોવાથી સર્વકૃત્યોને આશ્રયીને કહી શકાય છે કે ઉત્સર્ગ અને અપવાદની સંખ્યા સમાન છે. બેમાંથી એકેયનું ઓછાવત્તાપણું નથી, આ હકીકત શાસ્ત્રીય નીતિથી પણ સુસંગત થાય છે. પૂર્વાચાર્ય ભગવંતો શ્રી સંઘદાસ ગણી ક્ષમાશ્રમણ વગેરેએ પણ કહ્યું છે કે- ॥૧૩૫॥

**(ઊંચા-નીચાની જેમ ઉત્સર્ગ-અપવાદની સાપેક્ષ પ્રતીતિ)**

**उन्नयमवेक्ख इयरस्स पसिद्धी उन्नयस्स इयराओ ।**
**इय अन्नोन्नपसिद्धा उस्सग्गववायमो तुल्ला ॥१३६॥**

**શ્લોકાર્થ :-** ઊંચાની અપેક્ષાએ નીચાની પ્રસિદ્ધિ છે અને નીચાની અપેક્ષાએ ઊંચાની પ્રસિદ્ધિ છે. આ રીતે ઉત્સર્ગ-અપવાદ પણ તુલ્ય છે અને અન્યોન્યથી પ્રસિદ્ધ છે. ॥૧૩૬॥

**उन्नत**मुच्चं पर्वतादिकमपेक्ष्ये**तरस्य**=नीचस्य भूतलादेः **प्रसिद्धिः**=बालादेर्जनस्य प्रतीतिः, **तथोन्नतस्यो**क्तरूपस्ये**तरस्मात्** निम्नात्, तदपेक्ष्येत्यर्थः, सावधिकभावानामवधिज्ञानव्यंग्यत्वात्, **इत्ये**-

**वमन्योन्यप्रसिद्धाः**=परस्परावध्यवधिमद्भावप्रयोज्यप्रतीतिकाः, **उत्सर्गापवादास्तुल्याः**=समानप्रसिद्धिहेतवः, यत्रैवैकाभावः शङ्क्यते तत्रैवापरप्रतीतेरनुद्भवादित्यर्थः ॥१३६॥

**તાત્પર્યાર્થ :-** ઊંચા ઊંચા પર્વતોનું અસ્તિત્વ હોવાથી જગતમાં ભૂતલાદિની નીચા તરીકેની પ્રસિદ્ધિ છે. અર્થાત્ લોકોને પર્વતની અપેક્ષાએ સપાટભૂમિ નીચી છે એવી પ્રતીતિ થાય છે. એ જ રીતે નીચી સપાટ ભૂમિની અપેક્ષાએ પર્વત વગેરેની ઊંચા તરીકે પ્રતીતિ થાય છે. આ દૃષ્ટાંતનું તાત્પર્ય એ છે કે જે જે આપેક્ષિક ભાવો હોય છે એટલે કે અપેક્ષા સંબંધી પરસ્પર ગાઢપણે સંકળાયેલા હોય છે, તેમાંથી ગમે તે એકના જ્ઞાનમાં અન્ય અવધિભૂત અર્થાત્ અપેક્ષાસંબંધીનું જ્ઞાન આવશ્યક હોય છે. દા.ત. દીર્ઘ અને હ્રસ્વ પદાર્થ અવધિ-અવધિમત્ ભાવ સંબંધથી પરસ્પર એવી રીતે સંકળાયેલા છે કે દીર્ઘના જ્ઞાનમાં હ્રસ્વપદાર્થનું જ્ઞાન અને હ્રસ્વપદાર્થના જ્ઞાનમાં દીર્ઘપદાર્થનું જ્ઞાન ઉપયોગી બને છે. એ જ રીતે ઉત્સર્ગ અને અપવાદનું જ્ઞાન પણ પરસ્પરના અવધિ-અવધિમત્ ભાવ (=અપેક્ષા) સંબંધથી જ પ્રયોજ્ય છે અર્થાત્ ઉદ્‌ભવે છે. આ રીતે ઉત્સર્ગ અને અપવાદ અન્યોન્યની પ્રતીતિમાં એકસરખા હેતુરૂપ છે. એટલે જે ઉત્સર્ગમાં સંબંધીરૂપે અપવાદ વિદ્યમાન ન હોય તે ઉત્સર્ગની પ્રતીતિ જ થવી અસંભવિત છે. માટે જ શાસ્ત્રમાં કહ્યું છે કે- ॥૧૩૬॥

**(ઉત્સર્ગ-અપવાદ અન્યોન્ય વ્યાપ્ય-વ્યાપક)**

**जावइया उस्सग्गा तावइआ चेव हुंति अववाया ।**
**जावइआ अववाया उस्सग्गा तत्तिया चेव ॥१३७॥**

**શ્લોકાર્થ :-** જેટલા ઉત્સર્ગો હોય છે તેટલા જ અપવાદ હોય છે. જેટલા અપવાદો હોય છે તેટલા જ ઉત્સર્ગો હોય છે. ॥૧૩૭॥

'यावन्त उत्सर्गास्तावन्तोऽपवादा यावन्तश्चापवादास्तावन्त एवोत्सर्गाः,' अस्त्यनयोरविशिष्टो मिथो व्याप्यव्यापकभावो ग्राहकतौल्यादिति भावः ॥१३७॥

**તાત્પર્યાર્થ :-** જે જે બાબતોને અનુલક્ષીને જેટલા ઉત્સર્ગ વિધાનો કરાયા હોય છે તેટલા જ અપવાદ વિધાનો પણ તે તે બાબતને અનુલક્ષીને કરવામાં આવે છે. આ રીતે ઉત્સર્ગ-વિધાન અને અપવાદવિધાન એ બન્ને એકસરખી રીતે પરસ્પરના ગ્રાહક-વ્યંજક હોવાથી તે બન્નેમાં નિર્વિશેષપણે વ્યાપ્ય-વ્યાપક ભાવ વિદ્યમાન છે. ॥૧૩૭॥

**दव्वादिएहि जुत्तस्सुस्सग्गो तदुचियं अणुट्ठाणं ।**
**रहिअस्स तमववाओ उचियं विअरस्स न उ तस्स ॥१३८॥**

**શ્લોકાર્થ :-** (અનુકૂળ) દ્રવ્યાદિથી યુક્તને ઉત્સર્ગ અનુષ્ઠાન ઉચિત છે અને દ્રવ્યાદિના વિરહવાળાને અપવાદ અનુષ્ઠાન ઉચિત છે, દ્રવ્યાદિ યુક્તને તે ઉચિત નથી. ॥૧૩૮॥

**द्रव्यादिभिर्युक्तस्य** साधो**रुत्सर्गो** भण्यते किमित्याह **तदुचितं** परिपूर्णद्रव्यादियोग्यं परिपूर्णमेव शुद्धान्नपानगवेषणादिरू**पमनुष्ठानम्, रहितस्य** द्रव्यादिभिरेव **तदनुष्ठानमपवादो** भण्यते, कीदृशमित्याह- **उचितमेव** पंचकादिपरिहाण्या तथाविधान्नपानाद्यासेवनारूपमुत्सर्गसापेक्षमेव, एतदेव स्पष्टयति-**इतरस्य** द्रव्यादियुक्तव्यतिरिक्तस्यैव, न तु तस्य द्रव्यादियुक्तस्य, यत्तदनुष्ठानं संसाराभिनन्दिताविजृंभितम्, अशक्तस्यैवोत्सर्गादपवादगतावधिकारात्, श्रान्तस्येव स्वभावगमने तीक्ष्णक्रियाऽसमर्थस्य वा मृदुक्रियामन्यथा श्रमादिव्याकुलत्वेन मरणवदार्त्तध्यानादिव्याकुलत्वेन संयमजीवितमरणापत्तेः, यस्तु शक्तोऽप्युत्सर्गात् पतति स मूढात्मा स्वार्थभ्रंश एव यतत इति । तदिदमुक्तम्-[बृ० क० भा०-३२०]

[६४]"धावंतो उव्वाओ मग्गण्णू किं न गच्छइ कमेणं ।
किं वा मउई किरिया न कीरए असहुओ तिक्खं" ॥१३८॥

## (ઉત્સર્ગ-અપવાદના ઉચિત સંયોગો)

**તાત્પર્યાર્થ :-** અનુકૂળ દ્રવ્ય-ક્ષેત્રાદિ સંયોગોમાં પરિપૂર્ણ દ્રવ્યાદિ યોગ્ય સંપૂર્ણ શુદ્ધ અન્નપાનાદિ અન્વેષણ અનુષ્ઠાન તે સાધુ માટે ઉત્સર્ગ છે. જ્યારે પ્રતિકૂળ દ્રવ્ય-ક્ષેત્રાદિ વર્તી રહ્યા હોય ત્યારે પંચકાદિની પરિહાનિથી ઉચિત રીતે જરૂરિયાત પ્રમાણે (દોષિત પણ) અન્ન પાનાદિનું આસેવન અપવાદ અનુષ્ઠાન છે. અપવાદનું સેવન ઉત્સર્ગસાપેક્ષપણે અર્થાત્ જેમ બને તેમ ઉત્સર્ગની વધુ નજીક રહેવાય તેમ કરવાનું હોય છે. પ્રતિકૂળ દ્રવ્યાદિમાં જ અપવાદનું ઔચિત્ય છે પણ અનુકૂળ દ્રવ્યાદિવાળાને અપવાદનું સેવન ઉચિત નથી કારણ કે તે કેવળ ભવાભિનંદિતાનો જ પ્રભાવ છે બીજું કાંઈ નથી. કારણ કે ઉત્સર્ગમાર્ગમાંથી અપવાદમાર્ગમાં જવાનો અધિકાર જે ઉત્સર્ગના પાલન માટે અશક્ત હોય તેને જ છે. જે પથિક સ્વાભાવિક ગમન કરવાથી અત્યંત થાકી ગયો હોવાના કારણે શક્તિમાન નથી તેને જ માર્ગમાં વિસામો વગેરે લેવાની જરૂર હોય છે. અને એકસરખો રોગ હોવા છતાં પણ જે ઉગ્રચિકિત્સાને સહન કરી શકે તેમ હોય તે તો ઉગ્રચિકિત્સા જ કરાવે, જ્યારે મૃદુચિકિત્સા તે કરાવે કે જે ઉગ્રચિકિત્સાને સહન કરી શકે તેમ ન હોય. થાકેલો મુસાફર જો વિસામો ન લે તો પરિશ્રમની વ્યાકુળતાથી મરણનું અનિષ્ટ ઉદ્ભવે તેમ પ્રતિકૂળ દ્રવ્યક્ષેત્રાદિમાં અપવાદસેવન ન કરવામાં આવે તો આર્તધ્યાન વગેરેની વ્યાકુળતાથી સંયમજીવનનું પણ મોત થઈ જાય. જે સ્વયં શક્તિમાન હોવા છતાં ઉત્સર્ગથી પતિત થઈ અપવાદનું સેવન કરે છે તે મૂઢાત્મા ખરેખર પોતાનાં જ હિત પર ચિનગારી ચાંપી રહ્યો છે. **શ્રીબૃહત્કલ્પભાષ્યમાં** (ગાથા ૨૨૦) પણ કહ્યું છે કે-

"શું દોડતાં થાકેલો, માર્ગજ્ઞાતા ક્રમથી (વિસામા કરીને) જતો નથી ? ! (જાય જ છે.) શું તીક્ષ્ણક્રિયાઅસહિષ્ણુ મૂદુક્રિયા કરાવતો નથી ? ! (કરાવે જ છે.)" ॥૧૩૮॥

---

६४ धावन्नुद्वातो मार्गज्ञः किं न गच्छति क्रमेण । किं वा मृद्वीं क्रियां न करोत्यसहकस्तीक्ष्णाम् ॥

## (માતૃસ્થાનનો સ્પર્શ ન થાય એની સાવધાની)

**ण वि किंचि अणुण्णायं पडिसिद्धं वा वि जिणवरिंदेहिं ।**
**एसा तेसिं आणा कज्जे सच्चेण होअव्वं ॥१३९॥ [ ३३३० ]**

**શ્લોકાર્થ :-** જિનવરેન્દ્રોએ કોઈપણ વિષયની સર્વથા ન તો અનુજ્ઞા કરી છે, ન તો પ્રતિષેધ કર્યો છે. તેમની આજ્ઞા એ છે કે (પ્રત્યેક) કાર્યમાં સત્યભાવવાળા થવું. ॥૧૩૯॥

**नापि किञ्चिद्**कल्पनीय**मनुज्ञातं,** कारणे च समुत्पन्ने नापि किञ्चित् **प्रतिषिद्धं,** किन्तु **एषा तेषां** तीर्थकृतां निश्चयव्यवहारनयद्वयाश्रिता सम्य**गाज्ञा** मन्तव्या यदुत **कार्ये**=ज्ञानाद्यालम्बने **सत्येन**=सद्भावसारेण साधुना भवितव्यम्, न मातृस्थानतो यत्किञ्चिदालंबनीयमित्यर्थः, तात्त्विक-ज्ञानाद्यालंबनसिद्ध्यैव मोक्षपथसिद्धेर्बाह्यानुष्ठानस्यानैकान्तिकत्वादनात्यन्तिकत्वाच्चेत्थमेव तस्य द्रव्य-त्वसिद्धेः । अथवा **सत्यं** नाम संयमस्तेन कार्ये समुत्पन्ने भवितव्यं, यथा यथा संयम उपसर्पति तथा तथा कर्त्तव्यं, तदुत्सर्पणं च शक्त्यनिगूहनेनैव निर्वहतीति सर्वत्र यथाशक्ति यतितव्यमेवेति भावः । आह च बृहद्भाष्यकारः-[कल्पबृहद्भाष्ये]

[६५]"कज्जं नाणादीयं सच्चं पुण होइ संजमो णियमा ।
जह जह सोहेइ चिरा तह तह कायव्वयं होइ" ॥१३९॥

**તાત્પર્યાર્થ :-** મુનિઓ માટે જે કાંઈ કલ્પ્ય છે-તેની સર્વથા અનુજ્ઞા તીર્થંકરોએ કરી નથી. તે જ રીતે યોગ્ય કારણો હોય તો અકલ્પ્યનો સર્વથા પ્રતિષેધ પણ કર્યો નથી. નિશ્ચય અને વ્યવહાર ઉભયથી ગર્ભિત અને આદરણીય એવી શ્રીતીર્થંકરદેવોની આજ્ઞા એ છે કે જ્ઞાનદર્શનાદિ ગુણોને ટકાવી રાખવાનું પુષ્ટ આલંબન રૂપ કાર્ય=પ્રયોજન ઊભું થયું હોય ત્યારે મુનિઓએ સદ્ભાવ પ્રધાન બનવું જોઈએ. અર્થાત્ નિષ્કપટપણે ગૌરવ-લાઘવનો વિચાર કરવો જોઈએ. માતૃસ્થાન=માયા-કપટથી કોઈપણ જાતનું ઓઠું પકડવું જોઈએ નહિ. મોક્ષમાર્ગની આરાધના તાત્ત્વિક જ્ઞાનાદિ ગુણના આલંબનની અવિચ્છિન્નતાથી જ સિદ્ધ થાય છે. તેમાં બાહ્યાનુષ્ઠાનો એકાન્તે અત્યંત હેતુભૂત છે એવું નથી અર્થાત્ બાહ્ય અનુષ્ઠાનો એકાન્તિક પણ નથી અને આત્યંતિક પણ નથી, એટલે તો તેને દ્રવ્યક્રિયા કહેવામાં આવે છે.

મૂળ શ્લોકમાં વપરાયેલા સત્ય શબ્દનો **સંયમ** એવો પણ અર્થ છે. એનો ભાવાર્થ એ છે કે પ્રત્યેક પ્રયોજનની સિદ્ધિમાં, સિદ્ધિ માટે કરાતી પ્રવૃત્તિમાં, સંયમના લક્ષ્યવાળા બનવું. અર્થાત્ જે જે રીતે સંયમ વધુ ને વધુ દૃઢ અને પુષ્ટ થાય તે તે રીતે પ્રવર્તવું. શક્તિને જો છુપાવવામાં આવે તો સંયમનો નિર્વાહ થાય નહિ માટે સર્વપ્રવૃત્તિઓ શક્તિ ગોપવ્યા વિના આદરવી જોઈએ. **શ્રીકલ્પબૃહદ્ભાષ્યકારે** કહ્યું છે કે કાર્ય એટલે જ્ઞાનાદિ અને સત્ય એટલે સંયમ જ. તે ચિરકાળ સુધી જે રીતે ટકી રહે તે પ્રમાણે કરતા રહેવું જોઈએ. ॥૧૩૯॥

---

६५ कार्यं ज्ञानादिकं सत्यं पुनर्भवति संयमो नियमात् । यथा यथा शोधयति अचिरात् तथा तथा कर्त्तव्यकं भवति ॥

## (દોષ બાળે અને કર્મ ટાળે તે મોક્ષનો ઉપાય)

**दोसा जेण निरुज्झंति जेण छिज्जंति पुव्वकम्माइं ।**
**सो सो मोक्खोवाओ रोगावत्थासु समणं व ॥१४०॥**

**શ્લોકાર્થ :-** જેનાથી દોષનિરોધ થાય અને પૂર્વકર્મનો ઉચ્છેદ થાય, રોગ અવસ્થામાં શામકની જેમ તે સઘળાય મોક્ષના ઉપાયો છે. ॥૧૪૦॥

**दोषाः**=रागादयः **निरुद्ध्यन्ते**=सन्तोऽप्यप्रवृत्तिमन्तो जायन्ते येनानुष्ठानविशेषेण, **पूर्वकर्माणि**=प्राग्भवोपात्तज्ञानावरणादिकर्माणि च **येन क्षीयन्ते, स सो**ऽनुष्ठानविशेषो **मोक्षोपायो** ज्ञातव्यः, **रोगावस्थासु**=ज्वरादिरोगप्रकारेषु, **शमनमिव**=उचितौषधप्रदानापथ्यपरिहाराद्यनुष्ठान-**मिव**=यथा, येन विधीयमानेन ज्वरादिरोगः क्षयमुपगच्छति, एवमुत्सर्गे उत्सर्गमपवादे चापवादं समाचरतो रागादयो निरुध्यन्ते पूर्वकर्माणि च क्षीयन्ते । अथवा यथा कस्यापि रोगिणोऽधिकृतपथ्यौषधादिकं प्रतिषि-द्ध्यते कस्यापि पुनस्तदेवानुज्ञायते, एवमत्रापि यः समर्थस्तस्याकल्प्यं प्रतिषिद्ध्यतेऽसमर्थस्य तु तदेवानुज्ञायते । यथोक्तं भिषग्वरशास्त्रे–

"उत्पद्यते हि सावस्था देशकालामयान् प्रति ।
यस्यामकार्यं कार्यं स्यात् कर्म कार्यं च वर्जयेत् ॥" इति ॥१४०॥

**તાત્પર્યાર્થ :-** 'અમુક જ પ્રવૃત્તિ મોક્ષનો હેતુ છે અને અમુક નથી' એવા એકાન્ત નિર્ધારણને જૈન શાસનમાં સ્થાન નથી. જૈનશાસન કહે છે કે જે જે વિશિષ્ટ પ્રકારના અનુષ્ઠાનોથી રાગાદિ દોષો વિલીન થવા માંડે અને પૂર્વભવ ઉપાર્જિત જ્ઞાનાવરણાદિ કર્મોની નિર્જરા થાય તે બધાય અનુષ્ઠાનો મોક્ષના ઉપાયભૂત જાણવા. ઉગ્રજ્વર વગેરે રોગોનો ઉદય થયો હોય ત્યારે જે જે ઉચિત ઔષધનું પ્રદાન કરવાથી અને જે જે પ્રકારના અપથ્ય ભોજનનો ત્યાગ કરવાથી અર્થાત્ જે રીતે જે ઉપાય આદરવાથી જ્વરાદિ રોગનો ક્ષય થાય તે રીતે તે તે ઔષધ પ્રદાનાદિ ઉપાયોથી રોગોપચાર કરવામાં આવે છે. એ જ રીતે ઉત્સર્ગના યોગ્ય સ્થાને ઉત્સર્ગમાર્ગનું અને અપવાદયોગ્ય માર્ગમાં અપવાદનું આચરણ કરવાથી પૂર્વકર્મોનો ક્ષય થાય છે અને રાગાદિ દોષો નિવૃત્ત થાય છે. તાત્પર્ય, તે તે સ્થાનોમાં તે તે ઉત્સર્ગ અને અપવાદમાર્ગનું સેવન મોક્ષનો ઉપાય જાણવો. અથવા-કોઈક રોગી એવો હોય છે કે જેને અમુક પથ્ય ઔષધ વગેરે ગ્રહણ કરવાનો રોગચિકિત્સાશાસ્ત્રમાં પ્રતિષેધ કરવામાં આવે છે જ્યારે કોઈક રોગી એવો હોય છે કે જેને તે જ પથ્ય ઔષધાદિ ગ્રહણ કરવાની અનુજ્ઞા આપવામાં આવે છે. તે જ રીતે જે શક્તિશાળી, સહનશીલ, તત્ત્વજ્ઞ મુનિ છે તેને અકલ્પ્ય ગ્રહણ કરવાનો નિષેધ છે, જ્યારે અસહિષ્ણુ મુનિને ઉચિત અવસરે અપવાદ સેવન કરવાની છૂટ છે. દા.ત. **ભિષગ્વર શાસ્ત્ર**માં કહ્યું છે કે-'એવી પણ અવસ્થા તે તે દેશ સંબંધી અને

તે તે કાળ સંબંધી રોગોને આશ્રયીને ઉદ્ભવતી હોય છે કે જેમાં અકાર્ય પણ કાર્ય બની જાય છે અને કાર્ય અકાર્ય બની જાય છે.' ॥૧૪૦॥

### (જૈન-જૈનેતર વચનોમાં સમાનતાની શંકા)

तदेवमुत्सर्गापवादयोस्तुल्यसंख्यत्वं तदुपपादकमनियतविषयत्वतौल्यं च वृद्धवचनसम्मत्या समर्थितम् । इत्थं च यदुच्यते मन्दमतिभिः-उत्सर्गापवादप्रचुरत्वे जिनवचनस्यान्यवचनतुल्यतापत्तिस्तत्रापि ''न हिंस्यात् सर्वभूतानि' 'अग्नीषोमीयं पशुमालभेत'' इत्यादिवचनानामुत्सर्गापवादभावेन विरोधपरिहारस्य सुवचत्वादिति, तन्निरसितुमाह–

આ રીતે ઉત્સર્ગ-અપવાદની સંખ્યા તુલ્ય છે અને તેને સંગત કરનાર અનિયતવિષયતા પણ તુલ્ય છે. અર્થાત્ અમુક બાબત ઉત્સર્ગનો જ વિષય છે અને અમુક અપવાદનો જ, એવો વિષયવિભાગ ન હોવાથી ઉભયપદે તુલ્ય અનિયતવિષયતાનું **બૃહત્કલ્પભાષ્યકાર** વગેરે જ્ઞાનવૃદ્ધ મહાપુરુષોના વચનની સાક્ષીથી સમર્થન કર્યું. આ જ વિષયમાં કેટલાક મંદબુદ્ધિઓ એવો આક્ષેપ કરે છે કે-"જિનવચનમાં પણ જો પ્રચુર ઉત્સર્ગ-અપવાદોને અવકાશ હોય અને જ્યાં જ્યાં પરસ્પર વિરોધ દેખાતો હોય ત્યાં ત્યાં ઉત્સર્ગ અને અપવાદનો વિભાગ કરીને વિરોધનો પરિહાર કરવામાં આવતો હોય તો જિનવચન અને જૈનેતર શાસ્ત્રનાં વચનમાં ખાસ કોઈ તફાવત રહેતો નથી. કારણ કે એકબાજુ વેદશાસ્ત્રમાં "કોઈપણ જીવની હિંસા કરવી નહિ" એવા વચન સાથે 'અગ્નિસોમયજ્ઞ માટે પશુની હિંસા કરે' આ હિંસા પ્રતિપાદક વચનનો વિરોધ દર્શાવવામાં આવે ત્યારે બ્રાહ્મણ પંડિતો પણ તે બે વેદવાક્યોમાં અનુક્રમે ઉત્સર્ગ-અપવાદભાવનું આરોપણ કરીને બહુ જ સરળતાથી તે વિરોધનું નિરાકરણ કરી શકે છે."

શ્લોક ૧૪૧માં આ આક્ષેપનું નિરાકરણ કરવામાં આવ્યું છે–

**ण य एवं जिणवयणे तुल्लत्तं होइ अण्णवयणेणं ।**
**जं तं एगंतत्थं ण वि तं दिट्ठं सठाणत्थं ॥१४१॥**

**શ્લોકાર્થ** :- જિનવચનમાં અન્યવચનથી એ રીતે તુલ્યતા નથી. કારણ કે તે અન્ય વચન એકાન્તાર્થક છે અને સ્વસ્થાને હોવું જોઈએ તે દેખાતું નથી. ॥૧૪૧॥

**न च एवं जिनवचनेऽन्यवचनेन तुल्यत्वं भवति, यद्**=यस्मात्तदन्यवचनं **एकान्तार्थं** न त्वितरेतरानुविद्धार्थकं, तथा च पूर्णार्थाऽप्रापकत्वात् तत्राऽप्रामाण्यमेव, **तथा नापि तद् दृष्टं स्वस्थानस्थम्,** तथा चास्थानपतितत्वेन विरुद्धत्वाद् व्यवहारेणाप्यन्यवचनस्याऽप्रामाण्यमेवेत्यर्थः ॥१४१॥

### (જૈનેતર વચનોમાં સ્થાન-ઔચિત્યનો અભાવ)

**તાત્પર્યાર્થ :-** અન્ય વચનોમાં સરળતાથી વિરોધનો પરિહાર શક્ય હોવા માત્રથી તે જિનવચનની સ્પર્ધા કરી શકે તેવું બની જતું નથી. કારણ કે જિનવચનમાં અનેકાન્ત સિદ્ધાન્તની સુવાસ છે જ્યારે જૈનેતર વચનમાં એકાન્તની દુર્ગન્ધ છે. અર્થાત્ તેમના ઉત્સર્ગ કે અપવાદસંબંધી પ્રતિપાદનોમાં ઉત્સર્ગ અને અપવાદ અન્યોન્ય મીલિતરૂપે હોવા જોઈએ તે નથી. આ કારણે પરિપૂર્ણ અર્થબોધકતા ન હોવાથી જૈનેતર વચનોમાં લોકોત્તર પ્રામાણ્યને અવકાશ નથી. વળી, જૈન વચનમાં જે ઉત્સર્ગયોગ્ય સ્થાન હોય ત્યાં ઉત્સર્ગનું અને અપવાદયોગ્ય સ્થાન હોય ત્યાં અપવાદનું પોતપોતાના ઉચિત સ્થાનમાં નિરૂપણ કરાયું હોય છે. જ્યારે જૈનેતર વચનમાં તેનાથી વૈપરીત્ય હોવાથી અર્થાત્ જે સ્થાને જેનું ઔચિત્ય નથી તે સ્થાને તેનું નિરૂપણ કરાયેલું હોવાથી વિરોધ સાવકાશ છે. એટલે વ્યવહારથી પણ તેમનાં વચનો પ્રમાણભૂત નથી. ॥૧૪૧॥

अथ किं उत्सर्गस्थानं किं चापवादस्थानं किं चैतदस्थानं यत्पतितत्वेनान्यवचनस्य विरुद्धत्वमित्याशङ्कायां [कल्प] भाष्यगाथामाह—[३२४]

ઉત્સર્ગસ્થાન કોને કહેવાય અને અપવાદસ્થાન કોને કહેવાય ? અસ્થાન પતિત હોવાથી અન્ય વચનોને વિરુદ્ધ કહેવામાં આવ્યાં છે તે અસ્થાન પણ શું છે ? શ્લોક ૧૪૨માં આનું સ્પષ્ટીકરણ ભાષ્યગાથા દ્વારા કર્યું છે—

**संथरओ सट्ठाणं उस्सग्गो असहुणो परट्ठाणं ।**
**इय सट्ठाण परं वा ण होइ वत्थू विणा किंचि ॥१४२॥**

### (ઉત્સર્ગ-અપવાદનાં સ્વસ્થાન-પરસ્થાન)

**શ્લોકાર્થ :-** સંસ્તરણને આશ્રયીને ઉત્સર્ગ સ્વસ્થાન છે અને અસહિષ્ણુને માટે ઉત્સર્ગ પરસ્થાન છે. આ રીતે વસ્તુ (=વ્યક્તિ વિશેષ) વિના કાંઈ પણ સ્વસ્થાન કે પરસ્થાન હોતું નથી. ॥૧૧૨॥

**संस्तरतो**=निस्तरतः **उत्सर्गःस्वस्थानं** अपवादः परस्थानम्, **असहस्य**=असमर्थस्य यः संस्त-रितुं न शक्नोति तस्यापवादः स्वस्थानमुत्सर्गः परस्थानम्, **इति**=एवममुना प्रकारेण, पुरुषलक्षणं वस्तु विना न किञ्चित्स्वस्थानं परस्थानं वा किन्तु 'पुरुषो वस्तु' 'संस्तरति न चे'त्यतः पुरुषात् स्वस्थानं परस्थानं वा निष्पद्यते । न चासंस्तरन्तं पुरुषमधिकृत्यान्यवचने निषिद्धं पुनरपोद्यते किन्तु यदृच्छयैव, इत्थं च यद्भावेन विहिते प्रवृत्तिरव्यवच्छिन्नतद्भावेनैव न निषिद्धे सा दृश्यते किन्तु तृष्णयैव, अतृष्णामूलनिषिद्धप्रवृत्तेरुत्सर्गाऽसहिष्णुतानियतत्वात् । तथा च मोक्षबीजस्य जिनवचनस्यान्यवचनसदृशतोट्टंकनं महदज्ञानविजृम्भितमेवेति भावः ॥१४२॥

**તાત્પર્યાર્થ :-** જે પુરુષ દ્રવ્ય-ક્ષેત્રાદિ અનુકૂળ હોવાથી પોતાના સંયમનો વિના અપવાદે નિસ્તાર કરી શકે તેમ હોય તેને માટે ઉત્સર્ગ સ્વસ્થાન છે અર્થાત્ ઉચિત છે. અને અપવાદ પરસ્થાન છે અર્થાત્ અનુચિત છે. જે પુરુષ અસહિષ્ણુ હોવાથી સીધેસીધો પોતાનો નિર્વાહ કરી શકે તેમ ન હોય તેના માટે ઉત્સર્ગ પરસ્થાન છે અર્થાત્ અનુચિત છે, જ્યારે અપવાદ સ્વસ્થાન છે. આ રીતે જે વ્યક્તિને માટે સ્વસ્થાન કે પરસ્થાનનો વિચાર કરવાનો છે તે વસ્તુ એટલે કે વ્યક્તિવિશેષની દશા-અવદશાને ધ્યાનમાં લીધા વિના કયું પરસ્થાન છે તે કહી શકાય તેમ હોતું નથી. કિન્તુ તે વ્યક્તિ કોણ છે અને તે સીધેસીધો સંયમનિર્વાહ કરી શકે તેમ છે કે નહિ-આ બે વિગતના આધારે સ્વસ્થાન કે પરસ્થાનનો નિર્ણય ફલિત થતો હોય છે. આવી સુંદર સ્વસ્થાન-પરસ્થાનની વ્યવસ્થા જૈન શાસનમાં જે ઉપલબ્ધ થાય છે તે જૈનેતર વચનોમાં ઉપલબ્ધ થતી નથી. ત્યાં નિસ્તાર કરવાને અશક્ત વ્યક્તિવિશેષને ઉદ્દેશીને જ નિષિદ્ધપ્રવૃત્તિની અનુજ્ઞા આપવામાં આવતી હોય એવું કશું નથી. પણ જેમ તેમ ઢંગધડા વગરની જ અનુજ્ઞા આપવામાં આવે છે. એટલે જૈનેતરોમાં જે પ્રયોજન સિદ્ધ કરવા માટે વિહિત કાર્યમાં પ્રવૃત્તિ થતી દેખાય છે એ જ પ્રયોજન નિષિદ્ધ પ્રવૃત્તિમાં પણ અવિચ્છિન્ન હોય અર્થાત્ એ જ પ્રયોજનની સિદ્ધિના ઉદ્દેશથી નિષિદ્ધમાં પ્રવૃત્તિ કરાતી હોય એવું દેખાતું નથી. કિન્તુ મોટાભાગે રાગદ્વેષ અને સ્વર્ગાદિ સુખની તૃષ્ણાથી નિષિદ્ધ હિંસાદિના આચરણમાં પ્રવૃત્તિ થતી દેખાય છે. જે નિષિદ્ધ આચરણમાં પ્રવૃત્તિ કરવામાં આવે છે તે ખરેખર તૃષ્ણામૂલક ન હોય તો ત્યારે જ કરવાનું મન થાય જ્યારે ઉત્સર્ગમાર્ગે પ્રયોજન સિદ્ધ કરવાની સહિષ્ણુતા અર્થાત્ શક્તિમત્તા અવશ્ય ન હોય. ['यत्र यत्र अतृष्णामूलक निषिद्धप्रवृत्तिः तत्र तत्र उत्सर्गाऽसहिष्णुता एव' इत्येवं नियमः] આ પરિસ્થિતિમાં મોક્ષના હેતુભૂત જિનવચનને જૈનેતર વચનોથી તુલ્ય ગણવું અજ્ઞાનની ચરમ સીમાને ઓળંગી જવા સમાન છે. ॥૧૪૨॥

अथ बाधकापोद्यो नियम उत्सर्गो, बाधकविधिश्चापवाद इति, विशेषविधिदर्शनात् सामान्य-निषेधे संकोचकल्पनात् परवचनेऽप्युत्सर्गापवादभावे न विरोध इत्याशङ्कायामाह—

### (જૈનેતર ઉત્સર્ગાપવાદ અંગે શંકા)

**શંકા :-** જૈનેતરોની ઉત્સર્ગ-અપવાદની વ્યાખ્યા જુદા પ્રકારની છે. બાધક વિધાનથી જે નિયમમાં સંકોચ કરાય છે તેવો નિયમ તે ઉત્સર્ગ અને તેમાં સંકોચ કરાવનાર બાધક વિધાન અપવાદ છે. 'કોઈપણ જીવની હિંસા કરવી નહિ' આ સામાન્યતઃ નિષેધવચનમાં 'અગ્નિષોમયજ્ઞ માટે પશુની હિંસા કરે' એવું વિશેષ વિધાન સંકોચકારક છે. એટલે સામાન્ય નિષેધનો નિયમ એ ફલિત થાય છે કે યજ્ઞના પ્રયોજનથી કરાતી હિંસા છોડીને બાકીની જે સ્વાર્થ માટે થતી હિંસા છે તેનો જ 'કોઈપણ જીવની હિંસા કરવી નહિ' તેવા ઔત્સર્ગિક

સામાન્ય વચનથી નિષેધ કરવામાં આવે છે. આ રીતે કરવામાં આવતી ઉત્સર્ગ-અપવાદની વ્યવસ્થાથી જૈનેતર વચનમાં પણ કોઈ વિરોધને અવકાશ રહેતો નથી. શ્લોક ૧૪૩માં આ શંકાનું નિરાકરણ કરવામાં આવ્યું છે—

**बज्झकिरियाविसेसे ण णिसेहो वा विहीव संभवइ ।**
**जं सो भावाणुगओ तयत्थमंगीकया जयणा ॥१४३॥**

**શ્લોકાર્થ :-** બાહ્યક્રિયા વિશેષમાં ન તો નિષેધનો સંભવ છે, ન તો વિધિનો સંભવ, કારણ કે તે ભાવથી અનુગત છે. માટે જ તો તેમાં યતનાને સ્થાન આપવામાં આવ્યું છે. ॥૧૪૩॥

**बाह्यक्रियाविशेषे** शृंगग्राहिकया गृहीते **निषेधो विधिर्वा न संभवति; यद्**=यस्माद् **भावानुगतो**=भावैकजीवित: **स:**=बाह्यक्रियाविशेष:, शुद्धभावसत्त्वे प्राणव्यपरोपणसंपत्तावपि हिंसानिषेधात्तदसत्त्वे च तदसंपत्तावपि हिंसानुपरमात्, तस्यैव मोक्षबीजत्वात्, तदुपसंग्रहार्थायाश्च बाह्यक्रियाया: शृंगग्राहिकया ग्रहीतुमशक्यत्वात् तदर्थं च यतनांगीकृता मुनिपुंगवैस्तस्या: शुभभावपरिणामत्वात्। न चेयं शृंगग्राहिकया परमते संभवति, तथा सति बहुतराऽसत्प्रवृत्तेरेवाऽदर्शनात्। **अथ** यथाविहिताचरणेन शास्त्रश्रद्धारूपो भाव: परैरप्यनुगम्यत एवेति **चेत्** ? अनुगम्यतां परमसद्ग्रहरूपोऽयं न तु योगानुभवगम्यो गुरुलघुभावपर्यालोचनप्राणो रत्नत्रयमय इति संसाराभिनन्दिनामेवाश्रयणीयोऽयम्।

**एतेन** "काम्येऽपि विहिताचरणमग्नतया मन:शुद्धिभावोऽक्षत" **इत्याप्यपास्तम्,** ईदृशेन गायत्रीजपादिनापि मन:शुद्धिसम्भवे हिंसाबहुलकर्मानुष्ठानस्य सांख्यादिभिरपि निन्दितत्वात्। अपि चैवं श्येनादावपि प्रवृत्तिप्रसंग:। **न च** तत्र स्वार्थत्वमग्नीषोमहिंसायां च क्रत्वर्थत्वमिति विशेषोऽस्तीति **वाच्यं,** क्रत्वर्थत्वेऽपि स्वर्गार्थत्वेन स्वार्थत्वानापायादित्यधिकं **लतायाम्**। तस्मात् यतनाऽभावान्नोत्सर्गापवादकमनीयत्वं परवचने, तद्भावाच्चेदृशत्वं जिनवचनेऽनपायमिति व्यवस्थितम् ॥१४३॥

### (જૈનેતર મતમાં જયણાને સ્થાન નથી.)

**તાત્પર્યાર્થ :-** જૈનેતર શાસ્ત્રોમાં યજ્ઞાદિ બાહ્યક્રિયાવિશેષનું નામ લઈને તેનું વિધાન કરવામાં આવે છે તે બરાબર નથી. તેનું કારણ એ છે કે અમુક યજ્ઞાદિ બાહ્યક્રિયાવિશેષને ઉદ્દેશીને નિષેધ કે વિધાન કરવું અશક્ય છે. અશક્ય એટલા માટે છે કે તેમાં ભાવ અનુગત હોય છે. આશય એ છે કે શુદ્ધ ભાવ એ પ્રત્યેક બાહ્યક્રિયાવિશેષનો પ્રાણ છે. નિષ્પ્રાણ બાહ્યક્રિયાથી પ્રયોજનસિદ્ધિ થતી નથી. શુદ્ધ ભાવની વિદ્યમાનતામાં પ્રાણવિયોગ થવા છતાં પણ ત્યાં હિંસા હોતી નથી જ્યારે ભાવ શુદ્ધ નહિ પણ અશુદ્ધ હોય તો બાહ્ય પ્રાણવિયોગ

ન હોવા છતાં પણ હિંસાથી અટકવાનું થતું નથી. નિષ્કર્ષ એ છે કે શુદ્ધ ભાવ એ જ મોક્ષનું બીજ છે. એ શુદ્ધ ભાવનો આવિર્ભાવ કરવા માટે તથા તેને સ્થિર અને દૃઢ બનાવવા માટે બાહ્ય ક્રિયા ઉપયોગી છે એટલે કઈ બાહ્યક્રિયા કયી વ્યક્તિ માટે ભાવોત્પાદક થશે કે નહિ એ શિંગડું પકડીને ગાયને બતાવવામાં આવે તે રીતે અંગુલિનિર્દેશ કરીને બતાવવું અશક્ય છે. માટે જ આદરણીય મુનિભગવંતોએ જયણા દર્શાવી છે અને જયણા જ શુભભાવરૂપ પરિણામને જાગ્રત કરનારી છે. આ પ્રકારની જયણાનો પરમતમાં સંભવ હોવાનું શૃંગગ્રાહિકાવત્ નિર્દેશ કરીને કહી શકાય તેમ નથી. કારણ કે જો ત્યાં જયણાની વિદ્યમાનતા હોય તો ત્યાં જે ઘણી બધી હિંસાદિ અસત્ પ્રવૃત્તિઓનાં દર્શન થાય છે તે ન થાય.

## (જૈનેતરોની સ્વશાસ્ત્રશ્રદ્ધા અસદ્ગ્રહરૂપ)

**શંકા :-** જૈનેતર શાસ્ત્રમાં જે રીતે જે યજ્ઞાદિ પ્રવૃત્તિ આચરવાનું વિધાન કર્યું છે તે રીતે જ તેનું આચરણ કરાતું હોવાથી શાસ્ત્રમાં તેઓની અતૂટ શ્રદ્ધા વ્યક્ત થાય છે. અને આ શાસ્ત્રશ્રદ્ધા એ જ ત્યાં ભાવસ્વરૂપ છે એમ તેઓ માને છે.

**સમાધાન :-** માનતા હોય તો ભલે માને પણ એ શાસ્ત્રશ્રદ્ધારૂપ ભાવ સાચો ભાવ નથી પણ ખોટો આગ્રહ છે. સાચો ભાવ તો યોગાભ્યાસના અનુભવથી પ્રાપ્ત થતો હોય છે, ગુણ-દોષના ગૌરવ-લાઘવનો પરામર્શ એ શુદ્ધ ભાવનો પ્રાણ હોય છે અને જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ રત્નત્રયથી ઓતપ્રોત હોય છે. ઉપરોક્ત જૈનેતર શાસ્ત્રશ્રદ્ધારૂપ ભાવ આવા પ્રકારનો હોતો નથી એટલે ભવાભિનંદી જીવો જ તેનો આશરો લેતા હોય છે.

## (યજ્ઞાદિ કામ્યકર્મમાં ભાવશુદ્ધિનો અસંભવ)

જૈનેતરોની સ્વશાસ્ત્રશ્રદ્ધા પણ અસદ્ગ્રહરૂપ છે, એ કથનથી-'સંસાર સુખની કામનાથી થતાં યજ્ઞાદિ કામ્યકર્મમાં પણ શાસ્ત્રવિહિત આચરણની તલ્લીનતા વિદ્યમાન હોવાથી માનસિક શુદ્ધભાવના અસ્તિત્વમાં કોઈ ખામી નથી.' આવા (વૈદિકોના) કથનની પણ યુક્તિહીનતા સિદ્ધ થાય છે. સાંખ્ય વગેરેએ પણ તેની નિન્દા કરતાં કહ્યું છે કે-વિહિતાચરણમાં તલ્લીનતાપૂર્વક ગાયત્રી મન્ત્રના જાપ વગેરેથી પણ માનસિક શુદ્ધ ભાવ સંભવિત હોવાથી હિંસાથી યજ્ઞકર્માદિ અનુષ્ઠાન નિંદ્ય કર્મ છે. વળી વિહિતકર્મમગ્નતાથી માનસિક શુદ્ધ ભાવ અગ્નિષોમ યજ્ઞમાં પણ અખંડિત રહેતો હોય તો પછી શ્યેનયાગમાં પણ પ્રવૃત્તિ કરવામાં કોઈ અનિષ્ટની સંભાવના નહિ રહે. કારણ કે શ્યેનયાગ પણ વેદશાસ્ત્રવિહિત છે અને શત્રુના ઘાત માટે કરવાનો હોય છે. શાસ્ત્રવિહિત હોવા છતાં પણ તેમાં થતી શ્યેનપક્ષીની હિંસાથી શાસ્ત્રએ જ ત્યાં દુર્ગતિપતનરૂપ અનિષ્ટ થવાનું કહ્યું છે અને તેથી જ તેને અંગે પ્રાયશ્ચિતનો નિર્દેશ કર્યો છે. દુર્ગતિપાતના ભયે લોકો તેમાં પ્રવૃત્તિ

કરતા નથી. પણ જો વિહિતાચરણમગ્નતા વિદ્યમાન હોવાથી મનનો શુદ્ધ ભાવ અક્ષત રહેતો હોય તો શ્યેનયાગથી પણ અનિષ્ટ સર્જનની આપત્તિ ન હોવાથી તેમાં પણ પ્રવર્તવાનો લોકોને ઉત્સાહ થશે. જો અહીં એમ કહેવામાં આવે કે-"શ્યેનયાગમાં થતી શ્યેનપક્ષીની હિંસા શત્રુઘાત રૂપ સ્વાર્થસિદ્ધિને અનુલક્ષીને થતી હોવાથી ત્યાં અનિષ્ટ સર્જન થવાની શક્યતા છે. પરંતુ અગ્નિષોમ યજ્ઞની હિંસા યજ્ઞાર્થક હોવાથી-અર્થાત્ યજ્ઞકર્મના અંગભૂત હોવાથી તેમાં કોઈ દોષ નથી. આ રીતે અગ્નિષોમ અને શ્યેનયાગમાં ઘણો તફાવત છે"- તો એ બરાબર નથી. કારણ કે યજ્ઞ પોતે જ સ્વર્ગાદિ સુખની પ્રાપ્તિ માટે કરાતો હોવાથી તેમાં થતી હિંસામાં પણ સ્વાર્થ જ મુખ્ય છે એટલે દોષ થવામાં કોઈ અટકાવનાર નથી. આ વિષયનું વધુ ને વધુ વિવેચન **સ્યાદ્વાદ કલ્પલતા**માં જોઈ લેવું. આ રીતે જૈનેતર વચનમાં જયણાને કોઈ મહત્ત્વનું સ્થાન ન હોવાથી જૈનેતરોના દર્શાવેલા ઉત્સર્ગ-અપવાદો હૃદયમાં જચે તેવા નથી. જ્યારે જિનવચનમાં જયણાનું અત્યધિક મહત્ત્વ હોવાથી તે નિર્વિઘ્ને હૃદયંગમ બની શકે તેવું છે. ઈતિ સિદ્ધમ્ ॥૧૪૩॥

अथैतदुपसंहरन्नाह—

**कयमेत्थ पसंगेण उस्सग्गववायरूवमिय णाउं ।**
**जह बहु कज्जं सिज्झइ तह जइयव्वं पयत्तेण ॥१४४॥**

**ઉપસંહાર :-**

**શ્લોકાર્થ :-** પ્રાસંગિક ઘણું થયું. આ રીતે ઉત્સર્ગ અને અપવાદના સ્વરૂપને જાણીને ઘણું કાર્ય જે રીતે સિદ્ધ થાય તે રીતે પ્રયત્નપૂર્વક પ્રવર્તવું જોઈએ. ॥૧૪૪॥

**कृतं**=पर्याप्तम् **अत्रोत्सर्गापवादचिन्तायाम् प्रसंगेन,** इत्येवमुत्सर्गापवादरूपं ज्ञात्वा **यथा बहु**=अभ्यधिकम्, **कार्यं**=संयमप्रयोजनं सिद्ध्यति **तथा प्रयत्नेन**=सर्वादरेण **यतितव्यं,** बहुविस्तरोत्सर्गबहुविधापवादावबोधस्य संयमात्यादरमात्रप्रयोजनत्वात् ॥१४४॥

**તાત્પર્યાર્થ :-** ઉત્સર્ગ અને અપવાદની વિચારણામાં પ્રાસંગિક રીતે જે કહેવામાં આવ્યું છે તે ઉત્સર્ગ-અપવાદના સ્વરૂપને સમજવા માટે પૂરતું છે. તેનાથી ઉત્સર્ગ અને અપવાદનું સમ્યક્ સ્વરૂપ જાણીને આદર - બહુમાનપૂર્વક તે રીતે તેનું આચરણ કરવું જોઈએ કે જેથી સંયમ રૂપ પ્રયોજન વધુ ને વધુ માત્રામાં સિદ્ધ થાય. ઘણા વિસ્તારથી ઉત્સર્ગમાર્ગ અને અનેક પ્રકારના અપવાદોને જણાવવાનું અને જાણવાનું પ્રયોજન જ આ છે કે સંયમજીવનમાં વધુ ને વધુ આદર - બહુમાન ઊભાં થાય. ॥૧૪૪॥

## ઉપદેશ ૩૬ - વિરુદ્ધ આચરણા તે આજ્ઞા નથી.

यतनापि प्रमाणमूला श्रेयसी न तु विकल्पमात्रकृतेत्युपपादयति-

જેવી તેવી યતના પણ શ્રેયસ્કર નથી. જે યતના સર્વજ્ઞવચન રૂપ પ્રમાણમૂલક હોય તે જ શ્રેયસ્કર છે. પોતાની મતિકલ્પનાથી પાળવામાં આવતી જયણા શ્રેયસ્કર નથી. ૧૪૫મા શ્લોકમાં આ બાબતનું સ્પષ્ટ ઉપપાદન કર્યું છે–

**जयणा खलु आणाए आयरणावि अविरुद्धगा आणा ।**
**णासंविग्गायरणा जं असयालंबणकया सा ॥१४५॥**

**શ્લોકાર્થ :-** આજ્ઞાપૂર્વકની હોય તે જ જયણા છે. આચરણા પણ વિરુદ્ધ ન હોય તે જ આજ્ઞા રૂપ છે. અસંવિગ્ન લોકોનું આચરણ આજ્ઞારૂપ નથી કારણ કે તે અસદાલંબન પ્રેરિત હોય છે. ॥૧૪૫॥

**यतना खलु**=निश्चयेन **आज्ञया**=**निशीथा**दिसूत्रादेशेन भवति, न तु स्वाभिप्रायेण लोकाचारदर्शनेनैव वा । नन्वाचरणाऽप्याज्ञैव पञ्चसु व्यवहारेषु जीतस्यापि परिगणनात्, तथा च कथं नेयं यतनायां प्रमाणमित्यत्राह-**आचरणाप्यविरुद्धैवाज्ञा, न पुनरसंविग्नाचरणा, यद्**=यस्मात् **असदालंबनकृता** सा, ते हि दुःषमाकालादिदोषावलंबनेन स्वकीयं प्रमादं मार्गतया व्यवस्थापयन्ति, न चैतद् युक्तं, विषादेरिव दुःषमायां प्रमादस्याप्यनर्थकरणशक्त्यविघातात् । तदुक्तम्-

[६६]"मारेंति दुस्समाए वि विसादओ जह तहेव साहूणं ।
निक्कारणपडिसेवा सव्वत्थ विनासई चरणं ॥" [उपदेशपद ८०]

अविरुद्धाचरणायाश्चेत्थं लक्षणमामनन्ति-[बृ.क.भा.४४९९] [उप. पद ८१३][पंचवस्तु-४७६]

असढेण समाइन्नं जं कत्थइ केणई असावज्जं ।

न निवारियमन्नेहिं जं बहुमयमेअमायरिअं ॥ **अशठेना**=ऽमायाविना सता समाचीर्णमाचरितं **यद्** भाद्रपदशुक्लचतुर्थीपर्युषणापर्ववत्, कुत्रचित्काले क्षेत्रे वा केनचित्संविग्नगीतार्थत्वादिगुणभाजा कालिकाचार्यादिनाऽ**सावद्यं**=मूलोत्तरगुणाराधनाऽविरोधि, तथा **न**=नैव निवारित**मन्यैश्च** तथाविधैरेव गीतार्थैः, अपि तु 'बहु यथा भवत्येवं मतं' बहुमतमेतदाचरितम् ॥१४५॥

**तात्पर्यार्थ :-** લોકાચાર મુજબની દેખાદેખીથી કલ્પી લીધેલી જયણા અથવા મનફાવતી રીતે કલ્પી લીધેલી જયણા એ વાસ્તવિક રીતે જયણા જ નથી. **નિશીથ** વગેરે સૂત્રમાં જણાવ્યા મુજબ ભગવાનની આજ્ઞાપૂર્વક જે જયણાનું પાલન થાય છે તે જ સાચી જયણા છે.

---

६६ मारयन्ति दुःषमायां विषादयो यथा तथैव साधूनाम् । निष्कारणप्रतिसेवा सर्वथा विनाशयति चरणम् ॥
६७ अशठेन समाचीर्णं यत्कुत्रचित्केनचिदसावद्यम् । न निवारितमन्यैर्यद्बहुमतमेतदाचरितम् ॥

**પ્રશ્ન** :- જેમ નિશીથાદિમાં આજ્ઞાનું પરિપાલન છે તેમ આચરણા પણ આજ્ઞા જ છે ને ! એટલે તો પાંચ વ્યવહારોમાં આચરણા સ્વરૂપ જીત વ્યવહારની પણ ગણતરી કરી છે તો પછી જયણાના વિષયમાં આચરણા પણ પ્રમાણ કેમ નહિ ?

**ઉત્તર** :- જે આચરણા જ્ઞાનાદિ ગુણ વિરોધી ન હોય તે જ આચરણા આજ્ઞારૂપ છે અને પ્રમાણભૂત છે. રાગ-દ્વેષથી ખરડાયેલી અસંવિગ્ન લોકોની આચરણા આજ્ઞારૂપ નથી. કારણ કે તે ખોટાં આલંબનો અને બહાનાંઓ પકડીને ચાલી પડી હોય છે. અસંવિગ્ન લોકો પડતા કાળ વગેરેનો દોષ કાઢીને પોતાના પ્રમાદાચરણને પણ માર્ગરૂપે સિદ્ધ કરવા મથતા હોય છે પણ એમની મથામણ નકામી છે. જેમ દુષમ કાળમાં ઝેર વગેરે મનુષ્યને મારવાને સમર્થ છે તેમ એ પ્રમાદાચરણ પણ દુઃષમ કાળમાં અનર્થ કરવાની શક્તિ ધરાવે છે. એ શક્તિનો કોઈ વિઘાત કરી શકતું નથી. કહ્યું છે કે-(ઉપદેશપદ ગાથા ૮૦૦)

'જેમ પાંચમા આરાના પડતા કાળમાં ઝેરથી મૃત્યુ થાય છે તેમ નિષ્કારણ અપવાદ સેવનથી સર્વત્ર ચારિત્રનો ધ્વંસ થાય છે.'

**(અશઠ આચરણા પ્રમાણ ગણાય)**

"અવિરુદ્ધ આચરણાનું લક્ષણ આ પ્રમાણે કહ્યું છે-'કોઈક અશઠ આચાર્યએ જે અસાવદ્ય આચરણ કર્યું હોય અને બીજા અશઠોએ તેનું નિવારણ ન કર્યું હોય તેનું આચરણરૂપે બહુમાન કરવા યોગ્ય છે.'

અશઠ પુરુષ એટલે અમાયાવી પુરુષ. આચાર્ય **શ્રીમદ્ કાલિકસૂરિ** વગેરે જેવા અમાયાવી સંવિગ્ન-ગીતાર્થ વગેરે ગુણધારક મહાપુરુષે કોઈક કાળે કોઈક ક્ષેત્રમાં ભા.સુ. પંચમીના પર્યુષણા પર્વનું ચોથને દિવસે પરિવર્તન કર્યું તે રીતે મૂળગુણ અને ઉત્તરગુણની આરાધનાનું વિરોધી ન હોય એવું જે કાંઈ અસાવદ્ય આચરણ કર્યું હોય અને તેમના જેવા જ બીજા આચાર્યોએ તેમનું નિવારણ ન કર્યું હોય કિન્તુ તેનો આદર કર્યો હોય તે જ ખરેખર આચરિત જાણવું. ॥૧૪૫॥

નિશીથાદિ સૂત્ર સૂચિત આજ્ઞા અને શુદ્ધ આચરણા રૂપ આજ્ઞા વર્તમાન કાળે જે રીતે આરાધવાની શક્યતા છે તે શ્લોક ૧૪૬માં દર્શાવે છે–

**दीसंति बहू मुंडा दूसमदोसवसओ सपक्खेऽवि ।**
**ते दूरे मोत्तव्वा आणासुद्धेसु पडिबंधो ॥१४६॥**

**(સ્વપક્ષી મસ્તકમુંડોથી સતત ચેતતાં રહેવું)**

**શ્લોકાર્થ** :- સ્વપક્ષમાં પણ દુષમકાળના દોષથી ઘણાય માથું મુંડાવનારા દેખાય છે તેઓનો દૂરથી જ પરિહાર કરવો અને વિશુદ્ધ આજ્ઞાનું પાલન કરનારાઓમાં બહુમાન ભાવ રાખવો. ॥૧૪૬॥

एवंविधाज्ञासिद्धिः सांप्रतं यथा भवति तथाह-**दृश्यन्ते स्वपक्षेऽपि** किं पुनः परपक्ष इत्यपिशब्दार्थः, **बहवो मुंडाः**=श्रमणगुणमुक्तयोगिनो हया इवोद्दामा गजा इव निरंकुशाः शिरोमुंडाः, **दुषमादोषवशतः** पंचमारकवैगुण्यबलात् । तदुक्तम्-

[६८]"कलहकरा डमरकरा असमाहिकरा अणिव्वुइकरा य ॥ होहिंति भरहवासे बहुमुंडा अप्पसमणा य ॥"

**ते दूरेण मोक्तव्याः**=विषवत् परिहर्त्तव्याः, तथा **आज्ञाशुद्धेषु**=सम्यगधीतजिनागमाचारवशात् शुद्धिमागतेषु साधुषु श्रावकेषु वा **प्रतिबन्धो**=बहुमानः कार्यः ॥१४६॥

**તાત્પર્યાર્થ** :- આ અવસર્પિણી કાળમાં પંચમવિભાગ, જેનું નામ 'દુઃષમ આરક' છે તેમાં રોજ રોજ શુભ ભાવો ઘટતા જતા હોવાથી વર્તમાનકાળમાં સ્વપક્ષમાં પણ એવા વેશધારીઓ છે જેઓ માત્ર શિરોમુંડન જ કરાવીને બેઠા છે. શિરોમુંડન સાથે જે શ્રમણપણાના ગુણો હોવા જોઈએ તે ન હોવાથી માત્ર યોગીઓનો લેબાશ ધારણ કરી રહ્યા છે. વળી, તેઓ અશ્વની જેમ માત્ર ઉચ્છૃંખલ છે એટલું જ નહિ, હાથીની જેમ નિરંકુશપણે મદમસ્ત થઈને ફરી રહ્યા છે. શાસ્ત્રમાં પણ કહ્યું છે કે-પાંચમા આરામાં ભરતક્ષેત્રમાં કલહ કરનારા, અંધાધુંધી ફેલાવનારા, અસમાધિ પેદા કરનારા અને અશાંતિ ફેલાવનારા ઘણાય માત્ર માથું મુંડાવનારા થશે. સાચા સાધુઓ અલ્પ થશે. એવા સાધુઓને જોઈને દૂરથી જ ભાગતા રહેવું. અર્થાત્ તેઓનો સંસર્ગ જ ન કરવો. ઝેરના સંસર્ગથી જેટલા દૂર રહેવાની જરૂર છે તેના કરતાં પણ વધારે જરૂર એવા વેષધારીઓથી દૂર રહેવાની છે. જેઓએ જૈનશાસ્ત્રનું સમ્યગ્ અધ્યયન પરિશીલન કરીને જૈન આચારોના મર્મો જાણ્યા છે અને એ જાણીને યથાશક્તિ વિશુદ્ધ આચારોનું પાલન કરવામાં નિમગ્ન થયા છે એવા સુસાધુઓના અને સુશ્રાવકોના આદર-સન્માન-બહુમાન વગેરે જેટલાં કરીએ તેટલાં ઓછાં છે. ॥૧૪૬॥

नन्वेवमन्येषु परिहर्त्तव्यत्वेन द्वेषसंभवे माध्यस्थ्यहानिरित्यत आह-

**શંકા** :- તમારા કહેવા મુજબ જો તેવા વેષધારીઓનો સંસર્ગ ત્યજી દેવામાં આવે તો તેઓ પ્રત્યે દ્વેષ થવાનો પૂરેપૂરો સંભવ છે અને જો હૃદયમાં દ્વેષભાવના જાગે તો મધ્યસ્થપણું કે જે સત્પુરુષોનો મહાન ગુણ લેખાય છે તેને હાનિ પહોંચે છે. આ શંકાના ઉત્તરમાં જણાવે છે કે-

**भवठिइनिरूवणेणं इयरेसु वि दोसवज्जणा जुत्ता ।**
**भावाणुवघाएणं वसिअव्वं कारणे वि तहिं ॥१४७॥**

---

६८ कलहकरा डमरकरा असमाधिकरा अनिर्वृत्तिकराश्च । भविष्यन्ति भरतवर्षे बहुमुंडा अल्पश्रमणाश्च ॥

**શ્લોકાર્થ :-** ભવસ્થિતિ વિચારીને તેઓ પ્રત્યે દ્વેષભાવ ન રાખવો તે યુક્ત છે. તેમજ કારણે ભાવ સુરક્ષિત રહે તે રીતે તેઓ મધ્યે રહેવું. ॥૧૪૭॥

**भवस्थितिनिरूपणेन**="भवस्थितिरियमेतेषां, यतः कर्मगुरवोऽद्याप्यकल्याणिनो न जिनधर्माचरणं प्रति प्रह्वपरिणामा जायन्त"-इति चिन्तारूपेण, **इतरेष्वपि**=जिनवचनप्रतिकूलानुष्ठानेष्वपि समुपस्थितदुर्गतिपातफलमोहाद्यशुभकर्मविपाकेषु लोकलोकोत्तरभेदभिन्नेषु जन्तुषु **द्वेषस्य**=तद्दर्शनत-त्कथाद्यसहिष्णुत्वतद्गर्हणलक्षणस्य वर्जना **युक्ता**=श्रेयसी, तत्परिहारादौ तु न द्वेषः किन्तु धर्मार्थित्वात् माध्यस्थ्यमेवेति भावनीयम् । ननु द्वेषवर्जना मध्यस्थस्य सुशका, प्रमत्तपाखंडिजनाकुलत्वात् प्रायो विहारक्षेत्राणामसंविग्नपरिहारस्तु दुःशक इत्यत्राह-**कारणेऽपि** दुर्भिक्षराजक्षोभाद्युपप्लववशेनान्यत्र स्थित्यभावरूपे सति, **तर्हि** ति तत्र यत्रासंविग्नास्तिष्ठन्ति **वसितव्यं भावानुपघातेन**='सम्यक् प्रज्ञानरूपस्य शुद्धसमाचाररूपस्य च भावस्य यथोपघातो न भवति तथा' ॥१४७॥

**(નિર્ગુણ પ્રત્યે સમચિત્ત રહીએ)**

**તાત્પર્યાર્થ :-** "અસંવિગ્ન લોકોની ભવસ્થિતિ જ એવા પ્રકારની છે કે જેથી કર્મના ભારથી લદાયેલા હોવાથી, કર્મના બોજ નીચે દબાયેલા હોવાથી હજુપણ કલ્યાણના ભાજન બન્યાં નથી. જૈન ધર્મના ઉપદેશો આપણે અમલમાં મૂકવા જોઈએ એવો ઋજુ પરિણામ તેઓમાં હજુ પ્રગટ્યો નથી."-આ પ્રમાણે ભવસ્થિતિનું હંમેશાં ચિંતન કરતા રહેવું અને એ રીતે ચિત્ત સમતોલ રાખીને, જેઓ જિનવચનથી પ્રતિકૂળ આચરણ કરી રહ્યા છે અને જેઓને દુર્ગતિમાં પતન કરાવનાર મોહનીય વગેરે અશુભકર્મોનો ઉદય વર્તી રહ્યો છે એવા જીવો ચાહે લૌકિક ધર્મસંસ્થામાં વર્તી રહ્યા હોય કે લોકોત્તર ધર્મસંસ્થામાં વર્તી રહ્યા હોય, તેઓ પ્રત્યે દ્વેષભાવ રાખવાની જરૂર નથી. તેઓનું દર્શન થઈ જતાં 'અરરર ! અરરર ! આવાના ક્યાં દર્શન થયા'-એવો તિરસ્કારભાવ દાખવવો નહિ. તેઓની કોઈક પ્રશંસા સાંભળવા મળે કે તરત જ તે સાંભળીને છંછેડાઈ જવું નહિ, ઊકળી જવું નહિ-તેમની અસભ્ય નિંદા કરવા બેસી જવું નહિ. આ રીતે દ્વેષ-ભાવનો ત્યાગ કરવો તેમાં અકલ્યાણ નહિ પણ કલ્યાણ જ છે. પરંતુ બને ત્યાં સુધી તેમના સંસર્ગથી દૂર રહેવામાં દ્વેષભાવ છે એવી કલ્પના કરવાની જરૂર નથી. કારણ કે જે ખરેખર ધર્માર્થી છે તેઓને પોતાના દુર્લભ સદાચારો યથાવત્ જળવાઈ રહે તે માટે શિથિલાચારીઓથી દૂર રહેવાની ખાસ જરૂર છે. કહ્યું છે કે-ગુણ અને દોષ સંસર્ગજન્ય છે. તેમાંય ગુણવાનના સંસર્ગથી ગુણો આવતાં વાર લાગે છે જ્યારે દોષવાનના સંસર્ગથી દોષો ઊભા થતાં વાર લાગતી નથી. માટે તેવાઓના સંસર્ગથી દૂર રહેવામાં જ લાભ છે અને ખરેખર તો આ રીતે ધર્મ સુરક્ષિત રહેતાં ધર્મમાં અંતર્ભૂત મધ્યસ્થપણું પણ સુરક્ષિત રહે છે. એને બદલે જો તેઓના વધુ સંસર્ગમાં રહેવામાં આવે તો ઉલટો બોલચાલ વગેરેનો અને ઝગડાનો પ્રસંગ ઊભો થતાં જે થોડુંઘણું મધ્યસ્થપણું હોય તે પણ ચાલ્યું જાય. આ વાત પર બરાબર ચિંતન કરવું.

**જિજ્ઞાસા :-** મધ્યસ્થ આત્માઓ માટે ઉપરોક્ત રીતે દ્વેષભાવનું વર્જન સરળ છે. પરંતુ વર્તમાનકાલમાં મોટાભાગના વિહારક્ષેત્રોમાં પ્રમાદી અને પાખંડી લોકો પેંધી ગયા હોવાથી, એવા અસંવિગ્ન લોકોના સંસર્ગથી દૂર રહેવું ઘણું કઠિન છે. તો શું કરવું ? આ જિજ્ઞાસાનું શ્લોકના ઉત્તરાર્ધથી **સમાધાન** કરતાં કહ્યું છે કે દુષ્કાળ, રાજકીય ધાંધલ કે બીજો કોઈ ઉપદ્રવ વગેરે કારણોને આધીન થઈને અન્યત્ર તેવાઓથી વેગળા રહી શકાય તેમ ન હોય ત્યારે તે અસંવિગ્ન લોકો મધ્યે રહેવું પડે તો પણ એવી રીતે રહેવું કે જેથી આપણી સદ્બુદ્ધિમાં કોઈ વિકાર થવા પામે નહિ તેમ જ આપણી શુદ્ધ સામાચારીને પણ કોઈ હાનિ થાય નહિ. ॥૧૪૭॥

ननु कारणेऽप्यसंविग्नसमीपेऽवस्थाने स्वपरोपघातप्रसंगः, गुणमत्सरिभिरसंविग्नैश्चौर्याद्यध्यारोपस्य कथञ्चिदुपलब्धस्य प्रमादाचरितस्य सुदूरविस्तारणस्य तथाविधकुलेष्वन्नपानव्यवच्छेदादेश्च करणात्, स्वतस्तेषां पापबन्धस्य बोधिघातफलस्य संभवाच्च, न चैतद्दोषपरिहारार्थं वंदनादिना तदनुवर्त्तनापि युक्ता, तथा सति तद्गतयावत्प्रमादस्थानानुमतिप्रसङ्गादित्यत आह—

**(અસંવિગ્ન જન સાથે સહવાસમાં ભયસ્થાનો)**

**શંકા :-** કારણોને આધીન થઈને અસંવિગ્નોની સાથે નિવાસ કરવાની અનુજ્ઞાની સલાહ આપવા જેવી નથી કારણ કે તેમાં સ્વપર ઉભયને હાનિ થવાનું મોટું ભયસ્થાન છે. આપણને નુકસાન એ રીતે કે અસંવિગ્ન લોકો મોટે ભાગે ગુણવાનો ઉપર ઈર્ષ્યાળુ હોય છે એટલે તેઓ આપણને હેરાન કરવા માટે ચોરી વગેરેનો આપણા ઉપર ખોટો આરોપ મૂકે, કદાચિત આપણી કોઈ નાની ભૂલ તેમના દેખવામાં આવી જાય તો તેને મોટું સ્વરૂપ આપીને લોકોમાં આપણને બદનામ કરે. વળી આપણા ઉપર રોષે ભરાઈને સારા કુળોમાંથી મળતી અન્નપાન વગેરેની ભિક્ષામાં દાતારોને બહેકાવીને અંતરાય કરે. તેઓને નુકસાન એ રીતે કે ચીકણાં અશુભ કર્મોનો બંધ કરે તેમ જ બોધિબીજનો વિનાશ કરે. હવે જો આ બધા દોષો ઊભા ન થાય એ માટે વંદન વગેરે કરવા દ્વારા તેઓને અનુકૂળ કરવા પ્રયત્ન કરીએ તો તેઓમાં જેટલાં પણ પ્રમાદસ્થાનો હોય તે બધાની અનુમતિનો દોષ લાગે તો હવે શું કરવું ? આ અંગે શ્લોક ૧૪૮માં જરૂરી માર્ગદર્શન કરવાં આવ્યું છે.

**अणुवत्तनावि कज्जा अरत्तदुट्ठेण कारणे तेसिं ।**
**अगहिलगहिलनिवेणिव दव्वेणं वंदणाईहिं ॥१४८॥**

**શ્લોકાર્થ :-** રાગદ્વેષથી દૂર રહીને તેઓની અનુવર્તના પણ કરવી. (અને તે માટે) ગાંડપણ ન હોવા છતાં (કૃત્રિમ રીતે) ગાંડા બનેલા રાજાની જેમ (કરવાની જરૂર હોય તો) દ્રવ્યથી વંદનાદિ પણ કરવું. ॥૧૪૮॥

**कारणे** समुत्पन्ने तेषा**मरक्तद्विष्टेन** रागद्वेषयोरन्तरालवर्तिना सता **अनुवर्त्तनापि**=अनुकूलभावसंपादकचेष्टापि **कार्या**=विधेया, कैरित्याह **द्रव्येण** न तु भावेन वन्दनादिभिरपवादविध्युक्तवाग्नमस्कारादिप्रकारैः, इत्थं च न तद्गतदोषानुमोदनं, भाववन्दनादिनैव तत्संभवात् । अत एव यत्र स्वल्पोऽपि दर्शनादिगुणसद्भावो दृश्यते तत्र तावत्यैव भक्त्या तद्वन्दनादिना न तद्गतदोषानुमतिः । तदुक्तम्-[४५५३ बृ. क. भा.]

[६९]"दंसणनाणचरित्तं तवविणयं जत्थ जत्तियं पासे । जिणपन्नत्तं भत्तीइ पूअए तं तहिं भावं ॥"

केनेवानुवर्त्तना कर्त्तव्येत्युपमानमाह-**अग्रहिलस्त**त्त्वतोऽविकलः सन् **ग्रहिलो**=व्याजविकलभा-वमापन्नो यो नृपस्तेनेव, तथा ह्येतत्सम्बन्धः—

पृथ्वीपुरे नगरे **पूर्णो** नाम राजा राज्यं भुङ्क्ते, सुबुद्धिश्च तस्य सचिवः, तस्यान्यदा कालज्ञेन न्यवेदि, देव ! मासोपरि वृष्टिस्तादृशी भाविनी यदुदकपानाल्लोका ग्रहोन्मादवन्तः संपत्स्यन्ते, ततः कियत्यपि काले गते सुवृष्टिर्भविष्यति, ततश्च सर्वं सुन्दरं संपत्स्यत इति । इदं च समाकर्ण्य लोकानां हिताय राज्ञा डिंडिमोद्घोषणा कारिता-उदकसंग्रहः कुरुध्वमिति । ततो लोकेनापि सर्वेण यथासामर्थ्यमुदकसंग्रहः कृतो जाता च मासोपरि नैमित्तिकनिरूपिता कुवृष्टिः, क्षीणं च ततो लोकानां शुभादृष्टमिव संगृहीतं जलम् । प्रवृत्तश्च लोकः कुव्यापार इव नव्यनीरपाने, जातश्च ततः परमविषाद इवोन्मादः । ततः सामन्तादीनामपि गृहीतजलक्षये नव्यनीरपानाल्लोकवदुन्मत्तीभूतानां न काचिच्चेष्टा राज्ञा सह मिलति । ततस्तैरेवं मन्त्रणमकारि, यथाऽयं नृपोऽस्मासु सत्सु राज्यसुखभागी भवति अस्मन्मताननुवर्त्तकस्तु कियच्चिरं राज्यं करिष्यतीति गृहीत्वा बध्नीम एनम् । एवं मन्त्रयमाणाश्च ते मन्त्रिणा ज्ञाताश्चिन्तितं च तेन-नास्ति नृपस्य राज्यजीवितव्ययोः रक्षणे एतदनुवर्त्तनमन्तरेणान्य उपाय इति । एवं च राज्ञा सह मन्त्रणं कृत्वा दर्शिता तेन कृत्रिमग्रहोन्मादचेष्टा । ततः सप्रजानां सामन्तादीनामत्यन्तं प्रमोदः समजनि, निर्वाहितश्च कालस्तथैव चेष्टमानेन पुराणमुदकं पिबता राज्ञा, ततः कालेन सुभिक्षमभूत्, सुवृत्तं च ततः सर्वतो भद्रमिति" ।

अयमत्रोपनयः, राजस्थानीय आत्मा, शास्त्रानुसारिणी बुद्धिश्च मन्त्रिस्थानीया, तदेकचित्तेनात्मना कुग्रहरूपमुन्मादकजलं परित्यज्यात्मरक्षणार्थं यावच्छुभकालं तद्वदनुवर्त्तनापि कर्त्तव्येति । तदुक्तम्-[उप. पदे ८४९]

[७०]"बहुकुग्गहंमि वि जणे तदभोगणुवत्तणाइ इह चेव ।
भावेण धम्मरज्जे जा सुहकालो सुवासंति" ॥ ॥६४८॥

---

६९ दर्शनज्ञानचरित्रतपोविनयं यत्र यावन्तं पश्येत् । जिनप्रज्ञप्तं भक्त्या पूजयेत्तं तत्र भावम् ॥

७० बहुकुग्रहेऽपि जने तदभोगानुवर्तनादि तथा चैव । भावेन धर्मराज्ये यावत्सुखकालः सुवर्षमिति ॥

## (કુવૃષ્ટિન્યાયે અસંવિગ્નોનું અનુવર્ત્તન કરવા સલાહ)

**તાત્પર્યાર્થ :-** પૂર્વે કહેલા દુર્ભિક્ષાદિ કારણો આવી પડ્યાં હોય ત્યારે રાગ-દ્વેષ આપણને સ્પર્શી ન જાય તે રીતે તેઓને (અસંવિગ્નને) અનુકૂળ બનાવવા માટે - પ્રસન્ન કરવા માટે - નરમ પાડવા માટે પ્રયત્ન કરવો એટલે કે આપવાદિક શાસ્ત્રોમાં દર્શાવ્યા મુજબ વાચિક નમસ્કાર વગેરે પ્રકારોથી વંદન કરવાં. પણ તે દ્રવ્યથી, નહિ કે ભાવથી. ભાવથી વંદન કરવામાં આવે તો તેમનામાં રહેલા દોષોની અનુમોદનાનો દોષ ઊભો થાય. પણ દ્રવ્યથી એટલે કે હૈયાના ભાવ વિના જ વંદન વગેરે કરવાથી તેઓમાં રહેલા દોષોની અનુમોદના થતી નથી. એટલે જ જે યતિઓમાં લેશ પણ સમ્યગ્દર્શનાદિ જે ગુણોનું અસ્તિત્વ દેખાતું હોય તેઓમાં રહેલા તે ગુણોને નજર સમક્ષ રાખીને ભક્તિથી તેમને વંદન વગેરે કરાય છે પણ તેમાં તેઓના દોષોની અનુમોદના થતી હોવાનું માનવામાં આવતું નથી. શાસ્ત્રમાં પણ કહ્યું છે (**બૃહત્કલ્પભાષ્ય** ગાથા ૪૫૫૩) કે–

"જે વ્યક્તિમાં જેટલા પણ જિનાજ્ઞાનુસારી દર્શન-જ્ઞાન-ચારિત્ર તપ કે વિનય વગેરે સદ્ગુણો દેખાતા હોય, ભાવભક્તિથી તે ગુણોની પૂજા કરવી."

**દૃષ્ટાંત :-** પૃથ્વીપુર નગરમાં પુરણ નામનો રાજા રાજ કરે છે. તેના મંત્રીનું નામ **સુબુદ્ધિ** છે. એકવાર જ્યોતિષીએ આવીને કહ્યું કે-'દેવ ! એક માસ પછી એવો વરસાદ થશે કે જેનું પાણી પીવાથી લોકો પાગલ થઈ જશે. પછી કેટલોક કાળ પસાર થશે ત્યારે જે સારો વરસાદ થશે તેનું પાણી પીવાથી બધું રાબેતા મુજબ સુંદર થઈ જશે.

એ સાંભળીને રાજાએ લોકોનું અહિત ન થાય તે માટે ચેતવણીરૂપે નગરમાં ઢોલ પીટાવીને લોકોને જણાવ્યું કે તમે થાય તેટલા પાણીનો સંગ્રહ કરો. બધા લોકોએ પોતપોતાની સામગ્રી અનુસાર પાણીનો સંગ્રહ કરી લીધો. બરાબર એક માસ પછી પેલા જ્યોતિષીએ કહ્યા મુજબ કુવૃષ્ટિ થઈ. બીજી બાજુ જાણે કે લોકોનું પુણ્ય ફૂટી ગયું હોય તેમ સંગ્રહેલું પાણી પણ ખૂટવા લાગ્યું. બુદ્ધિ બગડી હોય ત્યારે માણસ જેમ અવળું વેતરણ કરે તેમ તે નગરના લોકોએ પણ તળાવ વગેરેમાં ભરાયેલ કુવૃષ્ટિજળ પીવાનું શરૂ કર્યું. એટલે તેઓને સભાનપણાવાળાને અતશિય ખેદ કરાવે તેવો ઉન્માદ થવા માંડ્યો. ધીમે ધીમે સામન્ત વગેરે અધિકારી લોકોએ સંગ્રહેલું પાણી પણ ખૂટવા લાગ્યું અને તેઓએ પણ નગરજનોનું અનુકરણ કરીને કુવૃષ્ટિ જળ પીવા માંડ્યું. બધાય ગાંડા બન્યા. રાજા અને મંત્રી બે ડાહ્યા રહ્યા. એટલે એક નવી આપત્તિ ઊભી થઈ. ગાંડાઓએ જોયું કે આપણે જેવું કરીએ છીએ તેવું વર્તન રાજા તો કરતો નથી. તેઓએ વિચાર કર્યો કે એક બાજુ આપણે છીએ એટલે રાજા બધા મોજશોખ કરી શકે છે. પણ બીજી બાજુ આપણે કહીએ કે બતાવીએ તેમ તો કશું કરતો

જ નથી. અને કોને ખબર કેટલો લાંબો કાળ આવી રીતે રાજગાદી પર ચોંટી રહેશે માટે એને પકડીને બાંધીએ. હવે તેઓને આવો વિચાર કરતા જોઈને મંત્રીને ખબર પડી જવાથી તેણે વિચાર્યું કે રાજાનું રાજ અને પ્રાણ બન્ને જોખમમાં છે. આ આપત્તિમાંથી ઊગરવું હોય તો એ ગાંડાઓ જેમ કરે તેમ કરવું એ જ છેવટનો ઉપાય છે. આ રીતે રાજા સાથે મસલત કરીને રાજા અને મંત્રીએ પણ બનાવટી પાગલપણાની ચેષ્ટાઓ દેખાડવા માંડી. નગરના લોકો અને સામંતો વગેરે હરખથી ગેલમાં આવી ગયા. રાજાએ તો જુનું સંગ્રહેલું પાણી પીતાં પીતાં અને બનાવટી પાગલપણું દેખાડતાં દેખાડતાં આપત્તિનો કાળ પસાર કર્યો. ફરી પાછો સારો વરસાદ થયો અને લોકોના પાગલપણાનો અંત આવ્યો. બધા જ ડાહ્યા બની ગયા અને સર્વત્ર આનંદ વ્યાપી ગયો.

દૃષ્ટાંતનો ઉપનય આ પ્રમાણે છે. રાજાના સ્થાને આપણો આત્મા છે. શાસ્ત્રને અનુસરતી સદ્બુદ્ધિ મંત્રીના સ્થાને છે. શાસ્ત્રને જ અનુસરવાના વલણવાળા આત્માએ કદાગ્રહરૂપી ઉન્માદક પાણીનો ત્યાગ કરીને આત્મરક્ષા માટે સાવધાન રહેવું અને શુભ અવસરની રાહ જોતાં જોતાં કરવી પડે તો તે અસંવિગ્ન લોકોની અનુવર્તના પણ કરવી. **શ્રી ઉપદેશપદ શાસ્ત્ર (શ્લોક ૮૫૦)** માં પણ કહ્યું છે કે-"ઘણાં કદાગ્રહી લોકોમાં રહ્યાં હોઈએ ત્યારે તેઓના કદાગ્રહનો ભોગ ન બનતાં તેઓની અનુવર્તના કરવા દ્વારા ધર્મરાજ્યમાં ટકી રહેવું. સદ્વૃષ્ટિ તુલ્ય શુભકાળ આવે ત્યાં સુધી એ રીતે વર્તવું." ॥૧૪૮॥

नन्वात्मरक्षणार्थमसंविग्नानुवर्त्तनायामसंयताविशेषप्रसङ्गस्तेऽपि ह्यात्मानं रक्षितुमन्यमनुवर्तन्त एवेत्याशङ्कायामाह–

**શંકા :-** જો આત્મરક્ષણ માટે પણ અસંવિગ્ન લોકોનું અનુવર્તન કરવામાં આવે તો અસંયત અને સંયત સાધુઓમાં કોઈ તફાવત રહેતો નથી. કારણ કે અસંયતો પણ પોતાની જાતને બચાવવા માટે બીજાઓનું અનુવર્તન કરતા જ હોય છે. ઉત્તર :-

**सा आयरक्खणट्ठं तं आणाजोगओ ण इयरहावि ।**

**सो अ गुरुनिओगेणं भणंति तल्लक्खणं इणमो ॥१४९॥**

**શ્લોકાર્થ :-** અસંવિગ્નોની અનુવર્તનાથી જે આત્મરક્ષા કરવામાં આવે તે આજ્ઞાયોગને અનુસરીને, નહિ કે બીજા કોઈને અનુસરીને અને તે પણ ગુરુપરરતન્ત્રતાથી જાણી શકાય છે. ગુરુનાં લક્ષણો આ પ્રમાણે કહ્યાં છે. ॥૧૪૯॥

**साऽ**संविग्नानुवर्त्तना **आत्मरक्षणार्थम्,** तदात्मरक्षणं **आज्ञायोगतः**=आज्ञायोगमाश्रित्य । **नत्वितरथापि**=विषयेच्छाद्यर्थमपि, तथा च न संयताऽसंयतसाम्यमिति भावः । आज्ञायोगोऽपि

कथं व्यवतिष्ठत इत्याह-**स** चाज्ञायोगः **गुरुनियोगेन**=गुरुपारतन्त्र्येणान्यथा सम्यग् तदनवबोधप्रसङ्गात्। स च कीदृशो भवतीत्याह-**तल्लक्षणं**=गुरुलक्षणं **इदं भणन्ति** पूर्वाचार्याः- ॥१४९॥

**तात्पर्यार्थ :-** અસંવિગ્ન લોકોનું અનુવર્તન કરીને પણ જે આત્મરક્ષા કરવામાં આવે છે તે પોતાની મતિકલ્પના મુજબ નહિ પરંતુ ભગવાનની આજ્ઞાને અનુસરીને કરવામાં આવે છે. અસંવિગ્ન લોકોની અનુવર્તના કરવાથી સારા સારા અન્નપાનાદિનો લાભ થશે. ઇત્યાદિ વૈષયિક આકાંક્ષાઓને તૃપ્ત કરવા માટે તે કરવાની નથી. અસંયતો જે બીજાની અનુવર્તના કરે છે તે વૈષયિક આકાંક્ષાઓને પૂર્ણ કરવા માટે. આ રીતે સંયત અને અસંયતની આત્મરક્ષા માટે પરાનુવર્તનામાં ઘણું અંતર છે. આજ્ઞાયોગ પણ કેવા સ્વરૂપે વ્યવસ્થિત છે તેની જિજ્ઞાસા હોય તો ઉત્તરાર્ધમાં કહ્યું છે કે તે આજ્ઞાયોગનું સ્વરૂપ પણ ગુરુને પરતંત્ર બની રહેવાથી અર્થાત્ દિલ લગાવીને તેઓની ઉપાસના કરવાથી યથાર્થપણે જાણી શકાય છે. ગુરુ કેવા હોય તે જાણવું હોય તો પૂર્વાચાર્યોએ તેનાં જે લક્ષણો કહ્યાં છે તે હવે કહીશું. ॥૧૪૯॥

**माध्यस्थ्य**

माध्यस्थ्यमेव शास्त्रार्थो येन तच्चारु सिध्यति ।

स एव धर्मवादः स्यादन्यद् बालिशवल्गनम् ॥१-७१॥

- શાસ્ત્રોનું તાત્પર્ય મધ્યસ્થભાવની સિદ્ધિમાં છે. જેનાથી સુંદર મધ્યસ્થભાવ સિદ્ધ થાય તે જ ખરો ધર્મવાદ છે. બાકી બધું બાલિશ પ્રલાપતુલ્ય છે.

**- અધ્યાત્મોપનિષદ્**

## ઉપદેશ ૩૭ - સદ્ગુરુને ઓળખવાનાં લક્ષણો

**उभयण्णूवि य किरिआपरो दढं पवयणाणुरागी य ।**

**ससमयपण्णवओ परिणओ अ पण्णो अ अच्चत्थं ॥१५०॥** [ उप. प. ८५२ ]

**શ્લોકાર્થ :-** જે ઉત્સર્ગ-અપવાદ ઉભયનો જ્ઞાતા હોય, ક્રિયારત હોય, પ્રવચનમાં દઢ-રંગ હોય, સ્વસિદ્ધાન્ત પ્રરૂપક હોય, પરિણત હોય અને અત્યંત બુદ્ધિશાળી હોય. ॥૧૫૦॥

**उभयज्ञ:**=उत्सर्गापवाद-कल्प्याकल्प्य-निश्चयव्यवहारादिपदार्थद्वैतपरिच्छेदी । अपि च **क्रियापरो**=मूलगुणोत्तरगुणाराधनायां बद्धकक्षः । दृढमत्यर्थं **प्रवचनानुरागी** च=जिनवचनं प्रति बहुमानवान्, तथा **स्वसमयस्य**=चरणकरणाद्यनुयोगभेदभिन्नस्य **प्ररूपकस्तै**स्तैरुपायैरुपदेशकः, परिणतश्च वयसा व्रतेन च, **प्राज्ञश्च**=बहुबहुविधादिग्राहकबुद्धिमान्, अत्यर्थमतीव, एवंविधेन हि गुरुणा प्रज्ञाप्य-मानोऽर्थो न कदाचिद्विपर्ययभाग् भवतीत्येवमेष विशेष्यत इत्येवंभूतो गुरुः श्रद्धेयः ॥१५०॥

**તાત્પર્યાર્થ :-** ઉત્સર્ગ-અપવાદ, કલ્પ્ય-અકલ્પ્ય, નિશ્ચય-વ્યવહાર, અવસર-અનવસર વગેરે દ્વૈત પદાર્થોનો સમ્યગ્ જ્ઞાતા હોય મૂળગુણ અને ઉત્તરગુણ સંબંધી આચારક્રિયા-અનુષ્ઠાનોની આરાધના કરવાની લાલસાવાળા હોય, જિનવચનમાં-જૈનશાસ્ત્ર આગમોમાં અત્યંત અનુરાગ હોય, ચરણકરણ-દ્રવ્ય-ગણિત-ધર્મકથા આ ચારેય અનુયોગોમાં ગુંથાયેલા જૈનસિદ્ધાન્તના જુદા જુદા અનેક પ્રકારથી યથાર્થ ઉપદેશક હોય. વયથી પરિણત હોય તેમ જ વ્રતોથી પણ પરિપક્વ હોય. મતિજ્ઞાનના વૈનયિકી વગેરે જે બુદ્ધિના ભેદો છે તે ભેદોથી વસ્તુને સારી રીતે પારખવાની બુદ્ધિ હોય. અર્થાત્ અત્યંત બુદ્ધિશાળી હોય. આવા ગુરુઓ જૈન શાસનમાં અત્યંત શ્રદ્ધેય છે. આવા ગુણોવાળા ગુરુ જે જે સિદ્ધાન્તની પ્રરૂપણા કરે છે તેમાં ક્યારેય પણ વિપર્યાસ થવાનો સંભવ નથી. ॥૧૫૦॥

स्वसमयप्रज्ञापकत्वं विशेषतो लक्षयति-[सन्मतितर्के-३-४५]

ગુરુના ઉપદર્શિત ગુણોમાં સ્વસિદ્ધાન્તની પ્રરૂપણાનો ગુણ મહત્ત્વનો હોવાથી તેનું વિશેષ લક્ષણ શ્લોક ૧૫૧માં સમ્મતિ તર્કની ગાથાથી દર્શાવ્યું છે-

### (હેતુવાદ અને આગમવાદની વિશેષતા)

**जो हेउवायपक्खंमि हेउओ आगमे य आगमिओ ।**

**सो ससमयपण्णवओ सिद्धंतविराहगो अण्णो ॥१५१॥**

**શ્લોકાર્થ :-** જે હેતુવાદ પક્ષમાં હેતુનિરૂપક છે અને આગમના વિષયમાં આગમ પ્રરૂપક છે તે સ્વસિદ્ધાન્તનો પ્રરૂપક છે. બાકી બીજા સિદ્ધાન્તના વિરાધક છે. ॥૧૫૧॥

**यः** कश्चि**द्धेतुवादपक्षे**=जीवकर्मादौ युक्तिमार्गसहे वस्तुनि **हेतुको**=युक्तिप्रणयनप्रवीणः, **आगमे च**=देवलोकपृथ्वीसंख्यादावर्थे आगममात्रगम्ये **आगमिकः**=आगममात्रप्रज्ञापनाप्रवीणः **स स्वसमय-प्रज्ञापक** उच्यते । व्यवच्छेद्यमाह-**सिद्धान्तविराधको**=जिनवचनानुयोगविनाशकः **अन्यः**=प्रागुक्त-विशेषणविकलः साधुः । तथाहि, युक्तिमार्गसहेष्वप्यागमगम्यत्वमेव पुरस्कुर्वता तेन नास्तिकादि-प्रणीतकुयुक्तिनिराकरणाभावान्न श्रोतृणां दृढा प्रतीतिः कर्त्तुं पार्यते, आगमगम्येषु तु युक्तिपथातीतेषु युक्तिमुट्टंकयन्नसंपादितनियतार्थप्रतीतिर्विफलारम्भत्वेन स्वयमेव वैलक्ष्यं भजते, श्रोतुश्चानादेयवचनो भवतीति न विपरीतव्यवहारिणा तेन सम्यक्सिद्धान्त आराधितो भवति ॥१५१॥

एतद्विलक्षणं गुरुत्वाभिमानिनमवगणयन्नाह—

**તાત્પર્યાર્થ :-** જૈનદર્શનમાં પ્રરૂપિત પદાર્થો સામાન્ય રીતે બે વિભાગમાં વહેંચાયેલા છે. (૧) યુક્તિગમ્ય (૨) આગમમાત્ર ગમ્ય. જે ઉપદેશક યુક્તિગમ્ય પદાર્થો દા.ત. જીવ કર્મ વગેરેની સિદ્ધિ કરવા માટે એક પછી એક પ્રબળ યુક્તિઓનું નિરૂપણ કરવામાં પ્રવીણ છે તેમ જ બાર દેવલોક-સાતપૃથ્વી-વગેરે સંખ્યાઓની બાબતના નિરૂપણમાં યુક્તિઓનું પ્રદર્શન નહિ કરતા દેવલોક વગેરેની સંખ્યામાં આગમપ્રમાણને જ પ્રધાનતા આપે છે, તે સ્વસમય પ્રજ્ઞાપક જાણવો. એનાથી વિપરીત રીતે પ્રરૂપણા કરનાર ઉપદેશક સિદ્ધાન્તનો-જિનવચન અનુયોગનો વિનાશક છે-વિરાધક છે. જે પદાર્થો સિદ્ધાન્તમાં દર્શાવાયા હોય તે ઉપરાંત યુક્તિઓથી પણ જેની સચોટતાનું પ્રતિપાદન કરી શકાય તેમ હોય તેવા પદાર્થની બાબતમાં 'ભાઈ.......!! આ તો યુક્તિગમ્ય નથી, આમાં આગમ સિવાય બીજું કોઈ પ્રમાણ જ નથી.' આમ કહ્યા કરે તો તેનાથી નાસ્તિક વગેરેએ ઉપદર્શિત કુયુક્તિઓનું ખંડન ન થવાથી સ્વસિદ્ધાન્તમાં શ્રોતાઓને દઢ પ્રતીતિ કરાવી શકાતી નથી. એ જ રીતે પોતાની જાતમાં તાર્કિકપણાનું અભિમાન રાખનાર ઉપદેશક માત્ર આગમબોધ્ય દેવલોકની સંખ્યા વગેરે બાબતમાં યુક્તિઓ ટાંકવા બેસી જાય તો ગમે તેટલી યુક્તિઓ લડાવે તો પણ અનેકાન્ત આદિ દોષોનો પરિહાર ન કરી શકવાથી તે વિષયની બાબતમાં શ્રોતાજનોને દઢ-પ્રતિનિયત પ્રતીતિ કરાવી શકતો નથી. અને જ્યારે શ્રોતાજનોના મુખ ઉપરથી પોતાના નિરૂપણની નીરસતા જોઈને પોતાની બધી મહેનત ધૂળમાં મળી રહી હોવાનું ભાન થાય ત્યારે પોતાનું પણ મોઢું પડી જાય છે અને શ્રોતાઓમાં તેનું વચન આદેય બનતું નથી. એટલે આ રીતે અવળા રસ્તે ગાડી હાંકનાર તે ઉપદેશક સિદ્ધાન્તનો આરાધક થવાને બદલે વિરાધક થાય છે. ॥૧૫૧॥

### (નામધારી ગુરુઓથી સાવધ રહેવાની જરૂર)

જે વ્યક્તિમાં ઉપરોક્ત ગુણો ન હોવા છતાં પણ પોતાની જાતને ગુરુ સમજી બેસે છે, તેઓ અવગણનાને પાત્ર છે. તેઓની અવગણના શ્લોક ૧૫૨માં વ્યક્ત કરી છે—

**जो एअगुणविउत्तो सो निद्धम्मो सुअं विडंबंतो ।**
**गुरुनामेणं लोए बोलेइ बहू जओ भणिअं ॥१५२॥**

**શ્લોકાર્થ :-** જેમાં આ ગુણો નથી તે નિર્ધર્મી પોતાને ગુરુ કહેવડાવીને શ્રુતની વિટંબણા કરતો ઘણાં લોકોને ડુબાડે છે. (શાસ્ત્રમાં) કહ્યું છે કે– ॥૧૫૨॥

**य एतद्गुणवियुक्तः**=उभयज्ञत्वादिगुणरहितः, **स निर्द्धर्मा**=श्रुतचारित्रधर्मपराङ्मुखः, **गुरुनाम्ना श्रुतं**=जिनमतं विडम्बयन् सन्नीदृशं गुर्वाश्रितं शासनं न* स्थान[स्थ]मिति बहुनामश्रद्धा-जननात्, **बोलेइत्ति**=मज्जयति संसारसमुद्रे **बहून्** जनान् स्वाभिगृहीतादृष्टकल्याणमुग्धमतिलोकान् । **यतो भणितं संमत्युपदेशमालादौ**- ॥१५२॥

**તાત્પર્યાર્થ :-** જે વ્યક્તિમાં ઉત્સર્ગ-અપવાદ વગેરે દ્વૈત પદાર્થોની યથાર્થ જાણકારી આદિ ગુણો નથી એવી વ્યક્તિ શ્રુત અને ચારિત્રધર્મ ઉભયથી ભ્રષ્ટ થયેલ છે. નિધર્મી જો પોતાને મુગ્ધ લોકોમાં ગુરુ કહેવડાવતો હોય તો ખરેખર તે જૈનશાસનની વિટંબણા કરતો હોય છે અને 'આવા ગુરુઓના પનારે પડેલું જૈનશાસન એ શ્રદ્ધા-વિશ્વાસાદિનું સ્થાન નથી.' આવો અશ્રદ્ધાભાવ ઘણાં લોકોને ઉત્પન્ન કરે છે અથવા ઘણાં લોકોની શ્રદ્ધાને તોડી નાંખે છે અને એ રીતે જેઓએ હજુ કલ્યાણનું મોઢું પણ જોયું નથી તેવાને, પોતાના મિથ્યા ઉપદેશથી રંગાઈ ચુકેલા મુગ્ધબુદ્ધિવાળા લોકોને સંસારમાં ડૂબાડે છે-રખડતા કરી દે છે. **શ્રી સંમતિતર્કસૂત્ર**માં તેમ જ **ઉપદેશમાળા** વગેરે શાસ્ત્રમાં પણ આવા જ તાત્પર્યવાળું કથન ઉપલબ્ધ થાય છે - ॥૧૫૨॥

**(ઘણું ભણવા છતાં સિદ્ધાન્તનો દુશ્મન ?)**

**जह जह बहुस्सुओ संमओ अ सीसगणसंपरिवुडो अ ।**
**अविणिच्छिओ अ समए तह तह सिद्धंतपडिणीओ ॥१५३॥**

**શ્લોકાર્થ :-** જેમ જેમ બહુ જાણતો જાય, ઘણાંને માન્ય બનતો જાય અને અનેક શિષ્યપરિવારથી વધતો જાય તેમ તેમ સિદ્ધાન્તનો દુશ્મન બનતો જાય છે કારણ કે શાસ્ત્રથી નિશ્ચિત (=પરિણત) નથી. ॥૧૫૩॥

**यथा यथा बहुश्रुतः**=परिपठितबह्वागमः, **संमतश्च**=बहुमतः संसाराभिनन्दिनां गतानुगतिक-प्रवाहपतितानां तदनुवर्तिनां यान्येषां बाह्याडम्बरदर्शनमात्रोदितविस्मयानां मुग्धमतीनां च, **च**=पुनः **शिष्यगणै**र्विनेयवृन्दैः **संपरिवृतः**=समन्तात् परिवृतः, **अविनिश्चितः**=सम्यगपरिणतश्च प्रवचने, ऐदम्पर्याज्ञानाद्विरत्यप्रह्वाच्च, **तथा तथा सिद्धान्तप्रत्यनीको** रंजनकलादेयतापरध्यन्धनबाहुल्यहेतु-योगात्रिः-शंकमसत्प्रवृत्त्या यथास्थितसिद्धान्तस्य विपर्यासापादनात्, अतो नेदृशगुर्वाश्रयणं युक्तं किन्तूक्तगुण-वद्गुर्वाश्रयणमेव श्रेय इति भावः ॥१५३॥

* 'नाऽऽस्थास्थानमि'ति पाठेनात्र भाव्यम् ।

**તાત્પર્યાર્થ :-** જે વેષધારી સાધુએ સિદ્ધાન્તોનું હાર્દ જાણવાની તસ્દી જ લીધી નથી, શુદ્ધ તાત્પર્ય જાણવાની કોઈ જિજ્ઞાસા જ નથી અને જે કાંઈ જાણ્યું તેને અમલમાં મૂકવા અર્થાત્ વિરતિભાવ પ્રત્યે ઝુકાવ વધતો જાય એ રીતે પ્રવર્તવામાં રસ જ નથી અને કેવળ ઘણાં ઘણાં આગમશાસ્ત્રોનું વૈશાખનંદનની જેમ અવલોકન કરી જાય અને પોતાની જાતને આગમવિશારદ સમજી બેસે છે, તેમ જ ભવાભિનંદી અને ગતાનુગતિક ગાડરિયા પ્રવાહમાં ભળનારા અને તેઓનું અનુવર્તન કરવામાં નિમગ્ન એવા બાહ્યાડંબર દેખીને જ નેત્ર અને મુખ પહોળું કરી બેસનારા ઘેલી બુદ્ધિવાળા લોકોમાં વધારે ને વધારે માન્ય-માનનીય-આદરણીય બનતા જાય; વધુ ને વધુ માનસન્માન મેળવતા જાય; તેમ જ તે વેષધારીઓમાં દૃષ્ટિરાગ ધરાવનાર અને તેઓના ચરણે જીવન સમર્પણ કરી બેસનાર અનેકાનેક શિષ્યોનો પરિવાર જેમ જેમ તેઓનો વધતો જાય તેમ તેમ તે વેષધારી ગુરુઓ ખરેખર તો જૈનશાસનના વિરોધી બનતા જાય છે.

સિદ્ધાન્તવિરોધી થવાનું કારણ એ છે કે તે જે કાંઈ ભણે છે તે માત્ર લોકરંજન કળામાં કુશળ થવાના હેતુથી ભણે છે, જેમ જેમ અનેક લોકોમાં માન્ય બનતો જાય છે તેમ તેમ તેનાં અશાસ્ત્રીય વચનોમાં લોકોનો આદેયભાવ થતો જાય અને અનેક શિષ્યનો પરિવાર વધે એટલે બીજાઓની આંખમાં સહેલાઈથી ધૂળ નાંખી શકે, આ ત્રણની મુખ્યતાવાળા બીજા પણ અનેક હેતુઓના યોગથી તે નિઃશંકપણે પરલોક પ્રત્યે આંખ આડા કાન કરીને અસત્પ્રવૃત્તિઓ આચરી શકે છે અને તેનાથી વાસ્તવિકતાનુસારી જૈનસિદ્ધાન્તોને સહેલાઈથી પલટી નાંખે છે. અથવા લોકોને સત્ય સિદ્ધાન્તો પ્રત્યે વિપર્યાસભાવ જાગ્રત કરવામાં મહત્ત્વનું નિમિત્ત બને છે. એટલે આવા ગુરુનો આશરો લેવો ઉચિત નથી. પૂર્વોક્ત ઉભયજ્ઞતાદિ ગુણગણાલંકૃત સદ્ગુરુનો આશરો લેવામાં જ કલ્યાણ છે. ॥૧૫૩॥

### (સદ્ગુરુસેવાથી સૂત્રાર્થ લાભ)

सुगुरुसेवया कथमाज्ञायोगलाभ इत्याह—

શ્લોક ૧૪૯માં સદ્ગુરુના નિયોગથી=સેવાથી આજ્ઞાયોગની પ્રાપ્તિ થવાનું કહ્યું છે તે કઈ રીતે ? એ ૧૫૪મા શ્લોકમાં રજુ કરે છે-

**सुत्तत्थाण विसुद्धी सीसाणं होइ सुगुरुसेवाए ।**
**सुत्ताओ वि य अत्थे विहिणा जत्तो दढो जुत्तो ॥१५४॥**

**શ્લોકાર્થ :-** સદ્ગુરુની સેવાથી શિષ્યોના સૂત્રાર્થ વિશુદ્ધ થાય છે અને સૂત્ર કરતાં પણ અર્થમાં દઢ પ્રયત્ન કરવો વધારે સારો છે. ॥૧૫૪॥

शिष्याणां सुगुरुसेवया सूत्रार्थयोर्विशुद्धिर्भवति तत्प्रसादायत्तत्वात्तस्याः, इयमेव च परमा भगवदाज्ञा, सूत्रार्थयोरपि मध्येऽर्थ एव बलवानिति व्यञ्जयन्नाह-**सूत्रादप्यर्थे विधिना**=मंडलीकरणादिरूपेण **दृढो यत्नः कर्त्तुं युक्तः** ॥१५४॥

**તાત્પર્યાર્થ :-** સદ્ગુરુની ઉપાસનાથી અપાર મહિમાવંત સૂત્ર અને અર્થ પ્રાપ્ત થાય છે કે જે હજારો રૂપિયાના ખર્ચે પણ દુર્લભ છે. સૂત્રાર્થ પ્રાપ્ત થયા પછી પણ તેમાં સ્વદોષથી અશુદ્ધિ રહી જવા પામી હોય તો તેનું વિશુદ્ધિકરણ પણ સદ્ગુરુની કૃપાથી થાય છે એટલે સદ્ગુરુની સેવા-ઉપાસના અને તે દ્વારા સૂત્રાર્થની પ્રાપ્તિમાં દઢ ઉદ્યમ કરવો એ જ ભગવાનની પણ પરમ આજ્ઞા છે. સૂત્રાર્થની પ્રાપ્તિના ઉદ્યમમાં પણ સૂત્ર કરતાં અર્થનું અનેક-ગણું મહત્ત્વ હોવાથી એ અર્થની પ્રાપ્તિ માટે વિશેષતઃ વિધિનું પાલન, દા.ત. ગુરુનું આસન બિછાવવું, વંદન કરવું, મંડળી આકારે=વર્તુળાકારે તેમની સમક્ષ દીક્ષાપર્યાયના ક્રમનું ઉલ્લંઘન થાય નહિ તે રીતે બેસી જવું વગેરે વિનયાદિમાં દઢ પ્રયત્ન કરવાનું કહ્યું છે. ॥૧૫૪॥

**પ્રશ્ન :-** શા માટે સૂત્ર કરતાં અર્થનું વધારે મહત્ત્વ ? **ઉત્તર :-**

**मूअं केवलसुत्तं जीहा पुण होइ पायडा अत्थो ।**
**सो पुण चऊहा भणिओ हंदि पयत्थाइभेएण ॥१५५॥**

**શ્લોકાર્થ :-** કેવળ સૂત્ર મૂંગું છે જ્યારે અર્થ એ બોલતી જીભ છે. તે અર્થના પદાર્થાદિ ભેદથી ચાર પ્રકાર છે. ॥૧૫૫॥

**मूकं**=मूकपुरुषतुल्यं कस्यचिदर्थस्याऽवाचकम् **केवलसूत्रं**=व्याख्यानरहितसूत्रम्, **अर्थः पुनः प्रकटा जिह्वा** परावबोधहेतुत्वादिति तद्भेदानाह-**हंदी**त्युपदर्शने, **सः पुनरर्थः पदार्थादिभेदेन चतुर्द्धा** भणितः । तदुक्तम्-[उपदेशपदे - ८५९]

[७१]"पयवक्कमहावक्कत्थमइदंपज्जं च एत्थ चत्तारि । सुअभावावगमंमी हंदि पगारा विणिद्दिट्ठा ॥

तत्र पदार्थो यथाश्रुतार्थः, पद्यते-गम्यतेऽर्थः सामान्यरूपोऽचालिताऽप्रत्यवस्थापितो येनेति व्युत्पत्तेः । तदाह-[८८३]

[७२]"अत्थपदणाउ जम्हा एत्थ पयं होइ सिद्धंति ॥"

वाक्यार्थश्चालना, महावाक्यार्थश्च प्रत्यवस्थापना, ऐदम्पर्यार्थश्च तात्पर्यार्थ इति ॥१५५॥

## (સૂત્રથી પણ વધુ મહત્ત્વ અર્થનું)

**તાત્પર્યાર્થ :-** સૂત્ર અને અર્થમાં અર્થની મહત્તા હોવાનું કારણ એ છે કે જ્યાં સુધી સૂત્રની વસ્તુસ્થિતિને અનુસરતી વ્યાખ્યા કરવામાં ન આવે ત્યાં સુધી મૂંગા માણસની જેમ

---

७१ पद १ वाक्य २ महावाक्यार्थं ३ ऐदंपर्यं ४ चात्र चत्वारि । श्रुतभावावगमे हन्दि प्रकारा विनिर्दिष्टाः ।
७२ अर्थपदनात् यस्मादत्र पदं भवति सिद्धमिति ॥

તે ફક્ત અંગુલિનિર્દેશાદિ સૂચન માત્ર કરી શકે છે, પરંતુ બીજાને સ્પષ્ટ બોધ કરાવી શકતું નથી. જ્યારે અર્થ એ વાક્પટુ મનુષ્યની બોલતી જીભ સમાન છે. તાત્પર્ય એ છે કે શબ્દારૂઢ થયેલો અર્થ જિજ્ઞાસુઓને સ્પષ્ટબોધ થવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. વળી, તીર્થંકર પરમાત્મા દ્વારા શબ્દમય અર્થોપદેશ થયા પછી ગણધરભગવંતો તેને અનુસરીને સૂત્રની રચના કરે છે, માટે પણ સૂત્ર કરતાં અર્થ અભ્યર્હિત (અર્ચનીય) છે. વિશ્વવર્તી વસ્તુઓ કે નિયમોનું સંક્ષેપથી અત્યલ્પ શબ્દોમાં સૂચન-સંકેત માત્ર કરે તે સૂત્ર કહેવાય છે અને શક્ય પણ જરૂરી વિસ્તારથી તેનું પ્રતિપાદન કરનાર વાક્યસમૂહને અર્થ કહે છે. આ 'અર્થ' શબ્દથી અહીં વિશ્વવર્તી દ્રવ્યગુણાદિ ભાવાત્મક વસ્તુઓ સમજવાની નથી. અહીં જે અર્થની મહત્તા દર્શાવી છે તે અર્થના સામાન્યતઃ ચાર પ્રકાર છે. ઉપદેશપદમાં (ગાથા ૮૫૯) તે આ રીતે દર્શાવ્યા છે. પદાર્થ, વાક્યાર્થ, મહાવાક્યાર્થ અને ઐદંપર્યાર્થ, વ્યાખ્યાવિધિના આ ચાર પ્રકાર શાસ્ત્રના ભાવો જાણવા માટે ફરમાવ્યા છે.

પદનો યથાભાષિત સામાન્ય અર્થ ભાસમાન થાય તેને પદાર્થ કહેવાય. તેમાં પ્રશ્નોત્તરનો સમાવેશ હોતો નથી. કહ્યું છે કે-'સામાન્ય અર્થ માત્રનું બોધન કરવાથી પદ કૃતકૃત્ય થઈ જાય છે.' વાક્યાર્થ એટલે ચાલના, ચાલના એટલે પદાર્થના વિષયમાં પ્રશ્નપ્રયોગ=શંકા ઉઠાવવી. મહાવાક્યાર્થ એટલે પ્રત્યવસ્થાપના, એટલે કે પ્રશ્નનું સયુક્તિક નિરાકરણ=શંકાનું સયુક્તિ સમાધાન, ઐદંપર્યાર્થ એટલે તાત્પર્યાર્થ. જે 'વક્તાની ઇચ્છામાં इदमेव ( આ જ) અથવા तदेव (તે જ) परं એટલે કે 'પ્રધાન છે.' તેવી ઇચ્છાને ઐદમ્પર્ય અથવા તાત્પર્ય કહેવાય. તેવી ઇચ્છાને વ્યક્ત કરનાર વાક્યપ્રયોગને ઐદંપર્યાર્થક અથવા તાત્પર્યાર્થક કહેવાય. ॥૧૫૫॥

इत्थमर्थचातुर्विध्यमन्येषामपि संमतमित्याह–

ઉપર દર્શાવ્યા મુજબના ચાર પ્રકારોમાં બીજાઓની પણ સંમતિને શ્લોક ૧૫૬માં પ્રગટ કરી છે–

**अण्णेहि वि पडिवन्नं एअं सत्तुग्गहाऊ णट्ठस्स ।**
**भट्ठस्स य मग्गाओ मग्गन्नाणस्स णाएणं ॥१५६॥**

**શ્લોકાર્થ :-** બીજાઓએ શત્રુના ઘરમાંથી ભાગી છૂટેલા, માર્ગથી ભ્રષ્ટ થયેલાના માર્ગવિષયક જ્ઞાનના ઉદાહરણથી અર્થની ચતુર્વિધતાનો સ્વીકાર કર્યો છે. ॥૧૫૬॥

**अन्यैरपि एतत्**पूर्वोक्तम् **प्रतिपन्न**मंगीकृतम्, कथमित्याह **शत्रुग्रहान्नष्टस्य** पाटलिपुत्रादौ प्रस्थितवतः पुरुषस्य काञ्चिद्विषमां भुवं प्राप्तस्य शत्रावुपस्थिते 'ग्रहिष्यत्ययमि'ति भयात् पलायितस्य, ततो **मार्गाद् भ्रष्टस्य मार्गज्ञानस्य**=मार्गावबोधस्य **ज्ञातेन**=दृष्टान्तेन, तस्य हि मार्गजिज्ञासार्थं दूरे

पुरुष-मात्रमज्ञातविशेषं दृष्ट्वा सहसा तत्समीपगमनं नं संभवति कदाचिच्छत्रुरपि भवेदयमिति संदेहात्, नापि तस्य परिव्राजकादिवेषधारिणोऽपि समीपे पथपृच्छार्थं गमनं युक्तं शत्रोरपि पथिकविश्वासनार्थं तथाविधवेषप्रतिपत्तेः संभाव्यमानत्वात् । बालवृद्धादिभ्यः सत्यवादितयाऽनुमतेभ्यः पृच्छायोग्यं तु पुरुषं ज्ञात्वाऽनुकूले मनःपवनशकुनादिना निरुपद्रवमार्गपरिज्ञानार्थं तत्समीपगमनं युज्यते, एवं ह्यत्र पुरुषमात्रदर्शनतुल्यः पदार्थः, शत्रुवेषभेददर्शनतुल्यो वाक्यार्थः, बालादिभ्यः प्रामाणिकपुरुषावगमन-तुल्यो महावाक्यार्थः, ऐदम्पर्यार्थस्तु 'शुद्धोऽधिकारी प्रष्टव्य' इति द्रष्टव्यम् ॥१५६॥

### (ભાગી છૂટેલા પુરુષ દ્વારા માર્ગાન્વેષણનું ઉદાહરણ)

**તાત્પર્યાર્થ :-** અન્ય વિચારકો અર્થની ચતુર્વિધતા દર્શાવવા માટે એક ઉદાહરણ રજુ કરે છે-તેમાં એક પુરુષ જે દુશ્મનના ઘરમાંથી ભાગી છૂટ્યો છે, પાટલીપુત્રાદિ નગર તરફ જઈ રહ્યો છે પણ કોઈક માર્ગની વિષમતાના કારણે વિકટ પરિસ્થિતિમાં મુકાયેલો છે, 'ત્યાં જો શત્રુ આવી ચડ્યો તો પકડીને લઈ જશે' એવા ભયથી પલાયન થઈ રહ્યો છે. પરંતુ માર્ગ ચુકી ગયો છે, આવો પુરુષ પુનઃ સરળમાર્ગનું જ્ઞાન કરવા માટે જે પદ્ધતિ અપનાવે છે તે પદ્ધતિથી પદાર્થાદિનો ભેદ સ્પષ્ટ થઈ જાય છે. તે આ પ્રમાણે-જે માર્ગે ચાલીને ગામ કે નગરમાં જવું છે તે માર્ગ જાણવાની આતુરતા ઘણી છે. એવા અવસરે દૂર દૂર કોઈ અજાણ્યો પુરુષ દેખાતો હોય તો પણ તેને માર્ગ પૂછવા માટે ઝટ દઈને પગ ઊપડતા નથી કારણ કે તેના મનમાં સંદેહ છે કે કદાચ દેખાતો માણસ શત્રુ હોય તો !! દૂર દૂર કોઈ સંન્યાસી વેષધારી દેખાય તો એની પાસે પણ માર્ગ પૂછવા માટે એકદમ દોડી જવું તેને યોગ્ય લાગતું નથી. સંભવ છે કે વિશ્વાસમાં લઈને મુસાફરોને ઠગવા માટે દુશ્મનોમાંથી જ કોઈએ સંન્યાસીનો લેબાશ ધારણ કર્યો હોય. ત્યારે તે અવસ્થામાં ત્યાં સત્યવાદીપણે વિખ્યાત થયેલા હોય તેવા બાળ-યુવાન કે વૃદ્ધ પુરુષ નજરે ચડી આવે તેમાંથી જિજ્ઞાસિત માર્ગની સ્ફુટ માહિતી ધરાવનાર અને સલાહ લેવા યોગ્ય કોઈ એક પુરુષવિશેષને પસંદ કરી ત્યાર પછી અનુકૂળતાએ મનમાં પૂરો ઉત્સાહ હોય ત્યારે, અનુકૂળ વાયુ વગેરે શુકનો જોઈને નિરુપદ્રવ માર્ગને જાણવા માટે તેની સમીપ જવાનું યોગ્ય સમજે છે.

આમાં દૂર દૂર જે અજાણ્યા પુરુષમાત્રનું દર્શન થઈ રહ્યું છે તે પદાર્થબોધતુલ્ય છે. તે પુરુષ અંગે ઉદ્ભવતી શત્રુ કે પ્રચ્છન્ન વેષધારી શત્રુની શંકાથી ગર્ભિત દર્શન-વાક્યાર્થ બોધ તુલ્ય છે. નજરે ચડી રહેલા બાળવૃદ્ધાદિમાંથી પ્રામાણિક પુરુષને શોધી કાઢવા તુલ્ય મહાવાક્યાર્થ બોધ છે. ઐદંપર્યાર્થ એ છે કે બધી રીતે વિશ્વાસપાત્ર હોય તેવા અધિકૃત પુરુષને પૂછવું. પણ જેને તેને પૂછતા ફરવું નહીં. ॥૧૫૬॥

## ઉપદેશ ૩૮ - પરિપૂર્ણ અર્થોપલબ્ધિનાં મહત્ત્વપૂર્ણ અંગો : પદાર્થાદિ

पदार्थादीनामेव संभूय कार्यकारित्वं व्यवस्थापयति–

પદાર્થ - વાક્યાર્થ વગેરે પરસ્પરમીલિતભાવે એકબીજાથી સાપેક્ષ રહીને એક કાર્યની સિદ્ધિ કરનારા છે. ચારમાંથી એકેય સ્વતંત્ર-નિરપેક્ષ નથી. એ શ્લોક ૧૫૭માં દર્શાવ્યું છે–

**एत्थ पयत्थाईणं मिहो अवेक्खा हु पुण्णभावंगं ।**
**लोअंमि आगमे वा जह वक्कत्थे पयत्थाणं ॥१५७॥**

**શ્લોકાર્થ :-** પદાર્થ આદિની પરસ્પર અપેક્ષા પૂર્ણભાવનું અંગ છે. જેમ લૌકિક કે આગમિક વાક્યાર્થમાં પદાર્થોની પરસ્પર અપેક્ષા પૂર્ણભાવનું અંગ હોય છે. ॥૧૫૭॥

**अत्र** पदार्थादिष्वर्थभेदेषु, **पदार्थादीनां मिथः**=परस्पर**मपेक्षा**=क्रमिकोत्पादरूपा, **पूर्णभावांगं**=एकोपयोगाश्रययावत्पर्यायसिद्धिनिबन्धनम्, **लोके आगमे वा यथा वाक्यार्थे पदार्थानाम् । अथ** वाक्यार्थप्रतीतौ पदार्थप्रतीतीनां हेतुत्वात्तत्र तदपेक्षा युज्यते, प्रकृते तु पदार्थादीनामैदम्पर्यार्थपर्यवसन्न-त्वेन कार्यान्तराभावात् क्व मिथोऽपेक्षास्त्विति **चेत् ? न,** यावत्पदार्थप्रतीतीनामेव वाक्यार्थ-प्रतीतित्वेन तेषां परस्परमपेक्षावत्पदार्थादीनां परस्परमपेक्षोपपत्तेः, सापेक्षपदार्थादिसमुदायात्मकोपयोग एव तदावरणक्षयोपशमहेतुत्वात् ॥१५७॥

**તાત્પર્યાર્થ :-** પદાર્થ વાક્યાર્થ વગેરે જે ચાર ભેદ દર્શાવ્યા છે તેઓમાં ક્રમિક ઉત્પાદ સ્વરૂપ પરસ્પર અપેક્ષા હોય છે. અને આ પરસ્પર અપેક્ષા જ પૂર્ણભાવનું અંગ છે અર્થાત્ દીર્ઘ એક જ્ઞાનોપયોગ અન્તર્ગત જેટલા પણ ભિન્ન ભિન્ન પર્યાય હોય છે તે બધાનો મીલિત ભાવે પ્રાદુર્ભાવ થવામાં હેતુભૂત છે. આ કથનનું તાત્પર્ય એ છે કે સૂત્રનો સંપૂર્ણ અર્થ માત્ર પદાર્થ કે વાક્યાર્થમાં સમાઈ જતો નથી, પરંતુ પદાર્થાદિ ચારેયમાં અવિભક્તભાવે સમાયેલો છે. એટલે જ્યાં સુધી પરસ્પર સાપેક્ષભાવે પદાર્થાદિ ચારનો બોધ ઉદ્ભવતો નથી. ત્યાં સુધી તે બોધ સૂત્રના પરિપૂર્ણ અર્થબોધરૂપ બનતો નથી. પરિપૂર્ણ અર્થબોધ અવયવીની જેમ એક જ ઉપયોગરૂપ હોય છે. જ્યારે પદાર્થાદિ અપર અપર બોધપર્યાયો એ પેલા અવયવીભૂત ઉપયોગના અંગરૂપ હોય છે અને અંગરૂપે જ તેમાં અન્તર્ભૂત હોય છે. જો તેઓ પરસ્પર નિરપેક્ષ હોય તો એક અવયવીરૂપ પરિપૂર્ણ અર્થબોધ અસંપન્ન જ રહે.

આગળ અપાનારા ઉદાહરણથી આ વસ્તુ બરાબર સમજાશે. લૌકિક કે આગમિક વાક્યોનો જે વાક્યાર્થ હોય છે તે વાક્યાર્થ એમને એમ લબ્ધ સ્વરૂપ બની જતો નથી. વાક્યના અંગભૂત પદોના અર્થો સાપેક્ષભાવે પરસ્પર ભેગા થવાથી એક વાક્યાર્થનું માળખું તૈયાર થાય છે. એ જ રીતે પદાર્થાદિ પણ પરસ્પર ભેગા થઈને એક સૂત્રના પરિપૂર્ણ

અર્થમાળખાને તૈયાર કરે છે. (એવા અર્થ પણ એક એક સૂત્રના અનંત હોય છે એ અલગ વાત છે.)

**શંકા :-** વાક્યાર્થના બોધમાં પદશ્રવણજન્ય વિવિધ પદાર્થબોધ હેતુ હોવાથી વાક્યાર્થમાં પદાર્થોની પરસ્પર અપેક્ષા હોવાનું કથન ઉચિત છે. કિન્તુ પ્રસ્તુતમાં પદાર્થાદિબોધમાં પૂર્વોત્તર કારણકાર્ય ભાવ હોવા છતાં તે ચારેય ભેગા થઈને કોઈ એક નવા અર્થબોધને જન્મ આપતા નથી એટલે તેઓમાં પરસ્પર અપેક્ષા હોવાનું કથન કઈ રીતે સંગત થાય ?

**સમાધાન :-** પદાર્થોની પ્રતીતિથી વાક્યાર્થની પ્રતીતિને અલગ માનવાની જરૂર નથી. પદાર્થોની જે મીલિતભાવે પ્રતીતિ છે તે જ વાક્યાર્થ પ્રતીતિરૂપ છે. અર્થાત્ ભિન્ન ભિન્ન પદાર્થોની પ્રતીતિ અવયવાત્મક છે અને વાક્યાર્થ પ્રતીતિ અવયવી સ્વરૂપ છે. આ બે પ્રતીતિ અલગ અલગ હોવાથી જેમ તેની પરસ્પર સાપેક્ષતા સિદ્ધ થાય છે તે જ રીતે પ્રસ્તુતમાં પણ પદાર્થાદિમાં પણ પરસ્પર અપેક્ષાભાવ સિદ્ધ થાય છે. પરસ્પર સાપેક્ષ પદાર્થ-વાક્યાર્થાદિ સમુદાયાત્મક ઉપયોગ એક જ હોય છે અને તેવા સમુદાયાત્મક ઉપયોગમાં જ જ્ઞાનાવરણ કર્મનો ક્ષયોપશમ હેતુ છે. એટલે પરસ્પર નિરપેક્ષ બોધના ઉદ્ભવની સંભાવના નથી. ॥૧૫૭॥

तत्र लोक एव तावत्पदार्थादीनां मिथोऽपेक्षां व्युत्पादयति–

શ્લોક ૧૫૮માં પરિપૂર્ણ અર્થમાં પદાર્થાદિની પરસ્પર અપેક્ષાની લૌકિક વાક્યના દૃષ્ટાન્તથી સ્પષ્ટતા કરી છે–

**'पुरओ चिट्ठइ रुक्खो' इय वक्काओ पयत्थबुद्धीए ।**
**ईहावायपओअणबुद्धीओ हुंति इयराओ ॥१५८॥**

**શ્લોકાર્થ :-** 'સામે વૃક્ષ ઊભું છે' આ પદાર્થબુદ્ધિ દ્વારા અન્ય પણ ઇહા-અપાય-પ્રયોજન-બુદ્ધિઓનો ઉદ્ભવ થાય છે. ॥૧૫૮॥

**'पुरतस्तिष्ठति वृक्ष' इति वाक्यात् पदार्थबुद्ध्या** 'मदभिमुखदेशस्थित्याश्रयो वृक्ष' इत्याकारया **ईहापायप्रयोजनविषया** इतरा वाक्यार्थमहावाक्यार्थैदम्पर्यार्थधीरूपा बुद्धयो भवन्ति । तथाहि–'अग्रे वृक्षस्तिष्ठती'ति प्रतीत्यन्तरं वृक्षो भवन्नयं किमाम्रो वा स्यान्निम्बो वेति वाक्यार्थप्रतीतिः प्रादुर्भवति, ततः प्रतिविशिष्टाकारावलोकनेनाम्र एवायमिति महावाक्यार्थधीः स्यात्, ततः पुरः सरसाम्रार्थिना प्रवर्त्तितव्यमित्यैदम्पर्यार्थधीरिति । न ह्येवंप्रकारं विना निराकांक्षप्रतीतिः सिद्ध्येत्, पदार्थमात्रज्ञानात् पदार्थस्मारितविशेषार्थजिज्ञासारूपाया आकांक्षाया अनुच्छेदाद्वाक्यार्थस्याऽपर्यवासितत्वात् ॥१५८॥

**તાત્પર્યાર્થ :-** 'પુરતસ્તિષ્ઠતિ વૃક્ષઃ' આ એક લૌકિક વાક્ય છે. જેનો સામાન્ય પદાર્થ એ છે કે 'મદભિમુખદેશાવસ્થિતિનો આશ્રય વૃક્ષ છે.' (મારી સમક્ષ જે દેશ છે તેના પર

અવસ્થાનક્રિયાનો આશ્રય વૃક્ષ છે.) આ સામાન્ય પદાર્થ બુદ્ધિમાં આવતાં બીજી પણ વાક્યાર્થાદિ બુદ્ધિનો પ્રાદુર્ભાવ થાય છે. તેનો ક્રમ આ પ્રમાણે છે. 'આગળ વૃક્ષ ઊભું છે.' આવી સામાન્ય પદાર્થબુદ્ધિ પછી 'વૃક્ષ હોવા સાથે આ આંબો છે કે લીમડો છે' એવી જે દોલાયમાન સંશયાત્મક પ્રતીતિ થાય છે તે જ વાક્યાર્થ બોધરૂપ છે. ત્યાર પછી અમુક ચોક્કસ પ્રકારના આકાર વગેરેના અવલોકનથી 'આ આંબો જ છે' એવી જે નિશ્ચયાત્મક પ્રતીતિ થાય છે તે મહાવાક્યાર્થ બોધરૂપ છે અને ત્યાર પછી 'રસભરપૂર આમ્રફળના અર્થીએ પુરોવર્ત્તી દેશમાં પ્રયત્ન કરવા લાયક છે' એવો જે પ્રયોજન બોધ થાય છે એ જ ઐદંપર્યાર્થ બોધરૂપ છે. જે આ રીતે ચાર બોધ દર્શાવ્યા તે રીતે જો અર્થપ્રતીતિની ઉપપત્તિ કરવામાં ન આવે તો આકાંક્ષા પૂર્ણ થાય એવી પ્રતીતિનો ઉદ્ભવ થવાની શક્યતા નથી. માત્ર સામાન્યતઃ પદાર્થમાત્રનું જ્ઞાન થવાથી જે પદાર્થસ્મરણ પ્રયુક્ત વિશેષાર્થની જિજ્ઞાસાનો-આકાંક્ષાનો ઉદ્ભવ થાય છે તેની પૂર્તિ તે પદાર્થજ્ઞાન માત્રથી ન થવાથી પરિપૂર્ણ વાક્યાર્થ બોધ થતો નથી. ॥૧૫૮॥

आगमेऽपि तामाह–

લૌકિક વાક્યમાં પદાર્થાદિનું નિરૂપણ કર્યા બાદ આગમિકવાક્યમાં પણ તેને પ્રગટ કરે છે–

**'हंतव्वा नो भूआ सव्वे' इह पायडो च्चिय पयत्थो ।**
**मणमाईहिं पीडं सव्वेसिं चेव ण करिज्जा ॥१५९॥**

**શ્લોકાર્થ :-** સર્વ જીવો અનુપઘાત યોગ્ય છે. આ વાક્યમાં પદાર્થ પ્રગટ જ છે કે મન વગેરેથી કોઈપણ જીવને પીડા ઉપજાવવી નહિ. ॥૧૫૯॥

'सर्वाणि भूतानि न हन्तव्यानि'-इह प्रकट एव पदार्थः 'मनआदिभिर्मनोवाक्कायैः, **पीडां**=बाधाम्, **सर्वेषामेव**=समस्तानामपि जीवानाम्, **न कुर्यात्**=न विदध्यादिति ॥१५९॥

**તાત્પર્યાર્થ :-** આગમ શાસ્ત્રમાં ફરમાવ્યું છે કે 'સર્વ જીવો (કોઈપણ જીવ) હણવા યોગ્ય નથી.' આ વાક્યનો પદાર્થ તો સ્પષ્ટ જ છે કે કોઈપણ જીવને મનથી કે વચનથી કે કાયાથી લેશમાત્ર પીડા ઉપજાવવી નહિ. ॥૧૫૯॥

**आवन्नमकरणिज्जं एवं चेइहरलोचकरणाई ।**
**इयवक्कत्थो अ महावक्कत्थो पुण इमो एत्थ ॥१६०॥**

**શ્લોકાર્થ :-** 'એ રીતે તો જિનમંદિર અને શિરોલુંચન પણ અકૃત્ય બની જાય' ! આ વાક્યાર્થ છે. મહાવાક્યાર્થ આ પ્રમાણે છે-॥૧૬૦॥

एवं सति चैत्यगृहलोचकरणादिकमकरणीयं साधुश्राद्धानामकर्त्तव्यं आपन्नं, तत्रापि परपीडानुगमात्, इत्येष वाक्यार्थश्चालनागम्यः । महावाक्यार्थः पुनरत्रायम्-॥१६०॥

**तात्पर्यार्थ :-** જો કોઈપણ જીવને પીડા ન ઉપજાવવી એ કર્તવ્ય હોય તો શ્રાવકોને માટે જિનમંદિર બંધાવવા યોગ્ય રહેશે નહિ કારણ કે તેમાં ઘણાં ત્રસસ્થાવર જીવોને થનારી પીડા ટાળી શકાય તેમ નથી. તેમ જ સાધુઓ માટે એકબીજાનો કેશલોચ કરવાનું પણ ઉચિત નહિ લેખાય કારણ કે તેમાં પણ બીજાને ગાઢ પીડા ઊપજતી હોય છે. આ એક સંદેહ છે અને તે જ વાક્યાર્થરૂપ છે. તેનું જ બીજું નામ ચાલના છે. આ ચાલનાનું પ્રત્યવસ્થાન=સમાધાન એ જ મહાવાક્યાર્થ છે તે આગળના શ્લોકમાં જણાવ્યા પ્રમાણે છે. ॥૧૬૦॥

**अविहिकरणंमि दोसो तो विहिणा चेव होइ जइअव्वं ।**
**अइदंपज्जत्थो पुण आणा धम्मंमि सारोत्ति ॥१६१॥**

**શ્લોકાર્થ :-** 'અવિધિથી કરવામાં આવે તો દોષ છે માટે વિધિપૂર્વક પ્રયત્ન કરવો જોઈએ.' ઐદંપર્યાર્થ એ છે કે 'ધર્મના વિષયમાં આજ્ઞા જ સાર છે.' ॥૧૬૧॥

**अविधिकरणे**=ऽनीतिविधाने चैत्यगृहलोचादेः **दोषो**=हिंसापत्तिर्विधिकरणनान्तरीयकासत्प्रवृत्तिनिवृत्तिपरिणामजनितस्याहिंसानुबन्धस्य प्रच्यवात्, ततस्मा**द्विधिनैव यतितव्यं भवति** चैत्यगृह-लोचाद्यर्थे । तदिदमुक्तम्-[उपदेशपदे ८६७]

**तात्पर्यार्थ :-** જિનમંદિરનું નિર્માણ કરવામાં કે કેશલોચાદિ કરવામાં હિંસાનો દોષ તો છે પણ તે અવિધિથી કરવામાં આવે તો, અન્યથા નહિ. વિધિનું પાલન કરવાથી અસત્પ્રવૃત્તિથી નિવૃત્તિનો પરિણામ જાગ્યા વિના રહેતો નથી અને અસત્ પ્રવૃત્તિથી નિવૃત્તિનો જે પરિણામ છે તે આત્માને અહિંસાની દિશામાં પ્રગતિ કરાવનાર છે. વિધિનો ઉચ્છેદ કરીને અવિધિએ મનપસંદ રીતે ધર્મકૃત્ય કરવાથી અહિંસાનો અનુબંધ ટકતો નથી. અર્થાત્, પરિણામે અહિંસાની દિશામાં પ્રગતિ થવાને બદલે અટકાયત થઈ જાય છે. માટે ચૈત્યગૃહ અને કેશલોચ વગેરે કાર્યોમાં વિધિપૂર્વક પ્રવર્તવું જોઈએ. **શ્રી ઉપદેશપદ શાસ્ત્ર**માં પણ કહ્યું છે કે (૮૬૭ શ્લોક) અવિધિ કરવામાં આજ્ઞાની વિરાધના થતી હોવાથી ચૈત્યગૃહાદિનું કરવું દોષ યુક્ત છે. માટે વિધિપાલનમાં પ્રયત્ન કરવો.

[७३]"अविहिकरणंमि आणाविराहणा दुट्ठमेव एएसिं । तो विहिणा जइअव्वं ॥" ति [महावक्कत्थरूवं तु]

चैत्यगृहकरणविधिश्च-[षोडशके-६।३]

---

७३ अविधिकरणे आज्ञाविराधना दुष्टमेवैतेषाम् । तस्माद्विधिना यतितव्यमिति ॥

"जिनभवनकारणविधिः शुद्धा भूमिर्दलं च काष्टादि । भृतकानतिसन्धानं स्वाशयवृद्धिः समासेन" ॥

इत्यादिग्रन्थोक्तः । लोचकर्मविधिस्तु-

[७४]"धुवलोओ अ जिणाणं वासावासेसु होइ थेराणं । तरुणाणं चउमासे वुड्ढाणं होइ छम्मासे ॥"

इत्याद्युक्तः । **ऐदम्पर्यार्थः पुनराज्ञा धर्मे सार इति** तामन्तरेण धर्मबुद्ध्यपि कृतस्य निरवद्यत्वाभिमतस्यापि कार्यस्य निष्फलत्वादिति ॥१६१॥ वाक्यान्तरमधिकृत्याह–

જિનમંદિર બંધાવવાનો સંક્ષિપ્ત વિધિ આ પ્રમાણે કહ્યો છે. (ષોડશકશાસ્ત્ર ૬-ગાથા ૩) હાડકાં વગેરે શલ્યરહિત શુદ્ધ ભૂમિ હોવી જોઈએ. તથા જે કાષ્ટ વગેરેનો ઉપયોગ કરાવવાનો હોય તે પણ બળેલું-સડેલું ન ચાલે પણ શુદ્ધ હોવું જોઈએ. કારીગરોને યોગ્ય વેતન-પુરસ્કાર આપવાનું ન ચુકવું જોઈએ. તેમ જ દિનપ્રતિદિન પોતાના શુદ્ધ ભાવની વૃદ્ધિ થવી જોઈએ..

કેશલોચવિધિ આ પ્રમાણે છે. જિનકલ્પીઓને નિત્ય લોચ કરવાનો હોય છે. અતિવૃદ્ધ સાધુઓને એક જ વાર માત્ર ચોમાસામાં કરવાનો હોય છે. જેઓ તરુણ હોય તેઓને ચાર-ચાર માસે એક એકવાર લોચ કરાવવાનો હોય છે. અને સામાન્ય વૃદ્ધ સાધુઓએ વરસમાં બે વાર છ-છ માસે કરાવવો જોઈએ.

આ રીતે 'કોઈપણ જીવની હિંસા ન કરવી' આ વાક્યનો ઐદંપર્યાર્થ એ ફલિત થાય છે કે ભગવાનની આજ્ઞા એ જ ધર્મકૃત્યમાં સાર છે. જે કૃત્ય ધર્મબુદ્ધિથી અને નિષ્પાપ છે એમ સમજીને કરાતું હોવા છતાં પણ ભગવાનની આજ્ઞાને અનુસરતું ન હોય પણ વિપરીત હોય તો તેવું ધર્મકૃત્ય નિષ્ફળ છે. તેનું કાંઈ શુભ ફળ નથી. ॥૧૬૧॥

શ્લોક ૧૬૨ વગેરેથી બીજા એક આગમિક વાક્યનો પદાર્થાદિ દર્શાવ્યો છે–

**'गथं चएज्ज' एत्थ वि सचेअणाचेअणं चए वत्थुं ।**
**एस पयत्थो पयडो वक्कत्थो पुण इमो होइ ॥१६२॥**

**શ્લોકાર્થ :-** 'ગ્રન્થ ત્યજે' તેવા આગમ વાક્યનો પદાર્થ છે-સચેતન-અચેતન વસ્તુનો ત્યાગ કરવો, તે પ્રગટ છે અને વાક્યાર્થ આ પ્રમાણે છે-॥૧૬૨॥

**'ग्रन्थं त्यजेदि'त्यत्रापि सचेतनमचेतनं च वस्तु त्यजेन्न** गृह्णीयादिति **एष प्रकटः पदार्थः, वाक्यार्थः पुनरयं** च वक्ष्यमाणलक्षणो भवति ॥१६२॥

---

७४ ध्रुवलोचश्च जिनानां (जिनकल्पिनां) वर्षावासेषु भवति स्थविराणाम् ।
तरुणानां चतुर्मासे वृद्धानां भवति षण्मासे ॥

**તાત્પર્યાર્થ :-** 'ગ્રન્થનો પરિહાર કરવો જોઈએ' એવા આગમવાક્યનો સામાન્ય પદાર્થ તો પ્રગટ જ છે કે 'કોઈપણ વસ્તુ પાસે રાખવી નહિ.' પછી તે સજીવ હોય કે નિર્જીવ હોય. તેનો વાક્યાર્થ શ્લોક ૧૬૩માં જણાવ્યા પ્રમાણે છે. ॥૧૬૨॥

**वत्थाईण अगहणं एवं पत्तं मुणीण अविसेसा ।**
**आणाचाए दोसो नण्णह वत्थाइगहणे वि ॥१६३॥**

**શ્લોકાર્થ :-** એ રીતે તો મુનિઓને વસ્ત્રાદિને ગ્રહણ ન કરવાનું પ્રાપ્ત થયું. (તેનો મહાવાક્યાર્થ=ઉત્તર એ છે કે) આજ્ઞાનો ત્યાગ કરવામાં દોષ છે પરંતુ આજ્ઞાને અનુસરીને વસ્ત્રાદિ ગ્રહણ કરવામાં દોષ નથી. ॥૧૬૩॥

**एवं** सति ग्रन्थमात्रग्रहणनिषेधे, **मुनीनामविशेषाद्वस्त्रादीनामग्रहणं प्राप्तं,** न हि स्वर्णादिकं ग्रन्थो वस्त्रादिकं च न ग्रन्थ इति विशेषोऽस्ति, **आज्ञात्यागे**=* "जिणाण बारसरूवो उ[७५]" इत्यादिवचनोल्लंघने वस्त्रादिग्रहणेऽपि दोषोऽतिरिक्तोपकरणस्याधिकरणरूपत्वात्, **नान्यथा**=आज्ञाया अत्यागे वस्त्रादिग्रहणेऽपि दोषः ॥१६३॥

**તાત્પર્યાર્થ :-** 'સજીવ-નિર્જીવ ગ્રન્થનો પરિહાર કરવો' એ વાક્યથી તો તમામ વસ્તુને ગ્રહણ કરવાનો નિષેધ થઈ જાય છે. એટલે પછી મુનિઓને સંયમના નામે પણ વસ્ત્રપાત્રાદિ ગ્રહણ કરવાનો અધિકાર રહેતો નથી. સુવર્ણ વગેરે ધાતુઓ ગ્રન્થરૂપ અને વસ્ત્રપાત્રાદિ ગ્રન્થરૂપ નહીં-એવો કોઈ તફાવત નથી, ગ્રન્થ એટલે ગ્રન્થ. ગ્રન્થ શબ્દથી અહીંયા પરિગૃહીત વસ્તુ જાણવી. આ સંદેહાત્મક વાક્યાર્થ છે. તેનો ઉત્તર આ શ્લોકના ઉત્તરાર્ધ અને આગળના શ્લોકના પૂર્વાર્ધમાં પ્રસ્તુત કર્યો છે કે-'જિનકલ્પિકોને બાર પ્રકારનો ઉપધિગ્રહણ કરવાનો હોય' વગેરે શાસ્ત્રવચનરૂપ આજ્ઞાનું ઉલ્લંઘન કરીને વધારે પડતાં વસ્ત્ર વગેરે ધારણ કરવામાં આવે તો દોષ છે જ કારણ કે બિનજરૂરી વધારાનાં ઉપકરણ અધિકરણ બને છે. પણ જો આજ્ઞાનું ઉલ્લંઘન ન થાય તે રીતે અન્યૂન-અનતિરિક્ત પ્રમાણસર વસ્ત્રાદિ ધારણ કરવામાં આવે તો તેમાં કોઈ દોષ નથી. ॥૧૬૩॥

**एयमगहणं भावा अहिगरणच्चायओ मुणेअव्वं ।**
**एस महावक्कत्थो अइदंपज्जं तु पुव्वुत्तं ॥१६४॥**

**શ્લોકાર્થ :-** 'અધિકરણના ત્યાગપૂર્વક કરાઈ રહેલું, એ ભાવથી ગ્રન્થનાં ગ્રહણ રૂપ નથી' એમ જાણવું. તે મહાવાક્યાર્થ છે. એદંપર્યાર્થ તો પૂર્વે કહ્યા મુજબ છે. ॥૧૬૪॥

---

* थेरा चउदसरूविणो । अज्जाणं पन्नवीसं तु, अओ उड्ढं उवग्गहो ॥' इति शेषपादाः ।

७५ जिनानां (जिनकल्पिनां) द्वादशरूपस्तु ॥

यत **एतद्**=वस्त्रादिग्रहणम्, भावात्तत्त्वतोऽधिकरणत्यागत आर्त्तध्यानादिपरिहारादग्र**हणम्, मुणेअव्वंति** ज्ञातव्यम्, अग्रहणपरिणामोपष्टंभकं ग्रहणमपि खल्वग्रहणमेव, **एष महावाक्यार्थः**, ऐदम्पर्यन्तु पूर्वोक्तं 'आज्ञैव सर्वत्र धर्म्मे सार' इति ॥१६४॥

**तात्पर्यार्थ** :- પોતે ધારણ કરેલું વસ્ત્રાદિ ઉપકરણ અધિકરણ ન બને તેની કાળજી રાખીને ભગવાનની આજ્ઞા મુજબ વાપરવામાં આવે તો પરમાર્થ દષ્ટિએ તેનાથી આર્તધ્યાન વગેરે મહાદોષો ટળતા હોવાથી તે અગ્રહણ જ છે તેમ જાણવું. અગ્રહણ એટલે કે પરિગ્રહત્યાગ. 'મહાવ્રતનું પાલન કરવામાં ટેકારૂપ બનતું વસ્ત્રગ્રહણ એ ખરેખર પરિગ્રહ રૂપ જ નથી., આ મહાવાક્યાર્થ છે. ઐદંપર્યાર્થ તો પૂર્વે કહ્યો છે જ કે "આજ્ઞા એ જ સર્વધર્મકૃત્યના પ્રાણ છે." ॥૧૬૪॥

वाक्यान्तरमधिकृत्याह–

બીજા એક આગમિક વાક્યમાં પદાર્થાદિનો અવતાર શ્લોક ૧૬૫થી ચાર શ્લોકમાં કર્યો છે-

**तवज्झाणाइ कुज्जा एत्थ पयत्थो उ सव्वहिं ओहा ।**
**छट्ठुस्सग्गाईणं करणं सेयं सिवट्ठंति ॥१६५॥**

**શ્લોકાર્થ** :- 'તપો-ધ્યાનાદિ કરવા' આ વાક્યમાં પદાર્થ એ છે કે સામાન્ય રીતે બધાને માટે છઠનો તપ અને કાયોત્સર્ગાદિ કરવા શ્રેયસ્કર છે. ॥૧૬૫॥

**तपोध्यानादि कुर्यादत्र** वाक्ये **पदार्थस्तु सर्वत्र ओघेन**=समर्थासमर्थादिपरिहारसामान्येनं, **शिवार्थं**=मोक्षार्थं **षष्ठोत्सर्गादीनां करणं श्रेय** इति ॥१६५॥

**तात्पर्यार्थ** :- તપ-ધ્યાન વગેરે કરવા - આ વાક્યમાં સમર્થ કે અસમર્થની ચર્ચા કર્યા વિના ફલિત થતો પદાર્થ એ છે કે સામાન્યતઃ બધાને માટે મોક્ષના હેતુથી છઠ-અટ્ઠમ વગેરે તપશ્ચર્યા અને કાયોત્સર્ગાદિમાં રહીને ધ્યાન કરવું શ્રેયસ્કર છે. ॥૧૬૫॥

**तुच्छावत्ताईणं तक्करणं अकरणं अओ पत्तं ।**
**बहुदोसपसंगाओ वक्कत्थो एस दट्ठव्वो ॥१६६॥**

**શ્લોકાર્થ** :- 'તુચ્છ અને અવ્યક્ત વ્યક્તિઓ માટે પણ તે કર્તવ્ય બન્યું. વળી તેઓને ઘણાં દોષ કરનારું હોવાથી (કરણ પણ) અકરણરૂપ પ્રાપ્ત થયું' આ વાક્યાર્થ જાણવો. ॥૧૬૬॥

**तुच्छाः**=असमर्था बालवृद्धादिलक्षणाः, **अव्यक्ताश्च**ागीतार्थाः, आदिनावश्यकहानियोग्यादि-ग्रहस्तेषाम**तः**=पदार्थात् **तत्करणं**=षष्ठोत्सर्गादिकरणं प्राप्तं बहुदोषप्रसङ्गात्, शक्त्यतिक्रमेण तपोध्यानादिकष्टानुष्ठानस्यार्त्तध्यानमयत्वेन तिर्यगाद्यशुभजन्माद्यापत्तेः करणं=तत्त्वतोऽ**करणमेव** तत्, **एष वाक्यार्थो द्रष्टव्यः** ॥१६६॥

**તાત્પર્યાર્થ :-** તુચ્છ એટલે છઠ વગેરે તપશ્ચર્યા કરવાને અસમર્થ, દા.ત. બાળવૃદ્ધાદિ. **અવ્યક્ત** એટલે અગીતાર્થ, અર્થાત્ સૂત્રાર્થ અકોવિદ. આદિ શબ્દથી બીજા પણ-તપ વગેરેથી જેઓના આવશ્યકાદિ યોગોને હાનિ પહોંચવાની શક્યતા હોય તેવા પુરુષો સમજવા. જે સામાન્ય પદાર્થ કહ્યો તેનાથી તો આવા બધા અશક્તોને માટે પણ છઠ વગેરે તપશ્ચર્યા કર્તવ્યરૂપે પ્રાપ્ત થયા એટલે કે તેઓએ પણ તે કરવા જોઈએ. જ્યારે બીજી બાજુ શક્તિને ઓળંગીને તપ-ધ્યાન વગેરે કષ્ટાનુષ્ઠાનનું આચરણ આર્તધ્યાનનું કારણ હોવાથી તિર્યંચ વગેરે અશુભ-ગતિની આપત્તિ ઊભી કરનાર હોવાથી ઘણા દોષ પ્રસક્ત થાય છે એટલે પરમાર્થથી તો એ કરવા છતાં પણ નહિ કરવા બરાબર છે. આ પ્રકારનો સંદેહ એ જ વાક્યાર્થ જાણવો. ॥૧૬૬॥

**एस महावक्कत्थो समयाबाहेण एत्थ जमदोसो ।**
**सव्वत्थ समयणीई अइदंपज्जत्थओ इट्ठा ॥१६७॥**

**શ્લોકાર્થ :-** મહાવાક્યાર્થ આ પ્રમાણે છે-શાસ્ત્રને બાધ ન પહોંચે એ રીતે કરવામાં દોષ નથી. ઐદંપર્યાર્થ-સર્વત્ર શાસ્ત્રનીતિ અનુસરવા યોગ્ય છે. ॥૧૬૭॥

**एष महावाक्यार्थः यत्समयाबाधेना**ऽऽगमानुल्लंघनेन **अत्रादोषः**, आगमश्चायमत्र व्यवस्थितः-[ ]

[७६]"तो जह न देहपीडा न या वि विमंससोणियत्तं च जह धम्मज्झाणवुड्ढी तहा इमं होइ कायव्वं ॥"

**ऐदम्पर्यार्थतः**=ऐदम्पर्यार्थमाश्रित्य, **सर्वत्र समयनीति**रागमनीतिरेव **इष्टा**ऽभिमता, तस्या एव सर्वत्राधिकार्यनधिकार्यादिविभागप्रदर्शनहेतुत्वात् ॥१६७॥

**તાત્પર્યાર્થ :-** 'તપોધ્યાનાદિ કરવા' આ વાક્યનો મહાવાક્યાર્થ આ પ્રમાણે છે કે આગમની આજ્ઞાનું લેશમાત્ર ઉલ્લંઘન ન થાય એ રીતે પ્રત્યેક અનુષ્ઠાનને આચરવામાં કોઈ દોષ નથી. પ્રસ્તુત વિષયમાં આગમની સલાહ આ પ્રમાણે છે. (ગાથા-) શરીરને અત્યધિક પીડા ન થાય. શરીરમાંથી લોહી અને માંસ અતિ શોષિત ન થઈ જાય તથા ધર્મધ્યાનમાં વૃદ્ધિ થાય તે રીતે તપ કરવો. ઐદંપર્યાર્થ એ છે કે સર્વત્ર આગમની નીતિ જ અનુસરણીય છે. કારણ કે એનાથી જ સર્વત્ર અધિકારિતા અને અનધિકારિતાનો સમ્યગ્બોધ પ્રાપ્ત થાય છે. ॥૧૬૭॥

वाक्यान्तरमप्यधिकृत्याह–

શ્લોક ૧૬૮ થી ૧૭૧માં બીજા એક વાક્યને આશ્રયીને પદાર્થાદિ વિભાગ દર્શાવે છે.

**दाणपसंसणिसेहे पाणवहो तह य वित्तिपडिसेहो ।**
**एत्थ पयत्थो एसो जं एए दो महापावा ॥१६८॥**

७६ तस्माद्यथा न देहपीडा न चापि विमांसशोणितत्वं च । यथा धर्मध्यानवृद्धिः वा तथायं भवति कर्त्तव्यः ॥

**શ્લોકાર્થ :-** 'દાનની પ્રશંસા અને નિષેધમાં (અનુક્રમે) પ્રાણવધ અને વૃત્તિપ્રતિષેધ છે.' આ વાક્યનો પદાર્થ એ છે કે એ બન્નેમાં મહાપાપ છે. ॥૧૬૮॥

**दानप्रशंसायां प्राणवधस्तन्निषेधे च वृत्तिप्रतिषेधः**, एतेनेदं सूत्रकृत्रांगसूत्रं लक्ष्यते-[अ. ११-सू.२०] [७७]"जे उ दाणं पसंसंति वहमिच्छंति पाणिणं । जे अ णं पडिसेहंति वित्तिच्छेयं कुणंति ते ॥" इति । **अत्र एष पदार्थः यदेतौ द्वौ** दानप्रशंसानिषेधौ **महापापा**वशुभगतिलाभान्तरायादिप्रबलपाप-प्रकृतिबन्धहेतुत्वादिति ॥१६८॥

**तात्पर्यार्थ :-** દાનની પ્રશંસા કરવાથી પ્રાણવધ અને નિષેધ કરવાથી વૃત્તિપ્રતિષેધ અર્થાત્ આજીવિકાભંગ પ્રસક્ત થાય છે. આ વાક્ય **સૂત્રકૃતાંગના** નિમ્નોક્ત સૂત્રમાં આ રીતે ઉપલબ્ધ છે–

'જેઓ દાનની પ્રશંસા કરે છે તેઓ જીવોના વધમાં અનુમતિ આપે છે. જેઓ દાનનો પ્રતિષેધ કરે છે તેઓ (યાચકાદિની) વૃત્તિ-આજીવિકામાં અંતરાય કરે છે.'

આ વાક્યનો સામાન્ય પદાર્થ એ છે કે દાનની પ્રશંસા અને દાનના નિષેધમાં મહાપાપ છે. કારણ કે તેથી અશુભગતિ કર્મબંધ તથા લાભાંતરાય વગેરે પ્રબળ પાપ પ્રકૃતિઓનો બંધ પડે છે. ॥૧૬૮॥

**वक्कत्थो पुण एवं विच्छेओ होज्ज देसणाईणं ।**
**एयं विसेसविसयं जुज्जइ भणिअं तु वोत्तुं जे ॥१६९॥**

**શ્લોકાર્થ :-** વાક્યાર્થ એ છે કે-આ રીતે તો ઉપદેશ વગેરેનો વિચ્છેદ થશે. માટે આ વાક્યનો ભાવ કંઈક ગૂઢ હોવો જોઈએ. ॥૧૬૯॥

**वाक्यार्थः पुनरेवम**भ्युपगम्यमाने, **देशनादीनां**=पात्रापात्रादिविषयदानविधिनिषेधादि-देशनादीनां विच्छेदः स्यात्-

"धर्मस्यादिपदं दानं दानं दारिद्रनाशनम् । जनप्रियकरं दानं दानं सर्वार्थसाधनम् ।१।
बीजं यथोषरे क्षिप्तं न फलाय प्रकल्प्यते । तथाऽपात्रेषु यद्दानं निष्फलं तद्विदुर्बुधाः ।२।"

इत्यादिदेशनाप्रवृत्तौ जीवहिंसानुमतिलाभान्तरायप्रसङ्गस्य वज्रलेपायमानत्वात् । तस्मा**देतद्भ**णितं तु **विशेषविषयं वक्तुं युज्यते । 'जे'** इति पादपूरणार्थो निपातः ॥१६९॥

**तात्पर्यार्थ :-** જે પદાર્થ દર્શાવ્યો છે તે જો વગર વિચાર્યે સ્વીકારી લેવામાં આવે તો સુપાત્ર વગેરેને ઘણું દાન કરવું અને કુપાત્ર વગેરેને તે ન કરવું એવો જ શાસ્ત્રકારોનો ઉપદેશ છે તેનું ઉત્થાપન થઈ જશે. તે ઉપદેશ આ પ્રમાણે છે-ધર્મનું પ્રારંભિક પગથિયું દાન છે. દાનથી દરિદ્રતાનો નાશ થાય છે. દાનથી લોકોમાં પ્રિય થવાય છે. સર્વ અર્થને સિદ્ધ કરનાર દાન છે.

---

૭૭ ये तु दानं प्रशंसन्ति वधमिच्छन्ति प्राणिनाम् । ये च णं प्रतिषेधन्ति वृत्तिच्छेदं कुर्वन्ति ते ॥

જેમ ઉખરક્ષેત્રમાં વાવેલા બીજથી કોઈ ફળ પ્રાપ્ત થતું નથી, તેમ કુપાત્રમાં આપેલું દાન પણ નિષ્ફળ છે એમ પંડિતો કહે છે.

આ રીતનો ઉપદેશ કરવાની પ્રવૃત્તિમાં તો જીવહિંસામાં અનુમતિનો દોષ અને લાભાંતરાય કર્મનો બંધ આ બે દોષ વ્રજના લેપની જેમ ટાળ્યા ટળે તેમ નથી. માટે સૂત્ર-કૃતાંગ સૂત્રના વિષયભૂત દાન કોઈક જુદા જ પ્રકારનું હોવું જોઈએ. મૂળ શ્લોકમાં 'जे' શબ્દ માત્ર પાદપૂર્તિ માટે વપરાયો છે. ॥૧૬૯॥

**आगमविहिअणिसिद्धे अहिगिच्च पसंसणे णिसेहे अ ।**
**लेसेण वि णो दोसो एस महावक्कगम्मत्थो ॥१७०॥**

**શ્લોકાર્થ :-** આગમમાં વિહિત અને નિષિદ્ધને ઉદ્દેશીને પ્રશંસા અને નિષેધ કરવામાં લેશમાત્ર દોષ નથી. આ મહાવાક્યાર્થ છે. ॥૧૭૦॥

**आगमे**=सिद्धान्ते **विहितं निषिद्धं** च दान**मधिकृत्य प्रशंसने निषेधे च लेशेनापि नो दोषः**, सत्प्रवृत्तिरूपस्य विहितदानव्यापारस्य हिंसारूपत्वाभावेन तत्प्रशंसने हिंसानुमोदनस्या-ऽप्रसङ्गात्, प्रत्युत सुकृतानुमोदनस्यैव संभवात् । निषिद्धदानव्यापारस्य चासत्प्रवृत्तिरूपस्य निषेधे वृत्तिच्छेदपरिणामा–भावेनान्तरायानर्जनात्, प्रत्युत परहितार्थप्रवृत्त्यान्तरायकर्मविच्छेदादेव । तदिदमुक्तमुपदेशपदे-

[७८]"आगमविहिअं तंते पडिसिद्धं चाहिगिच्च णो दोसो त्ति ॥" [८७९]

आगमविहितं संस्तरणे सुपात्रे शुद्धभक्तादिदानमसंस्तरणे त्वशुद्धभक्तादिदानमपि तत्र निषिद्धं, निषिद्धं च कुपात्रदानादिकमनुकम्पादानं तु क्वापि न निषिद्धं यदाह-[ ]

[७९]"मोक्खत्थं जं दाणं तं पइ एसो विही समक्खाओ ।
अणुकंपादाणं पुण जिणेहिं न कया वि पडिसिद्धं ॥" **एष महावाक्यगम्योऽर्थः** ॥१७०॥

**તાત્પર્યાર્થ :-** શ્રી જિનાગમમાં જે જે ક્ષેત્રને ઉદ્દેશીને દાનનું વિધાન કર્યું છે તે તે ક્ષેત્રમાં અર્થાત્ જિનબિંબઆદિ સાત ક્ષેત્રમાં કરાતા દાનની પ્રશંસા કરવામાં કોઈ દોષ નથી, પરંતુ નિષેધ કરવામાં દોષ છે. શાસ્ત્રોમાં જે જે ક્ષેત્રોમાં દાન કરવાનો નિષેધ કર્યો છે (દા.ત. કતલખાનું વગેરે) તે તે ક્ષેત્રમાં કરાતા દાનની પ્રશંસા કરવામાં ગુણ નહીં પણ દોષ છે. જે દાનનું શાસ્ત્રમાં વિધાન છે તે દાન શુભપ્રવૃત્તિ સ્વરૂપ હોવાથી હિંસામય નથી એટલે તેની પ્રશંસા કરવાથી હિંસામાં અનુમતિનો દોષ લાગતો નથી. ઉલટું, સુકૃત અનુમોદનનો લાભ છે. જે ક્ષેત્રમાં દાન ક્રિયાનો શાસ્ત્રમાં નિષેધ કર્યો છે તે દાનક્રિયા અશુભ પ્રવૃત્તિ રૂપ હોવાથી *તેનો નિષેધ કરવામાં કોઈ આજીવિકાના વિચ્છેદનો આશય ન હોવાથી અંતરાયનો પણ*

---

७८ आगमविहितं तन्त्रे प्रतिषिद्धं चाधिकृत्य नो दोष इति ॥

७९ मोक्षार्थं यद्दानं तत्प्रति एष विधिः समाख्यातः । अनुकम्पादानं पुनर्जिनैः न कदापि प्रतिषिद्धम् ॥

દોષ લાગતો નથી. ઉલટી તે નિષેધની પ્રવૃત્તિ પરના હિતાર્થે થતી હોવાના કારણે અંતરાય કર્મોનો વિચ્છેદ થાય છે.

**શ્રીઉપદેશપદ** શાસ્ત્રમાં (૮૭૯) કહ્યું છે કે-'આગમમાં જે દાન વિહિત છે અને જે પ્રતિષિદ્ધ છે તેના આધારે પ્રશંસા અને નિષેધમાં કોઈ દોષ નથી. સંસ્તરણ અવસ્થામાં અર્થાત્ શક્યનિર્વાહદશામાં સુપાત્રમાં શુદ્ધ અન્ન-પાન વગેરેનું દાન અને અશક્ય-નિર્વાહમાં અશુદ્ધ અન્નપાનાદિનું પણ દાન સુપાત્રને કરવાનો નિષેધ નથી. ત્યારે કુપાત્રને અસત્ પ્રવૃત્તિ ઉત્તેજક દાન કરવાનો નિષેધ છે.

અનુકંપાદાન કરવાનો ક્યાંય પણ નિષેધ કર્યો નથી. શાસ્ત્રમાં કહ્યું છે કે-

'મોક્ષના હેતુથી કરાતા દાનને ઉદ્દેશીને આ વિધિ કહ્યો છે. જિનેશ્વરોએ ક્યારેય પણ અનુકંપાદાનનો નિષેધ કર્યો નથી.' ॥૧૭૦॥

**अइदंपज्जत्थो पुण मोक्खंगं होइ आगमाबाहा ।**
**एवं पइसुत्तं चिय वक्खाणं पायसो जुत्तं ॥१७१॥**

**શ્લોકાર્થ :-** આગમને અબાધા એ મોક્ષનું અંગ છે-આ ઐદંપર્યાર્થ છે. આ રીતે પ્રાયઃ દરેક સૂત્રનું વ્યાખ્યાન કરવું યોગ્ય છે. ॥૧૭૧॥

**ऐदम्पर्यार्थः पुनर्मोक्षाङ्गं भवति आगमाऽबाधा**=आगमार्थानुल्लंघनं । अतिदेशमाह-**एवमु**-पदर्शितप्रकारेण, **प्रतिसूत्रं**=यावन्ति सूत्राण्यंगीकृत्य, **प्रायशो व्याख्यानं युक्तं,** अतिसंक्षिप्तरुचिश्रो-त्राद्यपेक्षया प्रायश इत्युक्तम् ॥७१॥

**તાત્પર્યાર્થ :-** 'આગમને લેશમાત્ર આંચ ન આવે એ રીતે તમામ પ્રવૃત્તિ કરવી એ જ મોક્ષનું અંગ છે' - આ જ ઐદંપર્યાર્થ છે. **પ્રાયઃ** પ્રત્યેક સૂત્રને આશ્રયીને આ રીતે પદાર્થાદિ-ચાર પ્રકારે વિવરણ કરવું યુક્તિયુક્ત છે. કદાચ ક્યારેક કોઈક શ્રોતા અત્યંત સંક્ષિપ્ત રુચિ-વાળો હોય ત્યારે આટલો વિસ્તાર ન પણ કરાય એ માટે 'પ્રાયશઃ' એમ કહ્યું છે. ॥૧૭૧॥

ये तु गीतार्थाज्ञानिरपेक्षा विध्यभिमानिन इदानीन्तनव्यवहारमुत्सृजन्ति अन्यं च विशुद्धं व्यवहारं संपादयितुं न शक्नुवन्ति ते बीजमात्रमप्युच्छिन्दतो महादोषभाजो भवन्ति ॥

(જેઓ ગીતાર્થ - આજ્ઞાની પરવા કર્યા વિના વિધિનું મિથ્યાભિમાન રાખીને ચાલ્યા આવતા વર્તમાન વ્યવહારને હાંકી કાઢે છે પણ એના સ્થાને બીજા વિશુદ્ધ શાસ્ત્રીય વ્યવહારનું સ્થાપન કરવાને શક્તિમાન હોતા નથી તેઓ બીજમાત્રનો પણ ઉચ્છેદ કરીને મોટા દોષના ભાગી બને છે.)

યોગવિંશિકા શ્લો. ૧૬ ઉપા. યશોવિજયકૃત ટીકા

## ઉપદેશ ૩૯ - પૂર્ણતા માટે ચિંતાજ્ઞાન અને ભાવનાજ્ઞાન

कुत एतदित्यत आह–

**एवं सम्मन्नाणं दिट्ठेट्ठविरोहनाणविरहेण ।**
**अण्णयरगमा कासइ सुअमिहरा कासइ अनाणं ॥१७२॥**

**શ્લોકાર્થ :-** એ રીતે સમ્યગ્જ્ઞાનનો ઉદય થાય છે. અન્યથા ગમે તે એક ગમ-માર્ગને આશ્રયીને દૃષ્ટ-ઇષ્ટ વિરોધજ્ઞાનના અભાવથી કોઈકને માત્ર શ્રુતજ્ઞાન થાય છે તો કોઈકને અજ્ઞાન થાય છે. ॥૧૭૨॥

**एवं** प्रतिसूत्रमुक्तक्रमेण व्याख्याने, **सम्यग्ज्ञानं** व्युत्पन्नस्य निराकांक्षप्रतीतिरूपं स्यात् । इत्थमेव खल्वेतत् श्रुतचिन्ताभावनात्मकत्वेन परिपूर्णतामास्कन्दति । तल्लक्षणं चेदम्-[षोडशके-११] "वाक्यार्थमात्रविषये कोष्ठकगतबीजसन्निभं ज्ञानम् । श्रुतमयमिह विज्ञेयं मिथ्याभिनिवेशरहितमलम् ॥७॥ यत्तु महावाक्यार्थजमतिसूक्ष्मसुयुक्तिचिन्तयोपेतम् । उदक इव तैलबिन्दुर्विसर्पि चिन्तामयं तत् स्यात् ।८। ऐदम्पर्यगतं यद्विध्यादौ यत्नवत्तथैवोच्चैः । एतच्च भावनामयमशुद्धसद्रत्नदीप्तिसमम् ।९।" इति ।

**इतरथा**=एवं व्याख्यानाभावे, अन्यतरगमादेकतरमर्थमार्गमनन्तगमश्रुतमध्यपतितमाश्रित्य **कस्यचिद्**विपरीताभिनिवेशरहितस्य श्रोतुः **दृष्टेष्टविरोधज्ञानविरहेण** शास्त्रेतरमान-शास्त्रान्यतरविरुद्धत्व-ज्ञानाभावेन श्रुतं अप्रमाण्यज्ञानानास्कन्दितश्रुतज्ञानमात्रं भवति, न तु चिन्ताभावनाभ्यां परिपूर्णम् । **कस्यचित्तु** विपरीताभिनिवेशवतः श्रोतुः **अज्ञानं**, विरुद्धत्वेनाऽप्रामाण्यज्ञानास्कन्दितत्वात्तत्त्वतोऽ-ज्ञानमेव तत् स्यात् ॥१७२॥

**તાત્પર્યાર્થ :-** પદાર્થ આદિના ક્રમથી સૂત્રની વ્યાખ્યા કરવામાં આવે તો વ્યુત્પન્ન=પરિષ્કૃત મતિવાળા પુરુષને તેનાથી સમ્યક્પ્રકારે બોધ થાય છે કારણ કે તે રીતની વ્યાખ્યામાં અધૂરાપણું ન રહેવાથી કોઈ આકાંક્ષા શેષ રહી જતી નથી. જ્ઞાનની પરિપૂર્ણતા ત્યારે કહેવાય કે જ્યારે તે જ્ઞાન શ્રુતમાત્ર ન રહેતાં ચિન્તા અને ભાવનાના સ્તરે પરિણમેલું હોય અને આ ત્રિતયસ્વરૂપતાનું સંપાદન ત્યારે જ થાય કે જ્યારે પદાર્થાદિ ચાર પ્રકારે સૂત્રની વ્યાખ્યા કરવામાં આવે. શ્રુતજ્ઞાન-ચિંતાજ્ઞાન અને ભાવનાજ્ઞાન આ ત્રણનું સ્વરૂપ **ષોડશક શાસ્ત્ર**માં (૧૧/૭-૮-૯) આ પ્રમાણે જણાવ્યું છે–

"કોઠામાં પડેલા બીજ જેવું માત્ર વાક્યાર્થ વિષયકજ્ઞાન શ્રુતમયજ્ઞાન જાણવું. અત્યંત મિથ્યાભિનિવેશને આ જ્ઞાનમાં સ્થાન નથી. મહાવાક્યાર્થથી ઉદ્ભવતું અતિસૂક્ષ્મ સદ્યુક્તિઓની વિચારણાથી ગર્ભિતજ્ઞાન-ચિંતામયજ્ઞાન છે. જેમ પાણીમાં તેલનું બિંદુ પ્રસરી જાય તેમ આ ચિંતામયજ્ઞાન અલ્પમાત્રાએ હોવા છતાં અનેક વિષયોમાં પ્રસરતું હોય છે.

તાત્પર્યસ્પર્શી તેમજ વિધિ આદિમાં અત્યંત પ્રયત્નવાળું જે જ્ઞાન છે તે ભાવનામય જ્ઞાન છે. આ જ્ઞાન 'મલિન પણ શુકનવંતા' રત્નની પ્રભા સમાન છે."

જો પદાર્થાદિ ક્રમથી વ્યાખ્યા કરવામાં ન આવે તો આગમસૂત્રો સંબંધી અર્થબોધના પ્રકારો અનંત હોવાથી તેમાંથી કોઈ એક અર્થબોધપ્રકારને આશ્રયીને જ જ્ઞાન સંપન્ન થાય છે. વળી તે જ્ઞાન પણ ચિંતામય અને ભાવનામયરૂપે નહિ થતા કોઈક શ્રોતાને માત્ર શ્રુતજ્ઞાનરૂપે થાય છે તો વળી કોઈક શ્રોતાને તે અજ્ઞાનરૂપે પણ પરિણમે છે. તે એ રીતે કે જે શ્રોતાને વિપરીત અભિનિવેશ નથી તેને દૃષ્ટ એટલે કે શાસ્ત્રથી ભિન્ન પ્રત્યક્ષાદિ પ્રમાણોથી ઉપલબ્ધ અને શાસ્ત્રપ્રમાણથી ઇષ્ટ એટલે કે અભિમત પદાર્થના સંબંધમાં વિરોધીજ્ઞાન સત્તામાં ન હોવાથી શ્રુતજ્ઞાન માત્ર સંપન્ન થાય છે. જો કે આવું જ્ઞાન અપ્રમાણ્યજ્ઞાનથી આક્રાન્ત હોતું નથી. પરંતુ પરિપૂર્ણરૂપે ચિંતા અને ભાવનામય જ્ઞાન થવું જોઈએ તે નથી થતું. જે શ્રોતા વિપરીત અભિનિવેશથી અર્થાત્ કદાગ્રહથી જકડાયેલો હોય છે તેને દૃષ્ટેષ્ટ વિરોધી જ્ઞાનનો અભાવ ન હોવાથી અર્થાત્ તેનું જ્ઞાન દૃષ્ટેષ્ટ પદાર્થ વિરોધી હોવાથી અપ્રામાણ્ય જ્ઞાનથી અભિભૂત હોય છે. એટલે પરમાર્થથી તો તે અજ્ઞાનરૂપ જ છે. ॥૧૭૨॥

ननु वाक्यार्थादिभेदेन श्रुतज्ञानस्य कथं पूर्णता, वाक्यार्थादिज्ञानस्य मतिरूपत्वादित्याशङ्क्य समाधत्ते-

**શંકા :-** સૂત્રની વ્યાખ્યા એ તો શ્રુતજ્ઞાન સ્વરૂપ છે. જ્યારે વાક્યાર્થ સ્વરૂપ જે જ્ઞાન છે એ તો ઇહાદિરૂપ હોવાથી મતિજ્ઞાનના ભેદરૂપ છે. એટલે વાક્યાર્થ વગેરે પ્રકારથી સૂત્રવ્યાખ્યા કરવાથી શ્રુતજ્ઞાનની પૂર્ણતા કઈ રીતે સંભવે ? આ પ્રશ્ન ઉઠાવીને શ્લોક ૧૭૩માં તેનું સમાધાન પણ કર્યું છે–

**वक्कत्थाइ मइ च्चिय ईहाइत्तेण तेण कह सद्दं ।**
**भण्णइ सद्दत्थमइं सुअनाणब्भंतरं बिंति ॥१७३॥**

**શ્લોકાર્થ :-** વાક્યાર્થાદિ ભેદ ઇહાદિસ્વરૂપ હોવાથી મતિજ્ઞાનસ્વરૂપ જ છે તો પછી તે શાબ્દબોધરૂપ કેમ ? ઉત્તર :- શબ્દાર્થ મતિજ્ઞાનનો શ્રુતજ્ઞાનમાં અન્તર્ભાવ કહ્યો છે. ॥૧૭૩॥

### (વાક્યાર્થાદિબોધ શ્રુતજ્ઞાન સ્વરૂપ કઈ રીતે ?)

**वाक्यार्थादिमतिरेवेहादित्वेन**-इहादिरूपत्वाद्विशेषधर्मस्य सामान्यधर्मव्याप्यत्वात्, **तेन कथं शाब्दं** वाक्यार्थादिज्ञानम् ? **भण्यते**=ऽत्रोत्तरं दीयते, **शब्दार्थमतिं**=शब्दप्रयोज्यां मतिं **श्रुतज्ञानाभ्यन्तरां ब्रुवते** सिद्धान्तवृद्धाः । अत एव समानाक्षरलाभानां चतुर्दशपूर्वविदामपि षट्स्थानपतितत्वं मतिभेदेन श्रूयते । तथा चोक्तं बृहत्कल्पभाष्ये-[विशेषावश्यकभाष्ये-१४३]

[८०]"अक्खरलंभेण समा ऊणहिया हुंति मइविसेसेहिं ।
ते वि य मइविसेसा सुअनाणब्भंतरे जाण ॥"

न चैवमुपयोगसांकर्यं, यावत्कालं श्रुतव्यापारस्तावत्तदुपयोगस्यैव संभवात् तत्सामग्र्या बलवत्त्वात्, अत एव श्रुतनिश्रितमतिज्ञानकालेऽपि श्रुतात्य(न्व)य एव व्युत्पादितो **विशेषावश्यका**दाविति ध्येयम् ॥१७३॥

**તાત્પર્યાર્થ** :- હંમેશાં કોઈપણ વિશેષધર્મ સામાન્ય ધર્મનો વ્યાપ્ય જ હોય છે. દા.ત. પૃથ્વીત્વ પૃથ્વીનો વિશેષધર્મ છે અને દ્રવ્યત્વ સામાન્યધર્મ છે, તો પૃથ્વીત્વ દ્રવ્યત્વનો વ્યાપ્ય ધર્મ છે. એ જ રીતે અવગ્રહાદિ ચારભેદ મતિજ્ઞાનના હોવાથી ઈહાત્વ વગેરે વિશેષધર્મો મતિજ્ઞાનત્વના વ્યાપ્યધર્મ થયા. ઉપદર્શિત વાક્યાર્થાદિ ભેદો પણ ઇહાદિ સ્વરૂપ હોવાથી તે પણ મતિજ્ઞાનસ્વરૂપ જ હોવા જોઈએ. તો પછી તે વાક્યાર્થાદિજ્ઞાનને શાબ્દબોધસ્વરૂપ કેમ કહ્યા ? શાબ્દબોધ તો શ્રુતજ્ઞાનરૂપ છે ! આ પ્રશ્નનો ઉત્તર એ છે કે-સિદ્ધાન્તનું જ્ઞાન જેઓનું પરિપક્વ છે તેવા વૃદ્ધપુરુષોનું કહેવું છે કે જે મતિજ્ઞાન શબ્દપ્રયોજ્ય છે-શબ્દ દ્વારા ઉદ્ભવે છે-તેનો પણ સમાવેશ શ્રુતજ્ઞાનમાં જ છે. તેઓ આમાં યુક્તિ બતાવતાં કહે છે કે માત્ર પદાર્થજ્ઞાન એ જ જો શ્રુતજ્ઞાન સ્વરૂપ હોય તો ચૌદપૂર્વના વેત્તાઓને અક્ષરલાભ એકસરખો હોવાથી તેઓનું શ્રુતજ્ઞાન પણ એકસરખું હોવું જોઈએ. જ્યારે આગમમાં તો તેઓનો અન્યોન્ય તફાવત દર્શાવવા માટે તેમને મતિજ્ઞાનના ભેદે જ ષટ્સ્થાન પતિત કહ્યા છે. તાત્પર્ય એ છે કે કોઈ એક ચૌદપૂર્વવેત્તાનું જે શ્રુતજ્ઞાન છે તેનાં કરતા બીજા ચૌદપૂર્વવેત્તાનું શ્રુતજ્ઞાન અનંતભાગ અધિક, અસંખ્યભાગ અધિક, સંખ્યાતભાગ અધિક, સંખ્યાતગુણ અધિક, અસંખ્યગુણ અધિક અને અનંતગુણ અધિક પણ હોઈ શકે છે. જો શબ્દજન્ય મતિજ્ઞાનને શ્રુતજ્ઞાન અન્તર્ભૂત માનવામાં ન આવે તો આ ભેદો ઘટી શકે નહિ. કારણ કે શબ્દથી સૂત્રરૂપે ચૌદપૂર્વનું જ્ઞાન તો બધાને સરખું જ છે. **બૃહદ્કલ્પભાષ્યમાં** પણ કહ્યું છે કે (ગાથા-)

'અક્ષરલાભથી સમાનતા હોવા છતાં પણ મતિભેદથી ન્યૂનાધિકતા હોય છે અને તે મતિભેદો પણ શ્રુતજ્ઞાનઅન્તર્ભૂત જાણવા.'

**શંકા** :- જો મતિજ્ઞાનના ભેદોનો અન્તર્ભાવ શ્રુતજ્ઞાનમાં કરવામાં આવે તો શ્રુતજ્ઞાન અને મતિજ્ઞાન વચ્ચે કોઈ નિશ્ચિત ભેદરેખા ન રહેવા સ્વરૂપ સંકર દોષ પ્રસક્ત થશે.

**ઉત્તર** :- એ નહિ થાય. કારણ કે જેટલા કાળ સુધી શ્રુતનો વ્યાપાર પ્રવર્તમાન હોય ત્યાં સુધી તે ઉપયોગ શ્રુતજ્ઞાન સ્વરૂપ જ હોઈ શકે છે. નહિ કે મતિજ્ઞાન સ્વરૂપ. મતિજ્ઞાનની સામગ્રી કરતાં પણ શ્રુતજ્ઞાનની શબ્દ અનુસંધાનાદિ સામગ્રી બળવાન છે અને તે વાક્યાર્થાદિ

---

८० अक्षरलाभेन समा ऊनाधिका भवन्ति मतिविशेषैः । तेऽपि च मतिविशेषाः श्रुतज्ञानाभ्यन्तरे जानीहि ॥

જ્ઞાન પૂર્વે વિદ્યમાન હોવાથી ઇહાદિ સ્વરૂપ મતિજ્ઞાનાત્મક કાર્યને ઉત્પન્ન થવાનો અવકાશ ન રહેવાથી, જેને ઇહાદિસ્વરૂપ હોવાને કારણે મતિજ્ઞાન સ્વરૂપ ઓળખાવવા પ્રયત્ન થઈ રહ્યો છે તેનું વાસ્તવિક સ્વરૂપ શ્રુતજ્ઞાનાત્મક જ સંભવે છે. આજ કારણે **શ્રીવિશેષાવશ્યકભાષ્ય** વગેરે શાસ્ત્રોમાં શ્રુતને અવલંબીને ઉદ્ભવતા મતિજ્ઞાનના કાળમાં પણ શ્રુતજ્ઞાનનો અન્વય અર્થાત્ શ્રુતજ્ઞાનની ઉપસ્થિતિ હોવાનું પ્રતિપાદન કર્યું છે. ॥૧૭૩॥

इदमेव प्रतीत्योपपादयति–

એ જ બાબતનું વધુ સ્પષ્ટીકરણ એક પ્રતીતિના દૃષ્ટાન્તથી શ્લોક ૧૭૪માં વ્યક્ત કરે છે.

**एत्तो च्चिय उववज्जइ सद्दा जाणामि एअमट्ठंति ।**
**णियसरिसं सुअनाणं काउं इय होइ उवएसो ॥१७४॥**

**શ્લોકાર્થ :-** "એ જ કારણે શબ્દથી આ અર્થ જાણું છું" એવી પ્રતીતિની ઉપપત્તિ થાય છે. આ રીતે પોતાના જેવું જ (વક્તાના જેવું જ પરિપૂર્ણ) શ્રુતજ્ઞાન કરવાનો ઉપદેશ છે. ॥૧૭૪॥

### (વાક્યાર્થાદિ પ્રતીતિ શ્રુતજ્ઞાનાત્મક હોવાનું સમર્થન)

**इत एवोपपद्यते** 'शब्दादेनमर्थं जानामी'ति । नहीयं धीः शब्दोत्तरकालविचारस्य मानसादित्वे घटते, उपनीतज्ञानादौ लौकिकविषयताद्यभावात् 'साक्षात्करोमी'त्यादिप्रतीतिपरिहारेऽपि तत्र 'शाब्दयामी'ति प्रतीतेः समाधातुमशक्यत्वात् । न चात्र शब्दप्रयोज्यत्वमुपाधिभूतमेव विषयः, बाधकं विना स्वभावभूतस्यैव शाब्दत्वस्य तत्र विषयत्वात्, **इत्यमुना** प्रकारेण **निजसदृशं** पदार्थादिभेदेन पूर्णं **श्रुतज्ञानं कर्त्तुमुपदेश** उक्तक्रमानुविद्धसूत्रदेशनात्मा **भवति** । यथास्वज्ञानमेव योग्ये श्रोतरि हितार्थिनामुपदेशप्रवृत्तेरिति द्रष्टव्यम् ॥१७४॥

**તાત્પર્યાર્થ :-** શબ્દ શ્રવણ કર્યા બાદ "શબ્દથી આ અર્થને જાણું છું" આવી પ્રતીતિ ઉત્પન્ન થાય છે. વાક્યાર્થાદિ પ્રતીતિ ઇહાદિસ્વરૂપ હોવાના કારણે જો મતિજ્ઞાનના જ ભેદરૂપ હોય અને તેનો અન્તર્ભાવ શ્રુતજ્ઞાનમાં ન જ હોય તો ઉપરોક્ત પ્રતીતિ નહિ ઘટી શકે. કારણ કે શબ્દસંકેતના અનુસંધાનથી આ પ્રતીતિ ઉદ્ભવી હોવાના કારણે તેને મતિજ્ઞાન સ્વરૂપ માની શકાય તેમ નથી, કારણ કે મતિજ્ઞાન તો ઇન્દ્રિયજન્ય છે ત્યારે આ પ્રતીતિમાં ઇન્દ્રિયનો વ્યાપાર ન હોવાથી ઇન્દ્રિયજન્ય મતિજ્ઞાન સ્વરૂપ તો તે હોઈ જ શકે નહિ. જો એમ કહેવામાં આવે કે-"શબ્દસંકેતના અનુસંધાનના ઉત્તરકાળે વિચારરૂપે આ પ્રતીતિ ઉદ્ભવતી હોવાથી મનોજન્ય મતિજ્ઞાન સ્વરૂપ અર્થાત્ માનસપ્રત્યક્ષરૂપે માનવામાં વાંધો નથી."-તો તે પણ શક્ય નથી. કારણ કે પ્રસ્તુત પ્રતીતિમાં શબ્દ પણ વિષય છે અને માનસપ્રત્યક્ષનો વિષય શબ્દ હોતો નથી. જો એમ કહેવામાં આવે કે-'મનનો લૌકિક સંનિકર્ષ

શબ્દ સાથે ન હોવા છતાં જ્ઞાનાત્મક-અલૌકિક સંનિકર્ષથી ઉદ્ભવતા માનસપ્રત્યક્ષનો વિષય શબ્દ બનવામાં કોઈ દોષ નથી. ઉપનીતજ્ઞાન એટલે ઉપનયમર્યાદાજન્યજ્ઞાન, ઉપનયમર્યાદા એટલે અલૌકિક સન્નિકર્ષ. શબ્દનું અલૌકિક સંનિકર્ષજન્ય માનસપ્રત્યક્ષ થવામાં કોઈ બાધ ન હોવાથી ઉપરોક્ત પ્રતીતિનો શાબ્દબોધમાં અન્તર્ભાવ કરવાની જરૂર રહેતી નથી."-તો એ પણ બરાબર નથી, કારણ કે ઉપનીતજ્ઞાનના વિષયભૂત શબ્દમાં અલૌકિક વિષયતાનો અનુભવ થવો જોઈએ જ્યારે પ્રસ્તુત પ્રતીતિના વિષયભૂત શબ્દમાં લૌકિક વિષયતાનો અનુભવ થાય છે. એટલે "શબ્દથી આ અર્થનો સાક્ષાત્કાર કરું છું" આવી પ્રતીતિ થવાને અવકાશ ન હોવા છતાં "શાબ્દબોધાત્મક અનુભવ કરી રહ્યો છું" એવી આ પ્રસ્તુત પ્રતીતિનું સમાધાન તેનો શ્રુતજ્ઞાનમાં અન્તર્ભાવ કર્યા વિના કોઈપણ રીતે શક્ય નથી. કદાચ એમ કહેવામાં આવે કે-"પ્રસ્તુત પ્રતીતિમાં વાસ્તવિક નહિ કિન્તુ ઔપાધિક શબ્દપ્રયોજ્યતાનો અનુભવ થઈ રહ્યો છે એટલે તેનો અન્તર્ભાવ શાબ્દબોધમાં કરવો વ્યર્થ છે." - તો એ પણ બરાબર નથી. કારણ કે સ્ફટિકની લાલાશની જેમ અહીં શબ્દપ્રયોજ્યતાને ઔપાધિક ત્યારે કહી શકાય કે જ્યારે સ્ફટિકમાં પૂર્વકાલીન સફેદાઈના અનુભવરૂપ બાધકની જેમ અહીં પણ કોઈ બાધક ઉપસ્થિત હોય. તે ન હોવાથી પ્રસ્તુત પ્રતીતિમાં વાસ્તવિક જ શબ્દપ્રયોજ્યતા વિષયભૂત છે, એમ માનવું જ રહ્યું.

મૂળશ્લોકના ઉત્તરાર્ધમાં કહ્યું છે કે પોતાના જેવું પદાર્થઆદિ ભેદથી પરિપૂર્ણ શ્રુતજ્ઞાનનું આધાન કરવાનો શાસ્ત્રનો ઉપદેશ છે એટલે પદાર્થાદિ ક્રમથી અનુવિદ્ધપણે સૂત્રની દેશના કરવી જોઈએ. હિતૈષી મહાપુરુષો પોતાને ઉપલબ્ધ જેટલું પણ જ્ઞાન છે તે બધું જ યોગ્ય શ્રોતામાં સંક્રાન્ત થાય એ રીતે ઉપદેશમાં પ્રવર્તતા હોય છે. ॥૧૭૪॥

नन्वेवं पूर्णस्वज्ञानानुसारिण उपदेशात् श्रुतज्ञानमेव पूर्णं श्रोतुः स्यात्, न तु चिन्ताभावनात्मकं, स्वविचारार्जितविशिष्टतरसंस्कारजन्यत्वाच्चिन्ताभावनयोरित्याशङ्क्य समाधत्ते–

**શંકા** :- પોતાના પૂર્ણજ્ઞાનઅનુસારી ઉપદેશથી તો શ્રોતાને પણ શ્રુતજ્ઞાનની જ પરિપૂર્ણતાનું સંપાદન કરાવવામાં સફળતા મળશે. કિન્તુ ચિંતાજ્ઞાન અને ભાવનાજ્ઞાનનું સંપાદન શ્રોતાને નહિ કરાવી શકાય. કારણ કે તે તે જ્ઞાન તો પરોપદેશજન્ય નથી કિન્તુ પોતાના જ ચિંતનથી ઉદ્ભવતા અતિવિશિષ્ટ પ્રકારના સંસ્કારોના ઉદ્બોધથી ચિંતા અને ભાવના જ્ઞાનનો ઉદય થાય છે. શ્લોક ૧૭૫માં આ પ્રકારની શંકાનું ઉત્થાન કરીને તેનું સમાધાન કર્યું છે–

**एवंपि सुअं अहिअं कह चिंताभावणप्पगं होउ ।**
**भण्णई तारिसणियमईवित्थारे जुज्जई तहत्तं ॥१७५॥**

**શ્લોકાર્થ :-** (પ્રશ્ન) એ રીતે પણ અધિકતા શ્રુતની જ થઈ. ચિંતા અને ભાવનાત્મક જ્ઞાન કઈ રીતે થશે ? **ઉત્તર :-** સ્વમતિના તથાપ્રકારના વિસ્તારથી પણ તે શક્ય છે.॥૧૭૫॥

**(બુદ્ધિવિકાસથી ચિન્તા-ભાવના જ્ઞાનપ્રાપ્તિ)**

**एवमपि**=पूर्णोपदेशेऽपि **श्रुतमधिकं** यथाश्रुतार्थश्रोत्रपेक्षया स्यात्, **चिन्ताभावनात्मकं तत्कथं भवतु ? भण्यते, तादृशनिजमतिविस्तारे**=श्रुतानुसृतस्वमतिप्रपञ्चे **युज्यते तथात्वं**= चिन्ताभावनात्मकत्वं, श्रुतपर्यायक्रमेण यथोत्तरं क्षयोपशमवृद्धेस्तन्नियामकत्वात् ॥१७५॥

**તાત્પર્યાર્થ :- શંકા :-** સ્વજ્ઞાનાનુસારે પરિપૂર્ણ ઉપદેશ કરવાથી યતાશ્રુત વાક્યાનુસારી અર્થનું ગ્રહણ કરનાર શ્રોતાની અપેક્ષાએ અધિક શ્રુતજ્ઞાન સંપ્રાપ્ત થવાની શક્યતા છે. કિંતુ ચિન્તા અને ભાવનાત્મક જ્ઞાનની પ્રાપ્તિ કઈ રીતે થશે ?

**ઉત્તર :-** પરિપૂર્ણ ઉપદેશથી શ્રોતાને જે અધિક શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ થશે તે જ તે શ્રોતાની બુદ્ધિનો વિસ્તાર કરવામાં કારણભૂત બનશે અને એ રીતે શ્રોતાનુસારે બુદ્ધિનો વિકાસ થવાથી ચિંતાજ્ઞાન અને ભાવનાજ્ઞાન સંપન્ન થવાની શક્યતા પૂરેપૂરી છે. શ્રુતજ્ઞાનના પર્યાયો જેમ જેમ વધતા જાય તેમ તેમ ક્રમશઃ ઉત્તરોત્તર જે ક્ષયોપશમની વૃદ્ધિ થતી જાય છે, તે જ ચિંતા અને ભાવાત્મક જ્ઞાનની નિયામક છે. અર્થાત્ નિયમતઃ તેની પ્રાપ્તિ કરાવનાર છે. ॥૧૭૫॥

ननु ज्ञानस्य क्षणिकत्वात् कथं बहुवेलः पदार्थाद्युपयोग इति **नैयायिकाद्या**शङ्कां निराकुर्वन्नाह—

અહીં કોઈ ન્યાયમતાનુસારી વિદ્વાનને શંકા થાય કે જ્ઞાન તો પોતે ક્ષણભંગુર છે તો પછી જેમાં ઘણો સમય લાગી જાય એવું પદાર્થાદિનું જ્ઞાન એક ઉપયોગરૂપે કઈ રીતે સંભવે ? શ્લોક ૧૭૬માં આ શંકાનું નિરાકરણ કરવામાં આવ્યું છે.—

**दीहो उवओगद्धा तहा खओवसमओ अ एगत्तं ।**
**तेण न संकरदोसो एवं नाणंतरे होइ ॥१७६॥**

**શ્લોકાર્થ :-** ઉપયોગનો કાળ દીર્ઘ અને તદનુકૂળ ક્ષયોપશમથી તે એક જ ઉપયોગરૂપ છે એટલે એનાથી જ્ઞાનાન્તરમાં સંકરદોષ નહિ થાય. ॥૧૭૬॥

**(છદ્મસ્થ જ્ઞાનોપયોગનો કાળ દીર્ઘ છે.)**

**दीर्घो**=यथोचितबहुसमयावच्छिन्नः, **उपयोगाद्धा**=श्रुतोपयोगकाल**स्तथा** श्रुतोपदेशात्तथानुभवाऽबाधाच्च । ननु पदार्थवाक्यार्थादिविचारणानामेकोपयोगत्वे धूमप्रत्यक्षवह्न्यनुमित्यादीनामप्येकोपयोगत्वापत्तिरित्यत आह-**तथाक्षयोपशमतश्च**=एकोपयोगहेतुक्षयोपशमाच्च **एकत्वं**, प्रत्यक्षानुमित्या-दिस्थले उपयोगभेदनियामकः क्षयोपशमभेदोऽस्ति अत्र तु तदभावादुपयोगैक्यम-

प्रत्यूहमिति भावः । अत एवाह-**एवं**=पदार्थादिधियामेकोपयोगत्वे **तेन**=उपयोगैक्ये तथाक्षयोपशमस्य नियामकत्वेन, **ज्ञानान्तरे**=प्रत्यक्षानुमित्यादिरूपे **न संकरदोषो**=न सांकर्यप्रसङ्ग इति ॥१७६॥

**તાત્પર્યાર્થ :-** શ્રુતજ્ઞાનનો ઉપયોગકાળ દીર્ઘ છે. યથોચિત ઘણાં સમયો (અંતર્મુહૂર્ત) સુધી તે લંબાઈ શકે છે. આમાં કોઈ અનુભવનો બાધ તો નથી ઉપરાંત શાસ્ત્રનું વચન પણ એમાં પ્રમાણ છે.

**શંકા :-** પદાર્થ-વાક્યાર્થાદિ પરામર્શ સ્વરૂપ જ્ઞાન જો એક જ ઉપયોગરૂપ સંભવિત હોય, ક્ષણભેદે તે ભિન્નભિન્ન ન હોય તો ધૂમનું પ્રત્યક્ષ જ્ઞાન થયા પછી વ્યાપ્તિસ્મરણાદિથી તરત જ વહ્નિ અનુમિતિ સુધીના તમામ જ્ઞાન અવ્યવહિત એક પરંપરા અન્તર્ગત હોવાથી તેમાં પણ ક્ષણભેદે જ્ઞાનભેદ માનવાને બદલે એક જ ઉપયોગરૂપ માની શકાશે અને એ રીતે માનવામાં સંકરદોષ ઊભો થાય તો તે પણ સ્વીકારી લેવો પડશે.

**સમાધાન :-** ઉપયોગની એકતા અને અનેકતામાં ક્ષયોપશમભેદ અને અભેદ પ્રયોજક છે. આશય એ છે કે પદાર્થાદિ બોધસ્થળે ક્ષયોપશમ એકવિધ હોવાથી દીર્ઘકાલીન પદાર્થાદિના જ્ઞાનને પણ એક ઉપયોગરૂપ માનવામાં બાધ નથી જ્યારે ધૂમપ્રત્યક્ષ-વહ્નિઅનુમિતિ સ્થળમાં પ્રત્યક્ષ અને અનુમિતિનો પ્રયોજક ક્ષયોપશમ ભિન્નભિન્ન પ્રકારનો હોવાથી ત્યાં એક ઉપયોગ માની શકાય તેમ નથી. માટે જ કહ્યું કે-પદાર્થાદિ બોધની એકોપયોગતામાં તથાવિધ ક્ષયોપશમભેદ નિયામક છે. પ્રત્યક્ષ-અનુમિતિ ઇત્યાદિ જ્ઞાનાંતરમાં તે ન હોવાથી સંકરદોષને અવકાશ નથી. ॥૧૭૬॥

## (પદાર્થાદિનો ક્રમ કલ્પિત હોવાની આશંકા)

ननु वाक्यार्थज्ञानं मुख्यार्थानुपपत्तिज्ञानपर्यवसितं लक्षणानुग्राहकतयैवोपयुज्यते, तथा च यत्र पूर्वापरविरोधपरामर्शात्मकं वाक्यार्थज्ञानमुज्जृम्भते तत्र लक्षणाजन्यवाक्यार्थज्ञानात्मक एक एव पर्यवसितः शाब्दबोधः संभवतीति पदार्थादिचतुष्टयक्रमः कल्पनामात्रमित्याशङ्क्य समाधत्ते-

**શંકા :-** પ્રસ્તુતમાં જેને વાક્યાર્થજ્ઞાન કહ્યું છે તે તો માત્ર લક્ષ્યાર્થજ્ઞાનમાં જ ઉપયોગી છે. કારણ કે જ્યારે વાક્યનો મુખ્યાર્થ અનુપપન્ન છે તેવું જ્ઞાન થાય ત્યારે લક્ષણા નામના સંબંધથી લક્ષ્યાર્થનો બોધ ઉત્પન્ન થાય છે. જ્યાં સુધી મુખ્યાર્થની અનુપપત્તિનું જ્ઞાન ન થાય ત્યાં સુધી લક્ષણાજન્ય લક્ષ્યાર્થજ્ઞાન થતું નથી. દા.ત. "નદીમાં ઝૂંપડી છે."-આ એક વાક્ય છે જેમાં નદીપદનો મુખ્યાર્થ અઘટિત છે. આ અવસ્થામાં મુખ્યાર્થબાધજ્ઞાનના સહકારથી લક્ષણા સંબંધજન્ય "નદીના કિનારા ઉપર ઝૂંપડી છે." -આવો લક્ષ્યાર્થનો બોધ ઉત્પન્ન થાય છે. પ્રસ્તુતમાં જે વાક્યાર્થજ્ઞાન છે તે પણ મુખ્યાર્થની અનુપપત્તિના અનુસંધાનરૂપ હોવાથી તેનો પણ ઉપયોગ માત્ર લક્ષ્યાર્થબોધમાં જ સિદ્ધ થાય છે. સારાંશ એ છે કે જ્યાં પૂર્વાપર

અનુસંધાન સ્વરૂપ વાંક્યાર્થજ્ઞાન હોય ત્યાં લક્ષણાજન્ય વાક્યાર્થબોધ સ્વરૂપ એક જ શાબ્દબોધનો ઉદય ન્યાયયુક્ત છે. બાકી જે પદાર્થાદિ ચતુષ્ટયના ક્રમનું કથન છે તે કેવળ કલ્પનાનો વિલાસ છે. શ્લોક ૧૭૭માં પૂર્વાર્ધથી આ શંકાનું ઉત્થાન કરીને-ઉત્તરાર્ધમાં તેનું સમાધાન કર્યું છે.

**नणु फलिओ वक्कत्थो एगो च्चिय कह चउविहो भणिओ ।**
**भण्णइ तहेव दीसइ सामण्णविसेसभावेणं ॥१७७॥**

**શ્લોકાર્થ :- શંકા :-** ફલિત વાક્યાર્થ તો એક જ પ્રકારનો છે તો ચાર પ્રકારનો શા માટે કહ્યો ? **ઉત્તર :-** સામાન્ય-વિશેષભાવથી એ ચાર પ્રકારે જ ઉદ્ભવતો દેખાય છે માટે. ॥૧૭૭॥

## (એકાનેકરૂપે શાબ્દબોધ અનુભવસિદ્ધ)

ननु फलितो वाक्यार्थ एक एव, तथा च कथं चतुर्विधो भणितः ? अर्थ इति प्रक्रमाल्लभ्यते। **भण्यते, तथैव**=पदार्थदिक्रमेणैव सामान्यविशेषभावेन दृश्यते । यथाहि घटादिद्रव्यं घटादिसामान्यात्मनाऽनुवृत्तं श्यामत्वरक्तत्वादिविशेषात्मना च क्रमानुबद्धतया व्यावर्त्तमानं दृष्टमिति तथैवांगीक्रियते, तथा प्रकृतश्रुतोपयोगोऽपि प्रतिनियतस्वसामान्यात्मना यथोचितकालमनुवृत्तः पदार्थादिविशेषात्मना च क्रमानुबद्धतया व्यावर्त्तमानो दृष्ट इति तथैवाभ्युपगन्तुं युज्यते । न हि दृष्टविरोधेन कल्पना संभवति, लक्षणा च पदार्थस्य पदार्थान्तरपर्यवसानार्थतयोपयुज्यते, न चात्र विधेयनिषेध्यविशेषग्रहः सूपपदः भावभेदेन तस्याऽनियतत्वस्य प्रागुपपादितत्वात्, तस्मादाज्ञाशुद्धभावेन वाक्यान्तरार्थसमर्थनार्थं महावाक्यार्थापेक्षाऽऽवश्यकी, न चायमेव पर्यवसितो भवितुमर्हति, अंगांगिभावेन सामान्यविशेषोभयविषयतयैवोपयोगस्य पर्यवसानात्, अन्यत्राप्यवग्रहेहादिभावेन तथा पर्यवसानदर्शनादिति दिक् ॥१७७॥

**તાત્પર્યાર્થ :-** શંકાકારનું તાત્પર્ય એ છે કે વાક્યશ્રવણ થયા બાદ જે શાબ્દબોધ થાય છે તે ઘણું કરીને મુખ્યાર્થબોધ સ્વરૂપ હોય છે. કિન્તુ જ્યાં મુખ્યાર્થમાં બાધનું અનુસંધાન હોય ત્યાં તે લક્ષ્યાર્થબોધ સ્વરૂપ હોય છે. આ રીતે શબ્દથી ફલિત થતો વાક્યાર્થ એક જ પ્રકારનો હોવાથી તેને ચાર પ્રકારનો કેમ કહ્યો ? ગ્રંથકાર શ્રીમદ્ પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજ આ શંકાનું સમાધાન કરતાં કહે છે કે-સામાન્ય વિશેષભાવે પદાર્થાદિ ક્રમથી જ ઉત્પન્ન થતો દેખાતો હોવાથી શાબ્દબોધ ચાર પ્રકારનો કહ્યો છે. જેમ ઘટાદિદ્રવ્યને જોયા પછી ઘટત્વાદિ સામાન્યધર્મ પુરસ્કારેણ અન્ય ઘટોથી અભિન્ન રૂપે અને શ્યામવર્ણ કે રક્તવર્ણ પુરસ્કારેણ અન્ય અશ્યામ કે અરક્ત ઘટોથી ક્રમસર ભિન્નપણે ઘટાદિદ્રવ્ય અનુભવાય છે. અને તેથી તેને સામાન્ય-વિશેષભાવે તે રૂપે જ સ્વીકારવામાં આવે છે. તે જ રીતે પ્રસ્તુતમાં પણ એક

જ શ્રુતોપયોગ સ્વગત પ્રતિનિયત જ્ઞાનત્વાદિ ધર્મ પુરસ્કારેણ અમુક કાળ સુધી અભિન્નપણે એકરૂપે અને પદાર્થાદિ વિશેષધર્મ પુરસ્કારેણ ક્રમશઃ ભિન્નપણે અનેકરૂપે અનુભવાતો હોવાથી તેને પણ તે રીતે સ્વીકારવો યુક્તિયુક્ત છે. પ્રત્યક્ષ સાથે વિરોધ ઊભો થાય એ રીતે કોઈપણ કલ્પના કરવી વ્યાજબી નથી. લક્ષણા તો માત્ર મુખ્યાર્થરૂપ એક પદાર્થની અનુપપત્તિ હોય ત્યારે લક્ષ્યાર્થરૂપ અન્ય પદાર્થના ભાનમાં જ ઉપયોગી છે. એનાથી વિશિષ્ટ પ્રકારના વિધેય કે નિષેધ્યનું જ્ઞાન પ્રાપ્ત થતું નથી. કારણ કે વિધેય અને નિષેધ્યનો નિયતાકાર કોઈ ભેદ નથી. ભાવભેદે વિધેય ક્યારેક નિષેધ્ય બની જાય છે તો નિષેધ્ય ક્યારેક વિધેય બની જાય છે. આ નિરૂપણ પૂર્વે શ્લોક ૧૪૩માં વિસ્તારથી થઈ ચુક્યું છે એટલે આજ્ઞાવિશુદ્ધભાવથી વાક્યાન્તરના અર્થનું સમર્થન કરવા માટે - એટલે કે પ્રસ્તુત વાક્યનો અર્થ અને તેની સાથે કંઈક અંશે વિરોધી અન્ય વાક્યનો અર્થ-એ બન્ને સંગત કરવા માટે અપેક્ષાભેદ ઉપદર્શક મહાવાક્યાર્થની અપેક્ષા અવશ્યંભાવી છે. એકમાત્ર મહાવાક્યાર્થને જ ફલિતવાક્યાર્થરૂપે સ્વીકારીને બીજાનો પરિત્યાગ કરવામાં પણ ઔચિત્ય નથી. કારણ કે ઉપયોગમાત્ર સામાન્ય વિશેષ ઉભયથી વણાયેલો હોવાથી અવયવ-અવયવીભાવે વ્યવસ્થિત છે. એટલે બેમાંથી એકનો પરિત્યાગ અને બીજાનો સ્વીકાર અશક્ય છે. મતિજ્ઞાનમાં પણ પ્રત્યેક ઉપયોગ અવગ્રહ-ઈહાદિભેદથી સામાન્ય-વિશેષ ઉભયાત્મક સ્વીકારાયેલો છે. આ તો એક દિશાસૂચન માત્ર છે. જે અન્યત્ર પણ માર્ગદર્શન કરાવે છે. ॥૧૭૭॥

## हेतुवाद-आगमवाद

अत्र च यद्यपि अतीन्द्रियार्थे पूर्वमागमस्य प्रमाणान्तरानधिगतवस्तुप्रतिपादकत्वेनाऽहेतुवादत्वं, तथाप्यग्रे तदुपजीव्यप्रमाणप्रवृत्तौ हेतुवादत्वेऽपि न व्यवस्थानुपपत्तिः, आद्यदशापेक्षयैव व्यवस्था-भिधानात् ॥

(જો કે આગમેતર પ્રમાણથી અગોચર એવી વસ્તુનું પ્રતિપાદન સૌ પ્રથમ આગમ દ્વારા જ શક્ય હોવાથી અતીન્દ્રિય વસ્તુ હેતુવાદનું ક્ષેત્ર નથી, છતાં પણ ત્યાર બાદ આગમને અનુસરતા ઈતર પ્રમાણની પ્રવૃત્તિ શક્ય હોવાથી અતીન્દ્રિય પદાર્થ હેતુવાદના ક્ષેત્રમાં આવી જાય છે, તો પણ હેતુવાદ અને આગમવાદની શાસ્ત્રીય વ્યવસ્થાનો ભંગ થતો નથી કારણ કે પ્રાથમિક જ્ઞાનદશાને અવલંબીને જ તે વ્યવસ્થાનું પ્રતિપાદન છે.)

(શાસ્ત્રવાર્ત્તા સમુચ્ચય-ઉપા. યશોવિજયકૃત ટીકામાં સ્ત. ૨-શ્લો.૨૩)

## ઉપદેશ ૪૦ - તત્ત્વજ્ઞસૂચિત પ્રવૃત્તિ જ આદરણીય

तदेवं पदार्थादिभेदेन चतुर्द्धा सूत्रव्याख्या व्यवस्थिता एतज्जन्यं तत्त्वज्ञानमेव च गुर्वायत्तः शुद्धाज्ञायोगलाभः परम इष्टप्राप्तिहेतुरित्याह—

આ રીતે સૂત્રની વ્યાખ્યા પદાર્થ વગેરે ભેદથી ચાર પ્રકારની સિદ્ધ થઈ. આ પ્રકારની સૂત્ર વ્યાખ્યાથી જ તત્ત્વજ્ઞાનનો ઉદય થાય છે. શ્લોક ૧૫૪માં કહ્યા મુજબ ગુરુસેવા આધીન શુદ્ધાજ્ઞાયોગ લાભ પણ આ તત્ત્વજ્ઞાનરૂપ જ છે. અને તેય ઇષ્ટપ્રાપ્તિમાં પરમોચ્ચ હેતુ છે. આ બાબતનું નિરૂપણ શ્લોક ૧૭૮માં કર્યું છે—

**एवं सम्मन्नाणं आणाजोगो उ होइ परिसुद्धो ।**
**जं नाणी निच्छयओ इच्छियमत्थं पसाहेई ॥१७८॥**

**શ્લોકાર્થ :-** એ રીતે જ્ઞાન પરિપૂર્ણ બને છે અને એ જ પરિશુદ્ધ આજ્ઞાયોગ છે કારણ કે નિશ્ચયતઃ જ્ઞાની પુરુષ જ વાંછિતાર્થને પ્રાપ્ત કરે છે. ॥૧૭૮॥

**एवमुक्तक्रमेण सम्यक्**= परिपूर्णं ज्ञानं भवति, एतदे[? वमे]वाज्ञायोगस्तु परिशुद्धो भवति, **यद्**=यस्मात् ज्ञानी [निश्चयतः=निश्चयेन] ईप्सितसमर्थं प्रसाधयति, प्रतिबन्धशतोपनिपातेऽपि तत्तद्द्रव्यक्षेत्राद्यनुकूलप्रवृत्त्या कार्यान्तराऽविरोधेन साध्यसिद्धेरप्रत्यूहात् भावानुवृत्त्या बहूनां मार्ग-प्रदानबीजाधानकरणादिना तदनुबन्धप्रवृत्तेश्च ॥१७८॥

**तात्पर्यार्थ :-** પદાર્થાદિક્રમથી દરેક સૂત્રનો પરિપૂર્ણ અર્થબોધ પ્રાપ્ત થાય છે અને આ રીતે જ પરિશુદ્ધ આજ્ઞાયોગ નિષ્પન્ન થાય. કારણ કે જ્ઞાની પુરુષો જ વાંછિત અર્થને નિશ્ચિતપણે મેળવી શકે છે. ગમે એટલા સેંકડો અંતરાય ઊભા થાય તો પણ અન્ય પ્રયોજનોને હાનિ ન પહોંચે તે રીતે તે તે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં યોગ્ય અનુકૂળ પ્રવૃત્તિ તેઓ કરી શકે છે અને તેનાથી જ નિર્વિઘ્ને સાધ્ય સિદ્ધ થાય છે. એટલું જ નહિ, શુભભાવની અનુવૃત્તિથી અનેકોને માર્ગનો બોધ કરાવે છે અને મોક્ષબીજનું વાવેતર કરે છે. આ રીતે શુભ પરંપરાનું પણ પ્રવર્તન થાય છે. ॥૧૭૮॥

यत एवं ज्ञानी स्वपरयोरिष्टसाधकोऽतः स एव प्रमाणीकर्त्तव्यः परलोकार्थिनेत्याह—

પરલોકમાં પોતાનું ભલું કરવાની ભાવનાવાળાએ ધર્મના વિષયમાં જ્ઞાનીપુરુષને જ પ્રમાણ કરવા જોઈએ, જેને તેને નહિ. કારણ કે ઉપરોક્ત રીતે જ્ઞાની પુરુષો સ્વ અને પર, જાતનું અને બીજાનું, બધાનું ભલું કરનારા છે. તે શ્લોક ૧૭૯માં દર્શાવે છે.

**(આદરણીયતાનું બીજ વિવેક)**

**एसो चेव पमाणीकायव्वो णेवमप्पगहियत्ता ।**
**धम्मस्सत्थि लहुत्तं जं थोवो रयणवावारो ॥१७९॥**

**શ્લોકાર્થ :-** જ્ઞાનીને જ પ્રમાણ કરવો. તે રીતે કાંઈ અલ્પગૃહીતપણાથી ધર્મની લઘુતા નથી કારણ કે રત્નનો વ્યાપાર અલ્પ જ હોય છે. ॥૧૭૯॥

**एष एव** ज्ञान्येव प्रमाणीकर्त्तव्यो, निःशङ्कमेतद्वचनानुसारेणैव प्रवृत्तिर्विधेयेति भावः । अत्रार्थे दोषमाशङ्क्य निराकुरुते-**एवं**=ज्ञानिन एव प्रमाणीकर्त्तव्यत्वे, ज्ञानिनामल्पत्वाद्धर्मस्याल्पगृहीत्वा-ल्लघुत्वमनादेयत्वं न शङ्कनीयम् **यद्**=यस्माल्लोकेऽपि रत्नव्यापारः स्तोक एव दृश्यते, न चायमनादेयः, तस्माद् व्यापारस्यादेयतायां विवेकपूर्वत्वमेव प्रयोजकं, न तु बहुपरिगृहीतत्वमिति भावः । न चेदेवं, बहुजनपरिगृहीतो लोकधर्मो न त्याज्यः स्यात्, तदुक्तम्-[उपदेशपदे ९०९-१०-११]

[८१]"बहुजणपवित्तिमेत्तं इच्छंतेहिं इहलोइओ चेव ।
धम्मो न उज्झियव्वो जेण तहिं बहुजणपवित्ति ॥

[८२]ता आणाणुगयं जं तं चेव बुहेण सेवियव्वं तु ।
किमिह बहुणा जणेणं हंदि ण सेयत्थिणो बहुआ ॥

[८३]रयणत्थिणोतिथोवा तद्दायारो वि जह उ लोअंमि ।
इह सुद्धधम्मरयणत्थिदायगा दढयरं णेआ" ॥१७९॥

**તાત્પર્યાર્થ :-** પરલોક હિતાર્થીએ નિઃશંકપણે જ્ઞાનીના વચનાનુસાર જ પ્રવૃત્તિ કરવી જોઈએ. કદાચ એવી શંકા થાય કે-"જો જ્ઞાનીને જ પ્રમાણ કરાય તો વિશ્વમાં જ્ઞાનીઓની સંખ્યા અતિ અલ્પ છે એટલે ધર્મ અલ્પ પુરુષોથી ગ્રાહ્ય હોવાથી તેની આદેયતાનો ભંગ થશે.-" પણ આવી શંકા કરવા લાયક નથી, કારણ કે લોકમાં રત્નનો વ્યાપાર કરનારાં ઘણાં અલ્પ હોય છે. એટલામાત્રથી કાંઈ રત્નનો વ્યાપાર અનાદેય બની જતો નથી. કહેવાનો આશય એ છે કે કોઈપણ વસ્તુની આદેયતા કે અનાદેયતામાં બહુજન પરિગ્રહ કે અલ્પજન પરિગ્રહ પ્રયોજક નથી. કિન્તુ વિવેકપૂર્વકત્વ એ જ આદેયતાનું બીજ છે. જ્ઞાનીનું કથન વિવેકપૂર્વકનું હોય છે અને અજ્ઞાનીઓનું કથન વિવેકશુન્ય હોય છે તેથી ઘણા અજ્ઞાનીઓની વાત ન સ્વીકારતાં એક જ્ઞાનીની વાત સ્વીકારપાત્ર બને છે. (એટલે એ પણ સમજી રાખવું જોઈએ કે જ્યાં જ્ઞાનીઓનાં કથનમાં કલિકાળના પ્રભાવે ભેદ આવે ત્યાં એકાદ બે જ્ઞાનીનું કથન સ્વીકારપાત્ર બનતું નથી પણ 'સંવિગ્ગબહુજણાઈણ્ણં' એ ન્યાયથી અનેક બહુ સંવિગ્ન જ્ઞાની પુરૂષોનું કથન કે આચરણા જ પ્રમાણભૂત બની રહે છે.) જે પ્રવૃત્તિ વિવેકપૂર્વક કરવામાં આવતી હોય તે આદરણીય છે જ્યારે અવિવેકપૂર્વક કરવામાં આવતી પ્રવૃત્તિઓ અનાદેય છે. જેને આ નિરૂપણ પસંદ ન હોય તેઓએ તો લૌકિક ધર્મ જ આદરવો રહ્યો કારણ કે મોટા ભાગના લોકો લૌકિક ધર્મને જ પકડી બેઠા હોય છે-**ઉપદેશપદ** શાસ્ત્રમાં કહ્યું છે કે—

---

८१ बहुजनप्रवृत्तिमात्रमिच्छद्भिर्लौकिकश्चैव । धर्मो नोज्झितव्यो येन तत्र बहुजनप्रवृत्तिः ॥
८२ तस्मादाज्ञानुगतं यत्तच्चैव बुधेन सेवितव्यं तु । किमिह बहुना जनेन न श्रेयोऽर्थिनो बहवः ॥
८३ रत्नार्थिन अतिस्तोकाः तद्दातारोऽपि यथा तु लोके । इह शुद्धधर्मरत्नार्थिदायका दृढतरं ज्ञेयाः ॥

જે લોકોને બહુજનપ્રવૃત્તિમાત્ર જ પસંદ હોય તેઓએ ઇહલૌકિક ધર્મ ત્યજવો નહીં કારણ કે તેમાં ઘણા લોકો પ્રવર્તતા હોય છે.

પંડિત પુરુષે તો જે આજ્ઞાનુસારી હોય તે જ આચરવું જોઈએ. ઘણા લોકોનું શું કામ છે ? બધાં કલ્યાણાર્થી હોતાં નથી.

લોકમાં જેમ રત્નના અર્થી અને રત્નના દાતારો બહુ થોડા હોય છે તેમ શુદ્ધ ધર્મરત્નના અર્થી અને દાતારો પણ ઘણાં અલ્પ હોય છે, તે સુનિશ્ચિતપણે જાણવું. ॥૧૭૯॥

अल्पैरपि ज्ञानिभिः परिगृहीतो धर्मो बहुकार्यकारित्वात्तत्त्वतो बहुपरिगृहीत एवेत्यप्याह—

શ્લોક ૧૮૦માં જણાવે છે કે થોડા પણ-ઓછી સંખ્યામાં હોવા છતાં પણ જ્ઞાનીઓએ આદરેલો ધર્મ ઘણાં પ્રયોજનો સિદ્ધ કરનાર હોવાથી પરમાર્થે બહુપરિગૃહીત જ જાણવો.

**बहवे जीवंति तओ तेण इमो चेव बहुपरिग्गहिओ ।**
**ता नाणिपरिग्गहिए धम्मे नियमेण जइअव्वं ॥१८०॥**

**શ્લોકાર્થ :-** ધર્મથી ઘણાંઓ જીવે છે તેથી ધર્મ જ બહુપરિગૃહીત છે. જ્ઞાનીપરિગૃહીત હોવાથી ધર્મમાં જ અવશ્ય પ્રયત્ન કરવો. ॥૧૮૦॥

बहवो जीवन्ति **ततो**=रत्नव्यापारादिव धर्मव्यापारात्, **तेनायमेव**=ज्ञानिपरिगृहीतो धर्म एव बहुपरिगृहीतो भवति, **तत्**=तस्मात् ज्ञानपरिगृहीते धर्मे **नियमेन**=निश्चयेन यतितव्यम् ॥१८०॥

**તાત્પર્યાર્થ :-** જેમ રત્નવ્યાપારથી ઘણાં લોકો જીવે છે તેમ ધર્મવ્યાપારથી પણ ઘણાં લોકો જીવે છે. તેથી જ્ઞાનીઓ દ્વારા જે ધર્મ પરિગૃહીત છે તે જ ખરેખર બહુજન પરિગૃહીત છે, તેથી જ્ઞાનીપરિગૃહીત ધર્મમાં જ નિસ્સંદેહપણે પ્રયત્ન કરવો જોઈએ. ॥૧૮૦॥

(અજ્ઞાનીઓની બહુમતિ અપ્રમાણ છે પણ સંવિગ્નગીતાર્થ જ્ઞાનીઓની બહુમતિને ધર્મરત્નપ્રકરણ વગેરે શાસ્ત્રોમાં પ્રમાણભૂત કહી છે તે ભૂલવા જેવું નથી.)

ननु दुष्करो ज्ञानिपरिगृहीतो धर्मः, कथं तत्र श्रोतुः प्रवृत्तिः स्यादित्याशङ्क्य समाधत्ते—

**શંકા :-** જ્ઞાનીપરિગૃહીત ધર્મનું આચરણ કઠણ છે. એ કઠણ ધર્મને સાંભળીને શ્રોતાની તેમાં પ્રવૃત્તિ કઈ રીતે થાય ? આ જાતની શંકા ઉઠાવીને તેનું શ્લોક ૧૮૧માં સમાધાન કર્યું છે—

**ण य दुक्करंमि धम्मे उवदेसाओ वि कह भवे जत्तो ।**
**णो दुक्करो जमेसोहिगारिणो जम्मभीअस्स ॥१८१॥**

**શ્લોકાર્થ :-** 'ઉપદેશથી પણ દુષ્કરધર્મમાં પ્રવૃત્તિ શી રીતે થાય ?' એવી શંકા ન કરવી કારણ કે જન્મથી ડરનાર અધિકારીને એ દુષ્કર નથી. ॥૧૮૧॥

## (ભવનો ભય હોય તો કઠોર આચારપાલન શક્ય)

**न च** दुष्करे धर्मे **उपदेशादपि**=उपदेशं श्रुत्वापि कथं भवेद् यत्न इति **शङ्कनीयम्, यद्**=यस्माद**धिकारिणो**=मोक्षाभिलाषिणः **जन्मभीतस्य**=संसारभयवतः नैष धर्मः दुष्करः, फले उत्कटेच्छासत्त्वे तदुपायज्ञानवतस्तदुपायप्रवृत्तावाऽऽलस्याऽयोगात्, तस्योत्कटेच्छाऽभावप्रयोज्यत्वाद्, भवति च भववैराग्यात् मोक्षेच्छाया उत्कटत्वमतस्तद्वतो न मोक्षोपायानुष्ठानस्य दुष्करत्वमिति । तदिदमुक्तम्—

"भवस्वरूपविज्ञानात्तद्विरागाच्च तत्त्वतः ।
अपवर्गानुरागाच्च स्यादेतन्नान्यथा क्वचित् ॥" [ ] इति ॥१८१॥

**તાત્પર્યાર્થ :-** શંકાકારનું તાત્પર્ય એ છે કે શ્રોતા ગમે તેટલો ઉપદેશ સાંભળે તો પણ અશક્ય પ્રાયઃ અત્યંત કઠિન જ્ઞાનીપરિગૃહીત ધર્મમાં શ્રોતાની પ્રવૃત્તિ થવી પ્રાયઃ શક્ય નથી. આ શંકાનો ઉત્તર એ છે કે જન્મ-જરા અને મરણથી ભયાવહ સંસારનો જેને અતિશય ભય છે એવા મોક્ષાભિલાષી અધિકારી જીવને માટે ધર્માચરણ દુષ્કર નથી. ફળમાં ઉત્કટ ઇચ્છા હોય અને ફળપ્રાપ્તિના ઉપાયોનું સમ્યક્‌જ્ઞાન હોય એ મનુષ્ય તેના ઉપાયોમાં પ્રવૃત્તિ કરવામાં કોઈની રાહ જોતો નથી, આળસ કરતો નથી. આ સામાન્ય નિયમ છે. વિલંબ તો ત્યારે થાય કે જ્યારે ફળની ઉત્કટ ઇચ્છા ન હોય. પરંતુ જન્મ-જરા-મરણના ભયથી સંસાર પ્રત્યે ઉત્કટ વૈરાગ્યભાવનો પ્રાદુર્ભાવ થતાં મોક્ષની ઇચ્છા પણ તીવ્ર થાય છે અને તેથી જ અત્યંત દુષ્કર મોક્ષના ઉપાયભૂત અનુષ્ઠાનો સેવવામાં પણ તે પાછો પડતો નથી. કહ્યું છે કે—

સંસારના (વાસ્તવિક) સ્વરૂપની ઓળખાણથી, તાત્ત્વિક ભવવૈરાગ્યથી અને મોક્ષના અનુરાગથી એ (દુષ્કર ધર્માનુષ્ઠાન) શક્ય છે, અન્યથા નહિ. ॥૧૮૧॥

इत्थमधिकारिणो धर्मस्य न दुष्करत्वमिदमुक्तं, अनधिकारिणस्तु दुष्कर एवायमित्याह—

અધિકારી માટે ધર્મ દુષ્કર નથી એ કહ્યું પણ અનધિકારી માટે તો એ દુષ્કર જ છે. શ્લોક ૧૨૮માં તે કહે છે—

**अपरिणए धम्मंमी नाभव्वो संसयाइणा कुणइ ।**
**बद्धनिकाइअकम्मा तहा न एयं कुणइ जीवो ॥१८२॥**

**શ્લોકાર્થ :-** જેમ ધર્મપરિણતિ ન હોવાથી સંશયાદિ કારણે અભવ્ય જીવ ધર્મ કરતો નથી, તેમ નિકાચિત કર્મના બંધક જીવો પણ તે ધર્મને આચરતા નથી. ॥૧૮૨॥

## (ધર્મ પ્રવૃત્તિમાં નિકાચિત મોહનો પ્રતિબંધ)

**अपरिणते**=सम्यग्ज्ञानाभावेन मोक्षोपायतयाऽनिष्टे धर्मे, अभव्यो यथा संशयादिना न करोत्येनं धर्मं, आदिना विपर्ययानध्यवसायग्रहः, तथा बद्धमनन्तरं **निकाचितं च**=सकलकरणायोग्यत्वेन व्यवस्थापितं कर्म चारित्रमोहाख्यं येनैतादृशः जीवः **सत्यकि**विद्याधरादिवत् परिणतजिनप्रवचनोऽपि

नैतं धर्मं करोति, **धर्मानुष्ठानहेतुभूताया उत्कटफलेच्छया मिथ्यात्वमोहेनेव चारित्रमोहेनापि विघटनाऽविशेषात्** ॥१८२॥

**તાત્પર્યાર્થ :-** ધર્મ એ મોક્ષનો ઉપાય છે એવું સમ્યગ્જ્ઞાન ન હોવાથી જેને ધર્મ અનિષ્ટ છે એવા અભવ્ય વગેરે જીવો જેમ ધર્મના વિષયમાં સંશય-વિપર્યય-અનધ્યવસાયથી ગ્રસ્ત થઈને ધર્મ કરતા નથી તેમ જેઓએ ચારિત્ર મોહનીય કર્મનો બંધ કર્યા પછી કોઈપણ કરણથી (ઉપાયથી) જેમાં પરિવર્તન ન થઈ શકે તેવું દઢ નિકાચિત કર્મ કરનારા જીવો, દા.ત. **સત્યકી**વિદ્યાધર વગેરે, જૈનસિદ્ધાન્તથી પરિણત એટલે કે સુમાહિતગાર હોવા છતાં તેઓ ધર્મને આચરી શકતા નથી, મોક્ષફળની ઉત્કટ ઇચ્છા ધર્માનુષ્ઠાનમાં હેતુભૂત છે કિન્તુ જેમ મિથ્યાત્વ મોહનીય કર્મના ઉદયથી ઉત્કટ મોક્ષફલેચ્છા દબાઈ જાય છે એ જ રીતે ચારિત્રમોહનીય કર્મના ઉદયથી પણ તે દબાઈ જાય છે. એમાં કાંઈ ફેર નથી. ॥૧૮૨॥

यद्येवं बद्धनिकाचितकर्माणं प्रति धर्मानुष्ठानमजनयत उपदेशस्य नैःफल्यम्, तदा जिनोपदेशस्य सर्वसाधारण्यानुपपत्तिरित्याशङ्कायामाह—

**શંકા :-** જેઓએ નિકાચિત કર્મબંધ કર્યો છે તેઓને ગમે તેટલો ધર્મ-ઉપદેશ કરવામાં આવે તો પણ તેઓ ધર્મ આચરવા તૈયાર થતાં નથી. આ રીતે જો ઉપદેશ નિષ્ફળ થઈ જતો હોય તો પછી ભગવાનનો ઉપદેશ જ સર્વસાધારણ કહ્યો છે તે નહિ ઘટી શકે. આ શંકાના ઉત્તરમાં શ્લોક ૧૮૩માં જણાવ્યું છે કે—

**एवं जिणोवएसो विचित्तरूवोऽपमायसारो वि ।**
**उचितावेक्खाइ च्चिय जुज्जइ लोगाण सव्वेसिं ॥१८३॥**

**શ્લોકાર્થ :-** એ રીતે અપ્રમાદ પ્રધાન જિનોપદેશ પણ બધાં લોકોની ઉચિત અપેક્ષા (કક્ષા) મુજબ વિવિધ પ્રકારનો જે હોય તે યોગ્ય છે. ॥૧૮૩॥

**एवं**=बद्धनिकाचितकर्मणा धर्माननुष्ठाने **अप्रमादसारोऽपि**=पुरस्कृताप्रमादोऽपि जिनोपदेशः सर्वेषां लोकानाम्, **उचितापेक्षयैव**=योग्यतानतिक्रमेणैव, **विचित्ररूपो**=नानातात्पर्यको युज्यते । ये यावद्धर्मयोग्यास्तेषां तावन्मात्रप्रवर्त्तनेनैव चरितार्थत्वात्, तत्राऽपुनर्बन्धकादयः केचित् सामान्यदेशनाया योग्याः, केचित् सम्यग्दृष्टिगुणयोग्यप्रज्ञापनायाः, केचिद्देशविरतिगुणस्थानकार्हप्ररूपणायाः, केचिच्च निर्धूतचारित्रमोहमालिन्या अप्रमत्ततारूपप्रव्रज्यादेशनाया इति ॥१८३॥

**તાત્પર્યાર્થ :-** નિકાચિત કર્મબંધવાળા જીવો ધર્મ કરી શકતા નથી. એટલે જ જૈનધર્મનો મુખ્ય ઉપદેશ અપ્રમત્તભાવની કેળવણીનો હોવા છતાં પણ તમામ લોકોની ભિન્ન ભિન્ન અપેક્ષા-ભૂમિકાને અનુસરીને જુદા જુદા પ્રકારના તાત્પર્યવાળો જ હોવો જોઈએ. આ કથનનો ભાવ એ છે કે ધર્મની ચડતી-ઊતરતી અનેક પ્રકારની કક્ષા છે. જે જીવો જે કક્ષાવાલા ધર્મને

આચરવા માટેની ભૂમિકાવાળા હોય તે જીવોને તે કક્ષાના ધર્મમાં પ્રવર્તાવવાથી જ ઉપદેશ સફળ થાય છે. તેમાં કેટલાક અપુનર્બંધક જીવો સામાન્ય દેશનાને યોગ્ય હોય છે. કેટલાક સમ્યગ્ દર્શન ગુણના ઉપદેશને યોગ્ય હોય છે. કેટલાક દેશવિરતિ ગુણસ્થાનકની ભૂમિકાને અનુસરતા ઉપદેશને યોગ્ય હોય છે, કેટલાક એવા હોય છે કે જેઓની ચારિત્રમોહનીયકર્મની મલિનતા દૂર થવાથી અપ્રમત્તભાવ સ્વરૂપ દીક્ષાની દેશનાને યોગ્ય હોય છે. ।।૧૮૩।।

अप्रमत्तताया एव सर्वसाधारणस्यापि जिनोपदेशस्य पुरस्करणे तु उपपत्तिमाह–

સર્વસાધારણ એવા પણ જિનોપદેશનો મુખ્ય સૂર અપ્રમત્તભાવની કેળવણી અંગેનો જ હોય છે એનું કારણ શ્લો. ૧૮૪માં દર્શાવે છે–

**जह निव्विग्घं सिग्घं गमणं मग्गण्णुणो णगरलाभे ।**

**हेऊ तह सिवलाभे निच्चं अपमायपरिवुड्ढी ।।१८४।।**

**શ્લોકાર્થ :-** જેમ માર્ગજ્ઞનું શીઘ્રતાએ નિર્વિઘ્ને ગમન નગરલાભનો હેતુ છે તે જ રીતે હંમેશાં અપ્રમાદનું પરિવર્ધન મોક્ષ-લાભનો હેતુ છે. ।।૧૮૪।।

यथा **निर्विघ्नं**=व्याक्षेपत्यागेन **शीघ्र**मविलम्बेन मार्गज्ञस्य गमनं पथः प्रध्वरवक्रादिप्रदेशवेत्तुः नगरलाभे हेतुः, तथा **नित्यं**=सर्वदाऽप्रमादपरिवृद्धिः प्रव्रज्याप्रतिपत्तिकालादारभ्योत्तरोत्तरगुणस्थानारोहक्रमेण प्रवर्द्धमानपरिणामरूपा शिवलाभे हेतुः, अत एव यावन्तं कालं न मूलोत्तरगुणस्खलना तावानेव कालो निश्चयतः प्रव्रज्यापर्यायः परिगण्यते, तदुक्त**मुपदेशमाला**याम्-[४७९]

[८४]"न तहिं दिवसा पक्खा मासा वरिसा व से गणिज्जंति ।

जे मूलउत्तरगुणा अक्खलिआ ते गणिज्जंति ॥

इत्थं चाप्रमत्ततैव सर्वत्र भगवता प्रशस्तेत्युपपन्नम् ।।१८४।।

**તાત્પર્યાર્થ :-** જેને માર્ગનું પૂરેપૂરું જ્ઞાન છે-માર્ગમાં ક્યાં વળાંક આવે છે અને ક્યાં સીધેસીધું છે તેને જે બરાબર જાણતો હોય છે અને બીજા બધા વિક્ષેપોને દૂર ફગાવીને શક્ય ત્વરાથી નગર પ્રતિ પ્રયાણ કરે છે તે આખરે નગરમાં જઈ પહોંચે છે. એ જ રીતે દીક્ષા અંગીકાર કરી ત્યારથી માંડીને ઉત્તરોત્તર ગુણસ્થાનની શ્રેણીનું ક્રમશઃ આરોહણ થાય એ રીતે અપ્રમત્તભાવ=સંપૂર્ણ સાવધાની-જાગૃતિ વધારવાથી મુક્તિમંદિરમાં પહોંચી જવાય છે. એટલે જ તો જેટલા કાળ સુધી મૂળ કે ઉત્તર ગુણોની સ્ખલના ન થઈ હોય તેટલા કાળના દીક્ષાના પર્યાયને શાસ્ત્રકારોએ નિશ્ચયથી ગણતરીમાં લીધો છે. **શ્રી ઉપદેશમાલા** શાસ્ત્રમાં (૪૭૯) કહ્યું છે કે–

---

૮૪ न तत्र दिवसाः, पक्षाणि, मासा, वर्षाणि वा तस्य गण्यन्ते । ये मूलोत्तरगुणा अस्खलितास्ते गण्यन्ते ॥

'સાધુના દિવસ-પક્ષ-માસ કે વર્ષ ગણતરીમાં લેવાતા નથી પરંતુ અસ્ખલિત મૂળ ગુણ અને ઉત્તરગુણ જ ગણતરીમાં લેવાય છે.'

આ જ કારણથી ભગવાને પણ સર્વદેશકાળમાં અપ્રમત્ત ભાવને જ પ્રશસ્ત કહ્યો છે. ॥૧૮૪॥

एतदेव निगमयन् प्रतिबन्धेऽप्येतदत्यागोपदेशमाह–

આ જ હકીકતનું નિગમન કરવાપૂર્વક કઠિનાઈઓમાં પણ અપ્રમત્તભાવનો ત્યાગ ન કરવાનો ઉપદેશ શ્લોક ૧૮૫માં ફરમાવે છે.

**एयं चिय इह तत्तं णवरं कालोवि एत्थ पडिवक्खो ।**
**तहवि य परमत्थविऊ खलंति णो णियपइन्नाओ ॥१८५॥**

**શ્લોકાર્થ :-** ધર્મનું આ જ રહસ્ય છે પણ કાળ એમાં પ્રતિપક્ષી છે, તો પણ પરમાર્થ-વેત્તાઓ સ્વપ્રતિજ્ઞાથી ચલિત થતા નથી. ॥૧૮૫॥

**एतदेव**=अप्रमादपुरस्करणमेव **इह**=धर्मे **तत्त्वं**=उपनिषद्भूतम्, **नवरं**=केवलम् कालोऽपि-दुःषमालक्षणः किं पुनश्चारित्रमोहक्षयोपशममन्दतेत्यप्यर्थः, अत्राऽप्रमादपुरस्करणे प्रतिबन्धकः सिद्धि-लक्षणफलं प्रत्येकादिभवव्यवधानकारित्वेन तथाविधाऽप्रमादविघटकत्वात्तस्य । न चैवमेतदालंबनेनैव संयमादरत्यागो विधेय इत्याह-तथापि **परमार्थविदो**=यथावदायव्ययस्वरूपज्ञाः निजप्रतिज्ञातेन न स्खलन्ति किन्तु कालबलमपि निजवीर्योल्लासेन निहत्य यथाशक्ति स्वप्रतिज्ञानुसारेण प्रवर्त्तन्त एव धर्मकर्मणीति भावः ॥१८५॥

**તાત્પર્યાર્થ :-** ધર્મને આચરવાના ઉપદેશમાં આ જ રહસ્ય છે કે અપ્રમત્તભાવ કેળવવો. જો કે એકબાજુ ચારિત્રમોહનીયકર્મના ક્ષયોપશમની મંદતા તો છે જ, વળી એ સાથે બીજી બાજુ દુઃષમકાળ પણ અપ્રમત્તભાવની જાળવણીમાં પ્રતિબંધક છે. કારણ કે ગમે તેટલી મહેનત થાય તો પણ આ કાળની અસરથી આ ભવમાં તો કોઈની મુક્તિ શક્ય નથી. ઓછામાં ઓછું એક ભવનું અંતર તો પડવાનું જ છે. એટલે આ જ ભવમાં મુક્તિ પ્રાપ્ત થાય એવો ઉચ્ચકક્ષાનો અપ્રમત્તભાવ તો આ કલિકાળની બૂરી અસરથી જાગૃત થવાનો નથી પણ એટલા માત્રથી આ વાત પકડી લઈને સંયમધર્મ પ્રત્યેના આદરનો ત્યાગ કરવાની જરૂર પણ નથી. કારણ કે કાળ પ્રતિપક્ષી હોવા છતાં પણ જેઓ યથાર્થપણે લાભ અને નુકસાનને જાણનારા છે તેઓ પોતાની મહાવ્રતાદિ પ્રતિજ્ઞાઓથી ચલિત થતા નથી. ઉલટું પોતાના પ્રબળ વીર્યોલ્લાસથી કાળબળને પણ અવગણીને પોતાની શક્તિ મુજબ, પોતે કરેલી પ્રતિજ્ઞા મુજબ ધર્મકૃત્યમાં પ્રવર્ત્યા વિના રહેતા નથી. ॥૧૮૫॥

# ઉપદેશ ૪૧ - અનુષ્ઠાન વૈચિત્ર્યમાં તથાભવ્યત્વનો પ્રભાવ

इत्थं च भावानुज्ञानुसृतं पुरस्कृताप्रमादमेव धर्मानुष्ठानमिति व्यवस्थितं, अत्रैव मतान्तरमुपन्यस्यन्नाह–

પૂર્વોક્ત વિવેચનથી એ સિદ્ધ થાય છે કે ભાવાજ્ઞાનુસારી અપ્રમાદપ્રધાન જે અનુષ્ઠાન છે તે જ ધર્માનુષ્ઠાન છે. આ વિષયમાં બીજાઓનો જે મત છે તેનો ઉપન્યાસ શ્લોક ૧૮૬માં કર્યો છે–

**अण्णे धम्मब्भासं सययविसयभावजोगओ बिंति ।**
**णिच्छयओ तमजुत्तं जुज्जइ ववहारओ णवरं ॥१८६॥**

**શ્લોકાર્થ :-** બીજાઓ સતત-વિષય-ભાવયોગથી ધર્માભ્યાસ હોવાનું કહે છે પણ તે નિશ્ચયનયથી યુક્ત નથી, વ્યવહાર નયથી યુક્ત છે. ॥૧૮૬॥

**(સતતાભ્યાસ-વિષયાભ્યાસ-ભાવાભ્યાસ અનુષ્ઠાન)**

**अन्ये** आचार्याः, धर्माभ्यासं सततविषयभावयोगतो ब्रुवते, सतताभ्यास-विषयाभ्यास-भावाभ्यासभेदात्त्रिविधं धर्मानुष्ठानमित्यर्थः । तत्र नित्यमेवोपादेयतया लोकोत्तरगुणावाप्तियोग्यतापादकमातापितृविनयादिवृत्तिः सतताभ्यासः, मोक्षमार्गस्वामिन्यर्हदादौ पूजादिकरणाभ्यासो विषयाभ्यासः, सम्यग्दर्शनादीनां भावानां भवोद्वेगपूर्वमभ्यासश्च भावाभ्यासः । फलसन्निधानमेदात् यथोत्तरं प्राधान्यं चात्र द्रष्टव्यम् । तदाह-[उपदेशपदे-९४९]

[८५]"अण्णे भणंति तिविहं सययविसयभावजोगओ णवरं ।
धम्मंमि अणुट्ठाणं जहुत्तरपहाणरूवं तु ॥

तदेतद् दूषयति-तदुक्तमतं **निश्चयतो**=निश्चयनयमाश्रित्य अयुक्तं, साक्षाद्दर्शनाद्यनाराधनारूपे मातापित्रादिविनयस्वभावे कर्मणि भववैराग्यादिभावाभावेन परमार्थोपयोगरूपधर्मानुष्ठानत्वस्य वक्तुमशक्यत्वात् । तदिदमाह-[उ० प० ९५०]

[८६]"एयं च ण जुत्तिखमं णिच्छयणयजोगओ जओ विसए ।
भावेण य परिहीणं धम्माणुट्ठाणमो किह णु ॥"

दूषितमप्येतन्मतं कथञ्चित् समर्थयन्नाह-**नवरं**=केवलं **व्यवहारतो**=व्यवहारनयमाश्रित्य युज्यते ॥१८६॥

**તાત્પર્યાર્થ :-** અન્ય આચાર્યોનું કહેવું એમ છે કે ધર્માભ્યાસ=ધર્માનુષ્ઠાન ત્રણ પ્રકારનું છે (૧) સતત અભ્યાસ (૨) વિષય અભ્યાસ અને (૩) ભાવ અભ્યાસ. **સતત અભ્યાસ**

---

८५ *अन्ये भणन्ति त्रिविधं सततविषयभावयोगतो नवरम् । धर्मेऽनुष्ठानं यथोत्तरप्रधानरूपन्तु ॥*

८६ एतच्च न युक्तिक्षमं निश्चयनययोगतो यतो विषये भावेन च परिहीनं धर्मानुष्ठानं कथं नु ॥

એટલે ઉપાદેયતાની બુદ્ધિથી લોકોત્તર ગુણપ્રાપ્તિની યોગ્યતા સંપાદક પ્રતિદિન માતા-પિતાના વિનય વગેરે કૃત્ય કરવા તે. **વિષય અભ્યાસ** એટલે મોક્ષમાર્ગના સ્વામી અરિહંત દેવ વગેરેની પૂજન ક્રિયા વગેરેનો અભ્યાસ. **ભાવ અભ્યાસ** એટલે સમ્યગ્ દર્શન વગેરે ભાવોનો ભવનિર્વેદપૂર્વકનો અભ્યાસ.

આ ત્રણ પ્રકારના અનુષ્ઠાનોમાં ઉત્તરોત્તર પ્રધાનતા છે. કારણ કે પહેલા કરતાં બીજું અનુષ્ઠાન ફળપ્રાપ્તિની વધુ નિકટ છે અને બીજા કરતાં ત્રીજું અનુષ્ઠાન ફળપ્રાપ્તિની વધુ નિકટ છે. **ઉપદેશપદ શાસ્ત્રમાં** કહ્યું છે કે-"બીજાઓના મત પ્રમાણે સતત-વિષય-ભાવ યોગથી ધર્મનું અનુષ્ઠાન ત્રણ પ્રકારનું છે પણ ઉત્તરોત્તરની પ્રધાનતા છે."

આ મતમાં દોષ દર્શાવતા કહ્યું છે કે નિશ્ચયનયની દૃષ્ટિએ આ મત યુક્ત નથી. કારણ કે, જે માતા-પિતા વગેરેના વિનયરૂપ કૃત્યમાં, નથી તો સમ્યગ્દર્શનાદિ આરાધનાનો ભાવ કે નથી સંસારાદિથી વૈરાગ્યનો ભાવ તેને પારમાર્થિક યોગસ્વરૂપ ધર્માનુષ્ઠાન કહેવું અશક્ય છે. કહ્યું છે કે-"નિશ્ચયનયના યોગથી આ યુક્તિયુક્ત નથી. કારણ કે જે વિષયમાં ભાવનો અભાવ છે તેને ધર્માનુષ્ઠાન કઈ રીતે કહેવાય ?"

આ રીતે આ મતમાં દોષ દર્શાવ્યા પછી તેનું કંઈક સમર્થન કરતાં કહે છે કે-"કેવળ વ્યવહાર નયને આશ્રયીને તે મતની યુક્તતા માની શકાય." ॥૧૮૬॥

अत्र हेतुमाह—

વ્યવહાર નયથી અન્ય મતની યુક્તતામાં હેતુનો ઉપન્યાસ શ્લોક ૧૮૭માં કરે છે.

**तिविहंपि भावभेआ चित्तफलं अपुणबंधगाईणं ।**
**जं एयं एत्थ पुण तहभव्वत्तं परो हेऊ ॥१८७॥**

**શ્લોકાર્થ :-** કારણ કે ભાવભેદથી અપુનર્બંધકાદિને એ ત્રણેય અનુષ્ઠાન વિચિત્ર ફળપ્રદાન કરે છે. આમાં પ્રકૃષ્ટ હેતુ તથાભવ્યત્વ છે. ॥૧૮૭॥

**(અપુનર્બંધકાદિને આશ્રયીને સાર્થકતા)**

**त्रिविधमपि**=सतताभ्यासाद्यनुष्ठानम्, **भावभेदात्**=मनःपरिणामनानात्वादपुनर्बन्धकादीनामादिना मार्गाभिमुख-मार्गपतितग्रहः, **यद्**=यस्मादेतच्चित्रफलं नानाविधाशयवृद्धिकरम् । न ह्येवमपुनर्बन्धकादिभावेन क्रियमाणस्य सतताभ्यासादेरप्युचितोचितप्रवृत्त्यनुबन्धेन भावाज्ञायोग्यतागर्भत्वात्तात्त्विक व्यवहारदृष्ट्याऽयुक्तत्वमीक्षामहे । तदिदमुक्तमुपदेशपदे-[९५१]

[८७]ववहारओ उ जुज्जइ तहा तहा अपुणबंधगाईणं ॥ तथा-[९९६]

---

८७ व्यवहारतस्तु युज्यते तथा तथाऽपुनर्बन्धकादीनाम् ।

८८"सम्माणुट्ठाणं चिय ता सव्वमिणंति तत्तओ णेयं ।

ण य अपुणबंधगाइं मोत्तुं एयं इहं होई" ॥

अन्यत्राप्युक्तम् - [ ]

"एवंभूतस्य या प्रवृत्तिः सा सर्वैव साध्वीति ॥"

तदेवं सिद्धमेतदपि धर्मानुष्ठाम् । अत्रासाधारणं नियामकमाह-अत्र पुनः पर उत्कृष्टः हेतुस्तथाभव्यत्वं, तत्परिपाकार्थमेवेतरकारणकलापोपयोगात् ॥१८७॥

**તાત્પર્યાર્થ :-** સતતાભ્યાસાદિ ત્રણેય પ્રકારના અનુષ્ઠાન અપુનર્બંધક-માર્ગાભિમુખ-માર્ગપતિત વગેરે જીવોનાં ભિન્ન ભિન્ન પરિણામ પ્રમાણે જુદા જુદા પ્રકારનું આશયવૃદ્ધિરૂપ વિચિત્ર ફળ પ્રદાન કરતા હોવાતી બીજાઓનો પણ તે મત વ્યવહારનયથી સંગત છે. અપુનર્બંધકાદિ અવસ્થામાં કરાતા સતત અભ્યાસ વગેરે અનુષ્ઠાનો ઉત્તરોત્તર ઉચિતોચિત પ્રવૃત્તિની પરંપરાએ ભાવાજ્ઞા સંપાદનની યોગ્યતાથી ગર્ભિત હોય છે એટલે તાત્ત્વિક વ્યવહાર દૃષ્ટિએ તે મતમાં પણ કોઈ અયુક્તતા દેખાતી નથી. માટે જ **ઉપદેશપદ**માં પણ કહ્યું છે કે-

'તથા તથા પ્રકારના વિષયભેદથી અપુનર્બંધકાદિમાં વ્યવહારથી તે સંગત છે તથા તે ત્રણેય પ્રકારનું અનુષ્ઠાન તત્ત્વતઃ સમ્યગ્ અનુષ્ઠાન જાણવું, કારણ કે અપુનર્બંધકાદિ અવસ્થા વિના જીવોમાં તે સંભવતું નથી.'

બીજા ગ્રન્થમાં ( ) પણ કહ્યું છે કે-

"અપુનર્બંધકાદિની જે પ્રવૃત્તિ હોય છે તે બધી જ સુંદર હોય છે."

આ રીતે સતતાભ્યાસાદિ પણ ધર્માનુષ્ઠાનરૂપ છે તે સિદ્ધ થાય છે. શ્લોકના ઉત્તરાર્ધમાં ધર્માનુષ્ઠાનનો અસાધારણ નિયામક દર્શાવે છે-આ ધર્માનુષ્ઠાનોમાં પરમ મહત્ત્વનો ભાગ જો કોઈ ભજવતું હોય તો તે જીવોનો તથાભવ્યત્વ સ્વભાવ છે. એ સ્વભાવના પરિપાક માટે જ બીજી કારણસામગ્રી ઉપયોગી હોય છે. ॥૧૮૭॥

तथाभव्यत्वस्वरूपपरिज्ञानार्थमेवोपदेशपदगतां [९९९] गाथामाह-

તથાભવ્યત્વના સ્વરૂપથી સુમાહિતગાર થવા માટે શ્લોક ૧૮૮માં ઉપદેશપદની ૯૯૯મી ગાથાનો ઉપન્યાસ કર્યો છે—

**तहभव्वत्तं चित्तं अकम्मजं आयतत्तमिह णेयं**
**फलभेया तह कालाइआणमक्खेवगसहावं ॥१८८॥**

**શ્લોકાર્થ :-** તથાભવ્યત્વ એ આત્માનો જ ભવ્યત્વ નામનો સ્વભાવ છે. તે વિચિત્ર હોય છે કારણ કે તેનું ફળ ભિન્ન ભિન્ન હોય છે. તે કર્મનિર્મિત હોતો નથી અને તે કાલાદિનું સાંનિધ્ય કરાવનાર છે. ॥૧૮૮॥

---

८८ सम्यगनुष्ठानं चैव तस्मात्सर्वमिदमिति तत्त्वतो ज्ञेयम् । न चापुनर्बन्धकादि मुक्त्वा एतदिह भवति ॥

तथाभव्यत्वं **चित्रं**=नानारूपं भव्यत्वमेवेति गम्यते, **अकर्मजम्**=अकर्मनिर्मितम्, आत्मतत्त्वं= साकारानाकारोपयोगवज्जीवस्वभावभूतम् **इह**=विचारे ज्ञेयम्, अत्र हेतुः-**फलभेदात्**=तीर्थंकरगणधरादिरूपतया भव्यत्वफलस्य वैचित्र्योपलंभात् । तथेति समुच्चये, **कालादीनां**=कालनियतिपूर्वकृतकर्मणां समग्रान्तररूपाणाम् **आक्षेपकस्वभावं**=संनिहितताकारकस्वभावम् । यदि च भव्यत्वमेकस्वभावं स्यात् तदा तीर्थकरसिद्धादिभेदः सिद्धान्तोक्तो विघटेत । नहि ऋजुसूत्रादयः पर्यायनयाः कारणभेदं विना कार्यभेदं मन्यन्तेऽन्यथैकस्मादेव कारणात् सकलत्रैलोक्यकार्योत्पत्तिप्रसङ्गेन कारणान्तरकल्पनावैयर्थ्यप्रसंगात् ।

## (તથાભવ્યત્વ શું પદાર્થ છે ?)

**તાત્પર્યાર્થ** :- સાકાર અને અનાકાર ઉપયોગનો આશ્રય જીવ છે. જીવનો જ જે ભવ્યત્વ નામનો સ્વભાવ છે તે દરેક જીવનો એક સરખો હોતો નથી. એટલે જુદા જુદા જીવના ભિન્ન ભિન્ન પ્રકારના સ્વભાવને જ તથાભવ્યત્વ કહેવામાં આવે છે. જીવનો સ્વભાવ કહેવાનું કારણ એ છે કે તથાભવ્યત્વ કર્મનિર્મિત હોતું નથી. કોઈક જીવ ભવિષ્યમાં તીર્થંકર બને છે તો કોઈક ગણધર થાય છે. આવો ફળભેદ થવાનું કારણ તે તે જીવોના ભવ્યત્વ સ્વભાવની ભિન્નતા છે અને તેથી જ જુદા જુદા જીવોનું ધર્માનુષ્ઠાન પણ જુદું જુદું હોય છે. જૈનદર્શનમાં પ્રત્યેક કાર્ય ૧તથાભવ્યત્વ, ૨કાળ, ૩નિયતિ, ૪પુરુષાર્થ (ઉદ્યમ) અને ૫ પૂર્વોપાર્જિતકર્મ આ પાંચ કારણના સમુદાયથી જન્ય માનવામાં આવે છે. તેમાંનું એક કારણ જીવનો તથાભવ્યત્વ સ્વભાવ છે. અને તે પ્રત્યેક કાર્યની ઉત્પત્તિમાં મુખ્ય ભાગ ભજવે છે. જુદાં જુદાં કાર્યો, જુદા જુદા કાળે, જુદી જુદી સામગ્રીથી ઉદ્ભવતાં હોય છે ત્યાં તે બધી નિમિત્ત સામગ્રીને એકત્રિત કરવાનું કામ તથાભવ્યત્વ કરે છે.

જો જુદા જુદા જીવનો ભવ્યત્વ સ્વભાવ જુદા જુદા પ્રકારનો ન હોય તો શ્રી સિદ્ધાંતમાં તીર્થંકરસિદ્ધ અને અજિનસિદ્ધ આવા ભેદ પાડ્યા છે તે પ્રમાણભૂત નહિ રહે. ઋજુસૂત્ર વગેરે પર્યાયનયો કારણોના ભેદ વિના કાર્યોમાં ભેદભાવ સ્વીકારતા નથી. વળી એકસરખા કારણથી પણ જો ભિન્ન ભિન્ન કાર્યોની ઉત્પત્તિ થઈ શકતી હોય તો કોઈ એક જ માટી વગેરે કારણથી સકલ ત્રૈલોક્યવર્તી સમસ્ત કાર્યોની ઉત્પત્તિ થઈ જતાં બાકીના પદાર્થોની કારણરૂપે કલ્પના પણ નિરર્થક થઈ જવાની આપત્તિ અપરિહાર્ય છે.

**अथ** 'सामग्र्याः कार्यतावच्छेदकावच्छिन्नोत्पत्तिव्याप्यत्वात्तीर्थकरसिद्धत्वाद्यवच्छिन्नस्यानापत्तिरेव, न हि तीर्थकरसिद्धत्वादिकं कार्यतावच्छेदकं, अर्थसमाजसिद्धत्वात्, अन्यथा नीलघटत्वादिकमपि तथा स्यात् तीर्थकराऽतीर्थकरसिद्धादिभेदाभिधानं च वैधर्म्यमात्राभिप्रायेणैवेति भव्यत्वभेदे मानाभाव' इति **चेत् ? न,** तीर्थकरसिद्धत्वाद्यवच्छिन्ने नियामकस्यावश्यंवाच्यत्वात् । 'सामान्यतः क्लृप्तकारणताकतत्तद्व्यक्तीनामेव तन्नियामकत्वमि'ति चेत् ? तादृशनियामकत्वमेव हेतुत्वमिति तावद्व्यक्तिविशेषकल्पनापेक्षया भव्यत्वविशेष एवान्तरङ्गत्वात् कल्पयितुं युक्त इति किं

न विभाव्यते ! 'विशेषरूपेण तत्तद्व्यक्तीनामन्यथासिद्धत्वाद् न हेतुत्वमि'ति चेत् ? तर्हि द्रव्यत्वेन जन्यभावत्वेनैक एव कार्यकारणभावः स्यादिति तन्तुत्वादिना कारणत्वबुद्धिव्यपदेशयोरप्रामाण्यापत्तिः ।

**(તથાભવ્યત્વની કાર્યતાવચ્છેદકતા ઉપર આક્ષેપ-સમાધાન)**

**પૂર્વપક્ષ :-** પ્રત્યેક કાર્યની સામગ્રી કાર્યતાવચ્છેદક ધર્મ વિશિષ્ટ કાર્યની વ્યાપ્ય હોય છે. એટલે કે સામગ્રી, કાર્યતાવચ્છેદક ન હોય તેવા ધર્મથી વિશિષ્ટ કાર્યની વ્યાપ્ય હોતી નથી. પ્રસ્તુતમાં તીર્થંકરસિદ્ધત્વાદિ એ મોક્ષરૂપ કાર્યનિષ્ઠ કાર્યતાનું અવચ્છેદક નથી. એટલે મોક્ષજનક સામગ્રીથી તીર્થંકર સિદ્ધાદિ કાર્યોની ઉત્પત્તિ માનવાની જરૂર નથી, પણ એ તો ઉત્પન્ન કાર્યોના સમુદાયરૂપ છે. સ્વતંત્ર કાર્યરૂપ નથી. જો તીર્થંકર સિદ્ધાદિને સ્વતંત્ર કાર્ય માનવામાં આવે તો ગુરુધર્મ નીલઘટત્વ પણ કાર્યતાવચ્છેદક માનવું પડશે. આશય એ છે કે ઘટોત્પાદક સામગ્રી ઘટને ઉત્પન્ન કરે છે અને નીલોત્પાદક સામગ્રી નીલને ઉત્પન્ન કરે છે એટલે નીલઘટ સ્વતંત્ર કાર્યરૂપે ઉત્પન્ન થતો નથી. પરંતુ નીલવર્ણરૂપ કાર્ય અને ઘટકાર્ય એ બેના સમુદાયરૂપ નીલ ઘટ છે. જો એને સ્વતંત્ર કાર્ય માનવામાં આવે તો ઘટ અને નીલની કારણ સામગ્રી કરતાં નીલઘટની કારણ સામગ્રી અલગ માનવી પડે એટલે કાર્યકારણ ભાવોની સંખ્યા વધી જતાં બિનજરૂરી ગૌરવ થાય છે. એ જ રીતે તીર્થંકરાદિ સિદ્ધોને સ્વતંત્ર કાર્યરૂપ માનવામાં આવે તો દરેક જીવના ભવ્યત્વને જુદું જદું માનવું પડે એ મહાન ગૌરવ અસ્વીકાર્ય છે. શાસ્ત્રમાં જે તીર્થંકરસિદ્ધ આદિ ભેદ દર્શાવ્યા છે તે તો કેવળ સિદ્ધોમાં પરસ્પર વૈધર્મ્ય (વિભિન્નતા) દર્શાવવા માટે છે. આ રીતે દરેક જીવનું અલગ ભવ્યત્વ માનવામાં કોઈ પ્રબળ પ્રમાણ નથી.

**ઉત્તરપક્ષ :-** જો ભવ્યત્વનો ભેદ માનવામાં ન આવે તો પછી તીર્થંકરસિદ્ધત્વાદિ ધર્માવચ્છિન્ન પદાર્થમાં નિયામક કોને કહેશો ?

**પૂર્વપક્ષ :-** સામાન્યતઃ જે કાર્ય પ્રતિ જે જે કારણોની કારણતા સ્વીકૃત છે-માન્ય છે તે તે કાર્ય પ્રતિ તે તે કારણવ્યક્તિઓ જ નિયામક હોય છે એટલે તીર્થંકરપણે સિદ્ધિનાં જે કારણો છે તે કારણવ્યક્તિઓ જ તીર્થંકરસિદ્ધત્વાદિ વિશિષ્ટ પદાર્થના નિયામક છે. આ રીતે કોઈ કારણભેદ માનવાની જરૂર રહેતી નથી.

**ઉત્તરપક્ષ :-** તીર્થંકરસિદ્ધત્વાદિધર્મથી અવચ્છિન્ન પદાર્થમાં ઉપરોક્ત રીતે સામાન્યતઃ સિદ્ધ તત્ તત્ કારણ વ્યક્તિની નિયામકતા હોવી એનો અર્થ જ એ છે કે તીર્થંકરસિદ્ધત્વાવચ્છિન્ન પ્રત્યે તે તે કારણવ્યક્તિઓ વિશિષ્ટ સ્વરૂપે હેતુભૂત છે. તો આ રીતે તીર્થંકરસિદ્ધત્વાદિના નિયમન માટે કારણવ્યક્તિઓમાં અર્થાત્ તે તે આત્મામાં પરસ્પર પણ ભિન્નતા માનવા કરતા તે તે આત્માઓમાં રહેલા ભવ્યત્વધર્મને જ અલગ અલગ વિજાતીય સ્વરૂપે માનવા યુક્તિ યુક્ત છે. કારણ કે ધર્મીભેદ બહિરંગ છે અર્થાત્

ધર્મીભેદ=ધર્મીવૈજાત્યની કલ્પનામાં ગૌરવ છે. જ્યારે ધર્મભેદ અંતરંગ છે અર્થાત્ ધર્મના વૈજાત્યને માનવામાં લાઘવ છે. આનો વિચાર પૂર્વપક્ષીએ કેમ નહિ કર્યો હોય ?

**પૂર્વપક્ષ :-** તત્ તત્ કાર્યવ્યક્તિની નિયામકતા એ હેતુતારૂપ નથી કારણ કે કારણવ્યક્તિમાં સામાન્યધર્મ પુરસ્કારેણ કારણતા સંભવિત હોય ત્યાં વિશેષધર્મ પુરસ્કારેણ અન્યથાસિદ્ધિ હોવાથી કારણતા માની શકાય નહિ એટલે તત્ તત્ તીર્થંકર વ્યક્તિની સિદ્ધિમાં સામાન્યતઃ ભવ્યત્વ ધર્મપુરસ્કારેણ કારણતા માની શકાય તેમ હોવાથી વિશિષ્ટ ધર્મ પુરસ્કારેણ કારણતા માનવી ઉચિત નથી.

**ઉત્તરપક્ષ :-** જો એ રીતે વિશેષ ધર્મ પુરસ્કારેણ કારણતા અસંભવિત હોય તો પછી સર્વ જન્ય-ભાવ પ્રત્યે દ્રવ્યત્વધર્મ પુરસ્કારેણ એકમાત્ર દ્રવ્યની કારણતા સિદ્ધ થશે. અર્થાત્ દ્રવ્ય અને જન્યભાવનો માત્ર એક જ કાર્યકારણભાવ સિદ્ધ થશે. એટલે પછી વસ્ત્રાદિ વિશેષ જન્યભાવ પ્રત્યે તંતુત્વાદિ ધર્મપુરસ્કારેણ કારણતાનું જ્ઞાન પ્રમાણભૂત નહિ રહે. તેમ જ પટત્વાવાવચ્છિન્ન પ્રત્યે તંતુત્વાવચ્છિન્નની કારણતાનો વ્યવહાર પણ અપ્રમાણ થઈ જશે.

"पटत्वाद्यवच्छिन्नस्याकस्मिकतापत्तेस्तत्र तन्तुत्वादिना हेतुत्वमावश्यकं, अन्यथा तदवच्छिन्न-सामग्र्यनिश्चये एतावत्सत्त्वेऽवश्यं पटोत्पत्तिरित्यनिश्चयरूपादाकस्मिकत्वात् प्रवृत्तेर्दुर्घटत्वप्रसंगात्तादृश-निश्चये एव कृतिसाध्यताधीसंभवात् । तत्पटत्वाद्यवच्छिन्नस्याऽकस्मिकत्वं त्विष्टमेव, तद्धर्मावच्छिन्न-सामग्रीसत्त्वेऽपि तथा निश्चयाऽयोगात्, तद्धर्मावच्छिन्ने प्रवृत्त्यभावाच्चे"ति चेत् ? न, प्रवृत्त्यनौ-(? त्यौ) पयिककारणतायामेवं वक्तुमशक्यत्वात् नियतान्वयव्यतिरेकप्रतियोगित्वरूपकारणताया विशेषरूपेणैव ग्रहसंभवाच्च, सादृश्यबुद्ध्यैव प्रवृत्त्युपपत्तेः, अन्यथान्वयव्यतिरेकव्यभिचारग्रहयोर-विशेषेण कारणताबुद्धावप्रतिबन्धकत्वप्रसङ्गात् ।

**પૂર્વપક્ષ :-** જન્યભાવ પ્રત્યે દ્રવ્યત્વેન કાર્યકારણભાવ હોવા છતાં જો તંતુત્વાવચ્છિન્નને પટત્વાવચ્છિન્નનું કારણ માનવામાં ન આવે તો પટત્વાવચ્છિન્નની ઉત્પત્તિ શેનાથી થઈ એ પ્રશ્નનું સમાધાન ન થવાથી પટાદિ કાર્યો વિના કારણે જ ઉત્પન્ન થવા સ્વરૂપ આકસ્મિકતાની આપત્તિ આવશે. જે કાર્ય વગર કારણે ઉત્પન્ન થાય તે આકસ્મિક કહેવાય. પટ પ્રત્યે જો તંતુત્વપુરસ્કારેણ કારણતા માનવામાં ન આવે તો પટત્વાવચ્છિન્નની કારણ સામગ્રી કઈ કઈ છે તેનો નિર્ણય થઈ શકે નહિ. એટલે 'આટલી સામગ્રીની વિદ્યમાનતામાં અવશ્ય પટની ઉત્પત્તિ થાય' એવો નિશ્ચય ન થવા રૂપ આકસ્મિકતાના કારણે પટનું ઉત્પાદન કરવા માટે થતી પ્રવૃત્તિ પણ દુર્ઘટ બની જશે. વળી ઉત્પાદકને જ્યાં સુધી એવો નિશ્ચય ન થાય ત્યાં સુધી આ કાર્ય મારાથી શક્ય છે કે નહિ તેવો નિર્ણય પણ સંભવતો નથી.

જો એવી આપત્તિ દર્શાવાય કે-તો પછી પટત્વાવચ્છિન્નની જેમ તત્પટત્વાવચ્છિન્નની પણ આકસ્મિકતા ટાળવા માટે તત્તંતુત્વાવચ્છિન્નની કારણતા પણ સ્વીકારવી પડશે-તો એ

બરાબર નથી કારણ કે તત્પટત્વાવચ્છિન્નની આકસ્મિકતા સ્વીકાર્ય છે. એ કાંઈ દોષ રૂપ નથી કારણ કે તત્પટત્વાવચ્છિન્ન આદિની ઉત્પાદક સામગ્રી વિદ્યમાન હોવા છતાં પણ પૂર્વોપ્રદર્શિત નિશ્ચય થવો અશક્ય છે અને 'પૂર્વોપદર્શિત પ્રકારના નિશ્ચયનો અભાવ' એ જ આકસ્મિકતા છે. વળી, તત્પટત્વાવચ્છિન્નને ઉત્પન્ન કરવા માટે કોઈ પ્રવૃત્તિ પણ કરતું નથી એટલે એવો નિશ્ચય ન થાય તોપણ કોઈ આપત્તિ નથી.

### (વિશેષ કાર્યકારણભાવ ગ્રહનું સમર્થન)

**ઉત્તરપક્ષ :-** આપત્તિ નથી એમ કહેવું બરાબર નથી કારણ કે પ્રવૃત્તિઅનુપયોગી કારણતાનો તત્પટત્વાવચ્છેદેન ગ્રહ ન થાય તેમાં કાંઈ બગડી જતું ન હોવા છતાં જ્યાં તત્પટ રૂપ વ્યક્તિઓની જ ઉત્પત્તિ ઇચ્છનીય છે ત્યાં તત્પટત્વાવચ્છિન્નની ઉત્પત્તિ માટે જરૂરી પ્રવૃત્તિમાં ઉપયોગી કારણતાનો ગ્રહ થવો આવશ્યક છે. જો તત્પટત્વાવચ્છિન્ન કાર્યતાનિરૂ-પિતકારણતાનો ગ્રહ નહીં થાય તો તત્પટના ઉત્પાદનમાં પ્રવૃત્તિ કઈ રીતે થશે ? બીજી વાત એ છે કે હંમેશા નિયત અન્વયવ્યતિરેક પ્રતિયોગિતા સ્વરૂપ કારણતાની બુદ્ધિ વિશેષરૂપ પુરસ્કારેણ જ થતી હોય છે, સામાન્યરૂપપુરસ્કારેણ નહીં. દા.ત. તન્તુથી ઉત્પન્ન થતા પટને જોવાથી તત્કાલ ઉત્પન્ન વસ્ત્ર અને તત્પૂર્વકાલીન તન્તુઓનો જ કાર્ય-કારણ ભાવ લક્ષ્યમાં આવે છે, નહીં કે સર્વ વસ્ત્રોનો સર્વ તંતુઓ સાથે કારણ કે સર્વ વસ્ત્ર અને સર્વ તન્તુઓનું જ્ઞાન તો સર્વજ્ઞ જ કરી શકે, બીજા નહીં.

કદાચ અહીં એવી શંકા ઉદ્ભવે કે-તો પછી નવા વસ્ત્રના ઉત્પાદન માટે નવીન તંતુઓમાં નવ્યપટાર્થીની પ્રવૃત્તિ કઈ રીતે થશે ? નવા વસ્ત્ર-તંતુઓના કાર્ય-કારણ ભાવનો તો સામાન્ય રૂપે પણ ગ્રહ જ થયો નથી !- તો એનો ઉત્તર એ છે કે સામાન્યતઃ કાર્યકારણ ભાવનો ગ્રહ ન હોવા છતાં પૂર્વદૃષ્ટ તંતુઓની સમાનતાબુદ્ધિ નવીન તંતુઓમાં થઈ રહી હોવાથી નવીન તંતુઓથી પૂર્વદૃષ્ટ વસ્ત્ર જેવું સમાન વસ્ત્ર ઉત્પન્ન થશે એવી બુદ્ધિ જાગવામાં કોઈ જાતનો વિરોધ નથી. એટલે આ રીતે સાદૃશ્યગ્રહથી પ્રવૃત્તિની ઉત્પત્તિ થઈ શકે છે.

જો ઉપરોક્ત રીતે માનવામાં ન આવે તો નિયતાન્વયવ્યતિરેકપ્રતિયોગિતારૂપ કારણતાની બુદ્ધિમાં અન્વયવ્યભિચારગ્રહ અને વ્યતિરેકવ્યભિચારગ્રહની પ્રતિબંધકતાનો સર્વથા ઉચ્છેદ જ થઈ જશે. આશય એ છે કે વિશેષ રૂપે કાર્યકારણભાવની બુદ્ધિમાં અન્વયવ્યભિચારગ્રહ અને વ્યતિરેકવ્યભિચાર ગ્રહ વિરોધી હોવાથી કારણતાબુદ્ધિનો ઉદય નથી થતો.પરંતુ જો કાર્યકારણભાવ વિશેષરૂપપુરસ્કરેણ નહીં માનતાં સામાન્ય રૂપે માનવામાં આવે તો ત્યાં અન્વય-વ્યતિરેક વ્યભિચાર ગ્રહના વિરોધનો સંભવ ન હોવાથી વ્યભિચાર ગ્રહની પ્રસિદ્ધ પ્રતિબંધકતા વ્યુચ્છિન્ન થઈ જાય એ આપત્તિ છે.

**एतेन**-विशेषान्वयव्यतिरेकाभ्यां सामान्यव्यभिचारानिर्णयानुगतागुरुविशेषान्तरानुपस्थितिलाघ-वादिप्रतिसंधानवशात् सामान्यत एव हेतुहेतुमद्भावग्रहात्, ग्राहकाभावादेव न विशेषकार्यकारण-

भावसिद्धिः-**इत्यपास्तम्** । अपि च प्रत्येकं कारणानां स्वेतरयावत्कारणसहितत्वेन यावत्कारण-रूपायाः सामग्र्याश्च तत्तत्सम्बन्धेन कार्यव्याप्यत्वे गौरवादितरकारणविशिष्टचरमकारणस्यापि सामग्रीत्वे चरमकारणविशिष्टेतरकारणानां तथात्वे विनिगमकाभावात्, तत्त्वेन जनकत्वे गौरवतादवस्थ्याच्च, निरूपकतया तथाभव्यत्वस्यैव तादात्म्येन तावद्धर्मककार्यनियामकत्वं युक्तम् । न च कालादिवैचित्र्यमेवास्त्वित्यत्र विनिगमकाभावः, देशकालोभयनियमबीजभव्यत्ववैचित्र्यस्यैव युक्तत्वात् । न चैवं पुरुषकारादिवैयर्थ्यं, तत्समवधाननियतत्वात् तथाभव्यत्वस्य, तेन तदाक्षेपात् । अत एव नोपदेशादिवैयर्थ्यमपि, तथाभव्यत्वमपेक्ष्यैव तत्प्रवृत्तेरुचितप्रवृत्त्यादिचिह्नेन तदनुमानात् । अत एव न केवलस्वभाववादसाम्राज्यम्, तथात्वस्यान्यहेत्वालीढत्वादन्यथा ऋषभ-वर्द्धमानादीनां स्वभावाऽभेदे सिद्धिकालभेदाद्यप्रसङ्गाद् भेदे चास्मन्मतप्रवेशात् । यदि च तत्कालाऽयोग्यस्यापि सिद्धिः स्यात्तदाऽभव्यस्यापि तत्प्रसङ्गः, कथञ्चिद्विशेषे पुनरनायत्येष्यमाणे स्यादेकं स्यादनेकं चायातं भव्यत्वं, यथा सामान्येनैकरूपमाम्रनिम्बदकदंबादीनां वृक्षत्वं विशेषचिन्तायां तु रसवीर्यविपाकभेदादाम्रादीनां नानारूपमिति । **अथै**कस्याप्यनेककार्यजननशक्तिमत्त्वान्नानुपपत्तिरिति **चेत्** ? न, येन स्वभावेन पूर्वकार्यजननशक्तिस्तेनैवोत्तरकार्यजननशक्तावभ्युपगम्यमानायां पूर्वोत्तरकार्ययोर्यौगपद्यप्रसङ्गात्, सर्बथैकत्वेऽनेककार्यजननशक्तिमत्त्वस्य दुर्वचत्वात् । तदिदमुक्तम्-[उप. पदे १०००-१०१०]

## (સામાન્યતઃ કાર્યકારણ ભાવ ગ્રહની આશંકા)

**પૂર્વપક્ષી** :- પ્રતિનિયત કારણનો પ્રતિનિયત કાર્ય સાથે અન્વય સહચાર અને વ્યતિરેક સહચાર દેખવાથી વિશેષરૂપેણ કાર્યકારણ ભાવનો ગ્રહ નહીં પણ સામાન્ય રૂપે જ કાર્યકારણ ભાવનો ગ્રહ સંભવિત છે. તે એ રીતે કે ઉપરોક્ત રીતે વિશેષ અન્વય-વ્યતિરેક સહચારના દર્શન કાળે સામાન્ય ધર્મ પુરસ્કારેણ અન્વય વ્યભિચાર કે વ્યતિરેક વ્યભિચારનો નિર્ણય ન હોય તેમજ અન્ય કોઈ અગુરુ વિશેષ ધર્મ ઉપસ્થિત ન હોય તો લાઘવ તર્કનું અનુસંધાન થાય છે. અર્થાત્ વિશિષ્ટ કારણ વ્યક્તિનો વિશિષ્ટ કાર્ય વ્યક્તિ સાથે સહચાર દેખવા છતાં લઘુ ધર્મ પુરસ્કારેણ કાર્ય-કારણ ભાવ માનવામાં કોઈ બાધની ઉપસ્થિતિ ન હોવાથી તે લઘુ ધર્માવચ્છેદેન સામાન્યતઃ કાર્ય-કારણ ભાવની જ સિદ્ધિ થાય છે. તર્કશાસ્ત્રનો નિયમ છે કે જ્યાં સુધી લઘુધર્મમાં કારણતાવચ્છેદકતા ઘટી શકે તેમ હોય ત્યાં સુધી ગુરુધર્મમાં તે માની શકાય નહીં. એટલે ઉપરોક્ત રીતે લઘુ ધર્મ પુરસ્કારેણ સામાન્યતઃ કાર્યકારણ ભાવની સિદ્ધિ થતાં વિશેષતઃ કાર્યકારણ ભાવની સિદ્ધિ કરવાનું કાંઈ સાધન જ શેષ રહેતું નથી જેથી વિશેષ કાર્યકારણ ભાવ સિદ્ધ થાય.

**ઉત્તરપક્ષ** :- પૂર્વોક્ત પ્રતિબન્ધકતાના ઉચ્છેદની આપત્તિ સામાન્યતઃ કાર્યકારણ ભાવ પક્ષમાં તદવસ્થ રહેતી હોવાથી પૂર્વપક્ષીનું સંપૂર્ણ કથન વજુદ વિનાનું ઠરે છે.

વળી સામાન્યતઃ કાર્યકારણભાવવાદમાં **જો** સકળ કારણ સમુદાય રૂપ સામગ્રીને અથવા તદન્તર્ગત દરેક કારણોને સ્વેતરયાવત્કારણસહિતત્વ રૂપે જુદા જુદા અનેક સંબંધોથી

કાર્યવ્યાપ્ત માનવા જ પડે, કારણ કે તે વિના કાર્યની નિયત ઉત્પત્તિ જ અશક્ય બની જાય અને એ રીતે માનવા જઈએ તો એમાં ઘણું જ ગૌરવ થાય. આ ગૌરવ ટાળવા માટે એવો નિયમ બનાવાય કે 'ઇતર સકળ કારણ વિશિષ્ટ માત્ર એક જ અંતિમ કારણરૂપ સામગ્રી કાર્ય જનક છે' **તો** અહીં ચરમ કારણ વિશિષ્ટ અન્ય કારણોને કાર્યોત્પાદક માનવાના પક્ષને પણ વિનિગમકના અભાવમાં નકારી શકાય નહીં. જો એમ કહેવામાં આવે કે 'સ્વેતરકારણ-વિશિષ્ટત્વરૂપે ગમે તે એક કારણથી કાર્યોત્પત્તિ માનશું' તો એમાં પણ દરેકે દરેક કારણને કાર્યોત્પાદક માની શકવાથી કાર્યકારણ ભાવ વધી જતાં ગૌરવ તો ઊભું જ રહે છે.

**(કાર્ય વૈચિત્ર્ય પ્રયોજક તથાભવ્યત્વ)**

ઉપરોક્ત સમસ્ત વિચારણાને લક્ષ્યમાં લઈએ તો ફલિત એ જ થાય છે કે તાદાત્મ્ય સંબંધથી તથાભવ્યત્વ રૂપ ધર્મને જ અર્થાત્ સ્વભાવભેદને જ જુદા જુદા અનેક ધર્મવાળા કાર્યની ઉત્પત્તિમાં નિયામક માનવો યુક્તિયુક્ત છે. અહીં એવી શંકા થાય કે-'તથાભવ્યત્વ તો સ્વભાવવૈચિત્ર્ય રૂપ જ છે, તેને જો કાર્યનિયામક માનીએ તો કાલવૈચિત્ર્ય, કર્મવૈચિત્ર્ય વગેરેને પણ નિયામક માનવામાં પણ શું બાધ છે ? અર્થાત્ અમુકને જ નિયામક માનવું અન્યને નહીં એમાં કોઈ બલવાન્ સાધક ન હોવાથી તથાભવ્યત્વને નિયામક માનવામાં આપત્તિ ઊભી જ છે.'-તો આ શંકાનો ઉત્તર એ છે કે કાળવૈચિત્ર્ય અને દેશવૈચિત્ર્યમાં પણ પ્રયોજક તો આખરે સ્વભાવવૈચિત્ર્ય જ છે, સ્વભાવવૈચિત્ર્યમાં કાલાદિવૈચિત્ર્ય કોઈ પ્રયોજક નથી. માટે ભવ્યત્વવૈચિત્ર્ય એટલે કે તથાભવ્યત્વને જ કાર્યવૈચિત્ર્યમાં નિયામક માનવું યુક્તિયુક્ત છે.

**(પુરુષાર્થ નિષ્ફળતાની શંકાનો ઉચ્છેદ)**

અહીં એવી શંકાને અવકાશ છે કે આ રીતે જો સ્વભાવવૈચિત્ર્યને નિયામક માનવામાં આવે તો પુરુષાર્થ વગેરે નિષ્ફળ થઈ જશે કારણ કે ઉદ્યમ કરવા છતાં પણ ઉત્પન્ન ન થવાના સ્વભાવવાળું કાર્ય ઉત્પન્ન જ નહીં થાય અને ઉત્પન્ન થવાના સ્વભાવવાળું કાર્ય વગર પુરુષાર્થે પણ ઉત્પન્ન થઈ જશે. પરંતુ આ શંકા પાયા વિનાની છે કારણ કે સ્વભાવવૈચિત્ર્ય અર્થાત્ તથાભવ્યત્વ સ્વભાવનું સ્વરૂપ જ એવું છે કે જેમાં પુરુષાર્થ વગેરે અન્તઃપ્રવિષ્ટ થઈ જાય છે, અર્થાત્ જ્યાં સુધી પુરુષાર્થની ક્ષતિ હોય ત્યાં સુધી તથાભવ્યત્વ સ્વભાવનું સ્વરૂપ જ અપૂર્ણ રહેતું હોવાથી પુરુષાર્થસાંનિધ્યનિયત તથાભવ્યત્વની જ કાર્યનિયામકતા સિદ્ધ થાય છે એટલે તથાપ્રકારનું તથાભવ્યત્વ પુરુષાર્થને તાણી લાવનારું હોવાથી પુરુષાર્થ નિષ્ફળ થવાની શંકા રદબાતલ થાય છે. તદુપરાંત, પુરુષાર્થનિષ્ફળતાની શંકાની જેમ ઉપદેશાદિની નિષ્ફળતાની શંકાને પણ હવે અવકાશ રહેતો નથી, કારણ કે તથાભવ્યત્વનો પરિપાક થતાં તે તે જીવોને અપાતો ઉપદેશ પણ સફળ થતો હોય છે. ઉપદેશક ઉપદેશ દેતાં પહેલા જ શ્રોતાની ઉચિત-અનુચિત પ્રવૃત્તિના ચિહ્ન ઉપરથી શ્રોતાનું તથાભવ્યત્વ પરિપકવ થયું છે

કે નહીં તેનું અનુમાન કરી લે છે એટલે આ રીતે તથાભવ્યત્વનો નિર્ણય કરી લીધા બાદ ઉપદેશની પ્રવૃત્તિ નિષ્ફળ થવાનો ભય રહેતો નથી.

ઉપરોક્ત રીતે ઉદ્યમ, ઉપદેશ વગેરે અન્ય અન્ય કારણોને પણ ઉચિત ન્યાય મળતો હોવાથી એકાન્તે સ્વભાવવાદનું સામ્રાજ્ય છવાઈ જવાનો પણ ભય અસ્થાને છે. કારણ કે તથાભવ્યત્વ સ્વભાવ જ અન્ય અનેક હેતુઓથી અનુવિદ્ધ છે-ગર્ભિત છે. અન્યથા સ્વભાવ-વૈચિત્ર્યને બદલે ઋષભદેવ-મહાવીર સ્વામી વગેરે તીર્થંકરોનો મુક્તિગમન સ્વભાવ જો એકસરખો જ માનવામાં આવે તો તે તીર્થંકરોની ભિન્ન ભિન્ન કાળે ભિન્ન ભિન્ન રીતે ભિન્ન ભિન્ન ક્ષેત્રમાંથી મુક્તિ થઈ એને બદલે બધાની એક જ સરખી રીતે અને એક જ કાળમાં મુક્તિ થઈ હોત. જો અન્ય હેતુભેદની સાથે સાથે સ્વભાવભેદ પણ વૈચિત્ર્યમાં પ્રયોજક માનવામાં આવે તો પ્રતિવાદીનો અમારા મતમાં જ અંતર્ભાવ ફલિત થાય છે-કાંઈ તફાવત રહેતો નથી.

**(અભવ્યજીવોની મુક્તિ થવાની આપત્તિ)**

તાત્પર્ય એ છે કે તથાભવ્યત્વ સ્વભાવ ભિન્ન ભિન્ન હોવાના કારણે જે જીવનો જે કાળે મુક્તિગમનસ્વભાવ પરિપક્વ બને તે કાળે જ તે જીવની મુક્તિ થાય છે, જે તે કાળમાં નહીં. તે તે કાળમાં મુક્તિ જવાને અયોગ્ય એવા પણ જીવની જો અન્ય સામગ્રીબળે મુક્તિ થઈ શકતી હોત તો જે જીવોની કોઈ પણ કાળમાં મુક્તિ થવાની જ નથી એવા અભવ્ય જીવોની પણ મુક્તિ થઈને ઊભી રહેવાની આપત્તિ આવતાં વાર ન લાગે. બીજો કોઈ ઉપાય ન હોવાથી આ આપત્તિને દૂર કરવા જો અભવ્ય અને ભવ્ય જીવોમાં કાંઈ વિશેષ તફાવત અર્થાત્ સ્વભાવવૈચિત્ર્યનો સ્વીકાર કરી લેવામાં આવે તો પછી એ જ ન્યાયે ભિન્ન ભિન્ન કાળે મુક્તિગામી જીવોના મુક્તિગમન યોગ્યતારૂપે એક એવા ભવ્યત્વસ્વભાવને પણ કથંચિત્ ભિન્ન ભિન્ન માનવાનું આવીને ઊભું રહ્યું. જેમ કે બધાંય વૃક્ષો વૃક્ષત્વસ્વભાવથી તો એક જ સરખાં હોય છે છતાં પણ આંબાનું ઝાડ, લીમડાનું ઝાડ, કદંબવૃક્ષ ઈત્યાદિ અગણિત ભેદો રસની વિવિધતા, પ્રભાવની વિવિધતા અને વિપાકની વિવિધતાને આશ્રયીને પાડવા જ પડતા હોય છે, એ વિના લોકવ્યવહાર નભી શકે નહીં.

**શંકા :-** વસ્તુ બધી એક જ સરખી હોય પણ એમાં જુદાં જુદાં કાર્યોને જન્માવવાની જુદી જુદી અનેક શક્તિ હોય એટલે કાર્યો જુદાં જુદાં ઉત્પન્ન થાય એમ માનીએ તો પછી કાર્યભેદે કારણભેદ માનવાની જરૂર ક્યાં ?

**સમાધાન :-** એ રીતે એક કારણથી અનેક કાર્યોત્પત્તિ માની શકાય તેમ જ નથી, કારણ કે એક કારણ જે સ્વભાવથી પૂર્વક્ષણમાં કાર્ય ઉત્પન્ન કરે એ જ સ્વભાવથી જો ઉત્તર ક્ષણમાં પણ ભિન્ન કાર્ય ઉત્પન્ન કરતું હોય તો એ ઉત્તરક્ષણભાવથી કાર્ય પૂર્વક્ષણમાં જ ઉત્પન્ન થઈ જવું જોઈએ, કારણ કે પૂર્વક્ષણમાં તદુત્પાદક સ્વભાવ અપ્રતિહત છે. પરિણામે ઉત્તરોત્તર

ક્ષણભાવી તમામ કાર્યો એક જ સાથે પૂર્વક્ષણમાં ઉત્પન્ન થવાની મોટી આપત્તિને નોંતરું મળે છે. આ આપત્તિના ભયે 'વસ્તુ એકાન્તે એકસ્વરૂપ હોય તો પણ તેમાં વિવિધ કાર્યને ઉત્પન્ન કરવાની શક્તિ હોઈ શકે' એમ કહેવું ઘણું અઘરું છે.

ઉપરોક્ત રીતે તથાભવ્યત્વની નિયામકતા સિદ્ધ થઈ-એનું સમર્થન કરતાં શ્રી **ઉપદેશ પદ** શાસ્ત્રમાં પણ કહ્યું છે કે-

[૮૯]इहरासमंजसत्तं तस्स तहसहावयाइ तह चित्तो । कालाइजोगओ णणु तस्स विवागो कहं होइ ॥

**ગાથા ૧૦૦૦ :-** અન્યથા (ભવ્યત્વમાં ભિન્નતા ન હોય તો) અસંગતિ આવે. ભવ્યત્વ એક જ સ્વભાવવાળું હોય તો કાલાદિ યોગથી જીવને તેવા પ્રકારના વિચિત્ર ફળ વિપાક ક્યાંથી હોય ?

[૯૦]एसो उ तंतसिद्धो एवं घडए त्ति णियमओ एवं । पडिवज्जेयव्वं खलु सुहुमेणं तक्कजोगेणं ॥

**ગાથા ૧૦૦૧ :-** વિચિત્ર ફળ વિપાક સિદ્ધાન્તમાં દર્શાવેલો છે. અને તે ભિન્ન ભિન્ન ભવ્યત્વથી જ ઘટે. સૂક્ષ્મ તર્ક અજમાવીને અવશ્ય તે એ રીતે સ્વીકારવું.

[૯૧]एवं चिय विन्नेओ सफलो नाएण पुरिसगारो वि । तेण तहक्खेवाओ स अन्नहा कारणो ण भवे ॥

**ગાથા ૧૦૦૨ :-** ભવ્યત્વની ભિન્નતા હોય તો જ ન્યાયથી પુરુષાર્થ સફળ જાણવો, કારણ કે તથાભવ્યત્વ જ પુરુષાર્થને ખેંચી લાવનાર છે. અન્યથા તથાભવ્યત્વ વિના તે નિર્હેતુક થઈ જાય.

[૯૨]उवएसफलयावि अ एवं इहरा ण जुज्जति तओ वि । तह तेण अणिक्खित्तो सहाववादो बला एति ॥.

**ગાથા ૧૦૦૩ :-** ઉપદેશની સફળતા પણ એ રીતે જ છે. અન્યથા તે પણ ઘટે નહિ. તથા વિચિત્ર ભવ્યત્વના અસ્વીકારમાં તેનાથી અનાક્ષિપ્ત અર્થાત્ એકાકાર સ્વભાવવાદ (જે નીચેની ગાથામાં જણાવાશે.) બલાત્ પ્રસક્ત થાય છે.

[૯૩]को कुवलयाण गंधं करेइ महुरत्तणं च उच्छूणं । वरहत्थीण य लीलं विणयं च कुलप्पसूआणं ॥

**ગાથા ૧૦૦૪ :-** કોણ કમળને સુગંધી બનાવે છે ! ઈક્ષુમાં મધુરતા કોણ લાવે છે ! હસ્તિરાજમાં ગમનનું સૌંદર્ય કોનાથી ! કુલીનોમાં વિનય ક્યાંથી !

---

૮૯ इतरथासमंजसत्वं तस्य तथास्वभावतायां तथा चित्रः । कालादियोगतो ननु तस्य विपाकः कथं भवति ।

९० एष तु तन्त्रसिद्धः एवं घटत इति नियमत एवम् । प्रतिपत्तव्यं खलु सूक्ष्मेण तर्कयोगेन ।

९१ एवं चैव विज्ञेयः सफलो न्यायेन पुरुषकारोऽपि । तेन तथाक्षेपात् स अन्यथा कारणो न भवेत् ॥

९२ उपदेशसफलतापि च एवमितरथा न युज्यते ततोऽपि । तथा तेनाऽनाक्षिप्तः स्वभाववादो बलादेति ॥

९३ कः कुवलयानां गन्धं करोति मधुरत्वञ्चेक्षूणाम् । वरहस्तिनां च लीलां विनयं च कुलप्रसूतानाम् ॥

[९४]एत्थ य जो जह सिद्धो संसारिओ तस्स संतियं चित्तं । किं तस्सहावमह णो भव्वत्तं वायमुद्देसा ॥

**ગાથા ૧૦૦૫** :- અહીં જે જે પર્યાયથી સંસારમાં પરિભ્રમણ કરીને સિદ્ધ થયો તત્સંબંધિ ભવ્યત્વ વિચિત્ર સિદ્ધ થયું. તો શું તે ભવ્યત્વ ચિત્રસ્વભાવ ખરું કે નહિ ? અત્રે વાદ મર્યાદાનું ઉલ્લંઘન અશક્ય છે.

[९५]जइ तस्सहावमेवं सव्वं सिद्धं जहोइयं चेव । अह णो ण तहा सिद्धी पावइ तस्सा जहऽण्णस्स ॥

**ગાથા ૧૦૦૬** :- જો તે ચિત્ર સ્વભાવ હોય તો પૂર્વે કહેલું બધું સિદ્ધ થાય છે. જો તે તેવા સ્વભાવવાળું ન હોય તો અન્યની જેમ પ્રસ્તુત જીવની પણ સિદ્ધિ થશે નહિ.

[९६]एसा ण लंघणिज्जा मा होज्जा सव्वपच्चयविणासो । अवि य णिहालेयव्वा तहण्णदोसप्पसंगाओ॥

**ગાથા ૧૦૦૭** :- આ ન્યાયમુદ્રા અલંઘ્ય છે નહિ તો યથાવસ્થિત વસ્તુનો નિર્ણય વિનષ્ટ થાય. વળી તે વાદમુદ્રા બરાબર વિચારવી જોઈએ. નહિ તો બીજા પણ દોષોને અવસર મળી જાય.

[९७]जहा सव्वहा अजोग्गेवि चित्तया हंदि वण्णिअसरूवा । पावइ अ तस्सहावत्तऽविसेसा अभव्वस्स ॥

**ગાતા ૧૦૦૮** :- જો સર્વથા અયોગ્ય હોવા છતાં પૂર્વોક્ત પ્રકારની વિચિત્રતા સંભવિત હોય તો અવિચિત્રજીવસ્વરૂપ સ્વભાવ અભવ્યનો પણ સમાન હોવાથી તેનો પણ મોક્ષ થાય.

[९८]अह कहवि तव्विसेसो इच्छिज्जइ णियमओ तदक्खेवा । इच्छिअसिद्धी सव्वेसिं चित्तयाए अणेगंतो ॥

**ગાથા ૧૦૦૯** :- હવે જો ગમે તેમ કરીને ભવ્યત્વનો ભેદ સ્વીકારાય તો અવશ્ય તેના ખેંચાણથી બધાને અભિલષિતની સિદ્ધિ થાય અને એ રીતે ભવ્યત્વની વિચિત્રતામાં અનેકાન્ત થાય.

[९९]अणिययसहावयावि हु ण तस्सहावत्तमन्तरेणावि । ता एवमणेगंतो सम्मंति कयं पसंगेण ॥१८८॥

**ગાથા ૧૦૧૦** :- અનિયત સ્વભાવતા પણ ભવ્યત્વના ચિત્ર સ્વભાવ વિના ન હોય. એટલે એ રીતે સર્વત્ર અનેકાન્ત બરાબર છે. વિસ્તારથી સર્યું. ॥૧૮૮॥

ननु यद्येवं तथाभव्यत्वेनैव कार्यसिद्धिस्तदा किं संयमयोगव्यापारेणेत्यत आह—

**પ્રશ્ન** :- જો કાર્યસિદ્ધિ તથાભવ્યત્વથી જ થઈ જવાની હોય તો કષ્ટ આપાદક સંયમ યોગોની ક્રિયા કરવાની જરૂર જ નહિ. ઉત્તર—

---

९४ अत्र च यो यथा सिद्धः सांसारिकस्तस्य सत्कं चित्तम् । किं तत्स्वभावमथ नो भव्यत्वं वादमुद्रैषा ॥
९५ यदि तत्स्वभावमेव सर्वं सिद्धं यथोदितं चैव । अथ नो न तथासिद्धिः प्राप्नोति तस्य यथाऽन्यस्य ॥
९६ एषा न लंघनीया मा भवेत्सर्वप्रत्ययविनाशो । अपि च निभालयितव्या तथान्यदोषप्रसङ्गात् ॥
९७ यदि सर्वथायोग्येऽविचित्रता हन्दि वर्णितस्वरूपात् । प्राप्नोति च तत्स्वभावत्वाऽविशेषादभव्यस्य ॥
९८ अथ कथमपि तद्विशेष ईष्यते नियमतस्तदाक्षेपात् । इष्टसिद्धिः सर्वेषां चित्रतयानेकान्तः ॥
९९ अनियतस्वभावतापि खलु न तत्स्वभावत्वमन्तरेणापि । तस्मादेवमनेकान्तः सम्यगिति कृतं प्रसंगेन ॥

**तह वि खलु जयंति जई धीरा मोक्खट्ठमुज्जुआ णिच्चं ।**
**अइयारच्चाएणं समुदयवादं पमाणंता ॥१८९॥**

**શ્લોકાર્થ :-** તો પણ ધીર પુરુષો મોક્ષાર્થે ઉત્સાહિત થઈને હંમેશાં પ્રયત્ન કરે છે. અતિચારનું વર્જન કરે છે. અને સમુદયવાદને પ્રમાણિત કરે છે. ॥૧૮૯॥

**(ધીર પુરુષોની સંયમયોગમાં અખંડ પ્રવૃત્તિ)**

**तथापि**=तथाभव्यत्वचित्रतासत्त्वेऽपि, **खलु** निश्चये, **यतन्ते**=संयमयोगे यत्नमाद्रियन्ते, यतो **धीराः**=मोहभटरणभङ्गक्षमधैर्यवन्तः **मोक्षार्थमुद्यताः**=अभ्युत्थिताः, **नित्यं**=निरन्तरम्, **अतिचारस्य**= चारित्रमालिन्यबीजस्य रागद्वेषलेशलक्षणस्य **त्यागेन**=परिहारेण, **समुदयवादं**=कालादिकलापस्य संमत्यादिसिद्धसामग्रीत्वप्रवादम् **प्रमाणयन्तः**=तथाचेष्टयोपपादयन्तः, तथाभव्यत्वं हि पुरुषकाराद्य-पेक्षमेव फलोपधायकं, तत्र चापुनर्बन्धकादिप्रयत्नापेक्षावश्यकीति भावः ॥१८९॥

**તાત્પર્યાર્થ :-** વિસ્તૃત ચર્ચાથી તથાભવ્યત્વની વિચિત્રતા સિદ્ધ થાય છે. હવે એમાં તથાભવ્યત્વ જ અન્ય કારણોનું આક્ષેપક છે એમ જે દર્શાવ્યું એનો અર્થ એ નથી કે સત્ પુરુષાર્થનો ત્યાગ કરી દેવો. કારણ કે તથાભવ્યત્વ વિચિત્ર છે એ સમજતા હોવા છતાં પણ ધીર પુરુષો સંયમયોગમાં જ પ્રયત્નશીલ રહે છે. કારણ કે તેઓ મોહમલ્લને રણાંગણમાં ધૂળ ચાટતો કરી દેવા માટે અપૂર્વ હિંમત ધરાવતા હોય છે. અને એ રીતે નિરંતર મોક્ષપ્રાપ્તિ માટે તલપાપડ હોય છે. ચારિત્રને મલિન કરવામાં હેતુભૂત આંશિક રાગ-દ્વેષ સ્વરૂપ અતિચાર ન લાગી જાય તેની સંપૂર્ણ સાવધાની રાખે છે. એ રીતે પ્રયત્ન કરવા દ્વારા તેઓ **સમ્મતિતર્ક** શાસ્ત્રાદિમાં સૂચિત કાળ વગેરેની સામુદાયિક કારણતાના પ્રામાણ્યને વધુ ને વધુ પુષ્ટ કરે છે. સારાંશ એ છે કે તથાભવ્યત્વ પણ ફલોત્પત્તિમાં પુરુષાર્થ વગેરેની અપેક્ષા રાખે અને મોક્ષફળની ઉત્પત્તિમાં જેવો પુરુષાર્થ જોઈએ એવા પુરુષાર્થને ઉલ્લસિત કરવા માટે અપુનર્બંધકાદિ ભૂમિકાને ઉચિત પુરુષાર્થની અપેક્ષા પણ આવશ્યક છે. ॥૧૮૯॥

**श्रुतज्ञानात् विवादः स्यात् मतावेशश्च चिन्तया ।**
**माध्यस्थ्यं भावनाज्ञानात् सर्वत्र च हितार्थिता ॥ १०५० ॥**

(ચિન્તા-ભાવનાશૂન્ય કેવળ શ્રુતજ્ઞાનથી વિવાદ સર્જાય છે, ભાવનાશૂન્ય ચિંતાજ્ઞાન સ્વ-સ્વ મતમાં કિંચિત્ આવેશને જન્માવે છે, જ્યારે ભાવનાજ્ઞાનથી સર્વત્ર મધ્યસ્થભાવનો ઉદય થાય છે તેમજ બધાના હિતનું લક્ષ્ય જાગે છે.)

ઉપા. યશોવિજયકૃત વૈરાગ્યકલ્પલતા સ્ત.૯

## ઉપદેશ ૪૨ - સકલ યોગશાસ્ત્રનો સાર અધ્યાત્મ-ધ્યાનયોગ

अत एवान्तरङ्गयत्न एव साधूनामपेक्षितो विचित्रभव्यत्वानुगुणत्वात्, न तु बहिरङ्ग एवेति द्रढयन्नाह–

શ્લોક ૧૯૦માં દઢતાપૂર્વક જણાવ્યું છે કે સાધુઓને માત્ર બહિરંગ પ્રયત્ન જ નહિ કિન્તુ ખાસ કરીને અંતરંગ પ્રયત્ન જ કરવો જરૂરી છે કારણ કે મોક્ષફલોત્પત્તિમાં તથા-ભવ્યત્વને સહાય કરનાર અંતરંગ પ્રયત્ન છે, બહિરંગ નહિ–

**जत्तो अ अंतरंगो अज्झप्पज्झाणजोगओ जुत्तो ।**
**जं एसो च्चिय सारो सयलंमि वि जोगसत्थंमि ॥१९०॥**

**શ્લોકાર્થ :-** અધ્યાત્મ-ધ્યાન-યોગને મુખ્ય કરીને અંતરંગ પ્રયત્ન કરવો યુક્ત છે. કારણ કે સકલ યોગશાસ્ત્રમાં તેને જ સારભૂત કહ્યો છે. ॥૧૯૦॥

### (અધ્યાત્મ અને ધ્યાનયોગનું સ્વરૂપ)

यत्नश्चान्तरङ्गोऽ**ध्यात्मध्यानयोगतः**=आत्मन्येवैकाग्रचित्तव्यापाराद् विद्यमानक्लिष्टचित्तनिरोध-लक्षणोपेक्षासंयमाद् युक्तः । **यद्**=यस्मादे**ष एवा**ध्यात्मध्यानयोग एव सकलेऽपि योगशास्त्रे सारः, परमसंवररूपस्याध्यात्मध्यानस्यैव सकलशास्त्रोपनिषद्भूतत्वात् । तदुक्तम्-[वीतरागस्तोत्रे १७-५]

"आश्रवो भवहेतुः स्यात् संवरो मोक्षकारणम् ।
इतीयमार्हती मुष्टिरन्यदस्याः प्रपञ्चनम् ॥" इति ॥१९०॥

**તાત્પર્યાર્થ :-** મોક્ષપ્રાપ્તિ માટે જે મુખ્ય અંતરંગ પ્રયત્ન કરવાનું કહ્યું છે તે-અધ્યાત્મ અને ધ્યાન યોગરૂપ સમજવો. ચિત્તને આત્મામાં એકાગ્ર કરવું તે અધ્યાત્મ છે અને ધ્યાન-યોગ ઉપેક્ષાસંયમ રૂપ છે, જે સંક્લિષ્ટ ચિત્તના નિરોધ સ્વરૂપ છે. આ અધ્યાત્મ-ધ્યાન યોગમાં જ પ્રયત્ન કરવો યુક્તિયુક્ત છે તેનું કારણ એ છે કે સઘળાય યોગશાસ્ત્રોમાં પરમ સંવરરૂપ અધ્યાત્મ-ધ્યાનયોગને જ સારભૂત કહ્યો છે. વીતરાગસ્તોત્ર (પ્રકાશ-૧૯ ગાથા-૬) માં કહ્યું છે-

"ભવનો હેતુ આશ્રવ છે, મોક્ષનો હેતુ સંવર છે.
આ જૈન મતનો સાર છે, બાકી બધો વિસ્તાર છે. ॥૧૯૦॥

अध्यात्मध्यानयोगस्यैव फलमभिष्टौति-

**શ્લોક ૧૯૧માં** અધ્યાત્મ-ધ્યાન યોગના ફળનું કીર્તન કર્યું છે-

**एअंमि परिणमंते आणंदस्सावि होइ परिवुड्ढी ।**
**एवं चिय साहूणं जीवन्मुत्तत्तणं जुत्तं ॥१९१॥**

**શ્લોકાર્થ :-** એ પરિણત થયે છતે આનંદમાં પણ પરિવર્ધન થાય છે અને એ જ રીતે સાધુઓ 'જીવનમુક્ત' કહેવડાવવા યોગ્ય છે. ॥૧૯૧॥

**(ધ્યાન અને સમભાવમાં જીવન્મુક્ત દશા)**

एतस्मिन्नध्यात्मध्याने **परिणमति**=एकांगीभावमागच्छति **आनंदस्यापि**=साम्यसुखस्यापि, परिवृद्धिर्भवति, साम्यध्यानयोर्मिथो निष्कम्पताबीजत्वात् । तदुक्तम्-[योगशास्त्रे ४-११४]

"न साम्येन विना ध्यानं न ध्यानेन विना च तत् ।
निष्कम्पं जायते तस्माद् द्वयमन्योन्यकारणम् ॥" इति ।

इत्थवमेव च साधूनां जीवन्मुक्तत्वं युक्तं, जीवित्वे सति सांसारिकानन्दतिशयितानन्दाऽभिव्यक्तेरेव जीवन्मुक्तिपदार्थत्वात् । तदिदमभिप्रेत्योक्तम्-[प्र० रतौ-२३८-१२८]

"निर्जितमदमदनानां वाक्कायमनोविकाररहितानाम् । विनिवृत्तपराशानामिहैव मोक्षः सुविहितानाम् ॥
तथा—

नैवास्ति राजराजस्य तत्सुखं नैव देवराजस्य । यत्सुखमिहैव साधोर्लोकव्यापाररहितस्य"
॥इति॥१९१॥

**તાત્પર્યાર્થ :-** અધ્યાત્મધ્યાનયોગ જ્યારે આત્મા સાથે એકમેક બની જાય છે ત્યારે સમભાવનું સુખ ચોતરફથી ઊભરાય છે. ધ્યાન અને સમભાવ એકબીજાને નિષ્કંપ-દૃઢ અને સ્થિર કરવામાં હેતુ છે. **શ્રીયોગશાસ્ત્ર**માં (પ્રકાશ ૪-ગાથા ૧૧૪) કહ્યું છે કે-

'સમભાવ વિના ધ્યાન નિષ્કંપ બનતું નથી અને ધ્યાન વિના સમભાવ સ્થિર થતો નથી. માટે બન્ને પરસ્પર એકબીજાના હેતુભૂત છે.'

ધ્યાન અને સમભાવમાં આરૂઢ થયેલા સાધુઓ ખરેખર 'જીવન્મુક્ત' કહેવા યોગ્ય છે કારણ કે સંસારમાં જીવતા રહેવા સાથે ભૌતિક આનંદને ટક્કર મારે તેવા સાતિશય આનંદનો આવિર્ભાવ થવો તેને જ 'જીવન્મુક્તિ' કહેવામાં આવે છે. **પ્રશમરતિ** શાસ્ત્રમાં વાચક શિરોમણિ પૂ. **ઉમાસ્વાતિ** મહારાજે કહ્યું છે કે- (શ્લોક ૨૩૮-૧૨૮)

"જે સુવિહિત સાધુઓએ મદ અને મદનને પરાજિત કર્યા છે, વચન-કાયા અને મનના વિકારોને નામશેષ કરી દીધા છે, પરવસ્તુની આશાઓ છોડી દીધી છે તેઓને અહીંયાં જ મોક્ષ છે."

**તથા** "જે સુખ ચક્રવર્તિને નથી, જે સુખ ઇન્દ્રને નથી તે સુખ લૌકિક વ્યાપારશૂન્ય સાધુને અહીં જ છે. ॥૧૯૧॥

**(ભગવતીસૂત્રમાં તેજોલેશ્યા=આનંદની ઉત્તરોત્તર વૃદ્ધિ)**

अध्यात्मपरिणतिक्रमादानन्दवृद्धिक्रमे भगवतीसम्मतिमाह–

**શ્લોક ૧૯૨માં** શ્રી ભગવતી સૂત્રની સંમતિપૂર્વક-સાક્ષી આપવા સાથે કહ્યું છે કે જેમ જેમ અધ્યાત્મનો પરિણામ વધતો જાય છે તેમ તેમ આનંદ પણ વધતો જાય છે.

**भणिअं च भगवईए मासाइकमेण वंतराईणं ।**
**वीईवयंति समणा देवाणं तेउलेस्सं ति ॥१९२॥**

**શ્લોકાર્થ :-** શ્રી ભગવતી સૂત્રમાં કહ્યું છે કે શ્રમણો એક માસ આદિ પર્યાયથી વ્યંતર આદિ દેવોની તેજોલેશ્યાને ઓળંગી જાય છે. ॥૧૯૨॥

भणितं च भगवत्यां **मासादिक्रमेण**=प्रव्रज्याप्रतिपत्तिसमयादारभ्य मासादिकालक्रमेण व्यन्तरादीनां देवानां **व्यतिव्रजन्ति**=व्यतिक्रामन्ति, **श्रमणाः**=तथाविधक्रमपरिणतिमदध्यात्मध्यान-वन्तस्तेजोलेश्यामिति । तेजोलेश्या हि प्रशस्तलेश्योपलक्षणम्, सा च सुखासिकाहेतुरिति कारणे कार्योपचारात्तेजोलेश्याशब्देनात्र सुखासिका विवक्षिता ।

**તાત્પર્યાર્થ :-** તેજોલેશ્યા એટલે સુખાનુભવ. શ્રીભગવતી સૂત્રમાં જણાવ્યું છે કે સાધુઓનો દીક્ષા પર્યાય દિન દિન ચડતા પરિણામથી જેમ જેમ વધતો જાય તેમ તેમ દીક્ષા કાળથી માંડીને તે શ્રમણો કે જેઓ તેવા પ્રકારના ક્રમિક પરિણામોથી વિશિષ્ટ અધ્યાત્મ-ધ્યાન-યોગમાં નિમગ્ન છે તેઓ એક માસ વગેરેના પર્યાયક્રમથી વ્યંતર વગેરે દેવોની તેજોલેશ્યાને વટાવી જાય છે. ૬ પ્રકારની લેશ્યા છે તેમાંથી અહીં શુભતેજોલેશ્યાનું ગ્રહણ કર્યું છે એટલે ઉપલક્ષણથી બાકીની પણ બે પદ્મ-શુકલ લેશ્યાનું ગ્રહણ સમજી લેવું. આ ત્રણેય શુભ લેશ્યા સુખાનુભવના કારણભૂત હોવાથી અને પ્રસ્તુતમાં શુભલેશ્યારૂપ કારણમાં સુખાનુભવ રૂપ કાર્યનો ઉપચાર કર્યો હોવાથી પ્રસ્તુતમાં તેજોલેશ્યા શબ્દથી સુખાનુભવ અભિપ્રેત છે.

आलापकश्चायम्-"जे इमे भंते अज्जत्ताए समणा णिग्गंथा विहरंति, एते णं कस्स तेउ-ल्लेस्सं वीतिवयंति, गोयमा ! मासपरियाए समणे णिग्गंथे वाणमंतराणं देवाणं तेउलेस्सं वीति-वयंति, दुमासपरियाए समणे णिग्गंथे असुरिंदवज्जिआणं भवणवासीणं तेउलेस्सं वीतिवयन्ति, एवं एतेणं अभिलावेणं तिमासपरिआए समणे असुरकुमाराणं देवाणं तेउ०, चउमासपरिआए समणे गह-णक्खत्त-तारारूवाणं जोइसिआणं देवाणं तेउ०, पंचमासपरिआए चंदिय-सूरिआणं जोइसिआणं जोइसराईणं, छमासपरिआए सोहम्मीसाणाणं देवाणं, सत्तमासपरिआए सणंकुमार-माहिंदाणं देवाणं अट्ठमासपरिआए बंभलोग-लंतगाणं देवाणं, णवमासपरिआए महसुक्क-सहस्साराणं देवाणं, दसमासपरिआए आणय-पाणय-आरण-अच्चुआणं देवाणं, एक्कारसमास-परिआए गेवेज्जगाणं देवाणं, बारसमासपरिआए समणे णिग्गंथे अणुत्तरोववाइआणं देवाणं तेउ-लेस्सं

वीतिवयंति । तेण परं सुक्के सुक्काभिजातिए भवित्ता ततो पच्छा सिज्झइ जाव अंतं करेइ[२००]" त्ति ॥१९२॥

શ્રીભગવતી સૂત્રના પાઠનો ભાવાર્થ આ પ્રમાણે છે-(ગૌતમ ગણધર ભગવાનને પૃચ્છા કરે છે, અને ભગવાન તેનો ઉત્તર આપે છે).

(ગૌ૦)-હે ભગવન્ત ! આ કાળમાં જે શ્રમણ નિર્ગ્રન્થો વિચરે છે તે કોની તેજોલેશ્યાને વટાવી જાય છે ?

(ભગ૦)-હે ગૌતમ ! એક માસ પર્યાયવાળા શ્રમણ નિર્ગ્રન્થ વાણમંતર દેવોની તેજોલેશ્યાને વટાવી જાય છે. બે માસ પર્યાયવાળા શ્રમણ નિર્ગ્રન્થો અસુરેન્દ્ર સિવાયના ભવનવાસી દેવોની તેજોલેશ્યાને વટાવી જાય છે. આ જ રીતે ઉચ્ચારણ કરતા કરતા ત્રણ માસ પર્યાયવાલા શ્રમણો અસુરકુમાર દેવોની તેજોલેશ્યાને, ચાર માસવાળા શ્રમણો ગ્રહ-નક્ષત્ર-તારા રૂપ જ્યોતિષી દેવોની તેજોલેશ્યાને, પાંચ માસ પર્યાયવાળા શ્રમણો ચન્દ્રસૂર્યની જ્યોતિષ શ્રેણિના જ્યોતિષી દેવોની તેજોલેશ્યાને, છ માસ પર્યાયવાળા સૌધર્મ અને ઈશાન દેવોની, સાત માસ પર્યાયવાળા સનત્કુમાર-માહેન્દ્રની, આઠ માસ પર્યાયવાળા સાધુઓ બ્રહ્મલોક-લાંતકની, નવ માસ પર્યાયવાળા સાધુઓ મહાશુક્ર-સહસ્રાર દેવોની, દશ માસ પર્યાયવાળા આનત-પ્રાણત-આરણ-અચ્યુત દેવોની, અગિયાર માસ પર્યાયવાળા સાધુઓ ગ્રૈવેયક દેવોની અને બાર માસ પર્યાયવાળા શ્રમણ નિર્ગ્રન્થો અનુત્તરવાસી દેવોની તેજોલેશ્યાને વટાવી જાય છે. ત્યાર પછી તેનાથી વધારે પર્યાયવાળા નિર્ગ્રન્થો શુક્લ અને શુક્લાભિજાત થઈને, ત્યાર બાદ સિદ્ધ થાય છે. યાવત્ અંતક્રિયા કરે છે. ॥૧૯૨॥

नन्वीदृशोऽध्यात्मध्यानयोगो मोक्षवत् कालान्तरभावीति कस्तदुपाय इत्याकाङ्क्षायां नयमतभेदेनाह—

**શંકા** :- મોક્ષફલક અધ્યાત્મધ્યાનયોગ મોક્ષની જેમ આ કાળમાં તો થઈ શકે તેમ નથી તો તેનો ઉપાય શું ? નયભેદથી તેનો ઉપાય ૧૯૩માં શ્લોકમા દર્શાવ્યો છે.

**एयस्स पुण उवाओ णिच्छयओ इह तहापरिणतप्पा ।**
**कल्लाणमित्तजोगाइओ अ ववहारओ णेओ ॥१९३॥**

---

२०० य इमे भदन्त अद्यतावच्छ्रमणा निर्ग्रन्था विहरन्ति एते कस्य तेजोलेश्यां व्यतिव्रजन्ति, गौतम ! मासपर्यायः श्रमणो निर्ग्रन्थो वानमन्तराणां देवानां तेजोलेश्यां व्यतिव्रजति, द्विमासपर्यायः श्रमणो निर्ग्रन्थोऽसुरेन्द्रवर्जितानां भवनवासिनां तेजोलेश्यां व्यतिव्रजति, एवमेतेनाभिलापेन त्रिमासपर्यायः श्रमणः असुरकुमाराणां देवानां तेजोलेश्यां व्यतिव्रजति, चतुर्मासपर्यायः श्रमणो ग्रहनक्षत्रतारारूपाणां ज्योतिष्कानां देवानां तेजोलेश्यां व्यतिव्रजति, पंचमास-पर्यायः चन्द्रसूर्याणां ज्योतिष्काणां ज्योतिरीश्वराणां, षण्मासपर्यायः सौधर्मेशानानां देवानाम्० सप्तमासपर्यायः सनत्कुमारमाहेन्द्राणां देवानाम्० अष्टमासपर्यायः ब्रह्मलोकलान्तकानां देवानाम्० नवमासपर्यायः महाशुक्रसहस्राराणां देवानाम्० दशमासपर्यायः ग्रैवेयकानां देवानाम्० द्वादशमासपर्यायः श्रमणो निर्ग्रन्थः अनुत्तरौपपातिकानां देवानां तेजोलेश्यां व्यतिव्रजति, ततः परं शुक्लः शुक्लाभिजात्यो भूत्वा ततः पश्चात्सिद्ध्यति यावदन्तं करोतीति ॥

**શ્લોકાર્થ :-** નિશ્ચયનયથી તથાપરિણત આત્મા એ જ ઉપાય છે. વ્યવહારનયથી કલ્યાણ મિત્ર વગેરેનો યોગ જાણવો. ॥૧૯૩॥

**(નિશ્ચય-વ્યવહારથી અધ્યાત્મ-ધ્યાનનો ઉપયોગ)**

**एतस्य**=काष्ठाप्राप्ताध्यात्मध्यानयोगस्य पुनरुपायो निश्चयत **इह**=जिनशासने, **तथापरिणतः**=तदावरणक्षयोपशमोत्थपरिणामवानात्मा, तन्नये तत्कुर्वद्रूपस्यैव तत्कारणत्वात्, व्यवहारतश्च कल्याणमित्रयोगादिस्तदुपायस्तन्नये 'स्वेतरसकलकारणसत्त्वे यत्सत्त्वे यत्सत्त्वं यदभावे च यदभावः' तस्यैव तत्कारणत्वात्, भवति च स्वेतराऽपुनर्बन्धकभावादिकारणसत्त्वे कल्याणमित्रयोगादिसत्त्वे कुवासनानाशादिद्वाराऽध्यात्मप्राप्तिस्तदभावे च तदभाव इत्यविकलं तस्य तद्धेतुत्वम् ॥१९३॥

**તાત્પર્યાર્થ :-** આ જૈનશાસનમાં આચારને અનુલક્ષીને બે નયો દર્શાવાયા છે. નિશ્ચયનય સૂક્ષ્મદૃષ્ટિથી આચારોનું નિરૂપણ કરે છે. વ્યવહારનય સ્થૂલદૃષ્ટિથી આચારોનું નિરૂપણ કરે છે. નિશ્ચયનય કહે છે કે પ્રકૃષ્ટ કોટિના અધ્યાત્મ ધ્યાનનો ઉપાય આત્મા પોતે જ છે. કેવો આત્મા ? જેને પ્રબળ મોહનીય કર્મના આવરણના ક્ષયોપશમથી શુદ્ધ પરિણામનો ઉદય થયો છે તેવો આત્મા. નિશ્ચયનયના મતે કુર્વદ્રૂપ એટલે કે વિના વિલંબે કાર્યોત્પાદક ભાવને જ કારણ રૂપે માનવામાં આવે છે. વ્યવહારનયથી અધ્યાત્મ-ધ્યાનયોગની પ્રાપ્તિનો ઉપાય કલ્યાણમિત્રનો યોગ વગેરે જાણવા. વ્યવહારનયથી જે એક પદાર્થના બીજા ભાવ પ્રત્યે અન્વય-વ્યતિરેક ઉભય હોય તે પદાર્થને તે ભાવ પ્રત્યે કારણ માનવામાં આવે છે. (૧) "ઇતરસકલકારણસામગ્રીની વિદ્યમાનતામાં કારણ રૂપે અભિપ્રેત એક પદાર્થ હોતે છતે અન્યભાવનું અસ્તિત્વ હોવું (૨) અને તે પદાર્થના અભાવમાં તે અન્યભાવનું અસ્તિત્વ ન હોવું"-આને (૧) અન્વય અને (૨) વ્યતિરેક કહેવાય. કલ્યાણમિત્ર યોગથી ઇતર સકલ અપુનર્બંધકભાવાદિ કારણસામગ્રીની વિદ્યમાનતામાં કલ્યાણમિત્ર યોગ હોય તો ભૂંડી વાસનાઓના વિનાશ આદિ દ્વારા અધ્યાત્મની પ્રાપ્તિ થાય છે, કલ્યાણમિત્રના અભાવમાં તે નથી થતી. આ પ્રમાણે કલ્યાણમિત્રયોગને અધ્યાત્મ પ્રત્યે અન્વય-વ્યતિરેક હોવાથી કલ્યાણમિત્ર યોગ આદિ અધ્યાત્મનો હેતુ સિદ્ધ થાય છે. ॥૧૯૩॥

**विकलानुष्ठानानामपि "जा जा हविज्ज जयणा, सा सा से णिज्जरा होइ" इत्यादि-वचनप्रामाण्यात् यत्किंचिद्विध्यनुष्ठानस्य इच्छायोगसंपादकतदितरस्यापि बालाद्यनुग्रहसम्पा-दकत्वेनाऽकर्त्तव्यत्वाऽसिद्धेः ।**

('અપરિપૂર્ણ ધર્માનુષ્ઠાનો અકર્ત્તવ્ય છે' એ વાત અસિદ્ધ છે, કારણ કે 'જે જે (અંશે) જયણા પળાય તે તે (અંશે) તેને નિર્જરા થાય છે' આ પ્રમાણભૂત વચનથી ઓછુવત્તુ વિધિ-અનુષ્ઠાન તેમજ ઇચ્છાયોગ પ્રાપક અવિધિ અનુષ્ઠાન પણ બાલ આદિ જીવોને ઉપકાર કરનારું છે.)

યોગવિંશિકા શ્લો. ૧૬ ઉપા. યશોવિજય કૃત ટીકામાંથી

## ઉપદેશ ૪૩ - કલ્યાણમિત્રયોગ આદિ ૧૫ ઉપાયો

कल्याणमित्रयोगादिकमेव कर्त्तव्यत्वेनोपदिशन्नाह–

કલ્યાણમિત્રનો યોગ વગેરે પંદર ઉપાયોની પ્રાપ્તિ માટે પુરુષાર્થ કરવો એ જ કર્તવ્ય છે તે ૧૯૪મા શ્લોકમાં સૂચવ્યું છે.

**संबंधो कायव्वो सद्धिं कल्लाणहेउमित्तेहिं ।**
**सोअव्वं जिणवयणं धरियव्वा धारणा सम्मं ॥१९४॥**

**શ્લોકાર્થ :-** (૧) કલ્યાણહેતુ મિત્રો સાથે સત્સંગ રાખવો (૨) જિનવચન શ્રવણ કરવું, અને (૩) બરાબર ધારવાયોગ્ય ધારવું. ॥૧૯૪॥

**(કલ્યાણમિત્રયોગ આદિ ૩ ઉપાયો)**

**कल्याणहेतुमित्रैः**=श्रेयोहेतुस्निग्धलोकैः सह सम्बन्धः कर्त्तव्योऽकल्याणमित्रयोगस्यानर्थहेतुत्वात्, कल्याणमित्राऽयोगे च बीजाधानाद्ययोगान्नियमोऽयम् । तथा **जिनवचनं**=वीतरागभाषितमङ्गप्रकीर्णकादिभेदभिन्नम् **श्रोतव्यं**=आकर्णनीयं नियोगेन, प्रतिदिनमेतदाकर्णनेनैव संवेगादिस्थैर्यसिद्धिः । तथा धर्त्तव्या धारणा श्रुतार्थाऽविस्मरणानुकूलव्यापाररूपा **सम्यक्**=शास्त्राऽविरोधेन ॥१९४॥

**તાત્પર્યાર્થ :-** (૧) આપણું કલ્યાણ ઇચ્છતા હોય એવા સ્નેહી મિત્રોના સતત સંપર્કમાં રહેવું જોઈએ. કુવાસનાઓને ઉત્તેજિત કરે તેવા અકલ્યાણકર કુમિત્રોના કુસંગથી દૂર રહેવું. કારણ કે તેનાથી ઘણો અનર્થ થવાની શક્યતા છે. જ્યાં સુધી કલ્યાણમિત્રનો યોગ ન થાય ત્યાં સુધી જેવું મોક્ષમાર્ગનું બીજાધાન થવું જોઈએ તેવું થતું નથી, એ નિયમ છે. તથા (૨) અધ્યાત્મયોગ પ્રાપ્તિ માટે બીજો મહત્ત્વનો ઉપાય જિનવચનનું શ્રવણ છે. અંગ-ઉપાંગ-પ્રકીર્ણક વગેરે અનેક પ્રકારનું વીતરાગ કેવલી પ્રસાદિત વચનામૃતનું રોજ રોજ નિયમિત પાન કરવાથી સંવેગ વગેરે અતિમહત્ત્વના ગુણો વધુ ને વધુ સ્થિર થાય છે. (૩) શ્રવણ કરેલ જિનવચનના તાત્પર્યાર્થને ન વીસરાય તે રીતે દૃઢ પણે ધારણ કરવો જોઈએ. ધારી રાખેલા એ અર્થમાં જિનવચનનો વિરોધ છે કે નહિ તે તપાસવું જોઈએ. ॥૧૯૪॥

**कज्जो परोवयारो परिहरिअव्वा परेसि पीडा य ।**
**हेया विसयपवित्ती भावेयव्वं भवसरूवं ॥१९५॥**

**શ્લોકાર્થ :-** (૪) પરોપકાર કરવો. (૫) પરપીડાનો પરિહાર કરવો (૬) વિષયપ્રવૃત્તિનો ત્યાગ કરવો (૭) ભવસ્વરૂપ(ની અસારતા)ની ભાવના કરવી. ॥૧૯૫॥

**(પરોપકાર આદિ ૪ ઉપાયો)**

तथा **कार्यो**=विधेयः, **परेषां**=स्वव्यतिरिक्तानामु**पकार** आयतिहितानुकूलो व्यापारस्तस्य स्वोपकारानुबन्धप्रधानत्वात्, तथा परिहर्त्तव्या परेषां पीडा, परपीडापरिहारपरिणामस्यैव स्वपीडा-

परिहारफलकत्वात्, तथा **हेया**=त्याज्या संकल्पमूलवैमुख्येन **विषयप्रवृत्तिः**=कामभोगासक्तिः, संकल्पनिरास एव कामनिरासाद्, तदुक्तम्—

''काम जानामि ते मूलं संकल्पात् किल जायसे । अतस्तं न करिष्यामि ततो मे किं करिष्यसि ॥१॥''

तथा **भावयितव्यं**=विचारणीयं भवस्वरूपम् । तथाहि-

''यथेह लवणांभोभिः पूरितो लवणोदधिः । शारीरमानसैर्दुःखैरसंख्येयैर्भवस्तथा ॥१॥

किञ्च स्वप्नाप्तधनवन्न तथ्यमिह किञ्चन ॥ असारं राज्यवाज्यादि तुषखंडनवत्तथा ॥२॥

तडिदाडंबराकारं सर्वमत्यन्तमस्थिरम् । मनोविनोदफलदं बालधूलीगृहादिवत् ॥३॥

यश्च कश्चन कस्यापि जायते सुखविभ्रमः । मधुदिग्धासिधाराग्रग्रासवन्नैव सुन्दरः ॥४॥ इत्यादि॥१९५॥

**तात्पर्यार्थ** :- (૪) પોતાનાથી અન્ય જીવો પર એવો ઉપકાર કરવો કે જેથી તેનું ભવિષ્યમાં હિત થાય. પરોપકારમાં સ્વઉપકારની પરંપરા પ્રધાનપણે સમાયેલી છે.

(૫) કોઈ પણ જીવને લેશમાત્ર પણ પીડા ન ઊપજે એવી સાવધાની મન-વચન-કાયાના વર્તનમાં રાખવી. પરને પીડાના પરિહારનો પરિણામ વસ્તુતઃ પોતાને જ ભવિષ્યમાં પીડામાંથી મુક્ત કરનાર છે.

(૬) વિષય પ્રવૃત્તિનો ત્યાગ કરવો એટલે કે કામ-ભોગમાં આસક્તિ ન રાખવી. કામભોગની ઇચ્છાનું મૂળ વિષયોના સંકલ્પ છે. અર્થાત્ વારંવારના વિચાર છે. એ વિચારોને દબાવવાથી, તે વિચારોથી પરાઙ્મુખ થવાથી કામભોગની ઇચ્છાઓ પણ નાબૂદ થાય છે. કહ્યું છે કે-

'હે કામ ! હું તારું મૂળ જાણું છું. સંકલ્પથી તારો જન્મ થાય છે, માટે હું સંકલ્પ જ નહિ કરું, પછી તું મને શું કરશે ?'

(૭) ભવસ્વરૂપની અસારતા પર વિચાર કરવો-તે આ રીતે-''જેમ લવણ સમુદ્ર ખારા જળના ભંડારથી ભર્યો પડ્યો છે, તેમ અસંખ્ય પ્રકારના શારીરિક-માનસિક દુઃખોથી આ સંસાર ખીચોખીચ ભરેલો છે.''

જેમ કોઈ માણસને સ્વપ્નમાં અખૂટ સંપત્તિનો લાભ થાય પણ એ ભ્રમણા છે તેમ રાજ્ય, વાહન, વગેરેનો લાભ પણ ફોફાં ખાંડવા જેવો અસાર છે.

સર્વ પદાર્થો વીજળીના ચમકારાની જેમ અત્યંત ક્ષણભંગુર છે. બાળકોની ધૂલિક્રીડામાં ગૃહરચના તુલ્ય બધું જ મનને માત્ર ક્ષણિક મોજ કરાવનારું છે.

કદાચ કોઈને સંસારમાં સુખની ભ્રમણા થઈ જતી હોય તો તે પણ મધથી લેપાયેલી તલવારની ધારાને ચાટવા જેવું અશોભાસ્પદ છે, દુઃખદ છે, ઇત્યાદિ રીતે ભવસ્વરૂપની વિચારણા કરવી.

**पुज्जा पूएअव्वा न निंदियव्वा य केइ जियलोए ।**
**लोगोणुवत्तिअव्वो गुणरागो होइ कायव्वो ॥१९६॥**

**શ્લોકાર્થ :-** (૮) પૂજ્યોની પૂજા કરવી (૯) જીવલોકમાં કોઈની નિંદા કરવી નહિ (૧૦) લોકનું અનુવર્ત્તન કરવું અને (૧૧) ગુણાનુરાગ કેળવવો. ॥૧૯૬॥

**(પૂજ્યપૂજા આદિ ૪ ઉપાયો)**

तथा पूज्याः=लोकलोकोत्तरभावानुगता महान्तः पूजनीयाः, तथा न निन्दितव्याः केचिज्जघन्यमध्यमोत्कृष्टभेदभाजो जन्तवो जीवलोके, तथा लोकोऽ**नुवर्त्तितव्यः**=स्वप्रवृत्त्यनुकूलतया सेवनीयः, तथा च पठ्यते- [ ]

"लोकः खल्वाधारः सर्वेषां धर्मचारिणां सम्यक् । तस्माद्धर्मविरुद्धं लोकविरुद्धं च संत्याज्यम् ॥१॥

तथा **गुणरागः**=औदार्यदाक्षिण्यादिगुणबहुमानो भवति कर्त्तव्यः, कुतोऽपि वैगुण्यात् स्वयं गुणानुष्ठानाऽसामर्थ्येऽपि हि निबिडगुणानुरागवशात्तदनुष्ठानफलवन्तो भवन्ति जन्तव इति ॥१९६॥

**તાત્પર્યાર્થ :-** (૮) લૌકિક અને લોકોત્તર રીતે જેઓ બહુમાન-આદર સન્માનને પાત્ર છે તેઓની પૂજા કરવી.

(૯) લઘુ-મધ્યમ કે ઉચ્ચકક્ષાના કોઈપણ જીવની આ જીવલોકમાં નિંદા કરવી નહિ. તથા

(૧૦) પોતાની ઉચિત ધર્મપ્રવૃત્તિઓમાં લોકો પણ અનુકૂળભાવ દાખવે તે રીતે લોકો સાથે સુમેળ રાખવો. કહ્યું છે કે-

સઘળાય ધર્માચારીઓ અર્થાત્ સઘળાય ધર્મસાધકો માટે લોકસમૂહ મહત્ત્વનો આધાર છે. માટે ધર્મ અને લોક ઉભયથી વિરુદ્ધ હોય તેનો પરિહાર કરવો.

(૧૧) જે આત્માઓમાં ઉદારતા-દાક્ષિણ્ય વગેરે સદ્ગુણો ખીલ્યા હોય તેના પ્રત્યે બહુમાનભાવ ધારણ કરવો તે ગુણાનુરાગ છે. સામગ્રીની વિકલતાના કારણે અમુક ગુણોની આરાધના જેઓ ન કરી શકે તે આત્માઓ પણ સુદઢ ગુણાનુરાગના પ્રભાવે તે ગુણોની આરાધનાનું ફળ પ્રાપ્ત કરી શકે છે.

**अगुणे मज्झत्थत्तं कायव्वं तह कुसीलसंसग्गी ।**
**वज्जेअव्वा जत्ता परिहरिअव्वो पमादो अ ॥१९७॥**

**શ્લોકાર્થ :-** (૧૨) નિર્ગુણમાં મધ્યસ્થ રહેવું (૧૪) પ્રયત્નપૂર્વક કુશીલસંસર્ગનો ત્યાગ કરવો અને (૧૪) પ્રમાદનો પરિહાર કરવો ॥૧૯૭॥

**(નિર્ગુણોમાં માધ્યસ્થ્ય વગેરે ૩ ઉપાયો)**

**अगुणे**=निर्गुणे पुरुषे **मध्यस्थत्वं**=औदासीन्यम् कर्त्तव्यं, तत्प्रशंसानिन्दयोरुभयतः पाशारज्जुस्थानीयत्वात्, तथा **कुशीलसंसर्गिः**=असदाचारजनालापसंवासादिलक्षणा वर्जयितव्या, **यत्नाद्**=आद-रात्, तस्या दोषसङ्क्रान्तिनिमित्तत्वात्, तथा च पठ्यते-[ओघ० नि०] [२०१]"अंबस्स य निंबस्स दोण्हं पि समागयाइं मूलाइं । संसग्गीइ विणट्ठो अंबो निंबत्तणं पत्तो ॥ इत्यादि ।

**च**=पुनः, **प्रमादो**=ऽज्ञानसंशयमिथ्याज्ञानादिरष्टप्रकारः, परिहर्त्तव्यस्तस्यैव सर्वानर्थमूलत्वात्। तदुक्तम्-

"यच्च प्रयान्ति पुरुषाः स्वर्गे, यच्च प्रयान्ति विनिपातम् ।
तत्र निमित्तमनार्यः प्रमाद इति निश्चयोऽयं मे ॥१॥" ॥१९७॥

**તાત્પર્યાર્થ :-** (૧૨) જે પુરુષો નિર્ગુણ હોય, દુરાચારી અને કદાગ્રહી હોય તેઓની પ્રશંસા કરીએ તો પણ દોષ લાગે અને નિંદા કરીએ તો તેઓ તરફથી ઉપદ્રવના ભોગ બનવું પડે, માટે ઉભય રીતે દોષ હોવાથી તેઓ પ્રત્યે મધ્યસ્થ=ઉદાસીન રહેવું તે જ ઉચિત છે.

(૧૩) તથા, કુશીલિયાઓનો સંસર્ગ ન રાખવો, એટલે કે દુરાચારી લોકો સાથે બોલવા-ચાલવાનું રાખવું નહિ. કુશળ પ્રયત્નથી તેમના સહવાસનો પણ ત્યાગ કરવો, નહિ તો તેમનામાં રહેલા દોષોનો ચેપ આપણને પણ લાગવાનો સંભવ છે. કહ્યું છે કે-

"આંબા અને લીમડાનાં મૂળિયાં ભેગાં થયાં તો સંસર્ગના કારણે આંબો નષ્ટ થઈ કડવો લીમડો થયો (અર્થાત્ આંબાનાં અંગેઅંગ કડવાં થઈ ગયાં.)"

(૧૪) સર્વ અનર્થોનું મૂળ પ્રમાદ છે. એટલે અજ્ઞાન, સંશય, મિથ્યાજ્ઞાન વગેરે આઠેય પ્રકારના પ્રમાદનો ત્યાગ કરવા કટિબદ્ધ થવું. કહ્યું છે કે-"જે પુરુષો સ્વર્ગપ્રયાણ કરે છે પણ પછી ત્યાંથી પતિત થાય છે તેનું મૂળ હોય તો અનાર્ય પ્રમાદ છે. આ અમારો નિશ્ચય છે." ॥૧૯૭॥

**छिन्दिउमसुहविगप्पं कोहाइकसायचायसुद्धीए ।**
**सहजं आयसरूवं भावेयव्वं जहावसरं ॥१९८॥**

**શ્લોકાર્થ :-** (૧૫) અશુભ વિકલ્પોનો છેદ કરીને ક્રોધાદિ કષાયનો ત્યાગ કરી, શુદ્ધ બની યથાઅવસર સહજ આત્મસ્વરૂપનું ધ્યાન કરવું. ॥૧૯૮॥

**(સહજ આત્મસ્વરૂપની ભાવના - ૧૫મો ઉપાય)**

छिन्दित्वाऽ**शुभविकल्पं**=स्फटिकोपरागस्थानीयमशुद्धोपयोगपरिणामम्, क्रोधादीनां कषायाणां त्यागेन या **शुद्धिः**=स्वभावसमवस्थानलक्षणा तया हेतुभूतया, सहजमविकृतमात्मस्वरूपं

२०१आम्रस्य च निम्बस्य च द्वयोरपि समागतानि मूलानि । संसर्ग्या विनष्ट आम्रो निम्बत्वं प्राप्तः ।

कूटस्थस्व-स्वभावलक्षणम् भावयितव्यं=ध्यातव्यम्, यथावसरं=स्वस्थताकालौचित्येन, **अपकृष्टाध्यात्मध्यान-स्यैवोत्कृष्टाध्यात्मध्यानहेतुत्वाद्दलवृद्धेरेवोत्कर्षाङ्गत्वात्** ॥१९८॥

**તાત્પર્યાર્થ :-** (૧૫) સહજ આત્મસ્વરૂપનું ધ્યાન એ પરમ કર્તવ્ય છે. એ માટે સ્ફટિકરત્નમાં જપાકુસુમના ઉપરાગ તુલ્ય મોહોદયજન્ય અશુભ ઉપયોગપરિણામ=અશુભ વિકલ્પોનો પરિહાર અનિવાર્ય છે. જેમ સ્ફટિકની શુદ્ધ અને નિર્મળપ્રભા અન્ય પદાર્થના સાન્નિધ્યથી મલિન થાય છે તેમ કર્મરૂપ અન્ય પદાર્થના સંસર્ગથી આત્માનો શુદ્ધોપયોગ સ્વરૂપ પ્રકાશ પણ મલિન થાય છે. એ મલિનતા રૂપ અશુદ્ધ ઉપયોગ ટાળવા માટે અશુભ સંકલ્પ-વિકલ્પોથી બચતા રહેવું. ક્રોધ-માન-માયા-લોભાદિ કષાયો આત્મવિશુદ્ધિમાં મહાન અંતરાય-જનક છે. માટે તેનો પણ ત્યાગ કરવો જરૂરી છે. એના ત્યાગથી આત્મા પોતાના સ્વભાવમાં અવસ્થિત થઈ શકે છે. આ રીતે આત્માને શુદ્ધ કરી અર્થાત્ સ્વસ્વભાવમાં અવસ્થિત કરી, પોતાની સ્વસ્થતા અને યોગ્યકાળ મુજબ પોતાના સહજ અધિકૃત શાશ્વત આત્મસ્વરૂપની ભાવનામાં તલ્લીન બનવું તે અધ્યાત્મ ધ્યાન છે. આરંભમાં આ અધ્યાત્મધ્યાન બાળક અવસ્થાની જેમ મંદકક્ષાનું હોય છે. પરંતુ એના જ સતત નિરંતર સબહુમાન અભ્યાસથી ચરમકક્ષાના અધ્યાત્મધ્યાનમાં આરોહણ થાય છે, પ્રવેશ થાય છે. જેમ જેમ કારણીભૂત ભાવમાં ઉત્કર્ષ સધાતો જાય છે તેમ તેમ તેનું કાર્ય પણ વધારે ને વધારે શ્રેષ્ઠતા પ્રાપ્ત કરે છે. ॥૧૯૮॥

आत्मस्वरूपभावनाऽऽकारमाह—

શ્લોક ૧૯૯માં આત્મસ્વરૂપની ભાવનાના આકારનો ઉપન્યાસ કર્યો છે.

**देहं गेहं च धणं सयणं मित्ता तहेव पुत्ता य ।**
**अण्णा ते परदव्वा एएहिंतो अहं अण्णो ॥१९९॥**

**શ્લોકાર્થ :-** શરીર, ઘર, ધન, પલંગ, મિત્ર તથા પુત્રો પણ અન્ય=પરદ્રવ્ય સ્વરૂપ છે. તે બધાથી હું જુદો છું. ॥૧૯૯॥

देहं=शरीरम् गेहं=मन्दिरम् धनं=द्रव्यम् शयनं=शय्यास्थानम् मित्राणि=वयस्याः तथैव च पुत्राः=अङ्गजाः, अन्यास्ते परद्रव्यरूपाः, एतेभ्योऽ**हमन्यो**=भिन्नस्वभावः, अतो देहादावहंकारादि-विधानमज्ञानविजृम्भितमिति, कूटस्थस्वभावोऽहं कथमाद्रिये विकारनिमित्तं परद्रव्यम् ? ॥१९९॥

### (હું શરીર આદિથી અન્ય છું)

**તાત્પર્યાર્થ :-** શરીર એ મારા આત્માથી પર વસ્તુ છે. ઘર, હાટ, હવેલી, મંદિર-માળિયા વગેરે બધું જ મારાથી અન્ય છે. પલંગ-પથારી વગેરે પણ જડ-પુદ્ગલ દ્રવ્ય હોવાથી મારા આત્માથી અન્ય છે. દિલ ખોલીને વાતો કરી શકાય તેવા મિત્રો પણ મારા આત્માથી

ભિન્ન છે. મારા પુત્રો પણ મારા નથી. 'जगमें न तेरा कोई'. બધું જ પરદ્રવ્ય સ્વરૂપ છે, જેના પર મારો કોઈ અધિકાર નથી. પરદ્રવ્યનો સ્વભાવ એ પરદ્રવ્યનો છે, મારો નથી. મારો સ્વભાવ પરદ્રવ્યના સ્વભાવથી ભિન્ન છે. આ શરીરમાં અનાદિ કાળથી 'હું' પણાની બુદ્ધિ પ્રવર્તી રહી છે તે મહાઅજ્ઞાનનું તાંડવ છે. કારણ કે શરીર અનિત્ય-જડ-રૂપી-મૂર્ત અને પરમાણુ-પુદ્‌ગલના ઢગલા રૂપ છે. જ્યારે મારો આત્મા શાશ્વત-ચેતન-અરૂપી-અમૂર્ત અને અસંખ્ય પ્રદેશમય છે. અછેદ્ય-અભેદ્ય છે.

જે ધન વગેરેને હું મારું મારું કરી મરી રહ્યો છું તે ધન સંપત્તિ ખરેખર મારી નથી. અનંતજ્ઞાન-અનંતસુખ-અનંતશક્તિ એ જ મારું શાશ્વત ધન છે. પરદ્રવ્યના સંગથી જો મારો કૂટસ્થ સ્વભાવવાળો આત્મા વિકૃત થતો હોય, પોતાનું સ્વરૂપ ખોઈ બેસતો હોય તો તેવા પરદ્રવ્યનો આશ્રય કરવાની મારે જરૂર નથી. ॥૧૯૯॥

ननु यद्येवं विकारनिमित्तत्वात्सर्वमेव हेयं परद्रव्यं किं तदोपादेयमिति ध्यायेदित्याह–

જો એ રીતે વિકારનું નિમિત્ત હોવાથી સઘળાય પરદ્રવ્યનો ત્યાગ જ કરવાનો હોય તો પછી આદર કોનો કરવાનો ? કોનું ધ્યાન કરવાનું ? ઉત્તર–

**आयसरूवं णिच्चं अकलंकं नाणदंसणसमिद्धं ।**
**णियमेणोवादेयं जं सुद्धं सासयं ठाणं ॥२००॥**

**શ્લોકાર્થ :-** નિત્ય, નિષ્કલંક, જ્ઞાન-દર્શન-સમૃદ્ધ-અવશ્ય ઉપાદેય, શાશ્વત પદ રૂપ શુદ્ધ આત્મસ્વરૂપનું ધ્યાન કરવું. ॥૨૦૦॥

### (શુદ્ધ-બુદ્ધ આત્મસ્વરૂપનું ધ્યાન)

आत्मस्वरूपं **नित्यम**नादिनिधनम् **अकलंकं**=निश्चयतोऽविकृतरूपं चारित्रमर्यादामुपगतम् तथा ज्ञानदर्शनाभ्यां **समृद्ध**मुपचितम्, **नियमेन**=नियोगेनोपादेयम्, **यत् शुद्धं**=कर्ममलक्षयपवित्रं सत् शाश्वतं **स्थानं**=परमपदलक्षणम् ॥२००॥ सर्वस्वोपदेशमाह–

**તાત્પર્યાર્થ :-** જેનું સ્વરૂપ શાશ્વત-અવિનશ્વર છે, નિષ્કલંક છે, અર્થાત્ નિશ્ચયથી ચારિત્રની સીમા પર પહોંચેલું અવિકૃત જેનું સ્વરૂપ છે, તથા જે જ્ઞાન અને દર્શનથી સમૃદ્ધ છે. પરમપદ મોક્ષ જ જેના માટે યોગ્ય સ્થાન છે, જે અવશ્ય પરમ ઉપાદેય સ્વરૂપ છે એવું, આત્માનું કર્મમળના ક્ષયથી અત્યંત પવિત્ર આત્મસ્વરૂપ એ જ સદાને માટે ધ્યેય છે. ॥૨૦૦॥

### (ગ્રન્થકાર મહર્ષિનો અંતિમ ઉપદેશ)

ગ્રન્થકાર શ્રીમદ્ ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ સાહેબ ઉપદેશરહસ્ય ગ્રન્થની પૂર્ણાહુતિ અવસરે શ્લોક ૨૦૧માં સમગ્ર ઉપદેશના રહસ્યભૂત-સારભૂત-સર્વસ્વભૂત-અંતિમ ઉપદેશ ફરમાવી રહ્યા છે–

**किं बहुणा इह जह जह रागद्दोसा लहुं विलिज्जंति ।**
**तह तह पयट्टिअव्वं एसा आणा जिणिंदाणं ॥२०१॥**

**શ્લોકાર્થ :-** "શું ઘણું કહીએ ! જે જે રીતે વહેલામાં વહેલો રાગ-દ્વેષનો વિલય થાય તે તે રીતે પ્રવર્તવું આ જિનેન્દ્ર ભગવાનની આજ્ઞા છે. ॥૨૦૧॥

'किं बहुणा इह जह' इत्यादि, अन्यत्र सुविवृतेयं गाथा ॥

આ ગાથાનું વિવરણ શ્રીમદ્ ઉપાધ્યાયજી મહારાજે અન્યત્ર કર્યું હોવાથી અને સરળ હોવાથી અહીં કર્યું નથી. ॥૨૦૧॥

**तवगणरोहणसुरगिरिसिरिणयविजयाभिहाणविबुहाणं ।**
**सीसेण पियं रइअं पगरणमिणमायसरणट्ठं ॥२०२॥**

**अणुसरिय जुत्तिगब्भं पुव्वायरियाण वयणसंदब्भं ।**
**जं काउमिणं लद्धं पुण्णं तत्तो हवउ सिद्धी ॥२०३॥**

सुगममिति ॥

**(ગ્રન્થરચના હેતુ અને અંતિમ અભિલાષા)**

તપાગચ્છ રૂપી દિવ્ય રોહણાચલ સમાન શ્રી નયવિજયજી નામના પંડિતના શિષ્યે આત્મસ્મૃતિહેતુ આ પ્રીતિ - ઉત્પાદક પ્રકરણની રચના કરી. ॥૨૦૨॥

યુક્તિના મર્મોને અનુસરીને જે પૂર્વાચાર્યોના જ વચનોનું અહીં ગુંથન કર્યું છે તે કરવાથી જે પુણ્યનું ઉપાર્જન થયું તેનાથી સ્વપરભવ્યજીવો પરમપદને પ્રાપ્ત કરો. ॥૨૦૩॥

॥ अथ काव्यम् ॥

**यस्यासन्गुरवोऽत्र जीतविजयप्राज्ञाः प्रकृष्टाशयाः ।**
**भ्राजन्ते सनया नयादिविजयप्राज्ञाश्च विद्याप्रदाः ॥**
**प्रेम्णां यस्य च सद्म पद्मविजयो जातः सुधीः सोदरः ।**
**तेन न्यायविशारदेन विवृतो ग्रन्थः स्वयं निर्मितः ॥१॥**

**॥ उपदेशरहस्यनामा ग्रन्थः समाप्तः ॥**

## ટીકાકાર મહર્ષિકૃત અંતિમ મંગલ પ્રશસ્તિ

પ્રકૃષ્ટ કોટિના આશયવાળા પંડિત પુરુષ શ્રી જિતવિજય ગુરુવર્ય આ તપાગચ્છમાં થયા. તેઓના શિષ્યરત્ન વિદ્યાપ્રદાયક અને ન્યાયથી અલંકૃત પંડિત પુરુષ શ્રી નયવિજય મહારાજ શોભી રહ્યા છે. પ્રેમસદન શ્રી પદ્મવિજય પંડિતના (સહોદરબંધુ) ન્યાયવિશારદ શ્રી યશોવિજયજી મહારાજે પોતે નિર્માણ કરેલા ગ્રન્થનું વિવરણ કર્યું.

શ્રી જિતવિજય મહારાજ ગ્રંથકારના દાદા ગુરુ થાય, શ્રી નયવિજય મહારાજ ગ્રંથકારના ગુરુ હતા અને તેમની પાસે તેઓએ જૈન સિદ્ધાન્તોનું અધ્યયન કર્યું છે. પોતાના સહોદર ભાઈ પદ્મવિજય મહારાજ છે, જેઓના ઉપર ભાઈનું અપાર વાત્સલ્ય છે. કાશીના પંડિતોએ દુર્ધર્ષવાદીનો વિજય કરનાર શ્રી યશોવિજય મહારાજને બહુમાન સમારોહ સાથે ન્યાયવિશારદ બિરુદ અર્પણ કર્યું હતું. પ્રકાંડ પાંડિત્યકળા અલંકૃત પરમ પૂજ્ય શ્રીમદ્ ઉપાધ્યાય યશોવિજય મહારાજે રચેલા આ ઉપદેશરહસ્ય ગ્રંથનો મુનિ જયસુંદરવિજયજીએ તૈયાર કરેલો ગુજરાતી તાત્પર્યાર્થ સાનંદ સંપૂર્ણ.

**इति श्रीसकलप्रण्डितावंतसपण्डितश्रीमन्नयविजयगणि-**
**चरणारविन्दमधुकरपण्डितश्रीयशोविजयगणि-**
**विरचितमुपदेशरहस्यप्रकरणविवरणं**
**स्वोपज्ञं समाप्तमिति श्रेयः ॥**

## परिशिष्ट १

# महोपाध्याय श्रीमद् यशोविजयविरचितग्रन्थ परिचय

### (A) प्राकृत संस्कृत भाषामें उपलब्ध स्वोपज्ञटीका युक्त ग्रन्थकलाप

(१) **अध्यात्ममतपरीक्षा**-केवलीभुक्ति और स्त्रीमुक्ति का निषेध करने वाले दिगम्बर मत का इस ग्रन्थ में निराकरण किया है। एवं निश्चयनय-व्यवहारनय का तर्कगर्भित विशदपरिचायक।

(२) **आध्यात्मिकमतपरीक्षा**-इस ग्रन्थ में केवलिकवलाहारविरोधी दिगम्बरमत का खंडन करके केवलि के कवलाहार की उपपत्ति की गई है।

(३) **आराधक-विराधकचतुर्भङ्गी**-देशतः आराधक और विराधक तथा सर्वतः आराधक और विराधक इन चार का स्पष्टीकरण।

(४) **उपदेशरहस्य**-उपदेशपद ग्रन्थ के रहस्य भूत अपुनर्बंधक से लेकर अध्यात्मध्यान योग इत्यादि अनेक विषयों पर इस ग्रन्थ में प्रकाश डाला गया है।

(५) **ऐन्द्रस्तुतिचतुर्विंशतिका**-इस ग्रन्थ में ऋषभदेव से महावीरस्वामी तक २४ तीर्थंकरों की स्तुतिओं और उनका विवरण है।

(६) **कूपदृष्टान्तविशदीकरण**-गृहस्थों के लिये विहित द्रव्यस्तव में निर्दोषता के प्रतिपादन में उपयुक्त कूप के दृष्टान्त का स्पष्टीकरण।

(७) **गुरुतत्त्वविनिश्चय**-निश्चय और व्यवहारनय से सद्गुरु और कुगुरु के स्वरूप का प्रतिपादन इस ग्रन्थ में है।

(८) **ज्ञानार्णव**-मति-श्रुत-अवधि-मनःपर्यव तथा केवलज्ञान इन पाँचो ज्ञान के स्वरूप का विस्तृत प्रतिपादन।

(९) **द्वात्रिंशद्द्वात्रिंशिका**-३२ श्लोकपरिमाण ३२ प्रकरणों में षोडशक-योगदृष्टि०योगबिन्दु आदि ग्रन्थों के विविध विषयों का इस में निरूपण किया गया है।

(१०) **धर्मपरीक्षा**-उपा० धर्मसागरजी के 'उत्सूत्रभाषी नियमा अनन्तसंसारी होते है' इत्यादि अनेक उत्सूत्रप्रतिपादन का इस में निराकरण है।

(११) **नयोपदेश**-नैगमादि ७ नयों पर इस ग्रन्थ में श्रेष्ठकोटि का विवरण उपलब्ध है।

(१२) **महावीरस्तव**-न्यायखण्डखाद्यटीका-बौद्ध और नैयायिक के एकान्तवाद का इस ग्रन्थ में निरसन किया है।

(१३) **प्रतिमाशतक**-भगवान के स्थापनानिक्षेप की पूज्यता को न मानने वाले का निरसन कर मूर्तिपूजा की कल्याणकरता इस में वर्णित है।

(१४) **भाषारहस्य**-प्रज्ञापनादि उपाङ्ग में प्रतिपादित भाषा के अनेक भेद-प्रभेदों का इस में विस्तृत वर्णन है।

(१५) **सामाचारीप्रकरण**-इच्छा-मिथ्यादि दशविध साधुसामाचारी का इस ग्रन्थ में तर्कशैली से स्पष्टीकरण है।

## (B) अन्यकर्तृकग्रन्थ की उपलब्ध टीकाएँ

(१) **उत्पादादिसिद्धि**-(मूलकर्त्ता-चन्द्रसूरि)-इस ग्रन्थ में जैनदर्शनशास्त्रों के अनुसार सत् के उत्पादव्ययध्रौव्यात्मक लक्षण पर विशद प्रकाश डाला गया है-उपाध्यायजी विरचित टीका पूर्ण उपलब्ध नहीं हो रही है।

(२) **कम्मपयडि बृहद् टीका**-(मूलकर्त्ता-शिवशर्मसूरि)-जैनदर्शन का महत्त्व का विषय कर्म के 'बन्धनादि' विविध करणों पर विवरणात्मक टीका है।

(३) **कम्मपयडि लघुटीका**-इस टीका का प्रारम्भिक पत्र मात्र उपलब्ध होता है।

(४) **तत्त्वार्थसूत्र** (प्रथम अध्याय मात्र) **टीका**-(मू०-वा० उमास्वाति) इस टीका ग्रन्थ में निक्षेप-नय-प्रमाणादितत्त्वों का रहस्य प्रकाश में लाया गया है ।

(५) **योगविंशिका टीका**-इस में श्री हरिभद्रसूरि विरचित विंशतिविंशिका-अन्तर्गत योगविंशिका की विशद व्याख्या है-इस में स्थान-उर्ण-अर्थ-आलम्बन और निरालम्बन पाँच प्रकार के योग का विशद निरूपण किया गया है ।

(६) **स्तवपरिज्ञाअवचूरि**-द्रव्य-भाव स्तव का स्वरूप संक्षेप से इस में स्फुट किया गया है । मूल गाथाएँ पंचवस्तूक ग्रन्थ में उपलब्ध हैं ।

(७) **स्याद्वादरहस्य**-वीतरागस्तोत्र के आठवे प्रकाश के उत्तरोत्तर लघु-मध्यम और उत्कृष्ट परिमाण-तीन टीकात्मक इस ग्रन्थ में स्याद्वाद का सूक्ष्म रहस्य प्रकट किया गया है ।

(८) **स्याद्वादकल्पलता**-आ० हरिभद्रसूरि विरचित-शास्त्रवार्त्तासमुच्चय ग्रन्थ की नव्यन्याय में विस्तृत व्याख्या, जिसमें विविध दार्शनिक सिद्धान्तों की विशद मीमांसा की गयी है ।

(९) **षोडशक टीका**-इस टीका ग्रन्थ में जैनाचार के आभ्यन्तर विविध प्रकारों का सुन्दर निरूपण किया गया है ।

(१०) **अष्टसहस्री टीका**-दीगम्बरीय विद्वान् विद्यानन्द के अष्टसहस्री ग्रन्थ की ८००० श्लोक परिमाण व्याख्या ग्रन्थ है, जिस में दार्शनिक विविध विषयों की चर्चा है ।

(११) **पातञ्जलयोगसूत्र टीका**-पतञ्जली के योगसूत्र के कतिपय सूत्रों पर जैन दृष्टि से व्याख्या एवं समीक्षा प्रस्तुत की गई है ।

(१२) **काव्यप्रकाश टीका**-मम्मटकृत काव्यप्रकाश ग्रन्थ की टीका ।

(१३) न्यायसिद्धान्तमञ्जरी-(१४) स्याद्वादमञ्जरी टीका (?) ।

## (C) अन्य स्वतंत्र-उपलब्ध-रचनाएँ

(१) **अध्यात्मसार**-इस ग्रन्थ में अध्यात्ममाहात्म्य-अध्यात्मस्वरूप-दम्भत्याग-भवस्वरूप-चिन्ता-वैराग्यसम्भव-वैराग्यभेद-वैराग्यविषय-ममतात्याग-समता-सदनुष्ठान-मनःशुद्धि-सम्यक्त्व-मिथ्यात्वत्याग-असद्ग्रहत्याग-योग-ध्यान-ध्यानस्तुति-आत्मनिश्चय-जिनमतस्तुति-अनुभव-सज्जन-स्तुति इस प्रकार २१ विषयों का हृदयङ्गम विवेचन किया गया है ।

(२) **अध्यात्मोपनिषत्**-इस ग्रन्थ में शास्त्रयोग-ज्ञानयोग-क्रियायोग-साम्ययोग इन चार भेद से अध्यात्मतत्त्व का उपदेश है ।

(३) **अनेकान्त व्यवस्था**-इस ग्रन्थ में वस्तु के अनेकान्तस्वरूप का तथा नैगम आदि ७ नयों का सतर्क प्रतिपादन है ।

(४) **अस्पृशद्गतिवाद**-इस वाद में तिर्यग् लोक से लोकान्त तक के मध्यवर्ती आकाश प्रदेशों के स्पर्श विना मुक्तात्मा के गमन का उपपादन किया गया है ।

(५) **आत्मख्याति**-इस ग्रन्थ में आत्मा का विभु तथा अणु परिमाण का निराकरण किया गया है ।

(६) **आर्षभीयचरित्र**-ऋषभदेव के पुत्र भरतचक्रवर्ती के चरित्र का काव्यात्मक निरूपण इस ग्रन्थ में है ।

(७) **जैन तर्कभाषा**-जैन तर्कपद्धति के प्राथमिक परिचय की दृष्टि से इस ग्रन्थ में प्रमाण-नय और निक्षेपों का सरल विवेचन है ।

(८) **ज्ञानबिन्दु**-इस ग्रन्थ में संक्षेप से पाँच ज्ञान का न्याययुक्त विवरण है ।

(९) **ज्ञानसार**-पूर्णता-मग्नता आदि ३२ आध्यात्मिक विषयों का ३२ अष्टक में सुन्दर वर्णन है-इस ग्रन्थ में मुमुक्षु के लिये अति आवश्यक ज्ञातव्य विषयों का रहस्य बताया गया है ।

(१०) **तिङन्वयोक्ति**-तिङ्न्तपदों के शाब्दबोध का व्युत्पादन इस ग्रन्थ में किया गया है ।

(११) **देवधर्मपरीक्षा**-देवों में सर्वथा धर्माभाव का प्रतिपादन करने वाले मतविशेष का इस में निराकरण है ।

(१२) **सप्तभङ्गी नयप्रदीप**-इस ग्रन्थ में अति संक्षेप से सप्तभङ्गी तथा ७ नय का विवेचन किया गया है ।

(१३) **नयरहस्य**-इस ग्रन्थ में नय के सामान्य लक्षण तथा ७ नयों का मध्यमकक्षा का विवरण है ।

(१४) **न्यायालोक**-इस में मोक्ष के स्वरूप आदि की तर्कपूर्ण विचारणा है ।

(१५) **निशाभुक्ति प्रकरण**-इस लघुकाय ग्रन्थ में 'रात्रिभोजन स्वरूपतः दुष्ट है ।' इस का उपपादन किया गया है ।

(१६-१७) **परमज्योतिःपञ्चविंशिका-परमात्मपञ्चविंशिका**-विषय परमात्मस्तुति ।

(१८) **प्रतिमास्थापनन्याय**-इस में प्रतिमापूज्यत्व का व्यवस्थापन किया गया है ।

(१९) **प्रमेयमाला**-यह ग्रन्थ विविध वादों का संग्रह है ।

(२०) **मार्गपरिशुद्धि**-इस ग्रन्थ में हारिभद्रीय 'पंचवस्तु' शास्त्र के साररूप मोक्षमार्ग की विशुद्धता का सुन्दर प्रतिपादन है ।

(२१) **यतिदिनचर्या**-जैन साधुओं के दैनिक आचार का वर्णन इस ग्रन्थ में है ।

(२२) **यतिलक्षणसमुच्चय**-इस ग्रन्थ में भावसाधुता के लक्षणों का वर्णन है ।

(२३) **वादमाला ( १ )**-इसमें १) चित्ररूपविचार, २) लिङ्गोपहितलैङ्गिकभान, ३) द्रव्यनाशहेतुताविचार, ४) सुवर्णतैजसत्व, ५) अन्धकारद्रव्यत्व, ६) वायुस्पार्शनप्रत्यक्ष, ७) शब्दानित्यत्व इन सात वादों का निरूपण है ।

(२४) **वादमाला ( २ )**-इस में १) स्वत्ववाद, २) सन्निकर्षवाद इन दो वादों का निरूपण है ।

(२५) **वादमाला ( ३ )**-इस में १) वस्तुलक्षणविवेचन, २) सामान्यवाद, ३) विशेषवाद, ४) इन्द्रियवाद, ५) अतिरिक्तशक्तिवाद और ६) अदृष्टवाद इन छ वादों का निरूपण है ।

(२६) **विजयप्रभसूरिस्वाध्याय**-इस में गच्छनायक श्री विजयप्रभसूरिजी की तर्कगर्भित स्तुति की गई है ।

(२७) **विषयतावाद**-इस में विषयता, उद्देश्यता, आपाद्यता आदि का निरूपण है ।

(२८) **सिद्धसहस्रनामकोश**-सिद्ध भगवान के १००८ नाम का संग्रह इस ग्रंथ में है।

(२९) **स्याद्वादरहस्य पत्र**-'खंभात' नगर के पण्डित गोपालसरस्वती आदि पण्डितवर्ग पर प्रेषित पत्र है जिस में संक्षेप से 'स्याद्वाद' की समर्थक युक्तियाँ का प्रतिपादन है ।

(३०) **स्तोत्रावली**-इस में आदीश्वर, पार्श्वनाथ और महावीरस्वामी भगवान के विविध ८ स्तोत्र है ।

### (D) अनुपलब्ध-संकेत प्राप्त अन्य ग्रन्थ

| | | |
|---|---|---|
| (१) अध्यात्मबिंदु | (८) तत्त्वालोक विवरण | (१५) वादार्णव |
| (२) अध्यात्मोपदेश | (९) त्रिसूत्र्यालोक | (१६) विधिवाद |
| (३) अनेकान्तवादप्रवेश | (१०) द्रव्यालोक | (१७) वेदान्तनिर्णय |
| (४) अलंकारचूडामणि टीका | (११) न्यायवादार्थ | (१८) वेदान्तविवेकसर्वस्व |
| (५) आलोकहेतुवाद | (१२) प्रमारहस्य | (१९) शठप्रकरण |
| (६) छन्दश्चूडामणि टीका | (१३) मंगलवाद | (२०) श्रीपूज्यलेख |
| (७) ज्ञानसार अवचूर्णि | (१४) वादरहस्य | (२१) सिद्धान्ततर्कपरिष्कार |

**(E) प्रकीर्ण :-** संस्कृत प्राकृत भाषा के अलावा श्रीमद् उपाध्यायजी की गूर्जर भाषा में भी अनेक लोकभोग्य स्तवन, सज्झाय, रास, पूजा, टबा इत्यादि कृतियाँ है जिसका बहुभाग 'गूर्जर साहित्य संग्रह' भाग १ में, तथा, भाग २ में 'द्रव्यगुणपर्याय का रास' प्रसिद्ध हो चुका है ।

# परिशिष्ट २ - मूलगाथानामकारादिक्रमः


| गाथा-पृष्ट | गाथांशः |
|---|---|
| १७१-३२८ | अइदंपज्जत्थो पुण |
| १९७-३६५ | अगुणे मज्झत्थत्तं |
| १४८-३०६ | अणुवत्तनावि कज्जा |
| २०३-२६९ | अणुसरिय जुत्तिगब्भं |
| १३-३० | अण्णह विरुज्झए किर |
| १८६-३४५ | अण्णे धम्मब्भासं |
| १५६-३१६ | अण्णेहि वि पडिवन्नं |
| ९०-१९९ | अपयट्टो वि पयट्टो |
| १८२-३४१ | अपरिणए धम्मंमी |
| ३८-१०० | अलमेत्थ पसंगेणं |
| १०१-२१७ | अविय अणायारसुए |
| ९८-२०९ | अविसंकिज्जया |
| १६१-३२१ | अविहिकरणंमि दोसो |
| ४९-११२ | अह तं विसिट्ठमेवं |
| ५३-१३४ | अहवाभिमाणमत्तं |
| ३७-९९ | अह हीणं दव्वत्थयं |
| ७१-१६८ | अंतरधारालग्गे |
| ८६-१९५ | अंधो असायरहिओ |
| १७०-३२७ | आगमविहिअणिसिद्धे |
| २००-३६८ | आयसरूवं णिच्चं |
| १६०-३२० | आवन्नमकरणिज्जं |
| ७७-१७७ | इय पासइ सज्जक्खो |
| ५९-१४२ | इह दव्वसुत्तजोगा |
| १३६-२९१ | उन्नयमवेक्ख इयरस्स |
| १५०-३११ | उभयण्णूवि य किरिया |
| १०७-२३३ | उववासो वि य एक्को |
| २०-५० | एए खु अणुवओगा |
| २६-६६ | एएसिं दव्वाणा |
| ७५-१७४ | एएहिंतो पावं |
| १७-४५ | एगो अप्पाहन्ने |
| ६४-१५५ | एतो अ एत्थ णेयं |
| ११४-२४६ | एत्तो अकरणनियमो |
| ५५-१३९ | एत्तो उ जोगसुद्धि |
| १७४-३३२ | एत्तो च्चिय उववज्जइ |
| ३६-९६ | एत्तोच्चिय पन्नवणी |
| ११-२७ | एत्तोऽपन्नवणिज्जा |
| १५७-३१८ | एत्थ पयत्थाइणं |
| १६४-३२३ | एयमगहणं भावा |
| १०५-२२९ | एयमिह अयाणंता |
| १९३-३६१ | एयस्स पुण उवाओ |
| २९-७४ | एयं च णेयमेवं |
| १८५-३४४ | एयं चिय इह तत्तं |
| १९१-३५९ | एयंमि परिणमंते |
| १२६-२७५ | एयंमि वि कालंमि |
| १२५-२७५ | एवं खीणे मोहे |
| ९१-२०१ | एवं खु दुस्समाए |
| १८३-३४२ | एवं जिणोवएसो |
| ४४-११३ | एवं णाऊण सया |
| ४७-११९ | एवं तुल्लबलत्तं |
| १७५-३३३ | एवंपि सुअं अहिअं |
| ६६-१५९ | एवमकालपओगे |
| १७२-३२९ | एवं सम्मन्नाणं |
| १७८-३३८ | एवं सम्मन्नाणं आणाजोगो |
| १६७-३२५ | एस महावक्कत्थो |
| ७८-१७९ | एसुवएसो फलवं |
| ६३-१५१ | एसो आणाजत्ता |
| १७९-३३८ | एसो चेव पमाणी |
| १०२-२२६ | एसो पवयणसारो |
| ४६-११६ | एसो य पुरिसगारो |
| १९५-३६३ | कज्जो परोवयारो |
| १४४-३०१ | कयमेत्थ पसंगेण |
| ४२-१०८ | कह एस पुरा चत्तो |
| १३२-२८५ | कामं सव्वपदेसुं |
| ८-१९ | किरियावि खेयमित्तं |

| गाथा-पृष्ट | गाथांश: |
|---|---|
| २०१-३६९ | किं बहुणा इह जह जह |
| ९४-२०५ | केइ असग्गहगहिया |
| १८-४८ | गंठिगया सइबंधग |
| ५७-१४१ | गंठिम्मि अभिन्नम्मी |
| ६०-१४५ | गंठिम्मि विभिन्नम्मि |
| १६२-३२२ | गंथं चएज्ज एत्थवि |
| ८५-१९३ | गुणठाणगपरिणामे |
| ८१-१८७ | गुणठाणावावारे |
| १०३-२२७ | चरणकरणप्पहाणा |
| ३४-८९ | चेइयवेयावच्चं |
| १९८-३६६ | छिंदिउमसुहविगप्पं |
| २७-६९ | जइवि हु आयसभावे |
| १९०-३५८ | जत्तो अ अंतरंगो |
| ६१-१४८ | जमिणं होइ फलंगं |
| १४५-३०२ | जयणा खलु आणाए |
| १३५-२९१ | जयणावेक्खाइ अओ |
| १२९-२७९ | जह एसणिज्जनाणे |
| ५०-१२४ | जह कम्मसंतइ इह |
| १५३-३१३ | जह जह बहुस्सुओ |
| ४५-११४ | जह तुल्लनिमित्ताणं |
| १८४-३४३ | जह निव्विग्घं सिग्घं |
| ६८-१६२ | जह वा दहस्स सारय |
| ८८-१९७ | जह सम्ममुट्ठियाणं |
| १२१-२७० | जं खलु पच्चक्खायं |
| ९६-२०६ | जं हीणा तुल्लत्तं |
| १३७-२९२ | जावइया उस्सग्गा |
| ३३-८५ | जुत्तो य इमो भणिओ |
| ५६-१४० | जेण विरहिया किरिया |
| १५२-३१३ | जो एअगुणविउत्तो |
| १५-४० | जो सीलवं असुअवं |
| १५१-३११ | जो हेउवायपक्खम्मि |
| ३०-७७ | ण य आरंभाणुमई |
| १२८-२७८ | ण य एअं दुण्णेयं |
| ७२-१६९ | ण य एअं अण्णेसिं |
| १४१-२९६ | ण य एवं जिणवयणे |

| गाथा-पृष्ट | गाथांश: |
|---|---|
| ७९-१८१ | ण य एयं वभियारो |
| १२३-२७२ | ण य एवं सो देवो |
| ११५-२४८ | ण य तस्स गरहणिज्जो |
| ६७-१६१ | ण य तं पि अंतरंग |
| १८१-३४० | ण य दुक्करंमि धम्मे |
| ३२-८१ | ण य धम्मट्ठा हिंसा |
| १३९-२९४ | ण वि किंचि अणुण्णायं |
| १२२-२७१ | ण सयंभू स मणुसो |
| १२४-२७३ | ण हु अत्थि अभिणिवेसो |
| ७३-१७१ | णाउण इमं सम्मं |
| २५-६५ | णाऊण परिहरंतो |
| ११०-२३८ | णाए अण्णायाओ |
| ६५-१५८ | णिच्छयओ पुण कालो |
| १३३-२८६ | णिद्दोसंमि अणुण्णा |
| ९२-२०२ | णियमा णत्थि चरित्तं |
| १३०-२८१ | णेगंतेणाणुण्णा |
| १११-२३९ | तत्तो पुणो ण बंधइ |
| ७६-१७५ | तब्बंधठिइ जाया |
| ५४-१३८ | तम्हा आणाजोगो |
| ५१-१२७ | तम्हा उ दोवि हेऊ |
| १०९-२३८ | तम्हा गुरुलहुभावं |
| ८२-१८८ | तम्हा वयपरिणामे |
| २०२-३६९ | तवगणरोहण |
| १६५-३२४ | तवज्झाणाइ कुज्जा |
| १८८-३४७ | तहभव्वत्तं चित्तं |
| १८९-३५७ | तह वि खलु जयंति |
| ७०-१६७ | तिमिरहरा जइ दिट्ठी |
| १८७-३४६ | तिविहंपि भावभेआ |
| १६६-३२४ | तुच्छावत्ताइणं |
| ९-२२ | तेसिं अवंकगामी |
| ११८-२६० | दव्वपरिणामचाए |
| १३८-२९२ | दव्वादिएहि जुत्तस्सु |
| ११३-२४४ | देसविरइगुणठाणे |
| १६८-३२५ | दाणपसंसणिसेहे |
| ४८-१२० | दारुसमं खलु दइवं |

| गाथा-पृष्ट | गाथांशः |
|---|---|
| १४६-३०३ | दीसंति बहू मुंडा |
| १७६-३३४ | दीहो उवओगद्धा |
| १९९-३६७ | देहं गेहं च धणं |
| १४०-२९५ | दोसा जेण निरुज्झंति |
| ९९-२१४ | नणु इह विभज्जवाओ |
| ८०-१८५ | नणु एवं सुत्तत्थ- |
| १७७-३३६ | नणु फलिओ वक्कत्थो |
| ३-७ | नणु विप्पडिसिद्धेसुं |
| १०८-२३५ | ननु कारणियं भणियं |
| १-३ | नमिऊण वद्धमाणं |
| ३९-१०२ | नोआगमभावाणा |
| २४-५९ | पच्चक्खाणविहाणं |
| ४३-११२ | पडिबंधो विय एत्थं |
| ४१-१०६ | परपरिणामुम्मग्गे |
| ५-१२ | परिणामोवि अ णियमा |
| ११७-२५८ | परिणिट्ठियवयणमिणं |
| १२-२८ | पावं विवज्जयंतो |
| २१-५२ | पाहण्णं वि य इत्थं |
| १९६-३६५ | पुज्जा पूएअव्वा |
| ८४-१९१ | पुट्ठालंबणसेवी |
| १५८-३१९ | पुरओ चिट्ठइ रुक्खो |
| ८३-१८९ | पुव्विं दुच्चिन्नाणं |
| १४३-२९९ | बज्झकिरियाविसेसे |
| १८०-३४० | बहवे जीवंति तओ |
| २८-७१ | बीयाहाणं इहइं |
| ११२-२४० | भणिओ अकरणनियमो |
| ११६-२५० | भणियं च कप्पभासे |
| १९२-३६० | भणियं च भगवईए |
| १०४-२२८ | भणियं च भगवयावि |
| ४-८ | भण्णइ आणाबज्झा |
| १६-४२ | भन्नइ दव्वाराहण |
| १४७-३०४ | भवठिइनिरूवणेणं |
| ४०-१०५ | भावाणा पुण जायइ |
| २०-२३ | मग्गणुसारी सड्ढो |
| ९५-२०६ | मन्नंता अन्नाणा |
| ७-१७ | मंडुक्कचुण्णकप्पो |
| ८९-१९८ | मालइगुणगुण्णो महु |
| १५५-३१५ | मूअं केवलसुत्तं |
| ८७-१९६ | मोणंमि णियं सत्ति |
| १३१-२८२ | रागद्दोसाणुगया |
| १३४-२९० | रागद्दोसाणुगयं |
| २-६ | लद्धूण माणुसत्तं |
| १९-४९ | लिंगाइं होंति तीसे |
| ९७-२०७ | लोगो ही बज्झदिट्ठी |
| १७३-३३० | वक्कत्थाइमइच्चिय |
| १६९-३२६ | वक्कत्थो पुण एवं |
| ६२-१४९ | वज्जेयव्वो एसो |
| १६३-३२३ | वत्थाइण अगहणं |
| ५२-१२९ | ववहारो पुण एत्थ |
| ७४-१७२ | विसयम्मि अपत्ते विहु |
| ५८-१४१ | वेहपरिणामरहिए |
| ३५-९१ | सक्खाउ संजयाणं |
| ९३-२०३ | सज्झायाइ णिओगा |
| १००-२१५ | सदसदविसेसणाओ |
| १९९-२६८ | सव्वे वि अ अइयारा |
| १४२-१९७ | संथरओ सट्ठाणं |
| १९४-३६३ | संबंधो कायव्वो |
| १४९-३०९ | सा आयरक्खणट्ठं |
| १२७-२७६ | सा पुण बहुतरया |
| ६९-१६५ | साभावियं खलु सुहं |
| १२०-२६९ | सामाइअं चिय जओ |
| १५४-३१४ | सुत्तत्थाण विसुद्धि |
| १४-३७ | सुत्तं अत्थणिबद्धं |
| १०६-२३० | सुद्धुंञ्छाइसु जत्तो |
| ६-१४ | सुद्धो सुओवओगा |
| २३-५७ | सुस्सूसइ अणुरज्जइ |
| २२-५६ | सो अपुणबंधगो जो |
| ३१-७९ | सोमिलदाहाणुमई |
| १५९-३२० | हंतव्वा नो भूआ |

# પરિશિષ્ટ ૩

## ઉપદેશપદ અને ઉપદેશ રહસ્યના સમાનાર્થક શ્લોકોની તાલિકા

| ઉપ૦ રહસ્ય શ્લોકાંક | ઉપ૦ પદ શ્લોકાંક | ઉપ૦ રહસ્ય શ્લોકાંક | ઉપ૦ પદ શ્લોકાંક |
|---|---|---|---|
| ૪૦ | ૨૫૯ | ૮૧ | ૫૧૨ |
| ૪૩ | ૨૬૧ | ૮૩ | ૫૪૨ |
| ૪૪ | ૩૨૨-૨૩ | ૮૪ | ૫૪૪ |
| ૪૫ | ૩૨૪ | ૮૫ | ૫૪૬ |
| ૪૬ | ૩૨૮-૪૦ | ૮૬ | ૫૪૭ |
| ૪૭-૫૪ | ૩૪૧-૫૯ | ૮૭ | ૬૬૪-૬૫ |
| ૫૫ | ૩૬૦ | ૮૮ | ૬૬૬-૭-૮ |
| ૫૬ | ૩૬૮ | ૯૧ | ૬૭૨ |
| ૫૭ | ૩૭૦ | ૯૨ | ૬૭૩ |
| ૫૮ | ૩૭૧ | ૯૩ | ૬૭૪-૫ |
| ૫૯ | ૩૭૨ | ૯૪ | ૬૭૬ |
| ૬૦ | ૩૭૪ | ૧૦૬ | ૬૭૭ |
| ૬૧ | ૩૭૫-૭૬ | ૧૦૭ | ૬૮૩ |
| ૬૨ | ૩૮૩-૮૪ | ૧૦૯-૧૦ | ૬૮૬-૭-૮-૯-૬૯૦ |
| ૬૩ | ૩૮૯-૯૦-૯૧ | ૧૧૨ | ૬૯૨-૩-૪ |
| ૬૪ | ૪૩૦-૩૧-૩૨ | ૧૧૩ | ૬૯૫-૭૨૯ |
| ૬૫ | ૪૩૩-૩૪ | ૧૧૪ | ૭૩૧ |
| ૬૬ | ૪૩૮ | ૧૨૬ | ૭૬૯-૭૭૦ |
| ૬૭-૬૮ | ૪૪૦-૪૧-૪૨ | ૧૨૭ | ૭૭૧ |
| ૭૩ | ૪૪૯-૫૦ | ૧૨૮ | ૭૭૫-૬ |
| ૭૪ | ૪૫૨-૫૩ | ૧૩૦-૧૩૯ | ૭૭૯ |
| ૭૫ | ૪૫૭ | ૧૩૬ | ૭૮૩ |
| ૭૬ | ૪૭૧-૪૭૨ | ૧૪૦ | ૭૮૨ |
| ૭૭ | ૪૭૬-૭૭ | ૧૪૪ | ૭૮૬ |
| ૭૮-૭૯ | ૪૯૯-૫૦૦ | ૧૪૫ | ૮૧૨ |
| ૮૦ | ૫૦૧ | ૧૪૬ | ૮૧૧-૮૩૮ |

| ઉપ૦ રહસ્ય શ્લોકાંક | ઉપ૦ પદ શ્લોકાંક | ઉપ૦ રહસ્ય શ્લોકાંક | ઉપ૦ પદ શ્લોકાંક |
|---|---|---|---|
| ૧૪૭ | ૮૩૯ | ૧૭૦ | ૮૭૯ |
| ૧૪૮ | ૮૪૨-૪૩ | ૧૭૧ | ૮૮૦-૮૧ |
| ૧૫૦ | ૮૫૨ | ૧૭૨ | ૮૮૨ |
| ૧૫૧ | ૮૫૩ | ૧૭૮ | ૯૦૯-૯૧૦-૧૧ |
| ૧૫૪-૫૫ | ૮૫૪-૫-૮૫૯ | ૧૮૧ | ૯૨૦ |
| ૧૫૬ | ૮૬૧-૨-૩ | ૧૮૨ | ૯૩૨ |
| ૧૫૯ | ૮૬૫ | ૧૮૩ | ૯૩૩ |
| ૧૬૦ | ૮૬૬ | ૧૮૪ | ૯૪૪ |
| ૧૬૧ | ૮૬૭-૮ | ૧૮૫ | ૯૪૫-૪૮ |
| ૧૬૨ | ૮૬૯ | ૧૮૬ | ૯૪૯-૫૦ |
| ૧૬૩ | ૮૭૦ | ૧૮૭ | ૯૫૧ |
| ૧૬૪ | ૮૭૧-૨ | ૧૮૮ | ૯૯૯-૧૦૧૦ |
| ૧૬૫ | ૮૭૩ | ૧૮૯ | ૧૦૧૧ |
| ૧૬૬ | ૮૭૪ | ૧૯૩ | ૧૦૩૩ |
| ૧૬૭ | ૮૭૫-૭૬ | ૧૯૪ | ૧૦૩૪ |
| ૧૬૮ | ૮૭૭ | ૧૯૫ | ૧૦૩૫ |
| ૧૬૯ | ૮૭૮ | ૧૯૬-૯૭ | ૧૦૩૬-૩૭ |

# परिशिष्ट ४ - टीकायामुल्लिखितसाक्षिवाक्यांशाकारादिक्रमः

| पृष्ठ | वाक्यांशः | पृष्ठ | वाक्यांशः |
|---|---|---|---|
| ८ | अजयं चरमाणो अ | ७६ | अरिहंतचेइयाणं |
| २७ | अप्पागमो किलिस्सइ | ८५ | अकसिणपवत्तगाणं |
| ४३ | अणभिणिवेसाओ पुण | ८६ | अकसिणपवत्तगाणं |
| ४५ | अप्पाहन्ने वि इहं | ८९ | अह केरिसए पुण |
| ४७ | अन्नो पुण जोगत्ते | ८९ | अणासायणाय भत्ति |
| ५० | अनुपयोगो द्रव्यम् | ९२ | असुहत्तरंडुत्तरणप्पाओ |
| ५१ | अप्पाहण्णा एवं | ९४ | अविसुद्धस्स ण वड्ढइ |
| ६८ | अमए देहगए जह | १२२ | अभिसंधेः फलं भिन्नं |
| ७१ | अकए बीजक्खेवे | १४२ | अपुनर्बन्धकस्यायं |

| पृष्ठ | वाक्यांशः | पृष्ठ | वाक्यांशः |
|---|---|---|---|
| १८५ | अपुव्वनाणग्गहणे | २५६ | आहच्चहिंसा समिअस्स |
| १९० | अट्टज्झाणाभावे | ३२७ | आगमविहिअं तंते |
| २१० | अणुगच्छमाणे वितहं | २४१ | इन्द्रियाण्येव तत्सर्वं |
| २११ | अहाबूइयाइं सुसिक्ख० | ३३ | उउबद्धे वासेसु य |
| २१२ | अलूसए नो पच्छन्न० | ७२ | उपादेयधियाऽत्यन्तं |
| २१७ | अणादीयं परिन्नाय० | १२७ | उभयतहाभावो पुण |
| २३३ | अहो निच्चं तवो कम्मं | २३४ | उववासो वि हु एका० |
| २३४ | अहो निच्चं तवो कम्मं | २५८ | उवसाममुवणीआ० |
| २४१ | अप्पा णई वेअरणी | २६० | उच्चालियंमि पाए |
| २५० | अहिच्छसि जंति ण | २९५ | उत्पद्यते हि सावस्था |
| २५३ | अदोसवं ते जइ एस | २८७ | उस्सग्गेणं भणिआणि |
| २५५ | अप्पेव सिद्धं तमजाण | २८७ | उस्सग्गेणं णिसिद्धाइ |
| २६३ | अहिगरणं पुव्वुत्तं | २८७ | उस्सग्गसुअं किंचि |
| २६५ | अहवा बालाइयं | ३० | एगाणिअस्स दोसा |
| २९६ | अग्निषोमीयं पशुमा० | ३२ | एसा य परा आणा |
| ३०२ | असढेण समाइन्नं | ३२ | एयम्मि परिचत्ते |
| ३१५ | अत्थपदणाउ जम्हा | ४३ | एवं च अभिणिवेसा |
| ३२१ | अविहिकरणंमि आणा | ५३ | एवं पडिवत्तिए |
| ३३१ | अक्खरलंभेण समा | ६१ | एगो तिण्णि य तियगा |
| ३४५ | अण्णे भणंति तिविहं | ६४ | एते खलु एरिसगा |
| ३५६ | अणिययसहावया वि हु | १७३ | एत्थ उ मणोरहो वि य |
| ३६६ | अंबस्स य निंबस्स य | २१८ | एतेहिं दोहिं ठाणेहिं |
| १३ | अस्मिन् हृदयस्थे सति | २४७ | एत्तो च्चिय सेढीए |
| २२ | अपरिच्छिअसुअणिहस | २४७ | एत्तो अ वीयरागो |
| ६२ | आह कहं पुण मणसा | २६३ | एगो खओवसमिए |
| ७२ | आचार्यादिष्वपि ह्येतत् | २६३ | एमेव ओवसमिए |
| ८९ | आयरिय उवज्झाय | २६३ | एगो करेइ परसु |
| २२३ | आहाकम्माइं भुंजंति | ३२९ | ऐदम्पर्यगतं यत् |
| १०६ | आइण्णत्ता महागुण | ७४ | ओसरणे बलिमादी |
| २३३ | आयंके उवसग्गे | ३५ | कालम्मि संकिलिट्ठे |
| २४१ | आपदां कथितः पंथाः | ६२ | कारवणं पुण मणसा |
| २५२ | आरंभमिट्ठो जह आसवाय | ८६ | काउंपि जिणाययणेहिं |
| २५४ | आहारणीहारविहीसु जोगो | ९२ | कडुगोसहादिजोगा |

| पृष्ठ | वाक्यांश: |
|---|---|
| १०३ | क्रियाशून्यश्च यो भावो |
| १४९ | कालमणंतं च सुए |
| १६३ | कत्थइ न नाणमेअस्स |
| १७६ | कम्मं जोगणिमित्तं |
| १९० | कंडूय भत्तखद्धा |
| १९१ | काहं अच्छित्तिं |
| १९२ | कोडिच्चागा काकिणीं |
| २६४ | कारगकरेंतगाणं |
| २८८ | कप्पइ निग्गंथाण वा |
| २९४ | कज्जं नाणादीयं |
| ३०४ | कलहकरा डमरकरा |
| ३५५ | को कुवलयाणं गंधं |
| ३६४ | काम जानामि ते मूलम् |
| ३६४ | किंच स्वप्नातधनवत् |
| १५२ | खाओवसमिगभावे |
| १३ | गलमच्छभवविमोअग |
| ३० | गीयत्थो य विहारो |
| ३३ | गीयत्थ जायकप्पो |
| ४७ | गंठित्ति सुदुब्भेओ |
| २८४ | गीयत्थो जयणाए |
| १५० | गंठीओ आरओ विहु |
| २५४ | घेत्तव्वगं भिन्नमहिं० |
| १७९ | गुणठाणगपरिणामे |
| ९२ | चरणपडिवत्तिरूवो |
| ९६ | चेइयकुलगणसंघे |
| ९० | चेइयकुलगणसंघे |
| ९६ | चेइअ पूआ किं वइर |
| १९५ | चरमंमि चेव भणिआ |
| २३३ | चउत्थछट्ठट्ठमकरणे |
| ३७ | छाया जहा छायवतो |
| २३६ | छहिं ठाणेहिं समणे |
| १९ | जो मंदरागदोसो |
| ३३ | जाओ अ अजाओ अ |
| ३७ | जं जह सुत्ते भणियं |
| ५१ | जं पुण एय विउत्तं |
| ७२ | जिनेषु कुशलं चित्तं |
| ७४ | जिणभवणकारणादिवि |
| ७३ | जो चेव भावलेसो |
| ७६ | जइणो विहु दव्वथय |
| ९६ | जिनभवनं जिनबिम्बं |
| १५९ | जे दंसणवावण्णा |
| १८५ | जइ एवं किं भणिआ |
| १८७ | जाणइ उप्पन्नरुई |
| २२२ | जे केइ खुद्दगपाणा |
| २२४ | जमिदं उराल |
| २२८ | जं सम्मंति पासहा |
| २४१ | जं अत्थओ अभिन्नं |
| २४५ | जं सो पहाणतरओ |
| २५१ | जाव णं एस जीवे सया |
| २५१ | जा या वि चिट्ठा इरिया० |
| २५२ | जहा जहा अप्पतरो |
| २६२ | जाणं करेइ एक्को |
| २७६ | जीए बहुतरा० |
| २८३ | जइ सव्वसो अभावो |
| ३२२ | जिनभवनकारणविधि: |
| ३२३ | जिणाण बारसरूवो उ |
| ३२६ | जे उ दाणं पसंसंति |
| ३५६ | जइ तस्सहावमेवं |
| ३५६ | जइ सव्वहा अजोग्गे |
| ३६० | जे इमे भंते अज्जत्ताए |
| ८३ | णो कप्पइ णिग्गंथाण |
| २६० | ण हु तस्स तण्णिमित्तो |
| ४३ | णिच्छयणयस्स चरण |
| २६४ | णिव्वत्तणा य संजो |
| ४० | तत्थ णं जे से |
| ३२ | ता न चरणपरिणामे |

| पृष्ठ | वाक्यांशः |
| --- | --- |
| ४८ | तित्थंकराइपूअं |
| ६१ | तिण्णि तिया तिण्णि दुया |
| ६२ | तयहीणत्ता वयतणु |
| ७२ | ता एयम्मि पयत्तो |
| ७४ | ता तं पि अणुमयं चिय |
| ७६ | तंतंमि वंदणपूअण |
| ८९ | तित्थयरसिद्धकुलगण |
| १०० | तेसिं बहुमाणेणं |
| १२२ | तारिसयं चिय अहयं |
| १२७ | तव संजमो अणुमओ |
| १२९ | तं दइवं विवरीओ |
| १४५ | तमेव सच्चं णीसंकं |
| १५१ | तच्चित्ते तम्मणे० |
| १५९ | तित्थंकराइपूअं |
| १७९ | तन्निसर्गादधिगमाद्वा |
| २४७ | तह भावसंजयाणं |
| २५४ | तं छिंदओ होज्ज० |
| २५५ | तद्वत् जीवहितार्थं |
| २६२ | तिव्वे मंदे णायमणाए |
| २६२ | तिव्वेहिं होइ तिव्वो |
| २६५ | तत्थ अरत्तदुट्ठस्स |
| ३२५ | तो जह न देहपीडा |
| ३३९ | ता आणाणुगयं जं |
| ३६४ | तडिदाडंबराकारम् |
| ७२ | दुखितेषु दयात्यन्तं |
| ८१ | दव्वत्थओ वि एवं |
| २२८ | दंसणचरित्तपक्खो |
| २४५ | देसविरइ गुणठाणे |
| २६५ | देहबलं खलु वीरियं |
| ३०७ | दंसणनाणचरित्तं |
| ८ | धम्मठाणमहिंसा |
| २९३ | धावंतो उव्वाओ |
| ३२२ | धुवलोओ अ जिणाण |

| पृष्ठ | वाक्यांशः |
| --- | --- |
| ३२६ | धर्मस्यादिपदं दानं |
| १५ | न मिथ्यात्वसमः शत्रुः |
| २७ | न यालभिज्जा |
| ३२ | नाणस्स होइ भागी |
| ८२ | नो कप्पइ निग्गंथाण |
| ११५ | नाऽकारणं भवेत् कार्यम् |
| ११७ | नाऽभुक्तं क्षीयते कर्म |
| १४५ | नट्ठम्मि छउमत्थिए नाणे |
| २८८ | नो कप्पइ निग्गंथाण वा |
| २८८ | नो कप्पइ निग्गंथाण वा |
| २८९ | न हिंस्यात् सर्वभूतानि |
| २९६ | न हिंस्यात् सर्वभूतानि |
| ३४३ | न तहिं दिवसा पक्खा |
| ३५९ | न साम्येन विना ध्यानं |
| ३५९ | निर्जितमदमदनानाम् |
| ३५९ | नैवाऽस्ति राजराजस्य |
| ८ | परलोकविधौ शास्त्रात् |
| ९ | पापामयौषधं शास्त्रं |
| १९ | पायं अभिन्नगंठी |
| २९ | पढमं नाणं तओ दया |
| ८७ | पढमे दंडसमादाणे |
| ९२ | पढमाउ कुसलबंधो |
| २१५ | पुरिसज्जायं तु पडुच्च |
| २२७ | पिंडविसोही समिइ |
| २४१ | पंचैतानि पवित्राणि |
| २४४ | पावे अकरणनियमो |
| २५६ | प्रमत्तयोगात् प्राण० |
| ३१५ | पयवक्कमहावक्क० |
| १८९ | फासुअएसणिएहिं |
| १२९ | बहुकम्मणिमित्तो |
| ३०७ | बहुकुग्गहंमि विजणे |
| १४१ | बुद्धेः फलं तत्त्वविचारणं च |
| ३२६ | बीजं यथोषरे क्षिप्तं |

| पृष्ठ | वाक्यांश: |
|---|---|
| ३३९ | बहुजणपवित्तिमेत्तं |
| २८१ | भवति स नाम० |
| १४४ | भिन्ने तु इतो नाणं |
| ५१ | भोगदिफलविसेसो |
| २१८ | भयणा विहु भइयव्वा |
| ३४१ | भवस्वरूपविज्ञानात् |
| ७२ | भवोद्वेगश्च सहजो |
| ४५ | मिउपिंडो दव्वघडो |
| ३०२ | मारेंति दुसमा वि |
| ३२७ | मोक्खत्थं जं दाणं |
| ७६ | मल्लादिएहि पूआ |
| ५७ | यूनो वैदग्ध्यवत: |
| ९६ | यस्तृणमयीमपि कुटीं |
| २५५ | यद्वत् शस्यहितार्थं |
| ३२९ | यत्तु महावाक्यार्थ |
| ३६४ | यथेह लवणाम्भोधि: |
| ३६४ | यश्च कश्चन कस्यापि |
| ३६६ | यच्च प्रयांति पुरुषा: |
| ९ | रागाद्वा द्वेषाद्वा |
| ७२ | रचना पूजना दानं |
| ३३९ | रयणत्थिणोतिथोवा |
| १०२ | रूप्पं टंकं विसमाहय |
| १०२ | रूप्पं पत्तेयबुहा |
| ८२ | लोगे सलाहणिज्जो |
| १५८ | लब्ध्वा मुहूर्त्तमपि ये० |
| ३६५ | लोक: खल्वाधार: |
| १२ | वचनाराधनया खलु |
| ३७ | विही व सुत्ते तहिं० |
| १०१ | वेलाइविहाणंमि |
| ११५ | ववहारओ निमित्तं |
| १२९ | ववहारो वि हु दोण्ह |
| १४४ | विसयपडिहासमित्तं |
| २२७ | वयसमा णधम्मे |
| २६२ | विरतो पुण जो जाणं |
| ३४६ | ववहारओ उ जुज्जइ |
| ७ | श्रूयतां धर्मसर्वस्वं |
| २० | सम्मोहसत्थयाए |
| ३२ | सुअं मे आउसंतेणं |
| ३८ | सुअं पडुच्च |
| ५८ | सुस्सूस धम्मरागो |
| ६८ | सइ संजाओ भावो |
| ६८ | संथारपरावत्तं |
| १६३ | सदसदविसेसणाओ |
| १७९ | सहकारिकारणं खलु |
| १८५ | सुत्तत्थो खलु पढमो |
| १९२ | सव्वत्थ माइट्ठाणं |
| १९४ | सम्मदिट्ठी जीवो |
| २०७ | सीलमंता उवसंता |
| २०९ | संकिज्जया संकिय |
| २११ | समालवेज्जा पडिपुन्न |
| २२० | समुच्छिज्जिहिंति सत्थारो |
| २२४ | सर्वे भावा: स्वभावेन |
| २४१ | सव्वपवायमूलं |
| २४७ | सइगरहणिज्जवावार |
| २५० | सद्दो तहिं मुच्छति |
| २६४ | सूइसुं पि विसेसी |
| २६४ | संजोययते कूडं |
| २६९ | समभावो सामइयं |
| २७९ | सुत्ते तह पडिबंधा |
| २८३ | संजमजीवितहेउं |
| ३४७ | सम्माणुट्ठाणं चिय |
| २१३ | से सुद्धसुत्ते |

(૧)

પાટણ, અ. વ. -૬

વિચક્ષણ વિ.ની અનુવંદના.

વિનયગુણ સમ્પન્ન મુનિરાજશ્રી જયસુન્દરવિજયજી જોગ :-

પૂજ્યોની અસીમ કૃપાથી અત્રે અમો સુખશાતામાં છીએ તમો સર્વે પણ સુખશાતામાં હશો.

વિશેષમાં ઉપદેશરહસ્યનું તમારા દ્વારા કરાયેલ ભાષાન્તરનું પુસ્તક પાટડીમાં પ.પૂ.આ.દે. શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા. દ્વારા મળ્યું હતું તે પુસ્તક જોઇ ખુબ આનંદ થયો વાંચવાની શરૂઆત કરી વાંચતા વાંચતા લાગ્યું કે ગ્રન્થને અનુસરીને અનુપમ કોટીનું ભાષાંતર કરવામાં આવ્યું છે અમારા જેવાને આવા ગ્રન્થો વંચાવનારાઓનો સંયોગ ઓછો મળે એથી તમારૂ આ ભાષાન્તર આ ગ્રન્થને સારી રીતે લગાડવામાં ઉપયોગી થયું છે વાંચતા વાંચતા ખુબ આનંદ ને અનુમોદના તમારા અથાક પરિશ્રમ કરીને કરેલા આ કાર્યથી થઈ છે. તમારા ભાષાન્તરને અનુસારે લગભગ આખો ગ્રન્થ બીજાને ભણાવી શકાય એ રીતે લાગી ગયો છે. એ ગ્રન્થ બે વર્ષ પહેલા વાંચવા લીધો હતો પણ ન લાગતા થોડેથીજ મૂકી દીધો હતો આવા ઉપાધ્યાય યશોવિજયજીના બત્રીશી, અધ્યાત્મ મત પરીક્ષા વગેરે ગ્રન્થોના ભાષાન્તર થઈ જાય તો અમારા જેવા અલ્પજ્ઞોને બહુજ લાભ થઈ જાય અને એ ગ્રન્થોનું પઠન-પાઠન ચાલુ થઈ જાય.

મારું નમ્ર નિવેદન છે કે આવા ગ્રન્થોનું ગુજરાતી કરવા અનુકુળતાએ પ્રયત્નશીલ બનશો,

તમોએ આ ગ્રન્થનું ભાષાંતર કરીને શાસનનું એક અનુમોદનીય અને અનુપમ કાર્ય કર્યું છે જેની ઘણી ઘણી અનુમોદના થાય છે.

તત્રસ્થ પૂ. આચાર્ય દેવશ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.ને કોટીશઃ વંદના.

તથા પંન્યાસ પ્રવરશ્રી જયઘોષવિજયજી મ. ને તથા અન્ય મુનિવરોને અનુવંદના જણાવશો.

આરાધનામાં ઉદ્યમશીલ રહેવા સાથે યાદ કરશો.

(૨)

તમારું લખેલું ઉપદેશરહસ્યનું ભાષાંતર વાંચી ખુબ આનંદ થયો તમે ધારો તો
શ્રી ઉપાધ્યાયજી મહારાજના બત્રીસ બત્રીસી આદિ ગ્રન્થોનું પણ ભાષાંતર સુંદર
કરી શકો અને ઉપદેશપદ અને યોગબિન્દુ આદિ ગ્રન્થોનો પણ સારી રીતે
ભાષાન્તર ઉપકારક બનાવી શકો એમ છો માટે એવો પુરૂષાર્થ કરો તો
તમારા જેવો અનેક આત્માઓ ઉપર ખુબ ખુબ ઉપકાર તમે કરી શકો
એમ મને લાગે છે માટે એ ધ્યાન વિચારી અમલમાં મૂકો તો ઘણું સારું
આથી તમારા જેવાને અધિક શું લખું?
સંયમની સુંદર આરાધના કરી કરાવી સ્વ-પરના મુક્તિ ખુબ ખુબ નજીક
બનાવો એજ એકના. એજ સદા માટેના - શુભાભિલાષા.

## શ્રેયસ્કર શ્રી અંધેરી ગુજરાતી જૈન સંઘ દ્વારા પ્રકાશિત પુસ્તકો

| ક્રમ | પુસ્તકનુંનામ | મૂલ / ટીકા | સંપાદન/અનુવાદન |
|---|---|---|---|
| ૧ | નય રહસ્ય (સંસ્કૃત - હિન્દીમાં) | પૂ. મહો. યશોવિજયજી મ.સા. | પ.પૂ.મુનિશ્રી જયસુંદરવિ.મ.સા. |
| ૨ | જ્ઞાન બિંદુ (પ્રાકૃત+સંસ્કૃત+ગુજરાતીમાં) | પૂ. મહો. યશોવિજયજી મ.સા. | પ.પૂ.મુનિશ્રી જયસુંદરવિ.મ.સા. |
| ૩ | ઉપદેશ રહસ્ય (આવૃત્તિ-૨) | પૂ. મહો. યશોવિજયજી મ.સા. | પ.પૂ.મુનિશ્રી જયસુંદરવિ.મ.સા. |
| ૪ | પ્રિયંકર નૃપ કથા (સંસ્કૃત) | પ.પૂ. શ્રી જિનસુર મુનિપતિ | — |
| ૫ | સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઈ (ગુજરાતી) | પૂ. મહો. યશોવિજયજી મ.સા. | પ.પૂ.મુનિશ્રી અભયશેખર વિ. મ.સા. |
| ૬ | ન્યાય સિદ્ધાન્ત મુક્તાવલી (ભાગ-૧) | પં. વિશ્વનાથ પંચાનન (સંસ્કૃત) | પ.પૂ.મુનિશ્રી અભયશેખર વિ. મ.સા. (ગુજ.) |
| ૭ | ન્યાય સિદ્ધાન્ત મુક્તાવલી (ભાગ-૨) | પં. વિશ્વનાથ પંચાનન (સંસ્કૃત) | પ.પૂ.મુનિશ્રી અભયશેખર વિ.મ.સા. (ગુજ.) |
| ૮ | ધર્મપરીક્ષા (પ્રાકૃત+સંસ્કૃત+ગુજરાતી) | પૂ. મહો. યશોવિજયજી મ.સા. | પ.પૂ.મુનિશ્રી અભયશેખર વિ. મ.સા. |
| ૯ | પ્રતિમા શતક (પ્રાકૃત+સંસ્કૃત+ગુજરાતી) [અપ્રાપ્ય] | પૂ. મહો. યશોવિજયજી મ.સા. | પ.પૂ.મુનિશ્રી અજીતશેખર વિ. મ.સા. |
| ૧૦ | ષોડશક પ્રકરણ (ભાગ-૧) સંસ્કૃત+ગુજરાતી | પૂ. મહો. યશોવિજયજી મ.સા. | પ.પૂ.મુનિશ્રી યશોવિજયજી મ.સા. |
| ૧૧ | ષોડશક પ્રકરણ (ભાગ-૨) સંસ્કૃત+ગુજરાતી | પૂ. મહો. યશોવિજયજી મ.સા. | પ.પૂ.મુનિશ્રી યશોવિજયજી મ.સા. |
| ૧૨ | અધ્યાત્મ ઉપનિષદ્ (ભાગ-૧) (સંસ્કૃત+ગુજરાતી) | પૂ. મહો. યશોવિજયજી મ.સા. | પ.પૂ.મુનિશ્રી યશોવિજયજી મ.સા. |
| ૧૩ | અધ્યાત્મ ઉપનિષદ્ (ભાગ-૨) (સંસ્કૃત+ગુજરાતી) | પૂ. મહો. યશોવિજયજી મ.સા. | પ.પૂ.મુનિશ્રી યશોવિજયજી મ.સા. |
| ૧૪ | પ્રશાંત વાહિતા (ભાગ-૧) ગુજરાતી [અપ્રાપ્ય] | આનંદઘન ચોવીસી (સાર્થ) | પૂ.આ. શ્રી ભુવનરત્નસૂરિ મ.સા. |
| ૧૫ | પ્રશાંત વાહિતા (ભાગ-૨) ગુજરાતી | આનંદઘન ચોવીસી (સાર્થ) | પૂ. આ. શ્રી ભુવનરત્નસૂરિ મ.સા. |
| ૧૬ | સુકૃત સાગર (પ્રતાકાર-સંસ્કૃત) | વિદ્વત્પ્રકાણ્ડ શ્રી રત્નમણ્ડનગણિ | પૂ. મુનિશ્રી પ્રદ્યુમ્ન વિ. મ.સા. |
| ૧૭ | શતક નામા પંચમ કર્મગ્રન્થ (પ્રાકૃત+ગુજરાતી) | પ.પૂ. દેવેન્દ્રસૂરિ મ.સા. | પ.પૂ.આ. અભયશેખરસૂરિ મ.સા. |
| ૧૮ | સામાચારી પ્રકરણ-કૂપદૃષ્ટાન્ત૦ આરાધક-વિરાધક ચતુર્ભંગી (સંસ્કૃત+ગુજરાતી) [અપ્રાપ્ય] | પૂ. મહો. યશોવિ[illegible] | [illegible]યશેખ વિ. મ.સા. |
| ૧૯ | દ્વાત્રિંશદ્-દ્વાત્રિંશિકા ભાગ ૧ થી ૮ | પૂ. મહો. યશોવિ[illegible] | [illegible] વિજયજી ગણિ મ. |

Serving JinShasan
131041
gyanmandir@kobatirth.org

KIRIT GRAPHICS - 079 - 25352602